ત્રીજી શ્રેણી )

પુસ્તક: ૧૫૭

મંગળવાર, તા.૮મી માર્ચ, ૨૦૧૧
ફાલ્ગુન ૧૭, ૧૯૩૨ શાકે

થી

શુક્રવાર, તા.૧૧મી માર્ચ, ૨૦૧૧
ફાલ્ગુન ૨૦, ૧૯૩૨ શાકે

# ગુજરાત વિધાનસભા
# ચર્ચાઓ

**સત્તાવાર અહેવાલ**

**બારમી ગુજરાત વિધાનસભા**

**આઠમું અધિવેશન**

**ગુજરાત વિધાનસભા અધિકાર હેઠળ પ્રકાશિત**

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**ગાંધીનગર.**

# અ નુ ક્ર મ ણિ કા


| વિષય | પાના નંબર |
|---|---|
| **મંગળવાર, તા. ૮મી માર્ચ, ૨૦૧૧ / ફાલ્ગુન ૧૭, ૧૯૩૨ શાકે** | |
| **પહેલી બેઠક** | |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૧ - ૨૪ |
| **બીજી બેઠક** | |
| તારાંકિત પ્રશ્નો | ૨૫ - ૩૦ |
| અતારાંકિત પ્રશ્નો | ૩૧ - ૮૩ |
| પૉઈન્ટ ઑફ ઑર્ડર | ૮૪ - ૮૬ |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬) | ૮૭ - ૮૭ |
| પૉઈન્ટ ઑફ ઑર્ડર | ૮૮ - ૮૯ |
| વધારાના ખર્ચની માગણીઓ પર ચર્ચા અને મતદાન | ૯૦ - ૯૧ |
| **બુધવાર, તા. ૯મી માર્ચ, ૨૦૧૧ / ફાલ્ગુન ૧૮, ૧૯૩૨ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૯૨ - ૧૦૩ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૦૪ - ૧૭૧ |
| પૉઈન્ટ ઑફ ઑર્ડર | ૧૭૨ - ૧૭૩ |
| વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત | ૧૭૪ - ૧૭૫ |
| ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૧૧ | ૧૭૬ - ૧૮૧ |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૧૮૨ - ૧૮૮ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | ૧૮૯ - ૧૯૦ |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૧૯૧ - ૨૦૭ |
| **ગુરૂવાર, તા. ૧૦મી માર્ચ, ૨૦૧૧ / ફાલ્ગુન ૧૯, ૧૯૩૨ શાકે** | |
| **પહેલી બેઠક** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૨૦૮ - ૨૩૩ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | ૨૩૪ - ૨૩૬ |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૨૩૭ - ૨૪૦ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | ૨૪૧ - ૨૪૧ |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૨૪૨ - ૨૪૯ |
| **બીજી બેઠક** | |
| ટૂંકી મુદતનો પ્રશ્ન | ૨૫૦ - ૨૫૨ |

# અ નુ ક્ર મ ણિ કા


| વિષય | પાના નંબર |
|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૨૫૩ - ૨૬૧ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૬૨ - ૩૨૧ |
| શોકદર્શક ઉલ્લેખો | ૩૨૨ - ૩૨૮ |
| **શુક્રવાર, તા.૧૧મી માર્ચ, ૨૦૧૧ / ફાલ્ગુન ૨૦, ૧૯૩૨ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૩૨૯ - ૩૪૦ |
| અતારાંકિત પ્રશ્નો | ૩૪૧ - ૪૧૩ |
| પૉઈન્ટ ઑફ ઑર્ડર | ૪૧૪ - ૪૧૫ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૪૧૬ - ૪૧૭ |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૪૧૮ - ૪૪૨ |


***

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા.૮મી માર્ચ, ૨૦૧૧**
**ફાલ્ગુન ૧૭, ૧૯૩૨ શાકે**
**પહેલી બેઠક**
**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

# વિશ્વ મહિલા દિન નિમિત્તે મહિલાઓને શુભેચ્છા પાઠવવા અંગે

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (મહેસૂલ મંત્રી શ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આપની પૂર્વ પરમીશન મેં લીધી છે. આજે ૮મી માર્ચ વિશ્વ મહિલા દિન છે અને વિશ્વ મહિલા દિન નિમિત્તે હું સમગ્ર નારી જગતને આજે શુભેચ્છાઓ પાઠવવા માગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, પાછલા ત્રણ વર્ષથી નારી શકિતને આગળ લાવવા માટે અનેક બહેનોએ પોતાનું જીવન સર્મપિત કર્યુ છે અને અનેક ક્ષેત્રની અંદર ધીરે ધીરે કરીને મહિલાઓ જ્યારે આગળ આવી રહી છે ત્યારે અને જ્યારે મહિલા દિન આજે ઊજવાઈ રહ્યો છે ત્યારે આરોગ્ય ક્ષેત્ર હોય, શિક્ષણ ક્ષેત્ર હોય કે મહિલાઓના સશકિતકરણ હોય અથવા તો આર્થિક ઉન્નતિ હોય કે કાયદાકીય અભ્યાસના વિષય હોય આ તમામે તમામ વિષયની અંદર આજે નારી શકિત ખૂબ આગળ આવી રહી છે. જે બહેનોએ પાછલા ૧૦૦ વર્ષની અંદર ખૂબ પરિશ્રમ કરીને મહિલાઓને આગળ લાવવા માટે પોતાનું જીવન સર્મપિત કર્યુ છે એમને બધાઓને હું આ પ્રસંગે વંદન કરું છું અને યાદ કરું છું. એમનામાંથી પ્રેરણા લઈને અત્યારે જે કોઈ બહેનો કામ કરી રહી છે એ બહેનો પણ ખૂબ પ્રયાસ કરે. બહેનો પણ પોતાની જાતે જ આગળ વધવાનો પ્રયાસ કરે અને બાળકોને ભણાવવા માટે, એમાં ખાસ કરીને દીકરીને ભણાવવા માટે અને ભૃણ હત્યા ના થાય એના માટે આજે જ્યારે મહિલા દિન ઊજવી રહ્યા છીએ ત્યારે આપણે સૌ સંકલ્પ કરીએ કે બહેનો શિક્ષિત બને, સંસ્કારી બને અને ભૃણ હત્યા ના થાય અને દીકરા અને દીકરીનો રેશિયો છે એ રેશિયો જળવાઈ રહે એના માટેનો આજે આપણે ખૂબ પ્રયાસ કરીશું. સૌને મારાં તરફથી અને સમગ્ર મહિલા જગત તરફથી શુભેચ્છાઓ પાઠવું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વ મહિલા દિન નિમિત્તે મારાં પક્ષ તરફથી પણ ખૂબ ખૂબ હૃદયપૂર્વકની શુભકામનાઓ પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પુરુષ પ્રધાન સમાજમાં પુરુષ તો સીધો દોડતો હોય છે. મહિલાએ વિઘ્ન દોડ કરવાની હોય છે અને વિઘ્ન દોડની વચ્ચે પણ મહિલાઓએ આ રાષ્ટ્રમાં ખૂબ ઊંચું પ્રદાન કર્યુ છે અને ઊંચા પદો પણ શોભાવ્યાં છે. આવતા દિવસોમાં પુરુષ પ્રધાન સમાજ માત્ર લીપ સર્વિસ માટે નારી તું નારાયણી, માતૃ શકિત આવું બધું કહેવાના બદલે એને વ્યકિત તરીકે પુરતું મહત્ત્વ સમાજ આપે એ માનનીય અધ્યક્ષશ્રી મહિલા દિન નિમિત્તનો નિર્ધાર હોવો જોઈએ. શબ્દોની સજાવટથી વાત કરી શકાશે નહિ. મહિલા માત્ર બેડરૂમ કે બ્યુટી પાર્લર સુધી મર્યાદિત નથી એને બોર્ડરૂમમાં પણ યોગ્ય સ્થાન મળે એ મહિલા દિન નિમિત્તે સૌનો નિર્ધાર હોવો જોઈએ. હું આ ગૃહમાં પણ આપણે કાંઈક એવી પ્રણાલિકાઓ લઈને આવીએ એવી પણ શુભકામનાઓ પાઠવું છું કે જેથી મહિલાઓનું યોગદાન વધે. સર્વોત્તમ સ્થાન પર જેમ ગુજરાતના માનનીય રાજ્યપાલશ્રી મહિલા છે એજ રીતે હું તો મહિલા દિન નિમિત્તે ઈચ્છું કે મુખ્ય મંત્રીના સ્થાન પર પણ ગુજરાતની મહિલા બિરાજમાન થાય એવી શુભકામનાઓ પાઠવું છું. પુનઃ માનનીય મહેસૂલ મંત્રીશ્રી જે મુદ્દો લઈને આવ્યાં છે એને સંપૂર્ણ સર્મથન વ્યકિતગત રીતે અને મારા પક્ષ વતી આપીને વિરમું છું.

# પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ)

**કૃષિ અને સહકાર વિભાગ**
**પૂરક માગણી ક્રમાંક : ૫**

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સહકાર સેવાને લગતી કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૯,૯૧,૦૦,૦૦૦/- ની પૂરક માગણી ક્રમાંક ૫ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક ૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા** : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક :૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી દેવજીભાઈ ગો. ફતેપરા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૫ રજૂ કરવામાં આવી.

**શિક્ષણ વિભાગ.**

**પૂરક માગણી નં. ૯**

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂપિયા ૨૭,૨૧,૮૮,૫૧,૦૦૦/- અને મૂડી ખર્ચ માટે રૂપિયા ૩૪,૫૦,૦૦,૦૦૦/-ની પૂરક માગણી ક્રમાંક ૯ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક ૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી છનાભાઈ કા. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી માનસિંહ કો. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૨ રજૂ કરવામાં આવી.**

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકો બાબતોનો વિભાગ**

**પૂરક માગણી નં. ૨૩**

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું અન્નને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકો બાબતોનો વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂપિયા ૧૬,૦૩,૨૦,૦૦૦/-ની પૂરક માગણી ક્રમાંક ૨૩ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક ૨૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી હીરાભાઈ હ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૪ રજૂ કરવામાં આવી.**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ.**

**પૂરક માગણી નં. ૩૯**

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું તબીબી અને જાહેર આરોગ્યને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂપિયા ૩,૦૮,૧૦,૯૦,૦૦૦/- અને મૂડી ખર્ચ માટે રૂપિયા ૨,૦૦,૦૦,૦૦૦/-ની પૂરક માગણી ક્રમાંક ૩૯ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક ૩૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૦ રજૂ કરવામાં આવી.**

**પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ.**

**પૂરક માગણી નં. ૭૦**

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સમૂહ વિકાસને લગતી સેવા અંગેની પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂપિયા ૧,૫૪,૪૨,૦૮,૦૦૦/-ની પૂરક માગણી ક્રમાંક ૭૦ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક ૭૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી મણીભાઈ દે. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી ચંદુભાઈ ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૨ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૧૦-૨૦૧૧ના વર્ષ માટેની પૂરક માગણીઓ પૈકી મંગળવાર, તા.૮મી માર્ચ, ૨૦૧૧(પહેલી બેઠક)(બીજા દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રુા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | **કૃષિ અને સહકાર વિભાગ<br>માગણી નં.૫** | | |
| ૧. | ૨૪૨૫ -સહકાર<br>૦૦૧- નિદેશ અને વહીવટ<br>૦૧- સીઓપી-૨૧ સહકારી..... અધિકારી<br>રૂા.૭૪,૧૦,૦૦૦<br>પૂરક પત્રક પા.નં.૧૭ | ૧૦૦ | સહકારી મંડળીઓની નોંધણીમાં નિયમોનો ભંગ થતો અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી કિરણકુમાર મકવાણા |
| ૨. | --"-- | ૧૦૦ | સહકારી મંડળીઓની નોંધણી કચેરીઓમાં અધિકારીઓ નિયમિત હાજર રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી લાલસિંહ વડોદીયા |
| ૩. | ૨૪૨૫- સહકાર<br>૦૦૧- નિદેશ અને વહીવટ<br>૦૨-સીએઓપી-૨૨જિલ્લા કચેરીઓ<br>રૂા. ૩,૮૧,૭૦,૦૦૦<br>પૂરક પત્રક પા.નં.૧૭ | ૧૦૦ | જિલ્લા કચેરીઓમાં સ્ટાફની ઘટ પૂરી કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જીતુભાઈ ચૌધરી |
| ૪.* | --"-- | ૧૦૦ | જિલ્લા કચેરીઓના વહીવટને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૫. | --"-- | ૧૦૦ | યોગ્ય અને ઝડપી વહીવટી નિર્ણયો લેવામાં જિલ્લા કચેરીઓની ઉદાસીનતા | શ્રી દેવજીભાઈ ફતેપરા |
| | | **શિક્ષણ વિભાગ<br>માગણી નં. ૯** | | |
| ૬. | ૨૨૦૨- સામાન્ય શિક્ષણ<br>૦૧- પ્રારંભિક શિક્ષણ<br>૧૦૬- શિક્ષકો....... સેવાઓ<br>૬- પ્રાથમિક....... અનુદાન<br>રૂા.૭,૩૯,૧૬,૨૫,૦૦૦<br>પૂરક પત્રક પા.નં.૨૭ | ૧૦૦ | પ્રાથમિક શાળાઓમા શિક્ષણના કથળતા સ્તરને સુધારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાવકુભાઈ ઉંધાડ |
| ૭. | --"-- | ૧૦૦ | પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી છનાભાઈ ચૌધરી |
| ૮. | --"-- | ૧૦૦ | પ્રાથમિક શાળાઓમાં જરૂરી સવલતો પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા |
| ૯. | ૨૨૦૨- સામાન્ય શિક્ષણ<br>૧૦૯- સરકારી.......શાળાઓ | ૧૦૦ | સરકારી માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ દૂર કરવામાં તંત્રની | શ્રી શંકરભાઈ વાઘેલા |

| | | | | |
|---|---|---|---|---|
| | ૦૧- ઈડીએન-૧૯ સરકારી.... શાળાઓ<br>રૂા.૧૩,૦૮,૬૦,૦૦૦<br>પૂરક પત્રક પા.નં.૨૭ | | ઉદાસીનતા | |
| ૧૦.* | ૨૨૦૨- સામાન્ય શિક્ષણ<br>૧૦૯- સરકારી.......શાળાઓ<br>૦૧- ઈડીએન-૧૯ સરકારી.... શાળાઓ<br>રૂા.૧૩,૦૮,૬૦,૦૦૦<br>પૂરક પત્રક પા.નં.૨૭ | ૧૦૦ | સરકારી માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓની ગેરહાજરી અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૧.* | --"-- | ૧૦૦ | સરકારી માધ્યમિક શાળાઓની કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૨. | ૨૨૦૨- સામાન્ય શિક્ષણ<br>૦૩- યુનિવર્સિટી.....શિક્ષણ<br>૧૦૩- સરકારી ......સંસ્થાઓ<br>૦૧- ઈડીએન.૨૮ સરકારી ...... વિકાસ<br>રૂા.૨૦,૦૦,૦૦૦<br>પૂરક પત્રક પા.નં.૨૭-૨૮ | ૧૦૦ | સરકારી કોલેજોમાં આચાર્યો અને પ્રોફેસરોની ખાલી જગ્યાઓ ભરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી માનસિંહ ચૌહાણ<br>( મહંમદ જાવેદ પીરઝાદા) |
| **અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ**<br>**માગણી નં. ૨૩** | | | | |
| ૧૩.* | ૨૪૦૮- ખાદ્ય ......વ્યવસ્થા<br>૦૧- ખોરાક<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧- વાજબી ....... કચેરી<br>રૂા.૧૨,૨૭,૦૦૦<br>પૂરક પત્રક પા.નં ૫૫ | ૧૦૦ | વ્યાજબી ભાવની દુકાનોની મંજૂરી આપવામાં ચાલતી ગેરરીતિઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૪. | --"-- | ૧૦૦ | નજીકના સ્થળે વ્યાજબી ભાવની દુકાનો ફાળવી જનતાને પડતી હાડમારી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હીરાભાઈ પટેલ |
| ૧૫.* | --"-- | ૧૦૦ | સસ્તા અનાજની દુકાનોને પુરતા પ્રમાણમાં પુરવઠો મળે તેની ચકાસણીં કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| **આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**<br>**માગણી નં. ૩૯** | | | | |
| ૧૬.* | ૨૨૧૦- તબીબી ..... આરોગ્ય<br>૦૧- શહેરી...... એલોપથી<br>૦૦૧- નિર્દેશ અને વહીવટ<br>૦૧- આરોગ્ય..... કચેરી<br>રૂા.૬૧,૦૦,૦૦૦<br>પૂરક પત્રક પા.નં.૮૧ | ૧૦૦ | સરકારી દવાખાનાઓમાં ડોકટરોની ઘટ પૂરી કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૭.* | --"-- | ૧૦૦ | આરોગ્ય સેવાઓની કચેરીઓમાં વર્ગ-૩ અને વર્ગ -૪ ની ખાલી જગ્યાઓ ભરવામાં તંત્રની | |

| | | | | |
|---|---|---|---|---|
| | | | નિષ્ફળતા | |
| ૧૮.* | ૨૨૧૦- તબીબી.... આરોગ્ય<br>૦૧- શહેરી...... એલોપથી<br>૧૦૨ કામદાર.... યોજના<br>૦૧-કામદાર.... કચેરી<br>રૂા. ૭૭,૮૧,૦૦૦<br>પૂરક પત્રક પા.નં.૮૧-૮૨ | ૧૦૦ | કામદાર રાજય વિમા યોજના હેઠળ કામદાર દર્દીઓને પૂરતી સારવાર મળે તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૯.* | --"-- | ૧૦૦ | કામદાર રાજય વિમા યોજનાના દવાખાનાઓમાં ડૉકટરો-સ્ટાફની પૂરતી નિમણૂંકો કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૦. | --"-- | ૧૦૦ | કામદાર રાજય વિમા યોજનાના દવાખાનાના કથળેલા વહીવટને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી રામસિંહ પરમાર |
| | **પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**<br>**માગણી નં.૭૦** | | | |
| ૨૧. | ૨૫૧૫- અન્ય.......કાર્યક્રમો<br>૦૦૩- તાલીમ<br>૦૧- સીડીપી-૨ સમૂહ.... તાલીમ<br>રૂા.૩૧,૩૧,૦૦૦<br>પૂરક પત્રક પા.નં.૧૮૮ | ૧૦૦ | સમૂહ વિકાસ કાર્યક્રમ હેઠળ તાલીમબધ્ધ કર્મચારીઓની શિથિલ કાર્યપધ્ધતિ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મણીભાઈ પટેલ |
| ૨૨. | ૨૫૧૫- અન્ય .....કાર્યક્રમો<br>વિકાસ<br>૧૦૧- પંચાયતી રાજ<br>૦૧- રાષ્ટ્રીય.....સહાય<br>રૂા.૬,૦૦,૦૦,૦૦૦<br>પૂરક પત્રક નં.૧૮૮ | ૧૦૦ | ગ્રામ પંચાયતોના વહીવટમાં થતી બિન જરૂરી બાહય દખલગીરી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ચંદુભાઈ ડાભી |
| ૨૩.* | ૨૫૧૫- અન્ય .....કાર્યક્રમો<br>૧૦૧- પંચાયતી રાજ<br>૧૦ - દબાણ.....અનુદાન<br>રૂા. ૪૫,૦૦,૦૦૦<br>પૂરક પત્રક નં.૧૮૮-૧૮૯ | ૧૦૦ | પંચાયતો હેઠળની જમીનો પરથી દબાણો દૂર કરવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૪.* | ૨૫૧૫-અન્ય......કાર્યક્રમ<br>૧૦૨- સમૂહ વિકાસ<br>૦૧- સીડીપી.વિકાસ આયુકત<br>રૂા.૧,૦૨,૦૧,૦૦૦<br>પૂરક પત્રક નં.૧૮૮-૧૮૯ | ૧૦૦ | ગ્રામ વિકાસના કામો પુરા કરવા માટે, ગ્રામ વિકાસ આયુકતની કચેરીને કાર્યક્ષમ બનાવવામાં તંત્રની ઉદાસીનતા | |

*** આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ શકી નહીં.**

# અધ્યક્ષશ્રીની જાહેરાત

## ગિલોટીન અંગે

**અધ્યક્ષશ્રી** : હવે પૂરક માગણીઓ અને રજૂ થયેલી કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે. પૂરક માગણીઓ પરની ચર્ચા અને મતદાન માટે બીજો અને છેલ્લો દિવસ છે. સભાગૃહની આજની બેઠકનો સમય સવારના ૮.૩૦ થી બપોરના ૧.૦૦ વાગ્ય સુધીનો છે. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૨૩૪(૪) મુજબ પૂરક માગણીઓની ચર્ચાના છેલ્લા દિવસે સભાગૃહની બેઠક મુલત્વી રાખીને એક કલાક પહેલા પૂરક માગણીઓ

પરની સઘળી ચર્ચાઓ પૂરી કરવાની થાય છે તદ્‌નુસાર જે પૂરક માગણીઓ ઉપર ચર્ચા ચાલતી હશે તે અને બાકીની બીજી બધી પૂરક માગણીઓ સભાગૃહના મત માટે રજૂ કરવામાં આવશે.

**શ્રી ઈકબાલ પટેલ(વાગરા)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે આંતરરાષ્ટ્રીય મહિલા દિન છે. મહિલાઓના અધિકારો માટે, મહિલાઓની જાગૃતિ માટેના સર્વે કાર્યક્રમો અને મહિલાઓના વિકાસને સમર્થન આપી અને આ મહિલા દિન નિમિત્તે શુભેચ્છા પાઠવીએ છીએ. પૂરક માગણીઓ સહકાર, શિક્ષણ, અન્ન, તબીબી અને જાહેર આરોગ્ય અને પંચાયત ઉપર મારા વિચારો વ્યકત કરવા માટે ઉપસ્થિત થયો છું. ૯.૬૧કરોડ જેટલી કૃષિ અને સહકારની પૂરક માગણીઓ અહીં રજૂ કરેલી છે. શિક્ષણ વિભાગની માતબર રકમ જેને કહી શકાય એવી ૨૭૨૧કરોડની માગણી અહીંયા રજૂ કરેલી છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણમાં ત્રણ કરોડ જેટલી રકમની માગણી કરેલી છે અને પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસમાં ૧૫૪કરોડની માગણી રજૂ કરેલી છે. સામાન્ય રીતે બજેટના પ્રોવિઝનમાં બજેટની વ્યાખ્યામાં પહેલેથી યોજનાઓનો સમાવેશ કરી અને પૂરક માગણીઓનો જેમ બને તેમ ઓછો સમાવેશ થાય એવી આપણી અર્થનીતિ હોવી જોઈએ. આમાં આટલી મોટી સંખ્યામાં પૂરક માગણી રજૂ કરવી પડે અને નવી સેવાઓનો પણ આમાં સમાવેશ કરવો પડે એ આપણા વહીવટમાં સુધારો માંગતી બાબત છે. છતાંપણ નાણામંત્રીશ્રીને કેટલીક વહીવટી મર્યાદાઓને કારણે આમાં પૂરક માગણીનો સમાવેશ કરવો પડે છે. અમે મુખ્યત્વે માગણી નં. ૭૦ પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ ઉપરની માગણીઓની ચર્ચા કરી છે. પંચાયતી રાજના ચુંટાયેલા પદાધિકારીઓને તાલીમ આપવાનો કાર્યક્રમ જે છે એ કાર્યક્રમમાં ગ્રામ પંચાયતના પદાધિકારીઓ, તાલુકા પંચાયતના પદાધિકારીઓ અને જિલ્લા પંચાયતના ચુંટાયેલા પદાધિકારીઓને જ્ઞાન અને માહિતી વધારવા માટે, એની ક્ષમતા વધારવા માટે, એની વહીવટી નિપૂણતા વધારવા માટે તાલીમ આપવામાં આવે છે. પંચાયતી રાજની સ્થાપના થઈ અને એ સ્થાપનાને લઈ અને અત્યાર સુધીમાં આપણે ટ્રેનીંગનો પ્રોગ્રામ સામાન્ય રીતે આપતા આવેલા છીએ. જેમ જેમ યોજનાઓનો ઉમેરો થયો અને માહિતીઓની વધુ જરૂરીયાત ઉભી થાય તેમ તેમ અધિકારીઓ અને પદાધિકારીઓને આપણે તાલીમ આપતા હોઈએ છીએ. ૧૯૬૩થી પંચાયતી રાજ દાખલ થતા વહીવટી સુધારા માટે આપણે સતત ટ્રેનીંગ આપી છે. પરંતુ મારે કહેવું પડશે કે પહેલાં પણ આપણે ફીકસ સેન્ટરોમાં ટ્રેનીંગ, માહિતી તજજ્ઞો દ્વાર પૂરી પાડતા હતા. તાલુકા કક્ષાએ, જિલ્લા કક્ષાએ અને રાજય કક્ષાએ એમ ત્રણ સ્તરોમાં આપણે માહિતી પૂરી પાડતા હતા. એ જ રીતે દબાણ ખસેડવા માટે, જિલ્લા પંચાયતના અનુદાન માટે માગણી મંત્રીશ્રી લાવ્યા છે. પંચાયત હસ્તકના ગૌચર, ગામતળ, પંચાયત હસ્તકના જાહેર દબાણના સ્થળોમાં દબાણ દુર કરવા માટે એક ડિસેમ્બર, ૧૯૭૯થી આપણે ખાસ સેલ બનાવ્યું હતું. એ ખાસ સેલનો હેતુ દરેક જગ્યાએ જે દબાણના પ્રશ્નો ઉપસ્થિત થવાથી ગૌચર દિવસે દિવસે ઘટતું જાય છે. આ ઉપરાંત જાહેર સ્થળ ઉપર જે લોકોની ધાક છે, જે લોકો પાસે સત્તા છે એ લોકો દબાણ કરે છે. ૧૯૭૯ થી આ દબાણ દુર કરવાનું સેલ બનાવ્યા પછી ખરેખર દબાણ દુર થયા છે? આપણે અહીયા ખર્ચ મંજૂર કરીએ છીએ. વિધાનસભા ખર્ચને બહાલી આપે છે. ફાઈનાન્સિયલ એપ્રુવલ આપે છે, એ પછી વિધાનસભામાં ધારો ઘડનાર, એપ્રુવલ આપનાર, મંજૂરી આપનાર કોઈપણ પદાધિકારીનો અવાજ આના ઉપર સંભળાય છે ખરો? પંચાયતની સિસ્ટમ એ ખામી ભરેલી સિસ્ટમ છે. એ ૧૯૭૯ પછી આ દબાણો દૂર કરવા માટેનું સ્પેશ્યલ સેલ બનાવ્યા પછી પણ આજે હજારોની સંખ્યામાં દબાણો વધતા જાય છે. એન્ક્રોચમેન્ટ વધતું જાય છે. એના કારણે આજે મંત્રીશ્રી પત્ર લખે, ધારાસભ્યશ્રી પત્ર લખે એ દબાણો દૂર થઈ શકતા નથી. માત્રને માત્ર એના ઉપર મેજરમેન્ટ કરવાના અધિકારો આપેલા છે, એના ઉપર માપણી કરવાના અધિકારો આપેલા છે. જગ્યાઓ ઊભી કરીને એને પગાર ચુકવણી કરીએ છીએ. દબાણ સેલના પગાર ચુકવણીના રાઈટ આપેલા છે, પણ દબાણ સેલમાં માપણી સિવાયની કોઈપણ સત્તા તેમને આપણે આપેલી નથી. આ સંજોગોમાં આપણે દબાણ ખસેડવા માટે જિલ્લા પંચાયતોને જે અનુદાન, ખર્ચ આપીએ છીએ એ ખર્ચ વાસ્તવિક રીતે એનું ક્રિએશન થાય છે કે કેમ? એની ફલશ્રુતિમાં અર્થપૂર્ણ રીતે રિઝલ્ટ આપી શકીએ છીએ કે કેમ? દબાણ દૂર કરી શકીએ તેમ છીએ? આપણે ગ્રામ પંચાયતો ઉપર છોડી દીધું કે ગ્રામ પંચાયતોને સત્તા આપીએ, પણ ગ્રામ પંચાયતો પાસે સાધનો નથી. ગ્રામ પંચાયતો પાસે તલાટી નથી. પૂરતા પ્રમાણમાં સત્તાના સ્ત્રોત નથી અને ટીડીઓ કે દબાણ સેલના અધિકારીઓ મોકલી દે. તમારું દબાણ નક્કી કરવામાં આવે છે કે તમારે એકશન લેવી તો તે રીતે એકશન લઈ શકે? જિલ્લા વિકાસ અધિકારી, તાલુકા વિકાસ અધિકારી છે. તેમ છતાં આ પંચાયતના દબાણો ઉપર દિન-પ્રતિદિન દબાણો વધતા જાય છે. તેમને અનુદાન આપવા છતા કોઈ અર્થ નથી તે માટે હું મારી વાત કરું છું. ઘટક કક્ષાની સંસ્થાઓને આપણે સંગીન બનાવવાની વાત પૂરક માગણીમાં કરેલી છે. કેન્દ્ર દ્વારા ઘટક કક્ષાની સંસ્થાઓને મજબૂતી આપવા માટે આપણે યુનિફૉર્મ પૉલિસી પ્રમાણે પંચાયત એક્ટ બનાવેલ છે, એમાં ઘટક પક્ષની સંસ્થામાં ૨ લાખથી વધુ વસ્તીવાળા તાલુકામાં મદદનીશ તાલુકા વિકાસ અધિકારી માટે છઠ્ઠી પંચવર્ષીય યોજનામાં ૨૫ જગ્યાઓ ઊભી કરેલી, તે જગ્યા ઊભી કરવાનો જે હેતુ હતો, જે એઈમ હતો. તાલુકા વિકાસ અધિકારી ૨ લાખથી વધુ વસ્તીવાળા તાલુકામાં કામમાં મદદ કરવા માટે મદદનીશ તાલુકા વિકાસ અધિકારીની જગ્યાઓ ઊભી કરેલી. આજે સ્થિતિ શું છે? આજે રિટાયર્ડ કહી શકાય નિવૃત્ત કહી શકાય એવા તાલુકા વિકાસ અધિકારીઓને આપણે

ફરજ ઉપર પાછા બોલાવવા પડે છે. આપણા રાજયની અંદર સંખ્યાબંધ જગ્યાઓ તાલુકા વિકાસ અધિકારીની અત્યારે ખાલી છે. એનો ચાર્જ અન્ય તાલુકા વિકાસ અધિકારી પાસે છે. બાજુના તાલુકાના ટી.ડી.ઓ. પોતાનું કામ પૂરું નથી કરી શકતો અને બીજા તાલુકાનો ચાર્જ આપવામાં આવે, જેના કારણે પ્રજાના પ્રશ્નો ઉપર એની સીધી અસર પડે છે. પંચાયતી રાજમાં એકબાજુ પંચાયતોને મજબૂતી માટેની વાતો કરવામાં આવે છે. બીજી બાજુ અધિકારોની વાત કરીએ છીએ. ત્રીજી બાજુ જગ્યા નથી ભરાયેલી. નાયબ જિલ્લા વિકાસ અધિકારી, તાલુકા વિકાસ અધિકારીથી લઈ ટી.ડી.ઓ. થી લઈ આ જગ્યાઓ ખાલી હોવાના કારણે ઘટક પક્ષોની સંસ્થાઓને મજબૂત બનાવવા માગીએ છીએ, તેને મજબૂત બનાવી શકતા નથી. પરિણામે લોકોના કામ જે તાલુકા કક્ષાના કામ તાલુકામાં થાય, દરેક યોજના પાવર ટુ પીપલ ગણી લોકોના હાથમાં સત્તા આપવા માટેના ઘટકને મજબૂત કરવાનાં કામ ઉપાડેલ છે અને કેન્દ્રએ રાજ્યને આપેલા છે. રાજય એનો અમલ કરે છે, તે કામમાં ખૂબ મોટા પ્રમાણમાં ઘ ટક પક્ષોને મજબૂત કરવાના બદલે નબળા બનતા જાય છે. પંચાયત ઘર માટે તલાટી કમ મંત્રી માટે નિવાસ બાંધવા માટે પંચાયત સહાયક તરીકે અહીયા માગણીઓ લઈને માનનીય મંત્રીશ્રી આવેલા છે. રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ્ય યોજના હેઠળ બહુલક્ષી ખંડોના બાંધકામ માટે ભારતના પંચાયતી રાજના મંત્રાલયે આપણને જે નવી સેવાઓ આપેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે સેવાઓના ભાગરૂપે આ સેવાઓ આમાં ઉમેરી અહીં પૂરક માગણીઓમાં માનનીય મંત્રીશ્રી લઈને આવેલા છે તેમાં દિન પ્રતિદિન તલાટી કમ મંત્રીશ્રીઓના નિવાસ સ્થાનો બાંધવાનો પ્રશ્ન પણ કેટલો બધો વ્યાપક છે કે આજે ગામડાઓમાં જગ્યાઓ મળતી નથી, ઔદ્યોગિક વિસ્તારોની નજીકના તાલુકાઓમાં ભાડનાં મકાનો ખૂબ મોંઘા મળે છે. બીજું કે, હેડ કવાર્ટર ઉપર જે સ્ટાફ પહેલાં રહેતો હતો અને લોકોની સેવાઓ લોકોને પહેલાં ઉપલબ્ધ થતી હતી તેમાં આરોગ્યની સેવા હોય, રેવન્યુની સેવા હોય, પંચાયત કર્મચારીની સેવા હોય પણ આજે તે સેવાઓ લોકોને પ્રાપ્ત થતી નથી. બસ સ્ટૅન્ડ ઉપર બેસી લોકોએ તલાટીની રાહ જોવી પડે કે તલાટી કમ મંત્રી ક્યારે આવે અને મારું કામ થાય તેવી સ્થિતિ આ પંચાયતી રાજ મંત્રાલયે આટલી સુંદર યોજના મૂકી હોવા છતાંય પણ તે યોજનાના ફળો, રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ યોજનાના ફળો આપણે પહોંચાડી શકતા નથી અને તે જ પ્રમાણે તીર્થગ્રામ તરીકે કેટલાક ગામોને જાહેર કરવાની માગણીઓ લઈને આવેલા છીએ. પરસ્પર સદ્ભાવ અને એખલાસ માટે, એકતા અને ભાઈચારા માટે અને સમરસ માટે એક વર્ષમાં કોઈ ગુનો ન થયેલ હોય અને તે ગામ યુનાઈટેડ રીતે સંગઠિત બિનહરીફ થયેલ હોય તો તેને એક લાખનું ઈનામ આ પૂરક માગણીઓમાં લઈને આવેલા છીએ. આજે જે રીતે મટિરિયલના ભાવ છે જે રીતે તેમાં વિકાસલક્ષી કામોમાં, ઈલૅક્ટ્રીસીટીમાં સ્ટ્રીટ લાઈટ ચલાવવાની હોય, પીવાના પાણીની વ્યવસ્થામાં મેન્ટેનન્સની વ્યવસ્થા કરવાની હોય તે જોતાં સાહેબ આ તીર્થગ્રામની વાત માત્ર જાહેરાત લક્ષી છે. વાસ્તવિક રીતે તેના ફળ જે કહેવાય તે ફળ જે પ્રમાણમાં પહોંચવા જોઈએ તે આટલી મોટી વ્યાપક ગ્રાન્ટ આવવા છતાં માત્ર એક લાખ રૂપિયા આપી ગ્રામ પંચાયતને ટોકન એમાઉન્ટ આપીએ છીએ. આપણે નિર્મળ ગ્રામની વાત કરીએ છીએ. સ્ટ્રીટ લાઈટની ઉર્જાની વાત કરીએ છીએ. આપણે બીજી બધી વાત કરીએ છીએ, પાણીની વાત કરીએ છીએ પણ એક લાખ રૂપિયાના ટોકનની વાત કરેલી છે તે નજીવી રકમ છે. તે જ પ્રમાણે ૧૩મા નાણાપંચે સહાયક અનુદાનોમાં વધારો માગેલો છે તે વધારાના અનુદાનમાં માનનીય મંત્રીશ્રી માગણી લઈને આવેલા છે તે માગણીઓમાં ઘણી બધી રીતે પંચાયત સિસ્ટમને આપણે મજબૂતી આપવી જોઈએ તેના બદલે નબળી બનાવેલ છે. ગ્રામ પંચાયતના સામાન્ય સભા બોલાવવાના જે અધિકારો હતા તે અધિકારોનો આપણે ઉપયોગ કરીએ છીએ. ડી.ડી.ઓ. ઉપયોગ કરે છે, સરકાર ઉપયોગ કરે છે. તે જ પ્રમાણે તાલુકા કક્ષાએ જે તાલુકાના ઘટકો અને જિલ્લાના ઘટકો ત્રિસ્તરીય સિસ્ટમ જે છે, થ્રી ટાયર સિસ્ટમ જે છે તેને આપણે વીક બનાવી દીધી છે. નબળી બનાવી દીધી છે. આજે અધિકારીઓ જે નિર્ણય લે તે નિર્ણય મુજબ વહીવટ ચાલે છે. આજે સાહેબનો યુગ છે. આપણે પંચાયત સિસ્ટમને મજબૂત નહીં બનાવીએ, આજે આપણે ચૂંટાયેલા પ્રતિનિધિઓના જે અધિકારો પાછા ખેંચેલા છે તેને પરત નહીં આપીએ તો આ માગણીઓ વિધાનસભા મંજૂર કરશે છતાં પણ તેના પરિણામો જે પહોંચવા જોઈએ તે પરિણામો તેના સુધી નહીં પહોંચે. તે જ પ્રમાણે શિક્ષણ વિભાગમાં જંગી જેને કહી શકાય તેવી રકમ લઈ માનનીય મંત્રીશ્રી આવેલા છે. તે માગણીમાં પ્રાથમિક શિક્ષણ માટે નિભાવ અનુદાન, બિનસરકારી માધ્યમિક શાળાઓને સહાય, શૈક્ષણિક સગવડોની જોગવાઈઓ માટે નિભાવ અનુદાન, ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે સ્થાનિક સંસ્થાઓને સહાય, યુનિવર્સિટીઓને અનુદાન, ઉચ્ચ સર્વ શિક્ષા અભિયાન, ભારત સરકારની મધ્યાહન ભોજન યોજના શરૂ કરેલી હતી તેના હેતુ માટેની માગણી, ૧૩મા નાણા પંચની ભલામણો અનુસાર કેન્દ્ર સરકારે ૭૨ કરોડની રકમ છૂટી કરી છે તે અંદાજપત્રમાં જોગવાઈ ન હોવાથી ૩૪ કરોડની પૂરક માગણી ૨૦૦૮-૦૯માં સાધન સામગ્રીની ખરીદી કરવામાં આવી હતી અને જેમાં ચૂકવણીની રકમ વહિવટી સમસ્યાઓને કારણે કરવામાં આવેલ ન હતી તેવી પૂરક માગણી લઈને માનનીય મંત્રીશ્રી આવેલા છે. માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૦૮-૦૯, ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ આમ ત્રણ વર્ષ વીતવા છતાં પણ સાધન સામગ્રીની જે ખરીદી કરવામાં આવેલ હતી તે ખરીદી આજ સુધી કલીયર કરી શકેલા નથી. એવો આપણો કયો વહીવટ છે કે ત્રણ-ત્રણ વર્ષ સુધી તેને વહિવટી એપ્રુવલ આપી શકતા નથી. ૧૩મા નાણા પંચમાં આટલી બધી ભલામણો છે, આટલી રકમ છૂટી થવાની છે છતાં મૂળ અંદાજપત્રમાં આપણે જોગવાઈ કરેલી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ પ્રમાણે મધ્યાહ્ન ભોજનમાં ૯-૧૦માં રસોડાના સાધનોની ખરીદી માટે ૩૮ કરોડ રૂપિયાની રકમ આપણે છૂટી કરી છે, પરંતુ અંદાજપત્રમાં આ હેતુ માટે કોઈ જોગવાઈ કરવામાં આવેલી ન હતી. ભારત સરકારે તા. ૧૪-૭-૨૦૧૦ના પત્ર લખ્યો અને ફરી સાહેબ એ વાત રીપીટ કરી કે રસોડાના સાધનો છે એ તમને ખરીદવા માટે ફરી મંજૂરી આપવામાં આવે છે ત્યારે એક હજારની માત્ર પ્રતિક માગણી આમાં કરેલી છે, હવે આમાં જેને ચોક્કસ કહી શકાય એવી ટેન્ટેટીવ ફીગર પણ કરી શકેલા હોત. આપણી મહત્વાકાંક્ષી યોજના ૧૯ નવેમ્બર ૧૯૮૪ના રોજ શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે, ગરીબીના નિવારણ માટે અને પોષક તત્ત્વો બાળકોમાં વધે એટલા માટે અને ડ્રોપઆઉટ રેશિયો ઓછો થાય એના હેતુસર કેન્દ્ર સરકાર જેનું ખર્ચ કરે છે, કેન્દ્ર સરકાર પૈસા આપે છે એવી યોજનાના રસોડાના સાધનો પણ આપણે સમયસર ખરીદી શકતા નથી. સર્વ શિક્ષા અભિયાન વર્ષ ૨૦૦૧-૦૨થી શરૂ કરેલું અને કેન્દ્ર સરકાર એમાં ૬૫ ટકા પૈસા આપે છે અને ૩૫ ટકા રાજયએ ભોગવવાના છે અને સર્વ શિક્ષાના કાર્યક્રમ અંતર્ગત ગ્રામ્ય શિક્ષણ સમિતિઓ આપણે બનાવેલી છે, શાળા માટે અનુદાનો આપણે આપીએ છીએ, શાળા મરામત માટે આપણે અનુદાનો આપીએ છીએ, આંતરમાળખાકીય સુવિધાઓ માટે આપણે પૈસા આપીએ છીએ અને કન્યા કેળવણી માટે આપીએ છીએ.અને આજે પણ ગુજરાતમાં એક લાખ બાર હજાર બાળકો વિકલાંગ બાળકો બાળકોને આપણે આ કાર્યક્રમ અંતર્ગત સમાવેશ કરેલો છે ત્યારે સર્વ શિક્ષા અભિયાનનો કાર્યક્રમ મહત્વાકાંક્ષી કાર્યક્રમ કેન્દ્ર સરકારનો છે અને એ કાર્યક્રમમાં પૂરક માગણી લઈને માનનીય મંત્રીશ્રી આવેલા છે ત્યારે શિક્ષણમાં જે કાર્યક્રમો આપણે શરૂ કરેલા છે એમાં સર્વ શિક્ષા અભિયાનમાં અત્યાર સુધી આપણે કેન્દ્રની મદદથી રાજય સરકારનો લોકફાળો ઉમેરી ૧૦૨૬૭ ઓરડાઓ બનાવ્યા, ૭૫૮૨ કંપાઉન્ડ વૉલ બનાવ્યા અને ૮૫૦૦ પીવાના પાણી અને ટોઈલેટ બ્લૉક બનાવેલા છે એ કેન્દ્રના સંપૂર્ણ સહાય જેને કહી શકાય, અને લોકફાળો ગુજરાતનો, પણ કેન્દ્રના ૬૫ ટકા અને એમાં આપણે કામગીરી કરેલી છે, એ જેને ઈતિહાસનું જેને કહેવાય, સીમાચિહ્નરૂપ જેને કહેવાય શિક્ષણના ક્ષેત્રની અંદર એ સર્વ શિક્ષા અભિયાનનો અંતર્ગતનો કાર્યક્રમ જે આપણે ગુજરાતમાં દાખલ કરી શકેલા છીએ, કેન્દ્રના પૈસા એ તો જાહેર કરતાં આપણે ઘ ણીવાર ખચકાટ અનુભવતા હોઈએ છીએ પરંતુ કેન્દ્રએ આની અંદર જેને ઉદારદિલે જેને કહેવાય, કેન્દ્રએ આની અંદર કોઈપણ જાતના પક્ષપાત સિવાય જેને કહેવાય, કેન્દ્રએ ગુજરાતના બાળકોના વિકાસ માટે જેને કહેવાય, આવતી કાલની પેઢીને તૈયાર કરવા માટે જેને કહેવાય એવી કોઈપણ કદમમાં કેન્દ્રએ કચાશ રાખી નથી અને જ્યારે આટલા મહત્ત્વાકાંક્ષી કાર્યક્રમો કેન્દ્ર કરી રહેલ છે ત્યારે આપણે ગુજરાતના હિતો માટે, ગુજરાતના ભાવિ માટે, કેન્દ્ર સાથે સમન્વય સાધી શકાય અને ગુજરાતનો વિકાસ કરવાની આપણે જરૂર છે.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્યના કાર્યક્રમોમાં પણ બારમી પંચવર્ષિય યોજના ડિસેમ્બર ૨૦૧૦ અંતિતથી શરૂ કરી અને જે કરેલું છે ત્યારે મારે આ માગણીઓ ઉપર મારું આ વક્તવ્ય રજૂ કરી અને માનનીય મંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઈને આવેલા છે ટેકો એટલા માટે નથી આપી શકતા કારણ કે પાછળથી ઘણુ બધું આમાં ખર્ચ ઉમેરેલું છે.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ(મહેસાણા)** : માનનીય આદરણીય અધ્યક્ષશ્રી, આજે સમગ્ર વિશ્વ જ્યારે માતૃ શકિતના સશકિતકરણ માટે વિશ્વ મહિલા દિન ઉજવી રહ્યું છે ત્યારે મને એ વાતનો વિશેષ આનંદ છે કે આજે વિશ્વ જે દિવસ ઉજવી રહ્યું છે ત્યારે મારો પણ જન્મ દિવસ એ આજની તારીખે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય નાણાં મંત્રીશ્રી ૭૧૫૨.૭ કરોડ રૂપિયાની પૂરક માગણીઓ લઈને આ સન્માનનીય ગૃહ સમક્ષ આવ્યા છે ત્યારે આ જે પૂરક માગણીઓ છે એમાં પ્લાન એક્ષપેન્ડીચર અને નોનપ્લાન એક્ષપેન્ડીચર અને રેવન્યુ એક્ષપેન્ડીચર અને કેપીટલ એક્ષપેન્ડીચર એમ બંને પ્રકારની માગણીઓનો એમાં સમાવેશ થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, એમાં જે સેન્ટ્રલ સ્પોન્સર્ડ સ્કીમ છે એમાં ૧૦૨૨ કરોડ જેટલી રકમ મળતા રાજય સરકારના બજેટ ઉપર જે ભારણ છે એ ૬૧૩૦ કરોડ ઉપરનું થવા જાય છે. આમાં જે મોટું ભારણ આ વર્ષે જે છે એની પાછળ જે મુખ્ય ખર્ચ છે એ છઠ્ઠા પગારપંચના અમલના કારણે જુદા જુદા વિભાગોના કર્મચારીઓ છે એમના ફિક્સ પગારના ધોરણમાં સુધારો તેમજ એમને જે વધારાની તફાવતની રકમ આપવાની થાય એને લઈને આ પૂરક માગણીઓની વિશેષ જરૂરિયાત પડી હોય એવો સ્પષ્ટ નિર્દેશ થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારના કર્મચારીઓ પછી એ મુખ્ય સચિવથી માંડીને વર્ગ-૪ના પટાવાળા સુધીના હોય એ રાજય સરકારના વહીવટી તંત્રની કરોડરજ્જુ સમાન છે. આ કર્મચારીઓનું મોરલ ઉંચું રહે, મોંઘ વારી વધવાના કારણે અને રાજય સરકારની આવકોમાં વધારો થવાના કારણે આ કર્મચારીઓના પરિવારને માટે અને એમની લાયકાતને ધોરણે એમને વિશેષ વળતર મળતું રહે એના માટે જે છઠ્ઠા પગારપંચે ભલામણો કરી છે એ પગારપંચની ભલામણ મુજબ રાજય સરકારે આ કર્મચારીઓને લાભ આપવા માટેનો જે યથાયોગ્ય નિર્ણય કરેલ છે એને લઈને રાજય સરકારની તિજોરી ઉપર આ ભારણ આવેલ છે. આ જે કર્મચારીઓ છે એમના મોંઘવારી ભથ્થામાં વધારો કરવામાં આવ્યો છે, એમાં નિવૃત્ત કર્મચારીઓ જે થયા છે એમને રજાનું રોકડમાં રૂપાંતર કારણ કે કર્મચારી સનિષ્ઠાથી ઓછામાં ઓછી રજાઓ ભોગવીને જ્યારે નિવૃત્ત થતો હોય ત્યારે એ કર્મચારીને જે એની

ચડેલી રજાઓ હોય એ રજાઓનો પગારના સ્વરૂપે એને વળતર મળે એ પ્રકારની જોગવાઈ આની અંદર કરવામાં આવી છે. આ રીતે કર્મચારીઓને પ્રોત્સાહ આપીને જે એમની પ્રજાકીય કામો માટેની સેવાની ડિલિવરી છે એ ડિલિવરીમાં વધારે ઈમ્પ્રુવમેન્ટ થાય, વધારે એફિસિયન્સી આવે એના માટે આ નિર્ણય રાજય સરકારે કર્યો છે અને કર્મચારીઓને કર્મયોગી બનાવવા માટે ચિંતન શિબિરના માધ્યમ મારફતે પણ રાજય સરકારે સતત કન્ટીન્યુસ ઈમ્પ્રુવમેન્ટ પ્રોસેસની દૃષ્ટિએ રાજય સરકારના કર્મચારીઓ ખૂબ સારી એફિસિયન્ટલી પ્રજાકીય સેવાઓ પૂરી પાડે એવો એની પાછળનો જે આશય રહેલો છે આના કારણે જે બોજો વધે છે એ બોજાને આપણે મંજૂર કરવો જ રહ્યો. સાથે સાથે માનનીય અધ્યક્ષશ્રી, મારે અટલું કહેવું છે કે, જે કર્મચારીઓ જે દરેક વિભાગમાં જેને આપણે બ્લેકશીપ કહીએ એવા બ્લેકશીપ જે કર્મચારીઓ હોય એ પોતાની સંસ્થાને કે પોતાની સેવાને એબ્યુઝ કરતા હોય એવા કર્મચારીઓ પ્રત્યે પણ સરકાર કડકાઈથી પગલાં ભરે અને એવા વિભાગો જે આ પ્રકારે પગલાં ભરવામાં પાછા પડતા હોય તો આ બજેટરી રીસ્ટ્રીકશન એમની ઉપર લાદી શકે એવા પ્રકારની જોગવાઈઓ કરીને પણ ભવિષ્યમાં આ જે સેવાની ડિલિવરી જે છે કર્મચારીઓ મારફતે એ ડિલિવરીને આપણે વધારે પ્રજાલક્ષી અને વધારે એફિસિયન્ટ બનાવી શકીએ. આજે જે પૂરક માગણીઓ ઉપર ચર્ચા છે એમાં સહકાર વિભાગ, શિક્ષણ વિભાગ, પુરવઠા વિભાગ, આરોગ્ય વિભાગ અને પંચાયત વિભાગ મુખ્યત્વે સામેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, એમાં જે માગણીઓ છે એમાં ૩ હજાર કરોડ રૂપિયા કરતાં પણ વધારે રકમની માગણીઓ એ શિક્ષણ અને આરોગ્યને લગતી છે. શિક્ષણ એટલા માટે મહત્વ ધરાવે છે કે 'વિદ્યા સમાજોત્કર્ષ' જો સમાજનો સાચા અર્થમાં ઉત્કર્ષ કરવો હોય તો ભાવિ પેઢીનું જે સશકિતકરણ છે એ સશકિતકરણ એ શિક્ષણના માધ્યમના મારફતે સારી રીતે થઈ શકે અને એ દિશામાં આ રાજય સરકારે જે કામગીરી કરી છે એ સરાહનીય છે એટલા માટે કે જ્યારે શિક્ષણની અંદર અગાઉ ડ્રોપઆઉટ રેશિયો ખૂબ હાઈ હતો અને શાળા પ્રવેશમાં પણ ગ્રામ્ય વિસ્તારોમાં ગરીબ પરિવારોમાં, ગરીબ સમાજમાં એની જે ઉદાસીનતા હતી અને ઉદાસીનતાને લઈને એ બાળકો શાળા સુધી પહોંચતા ન હતા એને શાળા સુધી પહોંચાડવાનું કામ શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી મહોત્સવ, જે કન્યાઓના શિક્ષણ માટેની જરૂરિયાત છે એને લઈને આ કાયક્રમો બહુ સારી રીતે, અસરકારક રીતે શરૂ થયાં છે, શિક્ષણનો જે વિભાગ છે એ પ્રાથમિક શિક્ષણ, માધ્યમિક શિક્ષણ, ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ અને ટેકનીકલ એજ્યુકેશન એમ દરેક ક્ષેત્રમાં વધારે પૂરક માગણીઓની જરૂર એટલા માટે પડી છે કે આ શિક્ષણનો જે વિભાગ છે એમાં કર્મચારીઓની સંખ્યા એટલે કે શિક્ષકો, ટિચિંગ સ્ટાફ અને પ્રોફેસર એ બધાની સંખ્યા જે છે એમાં ખૂબ વધારો કરવામાં આવ્યો છે, છેલ્લાં દસ વર્ષમાં શાળાઓમાં જે શિક્ષકોની ઘટ હતી એમાં એક લાખ કરતાં પણ વધારે શિક્ષકોની ભરતી કરીને આ સરકારે જ્યારે શિક્ષણના સ્તરને સુધારવાનો પ્રયત્ન કર્યો છે, પ્રાથમિક શિક્ષણના ઓરડાઓની ઘટ પણ ક્યાંય ન રહે એની જ્યારે કાળજી લીધી છે, ત્યારે ગ્રામ્ય વિસ્તારમાં આઠમા ધોરણનું શિક્ષણ નહોતું મળી શકતું એ આઠમા ધોરણનું શિક્ષણ માટેની પણ શરૂઆત કરી અને એના માટેના ગ્રેજ્યુએટ બી.એસ.સી. બી.એડ થયેલા શિક્ષકોની જ્યારે ભરતી કરવામાં આવી છે, ત્યારે ગ્રામ્ય વિસ્તારના બાળકોને પણ આનો સીધો લાભ મળવાનો છે. છોકરીઓ ભણે એના માટે કન્યાઓને બસની વિનામૂલ્યે પાસની સગવડ આપીને પણ સરકારે આ દિશામાં પણ કન્યા સશક્તિકરણની કામગીરી કરી છે. ઉચ્ચ શિક્ષણ અને ટેકનીકલ એજ્યુકેશનમાં પણ છેલ્લાં બે વર્ષમાં ટેકનીકલ એજ્યુકેશનમાં જે પ્રકારની સગવડો અને જે પ્રકારની મંજૂરીઓ આપવામાં આવી છે એના કારણે રાજયના વિદ્યાર્થીઓને ગુજરાત બહાર અભ્યાસ માટે ન જવું પડે એવી સ્થિતિનું આજે નિર્માણ થયું છે. આ રીતે જ્યારે શિક્ષણ વિભાગ દ્વારા આ પ્રકારની સુવિધાઓ આપવામાં આવતી હોય ત્યારે એની પૂરક માગણીઓ મંજૂર કરવી એ આ સભાગૃહની ફરજ બની જાય છે, આ જે ચાલુ વર્ષના અંદાજો છે એમાં વધારાની જરૂરિયાતને પહોંચી વળવા માટે જેમાં મધ્યાહ્ન ભોજન યોજનાનો પણ સમાવેશ કરવામાં આવેલો છે અને તેરમા નાણાં પંચ અનુસારની જે રકમ છૂટી કરી છે એને લક્ષમાં લઈને વધારાની જે પૂરક માગણી છે એના માટે માનનીય નાણા મંત્રીશ્રી આવ્યા છે એટલે એને સમર્થન આપીને હું મારી વાત પૂરી કરું છું.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા પૂરક માગણીઓ લઈને આવ્યા છે એના અનુમોદનમાં બે શબ્દો બોલવા ઉભો થયો છું.

રાજયમાં સહકારી ક્ષેત્રે વિશાળ પાયે આખું તંત્ર ગોઠવાયેલું છે ગુજરાત રાજય સહકારી મંડળીઓ એનું સંચાલન જિલ્લા લેવલે કરતાં હોય છે અને દરેક જિલ્લામાં જિલ્લા સહકારી મંડળીઓ હોય છે જિલ્લા રજિસ્ટ્રારનું કામ મંડળીઓ નોંધવાનું, મંડળીઓ નિયમાનુસાર એની મિટિંગ ન બોલાવતા હોય તો એના માટે એના પર સખ્તાઈ લાવવાની અને તેમ છતાં ઘણા એવા હોય અને અનિયમિત થઈ ગયેલ હોય ગેરરીતિ કરતાં હોય તો કસ્ટોડિયન મૂકવાના અનેકવિધ પાવર્સ સાથે રજિસ્ટ્રારને સત્તાઓ આપવામાં આવેલી છે. મંડળીઓની નોંધણી તો કરવાની જ પરંતુ તેમ છતાં તમામ, આ બધાનું સંચાલન કરવું, ફરિયાદ આવે તો ફરિયાદનું નિવારણ કરવા નાગરિક અધિકાર પંચ બનાવવામાં આવ્યું છે અને એનું અમલીકરણ કરવા માટે દર મહિને નાગરિક અધિકાર પંચ અને લોક ફરિયાદ માટેની રિવ્યુ મિટિંગ થતી હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લા પંચાયત દ્વારા મોટાભાગની મંડળીઓની નોંધણી થતી હોય છે આમ વિશાળ કાય આ તંત્રને કોઈ ફરિયાદ ના આવે તેના માટે આ તંત્ર ગતિશીલ છે. ભાજપની સરકાર આવી ત્યારથી આ મંડળીઓની પ્રવૃત્તિઓ ધમધમતી થઈ છે અને તેમાં

વૈદનાથ કમિટીનું આપણે અહીંયા સરસ અમલીકરણ કર્યુ છે. એક ગુજરાત રાજય સહકારી મંડળી, જિલ્લાની ૧૮ સહકારી મંડળીઓ તેમજ પ્રાથમિક એવી મંડળીઓ ૭૭૩૮ને ૫૫૦ લાખનું ધીરાણ કરીને કેમ સુદ્રઢ થાય તેના માટે પ્રયત્ન કર્યો છે. હવે આ સરકારી મંડળીઓમાં વિવિધ પ્રકારના એકમો છે ગૃહ સહકારી મંડળી, કચ્છ સેવા સહકારી મંડળી પછી વાહન-વ્યવહાર મંડળી, હાઉસીંગ મંડળી આવી જુદી જુદી ૨૦ થી ૨૨ મંડળીઓ કાર્યરત છે. ત્યારથી ખેત ઉત્પાદનમાં સતત વધારો થયેલ છે. રાજય સરકારે બજાર સમિતિઓને સધ્ધર બનાવવા માટે નવા પ્રોજેકટો બનાવવા આર્થિક મદદ કરે છે. એ, બી, સી અને ડી ગ્રેડને ખૂબ જ મદદ કરેલી છે અને તે રીતે કેમ ખેત ઉત્પાદન બજાર સમિતિઓ ઉંચી આવે તેનું ધ્યાન રાખ્યું છે. નાગરિક સહકારી મંડળી નાગરિક સહકારી બેન્કોની વસૂલાત માટે મૂંઝવતા પ્રશ્નો હતા અને વહીવટી તંત્ર તેના માટે કંઈ કરી શકતું નહોતું આપણાં માનનીય.

**અધ્યક્ષશ્રી** : બે મિનિટનો સમય છે આપની પાસે.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : સાહેબ હજુ તો બે મિનિટ થઈ. માનનીય મુખ્યમંત્રી અને આપણા સહકાર મંત્રીએ વન ટાઈમ સેટલમેન્ટની યોજના મૂકી આના કારણે જે લેણાં હતા તે વસૂલ થશે. વિટકોસ દ્વારા ગાંધીનગર અને ભાવનગરમાં વાહન-વ્યવહાર મંડળીઓ ચાલે છે અને તેનો સુંદર દાખલો આપણે ભાવનગરનો જોઈ શકીએ છીએ. ખેડૂતોને સારા ભાવ મળે, બજાર સમિતિઓ દ્વારા બજારની ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવેલી છે. બજાર સમિતિઓને આધુનિક બનાવવા માટે કલ્પવૃક્ષ નામની એવી યોજના અમલમાં મૂકી છે. ગુજરાતમાં શ્વેતક્રાંતિનું ઉત્તમ ઉદાહરણ એટલે સહકારી ક્ષેત્રે દૂધ ઉત્પાદન કરતી મંડળીઓ. દુનિયામાં આપણે ભારતમાં પ્રથમ કક્ષાએ ગયા વખત કરતાં ૨૦ ટકાનો વધારો ગુજરાત રાજયમાં દૂધ ઉત્પાદન ક્ષેત્રે થયેલો છે. સ્વર્ણિમ ગુજરાત સંદર્ભે મહિલાઓને સશકિતકરણ માટે મહિલા દૂધ ઉત્પાદન મંડળીઓની રચના કરવાનું કાર્ય સરકારે કરેલું છે. રાજયની નગર સમિતિઓ અને આરોગ્ય ક્ષેત્રે તદ્ ઉપરાંત સરકારી યોજનામાં દાન પણ આપતી હોય છે. ઔદ્યોગિક સેવા સહકારી મંડળીઓ મારફત વિવિધ ઔદ્યોગિક એકમોમાં સેવાકીય પ્રવૃત્તિઓ પૂરી પાડે છે. આમ વિવિધ ક્ષેત્રે આ સેવા સહકારી મંડળી આમ જનતાને અને છેવાડાના માનવીને કેમ મદદરૂપ થવું તેના માટે હર-હંમેશ પ્રયત્નશીલ રહે છે. અને ગુજરાત એવું રાજય છે કે ભારતમાં સેવા સહકારી મંડળીમાં તે ખૂબ જ સહકાર ક્ષેત્રે આગળ રહ્યું છે.

**શ્રી અમરસિંહ રા. વસાવા(દેડીયાપાડા)** : માનનીય અધ્યક્ષશ્રી, પૂરક માગણી નંબર ૫, ૯, ૨૩, ૩૯ અને ૭૦ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યાં છે તેમાં મારા મંતવ્યો અને સૂચનો આપવા માટે ઉપસ્થિત થયો છું. આજે મહિલા દિન છે અને અનિલભાઈનો જન્મ દિવસ છે એટલે તેમને ખૂબ શુભકામના પાઠવું છું. માનનીય અધ્યક્ષશ્રી, આજે આંતર રાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે મહિલાઓ ખૂબ ખૂબ પ્રગતિ કરે તેવી શુભેચ્છા પાઠવું છું. મારા વિસ્તારમાં પણ આજે મહિલા દિન નિમિત્તે બહુ મોટું સંમેલન યોજાઈ રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજની પૂરક માગણીઓ સંદર્ભે મારે કેટલીક વાત કરવી છે. નાણામંત્રીશ્રી આખા વર્ષનું બજેટ જે લાવવું જોઈએ તેને બદલે ફકત ૮ મહિના પૂરતું બજેટ લાવે છે અને પછી પોતાની પૂરક માગણીઓના નામે કરોડોના મોટા બિલ આવે છે. એના કારણે ઘણીબધી જે જોગવાઈઓ મૂળ બજેટમાં આવવી જોઈએ તે અધૂરી રહી જાય છે. એટલા માટે મારે થોડી વાત કરવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે માગણી ક્રમાંક: ૨૩ છે. અન્ન અને નાગરિક પુરવઠા, એમાં વાજબી ભાવની દુકાનો અને કચેરીઓ માટેની વાત કરી છે. એમાં જે ગરીબ લોકો છે, બી.પી.એલ.ના લાભાર્થીઓ છે, અને જે છેવાડાના લોકો છે, તેમને એનો જે લાભ મળવો જોઈએ એ બરાબર મળતો નથી. રેશન કાર્ડમાં જે લોકોને અનાજ આપવામાં આવે છે અને એને કારણે જે સસ્તા અનાજની દુકાનોમાં બારોબાર અનાજ વેચાઈ જાય છે અને ગરીબોને મળતું નથી. અમારા વિસ્તારમાં તો બી.પી.એલ. અને એ.પી.એલ.ની જ વાત ચાલે છે. એટલે સરકારે બીજું એવું કર્યુ કે લોકોની ફરિયાદ આવે છે, એટલા માટે મારા વિસ્તારમાં પણ જે સરદાર સરોવર યોજનાના પુન: વસવાટના જે લાભાર્થીઓ છે એના માટે ફરતી દુકાનો કરી છે. એમાં પણ સરકાર થોડી દેખરેખ રાખે તો સારો એવો સુધારો થાય અને લોકોને લાભ આપી શકાય.

બીજી જે પંચાયતની માગણીઓ છે, એમાં અમારા માનનીય દંડક સાહેબે કીધું એમ સરકાર પહેલા ગોકુળ ગામની વાત કરતી હતી અને હવે આ સરકારે તીર્થગામના નામે પણ પૂરક માગણીઓમાં જોગવાઈ કરી છે. આ તીર્થ ગામમાં કેવી કેવી સુવિધાઓ હશે, આ તીર્થ ગામ માટે શું વ્યવસ્થા કરવામાં આવશે એનું પૂરતું વિશ્લેષણ નથી, એટલે અમને પણ ખબર પડે કે આ તીર્થ ગામ સરકારે એમાં જે પૂરક માગણીઓમાં વાત કરી છે, એનો લાભ છેક છેવાડાના ગામોને મળવો જોઈએ. ખાસ કરીને જયારે આ તીર્થ ગામની વાત નવી સુવિધાના નામે પૂરક માગણીમાં કરી છે ત્યારે મારે આપના માધ્યમથી આ તીર્થ ગામને કેવી કેવી વધારાની સુવિધા ઉપલબ્ધ કરવાની છે એ અંગે માનનીય મંત્રીશ્રી આની જયારે વાત કરે ત્યારે એનો ખુલાસો કરે તો આ ગૃહના સભ્યશ્રીઓને પણ વધારે જાણકારી મળી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, હવે આ પંચાયતોમાં જે ટ્રેનિંગ આપવાની છે, એની જે વાત કરી છે ત્યારે ગ્રામ પંચાયતના સરપંચોને એની બોડી હોય કે તાલુકા પંચાયતની બોડી હોય કે જિલ્લાની બોડી હોય, ગાંધીનગરમાં આ સરકારે મહાત્મા મંદિર બનાવવાની વાત કરી છે ત્યારે ગ્રામ પંચાયતના સરપંચોને બધાને માટી લઈને બોલાવે છે.

તો તાલીમોના નાતે એ તાલુકાનો સભ્ય હોય, તાલુકા પંચાયતના પ્રમુખ હોય, જિલ્લા પંચાયતના પ્રમુખ હોય તો સમિતિમાં એને બરાબર તાલીમ મળે, પરંતુ આ સરકારમાં એના કરતાં પણ વધારે તાલીમો ખાનગી કોમ્પ્યુટર મારફતે ટેલીકાસ્ટ કરવામાં આવે છે અને કોમ્પ્યુટર મારફતે વિડિયો કોન્ફરન્સ મારફતે પણ સરકાર અધિકારીઓ અને પદાધિકારીઓને તાલીમ આપે છે, પરંતુ ખાસ કરીને મારે આપશ્રીના માધ્યમથી માનનીય મુખ્ય મંત્રીશ્રીને જણાવવું છે કે આવી વિડિયો કોન્સરન્સ જયારે અધિકારીઓ કરતા હોય કે ચૂંટાયેલા પદાધિકારીઓ કરતા હોય અને એમાં એ માનનીય મુખ્યમંત્રીશ્રી સાથે સીધી વાતચીત કરવાની હોય છે એવું માધ્યમ અપનાવવામાં આવ્યું છે ત્યારે ગામની પરિસ્થિતિ છે, ગામના પ્રશ્નો છે એની વાત આવી વિડિયો કોન્ફરન્સ ઉપર કોઈ ચૂંટાયેલા પ્રતિનિધિ સરપંચ કરે કે પ્રમુખ કરે કે જિલ્લાના કોઈ હોદ્દેદાર કરે અને પ્રશ્ન પૂછે અને સરકાર એનો જવાબ ન આપે, મુખ્યમંત્રીશ્રી જવાબ ન આપે તો તુરત જ અધિકારીઓ આ કોન્ફરન્સમાં એ વિડિયો કોન્ફરન્સનું બટન બંધ કરી દે છે એટલે એનો જવાબ મળી શકતો નથી અને આવો બધો હોબાળો થાય છે. એટલે જે સરકારની વાહ વાહ કરે અને જે મુશ્કેલીઓના પ્રશ્નો જયારે કોઈ પૂછે છે કે ડાયરેકટ ગાંધીનગરથી કે કલેકટર કચેરી હોય, ગ્રામ વિકાસ એજન્સી હોય અને જિલ્લા પંચાયત કે કલેકટર કચેરી વારંવાર એક અઠવાડિયામાં ૨ થી ૩ વિડિયો કોન્ફરન્સની તાલીમ ડાયરેકટ ઓન લાઈન ઉપર છે ત્યારે પહેલા એવું હતું કે બધા સરપંચશ્રીઓને ગાંધીનગરમાં તાલીમ આપવામાં આવે અને આઈ.એ.એસ. ઓફિસર કે બીજા ઉચ્ચ અધિકારી એ તાલીમ આપે તો રૂબરૂ સરપંચોને અને બધાને એનો લાભ મળતો હતો. આ વિડિયો કોન્ફરન્સની વાતો આવે, પરંતુ સાચા સવાલો આવે ત્યારે મેં કહ્યું તેમ બટન દબાવી દે એટલે સાચી માહિતી મેળવવી હોય અને સરકારના વિરુધ્ધમાં હોય તો એ બટન બંધ થઈ જાય અને માહિતી મળે નહીં અને ઉપરથી કલેકટર અને ડી.ડી.ઓ.ને ઠપકો આપવામાં આવે કે આવા માણસોને કેમ વિડિયો કોન્ફરન્સમાં સામેલ કર્યા, તમારી સામે પગલાં લઈશું. મારા વિસ્તારમાં જયારે લોક દરબારનો કાર્યક્રમ અને આવું બધું થયું તો સરપંચાએ પ્રશ્ન કર્યો કે અમને સસ્તા અનાજની દૂકાનેથી અનાજ મળતું નથી. તો સચિવશ્રીઓએ અધિકારીઓને ઠપકો આપ્યો, ટી.ડી.ઓ.ને ઠપકો આપ્યો અને મામલતદારને પણ ઠપકો આપ્યો છે. તો આવા બધા બનાવો બને છે. (અંતરાય) હા, નાગરિકોના હિતમાં ઠપકો આપે છે, પરંતુ જે અધિકારીઓ ભ્રષ્ટાચાર કરે છે, ખોટી વાતો કરે છે એના ઉપર એની ઉપર પણ તમે પગલાં લો, એમને ઠપકો આપીને છૂટા કરો. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, ઠપકો આપવાની વાત માનનીય મંત્રીશ્રી કરે છે ત્યારે મારે તેમને કહેવું છે કે મારા તાલુકામાં અધિકારીઓ દારૂ પીવા બેઠા હતા અને એ પકડાયા અને મંત્રીશ્રીએ અહીંથી ફોન કર્યો કે તેમને રાત્રે ને રાત્રે છોડી દો.. (અંતરાય)

**અધ્યક્ષશ્રી:** માનનીય સભ્યશ્રી, આપ મૂળ વાત ઉપર આવી જાઓ.

**શ્રી અમરસિંહ વસાવા:** માનનીય અધ્યક્ષશ્રી, એ કહે છે એટલા માટે, નહીંતર મારે આ બાબતમાં કાંઈ કહેવું નથી કે એ બાબતમાં જવું નથી, પરંતુ અધિકારીઓને તાલીમ આપે છે (સમયસૂચક ઘંટડી) હું બે મિનિટમાં જ મારી વાત પૂરી કરીશ.

માનનીય અધ્યક્ષશ્રી, હું બીજી વાત કૃષિની કરવા માગું છું. હું આ ગૃહમાં કૃષિ બાબતમાં અને સિંચાઈ બાબતમાં વાત કરવા માગું છું. મારા સાથીદાર સુરેશભાઈ અને અમારા દંડકશ્રીને મેં કહયું કે મારા કરતાં સુરેશભાઈને બોલવા માટે સમય આપો કારણ કે ખેડૂતોના પ્રતિનિધિ છે. ખેડૂતોને બહુ અન્યાય થાય છે. અમે અરજીઓ કરી છે એનાં અમને કનેકશન મળતાં નથી અને ખેડૂતોના પ્રશ્નો છે એના માટેનો કોઈ લાભ મળતો નથી. જયારે સરકાર બહુ મોટી વાતો કરે છે, અમને તો બહુ મોટો અન્યાય થાય છે જયારથી ગુજરાતમાં આ સરકાર આવી છે અને પહેલાં પણ મેં કહ્યું હતું કે આ સરકાર અમારી પાછળ પડી ગઈ છે, આ સરકાર અમને તો પૂરા કરશે. અમારે શું કરવાનું? એટલે નાણામંત્રીશ્રી કોઈપણ પૂરક બિલ લાવે કે મૂળ બજેટ લાવે. તો ભારત સરકાર જે કરોડો રૂપિયા આપે છે એનો લાભ મળવો જોઈએ. પછી અમારા નામે બીજી જગ્યાએ પૈસા વાપર્યા કરો તો એનો કોઈ અર્થ નથી. અને હજુ પણ અમારે પાછળ રહેવું પડે તેવી પરિસ્થિતિ થઈ છે. એટલે જે પુરક માગણીઓ છે એમાં હજુ પણ આ વિધાનસભાનું સત્ર ૩૦મી તારીખ સુધી ચાલવાનું છે તો અમારા માટે કંઈક જોગવાઈ કરે, નહીંતર અમારે પાણી વગર એમ જ રહેવાનું છે. શિક્ષણ વગર એમ જ રહેવાનું છે. વીજળી પણ અમને મળતી નથી. એટલે આ જે પૂરક માગણીઓ છે તેમાં કંઈક સુધારો કરે તેવી આપશ્રી મારફત વિનંતી કરું છું.

**શ્રી રાજસીભાઈ વી. જોટવા(સોમનાથ)** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ તો આજે વિશ્વ મહિલા દિન હોય, દરેક બહેનો અને મહિલાઓને મારા તરફથી ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવવાની સાથે સાથે અમારા સાથી મિત્ર વડિલ શ્રી અનિલભાઈનો આજે જન્મ દિવસ પણ હોય એમને પણ અમારા તરફથી હાર્દિક શુભેચ્છા પાઠવું છું.

ગુજરાત રાજયના નાણા મંત્રીશ્રી વર્ષ ૨૦૧૦-૧૧માં ૭૧૫૨ કરોડ અને ૭૦ લાખની પુરક માગણીઓ લઈને આવ્યા છે તે પૈકી માગણી નંબર ૨૩ અન્ન અને નાગરિક પુરવઠાની છે. એને અનુમોદન આપવા માટે ઉભો થયો છું. આ માગણી ૧૬ કરોડ ૩ લાખ ૨૦ હજાર જેવી માગણી માનનીય મંત્રીશ્રીએ મુકેલી છે. તે માગણી મુકવાનો હેતુ શું છે તે જોઈએ તો ખાસ તો ચાલુ વર્ષમાં અંદાજપત્રમાં કરવામાં આવેલ જોગવાઈઓમાં મુખ્યત્વે છઠ્ઠા પગાર પંચનું અમલીકરણ કરવાને કારણે તફાવતની રકમ તેમજ મોંઘવારી ભથ્થાના દરમાં જે વધારો થયો છે

તેના કારણે કચેરી ખર્ચમાં વધારો, નિવૃત્ત કર્મચારીઓને રજાનું રોકડમાં રુપાંતર અને મંજૂરીનીસેવા માટે આ માગણી મુકવામાં આવી છે જયારે મારા સાથી મિત્ર અહીં વાત કરતા હતા કે માગણીઓની ચર્ચા ચાલતી હતી ત્યારે ગુજરાતમાં આવડો વિકાસ થઈ રહયો છે ત્યારે મોંઘવારી દિવસે દિવસે વધી રહી છે. મારી બાજુના એક મકાનમાં સવારે એક દિવસ એક બાપ અને દીકરો ઝગડો કરતા હતા., ત્યારે મેં પૂછયું કે શા માટે તમે ઝગડો કરો છો. ત્યારે દીકરાના બાપાએ કહયું કે મે એમને પેટ્રોલ પુરવા માટે સો રૂપિયા આપ્યા હતા, અને તેમાંથી બે લીટર પેટ્રોલ પુરાવાને બદલે ઓછું પુરાવેલ છે અને ભાવ વધી ગયો છે એમ કહે છે, કાલે સાંજે તો હું પેટ્રોલ પુરવા માટે ગયો ત્યારે આટલો ભાવ હતો તો આ ભાવ કેમ વધી ગયો? એટલે મારું કહેવાનું એમ છે કે સાંજે જાય ત્યારે ભાવ જુદો હોય અને સવારે જાય તો ભાવ વધી ગયો હોય, આમ દિવસમાં બે બે વાર ભાવ વધારો થતો હોય ત્યારે મારે શું કહેવું? અન્ન અને નાગરીક પુરવઠા વિભાગ એ સમાજના દરેક વર્ગની જરુરિયાતને સ્પર્શતો વિભાગ છે. વિશ્વમાં ઘણા વિસ્તારોમાં અત્યારે કુપોષણ અને ભૂખમરાથી જીંદગીઓ બેહાલ થઈ ગઈ છે. ત્યારે (સમય સૂચક ઘંટડી) હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય મંત્રીશ્રીને અભિનંદન એટલા માટે આપીશ કે જ્યારે વિશ્વની અંદર કુપોષણથી ભૂખમરાથી બેજીંદગી ઘણી બેહાલ થઈ રહી હોય ત્યારે ગુજરાતની અંદર આપણે જરૂરિયાત મંદોને એટલું પોષણક્ષમ અને ગુણવત્તાવાળી સામગ્રી આપવાનો પ્રયાસ કર્યો છે ત્યારે એ દિશામાં નક્કર આયોજન કર્યુ છે ત્યારે અંત્યોદય કાર્ડ અને બી.પી.એલ. કાર્ડ ધારકોએ પોતાના જીવન ધોરણ માટે વસ્તુઓ ખરીદવા સક્ષમ ન હોય ત્યારે સરકાર દ્વારા આવી ખાસ સામગ્રી જાહેરમાં વેચીને જરૂરિયાત મંદ સુધી પહોંચાડવાની સારી વ્યવસ્થા છે. સાથે સાથે એક મોડેલ શોપ પુરવઠા વિભાગમાં શરૂ કરવામાં આવ્યો છે. મોડેલ શોપ શા માટે કારણ કે ભૂતકાળની અંદર દુકાન હોય ત્યાં અનાજ મળતું અને ખાદ્ય સામગ્રી મળતી ત્યારે દુકાનની અંદર દુકાનદાર હોય લાઇસન્સ ધારક હોય એ ગમે ત્યારે દુકાન બંધ કરીને જતો રહે લોકોને માલ ન મળે ત્યારે આ ગુજરાત રાજયની અંદર માનનીય મુખ્યમંત્રીશ્રીએ મોડેલ શોપ એટલા માટે ઊભો કર્યો છે કે એની અંદર અન્ય ચીજવસ્તુઓ આપણને મળી રહે એટલે આખો દિવસ એ દુકાન ખુલ્લી રહે અને એમાંથી એનો જીવન નિર્વાહ ચાલી રહે અને બેરોજગારી દૂર કરવાનું સાધન ઊભું કર્યુ છે ત્યારે આ મોડેલ શોપ બની છે એનો ગામડાંમાંથી અમે આવીએ છીએ ત્યારે સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં એનો સારો ઉપયોગ થઈ રહ્યો છે અને ગામે ત્યારે દુકાનદાર પાસે ગ્રાહક જાય છે ત્યારે એને આસાનીથી માલ મળી રહે છે અને ગમે ત્યારે દુકાન સવારથી સાંજ સુધી ખુલ્લી હોય છે ત્યારે કોઈ ફરિયાદો ઉપસ્થિત થવાનો પ્રશ્ન નથી ત્યારે આ માગણીઓ માનનીય મંત્રીશ્રી લઈને આવ્યા છે એને મારુ અનુમોદન આપીને મારી વાત પૂરી કરું છું. .

**શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ(રાજકોટ-૧)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે સમગ્ર વિશ્વ મહિલા દિનની ઉજવણી કરી રહ્યો છે ત્યારે વિકસતા દેશોની દુનિયા જે રીતે આગળ વધી રહી દોડી રહી છે એમાં મહિલાઓ પાછળ ન રહે એવી મારી શુભકામના પાઠવું છું. સાથે સાથે આ ગૃહના સિનિયર માનનીય સભ્યશ્રી અનિલભાઈ પટેલનો પણ જન્મ દિવસ છે એમને પણ મારી શુભ કામના પાઠવું છું.

માનનીય નાણામંત્રીશ્રી માગણી નંબર ૫ કૃષિ અને સહકાર વિભાગની ૩,૮૧,૭૦,૦૦૦ની માગણી લઈને આવ્યા છે એના વિશે મારા વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું.

આ રાજયમાં વિવિધ પ્રકારની સહકારી મંડળીઓ લગભગ ૬૪,૮૦૦ જેટલી ૩૧-૩-૨૦૧૦ની સ્થિતિએ નોંધાયેલી છે. આટલો મોટો વ્યાપ સહકારી ક્ષેત્રમાં છે ત્યારે એનો કન્ટ્રોલ કરવા માટે પણ કેટલીક આવશ્યકતાઓ ઊભી થાય છે. જિલ્લા કક્ષાએ જિલ્લા રજિસ્ટ્રાર મારફત એમનું કન્ટ્રોલીંગ હોય છે અને જિલ્લા રજિસ્ટ્રાર જે કંઈ કામગીરી કરવાની હોય છે એમાં નોંધણી કરવી, પેટા નિયમોમાં સુધારા કરવા, સભ્ય બનાવવા, સભ્યને દૂર કરવા, ફાજલ નાણાંનું રોકાણ કરવું, ચૂંટણી ન કરતી મંડળીઓમાં કસ્ટોડિયન મૂકવો, સાધારણ સભાની મુદતમાં વધારો કરવો, મંડળીમાં વહીવટદારની નિમણૂક કરવી, ચોકસી તપાસણી કર ાવવી, ફડચામાં લઈ જવી અને આર્થિક સહાય આપવી આ પ્રકારની વ્યવસ્થા જિલ્લા રજિસ્ટ્રાર મારફતે થતી હોય છે. આટલો મોટો વ્યાપ સહકારી મંડળીઓમાં છે ત્યારે ઘણી ફરિયાદો પણ ઊભી થાય છે અને એ ફરિયાદો નિવારવા માટે ઘણો સમય લાગે.

તેના માટે રાજય સરકારે સહકાર નાગરિક અધિકારપત્ર બહાર પાડીને એક સુદ્રઢ વ્યવસ્થા આ તંત્રમાં પણ થાય તેના માટેનો એક યશસ્વી પ્રયાસ પણ કર્યો છે અને આવી જેટલી અરજીઓ આવે એ મહિનાના ૩૦ દિવસમાં તેનો નિકાલ થાય, તેનું નિરીક્ષણ રાજય કક્ષાએથી કોઈ નિરીક્ષક જિલ્લા કક્ષાએ જઈને જૂએ તેના માટેની વ્યવસ્થા પણ આ તંત્રમાં કરવામાં આવી છે. જેના કારણે આ ક્ષેત્રમાં જે એક પવિત્ર ક્ષેત્ર છે. જે લોકો દ્વારા ચાલતું ક્ષેત્ર છે અને લોકોને ઉપયોગી કામગીરી કરતું ક્ષેત્ર છે. આ ક્ષેત્રમાં અનેક મહાનુભાવોએ પોતાની જીંદગીના અમૂલ્ય દિવસો વિતાવીને આ ક્ષેત્રને પાળી પોષીને મોટું કર્યું છે. ત્યારે એ ક્ષેત્રમાં ક્યાંક ક્યાંક ઉધઈ પણ લાગે છે. જ્યારે ઉધઈ લાગતી હોય ત્યારે તેને પૅસ્ટ કંટ્રોલથી નાબૂદ પણ કરવી પડે. જો એ કરવામાં આવે નહીં તો કેટલીક જગ્યાએ બેંકોમાંથી સંપૂર્ણ નાણાં જાણે પોતાની માલિકીના હોય એ રીતે લઈને ઘર ભેગા થતા હોય છે. કેટલીક જગ્યાએ જે ચીજ ઉત્પાદન ન થતી હોય એવી ચીજોનું વેચાણ કરીને કૌભાંડો આચરવામાં આવે છે, પછી એ રાયડા કૌભાંડ હોય કે બાકીના કૌભાંડ હોય, આના માટે રાજય સરકારે જે પ્રકારે નિયંત્રણો કરીને આ ક્ષેત્રના વિકાસ માટેની

કામગીરી કરી છે અને ખાસ કરીને જે પૈસાની આવશ્યકતા પૂરક માગણી માટેની છે એ છઠ્ઠા પગારપંચના ઓચિંતાના આવેલા ખર્ચના કારણે છે. મોંઘવારીના વધારાના કારણે છે. એટલે આ માગણીને ગ્રાહ્ય રાખવા માટે હું સભાગૃહને વિનંતી કરું છું. આભાર.

**શ્રી ધીરસિંહ ક. બારડ (કોડીનાર) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી પૂરક માગણીઓ નં. ૫, ૯, ૨૩, ૩૯ અને ૭૦ લઈને આ ગૃહમાં આવ્યા છે તેના ઉપર હું મારા કેટલાક વિચારો રજૂ કરવા અને મારા મત વિસ્તાર કોડીનારમાં થયેલ કામગીરીની આછી ઝલક આપવા માગું છું.

આજે વિશ્વ મહિલા દિન હોઈ હું બહેનોને અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, • (xxxx) (xxxx) (xxxx) (xxxx) માનનીય અધ્યક્ષશ્રી, હું એ વાત કહેવા જાઉં છું.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, આ મુદ્દાને અને પૂરક માગણીને કાંઈ લેવા દેવા નથી.

**શ્રી ધીરસિંહ કરશનભાઈ બારડ** : માનનીય મંત્રીશ્રી, આપને અભિનંદન આપું છું.

**અધ્યક્ષશ્રી :** દિલીપભાઈ વિષેના જે ઉલ્લેખો છે એ દૂર કરીએ છીએ અને આપ સીધા પૂરક માગણીઓ ઉપર આવી જાવ.

**શ્રી ધીરસિંહ કરશનભાઈ બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું સહકાર મંત્રીશ્રીને વિનંતી કરું છું કે કોડીનાર તાલુકાની બિલેશ્વર ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી..

**અધ્યક્ષશ્રી** : આપ કઈ બાબતની વાત કરવા માગો છો?

**શ્રી ધીરસિંહ કરશનભાઈ બારડ** : સહકારી મંડળી ઉપરના કામ ઉપર જ વાત કરું છું. આ બિલેશ્વર ખાંડ ઉદ્યોગ કોડીનાર તાલુકાની માતૃ સમાન સહકારી સંસ્થા છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ કર્મચારીના પગાર ભથ્થા વધારવા માટેની વાત છે. આમાં કોઈ સહકારી મંડળી આવતી નથી.

**શ્રી ધીરસિંહ કરશનભાઈ બારડ** : માનનીય મંત્રીશ્રી, આ સહકાર વિભાગ ઉપર માગણી ઉપર જ હું વાત કરું છું.

**અધ્યક્ષશ્રી :** આપ પૂરેપૂરો અભ્યાસ કરીને માત્ર જે પૂરક માગણી છે એના ઉપર જ ચર્ચા કરો.

**શ્રી ધીરસિંહ કરશનભાઈ બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, પૂરક માગણીઓ ઉપર બીજા જે વાત કરે છે એમાં હું મારી રજૂઆત ન કરી શકું? કોડીનાર તાલુકાની અમુક બાબતોની વાતને?

**અધ્યક્ષશ્રી** : આપ જે સહકાર વિભાગની વાત કરો છો તેમાં મોંઘવારી ભથ્થા દરનો વધારો છે, નિવૃત્ત કર્મચારીઓની રજાનું રોકડમાં રૂપાંતર છે અને છઠ્ઠા પગારપંચની વાત કરી છે.

**શ્રી ધીરસિંહ કરશનભાઈ બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ વિભાગમાં વાત કરું, માનનીય મંત્રીશ્રીને આ વાત મંજૂર ના હોય તો કંઈ નહીં, હું તો મારી વાત અંદાજપત્રમાં રજૂ કરીશ. શિક્ષણ મંત્રીને પણ મારે આ બાબતે જ વાત કરવી છે કે શિક્ષણના ક્ષેત્રમાં કોડીનારની અંદર માધ્યમિક શાળાઓને છેલ્લા દોઢ વર્ષથી એક જ વિભાગની માધ્યમિક શાળાઓની જે ઓન લાઈન એના જ ખાતામાં સરકાર તરફથી ગ્રાન્ટ જે જમા થાય છે, આ ગ્રાન્ટ છેલ્લા દોઢ વર્ષથી બંધ છે. માનનીય મંત્રીશ્રીનું પણ ગત વિધાનસભામાં મેં ધ્યાન દોરેલું, આજે પણ આ સ્કૂલો, ૧૭ હાઈસ્કૂલોનું એમને મળેલી ગ્રાન્ટ નથી, આ પૈસાની બાબત છે.

**શ્રી વજુભાઈ વાળા** : અધ્યક્ષશ્રી, એ જે વાત કરે છે ..

**શ્રી ધીરસિંહ કરશનભાઈ બારડ** : આ પૈસાની બાબત ઉપર જ વાત કરવાની આવતી હોય તો માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગુ છું, હું કોઈ આક્ષેપબાજી નથી કરતો. માનનીય અધ્યક્ષશ્રી, હું એ બાબતે જ વાત કરવા માગુ છું, છેલ્લા ૧૨ વર્ષથી કોડીનાર તાલુકાની સહકારી સંસ્થા હોય કે શિક્ષણની સંસ્થા હોય કે ગ્રામ પંચાયત હોય કે ગૃહ વિભાગ હોય આ બધાયને થયેલો અન્યાય છે એની રજૂઆત કરવાની વાત છે અને એટલા માટે કહુ છું કે કરોડો રૂપિયાનું શિક્ષણનું બજૅટ લઈને આવ્યા હોય ત્યારે એક સામાન્ય ગ્રાન્ટેબલ સ્કૂલોની ગ્રાન્ટ અટકાવવાનું કારણ જે વિદ્યાર્થીઓ ૧૦હજાર ભાગ લેવાના છે એની સંખ્યાની વાત છે અને એને પણ ગ્રાન્ટ મળતી નથી એના માટેની વાત છે.

**શ્રી વજુભાઈ વાળા** : કોડીનાર વિસ્તારની ગ્રાન્ટ અટકાવવા માટેની અને એની વાત છે, આ જનરલ ચર્ચામાં આવશે, બે દિવસ પછી ત્યારે કહે, આજે તો જે સ્પેસીફીક છે એની જ વાત કરવાની હોય.

**શ્રી ધીરસિંહ કરશનભાઈ બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, આ કોડીનારની વાતમાં અત્યારે આવું જ આવવાનું છે .. સતત અંતરાય

**અધ્યક્ષશ્રી** : આપ કોડીનાર છોડીને શિક્ષણ વિભાગની જે માગણી ઉપર જે મુદ્દાઓ છે ૫-૬ એને ટાંકીને વાત કરો.

•(xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

**શ્રી ધીરસિંહ કરશનભાઈ બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના જુનાગઢ જિલ્લાનો કોડીનાર તાલુકો છે અને હું એના શિક્ષણની જ વાત કરુ છું, હું કોઈ બહારના મધ્યપ્રદેશના કે ઉત્તરપ્રદેશની વાત નથી કરતો. હું આ વિસ્તારની વાત કરુ છું, કે ગુજરાતમાં આવેલો કોડીનાર તાલુકો અને એની વાત કરવા માગુ છું અને એ શિક્ષણમાં ૧૦ અને ૧૨ની પરીક્ષા શરૂ હોય તો એને ગ્રાન્ટ ન મળે તો એ વિદ્યાર્થીઓ અને વાલીઓ (અંતરાય)

**શ્રી દિલીપ સંઘાણી** : પૂરક માગણી માટે કહેવું, કયા વિષય પર બોલવું જોઈએ એ માનનીય અધ્યક્ષશ્રીએ શરૂઆતમાં પૂરતું માર્ગદર્શન આપ્યું છે, આ પૂરક માગણીઓ આવી છે, માત્ર ખૂબ જ મર્યાદિત પૂરક માગણીને ધ્યાનમાં રાખીને એ વિષય પર બોલવું જોઈએ, પૂરક માગણીના બદલે બીજા વિષય પર જવું, અંતરાય .. આપ કેવું સરસ રીતે બોલ્યા આપના સભ્યોને એવું શીખવવું જોઈએ,

**શ્રી ઇકબાલ પટેલ** : આપના સભ્યો પણ બોલે છે છતાં અમે ઓબ્જેકશન નથી લીધું.

**શ્રી ધીરસિંહ કરશનભાઈ બારડ** : જે લોકોને શિક્ષણના સ્તર ઉપર જેને રકમ મેળવવી, છે તેનો વહીવટ દોઢ વર્ષથી વિદ્યાર્થીઓનો અને લેવાના સાધનોનો બંધ છે, એમાં કોઈ ટ્રસ્ટ આવતું નથી અને ઓનલાઈન એના ખાતામાં જમા થતી હોય રકમ તો આ રકમનો આનો સમાવેશ આમાં નથી મારે એ વાત કહેવાની છે. આમાં સમાવેશ છે અને એટલા માટે આપના માધ્યમથી હું એમને કહેવા માગુ છું.

**અધ્યક્ષશ્રી** : આપનો સમય પૂરો થાય છે, માનનીય પુરોહિતભાઈ

**શ્રી ધીરસિંહ કરશનભાઈ બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, અમને બોલવાની પણ મંજૂરી નહીં, સરકારની ટીકા થતી હોય ત્યારે આવી અને આવી વાતો લઈને અમને બોલવાની પણ મંજૂરી ના આપવામાં આવે

**અધ્યક્ષશ્રી** : આપના દંડકે છ મિનિટ આપી હતી અમે સાડા સાત મિનિટ આપી છે. આપના દંડકે જે સમય આપ્યો હતો એ પૂરો થાય છે અને વધારાની દોઢ મિનિટ આપી છે.

**શ્રી મફતલાલ મો. પુરોહિત(ધાનેરા)** : માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વ મહિલા દિન નિમિત્તે તમામ મહિલા ધારાસભ્ય બહેનોને હું અભિનંદન આપુ છું અંદાજ સમિતિના ચેરમેન ભાઈશ્રી અનિલભાઈને, આજે જન્મદિવસ નિમિત્તે પણ ખૂબ ખૂબ શુભકામના આપુ છું. માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ વિભાગની પૂરક માગણીઓ લઈને શિક્ષણ મંત્રીશ્રી આ સન્માનનીય ગૃહ સમક્ષ આવ્યા છે, એના સમર્થનમાં મારી વાત કરવા માટે હું ઉભો થયો છું. ગુજરાત સ્વર્ણિમ જયંતીની ઉજવણી કરી રહ્યું છે. તમામ ધારાસભ્યશ્રીઓ અને મંત્રીશ્રીઓ ખૂબ નસીબદાર છે કે એક એવી ઘડીના સાક્ષી બની રહ્યા છીએ જેમાં આપણા મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી આ ગુજરાતને એક નવી ઊંચાઈ આપવા માગે છે. શિક્ષણની વાત કરીએ તો શાળા પ્રવેશ ઉત્સવથી શરુ કરીને કન્યા કેળવણીનો વિષય હાથમાં લીધો.

કન્યા કેળવણી દ્વારા સ્ત્રીઓની અંદર શિક્ષણનું પ્રમાણ વધે, એનો ડ્રોપ આઉટ રેશિયો ઘટે એના માટે જે કાંઈ કામગીરી ગુજરાતમાં થઈ છે તે ખરેખર ખૂબ પ્રશંસાને પાત્ર છે. શાળા પ્રવેશ ઉત્સવના કાર્યક્રમોમાં જવાનું થાય છે ત્યારે એમાં નાના ભૂલકાઓને એ રીતે શણગારીને મોકલવામાં આવે છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી, આપ પૂરક માગણીઓ ઉપર આવી જાઓ. આપની પાસે સમય ઓછો છે.

**શ્રી મફતલાલ મો. પુરોહિત** : હું શિક્ષણની જ વાત કરું છું. શિક્ષણની બાબતમાં જે કાંઈ જાગૃતિ આજે ગુજરાતમાં આવી છે અને એના માટે જે કાંઈ સાધનોની ઉપલબ્ધતા રાજ્ય સરકારે કરાવી છે તેના લીધે આજે ખૂબ સારા પરિણામો આપણને જોવા મળી રહ્યા છે. લોક ભાગીદારીથી કોમ્પ્યુટર આપવામાં આવે છે. લોક ભાગીદારીથી જે શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમો થાય છે તેના કારણે એક જાગૃતિ આવી છે. આપણે બધા એ જાણીએ છીએ કે કૉમ્પ્યુટરની આજે ખૂબ આવશ્યકતા છે. મને ખબર છે કે શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમોમાં અનેક દાતાઓએ ગામની શાળાની અંદર કૉમ્પ્યુટર આપવા માટેની પણ પહેલ કરી છે. કન્યા કેળવણીની અંદર ડ્રોપ આઉટ રેશિયો ઘટ્યો છે. ગુણોત્સવ દ્વારા શિક્ષણનું કેવું સ્તર છે એના માટે સચિવ કક્ષાના અધિકારીઓને રાજ્ય સરકારે જ્યારે આ કામગીરી માટે ગામડામાં મોકલ્યા ત્યારે આપણે જોયું છે કે એના ખૂબ સારા પરિણામો આવ્યા છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : બે મિનિટ છે. પૂરક માગણી ઉપર આવી જાઓ.

**શ્રી મફતલાલ મો. પુરોહિત** : મારી વાત શિક્ષણ દ્વારા જે કાંઈ પરિવર્તનો ગુજરાતમાં આવી રહ્યા છે અને એના માટે જે કાંઈ કામગીરીની જરૂરિયાત છે તેના માટે જે પૂરક માગણીઓ લઈને શિક્ષણ મંત્રીશ્રી આવ્યા છે ત્યારે એક વાત મારે કરીને મારું વક્તવ્ય પૂરું કરવું છે.

ચલો કરે કુછ કોશિશ ઐસી, રિસ્તે બને રહે,
રિસ્તે જીનસે શીખી હમને, બોલી બચપન કી,
સંબંધો કી પરિભાષાયેં, ભાષા જીવન કી,
કુછ ભી હો યે અપને પનકે, રસમેં સને રહે.

માનનીય અધ્યક્ષશ્રી, ચલો કરે કુછ કોશિશ ઐસી, શિક્ષણ દ્વારા સમાજ અને રાષ્ટ્ર જીવન સાથે જે જાગૃતિ અને પ્રેમનું જોડાણ આપવાનું કામ વર્તમાન સરકારે કરેલ છે એને હું મારું સમર્થન આપું છું અને વધારાની જે પૂરક માગણીઓ લઈને શિક્ષણ મંત્રીશ્રી આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ(માતર)** : માનનીય અધ્યક્ષશ્રી, યત્ર નારસ્ય પૂજ્યતે, રમન્તે તત્ર દેવતાઃ. જ્યાં નારીની પૂજા થાય છે ત્યાં સદા દેવોનો વાસ હોય છે. આંતરરાષ્ટ્રીય મહિલા દિનના આ શુભ પ્રસંગે ગુજરાતની

સૌ સન્માનનીય નારીશક્તિને વંદન કરું છું. આ વિધાનસભામાં મારા સાથી મુશબ્બી માનનીય શ્રી અનિલભાઈનો પણ આજે જન્મદિન હોવાથી તેઓને પણ ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું. ભારતીય સંસ્કૃતિનો વારસો, સનાતન હિન્દુ ધર્મનો વારસો જ સહકારનો છે ત્યારે ઋગવેદનો એક મંત્ર ટાંકીને હું મારી વાતની શરૂઆત કરું છું.

સં ગચ્છ ધ્વં
સં વદ ધ્વં
સં વો મનાંસિ જાનતામ્
દેવા ભાગં યથાપૂર્વે સંજાનાના ઉપાસતે ।

સાથે ચાલવાની ભાવના, સાથે ગતિ કરવાની ભાવના, સાથે વિકસવાની ભાવના આપણને વારસામાં મળી છે. આપણે ત્યાં કહેવત છે એક હાથે તાળી ના પડે અને જ્યાં બે હાથ મળે ત્યાં જ સહકાર શરૂ થાય છે. ઝાઝા હાથ રળિયામણાં. પોલેન્ડમાં તો એમ કહે છે કે એક માથા કરતા બે માથા સારા.

માનનીય અધ્યક્ષશ્રી, કોઈ પણ માણસ હોય એની પ્રગતિમાં એ ચાહે શિખરે બેઠો હોય પણ એની નિસરણીના પગથિયાં અનેક લોકો દ્વારા બનતાં હોય છે, અનેક લોકના સહકારથી જ એ સફળતા મેળવતો હોય છે ત્યારે ગુજરાતની એક અલગ વાત સમગ્ર દેશમાં ગુજરાતે સહકારી પ્રવૃત્તિમાં પોતાની આગવી ઓળખ બનાવી છે એટલા માટે કે ગુજરાત એ મહાત્મા ગાંધીજીનું, સરદાર વલ્લભભાઈ પટેલનું ગુજરાત છે અને ગુજરાત એ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબનું ગુજરાત છે.  આઝાદીની લડતની સાથે (અંતરાય) સહકારની વાત કરું છું. (અંતરાય)

**શ્રી ઈકબાલ પટેલ** : આ સાહેબ ક્યાં પૂરક માગણીમાં આવે છે?

**અધ્યક્ષશ્રી** : આપ સીધા પૂરક માગણી પર આવી જાવ. સમય ઓછો છે.(અંતરાય)

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ** : ઈકબાલભાઈ શાંતિ રાખો હું વિષયાંતર નહિ કરું. આઝાદીની લડતની સાથે અને આઝાદીની લડત દરમ્યાન પણ ગુજરાતના આ બંને મહાન નેતાઓએ આ સહકારી પ્રવૃત્તિમાં ઊંડો રસ લીધો છે અને સમયાંતરે માર્ગદર્શન આપ્યું છે એના કારણે દેશમાં સહકારી માળખું આટલું સુદૃઢ બન્યું છે. ગુજરાતની સાડા પાંચ કરોડની જનતા સીધી અથવા આડકતરી રીતે આ ગુજરાતના સાડા પાંચ કરોડ લોકોમાંથી સાડા ત્રણથી ચાર કરોડ લોકો આ સહકારી પ્રવૃત્તિ સાથે જોડાયેલા છે. ગુજરાતના લોકલાડીલા આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે આ સહકારી પ્રવૃત્તિના માધ્યમથી ગુજરાતમાં દુષ્કાળને ભૂતકાળ બનવી દીધો છે, જ્યાં ૫૦૦, ૧૦૦૦ ફૂટે પાણી મળતા હતા એની જગ્યાએ હવે ૫૦ કે ૧૦૦ ફૂટે સહકારી પ્રવૃત્તિના માધ્યમથી ખેડૂતોમાં સહકારી મંડળીઓ ઊભી કરીને સિંચાઈના કાર્યો હાથ ધર્યા છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપ સીધા પૂરક માગણી પર આવી જાવ.

**શ્રી ઈકબાલ પટેલ** : આમાં કોઈ પૂરક માગણી જ નથી સાહેબ. (અંતરાય)

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ** : પૂરક માગણીની જ વાત કરું છું. (અંતરાય) તમારે સાંભળવું પડે ભાઈ. માનનીય અધ્યક્ષશ્રી, આજે મહિલા દિન છે ત્યારે મારે એક વાત કહેવી છે. સમગ્ર અર્થતંત્ર ખેતી ઉપર નિર્ભર છે અને સાથે સાથે પશુપાલન પર નિર્ભર છે. ખેડા જિલ્લામાં સ્વ.ત્રિભોવનદાસ પટેલને પણ આજે આપણે યાદ કરવા જોઈએ. જ્યારે ગામડામાં ગરીબ મહિલા, એક મારી બહેન, એક મારી માતા વિધવા હોય પણ એના ઘરે કોઈની પાસે એને ઓશિયાળા ના થવું પડે, કોઈની સામે એને હાથ લાંબો ના કરવો પડે એ માટે પશુપાલન ક્ષેત્રે સહકારી પ્રવૃત્તિથી અમૂલની સ્થાપના કરી અને એના કારણે ગુજરાતમાં મહિલાઓ સ્વાવલંબી અને સ્વનિર્ભર બની છે. આ જ માળખાને સુદૃઢીકરણ કરવા, મજબૂત બનાવવા માનનીય મંત્રીશ્રી જે પૂરક માગણી રૂા.૩,૮૧,૭૦,૦૦૦/- ની એ યથાયોગ્ય છે એને સમર્થન કરું છું,.

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ(બારડોલી)** : માનનીય અધ્યક્ષશ્રી, આજના વિશ્વ મહિલા દિન નિમિત્તે આપણાં સન્માનનીય ગૃહમાં આ મારી બહેનો જે બેઠી છે એ બહેનો લાલ લાઈટમાં બેસે એવી મારી શુભ કામના અને આ ગૃહના મારાં મુરબ્બીશ્રી અનિલભાઈ આપ જીઓ હજારો સાલ એવી મારી શુભકામના હૈ આપકો. દરિયો ભલે માને પાણી મારું અપાર છે પણ એને ખબર નથી આ તો નદીનો ઉદ્ધાર છે. શિક્ષણ વિભાગના છઠ્ઠા પગાર પંચ અને કર્મચારીઓની વાત જ્યારે આવે છે ત્યારે

છઠ્ઠું પગાર પંચ ૨૦૦૬થી અમલમાં આવ્યું છે પરંતુ આ રાજયના શિક્ષકોની પે ફીકસેશનની જ્યારે વાત આવે છે ત્યારે આ ગુજરાતના કેટલાય જિલ્લાઓમાં હજુ સુધી પે ફીકસેશન થયું નથી અને તેના જ કારણે નિવૃત્ત થતા મારા શિક્ષક ભાઈઓ, મારી શિક્ષિકા બહેનો એમને જૂના પગારધોરણે એમને પેન્શન બંધાય છે એમાં સત્વરે તમારે એનો ઉકેલ લાવવો જોઈએ એ વાત મારે તમને કહેવી હતી. આજે શિક્ષણની વાત કરીએ છીએ આપણે મોટી મોટી પણ આજે આપણે રાજયના શિક્ષકોને આપણે કામગીરી કઈ કરાવીએ છીએ ? શિક્ષકોને ટપાલી બનાવી નાખવામાં આવે, શિક્ષકોને કોઈ કાગળ હોય તો એને શિક્ષણ મથકે કે તાલુકા મથકે લેવા જવામાં આવે. માનનીય અધ્યક્ષશ્રી, આજે શિક્ષકો વાત કરે કે, આજે આપણે રાજયના સરકારી કર્મચારીઓ નથી પણ આજે આપણે ટપાલીઓ બની ગયા છીએ એવી શિક્ષકો વાત કરે છે. શિક્ષણમાં અત્યારે વાત કરી તેમ સી-ડેક મારફતે આખા ગુજરાતમાં આપણે

જે કૉમ્પ્યુટરો આપ્યા છે એ કૉમ્પ્યુટરો આજે ધૂળ ખાય છે અને રાજકોટ જિલ્લાની વાત જ્યાં એક તત્કાલીન શિક્ષણાધિકારી બે કરોડ રૂપિયાનો ઘૂમાડો કરીને કૉમ્પ્યુટરો આપ્યા છે આજે એ કૉમ્પ્યુટરો ધૂળ ખાય છે અને આજે એ અધિકારી આજે અહીંયા નાયબ નિયામક તરીકે બેઠા છે. તમે વિચાર કરો કૌભાંડો ઉપર કૌભાંડો થાય છે આજે આપણે એને છાવરીએ છીએ.

**અધ્યક્ષશ્રી** : કુંવજીભાઈ આપ  પૂરક માગણી ઉપર આવી જાઓ.

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : આ માગણી જ છે ભાઈ. કૉમ્પ્યુટરોની વાત લઈને આવ્યા છે, છઠ્ઠા પગાર પંચની વાત લઈને આવ્યા છે ત્યારે મારે કહેવું છે કે આવા અધિકારીને આપણે છાવરીએ છીએ.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને વિનંતી કરું કે, મેં તમામ લોકોને ૨૦૧૦ના વર્ષનું આ ખર્ચનું પૂરક પત્રક આપ્યું છે એમાં બધી વિગત છે કે, મેં શેમાં શેમાં..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપ પૂરક માગણીનું જે પત્રક છે એના ઉપર જોઈને બોલો. (અંતરાય) ઈકબાલભાઈ.

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : એમાં બધું આવી જ જાય છે. નિયમ મુજબ ડી.પી.સી. અને જી.પી.એસ.સી.એ મંજૂર કરેલા છે છતાં આપણે એમને પ્રમોશન આપતા નથી, આ રાજયના કર્મચારીઓને. તમે એને પ્રમોશન આપો તો શિક્ષણમાં પારદર્શતા અને ગુણવત્તાની જ વાત છે, શિક્ષણમાં પારદર્શતા અને ગુણવત્તા લાવવી હોય તો આ રાજયના કર્મચારીઓની ભરતી કરવી જોઈએ અને પ્રમોશનો આપવા જોઈએ. શિક્ષણ વિભાગમાં વર્ગ-૧ના નાયબ નિયામક જે બેઠા છે એ આખા રાજયમાં શિક્ષણ ચલાવે એકલા, આપણે ત્યાં કેટલીય જગ્યાઓ ખાલી છે એને પણ આપણે ભરતા નથી. એટલે વહેલામાં વહેલી તકે એની ભરતી થાય એવા પ્રયત્નો કરવા જોઈએ. (સમય સૂચક ઘંટડી )

**અધ્યક્ષશ્રી** : આપને એક મિનિટનો સમય આપવામાં આવે. છે.

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે મારા સાથી મફતભાઈ કહેતા હતા કે, રાજયમાં ગુણોત્સવ કરવામાં આવે છે. ગુણોત્સવ આપણે કરીએ છીએ ખરા પણ ગુણોત્સવ કર્યા પછી આપણે એની કેટલી સાર્થકતા રાજયમાં મળે છે એ આપણે વિચાર્યુ છે ખરું કયારેય ? સરકાર શિક્ષકોની સરકારી કામગીરી અને ઉત્સવોમાં જોડી દેવામાં આવે. એને ભણાવવા દેવામાં નથી આવતા કે ગુણવત્તા સુધારવા દેવામાં નથી આવતી. આ આપણા રાજયના શિક્ષકોની દશા છે. જિલ્લા પંચાયતની પ્રાથમિક શાળાના શિક્ષકો એવી વાત કરે કે, મારું બાળકને તો મેં ખાનગી પ્રાથમિક શાળામાં મૂક્યું. કેમ આવી વાતો કરે? કારણ કે, જિલ્લાની  શાળાઓની અંદર હવે પહેલા જેવું સારું શિક્ષણ રહ્યું જ નથી. જે વેચાતું શિક્ષણ લેવામાં આવે. એટલા માટે હવે (અંતરાય) અને નીતિનભાઈ તમે તો કોંગ્રેસના જમાનામાં શિક્ષણ લીધું છે એટલે આટલું સારું બોલો છો અને તમારે કોંગ્રેસનો આભાર માનવો જોઈએ.

**અધ્યક્ષશ્રી** : કુંવરજીભાઈ આપનો સમય પૂરો થાય છે. માનનીય શ્રી ગોવિંદભાઈ.

**શ્રી ગોવિંદભાઈ મા. પ્રજાપતિ(પાલનપુર)** : માનનીય અધ્યક્ષ મહોદય, આપને ગૃહના સર્વોચ્ચ સ્થાને બિરાજવા માટે મારા હૃદયપૂર્વકના લાખ લાખ અભિનંદન પાઠવું છું અને આ માટે ગુજરાતની સાડા પાંચ કરોડની જનતાના હૃદય સમ્રાટ, એક આગવી અનોખી સૂઝબુઝ ધરાવતા મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જે નિર્ણય લીધો છે અને આપણે મૂઠ્ઠી ઉંચેરું જે સ્થાન આપ્યું છે એ માટે અમને અને ગૃહના તમામ સભ્યોએ જેમાં સર્વાનુમતે સૂર પુરાવ્યો છે, ગૃહના તમામ સભ્યો આમાં યશભાગી છે.

માનનીય નાણામંત્રીશ્રી એકસો ચોપ્પન કરોડની પૂરક માગણી સામુહિક વિકાસ માટે લઈને આવ્યા છે એમાં હું મારો સુર પુરાવું છું અને મારા વિચારો રજૂ કરું છું. આજે નારી દિન છે ત્યારે ગૃહની તમામ બહેનબાઓને હું મારા ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. મુરબ્બી અનિલભાઈને પણ એમના જન્મદિવસે ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. ગૃહને હું કહીશ કે જયારે નારીને પુરુષ સમોવડી બનાવવાની વાતો ચાલે છે ત્યારે હું જે વિસ્તારમાંથી આવું છું. એ બનાસકાંઠાનો ધાંધાર વિસ્તાર મારો પાલનપુર મતવિસ્તાર જયાં નારી એ આજે પુરુષ સમોવડી છે. જયાં ખેતીવાડી દ્વારા પોતાના સંસાધનો દ્વારા યુવાનો જેટલી કમાણી કરે છે એટલી જ કમાણી મારી બહેનો, માતાઓ પશુપાલન અને દુધ ઉત્પાદન દ્વારા કરે છે અને એનો જે મુખ્ય યશ છે એ બનાસકાંઠામાં ડેરી શરૂ કરવા માટે સ્વ. ગલબાકાકાનો આજે જેટલો આભાર માનીએ એટલો ઓછો છે. ગુજરાતમાં ઈગ્રામ, વિશ્વગ્રામ દ્વારા ગુજરાતની તમામ ૧૩૬૯૫ પંચાયતોને ઈગ્રામ વિશ્વગ્રામ સાથે જોડીને ગામડાં ગામમાં ખેડૂતને પોતાનો સાત/બારનો ઉતારો મળી રહે, આઠ-અ નો ઉતારો મળી રહે એને જોઈએ તો આવકનું પ્રમાણપત્ર, ચારિત્રનો દાખલો મળી રહે એટલું જ નહીં વહીવટી સેવાઓની સાથેસાથે જે વાણિજય સેવાઓ, બેંકિંગ સેવાઓ આપી શકાય તેમ છે, ટેલિ શિક્ષણ અને ટેલિ મેડીસીનની જે વ્યવસ્થા થઈ શકે એ માટે આમુલ પરિવર્તન થાય તે માટે ગુજરાત સરકાર મોખરે રહી છે અને એને જેટલા અભિનંદન આપીએ તેટલા ઓછા છે. ગુજરાત રાજયની અંદર ગુજરાત રાજય ૧૯૬૦માં અલગ પડયું ત્યારે પણ મુંબઈ રાજયએ પૂજય મહાત્મા ગાંધીજીના વિચારોને અને એમને શ્રદ્ધાંજલી આપવા માટે સર્વોદય યોજનાનો સ્વીકાર કર્યો હતો ૧૯૪૯માં આ સર્વોદય યોજના ગુજરાત રાજય પહેલી મે, ૧૯૬૦થી અમલી બનતાં આપણે પણ સ્વીકારેલી હતી પરંતુ એની સમીક્ષા કરતા ૧૯૮૦માં આ યોજના બંધ કરવામાં આવેલી હતી.

ફરી આ જે યોજના છે એમાં ગ્રામ નીતિને વરેલા યુવાનો, વ્યકિતઓ એમાં કામ કરતા થાય અને સર્વોદય યોજનાને લાભ મળે એટલા માટે ગુજરાત રાજયમાં ૨૬ જેટલી સર્વોદય યોજનાઓ શરૂ કરવામાં આવેલી છે અને એને અનુદાન દ્વારા સદ્ધર કરવાનો પ્રયત્ન થઈ રહયો છે. ગુજરાત રાજય એ પંચાયત રાજયની બહેન છે અને પંચાયત રાજયમાં નાની ગ્રામ પંચાયત એનું સ્વાયત્ત એકમ બને, ગ્રામ સચિવાલય બને અને એના દ્વારા પંચાયતના સભ્યો, સરપંચ અને તલાટી એમાં બેસીને વહીવટ કરે અને ગ્રામ સુખાકારીના કામો થાય એ માટે ગ્રામ સચિવાલય અને એનો પ્રકલ્પ છે એને મજબુત બનાવવા માટેનો નિર્ણય સરકારે કર્યો છે એ ખૂબ આવકારદાયક છે અને મારા સાથી મિત્ર મુરબ્બી ઈકબાલભાઈએ કહયું કે જયારે તલાટી આવવાના હોય છે ત્યારે લોકો એસ.ટી. ઉપર બેસીને રાહ જોતા હોય છે. આવું કયાંક કયાંક બનતું હોય છે પણ ઈકબાલભાઈ, આવું ન બને એટલા માટે સરકારે દરેક પંચાયતમાં તલાટીનું આવાસ હોય, તલાટી માટે ગ્રામ પંચાયતની ઓફીસ હોય અને એને ઈધરાથી જોડેલી હોય ત્યારે લોકોએ રાહ ન જોવી પડે, તલાટી ગામમાં જ રહે અને ગામમાં રહે એ જરૂરી છે. એ માટેના પ્રયત્નો શરૂ કર્યા છે. આ સિવાય ગુજરાતની જીવાદોરી સમાન નાના નાના જે પ્રકલ્પો છે. ઈગ્રામ, જયોતિ ગ્રામ દ્વારા જે લાઈટ આપવામાં આવે છે અને આપણે જયારે નાના હતા ત્યારે વર્ષો પહેલા ભણતા કે ધીરેધીરે ગામડું તુટતું જાય છે અને શહેરો વસતા જાય છે. ગામડાં ગામની ચિંતા કરીને ગુજરાત રાજયનાં મુખ્યમંત્રી માનનીય નરેન્દ્રભાઈએ ગામડાંને સદ્ધર કર્યા છે. ગામડાંમાં ગૃહઉદ્યોગો વિકસ્યા છે. અને ધીરે ધીરે ગામડા સદ્ધર થયા. ગામડા તૂટતા હતા તે બંધ થઈ ગયા. હું માનનીય નાણા મંત્રીશ્રી જે પૂરક માગણી લઈને આવ્યા છે તેને મારું અનુમોદન આપું છું.

**શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ)** : આજના આંતરરાષ્ટ્રીય મહિલા વિશ્વ દિન નિમિત્તે સન્માનનીય ગૃહના અમારા માતૃતુલ્ય પરમપૂજ્ય આનંદીબેન, સૌ મારા સાથી મહિલા ધારાસભ્યશ્રીઓને આજના દિવસની શુભકામના પાઠવું છું. સાથે સાથે સન્માનનીયશ્રી અનીલભાઈના જન્મદિન નિમિત્તે શુભ કામના પાઠવું છું.નાણામંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે એમના સમર્થનમાં શિક્ષણ માટેના વિચારો રજૂ કરવા ઊભી થઈ છું. માનનીય મુખ્યમંત્રીશ્રીએ જ્યારથી ગુજરાતનું સુકાન સંભાળ્યુ, ત્યારથી રાજ્ય સરકારમાં શિક્ષણના સ્તરને ઊંચું લાવવા માટે અથાગ પુરુષાર્થ, અથાગ પ્રયત્ન હાથ ધરેલ છે. શિક્ષણની સુધારણા, ગુણવત્તા લાવવા માટે પ્રયત્નના કારણે આજે ઉપલબ્ધિનો આંક ઘણે ઊંચે સુધી પહોંચાડવામાં આપણે સફળ રહ્યા છીએ. શાળા પ્રવેશોત્સવને મળેલ અભૂતપૂર્વ સફળતાના કારણે ૧૬ ટકા સીમાંકન થતા ૬૦ લાખ વિદ્યાર્થીઓ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરી રહેલ છે. આવતા દિવસોમાં વિદ્યાર્થીઓનો જે વધારો થવાનો છે અને એની ચિંતા કરીને વર્ગ વધારવા માટે, શિક્ષકોની ભરતી માટે નિભાવ ખર્ચ વધે તે સ્વાભાવિક છે. આ ઉપરાંત ધોરણ-૮ માં પ્રાથમિક શાળામાં ઉમેરાતા બીજા નવા વર્ગોની જરૂરિયાત ઊભી થઈ. સાથે સાથે પ્રાથમિક શાળામાં વિષયનું જ્ઞાન ગુણવત્તા સભર મળે, એના માટે ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજીના શિક્ષકોની ભરતી કરવામાં આવી. તે પ્રમાણે જે ખર્ચ વધ્યો છે એના માટે રાજ્ય સરકારમાં જે માગણીઓ થઈ છે, તેને હું અનુમોદન આપું છું. છઠ્ઠા પગાર પંચની અમલવારી થઈ અને અને પેન્શન નિયમમાં સુધારો થતા નિવૃત્ત કર્મચારીઓને જે રકમ આપવામાં આવી તે માટે જે ખર્ચ આકારવામાં આવ્યો છે, તેને હું મારું અનુમોદન આપું છું. આપણે સૌ જાણીએ છીએ કે પ્રાથમિક શાળામાં મધ્યાહન ભોજન અપાઈ રહ્યું છે, પરંતુ આ વખતે બાળકોને પોષણયુક્ત આહાર અને પીણા મળી રહે તે માટે આગામી દિવસોમાં ચોખ્ખા દૂધના ઉત્પાદન માટેની પૂર્વ જરૂરિયાત માળખાને સંગીન બનાવવા માટે આ યોજનાને અમલીકરણ બનાવવા માટે રૂપિયા ૨ કરોડ ૧૬ લાખ ૧૪ હજારની પૂરક માગણી રજૂ થઈ છે તેને આવકારું છું. સાથે સાથે કલા, સંસ્કૃતિ, ખેલકૂદની અંદર ૪ કરોડ ૧૬ લાખ જેવી માતબર રકમ પૂરક માગણીમાં બતાવવામાં આવી છે તેને આવકારું છું. દરેક બાળકનું કૌશલ્ય બહાર લાવવામાં જે કઈ કામો થાય તેના માટે પૂરક માગણી રજૂ થઈ છે. સાથે સાથે કહેવું છે કે રાજય સરકાર પ્રાથમિક શાળામાં કૉમ્પ્યૂટર, એલ.સી.ડી. પ્રોજેક્ટ આપ્યો. સાથે સાથે કો-ઓર્ડિનેટર શિક્ષક્ને પણ નિયુક્ત કરવામાં આવ્યા છે. તદુપરાંત હું વિદ્યાર્થી સાથે સીધી જોડાયેલી છું. એમની મુશ્કેલીથી વાકેફ છું. ત્યારે ધોરણ-૧૦ માં લગભગ ૭ લાખ જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપતા હોય છે. રાજ્ય સરકારમાં બોર્ડનું પરિણામ ૫૧ થી ૫૫ ટકા વચ્ચે આવતું હોય છે, ત્યારે ત્રણથી સાડા ત્રણ લાખ વિદ્યાર્થીઓ પાસ થાય, પરંતુ જે વિદ્યાર્થીઓ નાપાસ થાય તેઓ નાસીપાસ થઈ જાય અને વચ્ચેથી અભ્યાસ છોડીને જતા રહે, પણ આજે ગૌરવ સાથે કહેવું છે કે ધોરણ-૧૦ માં માળખાકીય પરીક્ષાની અંદર ધરખમ ફેરફારો થયા છે. એના કારણે આ વર્ષે ખૂબ ઊંચું પરિણામ અને સફળતાનો દોર જ્યારે વિદ્યાર્થીઓ મેળવવાના છે, ત્યારે ધોરણ ૧૧ ના વર્ગ વધારવા માટે પૂરક માગણીઓ રજૂ થઈ છે, તેને મારું અનુમોદન આપું છું. સાથે સાથે ઉચ્ચ શિક્ષણમાં સરકારી ૧૫ માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક શાળા શરૂ થવાની છે. એના માટે જોગવાઈ કરી છે તેને હું આવકારું છું. ઉચ્ચ શિક્ષણમાં નવી કૉલેજો, નવા કોર્સિસ દાખલ કરવામાં આવી રહ્યા છે. આ નવી સ્કીલને ડેવલપ કરવા માટે ૧૮૦ જેટલા પૉલિટૅક્નિક અને એન્જિનિયરિંગ કૉલેજોમાં જે અભ્યાસ શરૂ થઈ રહ્યા છે. આ બધી વાતને ધ્યાનમાં રાખીને નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળા જે માગણીઓ લઈને આવ્યા છે તેને હું મારું અનુમોદન આપું છું.

**શ્રી ભરતભાઈ ખો. બોઘરા(જસદણ)** : માનનીય અધ્યક્ષશ્રી, આંતરરાષ્ટ્રીય મહિલા દિને આ રાષ્ટ્રની નારી શકિત અને માતૃશકિતને હું વંદન અને નમસ્કાર કરું છું અને શુભેચ્છા પાઠવું છું. માનનીય મંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે એને મારું સમર્થન આપવા ઉભો થયો છું. આરોગ્ય વિભાગની વાત કરું આ

રાજયમાં એમ કહેવાય છે રોગપ્રતિકારક રસી મુકાવો બાળકને બીમારીથી બચાવો. ગુજરાતનું ગૌરવ આ બાળક તેને ભારતનું ભાવિ બનાવો.

માનનીય અધ્યક્ષશ્રી, આ બાળકો ભારતનું ભાવિ બનાવવા માટે શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો, તેની ઝૂંબેશના ભાગરૂપે જે સરકારનો અંદાજ હતો તેના કરતાં પણ વધારે બાળકો હ્રદય, કિડની અને કૅન્સરની બિમારીવાળા ધ્યાનમાં આવ્યા. તેના વધારાના ખર્ચના ભાગરૂપે, આ સરકાર તેને મફતમાં સારવાર આપે છે તેના ભાગરૂપે લગભગ નવેક કરોડનો વધારાનો ખર્ચ કરવો પડયો. તેના માટે આ પૂરક માગણી રજૂ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ત્યારે એમ કહેવાય છે કે, " આવી ગુજરાતમાં મોદીજીએ, કાઢયો મંદવાડ, સમૃદ્ધ ગામડાં બનાવી આ પ્રજાએ *(xxxx) (xxxx).

**અધ્યક્ષશ્રી** : ભરતભાઈ આપ પૂરક માગણી ઉપર સીધા આવી જાઓ.

**શ્રી ભરતભાઈ ખો. બોઘરા** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જ વાત કરું છું કે શાળા આરોગ્ય તપાસણીમાં જે બાળકોની સંખ્યા વધી તેના લીધે નવેક કરોડના વધારાની જરૂર પડી. તેના માટેની આ વાત છે. આ ભારતની ભૂમિ છે. આ સંતોની ભૂમિ છે. આ ૠષિમુનિઓની ભૂમિ છે અને અહીંના ૠષિમુનિઓએ એમ કહ્યું હતું કે " પ્રયોશ્ચનમ વસ્ય સ્વસ્થસ્ય સ્વાસ્થય રક્ષણમ, આતુરસ્ય વિકાર પ્રશનમ્. એટલે કે આ ચિકિત્સા શાસ્ત્ર, આ આરોગ્ય શાસ્ત્રનું પ્રયોજન એ જ હોવું જોઈએ કે સ્વસ્થ વ્યકિતના સ્વાસ્થ્યનું રક્ષણ જળવાઈ રહે. રોગ થાય જ નહીં. તેને મોર્ડન સાયન્સે પણ મહત્વ આપ્યું છે. મોર્ડન સાયન્સે એમ કહ્યું કે પ્રિવેન્સન ઈઝ બેટર ધેન કયોર. એટલા માટે આ રાજય સરકારે વેકસીનેશનની ઝુંબેશ ઉપાડી અને તેના માટે વધારાના ચાર કરોડની જરૂર પડી. એટલા માટે આ પૂરક માગણી લઈને આવવું પડયું છે. આ રાજયની અંદર બાળકોને રસીઓ મૂકવામાં આવે કે જેનાથી કોઈ રોગ ન થાય. એટલા માટે એમ કહ્યું છે કે, "બીસીજીની રસી મૂકાવો, રાખો લોહીની લાજ, બે પોલીયોના ટીંપા પિવડાવો જિંદગી બચાવો આજ".

માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતમાં એમ કહેવાય છે કે, "રહેશે નહીં રોગ તણાં હવે રાજ, આરોગ્ય ખાતું બન્યું છે આ ગુજરાત, ગામડે ગામડે અને શહેરની ગલીએ એક જ છે અવાજ, રહેશે નહીં રોગ તણાં રાજ આ ગુજરાતમાં". આજે આરોગ્ય વિભાગ જે કામગીરી કરે છે અને હું પણ આજે ૨૦ વર્ષથી આરોગ્ય વિભાગ સાથે સંકળાયેલ છું. જે વેકસીનેશનનું કામ થાય છે, આરોગ્ય તપાસણીનું કામ થાય છે અને ઈકબાલભાઈ આ આરોગ્ય વિભાગ એક એવો વિભાગ છે જેની બધાને ખબર ન હોય, આરોગ્ય સાથે જોડાયેલ હોય તેને ખબર હોય. આની અંદર વધારાની માગણીઓની શું કામ જરૂર પડે ઈકબાલભાઈ? આ બધી ..

**અધ્યક્ષશ્રી** : માનનીય ભરતભાઈ આપ મૂળ માગણી ઉપર આવી જાઓ. આપનો બે મિનિટનો સમય બચ્યો છે.

**શ્રી ભરતભાઈ ખો. બોઘરા** : માનનીય અધ્યક્ષશ્રી, એ જ કહું છું કે આજે આરોગ્ય વિભાગની અંદર વધારાના ખર્ચની જરૂર પડે છે એટલા માટે કે તેનો અંદાજ પૂર્વ હોતો નથી અને આરોગ્ય મંત્રીશ્રી જે કામગીરી કરી રહ્યા છે ત્યારે મારે એક જ વાત કહેવી છે કે, "દર્દ પર દવા લગાવી મેં હવા જે લીધી છે, તંદુરસ્તી આપી એને મેં બિમારી પીધી છે, રોજબરોજ લાગે થાક છયાંય મરીજ મુલાકાત લીધી છે, પીડિતોની પીડાનો અહેસાસ કરી મેં એની તબિયત સુધારી લીધી છે, અસલ ડોકટર તો છે ઈશ્વર પણ ડો.ભરત મેં તો મારી ફરજ પૂરી કીધી છે." આ આરોગ્ય વિભાગની આ સુવિદ્યાઓની ફરજ પૂરી કરવા માટે ઘણા બધા વધારાના ખર્ચની જરૂર પડે અને ત્યારે જ આ પૂરક માગણીઓ લઈને આવવું પડે છે. મને આજે કહેતાં આનંદ થાય છે કે ભૂતકાળમાં અસંખ્ય વખત એવી ઘટનાઓ બની હતી કે જ્યારે જયારે આરોગ્ય વિભાગ કોઈ સક્ષમ પગલાં નથી લઈ શક્યું અને આજે છેલ્લા દસ વર્ષથી આ ગુજરાતની આરોગ્યલક્ષી પ્રવૃત્તિઓ એક ઉમદા કાર્ય કરી રહી છે. આ કોઈ આઉટ ઑફ સબ્જેકટ નથી. આ આરોગ્ય વિભાગની માગણી છે. માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય વિભાગમાં વધારાની રકમની જરૂર પડી છે તેના માટેની રકમની વાત છે. એટલા માટે જ કહું છું કે આજે ૧૦૮ ઈમરજન્સી સેવા અને તે સેવાને પહોંચી વળવા માટે વધારાના ખર્ચની જરૂર પડે ત્યારે આરોગ્ય વિભાગ માટે જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે તેને મારું હાર્દિક અનુમોદન આપી મારી વાત પૂરી કરું છું.

**શ્રી કિરીટભાઈ ગં. પટેલ(ઓલપાડ)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે આંતરરાષ્ટ્રિય મહિલા દિન નિમિત્તે સમગ્ર ગુજરાત રાજયની મારી માતાઓ અને બહેનોને ખૂબ - ખૂબ શુભેચ્છા પાઠવું છું અને આજે ગૃહમાં માનનીય નાણા મંત્રીશ્રી પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની માગણી નંબર ૭૦ જે લઈને આવ્યા છે તેને સમર્થન આપું છે અને એ અંગેના મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

---

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ અંદાજપત્રમાં થયેલા ખર્ચને પહોંચી વળવા માટે જે ખર્ચા થયા છે તેને મંજૂરી આપવાની એક વાત છે. આ વિભાગ દ્વારા વધારાની જરૂરિયાત ઉભી થઈ છે એને પહોંચી વળવા માટે ૮૧,૫૮,૫૮,૦૦૦ રૂપિયા આકસ્મિક્તા નિધિમાંથી પેશગી આપવામાં આવી હતી અને તે નિધિને ભરપાઈ કરવા માટે આ રકમ રૂપિયા ૩૦૦૦ કરોડ તથા વધારાના ખર્ચને પહોંચી વળવા માટે ૬૯,૮૨,૫૦,૦૦૦ રૂપિયાની રકમ અને શિક્ષણ વિભાગની ૨૭૨૩ કરોડ રૂપિયા, સર્વ શિક્ષા અભિયાન માટે વધારાની રકમ ૩૪ કરોડ રૂપિયાની જરૂરિયાત ઉભી થઈ છે આ પૂરક માગણીઓ અલગ અલગ ખર્ચાઓ માટે રજૂ કરી છે. આ માગણીઓને એટલા માટે સમર્થન આપું છું કે, એ પૈકીનો વધારાનો ખર્ચ પગાર વધારાને લીધે, રજાઓનું રોકડમાં રૂપાંતર કરવાને લીધે, કચેરીના ખર્ચમાં વધારાને લીધે, છઠ્ઠા પગાર પંચના ભલામણને લીધે થયેલ વધારાનો ખર્ચ, પંચાયતની ચૂંટણીના ખર્ચમાં વધારાની રકમ વધી છે અને મોંઘવારી ભથ્થાના દરમાં વધારો જે થયો છે તેથી આ વધારાની માગણી છે તેને હું આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રિય ગ્રામ સ્વરાજ્ય યોજના હેઠળ બહુલક્ષી ખંડોના બાંધકામ માટેની રૂા. ૩૦૦૦ કરોડ વધારાના ખર્ચાયા છે આ સરકાર મહાત્મા ગાંધીજીની વિચારસરણીવાળું ગામડું બનાવવા માગે છે. આ સરકાર અને આ સરકારના આદરણિય માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી ગ્રામસ્વરાજયથી સુરાજ્ય સ્થાપવાના કોલ સાથે કામ કરી રહેલ છે આ અંગેની જોગવાઈ બજેટમાં ન હતી અને આ ખર્ચની નવી સેવા લાગતી હોઈ આ વધારાની પૂરક માગણીને સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગામમાં સુખ, સલામતી અને શાંતિ રહે તે માટે ગુજરાત સરકારે તીર્થગ્રામ યોજના શરૂ કરી છે. આ સરકારે અગાઉ સમરસ યોજનાની જાહેરાત કરી હતી ત્યારે પણ એનો વિરોધ કરનારા મારા કોંગ્રેસી મિત્રો હતા અને એટલે સ્વાભાવિક છે કે આ તીર્થગ્રામની યોજના મારા કોંગ્રેસી મિત્રોને ગળે ઉતરે એમ નથી પરંતુ ગુજરાતના વિકાસ માટે શાંતિ અને સલામતીની જરૂર છે અને એટલા જ માટે આ પૂરક માગણીઓ લઈને માનનીય મંત્રીશ્રી લઈને આવ્યા છે એને સમર્થન આપું છું અને અનુમોદન આપું છું.

**શ્રી વિજયભાઈ ર. પટેલ(ડાંગ-વાંસદા)** : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો આજે વિશ્વ મહિલા દિન નિમિત્તે તમામ આ ગુજરાતની બહેનોને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું અને સન્માનનીય ગૃહના સભ્ય શ્રી માનનીય અનિલભાઈના આ જન્મ દિવસે પણ એમને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય મંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે એમાં પૂરક માગણી નંબર નવને હું મારું સમર્થન આપું છું અને એ અંગે ચર્ચા કરવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભાવિ પેઢીનું નિર્માણ કરવું હોય, સશકિતકરણ કરવું હોય તો શિક્ષણ જરૂરી છે, ચાલુ વર્ષના અંદાજપત્રમાં..

મુખ્ય સદર ૨૦૪૯, ૨૦૭૧, ૨૨૦૨, ૨૨૦૩ અને ૪૨૦૨ ના સદરના ખર્ચને પહોંચી વળવા માટે બિન મતપાત્ર જોગવાઈ હેઠળ રૂા.૧૬૯.૯૫ કરોડની જોગવાઈ કરવામાં આવેલ હતી. એની સામે યુનિવર્સિટી, પોલીટેકનીક અને ઈજનેરી કોલેજોના કર્મચારી વર્ગના સામાન્ય ભવિષ્ય નીધિ ફાળાના મંજૂર થયેલ વ્યાજમાં વધારો થવાના કારણે રૂા. ૬.૨૦ કરોડના વ્યાજની ચૂકવણીના કારણે વધારાના ખર્ચને પહોંચી વળવા માટે રૂા. ૬.૨૦ કરોડની પૂરક માગણી કરવામાં આવેલ છે. આ રાજયની અંદર શિક્ષણનું પ્રમાણ ઉંચું આવે અને આદિવાસી વિસ્તાર હોય એ વિસ્તારમાં પણ શિક્ષણ માટે પૂરતા ઓરડા હોય, પૂરતા શિક્ષકો હોય, સેનિટેશનની વ્યવસ્થા હોય, વીજળીકરણની વ્યવસ્થા હોય એના માટે રાજય સરકાર ખૂબ જ ચિંતિત છે અને એ ભૌતિક સુવિધા પૂરી પાડવા માટે આ રાજય સરકાર અનેક પગલાંઓ લઈ રહી છે. આ પ્રાથમિક શિક્ષકોના પગાર હોય, મોંઘવારી ભથ્થા હોય, સરકારી બિનસરકારી કર્મચારીઓના પગાર માટે, પેન્શન માટે અને એ હિસાબને પહોંચી વળવા માટે ચાલુ વર્ષના અંદાજપત્રમાં ૭૩૭૦,૦૭,૩૨,૦૦૦ ની જોગવાઈ કરવામાં આવેલ છે. એની સામે પગાર સુધારણા નિયમો હેઠળ પગાર સુધારણા સરકારી, બિનસરકારી અને પ્રાથમિક શિક્ષકોના મોંઘવારી ભથ્થાના દરમાં વધારાના કારણે પેન્શનના નિયમોના કારણે સુધારણાને લીધે રૂા.૨૭૨૩.૨૯,૭૨,૦૦૦ ની વધારાની જરૂરિયાત રહે છે. આમ છતાં મંજૂર થયેલ અનુદાન હેઠળ રૂા.૧,૬૧,૨૪,૦૦૦ ની બચત ઉપલબ્ધ હોવાથી રૂા. ૨૭૨૧,૬૮,૪૮,૦૦૦ ની પૂરક માગણી અહીં રજૂ કરવામાં આવેલ છે. મને ખૂબ આનંદ થાય છે કે આ રાજયના આદરણીય મુખ્યમંત્રીશ્રી આ રાજયના શિક્ષણ માટે ખૂબ ચિંતિત છે અને એના માટે મને ખૂબ ગૌરવ થાય છે. ભૂતકાળની વાત હું યાદ કરાવવા માગુ છું કે, આ રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી મારા ડાંગ જિલ્લાની અંદર કન્યા કેળવણી મહોત્સવ વખતે પોતે ત્યાં આવ્યા હતા અને મારા ડાંગ જિલ્લાના અંતરિયાળ ગામોની અંદર એમણે ત્યાં જઈને અમારા આદિવાસી બાળકોને શિક્ષણ મેળવવા માટે પ્રોત્સાહિત કર્યા હતા એ વાતનું હું ગૌરવ અનુભવું છું. આ જે પૂરક માગણીઓ માનનીય મંત્રીશ્રી લઈને આવ્યા છે એમાં ૧૫૪.૬૨ કરોડ પ્રાથમિક શિક્ષકોની વયનિવૃત્તિ અને નિવૃત્તિ ભથ્થા માટેની પૂરક માગણી લઈને આવ્યા છે. ૭૨૯.૭૬ કરોડ પ્રાથમિક શિક્ષણના નિભાવ માટે અનુદાન માટે છે. ૧૨૩૭.૬૧ કરોડ શૈક્ષણિક સવલતોની જોગવાઈ માટે છે. ૨૭૫.૭૧ કરોડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે છે, ૧૬૦.૨૭ કરોડ કોલેજોમાં વધારાના વિદ્યાર્થીઓ માટે શિક્ષણની સવલતો ઉભી કરવા માટે પૂરક માગણીઓ માનનીય મંત્રીશ્રી અહીં લઈને આવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર અને રાજયના મુખ્યમંત્રીશ્રી

નરેન્દ્રભાઈ, પ્રાથમિક શિક્ષણ હોય, માધ્યમિક શિક્ષણ હોય કે ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ કે કોલેજ મહાશાળાઓ હોય એમાં પૂરતી સુવિધા મળી રહે અને જે વિદ્યાર્થીઓ ત્યાં શિક્ષણ મેળવી રહ્યા છે એમને શિક્ષણ મેળવવામાં રસ પડે એના માટે ભૌતિક સુવિધાઓ પૂરી પાડવામાં આવેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, આજે કોઈ પણ શાળામાં જાવ એ પછી શહેરની શાળા હોય, સૌરાષ્ટ્ર હોય, દક્ષિણ ગુજરાત હોય કે આદિવાસી વિસ્તારની શાળા હોય દરેક વિસ્તારમાં જે શાળાઓ છે એ શાળાની અંદર પૂરતા ઓરડાઓ છે, પૂરતા શિક્ષકો છે, ત્યાં સેનિટેશનની પૂરતી સુવિધા છે, ત્યાં વીજળીકરણની વ્યવસ્થા છે. માનનીય અધ્યક્ષશ્રી, હું આજે ગૌરવ સાથે કહું છું કે, મારા ડાંગ જેવા છેવાડાના વિસ્તારમાં ૩૧૧ ગામોની જેટલી શાળાઓ છે એમાં સો ટકા વીજળીકરણ થયેલું છે. આ રાજય સરકારની સિદ્ધિ છે. આજે માનનીય મંત્રીશ્રી જે પરક માગણીઓ લઈને આવ્યા છે એમાં હું મારુ સમર્થન આપુ છું.

**શ્રી નરેશભાઈ મ. પટેલ(ચીખલી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી નંબર-૩૯ જે આરોગ્ય વિભાગ માટે લઈને આવ્યા છે એને સમર્થન આપવા માટે હું ઉભો થયો છું. ગુજરાતનો વર્તમાન અને આવતીકાલનો સમાજ સ્વસ્થ, નિરોગી અને લાંબી તંદુરસ્તી અને આયુષ્ય ભોગવે, સુખાકારી અને દુરદર્શિતા સાથે રાજયનો માનવ વિકાસનો સૂચિકાંક ઉપર આવે અને ગુણાત્મક પરિવર્તન લાવવા અને તેને કાર્યક્ષમ બનાવવા સતત પ્રયત્નશીલ રહીને આરોગ્યને મુખ્ય કેન્દ્ર બનાવ્યું છે

મહેસૂલી ખર્ચ માટેની જે માગણીઓ આવી છે એમાં ખાસ કરીને મોંઘવારી ભથ્થામાં વધારો, પ્રવાસ ખર્ચ, નિવૃત્ત કર્મચારીઓની રજાનું રોકડમાં રૂપાંતર અને ખાસ કરીને છઠ્ઠા પગારપંચનું ૨૦ ટકા પ્રમાણેનું જે એરિયર્સ ચૂકવવાનું છે. એની ખૂટતી રકમ છે. સરકારે એન.એ.બી. એચ.ના ધોરણ પ્રમાણે અમદાવાદ અને જામનગર ખાતે જે ડેન્ટલ કોલેજ ઉભી કરવામાં આવી છે. એમાં માળખાકીય સુવિધા ઉપલબ્ધ થાય એની ચિંતા કરી છે. અમદાવાદ ખાતે ખોખરામાં રૂક્ષ્મણીબેન હોસ્પિટલ જ્યાં ૨૦ પથારી અને પંચકર્મ માટેની વિધિ કરવા માટે પણ આમાં ચિંતા કરવામાં આવી છે. સિદ્ધપુર ખાતે જે ડેન્ટલ કોલેજ છે ત્યાં પણ સ્ટાફ તેમજ માળખાકીય સુવિધા અને ખાસ કરીને મૂડીની જે રૂપિયા બે કરોડની માગણી છે ત્યાંની ડેન્ટલ હોસ્પિટલ માટે મકાન અને અન્ય સુવિધાઓ માટે જે જરૂરિયાત ઉભી થયેલ છે જેની અંદાજપત્રમાં જોગવાઈઓ ન હતી એના માટે ખાસ કરીને આ માગણીઓ આવી છે. આ માગણીઓ ખૂબ સારા વિચાર સાથે, અંદાજપત્રમાં જોગવાઈ હતી નહિ અને આવા કામો માટે જ્યારે વપરાવાની છે ત્યારે ચોક્કસ આપણે આ માગણીને સમર્થન આપવું જ જોઈએ એટલા માટે જ હું આ માગણીને ચોક્કસ સમર્થન આપું છું આરોગ્ય વિભાગ દિનપ્રતિદિન આ ગુજરાતનો ગ્રામ્ય વિસ્તાર હોય કે શહેરી વિસ્તાર હોય એ તમામ લોકોની ચિંતા કરવા માટે સરકાર ખૂબ પ્રયત્નશીલ છે એના અભિનંદન સાથે હું આ માગણીઓને સમર્થન આપીને મારી વાત પૂરી કરું છું ધન્યવાદ.

**શ્રી ભરતસિંહજી શં. ડાભી(ખેરાલુ)** : આજે આંતરરાષ્ટ્રીય વિશ્વ મહિલા દિન નિમિત્તે આદરણીય માર્ગ અને મકાન વિભાગના અને મહેસૂલ વિભાગના મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ સહિત સૌ બહેનોને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. અમારા જિલ્લાના વરિષ્ઠ સભ્ય શ્રી અનિલભાઈ પટેલનો આજે જન્મ દિવસ હોવાથી તેમને પણ હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. રાજયના નાણામંત્રીશ્રી સન ૨૦૧૦-૧૧ના વર્ષની રૂા.૨૭,૫૬,૩૮,૫૧,૦૦૦/- ની પૂરક માગણીઓ લઈને સન્માનનીય ગૃહ સમક્ષ આવ્યા છે તેને હું મારું અનુમોદન આપું છું.

રાજય સરકાર દ્વારા વિકાસ કામો તેમજ પ્રજાની સુવિધા માટે તથા પંચાયતના પ્રાથમિક શિક્ષકોના પગાર સુધારણાના નિયમો હેઠળ પગાર ધોરણમાં સુધારણા, સરકારી, બિન સરકારી પ્રાથમિક શિક્ષકોના મોંઘવારી ભથ્થાના દરમાં વધારો અને પેન્શનના નિયમોમાં સુધારાના લીધે તેમજ પ્રાથમિક શિક્ષણના નિભાવ માટે રૂપિયા ૨૭,૫૬,૩૮,૫૧,૦૦૦/- ની જરૂરિયાત ઉભી થતાં આ પૂરક માગણીઓ રજૂ કરેલ છે. વધુમાં રાજયની સરકારી પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા પ્રાથમિક શિક્ષકોની જુદા જુદા વિષયો..

**અધ્યક્ષશ્રી :** વિરામનો સમય થયો છે, આપનું પ્રવચન ચાલુ રહે છે.

**વિરામ ૧૦-૩૦ થી ૧૧-૦૦**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી ભરતસિંહજી શં. ડાભી(ખેરાલુ)** (ક્રમશઃ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયની પ્રાથમિક શાળાઓમાં મહેકમ મુજબ વિદ્યા સહાયકોની નિમણૂક કરવામાં આવે છે. આ વિદ્યા સહાયકોને તાલીમ દ્વારા શાળાઓમાં અધ્યયન કરવા માટે સુસજજ કરવામાં આવે છે. જેથી પ્રાથમિક શિક્ષકો જે તે વિષયને વર્ગખંડમાં સારી રીતે ભણાવી શકે છે જેના કારણે શિક્ષણનું સ્તર ઉંચુ આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રાથમિક શાળાઓમાં ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી વિષયો શીખવવા માટે ધોરણ ૫-૬-અને ૭માં પિરિયડ પદ્ધતિનો અમલ કરવામાં આવ્યો છે. જેના કારણે ધોરણ વાર શૈક્ષણિક કાર્યને બદલે વિષય પ્રમાણે શૈક્ષણિક કાર્ય સોંપવાથી શિક્ષકની વિષય સજજતા અને બાળકોના જે તે વિષયના શૈક્ષણિક સ્તરમાં વધારો કરવાના પ્રયત્નો કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, શૈક્ષણિક વર્ષ ૨૦૦૯-૧૦માં નવી ભરતી માટે ઉપલબ્ધ થનાર વિદ્યા સહાયકોની કુલ જગ્યાઓ પૈકી ૫૦ ટકા જગ્યાઓ ધોરણ-૧૨ સાયન્સ પ્રવાસ સાથે પી.ટી.સી. થયેલા ઉમેદવારોની વિદ્યા સહાયક તરીકે નિમણૂક કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૦-૧૧માં દસ હજાર વિદ્યા સહાયકો બી.એસ.સી.બી.એડ અંગ્રેજી વિષય સાથે બી.એડ દસ હજાર વિદ્યા સહાયકોની નિમણૂક કરવામાં આવેલ છે. પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે રાજય સરકારના કન્યા કેળવણી અને શાળા પ્રવેશ મહોત્સવના ખૂબ સારા પરિણામો પ્રાપ્ત થયા છે. માનનીય અધ્યક્ષશ્રી, શાળાઓમાં શિક્ષક અને વિદ્યાર્થીઓની શૈક્ષણિક સજજતા-ક્ષમતા ચકાસવા શાળાનું શૈક્ષણિક સ્તર નક્કી કરવા તેમજ જરૂરી માર્ગદર્શન આપવા સારું ગુણોત્સવના કાર્યક્રમની શરૂઆત વર્ષ ૨૦૦૯-૧૦થી કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ કાર્યક્રમના પ્રથમ તબક્કામાં સમગ્ર રાજયની તમામ પ્રાથમિક શાળાઓની શૈક્ષણિક તેમજ ભૌતિક સુવિધાઓની ચકાસણી કરવામાં આવી હતી. રાજયની ૨૫ ટકા જેટલી શાળાઓમાં રૂબરૂ પૂરા દિવસ માટે રોકાઈને શાળાઓનું શૈક્ષણિક તેમજ ભૌતિક મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. માનનીય અધ્યક્ષશ્રી, ધોરણ ૩ થી ૮ના બધાજ ધોરણો અને વર્ગોના વિદ્યાર્થીઓની વાંચન, લેખન અને ગણિતનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. ચાલુ વર્ષે રાજયની તમામ શાળાઓમાં ગુણોત્સવ કાર્યક્રમ દરમિયાન મૂલ્યાંકનના અંતે વિદ્યાર્થીઓએ મેળવેલી શૈક્ષણિક સિદ્ધિની ચકાસણી કરવામાં આવેલ હતી.

માનનીય અધ્યક્ષશ્રી, મૂલ્યાંકનમાં નબળા જણાયેલ વિદ્યાર્થીઓ માટે ઉપચારાત્મક શિક્ષણના વર્ગો જાન્યુઆરી ૨૦૧૦ થી માર્ચ ૨૦૧૦ સુધી શરૂ કરવામાં આવ્યા હતા અને નબળા બાળકોમાં પણ વાંચન, લેખન અને ગણિતમાં સુસજજ થાય તેવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. તેથી પ્રાથમિક શિક્ષણ શાળાઓનું સ્તર ઉંચુ લઈ જવામાં તંત્રની નિષ્ફળતાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.(અંતરાય)

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિરોધપક્ષના સાથીઓ જે આક્ષેપ કરે છે તેમાં કોઈ તથ્ય નથી. નાણામંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઈને આવ્યાં છે તેને હું અનુમોદન આપું છું.

**શ્રી વસંતકુમાર પ. ભટોળ(દાંતા)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે વિશ્વ મહિલા દિન છે ત્યારે જન્મ અને સંસ્કાર આપનાર માતા અને વિશ્વની તમામ માતૃશકિતને વંદન કરી અને ગૃહના સન્માનનીય સભ્ય એવા માતા સમાન અને બહેન સમાન લોકજીવનને અને સમાજ જીવનને નારી શકિત સ્વરૂપ આપનાર તમામને શત્ શત્ વંદન કરી ગૃહના સભ્ય આદરણીય શ્રી અનિલભાઈના જન્મ દિવસે ફૂલોની જેમ તેમનું જીવન હંમેશા મહેકતું રહે એવી અભિલાષા સાથે આજે મહિલા દિન તરીકે આપણે જ્યારે ઉજવણી કરી રહ્યા છીએ ત્યારે.. ગુજરાત રાજય અને માનનીય મુખ્યમંત્રીશ્રી સખી મંડળ, ઉત્પાદન જયોત અને દૂધ ક્ષેત્રે મહિલા સંગઠનોને માઈક્રો ફાયનાન્સ આપીને મહિલા સશકિતકરણનું દૃષ્ટાંત પૂરૂં પાડવા બદલ રાજયના મુખ્યમંત્રીશ્રી અને માનનીય આનંદીબેનને શત શત વંદન કરું છું.

આજે ગૃહ સમક્ષ માનનીય નાણામંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે, એમાં સહકારની જે પૂરક માગણી છે, એમાં મારે અનુમોદન આપીને મારી વાત કહેવી છે. માનનીય અધ્યક્ષ મહોદય, ૬ દાયકા પહેલા દેશના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલે એક સ્વપ્ન જોયું હતું. ખેતી અને ખેતીના વ્યવસાય સાથે અને ગામડા સાથે ખેત અને ખેડૂતો સહકારી પ્રવૃત્તિમાં સહકારીતાના ધોરણે જોડાઈને ખેડૂતે ઉત્પન્ન કરેલ ચીજવસ્તુઓના મૂલ્ય આધારિત ભાવ આપીને નાણાનો વ્યવહાર સરળતાથી અને સુલભ રહે તે માટે સહકારી મંડળીઓની સ્થાપના કરી હતી. આજે દુ:ખ સાથે કહેવું પડે છે કે જે સ્વપ્ન સરદારે જોયું હતું તે દેશમાં તો પરિપૂર્ણ થયું નથી, પણ ગુજરાત રાજયે આ સ્વપ્ન પરિપૂર્ણ કર્યુ છે અને તે બદલ સરકારની જે નીતિ છે એ નીતિ ઉપર...

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પક્ષના સભ્ય માનનીય ધીરસિંહભાઈ જયારે બોલતા હતા ત્યારે માનનીય નાણામંત્રીશ્રીએ વારંવાર ટોકીને એમને બોલવા દીધા નથી. આ અત્યારે જે વાત થઈ રહી છે. આપ આજની પૂરક માગણીના પેઈઝ નંબર ૧૭, ૧૮ અને ૧૯ જોઈ લેજો. Very limited scope. જે વધારાની માગણી આવી છે એ માત્ર મોંઘવારી ભથ્થાના દરમાં વધારો, નિવૃત્ત કર્મચારીઓના રજા પગારનું રોકડમાં રૂપાંતર અને છઠ્ઠા પગાર પંચના ૨૦ ટકા તફાવત ખર્ચની રકમ અને કચેરી ખર્ચ વગેરેના ખર્ચમાં વધારાના લીધે. આટલી જ માત્ર સહકાર વિભાગ પર છે. માનનીય સભ્યશ્રી ખેડૂતોને ભાવ, સહકારી પ્રવૃત્તિ, સરદાર વલ્લભભાઈ. સહકાર વિભાગની માગણી વખતે બોલે તો વાંધો નથી. અથવા ધોરણો તો બન્ને બાજુ સરખા લાગુ પડે. આ બાજુ ધોરણ ન લાગુ પડે, આ બાજુ ધોરણ જુદુ અને આ બાજુ ધોરણ જુદુ.

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહભાઈ, જયારે જયારે ગૃહનું ધ્યાન દોરાયુ છે ત્યારે ત્યારે બન્ને બાજુ કીધું છે. (અંતરાય) નહીં, નહીં, નહીં. બન્ને બાજુ કીધું છે. (અંતરાય) પ્લીઝ, પ્લીઝ. મેં બન્ને પક્ષના સભ્યોને ટોકયા છે. માનનીય વસંતભાઈ, મૂળ માગણી ઉપર વાત કરો.

**શ્રી વસંતકુમાર પરથીભાઈ ભટોળ** : હું માગણી ઉપર વાત કરતો હતો. એના ઉપર જ વાત હતી. બીજી કોઈ વાત નથી. માનનીય અધ્યક્ષ મહોદય, આજે એટલા માટે ગૃહનું ધ્યાન દોરવાની જરૂર છે કે પૂરક માગણી આવતી હોય છે ત્યારે જે વિભાગની માગણી આવતી હોય છે એ વિભાગમાં જે પ્રમાણે કામગીરી થાય છે એ

કહેવી ખૂબ જરૂરી છે. આ રાજયની ૨૨ ટકા પ્રજા સહકારી પ્રવૃત્તિ સાથે જોડાયેલી છે. ૧ કરોડ ૩૦ લાખ લોકો આની સાથે જોડાયેલા છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય વસંતભાઈ, આપ પૂરક માગણી ઉપર વાત કરો.

**શ્રી વસંતકુમાર પરથીભાઈ ભટોળ** : માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત પૂરક માગણી શાના માટે લાવવી પડી એના માટેની જ વાત છે. આજે રાજયની અંદર ૬૩૪૯૪ સહકારી મંડળીઓ આની સાથે જોડાયેલી છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપનો સમય પૂરો થાય છે.

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું જે પૂરક માગણીઓ લઈને આવ્યો છું, એમાં માનનીય સભ્યશ્રીઓએ પોતાના વિચારો રજૂ કર્યા છે.

શરૂઆતમાં જ માનનીય શ્રી ઈકબાલભાઈએ જે રજૂઆત કરી. એમાં ગ્રામ્ય વિસ્તારની અંદર ગામડાના લોકોને જે મુસીબત પડે છે એનું નિરાકરણ કરવા માટે ઘણા એવા સારા સૂચનો પણ આપે કર્યા છે અને બીજું શું કરવું જોઈએ એનું પણ આપે ધ્યાન દોરેલું છે.

એમાં ખાસ કરીને કહીશ કે આપે જે વાત કરી કે હાઉસમાં જે સભ્યશ્રી ચૂંટાય છે એમાંથી લગભગ ૭૦ ટકા ઉપરના સભ્યો તો ગ્રામ્ય વિસ્તારમાંથી પ્રતિનિધિત્વ કરે છે એવા સભ્યશ્રીઓ છે અને એ લોકોને વારંવાર આ ગ્રામ્ય વિસ્તારમાં ગ્રામજનોને જે મુશ્કેલીઓ પડે છે એ મુશ્કેલીઓ માટે આ ગ્રામજનો એમના પ્રતિનિધિઓને કહે છે અને એ પ્રતિનિધિ તેમની મુશ્કેલીઓને અહીં વાચા આપતા હોય છે અને એ દ્રષ્ટિએ આ જે સમસ્ત ગ્રામ્ય વિસ્તાર છે એ ગ્રામ્ય વિસ્તારને ભવિષ્યમાં કોઈપણ જાતની તકલીફ ના પડે કારણ કે ગ્રામ્ય વિસ્તારના પ્રશ્નો હોય તો એ તાલુકાકક્ષાએ હલ થતા નથી, એ ડિસ્ટ્રીક લેવલે જાય છે અથવા તો રાજય સરકાર પાસે આવે અને ત્યાં એનું નિરાકરણ થતું હોય છે. એના બદલે હવે આ વર્ષે જ મારા બજેટમાં જે એક નવી જ આઈટમ આવી છે કે 'આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો' એટલે કે જે કાંઈ ગાંધીનગરમાં સત્તા છે અને જિલ્લા કક્ષાએ સત્તા છે એ સત્તા તાલુકા કક્ષાએ જાય અને તાલુકા કક્ષાએ એ સત્તા આપવા માટે અત્યારે જે મહેસૂલ વિભાગમાં ૫૫ પ્રાંત અધિકારીઓની નિમણૂક છે એના બદલે બીજા નવા ૫૫ પ્રાંત અધિકારીઓને નિમણૂક આપીને કુલ ૧૧૦ પ્રાંત અધિકારીઓની જગ્યા કરીને ગુજરાતના તમામ જિલ્લામાં અત્યારે એક પ્રાંત અધિકારી છે એને બે તાલુકા સોંપીને આખા ગુજરાતના તમામ તાલુકાનું સંચાલન આ પ્રાંત અધિકારી કક્ષાએ થાય એટલે મોટાભાગના પ્રશ્નો છે એનું નિરાકરણ થાય અને આ જે પ્રાંત અધિકારીઓને તાલુકા કક્ષા માટેની જ સત્તા છે એનું વિકેન્દ્રીકરણ કરવાનું હોય અને એનું સુપરવિઝન કરવાનું હોય એ કરી શકે. આપે જે પ્રમાણે દબાણ અને ઘટક માટેની વાત કરી અને બાકીની ખાલી જગ્યાઓ હોવાથી અને તલાટી કમ મંત્રીશ્રીઓના નિવાસ સ્થાનની વાત કરી. આ બધી વાત છે એ તાલુકા કક્ષાએ જ એનું નિરાકરણ થાય એટલા માટે ' આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો' આ એક નવી યોજના લાવ્યા છીએ અને આવા તલાટી કમ મંત્રીઓના નિવાસ સ્થાન માટેની વાત કરી છે. એમાં તલાટી કમ મંત્રી એ તાલુકા કક્ષાએ રહેતા હોય એ ગામડામાં રહેતા નથી. એનું મૂળ વતન જુદું હોય અને નિમણૂક અહીં હોય છે. તો એનું પરિવાર ત્યાં રહે અને એમની નિમણૂક અહીં હોય અને એમને અહીં મકાન નહીં મળવાને કારણે એ કુટુંબ સાથે રહેતા નથી. તો એમને મકાન મળે અને એના માટેનું વ્યવસ્થિત આયોજન થાય એ માટે એ સેટ થાય એ માટે અહીંયાં બધી સગવડ કરવા માટેની વાત છે. એટલે પંચાયતરાજની જે કલ્પના છે એ પંચાયતીરાજની કલ્પનાનું મજબૂતીકરણ થાય. તો એ મજબૂતીકરણ કરવું હોય તો જિલ્લા કેન્દ્ર અને તાલુકા કેન્દ્ર એને ડિસ્ટ્રિબ્યુશન ઓફ પાવર્સ અને એડમિનિસ્ટ્રેશન પાવર્સ આપ્યા હોય તો એ વ્યવસ્થા થાય એટલા માટે આપણે 'આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો' એ યોજના લઈને આ હાઉસમાં આવ્યા છીએ. આ વખતે બજેટમાં એના માટેની રજૂઆત કરી છે. એટલે ગ્રામ પ્રચાયતોને લગતા પ્રશ્ના છે એનું ચોકકસ નિરાકરણ થશે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત એ કરવામાં આવી કે સર્વ શિક્ષા અભિયાન. તો ચોકકસ જે રેશિયો છે એ ૬૫ ટકા કેન્દ્ર સરકાર અને ૩૫ ટકા રાજય સરકારે આપવાની વાત છે. આમાં હું જે નાણાં પંચે ભલામણ કરી હતી એ મુજબની રકમ મેં આની અંદર ૩૪.૫૦ કરોડ છે એની ફાળવણી કરેલ જ છે, પરંતુ મારે એ કહેવું છે કે જયારે સમસ્ત હિન્દુસ્તાનમાં કેન્દ્ર સરકારે રાઈટ ટુ એજયુકેશન કે જે આપણા બંધારણમાં પણ જોગવાઈ છે કે ૬ થી ૧૪ વર્ષનો બાળકોને જે પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજીયાત આપવાનું અને એ જે મફત અને ફરજીયાત આપવાનું આ જે બંધારણ છે એમાં આ જોગવાઈ છે. બાળકોનો હક્ક અને અધિકાર છે, પરંતુ કેન્દ્ર સરકાર આ કન્કરન્સ લીસ્ટમાં છે એ રાજય સરકાર અને કેન્દ્ર સરકાર બન્નેની જવાબદારી છે, પરંતુ અત્યારસુધી કેન્દ્ર સરકાર તરફથી આ કમ્પલસરી શિક્ષણ અને પ્રાથમિક શિક્ષણમાં જેટલી સહાયતા મળવી જોઈએ એટલી એમણે આપેલ નથી. હું ગુજરાતની વાત કરતો નથી. ગુજરાતમાં ગ્રામ્ય વિસ્તારમાં એકપણ બાળક ભણ્યા વિનાનું ન રહે, એને બંધારણ આપેલ અધિકાર એનો પૂરેપૂરો ઉપભોગ કરી શકે એવી સગવડ આપણે તો કરી છે. પણ આ સિવાય હિન્દુસ્તાનમાં બીજા અનેક રાજયો એવા છે કે જે ગરીબીથી પીડાય છે. અને શાસન ચલાવવા માટે સંપતીનો અભાવ છે, તેવા લોકો માટે સો ટકા ગ્રાન્ટ કેન્દ્ર સરકાર આપે અને આપણને પણ સો ટકા ગ્રાન્ટ કેન્દ્ર સરકાર આપે તો આપણને એ પૈસા જે પ્રાથમિક શિક્ષણના મળે તેનાથી આપણા શિક્ષણ વિભાગના પૈસા આપણે બીજે વાપરી શકીએ અને ઉચ્ચતર શિક્ષણ માટે વધુ લોકોને આપણે શિક્ષણ આપી શકીએ. આજે શેડયુલ ટ્રાઈબ, શેડયુલ

કાસ્ટ અને અધર બેકવર્ડ કલાસ જેને બંધારણે હકક અને અધિકારો આપ્યા છે તો કેન્દ્ર સરકાર તરફથી સો ટકા રૂપિયા આપવાનું આયોજન કરવામાં આવે તો આપણે આપણા પૈસા બીજે આપી શકીએ. પણ જે સર્વ શિક્ષા અભિયાનની શરુઆત કેન્દ્ર સરકારે કરી છે તો આપને પણ હું વિનંતી કરીશ કે આપ પણ જઈ ને આ ૬૫/૩૫નો રેશીયો રાખેલ છે તેના બદલે જે યોજના છે તેમાં આપણને પણ આ ૩૫ ટકામાંથી મુકિત આપે તેવી રજુઆત આપ પણ કરજો તેવી વિનંતી કરું છું. અને આપના જે સૂચનો છે તેની મેં નોંધ લીધી છે. માનનીય અમરસિંહભાઈએ વાત કરી કે સસ્તા અનાજની દુકાનોમાંથી બારોબાર માલ વેંચાઈ જાય છે તીર્થ ગ્રામ શું છે તો આ અંગેનો કોઈ પર્ટીકયુલર કેસ હોય તો ચોકકસ ધ્યાન દોરે કારણ કે ગ્રાહક સુરક્ષા ભંડારમાંથી ગ્રામ્ય પ્રજાને માલ મળવો જ જોઈએ અને તેના માટે કોઈ ક્ષતિ રહેતી હોય તો આપ ચોકકસ કહી શકો છો. આપણે તેના માટે મુશ્કેલી હશે તો દૂર કરવાના પ્રયત્ન કરીશું. બીજું કુંવરજીભાઈએ કહયું કે ૨૦૦૬ થી છઠ્ઠા પગાર પંચનું અમલીકરણ કરવામાં આવ્યું છે એમાં અનેક પેન્સનરને પેન્સનનો લાભ મળતો નથી. આપણે છઠ્ઠા પગાર પંચનો લાભ કર્મચારીઓને આપ્યો છે અને પેન્સનરને પણ તેના લાભ આપ્યા છે. છતાં કોઈ રહી ગયું હોય અને ડીસ્પ્યુટ હોય તો કહેજો અમે નાણા વિભાગમાંથી વ્યકિતગત કેસ હશે તો તેનો વહેલીતકે ઉકેલ આવે અને ન્યાય મળે તેના માટે ચોકકસ પ્રયત્ન કરીશું. બીજા માનનીય સભ્યશ્રીઓએ જે વાત કરી છે એમાં સમર્થનમાં બધી વાત હતી અને અમારા સાથી સભ્યોએ જે વાત કરી છે એના મેં જવાબો આપ્યા છે અને છતાં પણ હું કહું છું કે આપણે સૌએ સાથે મળીને ગુજરાતના એકે એક નાગરિકને તેના હકકો અને અધિકારો ભોગવી શકે તે માટે કોઈ ક્ષતિ રહી જતી હોય તો તે આપણી સંયુકત જવાબદારી છે એમાં અમે એવું નથી કહેતા કે શાસન કરતાની જ જવાબદારી છે. પણ વિપક્ષને પણ યાં ધ્યાન દોરવા જેવું હોય ત્યાં ધ્યાન દોરે અને એમાં જો સચ્ચાઈનો રણકો હશે તો પરિપૂર્ણ કરવા માટે રાજય સરકાર ચોકકસ પ્રયત્ન કરશે. આ સિવાય મારી માગણીઓ લઈને આવ્યો છું એમાં માગણી નંબર ૫, ૯, ૨૩, ૩૯ અને ૭૦ છે એ ૩૨૪૯ કરોડ ૮૫ લાખ ૬૯ હજારની માગણીઓ છે એ માગણીઓમાં જે કોઈ માનનીય સભ્યશ્રીઓએ કાપ દરખાસ્તો મુકી છે તે સભ્યશ્રીઓને હું વિનંતી કરીશ કે આ જે મોટા ભાગનો ખર્ચ છે તે કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચના કારણે અને મોંઘવારી ભથ્થાના કારણે, સામાન્ય રીતે દસ ટકા સુધી મોંઘવારી ભથ્થું થતું હોય છે પણ આ વર્ષે દસ ટકાને બદલે ૧૮ ટકાનો વધારે વધારો થયો એટલે આપણા બજેટમાં જે પ્રોવિઝન રાખેલું હતું તેના કરતા મોંઘવારી ભથ્થામાં વધુ વધારો થયો છે અને તેને કારણે આપણે આપવા પડયા છે. બાકી વહીવટમાં કર્મચારીઓને પણ હકક અને અધિકારો મળ્યા છે તેના માટેપગાર માટેની બાબત હતી તે એમને લગભગ રાજય સરકાર તરફથી ચુકવવા માટેનો પ્રયત્ન કર્યો છે અને તે ચુકવણું કર્યુ છે. તો આ કરેલ ચુકવણું છે તેને નિયમીત કરવા માટે હું આ પુરક માગણીઓ લઈને આવ્યો છે તે મારી માગણી ઉપર કાપદરખાસ્ત રજૂ કરી છે તે કાપ દરખાસ્તો માનનીય સભ્યશ્રીઓ પરત ખેંચી લે અને આપણે સૌ સાથે મળી અને મેં મુકેલ માગણીઓને મંજૂર કરીએ તેવી આ સભાગૃહને મારી વિનંતી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય મંત્રીશ્રીએ ચર્ચાનો જવાબ આપતા જણાવ્યું કે મોટા ભાગનો ખર્ચ છઠ્ઠા પગાર પંચના લીધે થયો છે અને એના ખર્ચને લગતી માગણીઓ છે એ વાત સાથે અમે સહમત છીએ. ખાસ કરીને શિક્ષણ વિભાગમાં જોગવાઈ કરી હતી છતાં ખર્ચ થયો નથી એના લીધે મધ્યાહન ભોજન યોજન માટે રસોડાની સામગ્રી ખરીદવા માટે કેન્દ્ર સરકારે પૈસા આપ્યા હતા એ આપણે વાપરી શક્યા નથી, તેથી એના માટે આપે ટોકન જોગવાઈ કરી છે પરંતુ આ વરસે ખર્ચ ચોક્કસ થાય એની કાળજી લેવાનું હોય, તથા બીજું અમારા સભ્યશ્રીઓએ પ્રજાના હિતમાં સકારાત્મક સૂચનો કર્યા છે ત્યારે કાપ દરખાસ્તોને ધ્યાને લઈને વિભાગ કામ કરવાનું હોય તો અમને કાપદરખાસ્તો પાછી ખેંચવામાં તથા સર્વસંમતિથી માગણીઓ મંજૂર કરવામાં વાંધો નથી.

**શ્રી વજુભાઈ વાળા** : પ્રજા માટે થઈને હક્ક અને અધિકારો છે, એમાં અમારું ધ્યાન દોરવું એ આપનું કર્તવ્ય અને ફરજ છે. આપનું કર્તવ્ય અને ફરજની સાથે અમારુ પણ એટલું જ કર્તવ્ય અને ફરજ છે કે જો યોગ્ય વાત હોય તો એનું નિરાકરણ કરવું જોઈએ અને જો વાતમાં વાજબીપણું ન હોય તો સામે પક્ષને આ વાજબી નથી એ સમજાવવાની અમારી ફરજ છે. શિક્ષણ ક્ષેત્રે કે આરોગ્ય ક્ષેત્રે જે કંઈ બજેટ મૂક્યું છે એમાં કેન્દ્રના પૈસા હોય કે રાજયના પૈસા હોય એ વહેલામાં વહેલી તકે વપરાય એના માટે રાજય સરકાર પ્રયત્નશીલ રહેશે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય નાણામંત્રીશ્રીએ પૂરક માગણીઓનું પત્રક રજૂ કર્યુ છે એમાં કહ્યું છે કે મોટા ભાગની માગણીઓ છે એ છઠ્ઠા પગારપંચના અમલીકરણના કારણે છે એનો સ્વીકાર કરવામાં આવ્યો છે. પાંચમાં પગારપંચ અને છઠ્ઠા પગાર પંચના પગારના તફાવતની રકમની વાત કરુ તો પાંચમાં પગાર પંચ વખતે આપણે જે તફાવતની રકમ હતી એના ૫૦ ટકા રકમ કેન્દ્રના ધોરણે જી.પી.એફ.માં મૂક્યા અને ૫૦ ટકા રકમ બે સરખા ભાગે નાણાકીય વર્ષમાં આપવામાં આવ્યા છે. જ્યારે છઠ્ઠા પગાર પંચની તફાવતની રકમ છે એના ૨૦ ટકા રકમ આપવાની હવે શરૂઆત કરી છે. આ તફાવતની પૂરેપૂરી રકમ કર્મચારીઓને ૨૦૧૫ સુધીમાં મળશે. છઠ્ઠા પગાર પંચનો અમલ ૧-૧-૨૦૦૬થી થયો છે અને દર વરસે ૨૮૦૦ કરોડ રૂપિયાની તફાવતની રકમની એકયુમલેશન થયું છે એમાંથી આપણે ૨૦ ટકા રકમ દર વરસે ચૂકવીએ છીએ તો માનનીય નાણામંત્રીશ્રીને પૂછવા માગું છું કે પાંચમા પગાર પંચ વખતે જે અમલીકરણ કર્યુ હતું એમાં ત્રણ વર્ષની અંદર

પી.પી.એફ.માં રકમ જમા કરી અને એમાં ૧૨ ટકા પ્રમાણે વ્યાજ ચૂકવાયુ હતું. જ્યારે આ વખતે માત્ર નવ ટકા વ્યાજ ચૂકવાય છે. આ કર્મચારીઓના હક્કની રકમ છે અને એનું પૂરેપૂરું અમલીકરણ થશે ત્યારે એક હજાર કરોડ રૂપિયાનું માત્ર લાંબો સમય થવાને લીધે વ્યાજ થશે તો અગાઉના પાંચમાં પગાર પંચના ધોરણે પૈસા ચૂકવવા માગો છો કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય બાબુભાઈએ કહ્યું એ પૂરક માગણીમાં આવતું નથી છતાં કહીશ કે છઠ્ઠા પગાર પંચનું એરીયર્સ કેવી રીતે આપવું એ સરકાર અને કર્મચારીઓના યુનિયન સાથે બેસીને પ્રિન્સિપલ નક્કી થયો હતો એનો જી.આર. પણ બહાર પાડવામાં આવ્યો છે એ બહાર પાડવામાં આવેલ જી.આર. પ્રમાણે એનું અમલીકરણ થાય છે. એકી સાથે પૈસા આપવાનું ભૂતકાળમાં થયું હતું એવું કોઈ દિવસ હોય નહિ, એગ્રીમૅન્ટ જે જે થયા એનું રાજય સરકાર સો ટકા પાલન કરે છે અને ભવિષ્યમાં પણ કરવાની છે. એટલે આ પ્રશ્ન અસ્થાને રહેતો નથી.

**કાપદરખાસ્ત ક્રમાંક ૧,૨,૩,૫,૬,૭,૮,૯,૧૨,૧૪,૨૦,૨૧,૨૨ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**પૂરક માગણી ક્રમાંક ૫,૯,૨૩,૩૯ અને ૭૦ મત માટે મૂકવામાં આવી અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.**

# ગિલોટીન થયેલી માગણીઓ

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૦-૧૧ના પૂરક પત્રકમાં કુલ ૯૧ માગણીઓ સમાવિષ્ટ છે. આમાંથી કુલ ૧૦ માગણીઓ આ ગૃહમાં ચર્ચા દ્વારા પસાર થઈ છે. આથી બાકીની ૮૧ માગણીઓ પૈકી ૭ માગણીઓ બિન મતપાત્ર હોવાથી તે સિવાયની ૭૪ માગણીઓ હું ગિલોટીનથી મતદાન માટે રજૂ કરું છું, જેના માગણી ક્રમાંક આ મુજબ છે.

**૧, ૨, ૩, ૪, ૮, ૧૦, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૧, ૨૨, ૨૫ ૨૬, ૩૦, ૩૧, ૩૩, ૩૪, ૩૫, ૩૮, ૪૦, ૪૧, ૪૨, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૬૦, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૬, ૬૭, ૬૯, ૭૧, ૭૨, ૭૩, ૭૪, ૭૫, ૭૬, ૭૭, ૭૯, ૮૦, ૮૨, ૮૩, ૮૪, ૮૫, ૮૬, ૮૭, ૮૮, ૮૯, ૯૦, ૯૧, ૯૨, ૯૫, ૯૬, ૯૭, ૯૮, ૧૦૨, ૧૦૩, ૧૦૫, ૧૦૬ રજૂ કરું છું**

**પૂરક માગણી ક્રમાંક-૧, ૨, ૩, ૪, ૮, ૧૦, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૧, ૨૨, ૨૫ ૨૬, ૩૦, ૩૧, ૩૩, ૩૪, ૩૫, ૩૮, ૪૦, ૪૧, ૪૨, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૬૦, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૬, ૬૭, ૬૯, ૭૧, ૭૨, ૭૩, ૭૪, ૭૫, ૭૬, ૭૭, ૭૯, ૮૦, ૮૨, ૮૩, ૮૪, ૮૫, ૮૬, ૮૭, ૮૮, ૮૯, ૯૦, ૯૧, ૯૨, ૯૫, ૯૬, ૯૭, ૯૮, ૧૦૨, ૧૦૩, ૧૦૫, ૧૦૬ મત પર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**અધ્યક્ષશ્રી** : હવે હું રાજય વિધાન મંડળને લગતી પૂરક માગણી ક્રમાંક-૩૬ મત માટે રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૩૬ વિના વિરોધે મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ સવારના ૧૧-૨૮ વાગ્યે પૂરું થતાં અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ બપોરના ૨-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર તા. ૮મી માર્ચ, ૨૦૧૧**
**ફાલ્ગુન ૧૭, ૧૯૩૨ શાકે**
**બીજી બેઠક**
સભાગૃહ બપોરના ૨-૩૦ વાગ્યે મળ્યું
**માનનીય અધ્યક્ષશ્રી ગણપતભાઈ વસાવા અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## પંચમહાલ આર.ટી.ઓ. કચેરી દ્વારા થયેલ આવક

*** ૧૯૭૮૭ શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ(શહેરા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) પંચમહાલ આર.ટી.ઓ. કચેરીની વર્ષ ૨૦૧૦-૨૦૧૧ માં તા: ૩૧-૧૦-૨૦૧૦ની સ્થિતિએ કુલ કેટલી આવક થઈ,

(૨) ૨૦૦૯-૨૦૧૦ના વર્ષની આવક કેટલી હતી, અને

(૩) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શાં છે?

**વાહન વ્યવહાર મંત્રીશ્રી :**

(૧) રૂા. ૧૬.૩૨ કરોડ,

(૨) રૂા. ૧૮.૭૫ કરોડ

(૩) આવકમાં ઘટાડો થયેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને ખાસ તો અભિનંદન આપવા માગુ છું કે ભારતીય જનતા પાર્ટીની સરકાર અને ગુજરાતની સરકારે જે વાહનોને અવારનવાર જે એકસીડન્ટો થતા હતા એના માટે જે હાલની સરકારે જે કાયદાનો અમલ કર્યો એવો અગાઉની સરકારોએ કયારેય પણ આ કાયદાનો અમલ નહોતો કર્યો એવો અમલ કર્યો છે એ બદલ માનનીય મંત્રીશ્રીને પહેલા તો અભિનંદન આપુ છું કે જે ઓવરલોડ ગાડીઓ થતી હતી એનાથી અકસ્માત થતા હતા અને ગરીબ માણસોના મૃત્યુ થતા હતા એ માણસોના બચાવ માટે ઓવરલોડ ગાડીઓનું લાયસન્સ ત્રણ ત્રણ મહીના સુધી સસ્પેન્ડ કર્યુ છે એટલે આર.ટી.ઓ. વિભાગ તરફથી જે કામગીરી થઈ રહી છે એ ખરેખર અભિનંદનને પાત્ર છે અને માનનીય મંત્રીશ્રીને એ પૂછવા માગુ છું કે જે ૨૦૧૦ અને ૨૦૧૧ની સાલમાં આર.ટી.ઓ. કચેરીના ગોધરા મારફતે આવકમાં કેટલો ઘટાડો થયો કે વધારો થયો એ જાણવું છે? **શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં મારા પ્રશ્નના જવાબમાં કહ્યું છે કે ૨૦૧૦-૧૧માં ૩૧-૧૦-૨૦૧૦ ની સ્થિતિએ કુલ કેટલી આવક થઈ એમાં મેં કહ્યું છે કે રૂા. ૧૬.૩૨ કરોડ અને ૨૦૦૯-૨૦૧૦ના વર્ષની આવક કેટલી હતી તો એમાં રૂા. ૧૮.૭૫ લખેલ છે એટલે આકડાકીય એમ લાગે કે ૨૦૦૯-૧૦ની અંદર ૧૮.૭૫ અને ૨૦૧૦-૨૦૧૧માં ૧૬.૩૨ પરંતુ આ ૧૬..૩૨ છે એ ૩૧-૧૦-૨૦૧૦ની સ્થિતિએ કહેલ છે, એટલે આ પ્રમાણે જે આવક છે એ ખરેખર ૭ મહીની છે હજી ૫ મહીનાની આવક થાય તો આના કરતા વધારે હોય એટલે આવકમાં ઘટાડો થયો નથી.

## રાજકોટ જિલ્લામાં બેરોજગારોને રોજગાર

*** ૧૯૮૨૬ શ્રી ભરતભાઈ ખો. બોઘરા(જસદણ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજકોટ જિલ્લાની રોજગાર વિનિમય કચેરીમાં વર્ષ ૨૦૧૦માં કેટલા બેરોજગાર ઉમેદવારોની નોંધણી થયેલ હતી, અને

(૨) નોંધણી થયેલ ઉમેદવારો પૈકી કેટલા ઉમેદવારોને રોજગારી મળી?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી :**

(૧) ૨૨,૬૬૨

(૨) ક્રમ નં. (૧) પૈકી ૩,૧૫૦ ઉમેદવારોને રોજગારી મળી.

**શ્રી ભરતભાઈ ખો. બોઘરા** : માનનીય અધ્યક્ષશ્રી, મને જવાબમાં એવું જાણવા મળ્યું કે એક સાથે ૩૧૫૦ બેરોજગારોને મારા રાજકોટ જિલ્લામાં રોજગારી આપવામાં આવી છે. આટલા વિશાળ સંખ્યામાં અને આટલા બધા યુવાનોને એક સાથે રોજગારી આપી હોય એવી કદાચ રાજકોટ જિલ્લાની પહેલી ઘટના હશે. એક યુવાન ધારાસભ્ય તરીકે મને પણ એ વાતનો ગર્વ થાય છે અને માનનીય આ રાજયના શ્રમ રોજગાર મંત્રી અને મુખ્યમંત્રીને એ બાબતે હું અભિનંદન આપવા માગુ છું અને હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી

જાણવા માંગુ છું કે નોંધાયેલા બેરોજગારો પૈકી કેટલા શિક્ષિત છે, કેટલા અર્ધશિક્ષિત ભાઈઓ અને બહેનો છે અને ખાસ આમાંથી કેટલાને એક જ વર્ષમાં રોજગારી આપવામાં આવી છે, આ રાજકોટ જિલ્લાનો આકડો છે તો રાજકોટ જિલ્લાના તાલુકાવાઈઝ કેટલા બેરોજગાર નોંધાયેલા છે અને ખાસ મારા જસદણ વિસ્તારમાં કેટલા બેરોજગારો નોંધાયા છે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં બધું આવી ગયું લગભગ તો એટલા માટે થઈને કે ૧-૧-૧૦થી અને ૩૧-૧૨-૧૦ સુધીમાં જે કેલેન્ડર વર્ષની અંદર જે નોંધાયેલા હતા એમાં કુલ ૨૨૬૬૨ની નોંધણી થઈ હતી, એમાં ૧૬,૯૯૨ એ શિક્ષિત હતા અને ૫૬૭૦ એ અર્ધશિક્ષિત હતા અને એમાં જોઈએ તો પુરુષ ૧૪,૯૮૨ અને સ્ત્રીઓની સંખ્યા હતી ૭૬૮૦ એમાં જે જ્ઞાતિવાઈઝ જોઈએ તો અનુસૂચિત જાતિના ૨૦૪૫ હતા, અનુસૂચિત જનજાતિના ૪૩૪ હતા, બક્ષીપંચના ૭૦૭૧ હતા, ઓ.બી.સી.ના ૬૫ હતા અને અન્ય ૧૩,૦૪૭ હતા, આ પ્રમાણે ૨૨,૬૬૨ લોકો હતા, એમાં જે રોજગારી મળી એ રોજગારી મળી કુલ ૩૧૫૦ લોકોને રોજગારી મળી એ ૩૧૫૦માંથી શિક્ષિત ૨૪૮૬ હતા.

અને અર્ધ શિક્ષિત ૬૬૪ હતા. આ રીતે ૩૧૫૦ ને રોજગારી મળી. એમાંથી અનુસૂચિત જાતિના ૩ લોકો હતા, અનુસૂચિત જનજાતિના ૪ લોકો હતા અને બક્ષીપંચના ૧૧૦૨ લોકો હતા અને અન્ય ૧૯૫૧ એમ કુલ ૨૨,૬૬૨ માંથી એ જ વર્ષમાં ૩૧૫૦ લોકોને રોજગારી મળી. રોજગારી મળી એમાં કેન્દ્ર સરકારમાં ૧ વ્યક્તિને રોજગારી મળી, લોકલ બોડીમાં ૪૭ લોકોને રોજગારી મળી અને ખાનગી ક્ષેત્રમાં ૩૧૦૨ લોકોને રોજગારી મળી. આ પ્રમાણે કુલ ૩૧૫૦ લોકોને રોજગારી મળી. માનનીય સભ્યશ્રીએ જે તાલુકાવાર વિગતો માંગી અને જસદણ તાલુકામાં શું સ્થિતિ છે એ જાણવા માગ્યું. રાજકોટ જિલ્લામાં એક વર્ષ દરમિયાન જે રોજગારી મળી એમાં ૧૩૮૦ પુરુષો અને ૩૫૮ સ્ત્રીઓ થઈ કુલ ૧૭૩૮ લોકોને રોજગારી મળી, ગોંડલમાં ૧૫૨ પુરુષ અને ૨૯ સ્ત્રી મળી ૧૮૧ લોકોને રોજગારી મળી, લોધીકામાં ૭૭ પુરુષ અને ૧૦ સ્ત્રીઓ મળીને કુલ ૮૭ લોકોને રોજગારી મળી, કોટડા-સાંગાણીમાં ૫૭ પુરુષ અને ૮ સ્ત્રી મળીને કુલ ૬૫ લોકોને રોજગારી મળી, જસદણ તાલુકામાં ૯૬ પુરુષ અને ૧૧ સ્ત્રી મળી કલ ૧૦૭ લોકોને રોજગારી મળી, જેતપુરમાં ૧૦૯ , જામકંડોરણામાં ૩૫, ધોરાજીમાં ૯૨, ઉપલેટામાં ૯૬, વાંકાનેરમાં ૧૨૧ અને ટંકારામાં ૮૫, મોરબીમાં ૩૩૨, માળિયા-મીંયાણામાં ૩૨૫, પડધરીમાં ૫૮ એમ કુલ ૩૧૫૦ લોકોને રોજગારી મળી. એમાં જસદણની વિગતો માગી છે તો જસદણમાં જે શિંક્ષિત લોકો છે એવા ૯૩ લોકોને રોજગારી મળી અને અશિક્ષિત હતા એવા ૧૪ લોકોને રોજગારી મળી. આ પ્રમાણે કુલ ૧૦૭ લોકોને જસદણમાં રોજગારી મળેલ છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ બાબત જાણવા માગું છું કે ખાસ કરીને આપણા રાજ્યના કે જિલ્લાઓના આંકડા જોઈએ તો નોંધાયેલ બેરોજગારોની સંખ્યા વર્ષના અંતે ઘટવાના બદલે વધી રહી છે. જે નવા નોંધાય છે અને નોકરીએ રાખીએ છીએ એની વચ્ચે ગેપ મેનેજ થતો નથી ત્યારે ખાસ કરીને ખાનગી ક્ષેત્રમાં જેને નોકરી મળે છે એમાંથી કાયમી ધોરણે લઘુતમ વેતન સાથે એમને નોકરી મળે છે એની કોઈ ચકાસણી કરવા માગીએ છીએ કે કેમ? અને એમાંથી કાયમી કેટલી અને હંગામી કેટલી છે?

**શ્રી વજુભાઈ વાળા** : આ જે રોજગારી આપવામાં આવી છે એમાં જે એમ્પ્લોયમેન્ટ એક્સચેન્જ મારફતે આપીએ છીએ એ લગભગ કાયમી ધોરણે આપવામાં આવે છે. બીજું કે ગુજરાત રાજ્યની અંદર જે આપણા મીનીમમ વેજના દર છે એ દરના આધારે કોઈ લોકો નોકરી કરવા તૈયાર નથી. અત્યારે સામાન્યમાં સામાન્ય મજૂરને પણ આજે ૨૫૦ થી ૩૦૦ રૂપિયા આપતા પણ ગુજરાત રાજ્યમાં મજૂરો મળતા નથી. એના માટે આપણે અત્યારના મીનીમમ વેજના દર કેન્દ્ર સરકારે જે નિશ્ચિત કરેલા છે એટલાથી ઓછા આપણે ત્યાં આપતા નથી. (અંતરાય) અપર લિમિટ નહીં પણ એને સમકક્ષ કરીએ, જો વધુ પ્રમાણમાં દર (અંતરાય) શક્તિસિંહજી, હું એટલા માટે કહું છું કે આપણે ત્યાં રોજમદાર લેવાના બદલે લોકો કાયમી ધોરણે જાય એના માટે છે. આ એમ્પ્લોયમેન્ટ એક્સચેન્જ માટે છે એના માટેની વાત છે. પરંતુ રાજકોટ જિલ્લામાં ઔદ્યોગિક ભરતી મેળાઓ કર્યા તો એમાં આવા ૨૯ ભરતી મેળાઓમાં ૫૩૩૨ લોકોને રોજગારી મળી છે. જે ઔદ્યોગિક ક્ષેત્રમાં નોકરી મળે એ લગભગ કાયમી નેચરની નોકરી હોય છે. સ્વરોજગાર શિબિરો ૩૩ કરી અને ૮૬૩ લોકોને એમાં રોજગારી મળી છે. લગભગ રોજગારી મેળવવાનું નેચર છે એ કાયમી પ્રકારનું છે. ખરેખર ગુજરાત રાજ્યમાં આજે કુશળ કારીગરો અને અર્ધકુશળ મજૂરો શોધવા મુશ્કેલ છે. એટલે આજે રોજગારીની દ્રષ્ટિએ મજૂરોમાં અને ઉદ્યોગમાં બંને સમન્વયથી સારી રીતે કામ ચાલુ છે.

**શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા મનમાં જે પ્રશ્ન હતો એ માનનીય મંત્રીશ્રીએ ડિટેલ જવાબમાં આપ્યો છે એટલે મારો પ્રશ્ન રહેતો નથી.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, ભરતી મેળાની અંદર જે લાભાર્થીઓ આવ્યાં એ લાભાર્થીઓની અંદરથી કાયમી ઑર્ડર કેટલા આપ્યાં અને એપ્રેન્ટિસને કેટલા ઑર્ડર આપ્યાં?

**શ્રી વજુભાઈ વાળા** : ભરતી મેળા જે હતાને એ ભરતી મેળાની અંદર જે ઉદ્યોગોને જોઈતા હોય એ ઔદ્યોગિક ભરતી મેળામાં પસંદ કરીને એને લઈ જાય છે. લઈ જાય છે એને કાયમી ધોરણની રીતે જ હોય છે, ટેમ્પરરી રીતે ના હોય. પછી આ લેબર એકટ પ્રમાણે કોઈ પણ માણસ (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : બે પ્રકારની ભરતી કરે છે. એક એપ્રેન્ટિસ તરીકે ભરતી કરી અને એક કાયમી કામદાર તરીકે નોકરીએ રાખ્યાં, એટલે એમનું કહેવાનું એવું છે કે જો આપના પાસે ફિગર્સ હોય તો ૩૧૦૦ સમથીંગ આપે ભર્યા એમાં એપ્રેન્ટિસ કેટલા હતા અને કાયમી નોકરીવાળા કેટલા હતા?

**શ્રી વજુભાઈ વાળા** : આ જે ૩૧૫૦ ની જે વાત કરીને એની અંદર તો એપ્લોયમેન્ટ એક્ષચેન્જ મારફત જ કરવા માટેની વાત છે. એની અંદર એને નોકરીની જરૂરિયાત હોય એ ડિમાન્ડ કરે એ ડિમાન્ડ પ્રમાણે આપણે આપણી રીતે આપી છીએ. (અંતરાય) એ તો એમાં એજ આવ્યું. એપ્રેન્ટિસ કાયદા હેઠળ અલગથી ભરતી કરવામાં આવે છે. આ કાયદા નીચે જે થાય છે એ કાયમી હોય છે. એપ્રેન્ટિસ એકટ નીચેની ભરતી જુદી હોય છે. આ ચિઠ્ઠી પ્રમાણે જવાબ આપું છું.

**ખેડા જિલ્લામાં સંકટ મોચન યોજનાની મળેલ અરજીઓ**

*૧૯૯૦૯ **શ્રી દેવુસિંહ જે. ચૌહાણ(માતર)** : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) ખેડા જિલ્લામાં સંકટ મોચન યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળી.

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલી રકમ ચૂકવવામાં આવી?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) ૬૭૪.

(૨) ૨૧૫ અરજીઓ મંજૂર અને ૩૩૮ અરજીઓ નામંજૂર.

(૩) રૂા.૨૦.૩૦ લાખ.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ(માતર)** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ખેડા જિલ્લામાં સંકટ મોચન યોજના હેઠળ ૬૭૪ અરજીઓ મળી હતી. આમાંથી ૨૧૫ અરજી મંજૂર કરવામાં આવી ૩૩૮ નામંજૂર કરવામાં આવી પણ માનનીય મંત્રીશ્રી મને એ જણાવવા કૃપા કરશે કે બાકીની ૧૨૧ અરજીઓનું સ્ટેટસ શું છે અને જો કોઈ અરજી નામંજૂર થાય તો એની અપીલ થઈ શકે છે કે કેમ? અને એ કેટલા દિવસમાં થઈ શકે? માનનીય અધ્યક્ષશ્રી, માતર તાલુકામાંથી કેટલી અરજીઓ આવી, કેટલી નામંજૂર થઈ અને કેટલી મંજૂર થઈ અને કેટલી પડતર અરજીઓ છે તે જણાવવા કૃપા કરશે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, સંકટ મોચન યોજનામાં ખેડા જિલ્લામાં કુલ્લે ૬૭૪ અરજીઓ આવી ૨૧૫ મંજૂર, ૩૩૮ નામંજૂર અને ૧૨૧ પડતર અરજી ૩૧/૧૨ ના રોજ. આજની તારીખે ૧૨૧ પડતર હતી એમાંથી એક પણ અરજી પડતર નથી. એ પૈકી ૨૨ અરજી મંજૂર થઈ ગઈ છે અને ૯૯ અરજી નામંજૂર થઈ છે. એમણે બીજો પ્રશ્ન કર્યો કે જ્યારે નામંજૂર કરવામાં આવે ત્યારે અપીલ કોને કરવામાં આવે છે? તો સંકટ મોચન યોજનામાં એપેલેટ ઓથોરિટી તરીકે તમામ જિલ્લા કલેકટરશ્રીઓને આની સત્તા આપવામાં આવી છે અને ૬૦ દિવસની અંદર આની અરજી કરવાની હોય છે. ત્રીજો પ્રશ્ન એમના તાલુકા માટેનો હતો કે માતર તાલુકામાં કેટલી અરજી આવી, મંજૂર અને નામંજૂર? માતર તાલુકામાં ૧૨ અરજીઓ આવી, ૨ મંજૂર થઈ અને એક પણ અરજી નામંજૂર થઈ નથી અને ૧૦ પડતર હતી.

**શ્રી માનસિંહ કો. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા એ જાણવા માગુ છું કે ખેડા જિલ્લામાં ૬૭૪ અરજીઓ સંકટ મોચન યોજનાની આવી. એમાં ૩૩૮ એટલે ૫૦% જેટલી અરજીઓ નામંજૂર થઈ. આ નામંજૂર થવાના ખાસ કારણો કયા છે અને બીજો પ્રશ્ન મારાં તાલુકામાં, બાલાસોર-વીરપુરમાં કેટલી અરજીઓ આવી, કેટલી મંજૂર થઈ, કેટલી નામંજૂર થઈ અને કેટલી રકમ ચુકવવામાં આવી છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી જે નામંજૂરીના જે કારણો છે એમાં આ યોજના તહત BPL જે કટુંબો હોય છે એ કુટુંબમાંથી મુખ્ય કમાનાર વ્યકિતનું મૃત્યુ થાય તો દસ હજાર રૂપિયાની સહાય આપવામાં આવતી હોય છે, એટલે બી.પી.એલ. કુટુંબમાં ના આવતા હોય એ નામંજૂર થાય, પછી મૃત્યું પામનારની જે ઉંમર છે એ ૧૮ થી ૬૫ વર્ષની હોવી જોઈએ

એટલે ઉંમર મર્યાદામાં જે ના આવતા હોય એ પણ નામંજૂર થાય, ત્રીજું ઘણી વખત શું થાય કે, કુટુંબની અંદર વ્યકિતનું મૃત્યું થાય તો એક જણાએ અરજી કરી હોય સાથે બીજા પણ અરજીઓ કરતા હોય છે એવી જે ડુપ્લીકેટ અરજીઓ છે એ પણ નામંજૂર કરવામાં આવી છે. એમણે એમના બાલાસિનોર તાલુકાની વાત પૂછી છે, તો બાલાસિનોર તાલુકામાં ૬૭ અરજીઓ મળી, ૨૭ મંજૂર થઈ અને ૩૮ નામંજૂર અને જે રકમ પૂછી છે એ દસ હજાર પ્રમાણે બધાને ચૂકવવામાં આવે છે, મંજૂર થયેલી અરજીઓને બધાને દસ - દસ હજાર ચૂકવવામાં આવે છે.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, ૯૯ નામંજૂર થઈ એના કારણોસર લાભાર્થીને જાણ કરવામાં આવે છે ખરી ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે અરજી આવે ત્યારે અરજી ચકાસીને પ્રથમ દૃષ્ટિએ જ, જે જે એમાં ખૂટતું હોય એ અરજદારને લેખિતમાં, એ માટેનું ચેક લિસ્ટ બનાવેલું છે અને શાના કારણે નામંજૂર કરવામાં આવે છે એ કારણ ઉપર ટિકમાર્ક કરવામાં આવે છે અને જ્યારે પૂર્તતા માટે કોઈ પુરાવા જોઈતા હોય અને પુરાવા પણ જો ન મળ્યા હોય તો કયા કયા પુરાવા જોઈએ છે, એક જ ઝટકે પહેલી જ વખત એમને કહી દેવામાં આવે છે.

## રાજય સરકારનું દેવું અને વ્યાજની ચૂકવણી

***૧૮૮૬૮ શ્રી બાબુભાઈ મે. શાહ (૨૧૫૨) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજયનાં દેવા અને વ્યાજની ચૂકવણાની રકમમાં સતત વધારો થતો રહ્યો છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો રાજય સરકાર દ્વારા લેવાતી લોન કે માર્કેટ બોરોઈંગના વ્યાજ દરમાં છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષ વાર વધારો-ઘટાડો થયો હોય તો તેની વિગત શી છે ?

**નાણા મંત્રીશ્રી :**

(૧) હા, પરંતુ નિયમની મર્યાદામાં

(૨) વર્ષ વાર લીધેલ લોનના વ્યાજ દર

| **લોનનો પ્રકાર** | **૨૦૦૮-૦૯** | **૨૦૦૯-૧૦** | **૨૦૧૦-૧૧(તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ)** |
|---|---|---|---|
| નાણાકીય સંસ્થાઓ | ૬.૫૧ | ૬.૫૦ | ૬.૫૦ |
| એનએસએસએફની લોન | ૯.૫૦ | ૯.૫૦ | ૯.૫૦ |
| ખુલ્લા બજારની લોન | ૭.૨૪ | ૮.૫૧ | ૮.૩૩ |
| કેન્દ્ર સરકારની લોન | ૭.૨૬ | ૦.૭૯ | ૦.૭૫ |

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં ૩૧-૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજયનું દેવુ અને વ્યાજની ચૂકવણીની રકમમાં સતત વધારો થતો રહ્યો છે એ વાતનો નાણા મંત્રીશ્રીએ સ્વકાર કર્યો છે. પણ સાથે નિયમની મર્યાદામાં કહયું છે. માનનીય અ/ધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રી હંમેશા આગલી સરકારો વખતે છાલીયું લઈ અને રિઝર્વ બેન્ક પાસે પૈસા લેવા જવાની પણ વાત કરે અને માત્ર કોલર ચડાવીને વાતો કરતા હોય ત્યારે મારે નમ્ર પણે કહેવું છે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપ મૂળ પ્રશ્ન વાત ઉપર આવી જાઓ.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : (અંતરાય), પણ એ વટભેર જ્યારે વાત કરતા હોય છે કે આગલી સરકારોએ આમ કર્યુ તેમ કર્યુ (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એ બધી ચર્ચાઓમાંથી આપ સીધા પ્રશ્ન ઉપર આવી જાઓ.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં ૨૦૦૪-૦૫માં ૫,૪૩૬/- કરોડ રૂપિયા વ્યાજ ચૂકવાતું હતું એના બદલે ૨૦૧૦-૧૧માં ૮,૫૬૮/- કરોડ રૂપિયા વ્યાજની રકમ ચૂકવવાના છે. માથાદીઠ કરજની અંદર છેલ્લા એક વર્ષમાં ૧,૫૪૦/- કરોડ રૂપિયાનો વધારો થયો છે. એમણે આપેલા આંકડા પ્રમાણે વ્યાજની રકમમાં હાલની યુ.પી.એ. સરકારે ૭.૨૬ કરતા હતું એમાંથી ઘટાડીને માત્ર પોણો ટકો વ્યાજ કરેલું છે ત્યારે પણ આ રાજયને વ્યાજની રકમમાં સતત વધારો થતો રહે છે અને કરજમાં પણ વધારો થતો રહે છે ત્યારે આગલી સરકારોએ ઓવર ડ્રાફટ લીધો હતો, પણ મારે નમ્રપણે કહેવું છે કે, અમારી ટનાટન શંકરસિંહજી વાધેલાની સરકારે એકપણ રૂપિયાનો ઓવર ડ્રાફટ (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નહીં, આપ પ્રશ્ન શું પૂછવા માગો છો, માનનીય બાબુભાઈ ? (અંતરાય)

**શ્રી બાબુભાઈ મે. શાહ** : કોઈ સરકારોએ ઓવર ડ્રાફટ લીધો નથી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપ પ્રશ્ન શું પૂછવા માગો છો, આ કોઈ પ્રવચનનો સમય નથી, માનનીય બાબુભાઈ. (અંતરાય) નહીંતર આપને તક આપવામાં નહીં આવશે.(અંતરાય)

**શ્રી બાબુભાઈ મે. શાહ** : તો માનનીય અધ્યક્ષશ્રી, પણ આ વ્યાજમાં જે વધારો થતો રહે છે એ પણ સરકારની નિષ્ફળતા પુરવાર કરે છે.

**અધ્યક્ષશ્રી** : આપ મંત્રીશ્રીને સીધો પ્રશ્ન પૂછો , આપ શું પ્રશ્ન પૂછવા માગોછો.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : ત્યારે આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, જ્યારે વ્યાજના દર ઘટતા હોય અને વ્યાજની રકમમાં વધારો થતો હોય (અંતરાય) ત્યારે એનો જવાબ આપશે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું બાબુભાઈને ફરીથી કહું કે, આપ પ્રશ્ન પૂછો તો બીજી જ વાત આવશે, રેકર્ડની બીજી બાજુ આવશે. માનનીય બાબુભાઈ, આપ જે કહો છો કે, અમારા વખતમાં આમ નહતું અને અમારા વખતમાં નહતું. તમારા વખતની અંદર જે સ્થિતિ હતી ને એ રીતે આપણે વાત કરીએ. આપ જ જ્યારે હતા ને તે દિવસે જે પ્લાન સાઈઝ હતી ને એ નકકી કરતા હતા એના ૭૫ ટકાય પૂરા નહતા કરી શકતા અને અમે સવા સો ટકા પૂરા કરીએ છીએ આંકડા છે. બીજું કે , આપના વખતની અંદર આપે કેટલી વખત ઓવર ડ્રાફટ લીધો છે અને ઓવર ડ્રાફટ ત્યારે જ લેવાય, (અંતરાય) હા પણ છે જ ને તમારા વખતમાં એ તો રેર્કોડ ઉપર છે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** :: માનનીય બાબુભાઈ, જવાબ આપે છે માનનીય મંત્રીશ્રી. આપ બેસો, આપને ફરી તક આપીએ.

**શ્રી વજુભાઈ વાળા** : (અંતરાય)

અને વેઈઝ એન્ડ મીન્સનો ઉપયોગ કરો. છસ્સો, સાતસો કરોડ આપવા માથે ઓવરડ્રાફટ લેતા હતા. એ જ વસ્તુ હતી તમારા વખતની અંદર. આજે અમે આ ગુજરાત સરકારની અંદર છ થી સાત વર્ષની અંદર એક રૂપિયાનો ઓવરડ્રાફટ લીધા વગર આર્થિક પરિસ્થિતિ ચાલે છે. સવાલ એ છે કે ગુજરાત રાજયની અંદર એ વાત કરે કે રકમ પણ રકમમાં તો વધારો થાય. રકમમાં વધારો ન થાય એ માટે થઈને કેન્દ્ર સરકાર, આયોજન પંચ અને તેરમુ નાણાપંચ એ આપણને એના માટે રીસ્ટીકશન મુકે છે કે તમે દેણુ કેટલું લઈ શકો. તમારું વાર્ષિક દેણું તમારા જી.એસ.ડી.પી.ના ત્રણ ટકાથી વધવું ન જોઈએ અને તમારું કુલ કરજ તમારો જે જી.એસ.ડી.પી. હોય એનાથી ૩૦ટકા વધવો ન જોઈએ. આ મર્યાદાની અંદર રહીને કરીએ છીએ અને હું આપને કહીશ કે અમને તેરમા નાણાપંચે જે વાત કરી છે. હું તમને ૨૦૧૦-૧૧ની અંદર આપણા તેરમા નાણાપંચે કીધું કે જી.એસ.ડી.પી.ના ૨૯.૪ટકા સુધી તમે કરજ કરી શકો એને બદલે રાજય સરકારે ૨૧.૯૮ એટલે સો રૂપિયાએ પંચોતેર એટલે જેટલું દેણું કરવાની મંજુરી આપી છે નાણાપંચે એના પંચોતેર ટકા જ આપણે કરજ કર્યું છે. આ નાણાપંચ અને કેન્દ્ર સરકારે આપેલી મંજૂરી છે અને એની અંદર કોઈ સવાલ નથી અને બીજું આ નાણાકીય પરિસ્થિતિની અંદર હું વાત કરું છું એટલા માટે નહીં કેન્દ્ર સરકારે પણ કહ્યું છે કે તમારી દેવા નાબુદી એટલે ડેબ્ટ વેવર યોજના નીચે કેન્દ્રીય લોનના વ્યાજના ભારણની અંદર કેન્દ્ર સરકારે રાજય સરકારને ૯૯૦કરોડ રૂપિયાની રાહત આપી છે. લોનનું એકત્રીકરણ કરવાથી ૧૭૧૦કરોડ રૂપિયાનો ગુજરાતને ફાયદો થયો છે અને દેવા નાબુદી યોજના નીચે ૨૨૬૨કરોડનું દેવું આપણે ઓછું કરી શકયા છીએ. આ રીતે જો આપણે જોઈએ તો કુલ ૨૨ અને બીજા અંદાજે પાંચ હજાર કરોડ રૂપિયા કેન્દ્ર સરકારે એની યોજનાથી ગુજરાત રાજયની આર્થિક સ્થિતિ સદ્ધર હોવાને કારણે એને રાહત આપી. છે. કેન્દ્ર સરકારની બહુ વાત કરો છોને તો હવે સાંભળો. ગુજરાત રાજયની અંદર માથાદીઠ દેવું ૧૭૦૬૫ છે જયારે કેન્દ્રની અંદર ૨૯૮૭૮ એટલે ડબલ છે. ગુજરાત રાજયની માથાદીઠ આવક ૫૫૧૪૦ છે અને કેન્દ્ર સરકારની ચાલીસ હજાર આવક છે. આપ બહુ વખાણ કરો છો ને કોઈ સવાલ નથી અને માનનીય સભ્યશ્રીએ જે વાત કરી કે પેલા વ્યાજનો દર જે છે એ ૭.૨૬ હતો અને હવે ૦.૭૯ અને ૭૫ છે એટલા માટે થઈને કે પહેલા કેન્દ્ર સરકાર બહારથી લોન લેતી અને રાજય સરકારને આપે તો એ ભલે વર્લ્ડ બેંક પાસેથી એક ટકો, બે ટકા કે ત્રણ ટકા લે પણ રાજય સરકારને આઠ કે નવા ટકા વ્યાજે દેતા હતા. આ જે ૭.૨૬ છે એ જુના વખતનું છે અને એમાંથી ૭૦ ટકા લોન આપે ૩૦ ટકા ગ્રાન્ટ આપતા હતા અને હવે જે આપે છે એ કેન્દ્ર સરકાર બહારથી જે લોન લે એની જે ટર્મ્સ અને કન્ડીશન હોય એ ટર્મ્સ અને કન્ડીશને એ જે ભાવે લોન લીધી હોય એ ભાવે રાજય સરકારને આપે છે અને આખા હિન્દુસ્તાનમાં એક જ સરખું આ ધોરણ છે. ગુજરાત માટે નથી. બાબુભાઈ ભલે શરીરે હટ્ટાકટ્ટા હોય પણ આ ગુજરાત રાજય એનાથી પણ વધારે આર્થિક રીતે હટ્ટકટ્ટુ છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રીએ બજેટનો જવાબ કે વિભાગની માગણીઓ ઉપરના જવાબ જેટલી વિસ્તૃત માહિતી આપી છે તેને માત્ર એક જ સવાલ મેં પૂછયો છે.

**અધ્યક્ષશ્રી** : આપ સીધા સવાલ ઉપર આવી જાવ.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ એન.ડી.એ. સરકાર વખતે વિદેશમાંથી એક ટકાએ રકમ આવતી અને તમારી પાસેથી નવ ટકા લેતા.

યુપીએ સરકારે ૧ ટકાએ લોન આપી હોય તો ઓછા કરી પૈસા લીધા છે, તેમ છતા વ્યાજનું ભારણ એમાંઉન્ટની અંદર વધતું જાય છે. તેમાં ઘટાડવા માટે પગલાં લેવા માગો છો કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : વ્યાજનું ભારણ હું ફરીથી કહીશ. વ્યાજે પૈસા લેવા એ ગુજરાત સરકારની ઇચ્છા પ્રમાણે નથી મળતા. ચાર પ્રકારની આપણને લોન મળે છે. નાણાકીય સંસ્થાઓ તરફથી લોન પહેલા આપણે રિઝર્વ બૅન્કને કહેતા એટલે એ પણ નાણાકીય રીતે દઈ દેતા, હવે આખા હિન્દુસ્તાનમાં નાબાર્ડ આપણને લોન આપે છે. તમામ રાજ્યને ૬.૫૦ ના ફિક્સ દરથી હિન્દુસ્તાનની અંદર તમામ રાજયોને નાબાર્ડ લોન આપે છે. બીજી જે લોન છે તે નાની બચત યોજનાની. એ લોન પણ ૯.૫૦ ટકા એનો દર કેન્દ્ર સરકાર આખા હિન્દુસ્તાન માટે એક સરખો કરે છે, એટલે નાણાકીય સંસ્થા અને સ્મોલ સેવિંગ્સની લોન એકસરખી મળે છે. કેન્દ્ર સરકારની લોન મળે છે તે કેન્દ્ર સરકાર પરદેશમાંથી લોન લે તેની ટર્મસ એન્ડ કન્ડીશન પ્રમાણે લે છે. એક લોન એ ખુલ્લા બજારની લે છે. તે આપણને ખુલ્લા બજારની લોન રિઝર્વ બૅન્કને કહે અને તે રિઝર્વ બૅન્ક આપણા વતી લઈ લે. એટલે વ્યાજનું ભારણ ઘટાડવું તે આપણા હાથની વાત નથી. વ્યાજનું ભારણ ઘટાડવુ એ કેન્દ્ર સરકારના હાથની વાત છે અને તે ધારે તો આની અંદર રાહત આપી શકે અને કેન્દ્રમાં તો હું ન પહોંચી શકું. બાબુભાઈ આપ બધે પહોંચી શકે તેવા છો. ધારો ત્યાં પહોંચી શકો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાણા મંત્રીશ્રીને અભિનંદન આપવા કે શું કરવું?

**અધ્યક્ષશ્રી** : આપ સીધા પ્રશ્ન ઉપર આવો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું સીધો પ્રશ્ન ઉપર આવું છું. આ બધા અભિનંદનો આપે છે મારે શું કરવું જરાક ગુંચવાડ હતી. કારણ કે આ આપણે ત્યા કહેવત છે કે હું પોલીસમાં પકડાઉ તો વટથી પકડાઉ.

**અધ્યક્ષશ્રી** : આપ સીધા પ્રશ્ન ઉપર આવો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : (અંતરાય) એમાં એક જ વાક્ય બોલું છું. આ મને પ્રશ્ન એટલા માટે પૂછવો પડે છે કે * (xxxx) (xxxx) (xxxx)

**અધ્યક્ષશ્રી** : આ પ્રશ્ન રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવશે.

**શ્રી વજુભાઈ વાળા** : (xxxx) (xxxx) (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આ અસંસદીય શબ્દ હોય રેકર્ડ ઉપરથી આપણે દૂર કરીએ છીએ.(અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, શેની માફી માગીએ. હું પાછું રિપીટ કરીશ.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ઑર્ડર, ઑર્ડર... અર્જુનભાઈ આપ ખૂબ સિનિયર સભ્ય છો. આવા શબ્દ પ્રયોગ ન કરો. આવા શબ્દ પ્રયોગ થયા એને મેં દૂર કર્યા છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) (xxxx) (xxxx)

**શ્રી વજુભાઈ વાળા** : દિલગીરી વ્યક્ત કરવી જોઈએ. કોઈ જુનિયર સભ્ય બોલે તો ઠીક છે, આ તો સિનિયર સભ્ય છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : શેની દિલગીરી.

**શ્રી વજુભાઈ વાળા** : આ (xxxx) અમે રાજય સરકાર કમાણી કરી એ પૈસા કેન્દ્ર સરકારને આપીએ છીએ એનો અર્થ શું થાય? આ કોઈ રીતે યોગ્ય નથી. એણે દિલગીરી વ્યક્ત કરવી જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી એમણે દિલગીરી વ્યક્ત કરવી જોઈએ.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આવા શબ્દો ન બોલવા જોઈએ. માનનીય શકિતસિંહજી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપને ગૃહ ઑર્ડરમાં નથી લાવવું? તે ગૃહને ડિસ્ટર્બ કરે અને તેમને કંઈ કહેતા નથી આપ. આ તો પહેલી વખત જોયું કે ટ્રેઝરી બૅન્ચ ગૃહને ડીસ્ટર્બ કરે તેવો ઈતિહાસ અહીં પહેલી વખત રચાયો. (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, તેઓએ બેસવું જોઈએ, આવા શબ્દો કહયા છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : ટ્રેઝરી બૅન્ચને નેઈમ કરો *(xxxx) (xxxx) ટ્રેઝરી બૅન્ચ ગૃહને ન ચાલવા દે આવી કોઈ પ્રથા વિધાનસભામાં આટલા વર્ષોથી જોઈ નથી અમે માનનીય અધ્યક્ષશ્રી,

**અધ્યક્ષશ્રી** : હું ગૃહને ૩.૩૦ કલાક સુધી મુલતવી રાખું છું.

**(મુલતવી રહેલ બેઠક બપોરના ૩.૩૦ વાગે ફરી મળી.)**

---

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીઆઆદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**( અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને )**

**અધ્યક્ષશ્રી** : ઑર્ડર, ઑર્ડર, પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે, નેક્સ્ટ.

# અતારાંકિત પ્રશ્નો
# (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)
# પ્રશ્ન અગ્રતા ક્રમ: ૫ ૨૬ કરવામાં આવ્યો.

--------

**અમદાવાદ જિલ્લામાં કાર્યરત કન્યા છાત્રાલયો**

૧૯૭૯૮ **: શ્રીમતી ગીતાબેન યો. પટેલ (સાબરમતી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં કન્યાઓ માટે કેટલા સરકારી છાત્રાલયો અને આદર્શ નિવાસી શાળાઓ કાર્યરત છે, | (૧) ૨ (બે) સરકારી કન્યા છાત્રાલયો<br>૧ (એક) આદર્શ નિવાસી શાળા |
| (૨) વર્ષ ૨૦૧૦-૨૦૧૧ માં કેટલી કન્યાઓને પ્રવેશ આપવામાં આવ્યો, અને | (૨) સરકારી કન્યા છાત્રાલયોમાં ૧૨૫<br>આદર્શ નિવાસી શાળામાં ૧૦૦ |
| (૩) આ કન્યાઓને શું શું સવલતો આપવામાં આવે છે ? | (૩) સરકારી કન્યા છાત્રાલયોમાં કન્યાઓને વિના મૂલ્યે રહેવા-જમવાની સુવિધા, રમતગમતના સાધનો, આર.ઓ. વોટરકુલર સીસ્ટમ, બુકબેંક તેમજ સામયિકો પુરા પાડવામાં આવે છે.<br>આદર્શ નિવાસીશાળાઓમાં કન્યાઓને વિના મૂલ્યે રહેવા-જમવાની સુવિધા બે જોડી ગણવેશ, બુટમોજા, પુસ્તકો, સ્ટેશનરીની સુવિધા તેમજ મફત શિક્ષણ આપવામાં આવે છે. |

--------

**સુરત જિલ્લામાં વેટચોરીના થયેલ કેસો**

૧૯૪૮૦ **: શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ (બારડોલી) : માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લા અને શહેરમાં તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વેટની આવક કેટલી થઈ, | (૧) સુરત જિલ્લો રૂા. ૨૩૫૭.૯૩ કરોડ<br>સુરત શહેર રૂા. ૨૫૬૨.૪૭ કરોડ |
| (૨) આ સમયગાળામાં વેટ ચોરીના કેટલા કેસો કરવામાં આવ્યા, અને | (૨) ૨૨૬ |
| (૩) તેઓની સામે શાં પગલાં લેવામાં આવ્યા ? | (૩) ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ હેઠળ પગલા લેવામાં આવ્યા. |

--------

**ડ્રાયવરોના વેતનમાં વધારો કરવા અંગે**

૧૯૩૯૧ **: શ્રી ધીરુભાઈ ભીલ (નસવાડી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગમાં આઉટ સોર્સીંગ દ્વારા ભરવામાં આવેલ ડ્રાયવરોને માસિક કેટલું વેતન ચૂકવવામાં આવે છે. | (૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગમાં આઉટ સોર્સીંગ દ્વારા કોઈ ડ્રાયવરોને ભરવામાં આવેલ નથી. |

(૨) તેમની પાસેથી દૈનિક કેટલા કલાક કામ લેવામાં આવે છે, અને — (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી

(૩) તેમને માસિક વેતનમાં રાજ્ય સરકાર ક્યારે અને કેટલો વધારો કરવા માંગે છે કે કેમ ? — (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી

--------

**સુરેન્દ્રનગર જિલ્લામાં વેટની આવક અને બાકી રકમ**

૧૯૭૮૦ : **શ્રી ભરતભાઈ વ. ખોરાણી (ચોટીલા) : માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાની ૨૦૧૦ ના વર્ષની સેલટેક્ષ/વેટની કેટલી આવક થઈ, | (૧) રૂા. ૮૫.૩૯ કરોડ (ગ્રોસ) (પ્રોવિઝનલ) |
| (૨) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને | (૨) રૂા. ૧૮.૪૭ કરોડ |
| (૩) બાકી રકમ વસૂલ કરવા શાં પગલાં લેવામાં આવ્યા છે ? | (૩) શક્ય વસૂલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદા તથા જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે. |

--------

**સાબરકાંઠા જિલ્લામાં સંકટમોચન યોજનાની મળેલ અરજીઓ**

૧૯૯૦૮ : **શ્રી દિલિપસિંહજી પરમાર (મોડાસા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં સંકટ મોચન યોજના અન્વયે તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળી, | (૧) ૨૨૫ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, કેટલી નામંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૩૭ મંજૂર<br>૭૩ નામંજૂર |
| (૩) કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૩) રૂા. ૧૩.૩૦ લાખ |

**આણંદ જિલ્લામાં બેરોજગારોને આપેલ રોજગારી**

૧૮૭૭૦ : **શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા કુશળ અને અર્ધકુશળ બેરોજગાર ભાઈઓ તથા બહેનો રોજગાર વિનિમય કચેરીમાં નોંધાયેલ છે, | (૧) પત્રક-૧ મુજબ |
| (૨) નોંધાયેલ બેરોજગાર ભાઈઓ તથા બહેનોમાંથી કેટલાને રોજગારી આપવામાં આવી, અને | (૨) પત્રક-૨ મુજબ |
| (૩) તે પૈકી કેટલા ભાઈઓ તથા બહેનોને સરકારી, અર્ધસરકારી અને ખાનગી સંસ્થામાં નોકરી મળી? | (૩) પત્રક-૩ મુજબ |

**પત્રક-૧**

| ક્રમ | તાલુકાનું નામ | કુશળ | | | અર્ધકુશળ | | | કુલ સરવાળો |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ભાઇઓ | બહેનો | કુલ | ભાઇઓ | બહેનો | કુલ | |
| ૧ | આણંદ | ૮૭૧૬ | ૨૮૬૪ | ૧૧૫૮૦ | ૭૯૩ | ૨૬ | ૮૧૯ | ૧૨૩૯૯ |
| ૨ | ખંભાત | ૪૪૨૦ | ૧૦૭૧ | ૫૪૯૧ | ૭૮૧ | ૧૯ | ૮૦૦ | ૬૨૯૧ |
| ૩ | બોરસદ | ૩૭૭૩ | ૭૯૯ | ૪૫૭૨ | ૬૨૨ | ૧૫ | ૬૩૭ | ૫૨૦૯ |
| ૪ | પેટલાદ | ૩૮૮૦ | ૭૫૬ | ૪૬૩૬ | ૪૫૯ | ૧૪ | ૪૭૩ | ૫૧૦૯ |
| ૫ | ઉમરેઠ | ૧૮૫૧ | ૪૭૬ | ૨૩૨૭ | ૩૮૪ | ૦૯ | ૩૯૩ | ૨૭૨૦ |
| ૬ | આંકલાવ | ૯૪૫ | ૨૬૩ | ૧૨૦૮ | ૧૮૦ | ૦૩ | ૧૮૩ | ૧૩૯૧ |
| ૭ | સોજીત્રા | ૧૦૭૯ | ૨૮૦ | ૧૩૫૯ | ૧૬૪ | ૦૮ | ૧૭૨ | ૧૫૩૧ |
| ૮ | તારાપુર | ૭૩૩ | ૨૩૦ | ૯૬૩ | ૨૧૧ | ૦૩ | ૨૧૪ | ૧૧૭૭ |
| | **કુલ** | **૨૫૩૯૭** | **૬૭૩૯** | **૩૨૧૩૬** | **૩૫૯૪** | **૯૭** | **૩૬૯૧** | **૩૫૮૨૭** |

## પત્રક-૨

| ક્રમ | તાલુકાનું નામ | કુશળ | | | અર્ધકુશળ | | | કુલ સરવાળો |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ભાઇઓ | બહેનો | કુલ | ભાઇઓ | બહેનો | કુલ | |
| ૧ | આણંદ | ૩૮૮૮ | ૩૧૪ | ૪૨૦૨ | ૨૩૩ | ૦૬ | ૨૩૯ | ૪૪૪૧ |
| ૨ | ખંભાત | ૫૪૯ | ૧૫ | ૫૬૪ | ૯૦ | ૦૩ | ૯૩ | ૬૫૭ |
| ૩ | બોરસદ | ૬૧૧ | ૧૧ | ૬૨૨ | ૧૧૮ | ૦૧ | ૧૧૯ | ૭૪૧ |
| ૪ | પેટલાદ | ૬૧૩ | ૧૧ | ૬૨૪ | ૯૩ | ૦૦ | ૯૩ | ૭૧૭ |
| ૫ | ઉમરેઠ | ૨૦૯ | ૦૮ | ૨૧૭ | ૯૪ | ૦૦ | ૯૪ | ૩૧૧ |
| ૬ | આંકલાવ | ૧૪૯ | ૦૩ | ૧૫૨ | ૬૩ | ૦૦ | ૬૩ | ૨૧૫ |
| ૭ | સોજીત્રા | ૧૩૬ | ૦૪ | ૧૪૦ | ૨૨ | ૦૦ | ૨૨ | ૧૬૨ |
| ૮ | તારાપુર | ૧૬૧ | ૦૩ | ૧૬૪ | ૨૩ | ૦૦ | ૨૩ | ૧૮૭ |
| | **કુલ** | **૬૩૧૬** | **૩૬૯** | **૬૬૮૫** | **૭૩૬** | **૧૦** | **૭૪૬** | **૭૪૩૧** |

## પત્રક-૩

| અ | ક્રમ (૨) પૈકી સરકારી ક્ષેત્રમાં અપાવવામાં આવેલ નોકરી | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | તાલુકાનું નામ | કુશળ | | | અર્ધકુશળ | | | કુલ સરવાળો |
| | | ભાઇઓ | બહેનો | કુલ | ભાઇઓ | બહેનો | કુલ | |
| ૧ | આણંદ | ૩૧૨ | ૪ | ૩૧૬ | ૦ | ૦ | ૦ | ૩૧૬ |
| ૨ | ખંભાત | ૨૬ | ૦ | ૨૬ | ૦ | ૦ | ૦ | ૨૬ |
| ૩ | બોરસદ | ૧૦૯ | ૦ | ૧૦૯ | ૦ | ૦ | ૦ | ૧૦૯ |
| ૪ | પેટલાદ | ૩૯ | ૦ | ૩૯ | ૦ | ૦ | ૦ | ૩૯ |
| ૫ | ઉમરેઠ | ૨૦ | ૦ | ૨૦ | ૦ | ૦ | ૦ | ૨૦ |
| ૬ | આંકલાવ | ૨૬ | ૦ | ૨૬ | ૦ | ૦ | ૦ | ૨૬ |
| ૭ | સોજીત્રા | ૧૯ | ૦ | ૧૯ | ૦ | ૦ | ૦ | ૧૯ |
| ૮ | તારાપુર | ૧૬ | ૦ | ૧૬ | ૦ | ૦ | ૦ | ૧૬ |
| | **કુલ** | **૫૬૭** | **૪** | **૫૭૧** | **૦** | **૦** | **૦** | **૫૭૧** |

| બ | ક્રમ (૨) પૈકી અર્ધ સરકારી ક્ષેત્રમાં અપાવવામાં આવેલ નોકરી | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | તાલુકાનું નામ | કુશળ | | | અર્ધકુશળ | | | કુલ સરવાળો |
| | | ભાઇઓ | બહેનો | કુલ | ભાઇઓ | બહેનો | કુલ | |
| ૧ | આણંદ | ૨૨ | ૦ | ૨૨ | ૫ | ૦ | ૫ | ૨૭ |
| ૨ | ખંભાત | ૨ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૨ |
| ૩ | બોરસદ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૪ | પેટલાદ | ૨ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૨ |
| ૫ | ઉમરેઠ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૬ | આંકલાવ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૭ | સોજીત્રા | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૮ | તારાપુર | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| | **કુલ** | **૩૧** | **૦** | **૩૧** | **૫** | **૦** | **૫** | **૩૬** |

| ક | ક્રમ (૨) પૈકી ખાનગી ક્ષેત્રમાં અપાવવામાં આવેલ નોકરી | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | તાલુકાનું નામ | કુશળ | | | અર્ધકુશળ | | | કુલ સરવાળો |
| | | ભાઇઓ | બહેનો | કુલ | ભાઇઓ | બહેનો | કુલ | |
| ૧ | આણંદ | ૩૫૫૪ | ૩૧૦ | ૩૮૬૪ | ૨૨૮ | ૬ | ૨૩૪ | ૪૦૯૮ |
| ૨ | ખંભાત | ૫૨૧ | ૧૫ | ૫૩૬ | ૯૦ | ૩ | ૯૩ | ૬૨૯ |
| ૩ | બોરસદ | ૫૦૧ | ૧૧ | ૫૧૨ | ૧૧૮ | ૧ | ૧૧૯ | ૬૩૧ |
| ૪ | પેટલાદ | ૫૭૨ | ૧૧ | ૫૮૩ | ૯૩ | ૦ | ૯૩ | ૬૭૬ |
| ૫ | ઉમરેઠ | ૧૮૮ | ૮ | ૧૯૬ | ૯૪ | ૦ | ૯૪ | ૨૯૦ |
| ૬ | આંકલાવ | ૧૨૨ | ૩ | ૧૨૫ | ૬૩ | ૦ | ૬૩ | ૧૮૮ |
| ૭ | સોજીત્રા | ૧૧૬ | ૪ | ૧૨૦ | ૨૨ | ૦ | ૨૨ | ૧૪૨ |
| ૮ | તારાપુર | ૧૪૪ | ૩ | ૧૪૭ | ૨૩ | ૦ | ૨૩ | ૧૭૦ |
| | **કુલ** | **૫૭૧૮** | **૩૬૫** | **૬૦૮૩** | **૭૩૧** | **૧૦** | **૭૪૧** | **૬૮૨૪** |

--------

## અમરેલી જિલ્લામાં વેટની થયેલ આવક

**૧૯૭૮૯ : શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લાની ૨૦૧૦ના વર્ષની સેલટેક્ષ/વેટની કેટલી આવક થઈ,

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૩) બાકી રકમ વસૂલ કરવા શાં પગલાં લેવામાં આવ્યા છે?

**જવાબ**

(૧) રૂ. ૨૩૪.૨૮ કરોડ (ગ્રોસ) (પ્રોવિઝનલ)

(૨) રૂ. ૦.૦૯ કરોડ

(૩) શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદા તથા જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે.

**મહેસાણા જિલ્લામાં યોજેલ ઓદ્યોગિક ભરતી મેળાઓ**

૧૯૮૩૩ : **શ્રી અનિલભાઈ પટેલ (મહેસાણા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન કેટલા ઓદ્યોગિક ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૩૦ |
| (૨) આ ઓદ્યોગિક ભરતી મેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી મળી? | (૨) ૨૦૫૧ |

--------

**રાજ્ય સરકાર દ્વારા જામીનગીરી અન્વયે મેળવેલ રકમ**

૧૭૯૮૨ : **શ્રી માનસિંહ ચૌહાણ (બાલાસિનોર) : માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૦-૧૧ ની રાજ્યની બજેટરી યોજનાના અમલીકરણ માટે રાજ્યના નાણા વિભાગે તા. ૩૧-૧૨-૧૦ સુધીમાં જામીનગીરી ગીરવે મૂકીને બજારમાંથી કેટલી રકમ મેળવી, | (૧) શૂન્ય |
| (૨) આ જામીનગીરી કોની પાસે ગીરવે મૂકવામાં આવી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ રીતે મેળવેલ રકમ ઉપર કેટલા ટકા વ્યાજ આપવાનું થાય છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**સુરેન્દ્રનગર જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂં યોજનાની મળેલ અરજીઓ**

૧૯૮૧૦ : **શ્રીમતી વર્ષાબેન ન.દોશી (વઢવાણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ સુરેન્દ્રનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ માં તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં કેટલી અરજીઓ મળી, અને

(૨) તે પેકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી?

**જવાબ**

(૧)

| | ૨૦૦૯-૨૦૧૦ | ૨૦૧૦-૨૦૧૧ |
|---|---|---|
| અનુ.જાતિ | ૧૧૫ | ૧૩૩ |
| વિકસતી જાતિ | ૩૨૪ | ૨૪૯ |
| **કુલ** | **૪૩૯** | **૩૮૨** |

(૨)

| | ૨૦૦૯-૨૦૧૦ | ૨૦૧૦-૨૦૧૧ |
|---|---|---|
| અનુ.જાતિ | ૧૦૮ | ૧૧૩ |
| વિકસતી જાતિ | ૨૮૯ | ૨૧૮ |
| **કુલ** | **૩૯૭** | **૩૩૧** |

**વડોદરા જિલ્લામાં વિકલાંગોને આપેલ સહાય પાછળ થયેલ ખર્ચ**

૧૯૧૩૪ : **શ્રી મોહનસિંહ છો.રાઠવા (પાવી-જેતપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં તાલુકાવાર સમાજ સુરક્ષા ખાતામાં કેટલા વિકલાંગો નોંધાયેલા છે,

**જવાબ**

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | કુલ વિકલાંગો |
|---|---|---|
| ૧ | વડોદરા | ૭૭૨૧ |
| ૨ | પાદરા | ૧૨૯૩ |
| ૩ | કરજણ | ૪૬૪ |
| ૪ | સાવલી | ૬૯૫ |
| ૫ | શિનોર | ૨૪૬ |
| ૬ | ડભોઈ | ૩૮૮ |
| ૭ | વાઘોડિયા | ૪૦૮ |
| ૮ | સંખેડા | ૪૫૦ |
| ૯ | નસવાડી | ૧૩૭ |
| ૧૦ | ક્વાંટ | ૪૩૪ |

| | | |
|---|---|---|
| ૧૧ | છોટાઉદેપુર | ૩૫૮ |
| ૧૨ | જેતપુર પાવી | ૫૦૪ |
| કુલ | | ૧૩૦૯૮ |

(૨) આ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલાને ક્યા પ્રકારની સાધન સહાય આપવામાં આવી, અને

(૨)

| અ.નં. | સાધનનો પ્રકાર | વિકલાંગોની સંખ્યા |
|---|---|---|
| ૧ | બે પૈડાવાળી સાયકલ | ૧૬૯ |
| ૨ | સંગીતના સાધનો | ૦૧ |
| ૩ | એમ્બ્રોયડરી મશીન | ૦૩ |
| ૪ | ટ્રાયસીકલ | ૬૮ |
| ૫ | શિવણ મશીન | ૫૦ |
| ૬ | હાથલારી | ૬૬ |
| ૭ | એમ.આર.કીટ | ૧૧૧ |
| કુલ | | ૪૬૮ |

(૩) આ સહાય પાછળ કુલ કેટલો ખર્ચ થયો?

(૩) રૂા. ૮,૮૯,૪૦૦/- (અંકે રૂપિયા આઠ લાખ નેવ્યાંસી હજાર ચારસો પૂરા).

--------

**ગાંધીનગર જિલ્લામાં વિદેશ અભ્યાસની મળેલ અરજીઓ**

૧૯૭૯૪ **: શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વિદેશ અભ્યાસ માટે લોન યોજના હેઠળ ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં કેટલી અરજીઓ મળી, | (૧) ૨૫. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૦. |
| (૩) કેટલી અરજીઓમાં લોન ચૂકવવામાં આવી? | (૩) ૨૦. |

--------

**વડોદરા જિલ્લામાં શ્રમયોગીઓને બોનસની ચૂકવણી**

૧૯૮૩૬ **: શ્રી મધુભાઈ બા. શ્રીવાસ્તવ (વાઘોડિયા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વડોદરા જિલ્લાની કેટલી સંસ્થાના શ્રમયોગીઓને વર્ષ ૨૦૧૦માં બોનસની ચૂકવણી કરવામાં આવી, અને | (૧) ૬૮૯. |
| (૨) કેટલા શ્રમયોગીઓને કેટલી રકમની બોનસની ચૂકવણી કરવામાં આવી? | (૨) ૬૨૩૮૬ શ્રમયોગીઓને રૂા. ૪૦,૯૬,૯૦,૩૨૯/ ની ચૂકવણી કરવામાં આવી. |

--------

**કચ્છ જિલ્લામાં બેરોજગારોને રોજગારી**

૧૯૮૨૭ **: શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી (મુંદ્રા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કચ્છ જિલ્લાની રોજગાર વિનિમય કચેરીમાં વર્ષ : ૨૦૧૦માં કેટલા બેરોજગાર ઉમેદવારોની નોંધણી થયેલ હતી, અને | (૧) ૧૮૮૯૪. |
| (૨) નોંધણી થયેલ ઉમેદવારો પૈકી કેટલા ઉમેદવારોને રોજગારી મળી? | (૨) ક્રમ (૧) પૈકી ૪૩૪૮ ઉમેદવારોને રોજગારી મળી. |

### ડ્રાઈવીંગ કરતા વાહનચાલકો દ્વારા મોબાઈલ પર થતી વાતો સામે પગલાં

**૧૯૧૭૦ : શ્રી ભગવાનભાઈ ધા.બારડ (તાલાલા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ રાજ્યમાં ચાલુ વાહનોએ ડ્રાઈવીંગ કરતા કરતા મોબાઈલ પર વાત કરતા લોકોને રોકવા માટે કોઈ જોગવાઈ અમલમાં છે કે કેમ, તેની વિગતો શી છે, અને | (૧) હા, ચાલુ વાહનોએ ડ્રાઈવીંગ કરતાં કરતાં મોબાઈલ પર વાત કરતા લોકોને રોકવા માટે સેન્ટ્રલ મોટર વ્હીકલ્સ રૂલ્સ, ૧૯૮૯ના નિયમ-૨૧ (૨૫)માં લાયસન્સ ગેરલાયક ઠરાવવા અંગેની જોગવાઈ કરવામાં આવી છે તેમજ મોટર વાહન કાયદો-૧૯૮૮ની કલમ-૧૭૭ અને ગુજરાત મોટર વાહન નિયમોના નિયમ-૧૭૦ (એ) હેઠળ દંડની જોગવાઈ કરેલ છે. |
| (૨) અકસ્માતો નિવારવા અંગે ચાલુ વાહને ડ્રાઈવીંગ કરતા કરતા મોબાઈલ પર વાતો કરતાં વાહનચાલકો સામે સરકાર વધુ સખ્તાઈથી પગલાં ભરવા માંગે છે કે કેમ? | (૨) હા. |

### પાટણ જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજનાની મળેલ અરજીઓ

**૧૯૮૧૭ : શ્રી રજનીકાન્ત સો.પટેલ (ચાણસ્મા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના અન્વયે તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૨૦૧૧ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, | (૨) ૧૫૦૮ |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે; અને | (૩) ૪૨૪ |
| (૪) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૪) રૂા. ૨૨,૯૩,૨૦૦ |

### ભરૂચ જિલ્લાની આઈ.ટી.આઈ. સંસ્થાઓના ટ્રેડ

**૧૮૯૮૮ : શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં તાલુકાવાર સરકાર માન્ય અને ખાનગી આઈ.ટી.આઈ. કેટ કેટલી કાર્યરત છે,

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | સરકારી આઈ.ટી.આઈ. | ગ્રાન્ટ ઈન એઈડ | સ્વનિર્ભર કેન્દ્ર | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | આમોદ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૨ |
| ૨ | અંકલેશ્વર | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૨ |
| ૩ | ભરૂચ | ૦૧ | ૦૧ | ૦૪ | ૦૬ |
| ૪ | હાંસોટ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૨ |
| ૫ | જંબુસર | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૨ |
| ૬ | વાગરા | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૩ |
| ૭ | વાલીયા | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૮ | ઝગડીયા | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ |
| | **કુલ :** | **૦૮** | **૦૫** | **૦૬** | **૧૯** |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) કઈ આઈ.ટી.આઈ. માં ક્યા વર્ગો -ટ્રેડ ચલાવવામાં આવે છે, અને | (૨) ***પત્રક** સામેલ છે. |
| (૩) ઉદ્યોગોની જરૂરિયાત મુજબના ટ્રેડ ચલાવવા આ સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોઈ રીવ્યુ કરવામાં આવેલ છે કે કેમ ? | (૩) ના, જી. |

## પત્રક
## ભરૂચ જિલ્લામાં કાર્યરત સરકારી ઓદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં ચાલતા ટ્રેડની વિગત

| ક્રમ | તાલુકાનું નામ | ક્રમ | આઈ.ટી.આઈ. નું નામ | ચાલતા વ્યવસાયો |
|---|---|---|---|---|
| ૧ | આમોદ | ૧ | આમોદ | કોમ્પ્યુટર ઓપરેટર ક્મ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ |
| | | | | ઈલેક્ટ્રીકશીયન |
| | | | | ફીટર |
| | | | | વેલ્ડર |
| ૨ | અંકલેશ્વર | ૨ | અંકલેશ્વર | આર્મેચર મોટર રીવાઈન્ડીંગ |
| | | | | આર્મેચર મોટર રીવાઈન્ડીંગ (ટ્રાયબલ) |
| | | | | એટેન્ડન્ટ ઓપરેટર (કેમીકલ પ્લાન્ટ) |
| | | | | એટેન્ડન્ટ ઓપરેટર (કેમીકલ પ્લાન્ટ) (માઈનોરીટી) |
| | | | | સર્ટીફીકેટ કોર્સ ઈન કોમ્પ્યુટર એડેડ ડીઝાઈન એન્ડ ઓટોકેડ-૨૦૦૦ |
| | | | | સર્ટીફીકેટ કોર્સ ઈન ઈ-કોમર્સ |
| | | | | સર્ટીફીકેટ કોર્સ ઈન સોફ્ટવેર પ્રોગ્રામીંગ |
| | | | | સીઓઈ કેમીકલ (બીબીબીટી) |
| | | | | સીઓઈ એડવાન્સ એટેન્ડન્ટ ઓપરેટર |
| | | | | સીઓઈ એડવાન્સ ઇન્સ્ટ્રુમેન્ટ મીકેનીક |
| | | | | સીઓઈ એડવાન્સ મેન્ટેનન્સ મીકેનીક |
| | | | | કોમ્પ્યુટર ઓપરેટર ક્મ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ |
| | | | | કોમ્પ્યુટર ઓપરેટર ક્મ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ (ટ્રાયબલ) |
| | | | | કટીંગ એન્ડ સુઈંગ (ટ્રાયબલ) |
| | | | | ડ્રાફ્ટસમેન સીવીલ |
| | | | | ડ્રાફ્ટસમેન સીવીલ (ટ્રાયબલ) |
| | | | | ડ્રાફ્ટસમેન મીકેનીક |
| ૨ | અંકલેશ્વર | ૨ | અંકલેશ્વર | ઈલેક્ટ્રીશીયન |
| | | | | ઈલેક્ટ્રીશીયન (ટ્રાયબલ) |
| | | | | ઈલેક્ટ્રોકનિક્સ મીકેનીક (ટ્રાયબલ) |
| | | | | ફીટર |
| | | | | ફીટર (ટ્રાયબલ) |
| | | | | ઈન્ફોરમેશન ટેકનોલોજી એન્ડ ઈલેક્ટ્રોનિક્સ સીસ્ટમ મેન્ટેનન્સ |
| | | | | ઈન્સ્ટ્રુમેન્ટ મીકેનીક |
| | | | | ઈન્સ્ટ્રુમેન્ટ મીકેનીક (કેમીકલ પ્લાન્ટ) |
| | | | | ઈન્સ્ટ્રુમેન્ટ મીકેનીક (કેમીકલ પ્લાન્ટ) (ટ્રાયબલ) |
| | | | | ઈન્સ્ટ્રુમેન્ટ મીકેનીક (ટ્રાયબલ) |
| | | | | લેબોરેટરી આસીસ્ટન્ટ (કેમીકલ પ્લાન્ટ) |
| | | | | લેબોરેટરી આસીસ્ટન્ટ (કેમીકલ પ્લાન્ટ)(માઈનોરીટી) |
| | | | | લેબોરેટરી આસીસ્ટન્ટ (કેમીકલ પ્લાન્ટ) (ટ્રાયબલ) |
| | | | | મશીનીષ્ટ |
| | | | | મશીનીષ્ટ (ટ્રાયબલ) |
| | | | | મશીનીષ્ટ (ગ્રાઈન્ડર) (ટ્રાયબલ) |
| | | | | મીકેનીક ડીઝલ (ટ્રાયબલ) |
| | | | | મીકેનીક મેન્ટેનન્સ (કેમીકલ પ્લાન્ટ) |
| | | | | મીકેનીક મોટર (વ્હીકલ) |
| | | | | પ્લમ્બર |
| | | | | પ્લમ્બર (ટ્રાયબલ) |
| ૨ | અંકલેશ્વર | ૨ | અંકલેશ્વર | રેફ્રિજરેશન એન્ડ એરકન્ડીશનીંગ મીકેનીક |
| | | | | સર્વેયર |
| | | | | સર્વેયર (ટ્રાયબલ) |
| | | | | ટર્નર |

| ક્રમ | તાલુકાનું નામ | ક્રમ | આઈ.ટી.આઈ. નું નામ | ચાલતા વ્યવસાયો |
|---|---|---|---|---|
| | | | | ટર્નર (ટ્રાયબલ) |
| | | | | ટુ વ્હીલર રીપેરર (ઓટો) |
| | | | | ટુ વ્હીલર રીપેરર (ઓટો) (ટ્રાયબલ) |
| | | | | વેલ્ડર |
| | | | | વેલ્ડર (ટ્રાયબલ) |
| | | | | વેલ્ડર કમ ફેબ્રીકેટર |
| | | | | વેલ્ડર કમ ફેબ્રીકેટર (ટ્રાયબલ) |
| | | | | વાયરમેન |
| | | | | વાયરમેન (ટ્રાયબલ) |
| ૩ | ભરૂચ | ૩ | ભરૂચ | આર્મેચર મોટર રીવાઈન્ડીંગ |
| ૩ | ભરૂચ | ૩ | ભરૂચ | કોમ્પ્યુટર ઓપરેટર કમ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ |
| | | | | કટીંગ એન્ડ સુઈંગ |
| | | | | ઈલેક્ટ્રીશીયન |
| | | | | ફીટર |
| | | | | પ્લમ્બર |
| | | | | વેલ્ડર |
| | | | | વાયરમેન |
| ૪ | વાગરા | ૪ | દહેજ | કોમ્પ્યુટર ઓપરેટર કમ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ |
| | | | | ઈલેક્ટ્રીશીયન |
| | | | | ફીટર |
| | | | | મરીન એન્જીનીયરીંગ ટેક્નીશીયન |
| | | | | વેલ્ડર |
| ૫ | હાંસોટ | ૫ | હાંસોટ | કોમ્પ્યુટર ઓપરેટર કમ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ |
| | | | | ઈલેક્ટ્રીકશીયન |
| | | | | ફીટર |
| | | | | વેલ્ડર |
| ૬ | વાગરા | ૬ | વાગરા | કોમ્પ્યુટર ઓપરેટર કમ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ |
| | | | | ઈલેક્ટ્રીશીયન |
| | | | | મરીન એન્જીનીયરીંગ ટેક્નીશીયન |
| | | | | વેલ્ડર |
| ૭ | વાલીયા | ૭ | વાલીયા | આર્મેચર મોટર રીવાઈન્ડીંગ (ટ્રાયબલ) |
| | | | | સીઓઈ કેમીકલ (બીબીવીટી) |
| | | | | કોમ્પ્યુટર ઓપરેટર કમ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ (ટ્રાયબલ) |
| | | | | ઈલેક્ટ્રીશીયન (ટ્રાયબલ) |
| | | | | ફીટર (ટ્રાયબલ) |
| | | | | મશીનીષ્ટ (ટ્રાયબલ) |
| | | | | મીકેનીક ડીઝલ (ટ્રાયબલ) |
| | | | | રેફ્રીજરેશન એન્ડ એરકન્ડીશનીંગ મીકેનીક (ટ્રાયબલ) |
| | | | | ટુ વ્હીલર રીપેરર(ઓટો) (ટ્રાયબલ) |
| | | | | વેલ્ડર (ટ્રાયબલ) |
| | | | | વાયરમેન (ટ્રાયબલ) |
| ૮ | ઝઘડીયા | ૮ | ઝઘડીયા | આર્મેચર મોટર રીવાઈન્ડીંગ (ટ્રાયબલ) |
| | | | | કોમ્પ્યુટર ઓપરેટર કમ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ (ટ્રાયબલ) |
| | | | | ઈલેક્ટ્રીશીયન (ટ્રાયબલ) |
| | | | | ફીટર (ટ્રાયબલ) |
| | | | | વેલ્ડર (ટ્રાયબલ) |
| | | | | વાયરમેન (ટ્રાયબલ) |

--------

## રાજકોટ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના અન્વયે ચૂકવવાની બાકી સહાય

**૧૯૪૭૦ : શ્રી મહંમદ જાવેદ પીરઝાદા (વાંકાનેર ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લાના ક્યા ક્યા તાલુકામાં કુંવરબાઈનું મામેરું યોજનાના લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવાની બાકી છે, અને

(૨) આ બાકી સહાય (સરકાર) ક્યારે ચૂકવવા માગે છે ?

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | સહાય ચૂકવવાની બાકી લાભાર્થીની સંખ્યા | ચૂકવવાની બાકી સહાય રૂપિયા |
|---|---|---|
| રાજકોટ | ૧ | ૫,૦૦૦/- |
| ધોરાજી | ૩ | ૧૫,૦૦૦/- |
| મોરબી | ૧ | ૫,૦૦૦/- |
| જામકંડોરણા | ૧ | ૫,૦૦૦/- |
| ગોંડલ | - | - |
| કોટડા સાંગાણી | - | - |
| જસદણ | ૨ | ૧૦,૦૦૦/- |
| માળીયા મીયાણા | - | - |
| જેતપુર | - | - |
| ઉપલેટા | - | - |
| વાંકાનેર | - | - |
| લોધિકા | ૨ | ૧૦,૦૦૦/- |
| પડધરી | - | - |
| ટંકારા | ૧ | ૫,૦૦૦/- |
| કુલ | ૧૧ | ૫૫,૦૦૦/- |

(૨) ટુંક સમયમાં

--------

## અમદાવાદ જિલ્લામાં સરકારી આઈ.ટી.આઈ. શરૂ કરવા કરેલ આયોજન

**૧૯૭૭૬ : શ્રી કમાભાઈ ગ.રાઠોડ (વિરમગામ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લાના કેટલા તાલુકાઓમાં ક્યા સ્થળે સરકારી આઈ.ટી.આઈ. કાર્યરત છે,

(૨) મંજૂર થયેલ સરકારી આઈ.ટી.આઈ. માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલા તાલીમાર્થીઓ ની બેઠક મંજૂર થયેલ છે,

(૩) જે તાલુકામાં સરકારી આઈ.ટી.આઈ. નથી ત્યાં ગ્રાન્ટ ઈન એઈડ ઓદ્યોગિક તાલિમ કેન્દ્ર/સ્વનિર્ભર તાલિમ કેન્દ્ર છે કે કેમ, અને

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | આઈ.ટી.આઈ. નું સ્થળ |
|---|---|---|
| ૧ | અમદાવાદ (સીટી) | કુબેરનગર |
| | | સરસપુર |
| | | મણિનગર |
| ૨ | બરવાળા | બરવાળા |
| ૩ | દશક્રોઈ | સરખેજ |
| | | થલતેજ |
| ક્રમ | તાલુકાનું નામ | આઈ.ટી.આઈ. નું સ્થળ |
| ૪ | દેત્રોજ (રામપુર) | દેત્રોજ (રામપુર) |
| ૫ | ધોળકા | ધોળકા |
| ૬ | સાણંદ | સાણંદ |
| ૭ | વિરમગામ | વિરમગામ |
| ૮ | ધંધુકા | ધંધુકા |

(૨)

| ક્રમ | આઈ.ટી.આઈ.નું સ્થળ | તાલીમાર્થીઓની મંજૂર બેઠકો |
|---|---|---|
| ૧ | કુબેરનગર | ૩૧૧૨ |
| ૨ | સરસપુર | ૧૨૧૬ |
| ૩ | મણિનગર | ૮૯૬ |
| ૪ | બરવાળા | ૧૨૮ |
| ૫ | સરખેજ | ૧૬૭૨ |
| ૬ | થલતેજ | ૧૮૦ |
| ૭ | દેત્રોજ (રામપુર) | ૧૨૮ |
| ૮ | ધોળકા | ૧૮૪ |
| ૯ | સાણંદ | ૧૮૦ |
| ૧૦ | વિરમગામ | ૨૦૦ |
| ૧૧ | ધંધુકા | ૧૮૪ |

(૩) (૧) બાવળા (૨) માંડલ તાલુકામાં ગ્રાન્ટ ઈન એઈડ ઓદ્યોગિક તાલિમ કેન્દ્ર/સ્વનિર્ભર તાલીમ કેન્દ્ર છે. જ્યારે (૧) રાણપુર તાલુકામાં ગ્રાન્ટ ઈન એઈડ ઓદ્યોગિક તાલીમ કેન્દ્ર/સ્વનિર્ભર તાલીમ કેન્દ્ર નથી.

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૪) જે તાલુકામાં સરકારી આઈ.ટી.આઈ. નથી ત્યાં આઈ.ટી.આઈ. શરૂ કરવા માટેનું કોઈ આયોજન કરેલ છે કે કેમ ? | (૪) હા, જી. |

### રાજકોટ જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજનાની મળેલ અરજીઓ

૧૯૮૦૩ **: શ્રીમતી ભાનુબેન મ.બાબરીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ રાજકોટ જિલ્લામાં વર્ષ-૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં કેટલી અરજીઓ મળી, અને | (૧) ૯૬૬. |
| (૨)તે પેકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી? | (૨) ૮૦૯. |

### મહેસાણા જિલ્લામાં સરસ્વતી સાધના યોજનાની મળેલ અરજીઓ

૧૯૮૦૯ **: શ્રીમતી જશોદાબેન પરમાર (જોટાણા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરસ્વતી સાધના યોજના હેઠળ મહેસાણા જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં કેટલી અરજીઓ મળી, | (૧) ૧૪૭૦. |
| (૨) તે પેકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૩૯૯. |
| (૩) કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂા. ૨૯,૩૯,૦૭૫/-. |

### છાત્રાલયોના મકાન પાછળ કરેલ ખર્ચ

૧૯૨૯૦ **: શ્રી મણીભાઈ દે.પટેલ (કપડવંજ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કેન્દ્ર સરકાર દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં બક્ષીપંચ અને અનુ.જાતિના કુમાર-કન્યા છાત્રાલયો અને આદર્શ નિવાસી શાળાઓના મકાનના બાંધકામ પેટે કેટલી રકમ ફાળવવામાં આવી, અને | (૧) બક્ષીપંચના કુમાર/કન્યા છાત્રાલયો માટે કુલ રૂા. ૬૮૦.૦૦ લાખ ફાળવવામાં આવેલ છે. આદર્શ નિવાસી શાળાઓના મકાન બાંધકામ પેટે કોઈ રકમ ફાળવવામાં આવેલ નથી.<br>અનુસૂચિત જાતિના કુમાર/કન્યા છાત્રાલયો અને આદર્શ નિવાસી શાળાઓના મકાન માટે કુલ રૂા. ૪૬૫.૯૨ લાખ ફાળવવામાં આવેલ છે. |
| (૨) આ કામે રાજ્ય સરકારનો નાણાકીય ફાળો કેટલો છે? | (૨) બક્ષીપંચ માટે કુમાર/કન્યા છાત્રાલયોના મકાન બાંધકામ માટે ૫૦% ફાળો છે.<br>અનુસૂચિત જાતિના કુમાર છાત્રાલયના મકાન બાંધકામ માટે ૫૦% અને કન્યા છાત્રાલયના મકાન બાંધકામ માટે કેન્દ્ર સરકાર ૧૦૦% ગ્રાન્ટ ફાળવતી હોઈ રાજ્ય સરકારે કોઈ ફાળો આપવાનો રહેતો નથી. |

### અમદાવાદ જિલ્લામાં મફત તબીબી સહાય યોજનાના લાભાર્થીઓ

૧૯૮૧૧ **: શ્રી કાંતિલાલ રા. લકુમ (બાવળા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મફત તબીબી સહાય યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં કેટલા દર્દી માટે વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં સહાય મંજૂર કરવામાં આવી, અને | (૧) ૨૭૩૩. |
| (૨) તેમાં કેટલી રકમ ચૂકવવામાં આવી? | (૨) **ÚU** ૭૪.૫૮ લાખ. |

**ભાવનગર જિલ્લામાં ડૉ. આંબેડકર આવાસ યોજનાની મળેલ અરજીઓ**

૧૭૭૧૮ : **શ્રી કેશુભાઈ નાકરાણી (શિહોર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં ડૉ. આંબેડકર આવાસ યોજના હેઠળ કેટલી અરજીઓ આવેલ છે, | (૧) ૧૧૩૭. |
| (૨) આવેલ અરજીઓમાંથી કેટલી અરજીઓ મંજૂર કરેલ છે, કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે, અને | (૨) ૭૧૭ અરજીઓ મંજૂર કરેલ છે, અને લાભાર્થીઓને રૂા. ૨,૨૦,૪૪,૫૦૦/-ની સહાય ચૂકવવામાં આવેલ છે. |
| (૩) આવેલ અરજીઓમાં કેટલી અરજીઓમાં સહાય ચૂકવવાની બાકી છે? | (૩) મંજૂર કરવાપાત્ર કોઈ અરજીમાં સહાય ચૂકવવાની બાકી નથી. |

**અમરેલી જિલ્લામાં નોંધાયેલ બેરોજગારો**

૧૯૭૫૦ : **શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ અમરેલી જિલ્લાના રોજગાર વિનિમય કચેરીમાં વર્ષ ૨૦૦૯ અને ૨૦૧૦માં કુલ કેટલા નામો નોંધાયેલા છે, અને

(૨) આ સ્થિતિએ કેટલા બેરોજગાર યુવાનોને રોજગારી મળી છે?

**જવાબ**

(૧)

| | |
|---|---|
| તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ નોંધાયેલ બેરોજગારોની સંખ્યા-૨૪,૫૧૧ | તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ નોંધાયેલ બેરોજગારોની સંખ્યા-૨૪,૯૦૦ |

(૨)

| | | |
|---|---|---|
| વર્ષ ૨૦૦૯માં (તા.૧-૧-૨૦૦૯ થી તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં) બેરોજગાર યુવાનોને મળેલ રોજગારીની સંખ્યા-૧૮૮૩ | વર્ષ ૨૦૧૦માં (તા.૧-૧-૨૦૧૦ થી તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં) બેરોજગાર યુવાનોને મળેલ રોજગારીની સંખ્યા-૧૮૬૩ | |

--------

**અમદાવાદ જિલ્લામાં ટ્યુશન સહાય યોજનાની મળેલ અરજીઓ**

૧૯૮૦૦ : **શ્રી ભરત બારોટ (દરિયાપુર-કાઝીપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ટ્યુશન સહાય યોજનામાં અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧ માં તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં અનુસૂચિત જાતિ માટેની કેટલી અરજીઓ મળી, | (૧) ૩૪૨. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૦૭. |
| (૩) કેટલી અરજીઓમાં સહાય ચૂકવવામાં આવી ? | (૩) ૧૫૭. |

--------

**વડોદરા જિલ્લામાં આવાસો બનાવવાનું આયોજન**

૧૯૫૬૧ **: શ્રી ચંદુભાઈ મો.ડાભી (કરજણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડૉ. આંબેડકર આવાસ યોજના હેઠળ વડોદરા જિલ્લામાં તાલુકાવાર કેટલા આવાસો બનાવવાનું આયોજન હતું.

(૨) તેની સામે કેટલા આવાસો તા. ૩૧-૧-૨૦૧૧ સુધીમાં બનાવ્યા અને લાભાર્થીને ફાળવવામાં આવ્યા, અને

(૩) બાકીના આવાસો ક્યારે પૂરા કરી લાભાર્થીઓને ક્યારે સોંપવામાં આવશે ?

**જવાબ**

(૧) ડૉ.આંબેડકર આવાસ યોજના હેઠળ કેલેન્ડર વર્ષ મુજબ નહીં, પરંતુ નાણાંકીય વર્ષ મુજબ લક્ષ્યાંક ફાળવવામાં આવે છે. વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ના લક્ષ્યાંક નું પત્રક સામેલ છે.

(૨) ડૉ.આંબેડકર આવાસ યોજના હેઠળ લાભાર્થીને આવાસ બનાવવા માટે સહાય આપવામાં આવે છે.

તા. ૩૧-૧-૨૦૧૧ સુધીમાં કુલ ૫૧૨ અરજીઓ મંજુર કરવામાં આવેલ છે.

(૩) આ યોજના હેઠળ લાભાર્થી પોતે મકાન બનાવતા હોઈ, મકાન સોંપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક**

| ક્રમ | તાલુકાનું નામ | લક્ષ્યાંક ૨૦૦૯-૧૦ | લક્ષ્યાંક ૨૦૧૦-૧૧ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | વડોદરા | ૮૬ | ૬૭ |
| ૨ | ડભોઈ | ૪૫ | ૩૧ |
| ૩ | સાવલી | ૫૮ | ૪૦ |
| ૪ | છોટાઉદેપુર | ૨૬ | ૨૦ |
| ૫ | પાદરા | ૬૫ | ૪૬ |
| ૬ | કરજણ | ૪૭ | ૩૪ |
| ૭ | વાઘોડીયા | ૨૫ | ૧૬ |
| ૮ | સિનોર | ૨૦ | ૧૩ |
| ૯ | સંખેડા | ૨૩ | ૧૪ |
| ૧૦ | જેતપુર પાવી | ૨૨ | ૧૪ |
| ૧૧ | નસવાડી | ૭ | ૪ |
| ૧૨ | ક્વાંટ | ૧૬ | ૧૧ |

--------

**રાજ્ય સરકાર દ્વારા બજારમાંથી લીધેલ લોન**

૧૯૧૪૨ **: શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧૫-૦૧-૨૦૧૧ની સ્થિતિએ સન ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ના વર્ષમાં વિકાસ/વાર્ષિક કામો પૂર્ણ કરવા રાજ્ય સરકારે બજારમાંથી કેટલી રકમની લોન તેની જામીનગીરીઓ હરાજીથી ગીરવે મૂકી મેળવી, અને

(૨) આ મેળવેલ લોન ઉપર કેટલા ટકા લેખે કેટલું વ્યાજ કેટલા વર્ષમાં ચૂકવવાનું થશે ?

**જવાબ**

(૧) શૂન્ય.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી..

**અમદાવાદ જિલ્લામાં મરણોત્તર સહાય યોજના અન્વયે સહાય**

૧૯૮૦૪ **: શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

મરણોત્તર સહાય યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં અનુસૂચિત જાતિના લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) રૂા. ૬૧.૨૩ લાખ.

## વડોદરા જિલ્લામાં લઘુત્તમ વેતન ભંગના મળેલ કિસ્સાઓ

**૧૯૮૨૧ : શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ (વડોદરા (ગ્રામ્ય) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં ૨૦૧૦ના વર્ષમાં લઘુત્તમ વેતન કરતા ઓછા વેતનની ચૂકવણી કરવામાં આવતી હોય તેવા કેટલા કિસ્સા જિલ્લા શ્રમ આયુક્તશ્રીની કચેરીના ધ્યાન ઉપર આવ્યા, | (૧) ૨૪ (ચોવીસ). |
| (૨) તે પૈકી કેટલા ઓદ્યોગિક શ્રમયોગીઓને લઘુત્તમ વેતનની ચૂકવણી કરવામાં આવી, અને | (૨) ૯૫૯. |
| (૩) કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી ? | (૩) રૂા. ૯,૦૩,૧૭૯/-(અંકે રૂપિયા નવ લાખ ત્રણ હજાર એક્સો ઓગણએંસી પૂરા). |

--------

## વિકલાંગોના પુનઃવસન પાછળ કરેલ ખર્ચ

**૧૯૧૭૭ : શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય સામજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેન્દ્ર સરકાર તરફથી છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં વિકલાંગોને કૃત્રિમ અવયવો માટે અને વિકલાંગોના પુનઃવસન માટે કેટ કેટલી રકમ ફાળવવામાં આવી, અને | (૧) ભારત સરકાર તરફથી રાજ્ય સરકારને કોઈ રકમ ફાળવવામાં આવતી નથી ભારત સરકાર સીધા જ સ્વેચ્છિક સંસ્થાઓને રકમ ફાળવે છે. |
| (૨) આ કામ માટે રાજ્ય સરકારનો નાણાકીય ફાળો કેટલો છે? | (૨) સંપૂર્ણ ભારત સરકારની યોજના હોઈ રાજ્ય સરકાર તરફથી રકમ ફાળવવાની રહેતી નથી. |

## રાજ્ય સરકારનું માથાદીઠ દેવું

**૧૭૭૦૦ : શ્રી સિધ્ધાર્થભાઈ પટેલ (ડભોઈ) : માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રાજ્યનું કૂલ માથાદીઠ દેવું કેટલું, અને | (૧) ₹ ૧૮૬૦૫ (અંદાજીત) |
| (૨) આ સ્થિતિએ ગત વર્ષમાં માથાદીઠ દેવામાં કેટલો વધારો થયો છે? | (૨) ₹ ૧૫૪૦ (અંદાજીત) |

## જૂનાગઢ જિલ્લામાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજનાની મળેલ અરજીઓ

**૧૮૮૫૭ : શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ આવાસ મેળવવા માટે કેટલી અરજીઓ આવી,

**જવાબ**

(૧) અને (૨)

| અ.નં. | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | મંજુર અરજીઓ | નામંજુર અરજીઓ |
|---|---|---|---|---|
| ૧ | જૂનાગઢ | ૨૩૮ | ૨૦૬ | ૨૭ |
| ૨ | વેરાવળ | ૪૧૯ | ૩૫૬ | ૬૨ |

(૨) તેમાંથી કેટલી મંજૂર થઈ કેટલી નામંજૂર થઈ અને

| | | | | |
|---|---|---|---|---|
| ૩ | તાલાળા | ૩૨૨ | ૧૯૨ | ૮૪ |
| ૪ | કેશોદ | ૯૧ | ૭૩ | ૧૮ |
| ૫ | મેંદરડા | ૭૪ | ૫૪ | ૨૦ |
| ૬ | માણાવદર | ૧૭૧ | ૧૫૪ | ૧૭ |
| ૭ | ઉના | ૧૫૭ | ૯૪ | ૬૩ |
| ૮ | સુત્રાપાડા | ૯૨ | ૩૭ | ૫૫ |
| ૯ | ભેંસાણ | ૫૬ | ૩૫ | ૨૧ |
| ૧૦ | વંથલી | ૧૫૭ | ૧૩૪ | ૨૩ |
| ૧૧ | માંગરોળ | ૧૪૧ | ૧૧૬ | ૨૫ |
| ૧૨ | માળીયા (હા) | ૩૧૫ | ૨૪૫ | ૭૦ |
| **અ.નં.** | **તાલુકાનું નામ** | **મળેલ અરજીઓ** | **મંજુર અરજીઓ** | **નામંજુર અરજીઓ** |
| ૧૩ | વિસાવદર | ૮૪ | ૬૬ | ૧૩ |
| ૧૪ | કોડીનાર | ૧૦૬ | ૮૩ | ૨૩ |
| | **કુલ** | **૨૪૨૩** | **૧૮૪૫** | **૫૨૧** |

(૩) અરજીઓ નામંજૂર થવાના કારણો શાં છે?

(૩) ૧. રહેવા લાયક મકાન હોવાથી.
૨. અરજદારના નામે પ્લોટ ના હોવાથી
૩. ૦ થી ૧૬ નો સ્કોર ધરાવતા ન હોવાથી
૪. અન્ય યોજનામાંથી સહાય મેળવેલ હોવાથી
૫. બી.પી.એલ. યાદીમાં સમાવેશ થયેલ ન હોવાથી

## અમદાવાદ જિલ્લામાં વિદ્યાર્થીઓને આપવાની બાકી સ્કોલરશીપની રકમ

**૧૯૧૫૭ : શ્રી શૈલેષભાઈ મ.પરમાર (શહેર કોટડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં અનુસૂચિત જાતિના કેટલા વિદ્યાર્થીઓને વર્ષવાર સ્કોલરશીપની રકમ આપવામાં આવી, અને

(૨) તા. ૩૧-૧-૧૧ ની સ્થિતિએ કેટલાને આપવાની બાકી છે?

**જવાબ**

(૧)

| અ.નં. | વર્ષ | અમદાવાદ શહેર | | અમદાવાદ જિલ્લો | |
|---|---|---|---|---|---|
| | | વિદ્યાર્થી | રકમ (લાખમાં) | વિદ્યાર્થી | રકમ (લાખમાં) |
| ૧ | ૨૦૦૯ | ૧૦૮૧૬૬ | ૯૭૩.૦૦ | ૩૪૦૭૩ | ૨૯૬.૦૯ |
| ૨ | ૨૦૧૦ | ૧૨૬૦૪૬ | ૧૫૧૪.૪૪ | ૪૦૫૬૯ | ૪૦૬.૧૯ |

(૨) અમદાવાદ શહેરમાં ૩૭૬૭ અને જિલ્લામાં ૩૦૦ મળીને કુલ-૪૦૬૭

## માથાદીઠ આવક અને દેવુ

**૧૮૯૪૦ : શ્રી નિરંજનભાઈ પટેલ (પેટલાદ) : માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૮-૦૯, ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ના વર્ષમાં તા. ૩૧-૧૨-૧૦ સુધીમાં રાજ્યની માથાદીઠ વર્ષવાર આવક કેટલી રહી, અને

(૨) વર્ષવાર દેવું કેટલું રહ્યું છે?

**જવાબ**

(૧) રાજ્યની માથાદીઠ આવક કોઈ ચોક્કસ તારીખની સ્થિતિએ તૈયાર કરવામાં આવતી નથી. આથી તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ રાજ્યમાં માથાદીઠ આવકનો અંદાજ બાંધી શકાય નહી. તેમ છતાં, વર્ષ ૨૦૦૮-૦૯, અને વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન રાજ્યની માથાદીઠ આવક ચાલુ ભાવે અનુક્રમે રૂ. ૫૫૧૪૦/-અને રૂ. ૬૩૯૬૧/-અંદાજવામાં આવેલ છે.

(૨) વર્ષવાર દેવું નીચે મુજબ છે :-

| વર્ષ | દેવું (રૂ. ક્રોડમાં) |
|---|---|
| ૨૦૦૮-૦૯ | રૂ. ૮૭૦૧૦/- |
| ૨૦૦૯-૧૦ | રૂ. ૯૮૦૦૯/- |
| ૨૦૧૦-૧૧ (૩૧-૧૨-૧૦ સુધી) | રૂ. ૧૦૮૩૪૧/- (અંદાજીત) |

## પાટણ જિલ્લામાં બેરોજગારોને આપેલ રોજગારી

**૧૯૮૨૫ : શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લાની રોજગાર વિનિમય ક્ચેરીમાં વર્ષ ૨૦૧૦માં કેટલા બેરોજગાર ઉમેદવારોની નોંધણી થયેલ હતી, અને

**જવાબ**

(૧) ૫૯૫૦

| | |
|---|---|
| (૨) નોંધણી થયેલ ઉમેદવારો પેકી કેટલા ઉમેદવારોને રોજગારી મળી ? | (૨) ક્રમ (૧) પેકી ૧૫૦૩ ઉમેદવારોને રોજગારી મળી. |

--------

**ભાવનગર જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજનાની મળેલ અરજીઓ**

૧૯૮૧૯ : **શ્રીમતી ભાવનાબેન મકવાણા (તળાજા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સાહય યોજના અન્વયે તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળેલ છે. | (૧) ૩૨૫૯ |
| (૨) તે પેકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે. | (૨) ૨૨૦૪ |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે, અને | (૩) ૭૯૫ |
| (૪) કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ? | (૪) રૂા. ૯૩,૦૪,૦૦૦/- |

--------

**વડોદરા ખાતે રેસીડેન્સીયલ સ્કીમોમાં વેટ અધિકારીઓ દ્વારા ગેરકાયદેસર ઉઘરાણી**

૧૯૧૯૧ : **ડૉ. અનિલ જોષીયારા. (ભીલોડા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાજેતરમાં વડોદરામાં તેયાર થઈ રહેલ રેસીડેન્સીયલ સ્કીમો અને કોમર્શીયલ સ્કીમોના બિલ્ડરો અને સીવીલ કોન્ટ્રાકટરના ધંધાના સ્થળે વેટ વિભાગના અધિકારીઓએ તપાસ કરી દરેક પાસેથી રૂા. ૧ લાખથી રૂા. ૨ લાખ ઉઘરાવ્યા હોવાની હકીકત સરકારના ધ્યાન પર આવી છે કે કેમ, અને | (૧) આ બાબત અંગે તપાસ કરાવવામાં આવેલ છે. પેસા ઉઘરાવ્યાની હકીક્ત સાચી નથી. |
| (૨) જો હા, તો સરકારે ક્યા ક્યા અને કેટલા અધિકારીઓ સામે પગલાં લીધા છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**રાજકોટ જિલ્લામાં સાતફેરા સમૂહ લગ્ન યોજનાની મળેલ અરજીઓ**

૧૯૮૦૭ : **શ્રીમતી જસુબેન સ. કોરાટ (જેતપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) સાત ફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ સુધીમાં કેટલી અરજીઓ મળી,

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ નીચે મુજબ અરજીઓ મળી.

| **ક્રમ** | **વર્ષ** | **યુગલ** | **સંસ્થા** |
|---|---|---|---|
| ૧ | ૨૦૦૯-૧૦ | ૩૦ | ૦૨ |
| ૨ | ૨૦૧૦-૧૧ | ૩૮ | ૦૧ |
| | **કુલ** | **૬૮** | **૦૩** |

(૨) તે પેકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨)

| | યુગલ | સંસ્થા |
|---|---|---|
| કુલ | ૩૮ | ૦૩ |

(૩) કેટલી અરજીઓમાં સહાય મંજૂર કરવામાં આવી ?

(૩)

| યુગલ | સંસ્થા |
|---|---|
| ૩૮ | ૦૩ |

**દાહોદ જિલ્લામાં રોજગાર વિનિમય કચેરીના મંજૂર મહેકમ અંગે**

૧૯૩૭૫ : **શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ દાહોદ જિલ્લા રોજગાર વિનિમય કચેરીનું કુલ મંજૂર મહેકમ કેટલું, | (૧) ૧૦ (દસ) જગ્યાઓ |

(૨) તે પૈકી વર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) જુનિયર ક્લાર્ક વર્ગ-૩, ની ૨ જગ્યા ખાલી છે.

(૩) આ જગ્યાઓ કેટલા સમયમાં સરકાર ભરવા માંગે છે ?

(૩) વહેલી તકે ભરવામાં આવશે.

**જૂનાગઢ જિલ્લામાં બેરોજગારોને આપેલ રોજગારી**

૧૯૮૨૮ **: શ્રી ભગવાનભાઈ લા.કરગટીયા (માંગરોળ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લાની રોજગાર વિનિમય કચેરીમાં વર્ષ : ૨૦૧૦ માં કેટલા બેરોજગાર ઉમેદવારોની નોંધણી થયેલ હતી, અને

(૨) નોંધણી થયેલ ઉમેદવારો પૈકી કેટલા ઉમેદવારોને રોજગારી મળી ?

**જવાબ**

(૧) ₹ ૧૩,૪૯૭

(૨) ક્રમ-(૧) પૈકી ૫,૬૨૮ ઉમેદવારોને રોજગારી મળી.

--------

**નોન ક્રિમીલેયરની આવક મર્યાદાના રકમમાં વધારો કરવા અંગે.**

૧૮૭૪૦ **: શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રાજ્યમાં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના લોકોની નોન ક્રિમીલેયરની આવક મર્યાદા કેટલી છે,

(૨) હાલની આવક મર્યાદામાં કોઇ સુધારો સરકાર કરવા માંગે છે કે કેમ, અને

(૩) જો હા, તો તેનો અમલ ક્યારથી શરુ થશે ?

**જવાબ**

(૧) ₹U ૨.૫૦ લાખ

(૨) વિચારણા હેઠળ છે.

(૩) પુખ્ત વિચારણાને અંતે નકકી થાય તે.

**ભરુચ જિલ્લામાં સ્વરોજગાર શિબિરના આયોજન અંગે**

૧૯૮૩૧ **: શ્રી દુષ્યંતભાઈ ર.પટેલ (ભરૂચ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરુચ જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન કેટલી સ્વરોજગાર શિબિરનું આયોજન કરવામાં આવ્યું, અને

(૨) આ શિબિરમાં કેટલા ઉમેદવારોએ ઉપસ્થિત રહીને માર્ગદર્શન મેળવ્યું ?

**જવાબ**

(૧) ૨૬

(૨) ૪૭૭૬

**આણંદ જિલ્લામાં શ્રમયોગીઓ માટે જાગૃતિ શિબિરો**

૧૯૮૩૫ **: શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ (આણંદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૧૦ માં ઓદ્યોગિક શ્રમયોગીઓને શ્રમ કાયદાઓની જાણકારી આપવા માટે કેટલી જાગૃતિ શિબિરો યોજવામાં આવી,

(૨) જાગૃતિ શિબિરોમાં મુખ્યત્વે ક્યા ક્યા શ્રમ કાયદાઓની જાણકારી આપવામાં આવે છે.

**જવાબ**

(૧) ચાર

(૨) નીચેના શ્રમ કાયદાઓની જાણકારી આપવામાં આવે છે.

(૧) કારખાના અધિનિયમ, ૧૯૪૮ અને ગુજરાત કારખાના નિયમો, ૧૯૬૩, (સુધારેલા નિયમો-૧૯૯૫)
(૨) મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગીઓ (રોજગારીનું નિયમન અને નોકરીની શરતો) અધિનિયમ, ૧૯૯૬ અને તે હેઠળના ગુજરાતના નિયમો, ૨૦૦૩.
(૩) વેતન ચુકવણી અધિનિયમ, ૧૯૩૬ અને ગુજરાત વેતન ચુકવણી નિયમો, ૧૯૬૩
(૪) પ્રસુતિ સહાયતા અધિનિયમ, ૧૯૬૧ તથા તે હેઠળના ગુજરાત પ્રસુતિ સહાયતાના નિયમો, ૧૯૬૪
(૫) ગુજરાત અપંગ વ્યક્તિઓ (કારખાનાઓમાં રોજગારી) અધિનિયમ, ૧૯૮૨.
(૬) ગુજરાત બેરોજગાર વળતર ભથ્થુ (કારખાનામાં રોજગારી) અધિનિયમ, ૧૯૮૧.
(૭) લઘુત્તમ વેતન ધારો-૧૯૪૮
(૮) બોનસ ચુકવણી ધારો, ૧૯૬૫
**શ્રી ગ્યાસુદીન હ. શેખ(શાહપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. આપણે ત્યાં નિયમો એવા છે કે પ્રશ્નને મંજૂરી મળી હોય અને પ્રશ્ન છપાઈ ગયો હોય એ પછી માત્ર સભ્ય જ એ પ્રશ્ન પાછો

ખેંચી શકે, સરકાર રદ કરી શકતી નથી. પરંતુ અહીંયા મારો પ્રશ્ન છેલ્લી ઘડીએ રદ કરવામાં આવ્યો છે એ બાબત યોગ્ય હતી કે કેમ એ બાબત આપના ધ્યાન ઉપર લાવવા માગું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની વાજબી લાગણી છે. આજ દિન સુધી ગુજરાત વિધાનસભાના ઇતિહાસમાં ડ્રૉ થઈ ગયો હોય, પ્રશ્ન છપાઈ ગયો હોય, માનનીય અધ્યક્ષશ્રીએ પરિપત્ર કરેલો છે. આપની કક્ષાએથી પણ એ પરિપત્રમાં જોગવાઈ એવી છે કે વિભાગ કે મંત્રીશ્રી કક્ષાએથી પ્રશ્ન અંગે જે કંઈ કહેવું, કરવું કે સુધારવું હોય એ ડ્રૉ થતાં પહેલા મૂકી દેવુ જોઈએ. આજે પરિસ્થિતિ એ થઈ કે ડ્રૉ થઈ ગયો, માનનીય સભ્યશ્રીનો ક્રમ પણ ડ્રૉમાં આવી ગયો, પુસ્તિકામાં એ પ્રશ્ન છપાઈ પણ ગયો, નિર્ણય આપનો છે એટલે મારી મર્યાદા આવી જાય છે. લાગણી ઘણી ચચરે છે, આ અધ્યક્ષશ્રીનો નિર્ણય છે એટલે અમારી મર્યાદા ઊભી થાય છે. આજ સુધી ૫૦ વર્ષના ઇતિહાસમાં આવી ઘટના નથી બની. આપે આપને કારણોનો સંતોષ થયો હશે આપનો નિર્ણય હશે એટલા માટે વિશેષ આ મુદ્દાની મારી મર્યાદાઓને સમજીને વધારે સમય નથી લેતો નહિતર આ પ્રથા ચાલુ રહેશે તો સભ્યોના અધિકારોનું રક્ષણ નહિ થાય અને એટલા માટે જો ખરા અર્થમાં ખરા દિલથી આપણે લઘુમતી કલ્યાણની વાત કરતા હોય તો આ પ્રશ્ન અહીંયા ચર્ચાય એ આવશ્યક છે.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉઠાવીને લાગણી વ્યક્ત કરવામાં આવી છે એ અંગે કેટલીક હકીકતો આપના માધ્યમથી ગૃહ સમક્ષ મૂકવા માગું છું. ગઈકાલે પ્રભારી મંત્રી તરફથી આની વિગતો મારા ધ્યાન ઉપર લાવવામાં આવી. આ પ્રશ્નની બાબત બે દિવસ પહેલા હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવી આ જ વિગતે, આજ મેટર ઉપર હાઈકોર્ટે ઓરલ જજમૅન્ટ આપ્યું છે અને બાકી જજમૅન્ટ માટે વિગત પેન્ડિંગ છે, ઓરલ જજમૅન્ટની નકલ સાથે આ વિષયને લગતું સાહિત્ય માનનીય પ્રભારી મંત્રીશ્રીએ મારા ધ્યાન ઉપર મૂક્યું અને મેં વિધાનસભાના ધ્યાન ઉપર મૂક્યું. હવે જ્યારે હાઈકોર્ટમાં આ પ્રશ્ન પડતર છે ત્યારે આ હાઉસમાં સબજયુડીશ બાબતની ચર્ચા થાય એ ઉચિત નથી. પહેલેથી જ હાઈકોર્ટમાંથી જો આ જજમૅન્ટ આવ્યું હોત તો આ પ્રશ્ન દાખલ કરવામાં આવત જ નહીં. પરંતુ ગઈ કાલે, પાંચ તારીખે હાઈકોર્ટની કોપી સાથે અમે સચિવાલયને મારા માધ્યમથી રજૂ કરી છે. એ પરિસ્થિતિ નિવારી શકાય એવી હતી નહીં, પ્રશ્ન ડ્રૉ થયા પછી હાઈકોર્ટની નકલ આવી એના કારણે આ પરિસ્થિતિ થઈ છે. સરકાર કયારેય સમાજ કલ્યાણ માટે, ગરીબો માટે, મહિલાઓ માટે, લઘુમતીઓના પ્રશ્ન માટે ઉપેક્ષા કરવા માગતી નથી. એટલા માટે તો વકફ બોર્ડની નિમણૂંક કરીને આ રાજયમાં લઘુમતીઓનું રક્ષણ થાય, તુષ્ટિકરણ ન થાય, તેનો વિકાસ થાય તેની પૂરતી કાળજી લે છે અને ભવિષ્યમાં પણ કાળજી લેશે. હું આ સરકાર વતી આપના માધ્યમથી ગૃહને અને ગૃહના માધ્યમથી રાજયની જનતાને ખાતરી આપવા માગું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે કે આપનો આ નિર્ણય, બહુ જ એની far fetch effect હોવાની છે. એટલા માટે આપ નિર્ણય પછીથી જાહેર કરો તો પણ મને વાંધો નથી. પરંતુ ગયા વખતના સત્ર દરમ્યાન આપના પ્રિડીશીસર માનનીય શ્રી અશોકભાઈ ભટ્ટે એવું કહ્યું હતું કે હાઈકોર્ટની નોટિસ નીકળી છે કે રુલ ઈસ્યુ થયો છે. એડમીટ મેટર છે કે એડમિશન સ્ટેજે છે? આ બે વચ્ચેનો ભેદભાવ એમણે..(અંતરાય) હું સમજી શકું છું.. You know what is difference between Notice and Admission? (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શકિતસિંહભાઈ, આપ બોલો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મને ન સમજણ પડતી હોય તો હું બેસી જાઉં અને માનનીય મંત્રીશ્રી સમજાવે કે what is difference between Notice and Admission. I may be wrong. મારું જ્ઞાન બહુ સંકુચિત હોઈ શકે. માનનીય મંત્રીશ્રી વચ્ચે બોલીને કહે છે અને એ ટ્રેઝરી બેન્ચના સિનિયર મંત્રીશ્રી કહે તો મારે તેમને રીસ્પેકટ આપવું જોઈએ. એટલા માટે હું આપને વિનંતી કરું છું કે જો પોતે કહેવા માગતા હોય, જરૂર આપ તેમને તક આપો, મારું જ્ઞાન સંકુચિત હોય અને પોતે એડમિશન, રુલ અને નોટિસ વચ્ચેનો ભેદભાવ સમજાવે તો મારું પણ જ્ઞાનવર્ધન થશે.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : (બેઠાં બેઠાં) મારી ચેમ્બરમાં આવજો, સમજાવીશ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આ ગૃહમાં જ સમજાવોને, ચેમ્બરમાં શું કામ? (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે કે પૉઈન્ટ ઑફ ઑર્ડર ઘણી ગંભીર વસ્તુ હોય છે. આપનો નિર્ણય છે એ નિર્ણય અને પૉઈન્ટ ઑફ ઑર્ડરમાં હું રાજકીય અવલોકનોમાં પડતો નથી. આની અસરો દૂરોગામી થતી હોય છે. આપનો નિર્ણય ભવિષ્યમાં મારા જેવા અનેક લોકો ટાંકશે અને એ ટંકાવાના હોય ત્યારે હું ગંભીરતાપૂર્વક આપને માત્ર એટલી વિનંતી કરતો હતો કે ભૂતકાળના એ નિર્ણયને પણ આપ ચકાસી જજો કે જ્યાં માનનીય અશોકભાઈ ભટ્ટે, જે તે સમયના માનનીય અધ્યક્ષશ્રી દ્વારા આ ભેદભાવની ચર્ચા પણ આ જ ગૃહમાં એક સંદર્ભમાં થઈ છે. તો તેને ટાંકીને કહેવાયું, માનનીય મંત્રીશ્રીએ જે વાત કરી તેમાં હું નથી પડતો, કારણ કે મેરીટ્સમાં હું જઈશ તો પાછી તકલીફ થશે. (અંતરાય) આપને નથી કહેતો. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, આપ બેસો, પ્લીઝ.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, દર વખતે એવું સમજે છે કે કાયદાનું તેમને જ્ઞાન છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, આપ બેસો, પ્લીઝ. આપને પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપર બોલવું હોય તો હું તક આપીશ. પ્લીઝ, અત્યારે બેસી જાવ. પહેલાં તેમને સાંભળી લઈએ. (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં તો કયારેય એવો દાવો કર્યો નથી. હું તો મારી જાતને વિદ્યાર્થી માનીને જ ચાલું છું અને માનનીય ફકીરભાઈ જ્ઞાની તરીકે કંઈક જ્ઞાન આપે એવો મેં આગ્રહ રાખ્યો હતો. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, સીધા પૉઈન્ટ ઑફ ઑર્ડર પર આવી જાવ. (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આ રીત નથી. આપે એમને ટોકવા જોઈએ. (અંતરાય) એટલે જે માનનીય સભ્યશ્રીની વાત હતી, એની ગંભીરતાને ધ્યાને લઈને, આજ સુધીની પરિસ્થિતિ છે એને ધ્યાને લઈને આપ નિર્ણય આપો એ અમને સ્વીકાર્ય રહેવાનો છે અને એટલા માટે હું સ્કોપની બહાર જઈને વાત નહોતો કરવા માગતો, પરંતુ બન્ને માનનીય મંત્રીશ્રીઓએ જે વાત કરી છે, આપ સેન્ટ્રલ ગવર્નમૅન્ટની આવેલી ગ્રાન્ટ ત્યાં પાછી જમા કરાવવી પડી હોય, સ્કૉલરશિપની રકમ ન ચૂકવાય, (અંતરાય) એમણે કહ્યું એટલે, હું તો મેરીટ્સમાં જતો જ નહોતો.

**શ્રી વજુભાઈ વાળા** : તેની ડિટેઈલનો સવાલ નથી. સવાલ જે કક્ષાએ છે એ માનનીય અધ્યક્ષશ્રીએ એલાઉડ કરવો જોઈએ કે કૅન્સલ..

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આ બન્ને બોલ્યા એટલે, હું તો નહીં બોલું. એના મેરીટ્સમાં જાય એવું હું નહીં કહું.

**શ્રી વજુભાઈ વાળા** : એનો જવાબ આપવાની જરૂર નથી. (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : If they are not entering into merits.. .. ..

**શ્રી વજુભાઈ વાળા** : સવાલના મેરીટમાં કોઈએ નહીં જવું જોઈએ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : મીસ્ટર સ્પીકરસર ઈફ ધે આર નોટ એન્ટરીંગ ઈન મેરીટસ? હું ગયો જ નહોતો મેરીટસમાં, હું માત્ર મુદ્દા પર હતો પણ જયારે એમણે ઉભા થઈને આ વાત કરી મેરીટસની એટલા માટે મેં મારી, માનનીય સભ્યશ્રીની જે અત્યંત લાગણીશીલ વાત હતી એની વાત આ મુદ્દાના સંદર્ભમાં મૂકી છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય દિલીપભાઈએ જે કહયું એમાં મારે એટલું જ કહેવું છે કે જયારે પ્રભારી મંત્રીશ્રી સમક્ષ, આપની સમક્ષ રજુઆત થઈ હોય અને એના અંગે આપે નિર્ણય લઈ લીધો હોય અને એ લઈ લીધેલા નિર્ણય ઉપર ફરીથી ચર્ચા કરી અને ફરીથી બીજો નિર્ણય માગવો મને લાગે છે આ આખી ચર્ચા અસ્થાને છે, એટલે આપે લીધેલા નિર્ણય ઉપર હવે બીજા કોઈ નિર્ણયની પણ આવશ્યકતા નથી એટલું મારે આપનું ધ્યાન દોરવું છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રીના પોઈન્ટ ઓફ ઓર્ડરમાં પ્રશ્નોત્તરીનો જે પ્રશ્ન આપણે બાકાત રાખ્યો છે, દાખલ કર્યો નથી, રદ કર્યો છે, એ બાબતમાં મારે ગૃહનું ધ્યાન દોરવું છે કે આ પ્રશ્ન બેલેટ થઈ ગયો હતો પરંતુ પીટીશન દાખલ થયાની સરકારી વકીલ તરફથી રજૂઆત થઈ ત્યારબાદ જ પ્રશ્ન રદ કર્યો છે, પૂર્વ અધ્યક્ષના નિર્ણય અનુસાર પીટીશન દાખલ થયા બાદ બાબત સબજયુડીશ બને છે, આ કિસ્સામાં પીટીશન દાખલ થઈ ગઈ હોવાથી મેં આ પ્રશ્ન રદ કર્યો છે અને ગૃહના નિયમો તથા પરંપરા અનુસાર નિર્ણય કર્યો છે.

## વધારાના ખર્ચની માગણીઓ પર ચર્ચા અને મતદાન

**અધ્યક્ષશ્રી** : આજે સન ૧૯૯૩-૯૪, ૧૯૯૪-૯૫ અને ૧૯૯૫-૯૬ના વર્ષ માટેની વધારાના ખર્ચની માગણી ઉપર ચર્ચા અને મતદાન છે, આ માગણીઓ સભાગૃહ સમક્ષ રજૂ થાય તે પહેલા મારે સભાગૃહના ધ્યાન પર મૂકવું છે કે વિધાનસભાએ મંજૂર કરેલા નાણા કરતા કોઈ વર્ષમાં વધારે ખર્ચ થઈ ગયો હોય એવા કિસ્સામાં ઉંડી તપાસ કરીને તે ખર્ચને મંજૂર કરવા માટે જાહેર હિસાબ સમિતિના અહેવાલ દ્વારા ગૃહને ભલામણ કરે છે. ૧૨મી ગુજરાત વિધાનસભાની જાહેર હિસાબ સમિતિના ત્રીજા અહેવાલમાં સન ૧૯૯૩-૯૪, ૧૯૯૪-૯૫ અને ૧૯૯૫-૯૬ના વર્ષમાં થયેલ વધારાના ખર્ચને સંવિધાનના અનુચ્છેદ- ૨૦૫ અન્વયે મંજૂર કરવા સભાગૃહમાં ભલામણ કરવામાં આવી છે અને ગૃહે તારીખ: ૩૦-૩-૨૦૧૦ના રોજ અહેવાલ સ્વીકાર્યો છે. ગૃહ અગાઉ મંજૂર કરેલ ખર્ચ કરતા વધારે થયેલ ખર્ચને મંજૂર કરવા સારુ સમિતિની ભલામણ અનુસાર આ વધારાના ખર્ચની માગણીઓ માનનીય નાણામંત્રીશ્રી રજૂ કરશે, આમ આ ખર્ચ તો અગાઉ થઈ ગયો છે, વળી વધારાના ખર્ચના સંબંધમાં જાહેર હિસાબ સમિતિએ ઉંડાણપૂર્વક તપાસ કરીને તેનો અહેવાલ દ્વારા ખર્ચને મંજૂર કરવા ભલામણ કરી હોવાથી બંધારણીય જોગવાઈ પ્રમાણે આ ખર્ચ મંજૂર કરવો જરૂરી હોઈ સરકાર સભાગૃહ પાસે આવી છે, આથી આ વધારાના ખર્ચની માગણી ઉપર પ્રસ્થાપિત પ્રણાલિકા મુજબ કોઈ ચર્ચા કરવામાં આવતી નથી, તેથી હું

માનનીય નાણામંત્રીશ્રીને ૧૯૯૩-૯૪, ૧૯૯૪-૯૫, ૧૯૯૫-૯૬ના વર્ષના વધારાના ખર્ચને સભાગૃહ સમક્ષ રજૂ કરવા વિનંતી કરુ છું.

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીએ જે સિફારીશ કરી છે, એ હું સૌપ્રથમ વાંચી સંભળાવું છું, "ભારતના બંધારણની કલમ-૨૦૫ મુજબ તેઓને મળેલી સત્તાની રુએ સને ૧૯૯૩-૯૪, ૧૯૯૪-૯૫, ૧૯૯૫-૯૬ના વર્ષો માટેના વધારાના ખર્ચની માગણીઓની વિચારણા કરવા ગુજરાતના નામદાર રાજયપાલશ્રીએ ગુજરાત વિધાનસભાને ભલામણ કરેલ છે. હું સને ૧૯૯૩-૯૪ના વર્ષ માટેની વધારાના ખર્ચને લગતી માગણી ક્રમાંક : ૪, ૬, ૯, ૧૩, ૧૮, ૩૧, ૩૯, ૪૩, ૪૪, ૪૫, ૪૭, ૫૨, ૬૫, ૬૬, ૭૧, ૮૦, ૮૧, ૮૨, ૮૪, ૮૫, ૮૬, ૯૭, ૯૮ અને ૧૦૦ રજૂ કરું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માત્ર રેકોર્ડ સ્ટ્રેટ રાખવા માટે આપના મુખેથી બોલાયેલ શબ્દો છે એટલા માટે પાના નં. ૬૩૫ સંસદીય પ્રણાલિકાઓ અને કાર્યરીતિમાં લખેલ છે અને ભૂતકાળમાં પણ ચર્ચાઓ અમુક વખત થઈ છે અને ઘણીવાર ચર્ચા વગર પણ મંજૂર કરવામાં આવે છે એટલે ચર્ચા નથી થઈ શકતી એવું નહીં પણ મોટા ભાગે આ કામ છે એ પબ્લિક એકાઉન્ટ કમિટીમાં ચર્ચાઈ ગયું છે. પી.એ.સી.એ મુદ્દાઓ ઉપસ્થિત પણ કર્યા છે. કેટલીક બાબતોમાં પી.એ.સી.એ કેટલાક સ્ટ્રીક્ચર પણ મૂક્યા છે. એટલે એ પછી પણ આવ્યું છે એટલે બન્ને પક્ષે સમજણથી મહદ્‌અંશે ચર્ચા વગર પસાર કરીએ છીએ. બન્ને પક્ષની સમજણથી આ હિસાબોની આપણે અહીંયા ચર્ચા એટલા માટે નથી કરતા કે પબ્લિક એકાઉન્ટ કમિટીના બન્ને સભ્યોએ ચકાસીને મૂક્યું છે. પરંતુ ન થાય એવું નથી. ઘણીવાર વગર ચર્ચાએ પસાર થાય છે એ ૬૩૫ની ઉપરથી બીજી લાઈન "ચર્ચાનો અવકાશ રહેતો નથી અને ઘણીવાર ચર્ચા વગર પણ મંજૂર કરવામાં આવે છે એટલે Only to keep the record straights એટલે એટલો થોડો સુધારો રેકોર્ડમાં થાય અને હું આપના મારફતે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે આ ગૃહના બન્ને સભ્યશ્રીઓએ પબ્લિક એકાઉન્ટ કમિટીની જે ભલામણો કરી છે. જો માનનીય મંત્રીશ્રી એમની કક્ષાએથી અથવા ઉચ્ચ અધિકારીને બેસાડીને, કારણ કે આ પક્ષ સત્તામાં એ આવે, તંત્ર એનું એ જ છે અને એ તંત્રની કેટલીક ગંભીર ભૂલો પણ પબ્લિક એકાઉન્ટ કમિટીએ એમાં નોંધી છે એટલે એને ગંભીરતાથી આ ત્રણેય વર્ષના હિસાબોને માનનીય નાણામંત્રીશ્રી પોતાની કક્ષાએથી પબ્લિક એકાઉન્ટ કમિટીએ જે ઓબ્ઝર્વેશન્સ કર્યા છે. એમાં જે તે અધિકારીઓ સામે પગલા લેવાની પણ ભલામણ કરી છે એને જોવાની ગૃહને ખાતરી આપશે તો અમને પણ સંતોષ થશે. બાકી વગર ચર્ચાથી આ પસાર કરીએ.

**શ્રી વજુભાઈ વાળા :** માનનીય અધ્યક્ષશ્રી, આપે જે પ્રમાણે કહ્યું પબ્લિક એકાઉન્ટ કમિટી આપણામાંથી જ ચૂંટાયેલા લોકો છે એની જે સૂચના આપેલી હોય અને એની સૂચના એટલે એણે એનો આખરી નિર્ણય આપ્યો હોય એ નિર્ણયનો અમલ કરવો એ રાજ્ય સરકારનું કર્તવ્ય અને ફરજ થઈ પડે છે. આજ નહીં પણ ભવિષ્યમાં જ્યારે આવી કોઈ પરિસ્થિતિ ઊભી થાય તો એની ચકાસણી જે તે માધ્યમથી કરવાની જરૂર હશે એ માધ્યમથી એની ચકાસણી ચોક્કસ થશે.

સન ૧૯૯૩-૯૪ના વર્ષ માટેની વધારાના ખર્ચને લગતી માગણી ક્રમાંક: ૪, ૬, ૯, ૧૩, ૧૮, ૩૧, ૩૯, ૪૩, ૪૪, ૪૫, ૪૭, ૫૨, ૬૫, ૬૬, ૭૧, ૮૦, ૮૧, ૮૨, ૮૪, ૮૫, ૮૬, ૯૭, ૯૮ અને ૧૦૦ મત માટે મૂકવામાં આવી અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવી.

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૧૯૯૪-૯૫ના વર્ષ માટેના વધારાના ખર્ચને લગતી માગણી ક્રમાંક: ૪, ૬, ૧૦, ૧૩, ૧૫, ૧૯, ૨૧, ૨૪, ૨૬, ૩૦, ૩૯, ૪૨, ૪૩, ૪૪, ૪૬, ૪૯, ૫૦, ૫૨, ૫૩, ૫૭, ૬૩, ૬૫, ૬૭, ૬૮, ૭૩, ૭૭, ૭૮, ૭૯, ૮૨, ૮૩, ૮૪, ૮૬, ૮૭, ૯૨, ૯૫, અને ૯૮ મત માટે રજૂ કરું છું.

સન ૧૯૯૪-૯૫ના વર્ષ માટેના વધારાના ખર્ચને લગતી માગણી ક્રમાંક: ૪, ૬, ૧૦, ૧૩, ૧૫, ૧૯, ૨૧, ૨૪, ૨૬, ૩૦, ૩૯, ૪૨, ૪૩, ૪૪, ૪૬, ૪૯, ૫૦, ૫૨, ૫૩, ૫૭, ૬૩, ૬૫, ૬૭, ૬૮, ૭૩, ૭૭, ૭૮, ૭૯, ૮૨, ૮૩, ૮૪, ૮૬, ૮૭, ૯૨, ૯૫, અને ૯૮ મત માટે મૂકવામાં આવી અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવી.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું સને ૧૯૯૫-૯૬ ના વર્ષ માટેની વધારાના ખર્ચને લગતી માગણી ક્રમાંક : ૧, ૩, ૪, ૫, ૮, ૯, ૧૦, ૧૨, ૨૦, ૨૨, ૨૪, ૩૭, ૩૮, ૪૦, ૪૨, ૪૩, ૪૪, ૪૭, ૪૮, ૪૯, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૦, ૬૧, ૬૪, ૬૬, ૭૨, ૭૩, ૭૮, ૮૦, ૮૧, ૮૩, ૮૪, ૮૫, ૮૬, ૮૭, ૮૮, ૮૯, ૯૦, ૯૧, ૧૦૧, ૧૦૨ રજૂ કરું છું.

વધારાની માગણી ક્રમાંક : ૧, ૩, ૪, ૫, ૮, ૯, ૧૦, ૧૨, ૨૦, ૨૨, ૨૪, ૩૭, ૩૮, ૪૦, ૪૨, ૪૩, ૪૪, ૪૭, ૪૮, ૪૯, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૦, ૬૧, ૬૪, ૬૬, ૭૨, ૭૩, ૭૮, ૮૦, ૮૧, ૮૩, ૮૪, ૮૫, ૮૬, ૮૭, ૮૮, ૮૯, ૯૦, ૯૧, ૧૦૧, ૧૦૨ મત પર મૂકવામાં આવી અને સર્વાનું મતે મંજૂર કરવામાં આવી.

## અધ્યક્ષશ્રીનો નિર્ણય

### અસંસદીય શબ્દ અંગે

**અધ્યક્ષશ્રી** : આજરોજ પ્રશ્નોત્તરી દરમ્યાન અગ્રતાક્રમ ૪ પરનો પૂરક પ્રશ્નનો પૂરક પ્રશ્ન પૂછતી વખતે માનનીય સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ સીધો પૂરક પ્રશ્ન પૂછવાને બદલે વક્રોકિત પૂર્વભૂમિકા બાંધીને નિયમ-૭૮(૪)ને ભંગ કરીને જે અપમાનજનક અને અસંસદીય ઉચ્ચારણો કર્યા છે તેને મેં રેકર્ડમાંથી તતસમયે દૂર કર્યા હતાં. આ બાબતે પ્રશ્નોત્તરી બાદ માનનીય સંસદીય મંત્રીશ્રી દિલીપભાઈએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરીને માનનીય સભ્યશ્રી અર્જુનભાઈએ કરેલ અપમાનજનક ઉચ્ચારણો બદલ માફી માગવી જોઈએ, તેવી રજૂઆત ગૃહ સમક્ષ કરી છે. ઉકત મુદ્દામાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી, માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી તથા માનનીય સંસદીય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ વ્યકત કરેલ મંતવ્યો મેં ધ્યાનથી સાંભળ્યા છે. આ ગૃહની એ પરંપરા રહી છે કે, કોઈની પણ લાગણી દૂભાય તેવા અપમાનજનક તથા અસંસદીય ઉચ્ચારણો કરી શકાય નહિ. આવા ઉચ્ચારણો આ ગૃહની ગરિમા અને ગૌરવ સાથે કોઈપણ રીતે યોગ્ય નથી અને તેનાથી ગૃહની પ્રતિષ્ઠાને હાની પહોંચે છે. માનનીય સભ્યશ્રી અર્જુનભાઈએ કરેલ ઉચ્ચારણો બદલ મેં તેમને પણ સાંભળ્યા છે. આ સંબંધમાં તતસમયે મેં અર્જુનભાઈને આવા ઉચ્ચારણો નહિ કરવા જણાવ્યું ત્યારે પણ તેઓએ આવા ઉચ્ચારણો હું ફરીથી કરીશ તેવું મેં પણ સાંભળ્યું છે અને ગૃહના રેકર્ડ પરથી પણ એ પ્રતિપાદિત થાય છે. આમ માનનીય સભ્યશ્રીએ ગૃહના નિયમો, પ્રણાલિઓ તથા અધ્યક્ષ સ્થાનેથી કરેલ વિનંતીનો અનાદર કર્યો છે. સભ્યશ્રી અર્જુનભાઈએ આવા ઉચ્ચારણો બદલ કોઈ ખેદ વ્યકત કર્યો હોત તો આવકારદાયક થાત. પરંતુ સભ્યશ્રીએ આવો કોઈ ખેદ વ્યકત નહિ કરીને ગૃહની પરંપરાને પણ જાળવી નથી. ભૂતકાળમાં પણ અધ્યક્ષસ્થાનેથી આવા અપમાનજનક ઉચ્ચારણો બદલ સભ્યને દિલગીરી વ્યકત કરવા જણાવવામાં આવ્યું હતું ત્યારે સભ્યશ્રીએ દિલગીરી વ્યકત કરીને આ ગૃહની ઉચ્ચ પરંપરાનું જતન કર્યુ છે. આ સંજોગોમાં માનનીય અર્જુનભાઈએ ગૃહના માન-સન્માન અને પરંપરાનું જતન કર્યુ હોત તો ઉચિત થાત.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : (અંતરાય) આપે કહ્યું નથી, આપે કહ્યું હોય તો એ અમારા માટે આદેશ હોય. એક વાત પૂરી કરી છે બંને પક્ષે પછી સાહેબ આ રેર્કોડ પર.. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહભાઈ, અધ્યક્ષ તરીકે મેં રૂલીંગ આપ્યું છે, છતાં આપે કહ્યું છે એટલે આપ રેર્કોડ જોઈ લેજો અને એમાં.. (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સાહેબ, આપે મને એમ નથી કહ્યું કે દિલગીરી વ્યક્ત કરો, એવું મને આપે નથી કહ્યું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આપ કહો તો આપનું માન જાળવીએ છીએ. હવે એક વસ્તુ પૂરી થઈ છે પછી મહેરબાની કરીને આને વધારે ન ચાલીએ તો સારું (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આપે મને કહ્યું નથી. (અંતરાય) ( આ તકે મંત્રીશ્રી નીતિનભાઈ બેઠા બેઠા હવે પૂરું થાય છે.)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હજી આને, ગૃહને આજ રીતે આપણે ઑર્ડરમાં આવ્યા પછી નીતિનભાઈને એકને ના ગમે સમજી શકાય.

**અધ્યક્ષશ્રી** : મારું રૂલીંગ મેં આપ્યું છે.

**સભાગૃહની બીજી બેઠકનું કામકાજ સાંજના ૫.૩૬ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તા. ૯મી માર્ચ, ૨૦૧૧ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**બુધવાર, તા. ૯મી માર્ચ, ૨૦૧૧**
**ફાલ્ગુન ૧૮, ૧૯૩૨ શાકે**
**સભાગૃહ બપોર ના ૧૨.૦૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી, ગણપતભાઈ વસાવા અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

**દેવગઢબારીયા તાલુકામાં રાષ્ટ્રીય ગ્રામીણરોજગાર યોજનામાં વિકાસનાં કામો**

***૧૯૯૦૩ શ્રી પરંજયાદિત્યસિંહજી કૃ. પરમાર(સંતરામપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) દાહોદ જિલ્લાના દેવગઢબારીયા તાલુકામાં રાષ્ટ્રીય રોજગાર ગેરંટી યોજના હેઠળ સને ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦માં થયેલ વિવિધ કામો માટે કેટલી ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી,
(૨) જો ગ્રાન્ટ ફાળવણી ન થઈ હોય તો તેના કારણો શાં છે ,
(૩) કેટલી રકમ તે અન્વયે ચૂકવવાની થાય છે, અને
(૪) આ રકમ કેટલા સમયમાં ચૂકવવામાં આવશે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી :**

(૧) દાહોદ જિલ્લાના દેવઢબારીયા તાલુકામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ સને ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ માં નીચેની વિગતે ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી.

| ફાળવેલ ગ્રાન્ટ | |
|---|---|
| ૨૦૦૮-૦૯ | ૫૭૩.૦૩ |
| ૨૦૦૯-૧૦ | ૧૧૦૮.૬૨ |

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩) તે અન્વયે નીચે મુજબ ખર્ચ થયેલ છે.

| ચૂકવેલ રકમ | |
|---|---|
| ૨૦૦૮-૦૯ | ૫૩૧.૬૨ |
| ૨૦૦૯-૧૦ | ૧૦૭૭.૭૬ |

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી પરંજયાદિત્યસિંહજી કૃ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, જે રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજના છે એ બહું સારી યોજના છે અને ઘણા બધા પૈસા આવી રહ્યા છે તો સરકાર શું આ યોજના માટે Minimum Wage increase કરવા માગે છે ? એ એક પ્રશ્ન અને બીજો પ્રશ્ન કે, Minimum Wage increase થાય તો ઓટોમેટિક બધા જેટલા પણ ગુજરાતના લોકો છે એમને ફાયદો થાય તો જેટલા કેન્દ્ર આપે એને આપ મેચ કરવા માગો છે કે નહીં ? બીજો પ્રશ્ન કે, Does The Government carry out quality & control checks and actual expendeture checks ? જે પણ કામો થઈ રહ્યા છે એ actual expendeture checksથી કરો છો કે નહીં ? અગર આ પૈસા સાયફન આઉટ થાય છે આવા કોઈ કેસ આપના હાથમાં આવેલા છે કે નહીં? અને ત્રીજું સેકશન, Section ૧૬ & ૧૭ of the Acts clearly states that you have to take the basic guidelines of the resolution and the resolution of the Gram Panchayat has to be taken for taking any works? Are you following those guidlines of the resolution or are you doing it on adhoc basis ?

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, જે દેગવઢબારીયાની અંદર જે એમણે વાત કરી અત્યારે શ્રમિકોને રોજના ૧૨૪/- રૂપિયા લેખે રોજ આપવામાં આવે છે અને કેન્દ્ર સરકારના જે પૈસા આવે એમાં ૨૫ ટકા ગુજરાત સરકારનો લોકફાળો હોય છે અને અત્યારે હાલમાં દેવગઢબારીયાની આપણે વાત કરી કે, જે પૈસા ચૂકવવાના થાય છે એમાં અત્યારે હાલમાં ૨૦૦/- લાખ રૂપિયા રાજય સરકારે જે લોકોને પંદર દિવસની અંદર રોજ આપવું જોઈએ એમાં કેન્દ્ર સરકારના પૈસા નહીં આવ્યા હોવા છતાં ગુજરાત સરકારે પોતાના ૨૦૦/- લાખ રૂપિયા આપી ચૂકવણું કરેલ છે અને છેલ્લા ૧૫ દિવસનું ચૂકવણું બાકી છે અને નેકસ્ટ વીકમાં એ ચૂકવણું પણ થવાનું

. **શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા માનનીય સભ્યશ્રીનો જે સવાલ હતો એનો માનનીય મંત્રીશ્રીએ જવાબ નહીં આપ્યો, એમનો જે પૂરક પ્રશ્ન એ હતો કે, સેકશન ૧૬ અને ૧૭, કલમ ૧૬ અને ૧૭ મંડરેગાની જે છે એ સ્પષ્ટ છે One is for socoal auditing, સોશીયલ ઑડિટીંગ કરવાનું અને બીજી કલમ છે એ છે કે, કોઈ પણ કામ શરૂ કરવાનું હોય તો ગ્રામ પંચાયતનો ઠરાવ એ મસ્ટ હોય છે. દેવગઢબારીયામાં જે કામો થયા એમાં ગ્રામ પંચાયતનો ઠરાવ ન થયો હોય એવું કોઈ કામ શરૂ થયું છે કે કેમ, અને બીજું ક્વોલીટી કામોની જળવાઈ નથી અને અમુક જગ્યાએ એવા કામો શરૂ કરવામાં આવ્યા છે કે, જે કામોમાં ખરેખર લાભાર્થીને પૈસા મળ્યા ન હોય અને પૈસા સાયફન આઉટ એટલે કે, લેવાઈ ગયા હોય, ખવાઈ ગયા હોય એવા કોઈ કિસ્સાઓ અંગેની ચકાસણી આપે કરી છે અને જો હા તો કેટલામાં ગરબડો મળી છે?

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, જે અત્યારે વાસ્કો કંપની ધ્વારા આનું ઑડિટ પણ થાય છે અને જે ગામડાની અંદરથી (અંતરાય) આમાં પંચાયત પણ ઑડિટ કરે છે અને આ કંપની ધ્વારા પણ ઑડિટ કરવામાં આવે છે અને ખાસ કરીને દેવગઢબારીયા તાલુકામાં અત્યાર સુધીમાં એક ફરિયાદ મળેલ છે અને એ ફરિયાદના આધારે જે પોસ્ટ મેન હતો એ દરેક લેબર પાસેથી પોતાનું કમિશન લેતો હતો, એ અમારા વિભાગને જાણવા મળ્યા પછી અમે પોસ્ટ ખાતાના વડાને પત્ર લખ્યો અને એની તપાસ કરવામાં આવી અને એ અધિકારીને પોસ્ટ ધ્વારા સસ્પૅન્ડ પણ કરવામાં આવ્યો.

**શ્રી બચુભાઈ ના. કિશોરી** : માનનીય અધ્યક્ષશ્રી, મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજનાની પાછળ ઘણા ગ્રામીણ લોકોને સ્થાનિક રોજગારી મળી રહે અને સમયસર કામ પણ મળે, પગાર મળે અને પૂરતો પગાર મળે કામ ન આપી શકાય તો ઘરબેઠા પણ રોજગારી આપવાની જોગવાઈ છે. દાહોદ જિલ્લામાં આજની તારીખમાં જોબ કાર્ડ ધારકોની માગણી છે એ પ્રમાણે તરત કામ આપવામાં આવતું નથી એ પરિણામે મોટાભાગના તાલુકાઓમાં ઘણી અરજીઓ પેન્ડીંગ પડી છે, બીજી વાત કે, કામ થયા પછી તરત એને પંદર દિવસમાં એને પગાર ચૂકવવો જોઈએ એ પણ પગાર છ માસ નહીં પણ એક એક વર્ષ સુધી ઘણી જગ્યાએ પગાર ચૂકવવામાં આવ્યો નથી.

બીજી વાત એ કે ઘણા માણસોને રોજગારી ટાઈમ પ્રમાણે ન આપવાને આધારે ૧૫ દિવસ પછી એને ઘેર બેઠા પગાર આપવાનો હોય છે એનો અમલ થતો નથી. રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજનામાં જે બાંહેધરી છે અને જે જોગવાઈ છે એ મુજબ આ સરકાર ગ્રામીણ મજુરોને રોજગારી આપવા માગે છે કે કેમ?

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈપણ ગામડાંમાંથી રોજગારી માટે જો અરજી કરવામાં આવે તો એને ૧૫ દિવસમાં રોજગારી આપવામાં આવે છે. એક પણ કિસ્સો એવો નથી કે અરજદારે રોજગારી માટે માગણી કરી હોય અને કામ ન આપ્યું હોય પણ જે ચુકવણીની વાત કરી છેલ્લા પંદર દિવસનું ચુકવણું બાકી છે એને પણ અઠવાડીયામાં સો ટકા ચુકવણી થઈ જવાની છે. અત્યાર સુધીમાંઆ યોજનામાં ભારત સરકારના પૈસા ન આવ્યા હોવા છતાં રાજય સરકારે બસો લાખ રૂપિયા આપી ચુકવણું કરી દીધેલ છે.(અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રી આટલી ગંભીરતાથી વાત કરે છે ત્યારે પોલીટીકલ જવાબ આપવાને બદલે ભારત સરકાર આ કરના પેટે નથી આપતી, સ્પેશ્યલ રીતે આપે છે અને આપણે એના લઈએ છીએ. મેચીંગ ગ્રાન્ટ તો ભારત સરકારના પણ કેટલાય પડયા રહેતા હોય છે અને આપણે વાપરતા હોઈએ છીએ. અને કેટલીક ગ્રાન્ટોમાં આપણે વાપરીએ છીએ ત્યાંથી આવતા હોય છે. એ જવાબના બદલે સભ્યશ્રી જયારે ગંભીરતાથી કહે છે આદિવાસી વિસ્તારના દાહોદ જિલ્લાના તાલુકાનો પ્રશ્ન છે. સભ્યશ્રી એ જિલ્લાના છે તો આવા જોબકાર્ડ વાળા જો એમના પાસે હોય તો તપાસીને એમને કેન્દ્ર સરકારના પૈસાનો પૂરેપૂરો લાભ મળે એવો પ્રયત્ન કરવાની ખાતરી આપવામાં વાંધો શું હોઈ શકે?

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે કોઈપણ જગ્યાએ કામ ન આપતા હોય એવું નથી પણ ખાસ કરીને અમુક ગામડાંની અંદર જબરજસ્ત ગેરરીતિ થયેલી, એની તપાસ થયેલી એવા ગામડાંની અંદર જે મસ્ટરો ચોરાઈ ગયા હતા અને એ અમને જાણવા મળ્યા પછી મસ્ટરો પાછા ખેંચ્યા અને પોસ્ટ ઓફિસની અંદર જે અમે પેમેન્ટ કરેલું હતું. એ પેમેન્ટ પણ અમે સ્થગિત કર્યું હતું. જે ગામડાંની અંદર આવી ગેરરીતિ થઈ હતી એટલા પુરતું પેન્ડીંગ છે બાકી એક પણ ગામની અંદર કામની અરજીઓ આવી હોય અને કામ ન મળ્યું હોય એવું એક પણ ગામ નથી અને ચુકવણામાં પંદર દિવસથી વધારે કયાંય પણ ચુકવણું બાકી નથી.(અંતરાય)

**શ્રી બચુભાઈ ના. કિશોરી** : આજની તારીખમાં જે લોકોએ કુવા પુરાવેલા (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : બચુભાઈ, કોઈ પર્ટીકયુલર કેસ હોય, (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : (અંતરાય) ત્યારે બીજા લોકોનો વારો ન આવે તો અર્જુનભાઈ ન બોલે અને એ સવાલ પૂછે. (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્ય જયારે આટલી લાગણીથી કહે છે તો મંત્રીશ્રી એવું પણ કહી શકેને કે હું ચકાસી લઈશ.

**શ્રી વજુભાઈ વાળા** : એણે તો જવાબ આપી દીધો. માનનીય મંત્રીશ્રીએ પૂરો જવાબ આપ્યો છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : નથી આપતા સાહેબ. એ કહે છે નથી અને આ કહે છે. તો જોવું જોઈએ.

**અધ્યક્ષશ્રી** : બચુભાઈ, આપને કોઈ ચોકકસ નામોનું લીસ્ટ હોય તો મંત્રીશ્રીના ધ્યાને મૂકજો. તેઓ આપને જવાબ આપશે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : એવી કોઈ વિગત હોય તો અમારા ધ્યાને મૂકજો અમે એની વિચારણા કરીશું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને જે પ્રશ્નનો જવાબ નથી મળ્યો માત્ર એ પ્રશ્ન પૂછવા માગું છું કે મહાત્મા ગાંધી રાષ્ટ્રીય રોજગાર ગેરંટી યોજનામાં જિલ્લા કક્ષાએ તકેદારી રાખવા માટે અને રાજયકક્ષાએ તકેદારી રાખવા માટે ઓમ્બ્રુડસમેનની નિમણૂક કરવાની જોગવાઈ કરેલી છે. તો આ દેવગઢબારીયાની અંદર જે દાહોદ જિલ્લામાં આવે છે એ દાહોદ જિલ્લામાં ડિસ્ટ્રીકટ ઓમ્બ્રુડસમેનની નિમણૂક થયેલી છે કે કેમ અને જો ન થયેલી હોય તો જે પ્રકારના દરેક જિલ્લામાં ગેરરીતિના કેસો આપણી નજર સામે આવ્યા છે અને ખૂબ મોટે પાયે ગેરરીતિ આ યોજનામાં થયેલી છે તો આ દાહોદ જિલ્લાની અંદર ડિસ્ટ્રીકટ ઓમ્બ્રુડસમેનની નિમણૂક કરવા માગો છો કે કેમ? દાહોદ જિલ્લામાં રોજગારી ન મળવાને કારણે બીજા જિલ્લાની અંદર માઈગ્રેશન થાય છે તો એ માઈગ્રેશન અટકાવવું જરૂરી છે એટલા માટે માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે કે ત્યાં રોજગારી માગવા છતાં આપવામાં આવતી નથી તો આ દાહોદ જિલ્લાની અંદર જેમાંથી સૌથી વધારે માઈગ્રેશન બીજા જિલ્લાની અંદર થાય છે એના માટે કોઈ ખાસ વ્યવસ્થા કરીને જયારે અરજીઓ આવે
એના પછીના ૧૫ દિવસમાં એક્ટમાં જોગવાઈ થયેલી છે એ મુજબ એને રોજગારી સ્થાનિક મળી જાય, એ પ્રકારની વ્યવસ્થા રાજ્ય સરકાર નવેસરથી ગોઠવવા માગે છે કે કેમ?

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : આવી કોઈપણ માગણી આવશે અને સભ્યશ્રી દ્વારા અમારા ધ્યાન ઉપર મૂકવામાં આવશે તો ૧૦૦ ટકા રોજી આપવા માટેની રાજ્ય સરકારની નીતિ છે એમાં કોઈપણ બાંધછોડ અમે કરવા માગતા નથી. બીજી વાત એમણે કમિટીની લોકપાલની કરી એમાં ૨૬ પૈકી ૧૫ ની નિમણૂક થઈ ગઈ છે. દાહોદ જિલ્લામાં જાહેરાત આપ્યા પછી જે નામો આવ્યા એમાં ૧૫ ની નિમણૂક થઈ ગયેલ છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : દાહોદ જિલ્લાનો પ્રશ્ન પૂછ્યો છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : ૧૫ સભ્યોની નિમણૂક થઈ ગઈ છે.

## ઝાલોદ તાલુકામાં વ્યાજબી ભાવના અનાજની દુકાનો

***૧૯૦૦૩ શ્રી બચુભાઈ ના. કિશોરી(લીમડી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકામાં તા. ૩૧-૧૨-૨૧૦ ની સ્થિતિએ વસ્તીના ધોરણે મળવાપાત્ર વ્યાજબી ભાવના અનાજની દુકાનો કેટલી,

(૨) ઉપરોક્ત સ્થિતિએ કુલ ચાલુ દુકાનો કેટલી, અને

(૩) સંજેલી વ્યાજબી ભાવના અનાજની દુકાનના વિભાજન માટે માગણી હોવા છતા તે ન થવાનાં કારણો શાં છે?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી :**

(૧)૧૩૭.

(૨)૧૩૬

(૩)સંજેલી ગામની ૨૦૦૧ની વસ્તી કુલ ૬૦૯૩ છે. હાલમાં ૩ વ્યાજબી ભાવની દુકાનો ચાલુ છે. વસ્તી ધ્યાને લેતા હયાત દુકાનની સરેરાશ ૨૦૩૧ની વસ્તી થાય છે. નવી દુકાન મંજૂર કરવામાં આવે તો પોષણક્ષમતા રહે નહીં, જેથી નવી દુકાન મળવાપાત્ર નથી.

**શ્રી બચુભાઈ ના. કિશોરી** : માનનીય અધ્યક્ષશ્રી, ઝાલોદ તાલુકામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ કુલ કેટલી સરકારી વ્યાજબી ભાવની દુકાન મળવાપાત્ર છે આ મારો પ્રશ્ન છે અને સંજેલી ગામે આ તારીખે નવી દુકાન આપવા માગો છો કે કેમ? મને જવાબ આપ્યો છે કે ૨૦૦૧ની સ્થિતિએ ઝાલોદ તાલુકામાં ૧૩૭ દુકાન મળવાપાત્ર છે. મારો પ્રશ્ન તા. ૩૧-૧૨-૧૦ ની સ્થિતિનો. જવાબ આપવામાં આવ્યો છે ૧૦ વર્ષ પહેલાનો ૨૦૦૧ની સ્થિતિએ. તો ૨૦૦૧ ની સ્થિતિએ ત્યાં મળવાપાત્ર દુકાનો નથી સંજેલીમાં તો ૨૦૧૦ની સ્થિતિએ મળવાપાત્ર છે કે કેમ? ઝાલોદ તાલુકામાં ૨૦૧૦ની સ્થિતિએ કેટલી દુકાનો મળવાપાત્ર છે. આ બંને જવાબો છે. આપે જવાબ આપ્યો છે. બંને મળે છે. તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ ઝાલોદ તાલુકામાં મળવાપાત્ર દુકાનો કેટલી? સંજેલીમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ માં મળવાપાત્ર છે કે કેમ? છે તો એ દુકાનો આપવા માગો છો કે કેમ?

**શ્રી જીતેન્દ્ર સુખડીયા** : સંજેલીમાં હાલ કુલ ૩ દુકાનો છે: સંજેલી જંગલ કામદાર સહકારી મંડળી, અરવિંદ આર. પીઠાલાની એક દુકાન છે. શ્રી પંચમહાલ આદિવાસી જંગલ કામદાર સહકારી મંડળી આ ૩ દુકાનો થઈને જનસંખ્યા ૭૭૪૮ આજની તારીખે થાય છે. જે પ્રશ્ન છે. કુલ જનસંખ્યાના ૪૦ ટકા લોકો બી.પી.એલ. રૅશનકાર્ડ ધરાવતા હોય તો જ નવી દુકાન માટેની મંજૂરી મળી શકે. જ્યારે સંજેલી ગામ અને કિશાના મુવાડાની

સાથે જોડીએ તો તે સહિતની જનસંખ્યા ૭૭૪૮ છે અને બી.પી.એલ. રૅશનકાર્ડ ધરાવનારની જનસંખ્યા ૮૯૪ જે કુલ જનસંખ્યાના ૧૧.૫૩ ટકા થાય છે, આથી ૪૦ ટકા થવી જોઈએ, તેની જગ્યાએ ૧૧.૫૩ ટકા ત્રણેયને મેળવીને થાય છે, એટલા માટે થઈને ચોથી દુકાન મંજૂર થઈ શકે તેમ નથી.

**શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વ્યાજબી ભાવની દુકાનમાં દુકાનદારને સરેરાશ માસિક ખૂબ ઓછો માલ મળે છે, જેના પરિણામે પૂરતું વેતન મળતું નથી. આ વેતન વધારવા માગો છો કે કેમ? બીજો પ્રશ્ન હાલમાં લોટ આપવામાં આવે છે, તેમાં ઘણીબધી વાર જીવાત અને સડેલો લોટ નીકળે છે અને લોટ બદલવા માગો છો કે કેમ?

**અધ્યક્ષશ્રી** : આમાંથી આ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી બચુભાઈ ના. કિશોરી** : મારો પ્રશ્ન હતો અને જવાબ આપ્યો એની વચ્ચે સામ્યતા છે.

**અધ્યક્ષશ્રી** : દુકાન મંજૂર કરવા બાબતનો પ્રશ્ન છે. આપ બચુભાઈ કહો. આમાંથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી બચુભાઈ ના. કિશોરી** : જવાબ આપ્યો ૨૦૧૦ની સ્થિતિએ. ખરેખર દુકાન ઝાલોદ તાલુકામાં કેટલી મળવાપાત્ર છે, તેનો જવાબ મળ્યો નથી. સંજેલીમાં વસ્તી વધારો થઈ ગયો છે. ૧૦ વર્ષ પછી. હવે દુકાનો મળવાપાત્ર છે કે કેમ? આનો જવાબ આપવામાં આવ્યો નથી.

**શ્રી જીતેન્દ્ર સુખડીયા** : હવે નવી પૉલિસી માટે વિચારણા કરી રહ્યા છીએ. જે કંઈ સૂચન હશે તેમાં વિચારણા કરીને નવી પૉલિસી મુજબ કામગીરી કરીશું. અત્યારે સંખ્યા થતી નથી, એટલે વિચારણા કરી શકીએ તેમ નથી.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પૂછયું છે કે આ વર્ષે કેટલી વસ્તીનો વધારો થયો છે. જેમ જેમ વસ્તી વધતી જાય તેમ તેમ તેમાં ફેરફાર કરતા જવા જોઈએ. આજે ૨૦૧૦ની વસ્તી ગણતરી ચાલે છે. સામાન્ય રીતે સરકારના બનાવેલ નિયમો પ્રમાણે ૨૦૦૧ની વસ્તી અને ત્રણ કિલોમીટરનું અંતર હોય તો એવી જગ્યાએ એક ફોર્મ્યુલા બનાવી છે તે મુજબ એક દુકાન ખૂલે છે. જેમ જેમ વસ્તી વધતી જાય, એમ તો સુરતમાં વસ્તી ડબલ થઈ ગઈ છે એટલે જેમ જેમ વસ્તી વધે તેમ તેમ દુકાનો ખૂલતી જાય એવું ન હોય. જે રૅશનકાર્ડ આપવામાં આવે છે તે બીજી દુકાનમાં તે આપવામાં આવે છે. ૨૦૧૦ની વસ્તી ગણતરીનો જ્યારે આંકડો આવશે અને તેને ફરી રીશફલીંગ કરવાના છીએ તે વખતે આ નવી ફોર્મ્યુલા, નવા સંજોગો અને નવી નીતિ ઉભી થશે તે પ્રમાણે આ બધી બાબતોને ગણતરીમાં લેવામાં આવશે.

**શ્રી સી.કે. રાઉલજી** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનો પ્રશ્ન ખૂબ જ વ્યાજબી છે. ૨૦૦૧ ની સાલ અને ૨૦૧૧ની સાલ. ૨૦૧૧ એટલે ૧૧ વર્ષ સુધી આ તાલુકામાં બધી જ જગ્યાએ પુરુષોએ નસબંધી કરાવી હોય કે સ્ત્રી નસબંધી કરાવી હોય તેના કારણે વસ્તી વધી નથી? આજે..

**અધ્યક્ષશ્રી** : આપ સીધા પ્રશ્ન ઉપર આવો નહીંતર આપને બેસાડી દેવામાં આવશે.

**શ્રી સી.કે. રાઉલજી** : માનનીય અધ્યક્ષશ્રી, મારો સવાલ એ છે કે આજે સંજેલી ગામે ૨૦૦૧ની અંદર છ હજારની વસ્તી હતી. આજે વસ્તી ગણતરી મુજબ આજે ૧૨ હજારની વસ્તી છે. આજે પોષણક્ષમ નથી તો દુકાનદારને પોષણક્ષમ નથી કે સરકારને આપવામાં પોષણક્ષમ નથી? મારો સવાલ આ છે.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ પૂછયું કે પોષણક્ષમ નથી. નાની દુકાનને બદલે મોટી દુકાન થાય તો પોષણક્ષમ થાય. લોકોની ફરિયાદ ઉલટી છે કે રૅશનકાર્ડ ઓછા હોવાના કારણે એમને ત્યાં આગળ ઇકોનોમિકલ પડતું નથી. હવે વધારે અને વધારે દુકાનો ખોલવાથી તેની પોષણક્ષમતા ઓછી થાય છે. એટલે આપે પ્રશ્ન પૂછયો કે વધારે દુકાનો કરીએ. બહેને હમણાં ફરિયાદ કરી કે પોષાતું નથી તો તમે તેના રેટ વધારવા માગો છો કે કેમ? પરિસ્થિતિ એ છે કે આજના સંજોગોમાં વધેલી મોંઘવારીના કારણે તે લોકોને કેવી વ્યવસ્થા આપવી, કેવી ફોર્મ્યુલા આપવી તેનો અભ્યાસ આ વસ્તી ગણતરીની ૨૦૧૦ની ફોર્મ્યુલા આવી જાય પછી તેનું રીશફલીંગ કરીશું.

### સુરેન્દ્રનગર જિલ્લામાં સખી મંડળ યોજનામાં મહિલા જૂથોની રચના

***૧૯૭૦૮ શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં મહિલા સશકિતકરણ કાર્યક્રમ અન્વયે સખી મંડળ યોજનામાં વર્ષ ૨૦૧૦-૧૧માં તા.૩૧- ૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલા મહિલા જૂથોની રચના થઈ,

(૨) તે પૈકી કેટલા મહિલા જૂથોને રીવોલ્વીંગ ફંડ આપવામાં આવેલ છે, અને

(૩) કેટલા જૂથોને ચુકવવાનું બાકી છે, અને તે કયાં સુધીમાં ચૂકવવામાં આવશે?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી :**

(૧) ૧૩૮૭ જૂથો રચવામાં આવેલ છે.

(૨) ૩૦૪ જૂથોને રીવોલ્વીંગ ફંડ ચૂકવવામાં આવેલ છે.

(૩) ૧૦૮૩ જૂથોને રીવોલ્વીંગ ફંડ ચુકવવાનું બાકી છે. જે પૈકી ૩૫૪ જૂથોનું ગ્રેડીંગ થઈ ગયેલ હોઈ રીવોલ્વીંગ ફંડ ચૂકવવાની કાર્યવાહી ચાલુમાં છે. બાકીના ૭૨૯ જૂથોને છ માસ થયેથી બૅન્ક દ્વારા ગ્રેડીંગ થયેથી રીવોલ્વીંગ ફંડ સત્વરે ચૂકવી આપવામાં આવશે.

**શ્રીમતી વર્ષાબેન ન. દોશી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીએ મહિલાઓને સશકત અને સ્વાવલંબી બનાવવા માટે અનેક કાર્યક્રમો હાથ ધર્યા છે અને અનેક યોજનાઓ બનાવી છે તેના માટે આ તકે લાખ લાખ અભિનંદન આપવા છે. ગ્રામ્ય વિસ્તારોની ગરીબ મહિલાઓને સંગઠિત કરી સખી મંડળો બનાવવામાં આવ્યા છે ત્યારે માનનીય મંત્રીશ્રી પાસે જાણવું છે કે મિશન મંગલમ યોજના અંતર્ગત આ સખી મંડળોને રાજય સરકાર કેવી રીતે વધુ મજબૂત બનાવવા માગે છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સુરેન્દ્રનગર જિલ્લામાં જે મહિલા મંડળો, સખી મંડળોની રચના કરવામાં આવી છે તેનો સભ્યશ્રીએ પ્રશ્ન પૂછયો છે. તેમનો પ્રશ્ન એવો છે કે સખી મંડળોનું સશકિતકરણ કેવી રીતે કરવામાં આવે છે? માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં આનંદ થાય છે કે, ગુજરાત રાજયના વિકાસપુરુષ એવા અમારા માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ ગુજરાતનો વિકાસ કરવામાં મહિલાઓને કેવી રીતે પાર્ટીશીપેટ કરવી તેની કલ્પના ૨૦૦૭ની સાલમાં તેમણે કરી હતી. આજે મિશન મંગલમની રચના થાય છે તે ૨૦૦૭ની કલ્પનાનો એક ભાગ છે. તે વખતે આ શરૂ કરેલી મિશન મંગલમ યોજના અને ૨૦૦૮થી શરૂ કરેલા સખી મંડળો જોત જોતામાં આજે ૨ લાખ સખી મંડળો રચાઈ ગયા છે અને લગભગ ૩૦ લાખ બહેનો તેમાં ભાગ લે છે. આ સખી મંડળોને મજબૂત કરવા માટે રાજય સરકાર ગ્રામીણ કુટુંબોને, એકઠાં કરીને દસ કરતાં વધારે બહેનોનું જૂથ બનાવવું, ગ્રામીણ કુટુંબોના સ્વસહાય જૂથો રચવા, બહેનોને સંગઠિત કરી આર્થિક, સામાજિક, શૈક્ષણિક અને કૌટુંબિક રીતે સક્ષમ બનાવી કૌશલ્ય વર્ધન તાલીમ આપવી, માળખાકીય સુવિદ્યાઓ આપવી, આર્થિક પ્રવૃત્તિઓ સાથે જોડવામાં આવે અને સન્માનપૂર્વક જીવન જીવી શકે તેની તૈયારી ૨૦૦૭થી શરૂ કરી છે. આ બહેનોનું જૂથ બને તેને રીવોલ્વીંગ ફંડ આપવાનું, બૅન્ક ધિરાણ આપવાનું અને આર્થિક પ્રવૃત્તિઓ કરે તેવી સ્થિતિમાં લાવવાનું છે. આ સ્વર્ણિમ વર્ષમાં મિશન મંગલમની રચના કરવી દેવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સ્વર્ણિમ વર્ષમાં મિશન મંગલમની રચના કરી દેવામાં આવી છે. મને કહેતાં આનંદ થાય છે કે, આ એક બહુ સેન્સેટીવ વિષય છે અને એને પહોંચી વળવા માટે રાજય સરકારની જે સલાહકાર કાઉન્સિલ બની છે એના અધ્યક્ષ ખૂબ માનનીય મુખ્ય મંત્રીશ્રી છે એ અમારા માટે ગૌરવ છે. (અંતરાય) મને પ્રશ્ન પૂછ્યો છે, મહિલાઓના સશકિતકરણનો છે અને એની વાત કરું છું, અમલીકરણ એજન્સી તરીકે જીએલપીસી ગુજરાત લાઈવલીહુડ પ્રોમોશન કંપનીની રચના કરી છે. ગરીબોને સંકલિત કરી, એને (અંતરાય) કેવી રીતે સશકિતકરણ આવે.. આ જ કહેવું પડે, પ્રશ્ન પૂછ્યો છે, અને સુરેન્દ્રનગરમાં પણ મહિલાઓ જ છે. ( અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી આપ ટૂંકમાં જવાબ આપો, માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો છે પણ એનો મુખ્ય મુદ્દા ઉપર ટૂંકમાં જવાબ આપો.

**શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ** :માનનીય અધ્યક્ષશ્રી, સવાલ એ છે કે, ૧૦૮૩ જૂથોને રિવોલ્વીંગ ફંડ ચૂકવાયું નથી એ ક્યારે ચૂકવવા માગો છો, એ પ્રશ્ન છે.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એવું નથી પૂછ્યું, માનનીય અધ્યક્ષશ્રી હજુ જણાવું છું, મહિલાઓના સશકિતકરણ માટે વાયબ્રન્ટ ગુજરાત વખતે ૫૭ જેટલા અમે એમઓયુ કર્યા છે દેશની અગ્રગણ્ય કંપનીઓએ, સામાજિક સંસ્થાઓ અને બૅન્કો સાથે વીસ હજાર કરોડની નાણાકીય વ્યવસ્થા કરી છે, સાહેબ, એ તો સાંભળવું જ પડે, એ તો હું જવાબ આપવાનો જ છું. સ્ટેટ લેવલે બેંકર્સ કમિટીઓ બની, લાખો બેનોને આમાં વ્યવસ્થા આપી છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, આપ સભ્યશ્રીને સીધા વધારાની માહિતી પહોંચાડજો.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય** : માનનીય અધ્યક્ષશ્રી, વાયબ્રન્ટ ગુજરાત દ્વારા જે મિશન મંગલમનો પ્રોજૅકટ મૂકવામાં આવ્યો છે એમાં કેટલા હજાર કરોડનું રોકાણ કરવામાં આવનાર છે એમાં કેટલી મહિલાઓનો સમાવેશ થશે? અને એ મંડળોને કેટલું રીવોલ્વીંગ ફંડ આપવામાં આવશે, એ હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું અને માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા મહિલાઓના વિકાસની˙, આર્થિક વિકાસની વાતોમાં પણ શું કામ વાંધો લેવામાં આવે છે એ મને સમજાતું નથી.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે રોકાણની બાબત છે, જિલ્લા તો વિવિધ છે આજે તો સુરેન્દ્રનગર જિલ્લાની જે રોકાણની બાબત હોય એ તો હું આપી શકું છું. માનનીય અધ્યક્ષશ્રી, આજે સુરેન્દ્રનગર જિલ્લામાં જે કુલ મહિલાઓના સખી મંડળો છે એની બચત ૩૨૩ લાખ રૂપિયાની છે, આંતરિક ધીરાણ કરતાં જે જૂથો છે, ૫૧૩૬ જે જૂથો છે, એના દ્વારા ચૂકવેલ રીવોલ્વીંગ ફંડ ૧૭૫ લાખ રૂપિયા છે, અને ક્રેડિટ લિંકેજ છે એ ૫૩૮ લાખ રૂપિયાનું બૅન્કનું થયેલું છે. આ રીતે બૅન્કોનું ચાલે છે.

**શ્રી દેવજીભાઈ ગો. ફતેપરા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, નીરા રાડિયા છે એ સખી મંડળના સભ્ય...

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી, આપ બેસી જાઓ, પ્રશ્ન ક્રમાંક- ૪, માનનીય મનસુખભાઈ..

### અમરેલી જિલ્લામાં જાહેર કરેલ તીર્થગામ ગામો

*** ૧૯૬૦૩ શ્રી મનસુખભાઈ પાં. ભુવા(ધારી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલાં ગામોને તીર્થગામ જાહેર કરવામાં આવ્યાં,

(૨) તીર્થગામ તરીકે જાહેર કરેલ કેટલાં ગામોને અનુદાનની રકમ આપવામાં આવી, અને

(૩) કેટલાં ગામોને અનુદાનની રકમ આપવાની બાકી છે?

**પંચાયત મંત્રીશ્રી :**

(૧)

| **વર્ષ** | **તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ વર્ષવાર જાહેર કરેલ તીર્થગામોની સંખ્યા** |
|---|---|
| ૨૦૦૯-૧૦ | ૧ (એક) |
| ૨૦૧૦-૧૧ | ૦૦ |

(૨) ૧ ( એક )

(૩) ગ્રાન્ટ ચૂકવાયેલ હોઈ પ્રશ્ન નથી.

**શ્રી મનસુખભાઈ પાં. ભુવા** : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના મુખ્યમંત્રીશ્રીની પરિકલ્પના છે કે, ગુજરાતના દરેક ગામ તિર્થધામ બને, ભાઈચારો વધે એવા શુભ હેતુથી આ તિર્થગામની યોજના જાહેર કરી છે ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીને હું અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે આ તિર્થગામ યોજના શું છે? જે ગ્રામ પંચાયતોને તિર્થગામનો દરજ્જો મેળવવો હોય તો તે માટેની પાત્રતાના ધોરણો શું છે? અમરેલી જિલ્લામાં અત્યાર સુધીમાં દરેક તાલુકાવાર કેટલા ગામો તિર્થગામ તરીકે જાહેર કરવામાં આવ્યા છે.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ પણ અમારા માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગામડાઓને પરસ્પર સમભાવ અને સમદૃષ્ટિ રહે એ રીતે હળીમળીને પોતાની ગ્રામ પંચાયતો ચલાવે, ગામડાઓનો વિકાસ કરે એ માટે તિર્થગામનો એક દરજ્જો આપવામાં આવ્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં રહેતા લોકો વચ્ચે પરસ્પર સદભાવના વધે અને સામૂહિક એખલાસની ભાવના પ્રબળ બને અને ભાઈચારાની ભાવના વધે એટલા માટે આ એક કન્શેપ્ટ મૂકયો છે. જે લોકોને પોતાના ગામને તિર્થગામ કરવું હોય તો એમાં આટલી શરતો છે અને એટલી શરતો જે ગામ પાળે એને તિર્થગામ જાહેર કરીએ છીએ.

છેલ્લા પાંચ વર્ષમાં ગામમાં કોઈ પણ ફોજદારી ગુનો ન બન્યો હોય કે તકરાર ન થઈ હોય તો તેને એ પાત્રતા મળે છે, ગામમાં માદક કે કેફી દ્રવ્યોનું ઉત્પાદન, વેચાણ કે સેવન ન થતું હોવું જોઈએ, એનો ભંગ કે ગુનાની સમિક્ષા ત્યાં થયેલી નહીં હોવી જોઈએ, ગામ સ્વચ્છ હોવું જોઈએ, ગામના રસ્તાઓ પર કે પાદરમાં ઉકરડા પણ ન હોવા જોઈએ, પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ હોય તો કન્યાઓનું નામાંકન ખૂબ સારું હોવું જોઈએ, સમરસ જાહેર થયેલું ગામ હોય તો એને પ્રાયોરિટી આપવામાં આવે છે, ગામના સ્થાનિક પ્રશ્નનું અંદરો-અંદર સમજૂતિથી લોક-અદાલતની ઉંચ્ચ ભાવનાથી એનું નિરાકરણ ગામના જ લોકો કરતા હોવા જોઈએ, ગામના ધાર્મિક સ્થાનો કે એવા કોઈ પ્રશ્ન માટે ગામમાં વિવાદ ચાલતો ન હોવો જોઈએ. ગામમાં દલિત અને આદિવાસી વિસ્તારમાં ગામના અન્ય વિસ્તારમાં મળતી પ્રાથમિક સુવિધા જેવી જ સુવિધા મળતી હોવી જોઈએ, ગામમાં અસ્પૃશ્યતા નિવારણનો ચૂસ્ત અમલ થતો હોવો જોઈએ, ગામમાં જળસંચય યોજના ખેત તલાવડી-બોરીબંધ હોવા જોઈએ, (અંતરાય) આ જવાબ જ છેને તમને સાંભળવું ન હોય તો શું થાય? માનનીય અધ્યક્ષશ્રી, તિર્થગામ જે ગામ જાહેર થાય એ ગામને એક લાખ રૂપિયાનો પુરસ્કાર આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ બીજો પ્રશ્ન એવો પૂછયો કે અમરેલી જિલ્લામાં કેટલા તિર્થગામો થયા છે? તો અમરેલી જિલ્લામાં ૩૧ તિર્થગામો થયા છે. એમાં અમરેલી તાલુકામાં ૩ ગામો તિર્થગામો થયા છે, લિલિયા તાલુકામાં ૫, બાબરામાં ૪, કુકાવાવમાં ૨, ધારીમાં ૩, જાફરાબાદમાં ૫, બગસરામાં ૨, સાવરકુંડલામાં ૩, લાઠીમાં ૨, રાજુલામાં ૨ એમ કુલ ૩૧ ગામો અમરેલી જિલ્લામાં તિર્થગામ થયા છે.

**શ્રી કાળુભાઈ વીરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, અમરેલી જિલ્લામાં તિર્થગામ યોજના છે તો એમાં મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે તિર્થગામ યોજનાના અમલીકરણ માટે કોઈ સમિતિની રચના કરવામાં આવી છે, જો આવેલ હોય તો તેના સભ્યો કોણ કોણ છે અને તેના કાર્ય શું કરવાના હોય છે?

માનનીય અધ્યક્ષશ્રી, બીજો મારો પ્રશ્ન છે કે આ તિર્થગામ યોજના ખૂબ સારી છે કારણ કે, તિર્થગામમાં સંપ હોય, કાયદાકીય રીતે કોર્ટ-કબાડા ન થાય, ગામ સંપથી રહે, ગામ એક સરસ ગામ બને એવો હેતુ માનનીય મુખ્યમંત્રીશ્રીનો છે તો આવા ગામો વિશેષ થાય એ ખૂબ જરૂરી છે ત્યારે આ તિર્થગામ કર્યા પછી કેવા પ્રકારની કામગીરી થતી હોય છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એ વાત સાચી છે કે, કોઈ ગામને તીર્થગામ જાહેર કરવું હોય તો તેના માટે ફોરમ જોઈએ. અને તે માટે શરૂઆતથી જ એવું ફોરમ બનાવ્યું છે અમલીકરણ સમિતિની જે કમિટી બનાવી છે તેના કલેકટરશ્રી તેના અધ્યક્ષ છે. જિલ્લા વિકાસ અધિકારી ગ્રામીણ પંચાયતોનું કામ જોતા હોય છે એમને પણ ઉપાધ્યક્ષ તરીકે મૂક્યા છે. જિલ્લા પોલીસના વડા ગામની અંદર સુખ-સંપ અને તેના માટે પોલીસ વિભાગના પોલીસ વડાને પણ આ કમિટીમાં મૂક્યા છે. સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ પ્રોહિબિશન એન્ડ એકસાઈઝ તેના પણ એક સભ્ય છે. નાયબ જિલ્લા પોલીસ અધિકારી સભ્ય છે. જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી સભ્ય છે. જિલ્લા તકેદારી અધિકારી પણ છે. જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી પણ સભ્ય છે. સ્વૈચ્છિક સંસ્થાના બે પ્રતિનિધિ હોય છે. જિલ્લા સામાજિક ન્યાય સમિતિના ચેરમેન તે પણ આ સમિતિના સભ્ય હોય છે. નિયામક જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી આના સભ્ય હોય છે. નાયબ જિલ્લા વિકાસ અધિકારી પંચાયત પણ આના સભ્ય હોય છે. આ તીર્થગ્રામ જાહેર કરવું હોય તો તેની પણ એક પ્રક્રિયા છે. આપણને એમ થાય કે લાવો તીર્થગ્રામ કરીએ એવી રીતે નથી. તીર્થગ્રામ યોજના હેઠળ ગ્રામ પંચાયતની પસંદગીના હેતુ માટે ગ્રામ પંચાયતે સંબંધિત તાલુકા વિકાસ અધિકારીને પ્રત્યેક નાણાંકીય વર્ષમાં ૩૦મી એપ્રિલે તેને ત્યાં જાણકારી આપવાની હોય છે. આ યોજના માટે પ્રાથમિક ચકાસણી પછી તાલુકા મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારી તેની ચકાસણી કરે છે. (અંતરાય) સમિતિ ચર્ચા-વિચારણા લઈ અને પછી નિર્ણય લે છે. આ પ્રમાણે કામ ચાલે છે.

**તાપી જિલ્લામાં આદિવાસીઓને જંગલની જમીનો આપવા બાબત**

*** ૧૯૩૩૫ શ્રી અમરસિંહ ૨ા. વસાવા(દેડીયાપાડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તાપી જિલ્લામાં સન ૨૦૦૮-૦૯, ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ના વર્ષમાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ તાલુકા વાર કેટલા જંગલની જમીન ખેડતા આદિવાસીઓને જંગલની જમીન ફાળવી આપવામાં આવી,

(૨) કેટલા લોકોને સનદો અપાઈ,

(૩) હજુ કુલ કેટલા લોકોને આ જંગલની જમીનો ફાળવવાની બાકી છે, અને

(૪) તે કેટલા સમયમાં ફાળવવામાં આવશે ?

**આદિજાતિ વિકાસ મંત્રીશ્રી**

(૧)

| **અ.નં.** | **તાલુકો** | **૨૦૦૮-૨૦૦૯** | **૨૦૦૯-૧૦** | **૨૦૧૦-૧૧** | **કુલ** |
|---|---|---|---|---|---|
| ૧ | સોનગઢ | ૦૦ | ૩૩ | ૧૭ | ૫૦ |
| ૨ | ઉચ્છલ | ૩૩ | ૫૪૩ | ૯૦ | ૬૬૬ |
| ૩ | વ્યારા | ૦૦ | ૦૦ | ૧૨ | ૧૨ |
| ૪ | નિઝર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૫ | વાલોડ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | કુલ : | ૩૩ | ૫૭૬ | ૧૧૯ | ૭૨૮ |

(૨) સનદ આપવાની જોગવાઈ નથી પરંતુ ૭૨૮ અરજદારોને અધિકારપત્ર આપવામાં આવેલ છે.

(૩)

| **અ.નં.** | **તાલુકો** | **મળેલ દાવા** | **મંજૂર** | **નામંજૂર** | **નિકાલ** | **પડતર/કાર્યવાહી હેઠળ** |
|---|---|---|---|---|---|---|
| ૧ | સોનગઢ | ૪૮૦૧ | ૫૦ | ૮૩૬ | ૮૮૬ | ૩૯૧૫ |
| ૨ | ઉચ્છલ | ૪૪૬૪ | ૬૬૬ | ૦૦ | ૬૬૬ | ૩૭૯૮ |
| ૩ | વ્યારા | ૨૩૭૪ | ૧૨ | ૨૩૧૨ | ૨૩૨૪ | ૫૦ |
| ૪ | નિઝર | ૩૦૮ | ૦૦ | ૦૦ | ૦૦ | ૩૦૮ |
| ૫ | વાલોડ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | કુલ : | ૧૧૯૪૭ | ૭૨૮ | ૩૧૪૮ | ૩૮૭૬ | ૮૦૭૧ |

(૪) ટૂંક સમયમાં

**શ્રી અમરસિંહ ૨ા. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં ગુજરાતના આદિવાસીઓને જંગલની જમીનો આપવા બાબતનો પ્રશ્ન પૂછયો છે. મારે કેન્દ્રની કોંગ્રેસની સરકારને અભિનંદન આપવા છે. એટલા માટે અભિનંદન

આપવા છે કે, આ કોંગ્રેસની સરકારે આદિવાસીઓની ચિંતા કરી છે(અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રીને પૂછવું છે કે, મેં પ્રશ્ન તાપી જિલ્લાના ૨૦૦૮-૦૯,૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ની સ્થિતિએ આદિવાસીઓએ જે દાવા કરેલા છે તેમાં કેટલા લોકોને જમીન મળી છે? તેમાં જવાબ આપ્યો છે કે, કુલ મળેલ દાવાઓ છે ૧૧૯૪૭. ગુજરાતની સરકારે જમીન કેટલી આપી છે ૭૨૮. આ સરકારને શરમ આવવી જોઈએ ૭૨૮ લોકોને જમીન આપી છે. આ સરકાર આદિવાસીઓ માટે કેવી માનસિકતા ધરાવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારો બીજો પ્રશ્ન એ છે કે, આ જે હકક દાવા આદિવાસીઓ કરે છે તે લોકો જંગલ જમીન આપવાના અધિકારો છે તેમાં ખાસ કરીને બહુ મોટા પાયે આદિવાસીઓને જંગલ ખાતું હેરાન કરે છે. મારે આપ સાહેબને જણાવવાનું છે કે ગુજરાતમાં આ જે જંગલની જમીન ખેડવાનો જે નિકાલ કરવાનો છે તેમાં ફોરેસ્ટ વિભાગને ખસેડીને આદિજાતિને સોંપ્યું છે. ગુજરાતમાં આ જંગલ ખાતાના મંત્રીશ્રી પણ મંગુભાઈ પટેલ સાહેબ છે અને આદિજાતિના મંત્રીશ્રી પણ મંગુભાઈ પટેલ છે એટલા માટે જજમેન્ટ થઈ શકતું નથી. (અંતરાય) અમને ન્યાય મળવો જોઈએ. એટલે સરકાર રાજય લેવલે ધારાસભ્યની ટીમ બનાવીને આદિવાસીઓને ન્યાય આપવા માગે છે કે કેમ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, તેમણે કેન્દ્ર સરકારને અભિનંદન આપ્યા છે મારે એ કહેવું છે કે ભારતીય જનતા પાર્ટીની ગુજરાત સરકારે ૧૯૬૭ પહેલાં અને ૧૯૮૦ પહેલાંની ૪૫,૩૫૫ લોકોને જમીન ઓલરેડી આપી દીધેલી છે. માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્રને તો આદિવાસીઓનું હિત મોડું ધ્યાનમાં આવ્યું. ૨૦૦૬માં કાયદો કર્યો અને ૨૦૦૮માં અમલ કર્યો છે. એમણે એક વાત કરી કે આદિવાસીઓને આ જમીન આપવાનું કહી દીધું છે. આ કેન્દ્રનો કાયદો છે અને કેન્દ્રએ ત્યાંથી આદિજાતિને જવાબદારી સોંપી છે, એટલે એમણે આ વાત સમજવી પડશે. જે જમીન અપાઈ છે એ (અંતરાય) મારો જવાબ બરાબર સાંભળે. તેઓ સવાલ કરતા હતા ત્યારે હું વચ્ચે બોલ્યો નથી. જે મંજૂર થયેલી છે તે ૭૨૮ જેટલી અરજીઓ મંજૂર થયેલ છે અને પડતર જે છે એ પડતર અરજીઓ અંગે નિયમના આધારે બે પુરાવા હશે તો જલદી મંજૂરી આપીશું. જે નામંજુર કર્યા છે એ નામંજૂરની અરજી પર પણ અપીલ કરી શકાય છે એટલે જલદી અપીલ કરાવે તો એના ઉપર પણ વિચારણા કરવાની સરકારની તૈયારી છે.

**શ્રી ઈશ્વરભાઈ ન. વહીઆ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ખૂબ જ ગંભીર પ્રશ્ન છે. ગુજરાતમાં ૧,૮૨,૫૬૮ જેટલા કેસો છે.

**અધ્યક્ષશ્રી** : તાપી જિલ્લાની વાત કરો.

**શ્રી ઈશ્વરભાઈ ન. વહીઆ** : તાપી જિલ્લાની જ વાત કરું છું. જવાબમાં લખ્યું છે કે સનદ આપવાની જોગવાઈ નથી. તો એ કેવી રીતે ડેવલપ કરવાનો? કેન્દ્ર સરકારે સનદ આપવાની જોગવાઈની ના કહી છે કે કેમ? આ પહેલો પ્રશ્ન. બીજો પ્રશ્ન એ છે કે ન્યાયી પ્રક્રિયામાં ગામસભા એ મહત્વનો ભાગ છે. ગામસભા જયારે અરજી પાસ કરીને ઉપર મોકલે છે, તો આ ગામ સભાને આ ન્યાયી પ્રક્રિયામાં પહેલો હિસ્સો ગણવા માગો છો કે કેમ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ**: આ કેન્દ્રની જ સૂચના છે. જે મેં કહ્યું ૧૯૬૭ પહેલા અને ૧૯૮૦ પહેલા જે આપી છે..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય ઈશ્વરભાઈ, આપ જવાબ સાંભળો. (અંતરાય) માનનીય અમરસિંહભાઈ, આપ જવાબ સાંભળો.(સતત અંતરાય) જવાબ સાંભળો. આપને તક આપીશ.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : ૧૯૬૭ પહેલા અને ૧૯૮૦ પહેલા સનદ આપતા હતા, એ રેવન્યુ આપતી હતી. એ રીતે એમને કાયમની રેવન્યુ પર જે જમીન હતી, જે કેન્દ્ર સરકારે સૂચવ્યું છે એ કેન્દ્ર સરકારે કબજો આપવાની વાત કરી છે. સનદ આપવાની વાત કરી નથી. મારે એ પણ કહેવું છે કે ૩૧/૧૨/૦૫ની..(અંતરાય) ૩૧/૧૨/૦૫ની ૩૩૫૫ અરજી કેન્દ્ર સરકારમાં પડતર છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ અમદાવાદમાં કબજા રસીદ આપવાનો એક કાર્યક્રમ કરીને ૨૨૦૦ જેટલી કબજા રસીદ એમને આપી છે.

**શ્રી પ્રભુભાઈ ના. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, મારા સોનગઢ તાલુકાના ૪૮૦૧ દાવા પૈકી માત્ર ૮૮૬ દાવા નિકાલ કરવામાં આવેલા છે. જયારે ૩૯૧૫ દાવા હજુ પડતર છે. તો આ પડતર રહેવા પાછળ શાં કારણો છે? હાલ કયા સ્ટેજ પર છે? અને કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે?

**શ્રી મંગુભાઈ છ. પટેલ**: જે બે પુરાવા જોઈએ, એ બે પુરાવા હશે તો ઝડપી નિકાલ થાય એના માટે પણ અમે ચોકકસ કાર્યવાહી હાથ ધરી છે. સ્ટેટ લેવલ મોનેટરીંગ કમિટીમાં નિર્ણય લઈ રાજય કક્ષાના અધિકારીઓની એક ક્ષેત્રીય નીરિક્ષણ ટીમ બનાવેલી છે, જે જિલ્લાઓની નિયમિત મુલાકાત લઈ પ્રશ્નોના તાત્કાલિક માર્ગદર્શનથી નિકાલ ઝડપી બનાવે છે. રાજય કક્ષાના કોર ગૃપમાં, જિલ્લા કક્ષાએ ઉદ્ભવેલા પ્રશ્નોનો તાંત્રિક ઉકેલ મેળવી માર્ગદર્શન આપવામાં આવે છે. જિલ્લા કક્ષાએ ઉદ્ભવતા પ્રશ્નો જેવા કે આંતર વિભાગીય સંકલન, કાયદાકીય નિયમોનું અર્થઘટન, વન વસાહતને મહેસૂલી ગામ જાહેર કરવા, હકક પત્રની નોંધણી, નવા સૂચનો, માહિતી પરિપત્ર કરવા જેવા મુદ્દા માટે કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગને નકકી કર્યા છે, જેથી આ બાબતે ઝડપી નિકાલ કરવામાં આવશે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે પુરાવા આપવાની વાત કરે છે તેમાં જે કબજેદારો છે એમની પાસે એનો કબજો છે. જે કબજો પ્રસ્થાપિત કરવાનો અને ગ્રામ સભાએ સર્ટિફાઈડ કરવાની જોગવાઈ છે. આ બધા જ કિસ્સામાં ગ્રામસભાએ આ કબજો કબજેદાર પાસે છે એ સર્ટિફાઈડ કરી દીધેલ છે અને છતાં ૧૧૦૪૭ અરજીઓ પૈકી માત્ર ૭૨૯ અરજીઓ જ મંજૂર કરી છે અને એ પણ આ કાનૂનને પાસ થયા પછીના ૫ વર્ષમાં. સભ્યશ્રીઓને દુઃખ એ વાતનું છે કે કોઈ કાયદામાં જોગવાઈ નહીં હોવા છતાં *(xxxx) (xxxx) (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, અર્જુનભાઈ, આપ સીધા તાપી જિલ્લાના પ્રશ્ન ઉપર આવો. (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ રીતે પૂર્વભૂમિકા બાંધીને પ્રશ્ન પૂછવાની પદ્ધતિ નથી. આમાં કયાં એસ્સાર આવે છે? આ જંગલ વિસ્તાર પૂરતો તાપી જિલ્લાનો પ્રશ્ન છે. (અંતરાય) આ કયાં આનેક્રિટીસાઈઝ કરે છે, એ તાપી જિલ્લા પૂરતી જ વાત કરી શકે.

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ, આપ તાપી જિલ્લા પૂરતો પ્રશ્ન પૂછો. (અંતરાય) તાપી જિલ્લા પૂરતો પ્રશ્ન પૂછો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું તાપી જિલ્લા ઉપર જ આવું છું. મારે એટલું જ કહેવું છે કે (xxxx) (xxxx) એ ધોરણે આપવા માગે છે કે કેમ? (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નહીં, નહીં, માનનીય સભ્યશ્રી, આપ બેસી જાઓ. એ શબ્દો હું કાર્યવાહીમાંથી દૂર કરું છું. માનનીય અર્જુનભાઈ, (અંતરાય) નહીં નહીં, (અંતરાય) માનનીય નરેશભાઈ... (અંતરાય) માનનીય શકિતસિંહભાઈ, મેં એમને ત્રણ વખત કહ્યું છે કે આપ તાપી જિલ્લાના પ્રશ્ન ઉપર આવી જાઓ. માનનીય નરેશભાઈ..

(આ તબકકે કોંગ્રેસ પક્ષના બધા જ સભ્યશ્રીઓ પોતાના સ્થાન ઉપર ઉભા થઈ ગયા)

**શ્રી નરેશભાઈ મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી હું એ પૂછવા માગું છું કે વન અધિકાર ધારાનું અમલીકરણ ઝડપી બનાવીને રાજય કક્ષાએ શું પગલાં ભરવામાં આવે છે અને બીજો પ્રશ્ન એ છે કે ૧૯૮૦ પહેલાં સનદો આપવામાં આવતી હતી. ૨૦૦૬ માં કાયદો બન્યો છે એમાં ફકત કબજા રસીદ આપવામાં આવે છે એ મારે જાણવું છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : હં તક આપું છું. અર્જુનભાઈને મેં ત્રણ વખત સૂચના આપી છતાં પણ એમણે એ પ્રશ્ન રેઈઝ કર્યો છે, છતાં પણ હું તક આપીશ. (સતત અંતરાય) શકિતસિંહજી, હું એમને તક આપીશ, આપ બેસી જાઓ.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ જવાબ આપ્યો તેમ સ્ટેટ લેવલ મોનિટરિંગ કમિટીએ નિર્ણય લઈને રાજયકક્ષાએ અધિકારીઓને ક્ષેત્રિય ટીમ બનાવેલ છે અને એ આધારે જે કોઈ અરજીઓ હશે એનો ઝડપી નિકાલ કરીશું.

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ, આપ સીધા જ તાપી જિલ્લાના પ્રશન ઉપર આવો, નહીંતર આપને પ્રશ્ન પૂછવા દેવામાં આવશે નહીં.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે આ જે આદિવાસી ભાઈઓની ૧૧૯૪૭ એ એક જ તાપી જિલ્લાની અરજીઓ આવેલ છે, બીજા નિલ્લાની વાત કરતો નથી અને એમાં મહત્વનો પુરાવો છે એ મહત્વનો પુરાવો એ ગ્રામ સભાએ સર્ટિફાઈડ કરવાનું છે કે એની પાસે ચોકકસ સમયથી આ જમીનનો કબજો છે એટલે કે એ એ જમીનનો કબજેદાર છે અને એ પૈકી આ જે પુરાવો છે એ સર્ટિફાઈડ ઓલરેડી કરી દીધેલ છે અને છતાં આ જે એની કોમ્પિટન્ટ ઓથોરિટી જિલ્લા લેવલે અને તાલુકા લેવલે છે એણે હજુસુધી આપ્યા નથી. એટલે એમને સૂચના આપવા માગો છો? હું રેગ્યુલરાઈઝ કરવાની વાત કે બીજી કોઈ વાત સાંકળવા માગતો નથી એ વાત સાંકળી શકું તેમ છું, પરંતુ એમાં સરકારની નીતિ આ ૧૧૯૪૭ ને તાત્કાલિક કબજો મળે એના માટે કોઈ ગ્રામ સભાનો ઠરાવ થયેલ હોય તો એ બાબતમાં સરકાર ખાતરી આપવા માગે છે કે કેમ એ મારો પ્રશ્ન છે.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : કેન્દ્ર સરકારે સૂચવેલ છે એ ૧૩-૧૨-૦૫ પહેલાંના આદિવાસી જમીન ખેડતા હોવા જોઈએ. ૩૧-૧૨-૦૭ સુધી ખેડતા હોવા જોઈએ, ત્યાં જમીન ઉપર ઘર હોવું જોઈએ અને એ ખેતી જે કરે છે એ ખેતી ઉપર એના પરિવારનું ભરણપોષણ થતું હોવું જોઈએ. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપ જવાબ સાંભળો પ્લીઝ.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : કેન્દ્રએ ગાઈડ લાઈન આપી છે તેનો અમલ કરવાનો હોય છે. કેન્દ્રમાં જઈ અને એ લોકો કાયદો સુધારી લાવે તો એ પ્રમાણે અમે કરીશું.(અંતરાય) (ઘોંઘાટ)

---

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીઆઆદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : હું વાત કરું છું, પ્લીઝ, આપ બેસી જાઓ, શકિતસિંહભાઈ, પ્લીઝ આપ બેસી જાઓ, અર્જુનભાઈ આપ બેસી જાઓ, શકિતસિંહ ભાઈ, વજુભાઈ, પ્લીઝ આપ બેસી જાઓ, માનનીય મંત્રીશ્રીનો જવાબ પૂરો થવા દો. (અંતરાય)

**(આ તબકકે વિરોધપક્ષના સભ્યશ્રીઓ તરફથી "ન્યાય આપો, ન્યાય આપો" ના સૂત્રોચ્ચાર શરૂ કરવામાં આવ્યા.)**

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ :** માનનીય અધ્યક્ષશ્રી, અમારો સવાલ એટલો જ છે માનનીય મંત્રીશ્રી મંગુભાઈને આપના મારફતે કહેવા માગું છું તેઓ આદિવાસી વિભાગના મંત્રીશ્રી છે એ સમાજમાંથી આવે છે ત્યારે આ ગૃહના સૌની એ લાગણી હોવી જોઈએ, (અંતરાય) અરે, મારા સવાલ ઉપર આવું છું. નીતિનભાઈને ઉદ્યોગપતિઓની જમીન ગમે છે.

**વજુભાઈ વાળા** : અર્જુનભાઈના સવાલનો જવાબ આપી દેવા દો. પછી પ્રશ્ન કરે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : બિલ્ડરોની બ્રીફો લેવાનું બંધ કરો અને આદિવાસી માટે કામ કરો. તમારે મને આદિવાસી માટે બોલતા રોકવો છે?

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રીનો જવાબ આપ પૂરો થવા દો. અર્જુનભાઈએ પ્રશ્ન કર્યો છે તેમાં માનનીય મંત્રીશ્રીનો જવાબ પૂરો થવા દો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : પણ માનનીય અધ્યક્ષશ્રી, એ વાત જે કરે છે, એમાં જે સમાજ માટે વાત કરે છે..

**અધ્યક્ષશ્રી** : એમાં મુખ્ય મુદ્દો એ છે કે ગ્રામ સભાએ જે ઠરાવ કરેલ છે તેનો જવાબ માનનીય મંત્રીશ્રી આપે છે, ગ્રામ સભાના ઠરાવ બાબતનો પ્રશ્ન છે ત્યાર પછી તાલુકા કક્ષાની કમીટી છે જિલ્લા કક્ષાની કમીટી છે તેની વાત કરશે. આપ પ્લીઝ, એમનો જવાબ પૂરો થવા દો. (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ :** માનનીય અધ્યક્ષશ્રી, આપે મને પરમીટ કર્યો છે એ પછી હું ઉભો થયો છું. મારો સવાલ માત્ર એટલો જ છે કે જે વિભાગમાં આપને કાયદા મુજબ ૨૦૦૫ અને ૨૦૦૭, કબજો અને ખેડાણ, એ નકકી કરવા માટે કાયદાએ ગ્રામ સભાને અધિકૃત કરી છે, આ બધાને તકલીફ કયાં પડે છે માનનીય અધ્યક્ષશ્રી આપના મારફ્તે માનનીય મંત્રીશ્રીને જણાવું છું, અને મારી નમ્ર વિનંતી છે કે આને પોલીટીકલ ઈશ્યુ બનાવ્યા વગર આદિવાસી ભાઈઓને મહત્તમ મળે તેના માટે આપણે પ્રયત્નો કરીએ. જે વન વિભાગના અધિકારીઓ છે એ, ગ્રામ પંચાયત ઈઝ ધી બેસ્ટ જજ, એ ઓડીટ કરીને નકકી કરી આપ્યા પછી વન વિભાગ દ્વારા જે રીતે આદિવાસી ભાઈઓના દાવાઓ નામંજૂર થાય છે એનો મોટામાં મોટો દાખલો આ છે કે આટલા મોટા દાવાઓ નામંજૂર થયા છે. એને મંજૂર કરવા માટે, વન વિભાગ અને આપ, બન્ને વિભાગો આપની પાસે છે, આપ એ ખાતરી આપો કે આ પ્રકારના દાવાઓની, જે વિસ્તારના ધારાસભ્ય હોય, ભાજપના હોય કે કોંગ્રેસના હોય, એને સાથે રાખીને આપ ચકાસણી કરીને આદિવાસી ભાઈઓને જમીન અપાવવા માટે આપ પ્રયત્ન કરશો, બીજા લોકો હું સમજી શકું છું કે બિલ્ડરોની બ્રીફ લેનારા ઘણા છે, આદિવાસી સમાજ માટે આપ લેશો કે નહીં?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : મારો જવાબ પણ ખૂબ શાંતિથી એ લોકો સાંભળે, માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની આ સરકારે જે રાજયની કમિટી છે એમાં મંત્રીશ્રી છે, ચાર અધિકારીઓ સાથે પ્રાયોજના અધિકારી, વન વિભાગના અધિકારીઓ સાથે ચાર ચાર વાર રાજય કક્ષાની મિટીંગ કરી છે અને મારે તમામ વિરોધપક્ષના લોકોને કહેવું છે કે આ સરકારની પૂરી દાનત છે કે એકે એક આદિવાસી જે સાચા છે તેને જમીન આપવાની છે. હવે બીજી વાત.

**અધ્યક્ષશ્રી** : જવાબ સાંભળવો પડે (અંતરાય) ઘોંઘાટ.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : મારો જવાબ સાંભળો.

**અધ્યક્ષશ્રી** : જવાબ તો સાંભળવો પડે, શકિતસિંહભાઈ, આપે જવાબ સાંભળવો પડે, મંત્રીશ્રીનો જવાબ સાંભળવો પડે, એ રીતના ન ચાલે. પોલીટીકલી ઓબ્જર્વેશન કાંઈ નથી. આપના પ્રશ્નનો જવાબ જ આપે છે. આપ પ્લીઝ સાંભળો, આ બરાબર નથી. માનનીય શકિતસિંહભાઈ,

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી મારો જવાબ સાંભળે,

**અધ્યક્ષશ્રી** : આ બરાબર નથી માનનીય શકિતસિંહભાઈ, માનનીય મંત્રીશ્રીનો જવાબ આપણે સાંભળવો જોઈએ. ત્યાર પછી આપને કંઈ કહેવું હોય તો આપને હું તક આપું છું. આપની વાત યોગ્ય નથી. માનનીય શકિતસિંહભાઈ આપની વાત યોગ્ય નથી, માનનીય મંત્રીશ્રીની વાત સાંભળવી જોઈએ અને ત્યારપછી તમને કંઈ વાંધો હોય તો હું તમને તક આપી શકયો હોત. પ્લીઝ. એમનો જવાબ સાંભળવો જોઈએ. નહીં ચાલે.

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહભાઈ, આપની વાત યોગ્ય નથી. પહેલા માનનીય મંત્રીશ્રીની પૂરી વાત સાંભળવી જોઈએ અને ત્યાર પછી કાંઈ વાંધો હોય તો તમને તક આપી શકાઈ હોત.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય મંત્રીશ્રી પોલિટિકલ ઓબ્ઝરવેશન કરે એ યોગ્ય નથી. (અંતરાય)

**( આ તબક્કે આદિવાસીઓને ન્યાય આપો એવા સૂત્રોચ્ચાર કરતા કરતા માનનીય વિરોધપક્ષના નેતાશ્રી સહિત સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા)**

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, આપ પ્રશ્નનો જવાબ આપો.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આપે પણ વિરોધપક્ષના નેતાને રોકીને કહ્યું કે આપ શાંત રહો, મંત્રીશ્રીનો જવાબ સાંભળો અને પછી આ રીતે કરે એ કોઈ રીતે યોગ્ય નથી. હું આ પ્રશ્ન અંગે વધુ સ્પષ્ટતા કરવા સભાગૃહને માહિતી આપું કે કેન્દ્રના વન મંત્રીશ્રી જયરામ રમેશે કહ્યું છે કે સારામાં સારું આદિવાસીભાઈઓને વિતરણ થયું હોય તો એ ગુજરાત રાજયમાં થયું છે. એવું કેન્દ્રના મિનિસ્ટરે કહ્યું છે. સવાલ પૂછવાનો અધિકાર છે પણ એનો જવાબ સાંભળવો એ એની ફરજ અને અધિકાર છે. જવાબ સાંભળ્યા વગર જતા રહે એ યોગ્ય નથી. હાઉસે એની પણ નોંધ લેવી જોઈએ.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરી બાદ એની આપણે ચર્ચા કરીશું. માનનીય મંગુભાઈ આપ પ્રશ્નનો જવાબ આપો.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : એમણે એમ કહ્યું કે ત્યાં ગ્રામ સમિતિને સાંભળતા નથી. જે ગ્રામ સમિતિમાં છે એક વડીલનો અભિપ્રાય, એનો અર્થ એ ન થાય કે એને જમીન આપવી. જે આદિવાસી જમીન ખેડે છે એનો પુરાવો જોઈએ મેં કહ્યું તેમ ૧૩-૧૨-૨૦૦૫ થી ૨૦૦૭ સુધી એ ખેતી કરતો હોવો જોઈએ. જ્યાં જમીન ખેડે ત્યાં એનું ઘર હોવું જોઈએ, એનું પરિવાર એ ખેતી પર નભતું હોવું જોઈએ આ પ્રકારના નિયમો છે. ખેતી કરતો હોવો જોઈએ એ મહત્ત્વની વાત છે. ગામનો વડીલ એમ કહે કે આ જમીન ખેડે છે એટલે પુરાવો નથી બની જતો. જે કંઈ પુરાવા માગ્યા છે એ પુરાવા મૂક્યા એવા ૭૨૮ આદિવાસીભાઈઓને જમીન આપી છે. તાપી જિલ્લામાં ૧૯૮૦ પહેલા અત્યારના નિયમ પ્રમાણે ૨૦૦૮નો કેન્દ્રનો નિયમ છે એ પ્રમાણે ગણતરી કરીએ તો તાપી જિલ્લામાં ૧૮૦૦૯ જેટલા આદિવાસીઓને જમીનના પટ્ટા અને જમીનના કબજા આપવામાં આવ્યા છે.

**નવસારી જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના**

*** ૧૯૬૪૦ શ્રી નરેશભાઈ મ. પટેલ(ચીખલી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) નવસારી જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ દરમિયાન તા. ૩૧-૧-૨૦૧૧ સુધીમાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તે પૈકી ચીખલી તાલુકામાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે?

**વન મંત્રીશ્રી:**

(૧) નવસારી જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના એટલે કે સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૨૦૧૧માં તા. ૩૧-૧-૨૦૧૧ સુધીમાં નીચે પ્રમાણે વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેકટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૩૭૮ | ૩.૪૨ |
| ૨૦૧૦-૧૧ | ૧૮૫ | ૨.૨૦ |
| કુલ | ૫૬૩ | ૫.૬૨ |
| | | |

(૨) તે પૈકી ચીખલી તાલુકામાં નીચે મુજબ વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેકટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૧૦૭ | ૨.૦૨ |
| ૨૦૧૦-૧૧ | ૦૨૯ | ૦.૪૩ |
| કુલ... | ૧૩૬ | ૨.૪૫ |

**શ્રી નરેશભાઈ મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા નવસારી જિલ્લામાં સામાજિક વનીકરણ દ્વારા ૨૦૧૦-૧૧માં કુલ કેટલા હેકટરમાં વાવેતર કરેલ છે એવો મારો પ્રશ્ન હતો અને કેટલી સંખ્યામાં રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું એનો જવાબ મને મળ્યો છે. પરંતુ મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે નવસારી જિલ્લામાં તાલુકાવાર કેટલા રોપાની સંખ્યા જીવંત છે અને એ રોપા પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે?

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : માનનીય અધ્યક્ષશ્રી, નવસારી જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ અને વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં તાલુકાવાર વાવેતર રોપામાં ચીખલી તાલુકામાં ૨,૪૫,૦૦૦ રોપાઓનું વાવેતર કરવામાં આવેલ હતું એમાંથી ૨,૧૩,૦૦૦ રોપાઓ જીવંત છે. એ જ રીતે વાંસદા તાલુકામાં ૧,૦૧૦૦૦ રોપાનું વાવેતર કર્યુ એમાંથી

૯૦ હજાર રોપાઓ જીવંત છે. નવસારી તાલુકામાં ૯૮ હજાર રોપાઓનું વાવેતર કર્યુ એમાંથી ૯૨ હજાર રોપાઓ જીવંત છે. ગણદેવી તાલુકામાં ૧,૧૮,૦૦૦ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું એમાંથી ૧,૧૩,૦૦૦ રોપાઓ જીવંત છે.

**શ્રી લક્ષ્મણભાઈ પ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના હેઠળ સને ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧માં તાલુકાવાર કેટલો ખર્ચ થયો છે અને કેટલા માનવ દિન ઉત્પન્ન થયા છે?

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : માનનીય અધ્યક્ષશ્રી, નવસારી જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦માં તથા ૨૦૧૦-૧૧માં તાલુકાવાર થયેલ ખર્ચમાં તથા ઉત્પન્ન થયેલ માનવ દિનમાં ચીખલી તાલુકામાં ૧૮,૩૬,૦૦૦ રૂપિયાનો ખર્ચ થયેલ છે તથા ૭,૫૪૪ માનવ દિન ઉત્પન્ન થયેલ છે. વાંસદા તાલુકામાં ૧૪,૫૯,૦૦૦નો ખર્ચ થયેલ છે તથા ૫,૯૮૩ માનવ દિન ઉત્પન્ન થયેલ છે. નવસારી તાલુકામાં ૪૬,૩૯,૦૦૦નો ખર્ચ થયેલ છે તથા ૧૮,૯૧૫ માનવ દિન ઉત્પન્ન થયેલ છે. તેમ ગણદેવી તાલુકામાં ૩૬,૨૨,૦૦૦ રૂપિયાનો ખર્ચ થયેલ છે તથા ૧૩,૩૯૨ માનવ દિન ઉત્પન્ન થયેલ છે.

**શ્રી આર.સી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સામાજીક વનીકરણ યોજનામાં કયા કયા મોડેલ હેઠળ વાવેતર કરવામાં આવે છે?

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : માનનીય અધ્યક્ષશ્રી, સામાજીક વનીકરણ યોજના હેઠળ રસ્તા, નહેરકાંઠા અને રેલવે બાજુની પટ્ટીમાં વૃક્ષ વાવેતર કરવામાં આવે છે. બિન પિયત ગ્રામ વન બનાવવામાં આવે છે. પિયત ગ્રામ વન, ટપક સિંચાઈથી વાવેતર કરવામાં આવે છે. પર્યાવરણ સુધારણાલક્ષી વાવેતર કરવામાં આવે છે. ફોરશોર વાવેતર, મોડેલ-ઈ, કસ વિહોણી ખાનગી જમીનમાં વનીકરણ, આર.ડી.એફ.એલ. વન મહોત્સવ હેઠળ રોપા ઉછેર તથા રોપા વિતરણ કરવામાં આવે છે.

## અમરેલી જિલ્લામાં ઈકો ટુરીઝમની યોજના

***૧૯૬૨૨ શ્રી કાળુભાઈ વીરાણી (કુંડલા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

૧. અમરેલી જિલ્લામાં ઈકો ટુરીઝમના વિકાસ માટેની કોઈ યોજના છે કે કેમ,
૨. જો હા, તો જિલ્લાના કયા કયા સ્થળોની પસંદગી કરવામાં આવેલ છે અને
૩. તા. ૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આ યોજના પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે?

**વન મંત્રીશ્રી:**

૧. હા,જી
૨. ધારી તાલુકાના આંબરડી ગામની પસંદગી કરવામાં આવેલ છે.
૩. છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ આ યોજના પાછળ રૂપિયા ૮.૭૬ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

**શ્રી કાળુભાઈ વીરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન છે, અમરેલી જિલ્લામાં ઈકો ટુરીઝમના વિકાસ માટેની કોઈ યોજના છે કે કેમ, તો જવાબમાં હા,જી કહ્યું છે. મારે કહેવું છે કે અમરેલી જિલ્લામાં ઈકો ટુરીઝમ વિકાસ યોજનાના કારણે દેશ-વિદેશના લોકો ત્યાં ફરવા આવશે અને જે ધારી તાલુકાના આંબરડી ગામની પસંદગી થઈ છે એ ખૂબ સારી બાબત છે. ત્યાં નજીકમાં સાસણગીર આવી ગયું છે. તેના કારણે ગુજરાત સરકારે જે પસંદગી કરી છે અને આવું સરસ ઈકો ટુરીઝમ જ્યારે થવાનું છે ત્યારે દેશ-વિદેશના લોકો ફરવા આવશે જેના કારણે અમારા જિલ્લાના લોકોને ખૂબ મોટા પાયે રોજી-રોટી મળશે. એટલે આ યોજના મંજૂર કરી તે બદલ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી અને વન મંત્રીશ્રીને અભિનંદન આપું છું. આ યોજના નીચે મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે કયા કયા સ્થળોએ પસંદગી કરવામાં આવેલી છે અને ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આ યોજના પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે.

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : માનનીય અધ્યક્ષશ્રી, આંબરડી ખાતે ઈકો ટુરીઝમ સેન્ટર બનાવવાના કારણે અમદાવાદ, રાજકોટ, ભાવનગર જતા પ્રવાસીઓ, અમરેલી થઈ તુલસીશ્યામ, કોડીનાર કે દીવ તરફ જતા પ્રવાસીઓ આ વિસ્તારની મુલાકાત લઈ શકે, એશિયાઈ સિંહ જોઈ શકે. આથી સાસણ, દેવડીયાપાર્ક સુધી પ્રવાસીઓને જવું પડે નહીં તથા દેવડીયા પાર્ક ઉપર પ્રવાસીઓનું ભારણ ઘટે.

**ગ્રાહક તકરાર નિવારણ ફોરમનું બનાસકાંઠા ખાતે નવીન મકાન**

***૧૯૫૯૧ શ્રી બાબુભાઈ જે. દેસાઈ (કાંકરેજ) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

૧. ગ્રાહક તકરાર નિવારણ ફોરમની કચેરી માટે બનાસકાંઠામાં રાજય સરકાર નવીન મકાનનું બાંધકામ કરવા માગે છે કે કેમ?
૨. જો હા, તો તેનું બાંધકામ તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કયા તબક્કે છે અને
૩. તે માટે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી:**

૧. હા,જી.
૨. મકાન બાંધકામ પૂર્ણ થતાં તા. ૩૧-૧૨-૧૦ના રોજ તેનું લોકાર્પણ કરી નવી જગ્યાએ તે જ દિવસે કચેરી કાર્યરત થઈ ગયેલ છે.
૩. રૂા. ૫૪.૪૩ લાખ.

**શ્રી બાબુભાઈ જે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે બનાસકાંઠા જિલ્લામાં ગ્રાહક નિવારણ ફોરમની કચેરી થયેલી છે તેમાં કેટલું મહેકમ મંજૂર થયેલું છે અને કેટલું મહેકમ ભરવામાં આવેલું છે અને કેટલી જગ્યાઓ ખાલી છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લામાં જે માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછયો કે બનાસકાંઠાની બિલ્ડીંગ કયાં બાંધી છે, પાલનપુર ખાતે જોરાવર પૅલેસ..

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો
# (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

**વડોદરા જિલ્લામાં ગોચરના દબાણો**

૧૮૮૩૯ **: શ્રી ચંદુભાઈ મો.ડાભી (કરજણ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ તાલુકાવાર ક્યા ક્યા ગામોમાં ગોચર દબાણો છે,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ |
|---|---|---|
| ૧ | વડોદરા | - |
| ૨ | પાદરા | ડબકા |
| ૩ | કરજણ | ચોરંદા, માંગરોલ, છંછવા, દેથાણ, ઓસલામ, પાછીયાપુરા, કરણ, શનાપુરા, મોટી કોરલ, ચોરભુજ, લાકોદરા, અટાલી, અણસ્તુ,કીયા, કુરાઇ, માંત્રોજ, આલમપુરા, સામરા, હાંડોદ, રણાપુર |
| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ |
| ૪ | સાવલી | લોટના, પીલોલ, વેમાર |
| ૫ | વાઘોડીયા | વાઘોડીયા |
| ૬ | ડભોઇ | વડજ, તેનતલાવ |
| ૭ | શિનોર | મોટા ફોફળીયા |
| ૮ | સંખેડા | બોડેલી, મોરખલા, પીછુવાડા, વાસણ-સે, પીપળસટ, અરીઠા-ગોવિંદપુરા, અંગારી |
| ૯ | જેતપુર-પાવી | નાની રાશલી, વાવ, ખાંડીયા અમાદર, બોરધા, મોટીબેજ, નાનીબેજ, નાના અમાદ્રા, ઉચાપાન |
| ૧૦ | છોટા ઉદેપુર | - |
| ૧૧ | ક્વાંટ | ખાંટીયાવાટ |
| ૧૨ | નસવાડી | - |

(૨) આવા ગોચર દબાણો દૂર કરવા સરકારે શું આયોજન કરેલ છે, અને

(૨) ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ-૧૦૫ હેઠળ ગ્રામ પંચાયતને દબાણ દૂર કરવાની સત્તા મળેલ છે.

ગ્રામ પંચાયતો ધ્વારા દબાણદારોને નોટીસ આપી દબાણ દૂર કરવા કામગીરી હાથ ધરવામાં આવે છે.

ગ્રામ પંચાયત કક્ષાએ દબાણો અંગેનું રજીસ્ટર નિભાવવામાં આવે છે.

(૩) કેટલાં સમયમાં આ દબાણો દૂર કરવાનું સરકારનું આયોજન છે ?

(૩) સત્વરે

## આણંદ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના નીચે થયેલ વૃક્ષારોપણ

૧૮૭૬૭ : **શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાલુકાવાર સામાજિક વનીકરણની કઇ કઇ યોજના અને કાર્યક્રમ હેઠળ વૃક્ષારોપણ દ્વારા કેટલા રોપા રોપવામાં આવ્યા,

(૨) વૃક્ષારોપણ બાદ ઉપરોક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા રોપા જીવીત છે,

(૩) વૃક્ષારોપણ કર્યા બાદ તેના રક્ષણ અને માવજત માટેની સરકારની કોઇ યોજના છે, કે કેમ, અને

(૪) જો હા, તો તેની વિગત શી છે ?

**જવાબ**

(૧) આણંદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાલુકાવાર સામાજિક વનીકરણ યોજના, ખાસ અંગભૂત યોજના અને ચેર વાવેતરની યોજનાઓ હેઠળ તાલુકાવાર નીચેની વિગતે વૃક્ષારોપણ કરવામાં આવેલ.

| તાલુકો | રોપેલ રોપા | |
|---|---|---|
| | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ |
| આણંદ | ૯૧૧૨૫ | ૭૫૪૪૨ |
| ઉમરેઠ | ૪૯૧૭૫ | ૩૧૪૨૨ |
| બોરસદ | ૯૨૦૭૫ | ૯૪૦૬૯ |
| આંકલાવ | ૫૪૯૭૫ | ૪૩૬૪૪ |
| પેટલાદ | ૧૦૭૧૦૦ | ૬૨૫૦૮ |
| ખંભાત | ૫૮૨૩૦૦ | ૮૦૪૭૫૫ |
| તારાપુર | ૭૦૨૫૦ | ૩૩૦૬૩ |
| **કુલ** | **૧૦૪૭૦૦૦** | **૧૧૪૪૯૦૩** |

(૨) વૃક્ષારોપણ બાદ ઉપરોક્ત સ્થિતિએ તાલુકાવાર જીવંત રોપાની વિગત આ મુજબ છે.

| તાલુકો | જીવંત રોપા |
|---|---|
| આણંદ | ૧,૦૯,૧૪૭ |
| ઉમરેઠ | ૫૮,૩૫૧ |
| બોરસદ | ૧,૨૫,૪૯૪ |
| આંકલાવ | ૬૯,૩૨૭ |
| પેટલાદ | ૧,૧૨,૬૨૯ |
| ખંભાત | ૮,૨૨,૪૦૪ |
| તારાપુર | ૭૨,૧૩૪ |
| **કુલ** | **૧૩,૬૯,૪૮૬** |

(૩) હા, જી.

(૪) વાવેતરની યોજનાઓમાં રક્ષણ અને માવજત આયોજનના ભાગરૂપે હોય છે. જેમાં રોપા રક્ષણ, ગોડ અને પાણી પીવડાવવાનું વિગેરેની જોગવાઇ કરવામાં આવે છે.

--------

## ખેડા જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં નવા કેસો

૧૯૫૯૨ : **શ્રી કનુભાઈ ડાભી (કઠલાલ) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ખેડા જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં કેટલા નવા કેસો દાખલ થયા,

(૨) ઉપરોક્ત સ્થિતિએ કુલ કેટલા કેસોનો નિકાલ કરવામાં આવ્યો, અને

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૯-૧૦ ૨૬૩ નવા કેસ
વર્ષ ૨૦૧૦-૧૧ ૨૨૯ નવા કેસો
(૩૧-૧૨-૧૦ની સ્થિતિએ)
કુલ ૪૯૨નવા કેસ

(૨) વર્ષ ૨૦૦૯-૧૦માં કુલ-૨૭૧ કેસોનો નિકાલ થયેલ છે. તે પૈકી વર્ષ ૨૦૦૯-૧૦ના નવા દાખલ થયેલ કેસો પૈકી ૧૨૩ કેસોનો નિકાલ થયેલ છે તથા તે અગાઉના વર્ષોના ૧૪૮ કેસોનો નિકાલ થયેલ છે. વર્ષ ૨૦૧૦-૧૧માં કુલ-૨૮૪ કેસોનો નિકાલ થયેલ છે. તે પૈકી વર્ષ ૨૦૧૦-૧૧ના નવા દાખલ થયેલ કેસો પૈકી ૧૧૩ કેસોનો નિકાલ થયેલ છે અને તે અગાઉના વર્ષ ૨૦૦૯-૧૦ના ૧૫૮ કેસો તથા અગાઉના વર્ષના ૧૩ કેસોનો નિકાલ કરેલ છે.
કુલ નિકાલ થયેલ કેસ ૫૫૫.

(૩) કેટલા કેસો પડતર રહેલ છે?

(૩) વર્ષ ૨૦૦૯-૧૦ ૧૨
વર્ષ ૨૦૧૦-૧૧ ૧૭૦
અગાઉના વર્ષોના ૦૩
કુલ પડતર કેસો ૧૮૫.

--------

## ભાવનગર તાલુકામાં ટેરેસ તલાવડી

૧૯૬૨૧ : **શ્રીમતી વિભાવરીબેન વિ.દવે (ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ભાવનગર જિલ્લાના ભાવનગર તાલુકામાં વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ કેટલી ટેરેસ તલાવડી બનાવવામાં આવેલ છે, અને

(૧) ૯૮૬૬ ટેરેસ તલાવડી બનાવવામાં આવેલ છે.

(૨) આ તલાવડી માટે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૨) કુલ રૂા. ૧,૭૯,૨૦૦/-નો ખર્ચ કરવામાં આવેલ છે.

## કચ્છ જિલ્લામાં ઈકો ટુરીઝમના વિકાસની યોજના

૧૯૬૧૮ : **શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી (મુંદ્રા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં ઈકો ટુરીઝમના વિકાસ માટેની કોઈ યોજના છે કે કેમ,

(૧) હા, જી.

(૨) જો હા, તો જિલ્લાના ક્યા ક્યા સ્થળો પસંદ કરવામાં આવેલ છે, અને

(૨) કચ્છ જિલ્લામાં ઈકો ટુરીઝમના વિકાસ માટે ધોળાવીરા, નારાયણ સરોવર, માંડવી, કાળોડુંગર, છારીઢંઢ, ધીણોધર, ગોધીયર વગેરે સ્થળો પસંદ કરવામાં આવેલ છે.

(૩) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આ યોજના પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે?

(૩) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રૂપિયા ૧૦૧.૮૯ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

## કચ્છ જિલ્લામાં વૃક્ષ છેદનના ગેરકાયદેસર કેસો

૧૯૦૨૪ : **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા ગેરકાયદેસર વૃક્ષ છેદનના કેસો પકડવામાં આવ્યા,

(૧) કચ્છ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વૃક્ષ છેદનના કુલ ૬૦ કેસો નીચે મુજબ પકડવામાં આવેલ છે.

| ક્રમ | વર્ષ | કેસોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૦૮-૦૯ | ૩૨ |
| ૨ | ૨૦૦૯-૧૦ | ૨૧ |
| ૩ | ૨૦૧૦-૧૧ | ૦૭ |
| | તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ | **૬૦** |

(૨) આ ગેરકાયદેસર વૃક્ષ છેદનમાં કુલ કેટલા વાહનો પકડાયા, અને

(૨) આ ગેરકાયદેસર વૃક્ષ છેદનમાં વર્ષ વાઈઝ કુલ ૨૫ વાહનો નીચે મુજબ પકડવામાં આવેલા છે.

| ક્રમ | વર્ષ | વાહનોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૦૮-૦૯ | ૧૩ |
| ૨ | ૨૦૦૯-૧૦ | ૧૦ |
| ૩ | ૨૦૧૦-૧૧ | ૦૨ |
| | તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ | **૨૫** |

(૩) આ પ્રકારની પ્રવૃત્તિઓ અટકાવવા સરકારે શાં પગલાં લીધા?

(૩) આ પ્રકારની પ્રવૃત્તિઓ અટકાવવા ક્ષેત્રિય સ્ટાફ ધ્વારા સઘન ફેરણું કરવામાં આવે છે. સહભાગી વન વ્યવસ્થા હેઠળ લોકો સંપર્ક વધારવામાં આવેલ છે તેમજ અસરકારક નિયંત્રણ માટે જરૂરિયાત મુજબ ક્ષેત્રિય કર્મચારીઓને વાયરલેસ સેટ ફાળવવામાં આવેલ છે.

**સાબરકાંઠા જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં જોબકાર્ડ**

૨૦૦૯૫ **શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના અન્વયે કુલ કેટલા કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવ્યા,

(૨) તેની સામે તાલુકાવાર કેટલા ગામોમાંથી કામની માંગણી આવી, અને

(૩) કેટલા શ્રમીકોને રોજગારી આપી કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર અને વર્ષવાર રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના અન્વયે નીચેની વિગતે કુટુંબોને જોબકાર્ડ આપવામા આવેલ છે.

જોબકાર્ડની વિગત

| અ.નં. | તાલુકા | ૧-૧-૦૯ થી ૩૧-૧૨-૦૯ | ૧-૧-૧૦- થી ૩૧-૧૨-૧૦ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | હિંમતનગર | ૧૮૬૫૨ | ૨૦૦૫૮ | ૩૮૭૧૦ |
| ૨ | ઈડર | ૧૬૧૭૭ | ૧૮૮૯૨ | ૩૫૦૬૯ |
| ૩ | વડાલી | ૬૬૪૫ | ૬૯૧૪ | ૧૩૫૫૯ |
| ૪ | મોડાસા | ૧૩૮૪૦ | ૧૬૮૬૩ | ૩૦૭૦૩ |
| ૫ | ધનસુરા | ૮૨૩૨ | ૮૭૩૨ | ૧૬૯૬૪ |
| ૬ | પ્રાંતિજ | ૧૦૧૩૩ | ૧૧૧૧૧ | ૨૧૨૪૪ |
| ૭ | તલોદ | ૯૬૭૦ | ૧૦૪૨૬ | ૨૦૦૯૬ |
| ૮ | બાયડ | ૧૭૮૪૪ | ૨૩૨૧૧ | ૪૧૦૫૫ |
| ૯ | માલપુર | ૧૧૪૧૮ | ૧૨૭૪૩ | ૨૪૧૬૧ |
| ૧૦ | ખેડબ્રહ્મા | ૩૩૨૦૨ | ૩૫૧૬૫ | ૬૮૩૬૭ |
| ૧૧ | વિજયનગર | ૧૪૮૫૬ | ૧૬૨૪૮ | ૩૧૧૦૪ |
| ૧૨ | ભિલોડા | ૨૯૦૫૬ | ૩૩૭૧૩ | ૬૨૭૬૯ |
| ૧૩ | મેઘરજ | ૨૮૭૦૬ | ૩૦૯૨૮ | ૫૯૬૩૪ |
| | **કુલ** | **૨૧૮૪૩૧** | **૨૪૫૦૦૪** | **૪૬૩૪૩૫** |

(૨) તેની સામે તાલુકાવાર નીચે મુજબ ગામોમાંથી કામની માંગણી આવી,

| અ.નં. | તાલુકા | કામની માગણી કરેલ ગામોની સંખ્યા | |
|---|---|---|---|
| | | ૧-૧-૦૯ થી ૩૧-૧૨-૦૯ | ૧-૧-૧૦- થી ૩૧-૧૨-૧૦ |
| ૧ | હિંમતનગર | ૧૨૫ | ૧૧૭ |
| ૨ | ઈડર | ૮૩ | ૯૪ |
| ૩ | વડાલી | ૩૮ | ૩૬ |
| ૪ | મોડાસા | ૬૮ | ૫૮ |
| ૫ | ધનસુરા | ૪૭ | ૪૪ |
| ૬ | પ્રાંતિજ | ૩૨ | ૪૫ |
| ૭ | તલોદ | ૬૨ | ૫૪ |
| **અ.નં.** | **તાલુકા** | **કામની માગણી કરેલ ગામોની સંખ્યા** | |
| | | **૧-૧-૦૯ થી ૩૧-૧૨-૦૯** | **૧-૧-૧૦- થી ૩૧-૧૨-૧૦** |
| ૮ | બાયડ | ૧૦૨ | ૮૬ |
| ૯ | માલપુર | ૯૧ | ૯૧ |
| ૧૦ | ખેડબ્રહ્મા | ૧૦૨ | ૯૨ |
| ૧૧ | વિજયનગર | ૭૦ | ૫૮ |
| ૧૨ | ભિલોડા | ૧૦૪ | ૯૭ |
| ૧૩ | મેઘરજ | ૧૨૮ | ૧૨૫ |
| | **કુલ** | **૧૦૫૨** | **૯૯૭** |

(૩) શ્રમીકોને માંગ આધારિત રોજગારી અને થયેલ ખર્ચની વિગત તાલુકાવાર અને વર્ષવાર નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકા | રોજગારી આપેલ શ્રમીકોની સંખ્યા | | ખર્ચ (રૂા. લાખમાં) | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | ૧-૧-૦૯ થી ૩૧-૧૨-૦૯ | ૧-૧-૧૦- થી ૩૧-૧૨-૧૦ | ૧-૧-૦૯ થી ૩૧-૧૨-૦૯ | ૧-૧-૧૦- થી ૩૧-૧૨-૧૦ | |
| ૧ | હિંમતનગર | ૫૯૬૬ | ૧૭૯૯૧ | ૪૯.૧૧ | ૨૩૩.૮૯ | ૨૮૩ |
| ૨ | ઈડર | ૪૨૭૩ | ૧૬૫૪૧ | ૫૩.૫૫ | ૨૫૩.૨૨ | ૩૦૬.૭૭ |
| ૩ | વડાલી | ૨૧૪૫ | ૫૮૯૬ | ૧૯.૧૫ | ૬૧.૨૩ | ૮૦.૩૮ |
| ૪ | મોડાસા | ૪૨૭૮ | ૧૬૮૯૫ | ૩૮.૨૯ | ૨૪૮.૧૪ | ૨૮૬.૪૩ |
| ૫ | ધનસુરા | ૪૩૦૭ | ૫૮૮૭ | ૪૧.૩૧ | ૮૫.૩૮ | ૧૨૬.૬૯ |
| ૬ | પ્રાંતિજ | ૩૧૨૬ | ૬૮૩૩ | ૪૯.૧૮ | ૮૨.૭૭ | ૧૩૧.૯૫ |
| ૭ | તલોદ | ૧૩૯૨ | ૬૬૦૧ | ૧૭.૧૮ | ૯૨.૮૫ | ૧૧૦.૦૩ |
| ૮ | બાયડ | ૬૮૪૭ | ૨૮૬૧૧ | ૬૨.૯૪ | ૨૯૨.૯૯ | ૩૫૫.૯૩ |
| ૯ | માલપુર | ૯૧૭૯ | ૨૦૧૦૩ | ૬૦.૫૫ | ૨૫૮.૩૧ | ૩૧૮.૮૬ |
| ૧૦ | ખેડબ્રહ્મા | ૪૭૨૫૦ | ૭૯૭૯૩ | ૪૬૦.૯૪ | ૮૫૯.૩ | ૧૩૨૦.૨૪ |
| ૧૧ | વિજ્યનગર | ૪૩૬૪ | ૧૧૩૮૫ | ૨૯.૨૮ | ૧૫૩.૦૪ | ૧૮૨.૩૨ |
| ૧૨ | ભિલોડા | ૧૧૫૭૮ | ૩૦૨૪૨ | ૯૪.૫૮ | ૨૩૦.૭૪ | ૩૨૫.૩૨ |
| ૧૩ | મેઘરજ | ૨૩૦૯૫ | ૫૫૯૩૪ | ૨૦૨.૪૮ | ૫૭૩.૦૪ | ૭૭૫.૫૨ |
| | **કુલ** | **૧૨૭૮૦૦** | **૩૦૨૭૧૨** | **૧૧૭૮.૫૩** | **૩૪૨૪.૯૧** | **૪૬૦૩.૪૪** |

--------

## અંજાર તાલુકામાં ટેરેસ તલાવડી બનાવવા બાબત

**૧૯૬૨૦ : ડૉ. નીમાબેન આચાર્ય (અંજાર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લાના અંજાર તાલુકામાં વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ કેટલી ટેરેસ તલાવડી બનાવવામાં આવેલ છે, અને

(૨) આ તલાવડી માટે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) કોઈ ટેરસ તલાવડી બનાવવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## જૂનાગઢ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના

**૧૯૬૩૬ : શ્રીમતી વંદનાબેન મ.મકવાણા (કેશોદ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ-૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા.૩૧-૦૧-૧૧ સુધીમાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તે પૈકી કેશોદ તાલુકામાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના એટલે કે સામૂહિક વન નિર્માણની યોજના હેઠળ વર્ષ-૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા.૩૧-૦૧-૧૧ સુધીમાં નીચેની વિગતે વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૪૮૩ | ૪.૨૭ |
| ૨૦૧૦-૧૧ | ૪૧૬ | ૪.૯૬ |
| કુલ : | ૮૯૯ | ૯.૨૩ |

(૨) તે પૈકી કેશોદ તાલુકામાં નીચેની વિગતે વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૫૩ | ૦.૪૨ |
| ૨૦૧૦-૧૧ | ૩૦ | ૦.૩૭ |
| કુલ : | ૮૩ | ૦.૭૯ |

## જૂનાગઢ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના

**૧૯૬૩૭ : શ્રી ભગવાનભાઈ લા.કરગટીયા (માંગરોળ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ-૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા.૩૧-૦૧-૧૧ સુધીમાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના એટલે કે સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ-૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ માં તા.૩૧-૦૧-૧૧ સુધીમાં નીચેની વિગતે વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૪૮૩ | ૪.૨૭ |
| ૨૦૧૦-૧૧ | ૪૧૬ | ૪.૯૬ |
| કુલ : | ૮૯૯ | ૯.૨૩ |

(૨) તે પૈકી માંગરોળ તાલુકામાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે?

(૨) તે પૈકી માંગરોળ તાલુકામાં નીચેની વિગતે વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૩૫ | ૦.૩૦ |
| ૨૦૧૦-૧૧ | ૨૯ | ૦.૩૫ |
| કુલ : | ૬૪ | ૦.૬૫ |

## વિલેજ ગ્રેઈન બેંક ઊભી કરવા બાબત

૧૯૩૬૦ : **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૮-૨૦૦૯ના અંદાજપત્રમાં રાજ્યમાં ગરીબી રેખા હેઠળ જીવતા લોકો માટે આગામી વર્ષો દરમ્યાન અનાજ વિતરણ માટે રૂ. ૧૧૦ કરોડની જોગવાઈ કરી ગરીબોને તાત્કાલિક અનાજ આપવા ૧૨૦૦ વિલેજ ગ્રેઈન બેંક ઉભી કરાશે તેવી જાહેરાત રાજ્ય સરકારે કરી હતી તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો તે અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલા રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) કેટલી વિલેજ ગ્રેઈન બેંક ઊભી કરવામાં આવી ?

**જવાબ**

(૧) ગરીબી રેખા હેઠળ જીવતા લોકોને અનાજ વિતરણ માટે રૂ.૧૧૦ કરોડની જોગવાઈ અને વિલેજ ગ્રેઈન બેંક એ બન્ને બાબત જુદી છે. કુલ ૧૦ જિલ્લામાં ૨૨૬ વિલેજ ગ્રેઈન બેંક વર્ષ ૨૦૦૭-૦૮ માં ભારત સરકારના રૂ. ૨૭,૫૭,૨૦૦ની ગ્રાન્ટ વડે ઉભી કરવામાં આવી છે. વર્ષ ૨૦૦૮-૦૯માં રાજ્યના પાંચ જિલ્લામાં વધારાની ૧૨૮ વિલેજ ગ્રેઈન બેંક ઊભી કરવાની બાબત વિચારણા હેઠળ છે.

(૨) અને (૩) : ૨૨૬ વિલેજ ગ્રેઈન બેંક ઉભી થયેલ છે તે માટે રૂ. ૨૭,૫૭,૨૦૦/- નો ખર્ચ કરવામાં આવ્યો છે, અનાજ વિતરણ માટેની વર્ષ ૨૦૦૮-૦૯ની રૂ. ૧૧૦ કરોડની આયોજન બહારની જોગવાઈ પૈકી રૂ.૧૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

## આણંદ જિલ્લામાં ટોટલ સેનિટેશન કાર્યક્રમ માટે અન્ય સંસ્થાઓ સાથે થયેલ એમ.ઓ.યુ.

૧૯૬૦૦ : **શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧માં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ટોટલ સેનિટેશન કાર્યક્રમ અંતર્ગત કોઈ સંસ્થાઓ સાથે એમ.ઓ.યુ. કર્યા છે કે કેમ,

(૨) જો હા, તો કેટલી સંસ્થાઓ સાથે એમ.ઓ.યુ. કર્યા છે, અને

(૩) ક્યા પ્રકારના એમ.ઓ.યુ. કર્યા છે ?

**જવાબ**

(૧) હા જી.

(૨) એક સંસ્થા સાથે એમ.ઓ.યુ. કરેલ છે.

(૩) અમૂલ (ધી ખેડા જિલ્લા દૂધ ઉત્પાદક સોસાયટી) આણંદ દ્વારા આણંદ અને ખેડા જિલ્લાના બધા ગામોમાં જે દૂધ મંડળીના સભાસદો હોય તેવા તમામ સભ્યો કે જેઓના ઘરે શોચાલયો ન હોય તેઓના ઘરે શોચાલય પબ્લીક પ્રાઈવેટ પાર્ટીશીપેશન અન્વયે અમૂલ દ્વારા તેમના સભાસદોને વ્યાજ વગરની લોન આપી રૂ.૬,૩૦૦/- યુનીટ કોસ્ટનું શોષખાડા સહિત શોચાલય બાંધી આપશે જે સહાયની વિગત નીચે મુજબ છે.

| વિગત | બી.પી.એલ. | એ.પી.એલ. |
|---|---|---|
| ટીએસસી/નિર્મળ ગુજરાત અંતર્ગત મળતી સહાય | રૂ.૨,૨૦૦/- | રૂ.૧,૨૫૦/- |
| અમૂલ દ્વારા વ્યાજ વગરની લોન પેટે ચૂકવાતી રકમ | રૂ.૩,૪૦૦/- | રૂ.૪,૩૫૦/- |
| લાભાર્થી ફાળો | રૂ.૭૦૦/- | રૂ.૭૦૦/- |
| કુલ યુનીટ કોસ્ટની રકમ | રૂ.૬,૩૦૦/- | રૂ.૬,૩૦૦/- |

**જામનગર જિલ્લામાં ઇકો ટુરીઝમનો વિકાસ**

૧૯૬૨૮ **: શ્રી મેઘજીભાઈ કણઝારીયા (ખંભાળીયા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં ઇકો ટુરીઝમના વિકાસ માટેની કોઇ યોજના છે કે કેમ,

(૨) જો હા, તો જિલ્લાના ક્યા ક્યા સ્થળો પસંદ કરવામાં આવેલ છે, અને

(૩) તા.૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આ યોજના પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) હા જી.

(૨) જામનગર જિલ્લાના પીરોટન ટાપુ, નરારા ટાપુ, ખીજડીયા, દ્વારકા-સુરજ કરાડી રોડ અને રેલ્વે સ્ટેશન સર્કલ દ્વારકા જેવા સ્થળો પસંદ કરવામાં આવેલ છે.

(૩) તા.૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આ યોજના પાછળ રૂપિયા ૧૬૮.૭૯ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

--------

**પામોલીન તેલ ગરીબોને આપવા બાબત**

૨૦૦૦૮ **: શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ (આણંદ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આર.બી.ડી. પામોલીન તેલ ગરીબ કુટુંબોને તહેવારોમાં મળી શકે તે માટે વર્ષ ૨૦૦૯-૧૦ માટે રાજ્ય સરકારે કેટલો જથ્થો બફર સ્ટોક રાખેલ હતો,

(૨) તે પૈકી કેટલો જથ્થો વિતરણ કરવામાં આવેલ હતો, અને

(૩) તેમાં રાજ્ય સરકાર દ્વારા કેટલી સબસીડી આપવામાં આવી હતી ?

**જવાબ**

(૧) ૬,૦૦૦ મે.ટન.

(૨) ૬,૦૦૦ મે.ટન.

(૩) રૂા. ૧૨.૫૯/- કરોડ.

--------

**ભાવનગર જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના**

૧૯૬૩૮ **: શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા (પાલીતાણા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ-૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા.૩૧-૦૧-૧૧ સુધીમાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તે પૈકી પાલીતાણા તાલુકામાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના એટલે કે સામૂહિક વન નિર્માણની યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા.૩૧-૦૧-૨૦૧૧ સુધીમાં નીચેની વિગતે વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૪૮૦ | ૪.૩૨ |
| ૨૦૧૦-૧૧ | ૪૧૭ | ૫.૦૦ |
| કુલ : | ૮૯૭ | ૯.૩૨ |

(૨) તે પૈકી પાલીતાણા તાલુકામાં નીચેની વિગતે વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૩૪ | ૦.૩૩ |
| ૨૦૧૦-૧૧ | ૪૯ | ૦.૬૨ |
| કુલ : | ૮૩ | ૦.૯૫ |

### લુણાવાડા અને ખાનપુર તાલુકામાં ઇ-ગ્રામથી ગામોને જોડવા બાબત

૧૮૯૭૧ **: શ્રી હીરાભાઈ હ.પટેલ (લુણાવાડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ઇ-ગ્રામ લોકાર્પણ કાર્યક્રમ દરમ્યાન પંચમહાલ જિલ્લાના લુણાવાડા અને ખાનપુર તાલુકાના કેટલા ગામોને ઇ-ગ્રામથી જોડવામાં આવ્યા,

(૨) જોડાણ કર્યા પછી ઇ-ગ્રામની સેવાઓ મળતી નથી તે હકીકત સાચી છે, અને

(૩) જો હા, તો હવે ઉપર્યુક્ત સેવાઓ ક્યારથી મળતી થશે ?

**જવાબ**

(૧) લુણાવાડા તાલુકાની ૯૭ અને ખાનપુર તાલુકાની ૨૫ ગ્રામ પંચાયતોને ઇ-ગ્રામથી જોડવામાં આવેલ છે.

(૨) ના, જી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

### પંચમહાલ જિલ્લામાં જંગલની જમીનના કબજા આપવા બાબત

૧૯૨૮૦ **: શ્રી સી. કે. રાઉલજી (ગોધરા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ જંગલની જમીન કાયદા ૨૦૦૬ અન્વયે તાલુકાવાર કેટલા ઇસમોને આ જમીન ફાળવી કબજા સોંપવામાં આવ્યા,

(૨) કેટલાને કબ્જા સોંપવાના બાકી છે, અને

(૩) કુલ મળેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓ નામંજૂર થઇ ?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | અરજીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ગોધરા | ૬૮ |
| ૨ | કાલોલ | ૩૯ |
| ૩ | હાલોલ | ૬૭ |
| ૪ | ઘોઘંબા | ૨૧૪ |
| ૫ | મોરવા (હ) | ૩૮ |
| ૬ | શહેરા | ૧૧૦ |
| ૭ | લુણાવાડા | ૬૬ |
| ૮ | ખાનપુર | ૧૬ |
| ૯ | સંતરામપુર | ૧૯૫ |
| ૧૦ | કડાણા | ૬૭ |
| | **કુલ :** | **૮૮૦** |

(૨) અધિકારપત્ર અંગેના આદેશ કરવામાં છે. આ કાયદામાં જમીનનો કબ્જો દાવેદાર પાસે હોઇ કબ્જો સોંપવાનો પ્રશ્ન રહેતો નથી.

(૩) શૂન્ય.

### રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ ફોરમના પ્રમુખ અને સભ્યોની મંજૂર જગ્યાઓ

૧૯૫૮૯ **: ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ ફોરમ હેઠળ તા.૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ રાજ્ય કક્ષાએ જે ફોરમ ચાલે છે તેમાં પ્રમુખ અને સભ્યોની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ ખાલી છે, અને

**જવાબ**

(૧) (૧) રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશનની મુખ્ય બેન્ચમાં તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ મંજૂર થયેલ જગ્યાઓ.
- પ્રમુખશ્રી - ૧ (એક)
- સભ્યશ્રી - ૨ (બે)

(૨) રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશનની ૩(ત્રણ) એડીશનલ બેન્ચ મંજૂર થયેલ છે. તેમાં પ્રત્યેક એડીશનલ બેન્ચમાં તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ નીચે પ્રમાણે જગ્યાઓ મંજૂર થયેલ છે.
- જ્યુડીશીયલ સભ્ય - ૧ (એક)
- બિનસરકારી સભ્ય - ૧ (એક)

(૨) (૧) રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશનની મુખ્ય બેન્ચમાં તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ બે સભ્યોની જગ્યા ખાલી છે.

(૨) રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશનની ત્રણ એડીશનલ બેન્ચમાં તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ૨(બે) બિનસરકારી સભ્યોની જગ્યા ખાલી છે.

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) આ તમામ ખાલી જગ્યાઓ ફેબ્રુઆરી, ૨૦૧૧માં ભરવામાં આવેલ છે.

## રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં પ્રમુખ અને સભ્યોની મંજૂર જગ્યાઓ

૨૦૦૦૨ **: શ્રી કરશનભાઈ ઓડેદરા (કુતિયાણા) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ ફોરમ હેઠળ તા.૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ રાજ્ય તકરાર ફોરમમાં પ્રમુખ અને સભ્યોની કુલ કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૧) (૧) રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશનની મુખ્ય બેન્ચમાં તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ મંજૂર થયેલ જગ્યાઓ.
- પ્રમુખશ્રી - ૧ (એક)
- સભ્યશ્રી - ૨ (બે)

(૨) રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશનની ૩(ત્રણ) એડીશનલ બેન્ચ મંજૂર થયેલ છે. તેમાં પ્રત્યેક એડીશનલ બેન્ચમાં તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ નીચે પ્રમાણે જગ્યાઓ મંજૂર થયેલ છે.
- જ્યુડીશીયલ સભ્ય - ૧ (એક)
- બિનસરકારી સભ્ય - ૧ (એક)

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) (૧) રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશનની મુખ્ય બેન્ચમાં તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ ૨(બે) સભ્યોની જગ્યા ખાલી છે.

(૨) રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશનની ત્રણ એડીશનલ બેન્ચમાં તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ ૨(બે) બિનસરકારી સભ્યોની જગ્યા ખાલી છે.

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) આ તમામ ખાલી જગ્યાઓ ફેબ્રુઆરી, ૨૦૧૧માં ભરવામાં આવેલ છે.

## ભાવનગર જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના નીચે વૃક્ષોનું વાવેતર

૧૯૪૯૨ **: શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા (મહુવા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાદીઠ કેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૧) ભાવનગર જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખાતા દ્વારા કુલ **૫,૦૦,૭૩૨** વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે.

| તાલુકાનું નામ | વાવેલ વૃક્ષોની સંખ્યા |
|---|---|
| ઘોઘા | ૪૩૭૧૧ |
| પાલીતાણા | ૬૨૪૧૧ |
| બોટાદ | ૪૧૯૧૧ |
| મહુવા | ૬૫૫૫૦ |
| ભાવનગર | ૩૭૯૩૩ |
| વલ્લભીપુર | ૨૮૯૧૧ |
| ઉમરાળા | ૩૮૯૧૧ |
| તળાજા | ૭૩૬૩૯ |
| ગઢડા | ૩૮૪૨૨ |
| શિહોર | ૫૧૮૨૨ |
| ગારીયાધાર | ૧૭૫૧૧ |
| **કુલ :** | **૫૦૦૭૩૨** |

(૨) તેની પાછળ કેટલો ખર્ચ થયેલ છે ?

(૨) તેની પાછળ **રૂ. ૧૩૪.૨૮/-** લાખનો ખર્ચ થયેલ છે.

## બનાસકાંઠા જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ બાંહેધરી યોજનામાં અપાયેલ જોબકાર્ડ

૧૮૭૪૩ : **શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૧-૪-૨૦૧૦ થી તા.૩૧-૧૨-૨૦૧૦ સુધી બનાસકાંઠા જિલ્લાના ક્યા ક્યા તાલુકામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ કુલ કેટલા જોબકાર્ડ આપવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) તા.૧-૪-૨૦૧૦ થી તા.૩૧-૧૨-૨૦૧૦ સુધી બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ કુલ ૨૨૧૦૮ જોબકાર્ડ નીચેની વિગતે આપવામાં આવ્યા,

| અ.નં. | તાલુકાનું નામ | જોબકાર્ડની સંખ્યા |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૩૦૯૩ |
| ૨ | અમીરગઢ | ૫૮૯૦ |
| ૩ | વડગામ | ૫૪૧૮ |
| ૪ | દાંતા | ૪૬૭૦ |
| ૫ | ડીસા | ૨૪૦૬ |
| અ.નં. | તાલુકાનું નામ | જોબકાર્ડની સંખ્યા |
| ૬ | ધાનેરા | ૨૭૧ |
| ૭ | દાંતીવાડા | ૧૦૦ |
| ૮ | થરાદ | ૦ |
| ૯ | વાવ | ૨૧૦ |
| ૧૦ | દિયોદર | ૫૦ |
| ૧૧ | ભાભર | ૦ |
| ૧૨ | કાંકરેજ | ૦ |
| | કુલ : | ૨૨૧૦૮ |

**પ્રશ્ન**

(૨) તેમાં કેટલા લોકોને રોજગારી આપવામાં આવી ?

**જવાબ**

(૨) તેમાં કામની માંગણી કરનાર ૬૧૯૨ કુટુંબોને ૨૦૬૦૩૫ માનવદિનની રોજગારી નીચેની વિગતે આપવામાં આવી.

| અ.નં. | તાલુકાનું નામ | આપેલ રોજગારીની વિગત | |
|---|---|---|---|
| | | કુટુંબો | માનવદિન |
| ૧ | પાલનપુર | ૩૪૮ | ૮૭૭૮ |
| ૨ | અમીરગઢ | ૧૭૭૩ | ૬૪૮૮૩ |
| ૩ | વડગામ | ૨૨૭૦ | ૭૮૨૦૨ |
| ૪ | દાંતા | ૯૪૭ | ૩૯૨૫૧ |
| ૫ | ડીસા | ૬૨૨ | ૯૧૫૦ |
| ૬ | ધાનેરા | ૫૩ | ૨૧૫૬ |
| ૭ | દાંતીવાડા | ૬૫ | ૫૨૫ |
| ૮ | થરાદ | ૦ | ૦ |
| ૯ | વાવ | ૧૧૨ | ૩૦૧૩ |
| ૧૦ | દિયોદર | ૨ | ૭૭ |
| ૧૧ | ભાભર | ૦ | ૦ |
| ૧૨ | કાંકરેજ | ૦ | ૦ |
| | કુલ : | ૬૧૯૨ | ૨૦૬૦૩૫ |

--------

## સાબરકાંઠા જિલ્લામાં બટાટાની કીટનું વિતરણ કરવા બાબત

૨૦૧૦૫ : **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં આદિજાતિના કેટલા ખેડૂતોને તાલુકાવાર બટાટાની કીટનું વિતરણ વર્ષ ૨૦૧૦-૧૧ માં તા.૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ કરવામાં આવ્યું,

(૨) કોના દ્વારા આ પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યો,

(૩) એની પાછળ કુલ કેટલા રૂપિયાનું આયોજન હતું,

(૪) ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયો,

(૫) એક બટાકાની કીટ કેટલાની હતી, અને

(૬) કીટમાં ખેડૂતોને શું શું આપ્યું ?

**જવાબ**

(૧) ૧૪૦૦ ખેડૂતોને.

| | |
|---|---|
| ખેડબ્રહ્મા | ૩૭૩ |
| ભિલોડા | ૪૦૦ |
| વિજયનગર | ૩૦૦ |
| મેઘરજ | ૩૨૭ |

(૨) કૃષિ અને સહકાર વિભાગ.

(૩) રૂ. ૬,૪૦,૦૦,૦૦૦/-.

(૪) રૂ. ૩,૬૮,૪૮,૦૫૦/-.

(૫) રૂ. ૨૨૦૫૦/-.

(૬) બિયારણ, યુરીયા, ડી.એ.પી. ઓમોનીયમ સલ્ફેટ, એમ.ઓ.પી., માઇક્રોન્યુટ્રીયન્ટ.

## વડોદરા જિલ્લામાં દૂધ સંજીવની યોજના

**૧૯૯૮૮ : શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં દૂધ સંજીવની યોજના હેઠળ તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ થયેલ છે, અને | (૧) વર્ષ — થયેલ ખર્ચ(રૂ.લાખમાં)<br>૨૦૦૯-૧૦ — ૧૧૪.૬૪<br>૨૦૧૦-૧૧ — ૧૮૧.૫૮<br>કુલ — ૨૯૬.૨૨ |
| (૨) ઉક્ત સ્થિતિએ કુલ કેટલા બાળકોને આ યોજના હેઠળ લાભ મળેલ છે ? | (૨) વર્ષ — સરેરાશ બાળકોની સંખ્યા<br>૨૦૦૯-૧૦ — ૨૧,૬૦૬<br>૨૦૧૦-૧૧ — ૨૨,૬૯૪ |

## પંચમહાલ જિલ્લામાં દૂધ સંજીવની યોજના

**૧૯૯૮૯ : શ્રી ફતેસિંહ ચૌહાણ (રાજગઢ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં દૂધ સંજીવની યોજના હેઠળ તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ થયેલ છે, અને | (૧) વર્ષ — થયેલ ખર્ચ(રૂ.લાખમાં)<br>૨૦૦૯-૧૦ — ૨૩૩.૮૯<br>૨૦૧૦-૧૧ — ૪૦.૭૯<br>કુલ — ૨૭૪.૬૮ |
| (૨) ઉક્ત સ્થિતિએ કુલ કેટલા બાળકોને આ યોજના હેઠળ લાભ મળેલ છે ? | (૨) વર્ષ — સરેરાશ બાળકોની સંખ્યા<br>૨૦૦૯-૧૦ — ૪૧,૬૫૬<br>૨૦૧૦-૧૧ — ૪૨,૦૦૦ |

--------

## આણંદ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતનું મંજૂર મહેકમ

**૧૭૯૮૭ : શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ આણંદ જિલ્લામાં સંવર્ગવાર જિલ્લા તથા તાલુકાવાર પંચાયતનું મહેકમ કેટલું મંજૂર થયેલ છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ આણંદ જિલ્લામાં સંવર્ગવાર જિલ્લા તથા તાલુકાવાર પંચાયતનું મંજૂર થયેલ મહેકમ નીચે પ્રમાણે છે.

| જિલ્લા પંચાયત | | | | | |
|---|---|---|---|---|---|
| વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ | કુલ | |
| ૧૩ | ૧૪ | ૨૦૮ | ૩૫ | ૨૭૦ | |
| તાલુકા પંચાયત | વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ | કુલ |
| આણંદ | ૦ | ૧ | ૯૬ | ૧૦ | ૧૦૭ |
| જિલ્લા પંચાયત | | | | | |
| વર્ગ-૧ | તાલુકા-પંચાયત | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ | કુલ |
| બોરસદ | ૦ | ૧ | ૧૦૮ | ૧૨ | ૧૨૧ |
| ખંભાત | ૦ | ૧ | ૯૮ | ૧૩ | ૧૧૨ |
| પેટલાદ | ૦ | ૧ | ૯૮ | ૧૦ | ૧૦૯ |
| ઉમરેઠ | ૦ | ૧ | ૪૭ | ૪ | ૫૨ |
| આંક્લાવ | ૦ | ૧ | ૪૫ | ૩ | ૪૯ |
| સોજીત્રા | ૦ | ૧ | ૪૦ | ૪ | ૪૫ |
| તારાપુર | ૦ | ૧ | ૫૦ | ૪ | ૫૫ |
| **કુલ** | **૦** | **૮** | **૫૮૨** | **૬૦** | **૬૫૦** |

(૨) મંજૂર થયેલ મહેકમ સામે કેટ કેટલી જ્ગ્યાઓ સંવર્ગવાર કેટલા સમયથી ખાલી છે, અને

(૨)

| જિલ્લા પંચાયત | | | | | |
|---|---|---|---|---|---|
| | વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ | કુલ |
| | ૩ | ૬ | ૧૦૩ | ૧૫ | ૧૨૭ |
| તાલુકા/પંચાયત | વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ | કુલ |
| આણંદ | ૦ | ૦ | ૩૭ | ૪ | ૪૧ |
| બોરસદ | ૦ | ૦ | ૨૬ | ૨ | ૨૮ |
| ખંભાત | ૦ | ૦ | ૩૧ | ૪ | ૩૫ |
| પેટલાદ | ૦ | ૦ | ૩૦ | ૨ | ૩૨ |
| ઉમરેઠ | ૦ | ૦ | ૧૩ | ૧ | ૧૪ |
| આંકલાવ | ૦ | ૧ | ૧૨ | ૧ | ૧૪ |
| સોજીત્રા | ૦ | ૦ | ૧૪ | ૨ | ૧૬ |
| તારાપુર | ૦ | ૦ | ૧૨ | ૦ | ૧૨ |
| **કુલ** | **૦** | **૧** | **૧૭૫** | **૧૬** | **૧૯૨** |

ઉપરોક્ત જ્ગ્યાઓ જુદા જુદા સમયથી ખાલી છે.

(૩) આવી ખાલી જ્ગ્યાઓ ભરવા સરકારે શાં પગલાં લીધાં ?

(૩) ખાલી જ્ગ્યાઓ ભરવાની કાર્યવાહી ચાલુ છે.

## ગાંધીનગર જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં નવા કેસો

૨૦૦૦૬ : **શ્રી કલ્યાણસિંહ ચૌહાણ (દહેગામ) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) ગાંધીનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ વર્ષ ૨૦૦૯-૧૦અને ૨૦૧૦-૧૧માં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં કેટલા નવા કેસો દાખલ થયા,

(૧)

| | |
|---|---|
| વર્ષ ૨૦૦૯-૧૦ | ૩૯૨ નવા કેસ |
| વર્ષ ૨૦૧૦-૧૧ | ૧૫૧ નવા કેસ |
| (૩૧-૧૨-૧૦ની સ્થિતિએ) | |
| **કુલ નવા કેસો** | **૫૪૩ નવા કેસ** |

(૨) ઉક્ત સ્થિતિએ કુલ કેટલા કેસોનો નિકાલ થયો, અને

(૨) વર્ષ ૨૦૦૯-૧૦માં કુલ-૨૪૬ કેસોનો નિકાલ થયેલ છે. તે પૈકી વર્ષ ૨૦૦૯-૧૦માં નવા દાખલ થયેલ કેસો પૈકી ૭૦ કેસોનો નિકાલ થયેલ છે. તે અગાઉના વર્ષોના ૧૭૬ કેસોનો નિકાલ થયેલ છે. વર્ષ ૨૦૧૦-૧૧માં કુલ-૨૯૦ કેસોનો નિકાલ થયેલ છે. તે પૈકી વર્ષ ૨૦૧૦-૧૧માં નવા દાખલ થયેલ કેસો પૈકી ૫૮ કેસોનો નિકાલ થયેલ છે અને વર્ષ ૨૦૦૯-૧૦ના ૮૩ કેસોનો નિકાલ થયેલ છે. તે અગાઉના વર્ષોના ૧૪૯ કેસોનો નિકાલ થયેલ છે. આમ કુલ ૫૩૬ કેસોનો નિકાલ થયેલ છે.

(૩) કેટલા કેસો પડતર રહેવા પામેલ છે ?

(૩) વર્ષ ૨૦૦૯-૧૦ ૯૭
વર્ષ ૨૦૧૦-૧૧ ૪૫
અગાઉના વર્ષોના <u>૧૩</u>
કુલ પડતર કેસો ૧૫૫

--------

## જૂનાગઢ જિલ્લામાં ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ ઇ-ક્નેક્ટીવીટીથી જોડવા બાબત

૧૯૬૧૧ : **શ્રી રાજસીભાઈ જોટવા (સોમનાથ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કેટલી ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ ઇ-ક્નેક્ટીવીટીથી જોડવામાં આવેલ છે,

(૧) જૂનાગઢ જિલ્લાની તમામ ૮૨૧ ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ ઇ-ક્નેક્ટીવીટીથી જોડવામાં આવેલ છે.

(૨) કેટલી ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ ઇ-ક્નેક્ટીવીટીથી જોડવાની બાકી છે, અને

(૨) એક પણ ગ્રામ પંચાયત બ્રોડબેન્ડ ઇ-ક્નેક્ટીવીટીથી જોડવાની બાકી નથી.

(૩) તે ક્યાં સુધીમાં જોડવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## સુરેન્દ્રનગર જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના

૧૯૬૨૯ **: શ્રી શંભુપ્રસાદ બ.ટુંડિયા (દસાડા)** : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા.૩૧-૧-૧૧ સુધીમાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તે પૈકી પાટડી તાલુકામાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના એટલે કે સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા.૩૧-૦૧-૧૧ સુધીમાં નીચે મુજબ વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૪૧૧ | ૩.૭૦ |
| ૨૦૧૦-૧૧ | ૨૮૯ | ૩.૫૦ |
| કુલ : | **૭૦૦** | **૭.૨૦** |

(૨) તે પૈકી પાટડી તાલુકામાં નીચેની વિગતે વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૪૪ | ૦.૩૪ |
| ૨૦૧૦-૧૧ | ૨૧ | ૦.૨૪ |
| કુલ : | **૬૫** | **૦.૫૮** |

--------

## આણંદ જિલ્લામાં રાષ્ટ્રીય રોજગાર ગેરંટી યોજનામાં જોબકાર્ડ

૧૮૯૪૩ **: શ્રી નિરંજનભાઈ પટેલ (પેટલાદ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાદીઠ મહાત્મા ગાંધી રાષ્ટ્રીય રોજગાર ગેરંટી યોજના અન્વયે કેટલા ઇસમોને જોબકાર્ડ આપવામાં આવ્યા,

(૨) તેની સામે કેટલા કામની માંગણી આવી, અને

(૩) જોબકાર્ડ આપેલ હોય છતાં રોજગારી ન આપી હોય તેવા કેસોની સંખ્યા તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કેટલી છે ?

**જવાબ**

(૧) આણંદ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાદીઠ મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના અન્વયે **૪૪૯૮** પરીવારોને માંગણી મુજબ જોબકાર્ડ આપવામાં આવ્યા.

| અ.નં. | તાલુકાનું નામ | જોબકાર્ડની સંખ્યા |
|---|---|---|
| ૧ | આણંદ | ૦ |
| ૨ | ઉમરેઠ | ૭૭૮ |
| ૩ | બોરસદ | ૧૯૨ |
| ૪ | આંકલાવ | ૨૫૭ |
| ૫ | પેટલાદ | ૭૮ |
| ૬ | સોજિત્રા | ૭૨૨ |
| ૭ | ખંભાત | ૨૦૯૭ |
| ૮ | તારાપુર | ૩૭૪ |
| | કુલ : | **૪૪૯૮** |

(૨) તેની સામે તાલુકાવાર **૧૬૨૧** શ્રમિક કુટુંબોની કામની માંગણીની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | કામની માંગણી |
|---|---|---|
| ૧ | આણંદ | ૦ |
| ૨ | ઉમરેઠ | ૧૯૮ |
| ૩ | બોરસદ | ૯૫ |
| ૪ | આંકલાવ | ૧૦૫ |
| ૫ | પેટલાદ | ૭૦ |
| ૬ | સોજિત્રા | ૩૬૯ |
| ૭ | ખંભાત | ૬૭૮ |
| ૮ | તારાપુર | ૧૦૬ |
| | કુલ : | **૧૬૨૧** |

(૩) જોબકાર્ડ આપેલ હોય તેવા તમામ કેસોમાં રોજગારી આપવામાં આવેલ છે.

--------

## જામનગર જિલ્લામાં ગોચર દબાણ સેલ

૧૯૪૫૬ : **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ જામનગર જિલ્લામાં કેટલાં ગોચર દબાણસેલ કાર્યરત છે, અને

(૨) તે અન્વયે છેલ્લા એક વર્ષમાં આ સેલ દ્વારા કેટલા ગોચરના દબાણો દૂર કરી કેટલી જમીન છૂટી કરી?

**જવાબ**

(૧) ૧ (એક).

(૨) છેલ્લા એક વર્ષમાં ૪૭૭ ગોચર દબાણો દૂર કરી હેકટર આરે પ્રતિઆરે
૨૧૧ ૬૩ ૮૮
જમીન છૂટી કરેલ છે.

--------

## અમદાવાદ શહેર અને જિલ્લામાં જોબકાર્ડ આપવા બાબત

૧૯૧૫૩ : **શ્રી શૈલેષભાઈ મ.પરમાર (શહેર કોટડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેર અને જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા શ્રમિકોને જોબકાર્ડ આપવામાં આવ્યા,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગેરંટી યોજનામાં કેટલાને રોજગારી આપવામાં આવી, અને

(૩) તે અન્વયે વર્ષવાર કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર અને વર્ષવાર નીચે મુજબ શ્રમિક પરિવારોને જોબકાર્ડ આપવામાં આવેલ છે.

આ યોજના ફક્ત ગ્રામિણ કુટુંબો માટે જ હોઇ, શહેરમાં કોઇ જોબકાર્ડ આપવામાં આવેલ નથી.

| ક્રમ | તાલુકાનું નામ | આપવામાં આવેલ જોબકાર્ડ | |
|---|---|---|---|
| | | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ |
| ૧ | બરવાળા | ૫૨૦૦ | ૪૯૩૧ |
| ૨ | બાવળા | ૯૬૯૦ | ૧૨૪૦૮ |
| ૩ | દસક્રોઇ | ૧૯૭૫૬ | ૧૨૯૯૭ |
| ૪ | દેત્રોજ | ૧૫૫૦૦ | ૧૫૬૬૩ |
| ૫ | ધંધુકા | ૧૫૩૮૪ | ૧૧૫૮૬ |
| ૬ | ધોળકા | ૨૨૩૯૫ | ૧૭૬૭૬ |
| ૭ | માંડલ | ૧૧૫૨૫ | ૮૩૨૯ |
| ૮ | રાણપુર | ૧૧૫૦૦ | ૧૩૨૮૮ |
| ૯ | સાણંદ | ૨૦૭૮૦ | ૨૧૩૮૨ |
| ૧૦ | વિરમગામ | ૨૧૫૦૫ | ૨૧૩૦૦ |

(૨) છેલ્લા બે વર્ષમાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં તાલુકાવાર અને વર્ષવાર નીચેની વિગતે કુટુંબોને માંગ આધારે રોજગારી આપવામાં આવી.

| ક્રમ | તાલુકાનું નામ | આપવામાં આવેલ રોજગારી | | | |
|---|---|---|---|---|---|
| | | ૨૦૦૯-૧૦ | | ૨૦૧૦-૧૧ | |
| | | કુટુંબો | માનવ | કુટુંબો | માનવ |
| ૧ | બરવાળા | ૨૬૬૪ | ૬૦૧૦૦ | ૨૪૭૭ | ૯૫૯૦૦ |
| ૨ | બાવળા | ૭૫૬૬ | ૧૩૦૪૦૦ | ૨૧૫૦ | ૧૦૩૮૦૦ |
| ૩ | દસક્રોઇ | ૬૪૦૮ | ૨૬૬૦૦ | ૧૭૨૯ | ૧૯૨૦૦ |
| ૪ | દેત્રોજ | ૧૫૪૭ | ૨૨૦૦૦ | ૭૦૨ | ૨૬૬૦૦ |
| ૫ | ધંધુકા | ૧૦૧૧૧ | ૧૭૦૪૦૦ | ૭૬૪૧ | ૨૦૧૮૦૦ |
| ૬ | ધોળકા | ૩૮૭૧ | ૧૨૨૩૦૦ | ૪૦૩૮ | ૫૯૨૦૦ |
| ૭ | માંડલ | ૩૪૮૦ | ૩૯૭૦૦ | ૫૪૪ | ૩૭૫૦૦ |
| ૮ | રાણપુર | ૩૬૪૨ | ૧૭૩૨૦૦ | ૭૦૦૨ | ૧૭૪૨૦૦ |
| ૯ | સાણંદ | ૭૧૫૩ | ૧૯૫૬૦૦ | ૨૨૫૮ | ૫૭૨૦૦ |
| ૧૦ | વિરમગામ | ૯૫૫૪ | ૧૯૭૪૦૦ | ૩૪૮૭ | ૯૭૬૦૦ |

(૩) તે અન્વયે થયેલ ખર્ચની વિગત તાલુકાવાર અને વર્ષવાર નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષવાર થયેલ ખર્ચ (રૂા.લાખમાં) | |
|---|---|---|---|
| | | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ |
| ૧ | બરવાળા | ૪૩.૫૩ | ૪૮.૪૯ |
| ૨ | બાવળા | ૧૧૦.૭૫ | ૪૧.૮૫ |

| | | | |
|---|---|---|---|
| ૩ | દસક્રોઇ | ૨૬.૧૩ | ૧૯.૫૫ |
| ૪ | દેત્રોજ | ૨૯.૨૩ | ૧૨.૮૨ |
| ૫ | ધંધુકા | ૧૨૩.૦૧ | ૭૧.૬૦ |
| ૬ | ધોળકા | ૮૪.૮૧ | ૨૯.૧૬ |
| ૭ | માંડલ | ૨૪.૭૨ | ૪૦.૫૧ |
| ૮ | રાણપુર | ૧૩૫.૭૮ | ૧૮૪.૭૩ |
| ૯ | સાણંદ | ૧૩૯.૯૯ | ૯૫.૮૩ |
| ૧૦ | વિરમગામ | ૧૦૬.૮૮ | ૪૮.૭૧ |
| | કુલ : | ૮૨૪.૮૩ | ૪૪૯.૩૬ |

--------

## ભરૂચ જિલ્લામાં ઇક્રો-ટુરીઝમની યોજના

૧૯૬૨૬ **: શ્રી દુષ્યંતભાઈ ર.પટેલ (ભરૂચ)** : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં ઇકો ટુરીઝમના વિકાસ માટેની કોઇ યોજના છે કે કેમ,

(૨) જો હા, તો જિલ્લાના ક્યા ક્યા સ્થળો પસંદ કરવામાં આવેલ છે, અને

(૩) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આ યોજના પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ભરૂચ જિલ્લામાં કડીયાડુંગર સ્થળને પસંદ કરવામાં આવેલ છે.

(૩) તા.૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આ યોજના પાછળ ભરૂચ જિલ્લામાં રૂપિયા ૧૬.૬૯ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

## સસ્તા અનાજની દુકાનો આપવા માટેના માપદંડો

૧૮૯૮૩ **: શ્રી રામસિંહ પરમાર (ઠાસરા)** : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રાજ્યમાં સસ્તા અનાજની નવી દુકાનો આપવા માટેના માપદંડોના કારણે ગ્રાહકોને માલ લેવામાં મુશ્કેલીઓ પડે છે તે નિવારવા માપદંડમાં સુધારો કરવા અંગેની કેટલી ફરીયાદો તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારને મળી છે, અને

(૨) સરકારે તે બાબતે શો નિર્ણય કરેલ છે ?

**જવાબ**

(૧) ખેડા જિલ્લામાં વહીવટી તંત્રને એક ફરિયાદ મળેલ છે.

(૨) સરકાર કક્ષાએ આ બાબતની ચકાસણી કરી દ ાટિત નિર્ણય લેવામાં આવશે.

## બનાસકાંઠા જિલ્લામાં દૂધ સંજીવની યોજના

૧૯૯૯૭ **: શ્રી વસંતભાઈ ભટોળ (દાંતા)** : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં દૂધ સંજીવની યોજના હેઠળ તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ થયેલ છે,

(૨) કુલ કેટલા બાળકોને આ યોજના હેઠળ લાભ મળેલ છે, અને

(૩) તેમાં બાળક દીઠ દૂધનું પ્રમાણ કેટલું છે ?

**જવાબ**

(૧)

| **વર્ષ** | **થયેલ ખર્ચ (રૂ. લાખમાં)** |
|---|---|
| ૨૦૦૯-૧૦ | ૪૮૦.૦૦ |
| ૨૦૧૦-૧૧ | ૧૭૪.૩૧ |
| **કુલ :** | **૬૫૪.૩૧** |

(૨)

| **વર્ષ** | **બાળકોની સંખ્યા** |
|---|---|
| ૨૦૦૯-૧૦ | ૪૫,૦૦૦ |
| ૨૦૧૦-૧૧ | ૪૭,૦૦૦ |

(૩) ૨૦૦ મી.લી.

## મહેસાણા જિલ્લામાં દીનદયાળ ગ્રાહક ભંડારોને મોડેલ ફેરપ્રાઈઝ શોપ જાહેર કરવા બાબત

૧૯૫૯૪ **: શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા)** : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારોને મોડેલ ફેરપ્રાઈઝ શોપ તરીકે જાહેર કરવામાં

**જવાબ**

(૧) ૬૨૪.

આવ્યા,

(૨) તે પૈકી કેટલી દુકાનોને મોડેલ ફેરપ્રાઈઝ શોપ તરીકે જાહેર કરવાની બાકી છે, અને

(૨) ૧૦.

(૩) તે ક્યાં સુધીમાં જાહેર કરવામાં આવશે ?

(૩) બાબત સંબંધિત વાજબી ભાવના દુકાનદારની તત્પરતા તથા યોજનાની પસંદગી પર આધારિત છે તેથી કાર્યવાહી પૂર્ણ થયેથી.

## પંચમહાલ જિલ્લામાં આદિજાતિ કન્યા-કુમાર છાત્રાલયો

૧૯૩૧૪ : **શ્રી દિતાભાઈ ભી.મછાર (ઝાલોદ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) પંચમહાલ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલી આદિજાતિ કન્યા અને કુમાર છાત્રાલયો સરકારી કાર્યરત છે,

(૧) નીચે મુજબ સરકારી કન્યા અને કુમાર છાત્રાલયો કાર્યરત છે.

| કન્યા | કુમાર | કુલ |
|---|---|---|
| ૩ | ૪ | ૭ |

(૨) આ છાત્રાલયોમાં વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી છે, અને

(૨) ૨૨૧.

(૩) નવા છાત્રાલયો શરૂ કરવા સરકારે કોઈ આયોજન કરેલ છે કેમ ?

(૩) ના, જી.

## ગાંધીનગર જિલ્લામાં ઈકો ટુરીઝમની યોજના

૧૯૬૨૭ : **શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ગાંધીનગર જિલ્લામાં ઈકો ટુરીઝમના વિકાસ માટેની કોઈ યોજના છે કે કેમ,

(૧) હા, જી.

(૨) જો હા, તો જિલ્લાના ક્યા ક્યા સ્થળો પસંદ કરવામાં આવેલ છે, અને

(૨) ગાંધીનગર જિલ્લાના ગાંધીનગર ખાતે નીચેના સ્થળો પસંદ કરવામાં આવેલ છે.

(૧) વાઈલ્ડરનેશ પાર્ક સેક્ટર-૧૦ ગાંધીનગર
(૨) પુનીતવન સેક્ટર-૧૮ ગાંધીનગર.
(૩) જ રોડ ઉપર સંસ્કૃતિકુંજથી સ્ટાફ ક્વાર્ટસ સુધીનો વિસ્તાર નેચરલ રિવર ફ્રન્ટ.
(૪) ઈન્દ્રોડા પાર્કની સુવિધાઓનો વિકાસ.
(૫) ઈન્દ્રોડા પાર્ક ખાતે ફોસીલપાર્ક.
(૬) ઈન્દ્રોડા પાર્કના પૂર્વ કાંઠે હર્બિવોરસ પાર્ક અને બટર ફ્લાય પાર્ક.

(૩) તા.૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આ યોજના પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ?

(૩) તા.૩૧-૦૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આ યોજના પાછળ રૂપિયા ૧૨૭.૦૨ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

## રાજકોટ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના

૧૯૬૩૨ : **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા (ઉપલેટા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજકોટ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ-૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા.૩૧-૦૧-૧૧ સુધીમાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૧) રાજકોટ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના એટલે કે સામૂહિક વન નિર્માણની યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા.૩૧-૦૧-૨૦૧૧ સુધીમાં નીચેની વિગતે વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૪૮૨ | ૪.૪૯ |
| ૨૦૧૦-૧૧ | ૩૯૭ | ૪.૬૫ |
| **કુલ :** | **૮૭૯** | **૯.૧૪** |

(૨) તે પૈકી ઉપલેટા તાલુકામાં કેટલું વાવેતર

(૨) તે પૈકી ઉપલેટા તાલુકામાં નીચેની વિગતે

કરવામાં આવેલ છે?

વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૪૦ | ૦.૩૬ |
| ૨૦૧૦-૧૧ | ૩૬ | ૦.૪૫ |
| **કુલ :** | **૭૬** | **૦.૮૧** |

--------

**સુરત જિલ્લા પંચાયતમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની ખાલી જગ્યા**

૧૯૬૦૪ : **શ્રી નાનુભાઈ ભ.વાનાણી (સુરત શહેર (ઉત્તર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરત જિલ્લા પંચાયતમાં તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ નાયબ જિલ્લા વિકાસ અધિકારીઓની કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૧) એક. |
| (૨) આ જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | (૨) વહીવટી અનુકૂળતાએ. |

--------

**રાજકોટ જિલ્લામાં વોટરશેડ પ્રોજેક્ટને મંજૂરી**

૨૦૦૦૭ : **શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ (રાજકોટ-૧) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ વર્ષ ૨૦૧૦-૧૧માં વોટરશેડના કેટલા પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યા, | (૧) ૪ (ચાર). |
| (૨) તે પેકી કેટલા કામો હાથ ધરવામાં આવ્યા, (૩) કેટલા કામો શરૂ કરવાના બાકી છે, અને | (૨) અને (૩) : તા.૨૪-૧૨-૧૦ના રોજ પ્રોજેક્ટ મંજૂર થયેલ હોવાથી ડીટેલ પ્રોજેક્ટ રીપોર્ટ બનાવવાની કામગીરી ચાલુ હોઈ કામો શરૂ કરવાના બાકી છે. |
| (૪) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૪) ભારત સરકારશ્રીની નવી ગાઈડલાઈન ૨૦૦૮ અન્વયે પ્રોજેક્ટ મંજૂરીની તારીખથી પ્રોજેક્ટ પૂર્ણ થવાની અવધિ ૫ થી ૭ વર્ષ નક્કી કરેલ છે, તે મુજબની સમયમર્યાદામાં કામો પૂર્ણ કરવામાં આવશે. |

--------

**અમરેલી જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના**

૨૦૦૦૫ : **શ્રી હનુભાઈ ધોરાજીયા (લાઠી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) અમરેલી જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ-૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૧૧ દરમ્યાન તા.૩૧-૦૧-૧૧ સુધીમાં કુલ કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૧) અમરેલી જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના એટલે કે સામૂહિક વન નિર્માણની યોજના હેઠળ વર્ષ-૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૧૧ માં તા.૩૧-૦૧-૧૧ સુધીમાં નીચેની વિગતે વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૪૪૨ | ૩.૯૯ |
| ૨૦૧૦-૧૧ | ૩૫૫ | ૪.૧૪ |
| **કુલ :** | **૭૯૭** | **૮.૧૩** |

(૨) તે પેકી લાઠી અને રાજુલા તાલુકામાં તાલુકાવાર કેટલું વાવેતર કરવામાં આવેલ છે?

(૨) તે પેકી લાઠી અને રાજુલા તાલુકામાં નીચેની વિગતે વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) | |
|---|---|---|---|---|
| | લાઠી | રાજુલા | લાઠી | રાજુલા |
| ૨૦૦૯-૧૦ | ૪૯ | ૪૯ | ૦.૪૫ | ૦.૪૮ |
| ૨૦૧૦-૧૧ | ૪૩ | ૩૬ | ૦.૪૯ | ૦.૪૪ |
| **કુલ :** | **૯૨** | **૮૫** | **૦.૯૪** | **૦.૯૨** |

### ભાવનગર જિલ્લામાં ગ્રામ સેવકોની મંજૂર જગ્યાઓ

૨૦૦૧૩ **: શ્રીમતી ભાવનાબેન મકવાણા (તળાજા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લા પંચાયતમાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ગ્રામ સેવકોની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે, | (૧) ૨૧૨. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, | (૨) ભરાયેલ જગ્યા - ૬૮<br>ખાલી જગ્યા - ૧૪૪ |
| (૩) આ ખાલી જગ્યાઓ ભરવા સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ, અને | (૩) ગ્રામ સેવકની ખાલી જગ્યાઓ ભરવાની કાર્યવાહી ચાલુ છે. |
| (૪) જો હા, તો ક્યાં સુધીમાં આ ખાલી જગ્યાઓ ભરવામાં આવશે ? | (૪) સત્વરે. |

--------

### પંચમહાલ જિલ્લામાં દૂધ સંજીવની યોજના

૨૦૦૧૨ **: શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) પંચમહાલ જિલ્લામાં દૂધ સંજીવની યોજના હેઠળ તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ થયેલ છે, અને

(૧)

| **વર્ષ** | **થયેલ ખર્ચ (રૂ. લાખમાં)** |
|---|---|
| ૨૦૦૯-૧૦ | ૨૩૩.૮૯ |
| ૨૦૧૦-૧૧ | ૪૦.૭૯ |
| **કુલ :** | **૨૭૪.૬૮** |

(૨) ઉક્ત સ્થિતિએ કુલ કેટલા બાળકોને આ યોજના હેઠળ લાભ મળેલ છે ?

(૨)

| **વર્ષ** | **સરેરાશ બાળકોની સંખ્યા** |
|---|---|
| ૨૦૦૯-૧૦ | ૪૧,૬૫૬ |
| ૨૦૧૦-૧૧ | ૪૨,૦૦૦ |

### જામનગર જિલ્લામાં ટોટલ સેનિટેશન કાર્યક્રમ હેઠળ શોચાલયો મંજૂર થયેલ શાળાઓ

**૧૨૧/page>** ૧૮૦૩૫ **: શ્રી મુળુભાઈ હ. બેરા (ભાણવડ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં તા.૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં જામનગર જિલ્લામાં ટોટલ સેનિટેશન કાર્યક્રમ હેઠળ કેટલી શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે શોચાલયો મંજૂર કરવામાં આવ્યા, | (૧) ૧૨૦ શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે શોચાલયો મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલા શોચાલયોનું કામ પૂર્ણ થયેલ છે, | (૨) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કામગીરી પ્રગતિમાં છે. |
| (૩) કેટલા બાકી છે, અને | (૩) કામગીરી પ્રગતિમાં છે. |
| (૪) બાકી છે તે ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૪) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જામનગર દ્વારા આપેલ ખાતરી મુજબ તમામ કામો એપ્રિલ-૨૦૧૧ના અંત સુધીમાં પૂર્ણ થશે. |

### મહેસાણા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના

૧૯૬૨૪ **: શ્રી કાંતિલાલ રા.પટેલ (વિજાપુર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ-૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા.૩૧-૧-૧૧ સુધીમાં કેટલું વાવેતર કરવામાં | (૧) મહેસાણા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના એટલે કે સામૂહિક વનનિર્માણ યોજના હેઠળ નીચેની વિગતે વર્ષવાર વાવેતર કરવામાં આવેલ છે. |

આવેલ છે, અને

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૭૫૭ | ૬.૮૮ |
| ૨૦૧૦-૧૧ | ૪૨૬ | ૫.૦૪ |
| કુલ : | ૧૧૮૩ | ૧૧.૯૨ |

(૨) તે પૈકી વિજાપુર તાલુકામાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે ?

(૨) તે પૈકી વિજાપુર તાલુકામાં નીચેની વિગતે વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૮૮.૫૦ | ૦.૭૮ |
| ૨૦૧૦-૧૧ | ૫૨.૦૦ | ૦.૬૩ |
| કુલ : | ૧૪૦.૫૦ | ૧.૪૧ |

--------

## અમદાવાદ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના

૧૯૬૩૫ : **શ્રી કાંતિલાલ રા. લકુમ (બાવળા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ-૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા.૩૧-૦૧-૧૧ સુધીમાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૧) અમદાવાદ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના એટલે કે સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧માં તા.૩૧-૦૧-૧૧ સુધીમાં નીચેની વિગતે વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૫૭૦.૦૦ | ૫.૧૧ |
| ૨૦૧૦-૧૧ | ૬૩૪.૩૧ | ૭.૧૧ |
| કુલ : | ૧૨૦૪.૩૧ | ૧૨.૨૨ |

(૨) તે પૈકી બાવળા તાલુકામાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે ?

(૨) તે પૈકી બાવળા તાલુકામાં નીચેની વિગતે વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૭૨.૫૦ | ૦.૬૮ |
| ૨૦૧૦-૧૧ | ૦.૦૦ | ૦.૦૦ |
| કુલ : | ૭૨.૫૦ | ૦.૬૮ |

--------

## નવસારી જિલ્લામાં ગોચરના દબાણો

૧૮૮૩૭ : **શ્રી છનાભાઈ ચૌધરી (ધરમપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) નવસારી જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ તાલુકાવાર ક્યા ક્યા ગામોમાં ગોચર દબાણો છે,

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ |
|---|---|---|
| ૧ | વાંસદા | પાટા ફળીયા-વાંસદા |
| ૨ | ગણદેવી | કલવાચ, અંધલ, મટવાડ |
| ૩ | નવસારી | - |
| ૪ | જલાલપોર | - |
| ૫ | ચીખલી | - |

(૨) આવા ગોચર દબાણો દૂર કરવા સરકારે શું આયોજન કરેલ છે, અને

(૨) ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ-૧૦૫ હેઠળ ગ્રામ પંચાયતને દબાણ દૂર કરવાની સત્તા મળેલ છે.

ગ્રામ પંચાયતો દ્વારા દબાણદારોને નોટીસ આપી દબાણ દુર કરવા કામગીરી હાથ ધરવામાં આવે છે.

ગ્રામ પંચાયત કક્ષાએ દબાણો અંગેનું રજીસ્ટર નિભાવવામાં આવે છે.

(૩) કેટલાં સમયમાં આ દબાણો દૂર કરવાનું સરકારનું આયોજન છે ?

(૩) સ્તવરે.

--------

**સાવલી તાલુકામાં સંગ્રહખોરો ઉપર પાડેલ દરોડાઓ**

૧૯૫૪૨ : **શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલીવાર દરોડાઓ પાડી કેટલાં સંગ્રહખોરીનો માલ જપ્ત કરવામાં આવ્યો? | ૫ દરોડાઓ પાડી રૂા. ૪,૪૫,૩૨૪/-ની કિંમતનો ૪૧૨૦૮ કિલો અનાજનો જથ્થો જપ્ત તેમજ તમામ જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો. |

**માંડવી તાલુકામાં ટ્રાયબલ સબપ્લાનમાં કામ કરતા એન.જી.ઓ.**

૨૦૦૫૮ : **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ (બારડોલી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સુરત જિલ્લાના માંડવી તાલુકામાં ટ્રાયબલ સબપ્લાન હેઠળ તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ કુલ કેટલા એન.જી.ઓ. કામ કરે છે? | ૧૧. |

--------

**વડોદરા જિલ્લામાં ગરીબી રેખા નીચે જીવતાં પરિવાર માટે ટોટલ સેનિટેશન કાર્યક્રમ**

૧૯૫૯૭ : **શ્રી મધુભાઈ બા. શ્રીવાસ્તવ (વાઘોડિયા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ગરીબીની રેખા નીચે જીવતા પરિવારો માટે ટોટલ સેનીટેશન કાર્યક્રમ હેઠળ કેટલા શોચાલયો મંજૂર કરવામાં આવ્યા, | (૧) વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ગરીબીની રેખા નીચે જીવતા પરિવારો માટે ટોટલ સેનીટેશન કાર્યક્રમ હેઠળ ૮૩૬૬ શોચાલયો મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી કેટલા શોચાલયોનું બાંધકામ પૂર્ણ કરવામાં આવેલ છે, | (૨) તે પૈકી તમામ ૮૩૬૬ શોચાલયોનું બાંધકામ પૂર્ણ કરવામાં આવેલ છે. |
| (૩) કેટલાનું બાંધકામ બાકી છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) તે કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**કોમર્શિયલ પાયલોટ ટ્રેનિંગ માટેની અરજીઓ**

૨૦૦૦૧ : **શ્રી કિશોરભાઈ વાંકાવાળા (સુરત શહેર પશ્ચિમ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ | | |
|---|---|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોમર્શિયલ પાયલોટ ટ્રેનીંગ માટે આદિજાતિ ઉમેદવારોની કુલ કેટલી અરજીઓ મળેલ છે, | (૧) | **વર્ષ** | **અરજીઓની સંખ્યા** |
| | | ૨૦૦૯-૧૦ | ૪ |
| | | ૨૦૧૦-૧૧ (તા. ૩૧-૧૨-૧૦ સુધી | ૩ |
| | | કુલ) | **૭** |
| (૨) તે પૈકી કેટલી અરજી મંજૂર કરવામાં આવી, અને | (૨) | ૭. | |
| (૩) મંજૂર થયેલ અરજીઓ પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે? | (૩) | ૧,૦૫,૦૦,૦૦૦/-. | |

--------

## ભરૂચ જિલ્લાના નાબીપુરથી દેરોલ અને વિલાયત જી.આઈ.ડી.સી.ને જોડતા માર્ગમાં રક્ષિત વન ધારા નીચે વૃક્ષો કાપવાની પરવાનગી

૧૮૯૬૮ : **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના નેશનલ હાઈવેના નાબીપુરથી દયાદરા-દેરોલ અને વિલાયત જી.આઈ.ડી.સી. ને જોડતા એસોસાઈડ પ્રોજેક્ટ હેઠળના માર્ગ હેઠળ આવતા રક્ષિત વન ધારા હેઠળ વૃક્ષો કાપવાની માર્ગ અને મકાન વિભાગને મંજૂરી આપી જરૂરી નાણા ભરાયેલ છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ વૃક્ષોને કાપવાના હજુ સુધી હુકમો નહીં કરવાના કારણો શા છે, અને

(૩) કેટલા સમયમાં વન વિભાગ આ વૃક્ષો કાપવાની મંજૂરીના હુકમો કરશે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) સવાલ હેઠળનો રસ્તો પહોળો કરવાની દરખાસ્તને ભારત સરકારશ્રીના તા. ૧૦-૧-૧૧ના પત્રથી આખરી મંજૂરી મળેલ છે અને રાજ્ય સરકારશ્રી દ્વારા તા. ૧૮-૧-૧૧ના પત્રથી યાદી પણ બહાર પાડવામાં આવેલ છે. યાદી બહાર પાડયા બાદ તા. ૧૩-૨-૧૧ના દૈનિક પત્રોમાં વૃક્ષો કાપવા અંગેની નિવિદા બહાર પડાયેલ છે અને તા. ૨૨-૨-૨૦૧૧ના રોજ હરાજી નિયત થયેલ છે.

(૩) હરાજીની કાર્યવાહી પૂર્ણ થયેથી વૃક્ષો કાપવાની કાર્યવાહી ઈજારદાર દ્વારા હાથ ધરવામાં આવશે.

## બનાસકાંઠા જિલ્લામાં દૂધ સંજીવની યોજના

૨૦૦૧૦ : **શ્રી અનિલકુમાર માળી (દિયોદર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં દૂધ સંજીવની યોજના હેઠળ તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ થયેલ છે,

(૨) કુલ કેટલા બાળકોને આ યોજના હેઠળ લાભ મળેલ છે, અને

(૩) તેમાં બાળક દીઠ દૂધનું પ્રમાણ કેટલું છે ?

**જવાબ**

(૧)

| **વર્ષ** | **થયેલ ખર્ચ(રૂ.લાખમાં)** |
|---|---|
| ૨૦૦૯-૧૦ | ૪૮૦.૦૦ |
| ૨૦૧૦-૧૧ | ૧૭૪.૩૧ |
| **કુલ :** | **૬૫૪.૩૧** |

(૨)

| **વર્ષ** | **બાળકોની સંખ્યા** |
|---|---|
| ૨૦૦૯-૧૦ | ૪૫,૦૦૦ |
| ૨૦૧૦-૧૧ | ૪૭,૦૦૦ |

(૩) ૨૦૦ મી.લી.

--------

## મહેસાણા જિલ્લામાં સસ્તા અનાજની દુકાનો ખોલવા માટેની અરજી

૧૯૫૯૫ : **શ્રી ઋષિકેશ ગ.પટેલ (વિસનગર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સસ્તા અનાજની દુકાન ખોલવા માટે કેટલી અરજીઓ આવેલ છે,

(૨) તે અન્વયે કેટલા અરજદારોને સસ્તા અનાજની દુકાનના પરવાના આપવામાં આવ્યા, અને

(૩) બાકી અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૧૮ (અઢાર) સસ્તા અનાજની દુકાનો ખોલવા માટે કુલ-૧૬૦ અરજીઓ આવેલ છે.

(૨) ૧૫ (પંદર) દુકાનના પરવાના અપાતા ૧૨૦ અરજીઓનો નિકાલ થયો.

(૩) ૩ સસ્તા અનાજની દુકાનો ખોલવા માટે બાકી રહેલ ૪૦ અરજીઓની ચકાસણી કર્યા બાદ નિયમોનુસાર કાર્યવાહી પૂર્ણ થયેથી.

--------

### ભાવનગર જિલ્લામાં ગ્રામ સેવકોની ખાલી જગ્યાઓ

૧૯૬૦૯ : **શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લા પંચાયતમાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ગ્રામ સેવકોની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે, | (૧) ૨૧૨. |
| (૨) તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલી છે, કેટલી ખાલી છે, | (૨) ભરાયેલ ૬૮<br>ખાલી ૧૪૪. |
| (૩) આ ખાલી જગ્યાઓ ભરવાનું સરકારનું કોઇ આયોજન છે કે કેમ, અને | (૩) જગ્યાઓ ભરવા અંગે કાર્યવાહી ચાલુ છે. |
| (૪) જો હા, તો ક્યાં સુધીમાં આ ખાલી જગ્યાઓ ભરવામાં આવશે ? | (૪) સત્વરે. |

### રાજકોટ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના

૧૯૬૩૧ : **શ્રી કાંતિભાઈ અમૃતિયા (મોરબી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા.૩૧-૦૧-૨૦૧૧ સુધીમાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) રાજકોટ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ એટલે કે સામૂહિક વન નિર્માણની યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા.૩૧-૧-૨૦૧૧ સુધીમાં નીચેની વિગતે વર્ષવાર વાવેતર કરવામાં આવેલ છે.

| **વર્ષ** | **વાવેતર કરેલ વિસ્તાર(હેક્ટર)** | **વાવેલ રોપાની સંખ્યા(લાખમાં)** |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૪૮૨ | ૪.૪૯ |
| ૨૦૧૦-૧૧ | ૩૯૭ | ૪.૬૫ |
| **કુલ :** | **૮૭૯** | **૯.૧૪** |

**પ્રશ્ન**

(૨) તે પૈકી મોરબી તાલુકામાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૨) તે પૈકી મોરબી તાલુકામાં નીચેની વિગતે વાવેતર કરવામાં આવેલ છે.

| **વર્ષ** | **વાવેતર કરેલ વિસ્તાર(હેક્ટર)** | **વાવેલ રોપાની સંખ્યા(લાખમાં)** |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૨૪.૩૦ | ૦.૨૫ |
| ૨૦૧૦-૧૧ | ૨૦.૦૦ | ૦.૨૩ |
| **કુલ :** | **૪૪.૩૦** | **૦.૪૮** |

### વલસાડ જિલ્લામાં જંગલની જમીન આદિવાસીઓને મળે તે માટે ગ્રામ સમિતિએ મોકલેલ અરજીઓ

૧૯૪૧૪ : **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ વલસાડ જિલ્લાનાં પાંચ તાલુકાઓ પૈકીની જંગલની જમીન ખેડતા આદિવાસીઓને મળે તે માટે કેટલી ગ્રામ સમિતિએ કેટલી અરજીઓ છેલ્લા બે વર્ષમાં મોકલી,

**જવાબ**

(૧)

| **તાલુકા** | **ગ્રામ સમિતિ** | **તારીખ ૩૧-૧-૧૦ ની સ્થિતિએ** | **તારીખ ૩૧-૧-૧૧ ની સ્થિતિએ** | **SLDCને મોકલી** |
|---|---|---|---|---|
| ધરમપુર | ૯૪ | ૨૨૮૦ | ૧૦૦૩૦ | ૧૨૩૧૦ |
| કપરાડા | ૧૩૦ | ૨૩૦૬ | ૧૭૬૮૪ | ૧૯૯૯૦ |
| ઉમરગામ | ૩૯ | ૫૯૦ | ૧૫૭૫ | ૨૧૬૫ |
| વલસાડ | ૧૨ | ૦૦ | ૦૦ | ૦૦ |
| પારડી | ૧૮ | ૦૦ | ૦૦ | ૦૦ |

**પ્રશ્ન**

(૨) તે પૈકી કેટલી અરજીઓ પરત કરવામાં આવી, અને

**જવાબ**

(૨)

| **તાલુકા** | **પૂર્તતા માટે પરત મોકલેલ અરજીઓ** |
|---|---|
| ધરમપુર | ૭૩૪૩ |
| કપરાડા | ૬૯૭૯ |
| ઉમરગામ | ૩૪૬ |

| | |
|---|---|
| વલસાડ | ૦૦ |
| પારડી | ૦૦ |
| કુલ : | ૧૪૬૬૮ |

(૩) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ મંજૂર થયેલ અરજીઓની સંખ્યા કેટલી છે ?

(૩) ૮૦૫૪

--------

**રાજકોટ જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં પ્રમુખ અને સભ્યોની ભરેલ જગ્યાઓ**

૧૯૫૮૮ : **શ્રીમતી ભાનુબેન મ.બાબરીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પ્રમુખ અને સભ્યોની કેટલી જગ્યાઓ ભરેલી છે, | (૧) રાજકોટ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ (મુખ્ય)માં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ એક પ્રમુખ અને બે સભ્યોની એમ ત્રણ જગ્યાઓ ભરાયેલી છે.<br>રાજકોટ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ (એડીશનલમાં) માં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ એક પ્રમુખ અને બે સભ્યોની એમ ત્રણ જગ્યાઓ ભરાયેલી છે. |
| (૨) કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) તમામ જગ્યાઓ ભરાયેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તે ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**અનાજ અને કેરોસીન ગરીબ કુટુંબોને આપવા માટે બારકોડેડ રેશનકાર્ડ**

૧૯૫૮૯ : **શ્રી અનિલભાઈ પટેલ (મહેસાણા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અનાજ અને કેરોસીન ગરીબ કુટુંબોને પુરતા જથ્થામાં મળી રહે તે માટે સરકાર ધ્વારા બારકોડેડ રેશનકાર્ડ યોજના લાવવામાં આવી તે હકીક્ત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનાનો અમલ ક્યારથી કરવામાં આવશે? | (૨) યોજના અંતર્ગત કામગીરી ચાલુ છે. ડેટા એન્ટ્રી, ચકાસણી અને બાયોમેટ્રીક્ની કામગીરી પૂર્ણ થયેથી. |

--------

**ટોટલ સેનિટેશન કાર્યક્રમ હેઠળ પાટણ જિલ્લામાં શાળાઓમાં શોચાલયો મંજૂર થયેલ શાળાઓ**

૧૮૦૩૮ : **શ્રી રજનીકાન્ત સો.પટેલ (ચાણસ્મા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં તા.૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં પાટણ જિલ્લામાં ટોટલ સેનિટેશન કાર્યક્રમ હેઠળ કેટલી શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે શોચાલયો મંજૂર કરવામાં આવ્યા, | (૧) ટોટલ સેનિટેશન કાર્યક્રમ હેઠળ પાટણ જિલ્લામાં કુલ ૭૬૦ શાળા શોચાલયો મંજૂર થયેલ છે. તે પૈકી તમામ ૭૬૦ શોચાલયની કામગીરી વર્ષ ૨૦૦૯-૧૦માં પૂર્ણ થયેલ હોઈ ૨૦૧૦-૧૧માં શોચાલયો મંજૂર કરવાનો પ્રશ્ન રહેતો નથી. |
| (૨) તે પૈકી તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કેટલા શોચાલયોનું કામ પૂર્ણ થયેલ છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેટલા બાકી છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) બાકી છે તે ક્યારે પૂર્ણ કરવામાં આવશે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**વલસાડ જિલ્લામાં અનુસૂચિત જનજાતિના લોકોને એલ.પી.જી. ગેસ કનેક્શન આપવા બાબત**

૧૯૫૯૩ : **શ્રી રમણલાલ ના.પાટકર (ઉમરગામ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ વનબંધુ કલ્યાણ યોજના હેઠળ સરકાર ધ્વારા અનુસૂચિત જનજાતિના કેટલા લાભાર્થીઓને એલ.પી.જી. ગેસ કનેક્શન આપવામાં આવ્યા, અને | (૧) ૪૨૦ લાભાર્થીઓને. |
| (૨) બાકીનાને ક્યારે એલ.પી.જી. ગેસ કનેક્શન આપવામાં આવશે ? | (૨) લક્ષ્યાંક મુજબ ૪૨૦ ગેસ કનેક્શન આપવામાં આવેલ છે, જેથી કોઈ બાકી નથી. |

**સાયલા તાલુકામાં ટેરેસ તલાવડી બનાવવા બાબત**

૧૯૬૧૭ : **શ્રી ભરતભાઈ વ. ખોરાણી (ચોટીલા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં સાયલા તાલુકામાં વન વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ કેટલી ટેરેસ તલાવડી બનાવવામાં આવેલ છે, અને | (૧) વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ ૨૮૩૨ ટેરેસ તલાવડી બનાવવામાં આવેલ છે. |
| (૨) આ તલાવડી માટે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) રૂ.૧,૮૪,૬૦૦/-નો ખર્ચ કરવામાં આવેલ છે. |

**પંચમહાલ જિલ્લાના જંગલમાં મૂકવામાં આવેલ લોખંડના બોર્ડ**

૧૯૧૩૨ : **શ્રી મોહનસિંહ છો.રાઠવા (પાવી-જેતપુર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જંગલમાં મુક્વા માટેના લોખંડના કેટલા બોર્ડ વન ખાતા મારફતે ખરીદવામાં આવ્યા, | (૧) પંચમહાલ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જંગલમાં મુક્વા માટેના લોખંડના જુદી જુદી સાઈઝના કુલ ૨૭૯ બોર્ડ વનખાતા મારફતે ખરીદવામાં આવ્યા છે. |
| (૨) એક બોર્ડની કિંમત કેટલી તેનું વજન કેટલા કિ.ગ્રા.નું છે, | (૨) ૨૭૯ બોર્ડ જુદી જુદી સાઈજના હોવાથી તેની સરેરાશ કિંમત રૂ.૯૧૮૪.૪૦ પ્રતિ બોર્ડ છે કુલ ૨૭૯ બોર્ડ પૈકી ૨૫૫ બોર્ડ વજન પ્રમાણે નહિં પણ માપ અને પતરાની જાડાઈ પ્રમાણે ખરીદેલ છે. બાકીના ૨૪ બોર્ડ જે વજન પ્રમાણે ખરીદેલ તેનું સરેરાશ વજન ૫૨.૯૨ કિગ્રા પ્રતિ બોર્ડ છે. |
| (૩) આ બોર્ડ કઈ કંપની પાસેથી કઈ જગ્યાએથી ખરીદવામાં આવ્યા હતા, અને | (૩) ૨૭૯ બોર્ડ પૈકી ૨૫૫ બોર્ડ ગીતા ભારતી ખાદી ભંડાર, અમદાવાદ પાસેથી અને ૨૪ બોર્ડ, કૃપન વેલ્ડીંગ વર્કસ જાંબુઘોડા પાસેથી ખરીદવામાં આવેલ છે. |
| (૪) આ બોર્ડની ખરીદી જો બહારથી કરવામાં આવી હોય તો સ્થાનિક ખરીદી ન કરવાના ક્યા કારણો છે ? | (૪) ગીતા ભારતી ખાદી ભંડાર, અમદાવાદ સરકારશ્રી દ્વારા માન્ય સંસ્થા હોય ત્યાંથી ખરીદવામાં આવેલ છે. |

--------

**દ્વારકા તાલુકામાં ટેરેસ તલાવડી**

૨૦૦૪૮ : **શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી (જામનગર (રુરલ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લાના દ્વારકા તાલુકામાં વન વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૦-૧૧ અંતર્ગત તા. ૩૧-૧-૧૧ સુધીમાં કેટલી ટેરેસ તલાવડી બનાવવામાં આવી, અને | (૧) કુલ ૧૨,૨૩૭ ટેરેસ તલાવડી બનાવવામાં આવેલ છે. |

(૨) તે માટે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? (૨) કુલ રૂ.૨,૩૧,૯૨૨/-નો ખર્ચ કરવામાં આવેલ છે.

--------

**ટોટલ સેનિટેશન કાર્યક્રમ હેઠળ સુરત જિલ્લાની શાળાઓમાં શોચાલયો મંજૂર થયેલ શાળાઓ**

૧૮૦૩૭ **: શ્રી કિરીટભાઈ ગં.પટેલ (ઓલપાડ) : માનનીય ગ્રામવિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં સુરત જિલ્લામાં ટોટલ સેનિટેશન કાર્યક્રમ હેઠળ કેટલી શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે શોચાલયો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પેકી તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કેટલા શોચાલયોનું કામ પૂર્ણ થયેલ છે,

(૩) કેટલા બાકી છે, અને

(૪) બાકી છે તે ક્યારે પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) ટોટલ સેનિટેશન કાર્યક્રમ હેઠળ સુરત જિલ્લાના મંજૂર થયેલ ટી.એસ.સી. પ્રોજેક્ટ મુજબ કુલ ૧૧૪૭ શાળા શોચાલય મંજૂર થયેલ છે.

(૨) મંજૂર થયેલ તમામ શોચાલયોનું કામ પૂર્ણ થયેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**નસવાડી તાલુકામાં જંગલી ભૂંડોનો ત્રાસ**

૧૯૩૮૭ **: શ્રી ધીરુભાઈ ભીલ (નસવાડી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લાના નસવાડી તાલુકામાં જંગલી ભૂંડોનો ત્રાસ દૂર કરવા સરકારે શી કાર્યવાહી કરી?

**જવાબ**

તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લાના નસવાડી તાલુકામાં જંગલી ભૂંડોનો ત્રાસ દૂર કરવા કોઈ ફરિયાદ મળેલ નથી, જેથી સરકાર દ્વારા કોઈ કાર્યવાહી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**૧૨૮/page> બેકવર્ડ રીઝીયન ગ્રાન્ટ ફંડ**

૨૦૦૩૭ **: શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ બેકવર્ડ રીઝીયન ગ્રાન્ટ ફંડ (બી.આર.જી.એફ.)અંતર્ગત રાજ્યના ક્યા ક્યા જિલ્લાઓનો સમાવેશ થાય છે,

(૨) આ યોજના માટે તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ કેટલી ગ્રાન્ટ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર મળી,

(૩) તે અન્વયે જિલ્લાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો,અને

(૪) રાજ્યમાં સદર યોજનાનું અમલીકરણ વિલંબથી થાય છે તેના કારણો શાં છે?

**જવાબ**

(૧)

| ક્રમ | જિલ્લાનુંનામ |
|---|---|
| ૧ | બનાસકાંઠા |
| ૨ | સાબરકાંઠા |
| ૩ | દાહોદ |
| ૪ | પંચમહાલ |
| ૫ | નર્મદા |
| ૬ | ડાંગ |

(૨)

| મળેલ ગ્રાન્ટ વર્ષવાર | (રૂા. કરોડમાં) |
|---|---|
| વર્ષ ૨૦૦૮-૦૯ | ૦૦.૬૯ |
| વર્ષ ૨૦૦૯-૧૦ | ૯૫.૯૭ |
| વર્ષ ૨૦૧૦-૧૧ | ૬૫.૮૮ |

(૩)

| થયેલ ખર્ચ વર્ષવાર | | (રૂા.કરોડમાં) | | |
|---|---|---|---|---|
| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ ૨૦૦૮-૦૯ | વર્ષ ૨૦૦૯-૧૦ | વર્ષ ૨૦૧૦-૧૧ |
| ૧ | બનાસકાંઠા | ૦.૦૪ | ૧૮.૯૦ | ૫.૪૪ |
| ૨ | સાબરકાંઠા | ૦.૧૧ | ૧૮.૪૩ | ૭.૪૩ |
| ૩ | દાહોદ | ૦ | ૧૫.૩૦ | ૩.૪૦ |
| ૪ | પંચમહાલ | ૦.૦૨ | ૧૫.૩૫ | ૮.૯૭ |
| ૫ | નર્મદા | ૦ | ૧૦.૯૩ | ૩.૬૦ |
| ૬ | ડાંગ | ૦.૦૧ | ૧૦.૩૬ | ૨.૭૭ |
| | **કુલ** | **૦.૧૮** | **૮૯.૨૭** | **૩૧.૬૧** |

(૪) વહીવટી કારણોસર.

**કચ્છ જિલ્લામાં ગાંડાબાવળના લીધે ઘાસીયા મેદાનો નાશ થવા બાબત**

૧૮૪૭૨ **: શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં ગાંડા બાવળનું અતિક્રમણથી ઘાસ તથા ચડિયાણના ઉપયોગમાં આવતા ઘાસિયા મેદાનો નેસ્ત નાબૂદ થવાની ભીતી હોવાથી તેને નિયંત્રિત કરવા સરકારે તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ શા પગલાં લીધા છે, અને

(૨) તેનો અમલ ક્યારથી કરવામાં આવશે ?

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં વન વિસ્તાર હેઠળના વિસ્તારમાં ઘાસ તથા ચરિયાણના ઉપયોગમાં આવતા ઘાસિયા મેદાનોમાં ગાંડા બાવળનું અતિક્રમણ રોકવા ઘાસ વાવેતરના પ્લોટમાંથી ગાંડા બાવળને મૂળથી દૂર કરવા તેમજ ખુલ્લા વિસ્તારોમાં ઘાસનું ઉત્પાદન કરવાની કામગીરી હાથ પર લેવામાં આવેલ છે.

(૨) વર્ષ ૨૦૦૫-૦૬ થી અમલ ચાલુ છે.

**મહેસાણા જિલ્લામાં સરદાર આવાસને મંજૂરી**

૧૯૬૧૪ **: શ્રી ભરતસિંહજી શં.ડાભી (ખેરાલુ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન કેટલા સરદાર આવાસો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા બનાવવામાં આવ્યા,

(૩) કેટલા બનાવવાના બાકી છે, અને

(૪) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૧૦૦.

(૨) ૨૮.

(૩) ૭૨.

(૪) સત્વરે.

**ગીર ફોરેસ્ટમાં ફાળવાયેલ ગ્રાન્ટ**

૧૯૧૬૭ **: શ્રી ભગવાનભાઈ ધા.બારડ (તાલાલા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગીર ફોરેસ્ટ માટે કેટલી ગ્રાન્ટ સરકારે ક્યા ક્યા કામો માટે ફાળવી, અને

(૨) તે અન્વયે વર્ષવાર ક્યા કામો માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગીર ફોરેસ્ટ માટે નીચે મુજબ ગ્રાન્ટ ફાળવવામાં આવી.

| **વર્ષ** | **ફાળવેલ ગ્રાન્ટ (રૂપિયા લાખમાં)** |
|---|---|
| ૨૦૦૮-૦૯ | ૨૩૧૧.૦૩ |
| ૨૦૦૯-૧૦ | ૨૪૫૫.૮૨ |
| ૨૦૧૦-૧૧ | ૨૫૩૭.૫૪ |

ઉપર મુજબની ફાળવણી નીચેના કામો માટે કરવામાં આવી.

૧. વન્યજીવન સંરક્ષણ અને વ્યવસ્થા.
૨. રહેઠાણ સુધારણા અને સંવર્ધન.
૩. સિંહોના લાંબાગાળાના સંવર્ધન અને વિકાસ.
૪. ભૂમિભેજ સંરક્ષણ અને જળસ્રાવ વિકાસ.
૫. ઇકો ટુરિઝમ.
૬. ઇકો ડેવલપમેન્ટ.
૭. પર્યાવરણલક્ષી પ્રચાર, પ્રસાર તથા જ્ઞાન.
૮. પગાર ભથ્થાં.

(૨) વર્ષવાર નીચે પ્રમાણે ખર્ચ કરવામાં આવ્યો.

| **વર્ષ** | **ખર્ચ રૂપિયા (લાખમાં)** |
|---|---|
| ૨૦૦૮-૦૯ | ૨૩૦૦.૨૦ |

| | |
|---|---|
| ૨૦૦૯-૧૦ | ૨૪૬૭.૬૩ |
| ૨૦૧૦-૧૧ | ૧૬૪૦.૦૫ |

ઉપર મુજબનો ખર્ચ નીચેના કામો માટે કરવામાં આવ્યો.

૧. વન્યજીવન સંરક્ષણ અને વ્યવસ્થા.
૨. રહેઠાણ સુધારણા અને સંવર્ધન.
૩. સિંહોના લાંબાગાળાના સંવર્ધન અને વિકાસ.
૪. ભૂમિભેજ સંરક્ષણ અને જળસ્રાવ વિકાસ.
૫. ઇકો ટુરિઝમ.
૬. ઇકો ડેવલપમેન્ટ.
૭. પર્યાવરણલક્ષી પ્રચાર, પ્રસાર તથા જ્ઞાન.
૮. પગાર ભથ્થાં.

--------

## અમરેલી જિલ્લામાં સ્મશાન સગડી આપવા બાબત

૨૦૨૬૪ : **શ્રી હીરાભાઈ સોલંકી (રાજુલા)** : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન સ્મશાન સગડી માટે તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

(૨) તાલુકાવાર કેટલી અને ક્યા-ક્યા ગામોની માંગણીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) બાકી રહેલ ગામોએ સ્મશાન સગડીઓ આપવાનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) અમરેલી જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન તાલુકાવાર નીચે મુજબ કુલ ૧૦૦ અરજીઓ આવી.

| તાલુકાનું નામ | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|
| બાબરા | ૨૦ |
| કુકાવાવ | ૨૩ |
| સાવરકુંડલા | ૧૨ |
| લાઠી | ૩ |
| ખાંભા | ૩ |
| જાફરાબાદ | ૩ |
| રાજુલા | ૮ |
| અમરેલી | ૧૫ |
| ધારી | ૯ |
| બગસરા | ૩ |
| લીલીયા | ૧ |
| કુલ : | ૧૦૦ |

(૨) સ્મશાન સગડીની અગાઉના વર્ષની માંગણીઓ અનુસાર અગ્રતાક્રમના ધોરણે મંજૂર કરતાં નીચેની વિગતે તાલુકાવાર અને ગામવાર મંજૂર કરવામાં આવી છે.

| તાલુકો | ગામનું નામ | કુલ |
|---|---|---|
| ખાંભા | નાના બારમણ, કોટડા, તાલડા | ૩ |
| કુકાવાવ | કુકાવાવ | ૧ |
| જાફરાબાદ | ધારાબંદર, લોર | ૨ |
| લાઠી | ચાવંડ | |
| અમરેલી | ગાવડકા, પીપળલગ, કેરીયાનાગસ | ૩ |
| બગસરા | હુલરીયા, જામકા | ૨ |
| ધારી | ડાંગાવદર, ગોપાલગ્રામ | ૨ |
| સાવરકુંડલા | આંબરડી, ધાડલા, ફાચરીયા, સાવરકુંડલા, નાના ઝીંજુડા, કાના તળાવ, મેરીયાણા, થોરડી | ૮ |
| લીલીયા | લોકી | ૧ |
| રાજુલા | બર્બરાણા | ૧ |
| | કુલ : | ૨૪ |

દરેક ગામને એક સ્મશાન સગડી મંજૂર કરવામાં આવી છે.

(૩) સ્મશાન સગડીની યોજના એક સફળ યોજના હોઇ, તેની માંગણીની પ્રક્રિયા સતત રહે છે અને દર વર્ષે નાણાંકીય જોગવાઇને આધિન માંગણી સંતોષવાની કાર્યવાહી સતત ચાલુ રહે છે. આગામી વર્ષોમાં નાણાંકીય ફંડ ઉપલબ્ધતા મુજબ સ્મશાન સગડી આપવાનું આયોજન છે.

--------

## મહુધા, નડિયાદ, કઠલાલ તાલુકા પંચાયતમાં સંવર્ગવાર મંજૂર થયેલ અને ભરાયેલ મહેકમ

**૧૮૪૫૭ : શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ખેડા જિલ્લાના મહુધા, નડિયાદ, કઠલાલ તાલુકા પંચાયતોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ સામે કેટલી જ્ગ્યાઓ ખાલી છે, અને

(૨) ઉક્ત ખાલી જ્ગ્યાઓ સત્વરે ભરવા માટે સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ખેડા જિલ્લાના મહુધા, નડિયાદ, કઠલાલ તાલુકા પંચાયતોમાં સંવર્ગવાર મહેકમ નીચે મુજબ છે.

| સંવર્ગનું નામ | મહુધા | | નડીયાદ | | કઠલાલ | |
|---|---|---|---|---|---|---|
| | મંજુર | ખાલી | મંજુર | ખાલી | મંજુર | ખાલી |
| તા.વિ.અ. | ૧ | - | ૧ | - | ૧ | - |
| મદદ. તા. વિ. અ. | ૨ | ૧ | ૧ | ૧ | ૨ | ૧ |
| સિ. ક્લાર્ક | ૨ | ૧ | ૪ | - | ૨ | - |
| જુ. ક્લાર્ક | ૨ | - | ૧૦ | - | ૨ | - |
| વિ. અ. (સહકાર) | - | - | ૧ | - | - | - |
| વિ. અ. (પંચાયત) | - | - | ૧ | - | - | - |
| આંકડા મદદનીશ | - | - | ૧ | - | - | - |
| નાયબ હિસાબનીશ | - | - | ૧ | - | - | - |
| કેળવણી નિરીક્ષક | - | - | ૧ | - | - | - |
| અ. મ. ઇ. | - | - | ૪ | ૧ | - | - |
| સર્કલ ઇન્સ્પેક્ટર | - | - | ૧ | ૧ | - | - |
| ડ્રાઇવર | - | - | ૧ | ૧ | - | - |
| પટાવાળા | ૧ | - | ૭ | - | ૧ | - |
| પ્યુન-કમ-ડ્રાઇવર | ૧ | ૧ | - | - | ૧ | ૧ |

(૨) ઉપરોક્ત ખાલી જ્ગ્યાઓ સત્વરે ભરવા આયોજન છે.

--------

## પાટણ જિલ્લામાં ગોચર દબાણ સેલ

**૧૮૮૪૧ : શ્રી જોધાજી ઠાકોર (વાગડોદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કેટલાં ગોચર દબાણ સેલ કાર્યરત છે, અને

(૨) તે અન્વયે છેલ્લા એક વર્ષમાં તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ આ સેલ ધ્વારા કેટલાં ગોચરના દબાણો દૂર કરી કેટલી જમીન છૂટી કરી ?

**જવાબ**

(૧) ૧ (એક).

(૨) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૧૧૫૮ દબાણો દૂર કરી

| હેક્ટર | આરે | પ્રતિઆરે |
|---|---|---|
| ૫૮૩ | ૦૩ | ૧૨ |

જમીન છૂટી કરેલ છે.

--------

## બનાસકાંઠા જિલ્લામાં ટોટલ સેનિટેશન કાર્યક્રમ હેઠળ શોચાલયો મંજૂર થયેલ શાળાઓ

**૧૭૭૬૯ : શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ (પાલનપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં તા.૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં બનાસકાંઠા જિલ્લામાં ટોટલ સેનિટેશન કાર્યક્રમ હેઠળ કેટલી શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે શોચાલયો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ કેટલા શોચાલયોનું કામ પૂર્ણ થયેલ છે,

(૩) કેટલા બાકી છે, અને

(૪) બાકી છે તે ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં તા.૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં બનાસકાંઠા જિલ્લામાં ટોટલ સેનિટેશન કાર્યક્રમ હેઠળ ૨૦૦ શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે શોચાલયો મંજૂર કરવામાં આવેલ છે.

(૨) તે પૈકી તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ ૬૯ શાળા શોચાલયોનું કામ પૂર્ણ થયેલ છે.

(૩) ૧૩૧ શાળા શોચાલયોનું કામ બાકી છે.

(૪) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, બનાસકાંઠા દ્વારા આપેલ ખાતરી મુજબ બાકી રહેલ શોચાલયોની કામગીરી તા.૩૧-૦૩-૨૦૧૧ પહેલાં પૂર્ણ કરવામાં આવશે.

--------

**નવસારી જિલ્લામાં વન મહોત્સવ દરમ્યાન રોપાઓનું વાવેતર**

૨૦૦૫૭ **: શ્રી આર.સી. પટેલ (જલાલપોર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૦-૧૧માં યોજાયેલ વન મહોત્સવ દરમ્યાન તા.૩૧-૧-૧૧ સુધીમાં નવસારી જિલ્લામાં કેટલાં રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે પાછળ કેટલો ખર્ચ કરેલ છે?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૦-૧૧માં યોજાયેલ વન મહોત્સવ દરમ્યાન તા.૩૧-૦૧-૧૧ સુધીમાં નવસારી જિલ્લામાં લોકો, સરકારી ખાતાઓ, સરકારી અને બિન સરકારી સંસ્થાઓ વગેરેને વાવેતર કરવા માટે **૮.૩૦ લાખ** રોપાઓનું વિતરણ કરવામાં આવેલ છે અને વન મહોત્સવની ઉજવણી કાર્યક્રમના ભાગરૂપે **૨૨૪૫** રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું.

(૨) ઉક્ત સ્થિતિએ તે પાછળ **રૂ.૨૭.૫૩**/- લાખનો ખર્ચ કરેલ છે.

--------

**વડોદરા શહેરમાં અન્નમ બ્રહમ યોજના શરૂ કરવા બાબત**

૧૯૫૯૦ **: શ્રી ભૂપેન્દ્રભાઈ લાખાવાળા (વડોદરા શહેર ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સરકાર ધ્વારા વર્ષ ૨૦૧૦-૧૧માં ""અન્નમ બ્રહમ યોજના"" ક્યારથી શરૂ કરવામાં આવી,

(૨) આ યોજના અંતર્ગત વડોદરા શહેરમાં તા.૨૭-૧-૨૦૧૧ સ્થિતિએ કેટલો જથ્થો રીઝર્વ રાખવામાં આવેલ છે,

(૩) આ અનાજની કેટલા લાભાર્થીઓએ માંગણી કરી છે,

(૪) કેટલા લાભાર્થીઓને તેનું વિતરણ કરવામાં આવેલ છે, અને

(૫) બાકી માગણીદારોને ક્યાં સુધીમાં અનાજનો જથ્થો આપવામાં આવશે ?

**જવાબ**

(૧) એપ્રિલ-૨૦૧૦ થી.

(૨) આ યોજના હેઠળ રિઝર્વ જથ્થો રાખવામાં આવતો નથી પરંતુ એપીએલ યોજનામાંથી બચત રહેતા જથ્થામાંથી અનાજ વિતરણ કરવામાં આવે છે.

(૩) ૩૩૫ લાભાર્થીઓ શોધી કાઢવામાં આવેલ છે.

(૪) ૩૩૫ લાભાર્થીઓને.

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**સુરત જિલ્લામાં બોગસ રેશનકાર્ડ પકડવા બાબત**

૧૮૮૦૫ **: શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ (મહુવા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર બોગસ રેશનકાર્ડ કેટલાં પકડવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) સુરત જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વ્યાજબી ભાવની દુકાનોની વિગતવાર ચકાસણી દરમ્યાન જે રેશનકાર્ડ ધારકોએ પોતાના રેશનકાર્ડ ચકાસણી માટે રજુ કરેલ નહિ તેવા કુલ ૧૭૪૫૦૫ રેશનકાર્ડ રદ કરવામાં આવેલ. તાલુકાવાર વિગત સામેલ (**પરિશિષ્ટ-૧** મુજબ) છે.

**પરિશિષ્ટ-૧**

| અ.નં. | તાલુકાનું નામ | રદ કરવામાં આવેલ રેશનકાર્ડની સંખ્યા |
|---|---|---|
| ૧ | ચોર્યાસી | ૧૩૭૩ |
| ૨ | પલસાણા | ૪૯૯ |
| ૩ | ઓલપાડ | ૭૪૭ |
| ૪ | કામરેજ | ૩૬૧ |
| ૫ | માંડવી | ૧૦૮ |
| ૬ | માંગરોળ | ૧૩૫૪ |
| ૭ | ઉમરપાડા | ૧૮૩૩ |
| ૮ | બારડોલી | ૬૧૫ |
| ૯ | મહુવા | ૧૧૫૩ |
| ૧૦ | સુરત શહેર | ૧૬૬૪૬૨ |
| | **કુલ :** | **૧૭૪૫૦૫** |

(૨) આવા બોગસ રેશનકાર્ડ ઇસ્યુ કરનાર અધિકારી સામે સરકાર શાં પગલાં ભરવા માંગે છે ?

(૨) બોગસ રેશનકાર્ડ નાબુદી ઝુંબેશ વખતે નાબુદ કરેલ કાર્ડની સામે અધિકારીઓ/કર્મચારીઓ ઉપર પગલાં ભરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પરંતુ બોગસ રેશનકાર્ડ ઈસ્યુ કરનારને ગુણવત્તા આધારે શિક્ષાને પાત્ર થઇ શકે છે.

**જૂનાગઢ જિલ્લામાં જિલ્લા પુરવઠા અધિકારીની ખાલી જ્ગ્યા**

૧૮૮૬૦ : **શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) : માનનીય નાગરીક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં જિલ્લા પુરવઠા અધિકારીની જ્ગ્યા તા.૬-૭-૨૦૦૯ થી ખાલી છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ ખાલી જ્ગ્યા કેટલા સમયમાં ભરવામાં આવશે ? | (૨) શક્ય તેટલી ઝડપથી. |

**હજીરાના સર્વે નં. ૪૩૪-અ-૧-૧ પેકીની જંગલ ખાતાની જમીન ઉપર એસ્સાર કંપની દ્વારા દબાણ**

૧૯૮૯૭ : **શ્રી પ્રભુભાઈ વસાવા (સોનગઢ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ એસ્સાર કંપની દ્વારા સને ૨૦૦૬ માં સુરત જિલ્લાના મોજે હજીરા (સુવાલી) ના સર્વે નં. ૪૩૪-અ-૧-૧ પેકીની જંગલ ખાતાની જમીનમાં દબાણ કરેલ છે તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ દબાણ કરેલ જમીન પરત લેવા સરકારે ઉક્ત સ્થિતિએ ક્યા પ્રકારની કાર્યવાહી કરી, અને | (૨) મોજે હજીરા (સુવાલી) ના સર્વે નં. ૪૩૪-અ-૧-૧ પેકીમાં કુલ ૨૦.૭૬ હેક્ટર વિસ્તારમાં એસ્સાર કંપની દ્વારા જે દબાણ કરવામાં આવેલ છે તે અંગે ભારતીય વન અધિનિયમની જોગવાઈ મુજબ ગુન્હાઓ નોંધવામાં આવેલ. વળતર પેટે કંપની પાસેથી રૂ.૨૦,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા વીસ લાખ પુરા) વસૂલ લેવામાં આવેલ છે.<br>એસ્સાર કંપની દ્વારા આ જમીન તે કંપનીના કર્મચારીઓના રહેઠાણ તથા સંલગ માળખાકીય સુવિધાઓના ઉપયોગ માટે વિનિયમિત કરવા અરજી કરેલ છે, જે તા.૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ વિચારણા હેઠળ હતી. રાજ્ય સરકારશ્રી દ્વારા શરતોને આધિન વિનિયમિત કરવા કેન્દ્ર સરકારને તા.૨૪-૨-૨૦૧૧ ના રોજ દરખાસ્ત કરવામાં આવી છે. |
| (૩) કેટલી જમીન પરત ક્યારે લેવામાં આવી ? | (૩) ૨૦.૭૬ હેક્ટર પેશકદમી કરેલ જમીનનો કબ્જો તા.૧૬-૪-૨૦૦૯ ના રોજ વન વિભાગે જે તે સ્થળ સ્થિતિમાં મેળવી લીધેલ છે. |

**રાજકોટ જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં પ્રમુખ અને સભ્યોની ખાલી જ્ગ્યા**

૨૦૦૦૯ : **શ્રીમતી જસુબેન સ. કોરાટ (જેતપુર) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ પ્રમુખ અને સભ્યોની કેટલી જ્ગ્યાઓ ભરાયેલી છે, | (૧) રાજકોટ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ (મુખ્ય) માં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ એક પ્રમુખ અને બે સભ્યોની એમ ત્રણ જ્ગ્યાઓ ભરાયેલી છે.<br>રાજકોટ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ |

(એડીશનલમાં) માં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ એક પ્રમુખ અને બે સભ્યોની એમ ત્રણ જગ્યાઓ ભરાયેલી છે.

(૨) કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) તમામ જગ્યાઓ ભરાયેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) તે ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**નરેગા યોજનામાં અપાયેલ એવોર્ડ**

૧૯૫૯૬ : **શ્રી ભરત બારોટ (દરિયાપુર-કાઝીપુર ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહાત્મા ગાંધી નરેગા યોજનામાં વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ રાજ્ય સરકારે કરેલ કામગીરી અનુસંધાને કેન્દ્ર સરકાર દ્વારા કોઈ એવોર્ડ આપવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ક્યો એવોર્ડ મળેલ છે ?

**જવાબ**

(૧) હા, મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૧૦ માં રાજકોટ જિલ્લાએ કરેલ કામગીરી અનુસંધાને કેન્દ્ર સરકાર દ્વારા એવોર્ડ આપવામાં આવેલ છે.

(૨) એક્સેલન્સ ઈન એડમીનીસ્ટેશન ઓફ મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજનાને એવોર્ડ મળેલ છે.

**તાપી જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં આદિવાસીઓને થયેલ આવક**

૧૭૯૮૯ : **શ્રી પુનાભાઈ ધે. ગામીત (વ્યારા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તાપી જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ આદિજાતિ વિસ્તાર પેટા યોજનામાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ આદિવાસીઓના વિકાસ માટેના ૧૦ મુદ્દાના કાર્યક્રમ હેઠળ કેટલા આદિવાસીઓને છેલ્લા ત્રણ વર્ષમાં ૧૦૦ ટકા આવક પ્રાપ્ત કરેલ છે ?

**જવાબ**

૫૪૨૪૦.

**ખેડા જિલ્લામાં ગ્રામ પંચાયતોને પોતાના પંચાયતઘર ન હોવા બાબત**

૧૭૯૯૧ : **શ્રી માનસિંહ ચૌહાણ (બાલાસિનોર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોને પોતાના પંચાયત ઘર નથી,

(૨) કેટલી ગ્રામ પંચાયતો જુના મકાનમાં બેસી કાર્ય કરે છે,

(૩) નવા પંચાયત ઘરો બનાવવા સરકારે ક્યા પ્રકારનું આયોજન કરેલ છે, અને

(૪) કેટલાં સમયમાં તે પૂર્ણ થશે ?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ગ્રામ પંચાયતોને પોતાના પંચાયત ઘર નથી તેની સંખ્યા |
|---|---|---|
| ૧ | ખેડા | ૩ |
| ૨ | કઠલાલ | ૧ |
| | કુલ : | ૪ |

(૨)

| **ક્રમ** | **તાલુકો** | **જૂના મકાનમાં બેસી કાર્ય કરે છે તેવી ગ્રામ પંચાયતોની સંખ્યા** |
|---|---|---|
| ૧ | નડીયાદ | ૮ |
| ૨ | મહુધા | ૦ |
| ૩ | મહેમદાવાદ | ૭ |
| ૪ | ખેડા | ૨ |
| ૫ | માતર | ૨૦ |
| **ક્રમ** | **તાલુકો** | **જૂના મકાનમાં બેસી કાર્ય કરે છે તેવી ગ્રામ પંચાયતોની સંખ્યા** |
| ૬ | કપડવંજ | ૧૯ |
| ૭ | કઠલાલ | ૭ |
| ૮ | વિરપુર | ૫ |
| ૯ | બાલાસિનોર | ૧૮ |
| ૧૦ | ઠાસરા | ૭૯ |
| | કુલ : | ૧૬૫ |

(૩) વર્ષ ૨૦૧૦-૧૧ના લક્ષ્યાંક મુજબ ૧૧ પંચાયત ઘરો બનાવવાનું આયોજન છે.

(૪) સત્વરે.

**ડાંગ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના**

૧૯૬૩૯ : **શ્રી વિજયભાઈ ૨.પટેલ (ડાંગ-વાંસદા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડાંગ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ-૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા.૩૧-૦૧-૧૧ સુધીમાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) ડાંગ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ-૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન વાવેતર કરવામાં આવેલ નથી. |
| (૨) આ અંગે કેટલો ખર્ચ થયેલ છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**વડોદરા જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજનામાં કામો ચાલુ કરવા બાબત**

૧૯૬૦૧ : **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ (વડોદરા (ગ્રામ્ય) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ માં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના અંતર્ગત કેટલા કામો ચાલુ કરવામાં આવ્યા, | (૧) ૫૩૩૪ કામો. |
| (૨) તે પેકી કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા, અને | (૨) ૧૬૨૨. |
| (૩) બાકી કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના રોજગારીની માંગણી આધારીત યોજના હોઈ કામની માંગણી થયેથી કામગીરી પૂર્ણ કરવામાં આવશે. |

**રાધનપુર તાલુકામાં ટેરસ તલાવડી બનાવવા બાબત**

૧૯૬૧૯ : **શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લાના રાધનપુર તાલુકામાં વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન તા.૩૧-૧-૧૧ સુધીમાં કેટલી ટેરેસ તલાવડી બનાવવામાં આવી, અને | (૧) કુલ ૭,૦૦૦ ટેરેસ તલાવડી બનાવવામાં આવેલ છે. |
| (૨) આ તલાવડી માટે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂ. ૨,૪૭,૪૫૦/- નો ખર્ચ કરવામાં આવેલ છે. |

**પામોલીન તેલ ગરીબ કટુંબોને આપવા બાબત**

૧૯૫૮૭ : **શ્રીમતી ગીતાબેન યો. પટેલ (સાબરમતી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આર.બી.ડી. પામોલીન તેલ ગરીબ કટુંબોને તહેવારોમાં મળી શકે તે માટે વર્ષ ૨૦૦૯-૧૦ માટે રાજ્ય સરકારે કેટલો જથ્થો બફર સ્ટોક રાખેલ હતા, | (૧) ૬,૦૦૦ મે. ટન. |
| (૨) તે પેકી કેટલો જથ્થો વિતરણ કરવામાં આવેલ હતો, અને | (૨) ૬,૦૦૦ મે. ટન. |
| (૩) તેમાં રાજ્ય સરકાર ધ્વારા કેટલી સબસીડી આપવામાં આવી હતી ? | (૩) રૂા. ૧૨.૫૯/- કરોડ. |

**સુરેન્દ્રનગર જિલ્લા પંચાયત/તાલુકા પંચાયતમાં વર્ગ-૧ થી ૪ નું મંજૂર મહેકમ**

૧૮૫૦૬ : **શ્રી હરીલાલ પટેલ (ધ્રાંગધ્રા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં પંચાયત કચેરી અને જિલ્લાની તાલુકા પંચાયતોમાં કુલ મંજૂર થયેલ વર્ગ ૧ થી વર્ગ ૪ ની કુલ સંખ્યા પંચાયતવાર કેટલી છે, | (૧) અને (૨) : સુરેન્દ્રનગર જિલ્લામાં મંજૂર થયેલ વર્ગ-૧ થી ૪ ની કુલ સંખ્યા. |

(૨) આવી વર્ગ ૧ થી વર્ગ ૪ ની જ્ગ્યાઓ પૈકી તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલી જ્ગ્યા ખાલી છે, અને

(૨)

| કચેરી | મંજૂર થયેલ જ્ગ્યાની સંખ્યા | ખાલી જ્ગ્યાની સંખ્યા |
|---|---|---|
| જિલ્લા પંચાયત | ૩૫૭ | ૧૦૬ |
| તાલુકા પંચાયત, વઢવાણ | ૯૮૬ | ૨૬ |
| તાલુકા પંચાયત, લીંબડી | ૭૬૪ | ૫૦ |
| તાલુકા પંચાયત, ચુડા | ૫૦૮ | ૪૪ |
| કચેરી | મંજૂર થયેલ જ્ગ્યાની સંખ્યા | ખાલી જ્ગ્યાની સંખ્યા |
| તાલુકા પંચાયત, લખતર | ૪૩૫ | ૩૩ |
| તાલુકા પંચાયત, પાટડી | ૯૮૬ | ૬૨ |
| તાલુકા પંચાયત, હળવદ | ૯૭૬ | ૬૮ |
| તાલુકા પંચાયત, ધાંગધ્રા | ૧૦૦૨ | ૪૨ |
| તાલુકા પંચાયત, મુળી | ૭૧૨ | ૨૪ |
| તાલુકા પંચાયત, ચોટીલા | ૧૩૪૮ | ૮૮ |
| તાલુકા પંચાયત, સાયલા | ૯૨૫ | ૬૫ |
| કુલ : | ૮૯૯૮ | ૬૦૮ |

(૩) આવી ખાલી જ્ગ્યાઓ ભરવા સરકાર દ્વારા શું આયોજન કરવામાં આવેલ છે ?

(૩) આ ખાલી જ્ગ્યાઓ ભરવાની કાર્યવાહી ચાલુ છે.

--------

## સાબરકાંઠા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના

**૧૯૬૨૩ : શ્રી દિલિપસિંહજી પરમાર (મોડાસા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા.૩૧-૦૧-૧૧ સુધીમાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૧) સાબરકાંઠા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના એટલે કે સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ નીચેની વિગતે વર્ષવાર વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૧૧૯૪ | ૧૦.૫૧ |
| ૨૦૧૦-૧૧ | ૬૩૭ | ૭.૭૮ |
| કુલ : | ૧૮૩૧ | ૧૮.૨૯ |

(૨) તે પૈકી મોડાસા તાલુકામાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે ?

(૨) તે પૈકી મોડાસા તાલુકામાં નીચેની વિગતે વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૮૪ | ૦.૮૨ |
| ૨૦૧૦-૧૧ | ૫૦ | ૦.૬૫ |
| કુલ : | ૧૩૪ | ૧.૪૭ |

--------

## સુરત જિલ્લામાં ગુજરાત પેટર્ન નીચે ચેકડેમ મંજૂર કરવા બાબત

**૧૯૯૯૫ : શ્રીમતી ભારતીબેન રાઠોડ (કામરેજ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ સુરત જિલ્લામાં ગુજરાત પેટર્ન હેઠળ સને ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ના વર્ષમાં કેટલા ચેકડેમ મંજૂર કરવામાં આવ્યા,

(૧) ૨૦૦૯-૧૦માં ૪ અને ૨૦૧૦-૧૧માં ૧૦ ચેકડેમ મંજૂર કરવામાં આવ્યા.

(૨) તે પૈકી કેટલા ચેકડેમના કામો પૂર્ણ થયા છે,

(૨) ૨૦૦૯-૧૦માં ૪ અને ૨૦૧૦-૧૧માં ૧ ચેકડેમનું કામ પૂર્ણ થયેલ છે.

(૩) કેટલા ચેકડેમના કામો પૂર્ણ કરવાના બાકી છે, અને

(૩) ૯.

(૪) આ ચેકડેમના કામો બાકી રહેવાના કારણો શું છે ?

(૪) ટેન્ડર પ્રક્રિયા કરવાની સૂચના આપવામાં આવેલ છે.

**અમદાવાદ શહેરમાં ખાદ્ય પદાર્થોના ગેરકાયદેસર સંગ્રહ માટે દરોડા પાડવા બાબત**

૧૯૫૬૫ : **શ્રી ગ્યાસુદીન શેખ (શાહપુર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેરમાં ખાદ્ય પદાર્થોના ગેરકાયદેસર સંગ્રહ અન્વયે કેટલા દરોડાઓ તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાડવામાં આવ્યા,

(૨) તે અન્વયે કેટલી રકમનો કેટલો માલ જપ્ત કરવામાં આવ્યો, અને

(૩) પુરવઠા અધિકારીઓ દ્વારા નિયમિત દરોડાની કાર્યવાહી ન થવાથી વ્યાપક સંગ્રહખોરી થવાના કારણો જે તે વિસ્તારના જવાબદાર અધિકારીઓ સામે પગલાં લેવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૭ દરોડાઓ પાડવામાં આવ્યા.

(૨) અનાજ, ખાંડ અને કઠોળનો રૂ.૧૪,૮૧,૭૪૪ ની રકમનો, ૫૩૩૬૦ કિલો જથ્થો જપ્ત કરવામાં આવ્યો અને રૂ.૯૦૭૫૦/-ની કિંમતનો ૩૦૦૦ કિલો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો.

(૩) આ સમયગાળા દરમ્યાન અમદાવાદ શહેરમાં ખાદ્ય પદાર્થોની સંગ્રહખોરી થાય નહીં, તે હેતુસર ઉપરોક્ત દરોડાઓ ઉપરાંત ૧૬૬ તપાસો કરવામાં આવેલ છે. આમ કાર્યવાહી થયેલ છે, તેથી અધિકારીઓ સામે પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**મહેસાણા જિલ્લામાં ટોટલ સેનિટેશન કાર્યક્રમ હેઠળ શોચાલયો મંજૂર થયેલ શાળાઓ**

૧૮૦૩૬ : **શ્રીમતી જશોદાબેન પરમાર (જોટાણા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં તા.૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં મહેસાણા જિલ્લામાં ટોટલ સેનિટેશન કાર્યક્રમ હેઠળ કેટલી શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે શોચાલયો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કેટલા શોચાલયોનું કામ પૂર્ણ થયેલ છે,

(૩) કેટલા બાકી છે, અને

(૪) બાકી છે તે ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં તા.૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં મહેસાણા જિલ્લામાં ટોટલ સેનિટેશન કાર્યક્રમ હેઠળ શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે કોઇપણ શોચાલયો મંજૂર કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજકોટ જિલ્લામાં ઈન્દીરા આવાસ બનાવવા બાબત**

૧૯૭૧૭ : **શ્રી મહંમદ જાવેદ પીરઝાદા (વાંકાનેર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈન્દીરા આવાસ બાંધવાનું કેટલું આયોજન તાલુકાવાર કરવામાં આવ્યું,

**જવાબ**

(૧) ઈન્દીરા આવાસ બાંધવાનું આયોજન તાલુકાવાર નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | તા.૧-૧-૦૯ થી તા.૩૧-૧૨-૦૯ | તા.૧-૧-૧૦ થી ૩૧-૧૨-૧૦ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ધોરાજી | ૨૬૫ | ૧૨૩ | ૩૮૮ |
| ૨ | ગોંડલ | ૧૦૬૩ | ૨૨૭ | ૧૨૯૦ |
| ૩ | જામકંડોરણા | ૨૬૨ | ૬૨ | ૩૨૪ |
| ૪ | જસણદ | ૨૧૧૮ | ૧૪૬ | ૨૨૬૪ |
| ૫ | જેતપુર | ૩૪૮ | ૧૨૨ | ૪૭૦ |
| ૬ | કોટડા સાંગાણી | ૫૬૦ | ૨૪૨ | ૮૦૨ |
| ૭ | લોધિકા | ૩૩૨ | ૩૭ | ૩૬૯ |
| ૮ | માળીયામીયાણા | ૨૫૮ | ૧૩૨ | ૩૯૦ |
| ૯ | મોરબી | ૬૯૦ | ૯૫ | ૭૮૫ |
| ૧૦ | પડધરી | ૨૮૨ | ૮૩ | ૩૬૫ |
| ૧૧ | રાજકોટ | ૨૦૬૭ | ૭૬૫ | ૧૦૩૨ |
| ૧૨ | ટંકારા | ૨૮૮ | ૧૦૪ | ૩૯૨ |
| ૧૩ | ઉપલેટા | ૬૮૭ | ૭૪ | ૭૬૧ |
| ૧૪ | વાંકાનેર | ૨૩૨૬ | ૪૫૬ | ૨૭૮૨ |
| | કુલ.. | **૧૧૫૪૬** | **૨૬૬૮** | **૧૪૨૧૪** |

(૨) તે પૈકી કેટલા આવાસો તૈયાર થયા અને

(૨) તાલુકાવાર ૧૨૧૦૫ આવાસો તૈયાર થયા

કેટલા બાકી છે,

અને ૩૦૯૮ આવાસો બાકી છે. જેની વિગત નીચે પ્રમાણે છે.

| ક્રમ | તાલુકો | પૂર્ણ થયેલ આવાસો | | કુલ આવાસો | |
|---|---|---|---|---|---|
| | | ૧-૧-૦૯ થી ૩૧-૧૨-૦૯ | ૧-૧-૧૦ થી ૩૧-૧૨-૧૦ | પૂર્ણ | બાકી |
| ૧ | ધોરાજી | ૯૪ | ૨૦૭ | ૩૦૧ | ૧૧૧ |
| ૨ | ગોંડલ | ૭૨૪ | ૩૬૧ | ૧૦૮૫ | ૩૧૧ |
| ૩ | જામકંડોરણા | ૭૬ | ૨૦૬ | ૨૮૨ | ૫૨ |
| ૪ | જસણદ | ૭૯૯ | ૧૧૭૧ | ૧૯૭૦ | ૪૫૮ |
| ૫ | જેતપુર | ૧૨૮ | ૨૫૭ | ૩૮૫ | ૧૧૬ |
| ૬ | કોટડા સાંગાણી | ૧૩૯ | ૪૭૧ | ૬૧૦ | ૨૫૩ |
| ૭ | લોધિકા | ૨૨૮ | ૧૨૪ | ૩૫૨ | ૩૨ |
| ૮ | માળીયામીયાણા | ૧૦૨ | ૧૮૯ | ૨૯૧ | ૧૧૬ |
| ૯ | મોરબી | ૨૪૬ | ૫૨૩ | ૭૬૯ | ૫૨ |
| ૧૦ | પડધરી | ૨૩૦ | ૧૦૯ | ૩૩૯ | ૭૦ |
| ૧૧ | રાજકોટ | ૫૨૪ | ૧૪૧૬ | ૧૯૪૦ | ૧૦૨૭ |
| ૧૨ | ં ટંકારા | ૧૫૭ | ૧૫૫ | ૩૧૨ | ૯૪ |
| ૧૩ | ઉપલેટા | ૫૦૮ | ૨૩૮ | ૭૪૬ | ૫૮ |
| ૧૪ | વાંકાનેર | ૧૨૦૦ | ૧૫૨૩ | ૨૭૨૩ | ૩૪૮ |
| | **કુલ..** | **૫૧૫૫** | **૬૯૫૦** | **૧૨૧૦૫** | **૩૦૯૮** |

(૩) આ યોજના હેઠળ કેન્દ્ર સરકારે કેટલી ગ્રાન્ટ ફાળવી, અને

(૩) કેન્દ્ર સરકાર દ્વારા ઈન્દીરા આવાસ યોજના હેઠળ નીચે મુજબ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ.

| ક્રમ | વર્ષ | કેન્દ્ર સરકારની ગ્રાન્ટ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૦૮-૦૯ | ૧૪૭૪.૫૨ |
| ૨ | ૨૦૦૯-૧૦ | ૨૩૬૦.૧૮ |
| ૩ | ૨૦૧૦-૧૧ | ૧૩૭૪.૭૪ |
| | **કુલ..** | **૫૨૦૯.૪૪** |

(૪) આ ગરીબોના આવાસમાં સુધારા કરવાની માંગણીઓ ક્યા ક્યા તબક્કે છે ?

(૪) તમામ કામ પૂર્ણ થઈ ગયેલ છે.

--------

**વડોદરા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના**

૧૯૬૨૫ : **શ્રી ગુલસીંગભાઈ રં.રાઠવા (છોટાઉદેપુર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ દરમ્યાન તા.૩૧-૧-૨૦૧૧ સુધીમાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૧) વડોદરા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના એટલે કે સામૂહિક વન નિર્માણની યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા.૩૧-૧-૨૦૧૧ સુધીમાં નીચેની વિગતે વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૧૦૨૦ | ૯.૪૭ |
| ૨૦૧૦-૧૧ | ૪૭૧ | ૫.૩૦ |
| **કુલ ..** | **૧૪૯૧** | **૧૪.૭૭** |

(૨) તે પેકી છોટાઉદેપુર તાલુકામાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે ?

(૨) તે પેકી છોટા ઉદેપુર તાલુકામાં નીચેની વિગતે વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૭૪ | ૦.૬૩ |
| ૨૦૧૦-૧૧ | ૧૫ | ૦.૨૦ |
| **કુલ ..** | **૮૯** | **૦.૮૩** |

--------

**દાહોદ જિલ્લામાં રાષ્ટ્રીય રોજગાર ગેરંટી યોજનામાં ગ્રાન્ટની ફાળવણી બાબત**

૧૭૯૯૩ : **શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી રકમની ફાળવણી

(૧) દાહોદ જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં

વર્ષવાર કરવામાં આવી,

તાલુકાવાર કુલ રૂ.૧૫૮૮૪.૦૬ લાખ રકમની ફાળવણી વર્ષવાર નીચેની વિગતે કરવામાં આવી.

| અ.નં. | તાલુકાનું નામ | ફાળવેલ રકમ (રૂ.લાખમાં) | | |
|---|---|---|---|---|
| | | વર્ષ ૨૦૦૯ | વર્ષ ૨૦10 | કુલ |
| ૧ | દાહોદ | ૧૦૪૩.૫૮ | ૧૦૪૩.૫૮ | ૨૦૮૭.૧૬ |
| ૨ | ગરબાડા | ૨૧૩.૮૮ | ૮૨૩.૦૪ | ૧૦૩૬.૯૨ |
| ૩ | ઝાલોદ | ૧૩૫૬.૮૭ | ૭૬૯.૧૭ | ૨૧૨૬.૦૪ |
| ૪ | ફતેપુરા | ૨૦૯૮.૪૨ | ૧૦૨૬.૪૨ | ૩૧૨૪.૮૪ |
| ૫ | લીમખેડા | ૧૮૦૫.૧૭ | ૧૮૭૪.૬૯ | ૩૬૭૯.૮૬ |
| ૬ | ધાનપુર | ૯૧૨.૪૧ | ૯૨૫.૦૬ | ૧૮૩૭.૪૭ |
| ૭ | દેવગઢ બારીયા | ૯૪૩.૯૧ | ૧૦૦૭.૮૬ | ૧૯૫૧.૭૭ |
| | કુલ.. | **૮૩૭૪.૨૪** | **૭૪૬૯.૮૨** | **૧૫૮૪૪.૦૬** |

(૨) તે અન્વયે તાલુકાવાર કેટલા લોકોને રોજગારી આપવામાં આવી, અને

(૨) તે અન્વયે તાલુકાવાર કુટુંબોને નીચેની વિગતે રોજગારી આપવામાં આવી.

| અ.નં. | તાલુકાનું નામ | રોજગારી આપેલ કુટુંબોની સંખ્યા | |
|---|---|---|---|
| | | વર્ષ ૨૦૦૯ | વર્ષ ૨૦10 |
| ૧ | દાહોદ | ૧૬૦૩૮ | ૧૬૪૦૨ |
| ૨ | ગરબાડા | ૭૨૦૨ | ૧૧૯૬૭ |
| ૩ | ઝાલોદ | ૧૭૫૭૦ | ૧૭૮૦૪ |
| ૪ | ફતેપુરા | ૧૫૧૬૦ | ૧૦૦૩૧ |
| ૫ | લીમખેડા | ૧૪૮૯૦ | ૧૯૪૨૪ |
| ૬ | ધાનપુર | ૧૨૬૭૦ | ૧૨૧૩૦ |
| ૭ | દેવગઢબારીયા | ૧૧૪૧૫ | ૧૩૭૬૯ |

(૩) તે અન્વયે તાલુકાવાર કેટલો ખર્ચ થયો ?

(૩) તે અન્વયે તાલુકાવાર થયેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | ખર્ચની વિગત (રૂ.લાખમાં) | | |
|---|---|---|---|---|
| | | વર્ષ ૨૦૦૯ | વર્ષ ૨૦10 | કુલ |
| ૧ | દાહોદ | ૧૦૯૫.૨૨ | ૬૬૨.૯૩ | ૧૭૫૮.૧૫ |
| ૨ | ગરબાડા | ૩૭૯.૯ | ૭૯૨.૩૬ | ૧૧૭૨.૨૬ |
| ૩ | ઝાલોદ | ૧૩૪૨.૬ | ૪૨૪.૯૨ | ૧૭૬૭.૫૨ |
| ૪ | ફતેપુરા | ૧૭૮૮.૦૧ | ૩૫૭.૦૪ | ૨૧૪૫.૦૫ |
| ૫ | લીમખેડા | ૨૦૩૯.૬૭ | ૧૭૮૬.૦૨ | ૩૮૨૫.૬૯ |
| ૬ | ધાનપુર | ૭૭૯.૦૨ | ૯૭૬.૧૭ | ૧૭૫૫.૧૯ |
| ૭ | દેવગઢ બારીયા | ૭૭૮.૬૨ | ૯૮૪.૧૫ | ૧૭૬૨.૭૭ |
| | કુલ.. | **૮૨૦૩.૦૪** | **૫૯૮૩.૫૯** | **૧૪૧૮૬.૬૩** |

**જૂનાગઢ જિલ્લામાં ટોટલ સેનિટેશન કાર્યક્રમ અન્વયે શાળાઓમાં શોચાલયો બનાવવા બાબત**

૧૭૭૬૮ **: શ્રી કાળુભાઈ ચ.રાઠોડ (ઉના) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧ માં તા.૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં ટોટલ સેનિટેશન કાર્યક્રમ હેઠળ કેટલી શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે શોચાલયો મંજૂર કરવામાં આવ્યા,

(૧) ૪ (ચાર) શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે શોચાલયો મંજૂર કરવામાં આવેલ છે.

(૨) તે પૈકી તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કેટલા શોચાલયોનું કામ પૂર્ણ થયેલ છે,

(૨) મંજૂર થયેલ તમામ શાળા શોચાલયોનું કામ પૂર્ણ થયેલ છે.

(૩) કેટલા બાકી છે, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) બાકી છે તે ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**દાહોદ જિલ્લાની ગ્રામ પંચાયતોના વિભાજનની અરજીઓ**

૧૯૩૭૭ **: શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) દાહોદ જિલ્લાની તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કુલ કેટલી ગ્રામ પંચાયત વિભાજનની માંગણીઓ પડતર છે, અને

(૧) ૨ (બે).

(૨) આ માંગણીઓનો તાત્કાલિક નિકાલ આવે તે માટે સરકારનું શું આયોજન છે ?

(૨) ભારત સરકારના ગૃહ મંત્રાલયના તા.૨૨-૯-૨૦૦૯ ના પત્રથી વસ્તી ગણતરી ૨૦૧૧ અન્વયે રાજ્યની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ તેમજ મહેસૂલી હદમાં તા.૩૧-૩-૨૦૧૧ સુધી વહીવટી તેમજ ભોગોલિક ફેરફાર ન કરવા સૂચના આપેલ છે.

**નર્મદા જિલ્લામાં ૧૦ મુદ્દા કાર્યક્રમ નીચે ૧૦૦ ટકા આવક**

૧૯૩૩૭ : **શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| નર્મદા જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજનામાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ આદિવાસીઓના વિકાસ માટે ૧૦ મુદ્દાના કાર્યક્રમ હેઠળ કેટલા આદિવાસીઓએ તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ૧૦૦ ટકા આવક પ્રાપ્ત કરેલ છે? | ૩૮૨૫. |

--------

**વડોદરા જિલ્લામાં ગોચરના દબાણ સેલ**

૧૮૮૪૦ : **શ્રી ચંદુભાઈ મો.ડાભી (કરજણ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કેટલાં ગોચર દબાણસેલ કાર્યરત છે, અને | (૧) ૧ (એક). |
| (૨) તે અન્વયે છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ આ સેલ ધ્વારા કેટલાં ગોચરના દબાણો દૂર કરી કેટલી જમીન છૂટી કરી? | (૨) કુલ ૧૫૮ દબાણો દૂર કરી ૨૩૩૧૮ ચો.મી.ની જમીન છૂટી કરેલ છે. |

--------

**અમરેલી જિલ્લામાં તીર્થગામ જાહેર કરવા બાબત**

૨૦૦૧૪ : **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ | |
|---|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧માં કેટલા ગામોને તીર્થગામ જાહેર કરવામાં આવ્યા, | (૧) | |
| | વર્ષ | તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ વર્ષવાર જાહેર કરેલ તીર્થગામોની સંખ્યા |
| | ૨૦૦૯-૧૦ | ૧ (એક) |
| | ૨૦૧૦-૧૧ | ૦૦ |
| (૨) તે પેકી કેટલાં ગામોને અનુદાનની રકમ ચુકવવામાં આવી, અને | (૨) શૂન્ય. | |
| (૩) કેટલાં ગામોને અનુદાનની રકમ ચૂકવવાની બાકી છે? | (૩) ૧ (એક). | |

**આણંદ જિલ્લામાં અલગ ગ્રામ પંચાયત કરવા બાબત**

૧૮૭૬૮ : **શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ | | |
|---|---|---|---|
| (૧) આણંદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર અલગ ગ્રામ પંચાયત બનાવવાની કેટલી અરજી મળી, | (૧) ૪ (ચાર) | | |
| | ક્રમ | તાલુકાનું નામ | ગ્રામ પંચાયતનું નામ |
| | ૧ | ખંભાત | તામસા-હસનપુરા |
| | ૨ | ખંભાત | નવી આખોલ |
| | ૩ | ઉમરેઠ | શીલી |
| | ૪ | બોરસદ | વાસણા (બો) |
| (૨) કેટલી ગ્રામ પંચાયતો તાલુકાવાર નવી બનાવવામાં આવી, | (૨) ૦ (શૂન્ય). | | |
| (૩) કેટલી ગ્રામ પંચાયત હજી નવી બનાવવાની બાકી છે, અને | (૩) ૪ (ચાર). | | |
| (૪) બાકી રહેલ ગામોને ક્યાં સુધીમાં સરકાર ગ્રામ પંચાયત બનાવવા માંગે છે? | (૪) ભારત સરકારના ગૃહ મંત્રાલયના તા. ૨૨-૯-૦૯ના પત્રથી વસ્તી ગણતરી ૨૦૧૧ અન્વયે રાજ્યની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ તેમજ મહેસુલી હદમાં તા.૩૧-૩-૨૦૧૧ સુધી વહીવટી તેમજ ભોગોલિક | | |

ફેરફાર ન કરવા સુચના આપેલ છે, ત્યારબાદ નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

**રાજ્યમાં સિંહોની વસ્તી ગણતરી**

૧૯૦૨૫ : **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં સિંહોની વસ્તી ગણતરી છેલ્લે ક્યારે કરવામાં આવી, | (૧) સિંહોનો છેલ્લો વસ્તી અંદાજ એપ્રિલ-૨૦૧૦માં કરવામાં આવ્યો. |
| (૨) કેટલા સિંહોની સંખ્યા છેલ્લા ત્રણ વર્ષમાં વધી, અને | (૨) સિંહોનો વસ્તી અંદાજ દર પાંચ વર્ષે કરવામાં આવે છે અને સને ૨૦૦૫ના વસ્તી અંદાજ કરતાં સને ૨૦૧૦ના વસ્તી અંદાજમાં ૫૨ (બાવન) સિંહનો વધારો થયેલ છે. |
| (૩) સિંહોની સંખ્યા પ્રમાણે અભયારણ્ય વિસ્તાર પૂરતો છે કે કેમ? | (૩) ના જી. |

**સસ્તા અનાજની દુકાનેથી અનાજ અને કેરોસીન આપવા બાબત**

૨૦૦૬૧ : **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રાજ્યમાં એપીએલ તથા બીપીએલ પરિવારોને અપાતો પુરવઠો સસ્તા અનાજની દુકાનેથી અનાજ, કેરોસીન તથા અન્ય ચીજ વસ્તુઓનો માસિક કેટલો જથ્થો ક્યા દરથી આપવામાં આવે છે, અને | (૧) **પત્રક** સામેલ છે. |
| (૨) આ પૈકી કેન્દ્ર સરકાર ક્યા દરથી કેટલી સહાય આપે છે? | (૨) કેન્દ્ર સરકાર તરફથી કોઈ સીધી સહાય મળતી નથી પરંતુ કેન્દ્ર સરકાર તરફથી સેન્ટ્રલ ઈસ્યુ ભાવથી અનાજનો જથ્થો રાજ્યને ફાળવવામાં આવે છે. |

**પત્રક**

**અ.નં. ૧ અંત્યોદય કાર્ડધારક**

| વસ્તુ | મળવાપાત્ર જથ્થો વ્યક્તિ દીઠ | કાર્ડદીઠ મહત્તમ જથ્થો | ભાવ |
|---|---|---|---|
| ફોર્ટીફાઈડ આટો | - | ૧૯.૦૦ કિ.ગ્રામ | રૂ. ૩૮.૦૦ પ્રતિ બેગ |
| ચોખા | - | ૧૬.૦૦ કિ.ગ્રામ | રૂ. ૩.૦૦ પ્રતિ કિ.ગ્રામ |
| ખાંડ | ૫૦૦ ગ્રામ | - | રૂ. ૧૩.૫૦ પ્રતિ કિ.ગ્રામ |
| આયોડાઈઝ મીઠું | - | ૧.૦૦ કિ.ગ્રામ | રૂ. ૧.૦૦ પ્રતિ કિ.ગ્રામ |

**અ.નં. ૨ બી.પી.એલ. કાર્ડધારક**

| વસ્તુ | મળવાપાત્ર જથ્થો વ્યક્તિ દીઠ | કાર્ડદીઠ મહત્તમ જથ્થો | ભાવ |
|---|---|---|---|
| ફોર્ટીફાઈડ આટો | - | ૧૩.૦ કિ.ગ્રામ | રૂ.૨૬.૦૦ પ્રતિ બેગ |
| ચોખા | ૧ કિ.ગ્રામ | ૩.૫૦૦ કિ.ગ્રામ | રૂ.૦૩.૦૦ પ્રતિ કિ.ગ્રામ |
| ચોખા (સ્પેશીયલ) | - | ૪.૫૦૦ કિ.ગ્રામ | રૂ.૦૭.૦૦ પ્રતિ કિ.ગ્રામ |
| ઘઉં | - | ૧૦.૦૦ કિ.ગ્રામ | રૂ.૦૭.૫૦ પ્રતિ કિ.ગ્રામ |
| ઘઉં (સ્પે. એડહોક) | - | ૪.૦૦ કિ.ગ્રામ | રૂ. ૦૫.૪૦ પ્રતિ કિ.ગ્રામ |
| ખાંડ | ૫૦૦ ગ્રામ | | રૂ. ૧૩.૫૦ પ્રતિ કિ.ગ્રામ |
| આયોડાઈઝ મીઠું | - | ૧.૦ કિ.ગ્રામ | રૂ. ૦૧.૦૦ પ્રતિ કિ.ગ્રામ |

**અ.નં. ૩ એ.પી.એલ. કાર્ડધારક**

| વસ્તુ | મળવાપાત્ર જથ્થો વ્યક્તિ દીઠ | કાર્ડદીઠ મહત્તમ જથ્થો | ભાવ |
|---|---|---|---|
| ઘઉં | ૨.૫૦૦ કિ.ગ્રા | ૧૦.૦૦ કિ.ગ્રામ | રૂ. ૦૭.૫૦ પ્રતિ કિ.ગ્રામ |
| ચોખા | - | ૧.૦૦ કિ.ગ્રામ | રૂ. ૧૦.૦૦ પ્રતિ કિ.ગ્રામ |

ઉપરોક્ત જથ્થા ઉપરાંત રેશનકાર્ડ ધારકોને નીચે મુજબનો વધારાનો જથ્થો મળવાપાત્ર છે.

**અ.નં. ૪ બી.પી.એલ., એ.પી.એલ.**

| વસ્તુ | મળવાપાત્ર જથ્થો વ્યક્તિ દીઠ | કાર્ડદીઠ મહત્તમ જથ્થો | ભાવ |
|---|---|---|---|
| ઘઉં | - | ૧૦.૦૦ કિ.ગ્રામ | રૂ. ૧૦.૫૦ પ્રતિ કિ.ગ્રામ |
| ચોખા | - | ૨.૦૦ કિ.ગ્રામ | રૂ. ૧૪.૫૦ પ્રતિ કિ.ગ્રામ |

**અ.નં. ૫ રાંધણગેસ નહિ ધરાવતા તમામ રેશનકાર્ડ ધારક**

| વસ્તુ | મળવાપાત્ર જથ્થો વ્યક્તિ દીઠ | કાર્ડદીઠ મહત્તમ જથ્થો | ભાવ |
|---|---|---|---|
| કેરોસીન | ૨ લીટર | ૧૨ લીટર | સ્થાનિક રીતે કલે.શ્રીએ નક્કી કરેલ રાહત દરે |

--------

## પંચમહાલ જિલ્લામાં તાલુકા પંચાયતમાં સંવર્ગવાર મંજૂર મહેકમ

૧૮૯૭૩ : **શ્રી હીરાભાઈ હ.પટેલ (લુણાવાડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ તાલુકાદીઠ તાલુકા પંચાયતનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) સંવર્ગવાર કેટલી ઘટ છે, અને

(૩) આ ઘટ પૂર્ણ કરવા સરકાર ધ્વારા ક્યા ક્યા પ્રયત્નો કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧)

| | | |
|---|---|---|
| વર્ગ | ૨ | ૧૧ |
| વર્ગ | ૩ | ૭૪૧ |
| વર્ગ | ૪ | ૨૯ |

(૨)

| | | |
|---|---|---|
| વર્ગ | ૨ | ૧ |
| વર્ગ | ૩ | ૨૧૪ |
| વર્ગ | ૪ | ૬ |

(૩) બનતી ત્વરાએ.

--------

## પંચમહાલ જિલ્લામાં નરેગા યોજનામાં શ્રમિકોને જોબકાર્ડ આપવા બાબત

૧૯૨૮૧ : **શ્રી સી. કે. રાઉલજી (ગોધરા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નરેગા યોજનામાં તાલુકાવાર કેટલા શ્રમિકોને જોબકાર્ડ આપવામાં આવ્યા,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલાને રોજગારીની તકો પૂરી પાડવામાં આવી, અને

(૩) વર્ષવાર તેની પાછળ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) પંચમહાલ જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શ્રમિક કુટુંબોને આપવામાં આવેલ જોબકાર્ડની તાલુકાવાર અને વર્ષવાર વિગત નીચે મુજબ છે.

(૨)

| આપેલ જોબકાર્ડની સંખ્યા | | | |
|---|---|---|---|
| **તાલુકો** | **તા.૧-૧-૦૯ થી તા.૩૧-૧૨-૦૯ સુધી** | **તા.૧-૧-૧૦ થી તા.૩૧-૧૨-૧૦ સુધી** | **કુલ** |
| ગોધરા | ૧૦૧૮૩ | ૯૮૩૯ | ૧૯૧૨૨ |
| મોરવા (હ) | ૩૬૦૯ | ૭૭૪૯ | ૧૧૩૫૮ |
| શહેરા | ૯૦૬૦ | ૧૦૬૯૯ | ૧૯૭૫૯ |
| લુણાવાડા | ૨૩૯૦ | ૪૪૩૯ | ૬૮૨૯ |
| ખાનપુર | ૧૬૭૭ | ૪૭૨૮ | ૬૪૦૫ |
| કાલોલ | ૮૮૮૪ | ૨૧૨ | ૯૦૯૬ |
| હાલોલ | ૮૬૦૧ | ૩૭૩૧ | ૧૨૩૩૨ |
| જાંબુઘોડા | ૨૬૮૦ | ૩૩૪૩ | ૬૦૨૩ |
| **આપેલ જોબકાર્ડની સંખ્યા** | **આપેલ જોબકાર્ડની સંખ્યા** | **આપેલ જોબકાર્ડની સંખ્યા** | **આપેલ જોબકાર્ડની સંખ્યા** |
| ઘોઘંબા | ૪૬૫૪ | ૧૧૬૩૪ | ૧૬૨૮૮ |
| સંતરામપુર | ૭૪૩૮ | ૧૮૪૭૦ | ૨૫૯૦૮ |
| કડાણા | ૪૨૮ | ૩૯૨૦ | ૪૩૪૮ |
| કુલ : | ૫૯૬૦૪ | ૭૭૮૬૪ | ૧૩૭૪૬૮ |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રોજગારીની તકો પૂરી પાડવામાં આવેલ છે જેની વિગત નીચે મુજબ છે.

| તાલુકો | તા.૧-૧-૦૯ થી તા.૩૧-૧૨-૦૯ સુધી | તા.૧-૧-૧૦ થી તા.૩૧-૧૨-૧૦ સુધી | રોજગારી આપેલ કુટુંબોની કુલ સંખ્યા |
|---|---|---|---|
| ગોધરા | ૬૭૬૦ | ૧૧૭૬૩ | ૧૮૫૨૩ |
| મોરવા (હ) | ૧૪૯૯૮ | ૮૭૨૯ | ૨૩૭૨૭ |
| શહેરા | ૧૬૧૩૬ | ૧૬૯૬૮ | ૩૩૧૦૪ |
| લુણાવાડા | ૧૯૨૯૩ | ૧૦૩૩૫ | ૨૯૬૨૮ |
| ખાનપુર | ૮૩૭૩ | ૭૪૪૮ | ૧૫૮૨૧ |
| કાલોલ | ૧૪૭૩ | ૧૪૧૮ | ૨૮૯૧ |
| હાલોલ | ૧૪૯૧૩ | ૫૯૩૩ | ૨૦૮૪૬ |
| જાંબુઘોડા | ૪૮૯૧ | ૧૬૭૬ | ૬૫૬૭ |
| ઘોઘંબા | ૫૭૩૯ | ૮૦૯૫ | ૧૩૮૩૪ |
| સંતરામપુર | ૧૭૯૬૮ | ૨૧૦૪૯ | ૩૯૦૧૭ |
| કડાણા | ૭૫૩૫ | ૭૦૦૫ | ૧૪૫૪૦ |
| કુલ : | ૧૧૮૦૭૯ | ૧૦૦૪૧૯ | ૨૧૮૪૯૮ |

(૩) વર્ષવાર થયેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| થયેલ ખર્ચ રૂ. લાખમાં | | | |
|---|---|---|---|
| તાલુકો | તા.૧-૧-૦૯ થી તા.૩૧-૧૨-૦૯ સુધી | તા.૧-૧-૧૦ થી તા.૩૧-૧૨-૧૦ સુધી | કુલ ખર્ચ |
| ગોધરા | ૨૬૨.૧૩ | ૪૩૫.૨૫ | ૬૯૭.૩૮ |
| મોરવા (હ) | ૫૮૪.૯૭ | ૫૪૩.૧૨ | ૧૧૨૮.૦૯ |
| શહેરા | ૨૧૨.૭૨ | ૩૯૧.૮૯ | ૬૦૪.૬૧ |
| લુણાવાડા | ૨૩૮.૫૭ | ૩૫૮.૧૭ | ૫૯૬.૭૪ |
| ખાનપુર | ૪૬૮.૧૭ | ૨૮૭.૬૨ | ૭૫૫.૭૯ |
| કાલોલ | ૪૪.૫૩ | ૨૬.૦૧ | ૭૦.૫૪ |
| હાલોલ | ૧૪૫.૬૬ | ૧૦૬.૬૪ | ૨૫૨.૩૦ |
| જાંબુઘોડા | ૮૩.૭૩ | ૧૨૩.૦૧ | ૨૦૬.૭૪ |
| ઘોઘંબા | ૨૭૫.૩૪ | ૩૭૬.૪૦ | ૬૫૧.૭૪ |
| સંતરામપુર | ૭૪૪.૧૪ | ૯૧૪.૦૧ | ૧૬૫૮.૧૫ |
| કડાણા | ૪૧૮.૦૮ | ૪૦૬.૫૧ | ૮૨૪.૫૯ |
| કુલ : | ૩૪૭૮.૦૪ | ૩૯૬૮.૬૩ | ૭૪૪૬.૬૭ |

--------

## ભાવનગર જિલ્લામાં પંચાયત/તાલુકા પંચાયતમાં કેડરવાર ખાલી જ્ગ્યાઓ

૧૯૪૯૩ : **શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા (મહુવા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તારીખ ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ભાવનગર જિલ્લાની જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોમાં સંવર્ગવાર કુલ કેટલી જ્ગ્યાઓ ખાલી છે,

(૨) આ જ્ગ્યાઓ ખાલી રહેવાના શા કારણો છે, અને

(૩) આ ખાલી જ્ગ્યાઓ ક્યારે ભરવામાં આવશે?

**જવાબ**

(૧) તારીખ ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ભાવનગર જિલ્લાની જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોમાં સંવર્ગવાર ખાલી જ્ગ્યાઓ નીચે મુજબ છે.

| કચેરી | વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ | કુલ |
|---|---|---|---|---|---|
| જિલ્લા પંચાયત | ૪ | ૧ | ૭૫ | ૧૫ | ૯૫ |
| તાલુકા પંચાયતો | ૦ | ૩ | ૭૪ | ૧૨ | ૮૯ |
| કુલ : | ૪ | ૪ | ૧૪૯ | ૨૭ | ૧૮૪ |

(૨) આ જ્ગ્યાઓ નિવૃત્તિ, બઢતી, અવસાન વગેરે કારણોસર ખાલી છે.

(૩) ખાલી જ્ગ્યાઓ ભરવા અંગેની કાર્યવાહી ચાલુ છે.

## બનાસકાંઠા જિલ્લામાં જૂથ ગ્રામ પંચાયતોના વિભાજનની દરખાસ્તો

૧૮૭૪૫ : **શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કઈ કઈ જુથ ગ્રામ પંચાયતોની વિભાજનની દરખાસ્તો સરકારને મળેલ છે,

(૨) જો ગ્રામ પંચાયતોના વિભાજનની દરખાસ્ત ન મળેલ હોય તો વસ્તીના ધોરણે કોઈ કઈ જુથ ગ્રામ પંચાયતોને વિભાજન કરવાની થાય છે, અને

(૩) તેમાં ક્યા તાલુકાની કઈ જુથ ગ્રામ પંચાયતનો સમાવેશ છે?

**જવાબ**

(૧) ૧(એક)

| ક્રમ | તાલુકાનું નામ | ગ્રામ પંચાયતનું નામ |
|---|---|---|
| ૧ | દિયોદર | સામલા (વ) |

(૨) માત્ર વસ્તીના ધોરણે નહી પરંતુ, અંતર, માથાદીઠ આવક, તાલુકા/જિલ્લા પંચાયતના ઠરાવ વગેરે અન્ય માપદંડો ધ્યાને લઈ વિભાજનની ધોરણસરની દરખાસ્ત મળ્યેથી વિચારણા કરવાની થશે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## વડોદરા જિલ્લામાં પંચવટી યોજના

૧૯૬૧૦ : **શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં પંચવટી યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ કેટલી પંચવટી મંજૂર કરવામાં આવી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી પંચવટી બનાવવામાં આવી,

(૩) કેટલી પંચવટી બનાવવાની બાકી છે, અને

(૪) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૨૪ (ચોવ્વીસ).

(૨) ૧ પંચવટીનું કામ પૂર્ણ થયેલ છે.
૧૮ પંચવટીના કામ પ્રગતિ હેઠળ છે.

(૩) ૫ પંચવટીના કામ શરૂ કરવાના બાકી છે.

(૪) તા.૩૧-૩-૨૦૧૧ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.

## આણંદ જિલ્લામાં ગોચર દબાણ સેલ

૧૮૮૧૬ : **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ કેટલાં ગોચર દબાણસેલ કાર્યરત છે, અને

(૨) તે અન્વયે તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ સેલ દ્વારા કેટલાં ગોચરના દબાણો દૂર કરી કેટલી જમીન છૂટી કરી ?

**જવાબ**

(૧) ૧ (એક).

(૨) કુલ ૭૪ દબાણો દૂર કરી હે. ૪૧ આરે. ૦૧ પ્ર.આ. ૦૩ ની જમીન છૂટી કરેલ છે.

## આણંદ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજનામાં રકમ ફાળવવા બાબત

૧૮૯૪૪ : **શ્રી નિરંજનભાઈ પટેલ (પેટલાદ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ તાલુકાવાર મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના અન્વયે છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ ફાળવી, અને

(૨) આ ફાળવેલ રકમમાંથી વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) આણંદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ તાલુકાવાર મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના અન્વયે છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ રકમ ફાળવવામાં આવેલ છે.

| અ.નં. | તાલુકો | વર્ષવાર ફાળવેલ રકમ (રૂ. લાખમાં) | |
|---|---|---|---|
| | | ૨૦૦૯ | ૨૦૧૦ |
| ૧ | આણંદ | ૭૦.૩૪ | ૮૧.૦૦ |
| ૨ | ઉમરેઠ | ૯૬.૦૦ | ૧૧૦.૦૦ |
| ૩ | બોરસદ | ૫૪.૫૦ | ૭૩.૦૦ |
| ૪ | આંક્લાવ | ૨૨.૦૦ | ૭૫.૦૦ |
| ૫ | પેટલાદ | ૧૭.૦૦ | ૭૬.૦૦ |
| ૬ | સોજીત્રા | ૫૭.૦૦ | ૧૧૯.૦૦ |
| ૭ | ખંભાત | ૧૦૬.૦૦ | ૧૧૯.૦૦ |
| ૮ | તારાપુર | ૨૫.૦૦ | ૮૯.૦૦ |

(૨) ફાળવેલ રકમમાંથી નીચે મુજબ વર્ષવાર ખર્ચ કરવામાં આવેલ છે.

| અ.નં. | તાલુકો | વર્ષવાર થયેલ ખર્ચ (રૂ. લાખમાં) | |
|---|---|---|---|
| | | ૨૦૦૯ | ૨૦૧૦ |
| ૧ | આણંદ | ૬૬.૧૬ | ૮૨.૭૦ |
| ૨ | ઉમરેઠ | ૫૧.૬૫ | ૧૦૬.૫૬ |
| ૩ | બોરસદ | ૭૨.૮૧ | ૭૭.૫૭ |
| ૪ | આંક્લાવ | ૨૯.૮૪ | ૩૩.૭૧ |
| અ.નં. | તાલુકો | વર્ષવાર થયેલ ખર્ચ (રૂ. લાખમાં) | |
| | | ૨૦૦૯ | ૨૦૧૦ |
| ૫ | પેટલાદ | ૩૦.૪૯ | ૬૪.૩૫ |
| ૬ | સોજીત્રા | ૫૯.૭૧ | ૧૦૦.૮૩ |
| ૭ | ખંભાત | ૮૬.૭૯ | ૧૨૮.૭૨ |
| ૮ | તારાપુર | ૧૬.૬૪ | ૭૬.૭૫ |

## અમદાવાદ શહેર અને જિલ્લામાં અનાજના સંગ્રહાખોરો અને તોલમાપ માટે પાડેલ દરોડાઓ

૧૯૧૫૪ : **શ્રી શૈલેષભાઈ મ.પરમાર (શહેર કોટડા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેર અને જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ અનાજના સંગ્રહખોરો અને તોલમાપની ગેરરીતિ અન્વયે છેલ્લા બે વર્ષમાં કેટલી રેડ પાડી કેટલો જથ્થો જપ્ત કરવામાં આવ્યો,

**જવાબ**

(૧) અમદાવાદ શહેર અને જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં (૨૦૦૯ અને ૨૦૧૦) માં અનાજના વેપારીઓ ઉપર પાડેલ ૨૩૬ દરોડાઓમાં ગેરરીતીવાળા ૧૬૩ કેસો અન્વયે રૂ.૧૦૨૮૩૩૭૩ ની કિંમતનો ૭૮૫.૫ મે.ટન જથ્થો જપ્ત કરેલ તે પેકી રૂ. ૧,૮૩,૯૩૦૪ની કિંમતનો ૨૨૫.૭ મે.ટન જથ્થો રાજ્યસાત કરવામાં આવેલ છે.

તોલમાપ ગેરરીતી અન્વયે જાન્યુઆરી ૨૦૦૯ થી ડીસેમ્બર ૨૦૦૯ દરમ્યાન ૫૨૭ રેડ પાડી ૧૪૪૦ એકમોનાં વજનમાપ સાધનો જપ્ત કરવામાં આવ્યા તથા જાન્યુઆરી ૨૦૧૦થી ડીસેમ્બર-૨૦૧૦ દરમ્યાન ૩૯૧ રેડ પાડી ૧૮૦ એકમોનાં વજનમાપ સાધનો જપ્ત કરવામાં આવ્યા.

(૨) તોલમાપની ગેરરીતિ અન્વયે કેટલા ઇસમો સામે ફરિયાદો નોંધાઇ, અને

(૨) જાન્યુઆરી-૨૦૦૯ થી ડીસેમ્બર-૨૦૦૯ દરમ્યાન તોલમાપની ગેરરીતિ અન્વયે ૨૦૯૮ ઇસમો સામે તથા જાન્યુઆરી-૨૦૧૦ થી ડીસેમ્બર-૨૦૧૦ દરમ્યાન તોલમાપની ગેરરીતિ અન્વયે ૨૨૨ ઇસમો સામે ફરિયાદો નોંધાઇ.

(૩) આવી ગેરરીતિ કરનાર સામે સરકારે ક્યા પ્રકારના શિક્ષાત્મક પગલાં લીધા ?

(૩) ખાતાકીય રાહે પ્રોસીક્યુશન કેસ માંડવાળ કરી જાન્યુઆરી-૨૦૦૯ થી ડીસેમ્બર-૨૦૦૯ દરમ્યાન રૂ. ૮,૪૫,૦૦૦/- તથા જાન્યુઆરી-૨૦૧૦ થી ડીસેમ્બર-૨૦૧૦ દરમ્યાન રૂ. ૧,૬૦,૩૦૦/- ગુન્હા માંડવાળ ફી સરકારી રાહે વસુલ કરવામાં આવી.

## ભરૂચ જિલ્લામાં વોટરશેડ યોજના

૨૦૦૫૫ **: શ્રી દુષ્યંતભાઈ ર.પટેલ (ભરૂચ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ તાલુકાવાર વર્ષ ૨૦૧૦-૧૧ માં વોટરશેડ યોજના હેઠળ કેટલા પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવેલ છે,

(૨) તે પૈકી કેટલા કામો પૂર્ણ થયા,

(૩) કેટલા કામો પ્રગતિ હેઠળ છે, અને

(૪) તે ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ભરૂચ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ વર્ષ ૨૦૧૦-૧૧માં વોટરશેડ યોજનામાં તાલુકાવાર મંજૂર કરેલ પ્રોજેક્ટની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકો | મંજૂર થયેલ પ્રોજેક્ટની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઝઘડીયા | ૨ |
| ૨ | વાલીયા | ૧ |
| | **કુલ :** | **૩** |

(૨) અને (૩) : તા.૨૪-૧૨-૧૦ ના રોજ પ્રોજેક્ટ મંજૂર થયેલ હોવાથી ડીટેલ પ્રોજેક્ટ રીપોર્ટ બનાવવાની કામગીરી ચાલુ હોઇ કામો શરૂ કરવાના બાકી છે.

(૪) ભારત સરકારશ્રીની નવી ગાઇડલાઇન ૨૦૦૮ અન્વયે પ્રોજેક્ટ મંજૂરીની તારીખથી પ્રોજેક્ટ પૂર્ણ થવાની અવધિ ૫ થી ૭ વર્ષ નક્કી કરેલ છે, તે મુજબની સમયમર્યાદામાં કામો પૂર્ણ કરવામાં આવશે.

## ખેડા જિલ્લામાં તલાટી-કમ-મંત્રીની મંજૂર જગ્યાઓ

૧૮૯૮૪ **: શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ તાલુકાવાર તલાટી-કમ-મંત્રીની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) તે અન્વયે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

**જવાબ**

(૧) ખેડા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ તાલુકાવાર તલાટી-કમ-મંત્રીની મંજૂર થયેલ જગ્યાઓ.

| તાલુકાનું નામ | મંજૂર થયેલ જગ્યાઓ |
|---|---|
| નડીયાદ | ૬૦ |
| મહુધા | ૩૨ |
| મહેમદાવાદ | ૪૩ |
| ખેડા | ૩૪ |
| માતર | ૪૪ |
| કપડવંજ | ૫૭ |
| કઠલાલ | ૩૩ |
| બાલાસિનોર | ૨૬ |
| વીરપુર | ૨૨ |
| ઠાસરા | ૬૬ |
| કુલ : | ૪૧૭ |

(૨) તે અન્વયે તાલુકાવાર જગ્યાઓ નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | ખાલી જગ્યા સંખ્યા |
|---|---|
| નડીયાદ | ૨૫ |
| મહુધા | ૧૪ |
| મહેમદાવાદ | ૧૫ |
| ખેડા | ૧૩ |
| માતર | ૨૦ |
| કપડવંજ | ૨૯ |
| કઠલાલ | ૧૬ |
| બાલાસિનોર | ૧૦ |
| વીરપુર | ૭ |
| ઠાસરા | ૩૨ |
| કુલ : | ૧૮૧ |

આ જગ્યાઓ જુદા જુદા સમયથી ખાલી છે.

(૩) આ ખાલી જગ્યાનો ચાર્જ અન્ય તલાટી-કમ-મંત્રીઓને સોંપેલ છે કે કેમ ?

(૩) હા.

--------

## જામનગર જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના

૧૯૬૩૩ : **શ્રી મુળુભાઈ હ. બેરા (ભાણવડ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જામનગર જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા.૩૧-૧-૧૧ સુધીમાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૧) જામનગર જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના એટલે કે સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧માં તારીખ ૩૧-૦૧-૨૦૧૧ સુધીમાં નીચેની વિગતે વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૪૮૮ | ૪.૪૨ |
| ૨૦૧૦-૧૧ | ૩૭૫ | ૪.૩૪ |
| કુલ .. | ૮૬૩ | ૮.૭૬ |

(૨) તે પૈકી ભાણવડ તાલુકામાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે ?

(૨) તે પૈકી ભાણવડ તાલુકામાં નીચેની વિગતે વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૫૨ | ૦.૪૯ |
| ૨૦૧૦-૧૧ | ૩૯ | ૦.૪૭ |
| કુલ .. | ૯૧ | ૦.૯૬ |

--------

## નવસારી જિલ્લામાં વનાધિકાર કાયદા નીચે દાવાઓ મંજૂર કરવા બાબત

૧૯૩૪૪ : **શ્રી છનાભાઈ ચૌધરી (ધરમપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) નવસારી જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ વન અધિકાર અધિનિયમ હેઠળ કુલ કેટલા દાવાઓ તાલુકાવાર નામંજૂર કરવામાં આવ્યા,

(૧)

| ક્રમ | તાલુકા | નામંજૂર દાવા |
|---|---|---|
| ૧ | વાંસદા | ૨૩૯૮ |
| ૨ | ચીખલી | ૨૦ |
| | કુલ : | ૨૪૧૮ |

(૨) નામંજૂર થયેલ દાવાઓની જાણ જે તે દાવેદારોને કરવામાં આવે છે કે કેમ, અને

(૨) હા, જી.

(૩) અપીલ કરવા માટેનો સમય આપવામાં આવેલ છે કે કેમ ?

(૩) હા, જી.

**વડોદરા જિલ્લામાં સસ્તા અનાજની દુકાનોની ચકાસણી**

૧૯૫૪૩ : **શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સસ્તા અનાજની દુકાનોની તાલુકાવાર ચકાસણી કેટલી વખત કરવામાં આવી, અને

(૨) ઉક્ત દુકાનોમાં જણાયેલી ગેરરીતિઓ સંબંધે કેટલી સસ્તા અનાજની દુકાનોના સંચાલકો સામે ક્યા પ્રકારના પગલાંઓ લઈ કેસો નોંધવામાં આવ્યા ?

**જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સસ્તા અનાજની દુકાનોની કરાયેલ તપાસોની વર્ષવાર તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | વર્ષ ૨૦૦૯ | વર્ષ ૨૦૧૦ |
|---|---|---|---|
| ૧ | વડોદરા શહેર | ૫૮ | ૧૫૮ |
| ૨ | વડોદરા ગ્રામ્ય | ૨૯ | ૨૧ |
| ૩ | પાદરા | ૨૬ | ૩૨ |
| ૪ | કરજણ | ૩૧ | ૫૨ |
| ૫ | સાવલી | ૪૯ | ૫૪ |
| ૬ | ડભોઈ | ૨૧ | ૪૬ |
| ૭ | વાઘોડીયા | ૫૩ | ૪૦ |
| ૮ | શિનોર | ૯ | ૧૪ |
| ૯ | નસવાડી | ૩૫ | ૪૪ |
| ૧૦ | છોટા ઉદેપુર | ૨૫ | ૨૨ |
| ૧૧ | જેતપુર પાવી | ૧૮ | ૨૨ |
| ૧૨ | સંખેડા | ૧૯ | ૫૦ |
| ૧૩ | ક્વાંટ | ૨૭ | ૨૧ |
| | **કુલ :** | **૪૦૦** | **૫૭૬** |

(૨) ૨૧૦ સસ્તા અનાજની દુકાનોની તપાસમાં જણાયેલ ક્ષતિઓ/ગેરરીતિઓને અનુલક્ષીને આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ-૧૯૫૫ની કલમ-૬/એ હેઠળ તેમજ ગુજરાત આવશ્યક ચીજવસ્તુ (વાજબી ભાવની દુકાનોને લાઈસન્સ આપવા બાબતનો) હુકમ-૨૦૦૪ અન્વયે શિક્ષાત્મક પગલાંઓ લેવામાં આવ્યા, તેમાં રૂ.૧૪,૮૮,૪૯૭ ની કિંમતના કબજે લીધેલ જથ્થા પૈકી રૂ.૬,૭૮,૪૫૭ ની કિંમતનો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો, રૂ.૪,૯૭,૫૦૦ ની રકમ પરવાના અનામત પેટે રાજ્યસાત કરવામાં આવી, રૂ.૧૩,૮૬,૯૧૮ નો દંડ કર્યો, ૯૪ પરવાના મોકૂફ કર્યા, ૪૨ પરવાના રદ કર્યા ૧૦ કોર્ટ કેસ કરવામાં આવ્યા અને ૫ ઈસમો સામે અટકાયતી હેઠળના પગલાં લેવામાં આવ્યા.

**માંડવી તાલુકામાં ટ્રાયબલ સબપ્લાન દ્વારા ડી-સેગના કામ**

૨૦૦૬૦ : **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ (બારડોલી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લાના માંડવી તાલુકામાં ટ્રાયબલ સબપ્લાન દ્વારા ડી-સેગના કુલ કેટલા કામોનો ખર્ચ કરેલ છે ?

**જવાબ**

તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લાના માંડવી તાલુકામાં ટ્રાયબલ સબપ્લાન દ્વારા ડી-સેગના કામો માટે કરેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | કામની સંખ્યા | કરેલ ખર્ચ રૂ.(લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૫ | ૮૭.૯૬ |
| ૨૦૧૦-૧૧ (તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ) | ૧૦ | ૧૬૧.૮૮ |

**વડોદરા જિલ્લામાં ઈકો ટુરીઝમ યોજના**

૨૦૦૪૯ : **શ્રી મધુભાઈ બા. શ્રીવાસ્તવ (વાઘોડિયા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરકાર દ્વાર વડોદરા જિલ્લામાં ઈકો ટુરીઝમના વિકાસ માટેની કોઈ યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો જિલ્લાના ક્યા ક્યા સ્થળો પસંદ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) વડોદરા જિલ્લાના કેવડી, તરગોળ અને વઢવાણા સ્થળો પસંદ કરવામાં આવેલ છે.

## ભરૂચ જિલ્લામાં ઈન્દિરા આવાસ ફાળવવા બાબત

૧૮૯૬૯ : **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા ઈન્દીરા આવાસ ફાળવવામાં આવ્યા,

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ આ પેકી કેટલા કામો પૂર્ણ થયા અને કેટલા પ્રગતિમાં છે, અને

(૩) પ્રગતિ હેઠળના કામો કેટલા સમયમાં પૂર્ણ થશે?

**જવાબ**

(૧) ઈન્દિરા આવાસની ફાળવણી તાલુકાવાર નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | ૧-૧-૦૯ થી ૩૧-૧૨-૦૯ | ૧-૧-૧૦ થી ૩૧-૧૨-૧૦ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | જંબુસર | ૬૯૬ | ૭૮૨ | ૧૪૭૮ |
| ૨ | આમોદ | ૬૫૬ | ૨૬૭ | ૯૨૩ |
| ૩ | વાગરા | ૧૮૧ | ૧૫૧ | ૩૩૨ |
| ૪ | ભરૂચ | ૯૨૪ | ૧૨૩૨ | ૨૧૫૬ |
| ૫ | અંક્લેશ્વર | ૪૯૦ | ૩૭૬ | ૮૬૬ |
| ૬ | હાંસોટ | ૧૧૫ | ૬૪ | ૧૭૯ |
| ૭ | વાલીયા | ૧૨૪૦ | ૨૨૧૫ | ૩૪૫૫ |
| ૮ | ઝઘડીયા | ૧૮૮૨ | ૨૨૭૩ | ૪૧૫૫ |
| | કુલ | ૬૧૮૪ | ૭૩૬૦ | ૧૩૫૪૪ |

(૨) ૯૩૮૦ આવાસો પૂર્ણ થયા અને ૩૭૩૪ આવાસો પ્રગતિમાં છે.

| ક્રમ | તાલુકો | પૂર્ણ થયેલ આવાસો | | કુલ આવાસો | |
|---|---|---|---|---|---|
| | | ૧-૧-૦૯ થી ૩૧-૧૨-૦૯ | ૧-૧-૧૦ થી ૩૧-૧૨-૧૦ | પૂર્ણ | ૩૧-૧૨-૧૦ ના રોજ પ્રગતિ હેઠળના આવાસો |
| ૧ | જંબુસર | ૪૬૫ | ૬૦૮ | ૧૦૭૩ | ૩૫૦ |
| ૨ | આમોદ | ૪૬૭ | ૪૩૪ | ૯૦૧ | ૧૪૫ |
| ૩ | વાગરા | ૨૧૨ | ૧૨૧ | ૩૩૩ | ૯૧ |
| ૪ | ભરૂચ | ૫૨૬ | ૭૯૭ | ૧૩૨૩ | ૫૩૫ |
| ૫ | અંક્લેશ્વર | ૪૨૮ | ૭૩૨ | ૮૬૦ | ૧૧૬ |
| ૬ | હાંસોટ | ૧૪૯ | ૭૪ | ૨૨૩ | ૧૦ |
| ૭ | વાલીયા | ૮૯૪ | ૧૦૮૮ | ૧૯૮૨ | ૧૦૧૦ |
| ૮ | ઝઘડીયા | ૧૬૨૬ | ૧૦૫૯ | ૨૬૮૫ | ૧૪૭૭ |
| | કુલ | ૪૭૬૭ | ૪૬૧૩ | ૯૩૮૦ | ૩૭૩૪ |

(૩) ભારત સરકારની ઈન્દિરા આવાસ યોજનાની માર્ગદર્શિકા મુજબ લાભાર્થી જાતે જ મકાન બાંધતા હોવાથી ઉક્ત સ્થિતિએ બાકી રહેલ મકાનો સત્વરે પૂર્ણ કરવા પ્રયાસ કરવામાં આવશે.

--------

## મહેસાણા જિલ્લામાં ટોટલ સેનિટેશન કાર્યક્રમમાં શોચાલયો બનાવવા બાબત

: ૨૦૦૫૪ : **શ્રી ઋષિકેશ ગ.પટેલ (વિસનગર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧માં ટોટલ સેનિટેશન કાર્યક્રમ અંતર્ગત કેટલા શોચાલયો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પેકી કેટલા બી.પી.એલ. અને કેટલા એ.પી.એલ. માટે મંજૂર કર્યા છે,

(૩) તે પેકી તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કેટલા શોચાલયો બનાવવામાં આવ્યા, અને

(૪) બાકી શોચાલયો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) મહેસાણા જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧માં ટોટલ સેનિટેશન કાર્યક્રમ અંતર્ગત ૧૦,૫૦૦ શોચાલયો મંજૂર કરવામાં આવેલ છે.

(૨) તે પેકી ૩,૦૩૦ બી.પી.એલ. અને ૭,૪૭૦ એ.પી.એલ. માટે મંજૂર કરેલ છે.

(૩) તે પેકી તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ તમામ શોચાલયો બનાવવામાં આવેલ છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**આદિજાતિના બજેટમાંથી ડીસેગને ગ્રાન્ટ આપવા બાબત**

૧૯૪૧૫ : **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ના વર્ષમાં તારીખ ૩૧-૧-૧૧ની સ્થિતિએ સરકારના આદિજાતિના કુલ બજેટમાંથી ડીસેગને કેટલી ગ્રાન્ટ આપવામાં આવી, અને

(૨) તે પૈકી ક્યા ક્યા તાલુકામાં કેટલો વર્ષવાર ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) ૨૦૦૯-૧૦ રૂા. ૬૪૩૯.૦૮ લાખ
૨૦૧૦-૧૧ રૂા. ૫૮૧૬.૧૯ લાખ.

(૨) તાલુકાવાર માહિતી રાખવામાં આવતી ન હોઇ, વર્ષવાર ૨૦૦૯-૧૦માં રૂા. ૩૮૪૭.૧૫ લાખ અને ૨૦૧૦-૧૧માં રૂા. ૫૧૭૩.૭૪ લાખ.

**પાટણ જિલ્લામાં જિલ્લા પંચાયતમાં ગ્રામ પંચાયતમંત્રીનું મંજૂર મહેકમ**

૨૦૦૪૭ : **શ્રી રજનીકાન્ત સો.પટેલ (ચાણસ્મા)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પાટણ જિલ્લા પંચાયતમાં ગ્રામ પંચાયત મંત્રીની કેટલી જગ્યાનું મહેકમ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પાટણ જિલ્લા પંચાયતમાં ગ્રામ પંચાયત મંત્રીની ૩૪૭ જગ્યાઓ મંજૂર થયેલ છે.

(૨) તે પૈકી ૮૦ જગ્યાઓ ખાલી છે.

(૩) સત્વરે.

**સુરેન્દ્રનગર જિલ્લામાં મહિલા જૂથોની રચના**

૨૦૦૫૨ : **શ્રી ભરતભાઈ વ. ખોરાણી (ચોટીલા)** : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં મહિલા સશક્તિકરણ કાર્યક્રમ અન્વયે સખી મંડળ યોજનામાં વર્ષ ૨૦૧૦-૧૧માં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કેટલા મહિલા જૂથોની રચના થઇ,

(૨) તે પૈકી કેટલા મહિલા જૂથોને રીવોલ્વીંગ ફંડ આપવામાં આવેલ છે,

(૩) કેટલા જૂથોને રીવોલ્વીંગ ફંડ ચૂકવવાનું બાકી છે, અને

(૪) તે ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૧-૧-૧૦ થી તા.૩૧-૧૨-૧૦ સુધીમાં સખીમંડળ/મહિલા યોજનામાં ૧૩૮૭ મહિલા જૂથો રચવામાં આવેલ છે.

(૨) તે પૈકી ૩૦૪ મહિલા જુથોને રીવોલ્વીંગ ફંડ ચુકવવામાં આવેલ છે.

(૩) તા.૦૧-૦૧-૨૦૧૦ થી તા.૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં કુલ ૧૦૮૩ જુથોને રીવોલ્વીંગ ફંડ ચુકવવાનું બાકી છે.

(૪) ૩૫૪ જુથોનું ગ્રેડીંગ થઇ ગયેલ હોઇ ફેબ્રુઆરી માસમાં રીવોલ્વીંગ ફંડ ચુકવી આપવામાં આવેલ છે. બાકીનાં ૭૨૯ જુથોને છ-માસ થયે અને બેંકગ્રેડીંગ થયે રીવોલ્વીંગ ફંડ તાત્કાલીક અસરથી ચુકવી આપવામાં આવશે.

**વડોદરા જિલ્લામાં વન કાયદા નીચે આદિવાસીઓને જમીન આપવાની અરજીઓ**

૧૯૧૩૩ : **શ્રી મોહનસિંહ છો.રાઠવા (પાવી-જેતપુર)** : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં વન કાયદા-૨૦૦૬ અન્વયે આદિવાસી ખેડૂતોને જમીન મળવા અંગેની કેટલી અરજીઓ મળી,

**જવાબ**

(૧)

| વર્ષ | અરજીઓની સંખ્યા |
|---|---|
| તા.૧-૨-૦૯ થી ૩૧-૧-૧૦ | ૧૭૫૭૧ |
| તા.૧-૨-૧૦ થી ૩૧-૧-૧૧ | ૦૦ |

(૨) તે પૈકી કેટલા લોકોને જમીન આપી અને કેટલી અરજીઓ પડતર છે,

(૨)

| ક્રમ | વિગત | અરજીઓની સંખ્યા |
|---|---|---|
| (૧) | મંજુર | ૧૭૮૦ |
| (૨) | પડતર | ૧૫૭૯૧ |

(૩) અરજીઓ પડતર રાખવાના શા કારણો છે,

(૩) દાવા અરજી નીચે જણાવેલ કારણોસર પડતર છે.
૧. લાયકાત પુરવાર થતી નથી.
૨. વડીલના નિવેદન પ્રમાણે વન જમીન કબ્જો નથી.
૩. પંચનામા પ્રમાણે વન જમીન કબ્જો હોય તેમ જણાતું નથી.
૪. રેકર્ડ સંબંધી પુરતા આધાર નથી.
૫. ફોરેસ્ટ સેટલમેન્ટ રીપોર્ટમાં કોઇ ઉલ્લેખ નથી.
૬. કબ્જા અંગેનો આધાર મળતો નથી. વગેરે

(૪) ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે, અને

(૪) ટૂંક સમયમાં.

(૫) ખેડૂતોને સેટેલાઇટથી માપણી કરીને જમીન આપવામાં આવે છે તે કઇ જોગવાઇઓના આધારે કરવામાં આવે છે?

(૫) વન અધિનિયમ-૨૦૦૬ના નિયમો-૨૦૦૮ના નિયમ ૧૩(૧)(ક) હેઠળ કરવામાં આવે છે.

**તાપી જિલ્લામાં સ્વર્ણજયંતિ ગ્રામ સ્વરોજગાર યોજનામાં જૂથોની રચના**

૨૦૦૫૩ : **શ્રી કિરીટભાઈ ગં.પટેલ (ઓલપાડ)** : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન તાપી જિલ્લામાં સ્વર્ણ જયંતી ગ્રામ સ્વરોજગાર યોજના હેઠળ તારીખ ૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ કેટલા જૂથોની રચના થઈ,

(૨) તે પૈકી કેટલા જૂથો ગ્રેડ-૧ અને ગ્રેડ-૨ થયેલ છે,

(૩) કેટલા જૂથોને ગ્રેડ આપવાનો બાકી છે, અને

(૪) તે પૈકી કેટલા જૂથો આર્થિક પ્રવૃત્તિઓ કરે છે?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન તાપી જીલ્લામાં સ્વર્ણ જયંતી ગ્રામ સ્વરોજગાર યોજના હેઠળ તારીખ ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ૧૧૩ જુથોની રચના થઈ.

(૨) તે પૈકી ૩૭ જુથો ગ્રેડ-૧ અને ૨૯ જુથો ગ્રેડ-૨ થયેલ છે.

(૩) કુલ રચાયેલ જુથો પૈકી ૭૬ જુથોને ગ્રેડ-૧ અને ૮૪ જુથોને ગ્રેડ-૨ આપવાનાં બાકી છે.

(૪) તે પૈકી ૨૨ જુથો આર્થિક પ્રવૃત્તિ કરે છે.

--------

**વડોદરા અને નર્મદા જિલ્લામાં ૦ થી ૧૬ સ્કોરના લાભાર્થીઓને ઈંદિરા આવાસ યોજનાનો લાભ**

૧૯૩૮૮ : **શ્રી ધીરુભાઈ ભીલ (નસવાડી)** : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા અને વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૦ થી ૧૬ સ્કોરના કેટલા લાભાર્થીઓને ઈંદિરા આવાસ યોજનાનો લાભ આપવામાં આવ્યો,

(૨) તે પૈકી કેટલા આવાસોની કામગીરી અધૂરી છે, અને

(૩) લાંબા સમયથી અધૂરા રહેલા આવાસોના કામો પૂર્ણ કરવા સરકારે શી કાર્યવાહી કરી છે?

**જવાબ**

(૧) નર્મદા અને વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧-૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૦ થી ૧૬ સ્કોરના ૬૦૯૬૦ લાભાર્થીઓને ઈંદિરા આવાસ યોજનાનો લાભ આપવામાં આવ્યો છે જેની જિલ્લાવાર વિગત નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લો | ૦ થી ૧૬ લાભાર્થીઓને ઈંદિરા આવાસ યોજનાનો લાભ | | |
|---|---|---|---|---|
| | | ૧-૨-૦૯ થી ૩૧-૧-૧૦ | ૧-૨-૧૦ થી ૩૧-૧-૧૧ | કુલ |
| ૧ | નર્મદા | ૪૫૫૯ | ૧૫૧૦૧ | ૧૯૬૬૦ |
| ૨ | વડોદરા | ૨૨૬૨૧ | ૧૮૬૭૯ | ૪૧૩૦૦ |
| | કુલ.. | ૨૭૧૮૦ | ૩૩૭૮૦ | ૬૦૯૬૦ |

(૨) ૨૫૭૪૯ આવાસો તા. ૩૧-૧-૧૧ ની સ્થિતિએ અધૂરા છે જેની જિલ્લાવાર વિગત નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લો | તા. ૩૧-૧-૧૧ ની સ્થિતિએ અધૂરા આવાસો |
|---|---|---|
| ૧ | નર્મદા | ૯૭૦૭ |
| ૨ | વડોદરા | ૧૬૦૪૨ |
| | કુલ | ૨૫૭૪૯ |

(૩) ભારત સરકારની ઈન્દીરા આવાસ યોજનાની માર્ગદર્શિકા મુજબ લાભાર્થી પોતે જ મકાન બાંધતા

હોવાથી ઉક્ત સ્થિતિએ બાકી રહેલ મકાનો સત્વરે પૂર્ણ કરવા પ્રયાસ કરાવવામાં આવશે.

**આણંદ જિલ્લામાં ભૂતિયા રેશનકાર્ડ નાબૂદ કરવા અને જવાબદાર અધિકારી સામે પગલાં**

૨૦૦૩૮ : **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા ભૂતિયા રેશનકાર્ડ નાબૂદ કરવામાં આવ્યા,

(૨) ભૂતિયા રેશનકાર્ડ ઈશ્યુ કરનાર અધિકારીઓ સામે ક્યા ક્યા પગલાં લેવામાં આવ્યા, અને

(૩) રદ કરેલ રેશન કાર્ડ સામે કેટલા નવા બી.પી.એલ. અને એ.પી.એલ. રેશનકાર્ડ ઈશ્યુ કરવામાં આવ્યા?

**જવાબ**

(૧) આણંદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ-૩૪૬૨ ભૂતિયા રેશનકાર્ડ નીચેની વિગતે તાલુકાવાર નાબૂદ કરવામાં આવેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | બે વર્ષમાં નાબૂદ કરેલ કુલ ભૂતિયા કાર્ડની સંખ્યા |
|---|---|---|
| ૧ | આણંદ (શ) | ૧૨૮૪ |
| ૨ | આણંદ (ગ્રા) | ૧૫૭૨ |
| ૩ | ઉમરેઠ | ૦ |
| ૪ | આંકલાવ | ૪૧૩ |
| ૫ | બોરસદ | ૬ |
| ૬ | પેટલાદ | ૧ |
| ૭ | સોજિત્રા | ૧૯ |
| ૮ | ખંભાત | ૧૦૩ |
| ૯ | તારાપુર | ૬૪ |
| | **કુલ...** | ૩૪૬૨ |

તદઉપરાંત તા. ૧-૧-૧૧ થી તા. ૩૧-૧-૧૧ સુધીમા ૮૬૩૩૧ હયાત રેશનકાર્ડ ધારકોએ બારકોડેડ રેશનકાર્ડ મેળવવા માટે ફોર્મ ભરેલ નથી તે કારણસર જથ્થો આપવાનું બંધ કરેલ છે.

(૨) બોગસ રેશનકાર્ડ નાબૂદી ઝુંબેશ વખતે નાબુદ કરેલ કાર્ડની સામે અધિકારીઓ/કર્મચારીઓ ઉપર પગલાં ભરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ગત બે વર્ષમાં નીચે મુજબ તાલુકાવાર બી.પી.એલ. અને એ.પી.એલ. રેશનકાર્ડ ઈસ્યુ કરવામાં આવેલ છે.

| **તાલુકાનું નામ** | **BPL** | **APL** | **કુલ** |
|---|---|---|---|
| આણંદ (શ) | ૦ | ૫૪૩૪ | ૫૪૩૪ |
| આણંદ (ગ્રા) | ૭૩૦ | ૭૨૧૯ | ૭૯૪૯ |
| ઉમરેઠ | ૦ | ૦ | ૦ |
| આંકલાવ | ૦ | ૦ | ૦ |
| બોરસદ | ૦ | ૦ | ૦ |
| પેટલાદ | ૬૪૫ | ૩૦૯૩ | ૩૭૩૮ |
| સોજિત્રા | ૩૧ | ૦ | ૩૧ |
| ખંભાત | ૦ | ૧૧૨૦ | ૧૧૨૦ |
| તારાપુર | ૩ | ૮૩૨ | ૮૩૫ |
| **કુલ...** | **૧૪૦૯** | **૧૭૬૯૮** | **૧૯૧૦૭** |

--------

**કચ્છ જિલ્લામાં નીલગાય તથા રોઝને નિયંત્રણમાં લેવાની યોજના**

૧૮૪૭૪ : **શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં નીલગાય તથા રોઝને નિયંત્રણમાં લેવા સરકારે કોઇ યોજના બનાવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ખેતરોમાં પાકનો નાશ કરતા તથા લોકો ઉપર પ્રાણઘાતક હુમલા કરતા આ પ્રાણીઓને નિયંત્રણમાં લેવા તેનું આયોજન ક્યારે કરવામાં આવશે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રોઝને નિયંત્રણમાં લેવા સરકારશ્રીના આયોજન મુજબની યોજના અમલમાં છે.

૧. ગુજરાત સરકારશ્રીની જોગવાઇ મુજબ ખેડૂતોના ખેતરની ફરતે વાડ બનાવવા માટે ૫૦ ટકા સહાય આપવાની યોજના અમલમાં છે.

૨. જે વિસ્તારમાં રોઝનો ત્રાસ વધુ હોય તેવા

વિસ્તારોના ગામોના સરપંચશ્રીઓને માનદ વન્યપ્રાણી સંરક્ષક તરીકે નિમણૂક આપી રોઝનો નિકાલ કરવાની સત્તા આપવામાં આવેલ છે.

--------

**ગીર જંગલમાં વન્ય પ્રાણીઓ દ્વારા હુમલા**

૧૯૧૬૮ **: શ્રી ભગવાનભાઈ ધા.બારડ (તાલાલા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગીર ફોરેસ્ટમાં વન્ય પ્રાણીઓ દ્વારા થતાં હુમલાના કેટલા બનાવો નોંધાયા,

(૨) તે અન્વયે માનવી અને પશુઓ ઉપર કેટલા હિંસક હુમલાના બનાવો નોંધાયા, અને

(૩) આવા હિંસક હુમલાના ભોગ બનેલ માનવીઓ અને પશુપાલકોને તે અન્વયે વર્ષવાર કેટલું વળતર ચૂકવવામાં આવ્યું ?

**જવાબ**

(૧) ગીર અભ્યારણ-નેશનલ પાર્ક તથા ગીરનાર જંગલ વિસ્તાર, વેરાવળ, સુત્રાપાડાના દરિયાકાંઠાના જંગલ વિસ્તારમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૬૩૯૯ હુમલાના બનાવો નોંધાયા.

(૨) તે અન્વયે માનવીઓ ઉપર ૧૬૨ અને પશુઓ ઉપર ૬૨૩૭ હુમલાના બનાવો નોંધાયા.

(૩) આવા હિંસક હુમલાના ભોગ બનેલ માનવીઓ અને પશુપાલકોને તે અન્વયે વર્ષવાર નીચે પ્રમાણે વળતર ચૂકવવામાં આવેલ છે.

| વર્ષ | માનવીઓ | ચૂકવેલ રકમ લાખમાં | પશુપાલકો | ચૂકવેલ રકમ લાખમાં |
|---|---|---|---|---|
| ૨૦૦૮-૦૯ | ૫૫ | ૬.૫૫ | ૨૪૨૬ | ૪૭.૭૬ |
| ૨૦૦૯-૧૦ | ૬૩ | ૮.૬૫ | ૨૨૫૬ | ૪૯.૪૯ |
| ૨૦૧૦-૧૧ ની સ્થિતિએ તારીખ ૩૧-૧૨૧૦ ની સ્થિતિએ | ૪૪ | ૫.૪૦ | ૧૫૫૫ | ૩૨.૪૨ |
| કુલ : | ૧૬૨ | ૨૦.૬ | ૬૨૩૭ | ૧૨૯.૬૭ |

--------

**અમરેલી જિલ્લામાં ટોટલ સેનિટેશન કાર્યક્રમ હેઠળ શોચાલયો બાંધવા બાબત**

૨૦૨૬૫ **: શ્રી હીરાભાઈ સોલંકી (રાજુલા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ટોટલ સેનીટેશન કાર્યક્રમ હેઠળ તાલુકાવાર કેટલા શોચાલયો બાંધવામાં આવ્યા, અને

(૨) આ કામો પાછળ તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) અમરેલી જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ટોટલ સેનીટેશન કાર્યક્રમ હેઠળ તાલુકાવાર બાંધવામાં આવેલ શોચાલયોની વિગત નીચે મુજબ છે.

| **અ. નં.** | **તાલુકાનું નામ** | **બાંધવામાં આવેલ શોચાલય** |
|---|---|---|
| ૧ | અમરેલી | ૩૨૬૭ |
| ૨ | બાબરા | ૨૭૩૫ |
| ૩ | બગસરા | ૧૨૯૦ |
| ૪ | ધારી | ૩૪૨૦ |
| ૫ | જાફરાબાદ | ૩૦૭૦ |
| ૬ | ખાંભા | ૩૮૬૧ |
| ૭ | કુંકાવાવ | ૩૨૧૪ |
| ૮ | લાઠી | ૩૩૨૧ |
| ૯ | લિલિયા | ૨૧૮૬ |
| ૧૦ | રાજુલા | ૩૬૯૦ |
| ૧૧ | સાવરકુંડલા | ૪૮૨૪ |
| | **કુલ..** | **૩૪૮૭૮** |

(૨) આ કામો પાછળ તાલુકાવાર નીચેની વિગતે ખર્ચ કરવામાં આવેલ છે.

| અ. નં. | તાલુકાનું નામ | કરવામાં આવેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧ | અમરેલી | ૫૫.૭૩ |
| ૨ | બાબરા | ૪૮.૧૦ |
| ૩ | બગસરા | ૨૦.૪૧ |
| ૪ | ધારી | ૫૬.૫૫ |
| ૫ | જાફરાબાદ | ૫૬.૧૦ |
| ૬ | ખાંભા | ૭૨.૪૭ |
| ૭ | કુંકાવાવ | ૫૧.૧૧ |
| ૮ | લાઠી | ૫૪.૭૬ |
| ૯ | લિલિયા | ૩૫.૫૦ |
| ૧૦ | રાજુલા | ૬૫.૯૨ |
| ૧૧ | સાવરકુંડલા | ૭૯.૩૬ |
| | **કુલ ..** | **૫૯૬.૦૧** |

--------

## ખેડા જિલ્લામાં પંચાયતની જમીન ઉપર દબાણ

૧૯૩૦૨ **: શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ તાલુકાવાર પંચાયતની જમીનો ઉપર કેટલાં દબાણો થયા છે, અને

(૨) આવા દબાણો દૂર કરવા સરકારે શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) ખેડા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ તાલુકાવાર પંચાયતની જમીનો ઉપર ૨૧૭ દબાણો થયા છે. વિગતો નીચે મુજબ છે.

| ક્રમ સંખ્યા | તાલુકાનું નામ | ગોચર દબાણની | ગામતળ દબાણની |
|---|---|---|---|
| ૧ | ખેડા | ૧૨ | ૧૨ |
| ૨ | નડીયાદ | ૫૨ | ૩૦ |
| ૩ | વિરપુર | ૦ | ૩ |
| ૪ | કપડવંજ | ૧૦ | ૦ |
| ૫ | ઠાસરા | ૧ | ૨ |
| ૬ | કઠલાલ | ૪ | ૩ |
| ૭ | મહેમદાવાદ | ૨૧ | ૬ |
| ૮ | મહુધા | ૪ | ૪ |
| ૯ | માતર | ૪૧ | ૧૧ |
| ૧૦ | બાલાસિનોર | ૦ | ૧ |
| | **કુલ** | **૧૪૫** | **૭૨** |

(૨) ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ-૧૦૫ હેઠળ ગ્રામ પંચાયતને દબાણ દુર કરવાની સત્તા મળેલ છે.

ગ્રામ પંચાયતો દ્વારા દબાણકારોને નોટીસ આપી દબાણ દુર કરવા કામગીરી હાથ ધરવામાં આવે છે.

ગ્રામ પંચાયત કક્ષાએ દબાણો અંગેનું રજીસ્ટર નિભાવવામાં આવે છે.

--------

## પાટણ જિલ્લામાં ગોચર દબાણો

૧૮૮૪૨ **: શ્રી જોધાજી ઠાકોર (વાગડોદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ તાલુકાવાર ક્યા ક્યા ગામોમાં ગોચર દબાણો છે,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ |
|---|---|---|
| ૧ | પાટણ | વાસણી, અઘાર, અજીમણા, |

| | | |
|---|---|---|
| | | જાળેશ્વર પાલડી, અબલોવા, અનાવાડા, હનુમાનપુરા, ડેરાસણા, ચડાસણા, નોરતાવાંટા, જગરાલ સમોડા, બબાસણા, સંડેર, વડું, ઉદરા, માંડોત્રી, આંબલીયાસણ, ઈલમપુર, કમલીવાડા, દિયોદરડા, લોઢપુર, ડાભડી, ખાનપુરડા, દુધારામપુરા, રણુંજ, સરવા આંબાપુરા, હમીદપુર, વાગડોદ, ભુતિયા વાસણા, ઉંટવાડા, વહાણા, ધચેલી, દેલીયાથરા, ખાનપુર રાજકુવા, ભદ્રાડા, ખારીવાવડી, માનપુર, બાદીપુર કોઈટા, રવિયાણા, કોટાવડ, વોળાવી, વધાસર, સાંપ્રા, સરીયદ, કિમ્બુવા, સંખારી, કતપુર, ડેર, ધનાસરા, વડલી, રુવાવી, ભાટસણ, મુના, અજુજા, બોરસણ, હાંસાપુર, ધારણોજ, વાયડ, વામૈયા, ઓઢવા, જામઠા, માતરવાડી, રુની, ગણેશપુરા, કુણઘેર, ગુણવાસણા, સબોસણ, ખીમીયાણા, ગદોસણ મહેમદપુર, ગોલાપુર |
| ૨ | સિધ્ધપુર | કાકોશી, કનેસરા, કલ્યાણા, કુંવારા, ખોલવાડા, ખળી, ગણવાડા, નાગવાસણ, ચંદ્રાવતી, કારણ, ઠાકરાસણ, ડીંડરોલ, તાવડીયા, નાંદોત્રી, દેથળી, દશાવાડા, નેદરા, નિદ્રોડા, બીલીયા, મુડાણા, મેત્રાણા. મેળોજ, મામવાડા, સંડેસરી, વાધણા, વાઘરોલ, પચકવાડા, કાલોડા, સુજાણપુર, સમોડા, આંકવી, કોટ |
| ૩ | ચાણસ્મા | બ્રામણવાડા, વડાવલી, છમીછા, રણાસણ, ધારપુરી, ખારીઘારીયાલ, જશલપુર, મેરવાડા, ટાકોદી, ધારણોધરડા, કંબોઈ, ખરાધરવા, રામપુરા, પંચાસર, દેલમાલ, ઈટોદા, સોજીત્રા, કારોડા, વસાઈ, |

| | | |
|---|---|---|
| | | ધીણોજ |
| ૪ | હારીજ | દુનાવાડા, અડીયા, રોડા, રૂગનાથપુરા, પીપલાણા, કાતરા, ગોવના, બોરતવાડા. |
| ૫ | સમી | સોનાર, જાખેલ, ભદ્રાડા, બીલીયા, રસુલપુર, અરીઠા, મહંમદપુરા, દાઉદપુરા, ઉપલીયાસરા, રણોદ, વેડ, બાસ્પા, લોલાડા, કુવારડ |
| ૬ | રાધનપુર | અગીચાણા, ગોતરકા, દહેગામ, નાની પીપળી, મોટી પીપળી, કમાલપુર, દેલાણા, ધરવડી, સાંથલી, ભીલોટ, નાયતવાડા, બંધવડ, મેમદાવાદ, સુબાપુરા, પેદાશપુરા, અરજણસર, સીનાડ |
| ૭ | સાતલપુર | ઝઝામ, ફાંગલી, સાદપુરા. ઉદરગઢા, જોરાવરગઢ, વાંઢીયા, ગાંજીસર, દેસર, ધાંડવા, ઝાંઝણસર |

(૨) આવા ગોચર દબાણો દૂર કરવા સરકારે શું આયોજન કરેલ છે, અને

(૨) ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ-૧૦૫ હેઠળ ગ્રામ પંચાયતને દબાણ દુર કરવાની સત્તા મળેલ છે.

ગ્રામ પંચાયતો દ્વારા દબાણદારોને નોટીસ આપી દબાણ દુર કરવા કામગીરી હાથ ધરવામાં આવે છે.

ગ્રામ પંચાયત કક્ષાએ દબાણો અંગેનું રજીસ્ટર નિભાવવામાં આવે છે.

(૩) કેટલાં સમયમાં આ દબાણો દૂર કરવાનું સરકારનું આયોજન છે ?

(૩) સત્વરે

**વડોદરા જિલ્લા પંચાયતમાં કારકુનોની મંજૂર જ્યાઓ**

૨૦૦૫૦ : **શ્રી ભૂપેન્દ્રભાઈ લાખાવાળા (વડોદરા શહેર ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોમાં કેટલા કારકુનોની જ્યા મંજૂર થયેલ છે,

(૧)

| | | મંજૂર જ્યા |
|---|---|---|
| (૧) | જિલ્લા પંચાયતમાં | ૭૦ |
| (૨) | તાલુકા પંચાયતોમાં | ૧૧૪ |
| | **કુલ :** | **૧૮૪** |

(૨) તે પેકી કેટલી જ્યાઓ ભરવામાં આવેલ છે અને કેટલી ખાલી છે,

(૨)

| | ભરવામાં આવેલ જ્યા | ખાલી જ્યા |
|---|---|---|
| જિલ્લા પંચાયત | ૬૬ | ૦૪ |
| તાલુકા પંચાયત | ૮૦ | ૩૪ |
| **કુલ :** | **૧૪૬** | **૩૮** |

(૩) આ ખાલી જ્યાઓ સરકાર ભરવા માંગે છે કે કેમ, અને

(૩) હા, જી.

(૪) જો હા, તો ક્યાં સુધીમાં આ જ્યાઓ ભરવામાં આવશે ?

(૪) સત્વરે.

## સુરત જિલ્લામાં જંગલની જમીનો ખેડૂતોને આપવા બાબત

૧૮૮૦૬ **: શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ (મહુવા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જંગલની જમીન કાયદા-૨૦૦૬ અન્વયે કેટલા ખેડૂતોને જંગલની જમીનો આપવામાં આવી, અને

(૨) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કેટલા ખેડૂતોને જંગલની જમીન આપવાની બાકી છે ?

**જવાબ**

(૧)

| ક્રમ | વર્ષ | મંજૂર અરજીઓ |
|---|---|---|
| ૧ | ૨૦૦૮ | ૧૧ |
| ૨ | ૨૦૦૯ | ૧૮૧૦ |
| ૩ | ૨૦૧૦ | ૧૬૨૬ |

(૨) ૨૫૭૨.

## કોડીનાર તાલુકામાં બી.પી.એલ. યાદીમાં નામ સમાવવા બાબત

૧૮૮૬૧ **: શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકામાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ગરીબી રેખા હેઠળ બી.પી.એલ. યાદીમાં નામ સમાવવા માટે ૯૬૮૩ અરજીઓ મળેલ છે તે હકીક્ત સાચી છે,

(૨) જો, હા તો તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ બી.પી.એલ. યાદીમાં નામ સમાવવા માટે મળેલ અરજીઓના નિકાલ માટે શી કાર્યવાહી કરેલ,

(૩) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કેટલા નવા નામ બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરવામાં આવ્યા, અને

(૪) તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) હા, જુનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ગરીબીરેખા હેઠળ બીપીએલ યાદીમાં નામ સમાવવા માટે ૯૬૮૩ અરજીઓ મળેલ છે તે હકીક્ત સાચી છે.

(૨) ૯૬૮૩ અરજીઓમાંથી ૯૩૦૨ અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે, જ્યારે મંજૂર કરેલ ૩૮૧ ૩૮૧ અરજીઓની મોજણીની કામગીરી પ્રગતી હેઠળ છે. જે પૂર્ણ થયે પાત્રતા ધરાવતા કુટુંબોનો બીપીએલ યાદીમાં સમાવેશ કરવામાં આવશે.

(૩) અરજીઓની મોજણીની કામગીરી પ્રગતિ હેઠળ છે. જે પૂર્ણ થયે પાત્રતા ધરાવતાં કુટુંબોનો યાદીમાં સમાવેશ કરવામાં આવશે.

(૪) ઉપર મુજબ

--------

## સુરત જિલ્લામાં એસ્સાર કંપની સામે વન અધિનિયમ ૧૯૨૭ હેઠળ નોંધવામાં આવેલ ગુન્હાઓ

૧૯૮૯૮ **: શ્રી પ્રભુભાઈ વસાવા (સોનગઢ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં એસ્સાર કંપની સામે તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ભારતીય વન અધિનિયમ-૧૯૨૭ મુજબ ક્યા ક્યા ગુન્હાઓ ક્યા ક્યા કારણોસર નોંધવામાં આવ્યા, અને

(૨) નોંધાયેલા ગુન્હાઓના સંદર્ભમાં આગળ શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) સુરત જિલ્લામાં એસ્સાર કંપની સામે તારીખ ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ભારતીય વન અધિનિયમ-૧૯૨૭ અન્વયે અનામત જંગલમાં વગર પરવાનગીએ ટ્રક પ્રવેશ કરતાં, ગાંડા બાવળના ઝાડોને નુક્સાન કરતા, જમીન લેવલીંગ તથા માટીનું પુરાણ કરતા, ફેન્સીંગ દૂર કરતાં, દિવાલ બનાવવાની કામગીરી અંગેના કુલ-૪ ગુન્હાઓ નોંધવામાં આવ્યા છે.

(૨) નોંધાયેલા ગુન્હાઓના સંદર્ભમાં કામગીરી અટકાવી કુલ્લે રૂા. ૧૨,૭૫,૦૦૦/- નુક્સાનીના વળતર પેટે વસુલ લેવામાં આવેલ છે અને બિન પરવાનગીએ વન વિસ્તારમાં ટ્રક પ્રવેશ કરવાના ગુન્હા સબબ રૂા. ૧,૦૦૦/- દંડ પેટે વસુલ લેવામાં આવેલ છે.

## તાપી જિલ્લામાં જિલ્લા/તાલુકા પંચાયતમાં સંવર્ગવાર મંજૂર મહેકમ

૧૭૯૯૦ **: શ્રી પુનાભાઈ ઘે. ગામીત (વ્યારા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાપી જિલ્લાની રચના પછી તા. ૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોમાં

**જવાબ**

(૧) જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોમાં સંવર્ગવાર મંજૂર મહેકમની વિગતો નીચે મુજબ છે.

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | જિલ્લા પંચાયતનું મહેકમ<br>સંવર્ગ — મંજૂર મહેકમ<br>વર્ગ-૧ — ૧૩<br>વર્ગ-૨ — ૧૭<br>વર્ગ-૩ — ૧૧૦<br>વર્ગ-૪ — ૧૮<br>**કુલ — ૧૫૮**<br>તાલુકા પંચાયતનું મહેકમ<br>સંવર્ગ — મંજૂર મહેકમ<br>વર્ગ-૧ — ૨<br>વર્ગ-૨ — ૯૪<br>વર્ગ-૩ — ૪૭૨૯<br>વર્ગ-૪ — ૩૩૪<br>**કુલ — ૫૧૫૯** |
| (૨) મંજૂર થયેલ મહેકમ સામે કેટ કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે ? | (૨) આ જગ્યાઓ જુદા જુદા સમયથી ખાલી છે. |

--------

## સુરેન્દ્રનગર જિલ્લામાં ગ્રામ સેવકનું નિયત મહેકમ

૧૮૫૦૨ **: શ્રી હરીલાલ પટેલ (ધ્રાંગધ્રા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૦-૯-૧૦ની સ્થિતિએ ગ્રામસેવકનું નિયત મહેકમ તાલુકાવાર કેટલું છે, આ પૈકી કેટલી જગ્યાઓ તાલુકા દીઠ ખાલી છે, અને

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૦-૯-૨૦૧૦ની સ્થિતિએ ગ્રામસેવકોનું તાલુકાવાર મંજૂર થયેલ મહેકમ તેમજ ખાલી જગ્યાની વિગત નીચે મુજબ છે.

| અ. નં. | તાલુકાવાર મંજૂર થયેલ મહેકમ | નિયત મહેકમ | ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૧ | વઢવાણ | ૦૪ | ૦૧ |
| ૨ | લીમડી | ૦૭ | ૦૫ |
| ૩ | સાયલા | ૦૭ | ૦૪ |
| ૪ | ચોટીલા | ૦૯ | ૦૩ |
| ૫ | ચૂડા | ૦૩ | ૦૦ |
| ૬ | લખતર | ૦૫ | ૦૨ |
| ૭ | મૂળી | ૦૬ | ૦૦ |
| ૮ | ધ્રાંગધ્રા | ૦૭ | ૦૧ |
| ૯ | હળવદ | ૦૭ | ૦૪ |
| ૧૦ | પાટડી | ૦૮ | ૦૨ |
| | કુલ : | ૬૩ | ૨૨ |

(૨) આ જગ્યાનું મહેકમ પૂરવા સરકારે શું આયોજન કરેલ છે ?

(૨) સીધી ભરતી અને બઢતી ધ્વારા ખાલી જગ્યાઓ ભરવા માટેનું આયોજન કરેલ છે.

--------

## સુરત જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં પ્રમુખ/સભ્યોની ભરેલ જગ્યાઓ

૧૯૫૮૫ **: શ્રીમતી ભારતીબેન રાઠોડ (કામરેજ) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં તા. ૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ પ્રમુખ અને સભ્યોની કેટલી જગ્યાઓ ભરેલી છે,

**જવાબ**

(૧) (૧) સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ (મુખ્ય) માં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ૨ (બે) સભ્યોની જગ્યાઓ ભરેલી છે.

(૨) સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ (એડીશનલ)માં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ એક પ્રમુખ તથા એક મહિલા સભ્યની જગ્યા ભરેલી છે.

(૨) કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) (૧) સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ (મુખ્ય) માં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ એક પ્રમુખની જગ્યા ખાલી છે.

(૨) સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ (એડીશનલ) માં તા. ૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ એક પુરુષ સભ્યની જગ્યા

(૩) તે ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

ખાલી છે.

(૩) (૧) સુરત જિલ્લા ગ્રાહક તક્રાર નિવારણ ફોરમ (મુખ્ય) માં પ્રમુખની એક ખાલી જગ્યા ઉપર ફેબ્રુઆરી ૨૦૧૧માં નિમણૂંક આપવામાં આવેલ છે.

(૨) સુરત જિલ્લા ગ્રાહક તક્રાર નિવારણ ફોરમ (એડીશનલ)માં એક પુરુષ સભ્યની ખાલી જગ્યા ઉપર ફેબ્રુઆરી ૨૦૧૧માં નિમણૂંક આપવામાં આવેલ છે.

**અમદાવાદ શહેરમાં રાંધણગેસની એજન્સીઓ ધ્વારા ગેરકાયદેસર બાટલા વેચવા બાબત**

૧૯૫૬૬ **: શ્રી ગ્યાસુદીન શેખ (શાહપુર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ શહેરમાં રાંધણગેસની એજન્સીઓ ધ્વારા ગેરકાયદેસર રીતે બાટલા કાળાબજારમાં વેચાય છે તેવી વ્યાપક ફરિયાદો સામે સરકારે શાં પગલાં લીધા,

(૨) કઈ એજન્સીઓ તેમાં સંડોવાયેલી માલુમ પડી, અને

(૩) તેમના સંચાલકો સામે ક્યા પ્રકારના પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ શહેરમાં મળેલ ફરિયાદ અન્વયે ૬(છ) તપાસો ઉપરાંત આ સમયગાળામાં બીજી ૧૦ તપાસો મળીને કુલ -૧૬ તપાસો કરવામાં આવી, જેમાં રૂા. ૨,૬૩,૬૯૭/- ની કિંમતનો ૭૨૦ નંગ રાંધણગેસ સીલીન્ડરનો જથ્થો કબજે લેવામાં આવ્યો.

(૨) **એજન્સીઓના નામ**

૧ જયઅંબે ગેસ સર્વિસ મણીનગર, અમદાવાદ
૨ તોમર ગેસ એજન્સી, રખિયાલ અમદાવાદ
૩ અર્જુન ગેસ એજન્સી, સાબરમતી અમદાવાદ
૪ પ્રાંજલ ગેસ ઇન્ડેન સાબરમતી, અમદાવાદ
૫ અગ્નિ ગેસ એજન્સી, રખિયાલ, અમદાવાદ
૬ પ્રમુખ ગેસ એજન્સી રખિયાલ, અમદાવાદ
૭ ઓમકાર ગેસ ઈન્ડેન નરોડા, અમદાવાદ
૮ સરસપુર ગેસ સર્વિસ બાપુનગર, અમદાવાદ
૯ કીર્તી ગેસ સર્વિસ સરખેજ, અમદાવાદ
૧૦ જીવન જ્યોત ગેસ સર્વિસ નરોડા, અમદાવાદ

(૩) સદરહુ ગેસ એજન્સીઓની તપાસમાં જણાયેલ ક્ષતિઓ/ગેરરીતીઓને અનુલક્ષીને આવશ્યક ચીજ-વસ્તુઓ અધિનિયમ-૧૯૫૫ તથા ધી ગુજરાત આવશ્યક ચીજવસ્તુઓ (પરવાના નિયંત્રણ અને જથ્થા જાહેરાત) આદેશ ૧૯૮૧ અન્વયે કબજે લીધેલ જથ્થા પૈકી રૂા. ૬૮૯૮૨/- ની કિંમતનો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો. રૂા. ૮૦૦૦/- ની પરવાના અનામતની રકમ રાજ્યસાત કરવામાં આવી.

**મહેસાણા જિલ્લામાં સખી મંડળ યોજનામાં મહિલા જૂથો**

૧૯૫૯૮ **: શ્રીમતી જશોદાબેન પરમાર (જોટાણા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં મહિલા સશક્તિકરણ કાર્યક્રમ અંતર્ગત સખી મંડળ યોજનામાં વર્ષ-૨૦૧૦-૧૧ માં તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ કેટલા મહિલા જૂથોની રચના થઈ,

(૨) તે પૈકી કેટલા મહિલા જુથોને રીવોલ્વીંગ ફંડ આપવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) તા. ૦૧-૦૧-૨૦૧૦ થી તા. ૩૧-૧-૧૧ દરમ્યાન કુલ **૨૧૨૦** સખીમંડળ જુથોની રચના કરવામાં આવેલ છે.

(૨) તે પૈકી **૫૭૨** સખી મંડળને રીવોલ્વીંગ ફંડ ચૂકવવામાં આવેલ છે.

(૩) તે પેકી કેટલી જૂથો આર્થિક પ્રવૃત્તિ કરે છે ?

(૩) તા. ૦૧-૦૧-૨૦૧૦ થી તા. ૩૧-૧-૨૦૧૧ સુધી રચાયેલ સખી મંડળો પેકી ૭૮૪ સખીમંડળ જુથો આર્થિક પ્રવૃત્તિ કરે છે.

**દાહોદ જિલ્લામાં ઈકો ટુરીઝમના વિકાસ માટે સ્થળની પસંદગી**

૧૭૯૯૪ : **શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ઈકો ટુરીઝમના વિકાસ માટે ક્યા ક્યા સ્થળની પસંદગી કરી છે, અને

(૨) આ સ્થળોના વિકાસ માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ?

**જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં ઈકો ટુરીઝમના વિકાસ માટે કંજેટા-રતનમહાલ અને રામપુરા દેવઝરી (શિવમંદિર) સ્થળોની પસંદગી કરવામાં આવેલ છે.

(૨) આ સ્થળોના વિકાસ માટે તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કોઈ ખર્ચ કરવામાં આવેલ નથી.

**ઉના તાલુકામાં ટેરેસ તલાવડી બનાવવા બાબત**

૧૯૬૧૬ : **શ્રી કાળુભાઈ ચ.રાઠોડ (ઉના) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જુનાગઢ જિલ્લાના ઉના તાલુકામાં વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ કેટલી ટેરેસ તલાવડી બનાવવામાં આવેલ છે, અને

(૨) આ તલાવડી માટે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) જુનાગઢ જિલ્લાના ઉના તાલુકામાં "મનરેગા" યોજના હેઠળ વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ ૧૩૨૦ ટેરેસ તલાવડી બનાવવામાં આવેલ છે.

(૨) આ તલાવડી માટે **રૂા. ૨૫૯૩૦/-** નો ખર્ચ થવા પામેલ છે.

**દાહોદ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં કામોની અરજીઓ**

૧૯૩૭૮ : **શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજના હેઠળ કુલ કેટલી કામોની અરજીઓ મળી,

(૨) આ અરજીઓ પેકી કેટલા કામોને મંજૂરી આપવામાં આવી, અને

**જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજના હેઠળ નીચે મુજબની વિગતે કુટુંબો દ્વારા કામોની માંગણીની અરજીઓ મળેલ છે.

| અ. નં. | તાલુકાનું નામ | રોજગારીની માંગણી કરેલ કુટુંબોની સંખ્યા |
|---|---|---|
| ૧ | દાહોદ | ૧૮૯૯૩ |
| ૨ | ગરબાડા | ૧૪૭૫૫ |
| ૩ | ઝાલોદ | ૨૦૮૦૨ |
| ૪ | ફતેપુરા | ૨૯૯૨ |
| ૫ | લીમખેડા | ૨૩૯૯૪ |
| ૬ | ધાનપુર | ૧૮૫૯૩ |
| ૭ | દેવગઢબારીયા | ૧૯૦૨૯ |
| | **કુલ** | **૧૧૯૧૫૮** |

(૨) આ અરજીઓ પેકી નીચે મુજબના કુટુંબોને રોજગારી આપવામાં આવેલ છે.

| અ. નં. | તાલુકાનું નામ | રોજગારી આપેલ કુટુંબોની સંખ્યા |
|---|---|---|
| ૧ | દાહોદ | ૧૮૯૯૩ |
| ૨ | ગરબાડા | ૧૪૭૫૫ |
| ૩ | ઝાલોદ | ૨૦૮૦૨ |
| ૪ | ફતેપુરા | ૨૯૯૨ |

| | | |
|---|---|---|
| ૫ | લીમખેડા | ૨૩૯૯૪ |
| ૬ | ધાનપુર | ૧૮૫૯૩ |
| ૭ | દેવગઢબારીયા | ૧૯૦૨૯ |
| | **કુલ** | **૧૧૯૧૫૮** |

(૩) ઉપરોક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવાની બાકી છે ?

(૩) રોજગારીની માંગણી કરનાર તમામ કુટુંબોની માંગણી અંગેની તમામ અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે.

## વડોદરા જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં જોબકાર્ડ

૧૯૫૫૭ : **શ્રી ચંદુભાઈ મો.ડાભી (કરજણ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ તાલુકાવાર કેટલા જોબકાર્ડ આપવામાં આવ્યા.

(૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ તાલુકાવાર નીચે મુજબ જોબકાર્ડ આપવામાં આવ્યા.

| અ. નં. | તાલુકાનું નામ | તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આપેલ જોબકાર્ડની સંખ્યા |
|---|---|---|
| ૧ | વડોદરા | ૦ |
| ૨ | સાવલી | ૦ |
| ૩ | વાઘોડીયા | ૦ |
| ૪ | પાદરા | ૧૬૦૦ |
| ૫ | કરજણ | ૦ |
| ૬ | શિનોર | ૦ |
| ૭ | ડભોઈ | ૦ |
| ૮ | સંખેડા | ૦ |
| ૯ | નસવાડી | ૦ |
| ૧૦ | જેતપુરપાવી | ૧૦૦૯૨ |
| ૧૧ | છોટા ઉદેપુર | ૪૯૦૨ |
| ૧૨ | ક્વાંટ | ૦ |
| | **કુલ** | **૧૬૫૯૪** |

(૨) આવા જોબકાર્ડ ધારકોને તા. ૩૧-૧-૧૧ સુધીમાં તે અન્વયે કેટલી રોજગારી આપવામાં આવી, અને

(૨) આવા જોબકાર્ડ ધારકોને તા. ૩૧-૧-૧૧ સુધીમાં તે અન્વયે નીચે મુજબ રોજગારી આપવામાં આવી.

| અ. નં. | તાલુકાનું નામ | તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આપેલ જોબકાર્ડની સંખ્યા |
|---|---|---|
| ૧ | વડોદરા | ૦ |
| ૨ | સાવલી | ૦ |
| ૩ | વાઘોડીયા | ૦ |
| ૪ | પાદરા | ૦.૧૩૭ |
| ૫ | કરજણ | ૦ |
| ૬ | શિનોર | ૦ |
| ૭ | ડભોઈ | ૦ |
| ૮ | સંખેડા | ૦ |
| ૯ | નસવાડી | ૦ |
| ૧૦ | જેતપુરપાવી | ૩.૦૨ |
| ૧૧ | છોટા ઉદેપુર | ૦.૪૯ |
| ૧૨ | ક્વાંટ | ૦ |
| | **કુલ** | **૩.૬૪૭** |

(૩) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ કેટલા જોબકાર્ડ ધારકોને રોજગારી અપાઈ નથી ?

(૩) રોજગારીની માંગણી કરનાર તમામ જોબકાર્ડ ધારકોને રોજગારી આપવામાં આવેલ છે.

## આણંદ જિલ્લામાં ખેતીના પાકને રોઝ અને ભુંડ દ્વારા થતું નુક્શાન

૧૮૭૬૯ : **શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) આણંદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રોઝ અને ભુંડ દ્વારા ખેતીના પાકમાં પારાવાર નુક્સાન કરવામાં આવે છે તે હકીકત સરકાર જાણે છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો રોઝ અને ભુંડથી થતું નુક્સાન બચાવવા સરકારની કોઈ યોજના છે,

(૨) હા, જી.

(૩) જો હા, તો કઈ યોજના છે, અને

(૩) રોઝથી થતું નુક્સાન નિયંત્રણમાં લેવા સરકારશ્રીની નીચે મુજબની યોજનાઓ અમલમાં છે. (૧) ગુજરાત સરકારશ્રીની યોજના મુજબ રાજ્યમાં ખેડૂતોના

ખેતરની ફરતે વાડ બનાવવા માટે થતાં ખર્ચમાં ૫૦ ટકા સહાય આપવાની યોજના હાલ અમલમાં છે. (૨) જે વિસ્તારોમાં રોઝનો ત્રાસ વધુ હોય તેવા વિસ્તારોના ગામોના સરપંચશ્રીઓને માનદ વન્યપ્રાણી સંરક્ષક તરીકે નિમણૂક આપી રોઝનો નિકાલ કરવાની સત્તા આપવામાં આવેલ છે.

(૪) રોઝ અને ભુંડથી રસ્તા પર અકસ્માત થતાં ઘાયલ અથવા મૃત્યુ પામનાર વાહન ચાલકને વળતર આપવાની સરકારની યોજના છે ?

(૪) ના, જી.

**એસ્સાર કંપની દ્વારા હજીરા, સુરત ખાતે કોસ્ટલ રેગ્યુલેટેડ ઝોનમાં જંગલની જમીનમાં દબાણ**

૨૦૦૬૨ : **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં એસ્સાર કંપની દ્વારા હજીરા, સુરત ખાતે કોસ્ટલ રેગ્યુલેટેડ ઝોન અને જંગલની કેટલી જમીનમાં ક્યારથી દબાણ કરવામાં આવ્યું છે, અને

(૨) આ દબાણ દૂર કરવા માટે સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) છેલ્લા ત્રણ વર્ષમાં કોઈ દબાણ થયું નથી. તે અગાઉ થયેલ દબાણ કેટલીક શરતો અને દંડને આધિન વિનિયમિત કરવા કેન્દ્ર સરકારને દરખાસ્ત કરવામાં આવી છે.

(૨) ઉપર મુજબ

**પંચમહાલ જિલ્લામાં પંચાયતની જમીન ઉપર ગેરકાયદેસર દબાણ**

૧૯૨૮૨ : **શ્રી સી. કે. રાઉલજી (ગોધરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ તાલુકાવાર પંચાયતની જમીનો ઉપર ગેરકાયદેસર દબાણની સંખ્યા કેટલી છે, અને

(૨) આવા દબાણ દૂર કરવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ તાલુકાવાર પંચાયતની જમીનો ઉપર ગેરકાયદેસર દબાણોની સંખ્યા નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ગેરકાયદેસર દબાણદારોની સંખ્યા | |
|---|---|---|---|
| | | ગોચર | ગામતળ |
| ૧ | ગોધરા | ૦ | ૪૭ |
| ૨ | શહેરા | ૪૩ | ૦ |
| ૩ | લુણાવાડા | ૫ | ૭ |
| ૪ | ખાનપુર | ૩૭ | ૦ |
| ૫ | જાંબુઘોડા | ૧૭ | ૬૩ |
| ૬ | કાલોલ | ૧ | ૧૬૮ |
| ૭ | હાલોલ | ૬ | ૧ |
| ૮ | સંતરામપુર | ૪૧ | ૦ |
| ૯ | કડાણા | ૨૮ | ૪૩ |
| ૧૦ | મોરવા(હ) | ૪૨ | ૪૨ |
| ૧૧ | ઘોઘંબા | ૧૧૩ | ૦ |
| | કુલ : | ૩૩૩ | ૩૭૧ |

(૨) ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ-૧૦૫ હેઠળ ગ્રામ પંચાયતને દબાણ દૂર કરવાની સત્તા મળેલ છે.

ગ્રામ પંચાયતો દ્વારા દબાણદારોને નોટીસ આપી દબાણ દૂર કરવા કામગીરી હાથ ધરવામાં આવે છે.

ગ્રામ પંચાયત કક્ષાએ દબાણો અંગેનું રજીસ્ટર નિભાવવામાં આવે છે.

તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ગોચરના ૩૫ તથા ગામતળના ૧૨૮ મળી કુલ ૧૬૩ દબાણો દૂર કરવામાં આવેલ છે.

--------

**બનાસકાંઠા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના**

૧૯૬૪૧ **: શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા. ૩૧-૧-૧૧ સુધીમાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તે પેકી ધાનેરા તાલુકામાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના એટલે કે સામુહિક વન નિર્માણ યોજના હેઠળ નીચેની વિગતે વર્ષવાર વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૭૨૬ | ૬.૪૦ |
| ૨૦૧૦-૧૧ | ૪૧૩ | ૫.૦૬ |
| કુલ : | ૧૧૩૯ | ૧૧.૪૬ |

(૨) તે પેકી ધાનેરા તાલુકામાં નીચેની વિગતે વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૫૧ | ૦.૪૩ |
| ૨૦૧૦-૧૧ | ૨૯ | ૦.૩૪ |
| કુલ : | ૮૦ | ૦.૭૭ |

--------

**વડોદરા જિલ્લામાં ગરીબ કુટુંબોને પામોલીન તેલનું વિતરણ**

૨૦૦૫૬ **: શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧માં સરકાર દ્વારા ગરીબ કુટુંબો માટે તહેવારોમાં સસ્તા દરે પામોલીન તેલ વિતરણ કરવાનું આયોજન કરેલ છે, તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો. તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કેટલું પામોલીન તેલનું વિતરણ ર્ક્યું ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) સને ૨૦૧૦-૧૧ના વર્ષ માટે એક લીટરના ૭,૧૫,૨૭૨ પામોલીન તેલના પાઉચનું વિતરણ કરવામાં આવેલ છે.

**ખેડા અને આણંદ જિલ્લામાં પંચાયતની જમીનો ઉપર તાલુકાવાર દબાણો**

૧૯૩૩૯ **: શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ખેડા અને આણંદ જિલ્લામાં પંચાયતની જમીનો પર તાલુકાવાર ક્યાં ક્યાં અને કેટલાં દબાણો છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ તાલુકાવાર પંચાયતની જમીનો પર થયેલ દબાણોની વિગત નીચે મુજબ છે.

(૨)

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | ગોચર દબાણની સંખ્યા | ગામતળ દબાણની સંખ્યા | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | ખેડા | ખેડા | ૧૨ | ૧૨ | ૨૪ |
| | | નડીયાદ | ૫૨ | ૩૦ | ૮૨ |
| | | વિરપુર | ૦૦ | ૦૩ | ૦૩ |
| | | કપડવંજ | ૧૦ | ૦૦ | ૧૦ |
| | | ઠાસરા | ૦૧ | ૦૨ | ૦૩ |
| | | કઠલાલ | ૦૪ | ૦૩ | ૦૭ |
| | | મહેમદાવાદ | ૨૧ | ૦૬ | ૨૭ |
| | | મહુધા | ૦૪ | ૦૪ | ૦૮ |
| | | માતર | ૪૧ | ૧૧ | ૫૨ |
| | | બાલાસિનોર | ૦૦ | ૦૧ | ૦૧ |
| | કુલ : | | ૧૪૫ | ૭૨ | ૨૧૭ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨ | આણંદ | આણંદ | ૫૩ | ૧૮૭ | ૨૪૦ |
| | | ઉમરેઠ | ૨૪ | ૧૪ | ૩૮ |
| | | બોરસદ | ૨૭ | ૬૬ | ૯૩ |
| | | આંક્લાવ | ૦૧ | ૦૦ | ૦૧ |
| | | પેટલાદ | ૪૦ | ૧૦૭ | ૧૪૭ |
| | | સોજીત્રા | ૦૨ | ૦૭ | ૦૯ |
| | | ખંભાત | ૦૨ | ૦૫ | ૦૭ |
| | | તારાપુર | ૩૬ | ૧૫ | ૫૧ |
| | કુલ : | | ૧૮૫ | ૪૦૧ | ૫૮૬ |

(૨) આવા દબાણો દૂર કરવા સરકારે શું આયોજન કરેલ છે, અને

(૨)ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની ક્લમ-૧૦૫ હેઠળ ગ્રામ પંચાયતને દબાણ દૂર કરવાની સત્તા મળેલ છે.

ગ્રામ પંચાયતો દ્વારા દબાણદારોને નોટીસ આપી દબાણ દૂર કરવાની કામગીરી હાથ ધારવામાં આવે છે.

ગ્રામ પંચાયત કક્ષાએ દબાણો અંગેનું રજીસ્ટર નિભાવવામાં આવે છે.

(૩) કેટલાં સમયમાં આ દબાણો દૂર કરવાનું આયોજન છે ?

(૩) સત્વરે.

## આણંદ જિલ્લામાં ગોચરના દબાણો

૧૮૯૪૫ : **શ્રી નિરંજનભાઈ પટેલ (પેટલાદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) આણંદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ તાલુકાવાર ક્યા ક્યા ગામોમાં ગોચર દબાણો છે,

(૧) આણંદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ તાલુકાવાર ગોચર દબાણની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ |
|---|---|---|
| ૧ | આણંદ | ત્રણોલ, નાપડ(તળયદ), રાહતલાવ, લાંભવેલ |
| ૨ | ઉમરેઠ | અહીમા, અરડી, ખાનકુવા, ગંગાપુરા, જાખલા, તારપુરા, દાગજીપુરા, સુંદલપુરા, બડાપુરા, બેચરી, ભાલેજ, મેઘવા(બડા), રતનપુરા, વણસોલ, સુરેલી, સૈયદપુરા |
| ૩ | બોરસદ | વાસણા(બો), દાવોલ, વાલવોડ, સીંગલાવ, દેદરડા, દહેમી, ઉમલાવ |
| ૪ | આંકલાવ | ચમારા |
| ૫ | પેટલાદ | સંદરા, બોરીયા, શાહપુર, વિશ્રામપુરા, માનપુર, ડેમોલ, ફાંગણી, કણીયા, ઘૂંટેલી, ચાંગા, ભાટીયેલ, મહેળાવ, રાવલી, સિહોલ, સુણાવ, સંજાયા |
| ૬ | સોજીત્રા | ડભોઉ મઘરોલ |
| ૭ | ખંભાત | નોજા, જીણજ, લુણેજ |
| ૮ | તારાપુર | - |

(૨) આવા ગોચર દબાણો દૂર કરવા સરકારે શું આયોજન કરેલ છે, અને

(૨) ગુજરાત પંયાત અધિનિયમ ૧૯૯૩ની ક્લમ-૧૦૫ હેઠળ ગ્રામ પંચાયતને દબાણ દૂર કરવાની સત્તા મળેલ છે.

ગ્રામ પંચાયતો દ્વારા દબાણદારોને નોટીસ આપી દબાણ દૂર કરવા કામગીરી હાથ ધરવામાં આવે છે.

ગ્રામ પંચાયત કક્ષાએ દબાણો અંગેનું રજીસ્ટર નિભાવવામાં આવે છે.

(૩) કેટલાં સમયમાં આ દબાણો દૂર કરવાનું સરકારનું આયોજન છે ?

(૩) બનતી ત્વરાએ

**અમદાવાદ શહેરમાં બાયોમેટીક રેશનકાર્ડ આપવા બાબત**

૧૯૧૫૫ : **શ્રી શૈલેષભાઈ મ.પરમાર (શહેર કોટડા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેરમાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ બાયોમેટીક રેશનકાર્ડ કેટલા નાગરિકોને આપવામાં આવ્યા,

(૨) આવા બાયોમેટીક રેશનકાર્ડ દીઠ કેટલો ખર્ચ થનાર છે, અને

(૩) કેટલા સમયમાં અમદાવાદ શહેરના તમામ નાગરિકોને રેશનકાર્ડ આપવાનું આયોજન છે?

**જવાબ**

(૧) શૂન્ય.

(૨) વિભાગના તા. ૨૮-૧૦-૧૦ના ઠરાવ મુજબ બીપીએલ અને એએવાય કેટેગરી માટે બાર કોડેડ રેશનકાર્ડની કિંમત નિઃશુલ્ક છે. એપીએલ-૧ માટે રૂા. ૩૦/-તથા એપીએલ-૨ માટે રૂા. ૪૦/-કિંમત નક્કી કરેલ છે.

(૩) યોજના અંતગર્ત કામગીરી ચાલુ છે. ડેટા એન્ટ્રી, ચકાસણી અને બાયોમેટ્રીક્ની કામગીરી પૂર્ણ થયેથી.

--------

**કેન્દ્રના આદિજાતિ મંત્રાલયે રાજ્યના આદિવાસીઓના ઉત્થાન માટે ફાળવેલ રકમ**

૧૯૯૬૭ : **શ્રી છનાભાઈ ચૌધરી (ધરમપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તારીખ ૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેન્દ્રના આદિજાતિ મંત્રાલયે રાજ્યના આદિવાસીઓના ઉત્થાન માટે વર્ષવાર કેટલી રકમ ફાળવી?

**જવાબ**

તા. ૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેન્દ્રના આદિજાતિ મંત્રાલયે રાજ્યના આદિવાસીઓના ઉત્થાન માટે આદિજાતિ વિકાસ વિભાગને વર્ષવાર ફાળવેલ રકમ નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | રકમ રૂ. લાખમાં |
|---|---|---|
| ૧ | ૨૦૦૯-૧૦ | ૧૪૨૦૭.૦૯ |
| ૨ | ૨૦૧૦-૧૧ (૩૧-૦૧-૧૧ અંતિત) | ૨૨૪૯૨.૫૮ |
| | **કુલ રૂપિયા** | ૩૬૬૯૯.૬૭ |

--------

**વડોદરા જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી ગેરંટી યોજનામાં જોબકાર્ડ**

૧૯૫૪૪ : **શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૧-૧૧ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના અન્વયે કેટલા શ્રમિકોને જોબકાર્ડ આપવામાં આવ્યા,

(૨) તેઓને ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી રોજગારી આપવામાં આવી, અને

**જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના અન્વયે નીચે મુજબ શ્રમિકોને જોબકાર્ડ આપવામાં આવ્યા.

| ક્રમ | તાલુકાનું નામ | તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આપેલ જોબકાર્ડની સંખ્યા |
|---|---|---|
| ૧ | વડોદરા | ૦ |
| ૨ | સાવલી | ૦ |
| ૩ | વાઘોડીયા | ૦ |
| ૪ | પાદરા | ૧૬૦૦ |
| ૫ | કરજણ | ૦ |
| ૬ | શિનોર | ૦ |
| ૭ | ડભોઈ | ૦ |
| ૮ | સંખેડા | ૦ |
| ૯ | નસવાડી | ૦ |
| ૧૦ | જેતપુર પાવી | ૧૦૦૯૨ |
| ૧૧ | છોટાઉદેપુર | ૪૯૦૨ |
| ૧૨ | ક્વાંટ | ૦ |
| | **કુલ** | **૧૬૫૯૪** |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નીચે મુજબ શ્રમિકોને માનવદિનની રોજગારી આપવામાં આવી.

| ક્રમ | તાલુકાનું નામ | તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આપેલ જોબકાર્ડની સંખ્યા |
|---|---|---|
| ૧ | વડોદરા | ૦ |
| ૨ | સાવલી | ૦ |

| | | |
|---|---|---|
| ૩ | વાઘોડીયા | ૦ |
| ૪ | પાદરા | ૦.૧૩૭ |
| ૫ | કરજણ | ૦ |
| ૬ | શિનોર | ૦ |
| ૭ | ડભોઈ | ૦ |
| ૮ | સંખેડા | ૦ |
| ૯ | નસવાડી | ૦ |
| ૧૦ | જેતપુર પાવી | ૩.૦૨ |
| ૧૧ | છોટાઉદેપુર | ૦.૪૯ |
| ૧૨ | ક્વાંટ | ૦ |
| | **કુલ** | ૩.૬૪૭ |

(૩) તે માટે કેટલો ખર્ચ થયો?

(૩) તે માટે નીચે મુજબ ખર્ચ થયેલ છે.

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આપેલ જોબકાર્ડની સંખ્યા** |
|---|---|---|
| ૧ | વડોદરા | ૦ |
| ૨ | સાવલી | ૦ |
| ૩ | વાઘોડીયા | ૦ |
| ૪ | પાદરા | ૧૨.૨૭૪ |
| ૫ | કરજણ | ૦ |
| ૬ | શિનોર | ૦ |
| ૭ | ડભોઈ | ૦ |
| ૮ | સંખેડા | ૦ |
| ૯ | નસવાડી | ૦ |
| ૧૦ | જેતપુર પાવી | ૨૬૪.૯૦ |
| ૧૧ | છોટાઉદેપુર | ૪૬.૦૭૯ |
| ૧૨ | ક્વાંટ | ૦ |
| | **કુલ** | ૩૨૩.૨૫૩ |

## ભરૂચ જિલ્લામાં મહાત્મા ગાંધી રોજગાર ગેરંટી યોજનામાં કરેલ ખર્ચ

૧૮૯૭૦ : **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગેરંટી યોજના અંતગર્ત તાલુકાવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો,

(૨) આ સમયગાળામાં તાલુકાવાર કેટલા માનવદિન રોજગારી આપવામાં આવી, અને

**જવાબ**

(૧) ભરૂચ જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગેરંટી યોજના અંતગર્ત તાલુકાવાર નીચે મુજબની રકમનો ખર્ચ કરવામાં આવ્યો.

| **તાલુકા** | **ખર્ચની વિગત (રૂ. લાખમાં)** |
|---|---|
| જંબુસર | ૧૯૯.૪૨ |
| આમોદ | ૭૧.૯૧ |
| વાગરા | ૩૯૭.૬૯ |
| ભરૂચ | ૬૨.૭૭ |
| અંકલેશ્વર | ૫૭.૫૧ |
| હાંસોટ | ૨૫.૭૯ |
| વાલીયા | ૫૭૮.૭૧ |
| ઝગડીયા | ૫૩૩.૯૫ |
| **કુલ** | **૧૯૨૭.૭૫** |

(૨) તાલુકાવાર નીચે મુજબના માનવદિનની રોજગારી આપવામાં આવી.

| **તાલુકા** | **માનવદિનની રોજગારી (લાખમાં)** |
|---|---|
| જંબુસર | ૨.૬૪૨૩૧ |
| આમોદ | ૦.૬૦૪૧૬ |
| વાગરા | ૨.૧૧૪૩૧ |
| ભરૂચ | ૦.૩૪૮૮ |
| અંકલેશ્વર | ૦.૩૪૫૬ |
| હાંસોટ | ૦.૨૬૯૫૮ |
| વાલીયા | ૩.૪૨૩૦૯ |
| ઝગડીયા | ૩.૬૭૦૭૨ |
| **હુલ** | **૧૩.૪૧૮૫૭** |

(૩) આ પેકીના કામોમાં તાલુકાવાર મશીનથી કે યાંત્રિક ઓજારોમાંથી કેટલી રકમના કામો કરવામાં આવ્યા?

(૩) એક પણ નહીં.

--------

**વલસાડ અને ડાંગ જિલ્લામાં ગેરકાયદેસર વૃક્ષ છેદનના કેસો**

૧૯૪૧૬ **: શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ અને ડાંગ જિલ્લામાં તારીખ ૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગેરકાયદેસર વૃક્ષ છેદનના કેટલા કેસો નોંધાયા,

(૨) કેટલી રકમનું લાકડું અને કેટલા વાહનો જપ્ત કરવામાં આવ્યા, અને

(૩) વન અધિકારીઓની બેદરકારી બદલ સરકારે તેમની સામે શાં પગલાં લીધા?

**જવાબ**

(૧) વલસાડ અને ડાંગ જિલ્લામાં તારીખ ૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૧૯૩૯ ગેરકાયદેસર વૃક્ષ છેદનના કેસો નોંધાયેલ છે.

(૨) છેલ્લા બે વર્ષમાં કુલ રૂપિયા ૧,૬૩,૨૦,૩૨૧/-નું લાકડું પકડવામાં આવ્યુ અને ૧૭૩ વાહનો જપ્ત કરવામાં આવ્યા.

(૩) ચાર વનરક્ષા સહાયકોને ફરજમાંથી છૂટા કરવામાં આવેલ છે અને એક બીટ ગાર્ડ સામે ખાતાકીય તપાસ ચાલુ છે.

**પાટણ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના**

૧૯૬૩૪ **: શ્રી રજનીકાન્ત સો.પટેલ (ચાણસ્મા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા. ૩૧-૦૧-૧૧ સુધીમાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તે પેકી ચાણસ્મા તાલુકામાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) પાટણ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના એટલે કે સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧માં તા. ૩૧-૦૧-૧૧ સુધીમાં નીચેની વિગતે વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટરમાં) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૩૧૦ | ૨.૭૫ |
| ૨૦૧૦-૧૧ | ૪૧૦ | ૫.૦૫ |
| **કુલ** | **૭૨૦** | **૭.૮૦** |

(૨) તે પેકી ચાણસ્મા તાલુકામાં નીચેની વિગતે વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટરમાં) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૫૭ | ૦.૫૧ |
| ૨૦૧૦-૧૧ | ૬૬ | ૦.૮૨ |
| **કુલ** | **૧૨૩** | **૧.૩૩** |

-------

**વડોદરા અને નર્મદા જિલ્લામાં બેકવર્ડ રિજીયન ગ્રાન્ટ ફંડ યોજનામાં તાલુકાઓનો સમાવેશ**

૧૯૩૮૯ **: શ્રી ધીરુભાઈ ભીલ (નસવાડી)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ના વર્ષમાં તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ વડોદરા અને નર્મદા જિલ્લામાં બેક્વર્ડ રિજીયન ગ્રાન્ટ ફંડ યોજના અંતર્ગત ક્યા ક્યા તાલુકાઓનો સમાવેશ કરવામાં આવેલ છે, અને

(૨) તે અન્વયે આ તાલુકાઓને વર્ષવાર ક્યા ક્યા કામો માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી ?

**જવાબ**

(૧) સને ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ના વર્ષમાં તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ બેક્વર્ડ રિજીયન ગ્રાન્ટ ફંડ યોજના અંતર્ગત નર્મદા જિલ્લામાં નાંદોદ, ડેડીયાપાડા, સાગબારા અને તિલકવાડા તાલુકાઓનો સમાવેશ કરવામાં આવેલ છે.- વડોદરા જિલ્લાનો આ યોજનામાં સમાવેશ થતો નથી.

(૨) સામેલ પત્રક મુજબ.

# પત્રક
## વર્ષ ૨૦૦૯-૧૦

| ક્રમ | કામનું નામ | નાંદોદ | | ડેડીયાપાડા | |
|---|---|---|---|---|---|
| | | કામની સંખ્યા | ફાળવેલ ગ્રાંટની રકમ | કામની સંખ્યા | ફાળવેલ ગ્રાંટની રકમ |
| ૧ | ટ્રેનીંગ સેન્ટરનું બાંધકામ | ૧ | ૫૦.૦૦ | - | - |
| ૨ | આંગણવાડી કેન્દ્રોનું બાંધકામ | ૯ | ૨૯.૨૫ | ૮ | ૨૬.૦૦ |
| ૩ | ઉદવહન સિંચાઈ કુવા, એન્જીન, પાઈપલાઈનની કામગીરી | ૧ | ૧.૫૦ | - | - |
| ૪ | વિષય સજ્જતા તાલીમ સેમીનાર | ૧ | ૦.૨૩ | ૧ | ૦.૨૩ |
| ૫ | ગરીબ પશુપાલકો માટે તાલીમ શિબીર | ૧ | ૦.૦૫ | ૧ | ૦.૦૫ |
| ૬ | મધ્યાહ્ન ભોજન કમ કિચન સ્ટોર | ૩૦ | ૩૯.૦૦ | ૩૩ | ૪૨.૯૬ |
| ૭ | હોસ્ટેલ એક્ષટેન્શન | ૧૦ | ૩૦.૦૦ | - | - |
| ૮ | કોમ્યુનીટી હેલ્થ સેન્ટર | ૧ | ૫.૨૫ | - | - |
| ૯ | રીસોર્સ સેન્ટરનું બાંધકામ | ૧ | ૧૨.૦૦ | - | - |
| ૧૦ | પ્રિ-પ્રાયમરી સ્કુલનું બાંધકામ | ૧ | ૧૭.૬૪ | - | - |
| ૧૧ | કન્સ્ટ્રકટીંગ એ પોલીસ વેલ્ફેર એક્ટીવીટી | ૧ | ૧૧.૨૬ | - | - |
| ૧૨ | કોટવાલીયા આવાસ | - | - | ૧૯૩ | ૯૬.૩૫ |
| ૧૩ | મીની વોટર સપ્લાય સ્કીમ | - | - | ૩ | ૯.૩૬ |
| ૧૪ | જુથ બોરવેલ | - | - | ૪૫ | ૧૮૦.૦૦ |
| ૧૫ | સિંચાઈની સુવિધા | - | - | ૨૨૮ | ૩૦.૦૦ |
| ૧૬ | આશ્રમશાળાના ઓરડા | - | - | ૧૨ | ૩૬.૦૦ |
| ૧૭ | દુધાળી ભેંસો | - | - | ૮૦ | ૨૮.૭૨ |
| ૧૮ | મીની માર્કેટ યાર્ડ | - | - | ૨ | ૧૦.૦૦ |
| ૧૯ | એલ.આઈ. સ્કીમ સિપેજ આધારીત | - | - | - | - |
| ૨૦ | ડીપ ફ્રીઝર | - | - | - | - |
| ૨૧ | ફીશશીડ યોજના | - | - | - | - |
| ૨૨ | હોસ્ટેલ બિલ્ડીંગ બાંધકામ | - | - | - | - |
| ૨૩ | પ્રકૃતિ શિક્ષણ કેન્દ્રના વિકાસ માટે વ્યુ પોઈન્ટની કામગીરી મોજેગામ-વજીરીયા | - | - | - | - |
| ૨૪ | પ્રકૃતિ શિક્ષણ કેન્દ્રની વિજળીકરણની કામગીરી | - | - | - | - |
| ૨૫ | કેનાલ કનેકશન | - | - | - | - |
| ૨૬ | ગટર લાઈન | - | - | - | - |
| | **કુલ** | **૫૭** | **૧૯૬.૧૮** | **૬૦૬** | **૪૫૯.૬૭** |

## (રૂ. લાખમાં)

| સાગબારા | | તિલકવાડા | | કુલ | |
|---|---|---|---|---|---|
| કામની સંખ્યા | ફાળવેલ ગ્રાંટની રકમ | કામની સંખ્યા | ફાળવેલ ગ્રાંટની રકમ | કામની સંખ્યા | ફાળવેલ ગ્રાંટની રકમ |
| - | - | - | - | ૧ | ૫૦.૦૦ |
| ૯ | ૨૯.૨૫ | ૫ | ૧૬.૨૫ | ૩૧ | ૧૦૦.૭૫ |
| - | - | - | - | ૧ | ૧.૫૦ |
| ૧ | ૦.૨૩ | ૧ | ૦.૨૩ | ૪ | ૦.૯૨ |
| ૧ | ૦.૦૫ | ૧ | ૦.૦૫ | ૪ | ૦.૨૦ |
| ૨ | ૨.૬૦ | ૨૫ | ૩૦.૯૪ | ૯૦ | ૧૧૫.૫૦ |
| - | - | - | - | ૧૦ | ૩૦.૦૦ |
| - | - | - | - | ૧ | ૫.૨૫ |
| - | - | - | - | ૧ | ૧૨.૦૦ |
| - | - | - | - | ૧ | ૧૭.૬૪ |
| - | - | - | - | ૧ | ૧૧.૨૬ |
| ૪૭૦ | ૨૩૪.૬૫ | - | - | ૬૬૩ | ૩૩૧.૦૦ |
| ૩ | ૯.૩૬ | - | - | ૬ | ૧૮.૭૨ |
| - | - | - | - | ૪૫ | ૧૮૦.૦૦ |
| ૧૮૫ | ૩૦.૦૦ | - | - | ૪૧૩ | ૬૦.૦૦ |
| - | - | - | - | ૧૨ | ૩૬.૦૦ |
| ૧૨૫ | ૪૪.૮૮ | - | - | ૨૦૫ | ૭૩.૬૦ |
| ૨ | ૧૦.૦૦ | - | - | ૪ | ૨૦.૦૦ |
| ૪ | ૨૪.૦૦ | - | - | ૪ | ૨૪.૦૦ |
| ૪ | ૧.૦૩ | - | - | ૪ | ૧.૦૨ |
| ૧૨ | ૧.૦૨ | - | - | ૧૨ | ૧.૦૮ |
| ૨ | ૧૪.૭૪ | - | - | ૨ | ૧૪.૭૪ |
| - | - | ૪ | ૧.૫૦ | ૪ | ૧.૫૦ |
| - | - | ૧ | ૪.૦૦ | ૧ | ૪.૦૦ |
| - | - | ૪ | ૧.૨૪ | ૪ | ૧.૨૪ |
| - | - | ૧ | ૯.૮૮ | ૧ | ૯.૮૮ |
| **૮૨૦** | **૪૦૧.૮૫** | **૪૨** | **૬૪.૦૮** | **૧૫૨૫** | **૧૧૨૧.૭૯** |

## વર્ષ ૨૦૧૦-૧૧

| ક્રમ | ક્રામનું નામ | નાંદોદ | | ડેડીયાપાડા | |
|---|---|---|---|---|---|
| | | ક્રામની સંખ્યા | ફાળવેલ ગ્રાંટની રકમ | ક્રામની સંખ્યા | ફાળવેલ ગ્રાંટની રકમ |
| ૧ | ટેલી મેડીસીન | ૧ | ૧૪.૦૦ | - | - |
| ૨ | માધ્યમીક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા માટે બેન્ચીસ | - | - | - | - |
| ૩ | પ્રાથમીક શાળાના શિક્ષકો માટે રેસીડેન્સીયલ ક્વાર્ટર મોજે ગામ-ઝરવાણી | ૧ | ૫૦.૦૦ | - | - |
| ૪ | સ્વર્ણીમ જ્ઞાન-વિજ્ઞાન કેન્દ્ર | ૧ | ૩૫.૦૦ | ૧ | ૩૫.૦૦ |
| ૫ | આંગણવાડી કેન્દ્રોનું બાંધકામ | ૩૧ | ૧૧૬.૨૫ | - | - |
| ૬ | શોપીંગ સેન્ટરનું બાંધકામ | ૧ | ૪૯.૦૧ | ૧ | ૪૯.૦૧ |
| ૭ | પશુપાલન માટે અદ્યતન એક્ષ-રે રૂમ અને ડીસ્પેન્સરી રૂમ | ૧ | ૨૦.૦૦ | - | - |
| ૮ | ક્રેનની ખરીદી | ૧ | ૧૭.૦૭ | - | - |
| ૯ | ગ્રીન હાઉસ, વર્મી ક્મ્પોઝ | ૫૮ | ૨૫.૦૦ | ૬૫ | ૨૫.૦૦ |
| ૧૦ | મોડેલ વિલેજના ક્રામો | ૧૪ | ૩૮.૩૮ | ૧૫ | ૨૭.૪૦ |
| | **કુલ** | **૧૦૯** | **૩૬૪.૭૦** | **૮૨** | **૧૩૬.૪૧** |

--------

**(રૂા. લાખમાં)**

| સાગબારા | | તિલક્વાડા | | કુલ | |
|---|---|---|---|---|---|
| ક્રામની સંખ્યા | ફાળવેલ ગ્રાંટની રકમ | ક્રામની સંખ્યા | ફાળવેલ ગ્રાંટની રકમ | ક્રામની સંખ્યા | ફાળવેલ ગ્રાંટની રકમ |
| ૧ | ૧૪.૦૦ | - | - | ૨ | ૨૮.૦૦ |
| ૧ | ૨.૩૮ | - | - | ૧ | ૨.૩૮ |
| - | - | - | - | ૧ | ૫૦.૦૦ |
| ૧ | ૩૫.૦૦ | ૧ | ૩૫.૦૦ | ૪ | ૧૪૦.૦૦ |
| - | - | - | - | ૩૧ | ૧૧૬.૨૫ |
| - | - | ૧ | ૪૦.૦૦ | ૩ | ૧૩૮.૦૨ |
| - | - | - | - | ૧ | ૨૦..૦૦ |
| - | - | - | - | ૧ | ૧૭.૦૭ |
| ૬૬ | ૨૫.૦૦ | ૬૫ | ૨૫.૦૦ | ૨૫૪ | ૧૦૦.૦૦ |
| ૭ | ૧૯.૮૪ | ૫ | ૧૧.૭૫ | ૪૧ | ૯૭.૩૭ |
| **૭૬** | **૯૬.૨૨** | **૭૨** | **૧૧૧.૭૫** | **૩૩૯** | **૭૦૯.૦૮** |

## રાજ્ય સમકારી નિધિમાં જમા રકમ

૨૦૦૪૦ : **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ રાજ્ય સમકારી નિધિમાં કેટલી રકમ જમા છે, અને

(૨) આ નિધિમાંથી ક્યા ક્યા હેતુ માટે રકમ આપવામાં આવે છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧નીસ્થિતિએ રાજ્ય સમકારી નિધિમાં રૂા. ૧,૫૩,૦૬,૯૧૫/- જમા છે.

(૨) આ નિધિમાંથી પછાત વિસ્તારોમાં પીવાના પાણીની યોજના, વીજળીકરણ, રસ્તાઓ તેમજ ભંગીકષ્ટ મુક્તિ કાર્યક્રમ જેવા કામો માટે બક્ષીપંચ અને પછાત જાતિઓના ઉત્કર્ષ માટે રકમ આપવામાં આવે છે.

## કચ્છ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના

૧૯૬૩૦ : **શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા. ૩૧-૧-૧૧ સુધીમાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના એટલે કે સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ માં તા. ૩૧-૧-૧૧ સુધીમાં નીચેની વિગતે વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેકટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૪૧૯ | ૩.૮૨ |
| ૨૦૧૦-૧૧ | ૪૨૫ | ૫.૨૬ |
| **કુલ :** | **૮૪૪** | **૯.૦૮** |

(૨) તે પૈકી માંડવી તાલુકામાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે ?

(૨) તે પૈકી માંડવી તાલુકામાં નીચેની વિગતે વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૪૦ | ૦.૩૬ |
| ૨૦૧૦-૧૧ | ૪૮ | ૦.૫૭ |
| **કુલ :** | **૮૮** | **૦.૯૩** |

## ખેડા જિલ્લામાં મહાત્મા ગાંધી રોજગાર ગેરંટી યોજનામાં શ્રમિકોને જોબકાર્ડ

૧૯૩૦૩ **: શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહાત્મા ગાંધી રોજગાર ગેરંટી યોજના અન્વયે કેટલા શ્રમિકોને જોબકાર્ડ આપવામાં આવ્યા,

(૨) તે અન્વયે ઉપરોક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલાને રોજગારી પૂરી પાડવામાં આવી, અને

(૩) કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ખેડા જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહાત્મા ગાંધી રોજગાર ગેરંટી યોજના અન્વયે ૪૨૨૧૪ શ્રમિકોને જોબકાર્ડ આપવામાં આવ્યા જેની વર્ષવાર વિગત નીચે મુજબ છે.

| વર્ષ | આપેલ જોબકાર્ડ |
|---|---|
| ૨૦૦૯ | ૨૩૫૮૪ |
| ૨૦૧૦ | ૧૮૬૩૦ |
| **કુલ** | **૪૨૨૧૪** |

(૨) તે અન્વયે ઉપરોક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચેની વિગતે રોજગારી પૂરી પાડવામાં આવી.

| વર્ષ | કુટુંબોની સંખ્યા |
|---|---|
| ૨૦૦૯ | ૪૭૮૪૭ |
| ૨૦૧૦ | ૨૦૨૬૮ |

(૩) રૂા. ૨૩૦૧.૯૧ લાખનો ખર્ચ વર્ષવાર નીચે મુજબ થયો.

| વર્ષ | ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|
| ૨૦૦૯ | ૧૬૩૪.૫૭ |
| ૨૦૧૦ | ૬૬૭.૩૪ |
| **કુલ** | **૨૩૦૧.૯૧** |

## પાટણ જિલ્લામાં પંચાયત ઘરો

૧૯૮૮૦ **: શ્રી જોધાજી ઠાકોર (વાગડોદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લામાં તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ તાલુકાવાર કેટલાં પંચાયત ઘરો છે,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલાં પંચાયત ઘરો બનાવવાના બાકી છે, અને

(૩) તે કેટલાં સમયમાં બનાવવામાં આવશે ?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ પંચાયત ઘરોની સંખ્યા |
|---|---|---|
| ૧ | પાટણ | ૧૩૮ |
| ૨ | સિધ્ધપુર | ૫૫ |
| ૩ | ચાણસ્મા | ૬૦ |
| ૪ | હારીજ | ૩૮ |
| ૫ | સમી | ૮૪ |
| ૬ | રાધનપુર | ૪૬ |
| ૭ | સાંતલપુર | ૪૩ |
| | **કુલ** | ~~૪૬૪~~ |

(૨) ૧ (એક).

(૩) સત્વરે.

## કોડીનાર તાલુકાના શેઢાયા ગામે ગોચરની જમીનમાં દબાણ

૧૮૮૬૨ : **શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકાના શેઢાયા ગામે ગોચરની પડતર જમીન ઉપર તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ કેટલું દબાણ છે. | (૧) સર્વે નંબર ૨૧૪ પૈકીમાં આશરે હે. ૧-૦૦-૦૦ દબાણ કરેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ થયેલાં દબાણો કેવા પ્રકારના છે. | (૨) જમીનનો કબજો વાળી લીધેલ છે. |
| (૩) ઉક્ત દબાણો દૂર કરવા કોઈ કાર્યવાહી કરવામાં આવેલ છે કે કેમ, | (૩) હા, જી. દબાણ દૂર કરવા તા. ૪-૪-૨૦૧૦ થી નોટીસ આપેલ છે. |
| (૪) જો હા, તો કેટલું દબાણ દૂર કરેલ છે અને કેટલું દૂર કરવાનું બાકી છે, અને | (૪) દબાણ દૂર થયેલ નથી. |
| (૫) બાકી દબાણ કેટલાં સમયમાં દૂર કરવામાં આવશે ? | (૫) સત્વરે. |

--------

## શનસાઈન પ્રોજેક્ટ હેઠળ આદિજાતિઓના લાભાર્થીઓને લાભ

૧૯૮૯૯ : **શ્રી પ્રભુભાઈ વસાવા (સોનગઢ) : માનનીય આદિજાત વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ રાજ્યમાં વનબંધુ કલ્યાણ યોજના અતર્ગત શનસાઈન પ્રોજેક્ટ હેઠળ આદિજાતિઓના લાભાર્થીઓને ક્યા ક્યા પ્રકારના લાભો આપવામાં આવેલ છે ? | વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત સનશાઈન પ્રોજેક્ટ હેઠળ આદિજાતિઓના લાભાર્થીઓને નીચે મુજબના લાભો આપવામાં આવે છે.<br>હાઈબ્રીડ મકાઈ બિયારણ ૮ કિલો (એકદીઠ)<br>ડી.એ.પી. યુરીયા અને મ્યુરેટ ઓફ પોટાશ ૫૦ કિલો મુજબ ૩ ગુણ.<br>બી.ટી. કપાસ ૧ પેકેટ (૪૫૦ ગ્રામ) બિયારણ<br>૧૫૦ કિલો યુરીયા ખાતર, ૫૦ કિલો ડી.એ.પી. ખાતર, ૫૦ કિલો મ્યુરેટ ઓફ પોટાશ,<br>તુવેર ૬ કિલો બિયારણ, ૫૦ કિલો ડી.એ.પી. ખાતર,<br>બટાટા ૧૦૦૦ કિલો બિયારણ, ૧૦૦ કિલો એમોનીયમ સલ્ફેટ, ૧૦૦ કિલો મ્યુરેટ ઓફ પોટાશ, ૮ કિલો માઈક્રોન્યુટ્રીયન્ટ.<br>રાયડો-૨ કિલો બિયારણ, ૫૦ કિલો યુરીયા ખાતર, ૫૦ કિલો એમોનીયમ સલ્ફેટ, ૫૦ કિલો ડી.એ.પી. ખાતર |

--------

## દાહોદ જિલ્લામાં તલાટી કમ મંત્રીની ખાલી જ્ગ્યાઓ

૧૭૯૯૫ : **શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલા ટલાટી-મંત્રીઓની જ્ગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને | (૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર ખાલી જ્ગ્યાની વિગતો નીચે મુજબ છે. |

| અ.નં. | તાલુકાવાર મંજૂર થયેલ મહેકમ | ખાલી જ્ગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧ | દાહોદ | ૧૧ |
| ૨ | ગરબાડા | ૦૯ |
| ૩ | ઝાલોદ | ૦૮ |

| | | |
|---|---|---|
| ૪ | ફતેપુરા | ૧૪ |
| ૫ | લીમખેડા | ૦૭ |
| ૬ | ધાનપુર | ૧૦ |
| ૭ | દે. બારીયા | ૦૬ |
| | કુલ. | ૬૫ |

(૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૨) સત્વરે.

# અધ્યક્ષશ્રીનો નિર્ણય

## પ્રશ્નોત્તરી દરમિયાન વિશેષણોનો પ્રયોગ કરવા અંગે

**અધ્યક્ષશ્રી** : છેલ્લા કેટલાક દિવસથી એવું જોવામાં આવ્યું છે કે પ્રશ્નોત્તરીકાળ દરમિયાન સભ્યો પૂરક પ્રશ્નો પૂછતી વખતે અભિનંદન, આવકાર, વિશેષણો, વક્રોકિત વગેરે શબ્દોનો ઉલ્લેખ કરે છે, આપણે સૌ જાણીએ છીએ કે સંસદીય કાર્યરીતિમાં પ્રશ્નોત્તરીકાળ એ એક ખૂબ જ જીવંતકાળ છે અને તે દરમિયાન સભ્યોને પોતાના મતવિસ્તારના પ્રશ્નોને વાચા આપવાની અને પ્રજાને પડતી મુશ્કેલીઓ દૂર કરવાની સાથે સાથે સરકારની કામગીરીથી પ્રજાને વાકેફ કરવાની પણ ફરજો બજાવે છે. ગૃહના દરેક સભ્યોનો આ સંસદીય ધર્મ છે. તેથી જ પ્રશ્નકાળ આપણા સૌના માટે અત્યંત અગત્યનો છે. પ્રશ્નકાળની અગત્યતાને ધ્યાનમાં રાખીને જે મારા પૂર્વ અધ્યક્ષશ્રીઓએ આ કાળ દરમિયાન પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉઠાવવો નહીં એવા ધોરણો પણ પ્રસ્થાપિત કર્યા છે જેથી આ કાળનો મહત્તમ સદ્ઉપયોગ થઈ શકે, વિધાનસભાના નિયમ ૭૮(૪)થી પણ ઠરાવ્યું છે કે પ્રશ્નોમાં દલીલો, અનુમાનો, આડવિશેષણો અને બદનક્ષીભર્યા વિધાનોવાળા પ્રશ્નો દાખલ કરી શકાય નહીં, છેલ્લા કેટલાક સમયથી પ્રશ્નોત્તરીકાળમાં અભિનંદન, આવકાર, વિશેષણો, ટીકાઓ વગેરે પૂરક પ્રશ્નો પૂછતી વખતે પૂર્વભૂમિકા વપરાય છે અને તેના પરિણામે અભિવ્યકિત બંને પક્ષોના સભ્યો તરફથી થાય છે, પ્રશ્નોત્તરીના આ એક કલાકના સમયગાળામાં આવા વિશેષણો, વક્રોકિત કરીને સમય ન વેડફાય તો મને લાગે છે કે આ કાળનો આપણે મહત્તમ સદ્ઉપયોગ કરીને પ્રજાના પ્રશ્નોને વાચા આપી શકીશું, મારા પૂર્વ અધ્યક્ષના પણ તા:૨૫-૨-૨૦૧૦ના રોજ આ બાબતે આપેલ માર્ગદર્શનને આપણે સૌ ગંભીરતાથી ધ્યાનમાં લઈશું તો પ્રશ્નકાળ એ પ્રજાના પ્રશ્નોનો પ્રતિઘોષ છે અને ગૃહના સૌ સભ્યશ્રીઓને વિનંતી છે કે તેઓ પૂરક પ્રશ્નો પૂછતી વખતે અભિનંદન, આવકાર કે વિશેષણો જેવા શબ્દપ્રયોગો કર્યા વગર ટૂંકમાં સીધો જ પૂરક પ્રશ્ન પૂછે.

--------

# પૉઈન્ટ ઑફ ઑર્ડર

## પ્રશ્નોત્તરીકાળમાં પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉઠાવવા અંગે

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર એ છે કે પ્રશ્નોત્તરી દરમિયાન પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉઠાવી શકાતો નથી, પ્રશ્નોત્તરી પછી જો પ્રશ્નોત્તરી દરમિયાન ગૃહના સંચાલનમાં વિઘ્ન હોય કંઈ તો પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉઠાવી શકાય, આજ રોજ પ્રશ્ન ક્રમાંક:પ દરમિયાન ખૂબ જ ગંભીર પ્રકારના આદિવાસી વિસ્તારમાં આદિવાસી ભાઈઓને એમના હક્કની જમીન નિયમોથી મળવી જોઈએ આ અંગેની ચર્ચા ચાલતી હતી ત્યારે બરાબર ૧૨-૪૯ મિનિટે માનનીય મંત્રીશ્રી મંગુભાઈ જવાબ આપવા ઊભા થયા, ગુજરાતના કોઈપણ આદિવાસીને એના હક્કની જમીન મળવામાંથી આ સરકાર વંચિત રાખવા માગતી નથી અને તમામને નિયમસર જે કેન્દ્ર સરકાર તરફથી ગાઈડ લાઈન મળી છે, અને રાજય સરકારે કરેલા નિયમો મુજબ જમીન અપાશે આ જવાબ સાંભળવાના બદલે જે પડતર છે, એ જવાબ આપતા હતા એ દરમિયાન મારા સન્માનનીય વિપક્ષના સભ્યો ઊભા થઈને જવાબ સાંભળવાની તૈયારી નહોતા દર્શાવતા ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, તરફથી કહેવામાં આવ્યું કે જવાબ સાંભળવો જોઈએ, આ જવાબ સાંભળવા, જેમ પ્રશ્નો પૂછવાનો અધિકાર છે એમ જવાબ સાંભળવો જોઈએ, આપના તરફથી કહેવા પછી જવાબ સાંભળવાના બદલે સમગ્ર વિપક્ષ સભાત્યાગ કરીને જતું રહ્યું એ આ સભાગૃહનું અવમાન છે, આ અધ્યક્ષશ્રીનું અવમાન છે એના માટે એમણે દિલગીરી વ્યક્ત કરવી જોઈએ અથવા તો આપના તરફથી ઠપકો આપવો જોઈએ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીની જે ચિંતા છે એ ચિંતાને હું આવકારું છું અને અભિનંદન આપું છું કે ગૃહનું સંચાલન થાય અને પ્રશ્નોત્તરી કાળનો સદ્ઉપયોગ થાય એની ચિંતા કરવામાં આવી. ગઈ કાલે સામાન્ય રીતે હું આપને એક નહીં પણ અઢળક દાખલાઓ બતાવીશ, આ પક્ષ અહીંયા હતો ત્યારે કે વિધાનસભાની કાર્યવાહી ખોરવી નાખવામાં આવી હોય. સત્તાધારી પક્ષ અધ્યક્ષશ્રીનું માને નહીં અને સૂત્રોચ્ચાર કરે અને વિધાનસભાની કાર્યવાહી ખોરવી નાખે એવું ગઈ કાલે પહેલી વખત બન્યું છે. મને ખબર નથી કે, ૨૦૧૨ની પ્રૅક્ટિસ અહીં બેસવાની થાય છે કે શું એ ખબર નથી. એ અવમાન ન હતું? ગઈ કાલે આપે અનેક વખત ઊભા થઈને કહ્યા પછી ગૃહ મુલતવી રાખવું પડ્યું. અમે મુલતવી નથી રખાવ્યું. અમારો

વિરોધ આદિવાસીઓની જમીનનો અમારો પ્રશ્ન એટલો હતો કે માનનીય મંગુભાઈ, મેં કોઈ રાજકીય અવલોકનો નહોતા કર્યા, મેં ચિંતા વ્યક્ત કરી હતી. ચિંતા એટલા પૂરતી હતી કે કેન્દ્રનો કાયદો છે એમાં ગ્રામસભા મહત્ત્વની છે. ગ્રામસભા જ્યારે આદિવાસીઓને જમીન આપવાનું નક્કી કરતી હોય ત્યારે મેં મંત્રીશ્રી ઉપર આક્ષેપ પણ કર્યો ન હતો. સરકારમાં આપ બેઠા હોય કે અમે, તંત્રને આપણે દબાવવું પડે છે. તંત્ર એ નું એ જ છે. આંકડા બતાવે છે કે આદિવાસીઓને જમીન બરાબર મળતી નથી. તે ફીગર બતાવીને અમારા સૌની લાગણી અને અપેક્ષા એ હતી કે, મને એમ હતું કે કદાચ માનનીય મુખ્યમંત્રીશ્રી ઊભા થઈને મને આ પ્રશ્નમાં કદાચ ખાતરી આપશે કે આદિવાસીઓને જમીન આપવાનો પ્રશ્ન છે, હું વિરોધ પક્ષના નેતાને બોલાવીને આ નિર્ણય કરીશ.....(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપ પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપર બોલો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : હું પૉઈન્ટ ઑફ ઑર્ડરમાં મારે એટલું જ કહેવાનું છે કે, આ બાબતમાં જો આપે માપદંડ નક્કી કરવા હશે તો ગઈકાલનું આપ વિડિયો રેકોર્ડિંગ જોઈ લેજો. ગઈ કાલની સત્તાધારી પક્ષની વર્તણૂંક અને આજની અમારા પક્ષની વર્તણૂંક. ગઈ કાલે આપ ઊભા થયા, અનેક વખત ઊભા થયા પછીની પરિસ્થિતિ અને આજે

આપને વધારે મુશ્કેલી ન પડે, સાર્જન્ટ બોલાવીને બહાર કાઢવાના દાખલા પછી પણ ક્યારેય માફી મંગાવવાના દાખલા નથી. ક્યારેય કોઈ બીજી પરિસ્થિતિ નથી. અહીં વિરોધ પક્ષમાં માનનીય અશોકભાઈ ભટ્ટ બેસતા હતા ત્યારે એક વખત મુખ્યમંત્રીશ્રીના હાથમાંથી આવેદનપત્ર વાંચતા હતા એ ફાડી નાખીને મોઢા ઉપર ફેંકાયું હશે છતાં પણ માફી મગાવવાનો આગ્રહ કોંગ્રેસ સત્તાસ્થાને હતી ત્યારે નથી રાખ્યો. આ વિધાનસભામાં લખાયેલ છે. સંસદીય પ્રણાલિકાઓમાં લખાયેલ વાત હું કરું છું. એક વખત નહીં, માનનીય વજુભાઈ આ વાતના સાક્ષી છે. આ ગૃહમાં મારી સાથે અમે આમ બેઠા હોઈએ અને પોતે અહીં બેઠા છે. (અંતરાય) અને વક્રોક્તિ તો કેટલી કે એક કૂતરાનો દાખલો લઈને એની કુદરતી પરિસ્થિતિ સુધીનો દાખલો એવો આપ્યો છે કે જે દાખલો આપણા સભ્ય સમાજમાં આપણે નહીં આપીએ. છતાં અમે આગ્રહ નહોતો રાખ્યો કે વજુભાઈ માફી માગે. (અંતરાય) કે વજુભાઈને શિક્ષા કરી દે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપ મારા તરફ ધ્યાન આપીને ફક્ત પૉઈન્ટ ઑફ ઑર્ડરની વાત કરો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપર કહું છું. (અંતરાય) આપ ભરતભાઈને નહીં રોકો? ટિકિટના કારણે અહીંયાથી ત્યાં ગયા છે. દરેક વખતે ખલેલ કરે છે. કોઈ રીત હોવી જોઈએ. અહીંયા સિનિયર સભ્ય વજુભાઈ ઊભા થાય તો હું મારા સભ્યોને રોકું છું કે માનનીય વજુભાઈ મંત્રીમંડળમાં સિનિયર સભ્ય છે, એમની વાત સાંભળવી જોઈએ. હું એટલે કહું છું કે આપ પ્રણાલિકાઓ અને કાર્યરીતિઓ જોઈ લેજો. આજ સુધી ગૃહ મુલતવી રખાવવા માટે પોતાની વાત સાંભળવા માટે કેટલી હદ સુધી ગયું છે અને એની સામે ક્યારેય કોઈ વલણ શું અપનાવ્યું છે અને એ પછી ગઈકાલની એમની પરિસ્થિતિ અને આજની મારી પરિસ્થિતિ, એક માપદંડથી આપ જે સજા કરશો એને માથે ચડાવવા હું તૈયાર છું.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિપક્ષના નેતાશ્રીએ મારું નામ લઈને ઉલ્લેખ કર્યો છે. મેં ભૂતકાળમાં ૧૦-૧૫ વર્ષ પહેલા વાત કરી હોય. મારી કોઈપણ વાત અસંસદીય ન હતી. મને જે તે વખતે અધ્યક્ષશ્રીએ પણ પરવાનગી આપી હતી અને મારી અસંસદીય વાત હોય તો એ હાઉસમાંથી એ રેકોર્ડમાંથી કાઢી નાખેલ હોય. મેં આપેલા ઉદાહરણો આજે પણ એ ચોપડીમાં મોજૂદ છે. કોઈ અસંસદીય વાત મેં કરી નથી. અને બીજું કે આપ કહો છો કે હાથમાંથી લઈને કાગળ ફાડી નાખ્યા. ભૂતકાળ ભૂલ જાઓ. આપણે આ જ માઈક લઈને અધ્યક્ષને તાકી દીધા છે.

એ વાત ભૂલી જાવ. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : બતાવો તમે. (અંતરાય) અને મેં કહ્યું છે એ બતાવે વજુભાઈ. (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, પોઈન્ટ ઓફ ઓર્ડર, (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : સંસદીય પ્રણાલિકામાં જો લખેલું હોય કે શકિતસિંહ આ કર્યો એ બતાવજો. (અંતરાય) નહિતર તમે કરેલું હું બતાવું. (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : આજે જે પોઈન્ટ ઓફ ઓર્ડર છે (અંતરાય) સાંભળો. આપણે બધા એવા હતાને એને બદલે હવે સાહેબ એમ કહે છે કે કેવા હોવા જોઈએ એના માટે વાત કરે છે. ભૂતકાળ ભૂલી જાવ. ભૂતકાળમાં જે બન્યું હોય એ જે તે વખતે અધ્યક્ષે કહ્યું માનનીય અધ્યક્ષશ્રી, મારો સવાલ એ છે કે પોઈન્ટ ઓફ ઓર્ડરની અંદર ગઈ કાલે શું થયું હતું અને આમ નહોતું કર્યુ એટલે આજે ના કરવું જોઈએ એવી વાત નથી. માનનીય

દિલીપભાઈએ જે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો છે એનો નિર્ણય આપવાની આપને સત્તા છે. આપ યોગ્ય નિર્ણય આપો જેના કારણે ભવિષ્યમાં હાઉસ એ પદ્ધતિથી ચાલે.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું વારંવાર કહેતો હતો કે મારો પૂરો જવાબ સાંભળો. એમણે એમ કહ્યું કે વડિલોનો અભિપ્રાય લેવાનો છે. ખાલી અભિપ્રાયની વાત છે. ત્રણ સ્ટેજ બનેલા છે એટલે એ પસાર થઈને પછી જો બે પુરા હોય તો જમીન આપી શકાય છે. મારે તમામ વિરોધપક્ષના દરેક ધારાસભ્યને કહેવું છે કે મેં એટલા માટે દાખલો આપ્યો કે મારા લેવલે ચારવાર મિટિંગ કરી છે. પ્રાયોજના અને વન વિભાગના ડી.એફ.ઓ. સાથે અને એટલે સુધી કહ્યું છે કે મારાં એક પણ આદિવાસીને જો ખોટી રીતે અન્યાય કરશે તો એ હું ચલાવવાનો નથી આ મારા શબ્દો છે. હું પોલિટિક્સમાં લાવવાની વાત નથી કરતો. આજે પણ કહ્યું છું કે કોઈ પણ એવો સાચો આદિવાસી હશે જે જમીન ખેડતો હશે એને એક પણ જણને અન્યાય નહિ થાય એ જવાબદારી હું પોતે લઉં છું પણ સાચો આદિવાસી ખેતી કરી શકતો હોવો જોઈએ એવી મારી વાત છે.

**અધ્યક્ષશ્રી** : હવે આપણે ખૂબ ચર્ચા કરી છે. માનનીય મંત્રીશ્રી દિલીપભાઈએ જે પોઈન્ટ ઓફ ઓર્ડર ઊભો કર્યો છે. અધ્યક્ષના નિર્ણયનું પાલન કરવા ગૃહના સૌ સભ્યો બંધાયેલા છે. અધ્યક્ષના નિર્ણયનો અનાદર કરવાથી આ ગૃહનું અવમાન થાય છે. તે બાબતે માનનીય સંસદીય મંત્રીશ્રીએ ઉપસ્થિત કરેલ મુદ્દાનો હું સ્વીકાર કરું છું. અધ્યક્ષના નિર્ણયના વિરોધમાં જે સભાત્યાગ કર્યો તે કરી શકાય નહિ અને ભવિષ્યમાં આ બાબતની કાળજી રાખવા સૌ સભ્યોને વિનંતી કરું છું. નેકસ્ટ.

# વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત

## બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના ચૌદમા અહેવાલની રજૂઆત

**શ્રી નારાયણભાઈ લ. પટેલ(સમિતિના પ્રમુખશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો ચૌદમો અહેવાલ રજૂ કરું છું.

અહેવાલ રજૂ કરવામાં આવ્યો.

## બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમૂતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ

**શ્રી નારાયણભાઈ લ. પટેલ(સમિતિના પ્રમુખશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહ બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના ચૌદમા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યોં અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

# સરકારી વિધેયકો

## સને ૨૦૧૧ નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૩.

# ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૧૧

### સન ૨૦૧૧ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષની સેવાઓ માટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી અમુક વધુ રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, *રાજ્યપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સને ૨૦૧૨ ના વિધેયક ક્રમાંક:૧૩ સને ૨૦૧૧ ના ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ બાબતની અંદર ચર્ચા હાઉસમાં થઈ ગઈ છે અને જે કાંઈ મુદ્દાઓ અહીં છે એની અંદર સભ્યશ્રીઓ પોતાની રજૂઆત કરી શકે છે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

### અધ્યક્ષશ્રીની જાહેરાત

### પૂરક વિનિયોગ વિધેયકની ચર્ચા માટે સમય ફાળવવા અંગે

**અધ્યક્ષશ્રી** : આજે પૂરક વિનિયોગ વિધેયક ચર્ચામાં હાથ ધરવાનું છે. આ ચર્ચામાં ભાગ લેવા માટે કુલ ૬ સભ્યોએ મુદ્દા આપેલ છે. આ ગૃહની બેઠકનો સમય બપોરના ૧૨-૦૦ વાગ્યાથી સાંજના ૫-૧૫ વાગ્યા સુધીનો છે.

આ વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૮(૩) અન્વયે એક કલાક પહેલા એટલે કે સાંજના ૪.૧૫ વાગ્યે પૂરક વિનિયોગ વિધેયક પરની સમગ્ર ચર્ચા સમાપ્ત કરી બધી બાબતો સભાગૃહના મત ઉપર મૂકવાનું થાય છે પરંતુ આજ રોજ પૂરક વિનિયોગ વિધેયક ઉપરાંત સન ૨૦૧૧-૧૨ના વર્ષના અંદાજપત્ર પરની પહેલા દિવસની સામાન્ય ચર્ચા પણ હાથ ધરવામાં આવનાર છે. અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાને વધુ સમય મળે તે હેતુથી પૂરક વિનિયોગ વિધેયક પર ચર્ચામાં ભાગ લેવા માટે જે છ સભ્યોએ મુદ્દા આપ્યા છે તે દરેક સભ્યોને ચર્ચા માટે ત્રણ મિનિટનો સમય ફાળવું છે. તદ્દાનુસાર આ મુદ્દાઓ ઉપરની ચર્ચા અને તેના પરના નાણા મંત્રીનો જવાબ પૂરો થાય બાદ પૂરક વિનિયોગ વિધેયક સભાગૃહના મત ઉપર મૂકવામાં આવશે. માનનીય સભ્યશ્રી ચંદુભાઈ.

**શ્રી ચંદુભાઈ ડાભી(કરજણ)** : માનનીય અધ્યક્ષશ્રી, સરકારી મૅડિકલ કૉલેજોમાં સવર્ગ વાર ખાલી જગ્યાઓ ભરવામાં આ સરકાર સદંતર નિષ્ફળ ગઈ છે તે અંગેનો મારો મુદ્દો છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણે નવી મૅડિકલ કૉલેજો શરૂ કરીએ છીએ, નવી મૅડિકલ કૉલેજો શરૂ કરીએ એ આવકારદાયક છે પણ એમાં જે સંવર્ગ છે એ સંવર્ગ વાર બધી જગ્યાઓ ભરવી એ અનિવાર્ય છે. એટલી બધી જગ્યાઓ ખાલી છે, એટલે સુધી કહેવા માગુ છું કે, વર્ગ-૩ અને વર્ગ-૪ની અને ડ્રાયવરો છે એ ડ્રાયવરો જેવી પણ જગ્યાઓ ખાલી છે. ખાસ કરીને મારે એમ કહેવું છે કે, જ્યારે નવી મૅડિકલ કૉલેજ આપણે શરૂ કરીએ છીએ ત્યારે કૉલેજોમાં ભણાવતા જે અધ્યાપકો છે એ રેપ્યુટેડ હોવા જોઈએ અને એની સંખ્યા પૂરતી હોવી જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, આજે ૩૦ ટકા થી પણ ઓછા આપણી પાસે સારા આવા ટિચરો છે અને જેના કારણે મૅડિકલ કૉલેજોમાં જે વિદ્યાર્થીઓ ભણે છે, આજે વિદ્યાર્થીઓ ભણે છે એમને દર્દીઓની સારવાર કરવાની હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણે જો રેપ્યુટેડ ટિચરોથી ન ભણાવીએ તો મારે એમ કહેવું છે કે, શું એ દર્દીઓની જાન સાથે આપણે રમવાનું છે? મારે એમ કહેવું છે કે, શિક્ષકો વગર આપણે કેવું શિક્ષણ આપી શકીએ ? મૅડિકલના જ્ઞાન વગર ડૉક્ટરો તૈયાર કરવા, કેવી રીતે આપણે કલ્પના કરી શકીએ? માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં તમે જુઓ તો સારા પ્રાધ્યાપકો છે એ સારા પ્રાધ્યાપકોની નિમણૂકો કરવામાં, જો નિમણૂક તૈયાર થાય અને ત્યાર પછી જ નવી મૅડિકલ કૉલેજો શરૂ કરવી જોઈએ. ભલે આપણી પાસે ઓછા ડૉકટરો હોય અને સારા ડૉકટરો અને સારી સારવાર કરી શકે એવા ડૉકટરો હોય એ એટલું જ મહત્ત્વનું છે. માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે એમ.સી.આઈ.નું જ્યારે ઈન્સ્પેકશન થાય છે ત્યારે એક કૉલેજમાંથી એને બીજી કૉલેજમાં લેકચરર્સ છે એમને ટ્રાન્સફર કરવામાં આવે છે ત્યારે ખાસ છેલ્લો એક મુદ્દો કહેવો છ કે, મારે ભાવનગર મૅડિકલ કૉલેજનું ખાસ કહેવાનું છે જે ભાવનગરમાં કે.જે.મહેતા મૅડિકલ કૉલેજ છે એમાં વિદ્યાર્થીઓને એડમિશન આપ્યું, એક વર્ષ સ્ટાફ વગર ચલાવ્યું અને જ્યારે ભણાવ્યા વગર જ્યારે આ વિદ્યાર્થીઓનું ભવિષ્ય જો બગડી ગયું હોય તો એમ કહેવા માગુ છું કે, એમને સરકારી મૅડિકલ કૉલેજોમાં સમાવેશ કરવા માગો છો કે કેમ અને આવી કૉલેજો ચલાવનારાઓ સામે કોઈ પગલાં લેવા માગો છો કે કેમ?

---

* વિધેયક તા.૮ મી માચ, ૨૦૧૧ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : માનનીય અધ્યક્ષશ્રી, વિભાગો અને તેના હસ્તકની સરકારી કચેરીઓમાં હજજારોની સંખ્યામાં કર્મચારીઓની ઘટને લીધે નબળા પડતા વહિવટી તંત્રને ચેતનવંતુ બનાવવામાં તંત્રની ઉદાસીનતા છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણું મગજ ગમે તેટલું સારું હોય, ખૂબ હોંશિયાર હોય પણ જો આપણા હાથ-પગ કામ ન કરતા હોય તો આપણું તંત્ર કાંઈ વ્યવસ્થિત ચાલી શકે નહીં. માનનીય અધ્યક્ષશ્રી, પચાસ વર્ષ પહેલાં જે મહેકમ નક્કી થયું ત્યાર પછી કેટલીક નવી આઇટમો ઉમેરાઈ, કેટલીય નવી સેવાઓ ઉમેરાઈ પણ પચાસ વર્ષ પહેલાં જે મહેકમ નક્કી થયું હતું એમાં આજની તારીખે મહેકમમાં વધારો તો નથી કર્યો પણ મોટાભાગના વિભાગોમાં ૩૦ થી ૩૫ ટકા સ્ટાફ રહ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, એન્જીનીયરીંગ અને પૉલિટૅક્નિક જેવી જે આપણી વિદ્યાર્થીઓના ભવિષ્ય માટેની અગત્યની જે કૉલેજો જે એમાં ૬૦ થી ૭૫ ટકા સ્ટાફની ઘટ છે.
આ રાજયમાં ૨૦૧૨ની અંદર જે કર્મચારીઓ નિવૃત્ત થવાના છે અને ૨૦૧૨માં નિવૃત્ત થયા પછી ભરતી કર્યા પછી બે વર્ષની ટ્રેનિંગ આવે તો ૨૦૧૨ અને બે વર્ષ બીજા એમ ૨૦૧૪ના વર્ષમાં કર્મચારીઓની ખૂબ જ ઘટ પડવાની છે અને આને લીધે રાજયના લોકોને ખૂબ જ મુશ્કેલી પડે છે. સરકાર એવું ન કરી શકે કે એમની પાસે કેટલા કર્મચારીઓ એક વર્ષમાં નિવૃત્ત થવાના છે. બે વર્ષમાં કેટલા નિવૃત્ત થવાના છે. એની ભરતીનું અગાઉ આયોજન કરવાને બદલે નિવૃત્ત થઈ જાય, એને પાંચ-પાંચ, દસ-દસ વર્ષ થઈ જાય ત્યારપછી એની ભરતી કરે અને પછી ટ્રેનિંગમાં મોકલે અને પછી એમ કહે કે બધું પાઈપલાઈનમાં છે પણ પાઈનલાઈનની અંદર જે તમારી પાસે છે એના કરતાં તો એ લોકો ફરજ ઉપર આવશે એના કરતા ત્રણ ગણા લોકો નિવૃત્ત થઈ ગયા હશે. ગામડાંની અંદર ટી.ડી.ઓ., મામલતદાર અને એકાઉન્ટન્ટ જેવી ખૂબ અગત્યની જગ્યાઓ છે એ પણ ખાલી છે. જેને લીધે લોકોને ખુબ મુશ્કેલી પડે છે. આ રાજયની અંદર સન્માનનીય ગૃહની અંદર જયારે સદસ્યશ્રીઓ કોઈપણ વિભાગનો પ્રશ્ન પૂછે છે ત્યારે એક જ છાપેલો જવાબ આપવામાં આવે છે કે યોગ્ય ઉમેદવાર મળતાં અમે ભરતી કરીશું. તો ત્રણ વર્ગમાં અને ચાર વર્ગમાં તમને આ રાજયની અંદર કોઈ યોગ્ય ઉમેદવાર મળતા જ નથી? તમે ડોકટરોમાં કે બીજા કોઈમાં વાત કરો તો બરાબર છે. એવી જ રીતે આ રાજયમાં એન.જી.ઓ. અને આઉટસોર્સના નેજા નીચે જે ભરતી કરવામાં આવે છે એને સરકાર પૂરા પૈસા આપે છે પણ ૪૨૦૦ રૂપિયા પગાર જેને આપવાનું સરકાર નકકી કરે છે આઉટસોર્સમાં એને ૧૮૦૦ રૂપિયામાં વજુભાઈ, સહી કરાવી અને એનું પી.એફ. પણ કપાતું નથી અને ૧૮૦૦ રૂપિયામાં એની પાસેથી કામગીરી લેવામાં આવે છે. આ બાબતમાં બહુ મુશ્કેલી છે એટલે સરકાર વિચારે એવી વિનંતી કરું છું.

**શ્રી દેવજીભાઈ ગો. ફતેપરા(હળવદ)** : માનનીય અધ્યક્ષશ્રી, સુરેન્દ્રનગર જિલ્લાનું મુળી તાલુકાનું ખાટડી ગામ છે. મારે દુઃખ સાથે કહેવું છે કે સન ૨૦૦૮-૦૯માં બારમા નાણાપંચની યોજનામાં દલિત વાસમાં ટાંકો, પાણી અને પાઈપલાઈન આ યોજના મંજૂર થઈ. આ યોજના નથી બોર થયો, નથી પાઈપલાઈન થઈ, નથી ટાંકો થયો અને એમને એમ છ થી સાત લાખ રૂપિયા મંત્રી, સરપંચ, ટી.ડી.ઓ., ડી.ડી.ઓ. આ બધા ઉચાપત કરી અને મોટું કૌભાંડ આદર્યું છે. માનનીય મંત્રીશ્રીને હું એટલું જ કહેવા માગું છું કે મંત્રીશ્રી, આપશ્રી કમિટિ રચી અને આ ખાટડી ગામે મુલાકાત લો એવી મારી નમ્ર વિનંતી છે અને જેણે આ કૌભાંડ કર્યું એને કૌભાંડ અધિકારીઓને મોટામાં મોટી સજા થાય એવી મારી મંત્રીશ્રીને નમ્ર વિનંતી છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, પુરક વિનિયોગમાં હિસાબનું સદર -૨૨૫૧ સચિવાલયની સેવાઓમાં પૂરક માગણી જે આઠ નંબરની છે. ટેકનીકલ શિક્ષણની ખાલી જગ્યાઓ સમયસર નહીં ભરાવાને કારણે વિદ્યાર્થીઓના અભ્યાસમાં પડતી મુશ્કેલી નિવારવામાં તંત્રની ઉદાસીનતાના મુદ્દા ઉપર મારે કહેવાનું છે. આજે તાંત્રિક શિક્ષણની ખૂબ આવશ્યકતા અને એના કારણે વિદ્યાર્થીઓને શીખવાની પણ તાલાવેલી હોય છે. સરહદી વિસ્તારમાં બોર્ડર એરીયા પ્રોજેકટમાંથી પણ ટેકનીકલ સ્કુલ, પોલીટેનીક એન્જીનીયરીંગ કોલેજો થાય. કચ્છની અંદર આવી એક એન્જીનીયરીંગ કોલેજ જે છે એના પ્રિન્સિપાલ જે છે ભુજમાં ન રહે પણ અહીંયા ગાંધીનગરમાં હેડકવાર્ટરમાં રહે. વિદ્યાર્થીઓને કંઈક જો સહી જોઈતી હોય પ્રિન્સિપાલની સહી લેવા ગાંધીનગર આવવું પડે એવી પરિસ્થિતિ થઈ છે. સરહદી વિસ્તારમાંથી કેન્દ્ર સરકાર દ્વારા એની ગ્રાન્ટ મળતી હોઈ રાજય સરકારને એ જગ્યાઓ પુરવા માટે થઈ.
અને એની કાળજી લેવાતી નથી, એના કારણે તાંત્રિક શિક્ષણનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પૂરતા પ્રમાણમાં તાલીમ મળતી નથી. પોતાની જાત મહેનત કરી અને પરીક્ષાના ધોરણમાંથી પસાર થવું પડે. સાત કોઠા વીંધીને પણ વિદ્યાર્થીને પસાર થવું જ પડે, એટલે જાતમહેનતે કા તો એ કોઈ ખાનગી કોઈ ટ્યુશન હોય જે ટૅક્નીકલ સ્કૂલના પરમાણા અનુસાર તાલીમ આપતા હોય ત્યાં લેવું પડે, કારણ કે સંખ્યાબંધ જગ્યાઓ રાજ્યની ટૅક્નીકલ સ્કૂલ, કૉલેજોમાં ખાલી હોવા અંગે જે કોઈ જવાબદારી વિભાગની, રાજય સરકારની છે, એટલા માટે આપની મારફતે માનનીય મંત્રીશ્રીનું, સરકારનું ધ્યાન દોરવાનું છે કે વહેલામાં વહેલી તકે આજે ખાતરી આપે કે આ નાણાકીય વર્ષના અંત પહેલા આ બૉર્ડર એરિયાની જે કૉલેજો, પૉલિટૅક્નિક એન્જિનિયરિંગ કૉલેજો એમાં જગ્યાઓ ભરવામાં આવશે ત્યાં સ્ટાફ હાજર રહી તાલીમાર્થીને તાલીમ આપે એની ખાતરી આપે તેવી રજૂઆત કરવાની છે.

**શ્રી ઈકબાલ પટેલ(વાગરા)** : માનનીય અધ્યક્ષશ્રી, પૂરક વિનિયોગ વિધેયકની ચર્ચામાં જુદા જુદા ઉત્સવો પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવાને બદલે આમજનતા ઉપર વધતા જતા ટેક્સનું ભારણ ઘટાડવામાં તંત્રની નિષ્ફળતા ઉપર હું વાત કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં એકતરફ દેવું પ્રતિ વર્ષ વધતું જાય છે અને એ દેવાના કારણે ૧,૨૯,૦૦૦ કરોડ જેટલા દેવામાં આટલો બધો ટેક્સ નાખ્યા પછી પણ આટલા બધા ટેક્સના ભારણ પછી પણ આપણા વ્યાજનું ભારણ એ રાજ્યની તીજોરી ઉપરથી ઘટાડી શકતા નથી. પરિણામે વેટ જેવો ટેક્સ, સ્ટૅમ્પ ડ્યૂટી, જંત્રી, વ્યવસાય વેરો, વીજળી ઉપરનો ટેક્સ, આર.ટી.ઓ. ટેક્સ અને સામાન્ય માનવી ઉપરના વેરાઓ આપણે દર વર્ષે આપણે વધારતા જઈએ છીએ. બીજીબાજુ રાજયની સરકાર ઉત્સવો પાછળ જેને કહી શકાય એ ઉત્સવ પ્રિય સરકાર છે અને ઉત્સવો માટે આ ખર્ચમાં કરકસર કરવાના બદલે ખર્ચનો વધારો કરવામાં આવે છે. રાજ્યના મુખ્યમંત્રીશ્રીના તમામ પુસ્તક ઉપર, બ્રાઉચર ઉપર, હોર્ડિંગ્સ ઉપર જંગી ખર્ચો કરી અને સામાન્ય માણસ ઉપર એનું ભારણ વધારવામાં આવે છે. ગુજરાત એ સંસ્કૃતિ પ્રિય રાજ્ય છે અને ઉત્સવો હજારો વર્ષોથી પ્રજા તે સ્વયંભૂ રીતે ઉજવે છે, પરંતુ આ રાજ્ય સરકાર ઉત્સવોમાં મુખ્યમંત્રીની પ્રસિદ્ધિ અને ઉત્સવોમાં સરકારની પ્રસિદ્ધિ પાછળ બેફામ ખર્ચો કરે છે. એના કાર્ડ જોઈએ તો કૉર્પોરેટ ક્ષેત્રના કાર્ડ હોય તે પ્રમાણેના કાર્ડ છપાવીને, હોર્ડિંગ્સ બનાવી એટલી બધી પબ્લિસિટી દરેક જગ્યાએ બસ ઉપર, સ્ટેશન ઉપર, બસ ડેપો ઉપર ગમે ત્યાં હોર્ડિંગ્સ મૂકવામાં આવે છે. આજે ઇન્ટરનૅશનલ પતંગ મહોત્સવમાં જે પબ્લિસિટી મટીરિયલના કામગીરી માટે, પોસ્ટર માટે, બ્રાઉચર, હોર્ડિંગ્સ માટે કેન્દ્ર સરકારમાંથી માગણી કરી એના ૧૪.૫૫ લાખ રૂપિયા રાજ્ય સરકારે માત્ર પ્રસિદ્ધિ પાછળ ખર્ચ કરી નાખ્યો. એ પ્રમાણે નવરાત્રિ મહોત્સવ ૨૦૧૦ માં મટીરિયલ છપાવવા પાછળ કેન્દ્ર સરકાર પાસે ૩૧.૧૦ લાખની માગણી કરી. બીજી પબ્લિસિટી મટીરિયલમાં રણોત્સવ કહેવાય એમાં ૯ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો અને વળતર કેટલું આવ્યું માત્ર ૧ કરોડ રૂપિયા. એની સામે કેન્દ્ર સરકાર પાસે ૨૮.૩૦ લાખ રૂપિયાની માગણી કરી. તરણેતર ફેર ઉત્સવ એમાં રાજ્ય સરકારે ખૂબ મોટો ખર્ચ કર્યો. એની કેન્દ્ર પાસે મંજૂરી માગી એના ૨૮.૩૦ ટકાની માગણી કરી. આપણે અહીયા ઉત્સવોના ઉજવીએ. કેન્દ્રમાંથી આમ આદમીની યોજના લાવવી જોઈએ. ટેક્સનું ભારણ ઘટાડવું જોઈએ. એક બાજુ બજેટમાં યુનિટ ઉપર ટેક્સ નાખ્યો, એથી સામાન્ય માણસ ઉપર એનો બોજો વધ્યો. કિસાનો ઉપર ટેક્સ નાખ્યો, ટ્રેકટર ઉપર ટેક્સ નાખ્યો, અદના માનવી ઉપર ટેક્સ નાખ્યો અને બીજીબાજું ઉત્સવોમાં ખોટો ખર્ચો કરીએ છીએ તે અટકાવવાની તાકીદે જરૂર છે.

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા)** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૧ની વાઈબ્રન્ટ સમિટ ગુજરાત પહેલાં ચાર વાઈબ્રન્ટ સમિટો ગુજરાત રાજયમાં થઈ ગઈ. આ ચાર અગાઉના જે વાઈબ્રન્ટ સમિટો થઈ ગુજરાતમાં તેમાં ખરેખર કેટલા રૂપિયાના એમ.ઓ.યુ. થયા અને જે એમ.ઓ.યુ. થયા તે પૈકીના કેટલા ઉદ્યોગો ઉત્પાદનમાં ગયા. આની કોઈ માહિતી આપણને અત્યાર સુધી મળતી નથી. મારી પાસે એક અહેવાલ છે કે ૨૦૦૯ની સમિટમાં જે એમ.ઓ.યુ. થયા હતા તેમાંથી માત્ર ૬ ટકા જેટલું રોકાણ થયું. ૯૪ ટકા એમ.ઓ.યુ.ના કોઈ ઠેકાણા નથી. આ સરકાર કરોડો રૂપિયાના ખર્ચે મોટી જાહેરાતો કરે, મોટા આયોજનો કરે અને મોટી મોટી પ્રસિદ્ધિ આપે અને જ્યારે ગુજરાતમાં અમે જ આ બધું ઔદ્યોગિક વાતાવરણ ઉભું કર્યુ છે તેવી સ્થિતિ સર્જવાનો પ્રયત્ન કરે અને પછી આવી જાહેરાતો કરે કે આટલા હજાર કરોડના એમ.ઓ.યુ. થયા. આવી સસ્તી પ્રસિદ્ધિ લેવાનો આ સરકારનો સતત પ્રયત્ન છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પૉઈન્ટ ઑફ ઑર્ડર છે કે સસ્તી પ્રસિદ્ધિ શબ્દ વાપરી શકાતો નથી.

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારા શબ્દો પાછા ખેંચી લઉં છું. માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતમાં આ સરકારનું અસ્તિત્વ ન હતું તે દિવસે પણ ટાટા, રિલાયન્સ, એસ્સાર, જનરલ મોટર્સ, આઈ.પી.સી.એલ., આવી ઘણી બધી મોટી કંપનીઓ ગુજરાતમાં પોતાના ધંધા ઉદ્યોગ શરૂ કરી અને અત્યાર સુધી એનું અસ્તિત્વ જાળવી રાખ્યું છે. સાહેબ, આ સરકાર આવ્યા પછી જ ગુજરાતમાં ઔદ્યોગિક વાતાવરણ ઉભું થયું છે? તેવી સ્થિતિ નથી. માત્રને માત્ર ખોટો પ્રચાર, જાહેરાતો અને પ્રસિદ્ધિ મેળવવાના પ્રયત્ન કર્યે રાખે છે. હકીકતમાં હજારો લઘુ ઉદ્યોગો આ રાજયમાં બંધ પડયા છે. નાના અને મધ્યમ કદના ઉદ્યોગો છે તે બંધ છે. તેના પરિણામે આજે કેટલાય કારીગરો બેકાર છે. આ સરકારને તેની કોઈ પડી નથી. એટલું જ નહીં પણ જે કાંઈ એમ.ઓ.યુ. થયા છે આ ચાર સમિટોમાં તેમાં ખરેખર કેટલા કરોડ રૂપિયાનું રોકાણ થયું છે તેની વિગતવાર માહિતી આપવી જોઈએ. તે ઉપરાંત કેટલા ઉદ્યોગોએ ઉત્પાદન શરૂ કર્યુ તેની પણ માહિતી મળવી જોઈએ. નહીં કે માત્ર પ્રસિદ્ધિ અને જાહેરાતો એટલી જ વાત કરવી છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીઓએ જે પોતાની વાત, રજૂઆત કરી છે તેમાં મારે એનું સ્પષ્ટીકરણ કરવાનું. માનનીયશ્રી ચંદુભાઈ ડાભીએ મૅડિકલ કોલેજમાં જે સ્ટાફ ઓછો છે અને તેના માટેની વાત કરી છે. આપણે સમસ્ત રીતે જોઈએ કે આરોગ્ય વિભાગ એ એવો છે કે તેની અંદર સ્ટાફની ભરતી હોય તો ક્લાસ.૩ અને ૪ ના બીજા લોકો પણ મળે. પણ જેમાં ડૉક્ટર જોઈએ, એમ.ડી., એમ.એસ. આવા લોકો

જોઈતા હોય તેવું સ્ટાફમાં મળવાનું માગવા કરતાં પણ ઓછું છે. આપણને મળવાનું પ્રમાણ ઓછું છે. એટલા માટે આપણે એક નવી પદ્ધતિ કરી છે કે સરકારી મૅડિકલ કોલેજોમાં શૈક્ષણિક સંવર્ગ-૧ અને ૨ ની જગ્યા ભરવા માટે વર્ષમાં બે વાર ઓપન ઈન્ટરવ્યું રાખીએ છીએ. જેને આવવું હોય આ ભરતીમાં તે લોકો આવી શકે અને તેને નોકરી જોઈતી હોય તો તેની સીધી ભરતી કરી દઈએ છીએ. આ ઉપરાંત સીધી ભરતી અને બઢતીથી જે લોકોને બઢતી આપવાની હોય અને સીધી ભરતીથી વહેલામાં વહેલી તકે થાય તેના માટે આરોગ્ય વિભાગ રેગ્યુલરલી કામગીરી કરે છે. કોઈપણ ડૉકટરને એપોઇન્ટમૅંટ જોઈતી હોય, ડૉકટર આવે અને એમ કહે કે આ જગ્યાએ જવું છે તો તેને સીધેસીધા ઑર્ડર આપીએ છીએ. આપણે કોઈ જાહેરાતથી કરવું પડતું નથી. એટલા માટે કે જેની અંદર જગ્યા કરતાં આવનારની સંખ્યા વધુ હોય તો આપણે જાહેરાત આપવી પડે. અહીં તો જગ્યા વધુ છે અને આવનારની સંખ્યા ઓછી હોય છે. છતાં આપ જે કહો છો તે મૅડિકલ કૉલેજની અંદર જે ઓલ ઈન્ડિયા મૅડિકલ કાઉન્સિલના નોર્મ્સ મુજબ આપણે જે કમ્પલસરી ભરતી કરવી પડે તેમાંય જો ક્ષતિ રહે તો આપણને એમ કહે છે કે આટલા વખતની અંદર તમે ક્ષતિપૂર્તિ કરી દો.

અને એમાં જો ક્ષતિ રહે તો આપણને એમ કહે કે આટલા વખતની અંદર તમે ક્ષતિપૂર્તિ કરી દો, ન કરી દઈએ આપણે તો એ કુદરતી રીતે આપણું જે એને મંજૂરી આપી હોય એ મૅડિકલ કૉલેજ એ મંજૂર ન થાય, પણ આપણે પૂરેપૂરી સજાગતાથી આ કામ કરીએ છીએ અને ખાતાકીય પસંદગી સમિતિ પણ આના માટે કરી છે, અને ૧૪૬ લોકો જીપીએસસી મારફતે અને ૪૦૬ સીધી ભરતીથી વર્ગ ૧ અને વર્ગ ૨ની નિમણૂક આપણે આપેલી છે. આ ઉપરાંત છેલ્લા ત્રણ માસમાં એડહોક ઈન્ટર્વ્યુંથી વર્ગ ૧ અને વર્ગ ૨ના કુલ ૨૨૦ ઉમેદવારોને નિમણૂક આપવાના હુકમો કરેલા છે. હમણાં આપે એક સૂચન  ભાવનગર કૉલેજનું કર્યુ , તો એ માટે હું ચોક્કસ તપાસ કરી દઈશ, અને જે કંઈ સૂચના આપવાની હશે એ રીતે હું ચોક્કસ કરાવી દઈશ. આ રીતે કોઈપણ કૉલેજ સ્ટાફ વગર ના રહે  રેગ્યુલરલી સ્ટાફ ના મળે તો એડહોક ધોરણે પણ નિમણૂક આપી અને વિદ્યાર્થીની શિક્ષણ મળે એ રીતે આ રાજય સરકાર વ્યવસ્થા કરી દેશે. જે કોઈ આપનું સૂચન હશે, અહીં બેઠેલા સભ્યશ્રીઓને કહું છું કે, કોઈપણ ક્ષેત્રની અંદર સ્ટાફના અભાવે વિદ્યાર્થી અભ્યાસ વગરનો ના રહે એના માટે જે સગવડતા કરવી હશે એ એડહોક ધોરણે આપણે કરી દઈશું.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે માનનીય બાવકુભાઈએ પણ વાત કરી કે મહેકમમાં વધારો થતો નથી. મહેકમમાં આપણે સીધી ભરતી કરી શકતા નથી, કારણ કે વર્ગ ૧ અને વર્ગ ૨ ના લોકોની ભરતી કરવી હોય તો એ જીપીએસસી દ્વારા ભરવામાં આવે અને વર્ગ ૩ની જગ્યાઓ છે એ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ મારફત આપણે કરીએ છીએ. આ રીતે ૨૦૦૮-૦૯માં જીપીએસસી મારફત આપણે ૯૦૮ લોકોની ભરતી કરી, ૨૦૦૯-૧૦ની અંદર ૧૭૩૯ લોકોની ભરતી કરી, અને ૧૦-૧૧ની અંદર તા. ૩૧-૧૨-૧૦ સુધીની અંદર ૧૨૭૦ લોકોની ત્યાંથી આપણને ભલામણ થઈને આવી છે અને આ ભરતી કરવાની બાકીની બધી ક્રિયા છે એ નિયમ મુજબ આગળ વધે છે. એ જ રીતે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળને પણ ૨૦૦૮-૦૯માં  ૫૩૯૯ લોકોની ભરતી કરેલી છે, ૨૦૦૯-૧૦માં ૩૯૬૯ અને ૨૦૧૦-૧૧ની અંદર ૨૩૦૦ લોકોની, હમણાં પણ આપણને ભલામણ આવી છે. આ રીતે સરકાર સીધી ભરતી કરી શકતી નથી આપણે ભરતી કરવી હોય તો ક્લાસ વન અને ક્લાસ ટુ માટે જીપીએસસીને અરજી કરવી પડે એ ઈન્ટરવ્યુ લે અને પછી આપણને મોકલે. એમાં આપે એક સૂચન કર્યુ કે આપણે ૨૦૧૦-૧૧માં છીએ કે આપણી પાસે આંકડો હોવો જોઈએ કે ૨૦૧૧-૧૨માં કેટલા નિવૃત્ત થવાના છે તો જેટલા નિવૃત્ત થવાના હોય એનું એડવાન્સની અંદર આપણે જીપીએસસીને અથવા ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળને આ રીતે એ કહી શકીએ, આપનું જે સૂચન છે એ. હું વિભાગને આ રીતે એડવાન્સમાં કરવા માટે થઈ કે જેના કારણે ભવિષ્યની અંદર કર્મચારીના અભાવે  કામ સફર ન થાય એ જોવા માટેની વ્યવસ્થા કરવા માટેની વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે માનનીય સભ્યશ્રી દેવજીભાઈએ સુરેન્દ્રનગર માટેની વાત કરી એમાં એમણે કહ્યું કે આમાં બહુ મોટુ કૌભાંડને આ રીતે થયું છે ચોક્કસ આ ખાટલી ગામે ૨૦૦૭-૦૮ના વર્ષમાં અનુસૂચિત જાતિ પેટા કાર્યક્રમ હેઠળ દલિત વાસમાં બે બોર ઉપર હેન્ડપંપ કરવા માટે વહીવટી મંજૂરી આપેલી, જે અન્વયે ૧૬૫ મિલિમિટર વ્યાસના ૯૦ મીટર ઉંડાઈના બે બોરની મંજૂરી મેળવેલી હતી અને બોર છે એ નિષ્ફળ ગયા અને એ બોર ઉપર આજની તારીખે હેન્ડપંપ કે મોટર ફીટ કરવામાં આવેલી નથી પરંતુ એમાં બોરની કામગીરી માટે થઈને આપ કહો છો કે બહુ મોટું કૌભાંડ થયું છે પણ એની અંદર ચૂકવણી અત્યાર સુધીમાં સરકારે ૪૪૮૧૦ રૂપિયાની ચૂકવણી કરેલી છે અને છતાં આપ એમાં કહો છો કે બહુ મોટું કૌભાંડ છે તો હું આપની સાથે વિભાગના જે તે અધિકારીને બોલાવી અને તમને , એમાં જો કૌભાંડ થયું હશે તો કસૂરવારને આ સરકાર સખતમાં સખત સજા કરશે એ નિર્વિવાદ વાત છે આપ ચોક્કસ મને કહેજો હું વિભાગના જે તે અધિકારીને,
ડિપાર્ટમેન્ટના જે તે અધિકારીને આપ જે માહિતી આપશો એ માહિતીના આધારે એની તપાસ કરાવીશ અને તપાસમાં જે કોઈ દોષિત ઠરશે એને શિક્ષા કરવા તૈયાર છીએ પણ આપને એની સાથે સાથે જણાવું કે આર્થિક રેકોર્ડ ઉપર ૪૪૮૧૦ રૂપિયાનું જ ચૂકવણું થયું છે એટલે કોઈ મોટા કૌભાંડનો સવાલ નથી પણ સવાલ એ છે કે અહીં બોર ફૈલ ગયા હોય અને એ વિસ્તાર માટે થઈને પાણીની જરૂર હોય અને એલોકેશન એક વિભાગમાંથી ન

મળે તો પાણીની જરૂરિયાત પૂર્ણ કરવા માટે રાજય સરકાર બીજી જગ્યાએથી પાણી મળે એ જગ્યાએ બોર કરી અને દલિતવાસમાં પાણી મળે એવી વ્યવસ્થા કરાવી દઈશું અને કૌભાંડ થયું હશે અને આપ કહેશો એજ લાઈન ઉપર એની તપાસ કરવા માટે થઈને સરકાર તૈયાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, એજ રીતે માનનીય શ્રી બાબુભાઈએ પણ વાત કરી અને શ્રી બાવકુભાઈએ વાત કરી કે ટોટલ છે અને જે રીતે એમ કહ્યું કે ટેકનિકલ શિક્ષણની અંદર ભરતી ઓછી થાય છે. પરંતુ એમાં શું છે કે, સરકારી ઈજનેર કોલેજના વ્યાખ્યાતા ૭૫૮ અને ડિપ્લોમા ઈજનેરના વ્યાખ્યાતા ૧૦૭૦ એટલે ૧૭૭૫ જગ્યાઓ ભરવા માટે આયોગને આપણે માગણી પત્રક તા. ૫-૧૦-૦૯ ના રોજ મોકલી આપેલ છે એમાંથી આપણને ૧૭૭૫ માંથી ૬૫૨ ની નિમણૂક માટે આપણને ભલામણ કરીને આયોગે મોકલી છે એ ભરતી થઈ જાય બાકીની ભરતીની પ્રક્રિયા છે એ ચાલુ છે. એજ રીતે ઈજનેરી કોલેજના પ્રાધ્યાપકો ૫૧ જગ્યા ભરવા માટે તા. ૧-૮-૦૯ના રોજ માગણી પત્રક મોકલી આપેલ છે જી.પી.એસ.સી.ને અને એજ રીતે ઈજનેરી કોલેજના સહાયક પ્રાધ્યાપક માટે ૧૩૫ જગ્યા ભરવા માટે પણ આયોગને જુલાઈ ૨૦૦૯ માં અને ફેબ્રુઆરી ૨૦૧૦ માં માગણી પત્રક મોકલી આપેલ છે. આ અંગેની કાર્યવાહી ચાલુ છે છતાં પણ વિદ્યાર્થીનું ભવિષ્ય ન બગડે એટલા માટે થઈને આપણને પરમેનન્ટ જગ્યાના બદલે કરાર આધારિત એડહોક નિમણૂક આપવાની પધ્ધતિ પણ ચાલુ કરી છે અને આ જે કંઈ એડહોક ધોરણે આપણને પ્રોફેસરો મળે એના મારફત વિદ્યાર્થીને ભણાવવાની પધ્ધતિ ચાલુ છે અને ડિગ્રી એન્જિનિયરીંગ કોલેજમાં આવી રીતે આપણે ૨૯૨ અને ડિપ્લોમાં એન્જિનિયરીંગ કોલેજોમાં ૫૨૦ લોકોની ભરતી કરી છે અને ૮૧૨ લાકોની આવી રીતે એડહોક ધોરણે અને કરાર આધારિત નિમણૂકો થયેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપે જે એક વાત કરી કે કચ્છના ઈજનેરી કોલેજના પ્રિન્સિપાલ ગાંધીનગરમાં રહે છે તો ગાંધીનગરમાં રહેતા હશે તો એની ચોક્કસ તપાસ કરવામાં આવશે અને પોતાની ડ્યુટીથી વિપરીત રીતે બીજી જગ્યાએ રહેતા હશે તો એની સામે સખતમાં સખત પગલાં લેવા માટે આ સરકાર કટિબધ્ધ છે.

માનનીય અધ્યક્ષશ્રી, એજ રીતે માનનીયશ્રી ઈકબાલભાઈ પટેલે જે વાત કરી રાજય સરકારમાં દેવું વધતું જાય છે અને મોહત્સવ પાછળ વધુ ખર્ચો કરો છો અને ચીફ મિનિસ્ટરના ફોટા અને પોસ્ટર લગાવો છો. માનનીય અધ્યક્ષશ્રી, મારે કાંઈ કહેવાનું નથી. જે રાજયમાં જે મુખ્ય વ્યકિત હોય એના ફોટા આવે બીજાના તો ન આવે? કેન્દ્રની અંદર પણ એના જ ફોટા આવે. આ કોઈ સવાલ નથી. પરંતુ સવાલ એ છે કે આ જે કાંઈ ઉત્સવો ઉજવીએ છીએ એમાં આપને કદાચ લાગતું હોય કે આ પતંગ ઉત્સવ છે, નવરાત્રી છે, રણોત્સવ છે એની સામે પ્રજા તરફથી કોઈ વિરોધ નથી. આપ ભલે ગમે તે કહેતા હોય આંકડાકીય રીતે. પ્રજા તો આનંદિત છે. રણ કોઈ દિવસે જેણે ન જોયું હોય એ જોવેને તો લાખ રૂપિયા દેવાથી જે દૃશ્ય જોવા ન મળે એ રણમાં જોવા મળે, પતંગ ઉત્સવની અંદર ગુજરાતના બાળકોએ દેશ વિદેશની પતંગો ન જોઈ હોય એ અહીં પતંગોત્સવમાં જોવા મળે છે, નવરાત્રી મહોત્સવમાં ગુજરાતની દિકરીઓની અંદર જે કલાવૃત્તિ રહેલી છે એ કલાવૃતિમાં નિખાર આવે એના માટે રાજય સરકાર પ્રોત્સાહિત કરી કલાની પ્રવૃત્તિને પ્રોત્સાહન આપે છે આ ઉત્સવ પાછળ જ નહ. પરંતુ આના સિવાય પણ અહીંયા જે ત્રણ મુખ્ય ઉત્સવો આપણે ઉજવીએ છીએ એમાં એક તો પ્રજાસત્તાક દિનની ઉજવણી કરીએ છીએ, સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરીએ છીએ અને ગુજરાત રાજય સ્થાપના દિનની ઉજવણી કરીએ છીએ. ઉજવણી કરીએ છીએ એટલે એમાં શું કરીએ છીએ? ઉજવણીમાં આ ત્રણે ત્રણ ઉત્સવો જે તે જિલ્લામાં ઉજવવામાં આવે છે.

અને તે જિલ્લામાં ઉજવવામાં આવે છે ત્યાં કાર્યક્રમો હોય છે. હું આપને કહીશ કે ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૧ના રોજ સુરતમાં તેની ઉજવણી કરી તો ત્યાં તે વખતે રુપિયા ૩૧૪ કરોડના ખર્ચે ૨૦૪૬ લોકાર્પણના કામો થયા. અને ૪૨૯ કરોડના ખર્ચે ૧૦૦૯ કામોનું ખાતમુહૂર્ત અને ભૂમિ પૂજન કરવામાં આવ્યું. આ નાના નાના કામો હોય ક્યાંક પંચાયત વિભાગનું ગૃહ હોય, ક્યાંક આરોગ્ય માટેનું હોય, ક્યાંક આંગનવાડી હોય, ક્યાંક રસ્તા માટેની વાત હોય આ બધા કામો છે તે આ ઉત્સવની અંદર ઉજવવામાં આવે છે એટલે રાજય સરકાર કોઈ ખોટો ખર્ચો કરતા નથી, કયાંય વધુ ખર્ચા કરતા નથી અને છતાં પણ કહું છું કયાંય ખોટો ખર્ચો થાય કે આટલા રૂપિયા આમાં ખોટા ખર્ચ્યા તો આ હાઉસના એક એક સભ્યને તેની સામે આપનું ધ્યાન દોરવાનો હક્ક અને અધિકાર છે અને તે દિશાની અંદર અમે પણ ચોક્કસ તે ધ્યાનમાં લેશું.

માનનીય અધ્યક્ષશ્રી, તે જ રીતે માનનીય રાઘવજીભાઈએ કહ્યું કે આટલા આટલા એમ.ઓ.યુ. થયા અને આટલું આ થયું અને આ થયું. હવે આપણે તો વિદેશમાંથી એન.આર.આઈ. અને આપણાં રાજયમાં જાય બીજા લોકો અહીંયા ઉદ્યોગ માટે થઈને આવે તેના માટે થઈને આપણે આમંત્રણ આપીએ છીએ. તેમાં આપણાં બજેટમાંથી આપણે શું ખર્ચીએ છીએ ? અરે, ઉદ્યોગકારોને કહીએ છીએ તમે અહીંયા આવો. ભૂતકાળની અંદર તમે જે કહ્યું કે અમારા વખતમાં પણ આવતા. જ્યારે આ બધા ઉદ્યોગો ભૂતકાળમાં આવ્યાં છે તે બધાને સેલ્સટેક્ષના લાભો મળ્યા હતા સો એ સો ટકા સુધી. તે આજે રિલાયન્સવાળા હોય કે એસ્સારવાળા હોય કે જે હોય તે બધાને સરકારે ૨૦-૨૦ અને ૨૫-૨૫ હજાર કરોડ રૂપિયાના જે ઉદ્યોગ નાંખ્યા તે સરકારે તેને ૨૫ હજારનું વળતર આપ્યું હતું તેને પૈસા આપવાથી આવ્યાં છે. ..અંતરાય. હજુ તમારા પેટમાંથી નેનો નીકળી જાય એવી કાંઈક હું દવાની શોધ લઈ આવીશ એટલે બીજી વખત રહે નહીં. આપે જે રીતે કહ્યું તેના માટે હું આંકડા માટેની વાત કરીશ ૨૦૦૫માં જે

સમીટ થયું તેમાં ૬૦ ટકા પ્રોજૅકટો દ્વારા ઉત્પાદન ચાલુ છે અથવા તો અમલીકરણના લાભ તેની ઉપર છે. (અંતરાય) આ બધું રાઈટ ઓફ ઈન્ફર્મેશનની અંદરથી તમને માહિતી મળે. તમે માગતા નથી. તમને કયાં જામનગર જિલ્લામાંથી અહીંયા આવવાનો ટાઈમ છે. એક કાગળિયું લખીને માગોને ?

માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે ૨૦૦૭માં પણ ૬૮.૭૨ ટકા પ્રોજેકટો દ્વારા ઉત્પાદન શરૂ થયું છે. ૨૦૦૯માં હમણાં જે થયા તેની અંદરથી માનનીય અધ્યક્ષશ્રી, ટૂંકાગાળાની અંદર મોટા કદના જે હતા એવા ૪૪ ટકા અને નાના અને મધ્યમ કક્ષાના પ્રોજૅકટોના ૭૬ ટકા પ્રોજેકટો એ ઉત્પાદનની અંદર આવી ગયા છે અથવા તો અમલીકરણના  લાસ્ટ સ્ટેજ ઉપર છે. ગુજરાત રાજયની  અંદર વધુમાં વધુ ઉદ્યોગો આવે બે ફાયદા થાય કે ગુજરાત રાજયની અંદર રહેતા કામદાર ભાઈઓ છે તેને રોજી રોટી મળે અને ઉદ્યોગોને કારણે આપણી આર્થિક વ્યવસ્થા પણ સધ્ધર થાય અને આ જે ઉદ્યોગોની વાત કરીએ છીએ તેમાં સ્પષ્ટ વાત છે કે રાષ્ટ્રના વિકાસમાં ગુજરાતનો વિકાસ. અમે એમ નથી કહેતા કે અમે આખા હિદુસ્તાન કરતાં પણ ગુજરાત રાજય આગળ વધી જાય છે. અમને રંજ રહી જાય છે કે ગુજરાત રાજય જે રીતે વિકાસ કરે છે એ આ દેશના તમામ રાજયો અમારા કરતાં સવાયો વિકાસ કરે એવી અમે ઇચ્છા વ્યક્ત કરીએ છીએ એવી રાષ્ટ્રીય ભાવના છે. અને આ રાષ્ટ્રીય ભાવનાના ભાગરૂપે અમે આ રીતે કહીએ છીએ. અને આની અંદર કોઈને એકેય પૈસાનો કોઈ લાભ મળે કે રાહત મળે એવું કાંઈ કરવામાં આવતું નથી મારી આટલી આ સ્પષ્ટતા સાથે પહેલું વાંચન કરવામાં આવે એવી હું વિનંતી કરું છું.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક:૧૩નું બીજુ વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ અને ૩, અનુસૂચિ કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક:૧૩નું ત્રીજુ વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી :** સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક:૧૩ નું ત્રીજુ વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

# અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)

## અધ્યક્ષશ્રીની જાહેરાત

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રીઓ જાણે છે કે અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચા માટે ૪ દિવસ ફાળવવામાં આવ્યા છે. અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા દરમ્યાન આખા અંદાજપત્ર ઉપર અથવા તો તેમાં સમાયેલા કોઈ સિદ્ધાંતના પ્રશ્નો ઉપર ચર્ચા કરી શકાય. જુદા જુદા વિષય અગર તો સેવાઓની અગત્ય અનુસાર ખર્ચની યોગ્ય ફાળવણી અંદાજપત્રમાં દર્શાવ્યા પ્રમાણેના કર નાંખવાની નીતિ અને માનનીય નાણામંત્રીશ્રીના પ્રવચન અંગે ચર્ચા કરી શકાય, પરંતુ ખાતાઓની ઝીણી ઝીણી વહીવટી વિગતો કે સ્થાનિક પ્રશ્નોની છણાવટ અંદાજપત્રની સામાન્ય ચર્ચા વખતે નહીં, પણ અનુદાનોની માગણીઓ પર ચર્ચા વખતે કરવાની હોય છે. માનનીય સભ્યશ્રીઓ આ બાબત ધ્યાનમાં રાખશે તો પુનરોકિત થશે નહીં અને ચર્ચા ઉપયોગી થઈ શકશે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારનું બજેટ ગરીબો અને શ્રીમંતો વચ્ચેની ખાઈ વધારનારું રહેવાનું. માનનીય અધ્યક્ષશ્રી, અસમતોલ વિકાસને પેદા કરશે આ બજેટ. આમ આદમીની ઉપેક્ષા અને મુઠ્ઠીભર માનીતા માલામાલ થાય એ પરિસ્થિતિનું નિર્માણ થશે. પ્રસિદ્ધિના પુષ્પો, વાહ, વાહ, વાહ, વાહ. એ વધારે પડતી થાય એના વિરુદ્ધમાં એક શાયરે સરસ લખ્યું છે.

" કરોગે જો કદમપોસી, તો દિલમેં દર્દ હોગા.
અપની હી નજરસે તુમ ગિર જાઓગે,
પાઓગે બહોત કુછ, પર સબકુછ ગવાંકરકે
સાયાં ભી તુમ્હારા, યું ગમખ્વાર નજર આયેગા."

માનનીય અધ્યક્ષશ્રી, અને જે રીતની આ ગૃહમાં પરિસ્થિતિ ચાલે છે, આપણે જોઈએ છીએ. હું એમાં વિશેષ ઉંડો ઉતરવા માગતો નથી, પણ બધાને અહીંયા હાથ રાખીને કહું છું કે એક મર્યાદાથી વધારે એમાં પડયા વગર આ બજેટમાં આ પક્ષ કે આ પક્ષના હોય, આપણે આમ જનતાના છીએ અને એના માટેનું કયાં શું ખૂટે છે, એના માટેની આપણે ચિંતા કરવાની છે. બજેટમાં એક પણ રુપિયાની રાહત આપવામાં આવી નથી. એકપણ રૂપિયાની રાહત નહીં.

અને ૫૨૪ કરોડ રૂપિયાનો નવો કરબોજ આ ગુજરાતની જનતા ઉપર નાંખવામાં આવ્યો છે. ચાણકયનું અર્થશાસ્ત્ર છે કે મોટા પાસેથી મોટો કર લો અને નાના માણસને એનાથી સુવિધા આપો. તો મોટા ઉપર આ રાજયસત્તા કડક બને અને નાના અને ગરીબ માણસો ઉપર કૃપા દ્રષ્ટિ રાખે એ ચાણકયનું અર્થશાસ્ત્ર છે. આપણે શું કરીએ છીએ? એનાથી ઉલટું કરીએ છીએ કે વન વિભાગની જમીન ઉપર એસ્સારે કોઈ અધિકાર વિના કબજો કર્યો હોય તો એને નિયમિત કરવા માટે લખાણ કરીએ છીએ કે આને નિયમિત કરી આપો અને આદિવાસી ભાઈઓ માટે ગ્રામસભા ઠરાવ કરીને આપે તો વન વિભાગના અધિકારીઓ કાતર મૂકીને કહે કે ના હું આદિવાસીઓને જમીન નહીં આપું. લંડનની ઈરોઝ કંપની માટે લાલ જાજમ પાથરવામાં આવે અને ગરીબોનાં ઝૂંપડાં ઉપર બૂલડોઝર ફેરવવામાં આવે એ કયા પ્રકારની પરિસ્થિતિ છે? એ ઈરોજ કંપનીને આપણે ફાયદો આપીએ અને ગ્રીન સેસના નામે આ જ અંદાજપત્રમાં ૨૪૪ કરોડ રૂપિયાનો કરબોજ ગુજરાતની જનતા ઉપર નાંખવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, પૂજય મહાત્મા ગાંધીજીએ કહ્યું છે કે સાચું ભારત ગામડાંમાં વસે છે ત્યારે આ ગુજરાત સરકાર મહાત્મા ગાંધીજીની વાત કરવાનું હમણાં હમણાંથી શરૂ કર્યા પછી પણ આ ગામડાંની ચિંતા કરી છે ખરી? હું આ બજેટના આંકડામાં જાઉં તો ૨૦૦૭-૦૮ માં આપે ગ્રામીણ વિકાસ માટેની જે જોગવાઈ કરી હતી એમાંથી ૩૨૨૫ લાખ રૂપિયા વપરાયા વિનાના પડી રહ્યા છે, ૨૦૦૮-૦૯ માં ૧૧ હજાર લાખ કરતાં વધુ રકમ ગ્રામીણ વિકાસ વિભાગની વપરાયા વિનાની પડી રહી છે અને આ પરંપરા આગળ વધી અને છેલ્લે ૨૦૦૯-૧૦ માં ગ્રામીણ વિકાસ માટેના ૨૫ હજાર લાખ રૂપિયા વપરાયા વિના પડી રહ્યા છે. તો આપણે આ ભારતનાં ગામડાંની ચિંતા કરીએ છીએ?

માનનીય અધ્યક્ષશ્રી, સામાજીક સેવાઓમાં આમ આદમી માટેની સેવા માટેના પ્રશ્નો છે. દલિત કે આદિવાસી એ દરેક ભાઈઓ માટે આપણી સૌની ફરજ છે કે એમના માટેની ચિંતા કરવી જોઈએ. તો આ સામાજીક સેવાઓમાં શું થયું કે ૨૦૦૮-૦૯ માં ૬૫ હજાર લાખ રૂપિયા સામાજીક સેવાઓમાં વણવપરાયેલા રહ્યા, ૨૦૦૯-૧૦ માં ૬૦ હજાર લાખ રૂપિયા વણવપરાયેલા રહ્યા. સામાજીક વિકાસમાં આપણે બહુ મોટા રન વેની વાત ના કરી શકીએ તો ચાલશે, પરંતુ ગામડાંના કોઝવેની ચિંતા આપણે કરવી પડશે. એ ગામડાંના કોઝવે બનાવીએ છીએ ખરા? આ બજેટના આયોજનના કુલ બજેટમાંથી અનુસૂચિત જાતિ માટે ૨૦૩૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરી એ કુલ આયોજનના બજેટની જોગવાઈ ૫.૪૬ થઈ. આદિવાસી ભાઈઓ માટે જે જોગવાઈ કરવામાં આવી હતી એ પ્લાનિંગ કમિશને આપણને શું કહ્યું છે કે એસ.સી. અને એસ.ટી. માટે વસતિની ટકાવારી મુજબ તમારે જોગવાઈ કરવી જોઈએ. આપે શું કર્યુ કે આપણે ત્યાં એસ.સી.ની વસતિ ૭ ટકા છે અને એસ.સી.ની વસતિ

૧૪ ટકા છે. તો એસ.સી. માટે ૨૬૦૦ કરોડ રૂપિયા જોઈએ એમાં ૫૮૦ કરોડ રૂપિયા ઓછા ફાળવ્યા છે. એસ.ટી. માટે જે નાણાની જરૂરિયાત હતી એ ૫૨૦૧ કરોડ રૂપિયા ફાળવવા જોઈએ અને આપે કેટલા ફાળવ્યા? તો ૪૮૪૮ કરોડ ફાળવ્યા છે. તો આ એસ.સી. અને એસ.ટી. માટેની આપની ભાવના બતાવે છે. આ જવાબદારી કોની છે? આપણા સૌની આ જવાબદારી છે. આ ગૃહ સર્વોપરી છે અને એ આપણા સૌની ભાવના હોવી જોઈએ કે આદિવાસી હોય, એસ.સી. હોય કે લઘુમતિનો હોય, પરંતુ એ હિન્દુસ્તાની છે અને એનેસાથે લાવવાના પ્રયત્ન માટે ભલે પ્લાનિંગ કમિશને વસતિ મુજબ કહ્યું, પણ અમે વસતિ કરતાં પણ ૨ થી ૫ ટકા વધારે ફાળવીએ છીએ, એવું બજેટ લઈને આવ્યા હોત તો હું આ બજેટને આવકારત.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી એમ કહે છે કે અમને કેન્દ્ર સરકારે દેવું કરવાની છૂટ આપી છે એટલે અમે દેવું કરીએ છીએ, મર્યાદામાં દેવું કર્યુ છે. અરે ભાઈ, શું દેવું કરવું એ કમ્પલઝન હોઈ શકે?
ભૂતકાળની સરકારોએ જો આ વાત કરી અને આંકડા મુકયા હોત તો તો આજે કયારના એ આંકડો પાર કરી ગયા હોત, હા, ઓવરડ્રાફટ લેતા હતા, ટૂંકા સમય માટે, તરત જ ભરાઈ જતો હતો, આપ તો દેવાનો આંકડો વધારો છો અને આ વર્ષે ૨૧૧૨૫.૮૭ કરોડ રૂપિયાનું દેવું આપે લેવાનું કહ્યું છે. આટલું દેવું લીધા પછી પણ આપણે આ રાજયના કર્મચારીઓ જે આપણું કામ કરે છે તેને નિયમિત પગાર આપી શકીએ છીએ ખરા? દર પહેલી તારીખે તેને પગાર મળવો જોઈએ, આપણે આપી શકીએ છીએ ખરા? પેન્શનના પૈસા તો નિવૃત્ત થાય કે પહેલે દિવસે તેને ચેક મળવો જોઈએ તે પૈસા તેના અધિકારના પૈસા પણ તેને મળતા નથી. હું જોતો હતો પૂરક માગણીઓમાં, હાઈકોર્ટમાં માણસ ૨૮ હજાર રૂપિયા લેવા ગયો હોય, હાઈકોર્ટ ઓર્ડર કરે અને ૨૮ હજાર રૂપિયા ચુકવવા પડે એની પુરક માગણી આવે, હાઈકોર્ટમાં જનારો માણસ વકીલની ફી ભરે, કે એના કાયદેસરના ૨૮ હજાર લેવા આવે, અને આપણને તેની ચિંતા ન થાય? રાજય સરકારમાં કહેવાયું આ બજેટમાં કહેવાયું કે બીજે ટેકસ વધારે છે ને, એટલે અમે ટેકસ વધારે નાખીએ છીએ, મોબાઈલ નજરમાં આવ્યો કે પાંચ ટકા છે, બીજે પંદર ટકા છે, એટલે હું મહારાષ્ટ્ર, આંધ્ર અને કર્ણાટકમાં ૧૫ ટકા છે એટલે હું પણ મોબાઈલના પંદર ટકા કરું, મારે એમ કહેવું છે કે બીજા રાજયોમાં જે જે વસ્તુના વેટના દર નીચા છે એની બરાબરી કરવા માટે આપ વેટના દર નીચે. લાવશો ખરા? કે માત્ર વધારાની જ સરખામણી કરશો? માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં પેટ્રોલ ઉપર ૨૩ ટકા, ડીઝલ ઉપર ૨૧ ટકા, એ વેરો છે. ઓકટ્રોય નાબૂદ કરી ત્યારે આપણે એક સેસ લાવ્યા, અને એમાં પેટ્રોલ ઉપર ૩ ટકા અને ડિઝલ ઉપર ૨ ટકાની સેસ નાખી, સરખામણી કરો આપ, મહારાષ્ટ્ર અને રાજસ્થાનમાં, ગુજરાતમાં એક લીટર ડીઝલ લો તો ૧ રૂપિયો અને ૭૦ પૈસા મોંઘુ છે બોર્ડરમાંથી બહાર નીકળો મહારાષ્ટ્ર કે રાજસ્થાન તો ૧ રૂપિયો અને ૭૦ પૈસા ડીઝલ સસ્તુ છે, આપે ઓછું કરવું છે? અને એ સંજોગોમાં રાજયના કરવેરાની આવકનો બીજો દાખલો આપું છું વીજ ડયુટીનો, રાજયના ટોટલ કરવેરાના પ્રમાણમાં ગુજરાતમાં વીજ ડયુટી કેવી છે? ૨૦૦૭-૦૮માં ગુજરાતમાં ૯.૩૫ ટકા વીજ ડયુટી લેવામાં આવી છે. મેં, રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાએ જે બજેટ સ્ટડી કરીને ૧૪ રાજયો જે એક સરખા છે તેના આંકડાઓ મુકયા છે, કયાંક પોઈન્ટ પચાસ કયાંક બે ટકા કયાંક ૩ ટકા કયાંક ૪ ટકા છે. આ સરખામણીમાં ૧૪ રાજયોમા સૌથી વધારે જો કરવેરામાં વીજ ડયુટી કોઈ રાજય ઉઘ ાવતું હોય તો એ ગુજરાત છે. માનનીય અધ્યક્ષશ્રી, આર.બી.આઈ.ની સ્ટેટ ફાઈનાન્સ સ્ટડી ઓફ બજેટ ૨૦૦૯-૧૦ના હું આંકડાઓ બોલું છું. રહેઠાણના ગ્રાહકો ઉપર મહત્તમ રાજયોમાં, મોટાભાગના રાજયોમાં વીજ ડયુટી શું છે? ૪ પૈસા થી લઈ અને ૧૫ પૈસા, ગુજરાતમાં વીજ ડયુટી રહેણાકના મકાન પર શું છે? ૨૦ ટકા વીજ ડયુટી ગુજરાતમાં રહેણાકના મકાન ઉપર પણ આપણે લીધી છે. આપણું ગુજરાત વીજ આયોગ પંચ છે એની આપે ટકોર વાંચી છે? એણે પણ કહયું છે કે વીજ ડયુટીના ભાવ ગુજરાતમાં અનેક ગણા વધારે છે આ ઘટાડવા જોઈએ. આપણે તો એ રીતે ચાલીએ છીએ. બીજા રાજયોમાં વીજ ડયુટી કેમ લેવાય છે અને આપણે ત્યાં કેમ લેવાય છે તેની કયારેક તો આપણે સરખામણી કરીએ. આ બધા પૈસા લીધા પછી આ પૈસો સરકાર કયાં વાપરે છે તેનું મોનીટરીંગ આ ગૃહ કરે છે. ખેલાડીઓ માટે સારું ઈન્ફ્રાસ્ટ્રકચર બનાવો, સારા કોચીસ આપો અને એવી પરિસ્થિતિ ઉભી કરો કે રમશે આખું વિશ્વ, પણ જીતશે ગુજરાત, એવી પરિસ્થિતિ ઉભી કરવી જોઈએ. આપણે તો અહીંયા શું કર્યુ? રમશે ગુજરાત, જીતશે ગુજરાત, અરે ભાઈ ગુજરાત રમે તો ગુજરાત જ જીતે ને? બીજું કોણ જીતે? કંઈક તો વિચાર કરો, બીજો રમે તો જીતે ને? ગુજરાત રમે અને ગુજરાત જીતે, અરે વિશ્વ રમે પણ ગુજરાત જીતે એ ભાવના આપણી ઉભી થવી જોઈએ.
આપણે એના માટેની વ્યવસ્થા નથી આપતા, એના માટેનું ઈન્ફ્રાસ્ટ્રકચર નથી આપતા. એના માટેના કોચીશ નથી આપતા, આપણે ખેલ ઉત્સવ શું કર્યા? પોલીસવાળા બધા છે એમને રમવા લઈ ગયા હતા. પોલીસ કૉન્સ્ટેબલોને પકડી પકડીને આંકડો બતાવવાનો છે, ખેલે ગુજરાતમાં આપણે આંકડો મોટો બતાવવો છે. મેં એક કૉન્સ્ટેબલને પૂછયું કે શું થયું, સાહેબ કાલે મને બોલાવ્યો હતો. મેં પૂછયું શું રમી આવ્યા? સાહેબ મને ગોળો ફેંકવાનું કહ્યું. મેં કહ્યું શું તમે ભૂતકાળમાં ગોળા ફેંકમાં રમેલા, એણે કહ્યું સાહેબ ગોળો જ જિંદગીમાં પહેલીવાર જોયો,. મેં કહ્યું કે તું ગોળો ફેંકી આવ્યો પછી એનો ફાયદો, પ્રૅક્ટિસ કરી છે, નારે નારે એક દિવસ ગયો હતો અને કહ્યું કે આમ ફેંકી આવ્યો, તો એનાથી શું ફાયદો થયો, આપના અહમના પોષણ સિવાય ગુજરાતની જનતાને શું ફાયદો થયો? એક પૈસાભાર ગુજરાતને એનાથી ફાયદો નથી. ગુજરાતના પ્રજાના ખેલાડીઓ તૈયાર કરવા માટેના નાણાં આપણે

વેડફી દીધા છે અને વેડફી દીધા છે એના માટે મને લાગે છે કે ગુજરાતના આ વિધાનસભા ગૃહમાં મને લાગે છે કે આ પક્ષ હોય કે આ પક્ષ હોય એણે અહીંયા હાથ મૂકીને વિચારવું પડશે કે પ્રજાના નાણાંનો આવો દુર્વ્યય રોકવાની હિંમત આપણે પેદા નહિ કરીએ તો ગુજરાતની જનતાએ આ ગૃહમાં નાણાંનું ઑડિટ કરવા સરકારના મોકલ્યા છે એને આપણે અન્યાય કરીએ છીએ. મેં આ વિધાનસભાગૃહ જોયું છે, સત્તાધારી પક્ષનો ધારાસભ્ય બોલાવ ઊભો થાય, ધારદાર બોલે, પ્રજાહિતનું બોલે, સરકારની ટીકા પણ કરે કારણ કે મત આપવાનો આવે ત્યારે ભલે એમના મેન્ડેન્ટ પ્રમાણે મત આપે પણ સરકાર સુધરે એના માટે ચાબુક સત્તાધારી પક્ષ મારે એના ચાબુક વિરોધપક્ષ કરતાં વધારે ચટાકેદાર હોય એવી પરંપરા ગુજરાતની રહી છે. નહિ કે *(xxxx) કરવાની. માનનીય અધ્યક્ષશ્રી...

## પૉઈન્ટ ઑફ ઑર્ડર

### અસંસદીય શબ્દ પ્રયોગ કરવા અંગે

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ એમ કહ્યું કે અહીંયા જે પ્રવચનો થાય છે એમાં (xxxx) કરવામાં આવે છે, આ બિન સંસદીય શબ્દ છે સભ્યશ્રીઓનું અપમાન છે માટે એ શબ્દો રદ કરવો જોઈએ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા શબ્દો સુધારી લઉં છું. (xxxx) નહિ કરવી જોઈએ. આ શબ્દો પહેલા હું પાછા ખેંચુ છું. (અંતરાય) મેં એવું કહ્યું જ નથી. ના, ના નહિ કરવી જોઈએ એવું હું કહું, તમે એમ કહો કે ગાળ નહિ બોલવી જોઈએ એ ખોટું છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આપ જોઈ લો. (xxxx) નહિ કરવી જોઈએ એ ગુનો છે?

**અધ્યક્ષશ્રી** : શબ્દ અસંસદીય હશે તો રેકર્ડ જોઈને હું દૂર કરીશ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ વાત કરતો હતો કે આ વિધાનસભા ગૃહ જેને નાણાં આપે છે એનું ઑડિટ પણ આપણે કરવાનું હોય છે. અને એક કરપ્શનનું એ.પી. સૅન્ટર જેવું ગુજરાત સ્ટેટ પેટ્રોલીયમ કોરપોરેશન બની ગયું છે. એ જી.એસ.પી.સી. આપણે ઘરમાં રૂમ બનાવવાનો હોય તો આપણે એનું એસ્ટીમેટ બનાવીએ કે ૨૦ હજાર રૂપિયાનો રૂમ થશે, બને કે ભાવ આમ તેમ થાય અને ૨૦ હજારના ૨૨ હજાર થાય કે ૧૮ હજાર થાય, બે ટકા આમ તેમ થાય, પણ આ કેવું મોટું એપી સૅન્ટર છે આ ગૃહના માનનીય સભ્યશ્રીઓ વિચારે. જી.એસ.પી.સી.એ વેલહેડ પ્લૅટફૉર્મ બનાવવા માટેના એસ્ટીમેટ બનાવ્યા, દરિયામાં પ્લૅટફૉર્મ બનાવવા, એસ્ટીમેટ જે હતું એ એલ.એન્ડ ટી. કંપનીને કામ અપાવ્યું, ટ્રાન્સપરસી નથી એવો મારો ચોખ્ખો આક્ષેપ છે એ કામ આપ્યું ત્યારે એ કામ એસ્ટીમેટ કરતાં થોડું ઘણું નહિ પરંતુ ૨૧૭ કરોડ રૂપિયા વધારે આપી દેવામાં આવ્યા. ૨૧૭ કરોડ રૂપિયા, આપણે ધારાસભ્યોની ગ્રાન્ટમાં થોડો વધારો કરવો હોય તો કરી શકીએ નહિ એ કોન્ટ્રાકટમાં ૨૧૭ કરોડ રૂપિયા વધારે આપી દઈએ એ કયાંની પરિસ્થિતિ? ગેસ મળી જશે, ચકલી ખોલશો તો પાણી ના બદલે પેટ્રોલ આવશે. આ જી.એસ.પી.સી.એ કહ્યું હતું, તેમણે લેખિત આપ્યું છે મિનિટસની નોંધમાં કે ૨૦૧૧માં અમે ગુજરાતમાં કે.જી. બેઝીનમાંથી ગેસ લઈ આવીશું. ટવેન્ટી ટી.સી.એફ. ગેસ અને ઑઈલ મળવાનું છે, જવાબદાર માણસ આવું નિવેદન કરે છે. મારો ખેડૂત કેનમાં દૂધ નહિ તેલ વેચવા જશે. અને થયું શું હવે એમ કહે છે કે ના આ ગેસ કે ઑઈલ હવે ૨૦૧૧માં આવે તેમ નથી ૨૦૧૩ સુધીમાં કરીશું.
તેનો અર્થ એવો કે ૨૦૧૦ની ચૂંટણી પાછી ચકલીના નામે ચલાવી લઈએ. માનનીય અધ્યક્ષશ્રી, મારે કેટલીક વાત એવી કરવી છે, માનનીય સૌરભભાઈ જવાબ આપે છે ત્યારે એ પાટલી પર રહીને મેં પણ જવાબો આપ્યા છે. સભ્ય જ્યારે બોલે ત્યારે મંત્રી જવાબ આપવા ઉભા થાય તો ગુસ્સો કે ઉછળાટ ન હોય, સત્ય જે હોય તેને સ્વીકારીને તંત્રને સુધારવાનો પ્રયત્ન થવો જોઈએ. મંત્રીશ્રી જ્યારે જવાબ આપે ત્યારે પૂરતી માહિતી અપાય. બે દિવસ પહેલાં કહેવાયું કે* (xxxx) (xxxx) (xxxx) (અંતરાય) આપનો વારો આવે ત્યારે કહેજો.

## પૉઈન્ટ ઑફ ઑર્ડર

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. મેં સ્પષ્ટપણે એ દિવસે કહ્યું હતું કે ગુજરાતમાં જી.એસ.પી.સી. ગેસ છે, સી.એન.જી. વપરાશ માટે કે પાઈપ ગેસ માટે ગેસ નથી આપતું, એ પ્રમાણે મારું ભાષણ કલીયર હતું. હું આજની તારીખમાં કહું છું કે ગુજરાત..

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આ પૉઈન્ટ ઑફ ઑર્ડર નથી.(અંતરાય)

---

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીઆઆદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીઆઆદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી સૌરભ પટેલ** : ખોટી માહિતી આપો છો એ રજૂ કરું છું. પૉઈન્ટ ઑફ ઑર્ડર એટલો જ છે કે એ સાચી-ખોટી માહિતી આપે છે અને હાઉસને ગેરમાર્ગે દોરે છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આ પ્રથા બરાબર નથી.

**અધ્યક્ષશ્રી** : હું રૅકૉર્ડ જોઈ લઈશ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે એ કહેવું છે કે જી.એસ.એફ.સી. હોય, જી.એન.એફ.સી. હોય ગુજરાતના ફર્ટિલાઈઝર માટે થઈને ૩.૭૫ એમ.એમ.એસ.સી.એમ.ડી. આપવામાં આવે છે. કહેતા હતા પાવરના ભાગમાં અમને નથી મળતું. ટોરેન્ટ, જે મેકસીમમ પાવર ગુજરાતમાં આપે છે. અમદાવાદ હોય કે સુરત હોય, એથી લઈને આપના જી.એ.સી.સી.એલ. હોય, જી.આઈ.પી.સી.એલ. હોય, એ બધાનો લઈને ગુજરાતમાં જે પાવર સેકટરમાં ૮.૧૪ એમ.એમ.એસ.સી.એમ.ડી. આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સિટી ગેસ ડીસ્ટ્રીબ્યુશન માટે બે જગ્યાએ સાબરમતી ગેસ લિમિટેડ અને એચ.પી.સી.એલ.ને ગેસ ફાળવવામાં આવે છે. તમે જે ગેસની ફાવણીની વાત કરો છો એની નીતિ એન.ડી.એ.ની ગવર્નમૅન્ટ જ્યારે સેન્ટ્રલમાં હતી ત્યારે એ વખતે ગેસ ફાળવણી માટેની મિનિસ્ટર્સની જે કમિટી નક્કી થઈ, ગેસ ફાળવણીની વ્યવસ્થા નક્કી થઈ, એ પ્રમાણે વ્યવસ્થાના ભાગ રૂપે એન.ડી.એ.ના સમયમાં જે દિવસે અહીંથી ચૂંટાયેલા માણસો ત્યાં બન્ને સરકાર હતી ત્યારે આ નક્કી થયેલી વાત છે. આ જી.એસ.પી.સી. કરે શું, જેને આપણે પૈસા આપીએ છીએ. બહુ નવાઈ લાગી, હું પહેલાં માનવા તૈયાર નહોતો. આ ઝેરોક્ષ હાથમાં આવી ત્યારે ખબર પડી. એક પુસ્તક લખાય છે, અર્પણ, કર્મયોગી ભાઈઓ બહેનોને સાદર. આમાં સૌજન્ય હોય છે ગુજરાતના જી.એસ.પી.સી.નું. કારણ કે આના લેખક છે નરેન્દ્રભાઈ મોદી. માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે વાંધો આવે કે પ્રજાના પૈસે સૌજન્ય ન હોઈ શકે. સૌજન્ય આપવું હોય તો ઘણા સારા લેખકો જાતે લખે છે અને એનું લખાણ એવું કંઈ હોય કે ગુજરાતની જનતાના ઉપયોગમાં હોય. જ્યાં આગળ માથે મેલું ઉપાડવું છે તેને આત્મમંથન કહેવાતું હોય એવા પુસ્તકને સૌજન્ય ન હોઈ શકે. મારી વાત છે કે આવા પુસ્તકને સૌજન્ય ન હોઈ શકે અને એટલા માટે આ વાત હું આપને કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે છેલ્લી એક વાત કરીને મારી વાત પૂરી કરવી છે. ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા કઈ પરિસ્થિતિ સુધી આપણે લઈને ગયા છીએ. આ મહાત્મા ગાંધીજીના ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થામાં એક સલામત આખું ગુજરાત અસલામત એવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. ત્યારે એ બધી પરિસ્થિતિમાં માત્ર બહારના નહીં, અહીંના પોલીસ તંત્રના આપની એસ.આઈ.ટી. હોય કે આપની પોલીસ હોય, સી.બી.આઈ. આવે ત્યારે તો આમ ઘણું થાય, સમજી શકાય, આપની પોલીસ દ્વારા જે લોકો પકડાયા છે એ આઈ.એ.એસ., આઈ.પી.એસ. અને આપના અધિકારીઓ મોટા માથા બચી જાય એટલા માટે નાનાને પકડીને જેલમાં નાખવામાં આવે છે અને મોટા મહેલમાં રહે છે એ નહીં ચાલે. કાયદો કાયદાનું કામ કરે. કાયદો સૌના માટે સમાન હોવો જોઈએ. ગઈ કાલે આંતરરાષ્ટ્રીય મહિલા દિન હતો. હું નથી માનતો માનનીય આરોગ્ય મંત્રીશ્રીના ધ્યાને નહીં આવ્યું હોય. વિભાગના મંત્રીશ્રી સજ્જન અને સારા વ્યકિત છે.

આરોગ્ય વિભાગના મંત્રીશ્રી સજ્જન અને સારા વ્યકિત છે. મારા સાથેનો ઘણો ઘરોબો રહ્યો છે એમનો, કેટલીક વખત બહુ નજીકતાથી પણ કામ કર્યુ છે. કેટલાક લોકોની સામે પણ કામ કર્યુ છે, એવા મંત્રીશ્રી માનનીય જયનારાયણભાઈ છે ત્યારે ગઈકાલે સુરતની સિવિલ હોસ્પિટલમાં એક સગર્ભા જાય છે, એનું નામ પણ રામદુલારીબેન છે. અને એને કહેવામાં આવે છે કે કેસ નહીં કાઢ ત્યાં સુધી સારવાર નહીં આપું, આપનો પરિપત્ર છે કે કેસ કાઢવાની ચિંતા વગર ઈમરજન્સી સારવાર આપવી જોઈએ, સારવાર નહીં આપી અને હોસ્પિટલના કમ્પાઉન્ડમાં બહાર, એ આ ગુજરાતની દીકરીની ડિલિવરી થઈ અને બે બાળકોને જન્મ એણે હૉસ્પિટલના કમ્પાઉન્ડમાં આપવો પડ્યો, આ માટે જવાબદાર લોકોને કડકમાં કડક શિક્ષા આપના તકેથી થાય એટલી જ વાત કરીને મારી વાતને અહીં પૂરી કરું છું.

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા(વડોદરા શહેર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી ૨૦૧૧-૧૨નું અંદાજપત્ર સત્તરમી વખત આ ગૃહમાં લઈને આવ્યા છે એને હું આવકારુ છું અને અભિનંદન આપુ છું. ૨૦૧૦-૧૧માં વાર્ષિક યોજનાનું કદ હતું ૨૯,૫૦૦ કરોડ રુપિયાનું એ વધીને ૩૦હજાર કરોડ રૂપિયાનું થયું છે. ૨૦૧૧-૧૨નું વાર્ષિક યોજનાનું કુલ કદ ૩૭,૧૫૨ રૂપિયા અને ૬૮ પૈસાનું થયું છે જે નક્કી કર્યુ છે, જે નિયત કર્યુ છે એ પ્રમાણે આ રાજયનો વિકાસ થવાનો છે. રાજયના વિકાસને કારણે જ આપણે સૌ જાણીએ છીએ કે રાજયમાં જે ચૂંટણીઓ થઈ, એમાં ભારતીય જનતા પાર્ટીએ વિજય હાંસલ કર્યો છે પછી એ જિલ્લા પંચાયતની હોય, તાલુકા પંચાયતની હોય, નગરપાલિકાની હોય કે મહાનગરપાલિકાની ચૂંટણીઓમાં જે રીતે રાજયનો વિકાસ થયો છે એને કારણે સિદ્ધિ હાંસલ કરી છે. ૧૧મી પંચવર્ષીય યોજનાનું આ છેલ્લું વર્ષ છે. ૧૧મી પંચવર્ષીય યોજનાનો લક્ષ્યાંક હતો ૧,૧૧,૧૧૧ કરોડ રુપીયાનો , જે વધીને ૧,૨૭,૬૫૨ કરોડ રુપીયાનો થયો છે અને સિદ્ધિ હાંસલ કરી છે એ હું આ ગૃહમાં હું કહેવા માગુ છું. ૨૦૧૧-૧૨ના વર્ષમાં ટોટલ ૧૨ સેવાઓ નકકી કરવામાં આવી છે, એમાં સામાજીક સેવામાં ૧૪,૮૧૪ કરોડ રુપીયાની જોગવાઈ કરવામાં આવી છે. આમ સમગ્ર અંદાજપત્રનો અભ્યાસ કરીએ તો જણાય કે આગામી વર્ષમાં મહેસૂલી પુરાંત અને મૂડી પુરાંત સરખું રહેશે. અન્ન

અને નાગરિક પુરવઠો અને ગ્રાહક વિભાગની ચર્ચા કરુ તો ભારત સરકારે ૯ અધિનિયમો આપ્યા છે અને રાજય સરકાર એ પ્રમાણે કામગીરી કરી રહી છે. રાજય સરકારના પણ ૭ આદેશ પ્રમાણે આ વિભાગ ફરજ બજાવે છે. રાજયમાં અન્ન અને નાગરિક પુરવઠા વિભાગની ૨૩૫ કરોડ રૂપિયાની વિભાગમાં જોગવાઈ કરવામાં આવી છે અને એ જોગવાઈમાં ખાદ્યતેલ છે, ચોખા છે, ઘઉ છે, જીવન જરુરીયાતની ચીજવસ્તુઓ માટે ૧૧૫ કરોડની જોગવાઈ છે, અને આદીજાતી વિસ્તાર માટે ૭૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે, એ દર્શાવે છે કે રાજય સરકાર નાનામાં નાના નાગરિકની ચિંતા કરે છે, એના આરોગ્ય સુખાકારીની પણ સરકાર ચિંતા કરે છે એ આ બજેટ દર્શાવે છે. બી.પી.એલ. યોજના હેઠળ રાજયમાં ૨૬ લાખ કુટુંબોને આવરી લેવામાં આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં માથાદીઠ માસિક આવક ૩૨૪ રુપીયા હોય અને શહેરમાં માથાદીઠ માસિક આવક ૫૦૧ રુપિયા નક્કી કરવામાં આવી છે.
મારે ખાસ તો અમારા વિરોધ પક્ષના મિત્રોને કહેવું છે કે બી.પી.એલ.ની યાદીમાં સુધારો કરવા જેવું છે. જે રીતે મોંઘવારીના કારણે જે લોકોને બી.પી.એલ. કાર્ડ જોઈએ છે, મોંઘવારીના કારણે મોંઘું અનાજ ખરીદી શકતા નથી અને મોટા ભાગે અનાજમાં ચોખા, ઘઉં જેવી જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓની વાત કરું છું એ ખરીદી શકતા નથી. એના કારણે એને બી.પી.એલ. કાર્ડની જરૂર પડે છે. બી.પી.એલ. કાર્ડ માટેના નોર્મ્સ અને નિયમો જે કેન્દ્ર સરકારે નક્કી કર્યા છે એ નિયમો સુધારવા જરૂરી છે. મારે મિત્રોને કહેવું છે કે એમાં સુધારો કરાવી લાવે. જેના કારણે (અંતરાય) અત્યારે સત્તા યુ.પી.એ. શાસનની છે. યુ.પી.એ. સરકારે સુધારા લાવવાના છે એવું મારું સ્પષ્ટ કહેવું છે. (અંતરાયા

**અધ્યક્ષશ્રી** : બન્ને પક્ષે આક્ષેપો થાય છે જેમાં સમયનો વ્યય થાય છે.

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, બી.પી.એલ. કાર્ડ હોલ્ડર છે કે જેમને ફોર્ટીફાઈડ આટો, ઘઉં, ચોખા આપવામાં આવે છે. ખાસ કરીને અંત્યોદય અન્ન યોજના જે રાજ્ય સરકારે શરૂ કરી છે અને એમાં ૮.૧૦ લાખ કુટુંબોને રેશન કાર્ડ ઈસ્યુ કરવામાં આવેલ છે. અન્ન અને નાગરિક પુરવઠા વિભાગે બારકોડીંગ રેશન કાર્ડ આપવાનું શરૂ કર્યું છે. ખાસ કરીને રેશન કાર્ડમાં પહેલા ઘણી ક્ષતિઓ જોવા મળતી હતી. આ ક્ષતિઓ દૂર થાય એટલા માટે બારકોડીંગ રેશન કાર્ડ આપવાની શરૂઆત કરવાના છે. પુરવઠા વિભાગમાં પણ લેટેસ્ટ સાધનો મળવા જોઈએ. ખાસ કરીને જિલ્લા પુરવઠા અધિકારી પાસે ફેક્સ મશીન, કોમ્પ્યુટર અને બીજી જે સુવિધાઓ છે એ મળતી રહે એ માટે રાજ્ય સરકારે ૫૦ લાખ રૂપિયાની જોગવાઈ કરી છે. ૧૦ જિલ્લાઓમાં ૨૨૬ વિલેજ ગ્રેઈન બેંક શરૂ કરવામાં આવી છે. એની પાછળનો મુખ્ય આશય એ છે કે કુદરતી આફતોની અસર હોય, અછતવાળો વિસ્તાર હોય, આદિવાસી વિસ્તારમાં કે ટી.પી.ડી.એસ. લાભાર્થીઓ જેમાં વિલેજ ગ્રેઈન બેંક મારફતે અનાજ ઉપલબ્ધ કરવાની સુવિધા થાય એની રાજ્ય સરકારે શરૂઆત કરી છે. એલ.પી.જી. ગેસના ૫૯.૭૯ લાખ ગેસ ધારકો છે અને એમને આવશ્યક ચીજવસ્તુઓ વિતરણ અધિનિયમ ૧૯૮૭ હેઠળ સમાવેશ કરીને એલ.પી.જી.ની પરવાના પદ્ધતિ દાખલ કરી છે અને રાંધણ ગેસ આપવાની રાજ્ય સરકારે પરવાનગીઓ આપી છે. મારે ખાસ કહેવું છે કે એલ.પી.જી. ગેસના સિલિન્ડર્સ અવેલેબલ હોય છે અને નથી હોતા અને ખાસ કરીને શહેરો અને ગ્રામ વિસ્તારમાં એની ઘણી વખત તંગી ઊભી થતી હોય છે. મારે મિત્રોને કહેવું છે કે કેન્દ્ર સરકાર દ્વારા એલ.પી.જી. ગેસનો ક્વોટા રાજ્ય સરકારને વધારવામાં આવે તો એના કારણે લોકોને એની સુવિધા પ્રાપ્ત થઈ શકે. ખાસ તો આવશ્યક ચીજવસ્તુઓની વાત કરીએ તો પેટ્રોલ અને ડિઝલની વાત કરું તો પેટ્રોલ અને ડિઝલના જે ભાવો છે એની અસર નાગરિકો પર પડી છે. પેટ્રોલમાં તા. ૨૭-૨-૨૦૧૦ના રોજની વાત કરું તો રૂપિયા ૫૦.૩૨ ભાવ હતો તે તા. ૧૫-૧૨-૨૦૧૦ના રોજ રૂપિયા ૫૮.૮૭ થયો અને આજે ૨૦૧૧માં રૂપિયા ૬૧.૩૫ પેટ્રોલનો ભાવ છે. છેલ્લા એક વર્ષમાં પેટ્રોલમાં આઠ વખત વધારો થયો છે. ડિઝલમાં છેલ્લા એક વર્ષમાં ચાર વખત વધારો થયો છે. આમ તો આપણે સૌ જાણીએ છીએ કે કેન્દ્ર સરકારની ભારત પેટ્રોલિયમ, હિન્દુસ્તાન પેટ્રોલિયમ, આઈ.ઓ.સી. અને આઈ.બી.પી. આ કંપનીઓ ભાવો વધારવા માટે કેન્દ્ર સરકારને આગ્રહ કરતી હોય છે અને એને મંજૂરી મળતી હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ડિક્ન્ટ્રોલ પેટ્રોલમાં આવવાના કારણે અપેક્ષા હતી કે પેટ્રોલનો ભાવ ઘટશે પણ દર મહિને પેટ્રોલના ભાવ વધતા રહ્યાં છે એ હકીકત છે. ખાસ તો ડિઝલના ભાવ વધારાના કારણે જે પુરવઠાનો સપ્લાય, ટ્રાન્સપોર્ટેશન અને જ્યાં જ્યાં પુરવઠો પહોંચાડવો છે ત્યાં આગળ સમયસર પહોંચાડવો હોય, ડિઝલનો ભાવ વધારો હોય એના કારણે એની અસરો આમજનતા ઉપર થાય છે. ફુગાવાનો દર પણ સમગ્ર દેશમાં વધ્યો છે. ખાદ્યચીજોના ભાવ વધારાના કારણે ફુગાવાનો દર ૨૦૦૦માં ૪ હતો, ૨૦૦૧ માં ૩.૭ હતો, ૨૦૦૨ માં ૪.૨૯, ૨૦૦૮ માં ૬.૪, ૨૦૦૯માં ૮.૩ અને ૨૦૧૦ માં ૧૦.૯૦ થયો છે. એ રીતે ખાદ્યચીજોના ભાવની સરખામણીમાં આ ફુગાવાનો દર આવતો હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપ સૌ જાણો છો કે દેશમાં ખાદ્યચીજોના ભાવ વધારાના કારણે પ્રધાનમંત્રીશ્રીએ રાજ્યના, દેશના મુખ્યમંત્રીશ્રીઓની મિટિંગ બોલાવી અને એ મિટિંગમાં નક્કી કરવામાં આવ્યું કે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈને એક જે રીતે ખાદ્યચીજોનો ભાવ વધારો થઈ

રહ્યો છે એ સંદર્ભમાં એ કમિટી બનાવી અને એ કમિટી પ્રધાનમંત્રીશ્રીને જે કાંઈ વિચારો છે, જે કાંઈ ઉપાયો છે એ પ્રધાનમંત્રીશ્રી પાસે મૂકે. મને જણાવતા આનંદ થાય છે કે દેશના ચાર રાજ્યોના મુખ્યમંત્રીશ્રીઓ ભેગા થયા. એમાં આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈના અધ્યક્ષસ્થાને મહારાષ્ટ્ર, તામિલનાડુ અને આંધ્રપ્રદેશના મુખ્યમંત્રીશ્રીઓની એક મિટિંગ થઈ. એ મિટિંગમાં જે કાંઈ ચર્ચાઓ થઈ, જે કાંઈ સૂચનો આવ્યાં અને જે કાંઈ એકશન પ્લાન નક્કી થયાં એ પ્રમાણે એનો અહેવાલ આ બીજી માર્ચ ૨૦૧૧ નાં રોજ મુખ્ય મંત્રીશ્રીએ પ્રધાનમંત્રીશ્રી પાસે મૂક્યો અને એ અહેવાલમાં ૨૦ નીતિ વિષયક ભલામણો હતી અને ૬૪ એકશન પ્લાનના મુદ્દાઓ નક્કી કરવામાં આવ્યાં હતાં. એ એકશન પ્લાન શું હોઈ શકે? એમાં જે રીતે ભાવ વધારો થઈ રહ્યો છે એ ભાવ વધારામાં ફ્યુચર ટ્રેડિંગ પર પ્રતિબંધ મૂકવાની વાત છે. વાયદાના સોદાઓના કારણે જે ભાવ વધારો આ દેશમાં આપણે જોઈ રહ્યા છીએ એના ઉપર પ્રતિબંધ મૂકવાની વાત હતી. ફૂડ કોરપોરેશન ઓફ ઈન્ડિયા જે અન્ન વિતરણની વ્યવસ્થા ઊભી કરે છે અને એ પદ્ધતિમાં વિકેન્દ્રીકરણ વધુ થાય એ એક ભલામણ હતી. ભારત સરકારે પ્રાઈસ સ્ટેબીલાઈઝેશન માટે ફંડ ઊભું કરવું અને જે રાજ્યોને ફંડની જરૂર છે એવા રાજ્યોને નાણાકીય ધિરાણ આપવું એ પણ એક સૂચન હતું. કિસાનો જે કૃષિ ઉત્પાદન કરે છે એ કૃષિ ઉત્પાદન સીધું ગ્રાહક સુધી પહોંચે એ પણ એક ભલામણ હતી. જેના કારણે જે વચેટિયાઓ છે, જે ભાવ વધારો કરે છે અને એને કારણે દેશની અને રાજ્યની આમજનતાને એની અસર થાય છે તો એ કૃષિ પેદાશો સીધી ગ્રાહક સુધી પહોંચે એ પ્રમાણેની ભલામણો હતી. ઈન્ફરમેશન ટેકનોલોજીનો પણ મહત્તમ ઉપયોગ થાય. આ દેશમાં જે કૃષિ ઉત્પાદન થઈ રહ્યું છે. એ કૃષિ ઉત્પાદનનું ઈન્ફરમેશન ટેકનોલોજી દ્વારા ટોટલ ઉત્પાદનની માહિતી મળે. જે રાજ્યમાં વધુમાં વધુ ઉત્પાદન થયું હોય અને અન્ય રાજ્યમાં ઓછું ઉત્પાદન થયું છે તો આ ટેકનોલોજી દ્વારા ફૂડનું ડિસ્ટ્રીબ્યુશન વ્યવસ્થિત થઈ શકે તેવી એક ભલામણ હતી. આમ જે રીતે પ્રધાનમંત્રીશ્રી પાસે જે કાંઈ ભલામણો મુખ્ય મંત્રીશ્રી દ્વારા મૂકવામાં આવી છે એ ભલામણોનો આવતા સમયમાં અમલ થશે એવી એપક્ષા રાખીએ અને હું ખાસ તો માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળાને હ્રાદિક અભિનંદન આપીશ કે જે વિકાસલક્ષી બજેટ લઈને આવ્યા છે અને એના કારણે રાજ્યનો જે ઝડપી વિકાસ થયો છે એ વિકાસ નિરંતર રહેશે એજ અપેક્ષા સાથે.

## અધ્યક્ષશ્રીની જાહેરાત

### ગુજરાત પાર્લામેન્ટરી એસોસિયેશનની વાર્ષિક સામાન્ય સભા અંગે

**અધ્યક્ષશ્રી** : આજ રોજ ગૃહની બેઠકના વિરામ સમયની શરૂઆતમાં ગુજરાત પાર્લામેન્ટરી એસોસિયેશનની વાર્ષિક સામાન્ય સભાની બેઠક વિધાનસભાના ચોથા માળે સમિતિ ખંડ-૧ માં રાખવામાં આવી છે તેમાં દરેક સભ્યોએ અચૂક હાજર રહેવા વિનંતી છે.

**વિરામ : બપોરના ૨-૩૦ થી ૩-૧૫**

**અધ્યક્ષશ્રી, અધ્યક્ષસ્થાને**

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(અસારવા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળા આ સન્નમાનીય સભાગૃહ સમક્ષ ૧૭મી વખત બજેટ લઈને આવ્યા છે તેમને હું હૃદયપૂર્વક હાર્દિક અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વજુભાઈનું આ વિકાસલક્ષી બજેટ સમૃદ્ધિના સોપાનો સર કરનારું બજેટ છે. આ ગુજરાતના વિકાસનો આધુનિક દસ્તાવેજ છે. માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ મારા પ્રવચન પહેલા આ સન્નમાનીય સભાગૃહ સમક્ષ કેટલાક ઉલ્લેખો થયા. માનનીય અધ્યક્ષશ્રી, હું એ ધ્યાન દોરવા માગુ છું કે, વીસમી સદી એ તૃષ્ટિકરણની સદી હતી. ગુજરાતના માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજકારણનો પ્રવાહ બદલ્યો, એક વીસમી સદી એ વિકાસની સદી બની છે. માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્રના પ્રધાન શ્રી શરદ પવારજીએ પોતાના એક પ્રવચનમાં કહ્યું કે, ગુજરાતના વિકાસની અનેક યોજનાઓ બરાબર ચાલે છે, આપણે ત્યાં કેમ આમ બરાબર નથી ચાલતી, આપણે ગુજરાતમાં જઈને એનો અભ્યાસ કરવો જોશે. આ યોજનાઓ તો એવી ચાલે છે કે, યોજનાઓના કારણે પ્રજામાં વાહ વાહ સાચા અર્થમાં થઈ રહી છે. શ્રી શકિતસિંહભાઈએ કહ્યું એ સાચી વાત છે સાહેબ આ યોજનાઓની વાહ વાહ એટલી ચાલી કે, હમણાં જિલ્લા પંચાયતો, તાલુકા પંચાયતો અને

મહાનગરપાલિકાઓની ચૂંટણીમાં માનનીય અધ્યક્ષશ્રી, પેલા હિન્દી ચલચિત્રનું ગીત છે કે, જોર કા ઝટકા ધીરે સે લગે, એવા ઝટકાઓ લાગ્યા કે, વિપક્ષના નેતાએ રાજીનામું આપવું પડ્યું, પ્રદેશ પ્રમુખે રાજીનામું આપવું પડ્યું. (અંતરાય, આ તકે વિરોધ પક્ષના દંડક શ્રી ઈકબાલભાઈ પટેલે પોતાના સ્થાનેથી ઊભા થઈ, અમે બોલીએ ત્યારે બોલવા દેશો, ત્યારે રોકશો નહીં, એમ બોલ્યા ) માનનીય અધ્યક્ષશ્રી, નેતૃત્વમાં પરિવર્તન કરવું પડ્યું અને ફરી એક વાર બંધ થયેલી મિલો ફરી એક વાર ચાલુ કરવી પડી. માનનીય અધ્યક્ષશ્રી, વેટના દરની વાત કરી તો આ ગુજરાત સરકારને ક્રૂડ ઑઈલની રૉયલ્ટીના સાડા ત્રણ હજાર કરોડનું નુકસાન જાય છે આપણે હૈયે જો ગુજરાતના વિકાસની વાત હોય તો આપણે એનો ઉલ્લેખ કેમ નથી કરતા ? માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતને શિક્ષણની દ્રષ્ટિએ પ્રગતિ કરવા માગે છે, આજે ગુજરાતના શિક્ષકોના કેન્દ્ર દ્વારા પગારના પૈસા ચૂકવવામાં આવતા નથી. માનનીય અધ્યક્ષશ્રી, વિદ્યાર્થીઓના ચોપડાઓના પૈસા પણ અન્ય રાજયોને ફાળવવામાં આવે છે, ગુજરાત માટે ફાળવવામાં આવતા નથી. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતને જે C.N.G. આપવામાં આવે છે એ Imported C.N.G. આપવામાં આવે છે એના કારણે એના ભાવો ઊંચા છે. મુંબઈ અને દિલ્હીને મળતા C.N.G. કરતાં ગુજરાતના અમદાવાદ, સુરત કે વડોદરાના રિક્ષાવાળાઓને મળતો C.N.G. એ Imported હોવાના કારણે મોંઘું પડે છે, તો શા માટે ગુજરાતને સસ્તો C.N.G. આપવામાં આવતો નથી ? માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદના રિક્ષાવાળાઓની ચિંતા શા માટે કરવામાં નથી આવતી ? માનનીય અધ્યક્ષશ્રી, આ એવી સરકાર છે, આજ દિન સુધીમાં ભાઈ થોમસ જેવા કોઈ ભ્રષ્ટ્રાચારીની નિમણૂકો ગુજરાતના શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની સરકારે કરી નથી. માનનીય અધ્યક્ષશ્રી, આ બજૅટમાં ૨૦૦૯-૧૦માં વિકાસ દર ચાલુ ભાવે ૧૬.૮ ટકાનો થયો. વિશ્વના વિકસિત દેશો, જે મોટા દેશો છે એના વિકાસ દર જેવો આપણે વિકાસ દર હાંસલ કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, વિકાસલક્ષી ખર્ચ, કે ગુજરાતનો વિકાસલક્ષી ખર્ચ ૬૫ ટકા છે અને બિન-વિકાસલક્ષી ખર્ચ ૩૫ ટકા છે. એટલે ગુજરાતના વહીવટ કરતા આપણે વિકાસની અંદર આપણે બમણાં નાણાં વાપરીએ છીએ.

કેન્દ્રના આ વખતના બજેટમાં વિકાસલક્ષી ખર્ચ માત્ર ૩૫ ટકા અને બીનવિકાસલક્ષી ખર્ચ એના કરતા ડબલ ૬૫ ટકા જેટલો બિનવિકાસલક્ષી ખર્ચ આ વખતના કેન્દ્રના બજૅટમાં છે. આ બજૅટ એ ૪૯ કરોડની પુરાંતવાળુ છે. ૨૦૧૦-૧૧ના વર્ષમાં પણ ૧૫૯૮ કરોડની પુરાંત, જ્યારે કેન્દ્રનું બજેટ જોઈએ તો એ બજેટમાં અભૂતપૂર્વ ખાદ્ય છે. ગુજરાત ફીસ્કલ ડેફીસીયન્સી એકટ ૨૦૦૫ દેશની સંસદે પસાર કરેલો કાયદો અને આ કાયદામાં ત્રણેક મુદ્દા નક્કી કર્યા છે એમાં મહેસૂલી ખાધ શૂન્ય હોવી જોઈએ જે આપણે ૨૦૧૧-૧૨ના બજૅટમાં સિદ્ધી કરી છે. ભારત સરકારની મહેસૂલી ખાધ એ ૩.૪ ટકા જેટલી થઈ છે, જાહેર દેવું જીડીપીના ૩૦ ટકા કરતા ઓછું હોવું જોઈએ, ગુજરાતનું દેવું કેટલું? ૨૨ ટકા અને કેન્દ્ર સરકારનું દેવું ૪૪ ટકા થઈ ગયું છે. આ સન્માનનીય ગૃહ સમક્ષ દેવાની વાત કરે છે તો મને લાગે છે કે આ કેન્દ્રના ૪૪ ટકા જેટલું જે દેવું થઈ ગયું છે એના સંદર્ભની ચિંતા કરવામાં આવતી નથી. નાણાકીય ખાધ જીડીપીના ૩ ટકા કરતા ઓછી રહેવી જોઈએ, ગુજરાતની નાણાકીય ખાધ ૨.૪ ટકા છે અને કેન્દ્ર સરકારની નાણાકીય ખાધ ૫.૧ ટકા છે. કાયદા પ્રમાણે ગુજરાતે આ બધા જ લક્ષ્યાંકો હાંસલ કર્યા છે. કેન્દ્ર સરકારે આમાંનો એક પણ લક્ષ્યાંક હાંસલ કર્યો નથી, એટલે ગુજરાતનો નાણાકીય વહીવટ એ કુનેહપૂર્વકનો છે. ૧૧મી પંચવર્ષીય યોજના ૧,૧૧,૧૧૧ કરોડનો લક્ષ્યાંક વટાવી ૧,૨૭,૬૫૨ કરોડની સિદ્ધિ હાંસલ કરી છે. ૧૧૫ ટકા જેટલી સિદ્ધિ હાંસલ કરી છે અને આ વખતની ૨૦૧૧ની વાર્ષિક યોજનામાં રુ. ૩૭૫૧૨ કરોડની યોજના એમાં ૨૭,૭૬૪ કરોડ એ માત્ર અને માત્ર સામાજીક સેવાની અંદર વાપરવાનો આ વખતે માનનીય વજુભાઈએ પોતાના બજેટની અંદર સમાવેશ કર્યો છે.

ખેતી, ગ્રામ વિકાસ અને સિંચાઈ માટે ૨૭હજાર કરોડ ફાળવ્યા, એટલે ૭૫ ટકા જેટલી રકમ એ આમઆદમીને કેન્દ્રમાં રાખીને ફાળવવામાં આવી છે. લોકશાહીનું સાચું સત્ય પ્રજાને વિકાસની પ્રક્રિયાની અંદર સહભાગી કરવા માટે અને મહાત્મા ગાંધીની જે સ્વરાજયની કલ્પના ગ્રામ, સ્વરાજયની કલ્પનાને સાકાર કરવા માટે તાલુકા અને ગ્રામજનોના વિકાસને આ યજ્ઞની અંદર સાંકળવા માટે " આપણો તાલુકો વાઈબ્રંટ તાલુકા"ની નવી યોજના આ ગુજરાતની સરકાર આ વખતે લઈને આવી છે. તાલુકો પોતાની ભૌગોલિક સુવિધા, એના અનુરૂપ માનવ સંપદા માત્ર સ્વભાવથી નહીં પરંતુ વિકસિત થાય થાય, તાલુકા તાલુકા વચ્ચે સ્પર્ધા થાય અને વિકાસના ફળ તાલુકાથી ગ્રામ કક્ષા સુધી, સીધા પ્રજા સુધી પહોંચે એના માટે આ વખતના બજૅટમાં ૬૦૦ કરોડ જેટલી ફાળવણી કરવામાં આવી છે. હું અમૅરિકાના પ્રૅસિડેન્ટ અબ્રાહમ લિંકનનું ઉદાહરણ આપવા માગુ છું. અબ્રાહમ લિંકન પાસે એક ગરીબની પેની ભૂલથી એની પાસે આવી ગઈ હતી તો એ પેની એના સુધી પાછી પહોંચાડવા માટે ૩ માઇલ જેટલું ચાલી એ ગરીબના ઘરે જઈ, એની પેની એને પરત આપી. આ નરેન્દ્ર મોદીની સરકાર છે. ગરીબો માટેની યોજના એના માટે રોજગારીના સાધનો, ભૂતકાળમાં થતા વચ્ચેના કટકીબાજોને દૂર કરી, પ્રજાના પૈસા સીધેસીધા પ્રજા સુધી પહોંચે એના માટે ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કર્યુ. ૩૫૦ ગરીબ કલ્યાણ મેળા, ૪૫ લાખ લાભાર્થીઓ અને ૪૫ અબજ ગરીબી રેખા હેઠળ આટલા રૂપિયા ખર્ચ્યા , ગરીબી રેખા હેઠળ જીવતા ૪.૩૦ લાખ લાભાર્થીઓને ૧૩૫૧ કરોડનું આવાસ સહાયનું વિતરણ ગુજરાતની નરેન્દ્રભાઈ મોદીની સરકારે કર્યુ.

એકબાજુ રાષ્ટ્રની સીમા ઉપર લડતા સૈનિકોની જમીન પચાવીને ત્યાં આદર્શ જેવા કૌભાંડો કરવામાં આવે છે. એકબાજુ આ ગુજરાતની સરકાર ગરીબોને એના મકાનના હક્ક મળે એના માટે પ્રયત્નશીલ છે. સ્વ. રાજીવ ગાંધીજીએ પોતાના પ્રવચનમાં કહ્યું હું એક રૂપિયો મોકલું છું અને નીચે ૧૫ પૈસા જ પહોંચે છે. વચ્ચેના પૈસા દ ઇસાઈ જાય છે.આ ક્યાં જાય છે? આ બધા જ રૂપિયા કાળાં નાણાં સ્વરૂપે સ્વીસ બૅન્કની અંદર જમા થયા છે. આ સ્વીસ બેન્કમાંથી કાળાં નાણાં પાછાં લાવવા માટે કાયદો લાવવા માટેની આ દેશની પ્રજાની લાગણી છે. *(xxxx) (xxxx) (xxxx) (xxxx) (xxxx) (xxxx) (xxxx) આ ગુજરાતની સરકાર છે, એનામાં પ્રમાણિકતા, શ્રદ્ધા, વિશ્વાસથી ગરીબોની આંખની અંદર ચેતનાનો સંચાર જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને મહાનગર પાલિકામાં મત સ્વરૂપે પ્રગટ્યો છે. જિલ્લા પંચાયત ૨૪ માંથી ૨૨ ભારતીય જનતા પાર્ટીને, તાલુકા પંચાયત ૨૦૮ માંથી ૧૬૩ ભારતીય જનતા પાર્ટીને, મહાનગર પાલિકા ૬ એ ૬ ભારતીય જનતા પાર્ટી. વિપક્ષના નેતા હોય કે પછી વિપક્ષના પ્રમુખશ્રી હોય કોઈએ પોતાનો મતવિસ્તાર પણ સાચવી નથી શક્યા. એમના મત વિસ્તારની અંદર પોતાના પક્ષનું ધોવાણ થઈ ગયું છે.

મિશન મંગલમ, માત્ર મંગલમ કુરિયાત નહિ, મંગલમને મિશનની સાથે જોડીને ગુજરાતમાં કોઈ વ્યક્તિ ગરીબી રેખાથી નીચે રહે નહિ. મહિલા સશક્તિકરણ, આર્થિક સશક્તિકરણ, સ્વરોજગાર અને સ્વાવલંબન બનાવવા માટે મિશન મંગલમનો આ બજેટમાં વિશેષ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. હમણા વાઈબ્રન્ટ ગ્લોબલ સમીટ થયું. એ સમીટમાં ૨૧,૦૦૦ કરોડથી વધારે રોકાણ આ મિશન મંગલમ અંતર્ગત આવવાનાં છે. ગુજરાતની સરકાર ગરીબ કલ્યાણ મેળા કરે, ગુજરાતની સરકાર ભ્રષ્ટાચાર વિહીન શાસન આપે, ગુજરાતની સરકાર મિશન મંગમલના માધ્યમથી ગરીબોને ઊંચે લાવવા માટેનાં કામ કરે. જ્યારે યુ.પી.એ.ની સરકાર કેન્દ્રમાં શાસનમાં આવી. પોતાના ચૂંટણી ઢંઢેરામાં કહ્યું અમે ૧૦૦ દિવસની અંદર ભાવો અંકુશમાં લાવીશું. આજે દાળ, ડુંગળીના બધાના ભાવો ક્યાં પહોંચ્યા છે. વર્લ્ડકપની અંદર આપણા ભારતનો કોઈ બૅટ્સમૅન સેન્ચ્યુરી મારે તો તેનો આનંદ થાય, પણ આજે દાળ, ડુંગળીના ભાવો સેન્ચ્યુરી સુધી પહોંચ્યા છે. ગરીબોને ક્લિન બોલ્ડ કરવાવાળી આ સરકાર છે. કેન્દ્રના નેતાઓને પૂછીએ મોંઘવારી ક્યારે ઘટશે. તો જે *(xxxx) (xxxx) તો એવું કહ્યું કે અમારી પાસે કોઈ જાદુઈ ચિરાગ નથી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, સંપૂર્ણપણે આ અસંસદીય શબ્દો એ શબ્દો જે પાછા ખેંચવા જોઈએ.

**અધ્યક્ષશ્રી** : આપ પાછા ખેંચો છો કે હું દૂર કરું.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : હું પાછા ખેંચું છું. મારે આ દેશની અંદર સામાન્ય રીતે લોકશાહીમાં પ્રજાને પોતાનો પ્રતિનિધિ મજબૂત જોઈએ કે મજબૂર જોઈએ. પ્રજાનો પ્રતિનિધિ મજબૂત હોવો જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, ગઠબંધનની રાજનીતિના કારણે કોઈ મજબૂરી ચાલે નહીં. ભ્રષ્ટ અધિકારીની નિમણૂક અને પછી કહે હું મજબૂર છું. કાશ્મીરમાં લાલચોકમાં ઝંડો ફરકાવવા ન દે અને કહે હું મજબૂર છું. રિમોટ કંટ્રોલથી..

# પૉઈન્ટ ઑફ ઑર્ડર

## અસંસદીય શબ્દ પ્રયોગો અંગે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : પૉઈન્ટ ઑફ ઑર્ડર માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અધ્યક્ષશ્રી, ગયા વખતના અધ્યક્ષશ્રીના નિર્ણયો, ભૂતકાળના માનનીય અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો ૧૯૬૦ થી ૧૯૮૪ પેજ નં.૩૩૭.માનનીય મને દુ:ખ એટલા માટે છે કે કોઈ જુનિયર સભ્યશ્રી બોલતા હોય તો થોડુંઘણું આમતેમ જવા દઈએ. સંસદીય બાબતો અને કાયદા બાબતોના મંત્રીશ્રી અસંસદીય શબ્દોના પ્રયોગો, માનનીય ભૂતપૂર્વ અધ્યક્ષશ્રીઓના નિર્ણયોથી વિરુદ્ધની વાતો કરે..

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : નહીં આપ કહેશો તો કયો અસંસદીય છે તો તે બાબતમાં..

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : એક તો હમણાં પાછો ખેંચ્યો છે. આટલી વારમાં ભૂલી ગયા.

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહભાઈ તે પાછો ખેંચી લીધો છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, નિર્ણય ક્રમાંક:૪૮૨. આપ પોતાની સરકારની મેં હમણાં પેલી શાયરી તો કહી હતી. ક્ષત્રિયો પ્રશંસા કરવામાં થોડીક મર્યાદા રાખતા હોય છે. પણ આ આપણે બજૅટ પરની,

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીઆઆદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીઆઆદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

આપણા બજૅટ પર, તેમના પક્ષના સંસદસભ્યશ્રીઓ છે, સંસદમાં સંસદની કેન્દ્ર સરકારની ટીકા કરવા માટે તેમને લાગતું હોય કે તે સક્ષમ નથી તો તેમને બ્રીફીંગ કરવું જોઈએ કે તમે આ મુદ્દાઓ સંસદમાં બોલો. જે વાત દિલ્હીની સંસદમાં તેમના સભ્યો ઉઠાવીને કરે, ત્યાં તેમના માટે જવાબો આપવા માટે સક્ષમ સરકાર ત્યાં બેઠી છે. અહીં આ ટીકાઓ આ પ્રકારની, કોઈપણ સરકારોની અહીં આપણે આ સરકારની ટીકા કરી શકીએ. આપ આ સરકારની સારી વાત કરી શકો. જે વ્યકિત ગૃહમાં ન હોય અથવા જે સરકાર અહીંયાં ન હોય તેની ટીકાઓ અને માનનીય અશોકભાઈ કેન્દ્ર સરકારની ટીકાઓની બાબતમાં તો ગયા વખતે અમારે ઉભું જ નહોતું થવું પડતું. સભ્ય બોલે તો માનનીય અશોકભાઈ રોકે અને કહે કે કેન્દ્ર સરકારની ટીકા નહીં કરી શકો તમે. આ પ્રકારે ન થાય તે આવકારદાયક છે. આપ અને હું સૌ ભૂતપૂર્વ અધ્યક્ષશ્રીઓના નિર્ણયોથી બંધાયેલા છીએ અને તેને અનુરૂપ આ ગૃહ ચાલે તેવી અપેક્ષા રાખું છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહભાઈએ જે પૉઈન્ટ ઑફ ઑર્ડર ટાંકયો છે. તેમાં અશોકભાઈ આપણા પૂર્વ અધ્યક્ષની વાત કરી છે. તેમણે નિર્ણય આપેલ છે કલમ.૪૮૩ તેમાં લખેલ છે કે કેન્દ્ર સરકારની ટીકા થઈ શકે નહીં પરંતુ રાજયની કોઈ તકલીફ હોય તો તે રજૂ કરી શકાય છે, પણ કેન્દ્ર સરકારના કેટલાક નિર્ણયો પ્રત્યે પોતાનો પ્રતિભાવ આપવો હોય તો તે આપી શકાય છે અને અયોગ્ય લેખી શકાય નહીં. ગૃહ સમક્ષ ચર્ચામાં ભાગ લેતી વખતે કેન્દ્ર સરકારનો ઉલ્લેખ કરવો અનિવાર્ય હોય તો કોઈ હકીકતલક્ષી, મૂલ્યાંકનલક્ષી બાબત ગૃહ સમક્ષ રજૂ કરવાની હોય છે ત્યારે સભ્યશ્રી કેન્દ્ર સરકારનો ઉલ્લેખ કરી શકે છે. પરંતુ, કેન્દ્ર સરકારની તેમને ટીકા કરવામાંથી દૂર રહેવું જોઈએ. કેન્દ્ર સરકારના નિર્ણય કે જે રાજય શાસન વ્યવસ્થાને અસરકર્તા હોય તેવા નિર્ણયોના ઉલ્લેખ, ટીકા, આક્ષેપોથી આપણે દૂર રહીને પોતાનું પ્રવચન કરવું જોઈએ. આપ તેના ઉપર બોલો.

## અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)(ક્રમશઃ)

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું કેન્દ્ર સરકારની કોઈ ટીકા કરવા માગતો નથી. એટલું જ કહેવા માગું છું કે ગુજરાતને એક મજબૂત મુખ્યમંત્રી મળ્યા છે. આ ગુજરાતના મુખ્યમંત્રીએ કયારેય મજબૂરી દેખાડવી નથી પડી. આ ગુજરાતના મુખ્યમંત્રીએ ગુજરાતની સલામતિ માટે ગુજકોકનો કાયદો પોટાનો કાયદો ગયો છે એટલા માટે માગ્યો છે. ગુજરાતના મુખ્યમંત્રી એવા મજબૂત મુખ્યમંત્રી છે કે જે રિમોટ કંટ્રોલથી ચાલતા નથી. ગુજરાતના એવા મુખ્યમંત્રી છે કે જ્યારે ગુજરાતની અંદર સીરીયલ બ્લાસ્ટ થયા ત્યારે કેરળથી માંડીને આઝમગઢ સુધી ગુજરાતની પોલીસને મોકલીને આતંકવાદીઓને તેની બોડમાંથી પકડી લાવવાનું ભગીરથ કાર્ય કર્યુ હોય તો આ મજબૂત મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ એવા મજબૂત માનનીય મુખ્ય મંત્રીશ્રી છે કે જેણે ગુજરાતમાં છેલ્લા દશ વર્ષથી સ્થિર શાસન આપ્યું છે, (અંતરાય) હવે તમે રહેવા દો રામસિંહભાઈ, આ ગુજરાતના એવા માનનીય મુખ્ય મંત્રીશ્રી છે કે છેલ્લા દશ વર્ષની અંદર વિધાનસભાની ચૂંટણી આવી, તાલુકા પંચાયતોની ચૂંટણીઓ આવી, જિલ્લા પંચાયતની ચૂંટણીઓ આવી ગુજરાતને ખોટી રીતે બદનામ કરીને પ્રજાને ગુમરાહ કરવા છતાં પણ ગુજરાતની પ્રજા છેલ્લા દશ વર્ષથી માનનીય નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ રહી, આજે ગુજરાતમાં સ્થિર શાસન મળ્યું અને એટલા માટે આજે કહું કહું છું કે, ગુજરાતને મજબૂત મુખ્ય મંત્રીશ્રી મળ્યા છે, ગુજરાતને મજબૂર મુખ્ય મંત્રી નથી મળ્યા, મજબૂર લોકોના કારણે, અને માનનીય અધ્યક્ષશ્રી, મજબૂરી પણ કઈ કક્ષાની ? આપણે વાઘના સંરક્ષણ માટે અન્ય રાજયોને બજેટ, માનનીય અધ્યક્ષશ્રી, સિંહ, સાસણનો સિંહ, જંગલનો રાજા, માનનીય અધ્યક્ષશ્રી, કોઈ રાજાને ખજાનો લુંટવા માટે લૂંટા લૂંટ કરવા દે, અને ગુજરાતના જંગલના રાજા માટે એક પૈસો નહીં. એટલા માટે હું કહું છું કે, આજે ગુજરાતને મજબૂર નહીં પરંતુ મજબૂત મુખ્ય મંત્રીશ્રી મળ્યા છે. કેન્દ્રના આ વખતના બજેટમાં કપડાં ઉપર દશ ટકા, દશ ટકા એકસાઈઝ ડ્યૂટી નાખવામાં આવી, ગુજરાતની અંદર ગારમેન્ટ ઇન્ડસ્ટ્રીઝ કે જે ગૃહ ઉદ્યોગની જેમ છે માનનીય અધ્યક્ષશ્રી, આના કારણે હજારો અને લાખો લોકો બેકાર થઈ જશે. એક બાજુ મોંઘ ıવારી, રોટી મોંઘી થઈ ગઈ, અને બીજી બાજુ બેકારી, કપડાંની સમસ્યા, મકાનની સમસ્યા, (xxxx) (xxxx) (xxxx) (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના નિર્ણય પછી આ શબ્દ એક મિનિટ ના ટકી શકે

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો કહેવાનો આશય એ છે કે દશ ટકા એકસાઈઝના કારણે ગુજરાતની અંદર થનારી અસરો અંગે કહું છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય પ્રદિપસિંહજી, આપ અંદાજપત્ર ઉપર જ વાત કરો, પ્લીઝ. આપ બેસો, આપ અંદાજપત્ર ઉપર જ આવી જાઓ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ શબ્દોનું શું કરો છો? આ શબ્દોનું શું કરો છો?

**અધ્યક્ષશ્રી** : ટીકાત્મક શબ્દો હશે એ હું દૂર કરીશ. (અંતરાય) માનનીય ઈકબાલભાઈ, પ્લીઝ, આપ બેસો, આપ બોલો.

## અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) (ક્રમશ:)

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ઈઝ એ ગ્રોથ એન્જિન ઑફ ઈન્ડિયા, માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના યુવાનોને ગુણવત્તાસભર શિક્ષણ મળે, આપણે સૌ જાણીએ છીએ કે ૧૯મી સદી એ બાહુબળની સદી થઈ, ૨૦મી સદી કે જેની પાસે મૂડી હતી એણે જગત ઉપર રાજ કર્યું અને આ ૨૧મી સદી એ શિક્ષણની સદી છે, ૨૧મી સદી જ્ઞાનની સદી છે, ૨૧મી સદી વિજ્ઞાનની સદી છે, શિક્ષણની સદી છે અને બુદ્ધિની પણ સદી છે. એ માટે રાજય સરકારે પોતાના બજેટમાં અઢી હજાર કરોડ રૂપિયાનું આયોજન કર્યુ છે, કન્યા કેળવણી, શાળા પ્રવેશોત્સવ, ગુણોત્સવ, માનનીય અધ્યક્ષશ્રી, હું એ તો કહી શકુંને કે હું છેલ્લા દિવસોથી પ્રશ્નોત્તરીમાં જોઉં છું કે તો પ્રશ્નોત્તરીમાં ડ્રોપ, ડ્રોપ, ડ્રોપ આવે છે, માનનીય અધ્યક્ષશ્રી, કયારેય જેટલા વર્ષો એમણે શાસન કર્યું તો શાળાએ જતા બાળકના ડ્રોપઆઉટ રેશિયાની ચિંતા ન કરી આજે એના કારણે લોકના દિલમાંથી વિપક્ષના મિત્રો ડ્રોપ થઈ ગયા છે, થોડાક બચ્યા છે, આમાં એવું છે કે..

**અધ્યક્ષશ્રી** : આપશ્રી અંદાજપત્રની ચર્ચા ઉપર આવો.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારે પાટણ, સોલા, ગોત્રી, વલસાડમાં નવી મૅડિકલ કૉલેજો શરૂ કરી છે અને જુનાગઢ, વડનગર અને ગાંધીનગરમાં પણ નવી મૅડિકલ કૉલેજોનું આયોજન કર્યું છે.

એના માટે ૩૦૦ કરોડની જોગવાઈ કરી છે. દુ:ખની વાત એ છે કે, ગુજરાતમાંથી ૧૨૦૦ જેટલા મેડિકલના વિદ્યાર્થીઓને એડમિશન માટે બહાર જવું પડે છે એના કારણે ગુજરાતના ૭૦૦૦ કરોડ રૂપિયા ગુજરાતની બહાર જતા રહે છે. માનનીય અધ્યક્ષશ્રી, મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા જયારે જયારે અહીંયા ઈન્સ્પેકશન કરવા માટે આવે છે એમાં • (xxxx) (xxxx) આપણા વિદ્યાર્થીઓને ભણાવીને આપણે વધારે ડોકટર પેદા કરીશું તો તાલુકા કક્ષા સુધી આપણે ડોકટરો પહોંચાડી શકીશું. (અંતરાય)

## પોઈન્ટ ઓફ ઓર્ડર

### MCI અંગે ટીકાત્મક શબ્દો બોલવા બાબત

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, MCI અહીંયાની બોડી નથી એને (xxxx) (xxxx) એમ કહીને એની ટીકા થઈ શકે નહીં આ શબ્દો પાછા ખેંચવા જોઈએ. તેઓ સંસદીય મંત્રીશ્રી છે અને આપ જરા એમને મર્યાદામાં રહેવાની સૂચના આપો એવી મારી વિનંતી છે. (અંતરાય)

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં ટીકા નથી કરી એના આપણી સાથેના વ્યવહારની વાત કરુ છું. શા માટે (xxxx) (xxxx) ?

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપણે આજ સુધી કયારેય આ પ્રકારની ટીકા નથી કરી.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, આપના શબ્દો પાછા ખેંચો અથવા હું દૂર કરુ છું.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, અન્યાયની વાત છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, આપના શબ્દો પાછા ખેંચો.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, મારા શબ્દો હું પાછા ખેંચું છું. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં હમણા મહત્મા ગાંધી મંદિરમાં વાઈબ્રન્ટ સમીટ થઈ આપણે સૌ જાણીએ છીએ કે ગુજરાતના પનોતા પુત્ર અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલને કાશ્મીરની સમસ્યા સોંપી હોત તો આજે કાશ્મીરની અંદર આતંકવાદ ન હોત. જો સરદાર વલ્લભભાઈ પટેલને કાશ્મીરની સમસ્યા સોંપી હોત તો આજે લાલચોકની અંદર તિરંગો ઝંડો ફરકાવવા માટે આ દેશનો નાગરિક જઈ શકતો હોત. પણ આજે આ દેશનો નાગરિક જઈ શકતો નથી. (અંતરાય)

---

• (xxxx) માનનીય અધ્યક્ષશ્રીઆઆદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આજ શબ્દો (અંતરાય)

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં કયાં પોઈન્ટ ઓફ ઓર્ડર છે?

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આજ શબ્દો, આજ શબ્દો આપ ચકાસી લેજો. આજ શબ્દો હતા અને માનનીય અશોકભાઈએ કોને સત્તા સોંપવી અને કોને મોકલવા..(અંતરાય)

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આ દોશમાં લાલચોકમાં તિરંગો ફરકાવવાની વાત કરું છું અને હું એમ કહેવા માગુ છું કે જો સરદાર વલ્લભભાઈ પટેલ હોત તો આ પરિસ્થિતિનું નિર્માણ ન થયું હોત.આ દેશની સલામતી માટેની વાત કરું છું. અરે તમે આટલા વર્ષો શાસન કર્યું, સરદાર વલ્લભભાઈ પટેલને ભારત રત્નનો એવોર્ડ પણ તમે નથી આપ્યો. ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ.(અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, કોને ભારત રત્ન એવોર્ડ આપવો એ ભારત સરકાર નક્કી કરે છે અને રાષ્ટ્રપતિ નક્કી કરે છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, પણ હું તો આપના ધ્યાન ઉપર આ વાત લાવુ છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રપતિશ્રીની ટીકા સુધીની વાત કરવી એ બરાબર નથી. માનીય અધ્યક્ષશ્રી, આ પ્રકારના ટીકાત્મક શબ્દો રેકર્ડ ઉપર શા માટે રાખો છો એ દૂર કરવા જોઈએ.

**અધ્યક્ષશ્રી** : માનનીય પ્રદિપસિંહભાઈ પ્લીઝ. પોઈન્ટ ઓફ ઓર્ડર શું છે આપ કહો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, સરદારસાહેબ દિલમાં હોય મહાત્મા ગાંધીજી દિલમાં હોય.

**અધ્યક્ષશ્રી** : નહીં, આપનો પોઈન્ટ ઓર્ડર શું છે કહો?

# અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, મહાત્મા ગાંધીજીએ તો કહ્યું હતું કે, કોંગ્રેસને વિખેરી નાંખો. આજે ગાંધીજીના મૂલ્યો પર કોંગ્રેસ નથી ચાલતી, આ તો વિદેશીના ઈસારે કોંગ્રેસ ચાલે છે. ગુજરાતની અંદર સરદાર વલ્લભભાઈ પટેલનું સ્ટેચ્યુ ઓફ લિબર્ટી, સ્ટેચ્યુ ઓફ યુનીટીનું નિર્માણ થઈ રહ્યું છે ત્યારે હું ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને લાખ લાખ અભિનંદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, મને એક કવિતા યાદ આવે છે. પોપટની કવિતા છે.

એક પોપટને એવી ટેવ ટીકાના એ પૂજે દેવ,
લાંબી જીભે લબકારા કરે સર-અવસરે નિવેદન કરે,
પોતાની જ વાતમાં રમ્યા કરે એવો દુ:ખીઓ છે આ પોપટ.

માનનીય અધ્યક્ષશ્રી, હવે તમારે તો છે ને સો વર્ષ જૂની કોંગ્રેસ થઈ* (xxxx) (xxxx) તમારા દિવસો પૂરાં થઈ ગયા છે.

**અધ્યક્ષશ્રી** : ચર્ચા ઉપર આવી જાવ.

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીઆઆદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું છેલ્લે એટલું કહેવા માંગુ છું કે, આજે ગુજરાતે જે વિકાસ કર્યો છે આપણે ગુજરાતની બહાર કયાંય જઈએ તો પહેલાં આપણને પૂછે છે કે " કહાં સે આતે હો ? " આપણે કહીએ કે " હમ ગુજરાત સે આતે હૈ " એટલે સામેવાળો વ્યકિત આપણને કહેતો કે મહાત્મા ગાંધી કે ગુજરાત સે આતે હૈ ? સરદાર વલ્લભભાઈ પટેલ કે ગુજરાત સે આતે હૈ ? આજે જ્યારે આપણને કોઈ પૂછે કે " કહાં સે આતે હો ? " આપણે એમ કહીએ કે " હમ ગુજરાત સે આતે હૈ " એટલે સામેવાળો માણસ આપણો હાથ પકડીને કહે (xxxx) (xxxx) (xxxx) માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાતને દેશ અને દુનિયાની અંદર ઓળખ પાડી છે(અંતરાય) વિકિલિકસની અંદર એક અહેવાલ આવ્યો. તે અહેવાલની અંદર એવું કહેવામાં આવ્યું.

## પોઈન્ટ ઓફ ઓર્ડર

### મહાત્મા ગાંધી અને સરદાર પટેલ ભૂલાઈ જવા અંગે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મહાત્મા ગાંધીજી અને સરદાર સાહેબથી મોટું કોઈ થઈ શકે નહીં. મહાત્મા ગાંધીજી અને સરદાર સાહેબ ભૂલાઈ ગયા અને મોદી આવ્યાં ? પ્રશંસાના પુષ્પોમાં કંઈક વિવેક તો રાખો.

**અધ્યક્ષશ્રી** : શકિતસિંહભાઈ, આપ બેસો.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો સમય બગાડે છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, બે મિનિટ. આ ના શોભે સાહેબ. આ ગુજરાત મહાત્મા ગાંધી અને સરદારનું છે અને રહેશે. કેટલાય આવશે અને જશે. પ્રશંસા કરો તેમાં વિવેક ના ચૂકો.

**અધ્યક્ષશ્રી** : શકિતસિંહભાઈ, પ્લીઝ આપ બેસો. (અંતરાય) તેમનું પ્રવચન પૂરું થાય છે પ્લીઝ. આપ ગૃહનો સમય ના બગાડો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, એ શબ્દો રેકોર્ડમાંથી દૂર થવા જોઈએ.

**અધ્યક્ષશ્રી** : શકિતસિંહભાઈ, પ્લીઝ ગૃહનું અપમાન કર્યુ નથી. (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, તમે પ્રશંસા કરો તેમાં વિવેક તો ચૂકો નહીં.

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ આપ બેસો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ શબ્દો દૂર જ થાય. સાહેબ, અમને ગમે તેટલી ગાળો આપે અમે સાંભળી લઈએ છીએ.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : મારો સમય બગડે છે શકિતસિંહજી આપ તો વિરોધ પક્ષના નેતા છો. આપ ખોટી રીતે મુદ્દા ઉભાં કરીને સમય ના બગાડો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આ રીતે ગૃહમાં ના ચાલે સાહેબ.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : હું મારી વાતને વળગી રહું છું, ગુજરાતની પ્રજા વળગી રહી છે. તમારા નહીં કહેવાથી નહીં ફેર પડે. તમને ગમે કે ના ગમે આ વાસ્તવિકતા છે. મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ આ દેશમાં સર્વોચ્ચ સ્થાને છે. આ દેશની અંદર સર્વોચ્ચ સ્થાને છે *(xxxx) (xxxx)` આ ગુજરાતની, આ દેશની અંદર ઓળખ ઉભી કરી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈ સંજોગોમાં ચાલે નહીં. સરદાર અને મહાત્મા કરતાં (xxxx) (xxxx) મોટાં ?

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : નરેન્દ્રભાઈ મોદી આ દેશનો ત્રીજો સપૂત છે. તમને ગમે કે ના ગમે. માનનીય અધ્યક્ષશ્રી, મને રક્ષણ આપો. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપ ચાલુ રાખો.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : હાઉસ ઓર્ડરમાં આવે એટલે હું બોલુને ?

**અધ્યક્ષશ્રી** : શકિતસિંહભાઈ, પ્લીઝ આપ બેસી જાવ.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, મને રક્ષણ આપો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : મહાત્મા સાહેબ અને સરદાર સાહેબ સાથે કોઈની સરખામણી ના થાય. દુનિયાનો કોઈ માણસ નથી.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં સરદાર વલ્લભભાઈ પટેલ અને મહાત્મા ગાંધી અને એવું કંઈ રેકોર્ડ ઉપર હોયને તો હું કહું છું એ કાઢી નાખજો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : એ સરખામણી પણ વાજબી નથી.

**અધ્યક્ષશ્રી** : (અંતરાય) મારી વાત સાંભળો, પ્લીઝ. (અંતરાય) પ્લીઝ, શકિતસિંહભાઈ, પ્લીઝ. હું એમને પરમીટ નથી કરતો. આપ પણ બેસો. એમને પણ પરમીટ નથી કરતો. હું કહું છું, આપ બેસી જાઓ, પ્લીઝ. આપ પણ બેસી જાઓ, પ્લીઝ. માનનીય સભ્યશ્રીએ મહાત્મા ગાંધીજી કે સરદાર વલ્લભભાઈ પટેલની કોઈ ટીકા નથી કરી. એમની કોઈ ટીકા નથી કરી. એટલે આપનો પોઈન્ટ ઓફ ઓર્ડર હું માન્ય કરતો નથી. આપ ચાલુ રાખો.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : મેં તુલના પણ નથી કરી. માનનીય અધ્યક્ષશ્રી, વિકિલિકસમાં હેડલી..(સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એક મિનિટ. છતાં આપને એમ છે કે મહાત્મા ગાંધીજી કે સરદાર વલ્લભભાઈ પટેલની આમાં ટીકાઓ થઈ હશે તો હું રેકર્ડ જોઈને દૂર કરીશ. પ્લીઝ.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, વિકિલિકસના એક અહેવાલમાં જયારે હેડલી પકડાયો ત્યારે હેડલીએ અમેરિકાની સરકાર સમક્ષ એવું સ્વીકાર્યુ કે નરેન્દ્ર મોદીની હત્યાનું ષડયંત્ર રચાયું હતું. એવો વિકિલિકસના અહેવાલમાં ઉલ્લેખ થયો. ભારત સરકારે ગુજરાતના પોલીસ તંત્રને જયારે ગુજરાતના મુખ્યમંત્રીની હત્યાનું ષડયંત્ર થાય, અમેરિકા દ્વારા વિદેશ વિભાગને જાણ કરવામાં આવે. શરમની વાત તો એ છે કે આજ દિવસ સુધી આ વિદેશ વિભાગ તરફથી ગુજરાતના પોલીસ તંત્રને કહેવામાં નથી આવ્યું. રાહુલ ગાંધી દ્વારા એવું કહેવામાં આવે કે હિંદુ આતંકવાદીથી આ દેશને ખતરો છે, જો તમને ખતરો લાગતો હોય તો દેશ છોડીને ચાલ્યા જાઓ. આ હિન્દુસ્તાન હિન્દુઓનો, ભગતસિંહ, ચંદ્રશેખર, મદનલાલ દિગરા એના કારણે બનેલો આ દેશ છે.

**અધ્યક્ષશ્રી** : આપનું પ્રવચન એક મિનિટમાં પૂરું કરો.

# અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) (ક્રમશઃ).

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : મારે તો એટલું જ કહેવાનું છે કે કદાચ પોતામાં બુદ્ધિક્ષમતાનું પ્રમાણ ઓછું હોય, પણ હિન્દુસ્તાનમાં હિન્દુઓને આતંકવાદી કહેવાનું કોઈ મંદબુદ્ધિના બાળકની અંદર એ યોગ્ય નથી. મારું પ્રવચન પૂરું કરું છું.

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીઆઆદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી મહેન્દ્રભાઈ લી. મશરૂ(જુનાગઢ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી ૧૭મી વખત આ સન્માનનીય સભાગૃહ સમક્ષ બજેટ લઈને આવ્યા છે એ માટે એમને અભિનંદન આપું છું અને આ બજેટને આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અગિયારમી પંચવર્ષીય યોજનાનું આ છેલ્લું બજેટ છે. રાષ્ટ્રનો વિકાસ કરવો હશે અને રાષ્ટ્રને મજબૂત બનાવવું હશે તો રાજયે પણ મજબૂત બનવું પડશે. રાજયનો પણ વિકાસ કરવો પડશે અને આ કદમ આ સરકાર કરી રહી છે. અને "રાજયના વિકાસ થકી રાષ્ટ્રનો વિકાસ" આ સૂત્રને સાર્થક કરવા માટે આ સરકાર કામ કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું રાજકીય અવલોકન કરવા માગતો નથી. પરંતુ મારે એક વસ્તુની યાદ અપાવવી છે. હું થોડો ભૂતકાળમાં જવા માગું છું. ત્યારે આ સન્માનનીય સભાગૃહ સમક્ષ લો એન્ડ ઓર્ડરની વાત આવી ત્યારે મને લાગે છે કે અત્યારની જે લો એન્ડ ઓર્ડરની પરિસ્થિતિ છે, આજથી ૧૫ વર્ષ પહેલાની લો એન્ડ ઓર્ડરની જે પરિસ્થિતિ હતી એ પરિસ્થિતિની યાદ અપાવવા માગું છું. ગુજરાતમાં માફિયાઓનું જોર હતું. દેશદ્રોહીઓનું જોર હતું. કેફી દ્રવ્યોની હેરાફેરી કરવાવાળાઓનું જોર હતું.
અને સમાંતર સરકાર ચલાવનાર લોકોની તાકાત હતી એ લોકો સમાંતર સરકાર, આ દેશદ્રોહીઓ અને ભાગલાવાદીઓ અને આતંકવાદીઆુ ચલાવતા હતા, પરંતુ મને કહેતાં આનંદ થાય છે કે માનનીય શ્રી કેશુભાઈ પટેલ અને માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારોએ આ તમામ દેશદ્રોહીઓને જેલ ભેગા કરી દીધા છે અને આજની તારીખે પણ બહાર નીકળ્યા નથી અને આજે ગુજરશાતમાં શાંતિ છે, ભાઈચારો છે અને કરફ્યુ એ ગુજરાતમાંથી દૂર થઈ ગયો છે, કરયગુને ગુજરા વટો મળી ગયો છે, કરફ્યુ શું છે એ આજે ગુજરાતમાં કોઈને ખબર નથી એ હું યાદ અપાવવા માગું છું અને હજુપણ કચાશ હશે તો મારા મિત્રોને મારી વિનંતી છે કે જયારે ગુજરાત સરકારે ગુજકોટનો કાયદો પસાર કરીને કેન્દ્ર સરકારને મોકલ્યો છે એ કેન્દ્ર સરકારે પસાર કર્યો નથી તો એ પસાર કરાવવા માટે મારા કોંગ્રેસી મિત્રો ગુજરાત સરકારને મદદ કરે તો હજુપણ જે કાંઈ કચાશ હશે એ દૂર થઈ જશે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રીએ કેટલીક નવી બાબતોની એમના બજેટમાં જાહેરાત કરી છે. 'આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો' ની એક નવી યોજના લઈને આવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, ગામડાં સુધી પહોંચવા માટે, ગામડાંના નાનામાં નાના માણસ સુધી પહોંચવા માટે આવતા દિવસોમાં તાલુકા સરકારો રચાવાની છે અને તાલુકા સરકારો રચાશે એનાથી ગામડાના છેવાડાના માનવી સુધી તેમને જિલ્લા મથક સુધી આવવું ના પડે, ગાંધીનગર સુધી ધકકા ના ખાવા પડે, એટલા માટે આ નવી યોજના માટેની જોગવાઈ છે અને એ માટે ૬૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ છે એ આનંદની વાત છે. આના માટેના માળખાકીય સુવિધા માટે ૪ વર્ષમાં કુલ ૨૭૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ માનનીય નાણામંત્રીશ્રીએ સૂચવી છે એ પણ આવકારદાયક છે અને વિકાસલક્ષી કાર્યો માટે ૪ વર્ષમાં ૧૧ હજાર કરોડ રૂપિયાની જોગવાઈ તાલુકા સરકાર માટે સૂચવી છે એ માટે આવતા દિવસોમાં ગામડાંમાં નાનામાં નાના માણસ, ખેતમજૂર એ પણ પોતાની રીતે પગભર થઈ શકે અને પોતાનો અવાજ રજૂ કરી શકે એ દિશામાં અગત્યનું પગલું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટમાં ૮ જેટલી સંસ્કૃત પાઠશાળાઓને ગ્રાન્ટેડ કરવાનો સરકારે નિર્ણય કર્યો છે અને એના માટેની જોગવાઈ કરી છે, એટલું જ નહીં, પરંતુ સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના વિકાસ માટે જોગવાઈ છે એ પણ આનંદની વાત છે, ૧૦૦ નવી આર્ટસ અને કોમર્સ કોલેજો માટેની જોગવાઈ કરી છે એ માટે અભિનંદન આપું છું. સાથે સાથે ૩૬ જેટલી આઈ.ટી.આઈ. સંસ્થાઓ શરૂ કરવાની પણ જોગવાઈ છે અને મને કહેતાં આનંદ થાય છે કે આ ૩૬ આઈ.ટી.આઈ. થવાથી ગુજરાતના તમામ તાલુકા મથકે આઈ.ટી.આઈ. શરૂ થઈ જશે અને એક પણ તાલુકો આઈ.ટી.આઈ. વિનાનો બાકી નહીં રહે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી કેટલીક નવી બાબતો લીધી છે એમાં પાટણ, સોલા, ગોત્રી, વલસાડ, જૂનાગઢ, વડનગર અને ગાંધીનગર ખાતે મેડીકલ કોલેજો શરૂ કરવા માટે તથા તેની માળખાકીય સુવિધાઓ ઉભી કરવા માટે ૨૭૭ કરોડ રૂપિયાની જોગવાઈ સૂચવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રમત ગમત સંકુલ, સ્પોર્ટસ યુનિવર્સિટી માટે ૧૦ કરોડ રૂપિયાની જોગવાઈ છે. હું થોડીક કોદો અનેવ્યવસ્થાની પણ વાત કરવા માગું છું કે કાયદો અને ન્યાય અને લો એન્ડ ઓર્ડર એ બધું સાથે સંકળાયેલું છે. કાયદો બની ગયો હોય અને એની વ્યવસ્થા ભાંગી પડે અને ન્યાય તંત્રતમાં નબળું પૂરવાર થાય તો કાયદાનો અર્થ ના રહે, એ માટે કાયદા વિભાગને સક્ષમ બનાવવા માટે ૪૬૨ કરોડ રૂપિયાની જોગવાળ આ વખતે સૂચવી છે. ન્યાયમાં જો વિલંબ થાય તો ન્યાય નકારવા બરાબર છે. એટલા માટે રાજય સરકાર, માનનીય નાણામંત્રીશ્રી, માનનીય મંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીને ચિંતા છે કે વહેલામાં વહેલી તકે પક્ષકારોને ન્યાય મળવો જોઈએ. વંચિતોને ન્યાય મળવો જોઈએ, ગરીબોને ન્યાય મળવો જોઈએ, તાત્કાલિક ન્યાય મળવો જોઈએ અને એટલા માટે આ સ્વર્ણીમ વર્ષમાં આવા લોકોને એક જ વર્ષમાં એમને ન્યાય મળી જાય એવો નિર્ણય કરેલ હતો આ રાજય સરકારે અને એનો અમલ પણ કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લા અને તાલુકા કોર્ટોનાં નવાં મકાનોના બાંધકામ માટે ૪૦ કરોડ રૂપિયાની જોગવાઈ છે, હાઈકોર્ટના આધુનિકરણ માટે ૫.૫ કરોડ રૂપિયા આપ્યા છે, આવાસો કોર્ટોના મકાનોની સુધારણા માટે૧૮૫ કરોડ રૂપિયી જોગવાઈ સૂચવી છે એના કારણે હવે કોર્ટોનાં મકાન પણ વ્યવસ્થિત થશે અને અને અરજદારો અને પક્ષકોરો પણ એમાં બસી શકશે.

માનનીય અધ્યશ્રી, તાપી, જૂનાગઢ અને અમદાવાદ જિલ્લામાં લગભગ નવી કોર્ટો સ્થાપવા માટે જોગવાઈ સૂચવી છે અને ૧૯૫ જેટલી નવી જગ્યાઓ ઉભી કરવા માટેની પણ જોગવાઈ સૂચવી છે.

માનનીય અધયક્ષશ્રી, રાજયની જુદી જુદી અદાલતોમાં ૨૦૧૦ના અંતિત દિવસે એટલે કે ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં ૧૧ લાખ ૬૧ હજાર ૭૫૬ કેસોનો નિકાલ થયો છે અને હવે ૨૨૮૭૨૧૪ જેટલા કેસો પડતર રહ્યા છે. તેની ચિંતા પણ રાજય સરકારે કરી છે અને વધારેમાં વધારે કોર્ટો ઉભી કરીને અને વધુમાં વધુ જગ્યાઓ ઉભી કરીને આ પડતર કેસોનો ઝડપી નિરાકરણ થાય અને લોકોને ન્યાય મળે તે દિશામાં રાજય સરકાર પ્રયત્ન કરી રહી છે. રાજય સરકારે સાંધ્ય અદાલતોનો સરસ મજાનો પ્રયોગ કર્યો છે અને તે બહુ સફળ રહયો છે, સાંધ્ય અદાલતોનો દેશની અંદર આ પ્રથમ પ્રયોગ છે અને તે બસફળ રહ્યો છે. અત્યારે ૮૫ જેટલી સાંધ્ય કોર્ટો કામ કરી રહી છે અને તેના દ્વારા ૪૧૮૨૦ કેસોનો નિકાલ થયો છે.

**અધ્યક્ષશ્રી** : આપની બે મિનિટ બાકી રહી છે.

**શ્રી મહેન્દ્રભાઈ લી. મશરૂ** : એક જ મિનિટમાં પૂરું કરું છું માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૦ માં ૯૯૨૭ લોક અદાલતો કરવામાં આવી, યોજવામાં આવી હતી એમાં ૪,૩૩,૩૪૯ કેસોનો નિકાલ થયો છે, ૧૦૯૦૦ કાનુની શીબીરો થઈ છે, આ બધી બાબતોના કારણે રાજય સરકાર લોકોના વિકાસ માટે ખાસ કરીને કાયદાની બાબતમાં વાત કરું તો લોકોને ઝડપી ન્યાય મળે તે દિશામાં રાજય સરકાર પ્રયત્નો કરી રહી છે. રાજયના માનનીય નાણા મંત્રીશ્રી જે આ બજેટ લઈને આવ્યા છે તેને આવકારીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ(બાબરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રદિપસિંહભાઈ અત્યારે નથી, પણ તેઓ વાત કરતા હતા કે તમારા અધ્યક્ષ પાર્ટીના અને વિરોધપક્ષના નેતાએ રાજીનામું આપવું પડયું, પણ માનનીય અધ્યક્ષશ્રી જિલ્લા, તાલુકા અને કોરપોરેશનની ચૂંટણીઓની એમણે વાત કરી, અમારા નેતાએ નૈતિકતા સ્વીકારી અને રાજીનામું આપ્યું, પણ હમણાં નગરપાલિકાની ચૂંટણીઓ ગઈ, સૌરાષ્ટ્રમાં ૬૫ બેઠકો ભાજપની આવી અને ૮૮ બેઠકો કોંગ્રેસની આવી, અમરેલી જિલ્લામાં તો આખા અમરેલી જિલ્લામાં બી.જે.પી.નો વોશ આઉટ થઈ ગયો, અને ૨૭ નગરપાલિકામાંથી ૨૬ નગરપાલિકા ભાજપની હતી એમાંથી ૧૪ આવી તો હવે તમારામાં કંઈક નૈતિકતા હોય તો રાજીનામું આપો. ૩-૪ મહિનામાં આટલું આ પરિણામ જે આવ્યું તો નગરપાલિકાઓ યાદ નથી કરતા, અને જુનું યાદ કર્યા કરે છે. તાજ હોટેલ ઉપર હુમલો થયો, ત્રાસવાદીઓનો હુમલો થયો તો ત્યાંના મુખ્યમંત્રી અને ગૃહ મંત્રી અને દેશના ગૃહ મંત્રીએ રાજીનામું આપ્યું, અહીંના અક્ષરધામ ઉપર હુમલો થયો ત્યારે રાજીનામું આપવાની નૈતિકતા આવી ખરી? મુખ્ય મંત્રીના બંગલાથી સો મીટર દૂર આ હુમલો થયો ત્યારે નૈતિકતા નથી આવતી? આ રાજયમાં (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મને રક્ષણ આપો. ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર સરકાર કરે છે, ૨૦૦૪માં પાકિસ્તાન જઈને ઝીણા ઉત્સવ ઉજવવો પડયો , ઈન્ડીયા સાઈનીંગ, ફીલગુડ, અને ઈન્ડીયા સાઈનીંગ અને ફીલગુડની હવા ૨૦૦૪માં નીકળી ગઈ તો આ દેશની વાત તમને યાદ નથી આવતી, ગુજરાત ગુજરાત કરે છે. માનનીય પ્રદિપસિંહભાઈ કહેતા હતા કે અમારા મુખ્ય મંત્રીશ્રી રીમોટ કનટ્રલથી નથી ચાલતા, તેને કોઈ મજબૂરી નથી, તો સામે બેઠેલા મિત્રોને હું પૂછવા માગું છું કે અગાઉના કોઈ જુના પુસ્તકોમાં, અંદાજપત્રમાં કે જે કંઈ રેકોર્ડ છે એમાં અમે વાંચ્યું નથી કે આ ગૃહના સંચલનમાં મુખ્ય મંત્રીશ્રીને અભિનંદન આપીને અહીં શરૂ આત કરે તેવું કયારેય સાંભળ્યું નહોતું, પણ હું સમજું છું કે તેમની શું મજબૂરી છે, કારણ કે નો રીપીટમાં વારો આવે એટલે તેની મજબૂરી શું છે તે હું સમજું છું.

આ દેશના વડાપ્રધાન તરીકે જ્યારે અટલજી હતા ત્યારે એમણે એક વ્યકિતને રાજધર્મ બજાવવાનું કહ્યું હતું આ આપને યાદ છે ખરુ? (અંતરાય) કોઈ એક વ્યકિતને રાજધર્મ બજાવવાની વાત કરી હતી એનો ખ્યાલ છે ખરો? હમણાં મારા મિત્ર લાખાવાલાજી કહેતા હતા કે પેટ્રોલ અને ડિઝલના ભાવો વધી રહ્યા છે. મારે માનનીય સભ્યશ્રીને કહેવું છે કે જ્યારે એન.ડી.એ.ની સરકાર હતી ત્યારે આ દેશની અંદર પેટ્રોલ અને ડિઝલ ખુલ્લા બજારમાં નિયંત્રણ મુક્ત કરવાનો નિર્ણય લીધો હતો બીજી કોઈ સરકારે નહોતો લીધો, એન.ડી.એ. ની સરકારે જે તે વખતે લીધો હતો. આ રાજયના મુખ્યમંત્રીશ્રી મોંઘવારીની વાત માટે વડાપ્રધાનને સલાહ આપવા જાય છે. પણ દેશમાં કોમોડીટી માર્કેટ પણ એન.ડી.એ.ની સરકાર વખતે દાખલ કરવામાં આવ્યું હતું. હમણાં માનનીય પ્રદિપસિંહજી વાત કરી રહ્યા હતા. પહેલાના જમાનામાં રાજા મહારાજાઓના વખાણ કરવા વાળો એક વર્ગ હતો, સ્પેશ્યલ વર્ગ હતો. આ રાજયમાં કાયદો અને વ્યવસ્થાની ચીજ જેવું કોઈ નામ ન હોય, જે રાજયના ગૃહમંત્રીશ્રી અને આઈ.પી.એસ. અધિકારીઓ જેલમાં હોય, આ રાજયના માજી ગૃહમંત્રીશ્રી હરેનભાઈ પંડયાનું ખૂન થયું ત્યારે કોની સરકાર હતી. જુનાગઢમાં કરમણ કટારાનું ખૂન થયું ત્યારે કોની સરકાર હતી. પ્રકાશ રવેશિયા, વિનુ શિંગાળાનું ખૂન થયું ત્યારે આ રાજયમાં કોની સરકાર હતી. આ રાજયમાં મૅડિકલ માફિયા ૧૮૦૦-૧૮૦૦

કરોડ રૂપિયાની મિલકત ધરાવે છે અને એ પકડાય એ વખતે કોની સરકાર હતી. પોપટભાઈ સોરઠિયાના ખૂનીઓ છે એને આ સરકાર હજાર વખત પેરોલ આપે છે અને ૧૯૬૭ નો સરકારનો પરિપત્ર છે કે સાબરમતી જેલમાંથી કોઈને બદલવા નહિ છતાં એના ખૂનીઓ જુનાગઢ જેલમાં લીલા લહેર કરે છે, ફાઇવ સ્ટાર જેવો રૂમ આ સરકારે આપ્યો છે બીજા કોઈએ નથી આપ્યો. આ રાજયમાં પી.ટી.સી. કૉલેજની વિદ્યાર્થીની ઉપર રેપ થાય ત્યારે કોની સરકાર હતી. આ રાજયની અંદર ટ્યુશનમાં વિદ્યાર્થીની સુરતની અંદર જઈ રહી હતી ત્યારે એની ઉપર બળાત્કાર થયો ત્યારે કોની સરકાર હતી. સમગ્ર વિશ્વમાં મોટામાં મોટો લઠ્ઠાકાંડ કઈ સરકારમાં થયો હતો? હમણાં છેલ્લા આઠ વર્ષમાં પરિવર્તન આવ્યું છે હમણાં મને એક બે કાર્યક્રમમાં એક બે મિત્રો મળ્યા, આ મિત્રોએ મને વાત કરી કે હવે અમરેલીથી સુરત અને અમરેલીથી દીવ નથી જવું પડતું. અમરેલીમાં દીવ કરતાં દારૂ સસ્તો મળે છે. દીવમાં ભાવ હોય એના કરતાં અમરેલીમાં સસ્તો મળે છે, તેથી ત્યાં આપણે શું કામ જવું પડે?

**અધ્યક્ષશ્રી** : આપની પાસે બે મિનિટ છે.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : આ સામેના લોકોનું હું સમજું છું. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મને રક્ષણ આપો.

**અધ્યક્ષશ્રી** : ઑર્ડર, ઑર્ડર.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : આ *(xxxx) (xxxx). આ નેનોનું અને ટાટાનું નામ લઈએ, નીરા રાડીયાનું એટલે ભડકવા માંડે તરત જ.

**શ્રી વજુભાઈ વાળા** : આ શબ્દો યોગ્ય નથી. (xxxx) (xxxx) આ શબ્દો કાં તો પાછા ખેંચી લે.

**અધ્યક્ષશ્રી** : પાછા ખેંચી લો.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : દૂર કરી નાખો. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પાછા ખેંચી લીધા.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : અમારા નેતા વાત કરતા હતા કે પાંચ હજાર રૂપિયા ઉપરનું ટેન્ડર હોય અને સરપંચ ટેન્ડર બહાર ન પાડે તો તેને સસ્પૅન્ડ કરે. ટાટા કંપનીમાંથી ફોન આવે કે તમે અમને આ પ્રોજૅકટ કરવા માટેની પરમિશન આપી છે અને અમારો રોડ કર્યો નથી. ૪૨ કરોડ રૂપિયાનો રોડ વગર ટેન્ડરે એલ.એન્ડ ટી. કંપનીને કામ આપવામાં આવે અને સવારે કામ શરૂ કરવામાં આવે. અહીં મહાત્મા મંદિરની જે વાત કરવામાં આવી. હું આ સન્માનનીય ગૃહનું ધ્યાન દોરવા માગું છું કે આ ૩૦૦ કરોડ રૂપિયાનું ગાંધી મહાત્માનું મંદિર છે તેનું ટેન્ડર બહાર પાડ્યું છે ખરું? ૩૦૦ કરોડ રૂપિયાનું કામ વગર ટેન્ડરે એલ.એન્ડ ટી. કંપનીને આપી દેવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં જે ગરીબ લોકોને અનાજ આપવામાં આવતું તેમાં પણ આ ગરીબ લોકોના આ સરકારે (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મારે આ સન્માનનીય ગૃહના (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મને રક્ષણ આપો. માનનીય અધ્યક્ષશ્રી, જે ફોર્ટીફાઈડ આટો આપવામાં આવે છે, મારે જે અધિકારીઓએ, જે મંત્રીશ્રીએ અને મુખ્યમંત્રીશ્રીએ આ નિર્ણય લીધો છે, અઠવાડિયું આ આટાના રોટલા ખાવ પછી આખા ગુજરાતમાં આપો. અમને વાંધો નથી. ગરીબ લોકોને તમે જે થેલા આપો છો, શા માટે કઈ રીતે ગોઠવાયું, કેમ ગોઠવાયું, ખાતો નથી, ખાવા દેતો નથી, ખાવામાં કોઈનો વારો આવવા દેતો નથી..(અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) એક મિનિટ સાંભળો તો ખરા.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : શેના માટે? કોઈના નામે નથી કહ્યું, કોઈની વાત નથી કરી. કેવી રીતે આવે? શેના માટે આવે? બિલકૂલ ન આવે આમાં.

**શ્રી વજુભાઈ વાળા** : હું કહું તે પહેલાં? કંઈ સાંભળો તો ખરા?

**અધ્યક્ષશ્રી** : શકિતસિંહભાઈ,

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : પણ માનનીય અધ્યક્ષશ્રી, મુદ્દો તો કંઈ હોવો જોઈએ ને? બાવકુભાઈએ કોઈને સંબોધીને કહ્યું હોય કે નરેન્દ્રભાઈ મોદીનું નામ લઈને કહ્યું હોય.

**શ્રી વજુભાઈ વાળા** : ટીકા છે એટલા માટે કહું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : પણ કેવી રીતે?

**શ્રી વજુભાઈ વાળા** : એ સાંભળો તો ખરા.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : કોઈના નામ જોગ ન કહેવાય. હમણાં માનનીય પ્રદિપસિંહ બોલતા હતા ત્યારે સારું લાગતું હતું?

**શ્રી વજુભાઈ વાળા** : આ આક્ષેપ છે. મને સાંભળો તો હું કહું.

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીઆઆદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : પ્રદિપસિંહ હમણાં બોલીને ગયા ત્યારે રોકવા જોઈતા હતા. પ્રદિપસિંહ જે રીતે બોલતા હતા.

**અધ્યક્ષશ્રી** : મેં રોક્યા છે. શકિતસિંહભાઈ, પ્લીઝ. આપ બેસો. આપ પણ જ્યારે જ્યારે ઉભા થયા છો ત્યારે મેં આપને તક આપી છે. પ્લીઝ. વજુભાઈ શું કહે છે, સાંભળીએ.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : સાહેબ, અમે કોઈનું નામ જ લીધું નથી. મુખ્યમંત્રીનું નામ નથી લીધું, મુખ્યમંત્રીનું નામ બોલ્યો નથી.

**શ્રી વજુભાઈ વાળા** : આ રાજયમાં ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટ કહ્યું છે કે હું ખાતો નથી અને કોઈને ખાવા દેતો નથી. આ વાત કહી છે અને આમણે એમ કહ્યું કે હું બીજા કોઈને ખાવા દેતો નથી. એવો મુખ્યમંત્રી ઉપર ચોખ્ખો આક્ષેપ છે. એવો આક્ષેપ ન કરી શકાય. આ શબ્દો વ્યકિતને અનુલક્ષીને ટાંકે છે.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : મેં મુખ્યમંત્રીનું નામ જ નથી લીધું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : એમાં કયાં આવે છે?

**શ્રી વજુભાઈ વાળા** : વ્યકિતને અનુલક્ષીને ટાંકે છે. આવી વાત ન કહી શકે. એમાં કોઈ સવાલ નથી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : મુખ્યમંત્રીનું નામ લીધું નથી. આ કોઈ પૅટર્ન શબ્દ નથી. (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : બળતરા થતી હોય હું સમજું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : એમણે બંધ બેસતી પાઘડી ઓઢવી હોય તો અમારા પક્ષે વાંધો નથી.

**અધ્યક્ષશ્રી** : હું એનો રૅકૉર્ડ જોઈ લઈશ. અસંસદીય હશે તો તેને દૂર કરવામાં આવશે. હું રૅકૉર્ડ જોઈને નિર્ણય કરીશ.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયની અંદર ૨૦ લાખ કરોડ રૂપિયાનો ગેસ મળ્યો છે, પેટ્રોલ , ક્રુડ ઑઈલ કરોડોનું મળ્યું છે એવી ખૂબ મોટી મોટી જાહેરાતો થઈ, આ દેશનું મોટામાં મોટું કૉર્પોરેશન જી.એસ.પી.સી. થઈ ગયું છે, કેન્દ્ર સરકારનું કોઈ કોર્પોરેશન આવડું નથી એવી જાહેરાત થઈ, હવે અત્યારે આ કોર્પોરેશનને ૨૦૦ કરોડ રૂપિયા આપવાની સરકારને જરૂરિયાત શા માટે થઈ? આવડું મોટું કૉર્પોરેશન, ૨૦ લાખ રૂપિયાનું ક્રૂડ ઑઈલ મળ્યું છે. તો હવે આ જરૂરિયાત શા માટે થઈ? (અંતરાય) અમારી પાસે ખેડૂતો આવે, ખેડૂતોએ બે ગુંઠા જમીન માગી હોય એટલે પત્ર લઈને આવે કે અમારું આ નામંજૂર થયું , એમાં અધિકારીઓએ લખ્યું હોય કે ૪૦ એકર જમીન ૧૦૦ પશુએ જોઈએ, આ જમીન તમારા ગામમાં પૂરતી નથી એટલે અમે આ નામંજૂર કરીએ છીએ, આ દેશમાં જે• (xxxx) (xxxx) એને કચ્છમાં ૨૪,૦૨૧ હેકટર જમીન આપી, તો ત્યાં પશુઓનો નિયમ નથી જળવાતો? આ જમીન કેટલી મોંઘી આપી, કેટલી મોંઘી આપી કે આખી દુનિયામાં આટલા ભાવ ના હોય એટલી મોંઘી દોઢ પૈસે મીટર આપી, એટલી બધી મોંઘી જમીન આપી. એક આપણો આદિવાસી જેને જમીન જોઈએ છે, નિયમ પ્રમાણે અરજી કરી છે, નિયમમાં આવે છે છતાં એની જમીન નથી આપવામાં આવતી, (અંતરાય) સાહેબ આ શા માટે ઊભા થયા છે.. .. એમાં એવું શું બોલ્યો?

## પૉઈન્ટ ઑફ ઑર્ડર

**. ગૃહમાં હાજર ના હોય એવા સભ્યના ઉલ્લેખ અંગે**

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : સાહેબ મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે.

**અધ્યક્ષશ્રી** : પૉઈન્ટ ઑફ ઑર્ડર શું છે?

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : માનનીય અધ્યક્ષશ્રી, શેનો પૉઈન્ટ ઑફ ઑર્ડર ?

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર એ છે કે જ્યારે માનનીય બાવકુભાઈ પોતાના પ્રવચનમાં ભારતીય જનતા પાર્ટીના એક પૂર્વ અધ્યક્ષ એનો ઉલ્લેખ કરીને બોલ્યા છે એમની પાસે આ કંપનીના એ ડાયરેકટર હોય એમની પાસે એના કોઈ શેર હોય, કોઈ પણ એમની પાસે પુરાવા હોય તો એ પુરાવો રજૂ કરે, નહીં તો આ શબ્દો એમણે પાછા ખેંચવા પડે. પુરાવા રજૂ કરે આ રીતે આક્ષેપ ના કરી શકાય.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : આર્ચીયન કેમીકલ કંપની છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય બાવકુભાઈ, મારી વાત સાંભળો પ્લીઝ ... પ્લીઝ મારી વાત સાંભળો શકિતસિંહભાઈ . અંતરાય ..

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : એક મંત્રીશ્રી એવું માગે છે કે આ શબ્દો પાછા ખેંચાવા જોઈએ?

**શ્રી વજુભાઈ વાળા** : હા.

---

• (xxxx) માનનીય અધ્યક્ષશ્રીઆઆદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : એટલે તમારો આગ્રહ શું છે એટલે મારા સભ્યને ખબર પડે.

**શ્રી વજુભાઈ વાળા** : બંને આગ્રહ છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : ના બંને ના ચાલે, કાં શબ્દ રહે  કાં પુરાવા આપીએ.

**શ્રી વજુભાઈ વાળા** : જે હાઉસમાં ના હોય એની માથે આક્ષેપ ના થાય,.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : કાં શબ્દ રહે અને કાં પુરાવા રહે , બંને ના હોય. કાં શબ્દ રાખવાના હોય તો અમે પછી અમારો જવાબ કરીશું (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : જે વ્યકિત ગૃહમાં ના હોય એની ટીકા થઈ શકતી નથી.  આપના શબ્દો આપ પાછા ખેંચવાના છો કે અહીંથી દૂર કરું.?  નહીં પ્લીઝ  (અંતરાય) પ્લીઝ. બાવકુભાઈ,.. શકિતસિંહભાઈ આપ બેસી જાવ.  જે વ્યકિત આ ગૃહમાં હાજર નથી એની આપણી ટીકા કરી શકતા નથી .. ..

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : માનનીય અધ્યક્ષશ્રી, (xxxx)  કંપનીને જમીન આપી છે.  ૧૫૦ વર્ષના પટ્ટે આપી છે.

**અધ્યક્ષશ્રી** : આપના શબ્દો પાછા ખેંચો છો કે હું દૂર કરું? સતત અંતરાય..

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : સાહેબ (xxxx)  કંપનીને

**અધ્યક્ષશ્રી** : હું આપના શબ્દો દૂર કરું છું.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : સાહેબ *(xxxx) (xxxx)  અને એના પુરાવા આપવા હું તૈયાર છું.

**અધ્યક્ષશ્રી** : એ શબ્દો દૂર થાય છે.  આપનો સમય પૂરો થયો છે .. પ્લીઝ, રાજશીભાઈ .. .

## અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) (ક્રમશઃ).

**શ્રી  રાજસીભાઈ વી. જોટવા(સોમનાથ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રી આદરણીય વજુભાઈ વાળા સતત ૧૭મી વખત આ ગૃહમાં બજેટ લઈને આવ્યા છે,  એને હું મારું અનુમોદન આપવા હું ઉભો થયો છું. અહીંયાથી વારંવાર ગૃહમાં ખલેલ પહોંચે એવા પ્રયત્નો થઈ રહ્યા હતા,   હું મારા મિત્રોને કહેવા માગુ છું કે આ ગૃહનો સમય કરતા તમારો ફિલ્ડનો સમય, ત્યાં જઈને તમારો સમય બગાડો તો સારું છે, ત્યાં તમારો સમય સારો નથી અત્યારે માનનીય વજુભાઈ વાળા જ્યારે અંદાજપત્ર લઈને આવ્યા છે ત્યારે અહીંથી મારા પૂર્વ વક્તાઓએ પોતાના વિચારો રજૂ કર્યા. એમાં હું મારા ગ્રામ્ય વિસ્તાર માટેના વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગામડા દ્વારા તાલુકાનો અને તાલુકા દ્વારા જિલ્લાનો અને જિલ્લા દ્વારા રાજ્યનો વિકાસ થઈ રહ્યો છે. અગાઉ ગામડાઓની અંદર કેવી સુવિધાઓ હતી અને હાલમાં શું છે અને મારા નાણામંત્રીશ્રીએ જે બજૅટ રજૂ કર્યું છે એમાં મહત્ત્વનો મુદ્દો હું કહીશ તો વાયબ્રન્ટ તાલુકો છે. વાયબ્રન્ટ તાલુકાની અંદર ૬૦૦ કરોડ રૂપિયાની મહત્ત્વની જોગવાઈ કરવામાં આવી છે. વાયબ્રન્ટ તાલુકાની અંદર આવતા ચાર વર્ષ દરમિયાન ગામડાઓની સુવિધા માટે આ અંદાજપત્રની અંદર ૨૭૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. હું એમ પણ કહીશ કે આવતા દિવસોમાં આવતા ચાર વર્ષમાં ગામડાઓની અંદર જ્યારે આ બજૅટ વપરાવાનું છે ત્યારે ભૂતકાળમાં હું પણ એક તાલુકા પંચાયતનો પ્રમુખ હતો ત્યારે યાદ કરો કે ભૂતકાળમાં આપણા તાલુકાનું બજૅટ તાલુકામાંથી જિલ્લામાં મોકલતા હોઈએ છીએ ત્યારે તાલુકાનું આયોજન કેટલું હતું એ મારે મિત્રોને યાદ કરાવવું છે. તાલુકામાં ૧૭-૧૮ લાખ રૂપિયાનું મર્યાદિત આયોજન કરી શકતા હતા અને એમાં ગામડાઓને સુવિધાઓ આપણે આપી શકતા ન હતા. પરંતુ મિત્રો, જ્યારે સ્વર્ણિમ ગુજરાતના ૫૦ વર્ષ આપણે પૂરા કરી રહ્યા હોઈએ ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈને અભિનંદન એટલા માટે આપું છું, પંચાયત મંત્રીશ્રીને એટલા માટે અભિનંદન આપું છું કે આ સ્વર્ણિમ વર્ષમાં દરેક તાલુકામાં વાર્ષિક આયોજન માટે એક-એક કરોડ રૂપિયા ફાળવ્યા છે. ગામડાઓનો વિકાસ કરવા માટે એનું આયોજન આપણે કરેલ છે અને ગામડાના છેવાડાના માવી સુધી એના ફળ આપણે પહોંચાડી રહ્યા છીએ. અહીંયાથી વાંધા અને વિવાદ થાય ત્યારે મારે કહેવું છે કે જ્યારે ગામડાની અંદર મને ખ્યાલ છે, મારે સામેવાળા મિત્રોને કહેવાનું છે કે તમે યાદ કરો, આ ગૃહમાં નથી, સ્વર્ગસ્થ અમરસિંહભાઈ જ્યારે મુખ્યમંત્રી હતા ત્યારે ૧૯૮૫-૯૦ના ગાળા દરમિયાન સૌરાષ્ટ્રમાં એક સરપંચોનું સંમેલન કર્યું હતું ત્યારે હું પણ એક ગ્રામ પંચાયતનો સરપંચ હતો અને તે સંમેલનમાં મારી હાજરી હતી. ફક્ત ૧૦ હજાર રૂપિયા જવાહર રોજગાર યોજનાના આપ્યા હતા અને એટલી પ્રસિદ્ધિ કરવામાં આવી હતી કે અમે આ સરકારે આ ગ્રામ પંચાયતોના સરપંચોને આવડી મોટી રકમ આપીએ છીએ અને ચાર તાલુકાના સરપંચોને બોલાવી એ ૧૦ હજાર રૂપિયા આપ્યા. આપ્યા એની સામે વાંધો નથી. એથી વિશેષ એક જવાબદાર માણસ નિવેદન કરતા હોય ત્યારે એની નોંધ લેવાતી હોય છે. જે તે વખતે મુખ્યમંત્રીશ્રીએ એવું કહ્યું હતું કે તલાટી તમારા હિસાબો ન લખે તો તમારા ગામમાં ભણેલ માણસ પાસે કાચા કાગળમાં એનો હિસાબ રાખજો. તમને સરપંચોને કાંઈ નહીં થાય અને જતા રહ્યા. જે તે વખતના આરોગ્ય મંત્રી વલ્લભભાઈ પટેલ પણ હાજર હતા અને શું થયું? પાછળથી એ.જી.એ

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીઆઆદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

ઑડિટ કર્યું અને સરપંચો બધા ઘરભેગા થયા. મિત્રો, આ વાત યાદ કરો, કેમ ભૂલી જાઓ છો? અને વાયબ્રન્ટ ગુજરાતમાં ગુજરાતમાં કરોડો રૂપિયાનું ઈન્વેસ્ટમેન્ટ થાય છે.

ત્યારે મુખ્યમંત્રીનું અહીંથી નામ લેવાય છે તો ત્યાં તમને તકલીફ શેની થાય છે? તો મારે તો મિત્રો એટલું જ કહેવું છે કે ગામડાની અંદર ગામડાનો ભૂતકાળ કેમ કોઈને યાદ ના આવ્યો? અહીંયા હમણાંજ બાવકુભાઈ એક રાજાની વાત કરતા હતા. જ્યારે એક મા હતી. એના દીકરાને હાલરડું ગાતી હતી કે સૂઈ જા બેટા હું તને એક રાજાની વાત કરું ત્યારે ઘોડિયાની અંદરથી બાળકે કહ્યું કે રાજા દિલ્હીવાળો હોય તો હું ઓળખું છું, મને સૂવડાવ. એટલે આ વાત તમને યાદ કરાવું છું. એટલે એ રાજાને આજે બધા ઓળખે છે કે કોણ કેવા છે. (અંતરાય)

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાથી મહાત્મા મંદિરની વાત થઈ. મારા મિત્રો ભૂતકાળની અંદર બે નામ લઈને ગામડાની અંદર આવતાં, અમારું ગામડું, અમારાં ગાંધીજી અને ગરીબ માણસ આ વાત લઈને પછેડીની અંદર ફરતા હતા અને મિત્રો ગાંધીજીના સ્ટેચ્યુને ધૂળ ચઢી ગઈ હતી તો કોઈને સમય નહતો ત્યારે હું તો ગાંધીજીને અહીંની ગુજરાત સરકારના મુખ્ય મંત્રીશ્રીએ ગાંધીનગરની અંદર મહાત્મા મંદિર બનાવીને એક પોતાનું ઉદાહરણ પૂરું પાડ્યું છે કે ગાંધીજી ગુજરાતના પનોતા પુત્ર હતા. એની યાદની અંદર અહીંયા એક ફક્ત મંદિર બનાવવાથી નહિ પણ સમગ્ર ૧૮૬૦૦ ગામડાના સરપંચોને બોલાવીને એમ કહ્યું કે આની અંદર તમારા ગામમાંથી માટી અને પાણી લઈ આવો. એમાં તમારો પણ હિસ્સો અહીંયા હોય. કેમ કોઈને યાદ ના આવ્યું? કામ થાય તો મિત્રો ખૂંચે સમય આવે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : બે મિનિટનો સમય આપની પાસે છે.

**શ્રી રાજસીભાઈ વી. જોટવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી વાત ટૂંકમાં પૂરી કરીશ. પરંતુ સિનિયર સભ્ય શ્રી રાઘવજીભાઈ ત્યાંથી વાત કરતા હતા, માનનીય સભ્યશ્રી મારા મોટાભાઈ છે. બે દિવસ પહેલા પાણી પુરવઠો અને પાણી આજે પણ ગામડામાં મળતું નથી પરંતુ મને કહેતા આનંદ થાય છે રાઘવજીભાઈ દરિયા કાંઠાની કોસ્ટલ પટ્ટી પર ક્યારેક આવો અને પધારો હું બતાવું કે શું કહેવાય કામ? જ્યારે અહીંયાથી પાણીવાળા મંત્રી, પાણી પુરવઠા મંત્રીશ્રી નીતિનભાઈ બેઠાં છે એમને હું અભિનંદન આપીશ કે જ્યારે રાજુલા - જાફરાબાદથી એક નર્મદા કેનાલ ૪૧૫ કરોડના ખર્ચે રાજુલાથી-ઊના અને ઊનાથી કોડિનાર-સુત્રાપાડા-વેરાવળ થઈને એનું કામ ચાલુ છે એમાં કોઈ ના પાડી શકે એમ નથી. મિત્રો આ કેમ યાદ ના આવ્યું? અને એની અંદર છેક વેરાવળ સુધી (અંતરાય) આ ઉત્તર ગુજરાતમાં નથી આવતું આ દરિયા કાંઠા ઉપર આવે છે રાઘવજીભાઈ અને એ તાલુકાની અંદર અમારી બહેન-દીકરી પાણી માટે વલખાં મારતી હોય ત્યારે આ સરકારે ઘરે બેઠાં પાણી આપ્યું છે એમાં ના નથી પાડી શકાય એમ. જ્યારે ગુજરાતની અંદર એથી વિશેષ એક વાત હું એ પણ કરીશ કે આજે તમે ગામડાની અંદર જાવ તમે તો ગામડું કેવું હોય? કેમ કોઈને યાદ ના આવ્યું ૧૯૯૫-૯૦ પહેલા કે ભાઈ, અહીંયા ગામની અંદર બાળક નિશાળે જતું હોય, વરસાદ થતો હોય, ગારો-કિચડ હોય એની અંદર ચાલતું ચાલતું જાય પણ કોઈએ સી.સી. રોડનું કામ કોઈ દિવસ જોયું નહિ? શા માટે ના કર્યુ? અને તમે શું કર્યુ એની અત્યારે અમારા ગામડાની અંદર આવો, સી.સી. રોડના રસ્તાથી મઢેલા છે. તમે એની અંદર ચાલીને જાવ તો, નિશાળના દ્વવારે જાવને તો નિશાળ કેવી છે આજે? નિશાળની અંદર, (અંતરાય) એ નિશાળના બિલ્ડિંગો આજે ઊભા છે. એ નિશાળની અંદર કોઈ ગામની અંદર કોઈ અજાણ્યો માણસ જાય અને ગામડામાં આંટો મારે તો પહેલું મકાન નિશાળનું સારું હોય અને એ ગોતી શકે કે આ અમારી પ્રાથમિક શાળા છે. એવા કામો કર્યા હોય અને એક વાત મારી છેલ્લી કરીને મારી વાત પૂરી કરીશ. જ્યારે હું તાલુકા પંચાયતનો પ્રમુખ હતો ત્યારે એક પરાની મુલાકાતે ગયો. એ મુલાકાતની અંદર એક પ્રાથમિક શાળાનો ઓરડો હતો. ત્યાં વસાહતમાંથી પાંચ જણા આવ્યા અને પૂછયું કે તમારી નિશાળ બતાવો ત્યારે એક રૂમની અંદર લઈ ગયા અને એ રૂમની અંદર ગયા ત્યારે નળિયાવાળો તૂટેલો-ફાટેલો એક રૂમ અને પાછળ એક બાંકોરું. એમણે કહ્યુ કે અહીંયા. રાત્રે કૂતરાં અને ભૂંડડાં બેસે છે અને દિવસે અમારા બાળકો બેસે છે આ સ્થિતિમાં હતાં આપણે. આજે માનનીય નાણામંત્રીશ્રી જે બજૅટ લઈને આવ્યાં છે એને હું અનુમોદન આપું છું.

**શ્રી કાળુભાઈ વીરાણી(કુંડલા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્નમાનીય સભાગૃહમાં નાણા મંત્રીશ્રી સતત ૧૭મી વખત જ્યારે બજૅટ લઈને આવ્યા છે ત્યારે એમને હું અભિનંદન આપું છું એટલા માટે કે, સતત ૧૭મી વખત આવવુંને, ત્યાં પ્રજા પાસે પ્રમાણપત્ર લેવા નવું એ બહું અઘરી આઇટમ છે. તો આ ૧૭મી વખત બજૅટ લાવ્યા છે અને એ બજૅટ ગુજરાતના વિકાસ માટેનું છે અને વિકાસશીલ બજૅટ આને કહી શકાય. આ બજૅટમાં અનેક જોગવાઈઓ કરવામાં આવી છે. મને ગૌરવ થાય કહેતા કે, રાજય સરકારે વર્ષ ૨૦૧૧-૧૨ માટે રાજયના આર્થિક અને સામાજીક વિકાસ માટે કુલ રૂપિયા ૩૭,૧૫૨.૬૭/- કરોડની રકમનું આયોજન બજૅટ જાહેર કર્યુ છે. એકંદરે રાજયના કુલ બજૅટના રૂપિયા ૮૧,૨૭૯.૯૮/- કરોડમાંથી આયોજન બજૅટની ટકાવારી જો લગભગ ગણીએ તો ૪૫ ટકાથી વધારે થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૧-૧૨ના બજૅટમાં વિભાગવાર આંકડાઓ અહીંયા આપવામાં આવ્યા છે અને મને કહેતાં ગૌરવ થાય કે આ આંકડાઓ જોતાં ખબર પડે છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, બાવકુભાઈને સંભળાવવું નથી, બાવકુભાઈ ત્રણ વર્ષ પહેલાં કોંગ્રેસને ભરપેટ ગાળો દેતા હતા,

ત્રણ વર્ષ જ હજુ નથી થયા (અંતરાય) એમાં ૫૪માં ગણીએ તો ૫૦ ટકાથી વધારે ભા.જ.પ.વાળા હશે અને કાંઈક જનતા દળ વાળા અને મૂળ કોંગ્રેસવાળા તો ઝીરો છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપ અંદાજપત્ર ઉપર વાત કરો માનનીય કાળુભાઈ.

**શ્રી કાળુભાઈ વીરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસના મૂળ જડતું નથી. આપને વાત એ કહેવા જઈ રહ્યો હતો કે, જ્યારે ગુજરાતની કરોડ રજ્જુ જેને કહેવાય ને, માણસનું શરીર હોય ત્યાં કરોડરજ હોય એમ ગુજરાતની કરોડરજ્જુની, જળ સંપત્તિ વિકાસ માટેની મારે વાત કરવી છે. સામાજીક અને માનવ વિકાસની પ્રક્રિયાને વેગ મળશે. આયોજન બજૅટમાં જળ સંપત્તિ માટે મૂળ જે બજૅટની ટકાવારી છે એમાંથી ૨૮ ટકા એમાં મૂકવામાં આવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે વર્ષ ૨૦૧૧-૧૨માં સામાજીક સેવાઓ માટે રૂપિયા ૧૪,૮૧૪/- કરોડ રકમની જોગવાઈ કરવામાં આવી છે માનનીય અધ્યક્ષશ્રી, અમારા ગામડાઓમાં કહેવત હોય ખેડૂતોમાં, ખેત મજૂર હતો એ ગામડામાં રહેતો હતો અને બંને માણસો ખેત મજૂરીએ જાય અને કામ કરે. એમાં બન્યું એવું કે, અમારા ખેડૂતો લાકડાના હળ ચલાવતા હતા પહેલાં અને એમાં કોસની સાથે એક કસવાળો હોય અડધા ફૂટનો. એમાં ખેડૂતને કસવાળો મળ્યો અને એના પત્ની જ્યારે ભાત લઈને આવ્યાને એટલે ખુશ થઈ ગયો એટલે એના પત્ની પૂછતા હતા કે, આજ કેમ ખુશ-ખુશ છો? તો કહે કે, હવે તો કસવાળો મળ્યો છે, ખેતી કરીશું, તલ વાવીશું અને મોજમજા કરીશું. તો પેલાએ કહ્યું કે, તલ વાવીશું તો પછી તું આ ભાત લઈને કયાં ચાલીશ ? ખેડૂત એના બાઈને કહે છે. તો બાઈ કહે છે કે, હું તલમાં ચાલીશ. તો ખેડૂત કહે છે કે, તો તો પછી તલ ખરી જાય, એમ કરીને બે પરોણા મારી લીધા. માનનીય અધ્યક્ષશ્રી, આ ૨૭ માંથી, ૭ જ નગરપાલિકાઓ આવી છે અને કસવાળો હાથમાં આવેલો અને એમ થઈ ગયું કે, ૨૦૧૨માં અમે અહીંયા આવી જાઈશું. માનનીય અધ્યક્ષશ્રી, આ કસવાળો મળ્યો છે ત્યાં બેફામ થઈ ગયા અને એને એ ખબર નથી કે ગુજરાતની પ્રજા કોને મત આપે? જોઈને મત આપે છે, ભલભલાના સૂપડા સાફ થઈ ગયા.

૧૭ વખત બજૅટ રજૂ કર્યુ છે. ૧૨ વર્ષ દીકરો ભેગો નથી રાખતો બાપને એ ખબર છે? જ્યારે ૧૭ વર્ષ ગુજરાતની પ્રજા સાથે રાખે અને હજી કહેતા મને ગર્વ થાય છે કે કહવાળો મળવાથી કાંઈ પણ મળવાનું નથી. આ ૫૪માંથી પણ કદાચ જો પાંચડો બાદના થઈ જાય તો સારું છે આ સ્થિતિ આવવાની છે. મહાત્મા ગાંધીજી અને સરદાર વલ્લભભાઈ પટેલની કલ્પના હતીને, ૪૫ વર્ષ પછી આ ગુજરાતને આવો સિંહ જેવો મુખ્યમંત્રી મળ્યો છે એને હિન્દુસ્તાન યાદ કરવાનું છે અને આજે અહીં નામ નહીં કહું ઉંચા નીચા થઈ જાય છે પણ આખા ભારતમાં નરેન્દ્ર મોદીનું નામ ગાજતું હશે. આજે નરેન્દ્ર મોદીની શકિતને દુનિયામાં કોઈ નહીં અટકાવી શકે. આજે તમે જ્યારે પ્રમાણપત્ર લેવા જાવ છો પ્રજા પાસેથી ત્યારે તમને ખબર પડે છે વિકાસ શું છે, રાજયમાં જળસંપત્તિની વાત હોય કે કૃષિની વાત હોય આખા દેશમાં કૃષિ અને જળસંપત્તિએ ગુજરાત રાજયનું નામ રોશન કર્યુ છે. આજે મને કહેતા ગૌરવ થાય છે, સરકારની નીતિને કારણે આજે ગુજરાતમાં ખેડૂતો અને ખેતમજૂરો પણ સારી રીતે જીવી શકે છે. ગામડામાં ફૉર વ્હીલર અને ટુ વ્હીલર જો ફરતી હોયને તો એ ભારતીય જનતા પક્ષની સરકાર અને ભારતીય જનતા પક્ષના મુખ્યમંત્રીશ્રીને આ આભારી છે અને જે ગાંધીજી અને સરદાર વલ્લભભાઈની કલ્પના હતી એ મોડે મોડે ૪૫ વર્ષ પછી આ ગુજરાતમાં એક મનુષ્ય પેદા થયો જેણે ગાંધીજી અને સરદાર વલ્લભભાઈની કલ્પના પાર પાડી છે અને આવતા દિવસોમાં ગુજરાત આનાથી પણ આગળ વધી રહ્યું છે. ગાંધી મંદિર ગુજરાતમાં બને અને કોંગ્રેસના મિત્રોને તેલ રેડાય, સરદાર વલ્લભભાઈનું આખા દેશમાં સૌથી ઉંચાઈએ એમનું સ્ટેચ્યુ મૂકાય તો એમને તેલ રેડાય, ૪૫ વર્ષ સુધી કયાં કોઈએ ના પાડી હતી? એની આડું કોણ આવ્યું હતું? આજે વિકાસશીલ ગુજરાત જ્યારે દેશમાં હરણફાળ માંડી રહ્યું છે ત્યારે ૨૦૦૮માં અમે કાશ્મીરમાં ગયા હતા ૮ ધારાસભ્યો ત્યારે અમે એક વિશ્વામિત્ર મંદિરમાં બેઠા હતા ત્યારે એક પંડયાજી ૯૫ વર્ષના વડીલ અને માડી બેઠા હતા, એણે અમને પૂછયું કે કયાંથી આવો છો? તો અમે કહ્યું કે અમે ગુજરાતથી આવીએ છીએ. તો એણે એમ કીધું કે સરદારનું ગુજરાત? સરદાર અહીં નથી પહોંચ્યા એટલે કાશ્મીરની દશા જોવો અને હવે તમે નરેન્દ્ર મોદીને સાચવશો?

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા(જંબુસર)** : માનનીય અધ્યક્ષશ્રી, * (xxxx) (xxxx) (xxxx) મારે આ સરકારશ્રીને પૂછવું છે કે મહાત્મા ગાંધીજી ..

## પૉઈન્ટ ઑફ ઑર્ડર

### પ્રવચનમાં કરેલ ઉચ્ચારણ અંગે

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે, મારે ચોખવટ કરવી છે. (અંતરાય) માનનીય દંડકશ્રી મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર એ છે કે મેં મારા પ્રવચનમાં એટલું જ કહ્યું છે કે જ્યારે ગુજરાતની બહાર જઈએ ત્યારે બીજા રાજયના લોકો આપણને એવું કહે છે કે કયા આપ નરેન્દ્ર

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીઆઆદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

મોદી કે ગુજરાત સે આતે હો? એટલું જ કહે છે, કોઈ સરખામણીની મેં મારા પ્રવચનમાં વાત જ નથી કરી. આપ રૅકૉર્ડ જોઈ લેશો. માનનીય સભ્યશ્રીએ એમણે પોતાના પ્રવચનની શરૂઆતમાં જે રીતના ઉલ્લેખો કર્યા છે એ ઉલ્લેખો એમણે પાછા ખેંચવા જોઈએ.

**અધ્યક્ષશ્રી** : આપ પાછા ખેંચો છો કે દૂર કરીએ?

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા** : પાછા ખેંચુ છું. માનનીય અધ્યક્ષશ્રી, આ નાણામંત્રીશ્રી અંદાજપત્ર લઈને આવ્યા છે ત્યારે એમાં મારા વિચારો વ્યકત કરુ છું. આ બજેટ નવા શબ્દોની ભરમાળથી ભરેલું છે અને આ બજેટ મારી દ્રષ્ટિએ એસ.સી. એસ.ટી., ઓ.બી.સી. અને મધ્યમ વર્ગની કમર તોડી નાખે એવું છે અને આ ગૃહ વિભાગની પરિસ્થિતિ કથળી જે રહી છે એ બાબતે હું કહેવા માગુ છું. મારા ભરૂચ જિલ્લાના ઝગડીયા તાલુકાના એક ગામની અંદર એક બનાવ બન્યો હતો.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી, આમાં મેં શરૂઆતમાં જ બધાને માહિતગાર કર્યા છે કે જે તે વિસ્તારની આપણે ઊંડાણથી ચર્ચા નથી કરવાની,

**અધ્યક્ષશ્રી** : એ આવશે આગળ ત્યારે આપને તક મળશે.

## અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) ક્રમશઃ

**૨૦૨/page> કિરણકુમાર એલ. મકવાણા:**: મારે પાણી પુરવઠા વિશે કહેવું છે કે આજીવન આમ આદમીની જીવન જરૂરિયાતની ચીજવસ્તુ માટે માંગને પહોંચી વળવા માટે નાના કદમના માનવીને કેટલી મુશ્કેલીનો સામનો કરવો પડે છે, એટલે કોઈકે કહ્યું છે કે,

" હું હાથ રે મારા ફેલાવું તારી ખુદાઈ દૂર નથી.
હું માગુ અને તું આપે તે વાત મને મંજૂર નથી ".

મારા મત વિસ્તારની અંદર આજે બપોરે અઢી વાગ્યે આપણી રિસેસ પડી ત્યારે એક ફોન આવ્યો. માનનીય મંત્રીશ્રી મારા જિલ્લાના પ્રભારી છે. ખરેખર એમને હું વિનંતી કરું છું કે જંબુસર શહેર અને જંબુસર તાલુકાની જનતાને હજુ ઉનાળો આવવાની વાર છે, છતાં ચાર-ચાર દિવસને આંતરે પાણી મળે છે. તો ખરેખર એના માટેની વ્યવસ્થા કરવી જોઈએ. યાત્રાધામ વિશે મારે કઈક કહેવું છે આ સરકાર ગુજરાત રાજ્યમાં અનેક યાત્રાધામ માટે કરોડો રૂપિયા ખર્ચી રહી છે. ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકામાં શંભેશ્વર મહાદેવનું તીર્થસ્થાન આવેલ છે. કાળીમાં એક જૈન દેરાસર આવેલ છે. કંબોઈ અને કાળી વચ્ચે ૩ કિ.મી.નું અંતર છે. મારે માનનીય મંત્રીશ્રી માર્ગ અને મકાનને કહેવું છે કે મહાશિવરાત્રિના તહેવાર નિમિત્તે ૧૦ થી ૧૨ લોકોની માનવમેદની અને ત્યાં એટલી બધી ભીડ હતી. ૩ કિ.મી. ચાલીને ભાવી ભક્તો દર્શનાર્થે જાય છે. મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે સીંગલ પટ્ટીનો ડામરનો રોડ છે, તેની જગ્યાએ ડબલ રોડ બનાવવાની ઈચ્છું છું. મારે કઈક કહેવું છે ભગવાનને પ્રાર્થના કરવી છે.

"તબીબોને કહેજો તમારે દર્દ સાથે સીધો પરિચય છે મારો
હકીકતમાં હું દર્દી થયો છું, જે દવા સારી પેઠે મને ઓળખે છે.
ભગવાનને પરિચય છે મારે અને મસ્જિદમાં ખુદા ઓળખે છે.
નથી થતા વ્યક્તિત્વ શાનું તમારા પ્રત્યે બધા મને ઓળખે છે".

આ પ્રવાસનની જગ્યાએ ગ્રાન્ટ ફાળવવામાં આવી છે, તો મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે પ્રવાસનની ગ્રાન્ટ ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકામાં શંભેશ્વર મહાદેવ કાળી મુકામે આજે ભાવિ ભક્તોની ભીડ જામે છે. તે બાબતે ઘટતું કરવા વિનંતી છે. મને કહેતા આનંદ થાય છે કે ભરૂચ જિલ્લાની અંદર છેલ્લે છેલ્લે પણ કઈક મંત્રી પદ મળ્યું છે, તો મને ખુશી થાય છે. મંત્રી મારા પરમ મિત્ર છે. ભરૂચ જિલ્લાની અંદર દરિયાઈ પટ્ટી આવેલ છે. જંબુસર આમોદ, વાગરા, અંકલેશ્વર એ ફળદ્રુપ જમીનમાં ખારા પાણીથી કેમ રોકવી એ માટેની વાત કરવા આવ્યો છું. મંત્રીશ્રીને વિનંતી છે કે તમે પણ એવા પ્રયત્ન કરજો કે આ ખેતીની ફળદ્રુપ જમીનમાં ખારાશ ન આવે, ખેતીનો ઉપયોગ થાય એ માટે પ્રયત્ન કરવો જોઈએ અને આ ખેડૂત દેવાના ડુંગર નીચેથી દબાયેલો બહાર આવે તેવા પ્રયત્નો કરવા જોઈએ.

**શ્રી વસંતકુમાર પ. ભટોળ(દાંતા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રીએ ગૃહમાં ૧૭મી વાર બજેટ રજૂ કર્યુ અને વિક્રમ સર્જ્યો છે, તે બદલ માનનીય નાણા મંત્રીશ્રીને અભિનંદન પાઠવું છું.

રાજ્યના મુખ્યમંત્રીશ્રી સર્વે જના હિતાયે, સર્વ જના સુખાએ, રાજ્યને રાજ્યના વિકાસ તરફ સબળ નેતૃત્વ પૂરું પાડ્યું છે. ગુજરાતને નવી દિશા આપવાનું કામ કર્યુ છે. અંદાજપત્રની ચર્ચામાં કૃષિ, પશુપાલન ક્ષેત્રે સન્માનનીય ગૃહનું ધ્યાન દોરવા માગું છું. વર્ષ ૨૦૧૦-૧૧ અંદાજપત્રમાં કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિમાં ૨૦૬૨.૮૦ કરોડનું આયોજન કરવામાં આવ્યું હતું.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૧-૧૨ના આ બજેટમાં ૨૦.૧૧ ટકાનો વધારો કરી ૨૪૭૭ કરોડ રૂપિયાની આ અંદાજપત્રમાં કૃષિ અને પશુપાલન ક્ષેત્રે ફાળવણી કરવામાં આવી છે જે બદલ ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

અંદાજપત્ર ઉપર જરા નજર કરીએ તો કૃષિ વિમા યોજના અંતર્ગત ૨૪૫ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. કૃષિ ક્ષેત્રે સ્નાતક કક્ષાએ અને આઈ.ટી.આઈ. કક્ષાએ સીટો વધારી ૧૧.૩૩ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. પશુપાલન ક્ષેત્રે દૂધ ઉત્પાદન સહકારી મંડળીઓમાં વધુ સંગ્રહ ક્ષમતા માટે ૪૦.૮૧ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં પશુ આહારની અછત નિવારવા પશુ આહાર ક્ષેત્રે વેગ આપવા માટે ૩૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. જાફરાબાદમાં નવીન મત્સ્યોદ્યોગ તાલીમ સંસ્થા સ્થાપવા વગેરેનું આયોજન કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષ મહોદય, આઝાદી પહેલાં ચલણ જ્યારે અમલમાં ન હતું ત્યારે સોના મ્હોરો, ચાંદીની વસ્તુઓ દ્વારા વિનિમય વ્યવહાર ચાલતો હતો તેવા સમયે ભારતની કૃષિ પેદાશોનું ઉત્પાદન મોટા પ્રમાણમાં થતું હતું. તે આપણને ખ્યાલ આપે છે કે સોના મ્હોરો અને સોના ચાંદીથી જે કૃષિ પેદાશોનો વિનિમય થતો હતો તે જ દેખાડે છે કે ભારત તે વખતે કૃષિ ક્ષેત્રે કેટલો સમૃદ્ધ દેશ હતો. ૧૯૮૦ના દાયકા સુધી દેશની કૃષિપ્રધાન દેશ તરીકે ગણના કરવામાં આવતી હતી. આજે દેશની કુલ વસ્તીના ૮૦ ટકા લોકો ગામડામાં રહેતા હતા જે ઘટીને આજે ૬૦ ટકા લોકો ગામડામાં રહેતા થયા છે. લોકો ગામડામાં રહી કૃષિ આધારિત જન જીવન નિર્ભર કરે છે. હાલના સમયે દેશની વસ્તી વધીને ૧૨૦ કરોડ સુધી પહોંચી છે ત્યારે કૃષિ પેદાશોની જરૂરિયાતો પણ એટલી જ વધી છે. પરંતુ દેશના કૃષિ પેદાશોની ઉપલબ્ધિની સરખામણીમાં કૃષિ પેદાશો ઓછી હોવાના કારણે હાલના વર્ષોમાં કૃષિ પેદાશોની વિકટ પરિસ્થિતિ ઉભી થાય તેવું ચોક્કસ જણાઈ રહ્યું છે. ભારતમાં કૃષિ વિકાસનો દર ખૂબ જ નીચો જોવા મળે છે. દેશનો વિકાસ કરવો હોય તો તેનો મુખ્ય ભાગ કૃષિ છે. જો કૃષિનો વિકાસ નહીં થાય તો દેશનો વિકાસ નહીં થાય અને વિકસિત દેશોની હરોળમાં આપણે આપણા ભારતની નહીં લઈ જઈએ. ગુજરાત રાજયની ૨/૩ વસ્તી કૃષિ ઉપર આધારિત વસ્તી છે અને કૃષિ સાથે સંકળાઈને પોતાનું જીવન ગુજારે છે. મહત્વનું પરિબળ કહી શકાય તો આ કૃષિ છે. આયોજન પંચના નિર્ધાર મુજબ ગુજરાતે ૫.૫ ટકા કૃષિ વિકાસદર હાંસલ કરવો જરૂરી છે. જેને ધ્યાનમાં રાખતાં ગુજરાતમાં આજે આપણે સૌને ગૌરવ થાય તે પ્રમાણે કહી શકાય કે ગુજરાત દેશનું અગ્રિમ રાજય બની ૧૦.૫૧ ટકા કૃષિ વિકાસદર હાંસલ કર્યો છે. તે બદલ ખૂબ ખૂબ લાગણી અને ગર્વ અનુભવું છું. ગુજરાતમાં કૃષિ વિકાસદર વધારવા માટે સરકારે પાણી સંગ્રહ માટે ચેકડેમ, બોરીબંધ, ખેત તલાવડી, ગામ તલાવડી વગેરેની સુંદર કામગીરી કરી રાજયની સાબરમતી નદી હોય કે મહી નદી હોય કે અન્ય નદીઓનું નર્મદા નદી સાથે જોડાણ કરી તેમજ કચ્છ અને સૌરાષ્ટ્રના તથા બનાસકાંઠાના છેવાડાના ગામ સુધી સુજલામ સુફલામ યોજનાને પહોંચાડી પિયતની સુવિધા ઉભી કરી છે. જેના દ્વારા ગુજરાતના કુલ ભૌગોલિક વિસ્તારમાંથી કૃષિ ક્ષેત્રના ભૌગોલિક વિસ્તારમાં ખૂબ જ વધારો થયેલો જોવા મળે છે. ગુજરાત સરકારની ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની દ્વારા એકે એક ટીંપાનો ઉપયોગ કરી તેનું સિંચન કર્યુ છે અને ટપક પદ્ધતિ દ્વારા દેશનું એક મોડલ સ્ટેટ પણ ગુજરાત આજે બન્યું છે.

માનનીય અધ્યક્ષ મહોદયશ્રી, હું જે વિસ્તારમાંથી આ ગૃહના સદસ્ય તરીકે આવું છું તેમાં દોઢ દાયકા પહેલાંની વાત કરું તો મારો વિસ્તાર અછતવાળો વિસ્તાર હતો. ત્યાં પાણીની ખૂબ જ મુશ્કેલી હતી. માનનીય મુખ્યમંત્રીશ્રીની દીર્ઘ દ્રષ્ટિ અને પાણી પુરવઠા મંત્રીશ્રીની દીર્ઘ દ્રષ્ટિ અને સિંચાઈ મંત્રીની દીર્ઘદ્રષ્ટિના કારણે આજે મોટા ભાગનો વિસ્તાર ખેતી લાયક બન્યો છે અને સાથે સાથે કૃષિ ક્ષેત્રે સૌથી વધારે વિકાસ કરતો અમારો જિલ્લો બન્યો છે. તેની સાથે સાથે સમગ્ર એશિયાની અંદર દૂધ ઉત્પાદન ક્ષેત્રે પણ સૌથી વધારે દૂધ ઉત્પાદન મેળવતો થયો છે તે બદલ હું કૃષિમંત્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીને લાખ લાખ અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષ મહોદય, મહિલા સશકિતકરણનું ઉમદા ઉદાહરણ એટલે ગુજરાતની માતાઓ અને બહેનો, કારણકે પશુપાલનના ધંધાને લીધે પોતાનું અને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા થયા છે. આર્થિક રીતે પગભર થતાં પુરુષોની સમકક્ષ બની સમાજ જીવનમાં તેમના દીકરા અને દીકરીને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરાવતા પણ થયા છે. ગુજરાતમાં ખેતીનો વિકાસ, પશુપાલનનો વિકાસ, રોજગારી ક્ષેત્રે વિકાસમાં ભારતમાં પ્રથમ નંબરે જોવા મળે છે. જેના દ્વારા યુવાનોનો વિકાસ અને તેની સાથે સાથે ગુજરાતમાં રહેતાં દરેકે દરેક ગુજરાતીઓનું સામાજિક જીવન ખૂબ જ ઉંચું આવ્યું છે. આજે આપણે નજરમાં અને ધ્યાનમાં આવ્યું છે કે ભારતમાં ઘણી જગ્યાએ ખેડૂતો પાયમાલ અને દેવાદાર થવાથી આપઘાત કરતા થયા છે. તેના સંવેદનશીલ રાજયોમાં આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, કર્ણાટક, કેરાલા તથા ભારત સરકાર દ્વાર ૩૧ જિલ્લાઓ તારવેલા છે. તેમાં ગુજરાતમાં આવો એકપણ કિસ્સો બનેલો નથી. ૨૦૧૦માં ભારતનું ખાદ્ય બજાર જોવા જઈએ તો લગભગ ૫૦૦૦ કરોડ રૂપિયા તેલનું બજાર હતું.
૩૬ હજાર કરોડ રૂપિયા પેક દૂધ પાઉચનું બજાર હતું, ૨૭ હજાર કરોડ રૂપિયા તાજી મરઘી અને માંસનું બજાર હતું, ૧૫ હજાર કરોડ રૂપિયા પેક રોટલીનું બજાર હતું, ૧૦૫૦૦ કરોડ રૂપિયા સોફ્ટ ડ્રીંકનું બજાર હતું, ૧૦ હજાર કરોડ રૂપિયા બેકરી ઉદ્યોગનું બજાર હતું. ૭૪૦૦ કરોડ રૂપિયા ચા અને કૉફીનું બજાર હતું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે મને જણાવતાં આનંદ થાય છે કે, ગુજરાત રાજયનું કૃષિ ઉત્પાદન જે વર્ષ ૨૦૦૨માં ૯ હજાર કરોડ રૂપિયાનું હતું તે વધીને ૪૯ હજાર કરોડ રૂપિયાનું થયું છે તેના પ્રમાણમાં ડેરીક્ષેત્રે પણ દૂધ ઉત્પાદન ૧૦ હજાર કરોડ થવા પામ્યું છે, અને મત્સ્યદ્યોગ બજાર ૧૦૬૪.૫૦ કરોડ રૂપિયા થયું છે એમ કુલ મળીને ૬૦૦૬૪. ૫૦ કરોડ રૂપિયા કૃષિ, પશુપાલન અને મત્સ્યોદ્યોગનું બજાર થયું છે. માનનીય અધ્યક્ષશ્રી,

બજારોમાંથી ૨૦૧૦-૧૧ની તુલનામાં ભારતનું કુલ ખાદ્ય બજાર જે હતું એમાંથી ૨૪.૪૪ ટકા ખાદ્ય બજાર ફક્ત ગુજરાત જ પૂરું પાડે છે. . જેમાં જે ખાદ્ય બજારોમાં ગુજરાત ભારતને ખૂબ જ મોટા જથ્થામાં પૂરું પાડે તેવી સ્થિતિ છે. માનનીય અધ્યક્ષ મહોદયશ્રી, કૃષિ ક્ષેત્રની વાત કરીએ તો કૃષિ ક્ષેત્રે ( સમયસૂચક ઘંટડી)

**અધ્યક્ષશ્રી** : માનનીય ગોવિંદભાઈ..

**શ્રી ગોવિંદભાઈ મા. પ્રજાપતિ(પાલનપુર)** : માનનીય અધ્યક્ષ મહોદય, મુરબ્બી શ્રી વજુભાઈ વાળા સત્તરમી વાર જે બજૅટ લઈને આવ્યા છે એમાં ગુજરાતની ખેડૂત પ્રજા અને ગુજરાતની તરસી ધરતીને એમણે ખૂબ ખૂબ પ્રાધાન્ય આપ્યું છે અને બજૅટના ૨૮.૮૯ ટકા એટલે કે આશરે ત્રીસ ટકા જેટલો મહત્ત્વનો હિસ્સો જળ સંપત્તિ, પાણી પુરવઠા, નર્મદા અને કલ્પસર વિભાગ માટે એમણે ફાળવ્યો છે. ગુજરાતમાં દક્ષિણ સિવાય વરસાદ અનિયમિત છે ઓછો પડે છે ત્યાં વરસાદનું ટીપેટીપું પાણી એ ખૂબ મહત્ત્વનું છે અને આ પાણીનો સંચય કરવામાં આવે અને એનો સદ્ ઉપયોગ કરવામાં આવે એ ખૂબ જરૂરી છે. ગુજરાતની અંદર ચોથા ચરણની અંદર અનેક ચેકડેમ બનાવી ગુજરાતમાં જળ સંચય, પાણીનું પુનઃ પ્રભરણ અને એનો ખેતીમાં વધુમાં વધુ ઉપયોગ થાય એ માટે સરકાર સતત પ્રયત્નો કર્યા છે અને છેલ્લા દાયકામાં લગભગ ૧,૪૨૦૦૦થી વધુ ચેકડેમ બનાવી સરકારે વિક્રમ સર્જ્યો છે ત્યારે આ વર્ષે પણ સરકારે મોટા ચેકડેમ બનાવી આશરે ૭૦૦ કરોડ રૂપિયાનો માસ્ટર પ્લાન બનાવ્યો છે જેમાં ૩૦૦થી વધારે ચેકડેમ પૂરા થયા છે અને આશરે ૨૯૮ ચેકડેમ જે ટેન્ડર પ્રોસેસમાં છે અને આગામી વર્ષોમાં થશે એના માટેનું પણ જે આયોજન કર્યું છે એના માટે માનનીય સિંચાઈ મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ સાહેબને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષ મહોદય, ઉત્તર ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્ર માટે નર્મદાના વહી જતા પાણીમાંથી એક મિલીયન એકર ફીટ જે પાણી ફાળવવામાં આવેલ છે એમાંથી ઉત્તર ગુજરાતમાં ઉદ્વહન સિંચાઈ દ્વારા મુખ્ય નહેર નર્મદામાંથી પાણી ઉંચકીને જે ડૅમો ભરવાનું આયોજન થયું છે એમાં નવ પાઈપલાઈનોના કામો થયાં છે અને બે પાઈપલાઈનના કામો ચાલુ થવામાં છે આગામી બજૅટમાં મારા વિસ્તાર બનાસકાંઠામાં દાંતીવાડા ડેમમાં પણ એક પાઈપલાઈન દ્વારા પાણી આપવાનું અને સાબરકાંઠાની મેશ્વો નદીમાં પણ ડેમમાં પાણી નાખવાનું આયજન છે એને માટે અમને ખૂબ ખૂબ ગૌરવ છે અને ખેડૂતોના પ્રશ્નો, જયાં ધરતી સૂકી છે ત્યાં પુનઃજળસંચય અને ખેતી દ્વારા ખેડૂત ખૂબ ખૂબ સધ્ધર બનશે, આ સિવાય જયાં જમીન તળ ઉંચા છે અને પાણીના તળ નીચા છે ત્યાં લિફ્ટ ઈરીગેશન દ્વારા પણ જેમ કડાણા હાઈ લેવલ કેનાલ, પાનમ હાઈ લેવલ કેનાલ દ્વારા આશરે ૬૦ થી ૭૦ હજાર હેકટર જમીનમાં પાણી આપવાનું આયોજન છે નર્મદા મુખ્ય નહેર આધારિત જે જે નદીઓ ક્રોસ થાય છે ત્યાં પાણી વહાવી અને નદીઓમાં ચેકડેમ બાંધી એમાં પાણી ભરી પાણીનું રિચાર્જીગ કરવામાં આવે છે અને જ્યાં સેલિનીટીના પ્રશ્નો છે એવા વિસ્તારમાં ક્ષારનું પ્રમાણ વધે નહીં એના માટે ત્યાં પાણી બંધારા દ્વારા ક્ષાર પ્રવેશ નિયંત્રણ સ્ટ્રકચરો દ્વારા પાણી ભરીને ભૂગર્ભ જળ જે ખારા થતા જાય છે એને અટકાવવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનો આશરે ૧૬૦૦ કિલો મીટરનો દરિયા કિનારો છે એમાં કચ્છ-સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં જ્યાં ખારા પાણી જમીનમાં આગળ વધી રહ્યા છે એને પણ બંધારા વગેરે બાંધીને રોકવાનું આયોજન છે. માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ વિસ્તારની અંદર જ્યાં ખારા પાણી વધારે છે દરિયા કિનારાના કારણે જયાં ક્ષારનું પ્રમાણ વધારે છે અને દરિયાના પાણીના કારણે ભૂતળની આજુબાજુનો વિસ્તાર ખેતી માટે નકામો બનતો જાય છે ત્યાં પણ બંધારા વગેરે બાંધી એ જમીનને નવસાધ્ય કરવાનું આયોજન છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર માનનીય નરેન્દ્રભાઈ મોદીની સરકાર અને માનનીય નીતિનભાઈએ સાગર ખેડૂત સર્વાંગી વિકાસ યોજના દ્વારા પણ દરિયા કિનારાનો વિસ્તાર છે ત્યાં ક્ષાર પ્રવેશ નિયંત્રણ દ્વારા ક્ષારને રોકવા માટે બંધારા વગેરે બાંધીને જમીનની ફળદ્રુપતા બગડતી અટકાવી ત્યાંના ખેડૂતોને ઉપયોગી થવાનો સરકારે જે ભગીરથ પ્રયત્ન કર્યો છે એને મારા લાખ લાખ અભિનંદન આપુ છું અને વિરમુ છું. '

**શ્રી ઈશ્વરભાઈ ન. વહીઆ(મહુવા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વજુભાઈ વાળા આ ગૃહમાં જે બજેટ લઈને આવ્યા છે અને અમારા સાથી સભ્યશ્રીઓ અને અમારા નેતાશ્રીએ જે મંતવ્યો આપ્યા છે એમાં હું મારો સૂર પૂરાવું છું. ઘણાં આ ગૃહના સભ્યશ્રીઓએ મને એમ કહ્યું કે સાચું બોલજો તો સાચું હું તમારી સામે પરિપત્ર સાથે આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૨૯ અને ૪૪૬ કરોડ છતાં વાહ વાહ અને ધન્યવાદ શાના આપો છો? અરે, માથાદીઠ દેવું ૨૩૫૨૩ રૂપિયા છતાં પણ ધન્યવાદ. માફ કરજો બારમું બહું દૂર નથી. બારમું બહું દૂર નથી આપણે બધાએ જવાનું છે. અમારા જિલ્લામાં મુખ્યમંત્રીશ્રી જ્યારે પ્રચાર કરવા આવ્યા ત્યારે જાહેરમાં એમણે નરોત્તમભાઈ પટેલની હાજરીમાં એમ કહ્યું કે હું ખાતો નથી અને ખાવા દેતો નથી. મારે આંકડા બતાવવા છે, સુરત શહેર અને સુરત જિલ્લામાં ૧,૭૪,૫૦૫ બોગસ રેશન કાર્ડ મળ્યા. આખા ગુજરાતમાં સાહેબ, હું એ કહેવા માગુ છું કે, આ બનાવ્યા કોણે? સરકારના એક્ઝીકયુટીવ મેજીસ્ટ્રેટે બનાવ્યા. ખુદ સરકારે બનાવ્યા. અને કેટલું અનાજ લઈ આવ્યા, કેટલા વર્ષ અનાજ લઈ આવ્યા, એન્ટ્રી કોણે પાડી, એ એન્ટ્રી પાડીને અનાજ કોણ ખાય ગયું? આ દુકાનના એસોસિએશનના પ્રમુખનો પ્રભાવ છે? કોણ છે એ? અરે, અમારો એક માણસ જ્યારે રેશન કાર્ડ કઢાવવા જાય છે ત્યારે એને કેટલા કાગળો જોઈએ છે?

આ તો ૨૫ લાખથી ઉપર જાય છે.

**અધ્યક્ષશ્રી** : એક મિનિટનો સમય છે આપની પાસે.

**શ્રી ઈશ્વરભાઈ ન. વહીઆ** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૫ લાખથી ઉપર બોગસ રેશનકાર્ડ ગુજરાતમાં જાય છે. કેટલું અનાજ લાવ્યા ? કોણ ખાઈ ગયું ? કોણે ખાવા દીધું ? અમારી વન બંધુ કલ્યાણ યોજના. બહુ સરસ નામ આપ્યું. વન બંધુ કલ્યાણ યોજના એટલી સારી યોજના જાણે અમારા સમાજનું તો કલ્યાણ થઈ ગયું. સાહેબ, પૈસા કયાંથી આવ્યાં ? આપનો પરિપત્ર બતાવું ૧૦-૭-૨૦૦૭નો પરિપત્ર.

**અધ્યક્ષશ્રી** : ઈશ્વરભાઈ, હમણાં આપનો સમય પૂરો થઈ જશે.

**શ્રી ઈશ્વરભાઈ ન. વહીઆ** : માનનીય અધ્યક્ષશ્રી, આ પૈસા કયાંથી આવ્યા ? ગુજરાત પૅટર્ન યોજના હેઠળની મળવાપાત્ર ગ્રાન્ટના ૨૦ ટકા ભારત સરકારની બંધારણની કલમ-૨૭૫(૧) હેઠળ જે ગ્રાન્ટ ફાળવવામાં આવે તેમાંથી તેમજ ભારત સરકાર તરફથી રાજય સરકારના આ વિભાગને મળવાપાત્ર ખાસ કેન્દ્રીય સહાય, ઈનોવેટીવ, ઈન્સેન્ટીવ અને પી.ટી.જી.ની ગ્રાન્ટમાંથી વાપરવા. નામ કોનું આપવાનું? વન બંધુ યોજના. પૈસા કોના ? ભારત સરકારના. મહાત્મા ગાંધીજીના ગુજરાતની અંદર સત્ય બોલો.

**શ્રીમતી વંદનાબેન મ. મકવાણા(કેશોદ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સ્વર્ણિક વર્ષે ૧૭મી વખત બજેટ રજૂ કરવાનો અભૂતપૂર્વ અને ઐતિહાસિક વિક્રમ નોંધાવનાર આદરણીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા સાહેબને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું અને તેના સમર્થનમાં હું મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ભારત આજે ગરીબી, બેકારી, કમરતોડ મોંઘવારી, ભયંકર ભાવવધારો અને બેફામ ભ્રષ્ટાચારના ખપ્પરમાં હોમાઈ રહ્યું છે ત્યારે એક માત્ર ગુજરાત રાજય એ વિકાસના નવા આયામો અને સમૃદ્ધિના આગવા શિખરો સર કરી રહ્યું છે. દેશ અને દુનિયાને સુશાસનના જે દર્શન કરાવ્યા છે એ બદલ હું ગુજરાતના લોક નાયક અને વિકાસ પુરુષ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબને લાખ લાખ અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર દ્વારા પ્રવાસન ક્ષેત્રે કરેલ પ્રશંસનીય કામગીરી, સુંદર આયોજન અને સફળ યોજનાઓ થકી, આજે સમગ્ર વિશ્વમાં પ્રવાસન ક્ષેત્રે ગુજરાતની એક આગવી ઓળખ ઉભી થઈ છે. આજે દેશ અને દુનિયાના પ્રવાસીઓનો અવિરત પ્રવાહ ગુજરાતના પ્રવાસન ધામો તરફ વહી રહ્યો છે. પ્રવાસન વિકાસને વેગ આપવા આ વર્ષે બજેટમાં રૂપિયા ૨૦૦ કરોડ જેટલી માતબર રકમની જે જોગવાઈ કરવામાં આવી છે તે બદલ હું માનનીય મુખ્યમંત્રીશ્રી, નાણામંત્રીશ્રી અને પ્રવાસન મંત્રીશ્રીને સહર્ષ અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું જુનાગઢ જિલ્લામાંથી આવુ છું. જેને સોરઠ કરવામાં આવે છે. સોરઠ ધરામાં ચારેબાજુ પથરાયેલો, આકાશને ભેદતો હોય તેવો, સૂતેલા જોગંદર જેવો મહાપર્વત, શકિતના સ્ત્રોત સમાન, જ્યાં અશ્વથામાં સહિતના સાત ચિરંજીવીઓ વિહાર કરે છે. નવનાથ- ચોસઠ જોગણી માં અંબાજી તથા જેની ટોચ ઉપર જગત જનની, આરાસુરી માં અંબાજી તથા ગુરુ દત્તાત્રેયનું પવિત્ર સ્થાનક આવેલ છે. ૩૩ કરોડ દેવતાઓનો જેમાં વાસ છે. જેની ગોદમાં જગવિખ્યાત " **ભવનાથ મેળો** "ભરાય છે. હાથીના હણનારાના જ્યાં રોજ હુંકાર સંભળાય છે એવો ગરવો ગિરનાર અમારી સોરઠની ધિંગીધરાનું નવલું નજરાણું છે અને એટલે જ કહેવાયું છે કે,

**" સોરઠ ધરા જગજુની, ગઢ જૂનો ગિરનાર,**
**જ્યાં સાવજળા સેજળ પીવે, એના નમણાં નરને નાર. "**

**અધ્યક્ષશ્રી** : આપની પાસે બે મિનિટનો સમય છે.

**શ્રીમતી વંદનાબેન મ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રવાસન વિભાગ દ્વારા ગિરનારની ગોદમાં કરોડો રૂપિયાના ખર્ચે અનેકવિધ વિકાસના કામો અમારી સરકાર દ્વારા કરવામાં આવેલ છે જે નજરે નિહાળી શકાય છે. રાજય સરકારના અવિરત અને અથાગ પ્રયત્નોને કારણે તાજેતરમાં ગિરનાર પર્વત પર " **રોપ વે પ્રોજેકટ** " ને મંજૂરી મળી ગયેલ છે.

જે આવનારા દિવસોમાં પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની ગિરનારની ગરિમાને દેશ અને દુનિયામાં પ્રવાસન ક્ષેત્રે આગવું સ્થાન આપશે, જેમાં શંકાને કોઈ સ્થાન નથી. અમારી સોરઠ ભૂમિમાં એશિયાનું એકમાત્ર સિંહ અભ્યારણ્ય આવેલું છે. જે સાસણ ગીરના નામે ઓળખાય છે. વર્ષો પહેલા સિંહનું દર્શન તો શું, એનો હુંકાર પણ સાંભળવો દુર્લભ હતો. પ્રાથમિક શાળાના પુસ્તકોમાં વાંચવામાં આવતું.

" ગામ તણા પાદરમાં ગરજે, ઉગમણો આથમણો ગરજે,
ઓરો ને આઘેરો ગરજે, ડુંગરની ટોચે ગરજે
જંગલની ઝાડીમાં ગરજે, નદીઓની ભેખડમાં ગરજે,
કણબીના ખેતરમાં ગરજે..."

પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, અમારી રાજય સરકાર દ્વારા ગીર અભ્યારણ્યની છેલ્લા ૧૦ વર્ષમાં પ્રવાસન ક્ષેત્રે કરેલ અદ્દભૂત કામગીરીને ડુંગરનો રમનારો, હાથીને હણનારો, જોગીનાથ જટાળો, સોરઠનો સાવજ એવો નરકેસરી નજરે નિહાળી શકાય છે. સાવ નજીકથી જોઈ શકાય છે. અને રોજબરોજ હજારો પ્રવાસીઓ સાસણગીરની મુલાકાત લઈ દાલામથ્થાના દર્શન કરીને ધન્ય થાય છે. આટલું જ નહીં, સિંહની સંખ્યામાં થયેલ વધારો..

**અધ્યક્ષશ્રી** : આપનો સમય પૂરો થાય છે, આપ બેસી જાઓ. માનનીય મફતભાઈ.

**શ્રી મફતલાલ મો. પૂરોહિત(ધાનેરા)** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૭મી વખતે માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા આ ગૃહની અંદર બજેટ લઈને આવ્યા છે. ખૂબ ખૂબ અભિનંદન આપું છું. ગુજરાતની જનતા એવું ઈચ્છે છે કે ૩ દશકા તમે પૂરા કરો અને તમે બજેટ ફરીથી રજૂ કરો એવી ગુજરાતના પ્રજાજનોની ઈચ્છા છે.

માનનીય અધ્યક્ષશ્રી, વાયબ્રન્ટ ગુજરાતની અંદર વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી, એની અંદર જે એમ.ઓ.યુ. થયા એ એમ.ઓ.યુ. ૫૬૫૩૭ કરોડ રૂપિયાના એમ.ઓ.યુ. થયા છે. આ જે એમ.ઓ.યુ. થયા એના કારણે ૨૪૮૩૩ જેટલી રોજગારીની તકો ઉભી થશે. વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગમાં એના જે મુખ્ય ૩ વિભાગ છે. એમાં ઈન્ફરમેશન ટેકનોલોજી, કોમ્યુનિકેશન, સાયન્સ એન્ડ ટેકનોલોજી, બાયોટેકનોલોજી અને આ મુદ્દા ઉપર ગુજરાત સરકારે ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. આજે આપણે જાણીએ છીએ કે ગુજરાત એ કચ્છનો ભૂકંપ અનુભવી ચૂકયું છે. ૨૦૦૧ના એ ભૂકંપમાં અનેક લોકોએ પોતાના જાન ગુમાવ્યા હતા. આ વિનાશક ભૂકંપ પછી આપણે અહીંયા ગુજરાતમાં જે સાવચેતીના પગલાં લેવા જોઈએ. માનનીય નરેન્દ્રભાઈ મોદીએ આ બાબતે સીધું માર્ગદર્શન આપીને સીસ્મોલોજીક રીસર્ચની જે સ્થાપના ગુજરાતમાં કરવામાં આવી છે, ભારતમાં આ એકમાત્ર એવી સંસ્થા છે કે જે ધરતીના પેટાળમાં થતી હલચલ ઉપર નજર રાખી રહી છે.

**અધ્યક્ષશ્રી** : આપનો સમય પૂરો થાય છે. માનનીય ભરતભાઈ.

**શ્રી ભરતભાઈ ખો. બોઘરા(જસદણ)** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૭મી વખત માનનીય નાણા મંત્રીશ્રીએ બજેટ રજૂ કર્યુ છે, તેમને હું અભિનંદન આપું છું. હું ગ્રામ્ય વિસ્તારમાંથી આવું છું. કોઈ માણસ ખેતીનું કામ કરતો હોય કે મજૂરી કામ કરતો હોય અને ઈમરજન્સી ઉત્પન્ન થાય ત્યારે ફોન કરે અને ૧૦૮ માં મને કહેતાં આનંદ થાય છે કે ૧૩મી મિનિટે અમારી સરકારની ઈમરજન્સી ૧૦૮ હાજર હોય છે. એનાથી પણ વિશેષ વાત કરું કે ૯૪ ટકા એવા કોલ હોય છે કે ૧ મિનિટમાં સામે જવાબ મળે છે. આજ સુધીમાં ૧,૪૯,૧૨,૪૪૯ ઈમરજન્સી ઉભી થઈ અને મને કહેતા આનંદ થાય છે કે આ સુવિધાએ લાખો લોકોને નવી જીંદગી આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા ગામડાંમાં કહેવામાં આવતું હતું કે,

"પ્રસૂતિથી પીડાતી નારી જોતી વાહનની વાટ,
મળી ૧૦૮ ની સુવિધા થયો ઈમરજન્સી ઈલાજ"

માનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતમાં ગરીબ, શોષિત, પીડિત, આદીવાસી અને બક્ષીપંચનાં અનેક બાળકો એમને માતાની હૂંફ મળી છે અને આ રાજય સરકારે આ બજેટમાં આ સુવિધાને સારી કરવા માટે ૫૦ નવી એમ્બ્યુલન્સ વસાવી છે. માનનીય અધ્યક્ષશ્રી, એક કહેવત છે કે,

"૧૦૮ ની ઈમરજન્સી સુવિધા આપે અમારી સરકાર,
ગ્રાન્ટ ગુજરાતમાં માગીને મોદીજી કરે પાર્લામેન્ટને પડકાર."

માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભામાં મારા સાથી મિત્ર દર વખત એવો પ્રશ્ન કરે કે મેડીકલમાં જગ્યાઓ ખાલી છે. વર્ગ-૧ અને વર્ગ-૨ ની જગ્યાઓ ખાલી છે. તો મારે એમને કહેવું છે કે ભૂતકાળમાં ૪૦ વર્ષ દરમ્યાન આ રાજયમાં સરકારે આ ડોકટરોની સીટો બાબતમાં કોઈ ચિંતા કરી નહોતી અને એના માટે કેરાલાના હેલ્થ વિભાગ દ્વારા એક અહેવાલ આવ્યો છે કે આખા ભારતમાં દરેક રાજયમાં ૧ લાખ વ્યકિતએ કેટલી સીટો છે? તો એમાં સિકિકમમાં ૧૮.૫ છે, મણીપુરમાં ૯.૨ છે, કર્ણાટકમાં ૮.૮ છે, કેરાલામાં ૮ છે જયારે ગુજરાતમાં ૩.૮ છે. તો આ શું કામ છે? એ એટલા માટે કે આ સરકારમાં બેઠેલ મારા મિત્રોએ ૪૦ વર્ષમાં આ કયારેય આ રાજયમાં આ ડોકટરોની સીટોની કે વસતિની ચિંતા કરી નથી અને જેના પરિણામે આપણે હેરાન થયા છીએ. મારે આજે કહેવું છે કે છેલ્લા ૨ વર્ષમાં આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીએ ૧૦૫૦ જેટલી મેડીકલની સીટો વધારી છે. કદાચ સમગ્ર ભારતનું ગુજરાત એક પહેલુ રાજય એવું હતું કે આટલી મોટી સીટો એકસાથે વધારી હશે. મારા સાથી મિત્ર શ્રી બાવકુભાઈને મારે એક વાત કહેવી છે કે,

"મુજ વીતી તુજ વીતશે ધીરી બાપુડીયાં."

અધ્યક્ષશ્રીઃ માનનીય ભરતભાઈ, આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય ગુલસીંગભાઈ, આપ આપનું પ્રવચન ચાલુ કરો, આપને ૩ મિનિટ આપવામાં આવે છે.

**શ્રી ગુલસીંગભાઈ ર. રાઠવા(છોટાઉદેપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, સતત ૧૭ મી વખત અંદાજપત્ર લઈને માનનીય નાણામંત્રીશ્રી આવ્યા છે એને હું આવકારું છું અને માનનીય નાણામંત્રીશ્રીને અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલી વહીવટીતંત્રને વિકેન્દ્રીત કરી 'આપણો તાલુકો વાઈબ્રન્ટ તાલુકો' ની નવતર યોજના અમલમાં મૂકી છે. આ યોજનાને સફળ બનાવવાના હેતુથી વહીવટી માળખામાં ઐતિહાસિક સુધારો કરવાનો નિર્ણય આ સરકારે કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં તાલુકે તાલુકે મહત્વકાંક્ષા જાગૃત થાય, દરેક નાગરિકમાં પોતાના તાલુકા પ્રત્યે પોતીકાપણાની ભાવના જાગે, વિકાસમાં નવું જોમ આવે તે માટે 'આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો' ની નવતર યોજના આ સરકારે મૂકી છે. આ મહત્વકાંક્ષી યોજનાના અમલ માટે કુલ રૂા. ૬૦૦ કરોડ જેટલી જોગવાઈ અંદાજપત્રમાં કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારે તાલુકા કક્ષાએથી ગ્રામ્યકક્ષા સુધી માળખાકીય સુવિધાઓ ઉભી કરવા અને આ સરકારની તમામ યોજનાઓને ગ્રામ્ય કક્ષા સુધી પહોંચાડવા માટે આગામી ચાર વર્ષમાં ખર્ચ થનાર છે તે માટે રૂા. ૨૭૦૦ કરોડ જેટલી જોગવાઈ અંદાજપત્રમાં કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, 'આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો' ના નવતર આયોજન થકી ઉપસ્થિત થનાર વિવિધ પ્રકારની અનેક વિકાસલક્ષી યોજનાઓનો અમલ તાલુકાના માધ્યમથી તનાર છે. જે સામે આગામી ચાર વર્ષમાં ખર્ચ કરવાના હેતુસર રૂા. ૧૧,૦૦૦ કરોડ જેટલી જોગવાઈ અંદાજપત્રમાં કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે વર્ષ ૨૦૧૧-૧૨ ના વર્ષ માટે રાજયના આર્થિક અને સામાજીક વિકાસ માટે કુલ રૂા. ૩૭૧૫૨.૬૭ કરોડનું બજેટ જાહેર કર્યુ છે તેમાં મહેસૂલ વિભાગ માટે કુલ રૂા. ૭૫૭.૯૮ કરોડ જેટલી જોગવાઈ કરેલ છે જે કુલ બજેટના ૨.૦૪ ટકા જેટલું થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, હાલ ગુજરાતમાં ચાલતાં જન સેવા કેન્દ્રો સક્ષમ બને તે માટે આ સરકાર કટિબધ્ધ છે અને 'આપણો તાલુકો વાઈબ્રન્ટ તાલુકો' નાં જનસેવા કેન્દ્રોને ઉત્તમ સુવિધાઓથી સજ્જ કરવા માટે વર્ષ ૨૦૧૧-૧૨ ના બજેટમાં રૂા. ૧૮૦ કરોડ જેટલી જોગવાઈ કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારે રાજયમાં ૩૮૯ જેટલાં લાઈસન્સી સર્વેયરોની નિમણૂક કરવામાં આવેલ છે જેના થકી જમીન માપણીના કેસોની કામગીરીમાં ઝડપ આવેલ છે. સરવેયરોએ ડિસેમ્બર, ૨૦૧૦ સુધીમાં કુલ ૧૫૩૧૪ જેટલા માપણી કેસોનો નિકાલ કરેલ છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય ગુલસીંગભાઈ, આપનું પ્રવચન પૂરું થાય છે.

**સભાગૃહની બીજી બેઠકનું કામકાજ સાંજના ૫-૧૫ વાગ્યે પૂરું થતાં અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ ગુરૂવાર તા.૧૦ મી માર્ચ, ૨૦૧૦ ના રોજ સવારના ૮-૩૦ કલાકે મળવા માટે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**ગુરૂવાર, તા. ૧૦મી માર્ચ, ૨૦૧૧**
**ફાલ્ગુન ૧૯, ૧૯૩૨ શાકે**
**પહેલી બેઠક**
**સભાગૃહ સવારના ૮-૩૦ વાગે મળ્યું.**
**અધ્યક્ષશ્રી, ગણપતભાઈ વસાવા અધ્યક્ષસ્થાને**

# અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

**શ્રી દિલીપ સંઘાણી ( વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે હું આ ગૃહને જણાવતા આનંદની લાગણી અનુભવું છું અને ગૃહ વતી આપને અભિનંદન આપવા માગું છું. ભારતમાં લોકશાહીનું અને વિધાનસભા અને લોકસભાની જીવંત કાર્યપદ્ધતિ રહે એટલા માટે દર વર્ષે જુદા જુદા રાજયમાં અખિલ ભારતીય પ્રમુખ પરિષદ યોજાય છે. આ પરિષદના ઉચ્ચ સંચાલન માટે સ્ટેન્ડીંગ કમિટીની રચના કરવામાં આવે છે. લોકસભાના અધ્યક્ષ દ્વારા આ પૂર્વે આપણી વિધાનસભામાંથી પૂર્વ અધ્યક્ષ શ્રી રાઘવજીભાઈ લેઉઆ, નટવરલાલ શાહ, ધીરુભાઈ શાહ અને અશોકભાઈ ભટ્ટની નિમણૂક આ મહત્વની કમિટીમાં થયેલી. આ ચાલુ વર્ષે ગઈકાલે લોકસભાના માનનીય અધ્યક્ષ શ્રીમતી મીના કુમારે આપની એટલે કે ગણપતભાઈ વસાવાની નિમણૂક કરી છે એ બદલ હું ગૃહ વતી અને રાજયની જનતા વતી હું ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છા પાઠવું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું પણ શુભેચ્છા પાઠવું છું અને મારા સાથી સભ્યો પણ શુભેચ્છા પાઠવે છે.

**શ્રી રમણલાલ વોરા (શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આજથી ધોરણ-૧૦ અને ૧૨ની વાર્ષિક પરીક્ષાઓ શરૂ થઈ રહી છે. ગુજરાતના ૧૫લાખથી વધારે વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા જઈ રહયા છે ત્યારે શિક્ષણ વિભાગ અને રાજય વતીથી અને ગૃહના સભ્યો વતીથી આ વિદ્યાર્થી મિત્રોને ખૂબ ખૂબ શુભ કામના પાઠવું છું.

**અધ્યક્ષશ્રી**: બુધવાર, તા.૯મી માર્ચ,૨૦૧૧ ના રોજ અંદાજપત્ર પર અધૂરી રહેલી ચર્ચા આગળ ચાલશે શ્રી અર્જુનભાઈ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રમણભાઈ શિક્ષણ મંત્રી છે. આપણા સન્માનનીય છે અને આપણી ભવિષ્યની પેઢી પરીક્ષામાં એપીયર થઈ રહી છે અને એ જ આપણા દેશનું, આપણા રાજયનું ભવિષ્ય છે એટલે હું પણ હૃદયથી આપણા બાળકોને એમની પરીક્ષાની અંદર ઉચ્ચ શિખરો પ્રાપ્ત કરે એવી શુભ કામના પાઠવું છું. આ બાળકો આપણી મૂડી છે અને આપણા મા બાપ એમ કહેતા હતા કે દીકરા કે દીકરીને ઉત્તમ સંસ્કાર આપ્યા હશે તો થોડીઘણી પણ આપણી સંપત્તિ હશે એ સાચવી શકશે પરંતુ સંસ્કાર, શિક્ષણ કે તંદુરસ્તી નહીં હોય તો એ બાળકો છે એ એની મૂડી બની શકવાના નથી અને એટલા માટે આપણે એની ચિંતા કરતા હોઈએ છીએ. ગઈકાલે આપણા સન્માનનીય સભ્યશ્રી પ્રવચન કરતા હતા ત્યારે હું સાંભળતો હતો. પ્રદિપસિંહભાઈએ બહુ સરસ પ્રવચન કર્યું. પોતે ક્ષત્રીય છે. વોરીયર કોમ્યુનીટીમાંથી આવે છે એટલે સ્વાભાવિક છે એમનું ભાષણ પણ જુસ્સાદાર હોય અને એ અપેક્ષા પણ હતી પરંતુ મારી સાથેના સભ્યોને અમુક વાત ન ગમી. હું મારા સાથી સભ્યોને કહેવા માગું છું કારણકે ત્યાં તો હું કહી શકું તેમ નથી. હું એટલા માટે કહું છું. એમણે કહ્યું ગઈકાલે કે પહેલા ગુજરાત છે એ સરદાર અને ગાંધીજીના નામથી ઓળખાતું હતું
અને હવે એ નરેન્દ્ર મોદીના નામથી ઓળખાય છે.

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ, કાલે એના ઉપર ખૂબ ચર્ચાઓ થઈ ગઈ છે. કાલે ચર્ચાઓ થઈ ગઈ છે.પ્લીઝ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું આગળ જવા માગતો નથી. હું વાત કરતો હતો. ગાંધી એવી વ્યક્તિ હતી, કે જેના કેન્દ્રમાં રામ હતું, કેન્દ્રમાં ભગવાન હતા, કેન્દ્રમાં ભગવાન સિવાયની વાત એ વાત ન કરી શકતા હતા. મારા મિત્ર કદાચ નામ આપે એમાં નારાજ થવાની જરૂર નથી. આત્મારામભાઈએ કહ્યું હતું મોદી તો ભગવાન છે. ગાંધી તો ભગવાનની પૂજા કરતા હતા, એટલે હવે મારા બધા મિત્ર છે. એ એવી અપેક્ષા રાખે આવી રીતે ન બોલાય. હવે એ શકય નથી, એટલા માટે ગુજરાતની અંદર કેટલી હદ સુધીની વ્યક્તિ પૂજાઓ શરૂ થઈ છે એનો આ દાખલો છે. એમાં મારા મિત્ર પ્રદીપસિંહભાઈ તો જેના વડવાઓ છે, એ સ્વમાન માટે, વચન માટે માથા વઢાવી નાખતા હતા. એ બોલ્યા એ મને ન ગમ્યું એટલું જ. એનાથી આગળ જઈને હું કહું છું બાળકની ચિંતા કરી. બાળકોની વાત કરવા માગું છું. બાળકોની આપણી રાજ્ય સરકારો અને કેન્દ્ર સરકાર બહુ ચિંતા કરે છે. બાળકોની ચિંતા કરવા માટે કેન્દ્ર સરકારે યોજના બનાવી અને એમ કહેવામાં આવ્યું જે રાજ્યનાં નાનાં બાળકો છે. ૬ વર્ષની નીચેનાં બાળકો હોય, સગર્ભા માતાઓ હોય અને ધાત્રી માતા હોય એને જો યોગ્ય ખોરાક ન મળે તો કુપોષણના કારણે એનો વિકાસ ન થઈ શકે અને એના કારણે આખી પેઢી નબળી તૈયાર થાય અને એટલા માટે કેન્દ્ર સરકારે યોજના બનાવી. એ પણ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓએ જે ડિસ્ક્રાઈબ કરી હતી એ મુજબનું આયોજન તૈયાર કર્યુ અને

એમાં બાલભોગ, સુખડી, શીરો, ઉપમા એનું પ્રીમિક્સ બનાવવા માટે કેન્દ્ર સરકારે સહાય કરી. રાજ્ય સરકારોએ એનો પોતાનો હિસ્સો આપ્યો અને આ પ્રીમિક્સ તૈયાર કરવા માટેના ટેન્ડરો બહાર પાડ્યા. ટેન્ડરની કિમત હતી ૪૧૦ કરોડ.. આખા રાજ્યોને ૫ ઝોનમાં ભાગ પાડી દીધા અને એમાં શરત એવી રખાઈ કે ૨૫ કરોડ રૂપિયાનું જેનું ટર્નઓવર હોય એ લોકો ટેન્ડર ભરી શકે. કેટલું રાખવું કે કેટલું ન રાખવું એ રાજ્ય સરકાર જરૂરથી નક્કી કરી શકે, પણ જે પ્રકારે ટેન્ડર આવ્યા, તેમાં ૪ કંપનીના ટેન્ડર આવ્યા: (૧) કોટા દાલ મિલ- કોટા,રાજસ્થાન (૨) મુરલીવાલા એગ્રો પ્રા.લિ.-ઉદેપુર (૩) સુરુચી ફુડ પ્રા.લિ. ગુંડગાંવ (૪) કેમ્બ્રીજ હેલ્થ કેર-મહેસાણા. આ કંપનીઓમાંથી ૩ કંપનીઓ કોટા દાલ મિલ, મુરલીવાલા અને સુરુચી આ ૩ કંપનીઓ ક્વોલીફાઈ થઈ અને ૩ માંથી એક પણ ગુજરાતની નહિ અને એના પછી ત્રણેય સાથે મળીને ટેન્ડર ભર્યા. એમાં કોટા દાલમિલ કંપનીએ ઝોન ૧, ૩ અને ઝોન ૪ નું ટેન્ડર ભર્યુ. બીજી બે કંપનીએ ત્રણે ત્રણમાં ન ભર્યુ, મુરલીવાળાએ ત્રીજા નંબરનું પેકેજ ભર્યુ. જેમાં બે કંપનીઓએ ન ભર્યુ. સુરુચીએ પાંચમાં નંબરનું એક ટેન્ડર ભર્યુ અને એમાં બાકીનું ન ભર્યુ.

માનનીય અધ્યક્ષશ્રી, બધાએ ભેગા થઈ અને પાંચ ઝોન વહેંચી લીધા અને તેના પછી આ ત્રણેય કંપનીઓના ભાવનો સરવાળો કર્યો તો ૫૦૦ કરોડ રૂપિયા થયા જ્યારે કેમ્બ્રીજ હેલ્થકેર એકલાએ જે ભાવ ભર્યા હતા તે ૪૦૮ કરોડ રૂપિયા હતા. આ એક જ ડીલની અંદર આ કંપનીઓને ૯૨ કરોડ રૂપિયાનો ફાયદો કરાવ્યો. એક રાજયની અંદર ઘાસચારાની અંદર ૬૨ કરોડ રૂપિયા ખવાયા હતા તો મુખ્યમંત્રી જેલમાં ગયા અને અહીં ૯૨ કરોડ રૂપિયા પેપર ઉપર માત્ર ત્રણ કંપનીઓએ હરીફાઈ કર્યા વગર ભાવ ભર્યા અને તેમાં ૯૨ કરોડનું નુકસાન થયું. એમ કહેવાય છે કે અમારા ગુજરાતીઓની અમે ફેવર કરીએ છીએ. અહીં ગુજરાતી કંપની હતી શું કરવા ન અપાયું. તેનાથી આગળ જઈને રાજસ્થાન સરકારે પણ આવી રીતે ટેન્ડરો બહાર પાડેલા હતા પણ તેણે શરત શું રાખી કે ૮૦ ટકા કામ છે તે રાજસ્થાનની કંપનીઓને આપવું. હરીફાઇ કરવી. આ જે કંપનીઓ છે, હંમેશાં આ સરકારનું પગેરું રાજસ્થાન સુધી કેમ જાય છે. કયા નેતા આમાં સંકળાયેલા છે? તેની તપાસ થવી જોઈએ. આપણે સંસદ દિવસો સુધી ચાલવા નથી દેતા. અહીંયાં આના માટેની એક કમિટી, જોઈન્ટ લૅજીસ્લેટીવ કમિટી બનાવવાની તૈયારી આ સરકારની છે ખરી? તપાસ કરે, આ પક્ષના સભ્યો અને આ પક્ષના સભ્યો હોય તેમાંથી સત્ય બહાર લઈ આવે. જે બાળકો અને માતાઓના ફુડની અંદર ભાગ રાખતી હોય તે સરકારને મારે કહેવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીં મારા મિત્ર જયનારાયણભાઈ નથી. પણ જયનારાયણભાઈએ મૅડિકલ કૉલેજોને ગુજરાતમાં મંજૂરી આપવી જોઈએ તે માટે કેન્દ્રના મંત્રીશ્રીને એક કાગળ લખ્યો છે. સંસદીય મંત્રીને વિનંતી કરું કે અમે આ મુદ્દા પર તેમની સાથે છીએ. મારા નેતાની સાથે ચર્ચા કરે, જ્યારે મળવા જવું હશે ત્યારે અમારા નેતા સાથે જશે અને બીજા કોઈ સભ્યોને લઈ જવા હોય તો અમને કોઈ પ્રોબ્લેમ નથી. તેમણે ચિંતા કરતો કાગળ લખ્યો છે, એમણે કાગળ લખ્યો છે કે આપ જાણો છો તેમ છેલ્લા દસ વર્ષમાં ગુજરાતનો વૃદ્ધિ દર બે આંકડામાં હોવા છતાં માનવ વિકાસ સૂચકાંકની અંદર પાછળ છે. આંધ્રપ્રદેશ, કર્ણાટક અને તામિલનાડુ જેવા રાજયો વિસ્તાર અને વિકાસની દૃષ્ટિએ સરખા હોવા છતાં પણ આ રાજયો આરોગ્ય નિર્દેશકોમાં ગુજરાતથી આગળ છે. મેં કોઈ નથી કહ્યું. માનનીય આરોગ્ય મંત્રીશ્રીની આ ચિંતા છે. હજી તેનાથી આગળ જાઉં છું. તેણે બધી વિગતો આપી છે તેમાં ગુજરાતની અંદર ઉપલબ્ધ સુવિદ્યાઓની વાત કરી છે. તેમાં કહ્યું છે કે ૨૦૦૯ના વર્ષ માટે જે માહિતી આપવામાં આવી છે તે રાજયો પર નજર કરીએ તો ગોવા માટે માથાદીઠ આરોગ્ય પાછળ રૂપિયા ૧૭૮નો ખર્ચ થાય છે. હિમાચલપ્રદેશ માટે ૧૨૩ રૂપિયા, કર્ણાટકમાં ૮૬ રૂપિયા, કેરાલા માટે ૮૨ રૂપિયા, તામિલનાડુ માટે ૭૨, પશ્ચિમ બંગાળ માટે ૫૮ રૂપિયા અને એની સરખામણીમાં ગુજરાત ૫૩ રૂપિયાનો ખર્ચ કરે છે. સારું શું હોય ભાઈ. આ સાણંદમાં ઉદ્યોગપતિ આવ્યા તે અને તેની બહેનપણીની તંદુરસ્તીની ચિંતા થાય છે. આ બાળકોની અને આપણા આરોગ્યની ચિંતા શું કરવા નથી થતી? માનનીય અધ્યક્ષશ્રી, એ ઉપરાંત તેણે લખ્યું કે એક લાખની વસ્તી માટે સરકારી હોસ્પિટલમાં પ્રાપ્ત પથારીની સંખ્યાની ક્ષમતાની બાબતમાં ગોવામાં ૧૧૪૯ પથારી સાથે અગ્રસ્થાને આવે છે. ત્યારબાદ હિમાચલ પ્રદેશ ૮૮૪ પથારી, કેરાલા ૪૫૪ પથારી, કર્ણાટક ૪૪૯ પથારી, તામિલનાડુ ૪૧૦ પથારી, મહારાષ્ટ્ર ૨૭૮ પથારી અને ગુજરાત છેવાડાના સ્થાનમાં ૨૭૦ પથારી છે. આ માનનીય આરોગ્ય મંત્રીશ્રીએ ચિંતા કરી છે.

**શ્રી ભરતભાઈ ખો. બોઘરા**: માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે,

**અધ્યક્ષશ્રી** : માનનીય ભરતભાઈ, શું પૉઈન્ટ ઑફ ઑર્ડર છે?

**શ્રી ભરતભાઈ બોઘરા** :માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઈ જે પત્રની વાત કરે છે એ પત્ર મેં બરાબર વાંચ્યો છે અને હું જાણું છું કે એમાં માનનીય આરોગ્ય મંત્રીશ્રીએ કેન્દ્રના આરોગ્ય મંત્રીશ્રીને એટલો જ પત્ર લખ્યો છે કે જેવી રીતે બીજા રાજયોમાં..

**અધ્યક્ષશ્રી** : માનનીય ભરતભાઈ, એનો જવાબ માનનીય મંત્રીશ્રી આપશે, આપ બેસી જાઓ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગશે તો પત્રની કોપી પણ આપીશ, માનનીય અધ્યક્ષશ્રી, એટલું જ નહીં, એમણે માતાના મૃત્યુદરનો આંકડો આપ્યો છે. માતાના મૃત્યુદર

કેરાલામાં ૯૫, તામીલનાડુમાં ૧૧૧, મહારાષ્ટ્રમાં ૧૩૦, વેસ્ટબંગાલમાં ૧૪૧, આંધ્રપ્રદેશમાં ૧૫૪ અને ગુજરાતમાં ૧૬૦ માતા મૃત્યુ પામે છે એના દર છે બાળક જે જન્મીને મૃત્યુ પામે છે ૦ થી ૧ વર્ષનું ઈનફન્ટ મોર્ટાલિટી રેઈટ એમાં ગુજરાત છેવાડાના નવમા સ્થાને છે. મધ્યપ્રદેશ ગરીબ રાજય- ૭૦, ઓરિસ્સા ૬૯, ઉત્તરપ્રદેશ ૬૭, આસામ ૬૪, રાજસ્થાન ૬૩, મેઘાલયા ૫૮, છતીસગઢ ૫૭, બિહાર ૫૭, હરિયાણા ૫૬, આંધ્રપ્રદેશ ૫૨ અને ગુજરાત ૫૦, આપણે છેવાડાના રાજયની કક્ષામાં છીએ. આ સ્થિતિ છે અને આને સુધારવા માટે કેન્દ્ર સરકાર ઘઉં આપે, એના માટેની મદદ કરે કે બાળકોને ખવડાવો જેથી કરીને આપણો આ દર ઉંચો આવે. તંદુરસ્તી બે પાંચ દશ પંદર મૂડીપતિઓની નહીં પણ માતા અને બાળકોની તંદુરસ્તી હશે તો જ ગુજરાત સમૃદ્ધ કહેવાશે. માનનીય અધ્યક્ષશ્રી, એનાથી આગળ જઈને કહેવા માગું છું કે, શિક્ષણની વાત કરી, મારે શિક્ષણની અંદર આંકડાઓ મારે નથી આપવા ફરી પછી આપીશ. (અંતરાય) ગુજરાતના વિકાસની વાત થાય છે, એમ કહે છે કે ગુજરાત બધાની અંદર અગ્રિમ હરોળમાં છે, માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રી અમને બધાને હૈદ્રાબાદ થોડાક વખત પહેલાં લીડરશીપ વર્કશૉપમાં મોકલ્યા હતા. હૈદ્રાબાદમાં અમને જે સ્કુલમાં ઉતારો આપ્યો હતો અને જે સ્કૂલ પાર્ટીસીપેટ થતી હતી એ સ્કૂલનું નામ ઈન્ડિયા સ્કૂલ ઑફ બીજનેશ, એ સ્કૂલ ૨૦૦૦માં શરૂ થઈ, બેન બેઠા છે અનિલભાઈ બેઠા છે, બધા સાથે હતા એ સ્કૂલ ૨૦૦૦માં શરૂ થઈ અને ૨૦૧૧ની અંદર એ સ્કૂલ વર્લ્ડની જે ૧૩ બૅસ્ટ સ્કૂલો છે એમાં આવી ગઈ, એ ૧૩ બૅસ્ટ સ્કુલોમાં બીજી છે બહારની, દુનિયાની બીજી, પણ એ સો વર્ષ બસો વર્ષ જૂની છે જ્યારે હૈદ્રાબાદની આ સ્કૂલ માત્રને માત્ર નવ વર્ષની અંદર બૅસ્ટ સ્કૂલ થઈ. ગુજરાતમાં આવી સ્કૂલ કરતાં કોણ રોકે છે? આંધ્રપ્રદેશ છેવાડાનું રાજય છે, એનો આઉટર રિંગ રોડ ૩૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચે પૂરો થઈ ગયો, ચાર વર્ષ પહેલાં, હજી આપણે સાણંદની અંદર આઉટર રિંગ રોડ છે એનું પ્લાનિંગ કરી રહ્યા છીએ. આપણે માનનીય અધ્યક્ષશ્રી, આઈટી દુનિયાની તમામ બૅસ્ટ કંપનીઓ હૈદ્રાબાદ, આંધ્ર જેવા પછાત રાજયની અંદર તમામ એ માઈક્રોસોફટ હોય કે ઈન્ટલ હોય એ તમામ કંપની આવી ગઈ, અને ત્યાં હજારો લોકો આજે રોજગારી મેળવે છે, અને ગુજરાતની અંદર શું થયું, ઈન્ફોસીટી છે એ માનનીય કેશુભાઈએ શરૂ કરેલ
એ તો બહુ શિક્ષિત નહોતા એ દાવો નહોતા કરતાં હું શિક્ષિત છું.

**અધ્યક્ષશ્રી** : આપની પાસે બે મિનિટનો સમય છે., વધારે બોલવું હોય તો આપ આપના દંડકને વાત કરો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું પાંચ મિનિટમાં પૂરું કરું. એ તો માત્ર એટલું કહેતા હતા કે હું ઓછું ભણેલો છું, એમણે ઈન્ફોસીટી શરૂ કર્યુ, એનું ૨૫ ટકા યુટિલાઈઝેશન નથી થયું, ત્યાં આપણે બીજી છ કંપનીઓને પાણીના ભાવે જમીન આપી દીધી અને એમાં હૈદરાબાદની કંપની જે કંપનીના માલિક રાજુ રામલિંગમ છે જેમની ધરપકડ કરવામાં આવી છે એ કંપનીને પણ અહીંયા જમીન અપાઈ છે. ત્યાં હજી કામ કશું શરૂ થઈ શક્યું નથી. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, ગુજરાતનું ઘરેણું અને એમાં એડમીશન તો અહીંયાથી અપાય પણ એક કમલેશ મહેતા નામનો સરકાર નિયુક્ત સેનેટ સભ્ય, ૨૦૦૨માં નિમણૂંક કરી હતી અને ૨૦૦૫માં પણ નિમણૂંક કરી હતી. એને કલાર્ક બનાવ્યો, પછી ઓફિસ સુપ્રીન્ટેન્ડન્ટ બનાવ્યો, એણે નકલી પહોંચ બુકો બનાવી, નકલી આઈ.કાર્ડ કાઢી, સાડા સાત લાખ રૂપિયા લઈને બાળકો સાથે રમત કરી અને છેલ્લે કૌભાંડ બહાર આવ્યું ત્યારે એને અત્યારે બરાબર મજા કરાવે છે પણ બીજો એક નાનકડો માણસ છે હેમંત ઝાલા જે આનું પ્રિન્ટિંગનું કામ કરતો હતો એને મારી મારીને લોહીલુહાણ કરી નાંખ્યો, આને વી.આઈ.પી. ટ્રીટમેન્ટ અપાય છે. આ જ યુનિવર્સિટીમાં એક આસીસ્ટન્ટ લેક્ચરર છે આજ ફેકલ્ટીમાં..(અંતરાય) કલેરિફિકેશન તમે પછી આપજો.

**શ્રી રમણલાલ વોરા:** મારે પોઈન્ટ ઓફ કલેરિફિકેશન જોઈએ છીએ. ખોટી માહિતી રેકોર્ડ પર જાય છે સર. સરકાર નિયુક્ત પ્રતિનિધિના નામે ખોટી માહિતી રેકોર્ડ પર જાય છે. સરકાર નિયુક્ત પ્રતિનિધિ છે એવું એમણે કહ્યું છે એટલા માટે મારે કહેવું છે.

**અધ્યક્ષશ્રી** : શક્તિસિંહભાઈ એલાઉ કરીએ જ છીએને? આપે જેટલી પણ વખત પોઈન્ટ ઓફ ઓર્ડર માંગ્યો છે આપને એલાઉ કરેલ જ છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ:** આપ પરમીટ કરો મને વાંધો નથી, પણ જવાબ કરવા માટે મંત્રીશ્રીને સમય મળવાનો જ છે, આપ પરમીટ કરો મને વાંધો નથી. દરેક જગ્યાએ અમારી વાત આવશે ત્યારે ક્લેરિફિકેશન માટે અમને પણ સમય આપવો પડશે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું વાત એ કરતો હતો કે આ પ્રકારની પ્રવૃત્તિઓ ક્યારેય છાવરવી ના જોઈએ. ગુજરાતમાં ૨૭ ટકા કુટુંબો છે એ ખેડૂતોના છે. મારે દાવા સાથે અને રેકોર્ડ સાથે કહેવું છે કે ગુજરાતમાં નરેન્દ્ર મોદીના શાસનમાં ૫૪૪૭ ખેડૂતોને આપઘાત કર્યા છે, (અંતરાય) હા રેકોર્ડ આપીશ. મારી પાસે રેકોર્ડ સિવાયની કોઈ વાત નથી. હું માત્રને માત્ર સૌરાષ્ટ્રમાં કેટલા ખેડૂતોના વીજ કનેકશનો પેન્ડીંગ છે એના દાખલા આપું છું. કચ્છમાં ૧૨૦૬૦ ખેડૂતો વીજ કનેકશનોની રાહ જૂએ છે, જામનગરમાં ૪૯૫૮૫, ભાવનગરમાં ૫૨૦૩૪, અમરેલીમાં ૪૨૦૭૪, સુરેન્દ્રનગરમાં ૨૫૨૪૭, જુનાગઢમાં ૪૦૨૪૮, રાજકોટમાં ૭૦૬૨૫, પોરબંદરમાં ૫૩૫૨, આટલા ખેડૂતોની વીજ કનેકશનો માટેની અરજીઓ પડેલી છે એને નથી અપાતા કનેકશનો. પરંતુ ટાટાને એના દરવાજાની અંદર ૨૨૦ કે.વી.નું સબ સ્ટેશન એક પણ પૈસો લીધા વગર અપાય છે. આ ખેડૂતો પણ એમ.ઓ.યુ. કરવા તૈયાર છે, કમનસીબી એ છે કે આ ખેડૂતો પાસે નીરા રાડિયા નથી, ટાટા પાસે નીરા રાડિયા છે, ગઈકાલે

મારા બધા મિત્રોએ ખૂબ વાતો કરી ઘણી બધી, એમાં મારે બીજું વધારે નથી કહેવું, પરંતુ માનનીય મુખ્યમંત્રીશ્રી અને આપ સૌના ધ્યાને વાત મૂકવા માગું છું કે, ગુજરાતની અંદર પાંચ, પચીસ લોકોની સમૃદ્ધિથી સમૃદ્ધિ નહિ આવે ખેડૂતો અને આમ પ્રજાની સમૃદ્ધિ સૌથી પહેલાં જોઈશે. માનનીય પ્રદીપસિંહભાઈએ ગઈકાલે વાત કરી હતી પોપટની, કોનો પોપટ હતો એ મને ખબર નથી. પણ પ્રદીપસિંહભાઈનો પોપટ હમણાં જુદુ બોલતો થઈ ગયો છે. તેઓ બહુ નાના હતા ત્યારે એક કવિતા સાંભળતા હતા ખાસ કરીને આપણાં માતા-પિતા ..

**અધ્યક્ષશ્રી** : બે મિનિટનો સમય છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : એક જ મિનિટમાં પૂરું કરું છું. કહે છે કે પોપટ ખાતો નથી, પોપટ પીતો નથી. એટલે પોપટ ભૂખ્યો પણ નથી, પોપટ તરસ્યો પણ નથી, પોપટ ખાતો પણ નથી, પોપટ પીતો પણ નથી. પોપટ ટાટાની કારમાં, પોપટ એસ્સારની જમીનમાં, પોપટ રાજુ રામલીંગમની જમીનમાં, પોપટ નીરા રાડીયાના પાલવમાં જલસા જલસા કરે છે.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા)** : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા મોઢવાડિયાજીનું ભાષણ સમર્થ હતું ગુજરાત બધામાં પાછળ. પણ હું એવા વિષય ઉપર બોલવા માગું છું કે, ગુજરાત અગ્રક્રમે હોય એવા સહકારમાં બે શબ્દો બોલવા માંગુ છું. તેમાં કોઈ પણ નાનાથી માંડીને મોટા એકમો હોય અને તે એકમો જો સહકાર ક્ષેત્રમાં ના હોય તો કોઈ દિવસ કલ્યાણ થતું હોતું નથી. સહકારી પ્રવૃત્તિ તે જીવનનું ઉદાહરણ છે, જીવનને ધમધમતું કરવા માટેની તે એક પાયાની જરૂરિયાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે ગુજરાત રાજયમાં દૂધ ક્ષેત્રે એવી હરણ ફાળ ક્રાંતિ કરી છે કારણ કે દૂધ ઉત્પાદન કરવું તેના કરતાં મધ્યમ અને ગરીબ વર્ગને તે દૂધ ઉત્પાદન કરી અને તેની આજીવિકા પૂરી કરવાનું કામ કર્યુ છે. ૧૩ જિલ્લા સંઘો અને તે ૧૩ જિલ્લા સંઘોમાં દૂધ આપણે થાય અને તેનો વધારો થાય તો ફેડરેશનમાં આપણે તેને જમા કરાવતાં હોઈએ છીએ. અને અમૂલ જેવી પૅટર્ન તમે જુઓ દુનિયામાં અમૂલ જેવી પૅટર્ન સમગ્ર દુનિયામાં પ્રચલિત થઈ છે કેમ કે તેની કવોલિટી, કવોન્ટિટી જળવાય રહી છે. તેના કારણે આપણે દૂધ ક્ષેત્રે ખૂબ જ આગળ છીએ. લાખો એવા લોકોને જીવન ધોરણ પૂરું પાડવાનું કામ દૂધ ક્ષેત્રે કર્યુ છે. દુષ્કાળ પડેલા હોય અને દુષ્કાળ વખતે લોકો આજીવિકા માટે તડપતા હોય તો આ દૂધ ઉત્પાદનના કારણે તેમના જીવન ધોરણ બાળકોને ભણાવવાનું અને તે રીતે પૂરું કરવાનું કામ દૂધ ક્ષેત્રથી થાય છે. દર વર્ષે ૨૦ ટકાનો વધારો થતો હોય છે અને તે રીતે આપણે દૂધ ક્ષેત્રે આગળ છીએ. ૩૨ સહકારી ખાંડ મંડળીઓમાંથી આપણી પાસે ૧૭ સહકારી મંડળીઓ કાર્યરત છે અને તેમાં ૩૧૫ લાખ લોકોને રોજી રોટી તેના કારણે મળતી હોય છે. તેમાંથી મીઠાઈ ઉત્પન્ન થાય છે અને તે પેટ્રોલમાં કામમાં આવે છે. અને તેમાં ખેડૂત સભાસદો ૧૯૮૪ કરોડ જેટલી રકમ ચૂકવવામાં આવી છે. આ એક દૂધ ક્ષેત્રે, ખાંડ ક્ષેત્રે એ હરણ ફાળ કરી હોય તો એ આ ગુજરાત સરકારે કરી છે. આપણે ગુજરાતમાં ૨૪૪ નાગરિક સહકારી બેન્કો અને એમાં નાનાથી માંડીને મોટા જે વેપારી વર્ગ હોય, મધ્યમ વર્ગના હોય તે લોકો સ્વમાનભેર જીવી શકે અને સ્વમાનભેર રહી શકે તેના માટે તે ખૂબ જ ઉપયોગી થતી હોય છે. ૨૪૪ માંથી ૭૭ નાગરિક સહકારી બેન્કો તે ફડચામાં ગઈ અને વચ્ચે એવો પિરિયડ આવ્યો કે લોકોનો વિશ્વાસ બેન્કો ઉપરથી ઊઠવા લાગ્યો હતો.

પરંતુ આ ભાજપની સરકારે એવાં પગલાં લીધાં કે એનાથી ડિપોઝીટો વધવા માંડી, આ ડિપોઝીટો વધવા માંડી એની સાથે સાથે લોકોને એમાં વિશ્વાસ પેદા થયો અને ફરીથી પુનઃજીવીત કરવાનું કામ કર્યુ છે અને રાજયમાં તા. ૩૧-૩-૨૦૧૦ ના રોજ બેંકોની શેરમૂડી ૫૧૮ કરોડ રૂપિયાની હતી અને થાપણો રૂા. ૧૯૬૧૭ કરોડની છે અને આટલી થાપણો હોવા છતાં ધીરાણ ૧૧૬૯૨ કરોડ છે. શેરહોલ્ડરોની સંખ્યા ૨૭૦૪ લાખની છે અને થાપણદારોની સંખ્યા ૭૭.૬ લાખ છે. રિઝર્વ બેંકે ૨૨ બેંકોને આ સ્ટેટસ આપ્યું છે, શિડયુલ બેંકોનો દરજ્જો આપ્યો છે અને એના કારણે આ લોકોની વચ્ચે એ બેંકો શિડયુલ બેંકો સાથે હરીફાઈ કરી શકે છે. પહેલાં મને ખબર છે કારણ કે હું તો વેપારી માણસ છુ અને શિડયુલ બેંકો પાસેથી કોઈ ક્રેડિટ લિમિટ જોઈતી હોય તો. આ કાગળ લાવો અને તે કાગળ લાવો અને એક મહિને આપણે કાગળ આપીએ ત્યારે એક મહિના પછી એમ કહેવામાં આવતું હતું કે તમારી ૨ લાખ રૂપિયાની લિમિટ મંજૂર કરવામાં આવી છે. આ નાગરિક સહકારી બેંકો થવાને કારણે આજે ૨૫ લાખ જોઈતા હોય તો ૨ જામીન આપો અને ૨૫ લાખ રૂપિયા હાથોહાથ મંજૂર થાય છે. એટલે જે શિડયુલ બેંકોની પહેલાંની જોહુકમી ઓછી કરી હોય તો આ નાગરિક સહકારી બેંકોએ કરી છે. આજે ૪૩ બેંકો એવી છે કે જેને ગ્રેડ-૩ અને ગ્રેડ-૪ માં મૂકી છે અને એના કારણે ૭૭ જે બેંકો ફડચામાં ગઈ એમાં ૬૬ નાગરિક સહકારી બેંકોના ૧૫ લાખ ૮૩ હજાર ઓગણસાઠ થાપણદારોને ૧ લાખ રૂપિયાના વીમા કવચને કારણે આપણે ૧૭ લાખ ૪૦ હજાર ૫૯ કરોડ રૂપિયાની રકમ મંજૂર કરાવી શકયા છીએ. તા. ૩૧-૩-૨૦૧૦ સુધીમાં આપણે ૧૯,૮૬૭ થાપણદારોને ૧૬૧૮.૭૮ કરોડ રૂપિયાની રકમનું ચૂકવણું કરાવી શકયા છીએ કારણ કે પહેલાં બેંકો ફડચામાં જાય એટલે એના શેરહોલ્ડરો હતા એ બિલકૂલ નિરાશ થઈ જાય, પરંતુ આ સરકારે એમનું વીમા કવચ લઈને વીમાવાળા સાથે આને માટેના પ્રયત્નો કરીને આપણે આટલી રકમ અપાવી શકયા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, માર્કેટ કમિટીઓની વાત કરું તો માર્કેટ કમિટીઓ એ પણ (સમયસૂચક ઘંટડી) પ્રજાનું અને ખેડૂતોનું માધ્યમ છે. આ માર્કેટ કમિટીઓ ખેડૂતોને સારા ભાવ અપાવાવનું અને રોકડાં નાણાં અપાવવાનું

કામ જો માધ્યમ તરીકે કરતી હોય તો આ બજાર સમિતિઓને કારણે થાય છે.૨૦૯ આવી માર્કેટ કમિટીઓ છે અને એની પેટા શાખાઓ થઈને ૫૬૭ આવી માર્કેટ કમિટીઓ થાય છે અને એ રીતે આ કામ ચાલી રહ્યું છે.
આ પહેલા સેવા સહકારી મંડળીઓ હતી અને ઘણી વખતે તે સેવા સહકારી મંડળીઓનું કાર્યક્ષેત્ર સિમિત હતું અને તે વખતે ધિરાણની પ્રક્રિયામાં પૈસા ન આવતા હોય તો વૈદ્યનાથ કમિટીનો જે રિપોર્ટ આવ્યો તે રિપોર્ટનો અમલ ગુજરાત સરકારે કર્યો અને ગુજરાત રાજય સહકારી મંડળી, અને પછી ૧૮ જિલ્લા સહકારી સંઘ અને એવી નાની નાની સેવા સહકારી મંડળીઓ ૭૭૭૮ જેટલી મંડળીઓને સધ્ધર કરવાનું કામ પણ વૈદ્યનાથ કમિટીના અમલ થકી આ સરકારે કર્યુ છે. નાગરિક સહકારી બેંકો જે ફડચામાં ગઈ હતી તેનું સેટલમેન્ટ કરવા માટે વન ટાઈમ સેટલમેન્ટ યોજના કરવામાં આવી અને તેને કારણે કેટલાયે થાપણદારો પોતે ૪ ટકા, ૬ ટકા વ્યાજમાં પોતે પૈસા ભરીને પોતે એ કરી શકે છે.

**શ્રી વાસણભાઈ ગો. આહીર (રાજય કક્ષાના સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી)** : માનનીય અધયક્ષશ્રી, આ રાજયના લાડીલા નાણા મંત્રીશ્રીએ ૧૭મી વખત રાજયનું બજેટ રજૂ કર્યુ છે તે અંગે મારા વિચારો વ્યકત કરવા માટે આ ગૃહ સમક્ષ હું ઉભો થયો છું. વિકાસના મુખ્ય સ્ત્રોત ૩ હોય છે. એમાંનો એક સ્ત્રોત કૃષિ, બીજો ઉદ્યોગ અને સેવા ક્ષેત્ર છે, આ ત્રણેટ ક્ષેત્રોને સરખું મહત્વ આપવામાં આવે છે. રાજયની કુલ આવક ગત વર્ષ કરતા ૧૬ ટકા વધારાની વાર્ષિક યોજનામાં ૨૪ ટકાનો વધારો કરવામાં આપણે સફળ થયા છીએ. અગાઉ ઘણી વખત આપણે સવારે ઉઠીને છાપાઓ વાંચીએ, કે શિક્ષણ ક્ષેત્રે જે ગુજરાતની સ્થિતિ હતી તે આપણે વાંચીએ તો કયાંક કેરાલાનું નામ આવે, કયાંક તાલીમનાડું કે આંધ્રપ્રદેશનું આવે તો કયાંક બિહાર યુ.પી.નું આવે કે પહેલા નંબરે તામીલનાડું છે તેવું આપણે અનેક વખતે છાપા અને માધ્યમોમાંથી જાણતા હતા. અને આ પહેલા સમગ્ર રાજયના શાસકીય લોકોને સતાવતી હતી, પરંતુ એમણે વર્ષો સુધી આ બાબતમાં કયોય પણ ગંભીરતા લીધી નહીં. આજે છેલ્લા દસ વર્ષથી આ રાજયના પ્રજા વત્સલ મુખ્ય મંત્રી આદરણીય નરેન્દ્રભાઈ મોદીએ શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ આપીને રાજયના ૧૮૬૬૫ ગામડાંઓમાં શાળા પ્રવેશોત્સવ દરમિયાન આખુ ગામ ભેગું થાય અને ગરીબ માણસની દીકરીને કુમકુમ તીલક કરે અને શાળામાં તેને દાખલ કરવામાં આવે, અને એની જિંદગીભરનું આ એક દિવસ સંભારણું બની જાય, અને તેને કારણે સમગ્ર રાજયના લોકો આમાં જોડાયા, એ વખતે ૩૭ ટકા ડ્રોપ-આઉટ રેશીયો પ્રાઈમરી શિક્ષણમાં હતો તેને આપણે બે ટકા સુધી લઈ જવામાં સફળ થયા છીએ. મિત્રો, આ કોઈ નાની સિધ્ધી નથી. આજે માનનીય મુખ્ય મંત્રીશ્રીના આહવાનને માથે ચઢાવીને બે લાખ ઉત્સાહી યુવાનોએ રાજયમાં શિક્ષણ, આરોગ્ય અને પર્યાવરણ ક્ષેત્રમાં સમયદાન આપ્યું છે. આ સ્વર્ણીમ ગુજરાતની આપણે ૫૦મી વર્ષ ગાંઠ ઉજવી રહયા હોઈએ ત્યારે લાખો યુવાનો જયારે સમયદાન આપવાની વાત કરે અને એ આ વિકાસમાં વધારાનું મોરપીંછ ઉમેરે છે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. અતિ પછાત વિસ્તારના ગરીબ બાળકોને ગુણવત્તા સભર શિક્ષણ મળે તેના માટે દસ શૈક્ષણિક સ્કૂલ, ડે ટાઈમ સ્કૂલ માટે વિચારવામાં આવ્યું છે.
મિત્રો, ઘણા વરસો સુધી કચ્છને લાગેવળગે છે ત્યાં સુધી કચ્છના લોકોને ચૂંટણી આવે ત્યારે માત્ર એક વાત કરવામાં આવતી કે કચ્છને વિકાસ બોર્ડ આપીશું, કચ્છને નર્મદાના પાણી આપીશું, કચ્છને યુનિવર્સિટી આપીશું, વરસો સુધી કચ્છને આ ત્રણમાંથી કાંઈ મળ્યું નહિ. જ્યારથી માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ આ રાજયની શાસન ધુરા સંભાળી ત્યારથી માત્ર આપણે કલ્પના કરી શકતા હતા કચ્છના લોકો ક્યારેક કોઈ દિવસ નર્મદામૈયાના દર્શન કરશું. આજે મને આનંદ થાય છે કે સમગ્ર કચ્છમાં નર્મદામૈયા પ્રદક્ષિણા કરી રહી છે. આ આપણા સૌને માટે ગૌરવની બાબત છે. આખી મારૂતિ કારી ચાલી જાય એવડી મોટી ૮૦૦ કિલોમીટર લાંબી પાઈપ લાઈન દ્વારા કચ્છના ૯૦૦ ગામોને પીવાના પાણી ઉપલબ્ધ કરાવ્યા છે. આ નાની સૂની સિદ્ધિ નથી. કચ્છની યુનિવર્સિટી માટે વરસોથી માગણી હતી કચ્છમાં જે સંપત્તિ પડી છે, માઈન્સ અને અનેક મિનરલ્સનો ખજાનો પડ્યો છે એની આજ દિન સુધી કોઈએ ચિંતા નહોતી કરી. આ વરસે રાજયના નાણામંત્રીશ્રીએ કચ્છની પંડિત શ્યામજી કૃષ્ણ વર્મા યુનિવર્સિટીને કૅમિકલ્સ સાયન્સ એન્ડ ટૅક્નૉલૉજી સૅન્ટર શરૂ કરવા માટે આ બજૅટમાં ૨.૫ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. હું માનનીય નાણામંત્રીશ્રીનો હદયપૂર્વકનો ખૂબ ખૂબ આભાર માનું છું.

મિત્રો, માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ સ્વર્ણિમ જયંતિ નિમિત્તે વાચે ગુજરાતનું અભિયાન ચલાવ્યું અને સમગ્ર રાજયમાં એક દિવસે, એક મિનિટે સવારે નવ વાગ્યે ૫૦ લાખ લોકો એક સાથે વાચે આ ગુજરાતના ઇતિહાસમાં ખૂબ મોટી ઘટના છે. ૫૦ લાખ લોકો સવારે નવના ટકોરે, નાના વાંચે મોટા વાંચે બાળકો વાંચે, ઘરડા વાંચે આ નાની મોટી વાત નથી. ગામે ગામ ગ્રંથાલયો શરૂ કરવામાં આવ્યા છે.સ્વૈચ્છિક સંસ્થાઓએ આગળ આવીને આમાં ખૂબ રુચી લગાડીને આજે ૨૧મી સદીને ટી.વી. વિડિયોના આક્રમણથી બચાવવા માટે આ વાચે ગુજરાત આવનારી પેઢીને ચોક્કસપણે પોતાની સંસ્કૃતિનું જતન કરવા માટે પ્રેરણા આપશે.

મિત્રો, રાજય સરકારે પ્રવાસન ક્ષેત્રમાં આંતર માળખાકીય પ્રવાસનની પ્રાથમિક સુવિધાઓની ઉપલબ્ધી કરાવવાનો પ્રયાસ કર્યો અને વિકાસ પણ કર્યો છે. પ્રવાસન પ્રવૃત્તિના વિકાસ માટે પછી એ તરણેતરનો મેળો હોય, રણોત્સવ હોય, આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ હોય, વાયબ્રન્ટ નવરાત્રી મહોત્સવ હોય, વસંતોત્સવ હોય, ગ્રીસ્મોત્સવ હોય એવા અનેક ઉત્સવો દ્વારા વિશ્વના પ્રવાસીઓને આકર્ષા. માનનીય અધ્યક્ષશ્રી, પ્રવાસન ક્ષેત્રે સામાન્ય રીતે કચ્છની વાત કરુ તો કચ્છની અંદર અમે બન્ની સુધી જ્યારે જતા અમારી ગાય, ભેંસો જ્યારે વરસાદની ઋતુ હોય

ત્યારે ચરવા મોકલતા. પરંતુ અમે ખાવડા કે ભીંડીયાથી આગળ જતા નહોતા. આ માનનીય લાડીલા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ કચ્છના લોકોને નહિ સમગ્ર વિશ્વના લોકોને કચ્છનું વાઈટ ડ્રેઝટ શું છે ત્યાં તમે રાત્રે કે સવારે વહેલા પાંચ વાગ્યે ઊઠીને જાવ તો ત્યાં તમને સ્વર્ગની અનુભૂતિ થાય, માનનીય અર્જુનભાઈ, ક્યારેક પધારો. યુ આર ધ મોસ્ટ વેલકમ માય પર્સનલી ઈન્વીસ્ટેશન. એ તો મારા મિત્ર છે. આહીર અને બાપુને પહેલેથી સબંધ છે. કાં બાપુ ? આ ઉત્સવમાં મિત્રો દર વરસે આપણે રણોત્સવ મનાવતા અને ત્રણ દિવસનો કાર્યક્રમ રહેતો. આ વરસે સમગ્ર દેશ અને વિશ્વાસના લોકોને ધ્યાનમાં રાખીને રાજયના પ્રવાસન ઉદ્યોગને વેગ આપવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ૩૦ દિવસ સુધી આ રણોત્સવનો કાર્યક્રમ મનાવ્યો. આ ૩૦ દિવસ પછી આજે પણ રોજના ૫૦૦ થી ૮૦૦ લોકો વાઈટ ડ્રેઝટ મનાવવા જાય છે. આને લીધે ત્યાંના સ્થાનિક લોકોને ખૂબ મોટી રોજગારી અપાવવામાં સફળ થયા છીએ. આ બંન્ની જેવા વિસ્તારમાં જ્યાં વરસો સુધી દુષ્કાળ સિવાય કાંઈ જોયું નથી, ત્યાં દુષ્કાળ પડે એટલે માટીના ખામણા સિવાય બીજુ કંઈ જોયું નહોતું ત્યાં છેલ્લા ત્રણ વર્ષથી આપણે પશુ મેળા કરીએ છીએ.

અને તેમાં આ દેશના ૧૮ રાજયોના માલધારીઓ ત્યાં આવે. આજે હમણાં જ ભાઈશ્રી માનનીય અર્જુનભાઈ ચર્ચા કરતા હતા. નેનો કાર બધાને યાદ આવે. માણસ જ્યારે પોતાના કામ ધંધામાં બરાબર સેટ થઈ જાય એટલે તેની અપેક્ષા હોય કે મારા પરિવારને લઈને હું કોઈક દિવસ મારી નેનો કારમાં જાઉં. કારણ કે લાખ રૂપિયા કિંમત છે. નેનો કારની એક લાખ રૂપિયાની કિંમત છે. મિત્રો, આજે કચ્છની બન્નીની ભેંસની કિંમત અઢી લાખ રૂપિયા છે. આ દેશની દસ ઓલાદોને માન્યતા મળી તેમાં ૧૧મી બન્નીની ભેંસને રાષ્ટ્રીય માન્યતા મળવાને કારણે આજે સમગ્ર દેશમાં બન્નીની ભેંસનું નામ ઉજાગર થયું છે. આના કારણે ખૂબ મોટા પ્રમાણમાં કચ્છના માલધારીઓને પોતાના ધંધા-રોજગારમાં જબરજસ્ત વૃદ્ધિ થઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે કલાઈમેટ ચેઈન્જની બાબતમાં સમગ્ર વિશ્વ ચિંતા કરી રહ્યું છે ત્યારે આ દેશના પર્યાવરણના ભોગે વિકાસની પ્રક્રિયા ન કરીએ પણ તેના માટે દેશમાં સૌ પ્રથમ અલગ કલાઈમેટ ચેઈન્જ વિભાગની લાડીલા મુખ્યમંત્રીશ્રીએ રચના કરી છે. આજે " કન્વીનીયન્ટ એકશન ગુજરાત રીસ્પોન્સ ટુ ચેલેન્જ ઑફ ધ કલાઈમેટ ચેઈન્જ" નામના પુસ્તકનું માનનીય મુખ્યમંત્રીશ્રીએ હમણાં જ વિમોચન કર્યું. સમગ્ર વિશ્વમાં અગર જો બીજાં નંબરમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ પગલાં લીધા અને કલાઈમેટ ચેઈન્જ માટેનું પુસ્તક લખ્યું. પ્રથમ અમૅરિકાના અલ ગોરે લખ્યું હતું અને તેના પછી બીજાં રાજનીતિજ્ઞ મુખ્યમંત્રી આદરણીય નરેન્દ્રભાઈએ લખીને સમગ્ર વિશ્વને એક નવી દિશા આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, કચ્છને અને સમગ્ર રાજયને લાગે વળગે છે ત્યાં સુધી નર્મદાની વાત કરી. નર્મદામાં આ વર્ષે જળ સંપત્તિ વિભાગ દ્વારા કુલ ૯૦૦ કરોડ રૂપિયા જળ સંચય માટેના ચેકડેમો માટે જોગવાઈ કરવામાં આવી છે. આથી નાના ચેકડેમો, તળાવો ઉંડા કરવા ૪૪૪ કરોડની નવી જોગવાઈ કરી છે જેના કારણે વર્ષોથી જે ૫૭ તાલુકા આ રાજયના જે અતિ પછાત, જે ડાર્કઝોનમાં આવતા હતા એ લોકો, એ જે તાલુકાના જમીનના જે કૂવાઓ છે એ કૂવાઓમાં આજે તળ ખૂબ ઉંચા આવવા માંડ્યા છે. ત્યારે કચ્છમાં એક ગામ છે. ભાઈશ્રી રમેશભાઈના વિસ્તારમાં, મુંદ્રા તાલુકાનું. અગાઉ પાંચ ગાડી કપાસની થતી હતી. છેલ્લા પાંચ વર્ષથી ચેકડેમ બનવાને કારણે આજે ૧૫૦ ગાડી કપાસની નાના એવા ગામમાં થાય છે. સણોસરા ગામમાં. આ પરિસ્થિતિ આજે સમગ્ર રાજયમાં દરેક બાબતમાં વિકાસના કામોમાં આપણે જોઈ શકીએ છીએ. આ ક્ષેત્રે સમગ્ર દેશ માટે નમૂનારૂપ કામગીરી કરી છે. આદિવાસી ક્ષેત્રોમાં કૃષિના વિકાસ માટે રૂા. ૩૭૧ કરોડ રૂપિયાની માનનીય નાણામંત્રીશ્રીએ ફાળવણી કરી છે. આજે કૃષિની વાત કરીએ, કૃષિમાં ખૂબ મોટી જોગવાઈ કરીને આ રાજયના કિસાનો માટેનું એક આગવું પગલું આ રાજય સરકારે ભર્યું છે. જોગવાઈ ૨૦૪૫ કરોડ રૂપિયાની કરવામાં આવી છે. એક દિવસ ૯૦૦૦ કરોડ રૂપિયાની ગુજરાતના તાતની આવક હતી. આજે કૃષિમાં વધારો થવાને કારણે ડ્રીપ ઈરીગેશન, કૃષિ મહોત્સવમાં ખેતરે જઈને રાજયના કૃષિ વૈજ્ઞાનિકો માર્ગદર્શન આપે તેના કારણે ખૂબ મોટો કૃષિ પેદાશમાં વધારો કરવામાં રાજય સરકાર સફળ થઈ છે તેમ કહું તો ખોટું નથી. ૪૯ હજાર કરોડ રૂપિયા સુધી આ ગુજરાતના કિસાનોની આવકમાં વધારો કરવામાં આપણે સફળ થયા છીએ. નહીં તો પહેલાં કચ્છ એટલે એમ.ઓ. ઉપર નભતું કચ્છ કહેવાતું. માત્ર કોઈક મુંબઈમાં વસનારા અમારા કચ્છના લોકો હોય ત્યારે કચ્છમાં રહેતા માણસો ક્યારેક એમ કહે કે અમારે ગાયો માટે ચારાની ગામને જરૂર છે. પક્ષીઓને ચણ નાખવાની જરૂર છે એટલે અમે કાગળ લખીએ. એમ.ઓ.થી ત્યાંના શેઠિયાઓ પૈસા મોકલે.

આજે કચ્છની કેરી, કચ્છની દાડમ, કચ્છની દ્રાક્ષ, કચ્છની ખારેક, એ ગલ્ફના દેશોમાં આજે એકસપોર્ટ થાય છે. મિત્રો, આ નાની સુની વાત નથી, નાનીસૂની ઘટના નથી. કચ્છના વિકાસ માટે મારે પ્રતિપક્ષના સૌ સાથીઓને આમંત્રણ આપુ છું કે એક દિવસ બસ કરીને તમે કચ્છમાં પધારો, એ વ્યવસ્થા અમે બતાવશું. હમણા આ એકવીસમી સદીના મહાનાયક અમિતાભજી કચ્છની મુલાકાતે આવ્યા હતા અને એમણે વ્હાઈટ ડેઝર્ટની મુલાકાત લીધી, આઈના મહેલ ભુજની મુલાકાત લીધી, જુદા જુદા કચ્છના પર્યાવરણ ક્ષેત્ર કેવા છે એની મુલાકાત લીધી અને એ વખતે સી.કે. રાઉલજી એવું બોલ્યા કે "કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા ". ઔર યે હકીકત હૈ, સી.કે.જી. યે હકીકત હૈ ," જો આજ કચ્છ જીસને નહીં દેખા ઉસને કુછ નહીં દેખા, આપ આઈયે કભી કચ્છમેં,

હમ આપકો દિખાએંગે કે. કચ્છ કયા કૈ, કચ્છ કે લોગ કયા હૈ, કચ્છ કી ખમીરતા કયા હૈ, કચ્છકી ખુમારી કયા હૈ. "

માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ અને રોજગારની વાત કરું, (અંતરાય) બાબુભાઈને ખબર હોયને આજે હાજર ના રહેવાય.. અંતરાય .. શ્રમ અને રોજગાર બાબતમાં માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રીને હું અભિનંદન આપુ કે છેલ્લા સાત વર્ષથી નંબર-વનનો બેરોજગારો યુવાનોને રોજગારી આપવામાં આ ગુજરાત રાજયને દર વર્ષે એવોર્ડ મળે છે. અને એ એવોર્ડ આપણે અહીંથી પ્રાપ્ત કરવામાં સફળ થયા છીએ. માનનીય નાણામંત્રીશ્રી અને શ્રમ રોજગાર મંત્રીશ્રીને હું ખૂબ ખૂબ અભિનંદન આપુ છું. આજે રાજયની અંદર કૌશલ્ય ધરાવતી માનવ શકિતની જરૂરિયાતોને પહોંચી વળવા માટે ૧૫૦ કૌશલ્યવર્ધન કેન્દ્રોની સ્થાપના કરવામાં આવી રહી છે. આ વખતે માનનીય મુખ્યમંત્રીશ્રીએ સમગ્ર રાજયના ૨૨૫ તાલુકાઓમાં વાઈબ્રંટ તાલુકો બનાવવાની આ વર્ષની યોજના બનાવી છે, અને વાઈબ્રંટ તાલુકો બનાવવાને કારણે આ તાલુકાઓની અંદર અંદરની હરીફાઈ થશે, કે મારો તાલુકો વધુ સારું કઈ રીતે કામ કરી શકે, ત્યાંના પ્રમુખની સામે ત્યાંના ટી.ડી.ઓ., ત્યાંના મામલતદાર ત્યાંના શિક્ષણ અધિકારીઓમાં એકબીજામાં હરીફાઈ થશે અને એમ લાગશે કે નહીં મારા તાલુકામાં વધુમાં વધુ વિકાસના કામો હું કઈ રીતે કરી શકું એના માટે માળખાકીય સુવિધા ઉભી કરવા માટે રાજય સરકારે અને માનનીય નાણામંત્રીશ્રીએ ૨૭૦૦ કરોડ રૂપિયાની આગામી ૪ વર્ષની નાણાની જોગવાઈ કરી છે. રાજય સરકારની પ્રજાની જે સમસ્યાઓનો નિકાલ થાય એના માટે પ્રજાના વિકાસમાં ભાગીદારી , સત્તાનું વિકેન્દ્રીકરણ, તાલુકાઓ વચ્ચે વિકાસ માટેની તંદુરસ્ત હરીફાઈ, આ એની પાછળના હેતુઓ રહેલા છે. આપણો તાલુકો વાઈબ્રંટ તાલુકો જ્યારે બનાવવાની વાત આવી છે ત્યારે માનનીય મહેસૂલ મંત્રીશ્રીને હું ખૂબ ખૂબ અભિનંદન આપીશ કે આ વર્ષે ૫૫ મહેસૂલી પ્રાંતો ઊભું કરવાનું રાજય સરકારે નક્કી કર્યુ છે અને નવા ૫૫ પ્રાંત અધિકારીઓ મૂકવાને કારણે, પ્રાંતો ઊભા કરવાને કારણે જે લોકોને એક જગ્યાએથી બીજી જગ્યાએ જવામાં તકલીફ પડતી હતી એ લોકોને સ્થાનિક પોતાના રોજબરોજના કાર્યોમાં સુગમતા રહેશે. તાલુકા કક્ષાએ સુવિધાઓથી સજજ જનસેવા કેન્દ્રોને ઉત્તમ સુવિધાથી સજજ કરવા રૂા. ૧૮૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જમીન મહેસુલના વહીવટને વધુ સારો બનાવવાનું આયોજન જમીન મહેસુલ વહીવટનું આધુનીકરણ, મહિલાઓ માટે સ્ટૅમ્પ નોંધણી ફીમાં ખાસ માફી, ગણોત કાયદા અને બીનખેતી પરવાનગીના કાયદાઓનું સરલીકરણ, પ્રક્રિયાઓ અને પદ્ધતિનું સરલીકરણ, ટૅક્નૉલૉજીનો ઉપયોગ, અને વિકાસની પ્રક્રિયાને વેગ આપવો, પારદર્શક અને મૈત્રીપૂર્ણ વહીવટ, બદલાતી જરૂરિયાતો મુજબ નીતિ ઘડતર અને જવાબદાર તંત્રનું ગઠન કરવાનું આગામી દિવસોમાં આયોજન છે. માર્ગ અને મકાન વિભાગના મુરબ્બી બહેનશ્રી આનંદી બહેનને હું ખૂબ ખૂબ અભિનંદન આપુ છું. વર્ષોથી જે રસ્તાઓ નહોતા થતા એ રસ્તાઓ આજે સમગ્ર રાજયની અંદર તમે જોઈ શકો છો, હમણાં વચ્ચે એક દિવસ હું બીજા રાજયમાં ગયો,

અને ત્યાંથી મારી સાથે બીજા રાજ્યના મારા મિત્રો સાથે હતા ત્યારે અમે ગુજરાતમાંથી બહાર નીકળ્યા ત્યારે એમણે એમ કહ્યું કે, "ભાઈ સાહબ, યે રાસ્તા ક્યું ખરાબ હૈ?" તો મેં કહ્યું કે, " ગુજરાત ખતમ હો ગયા, રાજસ્થાન શુરૂ હો ગયા". આ એક છાપ છે અને જે રસ્તાઓને આનુષંગિક સુવિધાઓ જોઈએ એ આપવા માટે રાજ્યના માર્ગ અને મકાન મંત્રીશ્રીએ અંદાજપત્રમાં ૩૩૪૧ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. પૂર્વ પ્રધાનમંત્રી અને આપણા સૌના આદરણીય લાડીલા માનનીય અટલજીએ આ માર્ગોને હથેળીની રેખા તરીકે વર્ણવ્યા હતા. હાથની રેખા માણસના ભવિષ્યની દિશા નક્કી કરે છે. એ જ રીતે રાજ્યનો ઔદ્યોગિક, કૃષિ અને સર્વાંગી વિકાસ રાજ્યના માર્ગોના માળખાની સ્થિતિ ઉપર અવલંબે છે અને એવી વિકાસની ગાથામાં આજે આપણે સૌ જોડાઈ રહ્યા છીએ. મિશન મંગલમમાં ગ્રામ વિકાસ માટેની વાત કરી છે. વંચિતોને સામર્થ્યવાન બનાવવાના અભિગમ સાથે મિશન મંગલમ માટે રૂપિયા ૭૨૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ગ્રામ વિકાસની વાત કરીએ તો પૂજ્ય મહાત્મા ગાંધીજીએ કહ્યું હતું કે આ ભારત દેશ ૮૫ ટકા ગામડામાં વસનારો દેશ છે. ગામડાં સમૃદ્ધ હશે તો દેશ સમૃદ્ધ થશે. પરંતુ વર્ષોના વાણા વાઈ ગયા પરંતુ ગામડાં દિન-પ્રતિદિન તૂટતા ગયાં. ગામડાની શું છાપ હતી? ગામડું એટલે ત્યાં રસ્તા નહીં, પીવાનું પાણી નહીં, વીજળી નહીં, આરોગ્યની સુવિધા નહીં, શિક્ષણ નહીં અને રોજ સવારે ગામડામાંથી ઉચાળા ભરીને લોકો શહેરો તરફ દોટ માંડવા માંડ્યા. ગામડામાં રોજગારી નહીં. આજે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતના ૧૮૬૬૫ ગામડાઓ આજે ધમધમતા થયા છે. ૧૩૦૦૦ ઉપરાંતની ગ્રામ પંચાયતોને ઈ-કનેક્ટિવિટીથી જોડવાનો પ્રયાસ કર્યો છે. એના કારણે આજે ગામડામાં રહેનારો પશુપાલક પોતાની ગાય, ભેંસ કે બળદ બીમાર પડે તો ગામડામાં પંચાયત ઑફિસમાં જઈને બહારના વેટરનરી ઑફિસર સાથે ચર્ચા કરી માર્ગદર્શન લઈને તાત્કાલિક પોતાના પશુને ઊભું કરવામાં, ખૂબ સરળતાથી એની સારવાર કરી શકે છે. એટલું જ નહીં પણ ગામડામાં વસતા ખેડૂતો સવારે ઊઠીને ઈન્ટરનેટ ઉપર જોઈ શકે છે કે આજે કપાસ, એરંડા કે મગફળીના શું ભાવ છે? દુનિયા કર લો મૂઠ્ઠી મેં ની વિભાવના સાથે ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ પણ દુનિયા કર લો મૂઠ્ઠી મેં ના સંદેશ થકી ગુજરાતને એક નવી દિશા આપી છે. છેવાડાના માનવી માટે ૨૦ મુદ્દા અમલીકરણ અંગેના કાર્યક્રમો વર્ષોથી ચાલતા હતા. હું કોઈ પોલિટિકલ ઓબ્ઝર્વેશન કરવા માગતો નથી. પરંતુ મને આજે કહેતા ખૂબ આનંદ થાય છે કે ૨૦ મુદ્દા અમલીકરણ કાર્યક્રમમાં વર્ષ ૨૦૦૧-૦૨ થી લઈ

વર્ષ ૨૦૧૦-૧૧ વચ્ચે એક વર્ષ બાદ કરતાં ગુજરાતે સતત પ્રથમ સ્થાન જાળવી રાખ્યું છે. ગુજરાતના મસીહા, રાજ્યના પ્રજાવત્સલ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર દ્વારા આ યોજનાના અસરકારક અમલીકરણ માટે ગુજરાત નં.૧ બનેલ છે. સામાન્ય રીતે વર્ષો સુધી માણસની ચિકિત્સાનો ક્યાંક અભાવ હતો. પણ આ રાજ્ય એવું રાજ્ય છે કે માનનીય કૃષિ મંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ ૨૭૦૦ પશુ આરોગ્ય મેળાઓ કરવામાં આવ્યા. આજે વર્ષો સુધી વેટરનરી એક્સપર્ટસ જાણી શક્યા ન હતા એ પશુઓના ચક્ષુઓનું નિદાન થાય, પશુઓના આંખના મોતિયાનું ઓપરેશન થાય એની કોઈએ કલ્પના પણ કરી ન હતી. આપણા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના ધ્યાનમાં આ બાબત આવવાથી આજે અનેક આંધળા પશુઓના મોતિયાના ઓપરેશનો કરાવી એને નવી જિંદગી બક્ષવાનો આ રાજ્ય સરકારે અભિગમ અપનાવ્યો છે. મિત્રો, આપણે શ્વેત ક્રાંતિની વાત કરીએ તો આજે વાર્ષિક દૂધ ઉત્પાદનમાં આપણે ૨૪ લાખ મેટ્રિક ટન સુધી પહોંચવામાં સફળ થયા છીએ. પશુ મેળાઓમાં ૧૨ લાખથી વધુ પશુઓને ઘર બેઠા સારવાર આપી શક્યા છીએ. દૂધ ઉત્પાદકોની સહકારી મંડળીઓના દૂધનો સંગ્રહ થાય એ માટે ૪૦.૮૧ કરોડ રૂપિયાના કોલ્ડ સ્ટોરેજ માટેનું રાજ્ય સરકારે આયોજન કરેલ છે. આવા અનેકવિધ પગલાંઓને કારણે આજે નોંધપાત્ર પ્રગતિ થયેલ જોવા મળે છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગમાં આપ એ જોઈ શકો છો.
આપ જોઈ શકો છો કે ગામડાની અંદર દૂર અંતરિયાળ વિસ્તારમાં જ્યારે કોઈ માતા અને બહેનને પ્રસૂતાની પીડા ઊપડે ત્યારે એક તો પોતે આર્થિક રીતે પછાત અને ગરીબ હોય, અગર જો પ્રાઈવેટ ડૉક્ટર પાસે જાય તો એની પાસે પૈસા ના હોય. આ રાજ્ય સરકારના આરોગ્ય વિભાગે આ રાજ્યની આવી બહેનો માટે ખાસ સગવડ કરીને પ્રાઈવેટ ડૉક્ટર પાસે પણ જો સુવાવડ કરાવવા જાય તો એનો ખર્ચો પણ રાજ્ય સરકાર પોતે એને આપે. એટલું જ નહિ પણ ગામડેથી શહેરમાં જવા માટેનું ભાડુંય આપે. એટલું જ નહિ મોબાઈલ ઉપર વાત કરવી હોય તો એ મોબાઈલનું બિલ રાજ્ય સરકાર આપે. એના કારણે અનેક એવા બાળકો, અનેક એવી પ્રસૃતા માતાઓના જીવ બચાવવામાં આપણે સફળ થયા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગ વિભાગની વાત કરું. ઉદ્યોગ વિભાગે પણ જે વર્ષોમાં પ્રગતિ નહોતી થઈ એ ઉદ્યોગ વિભાગે આજે કરી છે. સમગ્ર વિશ્વ આર્થિક મંદીના માહોલમાં સબડતું હોય, અમેરિકા જેવા આધુનિક ટૅક્નૉલૉજી, મહાસત્તા જેને કહે એવા દેશની અંદર સાત સાત પોતાના પરિવારના લોકોને સામે ઊભા રાખીને ગોળીએ મારતાં હોય આવી બેકારી અને એની સામે આ ગુજરાત રાજ્યના લોકલાડીના મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી ૨૦૧૧ નું વાયબ્રન્ટ ગુજરાત સમિટનું આયોજન કરે અને એમાં ૨૧૦૦૦ કરોડના M.O.U. થાય મિત્રો આ શું બતાવે છે? વિકાસની હરણફાળ, પ્રગતિ આ રાજ્ય સરકારે પ્રાપ્ત કરી છે. આટલા બધા ઉદ્યોગો અહીંયા આવે છે એનું કારણ શું? સલામતી છે, સહકાર છે, હડતાળ વગર, એક પણ કલાક હડતાલ પડતી નથી મિત્રો આવા અનેક કારણો છે અને છેલ્લા ૧૦ વર્ષથી, એક દાયકાથી ગુજરાતના પ્રજાવત્સલ મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ જેવા સ્વપ્ન દ્રષ્ટા લોકલાડીલા મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનું સફળ ગતિશીલ નેતૃત્વ મળ્યું છે તેના કારણે આ સમગ્ર વિશ્વમાંથી આવનારા તમામ ઉદ્યોગો આજે અહીંયા પધારી રહ્યાં છે. માનનીય નાણામંત્રીશ્રી જે બજૅટ લઈને આવ્યાં છે તેને સમર્થન આપીને મારી વાત પૂરી કરીશ. જય જય ગરવી ગુજરાત, જય જય સ્વર્ણિમ ગુજરાત.

**શ્રી મોહનસિંહ છો. રાઠવા(જેતપુર-પાવી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા ૨૦૧૧-૧૨ માટેની વાર્ષિક વિકાસ યોજનાનું ૩૭૧૫૨ કરોડ ૬૮ લાખનું બજૅટ લઈને આવ્યાં છે તેના ઉપર મારાં વિચારો અને કેટલાક ધ્યાન દોરતાં સૂચનો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે ગાંધીનગરમાં મહાત્મા મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે અને કચ્છ, સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત સહિતના વિસ્તારોમાં પંપિંગ સ્ટેશનો, શાખા નહેરો અને ટપક ફુવારા માટે ૭૦૧૦ કરોડની જોગવાઈ કરી છે તે માટે મારે એટલું જ કહેવાનું છે કે સ્વ. બાબુભાઈ જશભાઈ પટેલ એ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે ગુજરાતનું પાટનગર તો અમદાવાદ હતું પણ તે પછી બાબુભાઈ જશભાઈ પટેલે ગુજરાતનું પાટનગર બનાવવા માટે આ અત્યારનું જે પાટનગર છે એ પાટનગરને એક ગાંધીનગરનું નામ આપીને આ પાટનગર બનાવ્યું. એ તો ૧૯૬૦માં ગુજરાતની સ્થાપના થઈ તે પછી જ્યારે ગુજરાતનું પાટનગર બન્યું ત્યારે પણ બાબુભાઈ જશભાઈ પટેલને યાદ હતું કે મારે ગાંધીનગર એટલા માટે બનાવું કે જે ગાંધી બાપુએ સમગ્ર દેશમાં નહિ, સમગ્ર દુનિયામાં જેનું નામ રોશન કર્યુ એટલા માટે ગાંધીનગર તે વખતે જ બનાવી દીધું હતું પણ કોઈ બાબુભાઈ જશભાઈ પટેલે સમગ્ર ગુજરાતના સરપંચશ્રીઓને દરેક ગામની જમીન અને દરેક ગામનું પાણી આ ગાંધીનગરનું નામ આપવા માટે બાબુભાઈ જશભાઈએ મંગાવ્યું નથી.
છતાં પણ ગુજરાતનું પાટનગર બનાવીને ગાંધીનગરને ગુજરાતનું પાટનગર બનાવીને સમગ્ર ગુજરાત અને સમગ્ર હિન્દુસ્તાન અને દુનિયામાં આનું નામ ગાજતું કર્યુ છે એનો મને આનંદ છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ કહેવાનું છે કે, સુજલામ સુફલામ આ સુજલામ સુફલામ યોજના માટે ૪,૯૦૪ ગામડાઓ માટે અને ૭૪ નાના મોટા શહેરો માટે પાણી પૂરું પાડવાની યોજના આ ૩૨ પાણી પુરવઠાની યોજનાઓ જે તે વખતે સરકારે કરેલી અને તે વખતે ૪૫૮ કરોડ અને ૫૦ લાખના ખર્ચે પૂરું કરવાનું આયોજન હતું પણ માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનામાં અત્યાર સુધીમાં છ જ યોજનાઓ પૂરી થઈ ૩૨માંથી અને ૨,૫૨૪ ગામો, એમાં તો ૪,૯૦૪ ગામડાઓને પાણી પૂરું પાડવાની યોજના હતી પણ ૨,૫૨૪ ગામોને અને ૧૯ નાના મોટા શહેરોને આવી લીધા

છે એટલે ૨,૩૮૦ ગામડાઓને આજ સુધી પાણી પૂરું પાડવામાં આવ્યું નથી તેમ છતાં આનો ખર્ચ ૯૧૧/- કરોડ રૂપિયાનો આ ખર્ચ કર્યો છે એટલે કરોડો રૂપિયાની આ યોજનામાં પણ જબરજસ્ત મોટો ભ્રષ્ટાચાર થયો છે પરંતુ આની તપાસ કોઈ કરવા માગતા નથી. માનનીય અધ્યક્ષશ્રી, વાયબ્રન્ટ તાલુકો એના માટે આગામી ચાર વર્ષમાં ૧૧ હજાર કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. હવે ૧૧ હજાર કરોડની જોગવાઈ કરી છે ત્યારે દર વર્ષે લગભગ ૨,૭૫૦/- કરોડ રૂપિયા વાપરવાના રહેશે એટલે ગુજરાતના ૨૨૫ તાલુકાઓમાં દરેક તાલુકા દીઠ લગભગ ૧૨ કરોડ અને ૨૨ લાખ રૂપિયાની રકમ દરેક તાલુકા દીઠ મળશે પણ અત્યારે પરિસ્થિતિ એવી છે કે, ગુજરાતના અણવિકસિત લગભગ ૪૧ જેટલા તાલુકાઓ અણવિકસિત તાલુકાઓ છે એમાં ૨ કરોડની ગ્રાન્ટ મળશે પણ ૨ કરોડની ગ્રાન્ટ કોઈ ધારાસભ્યોના કૌલગી સમિતિના જી.આર. હોવા છતાં કોઈ ધારાસભ્યને વિકાસના કામો માટે કોઈ પૂછવામાં આવતું નથી અને જિલ્લાના કલેક્ટર અને જિલ્લાના અધિકારીઓ દ્વારા જ બારોબાર આ ગ્રાન્ટો જે તે વહાલા દવલા લોકોને જ આ ગ્રાન્ટો ફાળવવામાં આવે છે અને ધારાસભ્યોને પૂછવામાં આવતું નથી એટલે આ જે રકમ ૧૨ કરોડ ૨૨ લાખ રૂપિયા આપવાના વાયબ્રન્ટ જે તાલુકાઓ બનવાના છે એમાં પણ તાલુકા પંચાયતના પ્રમુખશ્રી, તાલુકા પંચાયતના સભ્યો અને જિલ્લા પંચાયતના ચૂંટાયેલા સભ્યો અને જે તે ધારાસભ્યોના સુચનોએ જ આ કામ થાય એવી પણ હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિકેન્દ્રીત જળ આયોજન માટે ૫૪૯/- કરોડ એ ન્યૂનતમ જરૂરિયાતના ખૂટતા કામો માટેની સુવિધા માટે આ રકમ જે માનનીય નાણા મંત્રીશ્રીએ નવી જે મૂકી છે એમાં પણ મારી વિનંતી છે કે, દરેક તાલુકાની વસ્તીના ધોરણે આ રકમ આનો હિસ્સો મળે અને જે કામો અત્યાર સુધી નથી થયા તેવા કામો કરવા માટે પણ હું માનનીય નાણા મંત્રીશ્રીને વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ અને સહકાર વિભાગ હેઠળ ૨,૦૪૫/- કરોડની જોગવાઈ કરવામાં આવી છે પણ ખેતીના વિકાસ માટે તમામ ગ્રાન્ટો જે તે તાલુકાઓમાં એન.જી.ઓ.ને ફાળવવામાં આવે છે. હવે એન.જી.ઓ. દરેક જિલ્લાદીઠ ૨૦ થી ૨૫ કોઈક જિલ્લામાં ૧૪, કોઈક જિલ્લામાં ૧૧ એમાં જે એન.જી.ઓ.ને આ રકમ ફાળવવામાં આવે છે, એન.જી.ઓ. હલકા પ્રકારનું બિયારણ જે તે ખાતર જે ખેડૂતોને આપવાનું છે એ ખાતર પણ સમયસર મળતું નથી. આ હલકા પ્રકારનું બિયારણ અમુક લોકોને આપીને જ આ જે સમયસર નીતિમત્તાના ધોરણો એ જાળવતા નથી અને આ કરોડો રૂપિયાની રકમ એન.જી.ઓ.ને આપીને એ રકમનો દુરુપયોગ થાય છે એની તપાસ કરવાની પણ હું વિનંતી કરું છું.

એની તપાસ કરવા પણ મારી વિનંતી છે. ૨૦૧૧-૧૨નું જે આયોજન રાજય પ્લાન યોજનાઓમાં ૩૨૪૬૭લાખ રૂપિયા અને કેન્દ્રીય કૃત જોગવાઈ ૪૪કરોડ અને ૬૪લાખ કુલ જોગવાઈ ૩૬૯૨૧લાખ રૂપિયા છે. એમાં ૬૬૦૦ ખેતતલાવડીઓ બનાવાવાની, ૧૯૨૫ સીમ તલાવડી બનાવવાની, ૬૬૦ તળાવો ઉંડા કરવાના, ૧૦૫૩૩ જળ સંગ્રાહક સ્ટ્રકચરો બનાવવાના, ૧૮૫૦૦૦ હેકટર જમીનની સુધારણા, બાગાયત વિકાસ, સિંચાઈ સવલતો, ઓઈલ એન્જીન, વનીકરણ આવી બધી જોગવાઈઓ આ રકમમાં કરવામાં આવી છે. મારી તો માનનીય મંત્રીશ્રીને એટલી જ વિનંતી છે કે ખેતતલાવડીઓ, સીમ તલાવડીઓ, તળાવ ઊંડા કરવા, જળ સંગ્રાહક સ્ટ્રકચરો બનાવાવા, બાગાયતનો વિકાસ એ જે ખરેખર લાભાર્થીઓ, ગામડાંના ગરીબ લોકો છે એવા ગરીબ લોકોને આ યોજનાઓનો લાભ મળવો જોઈએ પણ ખેતતલાવડી કેટલીક જગ્યાએ નામની જ બને છે અને એ ખેતતલાવડીના લાખો રૂપિયા જે કોઈ લાભ મળતો નથી. વહાલા દવલા જે કોન્ટ્રાકટરો બની જાય છે એ લોકોને આનાથી જબરજસ્ત મોટો ફાયદો થાય છે. તળાવો ઉંડા કરવા માટે પહેલા તો એવી જોગવાઈ હતી જુન મહિનામાં જ ટેન્ડર બહાર પડે, જુન મહિનામાં જ એજન્સી ફીકસ થાય અને વરસાદ પડી જાય એટલે કામો થાય નહીં. છતાંપણ કેટલાક લાગતાવળગતા અધિકારીઓ સાથે આના બીલ બનીને કરોડો રૂપિયા ચવાઈ જતા હતા અને મેં તો એમ કહયું કે ૩૫૪૫૬૬ હેકટર જમીન આ બે જ વર્ષમાં જમીન લેવલીંગ કરવામાં આવ્યું જમીન વિકાસ નિગમ મારફતે. ગુજરાતની જે આખી જમીન છે લગભગ ૧૨ જિલ્લા, ૪૩ તાલુકા અને ૫૮૮૪ જેટલા ટ્રાયબલ વિસ્તારના ગામોના ખેડૂતોની જમીનનું લેવલીંગ કરવા માટે અહીંના ગુજરાતના માણસો નહીં પણ રાજસ્થાન કે મધ્યપ્રદેશના લોકોને ટ્રેકટરો લઈને બોલાવવાના અને એ લોકો જ આ જમીનો લેવલીંગ કરે. બેત્રણ ખેડૂતોની જમીન લેવલીંગ થઈ જાય અને બધું જ પછી નકકી કરી નાખે કે અમે આ તાલુકામાં આટલા સરવે નંબરો અને આટલા હેકટરમાં જમીનનું લેવલીંગ કર્યું છે એમ કરોડો રૂપિયા આ જમીન વિકાસ નિગમમાં કરોડો રૂપિયાની ખાયકી થાય છે અને કેટલાક નાના નાના વર્ગ-૩ના કર્મચારીઓ પણ બસો, ત્રણસો પાંચસો એકર જમીનના માલિકો અને તે લોકોના બંગલા, તે લોકોના ફાર્મ હાઉસ, હજારો, કરોડ રૂપિયાની ગેરરીતિ આ જમીન વિકાસ નિગમમાં ચાલે છે. ૩૫૪૫૬૬

હેકટર બે વર્ષમાં જમીન સમતળ થઈ અને જમીન લીકવીજેશન થઈ. અત્યાર સુધીના વર્ષમાં ગુજરાત આખું સમૃદ્ધ બની જાય એવા કરોડો રૂપિયા આમાં ગેરરીતિથી વપરાયા છે એમાં પણ તપાસ કરવા મારી માનનીય મંત્રીશ્રીને નમ્ર રીતે વિનંતી છે. શિક્ષણની જોગવાઈ હેઠળ ૨૫૫૩ કરોડ અને ભારત સરકારની સર્વ શિક્ષા અભિયાન હેઠળ ૬૫ ટકા જે ભારત સરકારની ગ્રાન્ટ મળે છે પણ ટ્રાયબલ વિસ્તારની અંદર સર્વ શિક્ષા અભિયાન હેઠળ જે કામો કરવામાં આવે છે તેમાં જબરજસ્ત મોટી ગેરરીતિ થાય છે. છોટાઉદેપુર તાલુકાના દાખલા સાથે મેં રજૂઆત કરેલી કે જે પ્રાથમિક શાળાના શિક્ષકોએ જે બારોબાર બે લાખ એંસી હજાર રૂપિયા, છ લાખ રૂપિયા એવી રકમો ગેરરીતિઓથી ઉપાડી લીધી એવા શિક્ષકોની સામે પગલાં લો પણ શિક્ષણ વિભાગે આવા શિક્ષકોની સામે કોઈ પગલાં ન લીધા. એમ તો ગ્રામ્ય બાંધકામ સમિતિ છે. જે તે પ્રાથમિક શાળાનું મકાન બાંધવાનું હોય, સંરક્ષણ દિવાલ બનાવવાની હોય, લાઈટ ફીટીંગ કરવાનું હોય પણ ગ્રામ્ય બાંધકામ સમિતિને જાણ કરવામાં આવતી નથી. શિક્ષકો બારોબાર આ બાંધકામો કરીને લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર કરે છે. હરિજન બાળકોને શિષ્યવૃત્તિ, ઘઉં આપવાના આવા કોઈપણ હરિજન બાળકોને આ મળતું નથી.

બોગસ સર્ટીફિકેટથી ૩૩ જેટલા શિક્ષકો વડોદરા જિલ્લા પંચાયતમાં દાખલ થયા અને આ બોગસ સર્ટીફિકેટો મેળવીને જે શિક્ષકો નોકરી કરે છે, તેમની સામે મેં લેખિત ફરિયાદ કરી અને એમને બદલવા માટેના ઑર્ડર કર્યા, પણ પ્રાથમિક શિક્ષક સંઘ ભેગું થઈને પૈસા આપીને આમાં કશું કરી શક્યા નથી. આદિવાસીઓને જંગલ ખાતાની જમીન આપવા માટે ભારત સરકારને ૨૦૦૬-૦૭ ના ખરડા પ્રમાણે ગુજરાતના લગભગ ૧,૮૨,૫૬૮ જેટલા ખેડૂતોએ આખા ગુજરાતમાંથી અરજી કરી છે અને આ અરજી ગ્રામ સભા દ્વારા પેટા વિભાગીય સમિતિને ૧,૫૭,૧૦૩ જેટલી અરજીઓ મોકલવામાં આવી છે. છતાં પણ ભારતના ૭ રાજ્યોમાં એ જંગલની જમીન બધાને મળી ગઈ, પણ ગુજરાતમાં અત્યાર સુધી ૭ ટકા જેટલા ખેડૂતોને જંગલની જમીન મળી છે. મારી માનનીય વન મંત્રીશ્રીને નમ્ર વિનંતી છે કે હજારો, લાખો ખેડૂતોએ જંગલની જમીન વર્ષોથી ખેડે છે, છતા પણ ઠરાવ કર્યો છે અને ૭૦ વર્ષની ઉંમરના લોકો પણ એમ કહે છે કે આ માણસ જંગલની જમીન ખેડે છે, તો તેવા ખેડૂતોને કાયમી ધોરણે જમીન આપવી જોઈએ. ૫૦૦ જેટલા ખેડૂતોએ નરેગાના કૂવા મેળવવા માટે છેલ્લાં એક વર્ષથી માગણી કરી છે, પણ વડોદરા સિંચાઈ વિભાગની તાંત્રિક મંજૂરી ન મળવાના કારણે જે નાના, સીમાંત ખેડૂતોને નરેગાની ૫૦૦ જેટલા કૂવાની મંજૂરી મળતી નથી.

ખેલકુંભ માટે ૧૮ કરોડ ૯૩ લાખ, પતંગ મહોત્સવ માટે ૩ કરોડ ૨૭ લાખ, રણોત્સવ માટે ૮ કરોડ, વાઈબ્રન્ટ સમિટ માટે ૨૭ કરોડ તો કરોડો રૂપિયા ત્યાં ખર્ચાય છે તો આ લોકો માટે કંઈક કરો તેવી મારી વિનંતી છે.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ(રાજગઢ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સ્વર્ણિમ ગુજરાતમાં આ રાજયના મુખ્યમંત્રી પરમ આદરણીય નરેન્દ્ર મોદીજીના વડપણ હેઠળ ૧૭મી વાર બજેટ લઈને આવનાર પરમ આદરણીય વજુભાઈ વાળા સાહેબના બજેટમાં મારા ગૃહ વિભાગના વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સ્વર્ણિમ ગુજરાતમા શાંત ગુજરાત અને સલામત ગુજરાતના પ્રણેતા પરમ આદરણીય મુખ્યમંત્રીશ્રીએ આ રાજયની પૂર્વ પોલીસ ગૃહ વિભાગની વ્યવસ્થા. મને કહેતા દુ:ખ થાય કે અમે આ રાજયમાં છેક છેવાડાના આદિવાસી વિસ્તારમાંથી આવીએ છીએ, ત્યારે ભૂતકાળમાં પોલીસને આપવામાં આવતી વ્યવસ્થા ખાકરડાનો દંડો લઈ અને પોલીસને કહે કે જા તું ગુનેગાર પકડી લાવ અને એ પોલીસ એકલો. આખું ૪૨ ગામનું પોલીસ સ્ટેશન હોય. એક જમાનામાં એક જમાદાર અને પોલીસવાળો અને એ પણ હથિયાર વગરનો. નિરાધાર પોલીસને કહે કે તમે ગુનેગારોને ડામી દો. આવી વ્યવસ્થા કરનાર એ વખતના મારે ન કહેવું જોઈએ, પણ સિદ્ધાર્થભાઈ કહે છે તો હું કહું છું કે તમારી સરકાર હતી એ વખતની વાત કરું હાલની અમારી સરકારની સ્થિતિની વાત કરું. અમારી સરકારે દરેક પોલીસ સ્ટેશનમાં ફરજિયાતપણે જીપ, સ્કૂટર અને હથિયાર જેવો વિસ્તાર તેવી ભૌગોલિક દ્રષ્ટિએ હથિયારથી સજ્જ એ પોલીસને કામગીરીમાં જોતર્યા. રામસિંહભાઈ પછી જવાબ આપું. આ રાજયમાં ગુનેગારીના આંકડા ગુનાઓ તો વર્ષોથી થતાં આવે પોલીસની કામગીરીમાં કેટલા ટકાવારી કામગીરી કરે તેની કેટલીક માહિતી એમાં ૯૦-૯૫ ટકા કામગીરી આ રાજયની પોલીસે ગુનેગારોને પકડવા માટેની કામગીરી કરી છે. એ બદલ આ રાજયની પોલીસને હું ખૂબ ખૂબ ધન્યવાદ આપું છું. ગૃહ વિભાગની કામગીરી ભૂતકાળમાં ૧૫-૧૫ વર્ષના જૂના ગુનેગારો આરામ કરતા, નેતાઓના ઘરે ફરતા, ઊઠતા એ દિવસોનો અંત લાવી આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ ગૃહ વિભાગને આધુનિક વ્યવસ્થા આપીને આ રાજયની પોલીસને આધુનિક, વૈજ્ઞાનિક ઢબે સુવિધા આપીને આ ગુજરાતની ઓળખ ઉભી કરી છે. હમણાં અર્જુનભાઈ કહેતા હતા કે વ્યકિત પૂજા થાય છે. અર્જુનભાઈ વ્યકિત પૂજા ક્યારે થાય કે તમે એવા કોઈ કર્મ કરો કે સમાજની આંખ આગળ આવે અને વ્યકિત પૂજા ક્યારે થાય કે તમે પરમાર્થ કાર્યમાં તમારા મનને જોતરો, આ વ્યકિત પૂજા અમથી નથી

થતી. આપને મારે અર્જુનભાઈ એનાથી આગળ કહેવું છે કે આપની પાર્ટી કોના નામે વોટ માગે છે તે પૂછી લો? વ્યકિત પૂજાનો વિરોધ કરો છો તો હું તમને પૂછું કે તમે કેટલા સ્વર્ગસ્થ નેતાઓના નામે આને વોટ માગો છો? શું કામ કર્યા? આ રાજયના મુખ્યમંત્રીએ આખા દેશમાં જે ઈતર પ્રવૃત્તિઓ ચાલે તેનું કેન્દ્ર બનેલું ગુજરાત, ગુના યુ.પી. અને બિહારમાં કરી તેનો આશ્રય ગુજરાતમાં લેનારા લોકો, આ દેશમાં બોમ્બમારો કરી આતંકવાદી પ્રવૃત્તિને કેન્દ્ર ગુજરાતને બનાવેલ તેમાં આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ પૂરા દેશને શીખ આપી અને આ આતંકવાદી પ્રવૃત્તિઓના નાશ કરવાનો પહેલો ઈતિહાસ આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ ઊભો કર્યો છે. તેનાથી આગળ કહું કે આ રાજયની પોલીસને લાખો લાખો અભિનંદન કે તેણે આ રાજયની ધરતીને ધમરોળવાનો પ્રયત્ન કરેલા ગુનેગારોને યુ.પી., બિહાર જેવા રાજયોમાં જઈને કાન પકડીને અહીંયાં જેલભેગા કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળમાં ગુજરાતની પોલીસને ભજીયા આપી ચટણી બરોબરનો ભાવ કરનારા લોકોને મારે કહેવું છે. ભૂતકાળમાં ગુજરાતની પોલીસની કોઈ કિંમત ન હતી. આજે પૂરા દેશના તમામ પ્રાંતોમાં ગુજરાતની પોલીસને માન મળવાનું કારણ તેની વફાદારી, તેનો જવાબ પછી આપું. ગુજરાતની પોલીસની કામગીરીની નિંદા કરી અને આપણે એમ કહીએ કે અમારું સલામત ગુજરાત ક્યારે બન્યું? અનેક રાજયોમાં દેશદ્રોહી પ્રવૃત્તિમાં હમણાં જ પેપરમાં, છાપામાં આવતું શકિતસિંહબાપુ, કલેકટર જેવા કલેકટરને બાનમાં લઈ આખા રાજયની સરકારને બાનમાં લીધી અને કહ્યું કે આટલી આટલી શરતો મંજૂર કરો અને પછી અમે છોડીશું. * (xxxx)તેણે કહેવું પડયું કે આપણે શરત મંજૂર કરી દો. આજે ગુજરાતમાં આજે કોઈ આવું નથી એટલે આ દેશમાં નરેન્દ્ર મોદીજીની સરકાર..

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. માનનીય અધ્યક્ષશ્રી, ગઈકાલે આપે કહ્યું અને આપે કેટલીક મર્યાદાઓ બાંધેલી છે. (xxxx) આવી વાતો આવે તે બરાબર નહીં માટે એમના શબ્દો દૂર થાય અને કેન્દ્રની સરકાર

**અધ્યક્ષશ્રી** : કેન્દ્રની સરકાર વિશે બોલેલા શબ્દો આપ પાછા ખેંચી લો નહીંતર દૂર કરું છું.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, તે શબ્દો હું પાછા ખેંચી લઉં છું. માનનીય અધ્યક્ષશ્રી, વારંવાર ગુજરાતની નિંદા કરવામાં જેને રસ છે. મારે વિપક્ષને કહેવું છે કે આપણે ગુજરાતને સલામત બનાવવામાં બધાને રસ હોવો જોઈએ.

**અધ્યક્ષશ્રી** : આપની પાસે એક મિનિટનો સમય છે.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હજી તો શરૂઆત કર્યે બે મિનિટ થઈ છે. માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયની સરહદી વ્યવસ્થા, ભૂતકાળમાં અમારા ગામડામાં કહેવત હતી કે જેની વાડ મજબૂત તેનું ખેતર મજબૂત. દરિયાઈ સરહદ, સીમાડાઓમાં દુશ્મનોના ડોળા વચ્ચે ગુજરાત. પહેલાં સરહદી વિસ્તારમાં કંઈ હતું જ નહીં. જેને જ્યારે આવવું હોય ત્યારે આવે. મામા આવે તો પણ અને માહા આવે તો પણ, તેવું આ ગુજરાત બનાવેલું. આ રાજય સરકારે ૭૩ નવી જગ્યાઓ ઉભી કરી, ૭૩ સરહદી પોલીસ સ્ટેશન, આઉટ પોલીસ સ્ટેશનો, પોલીસ ચોકીઓ આ બધી વ્યવસ્થા ઉભી કરી રાજયને સલામત બનાવવા માટે આ રાજયના મુખ્યમંત્રીએ એક પ્રકારની વ્યવસ્થા નહીં, દરિયાઈ સરહદ માટે આધુનિક સાધનો, આધુનિક હથિયારો આપીને આ રાજયની પોલીસને પૂરેપૂરી તાકાત, આ ગૃહ વિભાગને પૂરેપૂરી પૂરેપૂરી ગુજરાતની જનતા માટે કામગીરી કરે તેના માટે આપી છે. આજે માનનીય અર્જુનભાઈ ગૃહમાં લીલા કલરનો ઝભ્ભો પહેરીને આવ્યા છે. મને પ્રશ્ન થયો હતો કે એમના રિવાજ હશે.

**શ્રી બાબુભાઈ જ. પટેલ(દસકોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, સત્તરમી વાર બજૅટ લઈને આવનાર માનનીય નાણાં મંત્રીશ્રીને મારું અનુમોદન આપવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણો ભારત દેશ કૃષિ પ્રધાન દેશ છે ભારતની વાર્ષિક આવકમાં મુખ્ય ફાળો કૃષિ અને પશુપાલનનો છે. એટલે કે ભારતનો વિકાસ દર કૃષિ અને પશુપાલન પર વધી રહ્યો છે. ગુજરાત રાજય એ ભારતના વિકાસમાં નંબર વન છે. ભારતના કૃષિ ક્ષેત્રે વિકાસ માટે ગત વર્ષે ગુજરાતને ફર્સ્ટ એગ્રીકલ્ચર સ્ટેટ ઑફ ઈન્ડિયાનો એવોર્ડ મળ્યો હતો. એનો અતિઆનંદ બધાને થાય, હવે આ આનંદ થાય એટલે સ્વાભાવિક છે કે, માનનીય કૃષિ મંત્રીશ્રી અને માનનીય મુખ્ય મંત્રીને પણ અભિનંદન આપવાનો આનંદ થાય. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં આવેલી કૃષિ યુનિવર્સિટી તેના વૈજ્ઞાનિકો ખેડૂતોને વિવિધ ક્ષેત્રે વિવિધ ભલામણો દ્વારા માર્ગદર્શન આપી ખેડૂતોને આગળ વધવા માટે સારું એવું પ્રોત્સાહન પૂરું પાડે છે. આ વૈજ્ઞાનિકોના માર્ગદર્શનથકી ખેડૂત આજે રાજય અને રાષ્ટ્ર કક્ષાએ વિવિધ એવોર્ડ અને ઈનામો મેળવી ગુજરાતનું નામ ભારતમાં અને વિશ્વકક્ષાએ કક્ષાએ કર્યુ છે. આવા પ્રગતિશીલ ખેડૂતોની સફળતા છે. રાજયના આણંદ, જુનાગઢ નવસારી અને સરદાર કૃષિ યુનિવર્સિટી, એક યુનિવર્સિટીની ચાર યુનિવર્સિટીઓ બનાવી. કપાસ, મગફળી, દિવેલા પાકનું ઉત્પાદનની દૃષ્ટિએ જોઈએ તો આપણું ગુજરાત રાજય નંબર વન છે અને બાજરી એ બીજા નંબરે છે. આના લીધે ગુજરાતની અંદર રાજયના કૃષિ વિકાસને ધ્યાને લઈને ૨૦૦૨-૦૩, ૨૦૦૪-૫,અને ૨૦૦૬માં આ સરકારને નેશનલ પ્રોડિકટીવીટી એવોર્ડ પણ

* (XXXX માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

એનાયત થયેલ છે પહેલાં કોઈ યુવાન ખેડૂત કયારેય ખેતીમાં રસ લેતો ન હતો, એના ખેતરમાં કદી જતો ન હતા, પણ આજે મને કહેતાં આનંદ થાય છે કે બનાસકાંઠા જિલ્લાના ડાડિયા ગામનો એક પ્રતિકભાઈ ચૌધરી તેણે બટાકાનું વાવેતર કર્યુ, અને એણે કૃષિ ખાતાને વાત કરી કે મેં બટાકાનું સારું વાવેતર કર્યુ છે તો આપ મારા ખેતરમાં જોવા માટે આવો, તો વિભાગના સંશોધનોએ, ઉત્પાદકોએ વિડીયોગ્રાફી કરી અને તેમની હાજરીમાં બટાકાનું ઉત્પાદન લેવામાં આવ્યું, તો એ ખેતરમાં હેકટર દીઠ ૮૭ ટન એટલે કે ૮૭૦ મણ બટાકાનું એ ખેડૂતે ઉત્પાદન લીધું હતું અને એણે વિશ્વ રૅકૉર્ડ કર્યો, ગુજરાતનો ખેડૂત વિશ્વ રૅકૉર્ડ કરતો થયો છે. અને જ્યારે ગુજરાતનો ખેડૂત પોતાના ખેતરમાં આવું વાવેતર કરતો હોય અને કૃષિનું સારું વાતાવરણ બનતું હોય ત્યારે માનનીય કૃષિ મંત્રીશ્રીને પણ આપણે અભિનંદન આપવા જોઈએ.

ખેડૂતોને આફતોની વખતે, તેમજ કૃષિ જોખમ સામે ખેડૂતોને આર્થિક વળતર આપવા માટે પાક વીમાનું આયોજન કર્યુ, ખાતેદાર ખેડૂતોને અકસ્માત વીમાનું આયોજન કર્યુ, ભાવ સ્થિરતા જળવાઈ રહે એટલા માટે ટેકાના ભાવે ખરીદવાનું પણ આયોજન કર્યુ, માનનીય મુખ્ય મંત્રીશ્રીના આ આયોજનને લીધે ખેડૂતોને ખૂબ રાહત થઈ છે, વિવિધ ઉત્પાદન લક્ષી કાર્યક્રમોના કારણે ઉત્પાદનમાં વધારો થયો છે, અને રાજયમાં અનાજનું ઉત્પાદન ૩૧.૫૮ લાખ મેટ્રિકટન હતું એ વધીને ૬૩.૪૫ લાખ મેટ્રિકટન વધ્યું છે.

ગયા વખતે ૧૮.૭૦ લાખ ગાંસડીઓનું ઉત્પાદન થયું હતું. મારે પંદર વર્ષ પાછળ જવું છે, આ કોંગ્રેસના શાસનની મારે વાત કરવી છે, હું સહકારનો માણસ છું ' વિના સહકાર નહિ ઉદ્ધાર ' ગુજરાતની ગુણિયલ પ્રજાએ ૩૫ વર્ષ એમને સહકાર આપ્યો, ગામડાઓમાં રોડ નહિ, લાઈટ નહિ, ગટર નહિ, પીવાનું પાણી નહિ, કુવામાં ભરવા જવું પડે, ગામમાં કોઈ સાધનો નહોતા, મિત્રો મારે એક વાત કરવી છે તાલુકા સ્થળે જવાના રસ્તાના ઠેકાણા નહિ અને રાત્રે વરસાદ પડતો હોય, ધમધોકાર વરસાદ પડતો હોય અને સમયે કોઈ દીકરી-બહેનને ડિલિવરી આવવાની હોય, આ ડિલિવરી વખતે ગામમાં સાધન ન હોય, ગામમાં તાલુકા સ્થળે જવા માટે રસ્તા ન હોય ત્યારે આ દીકરી, બહેન કાં તો એનું સંતાન દીકરી કે દીકરો ગુમાવે અથવા આ સંતાનો એમની માતા ગુમાવે.

બીજી વાત મારે એ પણ કરવી છે કે ૨૦૧૦માં એમણે કરેલા કામો- કૌભાંડો, ટુ-જી સ્પ્રેક્ટમ, કોમનવેલ્થની રમતો, આઝાદ સોસાયટી, સડેલું અનાજ, અનાજોની વધતી જતી કિંમતોની મોંઘવારી, ચોખાની નિકાસનું કૌભાંડ, એલ.આઈ.સી. હાઉસીંગ કૌભાંડ. માટે એવું કહી શકાય કે (xxxx) (xxxx)

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી વાત એ પણ કરવી છે કે, હમણાં મોહનસિંહભાઈ વાત કરતા હતા કે આ તળાવ બાંધ્યા, બોરી બંધ આ કર્યુ તે કર્યુ, પણ તેઓ સાંભળી લે, કદાચ એમને ખબર નહિ હોય, આ મુખ્યમંત્રીશ્રીએ દરેક ક્ષેત્રમાં હાઈટ ઉંચી કરી છે, પાતાળમાં પણ હાઈટ ઉંચી કરી છે, કોંગ્રેસના વખતમાં એક એક હજાર ફુટ નીચા ગયેલા પાણીના તળ આજે પંદર ફુટ અને વીસ ફુટે આવી ગયા છે. આ ભારતીય જનતા પાર્ટીની સરકારે ખેડૂતો માટે એક લાખનો વીમો, સાહેબ એ લોકો વીમો આપતા હતા કોને આપતા હતા? કોઈ લઠ્ઠો પીને મરી જાય, કોઈ દારૂ પીને મરી જાય તો મામલતદાર, નાયબ મામલતદાર એમને ઘેર જઈને કહી આવે કે તમારા છોકરાએ ખૂબ સારું પરાક્રમ કર્યુ છે લ્યો આ એક લાખ રૂપિયા. આ સરકારે લઠ્ઠો પીવો, દારૂ પીવો અને પીને મરી જવું હોય તો ભલે મરી જાય પણ મારો ખેડૂત અકસ્માતે મરી જાય તો એને એક લાખ રૂપિયા આપવામાં આવે છે.

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે અંદાજપત્ર લઈને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉભો થયો છું.

માનનીય મંત્રીશ્રી વાસણભાઈએ ૨૦૧૧ના વાયબ્રન્ટ વિશે બહુ વાતો કરી. એકવીસ લાખ કરોડના એમ.ઓ.યુ. થયાં અગાઉ પણ આવી ઘણી બધી વાતો કરી છે. આ આંકડાની માયાજાળમાં ગમે એવો માણસ ચકરાવે ચડી જતો હોય છે. આવી વાતો કરીને મોટી મોટી પ્રસિદ્ધિઓ આપે છે. પણ હકીકત એવી છે કે આ રોકાણો વિશે હું માત્ર એટલું જ કહીશ કે-

" બેગાની શાદીમેં અબ્દુલ્લા દિવાના, ઐસે મનમૌજી કો મુશ્કિલ હૈ સમજાના "

પોલીસની કામગીરીની વાતો કરતા હતા જે રાજયના ગૃહમંત્રી જેલમા હોય, હત્યા અને ખંડણીના આરોપસર જે રાજયના ડઝનેક જેટલા આઈ.પી.એસ. કલાસ-૧ અધિકારીઓ, પોલીસ ઓફિસરો હત્યા અને ખંડણી માટે જેલમાં હોય..

• (xxxx) તે રાજયની પોલીસની આબરૂની વાત જો કોઈ કરતું હોય..

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, મેટર સબજયુડિશ છે.

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** : સાહેબ, (xxxx) છે હું બીજુ નથી કહેતો.

**અધ્યક્ષશ્રી** : રાઘવજીભાઈ, આપના શબ્દો પાછા ખેંચી લો કાં હું દૂર કરું છું. હું શબ્દો દૂર કરું છું. . અંતરાય.. ઓર્ડર.. ઓર્ડર.

---

• (xxxx માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, નૈતિકતાની જે વાત કરે છે મારા ભારતીય જનતા પાર્ટીના મિત્રો ત્યારે હું તમને કહેવા માંગુ છું કે ૨૬-૧૧ના મુંબઈના હુમલા વખતે પોતાની નૈતિક જવાબદારી સ્વીકારી અને મહારાષ્ટ્રના રાજ્યપાલ વિલાસરાવ દેશમુખે રાજીનામું આપ્યું હતું. આપણે અહીંયા અક્ષરધામમાં હુમલો થયો હતો. કોની નૈતિક જવાબદારી હતી ? સાહેબ, અશોક ચવ્વાણે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી આદર્શ ગોટાળાને કારણે રાજીનામું આપ્યું હતું. કર્ણાટકના મુખ્યમંત્રી યદુરપ્પા સામે પણ આ જ પ્રકારના આક્ષેપો થયા છે પણ તે તો રાજીનામું આપવાના નામ નથી લેતાં. સાહેબ, અહીંયા તો ગોટાળા એટલા બધા છે પણ સિંહને કોણ કહે કે તારું મોઢું ગંધાય છે. સાહેબ, અહીંયા રાજયમાં ખેતીવાડી ક્ષેત્રે ઘણી બધી પ્રગતિ થઈ છે. ૯ હજાર કરોડમાંથી ૪૯ હજાર કરોડે ઉત્પાદન પહોંચ્યુ છે એવી ઘણી બધી વાતો થઈ. આ જે ક્ષેત્રે ક્રાંતિ થઈ તેમાં સરકારનો કોઈ હિસ્સો નથી. કપાસનું ઉત્પાદન વધ્યું તેનું કારણ બી.ટી.કપાસ છે. કપાસનું ઉત્પાદન વધ્યું તેનું કારણ વરસાદ છે, કપાસનું ઉત્પાદન વધ્યું તેનું કારણ ખેડૂતોનો પરિશ્રમ છે નહીં કે તેમાં રાજય સરકારે કોઈ રાહતો આપી. કપાસનું ઉત્પાદન વધ્યું એટલા માટે કે તેને કેન્દ્ર સરકારની નીતિના કારણે પોષણક્ષમ ભાવ મળે છે. હું સરકારને અભિનંદન આપત જો ટ્રેકટર માટે સહાય આપવા માટે જે બજેટમાં જોગવાઈ કરી છે ૩૫ કરોડના બદલે ૨૩૫ કરોડ કરી હોત. કારણ કે ટ્રેકટર છે તે અત્યારે ખેતી માટેનું ગાડું છે. માલના ટ્રાન્સપોર્ટેશનથી માંડી અને વાવવા સુધીની તમામ પ્રક્રિયાઓ આ ટ્રેકટરથી થાય છે. અને જો આ ટ્રેકટરમાં સબસીડી માટે વધુ રકમની જોગવાઈ કરી હોત તો હું સરકારને અભિનંદન આપત. સાહેબ, હું સરકારને અભિનંદન આપત જે અમારા ગામડાંના ખેડૂતોને જે રોજડા જે હેરાન કરે છે, તેના ઉભા પાકને નુકસાની કરે છે તેને નાથવા માટે ખેડૂતોને જે વાડ કરવી પડે છે તે વાડ માટે પૂરતી સબસીડીની જોગવાઈ કરી હોત તો હું સરકારને અભિનંદન આપત. સાહેબ, હું સરકારને અભિનંદન આપત આ ભૂંડળાની જે વસતિ વધી ગઈ છે અને ખેડૂતોના પાકને નુકસાન થઈ રહ્યું છે તો તેને અટકાવવા માટેની જો કોઈ યોજના કરી હોત તો હું સરકારને અભિનંદન આપત. સાહેબ, હું સરકારને અભિનંદન આપત કમોસમી વરસાદથી જે ખેડૂતોના મગફળીના પાકને નુકસાન થયું છે, કપાસના પાકને, જીરૂ ફેઈલ ગયુ સાહેબ આવા ખેડૂતોને સહાય આપી હોત, સહાય માટેની કોઈ જોગવાઈ કરી હોત તો હું સરકારને અભિનંદન આપ્યા વગર રહેત નહીં. સાહેબ, આ તો ૫૪૪૭ જેટલાં ખેડૂતોએ આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં આત્મહત્યાઓ કરી છે અને વધુમાં વધુ ખેડૂતો તેમાં સૌરાષ્ટ્રના છે. ખાતર ઉપર વેટ આખા ભારતમાં કયાંય નથી એક ગુજરાતમાં છે. હું સરકારને અભિનંદન આપત જો આ વેટ નાબૂદ કરી હોત. ડિઝલ ઉપરની જે વેટ છે તે વધુમાં વધુ છે જો તેમાં રાહત આપી હોત, વીજળીના કનેકશનો આપવા માટેની જો જોગવાઈ કરી હોત, ખેડૂતોને પૂરતો પાવર આપવા માટેની વાત કરી હોત તો હું સરકારને અભિનંદન આપત.

માનનીય અધ્યક્ષશ્રી, સિંચાઈ ક્ષેત્રની વાત કરું તો છેલ્લા ૧૦ વર્ષથી ગુજરાતમાં એકપણ મોટી અને મધ્યમ કક્ષાની સિંચાઈ યાજના માટેનાં કામ થયું નથી, એના માટેનાં નાણાં સરકાર પાસે નથી, એટલું જ નહીં, પરંતુ નર્મદાનું જે ચોમાસમાં દરિયામાં વહી જતું પાણી છે એમાંથી એક મિલિયન એકર ફીટ પાણી સૌરાષ્ટ્રને આપવા માટેનો સૈધ્ધાંતિક નિર્ણય ૨૦૦૪ માં લેવાયો હતો, એક મિલિયન એકર ફીટ પાણી ઉત્તર ગુજરાતને આપવાનું હતું અને એક મિલિયન એકર ફીટ પાણી કચ્છને આપવાનું હતું.તો ઉત્તર ગુજરાત માટે પાણી આપવનું આયોજન ૨૫૦૦ કરોડ રૂપિયાના ખર્ચે કર્યુ, એમાં પુષ્કળ ખર્ચ કર્યો છે, પરંતુ સૌરાષ્ટ્ર માટે આ પાણી લઈ જવા માટે અજસુધી કોઈ કોઈ એના એસ્ટિમેટ મંજૂર કર્યા નથી. હું અભિનંદન આપત કે આ જે પાણી દરિયામાં વહી જાય છે એ સૌરાષ્ટ્ર અને કચ્છ માટે ત્યાં લઈ જવા માટેનું આયોજન સરકારે કર્યુ હોત તો. હું અભિનંદન આપત કે જેમ ઉત્તર ગુજરાતમાં નર્મદાના પાણીથી તળાવો ભરાયાં અને એના માટેની જોગવાઈ કરી છે, પરંતુ સૌરાષ્ટ્ર અને કચ્છમાં માટેનું કોઈ પ્રોવિઝન કર્યુ નથી એ કર્યુ હોત તો હું અભિનંદન આપત.

માનનીય અધ્યક્ષશ્રી, હું એ કહેવા માગું છું કે આ બજેટ એ ચીલાચાલુ બજેટ છે. આ બજેટમાં રાજયના વિકાસ માટેની કોઈ દિશા નથી. આ બજેટના કારણે રાજયના વિકાસ ઉપર માઠી અસર થવાની છે. ડાર્ક ઝોનમાં ૫૭ જેટલા તાલુકાના ખેડૂતોને ખેતી માટે વીજ કનેકશન અપાતાં નથી. આ જ વિસ્તારમાં જો કોઈ ઉદ્યોગપતિ ઉદ્યોગ કરે તો એને તાત્કાલિક પાણી ખેંચવા માટે બોર ઉપર વીજ કનેકશન અપાય છે. તો જો ઉદ્યોગ પાણી ખેંચે ભૂતળમાંથી તો એને આવાં કનેકશન આપવામાં આવે છે અને ખેડૂત ખેતી માટે પાણી ખેંચવા માગતો હોય તો એને કનેકશન આપવા ઉપરનો પ્રતિબંધ આ કયાંનો ન્યાય છે? મને આનંદ થાત અને હું સરકારને અભિનંદન આપત કે આ ડાર્કઝોનમાં વીજ કનેકશન નહીં આપવા અંગેનો પ્રતિબંધ સરકારે ઉઠાવી લીધો હોત, માનનીય ઉર્જા મંત્રીશ્રી જવાબ બહુ સારા આપે છે, બહુ આક્રમકતાથી આપે છે, ખેડૂતોની વાત પણ કરે છે, પરંતુ મને આનંદ થાત કે આ સ્વર્ણીમ વર્ષની ઉજવણી ગુજરાત કરી રહ્યું છે એની સાથે સાથે ૧૯૯૨ થી અમારા ખેડૂતોએ જે વીજ કનેકશન માગ્યાં છે એને આજે ૧૯-૧૯ થી ૨૦-૨૦ વર્ષ થઈ ગયાં છે એ કનેકશન એમને મળતાં નથી એવા તમામ ખેડૂતોને ચાલુ વર્ષે વીજ કનેકશન આપવા માટેનું કોઈ પ્રોવિઝન કર્યુ હોત અને સ્વર્ણીમ વર્ષની ઉજવણી એ રીતે કરી હોત તો હું ગુજરાત સરકારને અભિનંદન આપત.

માનનીય અધ્યક્ષશ્રી, વાતો તો ઘણીબધી કરે છે. માનનીય પ્રદિપસિંહ જાડેજા કહેતા હતા અને કાશ્મીરમાં શ્રીનગરમાં લાલચોકમાં ત્રિરંગો ઝંડો ફરકાવવાની વાત કરતા હતા. તો કાશ્મીરની વાત તો બાજુએ રહી પણ ભાજપ શાસિત રાજયો છત્તીસગઢ અને ઝારખંડના નક્ષલવાદી જિલ્લાઓ છે ત્યાં હું ભાજપને આહ્વાન કરું છું કે તમે તમારી બહાદુરી બતાવવા જાઓ અને ત્યાં ત્રિરંગો ઝંડો ફરકાવો તો હું સરકારને અભિનંદન આપીશ. (અંતરાય) (સમયસૂચક ઘંટડી )માનનીય અધ્યક્ષશ્રી, સુજલામ્ સુફલામ્ યોજનામાં કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર થાય છે. તપાસના નામે મીંડું છે. કોઈ કેનાલ તૂટી જાય તો એમ કહેવામાં આવે કે ઉંદરોના કારણે આ જે પોલાણ થયું એના કારણે આ કેનાલ તૂટી ગઈ છે. તો આ બે પગવાળા ઉંદર કે ચાર પગવાળા ઉંદર છે એ નકકી થતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજય સરકારની ઘણીબધી વાતો એવી છે કે એમાં જેટલું બોલીએ એટલું ઓછું છે, પરંતુ હું તો માનનીય નાણામંત્રીશ્રીને કહેવા માગું છું કે રાજયના વિકાસ માટે તમે માત્ર વાતો કરો છો, જાહેરાતો કરો છો, પરંતુ એના અમલીકરણની દિશામાં કાંઈ જ કરતા નથી.* (xxxx) આપો છો, (xxxx)કરો છો, સરકારી ખર્ચે ફોટાઓ છપાવીને કરોડો રૂપિયા આ રાજયની પ્રજાના વિકાસ માટેના કરોડો રૂપિયા એ જાહેરાતો પેટે આ સરકાર ખર્ચે છે.

માત્ર અને માત્ર તે (xxxx)પણ હકીકતે આ પૈસા વિકાસના કામમાં વપરાતા હોત અને ખેડૂતોના હિતમાં આ પૈસા વપરાતા હોત, આ પૈસા બેરલજગાર યુવાનોને રોજગારી આપવાના કામમાં વપરાતા હોત તો અમને આનંદ થાત, અને અમે આ બજેટને ટેકો આપત અને આ સરકારને અભિનંદન આપત, પણ આ રાજય સરકારની એક પણ એવી જોગવાઈ નથી કે જેના કારણે હું આ બજેટને આવકારી શકું, એટલા માટે હું આ બજેટ સાથે સંમંત થતો નથી.

**શ્રી કાળુભાઈ વીરાણી(કુંડલા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં માનનીય નાણા મંત્રીશ્રી જુદી જુદી અનેક જોગવાઈઓ કરીને આવ્યા છે ત્યારે એમાં મારો સૂર પુરાવું છું. માર્ગ અને મકાન વિભાગ હેઠળ જે જોગવાઈઓ કરી છે એમાં મારે વાત કરવી છે.

# પોઈન્ટ ઓફ ઓર્ડર

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર એ છે કે માનનીય સત્તાધારી પક્ષના દંડકશ્રી અને મંત્રી મંડળે ચીવટ રાખવી જોઈએ, આ બજેટ ઉપરની સામાન્ય ચર્ચા ચાલે છે અને એક વખત બોલેલા સભ્યશ્રી આ ચર્ચામાં બીજી વખત ભાગ ન લઈ શકે, આ સામાન્ય ચર્ચા ૪ દિવસ ચાલતી હોય છે, ગઈ કાલે ભાગ લીધો હોય તે સભ્યશ્રી આજે બીજી વખત પુનઃ બોલે છે, આ શું ચાલી રહ્યું છે? આ રીતે બીજી વખત ન બોલી શકાય. માગણીઓ ઉપર બોલી શકે, સામાન્ય ચર્ચા તો ચાર દિવસ ચાલતી હોય છે એમાં એક સભ્ય એક વખત જ ભાગ લઈ શકે, બીજી વખત ન લઈ શકે. માનનીય વજુભાઈ પણ આ વાત સમજી શકશે.

**અધ્યક્ષશ્રી** : માનનીય કાળુભાઈ, આપ બેસો, વિભાગવાર માગણીઓ રજુ થાય ત્યારે આપ બોલજો. માનનીય લાલજીભાઈ.

**શ્રી લાલજીભાઈ પ્રે. સોલંકી(જામનગર (ગ્રામ્ય)** : માનનીય અધયક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ ગુજરાત વિધનાસભામાં ૧૭મી વખત બજેટ લઈને આવ્યા છે એમનં ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આજે મારેસામાજિક ન્યાય અને અધિકારીતા વિષય ઉપર થોડોક પ્રકાશ પાડવો છે. આ સભાગૃહમાં ચર્ચા દરમિયાન વિરોધપક્ષના સભ્યશ્રીઓએ ખૂબ ટીકા ટીપ્પણીના સૂરમાં વાતો કરી છે. પણ હું એમાં પડવા માગતો નથી. મારે ફકત આગામી વર્ષ એટલે કે ૨૦૧૦-૧૧ના વર્ષમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગમાં સરકારશ્રી અને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ શું કામો કરે છે તે વિષય ઉપર થોડીક દૃષ્ટિ કરવી છે. વંચિતોના વિકાસ માટેની આ સરકાર છે. અને વંચિતોના વિકાસ માટેની અનેકવિધ યોજનાઓ સાથેની આ સરકાર છે. મારે એક પંકિત કહેવી છે, "ચલો જલાયે દિપ જહાં, જહાં અભી ભી અંધેરા હૈ" આ અંધારું દૂર કરવા માટે માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલાએ ખૂબ કામ કર્યુ છે. એટલે એક ધારાસભ્ય તરીકે અને એક દલિત સભ્ય તરીકે હું એમને અભિનંદન આપું છું. અને આભાર માનું છું. ગત સાલની મારે વાત કરવી છે. અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે કુલ ૩૪૧૬૨ વિદ્યાર્થીઓ, કુલ ૭૪૩ સરકારી છાત્રાલયો, આશ્રમશાળાઓ, નિવાસી શાળાઓ અને એમાં જરૂરી સગવડ સાથેના અનેક પ્રકલ્પો સાથે અભ્યાસ કરી રહયા છે, તે ગૌરવની વાત છે.

હમણાં એમ કહેવાતુ હતું કે શિષ્યવૃત્તિ માટે કંઈ આપવામાં આવતુ નથી ત્યારે મારો જવાબ એ છે કે પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનામાં ૫૧.૨૬ કરોડનો ખર્ચ કરીને અનુસૂચિત જાતિના ૬,૩૯,૬૫૦ વિદ્યાર્થીઓને એનો લાભ આપવામાં આવ્યો છે. આ સરકારની નેમ છે કે અસ્વચ્છ વ્યવસાય સાથે રોકાયેલા વાલીઓના બાળકો પણ ખૂબ

* (XXXX માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

કાળજીપૂર્વક અભ્યાસ કરી શકે એને ધ્યાનમાં રાખીને અસ્વચ્છ વ્યવસાય સાથે સંકળાયેલા વાલીઓના બાળકો જેમાં ૨,૨૮૦૨૨ વિદ્યાર્થીઓને ૪૦.૪૪ કરોડની પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ આપવામાં આવી છે.

એ જ રીતે સાધન સંપન્ન મા-બાપના બાળકો જ કોમર્શિયલ પાઈલોટ બનવાની કલ્પના કરતા હતા, એમાંથી અનુસૂચિત જાતિના બાળકો બાકાત ન રહી જાય એના માટે આ સરકારે ખાસ જોગવાઈ કરી છે. આ યોજનામાં અનુસૂચિત જાતિના ૪૪ યુવાનોએ કોમર્શિયલ પાઈલોટની તાલીમ મેળવી છે એમાં ૬.૪૦ કરોડની લોન સહાય સરકારશ્રી તરફથી સન ૨૦૧૦-૨૦૧૧ના વર્ષમાં આપવામાં આવી છે.

પછાત વર્ગ માટેની આવાસ યોજના માટે અનેક પ્રકલ્પો ચલાવી રહી છે. જેમાં આ યોજનામાં આંબેડકર આવાસ યોજના શરૂ કરવામાં આવી છે. જેમાં ૧૭ કરોડના ખર્ચે અનુસૂચિત જાતિના ૭૭૪૫ લાભાર્થીઓને પાકા અને સગવડતાવાળા સ્વચ્છ મકાન બનાવી આપવામાં આવેલ છે. સફાઈ કામદારોની વિશેષ ચિંતા આ સરકાર કરી રહી છે. પહેલા સફાઈ કામદાર બોર્ડ હતું એમાંથી નિગમમાં રૂપાંતરિત કરવાનું કામ આ સરકારે કર્યુ છે. આ બોર્ડને નિગમ બનાવ્યા પછી ૧૧ કરોડના ખર્ચે ૩૦૯૦ સફાઈ કામદારો એમના આશ્રિતો માટે મકાનોનો લાભ આપવામાં આવ્યો છે, રાહત આપવામાં આવી છે. એ સિવાય અન્ય વિકસિત જ્ઞાતિઓની પણ વિશેષ કાળજી સરકારે લીધી છે. વિકસિત જાતિ કલ્યાણ માટે કુલ ૫૮ લાખ વિદ્યાર્થીઓને ૭૪ કરોડ રૂપિયાની શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવી છે. વિકસિત જાતિ માટે રાજય સરકાર દ્વારા ચાલતા છાત્રાલયથી લઈને આશ્રમશાળાઓ, નિવાસી શાળાઓમાં ૫૬ હજાર વિદ્યાર્થીઓને વિના મૂલ્યે રહેવાની ભોજન અને સારા વાતાવરણમાં અભ્યાસ કરવાની સગવડ આપવામાં આવી છે. આમાં ૫૬ કરોડ રૂપિયા જેવો ખર્ચ કરવામાં આવ્યો છે. પછાત વર્ગની દીકરીઓ અભ્યાસથી વંચિત ન રહી જાય એટલા માટે ૨૨૮૫૭ દીકરીઓને ૪.૫૭ કરોડના ખર્ચે સાયકલો આપવામાં આવી છે.

કુટુંબ વિહોણા કુટુંબોને પંડિત દિનદયાળ ઉપાધ્યાયજી કે જેઓ માનતા હતા કે સામાજિક સમરસતાના વિષયમાં ભારતીય જનતા પાર્ટીની વિચારધારામાં પછાતોને પણ સાથે લઈને ચાલવું જોઈએ એ યોજનાના અંતર્ગત વિકસિત જાતિઓ માટે ૧૫૧૪૫ કુટુંબોને પણ પાકા અને સગવડતા ભરેલા સુવિધાયુકત મકાનો બનાવવા માટે ૪૧ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે.

સૌથી વિશેષ ચિંતા આ સરકારે સમાજ સુરક્ષા વિભાગમાં કરી છે. સરકારની વિવિધ યોજનાઓ હેઠળ ૨૨૯૨૧ વિકલાંગ વિદ્યાર્થીઓને ૨૯૧ લાખની શિષ્યવૃત્તિ આપવામાં આવી છે અને ૪૦૭૪ લાભાર્થીઓને ૯૦ લાખના ખર્ચે સાધન સહાય આપવામાં આવી છે. અશક્ત વ્યકિતઓ માટેની નેશનલ ડિસેબિલિટી પેન્શન યોજના શરૂ કરવામાં આવી છે. (સમય સૂચક ઘંટડી) હું આ બજૅટમાં મારુ અનુમોદન આપું છું.

**શ્રી રાકેશ શાહ (એલીસબ્રીજ)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના સન્માનનીય નાણામંત્રીશ્રી સન ૨૦૧૧'-૧૨ના વર્ષનું સત્તરમી વખત બજૅટ લઈને આવ્યા છે એને અનુમોદન આપું છું અને મારા વિચારો વ્યક્ત કરુ છું.

આજનો દિવસ માનનીય શિક્ષણમંત્રીશ્રીએ પણ કહ્યું કે આજે વિદ્યાર્થીઓની બોર્ડની પરીક્ષા છે એ વિદ્યાર્થીબંધુ ભગિની કે જે જીવનના ખૂબ જ અગત્યના વળાંક પર છે એમની પરીક્ષા પૂરી સ્વચ્છતાથી અને શ્રદ્ધાથી પાર પડે અને યશસ્વી નીવડે એવી શુભેચ્છા પાઠવું છું.

ગુજરાતનું નામ કદાચ સમગ્ર વિશ્વમાં જેની ઓળખ ઉભી થઈ ગઈ છે અને એવી ઓળખ પ્રસ્થાપિત કરનાર ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનું છેલ્લા એક દસકાનું શાસન આપણે સૌએ જોયું છે અને ગુજરાતની સાડા પાંચ કરોડની જનતાએ જોયું છે. કદાચ આ ૨૧મી સદીનો પહેલો દસકો એવો હશે કે હિંદુસ્તાનના કોઈ પણ રાજયનો ન ગયો હોય એવો સુવર્ણમય સમય આ ગુજરાતે કાઢ્યો છે. એના અભિનંદનના અધિકારી માનનીય નાણામંત્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું *(xxxx)મહાનગરમાંથી આવું છું. મને કહેતાં આનંદ થાય છે. આ એ જ મહાનગર છે કે જેણે.. (અંતરાય)

## પૉઈન્ટ ઑફ ઑર્ડર

**શ્રી મોહંમદ ફારૂક હુ. શેખ** : (xxxx)અહીંયા બોલવાનો અધિકાર છે જ નહીં.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય ધારાસભ્યશ્રીનો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે એ જ હું આપને કહું છું. સાહેબ, આનો નિર્ણય પણ છે કે જે શહેરનું નામ ગૃહની અંદર, ગયા વખતનો આપ નિર્ણય જોઈ લેજો.

**અધ્યક્ષશ્રી** : એમનો પૉઈન્ટ ઑફ ઑર્ડર એમને બોલી લેવા દો, પછી આપને હું કહું છું. (અંતરાય)

**શ્રી મોહંમદ ફારૂક હુ. શેખ** : આ શબ્દ બોલાય જ નહીં સાહેબ. હજુ મંજૂરી આપી નથી એ પહેલાં અહીંયા બોલાય જ નહીં. આ જ વિધાનસભા ગૃહમાં નક્કી થયું હતું..

---

* (XXXX માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : જે નામ સરકારે જે શહેર કે જે ગામને માન્ય કરેલું છે એ સિવાયનું બીજું નામ આપણે આપી શકીએ નહીં, એવું માનનીય અશોકભાઈએ પણ કહ્યું હતું અને બંધ પણ રખાવ્યું હતું એટલા માટે કે આ ગાંધીનગર છે. કાલે મારા પ્રદિપસિંહ જેવા આને કંઈક બીજું નગર કહેશે.

**અધ્યક્ષશ્રી** : પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપર જ આપ વાત કરો માનનીય શકિતસિંહભાઈ,

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : એટલા માટે કે ભૂતકાળનો પણ નિર્ણય છે એટલે કર્ણાવતી નગર ન હોય, આઠ વર્ષ કેન્દ્રમાં એમની સરકાર હતી. અહીંયા પણ હતી. ત્યારે નામ બદલાવવું હતું તો બદલાવી લેવું હતું. ચૂંટણી ઢંઢેરામાં વચન આપ્યા પછી પણ નથી બદલાવી શક્યા. ત્યારે આજના સંજોગોમાં જે નામ છે એ નામ સિવાય બીજાં નામથી કોઈ શહેરને નહીં સંબોધી શકાય.

**શ્રી રાકેશ શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું નામમાં નથી પડતો. જો નામની આટલી જ સૂગ છે તો લાલ કપડાથી ભડકે છે, તમે આ નામથી ભડકવા માંડ્યા છો? ફારુકભાઈ, આપ એ જ મહાનગરમાંથી આવો છો. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : રાકેશભાઈ, આપ સીધા મુદ્દા પર જ આવી જાવ. આપની પાસે સમય ઓછો છે. પ્લીઝ.

**શ્રી રાકેશ શાહ** : સાહેબ, હું એ કહેવા માગતો હતો કે હું જે મહાનગરમાંથી આવું છું એ વિશ્વ પ્રખ્યાત ફોર્બ્સ મેગેઝીને પણ કહ્યું છે કે દુનિયાના જે શ્રેષ્ઠ વિકસિત શહેરો છે એમાં ત્રીજા ક્રમનું સ્થાન એ આ મહાનગરનું છે. આપ પણ એ મહાનગરમાંથી આવો છો.

માનનીય અધ્યક્ષશ્રી, આ બધું ત્યારે જ શકય બન્યું છે કે જ્યારે પ્રજાનો વિશ્વાસ સંપાદન કર્યો હોય. તો જ આ બધું શકય બનતું હોય છે. દરેક રાજયનો શાસક એ કેવો હોવો જોઈએ એ આ ગુજરાતની પ્રજાએ નક્કી કરી લીધું છે. સરકારની એક દસકાની કામગીરી, અહીં માત્ર સરકારે મત નથી લીધા, એણે પ્રજાના મન પણ જીતી લીધા છે. (અંતરાય) મને ખ્યાલ છે કે તેમને સૂગ ચડશે જ. પણ છેલ્લા એક દસકાથી અને છેલ્લા થોડાક ચૂંટણીના પરિણામો જોઈએ, આ ગુજરાતની સાડા પાંચ કરોડની જનતામાંથી ૮૦ ટકા લોકોએ ભારતીય જનતા પાર્ટીના કેસરિયાને મહોર મારી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી વિકાસ વિભાગની વાત કરવા આવ્યો છું. કારણ કે હું મહાનગરમાંથી આવું છું. ઔદ્યોગિક વિકાસ થઈ રહ્યો છે. વિકાસની ગતિને જોતા આવનારા દિવસોમાં શહેરીકરણની પણ એક સમસ્યા થવાની છે. એક અંદાજ પ્રમાણે ૫૦ ટકા વસતિ શહેર તરફ વળવાની છે અને ૫૦ ટકા લોકો આ શહેરમાં આજીવિકા શોધવાના છે. એ સંકલ્પને સાકાર કરવા માટે ગુજરાતના મુખ્યમંત્રીએ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ આવાસ યોજના હેઠળ ૭,૦૦૦ કરોડની માતબર રકમ દરેક મહાનગરોને ફાળવી છે. એમાં બધા જ મહાનગરો આવી ગયા છે. જેના ચૅકોના વિતરણ પણ થઈ ચૂક્યા છે. હું એ કહેવા માગું છું કે વિકાસની સાથે જો સૌથી મહત્ત્વનો જો કોઈ ફાયદો થયો હોય તો એ ગુજરાતના યુવાનોને થયો છે. કહેતા આનંદ થાય છે. મારા સાથી સભ્યએ પણ કહ્યું કે છેલ્લા ચાર વર્ષમાં આ વિકાસની સાથે રોજગારીની વિપુલ તકો પણ મળી છે અને ચાર વર્ષમાં ૭૨ ટકાથી વધારે આપણે બેરોજગારોને રોજગારી પણ આપી છે.

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થાય છે. રાકેશભાઈ, આપની બે મિનિટ બાકી રહે છે.

**વિરામ ૧૦-૩૦ થી ૧૧-૦૦**

**સભાપતિ ડૉ. નિમાબેન આચાર્ય : અધ્યક્ષસ્થાને**

**સભાપતિશ્રી** : માનનીય શ્રીરાકેશભાઈનું પ્રવચન પ્રવચન ચાલુ છે. ૨ મિનિટમાં પૂરું કરો.

**શ્રી રાકેશ શાહ (એલીસબ્રીજ)** : માનનીય અધ્યક્ષ મહોદય, હું વાતો કરતો હતો શહેરી વિસ્તારની, આ (xxxx) (xxxx) કોંગ્રેસ આઝાદીના ૬૦-૬૫ વર્ષ પછી • (xxxx) (xxxx) મને કહેતા ગર્વ થાય છે કે ગુજરાતના સન્માનનીય મુખ્યમંત્રીએ ..

# પોઈન્ટ ઓફ ઓર્ડર

## પક્ષ માટે થયેલ ઉચ્ચારણો અંગે

**શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ** : : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર, કોઈપણ રાજકીય પક્ષ *(xxxx) (xxxx) એ બીનસંસદીય છે.

**શ્રી રાકેશ શાહ** : બિન સંસદીય હોય તો કાઢી કાઢજો માનનીય અધ્યક્ષ મહોદય.

---

• (XXXX માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

* (XXXX માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**સભાપતિશ્રી** : શબ્દ કાઢી નાખવામાં આવે છે.

**શ્રી રાકેશ શાહ** : મારી વાત એટલી છે કે ગરીબોની વેદનાને સમજનાર પહેલા ગુજરાતના મુખ્યમંત્રી એવા આવ્યા છે કે જેમણે શહેરી ગરીબ આવાસ યોજના હેઠળ ૧ લાખ ૩૦હજાર આવાસોનું આયોજન કરી, ૨૦૫૦ કરોડ જેવી માતબર રકમ ફાળવી અને ૬૭હજાર આવાસો પૂર્ણ કર્યા છે. હું બીજી વાત કરુ છું. શહેરી વિસ્તારોમાં અત્યાર સુધી જ્યાં ઝુંપડપટ્ટી હતી ત્યાં ઝુંપડપટ્ટીને નજર અંદાજ થતી હતી, એને ગંદકીથી જોતા હતા લોકો, મને કહેતા આનંદ થાય છે કે પહેલી વખત ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ ઝીરો સ્લમ પૉલિસી હેઠળ ગુજરાતમાં અને મહાનગરોમાં આવેલી દરેક સેવાવસ્તી કે ઝુંપડપટ્ટીને પી.પી.પી.ના મોડેલ ઉપરથી આધુનિક બનાવવાના પ્રયોગો કરી રહી છે અને એના ઘણા કરારો પણ થઈ ચૂક્યા છે. હું બીજી એક વાત કરતો હતો, મહાનગરમાંથી આવુ છું. સાબરમતી રીવર ફ્રંટ ડેવોલપમેન્ટ કૉર્પોરેશન, કદાચ આ એક એવું નજરાણું દેશ માટે થઈ રહેશે, આવનારા દિવસોમાં નદીની અંદર નગર બનાવે છે, આ દીર્ઘદૃષ્ટિએ ગુજરાતના મુખ્યમંત્રીની છે. હું કાંકરીયા લેક ફ્રંટની વાત કરવા માગુ છું. જે રીતે કાંકરીયા લેક ફ્રંટને ૩૬ કરોડના ખર્ચે અત્યંત આધુનિક બનાવી અને ભારતનું એક શ્રેષ્ઠ ફરવાનું સ્થળ બનાવ્યું છે અને ગુજરાતની જનતા અને ભારતની જનતા જે રીતે આવી રહી છે, કાંકરિયા લેક ફ્રંટ આગળ એ ગૌરવની વાત છે. કાંકરિયા લેક ફ્રંટની વાત નીકળી તો એની બાજુમાં એક તીથડ બલૂન પણ અમે મૂક્યું છે, દુનિયામાં પહેલું બલુન , મને કહેતા દુઃખ થાય છે, કે થોડા સમય પહેલા કર્ણાવતી મહાનગરની ચૂંટણી હતી ૧૦ ઑક્ટોબરે, એની પહેલા જો તીથડ બલૂન આ અમદાવાદમાં આવે અને પ્રજા પાછા ભા.જ.પ.ને મત આપે એટલે તીથડ બલૂન જ્યારે ઈમ્પોર્ટ કર્યુ હતું એ અમદાવાદ ન પહોંચે એની બધી જ વ્યવસ્થા કૉન્ગ્રેસે કરી હતી પણ ગુજરાતના દીર્ઘદ્રષ્ટા મુખ્યમંત્રીએ યેન કેન પ્રકારેણ, મુંબઈથી નહીં આપેલી એની ડિલિવરી અમે કંડલા લીધી અને અમદાવાદ આવીને અમે તીથડ બલૂન કર્યુ છતાં પણ અમદાવાદ અને (xxxx) મહાનગરની જનતાએ ૧૫૧ સીટ એ ભારતીય જનતા પાર્ટીને આપી છે. બીજી એક વાત હું ગીફ્ટ સીટીની કરતો હતો, ગીફ્ટ સીટી, અત્યાર સુધીમાં મુંબઈને આધુનિક નાણાનું હબ માનતા હતા. હું ગુજરાતની સાડા પાંચ કરોડના મુખ્યમંત્રી વતી કહેવા માગુ છું કે જે રીતે ગીફ્ટ સીટી નાણાકીય સેવાઓ માટેનું સૂચિત કેન્દ્ર ફાઈનાન્સીયલ હબ બની રહ્યું છે, આવનારા દિવસોમાં ત્યાં ૧૦ લાખ લોકોને રોજગારી પણ મળવાની છે. ૨૫૦ એકર જમીન પર બનનારું આ ગીફ્ટ સીટી એની પ્રગતિ ખૂબ સારી છે.

**શ્રી સી.કે. રાઉલજી(ગોધરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે એમાં મારા સૂચનો માટે ઉભો થયો છું. આ ઉત્સવપ્રિય સરકાર જે બજેટ લઈને આવી છે ત્યારે આદિવાસીઓ અને ખેડૂતોની વાત કરનારી સરકાર આજે મોટા ભાગના ડૅમ જે સિંચાઈના ડેમ બન્યા છે અને ખેડૂતોની જમીન ગઈ છે એ જમીનો પણ આજે ખેડૂતોના નામે સનદો નથી મળી, અને એના હિસાબે આજે આદિવાસી અને બક્ષીપંચના ખેડૂતો પોતાના કુટુંબ માટે કે ખેતી માટે કોઈ વિકાસ કરી શકે એવી પોઝીશન નથી, કારણ કે સનદો અપાઈ નથી, કબજા અપાયા નથી આજે ૩૦-૩૦ વર્ષના વહાણા વાયા પછી પણ જે લોકોએ પોતાની વહાલસોઈ જમીન સિંચાઈ માટે સંપાદન માટે આપેલી હોય અને તેમ છતાં પણ આજે એ ખેડૂતને નથી સરકારી લોન મળતી કે નથી ખેતીના વિકાસ માટે કોઈ આયોજન થતું, અને એના હિસાબે આજે આ રાજય સરકારે એના માટે પણ જોગવાઈ નથી કરી.

એના માટે પણ મને દુઃખ છે. માર્ગ મકાનની વાત કરીએ તો હું જ્યારે માર્ગ અને મકાન મંત્રી હતો ત્યારે ૧૯૯૮માં અમારા જોબ નંબરો હતા એ આજે પણ પૂરા થયા નથી. હું એક જ દાખલો આપીશ. મારા ગોધરા મત વિસ્તારમાં બાયપાસ રસ્તો ન થવાના કારણે એક માસમાં બે-ત્રણ વિદ્યાર્થીઓના મૃત્યું થયા છે. આ જે કેટલા રસ્તો છે એ કેટલા કિલોમીટરનો રસ્તો છે? એક ફેઝમાં ૭ કિલોમીટરનો અને બીજા ફેઝમાં ૮ કિલોમીટરનો રસ્તો અને બીજો ૭ કિલોમીટરનો રસ્તો એમ ૧૯૯૮ થી ૨૦૧૧ સુધીના ૧૨-૧૩ વર્ષના ગાળામાં આ ૨૨ કિલોમીટરનો રસ્તો થતો ન હોય તો વિકાસની કયા મોઢે આ સરકાર વાતો કરે છે? સહકારની વાત કરતા હતા અમારા મુરબ્બી નારાયણભાઈ. આજે સહકારનું માળખું ખાડે ગયું છે. ભા.જ.પ.ના શાસનકર્તાઓને મારે નાછૂટકે કહેવું પડે છે. હું દાખલો એટલા માટે આપીશ કે ભા.જ.પ.ના શાસનની બોડી અમારી ડિસ્ટ્રિક્ટ બેંક, ૨૦૦૨ થી ૨૦૧૧ સુધીના ૮-૯ વર્ષથી આ પંચમહાલ ડિસ્ટ્રીક બેંક આખા હિન્દુસ્તાનમાં ડિસ્ટ્રિક્ટ બેંક બંધ થઈ હોય એવો આ બીજો બનાવ પંચમહાલ જિલ્લામાં છે. મને કહેતા દુઃખ થાય છે કે રાજ્યના રજિસ્ટ્રાર જે લગભગ આઠ મહિના પહેલા અમારા જિલ્લામાં આવ્યા હતા. રાજ્યના રજિસ્ટ્રાર એમ કહે કે આવતી તા. ૩-૬-૨૦૧૦ના રોજ આ મુકામે અમારી જનરલ મિટિંગ થશે. અમારા દાહોદ અને પંચમહાલ જિલ્લાના બધા ધારાસભ્યો ભેગા થયા નાબાર્ડ અને વૈજનાથ કમિટીના. આજે સહકાર મંત્રીને કહેવું પડશે, એમના કહેવાથી અમે આ મિટિંગનું આયોજન કરેલ, જિલ્લા રજિસ્ટ્રારે કહ્યું અને ફરી મિટિંગ કરી. આજ સુધી અમારી જનરલ મિટિંગ મળી નથી, આજે નવ વર્ષ થયા અને આ સહકારની વાતો કરે છે. આ રાજ્યની સામાન્ય વિધવાના પૈસા, ૧.૧૦ લાખ જેટલા ડિપોઝીટ હોલ્ડરો છે એના લગભગ ૧૯૦ કરોડ જે ઉચાપત કર્યા છે, જે ભા.જ.પ.નો વહીવટ હતો એના કારણે આ બેંક બંધ થઈ છે. મને કહેતા આનંદ થશે કે ખેડૂત દેવા નાબૂદીમાં કેન્દ્ર સરકારના ૧૫૩ કરોડ અને વૈજનાથ કમિટીના ૧૮૮ કરોડ એટલી માતબર રકમ બેંકમાં જમા થવા છતાં બેંક ચાલું કરી શકતા નથી. કારણ કે આ ૨૯ જણાની સામે એફ.આઈ.આર. દાખલ કરી છે કે જેમણે ઉચાપત કરી છે. એમની સામે પોલીસ કેસ થયો છે તેમ છતાં કોઈ કાર્યવાહી થતી નથી. આ રાજ્ય સરકારના ગૃહ વિભાગની

પોલીસ પણ પકડી શકતી નથી. કોઈ કામ કરતું નથી. મોટી મોટી ડહાપણની વાતો કરનાર અને ઉત્સવ પ્રિય સરકારને કહેવા માગું છું કે ગરીબ મેળાઓ કરી એક બે વખત લોન મળી હોય એને ખાલી કવરો આપ્યા. લોન જે મંજૂર થઈ ગઈ હોય એના કાગળો લખેલા હતા. અગાઉ બે વર્ષ પહેલા લોન મંજૂર થઈ હતી. ખેડૂતોને શું મુશ્કેલી છે એ આ લોકો ક્યાં જાણે છે? સહકારમાં એક મંત્રી પર પણ પોલીસ કેસ થયેલ છે. (અંતરાય) (સમયસૂચક ઘંટડી)

**શ્રી કિશોર વાંકાવાલા (સુરત શહેર (પશ્ચિમ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે બજૅટ લઈને આવ્યા છે એને અનુમોદન આપવા માટે આ સન્માનનીય ગૃહમાં ઉપસ્થિત થયો છું. (અંતરાય)

માનનીય અધ્યક્ષશ્રી, એમને બેસાડી દો, મારો સમય બગડે છે. (અંતરાય) હું ખાસ શ્રમ વિભાગની વાત લઈને આવ્યો છું. શ્રમ અને રોજગાર વિભાગમાં ૧૯૫૭માં ૩ આઈ.ટી.આઈ.થી શરૂ કરીને આજે ૬૪૯ આઈ.ટી.આઈ. તાલીમ વર્ગો ચાલું કરવામાં આવ્યા છે. કુલ ૧,૧૮,૮૦૦ જેટલા વિદ્યાર્થીઓ તાલીમ લઈ રહ્યા છે. ૨૨૫ તાલુકાઓમાં ૨૨૫ આઈ.ટી.આઈ. તાલુકા દીઠ આવેલ છે. મારા મિત્રોને ખાસ કહેવા માગું છું કે આ તાલીમ પામેલ તાલીમાર્થીઓને રોજગાર મળી રહે તેની પણ આ સરકારે ચિંતા કરી છે. મારા મિત્રો વારંવાર કહે છે કે, ઈન્વેસ્ટમેન્ટ સમિટ એ ખોટો ખર્ચો છે. મારે મિત્રોને એટલું જ કહેવું છે કે તત્ત્વ જ્યાં સુધી સમજશો નહિ ત્યાં સુધી તત્ત્વ સુધી પહોંચી નથી શકવાના. અહીંયા ઈન્વેસ્ટ થશે તો જ આ ભણેલાને નોકરી મળવાની છે. આ સમજવું પડશે અને આ સમજશે નહિ તો આ ગુજરાત એ જગ્યાએ અટકશે કે પેદા કરશે વિદ્યાર્થીઓ અને બેરોજગારી વધશે. બેરોજગારી વધે નહિ એના માટે રોજગારીની પણ ચિંતા કરવી પડશે. આજનો યુવાન ગલીના નુક્કડ ઉપર ઊભો ઊભો ટોળ-ટપ્પા મારતો હોય, પાનના ગલ્લાં ઉપર પિચકારી અને વિલાયતી સિગારેટ ફૂંકતો હોય અને રાત્રે દારૂ-જુગારની લતમાં પડતો હોય આવા યુવાનોને સાચા મારગે વાળવા માટે વાંચે ગુજરાતનું અભિયાન લઈને આવ્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું ખાલી એટલું જ કહેવા માગુ છું કે દરેક વ્યકિતની અંદર દેવ અને દાનવ વૃત્તિ રહેલી છે. દેવ અને દાનવ વૃત્તિ અંદરથી જ્યારે દેવ વૃત્તિ બહાર લાવવાનો પ્રયત્ન થતો હોય તેને સદ્‌માર્ગે વાળવો પડે. એક દ્રષ્ટાંત આપીશ કે વરસાદનું એક ટીપું સરવરમાં પડશે તો એ એનું અસ્તિત્વ ગુમાવી દેશે, પરંતુ કમળના પાન ઉપર પડશે તો ચમકશે અને એજ ટીપું જો છીપમાં પડશે તો એ મોતી બનશે. આ મોતી બનનાર દરેક યુવાનોને અમે આજે રોજગારી માટે કામ કરતી સરકારને હું લાખ લાખ અભિનંદન આપવા માગુ છું. અમારાં વિરોધ પક્ષના માનનીય નેતાશ્રી વારંવાર કહે છે, હૈયે હાથ મૂકીને કહો તમે નહિ, હું નહિ, તમારો વિપક્ષ નહિ, આમને-સામને નહિ આપણે આ ગુજરાતના હિત માટે ભેગા થયા છીએ. સતત ૨૦૦૨ થી ૨૦૧૦ સુધી પ્રથમ નંબરે બેરોજગારોને રોજગારી આપવામાં જો આવી હોય તો આ ગુજરાત સરકાર આવી છે અને એ ગુજરાત સરકાર આ શ્રમ અને રોજગાર વિભાગ મારફતે થતી હોય, આ કેન્દ્ર સરકારના શ્રમ મંત્રાલયના આંકડા છે. આ શ્રમ મંત્રાલયના આંકડાના આધાર ઉપર જ્યારે આપ વિશ્વાસ કરતા હો તો આ નાણામંત્રીશ્રી જે બજૅટ લઈને આવ્યાં છે તેમાં પણ તમારે વિશ્વાસ કરવો જ પડશે પણ આ તો કેવી વાત છે, સાસું અને વહુની વાત કરું. એક ભિખારો રોજ ભીખ માગવા આવે. સાસું ઘરમાં ભોજન હોય તો આપે નહિ તો ના પાડે. એક દિવસ સાસું બિચારાં મંદિરે ગયા હતાં ત્યારે ભિખારી આવ્યો એટલે વહુએ ના પાડી કે આજે જમવાનું નથી આવતી કાલે મહારાજશ્રી આવજો. સંત પાછા જતા હતા ત્યાં રસ્તામાં પેલા સાસું મળ્યાં, શું થયું? તો કહે કે તમારા વહુએ આજે ના પાડી કે જમવાનું નથી. એમ? ચાલો પાછા. ઓટલા ઉપર જઈને સાસું ઊભા રહ્યાં અને પછી સંતને કહ્યું કે મહારાજશ્રી કાલે આવજો, આવતી કાલે તમને મળશે, આજે જમવાનું નથી. આ વહુનો હક્ક સાસું કેમ છીનવી લે છે? વિરોધ પક્ષ આ પોતાના મગજમાંથી કાઢી નાંખે. તમે વિરોધ પક્ષમાં છો એટલે વિરોધ જ કરવો જોઈએ. તમારે સમર્થન બતાવવું જોઈએ. સમર્થન કરતા શીખો. (અંતરાય) આ તો એક દ્રષ્ટાંત છે શૈલેષભાઈ, સાચી વસ્તુ કહું છું. વર્તમાન કોંગ્રેસની વાત નથી કરતો. અહીંયા બેઠાં છે એ તમામ ગુજરાતની સાડા પાંચ કરોડની જનતાના ટ્રસ્ટીઓ છે અને ટ્રસ્ટીઓ થકી આપણે ગુજરાત માટે સારામાં સારું વિચારવું પડશે. રોજગાર કચેરીમાં આ વખતે શ્રમ મંત્રાલય તરફથી એવી વાત લઈને આવ્યાં છે કે અમદાવાદ અને જામનગરના રોજગાર માહિતી અને યુનિવર્સિટી માહિતી કચેરીની અંદર નામ-નોંધણી બાબતમાં લેમિનેટેડ કાર્ડ પધ્ધતિની થયેલી રચના તેમજ ૧૩૯૬ આઈ.ટી.આઈ.નું સીપીપી મારફતે અપગ્રેડેશનની જોગવાઈ આ વખતે માનનીય મંત્રીશ્રી બજૅટમાં લઈને આવ્યાં છે. એક વસ્તુ બહુ સ્પષ્ટ છે કે કોઈપણ દિવસ જે કંઈક રોજગારીની વાત આવે છે. રોજગારીમાં તો પ્રથમ નંબરે છીએ જ. પણ રોજગારી કેવી રીતે મળી શકે તેના માટે પણ આ સરકારે પોતે દરકાર કરી છે. હું ખાસ વાત કરીશ તો ઔદ્યોગિક એકમોને તેઓની જરૂરિયાત મુજબ કુશળ અને બિનકુશળ કામદારો મળી રહે તે માટે (સમય સૂચક ઘંટડી) ૨૦૧૦માં ૬૨૬ ઔદ્યોગિક મેળાઓ, સંરક્ષણ ક્ષેત્રે ૨૬ તાલીમ વર્ગોનું આયોજન, સ્કુલ અને કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને અભ્યાસની સાથે સાથે ૧,૯૯૯ કેરિયર કોનર્સના વર્ગો, વિદેશમાં વધુ અભ્યાસ માટે અમદાવાદ ખાતે વિદેશ રોજગાર કેન્દ્ર, રાજયમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે સ્પર્ધાત્મક પરિક્ષાઓ માટેના તાલીમ વર્ગો કરવા માટે તેઓને તાલીમબધ્ધ કરવા માટે કેરિયત ગાઈડન્સ અને અંગ્રેજી માધ્યમમાં સ્કોપ મારફતે અત્યાર સુધીમાં ૧૧,૫૦૦ ઉમેદવારોને તાલીમ આપવામાં આવી છે. ૨૦૧૦-૧૧માં ડિસેમ્બર સુધીમાં ઉમેદવારોને નૌકાદળની જગ્યાઓમાં ભરતી થઈ શકે તે માટે કોચીંગ કમ તાલીમના વર્ગો ..

**અધ્યક્ષશ્રી :** માનનીય ઈકબાલભાઈ.

**શ્રી ઈકબાલ પટેલ (વાગરા)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના બજેટ ઉપર સમગ્ર ગુજરાતના સાડા પાંચ કરોડની જનતાની નજર હતી. વારંવાર કેન્દ્ર સામે અનેક પ્રશ્નો ઉભા કરી કેન્દ્રથી આપણે મહાન છીએ એ રીતે વાતો કરી, આપણી સિદ્ધિઓ સૌથી વધારે છે એવી વાતો કરી અને આ બજેટમાં એવા પ્રકારનું કાંઈક લાવશે કે જેનાથી ગુજરાતની એક આગવી પ્રભિતા ઉભી થશે એવી ગુજરાતની આમ જનતાને એક નજર હતી. પણ જયારે બજેટ રજૂ કરવામાં આવ્યું ત્યારે નાણા મંત્રીશ્રીની પણ મર્યાદાઓ હશે. કારણ કે, સરકાર જે રીતે ખર્ચ કરી રહેલી છે, જે રીતે કરકસરના પગલાઓ લેવામાં આવતા નથી અને જાહેરાતલક્ષી જેને કહેવાય, પ્રચારલક્ષી જેને કહેવાય, વ્યકિતલક્ષી જેને કહેવાય એવા પ્રકારનું જે રીતે વાતાવરણ ઉભું કરવામાં આવે છે. સ્વાભાવિક છે કે, એ સ્થિતિમાં ટેક્સ વધારે નાખવો પડે. દેવાના ડુંગર નીચે દબાયેલી રાજયની આર્થિક સ્થિતિ ૧,૨૩,૦૦૦/- કરોડ રૂપિયાનું દેવું અને એના ઉપરનું વ્યાજ અને એ વ્યાજ એટલું બધું કે જેના કારણે ટેક્સ નાખી અને નવા ટેક્સના ભારણ સાથેનું જે બજેટ લઈને નાણા મંત્રીશ્રી આવેલા છે. એમાં બજેટમાં આમ આદમી માટે, સામાન્ય માનવી માટે જેની વાત કરવામાં આવે છે, એમાં એવી કોઈ પણ રાહતો કે યોજનાઓ આ બજેટમાં જોવામાં આવતી નથી. રાજયનું દેવું ઉત્તરોતર વધારે થતું જાય છે તેમ છતાં કોઈ કરકસરના પગલાઓનો પણ એમાં ઉલ્લેખ કરવામાં આવેલો નથી. એટલું જ નહીં આમ ગુજરાતીના ઉપર માથાદીઠ દેવું જે વધતું જાય એ પ્રકારનું આ બજેટ છે. એટલું જ નહીં આજે આપણે જોઈ રહેલા છીએ કે, માથાદીઠમાં આવક પણ આપણે ખૂબ પાછળ જઈ રહેલા છીએ. આખા દેશમાં ગુજરાત માથા દીઠ આવકમાં પણ પાંચમા ક્રમે જતું રહેલું છે. આપણા પહેલા મહારાષ્ટ્ર, દિલ્હી, ચંદીગઢ અને ગોવા રાજયો આપણાથી પણ વધુ આવક ધરાવતા રાજયો બનવા પામેલા છે. જયારે ગુજરાત ૬૩,૯૬૧/- રૂપિયાની આવક સાથે પાંચમા ક્રમે માથાદીઠ આવક જેની પહોંચેલી છે. કારણ કે, આ રાજયમાં ખેતીને બચાવવા માટે કોઈ પગલાઓની આ બજેટમાં જાહેરાત કરવામાં આવેલી નથી. ઉદ્યોગોના વિકાસની વાતો કરેલી છે પણ ખેતીને કઈ રીતે બચાવવી? ઉદ્યોગોનું આક્રમણ ખેતીને અસર ન કરે એવી જાતની જે નીતિ આપણે બનાવવી જોઈએ એવી કોઈ નીતિ આ બજેટમાં જોવામાં આવતી નથી. કમનસીબે ખેતીની જમીન ઘટતી જાય છે. ગૌચર લેન્ડની અનેક હજજારો એકર જમીન, ગામતળની અને ગૌચરની લેન્ડો જે અપાઈ જાય છે ઉદ્યોગોને એને બચાવવા માટેની કોઈ જોગવાઈ કરવામાં આવેલ નથી. એટલું જ નહીં રિઝર્વ ફોરેસ્ટ લેન્ડ છે એ એસ્સાર અને અદાણી જેવા ઉદ્યોગોને આપી અને એ નિયમીત કરવા માટેનું હજજારો હેકટર જમીનમાં આ ઉદ્યોગોને આપી અને ઉદ્યોગોને લહાણી કરવામાં આવી રહેલ છે. બીજી બાજુ કિસાસનો માટે કોઈ યોજના નથી. નર્મદા યોજનાની વાત કરીએ તો નર્મદા યોજનાના નામે રાજનીતિ કરવામાં આવે છે. નર્મદા યોજના ગુજરાતની પ્રજાની જીવાદોરી છે. એમાં કોઈ પક્ષાપક્ષી નથી એમાં ખેડૂતોના ખેતરમાં પાણી પહોંચવું જોઈએ એવો સામાન્ય રીતે અભિગમ છે. છતાંપણ આજે નર્મદા યોજનાનું પાણી ખેડૂતના ખેતરમાં પહોંચતું નથી. કારણકે ૫૫૦૦૦ કિલોમીટર જેટલી કેનાલ બનવાની બાકી છે અને કેનાલો જર્જરીત થતાં તુટી ગઈ છે, ગાબડા પડયા છે કામની હલકી ગુણવત્તાને કારણે ખેડૂતના ખેતરમાં આજે પણ પાણી પહોંચી શકયું નથી. દેશમાં સૌથી મોંઘી વીજળી ગુજરાતમાં આપવામાં આવે છે છતાંપણ જયારે ગુજરાત સરપ્લસનો દાવો જયારે કરતા હોય, ઉર્જા મંત્રી વારંવાર કેન્દ્રને નિશાન બનાવીને જયારે વાત કરતા હોય ત્યારે મારે એટલું જ કહેવું છે કે આ બજેટમાં કિસાન માટે વીજળી ૮ કલાકને બદલે ૧૪ કલાક આપવાની વાત કરી હોત તો હું એને જરૂર આવકાર આપત. એ જ પ્રમાણે ખેડૂતોના વીજ જોડાણની જે વાત થઈ. હજારો એકર જમીનમાં જે વીજ જોડાણ માટે સિંચાઈની ખેડૂતો રાહ જોઈ રહયા હતા એને નિરાશા આપનારું આ બજેટ છે. ડાર્ક ઝોનના નામે ૫૭ તાલુકામાં વીજ જોડાણો અપાવાના નથી અને એ જ પ્રમાણે ટ્રાયબલની અંદર ૪૫ જેટલા તાલુકાના વીજ જોડાણ અપાવાના નથી પરિણામે ગુજરાતમાં સો જેટલા તાલુકા એવા રહેશે કે જેમાં ખેડૂતને કુવા ઉપર વીજળી નહીં મળે અને એ કારણે આ કિસાન વિરોધી બજેટ છે. એ બજેટમાં ખેડૂતોને ફાયદો થાય એવું એક પણ પગલું ભરવામાં આવ્યું નથી. રાજયમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળતી જાય છે અને એટલા કારણે રાજયમાં જે પરિસ્થિતિનું નિર્માણ થયેલું છે એ પરિસ્થિતિની અંદર નેશનલ ક્રાઈમ રેકોર્ડના આધારે ૨૨૦૦૦ લોકો અકસ્માતમાં એક વર્ષની અંદર ગુજરાતમાં મૃત્યુ પામેલા છે. ૬૧૫૬ જેટલા લોકો નેશનલ ક્રાઈમ રેકોર્ડ પ્રમાણે આપઘાત કરેલો છે, આત્મહત્યા કરેલી છે. સ્યુસાઈડ કરેલો છે અને એ જ પ્રમાણે મુખ્ય બનાવોની અંદર ટ્રાફિક સેન્સના અભાવે ગુજરાત છઠ્ઠા ક્રમે જતું રહયું છે અને આખા દેશની અંદર અમદાવાદને ૨૪મા ક્રમ ઉપર આત્મહત્યાની અંદર મુકવામાં આવેલું છે. એ જ પ્રમાણે અહીંયા વાત કરવામાં આવી. ૧૬૦૦ કિલોમીટર લાંબો દરિયાકિનારો છે અને ૧૬૦૦ કિલોમીટરના દરિયાકિનારાની ઉપર સરહદી દેશો જયારે આવેલા છે, દુશ્મન દેશો આવેલા છે તો એ સરહદ ઉપર કોઈ સંરક્ષણ માટેનું, ડીફેન્સ માટેનું રાજયના બજેટમાં કોઈ પ્રોવિઝન નથી. આતંકવાદની વાત કરી. આતંકવાદની સામે પગલાં લેવા માટે આપણા તંત્રને આપણે પુરતી રીતે સુવિધાઓ આપેલી નથી. રાજયના અનેક વિભાગોમાં પોલીસ સ્ટેશનની અંદર અનેક ફરિયાદો હોવાછતાં રાજયના સામાન્ય નાગરિકની ફરિયાદનો નિકાલ થાય એવું એક પણ પગલું ભરવામાં આવ્યું નથી. હજારો પોલીસ કર્મીઓની જગ્યાઓ ખાલી છે. રાજયની અંદર વહીવટીતંત્ર માત્ર ને માત્ર એક ઓફિસના ઇશારા ઉપર ચાલે છે. રાજયની અંદર હજારો જગ્યાઓ ખાલી છે. તલાટી કમ મંત્રીઓ નથી. શિક્ષકોની જગ્યાઓ

ખાલી છે, પંચાયતના કર્મચારીઓની જગ્યા ખાલી છે. તાલુકા વિકાસ અધિકારી જેવી અગત્યની જગ્યા ખાલી છે. એ જ પ્રમાણે કર્મચારીઓની, ડેપ્યુટી ડી.ડી.ઓ.ની, ટી.ડી.ઓ.ની, હજારો જગ્યાઓ કર્મચારીઓ સહિતની ખાલી છે. એ જ પ્રમાણે રાજયમાં એસ.ટી. બસોની વાત કરવામાં આવે છે. દર વર્ષે બજેટમાં એસ.ટઠી. બસો ખરીદવા માટેનું પ્રોવિઝન કરવામાં આવે છે પરંતુ વાસ્તવિક રીતે જોઈએ તો એસ.ટી. બસોની સંખ્યા જે છે એ દિન પ્રતિદિન ઘટતી જાય છે. એમાં બહુ વ્યાપક ઘટાડો થયેલો છે. અનેક બસો સ્ક્રેપ થયેલી છે. અનેક બસો આજે રોડ ઉપરથી નીકળી ચુકેલી છે અને નવી બસો આઈટમ બજેટમાં મુકવા છતાં પણ ખરીદી કરવામાં આવતી નથી પરિણામે વિદ્યાર્થીઓ માટે, આમ આદમી માટે, સામાન્ય વ્યકિતઓ માટે મુસાફરી કરવાનું ખાનગી ક્ષેત્રના વાહનો ઉપર આધારિત રહેવું પડે છે. રાજયના ગરીબો માટે આ બજેટમાં જોગવાઈ નથી અને એટલા માટે કેન્દ્ર સરકારની જયારે ગઈકાલે આપણા વિદ્વાન મિત્ર વાત કરતા હતા. ત્યારે વાત કરીશું કેન્દ્રને માત્ર એક, બે, ત્રણ મુદ્દા ઉપર જોવાને બદલે રાજયના મહત્વકાંક્ષી વિકાસમાં કેન્દ્રનો જે ફાળો છે એમાં તમને કેટલી બધી યોજનાઓ આપણને ગુજરાતને આપેલી છે અને એ યોજનાઓમાં ઈન્દીરા આવાસ જેવી મહત્વકાંક્ષી યોજના જેમાં ૩૩૭૫૦ એક આવાસદીઠ સરકાર આપે છે. અત્યાર સુધીના આવાસ બાંધકામ થયા તેમાં સૌથી મોટી રકમ તે કેન્દ્રની છે. મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજના ૧-૪-૨૦૦૮ થી અમલ કરેલો છે. ૯૦:૧૦ ના ધોરણે યોજના છે. અત્યાર સુધીમાં સંખ્યાબંધ લાભો મળેલા છે એ લાભો માત્ર રોજગાર ગૅરન્ટી એકટના કારણે છે. એ પ્રમાણે વોટર શેડ કાર્યક્રમ ૧-૪-૨૦૦૩ થી અમલમાં છે. ૪૫,૦૦૦ લાખ અત્યાર સુધીની રકમ કેન્દ્ર દ્વારા મળેલ છે. સર્વ શિક્ષા અભિયાનમાં ૨૦૦૧ થી કેન્દ્રનો ફાળો આપે છે. ૬૫ ટકા ફાળો આપે છે. તેમાં ૧૦૨૬૭ શાળા મરામત કરાવેલ છે. એમાં ૬૫ ટકા કેન્દ્રએ આપેલા છે. ૯૦૪ મધ્યાહન ભોજનના કીચન રૂમ છે. ૬૫ ટકા કેન્દ્રએ આપેલા છે.૨૮૪ મુખ્ય શિક્ષક ખંડો આપેલા છે. ૭૫૮૨ કમ્પાઉન્ડ વોલ આપેલા છે. ૫૮૬૨ પીવાના પાણીની સુવિધા આપેલ છે. ૮૫૦૩ ટોઈલેટ બ્લૉક આપેલા છે. ૨૧,૦૦૦ ઓરડા આપેલા છે. આ બધુ કેન્દ્રની યોજનાના પરિણામે છે. આ કેન્દ્રના કારણે છે. ડો. મનમોહનસિંહના કારણે છે. એના આયોજનના કારણે છે. એક બાહોશ વડાપ્રધાન દેશને મળેલા છે, એના ભાગરૂપે રૂરલ એરિયામાં, ગ્રામીણ વિસ્તારની અંદર આપણે આજે જે કઈ જોઈ રહેલા છીએ. પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના કોના કારણે છે? રાજીવ ગાંધી વિદ્યુતીકરણ યોજના કોના કારણે છે? નેશનલ રૂરલ હેલ્થ પ્રોગ્રામ એ કોના કારણે છે? ૧૧૧૦ જેટલા પી.એચ.સી. ૨૯૧ જેટલા સી.એચ.સી અને ૭૨૭૪ પેટા કેન્દ્રો એ કોણ ગ્રાન્ટ આપે છે? એ રીતે રેલ્વેની અંદર વિદ્યાર્થીઓ માટે મફત પાસ આપવાની જાહેરાત મમતા બેનરજીએ કરેલ છે. એ ડો.મનમોહનસિંહના નેતૃત્વને આભારી છે. આજે આપણે એરપોર્ટ જોઈ રહેલ છીએ, તે એરપોર્ટ કોના આધારે છે? કેન્દ્ર સરકારની નીતિના કારણે બનાવેલા છે. આજે ઘણા બધા નેશનલ હાઈવે જોઈ રહ્યા છીએ. ભૂતકાળમાં કયારેય આટલા નેશનલ હાઈવે નહોતા. જે વિદેશની કક્ષામાં હાઈવે કહેવાય, એ ફૉરેનની કક્ષામાં હાઈવે કહેવાય એ હાઈવે આપવાનું કામ કોણે કરેલ છે. કેન્દ્રની યુ.પી.એ. સરકારે કામ કરેલ છે. એ જ પ્રમાણે એક્સપ્રેસ હાઈવે બનાવેલ છે. એ કોણે કરેલ છે. તે કેન્દ્રને કારણે છે. પગાર પંચ કર્મચારીઓને ફાયદો કરનારું બનાવેલ છે તે કોણે આપેલ છે? તે કેન્દ્રની સરકારે આપેલું છે, એટલે જે રીતે વાત કરવામાં આવે છે. કેન્દ્રની ઉપર નિશાન તાકવામાં આવે છે. ડો. મનમોહનસિંહની ઉપર વાત કરવામાં આવે છે. રાહુલ ગાંધી ઉપર વાત કરવામાં આવે છે. આપણે બધા એની વાત કરતા પહેલા એની આંગળી આપણા ઉપર જોવાની જરૂર છે. આપણે કયાં છીએ? આપણા અધિકારીઓ ક્યાં છે? આપણા માજી ગૃહ મંત્રી કયાં છે? હજારો લોકો જેલોમાં ગયેલા છે. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કોણે બગાડેલી છે? કંદહારમાં જઈને આંતકવાદીઓને કોણ સુપરત કરી આવેલ હતું? કંદહારમાં જઈને પૈસા આપીને કોણે છૂટા કરેલ હતા? એન.ડી.એ.ના શાસનમાં જે કઈ બનેલ હતું. (xxxx) નામ તમે શા માટે નથી કરાવી શકેલા? ગોધરા કાંડ અને ત્યારપછીના તોફાનોમાં ૨૦૦૦ માણસો મરી ગયા એ કોના શાસનમાં થયેલ હતું? અમેરિકાએ વિઝા ન આપ્યા તે કોના શાસનમાં નથી આપ્યા? બ્રિટને વિઝા નથી આપેલા એ કોના શાસનમાં નથી આપેલા? બાજપાઈએ રાજધર્મ બજાવવાનું કહેલું તે કોના શાસનમાં કહેલ હતું? સીટ આપણને પૂછપરછ માટે બોલાવે એ કોના શાસનમાં બનેલ હતું?(અંતરાય) આ બધુ વજુભાઈ ગઈકાલે કહેવાની જરૂર હતી તમારે. કાલે પ્રદીપસિંહ બોલતા હતા ત્યારે વજુભાઈએ કહેવાની જરૂર હતી? એ રીતે આજે સાહેબ રાજયની અંદર નિર્દોષ લોકો કહેવાય તે નિર્દોષ લોકો આજે સહન કરી રહેલ છે એ આપણી નીતિના કારણે છે. આપણી નીતિના કારણે નિર્દોષ લોકોએ સહન કરવું પડેલ છે. હજારો લોકો આજે પણ બેઘર છે. આજે પણ લઘુમતીના બાળકોને સબસિડી અને શિષ્યવૃત્તિનું પ્રોવિઝન નથી કરતા. પ્રિ-મૅટ્રિક શિષ્યવૃત્તિનું પ્રોવિઝન નથી કરતા. એ જ પ્રમાણે પોસ્ટ ગ્રૅજ્યુએટ છે તેમાં પણ લઘુમતી વિદ્યાર્થીનું પ્રોવિઝન કરવામાં આવતું નથી. કેન્દ્ર જે પૈસા આપે છે તે પૈસા પાછા જાય છે. એ પૈસા ગુજરાતના બાળકોના હિતમાં વાપરવાના બદલે આપણે ૨૫ ટકા રકમ બજેટમાં પ્રોવિઝન નહિ કરવાના કારણે આપણે એનો લાભ લઘુમતી વિદ્યાર્થી સુધી પહોંચાડી શકતા નથી અને એટલા માટે આપણે એટલું જ કહેવા માગીએ છીએ કે મજબૂત ગુજરાતનું નિર્મણ કરવા માટે આપણે મજબૂત કેન્દ્ર જોઈશે અને મજબૂત કેન્દ્ર હશે તો જ ગુજરાત મજબૂત બનશે.

માનનીય અધ્યક્ષશ્રી, એટલું જ નહીં જ્યારે જ્યારે આપણે કેન્દ્રની વાત કરીએ છીએ ત્યારે કેન્દ્રના લાભો, કેન્દ્રના જે કંઈ વિકાસના પ્રોજૅકટો મળ્યા છે તેની સાચી વાત લોકો સુધી પહોંચે તે પ્રકારનું આપણે કરવું જોઈએ. બજૅટ જે રીતે રજૂ કરેલ છે તેને અમે ટેકો આપી શકતા નથી.

**સભાપતિશ્રી:** ઈકબાલભાઈ આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય નરેશભાઈ પટેલ.

**શ્રી નરેશભાઈ મ. પટેલ (ચીખલી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં આ રાજયના નાણા મંત્રીશ્રી આદરણીય વજુભાઈ વાળા ૧૭મી વખત ઐતિહાસિક જે બજૅટ લઈને આવ્યા છે તેને હું આવકારું છું અને તેના સમર્થનમાં મારા વિચારો રજૂ કરું છું.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષ સ્થાને**

**શ્રી નરેશભાઈ મ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, આ બજૅટમાં ખાસ કરીને અમારા આદિવાસી સમાજને સ્પર્શતા બે બજૅટ, આદિજાતિ બજૅટ માટે ૪૮૪૮ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. તે બદલ આપણા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને નાણા મંત્રીશ્રીને અભિનંદન આપું છું. એટલું જ નહીં પણ બીજું બજૅટ જે વન પર્યાવરણ વિભાગનું છે તે પણ અમારા આદિવાસી સમાજને બહુ જ સ્પર્શે છે તેવા બજૅટ માટે ૫૦૮ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે તે બદલ અભિનંદન આપું છું. આ વખતના બજૅટમાં આદિજાતિનું જે બજૅટ છે તેમાં જે હળપતિ સમાજ, ખાસ કરીને તે સમાજ આજસુધી આઝાદી પછી પણ પીડાતો આવ્યો છે તે સમાજ માટે, તેના ઉત્કર્ષ માટે અને પાયાની સુવિદ્યા માટે ૧૫.૫૦ કરોડ રૂપિયાની જે જોગવાઈ કરવામાં આવી છે તે બદલ હું સરકારને અભિનંદન આપું છું. ખાસ કરીને વન પર્યાવરણ વિભાગમાં આપણો જે ૧૬૦૦ કિલોમીટરનો દરિયાકાંઠો છે અને તેમાં ગયા વખતના બજૅટમાં દરિયાઈ પટ્ટાનું કોઈ ધોવાણ ન થાય અને ત્યાંની જીવ સૃષ્ટિને સંરક્ષણ મળે તેના માટે ૧૬૮૩૦ હેકટરમાં ચેરનું વાવેતર થવાનું છે તો ચોક્કસ આ વન વિભાગ, નાણા મંત્રીશ્રી અને સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં આદિવાસીને જંગલની જમીન અને અન્ય હક્કો માટે ઘણી ચર્ચા ચાલે છે. આપના મારફત વિપક્ષના સાથી સભ્યોના ધ્યાન પર લાવવા માગું છું કે આજે સામેની પાટલી પર બેઠા છો પણ આ પાટલી પર તમે લગભગ મારા ધ્યાન પ્રમાણે ૩૫ થી ૪૦ વર્ષ સુધી શાસન કર્યુ છે. તે સમયે જો કદાચ આદિવાસીઓની ચિંતા કરીને એકાદ આદિવાસીને એકાદ ટુકડો કે સનદ આપવામાં આવેલી હોત તો હું માની જાત અને હું એક આદિવાસી સમાજમાંથી એક આદિવાસી ધારાસભ્ય તરીકે જવાબદારીપૂર્વક બોલું છું. ૧૯૬૭ પહેલાં અને ૧૯૮૦ પહેલાં જે કંઈ સનદો આપી છે તે ભારતીય જનતા પાર્ટીની સરકારે આપી છે અને કેન્દ્રમાં એન.ડી.એ.નું શાસન હતું. ત્યારપછી ૨૦૦૬માં મેં એટલા માટે કે આ સામેના સભ્યોને ચિંતા થઈ, થોડા સમય પહેલાં તાલુકા જિલ્લા પંચાયતનું ઇલૅકશન ગયું. મારે કહેવું છે કે ૧૨ જિલ્લામાંથી ૧૧ જિલ્લામાં ચૂંટણી થઈ અને આ ૧૧માંથી ૧૦ જિલ્લા પંચાયતો ભાજપે કબજે કરી છે અને એક તાપી જેવો જિલ્લો કોંગ્રેસ પાસે છે. એટલું જ નહીં ૫૪ તાલુકા પંચાયતમાં ૪૭ તાલુકા પંચાયત પર આજે આદિવાસી વિસ્તારે કબજો કર્યો છે અને ત્યાં ભારતીય જનતા પાર્ટીનું શાસન છે. એનાથી આગળ વધીને વાત કરવી છે કે ૨૦૦૬માં ફૉરૅસ્ટ એકટ પ્રમાણે જે કાયદાની જોગવાઈ જંગલની જમીન માટે થઈ છે તે બાબતે પણ મારે વાત કરવી છે. ૨૦૦૮માં તેની અમલવારી થઈ, ત્યારપછી આ વર્તમાન ભાજપની સરારે આ આદિવાસીઓને હક્ક મળે તે માટે ચિંતા કરી.

માનનીય અધ્યક્ષશ્રી, આ વર્તમાન ભાજપની સરકારે આ આદિવાસીઓને હક્ક મળે એ માટે ચિંતા કરી, ગ્રામ સમિતિઓ દ્વારા એમની અરજીઓ સ્વીકારવામાં આવી, ત્યાર પછી તાલુકા સમિતિ પાસે ગઈ અને જિલ્લા સમિતિ પાસે જાય છે ત્યારે આ જિલ્લા સમિતિમાં જિલ્લા કલેક્ટર, ડીડીઓ, પ્રાંત અધિકારી અને ત્રણ જિલ્લા પંચાયતના સભ્યોની આ સમિતિ બનેલી છે. કાલે તાપી જિલ્લાનો જ્યારે પ્રશ્ન હતો ત્યારે મારે સામેના પક્ષને આ વાત કરવી છે તાપી જિલ્લામાં સોનગઢ મત વિસ્તારમાં આવતો માંડવી વિસ્તાર આખા ગુજરાતમાં રૅકૉર્ડ છે કે એક હજાર જેટલા આદિવાસીઓને કબજા રસીદ આપવામાં આવી છે. એટલું જ નહીં પણ ટોટલ આજ સુધીની જે ભારતીય જનતા પાર્ટીની સરકારે કેન્દ્રમાં વન પર્યાવરણ મંત્રીશ્રી જયરામ રમેશે પણ આ ગુજરાત સરકારની પ્રશંસા કરી છે અને આવા આદિવાસી ખેડૂતોને ટોટલ ૨૭૬૧૩ આદિવાસીઓને ૧૬૦૬૨ હેકટર જમીનની કબજા રસીદ આપવામાં આવી છે કાલે મારા સાથી મિત્ર અને મારા સમાજના શ્રી ઈશ્વરભાઈ ૨૭૫ હેઠળની ગ્રાન્ટની વાત કરતા હતા અને પંદર હજાર કરોડના પૅકૅજ સાથે સરખાવતા હતા, ત્યારે મારે આ શ્રી ઈશ્વરભાઈને કહેવું છે કે, કેન્દ્રની અંદર ૨૭૫ હેઠળ ૮૨ કરોડ રૂપિયાની દરખાસ્ત ગયેલી છે અને એના ભાગરૂપે ૩૫ કરોડ રૂપિયાની જોગવાઈ થયેલી છે, માનનીય અધ્યક્ષશ્રી, એ જ નહીં પણ આદિજાતિ માટે ખાસ કેન્દ્રિય સહાય એના માટે ૭૩ કરોડની જોગવાઈ થયેલી છે તો શ્રી ઈશ્વરભાઈ કયાં પંદર હજારનું પૅકૅજ અને એની સામે ૪૮૪૮ કરોડ રૂપિયાનું પૅકૅજ, કયાં ૭૩ કરોડ રૂપિયાનું પૅકૅજ? કયાં સુધી આ રીતે આદિવાસીઓને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન થશે? મિત્રો, આઝાદીના ૬૪ વર્ષ પછી જો કદાચ સારી રીતે વિકાસ કરી શક્યા હોય, સર્વાંગી વિકાસ કરી શક્યા

હોય તો માત્રને માત્ર આદરણીય નરેન્દ્રભાઈની સરકાર અને એક મજબૂત મનોબળના કારણે, અને જે એમની દીઘ દ્રિષ્ટા છે અને જે આદિવાસીઓ વિસ્તારમાં એમણે નાગલીનો પણ રોટલો ખાદ્યો છે અને અડદનું ભૂજિયું પણ ખાદ્યુ છે. અને આદિવાસીઓની પીડા પણ સમજી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એનાથી પણ આગળ જઈને વાત કરવી છે કે, થોડાક દિવસ પહેલાં એ રીતે ૭૩ AA માટે આવેદનપત્ર અપાયાં અને અન્ય હક્ક માટે પણ અપાયાં ત્યારે મારે સામેના મિત્રોને કહેવું છે આદિવાસી ધારાસભ્ય તરીકે કે અમે પણ એ જવાબદારીને સમજીએ છીએ અને અમને અમારી સરકાર ઉપર ભરોસો છે કે કોઈપણ આદિવાસીઓના હક્ક છીનવાવાના નથી અને ભવિષ્યમાં પણ છીનવાશે નહીં, પણ મિત્રો, મહેરબાની કરીને અમારા આદિવાસી સમાજનો વર્ષો પછી જે વિકાસ થઈ રહ્યો છે એમાં રૂકાવટ ન આવે એવી આપને મારી વિનંતી છે અને એના પરિણામો તમે જોયાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આજે આદિજાતિ વિભાગનું ૪૮૪૮ કરોડ રૂપિયાનું જ્યારે બજૅટ છે ત્યારે ચોક્કસ એની પણ બે વાત કરવી જોઈએ. ૪૮૪૮ કરોડ રૂપિયાનું જ્યારે ચાલુ વર્ષે એ બજૅટ વપરાવાનું છે ત્યારે ચોક્કસ જે આદિવાસી વિસ્તારની જે માળખાકીય સુવિધાઓ છે, ખાસ કરીને આંતરિક રસ્તાઓ, પાણી પીવા માટેના જે પ્રશ્નો, અન્ય ગરીબો માટે જે વીજજોડાણ, જે બીપીએલ યાદીમાં પણ આવતા કેટલાક કુટુંબો છે એમના માટે આમાં વીજજોડાણની પણ ચિંતા થઈ છે અને હું ચોક્કસ માનું છું કે, ૪૮૪૮ કરોડ રૂપિયાના પેકેજમાં હું આશા રાખું છું કે, જે અમારી આદિવાસી વિસ્તારનો વર્ષો પછી જે વિકાસમાં જે અનેક રૂરલ એરિયા જે વંચિત છે એને ચોક્કસ એમાંથી પરિણામ મળશે. માનનીય અધ્યક્ષશ્રી, વન પર્યાવરણ વિભાગ પણ આ જ રીતે જે વન વિસ્તાર છે, એનાથી જે વન વિસ્તારમાં જે રીતે વન વિભાગનો જે પ્રોગ્રેસ છે. નહેરકાંઠાનો વિસ્તાર હોય કે રસ્તાની બાજુની જમીન હોય, રેલ્વેની બાજુની જમીન હોય કે ગામની ગૌચરની જમીન હોય પરંતુ અનેક રોપાઓ ખેડૂતોને આપીને જે વૃક્ષારોપણ થાય છે એ ચોકકસ એક હરિયાળુ ગુજરાત બની શકે અને આવનારા દિવસોમાં આવતા અનેક પ્રદૂષણોનો સામનો થાય એ જ ભાવના સાથે વન વિભાગ પણ જે કામગીરી કરે છે એ બદલ આદરણીય મંત્રીશ્રી મંગુભાઈ અને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને અભિનંદન આપું છું અને ખાસ કરીને આજે માનનીય નાણામંત્રીશ્રી આદિજાતિ વિભાગ માટે ૪૮૪૮ કરોડ રૂપિયા અને વન અને પર્યાવરણ માટે ૫૦૮ કરોડ રૂપિયાનું જે બજેટ લઈને આવ્યા છે એમાં હું તેઓને સમર્થન આપું છું અને મારી વાત પૂરી કરું છું.

**શ્રી દુષ્યંતભાઈ ર. પટેલ (ભરૂચ)** : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા સત્તરમીવાર અંદાજપત્ર લઈને આવ્યા છે ત્યારે તેમને હું અભિનંદન આપું છું અને મારા વિચારો વ્યક્ત કરું છું. આ બજેટ પણ કંઈક એનર્જીવાળુ છે ત્યારે ઔદ્યોગિક, આર્થિક અને સામાજિક વિકાસ માટે ઉર્જા એક મહત્વનું પરિબળ બને છે, મને બરાબર યાદ છે આઠેક વર્ષ પહેલાં આ સ્ટેટ એનર્જી ડેફિશિટ રાજ્ય હતું અને આજે જ્યારે એનર્જી સરપ્લસ સ્ટેટ છે ત્યારે આ એનર્જી સરપ્લસને કારણે મારે માનનીય મુખ્યમંત્રીશ્રી અને ઉદ્યોગ મંત્રીશ્રી સૌરભભાઈ પટેલને જેટલા અભિનંદન આપીએ તેટલાં ઓછાં છે, આ રાજય આજે એનર્જી સરપ્લસને કારણે સાત બીજા અન્ય રાજયોને વીજળી આપે છે. આજથી બરાબર આઠ વર્ષ પહેલાં કોઈ ઉદ્યોગકારને ગુજરાતમાં આવવું હોય તો એવું પુછાતું હતું કે 'વ્હાય ગુજરાત? ' અને આજની વાયબ્રન્ટ ગુજરાત ૨૦૧૧માં 'ઓન્લી ગુજરાત' નો શબ્દ વપરાય છે, દેશના ટોપ ઈન્ડસ્ટ્રીયાલિસ્ટ અને ૧૦૯ જેટલા વિદેશના પ્રતિનિધિઓ વાયબ્રન્ટ ગુજરાત ૨૦૧૧ની સમિટમાં હાજર હતા અને પોતાનો પ્રતિભાવ આપ્યો હતો તો તેમાં નરેન્દ્રભાઈ માનનીય મુખ્યમંત્રીશ્રીનું સબળ દુરંદેશી નેતૃત્વ, ગુડ ગવર્નન્સ, પ્રો-ડેવલપમેન્ટ નીતિ, ટ્રાન્સપરન્સી, આંતરમાળખાકીય સુવિધાઓ, ઉત્તમ વહીવટી તંત્ર, સેફ્ટી, હેલ્થ અને એન્વાયરમેન્ટ, પોર્ટ, ગેસ ગ્રીડ અને એબોવ ઓલ એનર્જી સરપ્લસના કારણે આ બધા ઉદ્યોગકારો અહીંયા આવ્યા છે, મારે ગર્વ સાથે કહેવું છે કે, આ દેશના ૬૫ ટકાનું પેટ્રોકેમિકલ્સ આપણું આ રાજ્ય બનાવી રહ્યું છે,

ગુજરાત રાજ્યની બીજી વાત કરું તો પેટ્રોકેમિકલ્સના ક્ષેત્રે અનોખું યોગદાન છે, સોલ્ટના ક્ષેત્રે પણ છે, ગ્લાસ ઈન્ડસ્ટ્રીઝમાં છે, ડાઈઝ અને ડાઈઝ ઈન્ટરમિડિએટમાં છે, ડેનિમ ઈન્ડસ્ટ્રીમાં છે, શિપિંગ બ્રેકીંગમાં છે, ડાયમંડ પ્રોસેસીંગ અને પોલિશીંગ, પોલિએસ્ટર અને પોલિએસ્ટર ડાઈંગ, ફાર્માસ્યુટિકલ્સ, કેમિકલ્સ અને ફર્ટિલાઈઝર્સ, લિગ્નાઈટ, લાઈમ સ્ટોન આવા અનેક ઈન્ડસ્ટ્રીઝની અંદર ગુજરાતનું આજે અનોખું યોગદાન રહ્યું છે.

રાજયમાં ઉર્જા ક્ષેત્રે કેસરી ક્રાંતિ, દૂધ ઉત્પાદન ક્ષેત્રે શ્વેત ક્રાંતિ અને કૃષિક્ષેત્રે હરિતક્રાંતિ દ્વારા જે આ બજેટની અંદર ૧૯૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે તે માટે ખરેખર અભિનંદનને પાત્ર છે, ગુજરાતમાં હયાત વીજક્ષમતામાં ૪૭૪૨ મેગાવોટનો ૩૬ ટકાનો વિક્રમી વધારો કરીને ૧૮ હજાર મેગોવોટના આંકને સ્પર્શે છે ત્યારે ઉદ્યોગમંત્રીશ્રીને હું જેટલા અભિનંદન આપું તેટલા ઓછાં છે, કિસાનની વાત કરતા હતા તો કિસાન હિત ઉર્જાશક્તિ યોજના ' ખુશી ' ના માધ્યમથી ખેડૂતને યોગ્ય વોલ્ટેજથી કૃષિ માટે વીજળી મળે તે માટે પણ જોગવાઈ કરાઈ છે, ૪૮૨૨ સરકીટ કિલોમીટરની લાઈન નવી નાંખવાના છે તે ટ્રાન્સમિશન માટે પણ જે જોગવાઈ કરાઈ છે તે પણ અભિનંદનને પાત્ર છે.

માનનીય અધ્યક્ષશ્રી, ફેબ્રુઆરી મહિનામાં મહારાષ્ટ્ર રાજયની અંદર જ્યારે ઇન્ડસ્ટ્રીયલ પૉલિસી માટે મંત્રી, મુખ્યમંત્રી અને અગત્યના બધાય લોકો પૉલિસી ડિસાઈડ કરવા બેઠા હતા ત્યારે બધાજ મહારાષ્ટ્રના

મંત્રીશ્રીઓએ ગુજરાતનો ઉલ્લેખ કર્યો હતો. તો ત્યાંના નાયબ મુખ્યમંત્રીએ એમ કહ્યું હતું કે Why are you referring Gujarat repeatedly? It has a dynamic leadership. જ્યારે બાકીના રાજયો પણ આની નોધ લે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે પ્રદૂષણ મુકત બિન પરંપરાગત ઉર્જા ઉત્પાદન મહત્ત્વપૂર્ણ અને અનિવાર્ય બન્યું છે. સમગ્ર વિશ્વના ક્ષેત્રે વિકાસ થવો જરૂરી છે. અને સમગ્ર વિશ્વના ક્ષેત્રે સંશોધન પ્રાથમિકતા આપી રહ્યું છે ત્યારે મારે ગર્વ સાથે કહેવું છે ગુજરાત દેશભરમાં સૌથી પહેલો સોલર પૉલિસી જનરેશન જાહેર કરનાર પુનપ્રાપ્ય ઊર્જા અને ઊર્જા સંરક્ષણ ટૅક્નૉલૉજીને પ્રોત્સાહન પૂરું પાડનાર ક્ષેત્રે પ્રથમ છે. અત્યાર સુધી બીજા કોઈ રાજયે આવી નીતિની ઉદ્‌ઘોષણા કરી નથી. વિકાસની પ્રક્રિયામાં આવનારા દિવસોમાં ગુજરાત ઊર્જા ઉત્પાદન ક્ષેત્રે પ્રદૂષણ મુકત ઉર્જા ઉત્પાદન કરવામાં એક મહત્ત્વનું કદમ ઉઠાવી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, સોલર એનર્જી wind energy, tidal energy જેવા મહત્ત્વના એમ.ઓ.યુ. પણ આ ક્ષેત્રે થયા છે. ગુજરાત આવનારા દિવસોની અંદર ગ્રીન અને કિલન એનર્જીનું હબ બનવાનું છે. Jetropha જેવા bio-fuel સંશોધન પણ ગુજરાતમાં આજે આ રાષ્ટ્રની અંદર અગ્રેસર છે. ગુજરાતની ઘણી બધી નગરપાલિકાની અંદર ઘન કચરાના પ્રોસેસ અને તેમાંથી પણ ઉર્જા ઉત્પાદનની પ્રક્રિયા શરૂ કરી છે.

**અધ્યક્ષશ્રી** : બે મિનિટમાં પૂરું કરો.

**શ્રી દુષ્યંતભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતે એક દેશમાં માનવીય જિંદગી અને સંપત્તિને ઓછામાં ઓછું નુકસાન કરવા પુરુષાર્થ કરી રહ્યું છે ત્યારે મારે ગર્વ સાથે કહેવું છે કે, આપણે જ્યાં બેઠાં છીએ તે ગાંધીનગર આવનારા દિવસોમાં સોલર સીટી બનવાની દિશામાં રાજય સરકાર આગળ વધી રહી છે. આવનારા દિવસોમાં ગુજરાત વિશ્વનું સૌર ઉર્જા શકિતનું સોલર કેપિટલ બનવાનું છે ત્યારે આજે માનનીય નાણામંત્રીશ્રી જે અંદાજપત્ર લઈને આવ્યાં છે તેમાં હું મારું સમર્થન આપું છું.

**શ્રી ચંદુભાઈ ડાભી (કરજણ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે સ્વર્ણિમ ગુજરાતનું અંદાજપત્ર લઈને આવ્યાં છે તેના ઉપરના મારા કેટલાક વિચારો પ્રદર્શિત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ણિમ ગુજરાતનું અંદાજપત્ર છે અને સ્વર્ણિમની જ્યારે ઉજવણી થઈ રહી હોય ત્યારે અમારા લોકોની જેટલી પણ અપેક્ષાઓ હતી તે અપેક્ષા ઉપર પાણી ફેરવ્યું છે. અહીંયા અનુસૂચિત જાતિના તેમના પક્ષમાં ૧૧ ધારાસભ્યો છે અને એમાંથી બેને મંત્રીશ્રી બનાવ્યાં છે. પણ જ્યારે નવું મંત્રીમંડળ થયું ત્યારે મને એવી અપેક્ષા હતી કે અમારી જે ત્રણ બહેનો છે, ખૂબ એજયુકેટેડ છે તે બહેનોમાંથી એકને મંત્રી પદ આપવામાં આવશે. ત્યારે એ પણ તે કરી શક્યા નથી.

**અધ્યક્ષશ્રી** : ચંદુભાઈ, આપ બજેટ ઉપર આવી જાવ, તે આપનો વિષય છે.

**શ્રી ચંદુભાઈ ડાભી :** માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિની વસતિ સાત ટકા પ્રમાણે છે. રાજયના કુલ આયોજનમાંથી અંગભૂત યોજના હેઠળ ૨૬૦૦ કરોડનું કદ હોવું જોઈએ આ કદ પણ તેમણે વેતરી નાંખ્યુ છે. સૌથી મોટો સવાલ તો અહીંયા વણકરોની રોજી-રોટીનો ઉભો થયો છે. ગુજરાતમાં ૧૮૦ વણકર મંડળીઓ છે એમાં ૯ થી ૧૦ હજાર વણકરો તેમાં કામ કરતાં હોય છે અને અપેક્ષિત તેમાંથી રોજી મેળવતાં હોય છે. પરંતુ તેના નિગમના જે અધિકારીઓ છે તે પાવરલૂમના કાપડને હાથસાળના સ્થાને મૂકે છે અને તેમની રોજી-રોટી છીનવી લીધી છે. એટલું નહીં પણ દસ લાખ કરતાં જો વધુ ટેન્ડર હોય તો તેમને મૂકવું પડે છે. પણ દસ લાખ કરતાં ઓછું ટેન્ડર કરે છે અને આ રીતે તેની રોજી-રોટી ઉપર તરાપ મારી રહ્યાં છે. સૌથી મોટો પ્રશ્ન તો એ છે કે, ગુજરાતમાં દલિતો પરનો અત્યાચાર થાય છે તે દેશમાં ચોથા ક્રમે છે.

માનનીય અધ્યક્ષશ્રી, 'હું ખાતો નથી અને ખાવા દેતો નથી' એવી વાત કરે છે. તો હું એક દાખલો આપવા માગું છું કે અમરેલી જિલ્લામાં ડો. બાબાસાહેબ આંબેડકર યોજનામાં હમણાં ભ્રષ્ટાચાર થયો અને જૂનાં મકાનો બતાવીને એના ચેક લઈ લીધા અને એમાં અધિકારીને સસ્પેન્ડ કર્યા છે, પરંતુ હજુપણ એની રિકવરી કરી નથી. સૌથી મોટો સવાલ એ છે કે સમગ્ર ગુજરાતના દલિતો ઉપર એમના સ્વમાન ઉપર ઠેસ પહોંચાડી છે. નંબર વન કહેવાતા દલિત સમાજને મંદ બુધ્ધિના બાળક તરીકે ચિતરે છે ત્યારે ભાજપમાં બેઠેલા અમારા ધારાસભ્યો છે તેમનું માથું પણ ઝૂકી જવું જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, હું કેટલાક અત્યાચારની વાત કરું તો સુરેન્દ્રનગર જિલ્લાની વાત કરું તો મંત્રીશ્રી પણ અમારા સુરેન્દ્રનગર જિલ્લામાંથી આવે છે ત્યાં સુરેન્દ્રનગર જિલ્લાના મૂળી તાલુકાના રામપુરા ગામના દલિતો રામજી મંદિરમાં પ્રવેશતા હતા ત્યારે એમને અટકાવવાની ચેષ્ઠા કરવામાં આવી અને તેમની ઉપર હુમલો કરવામાં આવ્યો. એ જ રીતે ગયા મહિનાની જ વાત કરું તો કડી તાલુકો કે જયાંથી પણ મંત્રીશ્રી આવે છે એ કડી તાલુકાના ડાંગરવા ગામમાં દલિતોની એક જાન ગઈ હતી એ જાન ઉપર ત્યાંના લોકોએ હુમલો કર્યો અને દલિતો સારી રીતે લગ્ન પણ ના કરી શકે એવી પરિસ્થિતિ નિર્માણ થઈ.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપને એક બીજી પણ વાત કરવા માગું છું કે અમારા વડોદરા શહેરમાં જે મેયરશ્રી છે અને વડોદરાની એમ.એસ.યુનિવર્સિટી કે જેમાં અમે અભ્યાસ કર્યો છે અને જે યુનિવર્સિટીની આજે વિશ્વમાં નામના છે એ એમ. એસ. યુનિવર્સિટીમાં આ મેયરશ્રીએ ખોટી રીતે એલ.એલ.બી.માં પ્રવેશ લીધો. એ

ડિપ્લોમા થયા હોવા છતાં એલ.એલ.બી.માં પ્રવેશ લીધો અને એનો ઉહાપોહ થયો ત્યારે યૂનિવર્સિટી સત્તાવાળાઓએ એમનો પ્રવેશ કેન્સલ પણ કર્યો હતો. તો આ મેયરશ્રી કયા પક્ષના છે એ તો આપને પણ ખબર હશે. એટલું જ નહીં, પરંતુ આ રીતે આખા રાજયમાં બોગસ સર્ટિફિકેટ અને અને આવા બોગસ પ્રવેશ થાય છે એનું એ.પી.સેન્ટર પણ વડોદરામાં જ છે. વડોદરાના વિદ્યાર્થી નેતાઓ અમારા નેતાશ્રીને મળ્યા અને એમણે રજૂઆત કરી ત્યારે આ જે છે એ કરનાર છે એમને પકડવામાં આવ્યા છે. સૌથી મોટો સવાલ એ છે કે કોઈ ખેડૂત પોતાની ખેતી માટે એક ટ્રેકટર માટી જો લે તો એની ઉપર પોલીસ કેસ કરવામાં આવે છે અને એનું ટ્રેકટર ડિટેઈન કરવામાં આવે છે અને એને દંડ થાય છે.આ રીતે કરીને અધિકારીઓ આ રીતે હેરાન કરે છે, પરંતુ આ રાજયમાં કોડીનાર અને સૌરાષ્ટ્રમાં અને અન્ય જગ્યાએ ખનીજ ચોરીના ૫૦૦ કરોડ રૂપિયાની કરચોરી કરી હોય અને છતાંપણ કેટલીક એવી ચોકકસ પાર્ટીઓ છે કે જેને ખિતાબ અપાય છે અને એમનું સન્માન થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ.સી.બી.ના સૌથી વધારે કેસો થયા હોય તો જે ચાર વિભાગોમાં થાય છે એમાં ખાસ કરીને ગૃહ વિભાગ, પંચાયત વિભાગ, મહેસૂલ વિભાગ અને આરોગ્ય વિભાગ છે. ૨૦૧૦ માં લાંચના ૨૨૩ કેસ થયા અને એમાં એ.સી.બી.એ કુલ ૩૦૫ ને પકડયા છે. ખેરખર જોઈએ તો આ વિભાગનો મંત્રીશ્રીઓ ખૂબ સજાગ છે અને સતર્ક છે અને એકદમ ડાયનેમિક છે છતાં પણ કરપ્શન ડામવામાં સદંતર નિષ્ફળ ગયા છે. તો મંત્રીશ્રી આમાં આંખ આડા કાન કરે છે? આ કરપ્શન ડામવાનો તેમનો કોઈ ઈરાદો નથી?

માનનીય અધ્યક્ષશ્રી, કાયદો અને વ્યવસ્થાની વાત કરું તો એટલી બધી કથળી ગઈ છે કે કલ્પના કરવી પણ મુશ્કેલ છે. અમદાવાદ, વડોદરા ને સૂરત એટલા બધા કેસો બને છે કે ધોળા દિવસે દુકાનો લૂંટાય છે, અછોડા તોડાય છે અને બહેન-દીકરીઓની છેડતીના બનાવો બને છે. વડોદરામાં રોજના ૧૫-૨૦ બનાવો બને છે અને પોલીસ પણ ગુનેગારોને પકડી શકતી નથી. લાકો જયારે ગુનેગારને પકડીને પોલીસને સોંપે છે ત્યારે એની ઉપર શું પગલાં લેવાય છે અને એને કયાં રાખવામાં આવે છે એ પણ એક મોટો સવાલ ઉભો થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને ખેલ મહા કુંભની વાત કરુ તો એમાં ૫ લાખ ખેલાડીઓ ભાગ લેશે એવો અંદાજ હતો એના બદલે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ૧૨ લાખ ખેલાડીઓ ભાગ લેશે એવો અંદાજ કર્યો અને એમાં લાખો રૂપિયાના ફોર્મ છપાવ્યા અને એ ફોર્મ છપાવ્યા પછી અમદાવાદની એક કંપનીને આ ફોર્મની વિગતો ભરેલ છે એનો ડેટા કોમ્પ્યુટરાઈઝ કરવા માટે ૪ કરોડ રૂપિયાનું ટેન્ડર આપ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, અધિકારીઓના જણાવ્યા પ્રમાણે એની જરૂર ન હોવા છતાં પણ...

**અધ્યક્ષશ્રી** : માનનીય ચંદુભાઈ, આપનું પ્રવચન પૂરું થાયછે. માનનીય ભાનુબેન આપ પ્રવચન શરૂ કરો.

**શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ-ગ્રામ્ય)** : માનનીય અધ્યક્ષશ્રી, લોકશાહીના આ પવિત્ર મંદિરમાં આપને હું ખુબ ખુબ શુભેચ્છાઓ સાથે બજેટ ઉપર કૃષિ વિષયક ચર્ચા કરી રહી છું. ગુજરાતની પ્રજાના હિતની રખેવાળી કરતી એવી આદરણીય તેમજ વહીવટી કુશળતા ધરાવતા, જેમણે સમગ્ર વિશ્વમાં ગુજરાતને ગૌરવ અપાવ્યું છે અને સમગ્ર વિશ્વમાં આજે ગુજરાતના વિકાસનો જેમના નેતૃત્વમાં ડંકો વાગી રહ્યો છે તેમજ લોક હ્રદય સમ્રાટ એવા ગુજરાતના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અત્યારે ગુજરાતે વિકાસની હરણફાળ ભરી છે. ગુજરાત રાજયમાં ઐતિહાસિક કહી શકાય એવું ૧૭મી વખત માનનીય નાણા મંત્રીશ્રી તરીકે અંદાજપત્ર રજૂ કરનાર એવા અમારા રાજકોટના પાણી વાળા મેયર તરીકે જેમને બિરૂદ મળેલું છે તેવા માનનીય વજુભાઈ વાળાને હું ખૂબ અભિનંદન આપું છું. આજે હું અંદાજપત્રમાં કૃષિ વિષયક ચર્ચામાં મારું સમર્થન આપવા સાથે ચર્ચા કરી રહી છું. કૃષિ અને સહકાર વિભાગ હેઠળ ૨૦૪૫ કરોડની રકમની જોગવાઈ કરવામાં આવી છે. આપણો ભારતદેશ એ કૃષિપ્રધાન દેશ છે. આપણી સંસ્કૃતિમાં ખેડૂતોને જગતનો તાત કહેવામાં આવે છે. ભારત દેશ કૃષિ અને સંસ્કૃતિને વરેલો દેશ છે. લેબ ટુ લેન્ડનું સૂત્ર એટલે લેબોરેટરીમાં થતા વૈજ્ઞાનિક સંશોધનો ખેડૂતોના ખેતર સુધી પહોંચવા જોઈએ. અને વૈજ્ઞાનિકો લેબોરેટરીમાં જે સંશોધનો કરે છે તે સંશોધનો ખેડૂતના ખેતર સુધી પહોંચે અને વાસ્તવિક પરિસ્થિતિનો અભ્યાસ કરી અનેસંશોધનો કરે તે વાસ્તવમાં જોઈએ તો કૃષિ એ સંસ્કુતિ અને વિજ્ઞાન પણ છે. ૨૦૦૨માં આ સરકારના માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જોયું કે આપણી કૃષિ યુનિવર્સિટીમાં ૭૦૦ કરતાં વધુ કૃષિ વૈજ્ઞાનિકો છે તેઓ કૃષિને લગતા અનેક સંશોધનો કરે છે. પરંતુ જયાં સુધી એ કૃષિ સંશોધનો ખેતરમાં ન પહોંચે ત્યાં સુધી એ સંશોધનોનો કોઈ અર્થ રહેતો નથી. એટલા માટે એમણે આ વૈજ્ઞાનિક સંશોધનો ખેડૂતોના ખેતરસુધી પહોંચે તો ખેડૂતોની સાચી સેવા થઈ લેખાશે એક તરફ વૈજ્ઞાનિકોની બુદ્ધી અને બીજી તરફ ખેડૂતોની કોઠાસૂઝ જોઈએ તો બન્નેનો સમન્વય થાય તો સોનામાં સંગંધ ભળે એવું થાય, મને કહેતાં ખૂબ ગર્વ થાય છે કે કૃષિ ક્ષેત્રના સંશોધનો અને શિક્ષણ એ બન્નેનો વ્યાપ વધારીને માનનીય નરેન્દ્રભાઈ મોદીએ નવો ક્રાન્તિકારી વિચાર અમલમાં મૂકયો અને તે છે કૃષિ મહોત્સવનો. ૨૦૦૫માં કૃષિ મહોત્સવની ઉજવણીનો પ્રારંભ સમગ્ર ગુજરાતમાં થયો અને આ કૃષિ મહોત્સવના માધ્યમથી સરકારના અધિકારીઓ, મંત્રીશ્રીઓ અને ધારાસભ્યશ્રીઓ ખેડૂતના ખેતર સુધી પહોંચે છે, ગામડાંના ખેડૂતને જયારે અખાત્રીજના દિવસે ખેતીની પૂર્વ તૈયારી કરતો હોય ત્યારે આ પૂર્વ તૈયારીમાં ખેડૂતોની સાથે આ અધિકારીઓ, મંત્રીશ્રીઓ અને ધારાસભ્યશ્રીઓ પણ ખેડૂતના ખેતર સુધી પહોંચવા જોઈએ અને આ સમન્વય થાય તો તેનાથી ખૂબ સારા પરિણામો મળે, અને તેના પરિણામો આપણે કૃષિરથના માધ્યમથી જોઈ શકયા છીએ. આ કૃષિ રથના માધ્યમથી ખેડૂતોના કૃષિ મહોત્સવની

ઉજવણી થતી હોય ત્યારે ખેડૂતોને કીટસનું વિતરણ કરવામાં આવે છે. ખેતીની સાચી રીત અંગેનું માર્ગદર્શન, વૈજ્ઞાનિક પધ્ધતિથી ખેતી તેમજ પાકનું ખેતરમાં વાવેતર થતું હોય એ વાવેતરમાં કોઈ જીવાંત બેસી ગઈ હોય એ જીવાંતનો નાશ કરવા માટે કેવા પ્રકારની દવાનો છંટકાવ કરી શકાય, ઓછી જમીનમાં કયા પાકનું વાવેતર કરી શકાય, પાકની ફેરબદલી કરવાની, આવી તો અનેક પ્રકારની માહિતી કૃષિ મહોત્સવના માધ્યમથી ખેડૂતોને ઘર આંગણે આપવામાં આવે છે. કૃષિરથના માધ્યમથી ખેડૂતોને ઘર આંગણે કૃષિ વિષયક માર્ગદર્શન આપવામાં આવે છે જેના માટે થઈને હું ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને આપણા કૃષિ મંત્રીશ્રી દિલીપભાઈને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

ગુજરાતે છેલ્લા દસકામાં કૃષિ ક્ષેત્રે તથા સર્વ ક્ષેત્રે ભરેલી વિકાસની હરણફાળને કારણે આજે ગુજરાતનું અર્થતંત્ર મજબૂત બન્યું છે, કૃષિ વિષયક દરમાં સમગ્ર દેશમાં અન્ય રાજયો કરતાં ગુજરાત રાજય અગ્રેસર છે. રાજયનું અર્થતંત્ર કૃષિ ઉપર નિર્ભર હોવાથી એની હકારાત્મક અસર જોઈ શક્યા છીએ, જેનો યશ જો કોઈને આપવો હોય તો એ આપણા ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને જાય છે.

ગુજરાતમાં ખાસ કરીને સૌરાષ્ટ્રમાં જ્યાં માત્ર કુદરત પર જ આધાર રાખવો પડતો હતો એના બદલે સૌરાષ્ટ્ર, કચ્છ સહિત રાજયમાં લોક ભાગીદારીથી ૧ લાખ ૧૩ હજાર કરતાં વધારે ચેકડેમો બનાવ્યા છે. ૫૫ હજારથી વધારે બોરીબંધો બનાવ્યા છે, એ જ રીતે ૨ લાખ ૪૦ હજાર કરતાં વધારે ખેત તલાવડીઓ પણ બનાવીને પાણીની સુવિધા ઉપલબ્ધ થવાથી કચ્છ અને સૌરાષ્ટ્રમાં કુલ વાવણીમાં ૧૫૦ ટકાનો વધારો થયો છે. સાથે સાથે કુદરતે પણ ગુજરાત ઉપર છેલ્લા દસકામાં ખૂબ જ મહેર કરી છે જેના લીધે ખેત ઉત્પાદનમાં અનેકગણો વધારો થયો છે જેથી આ સરકારમાં ખેડૂતો ઉપર કુદરતની પણ ખૂબ જ કૃપા છે એમ કહી શકાય. આપના માધ્યમથી વિરોધપક્ષના સભ્યશ્રીઓને એક વાત કહેવા માગું છું. આ લોકો હંમેશા એક વાત કરતા હોય છે કે આ ઉદ્યોગપતિઓની સરકાર છે, પરંતુ છેલ્લા વરસોમાં કૃષિ ક્ષેત્રે ગુજરાતનો જે વિકાસ થયો છે એ ૫૦ વર્ષના શાસનમાં પણ નહોતો થયો એવો વિકાસ થયો છે ત્યારે તમે એમ કેમ કહેતા નથી કે આ ખેડૂતલક્ષી સરકાર છે? ગુજરાત સ્વર્ણિમ જયંતિ વર્ષની ઉજવણી કરતું હોય અને અત્યાર સુધીમાં ૩૨૫ જેટલા ગરીબ કલ્યાણ મેળા યોજીને ગરીબ લાભાર્થીને સીધે સીધી સહાય તેમના હાથમાં આપવામાં આવી છે ત્યારે એમ કેમ નથી કહેતા કે આ ગરીબલક્ષી સરકાર છે, વંચિતોના વિકાસ માટેની સરકાર છે એવું કેમ નથી કહેતા? એક ખૂબ જૂની કહેવત છે કે આપણે કોઈનું ભલું ન કરી શકીએ તો કંઈ નહિ પરંતુ કોઈનું ભલુ થતું હોય તો એમાં આડા તો ન આવીએ. માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ જે અંદાજપત્ર લઈને આવ્યા છે એમાં મારુ સમર્થન આપીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ(શહેરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે બજૅટ લઈને આવ્યા છે એમાં મારું અનુમોદન આપવા માટે ઉપસ્થિત થયો છું. આમ તો મને એવું લાગે છે કે ગિનિસ બૂકમાં નામ લખાય કારણ કે ગૌરવ લેવા જેવી વાત છે. ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ અને માનનીય વજુભાઈ વાળાએ ૧૭મી વખત બજૅટ રજૂ કર્યુ છે એ ઇતિહાસ નહિ પણ લિમ્મકા બૂકમાં નામ લખાય તેવો ઇતિહાસ છે.

ગુજરાતના વિકાસ માટેની વાત કરીએ, સન ૨૦૧૧માં વાયબ્રન્ટ ગુજરાતની અંદર જાપાન અને કૅનૅડાના સહયોગથી ભાગીદારી સાથે ૧૦૧ દેશો અને ૧૯ રાજયના લોકો ઉપસ્થિત રહીને ગુજરાતનું ગૌરવ વધારવાનું કામ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી અને ગુજરાતની સરકારે કર્યુ છે એ અભિનંદનને પાત્ર છે. જ્યારે ગુજરાત સમિટ ચાલતી હતી ત્યારે મારે એ કહેવું જોઈએ કે કૅનૅડા અને જાપાનની ભાગીદારી હતી ત્યારે

અમૅરિકાના રાજદૂતે એવું કહ્યું કે નેકસ્ટ ઈયર હમારા યહા બોર્ડ લગેગા એવું અમૅરિકાના એમ્બેસેડરે વાત કરી ત્યારે ગુજરાતનું ગૌરવ વધારવાની વાત ગુજરાતના ગૌરવ સિવાયની કોઈ વાત ન હોઈ શકે.

જ્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીએ મારા મત વિસ્તારમાં અને સિંચાઇ મંત્રીશ્રીએ જે જોગવાઈ કરી છે. અને જે જોગવાઈ પાનમ હાઈ લેવલની અંદર જે ટનલ છે એ ટનલ ચાર કિલોમીટર જેટલી લાંબી બનાવીને ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ અને સિંચાઈ મંત્રીશ્રીએ આ વખતે પાનમ હાઈ લેવલ માટે ૩૪ કરોડ રૂપિયા શહેરા તાલુકાની જનતા માટે વાપરવા માટે બજૅટમાં જે જોગવાઈ કરી છે તે માટે મુખ્યમંત્રીશ્રી, નાણા મંત્રીશ્રી અને સિંચાઈ મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. મારા મિત્ર સી.કે. રાઉલજી બોલ્યા, હમણાં એક વાત કરી કે પી.ડી.સી. બૅંક માટેની જે વાત કરી. પી.ડી.સી. બૅંક માટેની વાત માટે હું એ કહેવા માગું છું કે પી.ડી.સી. બૅંકમાં *(xxxx) (xxxx)લોકો બેઠા હતા. પી.ડી.સી. બૅંક તેના કારણે જ બંધ થઈ હતી. અને પી.ડી.સી. બૅંકમાં..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ઑર્ડર. ઑર્ડર. આપ બેસો.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : પી.ડી.સી. બૅંકમાં ૮૩ કરોડ રૂપિયા ગુજરાતના મુખ્યમંત્રી અને નાણા મંત્રીએ બાંયધરી આપી અને નાબાર્ડમાં મોકલ્યા છે અને પી.ડી.સી. બૅંક ટૂંક સમયમાં ચાલુ થવાની છે. તેની પણ તેમને ખાતરી આપું છું.

**શ્રી સી.કે. રાઉલજી** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે.

**અધ્યક્ષશ્રી** : આપે બેઠાં બેઠાં કોમેન્ટ કરી છે. પ્લીઝ બેસી જાવ. નહીં,

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : આ જે બોલી રહ્યા છે ત્યારે મારે એ જ કહેવું છે કે સી.કે. રાઉલજીને ખબર નથી કે..

**અધ્યક્ષશ્રી** : આપે બેઠાં બેઠાં કોમેન્ટ કરી છે તેના આધારે આપને મેં પણ કહ્યું. પ્લીઝ. બેસો. (અંતરાય)

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : કૃષિ ક્ષેત્રે.. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપને કંઈ કહેવું હશે તો આપના પ્રવચનમાં જવાબમાં કહેજો.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, મને પ્રોટેકશન આપો, મને બોલવાની તક આપે. (અંતરાય) કૃષિની વિભાગમાં જે રીતે પ્રગતિ થઈ છે તે રીતે..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહભાઈ..(અંતરાય) પૉઈન્ટ ઑફ ઑર્ડર શું છે?

* (xxxx માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

# પૉઈન્ટ ઑફ ઑર્ડર

**શ્રી સી.કે. રાઉલજી** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં માનનીય સભ્યશ્રી ઉભા થઈને જે વાત કરે છે એ વાત ગૃહને સાચા માર્ગે લઈ જવા માટેની વાત કરે છે. પણ આ જે વાત કરે છે..

**અધ્યક્ષશ્રી** : આપનો પૉઈન્ટ ઑફ ઑર્ડર શું છે?

**શ્રી સી.કે. રાઉલજી** : પૉઈન્ટ ઑફ ઑર્ડરની જ વાત કરું છું કે પંચમહાલ ડિસ્ટ્રિક્ટ બેંકમાં હું ડિરેક્ટર નથી. હું જવાબદાર નથી. પંચમહાલ ડિસ્ટ્રિક્ટ બેંકમાં ભાજપના ગોપાલસિંહ સોલંકી ચેરમેન હતા અને એમનું જ બોર્ડ હતું અને આજે મારું નામ લીધું છે. તો એ રૅકૉર્ડ ઉપરથી કમી થવું જોઈએ. (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : આમાં પૉઈન્ટ ઑફ ઑર્ડર શું છે? અત્યારે કોઈ પ્રશ્નનો જવાબ નહીં. અહીં બધા લોકો બોલ્યા છે એ શું સાચું બોલ્યા છે? એટલા માટે સાચા-ખોટાનું કશું અહીં હોય નહીં, જે સભ્યએ બોલવાનું છે એ મર્યાદામાં બોલે. સંસદીય ભાષામાં બોલે. આ કોઈ પૉઈન્ટ ઑફ ઑર્ડર છે નહીં અને આ વાત પણ રૅકૉર્ડ ઉપરથી કાઢી નાખવી જોઈએ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વજુભાઈએ જે વાત કરી છે (અંતરાય) તમે બેસો જેઠાભાઈ, માનનીય વજુભાઈએ જે વાત કરી છે તેને જ હું સમર્થન આપું છું, ધ્યાન નહોતું આપનું. એમણે સી.કે. રાઉલજીના નામ જોગ એવું કહ્યું કે તમે આ બેંકમાં હતા, હવે એ ડિરેક્ટર પણ નહોતા, ચેરમેન પણ નહોતા. આ ગૃહના સભ્યને આવી કોઈ છૂટ આપણે આપીશું તો કોઈ કૌભાંડમાં આપ હો નહીં અને આપનું હું નામ લઈને કહું એ શબ્દો રૅકૉર્ડ ઉપર રહે એ બરાબર નથી. એ નહોતા એમાં ડિરેક્ટર, એ નહોતા એમાં ચેરમેન. એમના નામ જોગ એમણે કહ્યું છે અને એ કૌભાંડમાં આ ગૃહના આ પક્ષના કે આ પક્ષના, એ સભ્યનું નામ આ રીતે રૅકૉર્ડ પર રહે એ ન ચાલી શકે, એટલે સી.કે. રાઉલજીની જે વાત છે, આટલા પૂરતો જ મુદ્દો છે.

**શ્રી સી.કે. રાઉલજી** : સહકાર મંત્રીશ્રી જાણે છે..

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, સહકાર મંત્રીશ્રી જાણે છે એ વાત, સી.કે. રાઉલજીએ સાચી વાત કરી. પી.ડી.સી. બેંક માટેનો વિવાદ, કોનું કૌભાંડ, એ કરતાંય સર્વપક્ષીય મિટિંગ બોલાવીને આ બેંક કેવી રીતે ચાલુ થાય એમાં બધા જ હાજર હતા, બધાએ સહકાર આપ્યો.

આજે રાજય સરકાર દ્વારા છેલ્લા ૬ થી ૭ મહીના દ્વારા નાબાર્ડ રીઝર્વ બેન્કની માત્ર મંજૂરી મળે એટલા પૂરતું જ પેન્ડીંગ છે અને અને પૂરતા પ્રયત્નો કરે છે એટલે કૌભાંડો કરતા આ બેંક ચાલુ થાય એ માટે સર્વપક્ષીય પ્રયત્નો કરી રહ્યા છીએ એમાં આગળ વધીએ.

**અધ્યક્ષશ્રી** : માનનીય સી.કે. રાઉલજીભાઈએ જે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉભો કર્યો છે (અંતરાય)

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું એમ કહેવા માગુ છું કે *(xxxx) (xxxx)બેન્કની અંદર ડીરેકટર હતા,(અંતરાય)મેં એવું નથી કીધું (અંતરાય) મેં એવું નથી કીધું કે (xxxx) (અંતરાય) એવું નથી કહેતો હું. (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : ભૂતકાળમાં હતા એમ કીધું.

**અધ્યક્ષશ્રી** : શ્રી સી. કે. રાઉલજીભાઈએ જે પૉઈન્ટ ઑફ ઑર્ડર ઊભો કર્યો છે, જેઠાભાઈએ જે એમનો નામજોગ ઉલ્લેખ કર્યો છે એ હું રૅકૉર્ડ મંગાવીને જોઈ લઈશ અને અસંસદીય હશે તો એને દૂર કરીશ. (અંતરાય)હું જોઈને દૂર કરીશ.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : માનનીય શકિતસિંહજી, (xxxx) બેન્કના ડાયરેકટર હતા (અંતરાય) મેં એમ નથી (xxxx) (xxxx) એવું નથી કહેતો. (અંતરાય)તમે પણ બેંકમાં (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપ આગળની જે વાત હોય એ શરૂ કરો . (અંતરાય)આપ અંદાજપત્ર પરની ચર્ચા પર આવી જાવ પ્લીઝ.. પ્લીઝ.. ..

**પંકજકુમાર વી. દેસાઈ** : પણ ખુલાસો કરવાનો અધિકાર હોય કે ના હોય એ ખુલાસો કરે છે. (અંતરાય)**અધ્યક્ષશ્રી** : .. અંતરાય ..સતત અંતરાય .. શકિતસિંહભાઈ પ્લીઝ આપ બેસો. સી.કે. રાઉલજીભાઈ પ્લીઝ.. જેઠાભાઈ પ્લીઝ આપ અંદાજપત્ર પરની ચર્ચા આગળ વધારો.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, સી.કે.ને મેં કીધું કે (અંતરાય)મારી વાત સાંભળો.. હું એમણે કૌભાંડ કર્યુ છે એવું નથી કહેતો. એમણે ટીકા કરી છે, (અંતરાય)એ બોલ્યા છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શકિતસિંહભાઈ, આપ પ્લીઝ બેસો, સી. કે. રાઉલજીભાઈ પ્લીઝ, જેઠાભાઈ, આપની પાસે સમય ઓછો છે પછી આપનું પ્રવચન કરવાનું હશે એ રહી જશે.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, .મારો વિષય એવો નહોતો (અંતરાય) સતત અંતરાય ..

**અધ્યક્ષશ્રી** : એ બધું જોઈને દૂર કરવાની ખાતરી આપી છે. હું રૅકૉર્ડ જોઈને દૂર કરીશ શકિતસિંહભાઈ, મેં ખાતરી આપી દીધી છે. (અંતરાય)જેઠાભાઈ, એ મુદ્દો છોડીને આપ અંદાજપત્ર ઉપર આવી જાવ. આપ બેસી જાવ

---

* (xxxx માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

શકિતસિંહભાઈ, અર્જુનભાઈ પ્લીઝ.. જેઠાભાઈ ..જેઠાભાઈ (અંતરાય)આપ અંદાજપત્ર પર આપની ચર્ચા કરો. .. .. સતત અંતરાય ..

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, સી.કે.ને મેં કીધું (અંતરાય) પશુપાલન ક્ષેત્રે પણ જે કામગીરી થઈ છે એ કામગીરી માટે હું ગુજરાત સરકારને અભિનંદન આપુ છું. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : સી.કે. રાઉલજીભાઈ પ્લીઝ.. (અંતરાય)આપ બેસો.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : જે કંઈ કામગીરી થઈ છે એ કામગીરી માટે .. .. સતત અંતરાય ..

**શ્રી ઇકબાલ પટેલ** : આ સભ્યનું અવમાન થાય છે. (અંતરાય) સતત અંતરાય.. ..

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ આપ બેસી જાવ. (અંતરાય)સી.કે. રાઉલજીભાઈ આપ પ્લીઝ આપની ચેર પર જતા રહો.. માનનીય સંસદીય મંત્રીશ્રી વાત કરે છે. સિધ્ધાર્થભાઈ પ્લીઝ.. અંતરાય ..

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, મેં બધાના સહયોગથી કામ ચાલે છે. (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે પોલીસ કેસ કર્યો છે એમાં સી.કે. રાઉલજીનું નામ હોય (અંતરાય) સી. કે. રાઉલજી તહોમતદાર નથી એની સ્પષ્ટતા તો આપે કરવી પડેને?

**શ્રી દિલીપ સંઘાણી** :માનનીય અધ્યક્ષશ્રી, ના અત્યારે માત્ર વસૂલાત ન આવી એના માટેની વાત છે. . .. અંતરાય ..માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કીધું કે વસૂલાત ન આવી હોય એના માટેના કેસનું લિસ્ટ અલગ રીતે ચાલે છે. આ બેન્ક ચાલુ કરવા માટે સર્વપક્ષીય રીતે આપણે સૌના સહયોગથી આગળ વધી રહ્યા છીએ. (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : એમનું નામ તહોમતદારમાં છે કે કેમ એ તો કહેવું પડેને?

**શ્રી દિલીપ સંઘાણી** : (અંતરાય) ના, કોઈ તહોમતદારમાં નથી. (અંતરાય)તહોમતદારની વાત .. અંતરાય..

**શ્રી પંકજકુમાર વી. દેસાઈ** : પણ ખુલાસો કરવાનો અધિકાર હોય કે ના હોય એ ખુલાસો કરે છે. (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : એ તહોમતદાર છે એ કેસમાં?

**અધ્યક્ષશ્રી** : જેઠાભાઈ , પ્લીઝ આપ બેસી જાવ.. .. ઈકબાલભાઈ પ્લીઝ..અંતરાય

**શ્રી દિલીપ સંઘાણી** : તહોમતદાર કે ક્રીમીનલની વાત છે, હું પોલીસ રેકર્ડ મારા વિભાગ દ્વારા તપાસ કરાવી અને કહીશ.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, આવી કોઈ વાત કરી નથી. (xxxx) (xxxx)મેં કોઈ એવી વાત કરી નથી.

**અધ્યક્ષશ્રી** : આપનું પ્રવચન આગળ વધારો. એ વિષય પૂરો થાય છે. પ્લીઝ જેઠાભાઈ....

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : પી.ડી.સી. બેંક માટે ગુજરાત સરકારે, ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ જે કામગીરી કરી છે એ આજ સુધી કોઈ દિવસ કોઈ માણસે નથી કર્યું. ૮૩ કરોડ રૂપિયાની ગેરંટી ગુજરાત સરકારે આ જે દેવાળું કાઢેલ એના માટે આપ્યા છે(xxxx) (xxxx)કૌભાંડો જેણે કર્યા છે, કોણે કર્યા છે એ બધી માહિતી છે. (અંતરાય) ગૃહ વિભાગે જે કામગીરી કરી છે એ કામગીરી માટે (અંતરાય) મારો સમય બગાડ્યો છે એ મને આપજો. કારણ કે આ કોંગ્રેસના મિત્રોએ મારો સમય બગાડ્યો છે. ગુજરાતના ગૃહ વિભાગની કામગીરી થઈ છે એ ભારતીય જનતા પક્ષની સરકાર આવ્યા પછી જ થઈ અને એ ન ભૂતો ન ભવિષ્યતિ છે. કારણ કે આજે આપણે પેપરમાં જોઈએ છીએ કે

* (xxxx) (xxxx) (xxxx) (xxxx) (xxxx)ભા.જ.પ.ની સરકાર આવ્યા પછી ગુજરાતની અંદર કાયદો અને વ્યવસ્થા કેવી છે એ જોઈએ તો ભવિષ્યમાં આવી સારી પરિસ્થિતિ ક્યારેય ન હતી. (અંતરાય)

# પોઈન્ટ ઓફ ઓર્ડર

## અન્ય રાજ્યની ટીકા કરવા બાબત

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગઈ કાલે જ મેં અન્ય રાજ્ય સરકારની ટીકા થઈ શકતી નથી. પાન. ૩૩૭ ઉપરનું જજમેન્ટ વાંચ્યું હતું. (xxxx) (xxxx)એટલે કે આપણને ગુજરાતમાં પરમિટ મળતી હોય ત્યાંની સરકારની ટીકા કરવાની એવો કોઈ અધિકાર નથી. આપ આપની ચિંતા ગુજરાતના સંદર્ભમાં કરો, અન્ય રાજ્યની ટીકા કરવા માટે આપના પક્ષના વિરોધપક્ષમાં ત્યાં મોકલ્યા હોય એ ત્યાં ટીકા કરે. આ ગૃહમાં આપણે અન્ય રાજ્યની ટીકા નથી કરી શકતા. આપનું ગઈકાલનું પણ જજમેન્ટ હોવા છતાં આજે સભ્ય બોલ્યા છે એ શબ્દો રેકોર્ડ ઉપરથી દૂર થવા જોઈએ.

**અધ્યક્ષશ્રી** : હું રેકોર્ડ જોઈએ દૂર કરીશ.

---

* (XXXX માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

# અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : એમને ગમે એ રાખજો મને વાંધો નથી. એમને સારું લાગે એટલું રાખજો. આદર્શ કૌભાંડ થાય, હસન અલી કૌભાંડ થાય, સ્પ્રેક્ટમ કૌભાંડ થાય એ બધા કૌભાંડો કરવા માટે એમને છૂટ છે. એમાં મને કોઈ તકલીફ પડવાની નથી. જેટલા કૌભાંડો કરવા હોય એ કોંગ્રેસના શાસનમાં કૌભાંડો થાય અને એને પ્રોત્સાહન આપતા રહો, એ ચાલું રાખો એનો વાંધો નથી. પણ આ કૌભાંડોના બદલામાં ચૂંટણીઓમાં ભારતીય જનતા પક્ષ અને ગુજરાતની પ્રજા તમને કદી માફ કરવાની નથી એ યાદ રાખજો. ગુજરાતની પ્રજા આ બધા કૌભાંડો જોઈને તમને યાદ કરી રાખશે. હસન અલીનું કૌભાંડ એ ૪૦ હજાર કરોડ રૂપિયાનું કૌભાંડ, આ દેશમાંથી ૪૦ હજાર કરોડ, આ દેશની ગરીબ દીકરીને ભણવા માટે કામે લાગતા, ગરીબને છાપરું બનાવવાના કામમાં આવતા, ગરીબ માણસને, દલિતો માટે કામ લાગતા, ગરીબોના ઉદ્ધાર માટે કામ લાગતા એવા ૪૦ હજાર કરોડ રૂપિયાનું કૌભાંડ હસન અલી જેવા લોકોએ કર્યું. એને ટેકો આપનાર કોણ સરકાર છે એ શોધી કાઢજો. મારે કહેવું છે કે કૃષિ ક્ષેત્રે જે કામગીરી થઈ છે, સહકાર ક્ષેત્રે જે કામગીરી થઈ છે એ માટે માનનીય મંત્રીશ્રીને મારે અભિનંદન આપવા છે. ગુજરાતમાં પ્રથમ વખત (સમયસૂચક ઘંટડી) મારો ટાઈમ આ લોકોએ બગાડી નાખ્યો. મને થોડો ટાઈમ આપો. શક્તિસિંહજી અને સી.કે.રાઉલજીએ મારો ટાઈમ બગાડ્યો એટલે મને ટાઈમ આપો. સહકાર વિભાગમાં કામગીરી થઈ છે, પશુપાલન ક્ષેત્રે જે કામગીરી થઈ રહી છે એ ક્યારેય આજ સુધી કોઈપણ સરકારમાં, ૬૦ વર્ષની આઝાદી સુધી કોંગ્રેસના લોકોએ ક્યારેય નથી કરી એ કામગીરી આ ભારતીય જનતા પક્ષની સરકાર અને નરેન્દ્રભાઈ મોદીની સરકારે કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, સારી ગુણવત્તાવાળું દૂધ મળે, સારો પશુ આહાર મળે એના માટે પણ આ બજૅટની અંદર જોગવાઈ કરી છે અને એ જોગવાઈ પશુપાલન માટેની ૪૧ કરોડ રૂપિયા જેથી સારી ગુણવત્તાવાળું દૂધ મળે એના માટેની જોગવાઈ કરી છે અને ૩૦ કરોડ રૂપિયાની જોગવાઈ પશુઓને સારો આહાર મળે એના માટે જોગવાઈ કરી છે. શકિતસિંહભાઈ, આજ સુધીના આપની સરકારના બજૅટો જોઈતા હોય તો કાઢીને જોજો કે જેથી કરીને એમાં એક પણ રૂપિયા આ માટે કોઈએ ગ્રાન્ટ ફાળવી છે કે કેમ? આપને ખ્યાલ આવી જશે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એક વાત એ કરવી છે કે ગુજરાતની અંદર જે રીતે કામગીરી થઈ રહી છે, ગુજરાતની અંદર જે રીતે વિકાસ થઈ રહ્યો છે ગુજરાતના લોકો માટે (અંતરાય) પાંચ મિનિટ સર, દોઢ મિનિટ સર..

**અધ્યક્ષશ્રી** : ડો. અનિલભાઈ.. (અંતરાય) આપ બેસી જાવ, પ્લીઝ.

**ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી ૫૨૪ કરોડના નવા કરવેરા સાથે ૨૧૧૨૫.૨૫ કરોડ ૮૭ લાખ જાહેર દેવું કરીને આવક ઊભી કરવાનો પ્રયત્ન કર્યો છે ત્યારે ૧૦૬૬૦ કરોડ અને ૬૧ લાખ ફક્ત અને ફક્ત વ્યાજ ચૂકવવામાં જવાના છે અને એમાંથી ૪૫૦૭ કરોડ ૭ લાખ રૂપિયા વ્યાજનું મુદ્દલ ચૂકવવા માટે જવાના છે ત્યારે આ લગભગ ૧૯.૧૫% આ બજૅટમાં બિન વિકાસ લક્ષી ખર્ચમાં જવાના છે.

માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્રીય આયોજન પંચ એમ કહે છે કે આદિવાસી વિસ્તારનું જે બજૅટ છે એ બજૅટ ૧૭.૫૭ % હોવું જોઈએ. છેલ્લા ઘણાં સમયથી સરકાર એનો આંકડો બજૅટમાં લખે છે કે ૧૭.૫૭ % થવું જોઈએ પણ અમે જે બજૅટ જોઈએ છીએ એમાં ૧૭.૫૭ % હોતું નથી. જે ટોટલ ખર્ચ છે એ ૩૭૧૫૨ કરોડ ૬૮ લાખ છે અને ૧૭.૫૭ % લેખે ૬૫૨૭ કરોડ અને ૭૨ લાખ થવા જાય છે જે આ બજૅટમાં ૧૬૬૯ કરોડ રૂપિયા ઓછા ફાળવ્યા છે. આ બજેટમાં ઓછા ફાળવ્યા છે એટલું જ નહિ પણ મારે એ કહેવું છે કે જુદા જુદા વિભાગના મંત્રીઓ પોતાના બજૅટનું આયોજન કરતા હોય છે અને પછી અમલીકરણ કરતા હોઈએ છીએ. આ જ એક વિભાગ એવો છે કે જેનું આયોજન પણ બીજા વિભાગો કરે છે અને એનું અમલીકરણ પણ બીજા વિભાગો કરે છે એના લીધે પરિસ્થિતિ એ થાય છે કે જે કાંઈ બજૅટ આવે છે એ આદિવાસી વિસ્તારની માળખાકીય સુવિધા માટે હોય છે એ બિનઆદિવાસી વિસ્તારોમાં એનું બજૅટ વપરાય જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજથી ચાર વર્ષ પહેલા મુખ્યમંત્રીએ અહીંયાથી જાહેરાત કરી હતી કે દરેકને નળથી પાણી આપવાની વાત કરી હતી. ૨૫૦ થી ઓછી વસ્તી હોય તો પણ પાકા રસ્તાની વાત કરી હતી પણ પરિસ્થિતિએ થઈ કે આજે પણ અમારે હેન્ડપંપ પર અપેક્ષા રાખવી પડે છે. હેન્ડપંપ કયાં થશે એની ચિંતા કરવી પડે છે? હજુ સુધી અમને નળથી પાણી મળી શક્યું નથી. સાહેબ, રસ્તાઓની વાત કરીએ તો ૨૫૦થી ઓછી વસ્તીવાળા રસ્તા તો ઠીક ૫૦૦ કે ૧૦૦૦ જેટલી વસ્તી છે એમના રસ્તા પણ થયા નથી અને એનું એક માત્ર જો કારણ હોય તો આ સરકારમાં જે નૉન-પ્લાનના રસ્તાઓ છે તેને ડામર કરવામાં આવતો નથી અને આ એક સરકારનું પ્લાનિંગ છે કે આદિવાસી વિસ્તાર રસ્તા વગરનો રહે એના માટે આ નૉન-પ્લાનના રસ્તાઓને ડામર કરવામાં આવતા નથી આ મારો આક્ષેપ છે. આ મંત્રીશ્રી પણ જાણે છે કે આ નૉન-પ્લાનના રસ્તાઓને ડામર કરવા જોઈએ. કારણ કે ગરીબ માણસને ખબર નથી કે કયો રસ્તો છે નૉન-પ્લાન કે પ્લાનનો? એનો તો રસ્તો ડામર થયેલો જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જંગલની જમીનની વાત થતી હતી. મંત્રીશ્રીએ ગઈકાલે પણ કહ્યું હતું કે ૪૫૦૦૦ માણસોના દાવાઓને અમે જંગલની જમીન આપી હતી. મારે એમને પૂછવું છે કે આ ૧૯૮૦ પહેલાની વાત છે અને ૧૯૮૦ પહેલાનો માણસ આજે ૩૧ વર્ષનો થઈ ગયો અને તે પછીની આ જંગલની વાત કરું છું. ૨૦ ડિસેમ્બર ૧૯૮૦ પહેલાની નહિ તે પછીની વાત છે અને તે પછીના દાવાઓ છે. તે પછી સનત મહેતાની ૧૯૯૨ ની કમિટી બની હતી અને અહીંયા મોહનસિંહ રાઠવા સાહેબ છે એમણે પણ ૩૯૦૦૦ માણસોને જંગલની જમીન આપી હતી. અને તે પછી જે મોતીભાઈ વસાવા સાહેબે બાકીનાઓની અરજીઓના દાવાઓ મંજૂર કર્યા હતા અને ૧૯૯૭માં અમે જે બાકી રહેતા હતા તેમને હકકપત્રકો આપ્યા હતા. તમે મને બતાવો કે તમે તમારા શાસનમાં કેટલા માણસોને ગામડાઓમાંથી અરજીઓ મંગાવી અને કેટલાની મંજૂર કરી આટલું મને રૅકૉર્ડ આપો. આજે મારે તમને એ કહેવું છે કે, સાહેબ આજે ૧,૯૨,૨૨૭ જેટલી વ્યકિતગત અને સામૂહિક અરજીઓ બાકી છે. અને ૧,૭૪,૦૦૦ જેટલી અરજીઓ એમ ને એમ પડતર છે. આ અરજીઓ યેનકેન પ્રકારે મંજૂર કરવામાં આવતી નથી અને છેવટે સેટેલાઈટનો ઉપયોગ કરે છે. મને તો ચિંતા એ છે કે, ગ્રામ સભાને રાઈટ છે એને કાયદામાં અને કાયદામાં એ લોકોએ સર્ટિફાઈડ કરી છે. આવી સર્ટિફાઈડ કરેલ આ લોકો ગ્રામ સભાનો પણ સ્વીકાર ના કરે. જે કાયદામાં જોગવાઈ કરી છે, કાયદામાં જોગવાઈ હોવા છતાં પણ આ લોકો ના પાડે છે. સેટેલાઈટનો ઉપયોગ કરવા માગે છે અને પેલા ગરીબ માણસને જંગલની જમીન ના આપવાનો પ્રયત્ન કરે છે. એસ્સાર માટે ભલામણ કરે છે અને જે ગરીબ માણસ છે એને જમીન નથી મળી શકતી. સાહેબ મારે એ વાત કરવી છે કે, અત્યારે તો વાયબ્રન્ટ ગુજરાતની વાત કરી અને વાયબ્રન્ટ તાલુકાની વાત કરી. બધાએ તાળીઓ પાડી પણ મારે એમ કહેવું છે કે, સ્વર્ણિમ વર્ષમાં તાલુકાને આયોજન તરીકે સ્વીકારે, તાલુકાને કેન્દ્ર તરીકે સ્વીકારે આ પંચાયત રાજની કલ્પના રાજીવ ગાંધી વખતે થઈ હતી અને સાહેબ મારે તો એનાથી પણ આગળ વધવું છે કે સાહેબ "પેશા" એકટ (અંતરાય) સાંભળી લો પેશા એકટમાં જે દરેક ગ્રામ સભાને જે સત્તા સોંપવામાં આવી છે. ગ્રામ સભા એનું આયોજન કરે છે. અમે તો એનાથી પણ આગળ છીએ સાહેબ પણ તમે એનો અમલ કરતા નથી. (અંતરાય) મારી વાત તમે પહેલા સાંભળો, ગ્રામ સભાને સત્તા છે અને ગ્રામ સભા તમે એનો અમલ નથી કરતા. સાહેબ ગામના લોકો એનું આયોજન કરે, એનું અમલીકરણ કરે, એનું ઑડિટ કરે એ તમે સાહેબ સ્વીકારતા નથી. સાહેબ કેન્દ્ર સરકારની ગ્રાન્ટ આવે છે. બી.આર.ડી.એ. ની ગ્રાન્ટ આવે છે. ભારત નિર્માણની ગ્રાન્ટ આવે છે સાહેબ, (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : બે મિનિટમાં પૂરું કરો.

**ડૉ. અનિલ જોષીયારા** : સર્વ શિક્ષા અભિયાનની ગ્રાન્ટ આવે સાહેબ. નેશનલ રૂરલ હેલ્થ મિશનની ગ્રાન્ટ આવે છે. આ બધી ગ્રાન્ટ આવે છે એ આંતર માળખાકીય સુવિધાઓ વધારવા માટે ગ્રાન્ટ આવે છે. એનું પ્લાનીંગ તમે નથી કરતા અને મને તો શંકા એ છે કે, તમે અત્યારે વાયબ્રન્ટ ગુજરાતના નામે તાલુકે તાલુકે ફંકશનો કરશો, ઉત્સવો કરશો અને આ પૈસા વાપરવા ખાલી બોર્ડ બદલી નાખશો આટલું થશે મને એમ લાગે છે. મારે એ કહેવું છે કે, આપણા વિસ્તામાં જે રસ્તાઓ થાય છે. રસ્તાઓ માટે ૩,૩૪૧/- કરોડ રૂપિયા ફાળવ્યા છે પણ દુ:ખની વાત એ છે કે, મોટા ભાગનું બજૅટ છે એ સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજીયન માટે જ અમદાવાદથી ધોલેરા ૧૧૭ કિલોમીટરનો રસ્તો એના માટે ૨,૨૦૦/- કરોડ અને બાકીના આખા ગુજરાત માટે શું સાહેબ? આખા ગુજરાત માટે ૧,૧૪૧/- કરોડ. આખા ગુજરાતના રસ્તાઓ માટે બજૅટ કશું જ નહીં, નહિવત્ અને ફક્ત ને ફક્ત પેલા ઉદ્યોગોને સાચવવા માટે એના માટે આ રસ્તાઓ માટેનું પ્લાનીંગ કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, હમણાં માનનીય બાબુભાઈ વાત કરતા હતા, ડાર્ક ઝોનમાં જે વિસ્તારો છે. ચેક ડૅમો બનાવ્યા પણ ચેક ડૅમમાં કૌભાંડો બહુ થયા છે પણ ખરેખર પાણી ઊંચું આવ્યું હોય તો ડાર્ક ઝોનના ૨૭ તાલુકાઓમાં ૧૫ ફૂટે પાણી હોય તો તમે એને કનૅક્શન કેમ નથી આપતા અને ઉદ્યોગોને શેના માટે કનેકશનો આપો છો ? ઉદ્યોગો પાણી ખેંચે છે તો એને કનૅક્શન કેમ મળે છે અને પેલો બીચારો ખેડૂત કેમ કનૅક્શન વગર રહે છે ? આ તમારી કેમ ખેડૂત અને ઉદ્યોગો વચ્ચેની કેમ અસમાનતા રહી છે ? આમાં તમે જુઓ આ સાંઠગાંઠ છે કે જે કાંઈ હોય તે પણ ખરેખર આ ઘોર અન્યાય છે ખેડૂતોને અને એના માટે આપ સૌએ વિચાર કરવો જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, મારે તો ત્યાં કહેવું છે કે, આદિવાસી વિસ્તાર છે એમાં વહીવટમાં સામેલ કરવા માટે કાયદામાં જોગવાઈ કરી છે, શેડયુલ-A માં. આદિવાસી પંચાયતી રાજમાં સરપંચ આદિવાસી હોવો જોઈએ, તાલુકા પંચાયતનો પ્રમુખ આદિવાસી હોવો જોઈએ, જિલ્લા પંચાયતનો પ્રમુખ આદિવાસી હોવો જોઈએ એનો વહીવટ એ કરી શકે એના માટે કાયદામાં જોગવાઈ કરી છે. અને આ જે "પેશા" કાયદામાં જે જોગવાઈ કરી છે એનું સદંતર ઉલ્લંઘન થઈ ગયું. અને અત્યારે પ્રમુખ તો બનાવ્યા પણ એમાં જે કારોબારીનો અધ્યક્ષ બીજો બનાવ્યો જેના કારણે પરિસ્થિતિ એ થઈ કે, આજે પેલો પ્રમુખ બાપડો થઈ ગયો. એને જો એનું ટી.એ. બીલ જો પાસ કરવું હોય તો પેલા કારોબારી અધ્યક્ષને પૂછવું પડે છે, આ પરિસ્થિતિ નિર્માણ થઈ ગઈ છે. આદિવાસીને વહીવટમાં સામેલ કરવાની તમારી ઇચ્છા નથી એમ દેખાઈ રહ્યું છે. મારી તો વિનંતી છે કે, તમે રાખોને આદિવાસી અધ્યક્ષ રાખોને, કેમ નથી કરતા? માનનીય અધ્યક્ષશ્રી, આ રીતે આ વિસ્તારને ખૂબ મોટો અન્યાય થયો છે અને ખાસ કરીને જે ડી-સેગની વાત છે એમાં અત્યારે જે બજૅટ છે એ બજૅટમાં મોટાભાગનું તો બીજા વિભાગો હસ્તક દીધું છે પણ જે થોડું ઘણું બચ્યું છે એમાં કંપનીઓ આવી ગઈ.

ડી-સેગની રચના કરી દીધી અને એમાં જે કંપનીઓ છે એ મોટાભાગની જે કંપનીઓ છે સાહેબ એમાં સી.આઈ.એ.ની કંપની છે એને ૨૨ કરોડ રૂપિયા, દીપક ચૅરીટેબલ એને ૫૯ કરોડ રૂપિયા, ઈનબાર કંપની ૧૨ કરોડ, ૬૦ લાખ રૂપિયા, મોન્ટેન્સો કંપની એને ૪૦ કરોડ રૂપિયા વાવધારા અને નીપટ કંપનીને ૧૬કરોડ આવી રીતે. બારોબાર જે કામ સોંપ્યા છે કોઈ જાતના ટેન્ડર નથી અને મોટાભાગના વિકાસના પૈસા છે, આદિવાસીના પૈસા વેડફાઈ રહયા છે. પારદર્શક વહીવટની વાત કરતા હોઈએ અને આવી રીતે મોટી કંપનીઓ વાળાને આમાં બેસાડીને પહેલા અમારી નાણામંત્રીને વિનંતી છે કે આ જે બજેટ છે એ પહેલા અમારા વિભાગ છે એને હસ્તક તો મોકલો કે જેથી એ કમસેકમ એનું પ્લાનીંગ તો કરી શકે. એનું અમલીકરણ ભલે જુદા જુદા વિભાગો કરતા પણ એનું પ્લાનીંગ કરે એટલું તમે કરો કારણકે આજે પરિસ્થિતિ એ છે કે એમને પુછવા જઈએ છીએ અથવા વિભાગમાં પુછવા જઈએ છીએ તો કહે છે કે તમે જે તે સિંચાઈ વિભાગને પુછો, તમે માર્ગ અને મકાન વિભાગને પુછો. તમે ઉર્જા વિભાગને પુછો. તો પછી આ વિભાગ શાના માટે છે? શાના માટે બજેટની આટલી બધી જોગવાઈની તમે વાત કરો છો? માનનીય નાણામંત્રીશ્રીને મારી વિનંતી છે કે તમે શરૂઆત કરો અને નાણા માનનીય મંત્રીશ્રીના હવાલે મુકો.

**શ્રી ધનજીભાઈ ગો. સેંધાણી(માંડવી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી અંદાજપત્ર લઈને આ ગૃહમાં આવ્યા છે એમાં મારો સૂર પુરાવું છું મારી ભારતીય જનતા પાર્ટીની માનનીય નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી ગુજરાત સરકારે રાજય માર્ગોની કાયાપલટ કરી રાજયના વિકાસમાં હરણફાળ ભરી છે. માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળાએ માર્ગ અને મકાન વિભાગ માટે વર્ષ ૨૦૧૧-૧૨માં રૂ.૩૩૪૧ કરોડની નાણાકીય જોગવાઈ કરી છે જે માર્ગ અને મકાન મંત્રીશ્રીએ હર્ષથી વધાવી છે. અમદાવાદ-ધોલેરા ખાતે સ્થપાનાર સ્પેશીયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનને જોડતો રાજયનો પ્રથમ અંદાજીત ૧૧૭ કિલોમીટર લંબાઈનો એકસપ્રેસ હાઈવે રૂ. ૨૨૦૦કરોડના ખર્ચે હાથ ધરાનાર છે. રાજકોટ-ભાવનગર વચ્ચે ૧૫૧ કિલોમીટર લંબાઈના રસ્તાને ચાર માર્ગીય બનાવાશે. ગુજરાત મુખ્ય બંદરો તેમજ ઔદ્યોગિક વિસ્તારોને જોડતા રસ્તાઓ રૂ. ૭૪૬કરોડના ખર્ચે હાથ ધરવામાં આવશે. રાજયના ગામ કે પરા કે જેની વસ્તી ૫૦૦ થી ઓછી છે તેને પાકા ડામરના રસ્તાઓથી જોડવા માટે જોગવાઈ રૂ.૧૦૦કરોડ, કિસાનપથ યોજના માટે જોગવાઈ રૂ.૧૨૧ કરોડ, પ્રગતિ પથ યોજના માટે જોગવાઈ રૂ. ૮૦કરોડ, વિકાસ પથ યોજના માટે જોગવાઈ રૂ. ૪૭કરોડ, જિલ્લા મથકને પડોશના જિલ્લાઓ સાથે સાંકળતા ૧૦ મીટર પહોળા રોડ બનાવવા માટે જોગવાઈ રૂ. ૯૮કરોડ, મીઠું પકવતા અગરીયાઓની સુવિધા માટે જરૂર પાકા રસ્તાઓ બનાવવા માટે જોગવાઈ રૂ. ૩૦કરોડ કચ્છ જિલ્લામાં માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રીને રસ્તાના કામો મંજૂર કર્યા છે જે કચ્છના ઈતિહાસ માટે અનેરી સિદ્ધિ છે. કેરા, દહીંસરા, રામપર, ગઢશીશા, મોથાળા જોડાતો રોડ રૂ. ૨૩૧લાખ, માંડવી તાલુકાના વેકરા ધુણઈ રોડ રૂ. ૬૦લાખ, માંડવી તાલુકાના બાયઠ જનકપર રોડ રૂ. ૭૫લાખ, માંડવી તાલુકાના દેવપર-વજવડી રૂ. ૧૮લાખ, રાપર તાલુકાના આડેસરથી નાંદા રોડ રૂ. ૧૨૦લાખ, કચ્છ જિલ્લાના ભૂજથી લખપત રોડ રૂ. ૧૩૫૦ લાખ, કચ્છ જિલ્લાના ઘડુલીથી નારાયણ સરોવર રોડ રૂ. ૨૩૦લાખ, કચ્છ જિલ્લાના મોથાળા-કોઠારા -જખૌ રોડ રૂ. ૩૯૦લાખ, કચ્છ જિલ્લાના નલીયા-દેશલપર રોડ રૂ.૧૪૦ લાખ, ગાંધીધામ, મુંદ્રા, આદીપુર, ભદ્રેશ્વર રોડ રૂ. ૧૪.૫૦ કરોડ જૈન સમાજનું ધાર્મિક સ્થાન તરફથી જતો આ રોડ જૈન સમાજના લોકોને ખૂબ જ ઉપયોગી બનશે. અને જૈન સમાજમાં આર્થિક આસ્થા વધશે. માટે વજુભાઈ વાળા સાહેબને અને મુખ્યમંત્રીશ્રીને લાખ લાખ અભિનંદન આપું છું. માંડવી તાલુકાના કોડાયથી રાયણ રૂપિયા ૧૫૦ લાખ, ભૂજ નખત્રાણા રોડ રૂપિયા ૩૫ કરોડ, માંડવી રોડ રૂપિયા ૨૧૦૦ કરોડ, ભૂજ-ભચાઉ માર્ગ રૂપિયા ૨૫૬.૯૪ કરોડ, નખત્રાણા- પાન્ધ્રો રોડ રૂપિયા ૧૯૪.૭૩ કરોડ, કેરાથી પ્રાગપર, મુંદ્રા રોડ રૂપિયા ૫.૫૦ કરોડના ખર્ચે મંજૂર થયેલ છે, જે છેલ્લા વર્ષોથી ભૂજથી મુંદ્રા જવાની સમસ્યા હલ થઈ છે અને મુન્દ્રા તાલુકાના ગામડામાં આનંદની લહેર વરસાઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી હું આપને કહેવા માગું છું કે જ્યારે ચાર માર્ગીય રસ્તો બન્યો આજે અમો ભૂજથી ગાંધીનગર આવીએ છીએ ત્યારે ખાલી સાડા ચાર કલાકમાં અમો અહીયા ગાંધીનગર પહોંચીએ છીએ. એક વખત એવો હતો જ્યારે અમારા મુખ્યમંત્રી માંડવીના એમની સાથે આવતા અને ત્યારે અહી ૧૦ કલાક રસ્તાના કાઢવા પડતા હતા, એટલે અમારા મંત્રીશ્રીને અભિનંદન આપું છું અને કચ્છને જે હરિયાળી બનાવી છે એક રોડની વાત નથી કરતો, પણ અનેક ક્ષેત્રોએ જ્યારે કચ્છને કોઈ ઓળખતું નહોતું. દૂનિયાના નકશામાં નહોતું ત્યારે આજે અમારા મુખ્યમંત્રીશ્રીએ કચ્છને જે નંદનવન બનાવ્યું છે. અમારા પાટીદાર ભાઈઓ બહાર બહુ વસે છે. મુંબઈ, હૈદ્રાબાદ, ઔરંગાબાદ, કલકત્તા ઘણી જગ્યાએ અમારા પાટીદાર ભાઈઓ વસે છે. જ્યારે બીજા રાજ્યોમાં વસે છે, ત્યાથી બાય રોડ ગાડી લઈને ગુજરાતમાં આવે ત્યારે એ બોલે અરે મોદીજો રોડ આવ્યો, મોદીજો રોડ આવ્યો. આવા રસ્તા તો ગુજરાતમાં જો બનતા હોય. એક દાખલો બીજો આપું. હમણા માંડવીમાં અમિતાભ બચ્ચન આવેલા. અમિતાભ બચ્ચને માર્ગ મકાન એના ઉપર રોડ ઉપર ગાડી ચલાવી. દરિયો જોયો, ડુંગર જોયો, રણ જોયું અને અમો દરિયા કિનારે બેઠા હતા અને અમિતાભ બચ્ચન બોલ્યા: "કચ્છ નહિ દેખા તો, કુછ નહિ દેખા". આવી કચ્છની કાયાપલટ જેમણે કરી છે, તેમને હું લાખ લાખ અભિનંદન આપું છું અને માનનીય મંત્રીશ્રી જે આ અંદાજપત્ર લઈને આવ્યા છે તેમને મારું સમર્થન આપું છું.

# પૉઈન્ટ ઑફ ઑર્ડર

## લખેલું વાંચવા અંગે

**શ્રી ભગવાનભાઈ ધા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. કોઈપણ સભ્યશ્રી આ હાઉસની અંદર શોક ઠરાવ સિવાય લખેલ વાંચી શકે કે કેમ તે મારે જાણવું છે?

**અધ્યક્ષશ્રી** : વાંચી શકતા નથી, પરંતુ પોતાની યાદદાસ્તને તાજી કરવા માટે મુદાઓ જોઈ શકે છે.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ(માતર)** : માનનીય અધ્યક્ષશ્રી એકવીસમી સદીના બીજા દાયકાનું પ્રથમ બજેટ અને સતત ૧૭મી વાર ગુજરાતની પ્રજાના હિત માટેનું બજેટ લઈ આવનાર માનનીય વજુભાઈ વાળાને હું અભિનંદન આપું છું અને એમના બજેટને અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી હમણા અમારા સાથી સભ્ય વિરોધપક્ષના સભ્યશ્રીઅ પોતાના વક્તવ્યમાં ગુજરાતના આ સન્માનનીય *(xxxx) (xxxx)એની સત્ય હકીકત જણાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ જે વાત છે, દલિત સમાજને માંદું બાળક..

**અધ્યક્ષશ્રી** : આપના જે (xxxx) (xxxx) શબ્દો બોલ્યા છો તે આપ પાછા ખેંચી લો છો કે પછી દૂર કરવામાં આવે.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પાછા ખેંચી લઉં છું. હું આ ઘટનાની સાચી હકીકતનો સાક્ષી છું. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના લોકપ્રિય આદરણીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના ભાષણના સંકલનનું ગુજરાતના એક યુવા લેખક કિશોર મકવાણાએ સંકલન કરીને આનું જયારે વિમોચન કરતા હતા તે પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રીએ જે વાત કહી હતી તે વાતના સંદર્ભને કેવી રીતે રજૂ કરવામાં આવ્યા છે તેની સ્પષ્ટતા કરવા માટે ઉભો થયો છું. એ વખતે એક કાર્યક્રમમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ એમ કહેલું કે આપણા ઘ ારમાં કોઈ માંદુ બાળક હોય, કોઈ અજ્ઞાન બાળક હોય, કોઈ અપંગ બાળક હોય, કોઈ મંદ બુદ્ધિનું બાળક હોય ત્યારે તે બાળકની કાળજી આપણે વિશેષ રાખીએ છીએ. તે સંદર્ભમાં તેમણે ગુજરાતમાં દલિત સમાજને મંદ બુદ્ધિના બાળકની કાળજી રાખવામાં આવે તે રીતે વિશેષ કાળજી રાખવાના સંદર્ભમાં વાત કરી હતી અને તેને મેનેજ કરીને સમાચારોમાં એવી હેડલાઈન આપવામાં આવી વિપક્ષના લોકો દ્વારા કે દલિત સમાજને મંદ બુદ્ધિનું બાળક કહયું છે. માનનીય શકિતસિંહભાઈ આપ સિનિયર છો. એ જ વાતને મહેન્દ્ર મેઘાણીની વાત સાથે કહું છું. શ્રમ અને રોજગાર ક્ષેત્રે છેવાડાના કામ કરતા શ્રમિકોની કાળજી રાખીને, છેવાડામાં કામ કરતા અસંગઠિત કામદારોની કાળજી રાખીને.

**અધ્યક્ષશ્રી** : બે મિનિટનો સમય છે આપની પાસે.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે ગુજરાતમાં શ્રમ અને રોજગાર ક્ષેત્રે કામ થયું છે તેને ધ્યાને રાખીને, જે રીતે ઔદ્યોગિક વાતાવરણ ઉભું થયું છે ત્યારે સમગ્ર દેશમાંથી, દુનિયમાંથી લોકો ઔદ્યોગિક રોકાણ માટે આવ્યા છે. આજે આખા દેશમાં એવો કોઈ નાગરિક નહીં હોય કે જેણે ગુજરાતની ધરતીમાં આવીને પોતાને સુખી સમજતો ન હોય. માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે ઔદ્યોગિક વાતાવરણ અને તેના માટે જરૂરી કારીગરો પૂરું પાડવાનું કામ, કૌશલ્યવર્ધન તાલીમ આપવાનું કામ શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા કરવામાં આવ્યું છે. ત્યારે કહેવું છે કે ગુજરાતનો એવો એકપણ તાલુકો બાકી નથી કે જયાં આઈ.ટી.આઈ. શરૂ ન કરી હોય અને બીજા નવા ૧૫૦ નવા આઈ.ટી.આઈ. શરૂ કરવાનો સંકલ્પ આ શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા કરવામાં આવ્યો છે. જે રીતે ગુજરાતમાં ગુજરાતના લોકલાડીલા આદરણીય મુખ્યમંત્રીશ્રી જયારે કામ કરી રહયા છે ત્યારે એક વાત કહીશ કે જેનું તંતુ કયારેય ઢીલો પડતો નથી, જેની આંખ કયારેય નીચી નમતી નથી તે વિજય મેળવી શકે છે.

**શ્રી જવાહરભાઈ પે. ચાવડા(માણાવદર)** : માનનીય અધ્યક્ષશ્રી, ઘણી વખતથી હું આ ગૃહમાં સાંભળતો આવ્યો છું. એક યા બીજી રીતે માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપતા આવ્યા છે. જેમાં ગુજરાતનું યોગદાન હોય, ગુજરાતીઓનું યોગદાન હોય, કે કુદરતનું યોગદાન હોય તેમાં પણ મુખ્યમંત્રીને અભિનંદન અપાતા હોય છે. જૂનાગઢમાં ગીરમાં સિંહની વસ્તી વધે, સારો વરસાદ પડે તેમાં પણ મુખ્યમંત્રીશ્રીને અભિનંદન અપાય છે. ખરેખર આપને અભિનંદન આપવા હોય મુખ્યમંત્રીને..

**અધ્યક્ષશ્રી** : આપ અંદાજપત્ર ઉપર આવી જાઓ જવાહરભાઈ.

**શ્રી જવાહરભાઈ પે. ચાવડા** : ખરેખર જેમાં એની સૂઝબૂઝ હોય, એની આવડત હોય, લગન હોય, એનું યોગદાન હોય, અને મહેનત હોય. આ ગુજરાતમાં બનેલું છે કે ભૂંડની વસ્તી વધી છે. રોઝડાંની વસ્તી વધી છે, નીલગાયની વસ્તી વધી છે. આમાં અભિનંદન આપવા જોઈએ આપણે.

**અધ્યક્ષશ્રી** : જવાહરભાઈ આપ પ્લીઝ અંદાજપત્ર ઉપર આવી જાઓ.

---

* (xxxx માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી જવાહરભાઈ ચાવડા :** આની જે વસતિ વધી છે એને કારણે ખેડૂતોને રાત્રે જાગવું પડે છે. હકીકતમાં રાત્રે પાણી વાળવાનું હોય તો જાગવું પડે એના બદલે પાણીવાળા થઈને આને રોકવું પડે છે. હમણાં હમણાં ધાર્મિક સ્થળ તોરણિયામાં એક ફંક્શન હતું, જયાં હું હાજર હતો ત્યાં એક પ્રવચન સાંભળ્યું હતું મેં, એના અમુક અંશો હું અહીયાં રજૂ કરું છું. ગુજરાતની સાડા પાંચ કરોડની પ્રજાનો વિશ્વાસ સંપાદન મેં કર્યો છે, મારા ભાઈઓ, મારી બહેનો, મારી માતાઓ, મારી યશોદાઓ, ગુજરાત, મારું ગુજરાત, આપણું ગુજરાત, ગાંધીનું ગુજરાત, ગુજરાત, ચાર ધામોમાંથી એક ધામ અહીંયા આવેલું છે, જય દ્વારકાપુરી, બાર જયોતિર્લિંગમાંથી એક જયોતિર્લિંગ પણ અહીં આવેલું છે જય સોમનાથ. માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીના ગુજરાતમાં દારૂની બંધી છે દારૂ અહીં લઈ આવવાની, વેચવાની કે પીવાની મનાઈ છે, ગુજરાતમાં છેલ્લા આઠ વર્ષથી હું વહીવટ કરું છું મને સમજાતું નથી કે દારૂ કયાંથી ઘૂસી જાય છે, અહીં રોકવું કેમ એ મને ખબર નથી પડતી, માનનીય અધ્યક્ષશ્રી, હવે વિચાર આવે છે કે " વાચે ગુજરાત" નો જે પ્રોગ્રામ કર્યો હતો એમ (xxxx) (xxxx)મને. માનનીય અધ્યક્ષશ્રી,..( અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય જવાહરભાઈ, પ્લીઝ, નહીંતર આપને પછી હું તક નથી આપવાનો. આપ અંદાજપત્ર ઉપર આવી જાઓ, એક મિનિટનો સમય છે.

**શ્રી જવાહરભાઈ પે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ૨૨૫ તાલુકા આવેલા છે જેમાંથી ૫૭ તાલુકામાં ડાર્કઝોન છે, વરુણ દેવને પ્રસંન્ન કરીને સારો વરસાદ પણ લઈ આવ્યો છું. પાણીના તળ ઊંચા આવ્યા છે, ડૅમ ઘણા બાંધ્યા, અમુક ખવાઈ ગયા હશે પણ ૫૭ તાલુકાઓની વસતિ વધ્યા રાખે, ઘટતી નથી ડાર્કઝોનની, એ સમજાતું નથી મને. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી બજૅટ લઈને આવ્યા છે સત્તરમું, પણ સત્તરમું ઐતિહાસિક તારીખની એક વાત છે કે, • (xxxx) (xxxx) (xxxx) (xxxx)માનનીય અધ્યક્ષશ્રી, ..

**અધ્યક્ષશ્રી** :આ શબ્દ રેકર્ડ ઉપરથી આપ પાછા ખેંચો છો કે અહીંથી દૂર કરીએ, એ શબ્દો દૂર કરવામાં આવે છે. નેકસ્ટ, માનનીય અભેસિંહભાઈ, માનનીય જવાહરભાઈ, આપનો સમય પૂરો થઈ ગયો, માનનીય દિલીપભાઈ..

## પૉઈન્ટ ઑફ ઑર્ડર

સભાગૃહની ગરિમા જાળવવા અંગે

**શ્રી દિલીપ સંઘાણી ( વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જે રીતે આ હાઉસમાં ગરિમા નીચી ઉતારે છે એ એટલું બધું વિચારોથી નબળું બોલે છે અને વિરોધપક્ષના નેતાશ્રી અને કોંગ્રેસના પ્રમુખશ્રી પણ અહીંયા બેઠા છે તો એના વ્યકિતગત વિચારો છે કે કોંગ્રેસના વિચારો છે? આ હાઉસને ગરિમા ઉતારે એવું કેમ બોલે છે? એવું ન જ થવું જોઈએ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યને ગુજરાતની પ્રજા ચૂંટીને મોકલે છે, અને અમારે ત્યાં લખીને કોઈને બ્રીફ પકડાવતા નથી અને જે જવાહરભાઈએ કહ્યું છે એ જનતાનો અવાજ છે અને જનતાનો જે અવાજ છે એ એમણે રજૂ કર્યો છે. આજ પરિસ્થિતિ ચાલી રહી છે કે જનતાની સાચી ચિંતા કરવાને બદલે સરકાર કઈ દિશામાં ચાલે છે એનો પડઘો એમણે પાડ્યો છે.

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિપક્ષના નેતાશ્રીએ જે વાત કરી અને જો (અંતરાય) એક મિનિટ, સાંભળો તો ખરા તમે, સવાલ એ છે કે એ જે કંાઈ બોલ્યા છે એનું આ હાઉસમાં મનન થવું જોઈએ, હાઉસની કક્ષા આટલી નીચે ન જવી જોઈએ એટલા માટે માનનીય દિલીપભાઈએ વાત કરી છે અને છતાંય આ ભાષા જો ચાલુ રાખવી હોયને તો કોઈ વાંધો નથી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** :માનનીય શકિતસિંહભાઈ પ્લીઝ, જવાહરભાઈએ જે કંઈ એમનું પ્રવચન કર્યુ છે એ રૅકૉર્ડ હું બરાબર જોઈ લઈશ અને રૅકૉર્ડ ઉપરથી અસંસદીય શબ્દો દૂર કરવામાં આવશે. આપ બેસી જાઓ પ્લીઝ, અભેસિંહભાઈ પ્લીઝ આપ બેસી જાઓ,

સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે

**શ્રી પંકજકુમાર વી. દેસાઈ** :(દંડક) માનનીય અધ્યક્ષશ્રી, હું દરખાસ્ત કરું છું કે, સભાગૃહની પ્રથમ બેઠકનું કામકાજ બપોરના ૧-૪૦ વાગ્યા સુધી લંબાવવામાં આવે. (અંતરાય) હા એટલે બન્ને બાજુ વીસ વીસ મિનિટ રાખીએ.

---

• (XXXX માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : સંમત છીએ, પરંતુ મંત્રીશ્રીનું પ્રવચન જ્યાંસુધી પૂરું થાય ત્યાંસુધી લંબાવીએ તો વાંધો નથી.

**શ્રી દિલીપ સંઘાણી ( વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી)** :માનનીય અધ્યક્ષશ્રી, વિરોધપક્ષના નેતાશ્રીએ વાત કરી છે એમાં સંમત છીએ પરંતુ સભ્યોનો સમય ઓછો છે એટલે થોડું ઓછું ઓછું બોલે, મંત્રીશ્રી ઈન્ટરવીન થઈને તેમનો જવાબ પૂરો કરે ત્યાંસુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે તેવી મારી દરખાસ્ત છે.

**અધ્યક્ષશ્રી** : સભાગૃહ સંમત છે ? (થોડીવાર બાદ) સભાગૃહનું ક્રમકાજ મંત્રીશ્રીનું પ્રવચન પૂરું થાય ત્યાંસુધી લંબાવવામાં આવે છે.

# અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

**શ્રી અભેસિંહ મો. તડવી(સંખેડા)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના નાણા મંત્રીશ્રી માનનીય વજુભાઈ વાળા સાહેબ સત્તરમી વખત બજેટ લઈને આવ્યા છે, આ ગૃહના સભ્ય તરીકે હું એમને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસપક્ષે પચાસ વર્ષ રાજ કર્યુ છે શોષણ કર્યુ, રાજ કર્યુ અને શોષણ પણ કર્યુ, ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રીને આદિવાસીઓની ચિંતા થઈ, ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારથી એને રસ્તો મળે, એને પાણી મળે, એને શિક્ષણ મળે, એના બાળકોને ટેકનીકલ શાળા મળે, એ ડોકટર બને, વકીલ બને આવી યોજના માનનીય મુખ્યમંત્રીશ્રી લાવ્યા, મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી અમારા તાલુકામાંથી પણ થયાં હતા, આદિવાસી સમાજમાંથી પણ થયાં છે, ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ આદિવાસીઓ માટે પંદર હજાર કરોડ રૂપિયાનું બજેટ ફાળવેલ છે, એ આખા દેશમાં પહેલી વખત આ મુખ્યમંત્રીશ્રી આટલું મોટું બજેટ લાવ્યા છે, આદિવાસીઓની ચિંતા તમને થતી હોય તો આંતરિક ફળિયાના રસ્તાઓ તમે કેમ નહિ બનાવ્યા? એને પાણી કેમ ન આપ્યું? એને શિક્ષણ કેમ ન આપ્યું? એને મધ્યાહ્ન ભોજન કેમ ન આપ્યું? ગુજરાતની પ્રજાએ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતમાં સફાયો કર્યો છે, તો હવે તો તમે સુધરો અને ૨૦૧૨માં આ જ વિષય આવવાનો છે, ગુજરાતની આદિવાસી જનતા જાણે છે કે એને શિક્ષણ મળે તો ઘણું સારું છે. તો હું શિક્ષણની વાત કરવા માગું છું કે, ગુજરાતમાં પહેલી વખત વિદેશમાં વધુ અભ્યાસ માટે વિદ્યાર્થીઓ આ સરકારમાં ગયા છે. આ ઉપરાંત મેડિકલમાં પણ વધુ વિદ્યાર્થીઓ પહેલી વખત આ ગુજરાતમાં આ સરકારમાં થયાં છે, વીજળીકરણની વાત કરીએ તો ૩૦૦ પેટાપરાંનું વીજળીકરણ એ રેકોર્ડજનક છે. હું કંઈ વાંચીને નથી બોલતો અમને પણ તમારા જેવું બોલતા આવડે છે. ગામડે ગામ પેટાપરાં.. ક્વાંટના ૨૮ ગામ, સંખેડાનું એક ગામ, છોટાઉદેપુરના બે તાલુકામાં કરોડો રૂપિયાના ખર્ચે વીજળી આપી છે એનો એક દાખલો મેં આપ્યો છે. ગયા શનિવારે જયદ્રથસિંહ પરમાર સાહેબના બાજુનું એ મારું સંખેડા તાલુકાનું ગામ છે એ અમારી બોર્ડર છે ત્યાં ૩૫ દ ાર છે અને ૮૫ મત છે બે કિલોમીટર ચાલીને અમે તે ગામમાં અધિકારીઓને અને અમારા કાર્યકરોને લઈને ગયા હતા, આઝાદી પછી એ ગામના લોકોને વીજળી નથી મળી, આ સરકારે ગામે ગામ, ઘરે ઘર વીજળી આપી છે. અમારી સરકારે સંકલ્પ કર્યો હતો કે અમારે આ ગામને વીજળી આપવી છે એ અમે આપી.

**અધ્યક્ષશ્રી** : માનનીય ઉદેસિંહભાઈ,

**શ્રી અભેસિંહ મો. તડવી**: માનનીય અધ્યક્ષશ્રી, હું બીજી એક વાત કરવા માગું છું. * (xxxx) (xxxx) (xxxx)

**અધ્યક્ષશ્રી** : માનનીય ઉદેસિંહભાઈ, અભેસિંહભાઈ પ્લીઝ આપ બેસી જાઓ.

**શ્રી ઉદેસિંહ પું. ઝાલા(બાયડ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા સત્તરમી વખત બજેટ લઈને આવ્યાં છે તે બદલ ગૃહના સભ્ય તરીકે હું તેમનું અભિવાદન કરું છું અને એ પણ કહું છું કે, હજુ વર્ષો વર્ષ ગુજરાતની અંદર આપણો ગોલ સિદ્ધ ના થાય ત્યાં સુધી બજેટ રજૂ કરતાં રહે એવી પ્રભુને મારી પ્રાર્થના છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કલ્યાણ વિશે બજેટમાં જે જોગવાઈઓ કરી છે તેના વિશે હું મારા વિચારો વ્યક્ત કરું છું. વર્ષો પૂર્વે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જે વર્ગો છે તે વર્ગોના કલ્યાણ માટે જે પ્રયત્નો થયા તે પ્રયત્નો સર્વ વિદિત છે. આદિવાસી એસ.ટી અને એસ.સી. માટે જે ખાસ જોગવાઈઓ બંધારણમાં કરવામાં આવી અને તે જોગવાઈઓનું પરિણામ આપણે જોઈ શકીએ છીએ. આપણા બંધારણમાં કલ્યાણ રાજયનો સિદ્ધાંત અપનાવવામાં આવ્યો છે વેલ્ફેર ઓફ ઓલ. અને તેના કારણે બંધારણમાં રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો પણ મૂકવામાં આવ્યાં છે. પણ આ સિદ્ધાંતોને કાયદાનું પીઠબળ છે નહીં એના કારણે જે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો છે તેને જોઈએ તેવો લાભ થઈ શકતો ના હતો અને આજસુધી કોઈ સરકારે કર્યો ના હતો. ગુજરાતના મુખ્યમંત્રી માનનીય નરેન્દ્રભાઈ મોદી અને ભાજપ સરકારે સત્તાના સૂત્રો સંભાળ્યા પછી છેવાડાના માનવીને બીજા માનવીઓની હરોળમાં લાવવા માટે.

---

* (XXXX માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : બે મિનિટમાં પૂરું કરો.

**શ્રી ઉદેસિંહ પું. ઝાલા** : એમનો જે ધ્યેય તે સિદ્ધ કરવા માટે કેટલાક કમિશનો અને યોજનાઓ હાથ ધરી. અને તે યોજનાઓમાં આરોગ્ય વિષયક યોજના અને માર્ગ અને મકાનની યોજના વિશે સામાન્ય હું કહું. સ્વર્ણિમ ગોલ્ડન ગોલ-૨૦૧૦ને સિદ્ધ કરવા માટે આરોગ્ય વિભાગે ગામડાં, શહેર, ઝૂંપડપટ્ટી, સરહદી દુર્ગમ વિસ્તારો, અગરિયા વિસ્તાર, સરહદી વિસ્તાર, રણ વગેરેમાં લોકોને આરોગ્યની સગવડ નજીકથી અને સહેલાઈથી મળી રહે એટલા માટે અથાગ પ્રયત્નો કર્યા. મુખ્યમંત્રી અને આરોગ્ય મંત્રીએ એવા પ્રયત્નો કર્યા કે લોકોને જે જોઈતી હોય તે સગવડ તત્કાલ મળી રહે. અને તેના માટે આરોગ્ય મંત્રીએ મૅડિકલ સાયન્સનું વધુ જ્ઞાન ધરાવે છે અને આ વિભાગમાં શ્રેષ્ઠ જ્ઞાતા છે અને તેના કારણે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામૂહિક આરોગ્ય કેન્દ્રો, હોસ્પિટલો અને તેમાં સુધારા-વધારા કરી અને આરોગ્યનું તંત્ર જે ચાલી રહ્યું છે તેમાં આખી દુનિયાની નજર ગુજરાત ઉપર છે. ગુજરાતમાં આવતા દરેક વૈજ્ઞાનિકો પણ આ આરોગ્ય વિભાગના વખાણ કરે છે. અમેરિકામાં કે પરદેશમાં રહેતા કેટલાય દર્દીઓ ગુજરાતની અંદર આ ઓપરેશન કરાવવા માટે પણ આવે છે. આપણો કિડની વિભાગ એટલો બધો તેજ છે કે તેની સુવાસ આખા વિશ્વમાં ફેલાયેલી છે અને સ્ટેમ સેલ આ ત્રિવેદી સાહેબ જેવા વિધ્વાન માણસો ત્યાં મળે છે ત્યારે કિડનીની સારવાર કરાવવા માટે અબજોપતિ અને ખર્વોપતિ આપણા ગુજરાતમાં આવે છે અને એ એની મંજૂરી માગતા હોય છે.

**શ્રી લક્ષ્મણભાઈ પ. પટેલ(ગણદેવી)** : માનનીય અધ્યક્ષશ્રી, આદર્શ મુખ્યમંત્રીશ્રી અને નિવડેલા ગુજરાતના નાણામંત્રીશ્રી ૧૭ મી વખત બજેટ લઈને આવ્યા છે ત્યારે હું એમને આવકારું છું અને હું જે વિભાગમાંથી આવું છું એ મત્સ્યોદ્યોગની થોડાક વિચારો આપની સમક્ષ રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અમારા વિસ્તારમાં ધોલાઈ બંદરના ખાતમૂહુત પ્રસૂંગે આવેલ અને એના માટે એમણે આ કોસ્ટલ વિસ્તારની પ્રગતિ માટે જે વિચારો રજૂ કરેલ હતા એના ઉપરથી અમની કેટલી પ્રતિબધ્ધતા અને કટિબધ્ધતા છે એ પૂરવાર થતું દેખાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતને ૧૬૦૦ કિલોમિટરનો લાંબો દરિયાકિનારો મળેલ છે અને આવા પટ્ટી વિસ્તારમાં મોટાભાગના કોળી અને માછીમાર ભાઈઓ વસુ છે ત્યારે મત્સ્યોદ્યોગના વિકાસ સાથે અમને સીધો સંબંધ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતમાં મત્સ્યોદ્યોગ જયારે આ રાજયની સ્થાપના થઈ ત્યારે લગભગ ૮૦ હજાર જેટલું હતું. આજે આ મત્સ્યોદ્યોગ થકી એનો જે વિકાસ થયો છે એ લગભગ ૭.૭૧ લાખનો થયો છે. માનનીય સભ્યશ્રીઓના ધ્યાન ઉપર મારે એ મૂકવું છે કે આ મત્સ્યોદ્યોગ થકી વેપારી હુંડિયામણ કમાવાની ખૂબ તકો છે અને આ ખૂબ સારો ધંધો છે ત્યારે ૧૮૩૮.૨૫ કરોડથી વધારે હુંડિયામણ કમાઈ શકે છે. હમણાં દરિયાઈ પેદાશોની માંગ દેશ અને દુનિયામાં ખૂબ વધી છે ત્યારે એને આગળ લઈ જવાની જરૂર છે અને એ માટે એકવાકલ્ચર વિકસાવવું પડશે અને એ માટે જે લભ્ય જમીન કાંઠા વિસ્તાર પણ ઉપલબ્ધ છે અને એનો વિકાસ મત્સ્યોદ્યોગ માટે પાયાની જરૂરિયાતથી કરવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મત્સ્યોદ્યોગ માટે પાયાની જરૂરિયાત છે બીજની અને એના માટે હેસ્સીની વ્યવસ્થા પણ સરકારે ખૂબ સારી રીતે કરી છે અને જે હેસ્સી ઉત્પાદન થયેલ બીજ છે એને સંગ્રહિત તળાવમાં ઉછેર કરીને આ ઉદ્યોગને વિકસાવવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ માછીમારીનો ધંધો છે એના માટે તાલીમ આપવા માટે આપણે ખૂબ સારાં કેન્દ્રો પણ શરૂ કર્યા છે. નોન ટ્રાયબલ અને ટ્રાયબલમાં લગભગ ૬૦ જેટલાં કેન્દ્રો છે. મારે એ વાતનું ધ્યાન દોરવું છે કે આ ધંધો, એના વેપારને લગતું જ્ઞાન, નવી ટેકનોલોજી એના માટે એકવાકલ્ચર ખૂબ જરૂરી છે અને જાફરાબાદ ખાતે કામધેનું યુસ્નિવર્સિટી મારફતે આ તાલીમ કેન્દ્રો શરૂ કર્યા છે એ વિશ્વ કક્ષાની ટેકનોલોજી ટ્રાન્સફર કરી શકાય એ રીતનાં એમ.ઓ.યુ પણ કર્યા છે અને કેનેડાની યુનિવર્સિટીનો સહયોગ લીધો છે. આમ તો અમારા માછીમારોનો વર્ષ પરંપરાગત ધંધો કરતા હતા, પણ એમનો ધંધો વધે એ રીતે એમને નેટબોટ, માછીમારી માટેનાં સાધનો, સાયકલ,વજન કાંટો એના માટે પણ સહાય આપવામાં આવે છે.

માનનય અધ્યક્ષશ્રી, હમણાં હમણાં રંગીન માછલીઓનો ક્રેઝ વધ્યો છે ત્યારે આ રંગીન માછલીઓના ઉત્પાદનમાં એમાં ખૂબ સારો લાભ મળે છે એ માટે એમ.ઓ.યુ. કર્યા છે અને આના થકી ૧૦ હજાર માછીમારોને રોજી મળવાની છે ત્યારે મને ખૂબ આનંદ અને ગૌરવ થાય છે.

માનનીય અધયક્ષશ્રી, આમ તો વેલ્યુ એડેડ જે પ્રોડકશન હોય પણ વિદેશમાં ખૂબ માંગ છે અને ખાસ કરીને વેલ્યુ એડેડ મશીનરી માટે પણ સરકાર ખૂબ સહાય કરે છે અને આ બજેટમાં લગભગ ૪૦૦ લાખ રૂપિયાની જોગવાઈ કરી છે. દરિયાઈ સંપત્તિ વિપુલ પ્રમાણમાં છે અને એનો માછીમાર ભાઈઓ લાભ લે છે.અત્યારે લગભગ ૨૫૯૦ જેટલાં વહાણો આપણી પાસે છે, પરંતુ આપણે ૫ મત્સ્ય બંદરો વિકસાવી શકયા છીએ એમાં મારા વિસ્તારનું ધોલાઈ બંદર પણ છે અને બીજાં૧૭ જેટલાં મત્સ્ય કેન્દ્રો ઉભાં કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું એક વાત ખાસ કરવા માગું છું કે જયારે માછીમારો દરિયામાં માછીમારી કરવા જાય છે પાકિસ્તાન મરીન એજન્સી સિકયુરીટી આ માછીમારોની જે ધરપકડ કરે છે ત્યારે એટલી ખરાબ

પરિસ્થિતિ ઉભી થાય છે કે એમની રોજીરોટી કેઆજીવિકાનું કોઈ સાધન રહેતું નથી ત્યારે સરકારે જયારથી એ પકડાય અને જે તારીખે એ જેલમાંથી છૂટીને પરરત આવે ત્યાંસુધી રોજના ૫૦ રૂપિયાની સહાય આપવાનું પણ આ સરકારે નકકી કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ વાત કરું તો આ મત્સ્યોગ સાથે બે વસ્તુ સંકળાયેલ છે. એક તો સુરક્ષા અને એ વિસ્તારનો વિકાસ. તા. ૨૬-૧૧-૦૮ ના રોજ જયારે મુંબઈમાં આતંકવાદીઓએ હુમલો કર્યો અને એમાં માછીમારોની બોટનો ઉપયોગ થયો ત્યારથી સરકારે ચેતીને હમણાં જ આપણે પણ કહ્યું છે કે સિકયુરિટી બેઈઝ ઉપર જયારે દેશપ્રેમ અને દેશભકિતને વરેલી વિચારસરણી સાથે સંમત છીએ ત્યારે.. આ સીકયુરીટી સાથે કોઈ સમાધાન થઈ શકે એમ નથી એટલે સરકારે ગુજરાત મત્સ્યોદ્યોગ અધિનિયમ ૨૦૦૩માં સુધારો કરીને સીકયુરીટીમાં લાભ થાય તેવા સુધારા કર્યા છે. તે અભિનંદનને પાત્ર છે. જયારે સીકયુરીટીનો સવાલ આવે ત્યારે લોકલ લેવલે પણ જાગૃતિ હોવી જોઈએ. તેના માટે અમે ત્યાંના યુવાનોને તૈયાર કર્યા છે. જે આપણને આ અભિયાનમાં સહાયક બને છે. સરકારે ડોલાઈ ખાતે મરીન પોલીસ સ્ટેશનની જોગવાઈ પણ કરી છે. માનનીય આનંદીબેન બેઠા છે તો મારે કહેવું છે કે અમારા વિસ્તારમાં કે જે કાંઠાના વિસ્તારો છે એમાં દસ દસ કરોડના ખર્ચે આજે ત્રણેક રોડ પણ બની ગયા છે. માનનીય નીતિનભાઈ બેઠા છે તો હું કહીશ કે આ દરિયા કાંઠાનો વિસ્તારના ધોવાણ માટે એમણે ખૂબ સારી યોજના કરી છે અને હમણાં જ મંગુભાઈ પટેલના હસ્તે મપ્રોટેકશન વોલનું ઉદઘાટન પણ કર્યુ છે. આ વિસ્તારમાં પાણીનો ખૂબ મોટો પ્રશ્ન છે, કારણ કે ત્યાં કોઈ સોર્સ નથી. માનનીય નીતિનભાઈ બેઠા છે ત્યારે મારે કહેવું છે કે ક્ષાર નિયંત્રણ યોજનાને તાત્કાલિક મંજૂરી આપીને શરૂ કરવામાં આવે તો બે લાભ થઈ શકે છે આ ક્ષારનું નિયંત્રણ પણ થઈ શકશે અને સાથે સાથે પાણીનો પ્રશ્ન છે તેનો પણ નિકાલ થઈ શકે એમ છે. માનનીય દિલીપભાઈ બેઠા છે ત્યારે હું કહેવા માગું છે કે આ વિસ્તારના ઉદ્યોગો છે ત્યાં ફીશરીઝ કોલેજ ચાલુ કરવામાં આવે તો ત્યાંના યુવાનોને તેનો લાભ આપી શકીશું, આપણે સ્થાનિક મજુરી કરવી પડશે, અને માનનીય રમણભાઈ બેઠા છે તો આ વિસ્તારમાં મરીન એન્જિનિયરીંગ શરૂ કરવામાં આવે તો આ વિસ્તારના યુવાનોને આપણે સારી તક આપી શકીશું. મારે ટુંકમાં પુરું કરવાનું છે એટલે લાંબી વાત નથી કરતો પણ મને ચર્ચા થાય ત્યારે લાગે છે કે અમને ઘણી વાર ઓછો સમય મળે છે એટલે વાત કરી શકતા નથી.પણ જયારે વાત આવે ત્યારે મુખડા દેખો દર્પનમે એ મને યાદ આવે છે. અને હું તો એમ કહેવા માગું છું કે આ સરકાર જે કહે તે કરે છે. નરેન્દ્રભાઈ જે વાત કરે છે.

**અધ્યક્ષશ્રી** : આપનું પ્રવચન પુરું થયું છે. માનનીય મંત્રીશ્રી જયનારાયણભાઈ.

**શ્રી જયનારાયણ વ્યાસ (આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી આ સન્માનનીય સભાગૃહ સમક્ષ જે અંદાજપત્ર લઈને આવ્યા છે તેને હું આવકારું છું અને સમર્થન આપવા માટે ઉભો થયો છું. માનનીય નાણા મંત્રીશ્રીના અંદાજપત્રમાં ગુજરાતના વિકાસને વેગ મળે, સાર્વત્રીક વિકાસ એટલે કે ઈન્કલુઝીવ ગ્રોથ થાય, વિકાસના ફળ સમાજમાં છેવાડામાં છેવાડાના માણસ સુધી પહોંચે અને એ વિકાસ થકે સાચા અર્થમાં ગુજરાત જેને માટે આપણે કહીએ છીએ કે સારે જહાં સે અચ્છા હિન્દોસ્તાં હમારા, એ ભારતનું ગ્રોથ એન્જિન એટલે કે વિકાસને ગતીશીલ બનાવતું એક ચાલક બળ ગુજરાત બની રહે, એવી અનેક જોગવાઈઓ એવી અનેક યોજનાઓ માનનીય નાણા મંત્રીશ્રી આ અંદાજપત્રમાં લઈને આવ્યા છે. અને આમ છતાંય એ જોગવાઈઓ જોવા માટે, હું આ ચર્ચા બે દિવસથી સાંભળું છું, બન્ને પક્ષે જે કહેવાયું છે તે મેં ખૂબ ધ્યાનથી સાંભળ્યું છે, એમાંના કેટલાક મુદ્દાઓનો હું આજે જવાબ પણ આપવાનો છું. પણ મારી ચર્ચાની શરૂઆત કરતા હું ઉત્તર ગુજરાતમાંથી આવું છું જેનું નામ ખૂબ સન્માનપૂર્વક શાયરોમાં લેવાય છે, સાહિત્યકારોમાં લેવાય છે તે શૂન્ય પાલનપુરી, એમની પંકિતઓથી હું મારા આજના વકતવ્યની શરૂઆત કરવા માગું છું. આ અંદાજપત્રમાં શું તકલીફો દેખાય છે? કયાં તકલીફો છે? તો શૂન્ય પાલનપુરીએ બહુ સરસ જવાબ આપ્યો છે, એમણે કહયું છે. "દેખતા પણ જો ન સમજે, તે જ છાયાનો ઉસૂલ, માનનીય અધ્યક્ષશ્રી,ઉંઘતાને જગાડવો સરળ છે, જાગતાને જગાડવાનું મુશ્કેલ છે. .

આંધળા છે એમની સામે અરીસો છે ફઝૂલ,
આ છે અમૂલ્યન સમયનો કે પછી દ્રષ્ટિની ભૂલ, જેવી દ્રષ્ટિ એવી સૃષ્ટિ.
કાચના ટુકડાઓમાં તોળાય છે હીરા અમૂલ."

આ બજૅટની, આ અંદાજપત્રની જોગવાઈઓ એની આજે વિગતવાર ચર્ચામાં નથી પડતો પરંતુ સામાન્ય ચર્ચા છે ત્યારે મારા વિભાગની ચર્ચા કે અન્ય વિભાગની ચર્ચા કરવાની છે ત્યારે હાથ ધરીશ. પરંતુ આજે કેટલાક મુદ્દાઓ મારે ગુજરાતની પ્રજા સમક્ષ આ સન્માનનીય ગૃહ થકી અને આપના થકી કોઈપણ પ્રકારનો સંશય ન રહે તે રીતે કોઈપણ પ્રકારના રાજકીય અવલોકન વગરનો કે કોઈપણ રાજકીય રંગ ચડાવ્યા વગર માત્રને માત્ર હકીકતોના સથવારે મૂકવો છે. અને એ હકીકતોના સથવારે આ અંદાજપત્રની અને અત્યાર સુધી આ ૧૭મું અંદાજપત્ર છે એટલે છેલ્લા એક દાયકા કરતાં વધુ સમયથી માનનીય નાણામંત્રીશ્રી બજૅટ રજૂ કરી રહ્યા છે. આ બજૅટ માટે એવું કહેવાય છે કે Budget is not an accountant's statement. એ કોઈ મહેતાજી પોતાનું સરવૈયું રજૂ કરે એ બજૅટ નથી. Budget is a policy document which points the pointers which

provides a pointer towards direction of growht and which are the policies which the Govennment wants to implement for betterment of the people. એ દિશામાં આપણે વિચારીએ તો અત્યાર સુધીમાં માનનીય નાણામંત્રીશ્રીના સક્ષમ વહીવટમાં આ રાજયનું નાણા વ્યવસ્થાપન કઈ રીતે ચાલ્યું દસમી પંચવર્ષીય યોજનામાં વિકાસ લક્ષ્યાંક આપણા માટે ૧૦.૨ ટકા જ્યારે ગુજરાતે વિકાસ લક્ષ્યાંક હાંસલ કર્યો ૧૦.૮ ટકા. ૧૧મી પંચવર્ષીય યોજનામાં આપણે ડિસ્ટિંકશનમાં પાસ થતા હતા એટલે સ્વાભાવિક રીતે આયોજન પંચે કહ્યું કે તમે ડિસ્ટિંકશનમાં પાસ થાવ છો. તમારી અર્થ વ્યવસ્થાપન ખૂબ સરળ છે, નાણા વ્યવસ્થાપન પણ ખૂબ સરસ છે એટલે તમે હવે ૭૫ ટકા માર્ક્સ લાવો એ ન ચાલે તમારે ૯૫ ટકા માર્ક્સ લાવવા પડશે. એટલે ૧૧મી પંચવર્ષીય યોજનામાં લગભગ આઠ એકડાનો સમન્વય થયો. અગિયારમી પંચવર્ષીય યોજનામાં વિકાસનો ટાર્ગેટ મૂકવામાં આવ્યો, લક્ષ્યાંક મૂકવામાં આવ્યો ૧૧.૨ ટકા અને એનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો ૧ લાખ ૧૧ હજાર ૧૧૧ કરોડ. ગુજરાત પહેલા નંબરે છે છેલ્લા દસ વર્ષના શાસનમાં ગુજરાતમાં વિકાસનો સુવર્ણ સિદ્ધિ યુગ રહ્યો છે એ હકીકત છે અને કદાચ એ કારણસર અગિયારમી યોજનાના બે એકડાની સાથે બીજા છ એકડા જોડીને ટાર્ગેટ નક્કી થયો ૧,૧૧,૧૧૧ કરોડ ત્યારે આપણને લાગતું હતું અને અમારા ટીકાકારો એમ કહેતા હતા કે તમે હવામાં મહેલ બાંધો છો. આ આંકડાઓ તો જ્યારે લાડી પાડી નીવડે ત્યારે વખાણ, જ્યારે સિદ્ધ થશે ત્યારે જોઈશું એ ટીકાકારોને જડબાતોડ જવાબ આપવા માટે એ પ્રકારની નાણાકીય સ્થિતિઓ આ રાજયે હાંસલ કરી છે. અત્યાર સુધી જે વિકાસ થયો છે અને ૧૧ મી પંચવર્ષીય યોજનાના અંતિમ વર્ષમાં ૨૦૧૦-૧૧ના વર્ષમાં ૧૯.૮૯ ટકાના વિકાસની શક્યતા સાથે, સાહેબ આ ૧,૧૧,૧૧૧ કરોડનો ટાર્ગેટ ૧૧૫ ટકાની સિદ્ધિ સાથે આપણે વટાવીને ૧ લાખ ૨૭ હજાર કરોડને આંબવા તરફ આગળ વધી રહ્યા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, એક પ્રશ્ન વારંવાર ગૃહમાં ચર્ચાય છે અને મને લાગે છે કે તેના ઉપર નિષ્પક્ષ, તટસ્થપણે, હકીકતો સાથે આ ગૃહમાં ચર્ચા થવી જોઈએ અને એટલા માટે એ પ્રશ્નનો જવાબ મેં મારી રીતે શોધવાનો પ્રયત્ન કર્યો. વારંવાર અહીંયા ચર્ચા થાય છે. બન્ને પક્ષોના માનનીય સભ્યશ્રીઓના મનમાં દ્વિધા હોય છે. શું કેન્દ્ર રાજય સરકારના વિકાસ માટે નાણાં પૂરા પાડે છે? જ્યારે હોય ત્યારે કેન્દ્ર સરકારનો આમાં ફાળો શું, કેન્દ્ર સરકારે કેટલા પૈસા આપ્યા? કેન્દ્ર સરકાર આમાં શું આપવાની છે? માનનીય અધ્યક્ષશ્રી, આ વિવાદ, આ રાજકીય અવલોકનો તેને તટસ્થતાની સરાણે મૂકવાનો મેં પ્રયત્ન કર્યો છે. મેં તેને અત્યંત તટસ્થતાપૂર્વક ચકાસવાનો પ્રયત્ન કર્યો છે. આપણે સમવાય તંત્રમાં જીવતો દેશ છીએ. આપણાં બંધારણની વિશિષ્ટતા એવી છ કે વિકાસની જવાબદારી ધરાતળ પર રાજયોની છે અને હવે તો જે પ્રકારનું વિકાસનું આયોજન અને ને પ્રકારના વિકાસનું મોડેલ તૈયાર થઈ રહ્યું છે, છેક ગ્રામ્ય સ્તર સુધી. હવે આપણે ટેલિવીઝન પર પણ જાહેરાત જોઈએ છીએ કે હું સરપંચ છું. આ નિર્ણય કોણ કરે નરેગાનો? ગ્રામ સભા કરે. એને અમલમાં મૂકવાનું કામ કોણ કરે? ગ્રામ સભા કરે. તો ધરાતળ ઉપર વિકાસની જવાબદારી રાજયની છે અને રાજયની છે તે સામે મહદ્અંશે કરવેરાનો મોટો ભાગ કેન્દ્ર ઉઘરાવે છે. કસ્ટમ ડ્યૂટી હોય, સેન્ટ્રલ એકસાઈઝ હોય, ઈનકમટેક્સ હોય. આ કેન્દ્રિય વેરાઓ છે. આવક કેન્દ્ર સરકારને થાય, વિકાસ રાજયોના માધ્યમ થકી કરવાનો છે. આ રાજયનું પણ ૬૬ ટકા બજૅટ જિલ્લાઓ થકી વપરાય છે. એટલે તેનો અર્થ એ ન થાય કે રાજય જિલ્લાઓને પાળે છે. આ એક નિર્ધારિત ફોર્મ્યુલા છે. આમાંથી અમુક હિસ્સો કેન્દ્ર રાખે. બાકીના નાણા રાજયને તેમના વિકાસ માટે ફાળવે છે અને આ ફાળો ગુજરાતને મળે છે. આ કેન્દ્રના નાણા, કેન્દ્રના નાણા, કેન્દ્રના નાણાના નામે માળા જપવાવાળાઓને એ સમજવું જોઈએ કે આ કેન્દ્રીય નાણાં એ કોઈ ગુજરાતને દાનમાં આપવામાં આવતી અથવા ધર્માદામાં આપવામાં આવતી રકમ નથી. એ ગુજરાતના હક્કની રકમ છે. આ નાણા પંચ નક્કી કરતું હોય છે કે આપણને કેટલો હક્ક મળશે. ૧૨મા નાણા પંચે નક્કી કર્યું હતું કે આપણને ૩.૫૭ ટકા મળશે. આપણે સારું કર્યું. ૧૩મા નાણા પંચે જુદી રીતે નાણાંની ફાળવણી કરી, તેમણે કહ્યું, નહીં, not on merit, on principle of equality we will give the devolution. એટલે આ ૩.૫૭ ટકાનો હિસ્સો હતો એ ૧૩મા નાણા પંચે ઘટાડીને ૩.૦૪ ટકાનો કર્યો છે. સાહેબ, ગુજરાતનું પેટમાં બળતું હોય તો આ હિસ્સો ૩.૫૭ ટકાથી ઘટીને ૩.૦૪ ટકા થયો છે, ચાલો દિલ્હી અને આ ફોર્મ્યુલા બદલાવવા માટેનો પ્રયત્ન કરો. આ કરવાની જરૂર છે, માનનીય અધ્યક્ષશ્રી,.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : સરકારની સાથે અમે જોડાયા હતા અને એન.ડી.એ.ના શાસનમાં જે ૧૨મું નાણા પંચ આવ્યું ત્યારે ગુજરાતનો હિસ્સો હતો તેના કરતા હિસ્સો વધ્યો, તેમ છતાં આમાં આક્ષેપમાં નથી પડતા. ગુજરાતના હિતમાં નાણા પંચ પાસે રજૂઆત કરવા જવાનું હતું. માનનીય નાણા મંત્રીશ્રીએ કહ્યું તો એમના મુદ્દાઓ લઈ એ જ મુદ્દા પર ગુજરાતના હિતમાં રજૂઆત કરી. નાણા પંચ એના માપદંડો કેવી રીતે નક્કી કરે છે એ હું અને આપ સારી રીતે જાણીએ છીએ. મહેરબાની કરીને એને પોલીટીકલાઈઝ ન કરીએ તો સારું.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, આને કોઈ રાજકીય રંગ આપવાનો મારો ઈરાદો નથી. માત્ર ૩.૫૭ ટકામાંથી આપણો હિસ્સો ઘટીને ૩.૦૪ ટકા થયો છે. આપણે સંયુક્ત રીતે હજુ પણ જે કંઈ પ્રયત્ન થઈ શક્તો હોય તે કરવો જોઈએ. આપણે કેન્દ્ર સરકાર પૈસા આપે છે, કેન્દ્ર સરકાર પૈસા આપે છે. એમાં હું-તું નહીં, સાહેબ, મહાભારતનો એક બનાવ છે. યક્ષ જ્યારે કૌરવોને પકડીને લડાઈમાં હરાવીને લઈ જતા હતા અને ત્યારે સમાચાર પહોંચ્યા કે યક્ષ કૌરવોને પકડી જાય છે. ભીમને ખુશી થઈ કે સારું થયું, આ જ લાગના હતા, એમને

પકડી જવા જોઈએ પણ યુધિષ્ઠિર ભલે વિપક્ષમાં હતા, લઘુમતિમાં હતા પાંચ જ પાંડવો હતા, અંતરાય.. હા પણ તમે નથી. .. અંતરાય .. બંધ બેસતી પાઘડી પહેરવાનું છોડી દે કારણ કે આગળ એવા ઉદાહરણો આવશે કે એ ઉદાહરણો એમને .. અંતરાય .. ત્યારે યુધિષ્ઠિરે કીધું કે વયમ પંચાધીકમ શતમ. રાજય કરવા કૌરવો બેઠા હતા, અને પાંડવો સામે હતા વનવાસમાં, પાંડવો કૌરવો અગત્યના નથી. એ દાખલો અનુસરવાનો નથી. તમે પાંડવો થઈ શકો એમ નથી. એ જે અનાધીકારી ચેસ્ટા કરવાની જરૂર નથી. જે થઈ શકીએ એમ ન હોય એ દિશામાં ના જઈએ, પણ જે થઈ શકે તેમ છે કે ગુજરાતના હિત ખાતર આપણે કર્યુ છે ભૂતકાળમાં પણ નર્મદા યોજના હોય, આપણે ગુજરાતના હીત ખાતર એક થઈને ઉભા રહ્યા છીએ તો આ દિશામાં કેન્દ્રના ફાળાની વાત કરવાનું બાજુ પર મૂકીએ તો વધુ સારું છતાં પણ કેન્દ્ર સરકાર પૈસા આપે છે, કેન્દ્ર સરકાર પૈસા આપે છે તે માની લઈએ સાહેબ અને કેન્દ્ર સરકાર પૈસા આપે છે આપણે સ્વીકારીએ, એનું રુણ સ્વીકાર કરીએ, જરૂર હોય તો આ ગૃહ એક આભાર ઠરાવ પસાર કરે અને કેન્દ્ર સરકારને મોકલે કે તમે તમારો જે • (xxxx) (xxxx)એમાંથી થોડાઘણા પૈસા અમને પણ મળે છે એના માટે અમે આભારી છીએ. પણ શું પરિસ્થિતિ છે?

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, (xxxx) (xxxx)એ શબ્દો કાં મંત્રીશ્રી પાછા ખેંચે અથવા આપે દૂર કરવા જોઈએ.

**શ્રી જયનારાયણ વ્યાસ** : ના સાહેબ પાછા ખેંચુ છું. સોરી. માનનીય અધ્યક્ષશ્રી, હું મુદ્દાની વાત પર આવું તો ગુજરાત કેન્દ્ર સરકારને જી.એસ.ડી.પી.ના પર્સન્ટેજ તરીકે આપણે ગણીએ તો ૭૫હજાર કરોડ રૂપિયા કરવેરા પેટે આપે છે. કુલ સરવાળો ગુજરાતનો કેટલા બહાર જાય છે એનો પછી આપીશ પણ ૭૫હજાર કરોડ રૂપિયા કરવેરા પેટે આપે છે. બેન્કોમાં ૩૧-૩-૨૦૧૦ના રોજ ગુજરાતની ૨,૨૫,૨૯૯ કરોડની ડિપોઝિટ હતી, અને બૅન્કોએ ગુજરાતમાં ધીરાણ કર્યુ છે, રાષ્ટ્રીયકૃત બેન્કોએ ૧,૫૫,૫૦૦ કરોડ એટલે ૭૦હજાર કરોડ રૂપિયા બેન્કોના માધ્યમ થકી ગુજરાતના ગુજરાત બહાર જાય છે. ક્રેડીટ ડિપોઝિટ રેશીયોની વાત કરીએ તો રાષ્ટ્રીયકૃત બેન્કોનો, ક્રેડીટ ડિપોઝિટ રેશીયોની વાત કરીએ તો તામિલનાડુની ૧૧૨.૬, કારણ કે સહકારી બેન્કો રાજય બહાર ધીરાણ નથી કરી શકતી, તાલિમનાડુની ૧૧૨.૬, આંધ્રપ્રદેશનું ૧૦૫.૧, રાજસ્થાનનો ૮૨.૧, મહારાષ્ટ્રનો ૮૧.૩ ને ગુજરાતનો ૬૫.૩ એટલે ૩૫ ટકા નાણા ગુજરાતીઓ બૅન્કોમાં મૂકે છે એ આ દેશના વિકાસમાં વપરાય છે, એક ગુજરાતી તરીકે આપણને એનું ગૌરવ છે. આ દેશ અને ગુજરાત જૂદા નથી. દેશના વિકાસ સાથે ગુજરાતનો વિકાસ જોડાયેલો છે પણ આ રાજયના આ બેન્કીંગ મીકેનીઝમ થકી ૭૦હજાર કરોડ રૂપિયા બહાર જાય છે તે વાત નજરઅંદાજ થઈ શકે તેમ નથી. ત્યાર પછી ત્રીજા માધ્યમથી ગુજરાત રાષ્ટ્રના વિકાસમાં ફાળો આપે છે. નવા ઈકવીટી આવે છે એમાં ૩૦ ટકાથી વધારે ભરણું ગુજરાતમાંથી થાય છે અને વેરી કલોઝ એસ્ટીમેટ ધીસ ઈઝ હન્ડ્રેડ થાઉઝન્ડ કરોડસ એ ગુજરાત દેશના વિકાસમાં આપે છે. કેન્દ્રીય વેચાણવેરો ઘ ટયો, સારી વાત છે, એ આવકારદાયક પગલું છે. કેન્દ્રના બજેટને આવકારની એનાલીસીસ વખતે મેં આવકાર્યુ હતું તે પગલું કે ૪ ટકામાંથી ઘટાડીને ૩ ટકા , ૩ ટકાથી ઘટાડીને ૨ ટકા કર્યો , સારી વાત છે. એનાથી ભારણ ઓછું થયું છે અને સરવાળે જે જી.એસ.ટી.ની દિશામાં જવાનું છે એ દિશામાં જવા માટેનું આ એક પગલું છે પણ માનનીય સભ્યશ્રીને હું આપના થકી કહેવા માગુ છું કે આ સરસ નથી. કારણ કે રાજયને લાગે વળગે છે ત્યાં સુધી ૪ ટકા સીએસટી હતો ત્યારે એ જ સીએસટી જે રાજયમાંથી વેપાર થાય, જેમાંથી બિલ બને એ રાજયને મળે, હવે ૨ ટકા થઈ ગયો એ, કેન્દ્ર સરકારે જાહેરાત કરી દીધી બજેટમાં, સેન્ટ્રલ બજેટમાં જાહેરાત થઈ ગઈ પણ એના ખોટ પેટે આપણને ૨૪૬૫ કરોડનું લેણું નીકળે છે તે હજી મળતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ઓ.એન.જી.સી.એ ક્રુડ ઑઈલની એકતરફી રૉયલથી નક્કી કરી તેના લીધે ૨૮૦૭ કરોડનું આપણને નુકસાન ગયું. હવે માનનીય સભ્યશ્રીઓ હિસાબ જો મૂકવો હોય તો મૂકે, ગુજરાત કેન્દ્રને વેરાઓ પેટે ૭૫ હજાર કરોડ આપે છે. ગુજરાતમાંથી આવેલ ડિપોઝિટ મુજબ બૅન્કોનું રાજય બહાર ૭૦ હજાર કરોડનું ધિરાણ છે. કેન્દ્રીય વેચાણ વેરાની ૨૪૬૫ કરોડની રકમ બાકી છે. ઓ.એન.જી.સી.ની ક્રુડ ઑઈલની રૉયલ્ટીની ખોટી ગણતરી થઈ તેના લીધે ૨૮૦૭ કરોડ ગુમાવ્યા. સાહેબ ૧ લાખ ૫૦ હજાર ૨૬૨ કરોડ રૂપિયા સામે ૧૪ હજાર કરોડ રૂપિયા મળે છે. કડું કાઢી લઈ સાહેબ વાળી આપવાની વાત છે. ૮.૫ ટકા થયા. ગુજરાત જે પૈસા કેન્દ્રને આપે છે અથવા દેશને આપે છે તેના ૮.૫ ટકા ગુજરાતના વિકાસ માટે મળતા હોય અને આપણે જો ખુશ હોઈએ તો અહો રૂપમ અહો ધ્વનિ કરવાની સાહેબ કોઈ અને સંસ્કૃતમાં સાહેબ એક શ્લોક છે કે **ઉત્સવંચ ગૃહે લગ્ન ગર્દભા શાન્તી પાઠકા, પરસ્પર પ્રસશ્યંતે અહો રૂપમ અહો ધ્વનિ.** આ અહો રૂપમ અહો ધ્વનિ આપણે કરવું હોય તો કોઈ વાંધો નથી. ગુજરાતના બંદરો કુલ ૨૫ ટકા માલનું વહન કરે છે. તેના વિકાસ માટે કેન્દ્રએ કોઈ પૈસા આપ્યા નથી. ગુજરાતના બંદરોને જોડતી રેલવે લાઈન માટે હજું આપણે રાહ જોવાની છે. દેશનો ત્રીજા ભાગનો દરિયાકાંઠો ધરાવતું ગુજરાત કોસ્ટલ હાઈવેની બાબતમાં કેન્દ્રના ધ્યાને નથી ચઢયું હજું. પેલેસ ઓન વ્હીલ ટ્રેન બંધ કરી દેવાઈ છે. ગુજરાતમાં મુંબઈ, દિલ્હી, હૈદરાબાદ અને ચેન્નઈ જેવું મોટું આંતર રાષ્ટ્રીય એરપોર્ટ નથી

---

• (XXXX માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

તેનો વાંધો નથી સાહેબ પણ આપણને કેટલાય વખતથી એક ચોકલેટ આપવામાં આવી હતી કે અમદાવાદ લંડનની સીધી ફ્લાઈટ શરૂ થશે. સાહેબ, હવે એવું કહેવામાં આવે છે કે અમદાવાદ લંડનની સીધી ફ્લાઈટ શરૂ કરવા માટે એર ક્રાફટ નથી. સાહેબ, જે રાજયમાંથી જે રાજયની રીજીયોનલ પાસપોર્ટ કચેરીએ દેશમાં સૌથી વધારેમાં વધારે પાસપોર્ટ ઈસ્યુ કર્યા છે તે રાજયમાં ડાયરેક્ટ ફલાઈટ ચાલુ ન થાય? અહીંથી લંડન સુધી સીધી ફ્લાઈટ ન આપી શકાય તે કેન્દ્ર સરકારની નિ:સહાયતા હોય તો આ ફાળો ગુજરાતને કંઈ રીતે મળે છે સાહેબ?

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : ઈફ યુ પરમીટ પૉઈન્ટ ઑફ કલેરીફીકેશન. આ લંડનની ફ્લાઈટના સંદર્ભમાં. તમે તેમને પરમીટ કર્યા હતા. ન કરવાના હોવ તો હું પણ નથી કરતો. જયારે હવે અમારા સભ્યો બોલતા હોય ત્યારે ન કરે. ના પાડવાના હોવ તો મને પણ જોઈતો નથી.

**અધ્યક્ષશ્રી** : આપને લાસ્ટમાં માનનીય મંત્રીશ્રી જવાબ આપશે. અત્યારે તે સભ્યશ્રી તરીકે પ્રવચનમાં ભાગ લઈ રહ્યા છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના પાસેથી એટલી જ અપેક્ષા છે કે કોઈપણ સભ્ય બોલતા હોય ત્યારે પૉઈન્ટ ઑફ ઑર્ડર અને પૉઈન્ટ ઑફ કલેરીફીકેશન આ બે મુદ્દાઓ માટે સભ્યોનો અધિકાર હોય છે. આપે ડીસએલાઉ કરવાના હોવ તો હું બેસી જાઉં.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, ત્યારપછી મારા સાથી મંત્રીશ્રીના ખાતાની વાત કરીએ તો હું બીજા બધામાં એટલે કે શિક્ષકોના પગાર અને તે બાબતોમાં હું પડવા માગતો નથી. સર્વ શિક્ષા અભિયાનમાં સિવિલ વર્કના નાણાં ફાળવવામાં કેન્દ્ર સરકારે ચૂકવેલ ગ્રાન્ટ પૈકીની ૩૩ ટકા રકમ સિવિલ વર્ક માટે રાજય સરકારને આપવામાં આવે છે. તે નથી મળતી તેના કારણે શાળાના વર્ગખંડો ઓછી ગ્રાન્ટના કારણે બાંધી શકાતા નથી. આ તો કેટલાક દાખલા છે. હું આરોગ્ય વિભાગ સંભાળું છું એટલા માટે કહીશ કે this is physician's sample. કેટલાક દાખલા છે. પૂરી વિગતો નથી. ત્યારપછીના મુદ્દા પર આવું. વારેઘડીએ આપણે ચર્ચા કરીએ છીએ અને મારો અંતરાત્મા વલોવાતો હતો કે ખરેખર આવતી પેઢીને આપણે દેવાળીયા પેઢી બનાવી રહ્યા છીએ. ગુજરાતનું જાહેર દેવું ખરેખર શું એટલું બધું વધી ગયું છે. મેં વિગતોમાં જવાનો પ્રયત્ન કર્યો. ગુજરાતના જાહેર દેવાની સાચી વિગતો આ પ્રમાણેની છે. જે પ્રમાણે ધંધો વધે તે પ્રમાણે વર્કીંગ કેપીટલ વધે. જે રાજયનો વિકાસદર સૌથી વધારે હોય તેની વર્કીંગ કેપીટલની અથવા દેવાની સૌથી વધારે રહે. This is cardinal principle of economic and financial management, you can't deny. આમ છતાં દેવાને હંમેશાં રાજયના કુલ દ ારગથ્થું ઉત્પાદન સાથે સરખાવવું જોઈએ. દેવું ભાગ્યા રાજયનું કુલ ઘરગથ્થું ઉત્પાદન તેનો જે રેશીયો આવે તે સાચી સરખામણી છે. જાહેર દેવું અને જી.એસ.ડી.એલ.ની ટકાવારી ૨૦૦૪-૦૫માં ૨૮.૪૮ ટકા હતી. ૨૦૧૦-૧૧માં ઘટાડીને ૨૧.૯૮ ટકા થઈ છે. માનનીય નાણામંત્રીશ્રીને હું અભિનંદન આપું છું. કે તેમણે દેવું કાબૂમાં રાખ્યું છે.

માનનીય નાણામંત્રીશ્રીને હું અભિનંદન આપું છું કે એમણે દેવું કાબુમાં રાખ્યું છે. આ દેવાની કિંમત, એટલે એના ઉપરનું વ્યાજ કારણ કે વ્યાજની વારે ઘડીએ વાત થાય છે કે ગુજરાતની ભાવી પેઢી વ્યાજના ભારણ નીચે દબાઈ જશે. રાજ્યના જાહેર દેવાની સરેરાશ કિંમત ૨૦૦૪-૦૫ માં ૧૦.૭૯% હતી. આપણે ૧૦.૭૯% વ્યાજ ભરતા હતા. જે ૨૦૧૦-૧૧ માં ઘટાડીને through proper, prudent, very farsighted financial management, માનનીય નાણામંત્રીશ્રીએ ૮.૭૪% કરી છે અને માનનીય અધ્યક્ષશ્રી, આપના થકી માનનીય સિધ્ધાર્થભાઈને કહીશ. સિધ્ધાર્થભાઈ તો નાણા વ્યવસ્થાપન મારા કરતા પણ વધુ સારુ જાણે છે. કારણ કે હું તો એનો અભ્યાસુ છું, એ તો પોતે વ્યવસ્થાપક છે પોતે જાતે સારા એવા ઉદ્યોગપતિ અને નાણા વ્યવસ્થાપનના માહિર છે. ૪૯% દેવું આપણું ફરજીયાત લેવું પડે છે national small savings ના દેવાના ભાગરૂપે આપણે આ દેવું લેવું પડે છે. એટલે એ ૪૯% દેવું, કેન્દ્ર સામાન્ય માણસને પી.એફ. ઉપર ૮% on small saving આપે અને આપણને ૯.૫૦% વ્યાજે આપે છે. આના કારણે આપણુ જે જાહેર દેવું છે એના ઉપરનું વ્યાજનું ભારણ હજુ પણ માનનીય નાણામંત્રીશ્રી હજુ પણ વધુ ઘટાડી શક્યા હોત પણ નથી ઘટાડી શક્યા એનું આ કારણ છે. માનનીય અધ્યક્ષશ્રી, પશ્ન એ થાય છે કે આ દેવાના ભારણ નીચે ભાવિ પેઢી કચડાય જશે? માનનીય અધ્યક્ષશ્રી, જવાબ એ છે કે સાહેબ, એક ગ્લાસ ભરેલો હોય, અડધો ભરેલો હોય એને અડધો ખાલી કહેવો કે ભરેલો કહેવો એ દ્રષ્ટિ ઉપર આધારિત છે પણ વાસ્તવિકતા આ છે કે રાજ્યની મહેસૂલી આવક સામે વ્યાજની ટકાવારી માનનીય નાણામંત્રીશ્રીએ સતત ઘટાડી છે. ૨૦૦૪-૦૫ માં મહેસૂલી આવક સામે વ્યાજની ટકાવારી ૨૬.૮૨% હતી. ૨૦૦૫-૦૬ માં ૨૧.૭૫% કરી, ૨૦૦૬-૦૭ માં ૧૯.૯૭% થઈ, ૨૦૦૭-૦૮ માં ૧૮.૭૧% થઈ, ૨૦૦૮-૦૯ માં ૧૮.૨૭% થઈ, ૨૦૦૯-૧૦ માં ૧૮.૪૮% થઈ અને ૨૦૧૦-૧૧ માં ૧૬.૩૩% થઈ. માનનીય અધ્યક્ષશ્રી, સાપેક્ષ કે નિરપેક્ષ જે રીતે આનું ડિબેટ કરવું હોય તે રીતે માનનીય સભ્યશ્રી સાથે હું કરવા તૈયાર છું. આંકડાઓ ઝૂઠું નથી બોલતા. સાહેબ, એવું કહેવાય છે દર્પણ ઝૂઠ ના બોલે. જે છે તે દેખાય છે. આંકડાઓ મેં જે રિઝર્વ બેંકના અહેવાલો છે તેમાંથી લીધા છે. આમાં કયાંય ભૂલ હોય તો i am on record, I stand corrected, Sir.

સાહેબ, આ જ રીતે રાજ્યનું કુલ જાહેર દેવું અને મહેસૂલી આવકની સરખામણી કરીએ તો ૨૦૦૪-૦૫ માં મહેસૂલી આવક સામે જાહેર દેવાની ટકાવારી ૨.૮૬% હતી. ૨૦૦૫-૦૬ માં ઘટીને ૨.૬૯ % થઈ,

૨૦૦૬-૦૭માં ઘટીને ૨.૩૪% થઈ, ૨૦૦૭ માં ૦૮% થઈ. ૨૦૦૭-૦૮ માં ૨.૨૨% થઈ, ૨૦૦૮-૦૯ માં ૨.૨૫% થઈ, ૨૦૦૯-૧૦ માં ૨.૩૫% અને ૨૦૧૦ માં ૨.૧૬% થઈ. માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રીને હું અભિનંદન એટલા માટે આપું છું કે મહેસૂલી આવક સામે જોઈએ, GSDP સામે જોઈએ, દેવાની કુલ કિંમતોની દૃષ્ટિએ જોઈએ continuously the Fiannce Department has been successful in controlling the debt and controlling debt in such a amnner that any State would be proud of.

સાહેબ, આ જ કામ કોઈ કોરપોરેટ સકેટરના Chief Executive or Financial Controller એ કર્યુ હોત તો સાહેબ આના માટે એને he would have been appreciated like antying તો માનનીય નાણામંત્રીશ્રીએ એમના વિભાગ થકી આ કામ રાજ્ય માટે કર્યુ છે, ભાવિ પેઢી માટે કર્યુ છે I cannot resisnt myself from complimenting him.

સાહેબ, રાજ્ય સરકારે દેવું વધે નહિ અને ઘટે એના માટે કોઈએ પગલા લીધા છે ખરા? સાહેબ, એની મેં તપાસ કરી તો સાહેબ, આ રાજ્ય દેશના પહેલા રાજ્યોમાનું એક રાજ્ય છે (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આ DMO શરૂ કરવામાં ગુજરાત દેશનું અગ્રીમ રાજ્ય છે. સાહેબ, આપણે Consolidated Sinking Fund ઊભું કર્યુ છે એમાં ૫૨૫૭ કરોડ રૂપિયા જમા છે. Guarantee Redumption Fund ઊભું કર્યુ છે એમાં તા.૩૧-૧૨-૨૦૧૦ નાં રોજ ૧૬૭૧ કરોડ જમા છે અને સાહેબ, આપણે ૨૦,૦૦૦ કરોડ રૂપિયાની ગેરંટી આપી શક્યા હોત. ૨૦,૦૦૦ કરોડની ગેરંટી સામે રાજ્યે માત્ર ૯,૯૮૦ કરોડ રૂપિયાની ગેરંટી આપી છે. એમાં પણ આપણે ૫૦ ટકાથી ઓછી ગેરંટી આપીને we have been prudent as far as guarantee management is concerned. સાહેબ, નીચેના મુદ્દાઓ તરફ હવે મારે આ સન્માનનીય સભાગૃહનું ધ્યાન દોરવું છે. સાહેબ, ગુજરાતનું દેવું વધ્યું એના કરતા રાજયની વિકાસ નીતિ અને વાયબ્રન્ટ ગુજરાત જેવા સફળ પ્રયોગોને કારણે એનું ઘરગથ્થું ઉત્પાદન અનેક ઘણી ઝડપે વધ્યું છે. We are today talking the average growht in double digit consistently for last over a decade અને એટલા માટે સાહેબ મેં પહેલા પણ કહ્યું હતું કે, આ ચાલુ દાયકો જે છેલ્લો દાયકો ગણીએ તો એ દાયકો એ ગુજરાતના વિકાસની સુવર્ણ સિદ્ધિનો દાયકો રહ્યો છે એમાં કોઈ શંકા નથી. સાહેબ, કેટલીક સાપેક્ષતામાં પણ મને આની સરખામણી કરવાનો વિચાર આવ્યો કે આપણે કહીએ છીએ તો દેશની સરખામણીમાં આપણે કયાં ઊભા છીએ? ગુજરાતનું જાહેર દેવું ૨૦૧૦-૧૧માં ૧,૧૨,૦૦૦/- કરોડ હતું. સાહેબ, કેન્દ્રનું ૪૦ લાખ કરોડ છે. કેન્દ્રનું જાહેર દેવું ૪૦ લાખ કરોડ છે, ગુજરાત પાંચ ટકા હિસ્સો અને પાંચ ટકા વસ્તી અને પાંચ ટકા વિસ્તાર ધરાવે છે. એ રીતે પ્રપોશનેટ જોઈએ તો આપણું ૨ લાખ કરોડ રૂપિયા દેવું હોવું જોઈતું હતું એના બદલે ૧ લાખ, ૧૨ હજાર કરોડનું દેવું છે ગુજરાતમાં. We are far far better of, we have consolidated the fiscal system. સાહેબ, ૪૯ નાણાં સ્મોલ સેવિંગ્સમાંથી આવે છે એની મેં વાત કરી સાહેબ. સાહેબ, એક સરખામણી કર્યા વગર નથી રહી શકાતું.(અંતરાય, આ તકે શ્રી અર્જુનભાઈએ બેઠા બેઠા કાંઈક બોલતાં) એ હું આપની સલાહ લઈને પછી ઈકોનોમીકસ શીખીશ. માનનીય અધ્યક્ષશ્રી, મને તો માનનીય અર્જુનભાઈ જેવું નાણાકીય વ્યવસ્થાપન નહીં આવડે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતે એના લક્ષ્યાંકો કરતાં સિદ્ધિ વધારે મેળવી છે પણ એફ.આર.બી.એમ.નો અમલ સાહેબ જેને fiscal responsibility and budgetary management act છે એનો અમલ ગુજરાત કરે છે. મેં તપાસ કરવાનો પ્રયત્ન કર્યો કારણ કે, હું છેલ્લા ૩૦ કરતાં વધારે વર્ષથી કેન્દ્ર સરકારના બજૅટનો અભ્યાસ કરી એના ઉપર ભાષણ આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકાર fiscal responsibility and budgetary management act નો અમલ કરતી નથી. આપણે નાણાકીય ખાધ, મહેસૂલી ખાધ, દેવું, જીડીપી રેશિયો કાબૂમાં રાખ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમયની મર્યાદા છે એટલે બીજી સરખામણીમાં નહીં જાઉં પણ બે મુદ્દા વિશેષત: ઊભા કરવામાં આવ્યા હતા એનો જવાબ મારે આપવો છે જેથી ખોટી બાબત આ ગૃહના સન્માનનીય ગૃહના

રેકોર્ડ પર ન રહે. એમાં પહેલો મુદ્દો છે ખેડૂતોના આપઘાત અંગેનો. માનનીય અધ્યક્ષશ્રી, જે નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોનો રિપોર્ટ છે, (અંતરાય) મારું પ્રવચન પૂરું થાય ત્યાં સુધી લંબાવીએ છીએ સમય, બે જ મિનિટ છે પણ (અંતરાય)

**શ્રી દિલીપ સંઘાણી** : (અંતરાય) આપ કહો તો અમે સંમત પણ શુભ ઈરાદાથી (અંતરાય) સાંભળો તો ખરા, સાંભળો તો ખરા પહેલાં (અંતરાય) તમે સસ્તી ચીજોની મારી વાત તો કરું (અંતરાય) આ મિનિટ બગડે એ આપજો.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, હું એક મુદ્દાનો જવાબ તો મારી ચર્ચામાં, આરોગ્ય વિભાગ વખતે આપીશ એટલે એ નથી આપતો પણ માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોના આપઘાતની જે વાત કરી એમાં નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોનો રિપોર્ટનો અહેવાલ કેન્દ્રનો છે, સમગ્ર રાષ્ટ્રમાં કુલ આપઘાતની દ્દષ્ટિએ ગુજરાત ૧૭મા ક્રમે છે અને એની આગળ તામિલનાડુ સાહેબ કોંગ્રેસની સાથેનું શાસન છે, આંધપ્રદેશ, મહારાષ્ટ્ર આ સાહેબ અને ગુજરાતમાં સાહેબ આપઘાતના કુલ બનાવો ૫,૭૮૦ બન્યા છે અને એમાં ખેડૂતના આત્મહત્યાના બનાવ માત્ર ૬ છે. અને છેલ્લે હવે એક મિનિટમાં મારી વાત પૂરી કરીશ. માનનીય અધ્યક્ષશ્રી, હું અત્યાર સુધી એવું માનીને ચાલતો હતો કે, આ સન્માનનીય સભાગૃહમાં જવાબદાર સાથી પક્ષના નેતાઓ પણ ગુજરાતનું એમના પેટમાં બળે છે. માનનીય અધ્યક્ષશ્રી, એમને ગુજરાત સાથે કોઈ નિસ્બત નથી, રાજકીય રોટલા શેકવા છે. મેડિકલ કાલેજની બાબતમાં જે ઉચ્ચારો અર્જુનભાઈએ કર્યા છે એ સંપૂર્ણપણે વિશ્વાસઘાત છે, વિશ્વાસઘાત કરીને જે વિગતો એમને આપવામાં આવી હતી એ વિગતોને મારી મચોડીને માનીનીય અધ્યક્ષશ્રી, ઉપયોગ કરવામાં આવે છે.

**સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૧.૪૦ વાગ્યે પૂરું થતાં અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ બપોરના ૨.૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**ગુરૂવાર, તા. ૧૦મી માર્ચ, ૨૦૧૧**
**ફાલ્ગુન ૧૯, ૧૯૩૨ શાકે**
**બીજી બેઠક**
**બપોરના ૨-૩૦ થી સાંજના ૭-૦૦ વાગ્યા સુધી**
**માનનીય અધ્યક્ષશ્રી, ગણપતભાઈ વસાવા અધ્યક્ષસ્થાને.**

# ટૂંકી મુદતનો પ્રશ્ન

**ટૂં. મું.- ૯૩ શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) કચ્છ જિલ્લાના રાપર તાલુકાના અરજદારે પોતાને થયેલા અન્યાય બદલ મામલતદાર સમક્ષ પોતે તા.૨૧-૨-૨૦૧૧ ના રોજ આત્મવિલોપન કરવાના છે તેવી લેખિત જાણ કરી હતી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો અરજદારે તા.૨૧-૨-૨૦૧૧ ના રોજ મામલતદાર કચેરીના બારણા પાસે કેરોસીન છાંટી આત્મવિલોપન કર્યું હતું તે સમયે મામલતદાર બારી કુદીને નાસી ગયા હતા અને અગાઉથી હાજર રહેલ પોલીસ કર્મચારીઓ મૂક પ્રેક્ષક બનીને ઊભા રહ્યા હતા તે હકીકત સાચી છે, અને

(૩) જો હા, તો રાપર તાલુકાના નાગરિકને આત્મવિલોપન કરતા અટકાવવા અને બચાવવામાં નિષ્ફળ ગયેલ મામલતદાર, કર્મચારીઓ અને હાજર પોલીસ કર્મચારીઓ સામે શાં પગલાં લેવામાં આવ્યાં છે?

**મહેસૂલ મંત્રીશ્રી :**

(૧) હાજી.

(૨) નાજી.

(૩) ૧. આ કામે ભારતીય ફોજદારી અધિનિયમની કલમ-૩૦૬, ૩૪ હેઠળ- (૧) રાપર મામલતદારશ્રી અનિરુદ્ધસિંહ ઝાલા (૨) તલાટી કમ મંત્રી ડાવરી, તા. રાપર, શ્રીમતી પ્રવિણાબેન એન. જાદવ (૩) રાપર પી.એસ.આઈ. શ્રી આર.જી. પરમાર વિરૂદ્ધ તા.૨૧/૨/૨૦૧૧ના રોજ રાપર પો.સ્ટે.ફ.ગુ.રજી.નં. ૧૫/૧૧ થી ગુન્હો દાખલ કરવામાં આવેલ છે. (ફરિયાદી મરણ જનાર શ્રી જબ્બરદાન કે. ગઢવીના ભાઈશ્રી માવલદાન કે. ગઢવી)

૨. ડાવરી તલાટી શ્રીમતી પી.એન. જાદવને નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી (મહેકમ) કચ્છ ભુજના તા.૨૧/૨/૨૦૧૧ના હુકમથી ફરજ મોકુફી હેઠળ મૂકવામાં આવેલ છે તેમજ રેકર્ડ સાથે નાસી જવા બદલ સદરહુ તલાટી સામે આઈ.પી.સી. કલમ-૪૦૯ હેઠળ ગુનો દાખલ કરવામાં આવેલ છે.

૩. પી.એસ.આઈ. રાપર તથા ફરજ પરના ચાર પોલીસ કર્મચારીઓને તા.૨૧/૨/૨૦૧૧ ના રોજ ફરજ મોકુફી હેઠળ મૂકવામાં આવ્યા છે તથા તેઓ વિરૂદ્ધ ખાતાકીય તપાસ કરવાનો પોલીસ ખાતા તરફથી હુકમ કરવામાં આવેલ છે.

૪. મામલતદાર, રાપરની તા.૨૧/૨/૨૦૧૧ ના રોજ તાત્કાલિક અસરથી બદલી કરવામાં આવી છે તેઓને તા.૨૪/૨/૧૧ ના રોજ સરકારશ્રીના મહેસૂલ વિભાગ તરફથી ફરજ મોકુફી હેઠળ મુકવાનો હુકમ કરવામાં આવેલ છે.

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાપરના આ આત્મવિલોપનના બનાવમાં સરકાર કેટલી સંવેદનાવિહીન છે એનો ઉત્તમ દાખલો છે. તા. ૧૫-૨ના રોજ આત્મવિલોપન કરનારે મામલતદારશ્રીને અરજી કરી કે મને જો સાત દિવસમાં તમે મેં માંગેલ માહિતી નહીં આપો તો હું તમારી કચેરી સામે આત્મવિલોપન કરીશ. ૧૭ તારીખે કચ્છના પ્રખ્યાત દૈનિક કચ્છ મિત્રમાં આ સમાચાર પણ પ્રગટ થયા અને એ પછી પણ બનાવના દિવસે અરજદાર મામલતદારશ્રીને મળ્યા. મામલતદારશ્રીએ એની અવગણના કરી. એને આત્મવિલોપન કરવા માટે મજબુર કર્યા. પોલીસ પણ હાજર હતા. આ માણસ કેરોસીનનું ડબલું માથે નાખી અને સળગ્યો એવા મામલતદાર વંડી ઠેકીને ભાગી ગયા. પોલીસે આ બનાવને અટકાવવાની કોઈ કોશિશ ન કરી અને પરિણામ સ્વરૂપ જબ્બરદાન ગઢવી સળગી ગયા. માનનીય મંત્રીશ્રી પાસેથી મારે જાણવું છે કે મામલતદાર અને હાજર રહેલા પોલીસો કે જેની આ જવાબદારી હતી બનાવને અટકાવવાની આ બધાને ડીસમીસ કરવા માગે છે કેમ? અને જે આત્મવિલોપન કરવા માટે જેને પ્રોત્સાહન આપ્યું, મજબુર કર્યા એ લોકો મામલતદાર અને પોલીસ એ બંને સામે સરકાર પોલીસ ફરિયાદ કરવા માગે છે કે કેમ? અને આ આત્મવિલોપન કરનાર જબ્બરદાન ગઢવીના કુટુંબીજનોને સરકાર કોઈ સહાય ચુકવવા માગે છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાપરમાં બનેલી જે ઘટના છે એ દુર્ભાગ્યપૂર્ણ ઘટના બની છે, દુ:ખદ ઘટના બની છે અને આવી ઘટના ન બને એના માટે સૌએ કાળજી લેવાની જરૂરિયાત છે. આ ઘ ટના બની ત્યારે તાત્કાલિક અસરથી ફોજદારી અધિનિયમની કલમ-૩૦૬ અને ૩૪ હેઠળ રાપર મામલતદારશ્રી અનિરુદ્ધ ઝાલા, તલાટી કમ મંત્રી ડાવરી તાલુકા રાપર શ્રીમતી પ્રવિણાબેન એન. જાદવ, રાપર પી.એસ.આઈ. આર.જી. પરમાર વિરૂદ્ધ તા.૨૧/૨/૨૦૧૧ના રોજ રાપરથી જ ગુનો દાખલ કરવામાં આવેલો છે અને ડાવરી તલાટી શ્રીમતી પી.એન.જાદવને નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી કચ્છભુજના તા.૨૧/૨/૧૧ના હુકમથી એટલે કે એ જ દિવસે ફરજમોકુફી ઉપર મુકવામાં આવેલ છે અને રેકર્ડ લઈ નાસી જવા બદલ તલાટી સામે આઈ.પી.સી. કલમ-૪૦૯ હેઠળ ગુનો દાખલ કરવામાં આવેલો છે. પી.એસ.આઈ. રાપર તથા ફરજ પરના ચાર પોલીસ કર્મચારીઓને તા. ૨૧/૨/૨૦૧૧ના રોજ ફરજ મોકુફી હેઠળ મુકવામાં આવ્યા છે તથા તેઓ વિરૂદ્ધ ખાતાકીય તપાસ કરવાનો પોલીસ ખાતા તરફથી હુકમ કરવામાં આવેલ છે. મામલતદાર, રાપરની તા.૨૧/૨/૨૦૧૧ ના રોજ તાત્કાલિક અસરથી બદલી કરવામાં આવી છે તેઓને તા.૨૪/૨/૨૦૧૧ ના રોજ સરકારશ્રીના મહેસૂલ વિભાગ તરફથી ફરજ મોકુફી હેઠળ મુકવાનો હુકમ કરવામાં આવેલ છે અને મેજીસ્ટ્રેટે એની ઈન્કવાયરી પણ આપી છે. તપાસ કરવા માટેની. સરકારના નીતિ નિયમ અનુસાર જે કુદરતી આપત્તિઓ આવે અને એની અંદર જે લોકોને વળતર આપવા યોગ્ય છે એવા લોકોને વળતર આપે છે આમાં કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી અને આપનું એ સૂચન છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, જબ્બરદાન ગઢવીએ જે માહિતી માગી હતી અને એમને માહિતી નહોતી મળતી એટલા માટે એ અપવાસ ઉપર ઉતરેલા અને અપવાસ પાછા ખેંચાતી વખતે. જાહેર જીવનના આગેવાનો કાર્યકરોની વચ્ચે જે સમાધાન થયેલ એની ૧૫મી તારીખ સુધીમાં આ જવાબ આપવામાં આવશે, તેવું તાલુકા વિકાસ અધિકારીશ્રી, મામલતદારની હાજરીમાં કબુલાત આપવામાં આવેલી. ૧૫ મી તારીખ સુધીમાં માહિતી ન મળી અને એમણે ૨૧મી તારીખે આત્મવિલોપન કર્યુ. અગાઉથી કહેલ તેમ છતાં તેઓની સામે કોઈ સમજાવટ કરવામાં આવી નહિ. એ આત્મવિલોપન ન કરે એના માટેના કોઈ પ્રિકોશન્સ લેવામાં ન આવેલાં અને આ પ્રકારનો કરૂણ બનાવ બન્યો એની દિલગીરી માનનીય મહેસૂલ મંત્રીશ્રીએ વ્યક્ત કરી તેની અમે નોંધ લઈએ છીએ, પરંતુ આ બનાવ સંદર્ભે જેમની સામે પોલીસ ફરિયાદ કરવામાં આવેલી છે, તેમાની કોઈની પણ ધરપકડ આજદિન સુધીમાં થયેલ નથી, જે તલાટી રેકર્ડ લઈને ચાલ્યો ગયો છે. સરકારી રેકર્ડ લઈને ચાલ્યા ગયેલ હોય તેની તપાસ કયા કક્ષાના અધિકારી પાસેથી થાય છે એ હું જાણવા માગું છું અને એની તપાસ ડેપ્યુટી કલેકટરને બદલે હાઈકોર્ટના જજ મારફતે કરાવવા માટેની માગણી આવી છે એ માગણીને હું દોહરાવું છું. તો હાઈકોર્ટના ચાલુ જજ મારફતે આ બનાવની તપાસ કરવા માટેની સરકાર ખાતરી આપશે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૨૨-૨-૧૧ ના હુકમથી સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, અંજાર તથા પોલીસ અધિક્ષક પૂર્વ કચ્છ ગાંધીધામના અહેવાલને ધ્યાનમાં રાખીને આત્મવિલોપનના સમગ્ર બનાવની તપાસ થવા અને મરણદારના મૃત્યુનું કારણ નક્કી કરવા ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ-૧૭૬ તળે મેજિસ્ટ્રેટ ઈન્કવાયરી કરવા માટે સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી અંજારને અધિકૃત કરવામાં આવ્યા છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : ધરપકડ નથી થઈ એના માટે નિવેદન કરે. ૩ માંથી એકની પણ ધરપકડ કરવામાં આવેલ નથી. રેકર્ડ લઈને નાસી જાય, રેકર્ડ પાછું મેળવવા માટે શું તજવીજ કરવામાં આવી, શું મહેનત કરવામાં આવી, શાં પગલાં લેવામાં આવ્યાં તેનો જવાબ આપે?

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય સભ્યશ્રી બાબુભાઈએ કહ્યું તેમ ૧૫મી ફેબ્રુઆરી જબ્બરદાન ગઢવીએ મામલતદારશ્રીને એક પત્ર લખેલો. એ પત્રમાં ચોક્કસ લખ્યું હતું કે મને તા. ૨૧-૧-૨૦૦૧ ના રોજ જો આપના તરફથી માહિતી નહિ મળે તો તા. ૨૧-૨-૨૦૦૧ ના રોજ આપની કચેરી સામે જાહેરમાં આત્મવિલોપન કરીશ. હું ચારણ છું બોલું છું તે પાળું છું. આવો સ્પષ્ટ પત્ર જબ્બરદાન ગઢવીએ તા. ૧૫-૨-૧૧ ના રોજ લખેલ હતો. ૬ દિવસનો ગાળો હતો અને જે આ મુદો ઉપસ્થિત થતો હતો તે માત્ર તેના જ પરિવારની જમીન હતી તે જમીનની રેવન્યુ રેકર્ડની નકલ ૪ વર્ષથી આ જબ્બરદાન ગઢવી માગતા હતા. ૪ વર્ષ સુધી આર.ટી.આઈ. હેઠળ માહિતી આપવામાં ન આવી અને એના કારણે એણે આત્મવિલોપન કર્યુ. મારો પ્રશ્ન એ છે કે આ ૪ વર્ષની અંદર એણે અનેક પત્રો તલાટી કમ મંત્રીથી શરૂ કરી માનનીય મુખ્યમંત્રીશ્રી બધાને લખેલ છે. મારી પાસે એમની નકલ છે.

**અધ્યક્ષશ્રી** : સીધા પ્રશ્ન ઉપર આવો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : છતાં કોઈએ એવી સૂચના ન આપી કે રેવન્યુ રેકર્ડમાં જે માહિતી ઉપલબ્ધ છે તે માહિતી એમને આપો. આના માટેની અપીલો કલેકટર સુધી કરવામાં આવેલી, છતા અપીલનો નિકાલ ન થયો. હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ આર.ટી.આઈ. ની અંદર જે લોકોએ કાનૂન મુજબ કામ નથી કર્યુ તેઓની સામે કોઈ પગલાં લેવાયાં છે? જો ન લેવાયાં હોય તો લેવાં માગો છો કે કેમ? પ્રશ્ન એક અને બીજો પ્રશ્ન આ કોઈ કુદરતી આપત્તીનો બનાવ નથી. આ સરકારની સામે એને ન્યાય ન મળ્યો, એટલા માટે

તેઓએ આત્મદાન કરેલ છે. નોટિસ આપીને કરેલ છે, તો એના પરિવારને કોઈપણ પ્રકારનું કોમ્પેનસેશન એના માટેનું કોર્ટ નક્કી કરે તે પહેલા રાજય સરકાર સુઓમોટો આપવા માગે છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જબરદાનભાઈએ પાંચ પ્રકારની માહિતી માગી હતી. એમાંથી જે માહિતી એમને આપવામાં આવી એ મુદ્દા નં. ૧ હક્ક પત્રકની માહિતી આપવામાં આવી. પ્રશ્ન-૨ ની માહિતી મળી ગયેલ છે એ પણ એમણે કહ્યું છે. મુદ્દા નં. ૩ ડાવરીના ખાતેદારના સરવે નં. ૩૯૯માં કયા ગામના છે તેનો ઉલ્લેખ નથી એ માહિતી પણ તેમને આપવામાં આવી છે. મુદ્દા નં. ૪ માં એમણે ૧૯૫૮ થી ૧૯૬૦ નું રેકોર્ડ માગેલ હતું. એમાં એવું કહ્યું કે એ રેકોર્ડ નાશ થયેલ છે તેવું તલાટી-કમ-મંત્રીએ જણાવે છે તલાટી-કમ-મંત્રી તરફથી મળેલ ચાર્જ દુરસ્ત મુજબ મળેલ છે તે હકીકત હું લખાવું છું. જ્યારે રેકર્ડ નાશ પામ્યું હોય તેની ખબર નથી. જે અંગેની ચાર્જ દુરસ્તની તલાટી કમ મંત્રીએ ખરાઈ માટે ચાર્જ દુરસ્તની નકલ રજૂ કરવા જણાવ્યું. જે એમણે આપ્યું. માહિતી આપવામાં આવેલ છે અને આજે હક્ક પત્રક રૂબરૂમાં જોવા માટે અમો સંમત છીએ. સરવે નં. ૨૪૫ (૨) નો ગામ નમૂના નંબર-૬ ના હક્ક પત્રક જોવા માટે રૂબરૂમાં અમોને બતાવવામાં આવેલ છે જે બાબતનો અમને સંતોષ છે અને આ માટે તલાટી-કમ-મંત્રી, ડાવરી સામે અમારે કોઈ ફરિયાદ નથી જે બદલ હું સહી કરી આપું છું. જેથી મારી અપીલ ફાઈલ કરવા વિનંતી છે. આ એમણે વાત કહી છે. ત્યાર પછી એમણે એક બીજી માગણી કરી તા. ૯-૮-૨૦૧૦ના રોજ, એમને માહિતી અધિકારમાં એક બીજી માગણી કરી. એમાં એમણે એમ કહ્યું કે ડાવરીના સેજામાં આવતી રેવન્યુ રેકર્ડ પૈકી ૧૯૫૮ થી ૨૦૦૫ સુધીના ૭/૧૨ અને હક્ક પત્રક રજિસ્ટરો જેવી હાલતમાં હોય તેવી હાલતમાં તપાસવું છે અને બીજી માગણી એમણે કરી કે, જો રેકોર્ડ સંપૂર્ણ નાશ પામેલ હોય અને તેના કોઈ ખાતાકીય હુકમ થયેલ હોય તો એની નકલ મળવી જોઈએ. આ બે પાછળથી એમણે માગણી કરી અને એ માગણી પ્રમાણે સુનાવણી કરી પણ જે સમય આપવાનો હતો એ સમયની અંદર જવાબ ન મળ્યો. એ જવાબ ન મળ્યો એટલે એમણે મામલતદાર કચેરી સામે ઉપવાસ કર્યા તો બધાએ ભેગા મળીને અને જિલ્લા વિકાસ અધિકારીએ કહ્યું કે ૨૯-૧-૨૦૧૧ ના રોજ, જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ આવી ખાતરી આપી અને એમને પારણા કરાવ્યા. ત્યાર પછી આ વિગતો એમને મળવી જોઈતી હતી એના માટે એમણે એમ કહ્યું કે જો નહીં મળે તો હું આ રીતે આત્મવિલોપન કરીશ. સવાલ એ છે કે આત્મવિલોપન કરનારની અરજી મળી ત્યારે કલેકટરથી માંડીને બધાએ એ ન કરે એના માટે એમના ઘેર જઈને પૂછપરછ કરીને પકડવા માટે, લાવવા માટેનો પરિશ્રમ કર્યો. પરંતુ એ મળ્યા નહીં અને એટલા માટે એમને આપણે રોકી ન શક્યા અને આ દુ:ખદ ઘટના બની. એમનું સૂચન છે કે એમના કુટુંબને સરકારી રાહે જે લોકોને જે કાંઈ પ્રાપ્ત થાય છે એ એમને આપવામાં આવશે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, અતિશય સંવેદનશીલ બાબત છે અને એમાં આપણે એ પરિવાર જે છે એ પરિવારને પહેલા તો સરકારી રાહે મળશે મળશે એમ નહીં. આપણે કોઈક રકમ અહીંથી જાહેર થવી જોઈએ કે અમે વળતર પેટે એ પરિવારને આપણા તંત્રની ઘોર ઉપેક્ષાના કારણે એક માણસે આત્મ વિલોપન કર્યું છે ત્યારે આપ અહીંથી કોઈ જાહેરાત એ પ્રકારની કરવા માગો છો કે એમને આટલું વળતર આપીશું જ. બીજું, મારી પાસે એનું સમગ્ર રેકોર્ડ એણે મેન્ટેઈન કર્યું છે. આગલા દિવસે એ માણસ ન્યૂઝ ચેનલને ઈન્ટર્વ્યુ આપે છે કે મારી સાથે દગો કરીને મારી સહી લઈને મને માહિતી નથી મળી, સમાધાન થયા પછી નથી મળી એ ચેનલના ઈન્ટર્વ્યુની સી.ડી. પણ માનનીય મંત્રીશ્રીને મોકલી આપીશ. મારી પાસે એ છે. મોટી બાબત એ છે કે જ્યારે કહે છે કે હું ચારણનો દીકરો છું, બોલીશ એ કરીશ. તમારી કચેરી સામે આત્મ વિલોપન કરીશ. એના ઘેર શોધવા જવાનો સવાલ નથી. એ કચેરી પાસે આવે નહીં એના માટેની તો જાગૃતતા રાખીએ અને આવે તો એને પકડી એને સમજાવીને એ આત્મવિલોપન ન કરે એ કરવામાં પણ તંત્ર નિષ્ફળ ગયું છે ત્યારે આ બાબતમાં માત્ર આપણે તલાટી કે માત્ર આપણે નાના અધિકારીઓ સામે નહીં, મુખ્ય અધિકારીઓની પણ એટલી જ જવાબદારી થતી હતી. એમણે અગાઉ જે કાગળ લખ્યો એ ડી.એસ.પી. જિલ્લા મેજિસ્ટ્રેટ, આઈ.જી.પી. અને મુખ્યમંત્રીશ્રી સુધી પત્ર લખીને માગ્યા પછી આ પરિસ્થિતિનું નિર્માણ થયું છે. ત્યારે પહેલા તો આપણે કેટલુંક વળતર આપવાની આપણે જાહેરાત કરીએ છીએ કે કેમ? બીજું, આ જે ગંભીરતા છે એ ગંભીરતાને ધ્યાને લઈને મોટા માથાઓ છે એના સામે કોઈ કાર્યવાહી કરીએ છીએ કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલું એમનું સૂચન છે. બીજો પ્રશ્ન છે એમાં જે કોઈ આની અંદર જવાબદાર હશે એ તમામને જે રીતે એનો અહેવાલ આવશે એ પ્રમાણે કડકમાં કડક શિક્ષા કરવામાં આવશે અને કોઈ વ્યક્તિને છાવરવામાં આવશે નહીં. (અંતરાય)

**શ્રી દિલીપ સંઘાણી**: માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રી એમની રજૂઆત કરી શકે, મંત્રીશ્રીઓ ઉપર એમનો મનમાન્યો જવાબ લેવા માટે કમ્પલઝન ન કરી શકે. (અંતરાય)..

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : એક આત્મવિલોપન કરનાર માટે (અંતરાય) જાહેરાત ન કરી શકે.. (અંતરાય)

**( આ તબક્કે વિપક્ષના માનનીય નેતાશ્રી સહિત ગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓ 'આ લોકોને ન્યાય આપો'ના સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા)**

**અધ્યક્ષશ્રી :** નેકસ્ટ,

# તારાંકિત પ્રશ્નો

### ગુજરાતમાં કમોસમી વરસાદને કારણે નુકસાન

***૨૦૧૩૮ શ્રી ભગવાનજીભાઈ લા. કરગટીયા(માંગરોળ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજયમાં થયેલ કમોસમી વરસાદને કારણે કૃષિ ક્ષેત્રે કેટલું નુકસાન થયાનો અંદાજ છે,

(૨) આ નુકસાન સંદર્ભે કેન્દ્ર સરકાર સમક્ષ કોઈ રજૂઆત કરવામાં આવેલ છે કે કેમ, અને

(૩) જો હા, તો ક્યારે રજૂઆત કરવામાં આવી અને કેન્દ્ર દ્વારા કેટલી સહાય ફાળવવામાં આવી.?

**કૃષિ મંત્રીશ્રી :**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજયમાં થયેલ કમોસમી વરસાદને કારણે કૃષિક્ષેત્રે ૩૩૧૨૮૨ લાખનું નુકસાન થયેલ છે.

(૨) ૩૩૧૨૮૨ નુકસાની પેટે મેળવવાની દરખાસ્ત કેન્દ્ર સરકાર સમક્ષ કરેલ છે.

(૩) તા. ૧૯-૧-૨૦૧૧ના રોજ કેન્દ્ર સરકારને દરખાસ્ત કરેલ છે. કેન્દ્ર સરકાર તરફથી કોઈ સહાય ફાળવવામાં આવી નથી.

**શ્રી કનુભાઈ મે. ભાલાળા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો જે પ્રશ્ન છે એમાં એક અને બે જવાબ છાપ્યા મુજબ, પણ પ્રશ્ન ત્રીજાનો જે જવાબ છે એમાં કેન્દ્ર સરકાર દ્વારા તા. ૨૬-૨-૨૦૧૧ના પત્રથી સ્ટેટ ડિઝાસ્ટર રિસોર્સ ફંડ હેઠળ ૨૭૭.૩૦ કરોડ રૂપિયાની સહાય મંજૂર કરવામાં આવી છે જે પૈકી કૃષિ ક્ષેત્ર માટે રૂ. ૨૩૩.૧૬ કરોડની સહાય મંજૂર કરવામાં આવી છે એટલે આટલો સુધારો પ્રશ્ન ક્રમાંક ત્રણના જવાબમાં વાચવો.

**શ્રી ભગવાનજીભાઈ લા. કરગટીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, ગુજરાત રાજયમાં છેલ્લા કમોસમી વરસાદથી ૩૩૧૨૮૨ લાખનું નુકસાન થયેલ છે ત્યારે રાજયમાં કમોસમી વરસાદથી કૃષિ ક્ષેત્રે જિલ્લાવાર કેટલું નુકસાન થયેલ છે અને કયા કયા પાકોને નુકસાન થયું છે?

**શ્રી કનુભાઈ મે. ભાલાળા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં થયેલ કમોસમી વરસાદથી રૂપિયા ૩૩૧૨.૮૨ કરોડ જેટલું નુકસાન થયેલું છે. રાજયના જુદા જુદા કુલ ૨૧ જિલ્લાઓમાં આ નુકસાન પહોંચ્યું છે. જેની જિલ્લાવાર નુકસાનીની વિગત કૃષિમાં એકંદરે ૧૬ લાખ ૪૧ હજાર હેકટર વિસ્તારમાં આ નુકસાન થયું છે. જે વિગતવાર આપણે જોઈએ તો અમદાવાદ જિલ્લામાં ૩૮૪૭.૪ કરોડ રૂપિયા, એવી જ રીતે અમરેલીમાં ૪૬૨૨૧.૧, આણંદમાં ૧૨૫૩.૪, ભાવનગર ૪૨૪૩૭.૧ ગાંધીનગરમાં ૧૧.૧, જામનગરમાં ૩૩૧૩૫, જુનાગઢમાં ૩૧૯૯.૧, ખેડામાં ૪૪૨૬.૩, કચ્છમાં ૪૪૦૩.૨, મહેસાણામાં ૧૦૬૦.૧, રાજકોટમાં ૪૧૧૯૭.૮, સુરેન્દ્રનગરમાં ૩૮૨૧૪.૮, બનાસકાંઠામાં ૩૩૩૦૧૮.૭, પોરબંદરમાં ૪૦૪૨.૮, ડાંગ આહવામાં ૨૫૩.૧, નવસારીમાં ૧૪૮૫.૭, સાબરકાંઠામાં ૨૦૦૪૦.૨, ભરૂચમાં ૭૧૭૦.૧, તાપીમાં ૪૯૮.૨, પાટણમાં ૧૭૦૩.૫ અને વલસાડમાં ૧૫૧.૨ એમ કુલ ૩૩૧૨૮૨ લાખનું રાજયમાં નુકસાન થયેલ છે, અને પાકવાર નુકસાન જોઈએ તો. ડાંગર, ધાણા અને ઘાસચારો એમાં રાજયની કુલ નુકશાની જોઈએ તો ૭૯૩૬ લાખ રૂપિયા, કપાસ જથ્થો ૨૭૧૯.૭૨ કરોડ રૂપિયા, ગુણવત્તાવાળો કપાસ ૩૬૫.૭૬ કરોડ રૂપિયા, મગફળી ૪૧૫૮ કરોડ રૂપિયા, દિવેલા ૧૩૬ લાખ રૂપિયા, જુવાર ૨૩૦૩ લાખ રૂપિયા, અડદ ૪૮ લાખ રૂપિયા, સોયાબીન ૪૦ લાખ રૂપિયા, રાગી ૫ લાખ રૂપિયા, ઘઉં ૧૧૩ લાખ રૂપિયા, તુવેર ૭ લાખ રૂપિયા, ચણા ૪૬૮ લાખ રૂપિયા, મગ ૩૩ લાખ રૂપિયા, તમાકુ ૧૩૯ લાખ રૂપિયા, મઠ ૭ લાખ રૂપિયા, રાયડો ૫ લાખ રૂપિયા, બાગાયતી પાકો ૭૩૩૬ લાખ રૂપિયા.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી મંત્રીશ્રીએ કચ્છમાં ૪૪.૦૩ કહ્યા અને બદલે ૧૪ છે. અને વધુમાં ગુજરાતમાં જે કમોસમી વરસાદ થયો એની નુકશાનીનો જે અંદાજ મળ્યો એમાં માનનીય મુખ્યમંત્રીશ્રી કક્ષાએથી કેન્દ્ર સરકાર સમક્ષ ખાસ પેકેજ માંગવામાં આવ્યું અને આ પેકેજ સામાન્ય રીતે અંદાજીત નુકશાનના આધારે ગણાય છે, કેન્દ્ર સરકારે આપણને અધિકારો હોવા છતાં પણ કમોસમી વરસાદના કારણે મળવાપાત્ર પેકેજ ગુજરાતને આપ્યું નથી, હવે રાજય સરકારની જે માગણી હતી તે માગણીના ૧૦ ટકા જેટલી જ રકમની મંજૂરી આપી છે, જે રાજય સરકાર પ્રવર્તમાન નિયમો પ્રમાણે પોતે કરી શકે એમ હતું પરંતુ રાજય સરકાર પાસે હયાત ફંડમાંથી આપવું હોય તો પણ ના આપી શકે, માત્ર ૧૦ ટકાની જ મંજૂરી કેન્દ્ર સરકારે આપી છે, અત્યારે પુનઃ હું આ હાઉસના માધ્યમ વતી રાજય સરકારના ખેડૂતોને જે નુકશાન થયું છે એને ખાસ પેકેજ તરીકે રાજય સરકારે કરેલ માગણી મંજૂર કરે એવી ગૃહ વતી કેન્દ્ર સરકારને વિનંતી કરું છું.

**શ્રી રાજસીભાઈ વી. જોટવા** : મને પ્રશ્નના જવાબથી સંતોષ છે.

## નવસારી જિલ્લામાં ગામતળ નીમ કરવા અરજીઓ

***૨૦૧૪૩ શ્રી લક્ષ્મણભાઈ પ. પટેલ(ગણદેવી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) નવસારી જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ગામતળ નીમ કરવાની કેટલી અરજીઓ મળી, અને

(૨) તે અન્વયે કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી?

**મહેસૂલ મંત્રીશ્રી**

(૧) કુલ ૭ અરજીઓ મળી,

(૨) ૭ અરજીઓ મંજૂર કરવામાં આવી.

**શ્રી લક્ષ્મણભાઈ મ. પટેલ:** માનનીય અધ્યક્ષશ્રી, મને મારા પ્રશ્નનો જવાબ મળી ગયેલ છે.

## ખંભાળીયા તાલુકામાં સબ ડીવીઝન મેજીસ્ટ્રેટની કચેરીનું બાંધકામ

***૧૮૪૭૩ શ્રી મેઘજી ડા. કણઝારીયા(ખંભાળીયા) :: માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ જામનગર જિલ્લાના ખંભાળીયા તાલુકાના સબ ડીવીઝન મેજીસ્ટ્રેટની કચેરી અને નિર્માણ કામ માટે કેટલી રકમ મંજૂર થયેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ કામગીરી કયા તબક્કે છે?

**મહેસૂલ મંત્રીશ્રી**

(૧) સબ ડીવીઝન મેજીસ્ટ્રેટની કચેરી માટે રૂા.૩૦,૭૦,૧૭૨/- અને નિર્માણ કામ માટે રૂા.૨.૭૦ કરોડની રકમ મંજૂર કરવામાં આવેલ છે.

(૨) આ કામગીરી પ્રગતિમાં છે.

**શ્રી મેઘજી ડા. કણઝારીયા** : માનનીય અધ્યક્ષશ્રી જામનગર જિલ્લાના ખંભાળીયા તાલુકાની સબ ડીવીઝન મેજીસ્ટ્રેટની કચેરીના નિર્માણ કાર્યના ટેન્ડરની મંજૂરી મળી ગઈ છે કે કેમ અને મળી છે તો ક્યારે મળી છે અને કામ કેટલું થયું છે અને ક્યારે પૂર્ણ થશે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, કન્સ્ટ્રક્શન ઓફ પ્રાંત ઓફિસ બિલ્ડીંગ એટ ખંભાળીયાની વહીવટી મંજૂરી તા.૨૬-૫-૨૦૧૦ના રોજ આપી હતી, તાંત્રિક મંજૂરી તારીખ ૧૪-૧૦-૨૦૧૦ના રોજ આપવામાં આવી, ૧,૬૧,૩૧,૩૦૦/- રૂપિયાની અને ટેન્ડર માંગ્યા તા.૨૭-૮-૨૦૧૦ના રોજ, ટેન્ડરની રકમ આવી ૧,૩૩,૫૧,૩૧૭/- રૂપિયાની અને એનો વર્કઓર્ડર તારીખ ૨૮-૧-૨૦૧૧ના રોજ અને કામ પૂર્ણ કરવાની તારીખ છે તારીખ ૨૭-૧૨-૨૦૧૧. અત્યારે હાલ કામ ચાલુ છે અને સમય મર્યાદાની અંદર કામ પૂર્ણ કરવામાં આવશે.

## પોરબંદર જિલ્લામાં નવી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ

***૨૦૧૨૬ શ્રી કરશનભાઈ દુ. ઓડેદરા(કુતિયાણા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં પોરબંદર જિલ્લામાં કેટલી નવી સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવેલ છે, અને

(૨) આ શાળાઓ પૈકી વિજ્ઞાન પ્રવાહની કેટલી અને સામાન્ય પ્રવાહની કેટલી શાળાઓ છે?

**શિક્ષણ મંત્રીશ્રી**

(૧) ૦૩

(૨)

| વિજ્ઞાન પ્રવાહ | સામાન્ય પ્રવાહ | કુલ |
|---|---|---|
| ૦૧ | ૦૨ | ૦૩ |

**શ્રી કરશનભાઈ દુ. ઓડેદરા** : માનનીય અધ્યક્ષશ્રી, પોરબંદર જિલ્લામાં સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કેટલા બાળકો અભ્યાસ કરે છે?

**શ્રી જયસિંહ મા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, પોરબંદર જિલ્લામાં સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા સામાન્ય પ્રવાહની કુલ ૬ આવેલી છે. તેમાં કુલ ૧૧૧૯ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યાં છે. વિજ્ઞાન પ્રવાહની કુલ ૨ ઉચ્ચતર માધ્યમિક શાળા આવેલી છે તેમાં કુલ ૯૨ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

**શ્રી કરશનભાઈ દુ. ઓડેદરા** : માનનીય અધ્યક્ષશ્રી, ત્રણ તાલુકાઓમાં કયા કયા તાલુકાઓમાં કેટલા કેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

**શ્રી જયસિંહ મા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માંગુ છું કે, પોરબંદર તાલુકામાં છેલ્લાં બે વર્ષમાં કુલ ૩ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવી છે તેમાં પોરબંદર તાલુકામાં બે તેમાં પોરબંદર તાલુકાનું એક ગરેજ ગામ સામાન્ય પ્રવાહ છે ૩૮ કુમાર, ૧૮ કન્યા અને કુલ-૫૬ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. પોરબંદર તાલુકાનું બીજુ ગામ બગવદર જ્યાં સામાન્ય પ્રવાહની શાળા શરૂ

કરવામાં આવી છે તેમાં કુમારની સંખ્યા-૩૦, કન્યાઓ ૩૧ કુલ-૬૧ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. કુતિયાણા તાલુકાની અંદર, કુતિયાણા ગામની અંદર વિજ્ઞાન પ્રવાહની શાળા શરૂ કરવામાં આવી છે તેમાં કુમારની સંખ્યા-૨૧, કન્યાની સંખ્યા-૧૫ અને કુલ-૩૬ બાળકો અભ્યાસ કરે છે. આ બન્ને તાલુકાની અંદર ત્રણ શાળાઓમાં કુલ-૮૯ કુમાર, ૬૪ કન્યા અને કુલ-૧૫૩ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, ઘણાં વખત પછી અમારા કરશનભાઈએ પ્રશ્ન પૂછયો છે. મારો પ્રશ્ન એ છે કે, પોરબંદર તાલુકાના સીમર ગામે ઉચ્ચતર માધ્યમિક શાળા શરૂ કરવા માટે ગયા વર્ષના બજેટમાં અને ચાલુ વર્ષના બજેટમાં મકાન બાંધવા માટેની જોગવાઈ કરેલી છે. છતાં આ સીમર ગામમાં હજુ સુધી શાળાને મંજૂરી આપવામાં આવી નથી. તો એ મંજૂરી ના આપવાનું કારણ શું છે? અને હવે ક્યારથી મંજૂરી આપવાની છે તેની માહિતી હું માનનીય મંત્રીશ્રી પાસેથી માગુ છું.

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, શાળાની અંદર પૂરતા વિદ્યાર્થીઓના અભાવને કારણે આ શાળા શરૂ થઈ શકી નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, શાળા શરૂ કરે પછી જ તેમાં વિદ્યાર્થીઓનો પ્રશ્ન ઉપસ્થિત થાય. આમાં શાળા શરૂ જ કરવામાં નથી આવી આપની પાસે રેકોર્ડ ના હોય તો મને વાંધો નથી. આ ચાલુ વર્ષના બજેટમાં પણ જોગવાઈ કરેલી છે મકાન માટે અને આવતા વર્ષના ૨૦૧૧-૧૨ના બજેટમાં પણ તેના માટે મકાન બાંધકામ કરવા માટેની જોગવાઈ કરેલી છે. એટલે આ શાળા શરૂ ન થવાના કારણો શાં છે ? અને તે ક્યારથી શરૂ કરવા માગો છો ?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઈએ સારી વાત કરી છે. રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન હેઠળ કેન્દ્ર સરકારે આર.એમ.એસ.એ. યોજના નવી શરૂ કરી અને તેમાં તેને રાજય સરકારને પ્રપોઝલ મોકલવા માટે કહ્યું. રાજય સરકારે કુલ ૧૩૧ શાળાઓની પ્રપોઝલ કેન્દ્ર સરકારમાં મૂકી. ૧૩૧ પૈકી ૭૨ શાળાઓની કેન્દ્ર સરકાર હસ્તકથી આપણને મંજૂરી મળી. કેન્દ્ર સરકાર તરફથી જે મંજૂરી મળી અને તેની પાછળ ફંડ જે મંજૂર કર્યુ તે ફંડ છે ૫૫.૫૯ કરોડ. મારે આમાં ઉમેરો તે કરવો છે કે ગુજરાતે ૧૩૧ શાળાઓની પ્રપોઝલ કરી તેમાંથી માત્ર ૭૨ મંજૂર કરવામાં આવી અને ૫૫.૫૯ કરોડ રૂપિયાનું ફંડ મંજૂર કરવામાં આવ્યું. માનનીય અધ્યક્ષશ્રી, મારે એ કહેવું છે છત્તીસગઢમાં ૫૧૪ શાળા, મધ્યપ્રદેશમાં.. અંતરાય... સાંભળો ભાઈ, ઓરિસ્સામાં ૪૦૦, પંજાબમાં ૭૯, .. અંતરાય. .. આ યોજના અંતર્ગતની વાત છે.

**અધ્યક્ષશ્રી** : પોરબંદર જિલ્લા પૂરતું આપ કહો.

**શ્રી રમણલાલ વોરા** : પોરબંદર જિલ્લા અંતર્ગત ૧૩૧ શાળાઓ મંજૂરી કરી તેમાં સીમર ગામની શાળાનો પ્રશ્નનો જવાબ આપી રહ્યો છું. કે ૧૩૧ પૈકી ૭૨ શાળાઓ મંજૂર કરી અને એ ૭૨ શાળાઓમંજૂર કરી એમાં ગુજરાતને જે અન્યાય થયો છે એ વાત હું આ વિધાનસભાના રેકર્ડ ઉપર મૂકવા માગું છું કે અન્ય રાજયાં આ રીતે કર્યુ છે. એનાથી આગળ મારી વાત કરવા માગું છું કે તેમણે ૫૫.૫૯ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે અને અત્યારસુધીમાં માત્ર (અંતરાય) માનનીય સભ્યશ્રીઓ, સાંભળવું પડે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, આપને વિનંતી છે કે આપ માત્ર પોરબંદર પૂરતો જ જવાબ આપો. તેમનો પ્રશ્ન પોરબંદર માટેનો છે એટલે આપ પોરબંદર પૂરતી માહિતી આપો.

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, શાળાઓ ઓછી મંજૂર કરીને ૫૫.૫૯ કરોડ રૂપિયાનું ફંડ મંજૂર કરીને આપવામાં આવ્યા છે અત્યારસુધીમાં ફકત ૨.૯૪ કરોડ જ આપ્યા છે. માત્ર સર્વ શિક્ષણ અભિયાન હેઠળ હઆર.એસ.એમ.ઈ. અંતર્ગત જ હું વાત કરી રહ્યો છું. (અંતરાય) મેં તેમને એ જ કહ્યું છે કે ઉચ્ચત્તર માધ્યમિક શાળા, સીમર ગામની વાત કરું છું , એના અનુસંધાનમાં જ વાત કરી રહ્યો છું કે ૧૩૧ શાળાઓ પૈકી પોરબંદરનો તમે કહો છો એશાળાનો સમાવેશ હતો અને કેન્દ્ર સરકારે આ ૧૩૧ પૈકી ૭૨ જ શાળાઓ મંજૂર કરી અને જેના માટે ૫૫.૫૯ કરોડ રૂપિયાનું ફંડ મંજૂર કર્યુ અને એમાંથી આપવામાંઆવ્યા એફકત ૨.૯૪ કરોડ છે. મારે એપણ કહેવું છે કે મણીપુરને ૧૮.૫૪ કરોડ, મિઝોરમને ૧૭.૭૧ કરોડ (અંતરાય) નાના રાજયોને આપ્યું એટલું પણ ગુજરાતને આપ્યું નથી.

**અધ્યક્ષશ્રી** :માનનીય મંત્રીશ્રી,આપ પોરબંદર જિલ્લા પૂરતી માહિતી આપો. (અંતરાય) આપ પોરબંદર જિલ્લા પૂરતી જ વાત કરો એવી આપને વિનંતી છે.

**શ્રી રમણલાલ વોરા** :માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ કહેવું છે કે જે ૭૨ શાળાઓ મંજૂર કરી છે અને વધારાની પ્રપોઝલ મંજૂર કરવા માટે અમે ફરીથી કેન્દ્ર સરકારે વિનંતી કરીશું અને જયારે આ વિનંતી કરીશું ત્યારે માનનીય અર્જુનભાઈ કહે છે એ શાળાનો સમાવેશ કરીને પછી મંજૂર કરીશું, પરંતુ આગલા વર્ષે કરવાનો જરૂરથી પ્રયાસ કરીશું.

**આણંદ જિલ્લામાં ૭/૧૨ ના ઉતારાની નકલ મેળવવામાં પડતી તકલીફ બાબત.**

*૧૯૮૫૬ **શ્રી જયંતભાઈ ૨. પટેલ(સારસા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

આણંદ તાલુકામાં મામલતદાર કચેરીએ ખેડૂતોને ૭/૧૨ ની નકલ લેવા બે થી ત્રણ કલાક લાઈનમાં ઉભા રહેવું પડે છે, તેથી ખેડૂતોને સુવિધા પડે તેવું કોઈ અયોજન સરકાર કરવા માગે છે કે કેમ?

**મહેસલ મંત્રીશ્રી:**

ખેડૂત આતેદારોને સુવિધા પડે તે માટે હાલમાં સરકારશ્રી દ્વારા ROR@any where સિસ્ટમ શરૂકરવામાં આવેલ છે, જેના ભાગરૂપે આણંદ જિલ્લાના તમામ ગામોમાં આ સિસ્ટમ શરૂ કરવામાં આવેલ હોવાથી આણંદ તાલુકામાં દરેક ગામે પણ આ સુવિધા શરૂ કરાતાં ૭/૧૨ ની નકલો ગામેથી મળી શકે છે. આ કામગીરી ઝડપી બનાવવા માટે અને ટેકનીકલી કારણસર સેવા બંધ ના રહે તેમાટે નવીન હાર્ડવેર (કોમ્પ્યુટર સિસ્ટમ) થી ઈ-ધરા કેન્દ્રને સુસજ્જ કરવા તથા ઓપરેટરની સંખ્યા વધારવા માટેની કાર્યવાહી ચાલુ છે.

**શ્રી જયંતભાઈ ૨. પટેલ** : હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આણંદ જિલ્લામાં છેલ્લા ૨ વર્ષથી આ પરિસ્થિતિ નિર્માણ થઈ છે ત્યારે મારે આ પ્રશ્ન પૂછવાનો વારો આવ્યો છે. ઈ-ધરા માટે ખેડૂતોને લાંબી લાઈનમાં ઉભા રહેવું પડે છે અને એની સાથે સાથે આપને અભિનંદન પણ આપું છું કે તમારી પાસે બે વિભાગ છે એમાંથી માર્ગ અને મકાન વિભાગ સારું ચાલે છે અને મહેસૂલ વિભાગ એ • (xxxx) (xxxx) (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી, આપ સીધા પ્રશ્ન ઉપર આવી જાઓ.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ શબ્દો રેકર્ડમાંથી કાઢી નાંખવા જોઈએ.

**અધ્યક્ષશ્રી** : આપના એ શબ્દો હું રેકર્ડમાંથી દૂર કરું છું.

**શ્રી જયંતભાઈ ૨. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે હકીકત સાચી છે એ.કહું છું.મેં માનનીય મુખ્યમંત્રીશ્રીને પણ રજૂઆત કરી છે. • (xxxx) (xxxx)

**અધ્યક્ષશ્રી** :આપના આ શબ્દો પણ હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

**શ્રી જયંતભાઈ ૨. પટેલ** :માનનીય અધ્યક્ષશ્રી, માનનીયમંત્રીશ્રીને મેં એટલે અભિનંદન આપ્યાં છે કે માર્ગ એ મકાન વિભાગમાં બહુ સારું ચાલે છે. એટલે તેમને આ બે વિભાગનું ભારણ છે તો એક વિભાગ બીજાને આપે દો. (અંતરાય) અમારે ફરિયાદ કરવી પડે છે અને ફરિયાદ કરીએ એટલે મામલતદારની બદલી કરી આપો છો. અત્યારે ૪૫ જગ્યા ખાલી છે, કલેકટરની જગ્યા ખાલી છે, ડેપ્યુટી કલેકટરની જગ્યા ખાલી છે.

**અધ્યક્ષશ્રી** :માનનીય સભ્યશ્રી, આપ પ્રશ્ન પૂછો તો મંત્રીશ્રી એનો જવાબ આપે.

**શ્રી જયંતભાઈ ૨. પટેલ** : એટલે મારો કહેવાનો મતલબ એ છે કે આ જે સિસ્ટમ ચાલે છે એ નીટ એન્ડ કલીન કરી દો અને જે પ્રમાણે આણંદ જિલ્લામાં ચાલે છે એના કરતાં તો ઝારખંડમાં વધારે સારું ચાલતું હશે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : એમની પાસે આક્ષેપો સિવાય કોઈ માહિતી જ નથી અને આણંદ જિલ્લો અને આણંદ તાલુકામાં કામગીરી સારી રીતે ચાલે છે. એમાં જે કોઈ ખામીઓ હશે એ દૂર કરવાનો પ્રયત્ન રાજય સરકાર કરી રહી છે..

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ક્રમાંક: ૮.. (અંતરાય) મેં માનનીય સભ્યશ્રીને વારંવાર વિનંતી કરી છે કે આપ મૂળ પ્રશ્ન ઉપર આવો. (અંતરાય) પ્રશન ક્રમાંક:૮..

**અધ્યક્ષશ્રી** : સભ્યશ્રીને ઈન્ટરેસ્ટ ન હોય તો આગળ કેમ વધી શકાય? પ્રશ્ન ક્રમાંક-૮

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ**: માનનીય અધ્યક્ષશ્રી, એક પણ પેટા પ્રશ્ન પૂછવા દેવાનો નહીં?

**અધ્યક્ષશ્રી** : મેં સભ્યશ્રીને વારંવાર વિનંતી કરી છે કે મુળ પ્રશ્ન ઉપર આવો, તેમણે કોઈ પ્રશ્ન પૂછયો નથી. માનનીય માનસિંહભાઈ, પ્રશ્ન ક્રમાંક-૮.

**ખેડા જિલ્લામાં બિસ્માર રસ્તાઓના મરામતની કામગીરી**

***૧૮૧૪૯ શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ખેડા જિલ્લાનો બાલાસિનોર વિરપુર સ્ટેટ રોડનો ગધાવાડાથી જોરાપુરા સુધીનો માર્ગ ખૂબ જ બિસ્માર હાલતમાં છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ માર્ગની મરામત કામગીરી કેટલા સમયમાં હાથ ધરી પૂર્ણ કરવામાં આવશે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી :**

• (XXXX માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

(૧) વાહન વ્યવહાર યોગ્ય છે.

(૨) રૂા. ૧૮૦ લાખની મંજૂરી તાજેતરમાં આપવામાં આવેલ છે. શકય એટલું વહેલુ હાથ ધરી પૂર્ણ કરવામાં આવશે.

**શ્રી માનસિંહ કો. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે બાલાસિનોર-વિરપુર રસ્તો એ સાબરકાંઠા, પંચમહાલ અને રાજસ્થાન અને અમદાવાદ આવવા માટેનો ખૂબ ટૂંકો રસ્તો છે. આ રસ્તો બે વર્ષ પહેલા ખાબડ-ખૂબડ હતો, બે વખત પેચ વર્ક કર્યા પછી ઠીક થયો છે. બીજા પ્રશ્નમાં માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે ૧૮૦ લાખની મંજૂરી તાજેતરમાં આપી છે, તો તાજેતરમાં એટલે કયારે આપી છે અને રસ્તો ચોકકસ સમય મર્યાદામાં પુરો કરવા માગે છે કે કેમ?

**શ્રી જયદ્રથસિંહ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આ રસ્તો વાહન વ્યવહારને યોગ્ય છે. આ રસ્તા માટે માનનીય સભ્યશ્રીની જે લાગણી છે તે રસ્તો ગધાવાડાથી જોરાપુરાનો રસ્તો  રસ્તો બિસ્માર હાલતમાં છે. આ ગધાવાડાથી જોરાપુરા કિલોમીટર ૯૧ થી ૯૩ એક, પણા ૯૭.૨ થી ૯૯.૪ જેની લંબાઈ ૪.૩ કિલોમીટર છે આ માર્ગ સુધારણાની કામગીરી સરકારે મંજૂર કરેલ છે. અને તે સમય મર્યાદામાં અમારી સરકાર કામ પુરું કરશે. મેં ૧૧ સુધીની સમય મર્યાદા છે. અને સમય મર્યાદામાં દરેક કામો અમારી સરકાર પુરા કરે છે એમ આ પણ કરશે.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જો ગધાવાડાથી જોરાપુરા રસ્તાની કામગીરી થાય તો કેટલા ગામોની કેટલી વસતિને તેના`લાભ મળે તેમ છે, અને આપે ૧૮૦ લાખની જોગવાઈ કરી છે તો એમાં કઈ કઈ કામગીરી કરવાના છો?

**શ્રી જયદ્રથસિંહ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, એ જે રસ્તો છે તે રસ્તો અત્યારે વાહન વ્યવહાર યોગ્ય છે, તેમ છતાં જયાં જરૂરિયાત છે ત્યાં અમારી સરકાર કરવા તત્પર છે. આ રસ્તા ઉપર થી જે વાહન વ્યવહાર પસાર થાય છે એમાં બાલાસિનોરની ૩૧૭૦૫, સલીયાવડી ૪૨૨૪, કરણપુર ૨૨૨૬, ગધાવાડા ૨૨૭૪, જોરાપુરા ૫૯૫, લીંબડી ૬૭૮, દેવ ૩૧૪૮, પાંડવા ૮૦૭૭, ખાંડીવાવ ૧૫૨૯ આમ મળીને કુલ ૫૬૪૫૬ જેટલી વસતિ છે એ લોકોને આ રસ્તાનો લાભ મળશે. બીજું માનનીય સભ્યશ્રીએ વાત કરી કે આ કામગીરી છે એ ૧૮૦ લાખમાં કઈ કઈ કામગીરી લીધી છે. તો આ કામમાં ગધાપુરા થી જોરાપુરા રસ્તાની ૨.૧ કિલોમીટર તથા દેવ સર્કલ થી દેવનું પરું રસ્તાની ૨.૨ કિલોમીટર લંબાઈમાં ૩૭.૫ મી.મ. બી.એલ.જી., ૩૭.૫ મી.મી. બી.એમ. અને ૨૦ મી.મી. એમ.એમ.એસ. થર્મોપ્લાસ્ટ પટ્ટા, રોડ ફર્નિચર તથા એક બોકસ કન્વર્ટરની કામગીરીનો સમાવેશ થાય છે.

**રાજયમાં વિદ્યાર્થીઓને નેટ અને સ્લેટ જેવી પરીક્ષાઓ માટે માર્ગદર્શન**

***૨૦૧૨૫ શ્રી રાકેશ શાહ(એલીસબ્રીજ)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજયના વિદ્યાર્થીઓને નેટ અને સ્લેટ જેવી પરીક્ષાઓ માટે માર્ગદર્શન મળી રહે તે માટે સરકાર દ્વારા કોઈ આયોજન કર્યુ હોવાની હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેની શી વિગતો છે?

**શિક્ષણ મંત્રીશ્રી** :

(૧) હા, જી.

(૨) લો ટીચર્સ માટે ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી ગાંધીનગર ખાતે એક દિવસનો વર્કશોપ રાખવામાં આવેલ. દરેક યુનિવર્સિટી સ્તરે આ પ્રકારના વર્ગો ઉપરાંત યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ દ્વારા જીસ્લેટના ૨૩ વિષયોની પ્રશ્ન બેંક તૈયાર કરવાની કામગીરી હાથ ધરાઈ છે.

**શ્રી રાકેશ શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનું યુવા બુદ્ધિધન રાષ્ટ્રીય સ્તરે તેની પ્રતિભા બતાવી શકે તે પ્રકારની નેટની પરીક્ષાનું માર્ગદર્શન અંતર્ગત હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે નેટ કયારે શરૂ કરવામાં આવી અને વર્ષ દરમિયાન કયારે એ લેવામાં આવે છે. તેનું માળખું કયા કયા વિષયો અને લઘુતમ લાયકાત તથા વય મર્યાદાના ધારા ધોરણો અને કયા સેન્ટરમાં આ પરીક્ષા લેવામાં આવે છે?

**પ્રો. વસુબેન ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, આજે ૧૦મા અને ૧૨ મા ધોરણની પરીક્ષાઓ શરૂ થઈ રહી છે ત્યારે હું એ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવું છું. માનનીય સભ્યશ્રીએ ખૂબ સારો પ્રશ્ન પૂછયો છે તેનો જવાબ આપું છું. ભારત સરકારના ૨૨-૩-૮૮ના નોટિફિકેશન મુજબ યુ.જી.સી. દ્વારા જુનિયર રીસર્ચ ફેલોશીપ તથા લેકચરરશીપ માટે આ પરીક્ષા સૌ પ્રથમ બે ભાગમાં ડિસેમ્બર ૧૯૮૯ તથા માર્ચ ૧૯૯૦માં લેવામાં આવી હતી. આ પરીક્ષા દરેક વર્ષના જૂન તથા ડિસેમ્બર માસમાં લેવામાં આવે છે. નેટની પરીક્ષાના ત્રણ પેપર લેવામાં આવે છે. પેપર-૧, પેપર-૨, સો સો માર્ક્સના જ્યારે પેપર-૩ ૨૦૦ માર્ક્સનું હોય છે. એમ કુલ ૪૦૦ માર્ક્સની આ પરીક્ષા લેવામાં આવે છે.  નેટની પરીક્ષામાં કુલ ૮૨ વિષયોને આવરી લેવામાં આવે છે.  Mathematical science, Physical Science, Chemical Sciences, Earth Sciences, Life Science, Hindi, Gujarati, Sanscript Sociology, Economics, Political Science, English, Education Psychology, Library and Info-Science, Law, Commerce, Computer Science and Application, Physical Education, Electronic Science Management, Philosophy, Social Work, Defence and Strategic Studies, Home Science, Public Administration, Population Studies,

Music, Maithili, Kannada, Bengali, Malayalam,Oriya, Punjabi, Telugu, Arabic, Chinese, Dogri, Nepali, Manipuri, Assamese, Marathi, French, Spanish, Russian, Prussian, Rajasthani, German, Japanese, Adult Education, Arabic Culture and Islamic Studies, Indian Culture, Labour Welfare, Human Resources Management, Buddhist, Jain. Gandhian Studies, Comparative Studies of Religion, Mass-communication and Journalism, Performing Arts, Visuology and Conservation, Actuality, Criminology, Tribals and Regional Language, Folk Literature, Comparative Literature, Prakrut, Traditional Subjects, Human Studies, Social Medicines Communication, Human Rights, Tourism Administration Management....

**અધ્યક્ષશ્રી** :લાંબો જવાબ છે બહેન?

**પ્રો. વસુબેન ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, મને વિષયો પૂછ્યા છે.

**અધ્યક્ષશ્રી** : ટૂંકમાં જવાબ આપો.

**પ્રો. વસુબેન ત્રિવેદી** : માનનીય સભ્યશ્રીઓ સાંભળશે તો બાળકો માટે કામ લાગશે, ખૂબ અગત્યનો વિષય છે. એમનો ત્રીજો પ્રશ્ન છે. જનરલ કેટેગરીના ઉમેદવારો માટે માસ્ટર ડીગ્રીમાં ઓછામાં ઓછા ૫૫ ટકા તથા એસ.સી., એસ.ટી., PH કેટેગરીના ઉમેદવારો માટે માસ્ટર ડીગ્રીમાં ઓછામાં ઓછા ૫૦ ટકા મેળવેલ હોય તેવા ઉમેદવારો નેટની પરીક્ષા આપી શકે છે. જે ઉમેદવારો માસ્ટર ડીગ્રીમાં બેસવાના હોય તેવા ઉમેદવારો પણ આ પરીક્ષા આપી શકે છે. જુનિયર રીસર્ચ ફેલોસીફ માટે ઉંમરની મર્યાદા છે. ઉમેદવારની ઉંમર ૨૮ વર્ષથી વધારે ન હોય, લેક્ચરર શીટમાં કોઈ ઉંમરની મર્યાદા નથી.

**શ્રીમતી વિભાવરીબેન દવે** : આદરણીય અધ્યક્ષ મહોદય, આજે દસમાં અને બારમાંના વિદ્યાર્થીઓની પરીક્ષા ચાલી રહી છે ત્યારે આ પ્રશ્ન બહું જ સમયસરનો છે અને આદરણીય મંત્રીશ્રીએ સવિસ્તાર જવાબ આપ્યો છે છતાં મારે બે ત્રણ બાબતો પૂછવી છે જેથી વિદ્યાર્થીઓને ઉપયોગમાં આવે. હું મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે આ જી.સેટ.ની પરીક્ષા છે એના પરિણામ કઈ રીતે જાહેર કરવામાં આવે છે, બીજું દરેક પેપરના માર્ક્સ આપવામાં આવે છે. આ માર્ક્સને કટ ઑફ માર્ક્સ કેટલા હોય છે એનું ધોરણ હોય છે અને હોય છે તો કેટલા માર્ક્સ હોય છે?

**પ્રો. વસુબેન ત્રિવેદી** :જી.સેટની પરીક્ષાનું પરિણામ વેબસાઈટ ઉપરથી જે તે યુનિવર્સિટી સાથે જોડાયેલ હોય તે યુનિવર્સિટી પાસેથી, વર્તમાનપત્રો દ્વારા અને પાસ થયેલ ઉમેદવારને પત્ર દ્વારા પણ જાણ કરવામાં આવે છે. એમની માર્કશીટ વેબસાઈટ ઉપર વિગતવાર મૂકવામાં આવે છે અને એમનો ત્રીજો પ્રશ્ન છે જનરલમાં પેપર-૧માં ૪૦, પેપર-૨માં ૪૦ અને પેપર-૩ માં ૧૦૦ પેપર એક વધતા બે નો સરવાળો કરી ૨૦૦, ઓ.બી.સી. અને પી.એચ હોય તો પેપર-૧ ૩૫, પેપર-૨માં ૩૫ પેપર એક બે માં ૯૦ અને ૯૦માંથી ૪૫ ટકા માર્ક્સ મેળવવા જરૂરી છે. એસ.સી. એસ.ટી. માટે પેપર-૧માં ૩૫, પેપર-૨માં ૩૫ અને પેપર એક અને બેમાં ૮૦, અને પેપર-૩માં ૮૦ એમ ૪૦ ટકા કટ ઑફ હોય છે.

## રાજયમાં સરકારી એન્જિનિયરીંગ કૉલેજોમાં ખાલી જગ્યાઓ

*** ૧૯૩૩૮ શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(ભાદરણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

રાજયમાં સરકારી એન્જિનિયરીંગ કૉલેજોમાં કઈ કઈ કેડરની કેટ કેટલી જગ્યાઓ તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ખાલી છે?

**શિક્ષણ મંત્રીશ્રી:**

રાજયમાં સરકારી એન્જિનિયરીંગ કૉલેજોમાં સંવર્ગ વાર ખાલી જગ્યાઓની માહિતી નીચે મુજબ છે.

| સંવર્ગ | ખાલીજગ્યાની સંખ્યા | ખાલી જગ્યા ભરવા કરેલ કાર્યવાહી |
|---|---|---|
| વર્ગ-૧ | ૬૫૨ | તા. ૨૩-૭-૦૯ના રોજ જુદી જુદી વિદ્યાશાખાના સીધા ભરતીના કુલ ૧૮૬ જગ્યાઓના માગણીપત્રકો આયોગને મોકલેલ છે. |
| વર્ગ-૨ | ૫૫૪ | તા. ૫-૧૦-૦૯ના રોજ જુદી જુદી વિદ્યાશાખાના કુલ ૭૫૮ જગ્યાઓના માગણીપત્રકો આયોગને મોકલેલ છે. |
| વર્ગ-૩ | ૩૨૪ | તા. ૧-૨-૧૦ના રોજ ગુ.ગૌ.સે.પસંદગી મંડળ, ગાંધીનગરને કુલ-૨૫૬ જગ્યાઓ માટે માગણીપત્રકો મોકલેલ છે. |
| વર્ગ-૪ | ૦૯૭ | આઉટ સોર્સીંગથી જગ્યા ભરવાની કાર્યવાહી ચાલુ છે. |

હાલ ભરતીની પ્રક્રિયા ચાલુ છે. દરેક વિદ્યાશાખામાં જી.પી.એસ.સી. તરફથી મળેલ ભલામણો મુજબના ઉમેદવારોના નિમણૂંક હુકમ પણ થઈ રહ્યા છે. ભરતી પ્રક્રિયા સંપૂર્ણ ન થાય ત્યાં સુધી ખાલી જગ્યા ઉપર વિઝિટીંગ ફેકલ્ટીની વ્યવસ્થા પણ કરેલ છે.

વધુમાં, હાલ વૈકલ્પિક વ્યવસ્થા તરીકે વર્ગ-૨માં કુલ ૨૯૨ એડહોક/કરાર આધારિત વ્યાખ્યાતાઓને નિમણૂંક આપવામાં આવેલ છે જેઓ ફરજ પર ચાલુ છે.

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નમાં સરકારે એન્જિનિયરીંગ કૉલેજોમાં ૩૧-૧-૨૦૧૧ સુધી વર્ગ-૧માં ૬૫૨, વર્ગ-૨માં ૫૧૪, વર્ગ-૩માં ૩૨૪ અને વર્ગ-૪માં ૯૭ જગ્યાઓ ખાલી છે આમ કુલ ૧૫૦૦ જેટલી જગ્યાઓ ખાલી છે. ૨૦૧૨ સુધીમાં બીજા ૧૦૦ કર્મચારીઓ રીટાયર્ડ થાય છે..

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી, આપ સીધા પ્રશ્ન ઉપર આવો.

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ૨૦ દિવસથી ગાંધીનગરમાં ૧૦૦૦ એડહોક કર્મચારી હડતાળ ઉપર બેઠાં છે, તેમને કાયમી કરવા માગો છો કે કેમ?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારની અંદર ગુજરાત પબ્લિક સર્વીસ કમિશન તરફથી વર્ગ-૧ના અધિકારીઓની ભરતી થાય છે, વર્ગ-૨ના અધિકારીઓની પણ ભરતી થાય છે. પરંતુ જ્યારે ખાલી જગ્યા હોય ત્યારે તેની વૈકલ્પિક વ્યવસ્થાના ભાગ સ્વરૂપે એડહોક પ્રાધ્યાપકો અને કરાર આધારિત પ્રાધ્યાપકોને લેવામાં આવે છે. તેમણે જે હડતાળવાળા પ્રાધ્યાપકોની વાત કરી, તેના અનુસંધાનમાં નામદાર હાઈકોર્ટે એવો ચુકાદો આપેલો છે કે આ એડહોક પ્રાધ્યાપકોને અત્યાર સુધીમાં ચાલુ રાખી શકાય નહીં અને તેના માટે તેમણે ગુજરાત પ્રબ્લિક સર્વીસ કમિશનની પરીક્ષા આપવી પડે. એ પરીક્ષામાં પાસ થાય તો જ તેમને ફરીથી નિમણૂંક આપી શકાય. અગાઉ કહ્યું તે પ્રમાણે આ એડહોક અને કરાર આધારિત હોવાને કારણે હાઈકોર્ટના હુકમના કારણે જે પ્રમાણે જી.પી.એસ.સી.ના ઉમેદવારોની જેમ સરકાર તેના માગણી પત્રકો પ્રમાણેની ભરતી માટેના ઉમેદવારો મળતા જાય તે પ્રમાણે તેમની નિમણૂંક કરવાની થાય. એટલે હાલ જે પ્રાધ્યાપકો ઉપવાસ ઉપર બેઠેલા છે તે પ્રાધ્યાપકોને લેવા માટેની નામદાર હાઈકોર્ટની સૂચના હોવાને કારણે લઈ શકાય એવી કોઈ સ્થિતિ નથી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રીને આપના મારફત એ પૂછવું છે, સવાલ એટલા માટે ઉભો થાય છે કે એડહોક નિમણૂંક કરીએ છીએ કારણ કે જી.પી.એસ.સી. રેગ્યુલર આપણે સમયસર માગણું મોકલીને એ જગ્યાઓ ભરી શકતા નથી. એ જ ક્વૉલિફિકેશનવાળા આપણે એડહોક ભરીએ છીએ. જી.પી.એસ.સી.માં માગણું મોડું જવાના કારણે, અથવા જી.પી.એસ.સી.ના કારણે, મોડી જાહેરાતના કારણે આ વિદ્યાર્થીઓ જે કવોલિફાઈડ હોય છે એ ઓવર એઈજ થઈ ગયા હોય છે. આપણે ત્યાં સર્વીસ આપી છે. આપણી જરૂરિયાતના સમયે આપી છે. ભૂતકાળમાં અન્ય વિભાગોમાં હેલ્થ ડિપાર્ટમૅન્ટમાં એડહોકને સ્પેશ્યલ સ્કીમ કરીને આપણે કાયમી કર્યા હતા. નામદાર હાઈકોર્ટના પાસે કોઈ સ્કીમ બનાવીને ગુજરાત સરકાર જઈને પણ એક તરફ લગભગ ૬૦થી લઈને ૭૮ ટકા સુધીની જુદા જુદા સ્ટેજમાં પૉલિટૅક્નિક એન્જિનિયરિંગમાં જગ્યાઓ ખાલી છે. એન્જિનિયરિંગમાં વિશેષ છે. સામે એડહોકમાં સેવા આપનારાઓ ઉપલબ્ધ છે. તો નામદાર હાઈકોર્ટ પાસે કોઈ સ્કીમ લઈને સરકાર જ જાય કે જેથી જગ્યાઓ પણ ભરાય, એન્જિનિયર જે બહાર પડે છે એ ખાલી જગ્યાઓના કારણે અમને સહન ન કરવું પડે, એવી કોઈ વ્યવસ્થા સરકાર વિચારશે કે કેમ?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે એડહોક પ્રાધ્યાપકો છે, ૨૦૦૮માં ૧૧ માસ માટે એમને એડહોક વ્યાખ્યાતા તરીકે લેવામાં આવેલા. ૨૬-૬-૨૦૦૯ના દિવસે એની મુદત પૂરી થતી હતી. રાજય સરકારને જરૂરિયાત હતી, ફેકલ્ટીના અભાવના કારણે એમને રાખેલા, પરંતુ ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા તેની નિયમિત ભરતી નહીં થવાના કારણે નામદાર વડી અદાલતે તા. ૩૦-૬-૦૯ના હુકમથી તમામ એડહોક અને કરાર આધારિત વ્યાખ્યાતાઓને ૩૦-૪-૨૦૧૦ સુધી અથવા આયોગ દ્વારા નિયમિત ભરતીથી પસંદ કરાયેલ ઉમેદવારો ઉપલબ્ધ થાય તે પૈકી જે વહેલું હોય ત્યાં સુધી ચાલુ રાખવા માટેનો હુકમ કરેલો છે અને એ હુકમના કારણે ૩૧-૩-૨૦૧૦ સુધીમાં તમામ પ્રક્રિયા સરકારને પૂરી કરવા ગુજરાત જાહેર સેવા આયોગની તુરતની પરીક્ષામાં ઉપસ્થિત રહેવા જે તે ઉમેદવારોને જણાવવામાં આવેલ છે. જે ઉમેદવારો ગુજરાત પબ્લિક સર્વિસ કમિશનની પરીક્ષામાં બેઠેલાં છે, પાસ થઈ શક્યા નથી એવા તમામ ઉમેદવારોને હાઈકોર્ટના હુકમના આધારે રાજય સરકારે ફરીથી લેવાનો વિષય ઉપસ્થિત થતો નથી.

**શ્રી કિશોર વાંકાવાલા** : મંત્રીશ્રીએ જવાબ આપ્યો એ પછી મારો પ્રશ્ન રહેતો નથી.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, કુલ જે ૬૫૨ જગ્યાઓ છે, વર્ગ-૧ની, તેમાંથી જી.પી.એસ.સી.ને જે માગણું મૂક્યું છે એ ૧૮૬ જગ્યાઓનું છે સીધી ભરતીથી, તો બાકીની જે ૪૬૬ જગ્યાઓ રહી એ જગ્યાઓ કેવી રીતે ભરવા માગો છો અને કયાં સુધીમાં ભરવા માગો છો?

**શ્રી રમણલાલ વોરા** : એમણે જે જે જગ્યાઓ ગણાવી લગભગ ૧૬૨૭ જેટલી જગ્યાઓ બાકી છે આપણે એનો સરવાળો કરીએ તો, વર્ગ-૧ની જે જગ્યાઓ છે , આપણે બધા જાણીએ છીએ તે પ્રમાણે જીપીએસસી

તરફથી જેટલા ઉમેદવારો મળે એ પ્રમાણે વિભાગના હયાત કર્મચારીઓમાંથી આપણે બઢતી આપીને પણ એમને જગ્યાઓ ભરતા હોઈએ છીએ એ પ્રમાણે સીધી ભરતીથી જી.પી.એસ.સી.માંથી આવશે તે, અને બઢતી આ બંને કરીને આ જગ્યાઓ પૂરી કરવામાં આવશે, ૬૫૨ જગ્યાઓની જે યાદી આપી છે એ ૬૫૨ પૈકી મેં અગાઉ કહ્યું એ પ્રમાણે જી.પી.એસ.સી. તરફથી એની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે, અત્યાર સુધીમાં ૪૧૦ લોકો રાજય સરકારને મળ્યા છે, એ ભરતીની પ્રક્રિયા પૂરી થયા પછી બઢતીથી પ્રમોશન આપવામાં આવશે, જી.પી.એસ.સી.એ અમને એ પણ કહ્યું છે કે પહેલી જેટલી પણ જગ્યાઓ હતી એના માગણી પત્રકો મૂક્યા, ૨૦૦૯-૧૦માં વધારાની નવી જગ્યાઓ મંજૂર થવાને કારણે આ સમયમર્યાદા દરમિયાન અમે ભરી શકયા નથી તો એટલા માટે બાકીની જે જગ્યાઓ બાકી રહે છે એને ગુજરાત પબ્લિક સર્વિસ કમિશનમાં નવા માગણાપત્રકો મૂકીને અમે આ જગ્યાઓ ભરવા માગીએ છીએ.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારી મુંઝવણ એ છે કે વર્ગ-૧માં ૬૫૨ જગ્યાઓ ખાલી છે અને ૧૮૬ જગ્યાઓના માગણી પત્રકો મોકલવામાં આવ્યા છે. વર્ગ-૨માં ૫૫૪ જગ્યા ખાલી છે, એની સામે ૭૫૮ના માગણીપત્રક મોકલવામાં આવ્યા છે. એટલે આ જે વર્ગ-૧માં ૭૦ ટકા જેટલી જગ્યાઓના માગણીપત્રકો જે મોકલ્યા નથી એ ક્યારે મોકલવા માગો છો અને આ વર્ગ-૨માં વધારાના માગણીપત્રકો મોકલવા પાછળનું શું લોજીક છે?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, એક તો વર્ગ-૧માં પ્રાધ્યાપક સંવર્ગની ૫૧ જગ્યાઓ અને સહાયક પ્રાધ્યાપકની ૧૩૫, કુલ મળીને ૧૮૬ જુલાઈ-૨૦૦૯માં આના માગણીપત્રકો મોકલવામાં આવ્યા છે. મેં અગાઉ કહ્યું એ પ્રમાણે ઑગસ્ટ ૨૦૦૯ અને ૨૦૧૦માં સહાયક પ્રધ્યાપકો માટે નવી જગ્યાઓ માટેના માગણીપત્રકો જી.પી.એસ.સી.માં મોકલવામાં આવ્યા છે. ૨૧-૨-૧૧ના પત્રમાં બાકીની જે જગ્યાઓ છે, મેં અગાઉ કહ્યું એ પ્રમાણે આ માગણી પત્રકોની શરત પૂરી થયા પછી બઢતીથી ભરવામાં આવશે. એમણે કહ્યું એ પ્રમાણે વર્ગ-૨ની જગ્યાઓ ૫૫૪ છે એની સાથે સાથે એડહોક પ્રાધ્યાપકો અને કરાર આધારીત પ્રાધ્યાપકોની જગ્યા ૨૯૨ છે અને એના કારણે ૮૪૬ જગ્યાઓ છે જેની સામે ૭૫૮ વ્યાખ્યાતાઓ માટેના માગણીપત્રકો આપણે મોકલ્યા છે. અગાઉ મેં કહ્યું એ પ્રમાણે ૭૫૮ની સામે ૮૪૬ જગ્યાઓ ખાલી થવાની છે એની સામે ૭૫૮ના માગણીપત્રકો મોકલવામાં આવ્યા છે.

## અમરેલી જિલ્લાના ચલાલા ખાંભા રોડની મરામત

***૨૦૧૧૬ શ્રી ઉદેસિંહ પું. ઝાલા(બાયડ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા:૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ અમરેલી જિલ્લાના ચલાલા-ખાંભા રોડ ખૂબ બિસ્માર હાલતમાં છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ રોડના ટેન્ડરો અપાઈ ગયા છે,

(૩) જો હા, તો ટેન્ડર કઈ એજન્સીને અપાયા છે,

(૪) આ રોડની કામગીરી તા:૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ કયા તબક્કે છે, અને

(૫) આ રોડની કામગીરી ચોક્કસ કયા સમયમાં પૂર્ણ થશે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી :**

(૧) રસ્તો વાહન વ્યવહાર લાયક છે.

(૨) ટેન્ડરો અપાયેલ છે.

(૩) મે. અંબર બિલ્ડર્સ, ધોરાજી.

(૪) મજબુતીકરણની કામગીરી પ્રગતિમાં છે.

(૫) ટેન્ડરની નિયત સમય મર્યાદામાં કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે.

**શ્રી ઉદેસિંહ પું. ઝાલા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રી મહોદય પાસે જાણવા માગુ છું કે અમરેલી જિલ્લાના ચલાલા-ખાંભારોડ ખૂબ બિસ્માર હાલમાં છે કે કેમ? અને જો હોય તો કેટલા વખતથી છે? અને બિસ્માર હાલત દૂર કરી અને રીસર્ફેસીંગ અથવા તો મજબૂતીકરણ કરવા માટે કેટલો સમય જોઈએ?

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે ચલાલા-ખાંભા રોડ છે એ રસ્તો વાહન વ્યવહાર યોગ્ય છે અને મેં અગાઉ પણ કહ્યું કે જ્યાં જ્યાં જરૂરિયાત જણાઈ છે ત્યાં સરકારે કામ કર્યુ છે. ચલાલા-ખાંભા રોડ જે રાજય ધોરીમાર્ગ છે જેની લંબાઈ આશરે ૨૧.૧૦ કિલોમીટર છે, જે ચેઈનેજ ૦૬૦૦ થી ૨૧૭૦૦ વચ્ચેની પસંદગીની લંબાઈમાં મજબૂતીકરણ અને સપાટી સુધારણાની કામગીરી હાલમાં પ્રગતિ હેઠળ છે. અને આ કામ અમારી સરકાર સમયમર્યાદામાં પૂરું કરશે.

**શ્રી બાવકુભાઈ ના. ઉંઘાડ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે આ રસ્તો વાહન વ્યવહાર લાયક છે. આ રસ્તો વાહન વ્યવહાર લાયક હતો એટલે તો અમારા ધીરસિંહભાઈ બારડ જીત્યા નહીં તો ન જીત્યા હોત. હું મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે અત્યારે એમણે પ્રશ્ન નંબર-૪ના જવાબમાં આપ્યું છે કે મજબૂતીકરણની કામગીરી પ્રગતિમાં છે. એટલે આ રોડ આ વર્ષે પૂરો થઈ જાય. મારે જાણવું છે કે

અગાઉ આ કયા વર્ષમાં, અત્યારે જે કામ થયું છે એમાં નહીં, આના પહેલા કયા વર્ષમાં કામ થયું હતું અને એના પછી કેટલો સમયગાળો ગયો છે?

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : માનનીય સભ્યશ્રી ઉદેસિંહભાઈએ જે ચિંતા કરી એટલી ચિંતા જો હોત તો માનનીય બાવકુભાઈ આ પ્રશ્ન સન્માનનીય સભાગૃહ સમક્ષ લાવ્યા હોત. પણ જ્યારે માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન કર્યો છે કે અગાઉ આ રસ્તો ક્યારે ક્યારે થયો હતો તો છેલ્લા ત્રણ વર્ષમાં આ રસ્તો ૨૦૦૮-૦૯માં એસ.આર. હેઠળ થયો હતો અને રૂા. ૪.૧૯ લાખનો ખર્ચ કરવામાં આવ્યો હતો. ૨૦૦૯-૧૦માં લગભગ ૧૧.૯૧ લાખના ખર્ચે કામ થયું હતું અને એસ.આર. અને સી.આર.માં ખર્ચ કર્યો હતો. વર્ષ ૨૦૧૦-૧૧ માં આની પાછળ અત્યારે કામગીરી પ્રગતિમાં છે અને એ કામગીરી લગભગ માર્ચ-૨૦૧૧માં પૂર્ણ કરીશું.

**શ્રી મનસુખભાઈ પાં. ભુવા** : તલાલા-ખાંભા રોડ મારા મત વિસ્તારમાં આવે છે. સરકારશ્રી તરફથી, વિભાગ તરફથી ૫ કરોડ ઉપરાંતની રકમથી આ કામગીરી ચાલે છે અને પૂર્ણતાના આરે છે. હું આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ માર્ગ બનાવવાથી ઔદ્યોગિક અને બંદરો તેમજ કયા કયા ગામોને અને કેટલી વસતિને આનો ફાયદો થશે?

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : આ રસ્તાની સપાટી સુધારણાના કારણે જાફરાબાદ નજીકના સિમેન્ટ ઉદ્યોગ તેમજ અન્ય ઔદ્યોગિક પેદાશો માટે પરિવહનની કામગીરી વધુ ઝડપી, સરળ અને સલામત બનશે તેમજ વાહનોની ઈંધણ ક્ષમતા વધશે. વાહન મરામતનો ખર્ચ ઘટવાના કારણે સમગ્રપણે આર્થિક બચત થવાના કારણે માલ સામાનના પરિવહનનો ખર્ચ નીચો આવશે. સભ્યશ્રીએ બીજો પ્રશ્ન પૂછ્યો કે આનાથી કયા ગામોને અને કેટલી વસતિને લાભ થવાનો છે. આ રસ્તાથી લગભગ ચલાલાની ૩૫૯૩૪, વાવડી ગામની ૪૨૭, ધારીકાણીની ૩૫૭૮, મોટા સમઢની ૩૮૯૯, અનીડાની ૨૦૩૯, ઈંગોરાડાની ૩૫૨૦, નાના વીસાવદરની ૨૯૩૯, નાની ધારીની ૨૮૦૫, નાનુડીની ૯૦૨, તાતણીયાની  ૨૧૯૦, ખાંભાની ૬૦૯૭,

**અધ્યક્ષશ્રી** : ટૂંકમાં જવાબ આપો.

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : એમણે ગામોના નામ પૂછ્યા છે. આ બધા ગામોની આટલી વસતિને આ ઉપરાંત ૨૦ ગામના પરાઓ છે એમને આ રસ્તાથી લાભ થવાનો છે.

## બનાસકાંઠા જિલ્લામાં રાસાયણિક ખાતરની ગુણવત્તા

* ૨૦૩૪૨ **શ્રી અનિલકુમાર અ. માળી(દીઓદર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં રાસાયણિક ખાતરનાં કેટલા નમૂના લેવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા નમૂના હલકી ગુણવત્તાવાળા મળ્યા, અને

(૩) તે અંગે સંબંધિતો સામે શાં પગલાં લેવામાં આવ્યા?

**કૃષિ મંત્રીશ્રી :**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં રાસાયણિક ખાતરનાં કુલ ૪૦૧ નમૂના લેવામાં આવ્યા.

(૨) કુલ ૨ નમૂના હલકી ગુણવત્તાવાળા મળ્યા.

(૩) સંબંધિતો સામે રાસાયણિક ખાતર નિયંત્રણ હુકમ-૧૯૮૫ની જોગવાઈઓ મુજબના પગલાં લેવામાં આવેલ છે.

**શ્રી અનિલકુમાર અ. માળી** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે બનાસકાંઠા જિલ્લામાં બે વર્ષમાં રાસાયણિક ખાતરના કુલ ૪૦૧ નમૂના લેવામાં આવ્યા એમાંથી માત્ર બે નમૂના હલકી ગુણવત્તાવાળા મળ્યા છે. આ બે નમૂના બનાસકાંઠા જિલ્લાના કયા તાલુકામાંથી મળ્યા અને તેમની સામે રાસાયણિક ખાતર નિયંત્રણ હુકમ ૧૯૮૫ અન્વયે પગલાં લેવામાં આવ્યા છે કે કેમ? મારે જાણવું છે કે ખાતર નિયંત્રણ હુકમ ૧૯૮૫ અન્વયે સજાની શું જોગવાઈ છે?

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારના કૃષિ વિભાગની જાગૃતતાના કારણે રાજ્યમાં આવતા ખાતરનું નિયમિત પ્રમાણે જિલ્લા દીઠ ખેતીવાડી અધિકારીઓને સૂચના આપવાના કારણે ખાતરમાં ભેળસેળ ન થાય અને એવું ખાતર વેચાય નહીં એની કાળજી લેવામાં આવી છે. ખાતર નિયંત્રણ હુકમ ૧૯૮૫ ....

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો
# (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

## સુરત જિલ્લામાં લાર્સન એન્ડ ટુર્બ્રો કંપનીને આપવામાં આવેલ જમીન

૧૯૭૪૩ : **શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૭-૨૦૦૮, ૨૦૦૮-૨૦૦૯ અને ૨૦૦૯-૨૦૧૦ ના વર્ષમાં સુરત જિલ્લામાં લાર્સન એન્ડ ટુર્બ્રો કંપનીને કેટલી જમીન ક્યા હેતુ માટે અને શા ભાવે આપવામાં આવી, અને

(૨) તે જમીનો ઉપર સરકાર ધ્વારા કેટલી રકમ સ્ટેમ્પડ્યુટી, કબજા હક્ક-રૂપાંતર કર, બિનખેતી ધારા કે અન્ય કરથી કેટલી રકમ વસૂલવામાં આવી ?

**જવાબ**

(૧) ફાળવેલ જમીનની વિગત

| વર્ષ | જમીન ફાળવણી હે.આરે.ચો.મી. | હેતુ | પ્રતિ ચો.મી.ના ભાવ |
|---|---|---|---|
| ૨૦૦૭-૦૮ | ૧૧૧-૧૧-૧૪ | સુપર ક્રિટીકલ સ્ટીમ જનરેટર અને ફાર્જીંગ શોપ તથા હેવી એન્જીનીયરીંગ પ્લાંટના વિસ્તૃતિકરણ કરવા | રૂા. ૭૦૦/- |
| ૨૦૦૯-૧૦ | ૫૭-૯૫-૭૭ | સુપર ક્રિટીકલ તથા ટર્બાઈન અને ન્યુક્લીયર પ્રોજેક્ટ માટે | રૂા. ૭૦૦/- |

(૨) **વસુલ કરેલ રકમ**
સ્ટેમ્પ ડ્યુટી રૂા. ૬,૦૦,૧૩,૧૦૪/-
કબજા હક્ક રૂા. ૧૧૮,૬૦,૭૭,૧૬૫/-
રૂપાંતર કર રૂા. ૧૦૧,૪૪,૧૪૬/-
બિનખેતી ધારા + અન્ય કર
રૂા. ૧૦,૫૭,૮૮૫/-

## આણંદ જિલ્લામાં અનુસૂચિત જાતિ/જનજાતિના સિમાંત ખેડૂતોને સહાય

૧૮૯૪૭ : **શ્રી નિરંજનભાઈ પટેલ (પેટલાદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં સીમાંત ખેડૂતો અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ખેડૂતોને વર્ષવાર સહાય આપવા બાબતે કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) આ ખર્ચ ક્યા ક્યા સાધનો પાછળ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧)

| | | |
|---|---|---|
| - | ૨૦૦૯ | રૂા.૧૬૩.૬૭ લાખ |
| - | ૨૦૧૦ | રૂા.૨૫૩.૫૫ લાખ |

(૨) આ ખર્ચ નીચે મુજબના સાધનો પાછળ કરવામાં આવ્યો.

૧. ઈનપુટ કીટસ ૨. સેન્દ્રીય ખાતર ૩. જંતુનાશક દવા ૪. પાક સંરક્ષણ સાધન ૫. આઈ.પી.એમ. / આઈ.એન.એમ. ૬. સુધારેલ ખેત ઓજાર ૭. બળદ ૮. જૈવિક ખાતર ૯. વર્મી કમ્પોસ્ટ ૧૦. ખુલ્લી પાઈપ લાઈન ૧૧. તાડપત્રી ૧૨. પંપસેટ ૧૩. સ્ટોરેજ બીન ૧૪. બી.પી.એલ. કીટસ ૧૫. સીડ ડ્રેસીંગ ડ્રમ ૧૬. ફીલ્ડ નિદર્શન ૧૭. ખળાના સાધનો ૧૮. પાવર ટીલર/મીની ટ્રેક્ટર ૧૯. પાકા સ્ટ્રક્ચર ૨૦. ગ્રીન હાઉસ ૨૧. શેડ નેટ ૨૨. નેટ હાઉસ ઈ.

**પંચમહાલ જિલ્લામાં નવી ખોલવામાં આવેલ કન્યા શાળાઓ**

૧૯૩૧૦ : **શ્રી દિતાભાઈ ભી.મછાર (ઝાલોદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં કન્યા કેળવણીના વિકાસ માટે તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી કન્યા શાળાઓ ખોલવામાં આવી, અને | (૧) ૦૯. |
| (૨) તે અન્વયે કેટલી કન્યાઓને પ્રવેશ આપવામાં આવ્યો ? | (૨) ૬૪૯. |

**જામનગર જિલ્લામાં કમોસમી વરસાદ અને માવઠાને કારણે અસરગ્રસ્ત ખેડૂતોને ચૂકવેલ વળતર બાબત**

૧૯૫૮૧ : **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં નવેમ્બર-૧૦માં થયેલ કમોસમી વરસાદ/માવઠાના કારણે ક્યા ક્યા પાકોને કેટલું નુક્સાન થયું, | (૧) જામનગર જિલ્લામાં નવેમ્બર-૧૦ માં થયેલ કમોસમી વરસાદ/માવઠાના કારણે કપાસ, એરંડા, ઘઉં અને ચણાના પાકોમાં અંદાજીત રૂા. ૩૩,૧૪૪ લાખનું નુક્સાન થયું છે. |
| (૨) અસરગ્રસ્ત ખેડૂતોને થયેલ નુક્સાન પેટે તા. ૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ કેટલું વળતર ચૂકવવામાં આવ્યું અને | (૨) કોઈ વળતર ચૂકવવામાં આવેલ નથી. |
| (૩) બાકી રહેલ અસરગ્રસ્ત ખેડુતોને વળતર ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ? | (૩) કેન્દ્ર સરકાર દ્વારા દરખાસ્ત મંજૂર થયેથી સહાય ચૂકવવામાં આવશે. |

--------

**સિધ્ધપુર-મહેસાણા-વડુ રસ્તાને પહોળો કરવા અંગે**

૨૦૧૧૭ : **શ્રી રજનીકાન્ત સો.પટેલ (ચાણસ્મા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સિધ્ધપુર-મહેસાણા-વડુ રસ્તાને પહોળો કરવા માટે સરકાર દ્વારા કોઈ પગલાં લેવામાં આવ્યા છે કે કેમ, અને<br>(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ આ કામગીરી ક્યા તબક્કે છે ? | (૧) અને (૨) સિધ્ધપુર-મહેસાણા-વડુ ૭૪.૭૦ કિ.મી. રસ્તા પેકી સિધ્ધપુર-મહેસાણા-ચાંદરડા સુધીનો ૬૬.૪૦ કિ.મી. લંબાઈનો ૪ માર્ગીય હયાત રસ્તો છે (રાજ્ય ધોરી માર્ગ નં. ૪૧) જ્યારે ચાંદરડા (રાજ્ય ધોરી માર્ગ નં. ૪૧)થી વડુ સુધીનો ૮.૩૦ કિ.મી. લંબાઈનો રસ્તો ૩.૭૫ મી. પહોળો છે. આ રસ્તાને પહોળો કરવાનું હાલ આયોજન નથી. |

--------

**દાહોદ જિલ્લામાં ૫૦૦ થી વધુ વસ્તીવાળા પાકા રસ્તાથી વંચિત ગામો**

૧૮૧૩૯ : **શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા
કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૦૬ ની વસ્તી ગણતરી પ્રમાણે તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિ પાંચસો માણસોથી વધુ વસ્તી વાળા દાહોદ જિલ્લાના તાલુકાદીઠ કેટલા ગામો પાકા રસ્તાથી વંચિત છે, અને<br>(૨) આ ગામોને પાકા રસ્તાથી જોડવા સરકાર શી કાર્યવાહી કરવા માંગે છે? | (૧) અને (૨) સને ૨૦૦૧ ની વસ્તી ગણતરી પ્રમાણે ૫૦૦ થી વધુ વસ્તીવાળા તમામ મહેસુલી ગામો પાકા રસ્તાથી જોડાયેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**બારીયા-ધાનપુર રસ્તો પહોળો કરવા અંગે**

૨૦૧૫૧ **: શ્રી ફતેસિંહ ચૌહાણ (રાજગઢ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં બારીયા થી ધાનપુર રસ્તાને પહોળો કરવાની સરકારે કોઈ મંજૂરી આપી છે કે કેમ, | (૧) હા જી, હયાત ૫.૫૦ મી.માંથી ૭.૦ મી. પહોળો કરવાની. |
| (૨) જો હા, તો આ કામ ક્યારે શરૂ થનાર છે, અને | (૨) તા. ૨૮-૧-૧૧ થી શરૂ કરેલ છે. |
| (૩) આ કામ પાછળ કુલ કેટલો ખર્ચ થનાર છે? | (૩) રૂ. ૫૯૫.૦૦ લાખ. |

--------

**જૂનાગઢ જિલ્લા કલેકટર કચેરીમાં પડતર તુમારો**

૧૮૮૫૧ **: શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કલેકટર કચેરીમાં કેટલાં મહેસૂલી તુમારો પડતર છે, અને | (૧) ૬૮ તે પૈકી ૩૪ તુમારોનો નિકાલ થયેલ છે. |
| (૨) તમામ પડતર તુમારોનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે? | (૨) બનતી ત્વરાએ. |

--------

**અમદાવાદ શહેરમાં મંજૂર કરવામાં આવેલ ખાનગી માધ્યમિક શાળાઓ**

૧૯૫૬૮ **: શ્રી ગ્યાસુદીન શેખ (શાહપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમદાવાદ શહેરમાં કેટલી ખાનગી માધ્યમિક શાળાઓને તા. ૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મંજૂરી આપવામાં આવી, અને | (૧) અમદાવાદ શહેરમાં તા. ૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ-૧૦ (દશ) ખાનગી માધ્યમિક શાળાઓને મંજૂરી આપવામાં આવી.<br>૩૧-૧-૧૦ના રોજ પૂરૂ થતુ વર્ષ ૦૪<br>૩૧-૧-૧૧ના રોજ પૂરૂ થતુ વર્ષ ૦૬<br>**કુલ : ૧૦** |
| (૨) મંજૂરી આપવામાં આવેલ આ શાળાઓમાં કેટલી ફી રાખવાનું નક્કી થયેલ છે? | (૨) શિક્ષણ વિભાગના તા. ૨૮-૮-૧૯૯૮ના ઠરાવની જોગવાઈ મુજબ કાયમી ધોરણે ગ્રાન્ટ નહિં લેતી શાળાઓ વિદ્યાર્થીઓ પાસે લેવાની ફીનું પ્રમાણ જાતે નક્કી કરી શકે છે. |

**ભાણવડ કોર્ટના નવા મકાન અંગે**

૨૦૩૫૫ **: શ્રી મુળુભાઈ હ. બેરા (ભાણવડ) : માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જામનગર જિલ્લાની ભાણવડ સ્થિત કોર્ટના બિલ્ડીંગને નવું બનાવવા માટે તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ કોઈ મંજૂરી આપવામાં આવી છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેના માટે કેટલી રકમની ફાળવણી કરવામાં આવી છે, અને આ કામ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે? | (૨) માર્ગ અને મકાન વિભાગ હેઠળ રકમની ફાળવણી કામના સદરવાર કરવામાં આવે છે. કામ અનુસાર ફાળવણી કરવામાં આવતી નથી. આ કામ ખાતે કોઈ ખર્ચ કરવામાં આવેલ નથી. આ કામના ટેન્ડર મંજુર થયેલ છે. ઠેકેદારશ્રીને સ્વિકૃતિપત્ર આપવામાં આવેલ છે. ઠેકેદારશ્રી દ્વારા ડીપોઝીટ ભરે કામ શરૂ કરવા આદેશ આપવામાં આવશે. |

## સાબરમતી દાંડી હેરીટેજ રોડ માટે કેન્દ્ર સરકાર તરફથી ફાળવાયેલ રકમ

**૧૯૩૬૩ : શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરમતી દાંડી હેરીટેજ રોડને નેશનલ હાઈવેનો દરરજો આપ્યા પછી કેન્દ્ર સરકારે તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં ક્યા ક્યા કામ માટે કેટલા રૂપિયા ફાળવેલ છે,

(૨) તે અન્વયે કામ પૂર્ણ કરવાની તારીખ કઈ હતી, અને

(૩) જો કામો સમયસર પૂર્ણ ન થયા હોય તો તેના કારણો શાં છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : સામેલ પત્રક મુજબ.

**પ ત્ર ક**

સાબરમતી-દાંડી હેરીટેજ રોડ માટે કેન્દ્ર સરકાર તરફથી ફાળવાયેલ રકમ

(રકમ રૂ. લાખમાં)

| ક્રમ | કામનું નામ | *મંજૂર થયેલ અંદાજીત કિંમત | કામ પૂર્ણ કરવાની તારીખ | ખરેખર કામ પૂર્ણ થયા તારીખ | વિલંબના કારણો હોય તે લેવાં |
|---|---|---|---|---|---|
| ૧ | રા.ધો.માર્ગ નં.૨૨૮ દાંડીરૂટને પહોળા કરવાનું તથા મજબુતીકરણની કામગીરી કી.મી. ૧૭/૯૬ થી ૧૯/૭૦, ૨૪/૬૭ થી ૩૨/૭૭ અને ૩૨/૭૭ થી ૩૪/૭૭ (જોબ નં. ૦૨૨૮/ જીજે/ ૨૦૦૮/ ૪૭૦) | ૧૩૬૯.૩૭ | ૧૯-૪-૧૦ | ૧૯-૪-૧૦ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| ૨ | રા.ધો.માર્ગ નં.૨૨૮ દાંડીરૂટને ઉંચો કરવાની તથા પહોળા કરવાની કામગીરી કી.મી. ૪૪/૬૩ થી ૪૯/૨૭ (માતર રીવર બેડ વનસલ રોડ) (જોબ નં.૦૨૨૮/જીજે/૨૦૦૮/૪૯૨) | ૬૨૧.૨૭ | ૧૮-૧-૧૦ | ૧૮-૧૧-૧૦ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| ૩ | સ્ટ્રેન્ધનીંગ ઓફ એક્ષીસ્ટીંગ દાંડી રૂટ ફ્રોમ કી.મી. ૭૮/૫૮૦-૧૦૪/૯૪૦ (બોરીયાવી જંકશન-બોરીયાવી આણંદ બોરસદ રોડ) ઓફ એન.એચ. ૨૨૮ દાંડી રૂટ (૨૬.૩૬ કી.મી.) (જોબ નં.૦૨૮૮/જીજે/૨૦૦૮/૪૭૫/૩.૯.૨૦૦૮ | ૧૨૨૬.૫૧ | ૨૮-૧-૧૦ | ૧૦-૧૦-૦૯ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| ૪ | સ્ટ્રેન્ધનીંગ ઓફ એક્ષીસ્ટીંગ દાંડી રૂટ ફ્રોમ કી.મી. ૧૦૪/૯૪૦ ટુ ૧૧૯/૫૮૦ (બોરસદ-કનસારી-કનસારી રાસ એપ્રોચ રોડ) ઈનકલ્યુડીંગ બોરસદ એપ્રોચ રોડ (૧.૭૫ કી.મી.) નપાલાલપાડ એપ્રોચ રોડ (૧.૨૦ કી.મી.), દેદારડા એપ્રોચ રોડ (૦.૮૪ કી.મી.) એન્ડ બોરસદ બાય-પાસ (૪.૧૦ કી.મી.) ઓફ એન.એચ.૨૨૮ (દાંડી રૂટ). (૨૨.૫૩ કી.મી.) (જોબ નં.૦૨૨૮/જીજે/૨૦૦૮/૪૮૬/૧૨.૧૧.૨૦૦૮). | ૧૦૭૬.૪૯ | ૨૮-૩-૧૦ | ૨૨-૧૨-૦૯ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| ૫ | સ્ટ્રેન્ધનીંગ ઈન કી.મી. ૧૪૮/૮૦ ટુ ૧૮૪/૦ (એક્ષકલ્યુડીંગ કી.મી. ૧૫૧/૮૦૦ ટુ ૧૫૩/૮૦૦ એન્ડ ૧૫૬/૪૦૦ ટુ ૧૭૪/૦૦) (કારેલી-પીલુદરા-વેડચ્છ-ગજેરા-જંબુસર-આમોદ રોડ ઓફ એન.એચ.૨૨૮) (દાંડી રૂટ) (૧[illegible].૮૦ કી.મી.) (જોબ નં.૦૨૨૮/ જીજે/ ૨૦૦૮/ ૪૭૧/ ૨૨.૮.૨૦૦૮). | ૭૬૪.૩૧ | ૨૬-૨-૧૦ | ૨૬-૨-૧૦ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| ૬ | સ્ટ્રેન્ધનીંગ ઈન કી.મી. ૧૮૪/૦ ટુ ૨૦૫/૫૦૦ (અેક્ષકલ્યુડીંગ કી.મી. ૨૦૦/૫૦૦ ટુ ૨૦૧/૭૦૦) આમોદ-નાહિયેર બુવા-કેરવાડા-સમીયાલા-સુડી સમની રોડ ઓફ એન.એચ. ૨૨૮ (દાંડી રૂટ). (૨૦.૩૦ કી.મી.) (જોબ નં. ૦૨૨૮/જીજે/૨૦૦૮/૪૭૩/૨૨.૮.૨૦૦૮). | ૭૦૦.૩૯ | ૧૯-૨-૧૦ | ૩૦-૧૦-૦૯ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| ૭ | રા.ધો.માર્ગ નં.૨૨૮ દાંડીરૂટને મજબુતીકરણની કામગીરી કી.મી. ૬૩/૧૩ થી ૭૭/૯૧ (ડભાણ-નડીયાદ-ઉત્તરસંડા-ભૂમેલ રોડ) (જોબ નં.૦૨૨૮/જીજે/૨૦૦૮/૪૬૯) | ૧૨૪૯.૬૪ | ૧૩-૩-૧૦ | ૨૮-૩-૧૦ | કામનાં જથ્થામાં વધારો તથા વધારાની આઈટમની કામગીરીના કારણે સમય-મર્યાદા ૧૫ દિવસ વધારેલ છે. |
| ૮ | સ્ટ્રેન્ધનીંગ ઈન કી.મી. ૨૨૨/૦ ટુ ૨૩૮/૫૦૦ (અેક્ષકલ્યુડીંગ કી.મી. ૨૩૧/૦ ટુ ૨૩૪/૦૦) (દેરોલ ભરૂચ બોરભાઠા હોડી ઘાટ અંકલેશ્વર રોડ ઓફ એન.એચ.૨૨૮ (દાંડી રૂટ). (૧૩.૧૦ કી.મી.) (જોબ નં.૦૨૨૮/જીજે/૨૦૦૮/૪૭૨/૨૨.૮.૨૦૦૮). | ૫૨૦.૮૧ | ૨૫-૭-૦૯ | ૨૦-૭-૦૯ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| ૯ | ઈમ્પ્રુવમેન્ટ ટુ રાઈડીંગ કવાલીટી (આઈ.આર.ક્યુ) ઈન કી.મી. ૨૩૮/૪૦૦ ટુ ૨૭૧/૨૦૦ (અેક્ષકલ્યુડીંગ કી.મી. ૨૫૨/૮૦૦ ટુ ૨૬૬/૪૦૦) અંકલેશ્વર-સજોદ દીગસ પાટીયા રોડ એન.એચ.૨૨૮ (દાંડી રૂટ). (૧૯.૨૦ કી.મી.) (જોબ નં. ૦૨૨૮/જીજે/૨૦૦૮/૪૭૪/૨૨.૮.૨૦૦૮). | ૧૦૦૪.૧૨ | ૧૯-૨-૧૦ | ૨૭-૧૦-૦૯ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| ૧૦ | રા.ધો.માર્ગ નં.૨૨૮ દાંડીરૂટને પહોળા કરવાની તથા સપાટી સુધારણાની કામગીરી કી.મી. ૩૪/૭૭ થી ૪૪/૩૩ (ભેરાઈ-ઠઠાલ-ગોવિંદપુરા-વાસણા રોડ). (જોબ નં. ૦૨૨૮/જીજે/૨૦૦૯/૪૯૫). | ૮૦૧.૨૦ | ૭-૩-૧૦ | ૨૨-૩-૧૦ | કામના જથ્થામાં વધારો તથા વધારાની આઈટમની કામગીરીના કારણે સમય- મર્યાદા ૧૫ દિવસ વધારેલ છે. |
| ૧૧ | સ્ટ્રેન્ધનીંગ ઈન કી.મી. ૨૫૨/૮૦૦ ટુ ૨૬૦/૬૦૦ એન્ડ રીકન્સ્ટ્રકશન ઈન કી.મી. ૨૬૦/૬૦૦ ટુ ૨૬૬/૪૦૦. દીગસ પાટીયા માંગરોલ કલમ વાલનેર રાઈમા રોડ ઓફ એન.એચ. ૨૨૮ (દાંડી રૂટ). (૧૩.૬૦ કી.મી.) (જોબ નં. ૦૨૨૮/ જીજે/૨૦૦૮/૪૭૬/૩૦.૯.૨૦૦૮) | ૬૩૪.૭૩ | ૭-૩-૧૦ | ૬-૩-૧૦ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| ૧૨ | રીકન્સ્ટ્રકશન ફ્રોમ કી.મી. ૨૭૧/૨૦૦ ટુ ૨૭૯/૪૦૦ (એક્સેપ્ટ કી.મી.૨૭૬/૨૦૦ ટુ ૨૭૭/૨૦૦) એન્ડ સ્ટ્રેન્ધનીંગ ફ્રોમ કી.મી. | ૫૧૯.૨૩ | ૧૦-૧૨-૦૯ | ૯-૧૨-૦૯ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

એચબી-૭૫૩-૩

| ક્રમ | કામનું નામ | *મંજૂર થયેલ અંદાજીત કિંમત | કામ પૂર્ણ કરવાની તારીખ | ખરેખર કામ પૂર્ણ થયા તારીખ | વિલંબના કારણો હોય તે લેવાં |
|---|---|---|---|---|---|
| | ૨૭૯/૪૦૦ ટુ ૨૮૦/૪૦૦ (સુનેવકલ્લા ઓલ્ડ અસરમાં ઉમરાચ્છી પાટીયા વડોલી જંકશન રોડ) ઓફ એન.એચ.૨૮૮ (દાંડી રૂટ). (૮.૪૦ કી.મી.) (જોબ નં.૦૨૨૮/ જીજે/ ૨૦૦૮/ ૪૮૮/ ૨૨.૧૨.૨૦૦૮) | | | | |
| ૧૩ | સ્ટ્રેન્ધનીંગ ઈન કી.મી. ૨૮૦/૪૦૦ ટુ ૨૮૩/૮૦૦ એન્ડ રીકન્સ્ટ્રકશન ઈન કી.મી. ૨૮૩/૮૦૦ ટુ ૨૮૬/૫૦૦, ૨૮૬/૯૦૦ ટુ ૨૯૨/૪૦૦ એન્ડ ૨૯૫/૮૦ ટુ ૨૯૯/૬૦૦ (વડોલી જં-કદરામા-એરથન ટકરામા સોનલામીઠા એન્ડ ભઠગામ ટુ મોહમ્મદપુરા ગોલા પાટીયા) ઓફ એન.એચ. ૨૮૮ (દાંડી રૂટ). (૧૫.૪૦ કી.મી.) (જોબ નં. ૦૨૨૮/ જીજે/૨૦૦૮/૪૮૪/૧૦.૧૧.૨૦૦૮ | ૧૦૨૬.૬૩ | ૩-૩-૧૦ | ૨-૩-૧૦ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| ૧૪ | રીકન્સ્ટ્રકશન બીટવીન કી.મી. ૨૮૬/૫૦૦ ટુ ૩૦૧/૧૦૦ (ઈન ૫.૬૦ કી.મી. સ્કેટર્ડ લેન્થ (સોનલામીઠા ટુ ભઠગામ જંકશન-મોહમ્મદપુરા ટુ ગોલા પાટીયા રોડ) ઓફ એન.એચ. ૨૮૮ (દાંડી રૂટ). (૫.૬૦ કી.મી.) (જોબ નં. ૦૨૨૮/ જીજે/ ૨૦૦૮/૪૮૯/૨૦.૧૨.૨૦૦૮) | ૪૧૮.૮૧ | ૧૦-૧૨-૦૯ | ૯-૧૨-૦૯ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| ૧૫ | સ્ટ્રેન્ધનીંગ ઈન કી.મી. ૩૦૧/૧૦૦ ટુ ૩૦૫/૧૦૦ એન્ડ કી.મી. ૩૦૯/૬૦૦ ટુ ૩૧૮/૬૦૦ એન્ડ રીકન્સ્ટ્રકશન ઈન કી.મી. ૩૦૫/૧૦૦ ટુ ૩૦૯/૬૦૦ (ગોલા પાટીયા સાંધિયેર દેલાડ વાસવારી રોડ) ઓફ એન.એચ.૨૮૮ (દાંડી રૂટ). (૧૭.૫૦ કી.મી.) (જોબ નં.૦૨૨૮/ જીજે/ ૨૦૦૮/ ૪૭૯/ ૧૭.૧૧.૦૮) | ૯૮૧.૮૬ | ૨૭-૩-૧૦ | ૭-૩-૧૦ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| ૧૬ | સ્ટ્રેન્ધનીંગ ઈન કી.મી. ૩૩૭/૧૦૦ ટુ ૩૪૨/૯૫૦ એન્ડ કી.મી. ૩૪૩/૮૫૦ ટુ ૩૪૭/૭૦૦ એન્ડ રીકન્સ્ટ્રકશન ઈન કી.મી. ૩૪૨/૯૫૦ ટુ ૩૪૩/૮૫૦ એન્ડ કી.મી. ૩૪૭/૭૦૦ ટુ ૩૪૯/૪૦૦ (ખરવાસા વાંઝ પોપડા કપલેથા રોડ) ઓફ એન.એચ.૨૨૮ (દાંડી રૂટ). (૧૨.૨૦ કી.મી.) (જોબ નં. ૦૨૨૮/જીજે/૨૦૦૮/૪૮૦/૨૫-૯-૨૦૦૮) | ૫૯૪.૯૩ | ૨૬-૨-૧૦ | ૨૪-૨-૧૦ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| ૧૭ | સ્ટ્રેન્ધનીંગ ઈન કી.મી. ૩૫૬/૮૫૦ ટુ ૩૬૧/૯૨૦ એન્ડ રીકન્સ્ટ્રકશન ઈન કી.મી. ૩૫૨/૦૫૦ ટુ ૩૫૬/૮૫૦ (ચોખડ ધમણ સરાઈ પડગા કડીપોર વેરાવેલ રોડ) ઓફ એન.એચ. ૨૨૮ (દાંડી રૂટ) (૯.૮૭ કી.મી.) (જોબ નં.૦૨૨૮/ જીજે/ ૨૦૦૮/૪૮૧/૨૨-૧૦-૨૦૦૮) | ૪૫૮.૨૩ | ૫-૬-૦૯ | ૩-૬-૦૯ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| ૧૮ | સ્ટ્રેન્ધનીંગ ઈન કી.મી. ૧૧૯/૫૮૦ ટુ ૧૨૫/૧૫૦ કી.મી. ૧૨૮/૭૩૦ ટુ ૧૨૯/૯૩૦ એન્ડ ૨ કી.મી. લેન્થ રાસ બાય-પાસ એન્ડ વાઈડનીંગ/સ્ટ્રેન્ધનીંગ ઈન કી.મી. ૧૨૫/૧૫૦ ટુ ૧૨૮/૭૩૦ (રાસ અમ્બેરાવપુર કનકપુરા રોડ) ઓફ એન.એચ.૨૨૮ (દાંડી રૂટ). (૧૨.૩૬ કી.મી.) (જોબ નં.૦૨૨૮/જીજે/૨૦૦૮/૪૮૫/૧૨.૧૧.૦૮) | ૪૧૯.૪૨ | ૧૪-૯-૦૯ | ૧૧-૧૧-૦૯ | કામનાં જથ્થામાં વધારો તથા વધારાની આઈટમની કામગીરીના કારણે સમય-મર્યાદા ૫૮ દિવસ વધારેલ છે. |
| ૧૯ | સ્ટ્રેન્ધનીંગ ઈન કી.મી. ૩૭૦/૬૨૦ ટુ ૩૮૬/૦૨૦ (વેજલપુરા એરૂ જાંબુડી કરાડી માટવાડ સમાપોર દાંડી રોડ) ઓફ એન.એચ.૨૨૮ (દાંડી રૂટ). (૧૫.૪૦ કી.મી.) (જોબ નં.૦૨૨૮/જીજે/૨૦૦૮/૪૮૩/૧૦.૧૧.૦૮) | ૮૪૩.૭૯ | ૧૫-૨-૧૦ | ૧૪-૬-૦૯ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| | **કુલ :** | **૧૫૨૩૧.૭૪** | | | |

*દર્શાવેલ રકમ મંજૂર થયેલ અંદાજીત કિંમત છે. કેન્દ્ર સરકાર દ્વારા કામવાર ફાળવણી કરવામાં આવતી નથી. રાજ્ય સરકારને રા.ધો.માર્ગના મુળ કામો માટે ઉક્ત ફાળવણી કરવામાં આવે છે. જેમાંથી આ કામો હાથ ધરવામાં આવે છે.

--------

## કચ્છ જિલ્લામાં માંડવી શહેરના બાયપાસને મંજૂરી

૧૮૪૭૫ **: શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કચ્છ જિલ્લાના માંડવી શહેરના બાયપાસ માર્ગ મંજૂર થયેલ છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો તેનું કામ ક્યારે શરુ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) રા.ધો.માર્ગ નં.૮-અ (એક્સ્ટેન્શન) ના કી.મી. ૧૦૦/૦ પર આવતા માંડવી શહેરના રૂક્માવતી નદી ઉપરના હયાત પુલ સહીત માંડવી બાયપાસની પથરેખા મંજૂર કરવામાં આવેલ છે. જેમાં જમીન સંપાદનની કાર્યવાહી પ્રગતિમાં છે. રાષ્ટ્રીય ધોરીમાર્ગોના બાંધકામ અને મરામતની જવાબદારી સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયની હોઈ માંડવી બાયપાસ તેમજ તેના ઉપર આવતા પુલના બાંધકામના રૂ.૩૦.૪૧ કરોડના નક્શા અંદાજો રાજ્ય સરકાર દ્વારા ભારત સરકારના, સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયને તા.૭-૧૨-૨૦૧૦ થી મોક્લવામાં આવેલ છે. જેને મંજૂરી મળ્યેથી બાંધકામની કામગીરી હાથ ધરવામાં આવશે.

--------

**વડોદરા જિલ્લાના ટ્રાયબલ તાલુકાઓમાં આંગણવાડી વર્કર અને તેડાગરની નિમણૂંક**

૧૯૧૩૧ **: શ્રી મોહનસિંહ છો.રાઠવા (પાવી-જેતપુર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ વડોદરા જિલ્લાના આદિવાસી વસ્તીવાળા તાલુકાઓમાં છેલ્લા એક વર્ષમાં આંગણવાડી વર્કર/તેડાગરની નિમણૂક માટે કેટલી અરજીઓ ક્યારે મંગાવવામાં આવી છે,

(૨) તે પેકી ક્યા તાલુકામાં ઈન્ટરવ્યુ લઈ નિમણૂકો આપવામાં આવી છે,

(૩) ક્યા ક્યા તાલુકામાં નિમણૂકો આપવામાં આવી નથી, અને

(૪) તેમના ઈન્ટરવ્યુ લઈ ક્યારે નિમણૂકો આપવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં આદિવાસી વસ્તીવાળા નીચે મુજબના તાલુકાઓમાં છેલ્લા એક વર્ષમાં આંગણવાડી વર્કર/તેડાગરની નિમણૂક માટે નીચેની તારીખે અરજીઓ મંગાવવામાં આવેલ હતી.

| અ.નં. | ઘટકનું નામ | અરજીઓ મંગાવ્યા તારીખ | આં. વર્કરની ખાલી જ્ગ્યાની વિગત | આં. વર્કરની ખાલી જ્ગ્યા ભરવા માટે મળેલ અરજીઓ | આ. તેડાગરની ખાલી જ્ગ્યાની વિગત | આ. તેડાગરની ખાલી જ્ગ્યા ભરવા માટે મળેલ અરજીઓ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ક્વાંટ | ૨૧-૧૨-૧૦ | ૧૧ | ૩૮ | ૦ | ૦ |
| ૨ | છોટા ઉદેપુર | ૨૭-૪-૧૦ | ૮૮ | ૧૦૫ | ૪ | ૧ |
| ૩ | સંખેડા | ૨૪-૩-૧૦ | ૧૦ | ૪૫ | ૩૧ | ૩૪ |
| ૪ | નસવાડી | ૨૯-૪-૧૦ | ૦૩ | ૨૬ | ૧૧ | ૨૧ |
| ૫ | જેતપુર-પાવી | ૨૫-૩-૧૦ | ૧૪ | ૦ | ૧૧ | ૦ |
| **કુલ મળેલ અરજીઓની સંખ્યા** | | | **૧૨૬** | **૨૧૪** | **૫૭** | **૫૬** |

(૨) છોટા ઉદેપુરમાં.

(૩) ક્વાંટ, સંખેડા, નસવાડી, જેતપુર-પાવી.

(૪) સત્વરે નિમણૂકો આપવામાં આવશે.

--------

**ગોબરમાંથી સેન્દ્રીય ખાતર બનાવવા યોજના**

૨૦૧૨૯ **: શ્રીમતી વંદનાબેન મ.મકવાણા (કેશોદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ગોબરમાંથી સેન્દ્રીય ખાતર બનાવવા માટે સરકાર તરફથી સહાયની કોઈ યોજના અમલમાં છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો તે સહાય યોજના શું છે અને તેનો કોને લાભ મળી શકે છે, અને

(૩) કેટલી રકમની સહાય મળે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) કૃષિ વિભાગની જુદી જુદી યોજનાઓ અંતર્ગત ગોબરમાંથી સેન્દ્રીય ખાતર બનાવવા માટે જે તે યોજના માટે પાત્રતા ધરાવતા રાજ્યના તમામ ખેડૂતોને આ યોજનાનો લાભ આપવામાં આવે છે.

(૩) નીચે મુજબની સહાય મળે છે.

| અ.નં. | યોજનાનું નામ | સહાય | |
|---|---|---|---|
| ૧ અને ૨ | અનુ.જાતિ પેટા યોજના અને અનુ. જનજાતિ પેટા યોજના. | કમ્પોસ્ટ ખાતરના ખાડા ઘટક | વર્મી કમ્પોસ્ટ ઘટક |
| | | ખર્ચના ૭૫ ટકા અથવા રૂ.૨૨૫/- પેકી જે ઓછુ હોય તે. | ખર્ચના ૭૫ ટકા અથવા રૂ.૨૪૦૦/- પેકી જે ઓછુ હોય તે. વધુમાં વધુ ખેડૂત દીઠ બે યુનિટ માટે. |
| ૩ | સામાન્ય વર્ગના ખેડૂતો માટે. | કમ્પોસ્ટ ખાતરના ખાડા ઘટક | વર્મી કમ્પોસ્ટ ઘટક |
| | | ખર્ચના ૫૦ ટકા અથવા રૂ.૨૨૫/- પેકી જે ઓછુ હોય તે. | ખર્ચના ૫૦ ટકા અથવા રૂ.૧૬૦૦/- પેકી જે ઓછુ હોય તે. વધુમાં વધુ ખેડૂત દીઠ બે યુનિટ માટે. |
| ૪ | **નેશનલ હોલ્ટીકલ્ચર મિશન** | | |

| | | | |
|---|---|---|---|
| | ૧)વર્મી કમ્પોસ્ટ એકમ તેયાર કરવા | એકમ દીઠ મહત્તમ રૂ.૬૦૦૦૦/- | ખર્ચના ૫૦ ટકા (મહત્તમ રૂ.૩૦૦૦૦/-) |
| **૫** | [illegible] | [illegible] એકમ દીઠ મહત્તમ | ખર્ચના ૫૦ ટકા ૯૬ |
| | [illegible] | [illegible] | [illegible] સુધી. |
| | ૧) પાકા વર્મીકમ્પોસ્ટ યુનિટ તેયાર કરવા | એકમ દીઠ મહત્તમ રૂ.૨૦૦૦૦/- | ખર્ચના ૫૦ ટકા |

--------

**જંબુસર-આમોદ-ભરૂચ રસ્તાને પહોળો કરવા અંગે**

૨૦૧૭૫ : **શ્રી દુષ્યંતભાઈ ર.પટેલ (ભરૂચ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ જંબુસર-આમોદ-ભરૂચ રસ્તાને પહોળો કરવા સરકારે મંજૂરી આપી છે, તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. તા.૯-૯-૨૦૧૦ના રોજ. |
| (૨) જો હા, તો આ કામગીરી કેટલી લંબાઈમાં થનાર છે, | (૨) ૧૭.૬૦ કી.મી. |
| (૩) આ કામમાં અંદાજે કેટલો ખર્ચ થનાર છે, અને | (૩) રૂ.૩૨૦૦ લાખ. |
| (૪) આ કામ ક્યારે શરૂ કરી અને પૂર્ણ થનાર છે? | (૪) વર્ક ઓર્ડર આપ્યા બાદ ૧૨ માસમાં કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે. |

--------

**જૂનાગઢ જિલ્લાના સુત્રાપાડાથી કોડીનાર તરફ જતા રસ્તાની મરામત બાબત**

૧૯૧૬૪ : **શ્રી ભગવાનભાઈ ધા.બારડ (તાલાલા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના સુત્રાપાડા ફાટક થી કોડીનાર તરફ જતો સ્ટેટહાઇવે અતિ બિસ્માર હાલતમાં છે તે હકીક્ત સાચી છે, અને<br>(૨) જો હા, તો આ રસ્તાનું મરામત કામ કેટલા સમયમાં શરૂ કરી કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૧) અને (૨)<br>ભારે વરસાદને કારણે આ રસ્તાના અંશતઃ ભાગની સપાટી ખરાબ થયેલ હતી. જે જરૂરી પેચ વર્કની કામગીરી પૂર્ણ કરી આ રસ્તાને ટ્રાફિકેબલ કરવામાં આવેલ છે. |

--------

**ગાંધીનગર જિલ્લામાં રસ્તાની સુધારણા**

૨૦૧૪૬ : **શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સરકાર ગાંધીનગર જિલ્લામાં અનોડિયા-પ્રાતિજ રસ્તાની સુધારણા કરવા માંગે છે કે કેમ, | (૧) હા જી. |
| (૨) જો હા, તો આ કામ ક્યારે મંજૂર કરવામાં આવ્યું, અને<br>(૩) આ કામ ક્યારે શરૂ કરવામાં આવશે, અને આ કામ પાછળ અંદાજે કેટલો ખર્ચ થશે ? | (૨) અને (૩)<br>આ કામ હાલ રૂા. ૪૦૦.૦૦ લાખની અંદાજીત રકમથી મંજુરી હેઠળ છે. મંજુર થયેથી શક્ય એટલુ વહેલું કામ શરૂ કરવામાં આવશે. |

--------

**સાપુતારા ખાતે જમીનના દબાણો હટાવવા બાબત**

૨૦૧૪૨ **: શ્રી વિજયભાઈ ૨.પટેલ (ડાંગ-વાંસદા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડાંગ જિલ્લાના સાપુતારા ખાતે તારીખ ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા જમીનના દબાણો હટાવવામાં આવ્યા, અને | (૧) ૩૪ દબાણદારોના દબાણો હટાવવામાં આવ્યા. |
| (૨) તે અન્વયે કેટલી જમીન ખુલ્લી કરવામાં આવી, અને તે જમીનની અંદાજિત કિંમત કેટલી થાય છે ? | (૨) ૧૩૭.૬૫ ચો.મી. જમીન ખુલ્લી કરવામાં આવી અને તેની અંદાજિત કિંમત રૂપિયા ૫,૭૩,૦૩૭/- થાય છે. |

**તરણેતરના લોકમેળામાં પશુ પ્રદર્શન**

૨૦૧૩૦ **: શ્રી શંભુપ્રસાદ બ.ટુંડિયા (દસાડા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તરણેતરના લોકમેળામાં પશુ પ્રદર્શનમાં કેટલા પશુઓએ ભાગ લીધો, | (૧) ૫૩૮. |
| (૨) તેમાં કેટલા ઈનામોનું વિતરણ કરવામાં આવ્યું, અને | (૨) ૫૨૬. |
| (૩) તેમાં કુલ કેટલો ખર્ચ થયેલ છે ? | (૩) રૂપિયા ૪૬,૬૯,૩૯૩. |

--------

**તેરમા નાણાપંચ ધ્વારા માર્ગ અને મકાન વિભાગને ફાળવાયેલ ગ્રાન્ટ**

૨૦૨૧૫ **: શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તેરમા નાણાપંચની ગ્રાન્ટમાં માર્ગ અને મકાન વિભાગને તા.૩૧-૦૧-૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રાન્ટ વર્ષવાર મળી, | પ્રશ્ન (૧), (૨) અને (૩) અન્વયે માર્ગ અને મકાન વિભાગને તા.૩૧-૦૧-૧૧ ની સ્થિતિએ તેરમા નાણાપંચ અન્વયે છેલ્લા બે વર્ષમાં ગ્રાન્ટ મળેલ નથી. |
| (૨) તે અન્વયે આણંદ જિલ્લામાં ક્યા ક્યા રસ્તા મંજૂર કરવામાં આવ્યા, અને | |
| (૩) સદર ગ્રાન્ટમાં રાજ્ય અને કેન્દ્રનો હિસ્સો કેટલો છે ? | |

**જામનગર જિલ્લામાં કિસાન પથ યોજના હેઠળ રસ્તાના કામો**

૨૦૧૧૮ **: શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી (જામનગર (રુરલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં કિસાન પથ યોજના હેઠળ રસ્તાના કેટલા કામો મંજૂર કરવામાં આવ્યા, | (૧) ૨૮ કામો મંજૂર કરવામાં આવ્યા. |
| (૨) આ કામો ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૨) કુલ મંજૂર કામો પૈકી,<br>૧૦ પૂર્ણ,<br>૧૫ પ્રગતિમાં<br>૩ કરારખત ઉપર છે. |
| (૩) તે ક્યારે પૂર્ણ થશે ? | (૩) આ કામો નિયત સમય મર્યાદામાં જેમ બને તેમ ઝડપથી પૂર્ણ કરવાનું આયોજન છે. |

**નર્મદા અને ભરૂચ જિલ્લામાં ગોચર જમીનો ફાળવવા બાબત**

૧૯૪૩૬ **: શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ નર્મદા અને ભરૂચ જિલ્લામાં તાલુકાવાર ગોચરની કેટ કેટલી જમીન | (૧) તા.૧-૧-૧૧ની સ્થિતિએ નર્મદા અને ભરૂચ જિલ્લામાં તાલુકાવાર ગોચરની જમીન નીચે મુજબ છે. |

છે, અને

**નર્મદા જિલ્લો**

| ક્રમ | તાલુકો | ગોચરની જમીન (હે-આર-ચો.મી.) |
|---|---|---|
| ૧ | નાંદોદ | ૩૯૫૬-૩૬-૯૧ |
| ૨ | દેડીયાપાડા | ૧૪૭૭-૨૭-૧૯ |
| ૩ | સાગબારા | ૨૬૯-૯૧-૮૯ |
| ૪ | તિલકવાડા | ૪૦૦-૨૨-૩૭ |
| | **કુલ :** | **૬૧૦૩-૭૮-૩૬** |

**ભરૂચ જિલ્લો**

| ક્રમ | તાલુકો | ગોચરની જમીન (હે-આર-ચો.મી.) |
|---|---|---|
| ૧ | જંબુસર | ૨૮૮૫-૩૯-૦૦ |
| ૨ | જગડીયા | ૩૧૭૩-૬૧-૦૦ |
| ૩ | હાંસોટ | ૧૫૩૯-૬૨-૮૮ |
| ૪ | આમોદ | ૫૧૩-૪૯-૩૯ |
| ૫ | વાલીયા | ૧૯૭૫-૧૧-૮૫ |
| ૬ | અંકલેશ્વર | ૧૨૨૦-૪૮-૨૩ |
| **ક્રમ** | **તાલુકો** | **ગોચરની જમીન (હે-આર-ચો.મી.)** |
| ૭ | વાગરા | ૧૮૯૩-૫૧-૦૦ |
| ૮ | ભરૂચ | ૮૨૯૪-૩૩-૫૨ |
| | **કુલ :** | **૨૧૪૯૫-૫૬-૮૭** |

(૨) છેલ્લા બે વર્ષમાં ક્યા ક્યા હેતુ માટે કોને કોને ગોચરની જમીનો ફાળવવામાં આવી ?

(૨) સામેલ પત્રક મુજબ.

## નર્મદા અને ભરૂચ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ફાળવેલ ગોચર જમીનોની વિગતો દર્શાવતું પત્રક.

### નર્મદા જિલ્લો

| ક્રમ | જમીનની વિગત | ક્ષેત્રફળ હે.-આર-ચો.મી. | જમીનની ફાળવણીના ધોરણો | વસુલ લીધેલ રકમ | જેને ફાળવેલ છે તે સંસ્થા/વ્યક્તિનું નામ | હેતુ |
|---|---|---|---|---|---|---|
| ૧ | સ.નં.૧૫૭, મોજેઃ આમદલા, તા.નાંદોદ | ૧-૪૦-૬૩ | આગોતરો કબજો સોંપેલ છે. | -- | ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કો લી. | ૬૬ કે.વી. સબસ્ટેશન માટે |
| ૨ | સ.નં.૭૩૯/૧/અ મોજેઃ રાજપીપળા, તા.નાંદોદ | ૦૦-૧૫-૦૦ | વહીવટી હુકમ : ૩ હેઠળ | -- | પોલીસ ઇન્સપેક્ટર, લાંચરૂશ્વત વિરોધી બ્યુરો | ક્ચેરી મકાન માટે |
| ૩ | સ.નં.૮૯૩/૧/અ મોજેઃ રાજપીપળા, તા.નાંદોદ | ૮-૦૦-૦૦ | ગુજરાત જમીન મહેસૂલ નિયમો ૧૯૭૨ના નિયમ-૩૨ મુજબ | -- | પ્રિન્સિપાલશ્રી, જવાહર નવોદય વિદ્યાલય, રૂપપુર | જવાહર નવોદય વિદ્યાલયના બાંધકામ માટે |
| ૪ | સ.નં.૪૨, મોજેઃ વડીયા, તા.નાંદોદ | ૧-૫૦-૭૫ | ૨૫ ટકા બજાર કિંમતે | રૂ.૩૦,૬૩,૯૯૪/- | નગરપાલિકા, રાજપીપળા | રાજપીપળા નગરપાલિકાને પાણી પુરૂ પાડવા માટે |
| ૫ | સ.નં.૭૦ મોજેઃ ડુમખલ, તા.દેડીયાપાડા | ૧-૧૯-૩૮ | વહીવટી હુકમ : ૩ હેઠળ | -- | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, રાજપીપળા | સરકારી માધ્યમિક શાળા માટે |
| ૬ | સ.નં.૨૮૩ અને ૨૮૪, મોજેઃ ઉમરાણ, તા.દેડીયાપાડા | ૨-૦૦-૦૦ | વહીવટી હુકમ : ૩ હેઠળ | -- | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, રાજપીપળા | સરકારી માધ્યમિક શાળા માટે |
| ૭ | સ.નં.૨૦, મોજેઃ દેડીયાપાડા, તા.દેડીયાપાડા | ૧-૦૦-૦૦ | વહીવટી હુકમ : ૩ હેઠળ | -- | તકેદારી અધિકારીશ્રી આદિજાતિ વિકાસ રાજપીપળા | લો-લીટરશી કન્યાશાળા માટે |
| ૮ | સ.નં.૮૧, મોજેઃ કારેલી, તા.નાંદોદ | ૧-૨૦-૦૦ | વહીવટી હુકમ : ૩ હેઠળ | -- | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, રાજપીપળા | સરકારી માધ્યમિક શાળા માટે |
| ૯ | સ.નં.૩૪૭, ૩૬૦, ૩૬૧, ૩૬૨, ૩૬૩, ૩૬૫ મોજેઃ જીતનગર, તા.નાંદોદ | ૯-૫૫-૦૮ | વહીવટી હુકમ : ૩ હેઠળ | -- | મુખ્ય જિલ્લા અધિકારી સહ સીવીલ સર્જનશ્રી, નર્મદા | સીવીલ હોસ્પિટલના બાંધકામ માટે |
| ૧૦ | સ.નં.૫૧, ૫૨, ૫૩ મોજેઃ દેડીયાપાડા, તા.દેડીયાપાડા | ૬-૦૦-૦૦ | વહીવટી હુકમ : ૩ હેઠળ | -- | આચાર્યશ્રી, સરકારી વિનયન કોલેજ, દેડીયાપાડા | સરકારી વિનયન કોલેજના બાંધકામ માટે |
| ૧૧ | સ.નં.૫૭૨, મોજેઃ ભચરવાડા, તા.નાંદોદ | ૪-૦૦-૦૦ | પીપીપી મુળ હેઠળ વાર્ષિક ૧/-ના ટોકન ભાડાથી | -- | ગુજરાત આલ્કલીઝ લી. વડોદરા | સરકારી ઇજનેર કોલેજના મકાન માટે |

### ભરૂચ જિલ્લો

| ક્રમ | જમીનની વિગત | ક્ષેત્રફળ હે.-આર-ચો.મી. | જમીનની ફાળવણીના ધોરણો | વસુલ લીધેલ રકમ | જેને ફાળવેલ છે તે સંસ્થા/વ્યક્તિનું નામ | હેતુ |
|---|---|---|---|---|---|---|
| ૧ | સ.નં.૭૫, મોજેઃ ડહેલી, તા.વાલીયા | ૦૦-૯૩-૭૭ | ૧૦૦ ટકા બજાર કિંમતે | રૂ.૭,૦૩,૨૭૫/- | ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કં. લી. | ૬૬ કે.વી. સબસ્ટેશન માટે |
| ૨ | બ્લોક નં.૨૨૪, મોજેઃ ત્રાંકલ, તા.વાગરા | ૨-૦૦-૦૦ | વહીવટી હુકમ : ૩ હેઠળ | -- | શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર | સરકારી માધ્યમિક શાળા માટે |
| ૩ | બ્લોક નં.૩૯૪, મોજેઃ ગંધાર, તા.વાગરા | ૪-૮૬-૮૨ | વહીવટી હુકમ : ૩ હેઠળ | -- | ટેકનીકલ શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર | આઇ.ટી.આઇ. કેન્દ્રના બાંધકામ માટે |

--------

**બાગાયતી સહકારી મંડળીઓને માળખાકીય સવલતો**

૨૦૩૪૦ : **શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ (પાલનપુર) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ બાગાયતી સહકારી મંડળીઓને માળખાકીય સવલતો પૂરી પાડવા માટે કોઈ યોજના છે કેમ, | (૧) હા જી. |
| (૨) જો હા, તો કઈ યોજના અમલમાં છે, અને | (૨) (અ) સંકલિત બાગાયત વિકાસ કાર્યક્રમ<br>(બ) નેશનલ હોર્ટીકલ્ચર મિશનની યોજનાઓ<br>(ક) રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના અંતર્ગત બજાર માળખુ સક્ષમ બનાવવુ અને માર્કેટીંગ વિકાસમાં શીત ગોદામો, શીત સાંકળો, ગોદામની સ્થાપના માટે તથા ખેડુતોના સ્વસહાય જુથોનાં નિર્માણ માટે સહાય. |
| (૩) આ યોજના હેઠળની સવલતો મેળવવા ક્યા ક્યા દસ્તાવેજોની જરૂરિયાત રહે છે ? | (૩) (અ) સંકલિત બાગાયત વિકાસ કાર્યક્રમ, અને<br>(બ) નેશનલ હોર્ટીકલ્ચર મિશનની યોજનાઓ માટે<br>૧. નિયત અરજી પત્રક<br>૨. બાગાયતી સહકારી મંડળીનો રજીસ્ટ્રેશન નંબર/તારીખ<br>૩. જીલ્લાના રજીસ્ટ્રારનો ભલામણ પત્ર<br>૪. જમીનનાં પુરાવા/મંડળીનો ઠરાવ<br>૫. બેંક્ની લોન મંજુરી પત્ર (બેંકેબલ પ્રોજેક્ટ માટે)<br>૬. બેંક એપ્રાઈઝલ નોંધ (બેંકેબલ પ્રોજેક્ટ માટે)<br>(ક) રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના અંતર્ગત નિયત પ્રર્ફોર્મા મુજબ પ્રોજેક્ટ દરખાસ્ત જીલ્લા ક્ષાની સમિતિમાં મંજુર કરાવી રાજ્ય ક્ષાએ મંજુરી અર્થે મોક્લવાની રહે છે. |

**ખેડા જિલ્લામાં માલિકી વારસાઈની એન્ટ્રીઓ**

૧૮૯૯૧ : **શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં માલિકી વારસાઈ કરવા માટે કાચી એન્ટ્રી પાડયા બાદ પાકી એન્ટ્રીના કેટલા કેસો પડતરમાં છે, | (૧) તાલુકાવાર નીચે મુજબ કેસો પડતર છે. |

| | | | |
|---|---|---|---|
| ૧. | ખેડા | - | ૨૦૫ |
| ૨. | કપડવંજ | - | ૩૧૩ |
| ૩. | બાલાસિનોર | - | ૧૪૯ |
| ૪. | વિરપુર | - | ૧૦ |
| ૫. | કઠલાલ | - | ૨૮૧ |
| ૬. | મહુધા | - | ૧૨૫ |
| ૭. | નડીયાદ(ગ્રા) | - | ૬૩૧ |
| ૮. | માતર | - | ૨૮૧ |
| ૯. | મહેમદાવાદ | - | ૪૩૮ |
| ૧૦. | નડીયાદ (શ.) | - | ૦ |
| ૧૧. | ઠાસરા | - | ૨૯૭ |
| | **કુલ** | - | **૨૭૨૭** |

| | |
|---|---|
| (૨) આવા કેસોનો ઝડપી નિકાલ કરવા સરકારે શી કાર્યવાહી કરી અને, | (૨) લેન્ડ રેવન્યુ કોડની કલમ-૧૩૫-ડી ની નોટીસો ઈસ્યુ કર્યાના ૩૦ દિવસની મુદત પૂરી થયેથી જે તે સર્વે નંબરની અગાઉ નોંધાયેલ ફેરફાર નોંધોના નિકાલ કરી વારસાઈ નોંધોનો નિકાલ કરવામાં આવશે. |

(૩) કેટલા સમયમાં તેનો નિકાલ થશે ? — (૩) બનતી ત્વરાએ

**વડોદરા જિલ્લાના ખેડૂતોની શ્રીમંત સરકારના નામે ચાલતી જમીન ખેડૂતોના નામે કરવા બાબત**

૧૯૩૮૪ : **શ્રી ધીરુભાઈ ભીલ (નસવાડી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ વડોદરા જિલ્લાના નસવાડી તાલુકાના ખોડીયા, પોચંબા, પાલા ગામના ખેડૂતોની જમીનમાં શ્રીમંત સરકારનું નામ આઝાદી પહેલાથી ચાલે છે, તે જમીન ખેડૂતોના નામે કરવા સરકાર શી કાર્યવાહી કરવા માગે છે, અને | (૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ વડોદરા જિલ્લાના નસવાડી તાલુકાના ખોડીયા, પોચંબા અને પાલા ગામના ખેડૂતોને શ્રીમંત સરકારે જમીન આપેલી નથી. ઉક્ત ગામની જે જમીનોમાં શ્રીમંત સરકારનું નામ ચાલે છે તે જમીનો મુંબઈ સરકારે તેમના તા. ૧૯/૬/૧૯૫૧ના ઠરાવથી સહકારી ધોરણે ખેતી કરવા માટે સામુદાયિક સહકારી મંડળીઓને આપેલ છે. જેથી ઉક્ત ત્રણ ગામોની જમીન ખેડૂતોના નામે કરવાનો પ્રશ્ન રહેતો નથી. |
| (૨) આ કાર્યવાહી કેટલા સમયમાં પૂર્ણ થશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**પાટણ જિલ્લામાં રસ્તાઓની મરામત**

૨૦૧૭૨ : **શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં ખાસ મરામત સદરે વર્ષ ૨૦૧૦-૧૧ના નાણાકીય વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં કેટલા રસ્તાઓ, કેટલી રકમના મંજૂર કર્યા, અને | (૧) કુલ ૩૪ કામો, રૂા. ૨૩૯૦.૪૪૧ લાખની અંદાજીત રકમના મંજુર કર્યા. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ રસ્તાઓ ક્યા તબક્કે છે ? | (૨) પૂર્ણ કામો -૧<br>પ્રગતી હેઠળ -૬<br>ટેન્ડર મંજૂર -૪<br>ટેન્ડર મંજૂરી હેઠળ -૨૩ |

**મહેસાણા જિલ્લામાં રસ્તાઓની મરામત**

૨૦૧૭૩ : **શ્રી અનિલભાઈ પટેલ (મહેસાણા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં ખાસ મરામત સદરે વર્ષ ૨૦૧૦-૧૧ના નાણાકીય વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં કેટલા રસ્તાઓ, કેટલી રકમના મંજૂર કર્યા, અને | (૧) કુલ ૪૨ રસ્તાઓ, રૂા. ૨૫૭૧.૦૦ લાખની અંદાજીત રકમથી મંજુર કર્યા. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ રસ્તાઓ ક્યા તબક્કે છે ? | (૨) પૂર્ણ કામો -૭<br>પ્રગતિ હેઠળ -૧૯<br>ટેન્ડર મંજૂરી -૨<br>ટેન્ડર મંજૂરીમાં -૧૧<br>ડી.ટી.પી. લેવલે -૧<br>નકશા અંદાજો -૨ |

--------

**ગુજરાતમાં કમોસમી વરસાદના કારણે નુકસાન**

૨૦૧૩૭ : **શ્રી ગુલસીંગભાઈ રં.રાઠવા (છોટાઉદેપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૦ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં થયેલ કમોસમી વરસાદના કારણે કૃષિ ક્ષેત્રે કેટલું નુકસાન થયાનો અંદાજ છે, | (૧) તા.૩૧-૧-૧૧ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં થયેલ કમોસમી વરસાદના કારણે કૃષિ ક્ષેત્રે રૂા. ૩૩૧૨૮૨ લાખનું નુકસાન થયાનો અંદાજ છે. |
| (૨) આ નુકસાન સંદર્ભે કેન્દ્ર સરકાર સમક્ષ કોઈ રજૂઆત કરવામાં આવી છે કે કેમ, અને | (૨) નુકસાન સંદર્ભે રાજ્ય સરકારશ્રી ધ્વારા કેન્દ્ર સરકારશ્રીમાં દરખાસ્ત રજુ કરેલ છે. |

(૩) જો હા, તો કેન્દ્ર સરકાર ધ્વારા શો પ્રતિભાવ આપવામાં આવ્યો ?

(૩) કેન્દ્ર સરકારમાં રજૂ કરેલ દરખાસ્ત સંદર્ભે કોઈ પ્રતિભાવ મળેલ નથી.

--------

**અમરેલી જિલ્લામાં પશુ ડૉક્ટરની જગાઓ**

૨૦૨૭૪ : **શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં પશુ ડૉક્ટરોની કેટલી જગ્યા ખાલી છે,

(૧) ૯ જગ્યા.

(૨) કેટલા સમયથી ખાલી છે,અને

(૨)

| ક્રમ | જિલ્લા/ તાલુકાનું નામ | પશુ દવાખાનાનું સ્થળ | ખાલી જગ્યા | ક્યારથી ખાલી |
|---|---|---|---|---|
| ૧ | અમરેલી | મોટા આંકડિયા | ૧ | ૧-૧૨-૦૮ |
| | | વાંકીયા | ૧ | ૦૧-૦૩-૧૧ |
| | | ઘનિષ્ટ પશુ સુધારણા યોજના (રાજ્યકક્ષાની જગ્યા) | ૧ | ૨૦-૦૫-૧૦ |
| ૨ | ધારી | જીરા | ૧ | ૦૭-૦૨-૦૯ |
| ૩ | લાઠી | અકાળા | ૧ | ૦૭-૦૨-૦૯ |
| ૪ | બાબરા | મોટા દેવળિયા | ૧ | ૦૧-૦૭-૦૮ |
| ૫ | ખાંભા | મોટા સમઢીયાળા | ૧ | ૦૧-૦૩-૧૧ |
| ૬ | રાજુલા | રાજુલા | ૧ | ૦૧-૦૩-૧૧ |
| ૭ | જાફરાબાદ | નાગેશ્રી | ૧ | ૦૧-૦૩-૧૧ |

(૩) ખાલી જગ્યા ક્યારે ભરવામાં આવશે ?

(૩) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી.

--------

**અમદાવાદ શહેર અને જિલ્લામાં ખેતીની જમીન બિન-ખેતીની જમીન કરવા બાબત**

૧૯૧૫૦ : **શ્રી શૈલેષભાઈ મ.પરમાર (શહેર કોટડા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં તાલુકાવાર છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી જમીન ક્યા ક્યા હેતુ માટે બિનખેતીની કરવામાં આવી, અને

(૧) સામેલ પત્રક મુજબ

| ક્રમ | તાલુકાનું નામ | હેતુ | કુલ | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| **૧** | **સીટી** | રહેણાંક | ૮૩૨ | ૪૬૭૫૫૮૧ |
| | | ઉદ્યોગ | **૮૨** | **૫૦૧૫૫૬** |
| | | વાણિજ્ય | ૩૫૮ | ૧૮૬૯૭૭૫ |
| | | શેક્ષણિક | ૮ | ૬૬૪૮૩ |
| | | અન્ય | ૭ | ૩૯૮૮૪ |
| ૨ | **દસક્રોઈ** | રહેણાંક | ૧૨૧૫ | ૮૨૮૫૩૧૩ |
| | | ઉદ્યોગ | **૫૨** | **૭૬૯૭૪૭** |
| | | વાણિજ્ય | ૩૮૪ | |
| **ક્રમ** | **તાલુકાનું નામ** | **હેતુ** | **કુલ** | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | શેક્ષણિક | ૪૨ | ૨૮૮૩૭૮ |
| | | અન્ય | ૬૯ | ૫૪૫૨૧૯ |
| ૩ | **સાણંદ** | રહેણાંક | ૯૦૪ | ૧૨૨૯૫૭૨૮ |
| | | ઉદ્યોગ | **૧૨૭** | **૧૦૮૩૫૧૫** |
| | | વાણિજ્ય | ૪૯ | ૩૩૩૯૮૧ |
| | | શેક્ષણિક | ૪૯ | ૪૮૯૨૩૮ |
| | | અન્ય | ૫ | ૮૨૨૨૯ |
| ૪ | **બાવળા** | રહેણાંક | ૯૩૫ | ૮૩૪૯૯૬૪ |
| | | ઉદ્યોગ | **૧૬૬** | **૧૬૪૮૭૭૨** |
| | | વાણિજ્ય | ૧૭ | ૬૭૩૮૩ |
| | | શેક્ષણિક | | |
| | | અન્ય | ૨ | ૧૮૯૨૪ |
| **૫** | **ધોળકા** | રહેણાંક | ૭૪ | ૪૦૫૩૮૯ |
| | | ઉદ્યોગ | **૫** | **૧૦૨૮૯૩** |
| | | વાણિજ્ય | ૨ | ૧૬૦૦૦ |
| | | શેક્ષણિક | ૨ | ૧૫૬૮૧ |
| | | અન્ય | ૨ | ૧૪૦૭૦ |
| ૬ | **વિરમગામ** | રહેણાંક | ૧૯ | ૫૮૨૧૫૭ |

| | | | | |
|---|---|---|---|---|
| | | ઉદ્યોગ | ૬ | **૧૨૩૮૫૦** |
| | | વાણિજ્ય | ૩ | ૩૬૫૨૩ |
| | | શૈક્ષણિક | ૮ | ૧૫૧૫૪૨ |
| | | અન્ય | | |
| ૭ | **દેત્રોજ** | રહેણાંક | ૩ | ૧૩૩૦૫ |
| | | ઉદ્યોગ | **૧** | **૭૯૧૭** |
| | | વાણિજ્ય | ૨ | ૭૧૭૨ |
| | | શૈક્ષણિક | - | - |
| | | અન્ય | - | - |
| ૮ | **માંડલ** | રહેણાંક | ૭ | ૭૮૩૨૫ |
| | | ઉદ્યોગ | **૫** | **૨૬૫૫૪** |
| | | વાણિજ્ય | ૧ | ૬૦૭૦ |
| | | શૈક્ષણિક | - | - |
| ૯ | **ધંધુકા** | રહેણાંક | ૮ | ૧૪૧૭૭૫ |
| | | ઉદ્યોગ | **૨** | **૧૪૯૭૮** |
| | | વાણિજ્ય | ૩ | ૧૬૭૧૦ |
| | | શૈક્ષણિક | - | - |
| | | અન્ય | ૧ | ૫૬૬૬ |
| ૧૦ | રાણપુર | રહેણાંક | ૯ | ૮૩૦૧૧ |
| | | ઉદ્યોગ | - | - |
| | | વાણિજ્ય | - | - |
| | | શૈક્ષણિક | - | - |
| | | અન્ય | ૧ | ૪૦૪૭ |
| ૧૧ | બરવાળા | રહેણાંક | ૧ | ૧૯૯૩૧ |
| | | ઉદ્યોગ | - | - |
| | | વાણિજ્ય | ૧ | ૧૮૨૧ |
| | | શૈક્ષણિક | - | - |
| | | અન્ય | - | - |

<u>ઓદ્યોગિક હેતુના કેસ</u>

| **ક્રમ** | **કચેરીનું નામ** | **ઓદ્યોગિક હેતુના કેસ** | **ક્ષેત્રફળ (ચો.મી.)** |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | કલેકટર | ૧૭૬ | ૨૧૯૯૭૯૩ |
| ૨ | જિલ્લા વિકાસ અધિકારી | ૨૭૦ | ૨૦૭૯૯૮૯ |
| | **કુલ** | **૪૪૬** | **૪૨૭૯૭૮૨** |

(૨) ઓદ્યોગિક હેતુ માટે જમીન બિન ખેતી કરવામાં આવેલ હોય તેવા કેટલા કિસ્સા છે ?

(૨) કિસ્સા : ૪૪૬

--------

**રાજ્યની ગો-શાળા/પાંજરાપોળો માટે પ્રોત્સાહક યોજનાઓ**

૨૦૧૭૮ : **શ્રીમતી વિભાવરીબેન વિ.દવે (ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યની ગો શાળા અને /પાંજરાપોળોને તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ તેમની કામગીરીમાં પ્રોત્સાહિત કરવા માટે કોઈ યોજના છે ખરી, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે કઈ યોજના છે, | (૨) રાજ્યની ગો-શાળાઓ/પાંજરાપોળોને પ્રોત્સાહન ઈનામી યોજના |
| (૩) શ્રેષ્ઠ કામગીરી કરતી રાજ્યની ગો શાળા/ પાંજરાપોળોને કોઈ રોકડ પુરસ્કાર આપવામાં આવે છે કે કેમ, અને | (૩) હા, જી. |
| (૪) જો હા, તો કેટલી રકમનો ? | (૪) પ્રથમ ક્રમે આવનાર ગો શાળા/પાંજરાપોળોને રૂા. ૭૫,૦૦૦/- દ્વિતિય ક્રમે આવનાર ગો શાળા/ પાંજરાપોળોને રૂા. ૫૦,૦૦૦/- અને તૃતીય ક્રમે આવનાર ગો શાળા/પાંજરાપોળોને રૂા. ૨૫,૦૦૦/- ની રકમનો પુરસ્કાર આપવામાં આવે છે. |

--------

]

**રાજ્યમાં નવી જેલો**

૨૦૩૪૮ **: શ્રી કિશોરભાઈ વાંકાવાળા (સુરત શહેર પશ્ચિમ) : માનનીય જેલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં નવી કેટલી જેલો બનાવવામાં આવેલ છે, અને<br>(૨) તે ક્યાં ક્યાં બનાવવામાં આવેલ છે, અને | (૧) અને (૨)<br>૧. ગોંડલ સબ જેલ<br>૨. પાલારા (ભુજ) ખાસ જેલ<br>૩. મહેસાણા જિલ્લા જેલ<br>૪. અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે અન્ડરટ્રાયલ જેલ |
| (૩) દરેકની કેપેસીટી કેટલી છે ? | (૩)<br>૧ ગોંડલ સબ જેલ -૧૬૫ કેદીઓ<br>૨ પાલારા ખાસ જેલ -૫૩૦ કેદીઓ<br>૩ મહેસાણા જિલ્લા જેલ -૩૪૪ કેદીઓ<br>૪ અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે અન્ડરટ્રાયલ જેલ -૫૩૦ કેદીઓ. |

--------

**ભાવનગર જિલ્લામાં ઘરદીવડા યોજના હેઠળ મહિલાઓને આર્થિક સહાય**

૨૦૧૨૩ **: શ્રીમતી ભાવનાબેન મકવાણા (તળાજા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ઘરદીવડા યોજના હેઠળ ભાવનગર જિલ્લામાં કેટલી મહિલાઓને આર્થિક સહાય પૂરી પાડવામાં આવેલ છે, | (૧) ભાવનગર જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં દ ારદીવડા યોજના હેઠળ ૬૪ મહિલાઓને આર્થિક સહાય પુરી પાડવામાં આવેલ છે. |
| (૨) આ સહાયની કુલ રકમ કેટલી છે, અને | (૨) આ સહાયની કુલ રકમ રૂા. ૨,૮૯,૬૧૩/- છે. |
| (૩) બાકીની મહિલાઓને ક્યાં સુધીમાં આ સહાય પૂરી પાડવાનું આયોજન છે ? | (૩) બાકી મહિલાઓને અત્રેથી ભલામણ થયેલ લોન કેસો અન્વયે જે તે બેંક દ્વારા લોન મંજૂર કરી સબસીડી પત્રક રજુ થયેથી સહાય પૂરી પાડવામાં આવશે. |

**સુરેન્દ્રનગર જિલ્લામાં કમોસમી વરસાદથી કૃષિ પાકને નુકસાન અને સહાય**

૧૮૪૮૧ **: શ્રી ભરતભાઈ વ. ખોરાણી (ચોટીલા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ૨૦૧૦ અને ૨૦૧૧ ના વર્ષમાં તારીખ ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં કમોસમી વરસાદને કારણે ક્યાં ક્યાં કૃષિ પાકને કેટલું નુકસાન થયેલ છે, અને | (૧) ૨૦૧૦ અને ૨૦૧૧ ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ નવેમ્બર-૨૦૧૦ દરમ્યાન થયેલ કમોસમી વરસાદના કારણે સુરેન્દ્રનગર જિલ્લામાં કપાસ, જુવાર, ચણા, અને બાગાયતી પાકોમાં અંદાજે રૂા. ૩૮૨૧૫ લાખનું નુકસાન થયેલ છે. |
| (૨) ખેડૂતને થયેલ નુકસાનની સહાય આપવામાં આવનાર છે કે કેમ ? | (૨) કેન્દ્ર સરકાર ધ્વારા દરખાસ્ત મંજૂર થયેથી સહાય ચૂકવવામાં આવશે. |

**- કચ્છ જિલ્લાના ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ**

૨૦૧૬૫ **: શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી (મુંદ્રા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સોઈલ હેલ્થ કાર્ડની યોજના ક્યારથી આમલમાં આવી, | (૧) વર્ષ-૨૦૦૩-૨૦૦૪ થી. |
| (૨) આ યોજના હેઠળ કચ્છ જિલ્લાના કેટલા | (૨) કુલ ૧,૮૨,૯૬૩ ખેડૂતોને જમીનના નમૂના |

ખેડૂતોને તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કાર્ડ પૂરા પાડવામાં આવ્યા, અને

એક્ત્રીકરણ અને પૃથ્થકરણ પૂર્ણ થયેલ છે. ૭૨,૨૫૯ ખેડૂતોને કાર્ડ આપવામાં આવેલ છે. બાકી ખેડૂતોને કાર્ડ આપવાની કામગીરી ચાલુ છે. છેલ્લા એક વર્ષમાં ૭૦૩૧ ખેડૂતોને કાર્ડ આપવામાં આવ્યા.

(૩) તેનાથી ખેડૂતોને શો ફાયદો થશે ?

(૩) જમીનમાં મુખ્ય પોષક તત્વોનું પ્રમાણ જાણી શકશે.

- તેના આધારે આપવાના થતા ખાતરની ગણતરી કરી શકશે.
- ખાતરના સમતોલ ઉપયોગ દ્વારા જમીનની તંદુરસ્તી જાળવી ઓછા ખર્ચે વધુ પાક ઉત્પાદન મેળવી શકશે.
- જમીન સુધારણા માટે જરૂરી પગલાં લઈ શકશે.
- જમીનના સ્વાસ્થ્યની જાળાવણી કરી શકશે.

## વિસનગર કોર્ટના નવા મકાન અંગે

૨૦૩૬૦ : **શ્રી ઋષિકેશ ગ.પટેલ (વિસનગર) : માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) મહેસાણા જિલ્લાની વિસનગર સ્થિત કોર્ટના બિલ્ડીંગને નવું બનાવવા માટે તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કોઈ મંજૂરી આપવામાં આવી છે તે વાત સાચી છે, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો તેના માટે કેટલી રકમની ફાળવણી કરવામાં આવી છે, અને આ કામ માટે ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે?

(૨) માર્ગ અને મકાન વિભાગ હેઠળ રકમની ફાળવણી કામના સદરવાર કરવામાં આવે છે. કામ અનુસાર ફાળવણી કરવામાં આવતી નથી. આ કામ ખાતે રૂ. ૧૭૦.૯૫ લાખનો ખર્ચ થયેલ છે. અને નવા બંધાયેલ મકાનમાં કોર્ટ કાર્યરત છે.

## સુરત જિલ્લામાં પી.આઈ.યુ. યોજના હેઠળ રસ્તાઓ

૨૦૧૯૯ : **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ (બારડોલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૦૧-૧૧ની સ્થિતિએ સુરત જિલ્લાના કેટલા રસ્તાઓ પ્રોજેક્ટ ઈમ્પ્લીમેન્ટેશન યુનિટ મારફતે બનાવેલ છે,

(૧) તા. ૩૧-૦૧-૧૧ની સ્થિતિએ સુરત જિલ્લાના કુલ ૯૬ રસ્તાઓ પ્રોજેક્ટ ઈમ્પ્લીમેન્ટેશન યુનિટ મારફતે બનાવેલ છે.

(૨) એની ગુણવત્તા સારી છે કે ખરાબ, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ રસ્તાઓ કેવી સ્થિતિમાં છે?

(૨) અને (૩) ગુણવત્તા સારી છે અને રસ્તાઓ સારી સ્થિતિમાં છે.

## વલસાડ જિલ્લામાં વિવિધ હેતુઓ માટે આપવામાં આવેલ જમીન

૧૯૪૧૧ : **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વલસાડ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કઈ કઈ શૈક્ષણિક/ધાર્મિક સંસ્થાઓ તથા બિન સરકારી સંસ્થાઓને ગોચર સરકારી પડતર ખરાબો તથા ખાર લેન્ડની કેટલી જગ્યા આપવામાં આવી, અને

(૧) સામેલ પત્રક મુજબ

**૧. શૈક્ષણિક હેતુ :-**

| તાલુકાનું નામ | શૈક્ષણિક સંસ્થાનું નામ | ગોચર/સરકારી પડતર/ખરાબો તથ | જમીનનું ક્ષેત્રફળ | ફાળવણીનું વર્ષ |
|---|---|---|---|---|
| ધરમપુર | સરકારી માધ્ય. શાળા, પીડવળ | ગોચર | ૧-૦૦-૦૦ | ૨૦૧૦ |
| | સરકારી માધ્યમિક શાળા, જાંબલીયા | સરકારી પડતર | ૧-૦૦-૦૦ | ૨૦૧૦ |
| | સરકારી માધ્યમિક શાળા, તુતરખેડ | સરકારી પડતર | ૧-૯૭-૧૩ | ૨૦૧૦ |
| | સરકારી માધ્યમિક શાળા, બોપી | સરકારી પડતર | ૧-૦૦-૦૦ | ૨૦૧૦ |
| | સરકારી માધ્યમિક શાળા, હનમતમાળ | સરકારી પડતર | ૧-૦૦-૦૦ | ૨૦૧૦ |

| | | | | |
|---|---|---|---|---|
| | સરકારી માધ્યમિક શાળા, હનમતમાળ | સરકારી પડતર | ૧-૦૦-૦૦ | ૨૦૧૦ |
| | સરકારી માધ્યમિક શાળા, મોટી કોરવળ | સરકારી પડતર | ૧-૦૦-૦૦ | ૨૦૧૦ |
| કપરાડા | સરકારી માધ્યમિક શાળા, સુથારપાડા | સરકારી પડતર | ૧-૦૦-૦૦ | ૨૦૧૦ |
| | સરકારી માધ્યમિક શાળા, સાહુડા | સરકારી પડતર | ૧-૦૧-૧૭ | ૨૦૧૦ |
| | સરકારી માધ્યમિક શાળા, સીલ્ધા | સરકારી પડતર | ૧-૦૦-૦૦ | ૨૦૧૦ |
| | સરકારી માધ્યમિક શાળા, દહીખેડ | સરકારી પડતર | ૧-૦૦-૦૦ | ૨૦૧૦ |
| | સરકારી માધ્યમિક શાળા, આબાં જંગલ | સરકારી પડતર | ૧-૦૦-૦૦ | ૨૦૧૦ |
| | સરકારી માધ્યમિક શાળા, સુલીયા | સરકારી પડતર | ૧-૦૦-૦૦ | ૨૦૧૦ |
| | સરકારી માધ્યમિક શાળા, ટુંકવાડા | સરકારી પડતર | ૧-૦૦-૦૦ | ૨૦૧૦ |
| **તાલુકાનું ના** | **શૈક્ષણિક સંસ્થાનું નામ** | **ગોચર/સરકારી પડતર/ખરાબો તથ ખાર લેન્ડની જમીન** | **જમીનનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.** | **ફાળવણીનું વર્ષ** |
| | સરકારી માધ્યમિક શાળા, કાસ્ટુનીયા | સરકારી પડતર | ૧-૦૦-૦૦ | ૨૦૧૦ |
| | સરકારી માધ્યમિક શાળા, વાડધા | સરકારી પડતર | ૦-૯૧-૦૫ | ૨૦૧૦ |
| | સરકારી માધ્યમિક શાળા, મોટીપલસાણ | સરકારી પડતર | ૧-૨૦-૩૯ | ૨૦૧૧ (તા. ૧-૧-૧૧) |
| | કપરાડા મોડેલ સ્કુલ તથા ગર્લ્સ હોસ્ટેલ માટે. | સરકારી પડતર | ૧-૮૬-૧૬ | ૨૦૧૦ |
| | | **કુલ --** | **૧૮-૯૫-૯૦** | |
| | **ધાર્મિક હેતુ માટે :-** | | | |
| પારડી | પ્રમુખશ્રી, વાપી જી.આઈ.ડી.સી. એસ્ટેટ મુસ્લીમ સોસાયટી, વાપી | કોતર ખરાબો | ૦૦-૦૫-૦૦ | ૨૦૦૯-૧૦ |
| | **બિન સરકારી સંસ્થાઓ :-** | | | |
| વલસાડ | પ્રમુખશ્રી ભૂતસર વિભાગ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. ભૂતસર | ખરાબો | ૧૧૧.૪૮ ચો.મી. | ૨૦૦૮-૦૯ |
| કપરાડા | પ્રમુખશ્રી મહિલા સંચાલિત અરણાઈ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., અરણાઈ | સરકારી પડતર | ૨૦૦ ચો.મી. | ૨૦૦૮-૦૯ |
| | પ્રમુખશ્રી પાનસ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., પાનસ | ખરાબો | ૨૦૦ ચો.મી. | ૨૦૦૮-૦૯ |
| | પ્રમુખશ્રી, કપરાડા વિભાગ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, મોટાપોંઢા | સરકારી પડતર | ૨૧૮૫ ચો.મી. (મહેસૂલ માફી) | ૨૦૦૮-૦૯ |
| વલસાડ | નંદ ગોપાળ સેવા ટ્રસ્ટ, વલસાડ | સરકારી પડતર | ૭૮૯૧ ચો.મી. | ૨૦૦૯-૧૦ |
| પારડી | વેલસ્પન ઈન્ડીયા લી., મોરાઈ, તા. પારડી. | ગોચર | ૨૧૮૦૮ ચો.મી. | ૨૦૦૯-૧૦ |
| | મે. તુલસી બાયો સાયન્સીસ પ્રા.લી., જી.આઈ.ડી.સી., વાપી, તા. પારડી. | ગોચર | ૩૦૫૦૦ ચો.મી. | ૨૦૦૯-૧૦ |
| | | **કુલ :-** | **૬૨૮૯૫.૪૮ ચો.મી.** | |

(૨) તે પૈકી કેટલાને મહેસૂલી માફીથી આપવામાં આવેલ છે?

(૨) ૧(એક) સંસ્થાને શૈક્ષણિક હેતુ માટે મહેસૂલ માફીથી જમીન આપવામાં આવેલ છે.

--------

## નવસારી જિલ્લામાં શૈક્ષણિક હેતુ માટે જમીનની ફાળવણી

૨૦૧૪૪ : **શ્રી નરેશભાઈ મ. પટેલ (ચીખલી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કઈ કઈ સંસ્થાઓને શૈક્ષણિક હેતુ માટે સરકારી જમીન ફાળવવામાં આવેલ છે, અને

(૨) તે દરેક સંસ્થાને કેટલી સરકારી જમીન ફાળવવામાં આવેલ છે?

**જવાબ**

(૧) સંસ્થાનું નામ :-
(૧) સહિયાદ્રી ગિરિજન મહિલા વિકાસ મંડળ, કામળઝરી, તા. વાંસદા
(૨) જી.આઈ.ડી.સી., ગાંધીનગર
(૩) ભગવાન એજ્યુકેશન ફાઉન્ડેશન, સુરત
(૪) મહિલા ઓદ્યોગિક તાલીમ સંસ્થા, નવસારી.

(૨)

| **સંસ્થાનું નામ** | **ફાળવેલ જમીનનું ક્ષેત્રફળ (ચો.મી.)** |
|---|---|
| (૧) સહિયાદ્રી ગિરિજન મહિલા વિકાસ મંડળ, કામળઝરી, તા. વાંસદા | ૫૮૦.૯૦ |
| (૨) જી.આઈ.ડી.સી., ગાંધીનગર | ૪૦,૦૦૦ |
| (૩) ભગવાન એજ્યુકેશન ફાઉન્ડેશન, સુરત | ૨૦,૦૦૦ |
| (૪) મહિલા ઓદ્યોગિક તાલીમ સંસ્થા, નવસારી. | ૨,૦૦૦ |
| **કુલ...** | **૬૨,૫૮૦.૯૦** |

--------

## રાજકોટ જિલ્લાની આંગણવાડીઓને ગેસ કનેક્શન

૨૦૧૨૪ : **શ્રીમતી ભાનુબેન મ.બાબરીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં કેટલી આંગણવાડીઓને ગેસ કનેક્શન અપાયેલ છે.

(૨) આ પાછળ કેટલો ખર્ચ થયેલ છે,

(૩) આ ખર્ચમાં કેન્દ્રનો કોઈ ફાળો છે કે કેમ, અને

(૪) બાકી આંગણવાડીઓમાં ગેસ કનેક્શન માટે શું આયોજન છે?

**જવાબ**

(૧) ૧૭૬૨ આંગણવાડી કેન્દ્રોને

(૨) રૂ. ૪૨,૪૪.૫૮૬/-

(૩) ના, જી.

(૪) બાકી કેન્દ્રોને તબક્કાવાર ગેસ કનેક્શન આપવાનું આયોજન છે.

--------

## વાઘોડિયા કોર્ટના નવા મકાન અંગે

૨૦૩૫૯ : **શ્રી મધુભાઈ બા. શ્રીવાસ્તવ (વાઘોડિયા) : માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લાની વાઘોડિયા સ્થિત કોર્ટના બિલ્ડીંગને નવું બનાવવા માટે તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કોઈ મંજૂરી આપવામાં આવી છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેના માટે કેટલી રકમની ફાળવણી કરવામાં આવી છે, અને આ કામ ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) માર્ગ અને મકાન વિભાગ હેઠળ રકમની ફાળવણી કામના સદરવાર કરવામાં આવે છે. કામ અનુસાર ફાળવણી કરવામાં આવતી નથી. આ કામ ખાતે રૂા. ૧૬૨.૨૮ લાખનો ખર્ચ થયેલ છે. આ કામ પૂર્ણ થયેલ છે અને નવા બંધાયેલ મકાનમાં કોર્ટ કાર્યરત છે.

--------

**ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં કૃષિ ક્ષેત્રે થયેલ એમ.ઓ.યુ.**

૨૦૧૪૧ : **શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

વર્ષ ૨૦૧૧માં યોજાયેલ ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં કૃષિ ક્ષેત્રે કેટલા રૂપિયાના એમ.ઓ.યુ. કરવામાં આવ્યા ?

**જવાબ**

વર્ષ ૨૦૧૧માં યોજાયેલ ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં કૃષિ ક્ષેત્રે રૂપિયા ૩૪,૯૮૭ કરોડના એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે.

**ખેડા જિલ્લામાં ખેતીની જમીન બીનખેતી કરવા અંગે**

૧૯૨૯૯ : **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર ખેતીની જમીન બિનખેતી કરવા માટે ક્યા ક્યા હેતુઓ માટે આવી જમીનો બિનખેતીની કરવામાં આવી, અને

(૨) તે પૈકી ઓદ્યોગિક એકમો માટે આવી બિનખેતી થયેલ જમીનો કેટલી છે ?

**જવાબ**

(૧) ખેડા જિલ્લાના નડીયાદ, ખેડા, માતર, મહેમદાવાદ, મહુધા, કઠલાલ, કપડવંજ, વિરપુર, બાલાસિનોર અને ઠાસરા તાલુકામાં રહેણાંક, વાણિજ્ય, રહેણાંક કમ વાણિજ્ય, ઉદ્યોગ અને અન્ય હેતુઓ માટે જમીનો બિનખેતી કરવામાં આવેલ હતી.

(૨) ક્ષેત્રફળ :- ૮૬૮૬૧૪ ચો.મી.

**ધરમપુર તાલુકાના રસ્તાના કામ**

૨૦૧૪૮ : **શ્રી રમણલાલ ના.પાટકર (ઉમરગામ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના આંબાતલાટ-ખાંડા-ભવાડા-બોપી-હનમતમાળ રોડનું કામ તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે,

(૨) આ કામ ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે, અને

(૩) આ કામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના આંબાતલાટ-ખાંડા-ભવાડા-બોપી-હનમતમાળ રોડનું કામ પ્રગતિમાં છે.

(૨) આ કામ તા. ૧-૪-૨૦૧૧ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

(૩) આ કામ માટે રૂા. ૨૮૮ લાખ મંજૂર કરવામાં આવેલ છે.

---------

**સંતરામપુર તાલુકાના રસ્તાના કામ અંગે**

૨૦૧૪૯ : **શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લાના સંતરામપુર તાલુકાના પાનમ નદી ઉપર આમલીયાત ઉદરા રોડનું કામ તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે,

(૨) આ કામ ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે, અને

(૩) આ કામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ૬ પીયર, ૧ એબટમેન્ટ તથા ૫ સ્લેબની કામગીરી પૂર્ણ, ૨ પીયર, ૧ એબટમેન્ટનું કામ સુપર સ્ટ્રક્ચર લેવલે પ્રગતિમાં છે.

(૨) આ કામ ડીસેમ્બર-૨૦૧૧માં પૂર્ણ કરવાનું આયોજન છે.

(૩) આ કામ માટે રૂા. ૧૨,૮૧,૩૪,૧૦૦/-ની રકમ મંજૂર કરવામાં આવેલ છે.

**ગાંધીનગર ખાતેની પશુપાલન નિયામકની કચેરીના કર્મચારીઓનો પગાર સમયસર ન ચૂકવવા બાબત**

૨૦૦૩૫ **: શ્રી પ્રભુભાઈ વસાવા (સોનગઢ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર ખાતે આવેલ પશુપાલન નિયામકની કચેરીમાં ફરજ બજાવતા કર્મચારીઓને માસવાર ક્યારે ક્યારે પગાર ચૂકવવામાં આવ્યા,

(૨) આવો પગાર અનિયમિત ચૂકવાય છે તે હકીક્તથી વાકેફ છે, અને

(૩) જો હા, તો તેના કારણો શાં છે ?

**જવાબ**

(૧)

| ક્રમ | માસ | પગાર ચૂકવ્યા તારીખ |
|---|---|---|
| ૧ | ફેબ્રુઆરી-૧૦ | તા. ૦૨/૦૩/૧૦ |
| ૨ | માર્ચ-૧૦ | તા. ૦૩/૦૪/૧૦ |
| ૩ | એપ્રિલ-૧૦ | તા. ૦૩/૦૫/૧૦ |
| ૪ | મે-૧૦ | તા. ૦૨/૦૬/૧૦ |
| ૫ | જુન-૧૦ | તા. ૦૨/૦૭/૧૦ |
| ૬ | જુલાઈ-૧૦ | તા. ૦૪/૦૮/૧૦ |
| ૭ | ઓગષ્ટ-૧૦ | તા. ૦૩/૦૯/૧૦ |
| ૮ | સપ્ટેમ્બર-૧૦ | તા. ૦૧/૧૦/૧૦ |
| ૯ | ઓકટોબર-૧૦ | તા. ૦૨/૧૧/૧૦ અને તા. ૨/૧૨/૧૦ |
| ૧૦ | નવેમ્બર-૧૦ | તા. ૦૨/૧૨/૧૦ અને તા. ૨૧/૦૨/૧૧ |
| ૧૧ | ડિસેમ્બર-૧૦ | તા. ૦૩/૦૧/૧૧ અને તા. ૨૧/૦૨/૧૧ |
| ૧૨ | જાન્યુઆરી-૧૧ | તા. ૦૫/૦૨/૧૧ અને તા. ૨૧/૦૨/૧૧ |

(૨) હા, જી.

(૩) જોગવાઈની મર્યાદામાં ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવતી હોવાથી.

**રાજ્યમાં અશ્વ શોના આયોજન**

૨૦૧૭૯ **: શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલા અશ્વ શો નું આયોજન કરવામાં આવ્યું,

(૨) તેમાં કેટલા અશ્વોએ ભાગ લીધો, અને

(૩) તેમાં કેટલા ઈનામો વિતરણ કરવામાં આવ્યા, અને તે પાછળ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૫ (પાંચ)

(૨) ૧૦૩૮

(૩) ઈનામ વિતરણ સંખ્યા ૨૨૨ અને ઈનામો પાછળ ખર્ચ રૂપિયા ૫.૪૧ લાખ

**સુરત જિલ્લામાં ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ**

૨૦૧૬૪ **: શ્રી કિરીટભાઈ ગં.પટેલ (ઓલપાડ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સોઈલ હેલ્થ કાર્ડની યોજના ક્યારથી અમલમાં આવી,

(૨) આ યોજના હેઠળ સુરત જિલ્લાના કેટલા ખેડૂતોને તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કાર્ડ પૂરા પાડવામાં આવ્યા, અને

(૩) તેનાથી ખેડૂતોને શો ફાયદો થશે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૩-૨૦૦૪થી

(૨) કુલ ૧,૨૯,૮૦૩ ખેડૂતોના જમીનના નમુના એક્ત્રીકરણ અને પૃથ્થકરણ પૂર્ણ થયેલ છે. ૧,૧૦,૨૦૯ ખેડૂતોને કાર્ડ આપવામાં આવેલ છે. બાકી ખેડૂતોને કાર્ડ આપવાની કામગીરી ચાલુ છે. છેલ્લા એક વર્ષમાં ૨૧૧૧૭ ખેડૂતોને કાર્ડ આપવામાં આવ્યા.

(૩) - જમીનમાં મુખ્ય પોષક તત્વોનું પ્રમાણ જાણી શકશે.
-તેના આધારે આપવાના થતા ખાતરની ગણતરી કરી શકશે.
-ખાતરના સમતોલ ઉપયોગ ધ્વારા
-જમીનની તંદુરસ્તી જાળવી ઓછા ખર્ચે વધુ પાક ઉત્પાદન મેળવી શકશે.
-જમીન સુધારણા માટે જરૂરી પગલાં લઈ શકશે.
-જમીનના સ્વાસ્થ્યની જાળવણી કરી શકશે.

**મહુધા કોર્ટના નવા મકાન અંગે**

૨૦૩૫૬ **: શ્રી દેવુસિંહ જે.ચૌહાણ (માતર) : માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ખેડા જિલ્લાની મહુધા સ્થિત કોર્ટના બિલ્ડીંગને નવું બનાવવા માટે તા.૩૧/૧૨/૨૦૧૦ ની સ્થિતિએ કોઈ મંજૂરી આપવામાં આવી છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેના માટે કેટલી રકમની ફાળવણી કરવામાં આવી છે. અને આ કામ ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૨) માર્ગ અને મકાન વિભાગ હેઠળ રકમની ફાળવણી કામના સદરવાર કરવામાં આવે છે. કામ અનુસાર ફાળવણી કરવામાં આવતી નથી. આ કામ ખાતે રૂા. ૦.૪૧ લાખનો ખર્ચ થયેલ છે. આ કામના બાંધકામનું ટેન્ડર મંજુરીની પ્રક્રિયા હેઠળ છે. |

**રાજ્યની પ્રાથમિક શાળાઓના માળખામાં ફેરફાર**

૨૦૧૨૮ **: શ્રી ભૂપેન્દ્રભાઈ લાખાવાળા (વડોદરા શહેર ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાઈટ ટુ એજ્યુકેશન-૨૦૦૯ અધિનિયમને અનુલક્ષીને તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રાજ્ય સરકારે પ્રાથમિક શાળાના માળખામાં કોઈ ફેરફાર કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો શું ફેરફાર કરેલ છે. | (૨) ધોરણ ૧ થી ૫ નિમ્નતર પ્રાથમિક શિક્ષણ અને ધોરણ ૬ થી ૮ ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ એમ બે વિભાગ પાડેલ ધોરણ ૮નો પ્રાથમિક શિક્ષણમાં સમાવેશ કરેલ છે. |

**મહેસાણા જિલ્લામાં પશુ આરોગ્ય મેળાઓ પાછળ ખર્ચ**

૨૦૧૮૦ **: શ્રી ભરતસિંહજી શં.ડાભી (ખેરાલુ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં યોજાયેલ પશુ આરોગ્યમેળાઓ માટે કુલ કેટલી રકમની જોગવાઈ કરવામાં આવી હતી, અને | (૧) રૂા. ૧૩.૪૬ લાખ. |
| (૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) રૂા. ૮.૧૬ લાખ. |

**પંચમહાલ જિલ્લામાં પાનમ નદી પર પૂલ બનાવવા બાબત**

૧૮૮૪૯ **: શ્રી હીરાભાઈ હ.પટેલ (લુણાવાડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના લુણાવાડા તાલુકામાં પાનમ નદી પર મોતીઘોડા અને ડોકેલાવ ગામો વચ્ચે પૂલ બનાવવા માટેની માગણી કેટલા સમયથી પડતર છે, અને | (૧) આ પૂલ બાંધવા માટે તા. ૨૬-૭-૦૮, તા. ૨૦-૮-૦૮ અને તા. ૩-૧૨-૧૦ થી રજુઆતો મળેલ છે. |
| (૨) પૂલની આ વાજબી માગણી સરકાર ક્યાં સુધીમાં સંતોષવા માગે છે ? | (૨) પાનમ નદી પર ૫.૦ કિ.મી. નદીની અપસ્ટ્રીમમાં ગોધરા લુણાવાડા મોડાસા રાજ્ય ધોરીમાર્ગ ઉપર પુલ આવેલ છે. જેથી હાલમાં આયોજન નથી. |

**જાફરાબાદ ખાતે સબ રજીસ્ટ્રાર કચેરી કાયમી કરવા બાબત**

૧૯૪૪૪ : **શ્રી હીરાભાઈ સોલંકી (રાજુલા)** : **માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાફરાબાદ ખાતે સબ રજીસ્ટ્રાર કચેરી કાયમી ધોરણે શરૂ કરવા માટે મંજૂરી અપાયેલ છે તે ખરું છે, અને

(૨) જો હા, તો આ કચેરી ક્યારથી શરુ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા. ૦૧-૦૨-૨૦૧૧ થી શરૂ થયેલ છે.

**રાજકોટ જિલ્લાની સરકારી શાળાઓમાં પીવાના પાણી, શૌચાલયો અને લાઈટ, પંખાની વ્યવસ્થા**

૧૯૭૪૯ : **શ્રી મહંમદ જાવેદ પીરઝાદા (વાંકાનેર )** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લાની કેટલી સરકારી શાળાઓમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પીવાના પાણી, શૌચાલયો અને લાઈટ પંખાની વ્યવસ્થા નથી, અને

(૨) આ વ્યવસ્થા કેટલા સમયમાં પૂરી કરવાનું સરકારનું આયોજન છે ?

**જવાબ**

(૧) રાજકોટ જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં નીચે મુજબ પીવાના પાણી, શૌચાલયો અને લાઈટ, પંખાની વ્યવસ્થા નથી

| પીવાના પાણી | શૌચાલયો | લાઈટ | પંખા |
|---|---|---|---|
| શુન્ય | શુન્ય | ૨૫ | ૨૫ |

માધ્યમિક વિભાગમાં એક નાની બરાર, તા. માળીયા મિયાણાની શાળામાં પંખાની વ્યવસ્થા નથી.

(૨) જેમ બને તેમ જલ્દી.

**સુરત જિલ્લામાં વિધવા બહેનોની મળેલ અરજીઓ**

૧૯૭૭૦ : **શ્રીમતી ભારતીબેન રાઠોડ (કામરેજ)** : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લાની તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નિરાધાર વિધવા બહેનોની વિધવાસહાય/પેન્શન માટેની અરજી મળી,

(૨) આ પેકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી ?

**જવાબ**

(૧) ૧૧૯૫ અરજીઓ.

(૨) ૭૦૪ અરજીઓ.

(૩) ૧૫૨ અરજીઓ.

--------

**પંચમહાલ જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ**

૧૯૨૮૯ : **શ્રી સી. કે. રાઉલજી (ગોધરા)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં કેટલા શિક્ષકોની જ્ગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) આવી ખાલી જ્ગ્યાઓ ભરવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧)

| વિભાગ | ખાલી જગ્યા | કેટલા સમયથી |
|---|---|---|
| માધ્યમિક | ૦૨ | સરેરાશ બે વર્ષથી |
| ઉચ્ચત્તર માધ્યમિક | ૦૫ | સરેરાશ એક વર્ષથી |

(૨) (૧) ધોરણ ૮નો ઉચ્ચત્તર પ્રાથમિક શાળામાં સમાવેશ કરવાથી ફાજલ પડનારા શિક્ષકોનો સમાવેશ થઈ શકે તે માટે તથા

(૨) માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ની કલમ-૩૫માં સુધારો થતા શાળાના આચાર્ય, શિક્ષકોની ભરતી અંગે નવા નિયમો ઘડવાના હોઈ, આચાર્ય, શિક્ષકોની જ્ગ્યાઓ ભરવા પર પ્રતિબંધ મુક્વામાં આવેલ જેના કારણે જ્ગ્યાઓ ખાલી રહેવા

પામેલ. હવે ફાજલ શિક્ષકોનો સમાવેશ કરવા અંગે શિક્ષણ વિભાગના તા. ૨૨-૧૧-૨૦૧૦ના ઠરાવથી સૂચનાઓ બહાર પાડેલ છે અને ગ્રાન્ટેડ શાળામાં શિક્ષકોની ભરતી અંગે શિક્ષણ વિભાગના તા. ૧૧-૦૨-૨૦૧૧ના જાહેરનામાથી ભરતી નિયમો બહાર પાડવામાં આવ્યા છે. આ નિયમો સરકારી માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓને પણ લાગુ પાડવામાં આવશે અને ખાલી જગ્યાઓ જેમ બને તેમ જલદીથી ભરવામાં આવશે.

**અમદાવાદ જિલ્લામાં રસ્તાઓની મરામત**

૨૦૧૬૧ **: શ્રી કાંતિલાલ રા. લકુમ (બાવળા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં ખાસ મરામત સદરે વર્ષ ૨૦૧૦-૨૦૧૧ના નાણાકીય વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં કેટલા રસ્તાઓ, કેટલી રકમના મંજૂર ક્યાં, અને | (૧) કુલ ૫૦ કામો, રૂા. ૨૭૩૭.૯૫ લાખની અંદાજીત રકમના મંજુર ક્યાં. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ રસ્તાઓ ક્યા તબક્કે છે ? | (૨) પુર્ણ કામો - ૩<br>પ્રગતિ હેઠળ - ૪૪<br>ટેન્ડર પ્રક્રિયા - ૩ |

**અંજાર કોર્ટના નવા મકાન અંગે**

૨૦૩૫૭ **: ડૉ. નીમાબેન આચાર્ય (અંજાર) : માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કચ્છ જિલ્લાની અંજાર સ્થિત કોર્ટના બિલ્ડીંગને નવું બનાવવા માટે તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કોઈ મંજૂરી આપવામાં આવી છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેના માટે કેટલી રકમની ફાળવણી કરવામાં આવી છે, અને આ કામ ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૨) માર્ગ અને મકાન વિભાગ હેઠળ રકમની ફાળવણી કામના સદરવાર કરવામાં આવે છે. કામ અનુસાર ફાળવણી કરવામાં આવતી નથી. આ કામ ખાતે રૂા. ૧૨૮.૯૪ લાખનો ખર્ચ થયેલ છે. નવા મકાનના બાંધકામની કામગીરી પ્રગતિમાં છે. |

--------

**કાલોલ તાલુકાના રસ્તાનું કામ**

૨૦૧૫૮ **: શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના ટુવા વેજલપુર ચલાલી માલુ વેચાત રોડનું કામ તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે, | (૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ગોમા નદી ઉપર એપ્રોચ સહીત પુલની કામગીરી પૈકી પુલના એબટમેન્ટ તથા પીયરના પાયાનું કામ પ્રગતિમાં છે. |
| (૨) આ કામ ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે, અને<br>(૩) આ કામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી ? | (૨) અને (૩) : રૂા. ૨,૬૮,૪૩,૮૦૦/- ના ખર્ચે તા. ૧૫-૯-૨૦૧૧ સુધીમાં પુલ તેમજ એપ્રોચનું કામ પૂર્ણ કરવાનું આયોજન છે. |

--------

**બનાસકાંઠા જિલ્લામાં મંજૂર થયેલ રસ્તાઓ અને પુલના કામો**

૧૮૭૪૬ **: શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં ક્યા તાલુકાના કેટલા નવિન રસ્તાઓ અને પુલના કામો મંજુર કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં નીચે મુજબ તાલુકાવાર નવિન રસ્તાઓ અને પુલના કામો મંજૂર કરવામાં આવ્યા.

| તાલુકો | નવીન રસ્તાની સંખ્યા | પુલોના કામોની સંખ્યા |
|---|---|---|
| દાંતા | ૧ | ૧ |
| દિયોદર | ૩ | |
| કાંકરેજ | ૩ | |
| થરાદ | ૩ | |
| દાંતીવાડા | ૧ | ૧ |
| ધાનેરા | ૩ | |
| પાલનપુર | ૮ | |
| અમીરગઢ | ૧ | ૧ |
| ડીસા | ૬ | |
| વડગામ | ૨ | |
| ભાભર | ૧ | |
| **કુલ** | ૩૨ | ૩ |

(૨) તે પૈકી કેટલા કામો પૂર્ણ થયેલા છે,

(૩) કેટલા કામો બાકી છે, અને

(૨) અને (૩) : ૧૯ કામો પૂર્ણ,૬ કામો પ્રગતિમાં અને ૧૦ કામો હવે શરૂ થનાર છે.

(૪) તાલુકાવાર કેટલા રૂપિયાનો ખર્ચ થયેલ છે ?

(૪) તાલુકાવાર થયેલ ખર્ચ નીચે મુજબ છે.

| તાલુકો | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|
| દાંતા | ૨૩.૪૯ |
| દિયોદર | ૫૯.૩૪ |
| કાંકરેજ | ૨૬.૨૨ |
| થરાદ | ૧૧૪.૮૬ |
| દાંતીવાડા | ૩૬.૫૮ |
| ધાનેરા | ૭૨.૫૯ |
| પાલનપુર | ૨૨૯.૭૨ |
| અમીરગઢ | ૩૦.૫૫ |
| ડીસા | ૮૦.૩૫ |
| વડગામ | ૦.૦૦ |
| ભાભર | ૦.૦૦ |
| **કુલ** | **૬૭૩.૭૦** |

--------

**રાજ્યમાં નવી વેટરનરી પોલીક્લીનીકની સ્થાપના**

૨૦૧૩૧ **: શ્રી નાનુભાઈ ભ.વાનાણી (સુરત શહેર (ઉત્તર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં કેટલા નવીન વેટરનરી પોલીક્લીનીક શરૂ કરવામાં આવ્યા, અને

(૨) ક્યા ક્યા સ્થળે શરૂ કરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) બે (૨).

(૨) (૧) બાંધણી, જીલ્લો આણંદ અને (૨) દાહોદ

--------

**કઠલાલ અને કપડવંજ તાલુકાઓમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત સહાય**

૨૦૩૩૩ **: શ્રી મણીભાઈ દે.પટેલ (કપડવંજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સર્વ શિક્ષા અભિયાન કાર્યક્રમ અંતર્ગત ખેડા જિલ્લાના કઠલાલ અને કપડવંજ તાલુકામાં આઈ.ઈ.ડી. વિભાગમાં વિક્લાંગ બાળકોને મળતી સહાય તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી મળી, અને

**જવાબ**

(૧)

| અ. નં. | વર્ષ | તાલુકો | નાણાકીય સહાય | પ્રકાર |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૦૯-૧૦ | કઠલાલ/કપડવંજ (બંને તાલુકામાં સંયુક્ત કેમ્પ) | રૂા. ૩૧૮૧૦૦ | અસ્થિવિષયક વિક્લાંગતા ધરાવતા બાળકોને અપાયેલ સાધનો તથા શ્રવણ મંદ બાળકો માટે હીયરીંગ એઈડ |
| ૨ | ૨૦૧૦-૧૧ | કઠલાલ/કપડવંજ (બન્ને તાલુકામાં સંયુક્ત કેમ્પ) | રૂા. ૧૦૨૦૦<br>રૂા. ૧૨૪૦૦ | રીડર એલાઉન્સ માટેના લાભાર્થી<br>રીડર એલાઉન્સ માટેના |

| | | | | લાભાર્થી |
|---|---|---|---|---|
| ૩ | ૨૦૧૦-૧૧ | કઠલાલ/કપડવંજ (બન્ને તાલુકામાં સંયુક્ત કેમ્પ) | રૂા. ૩૧૧૩૫૦<br>રૂા. ૩૩૭૩૫૦ | સ્ટેશનરી અને યુનિ. ફોર્મ માટે<br>સ્ટેશનરી અને યુનિ. ફોર્મ માટે |

(૨) કઈ સંસ્થાઓ ધ્વારા કોને કોને આપવામાં આવી ?

(૨)

| વર્ષ | તાલુકો | સંસ્થાનું નામ | લાભાર્થી |
|---|---|---|---|
| ૨૦૦૯-૧૦ | કઠલાલ/ કપડવંજ | રત્નનિધિ ચેરીટેબલ ટ્રસ્ટ, મુંબઈ | ૯૫ અસ્થિવિષયક વિકલાંગતા અને ૪૫ સાંભળવાની ખામી ધરાવતા બાળકો |
| ૨૦૧૦-૧૧ | કઠલાલ/ કપડવંજ | ભારતીય કૃત્રિમ અંગ નિર્માણ નિગમ ALIMCO કાનપુર | ૮૨ અસ્થિવિષયક વિકલાંગતા ધરાવતા બાળકોના એસેસમેન્ટ કરવામાં આવેલ છે. |
| | કઠલાલ/ કપડવંજ | બીઆરસી દ્વારા શાળા કક્ષાએ વિદ્યાર્થી ને સીધી ચુકવવામાં આવે છે. | કઠલાલ ૧૫ લાભાર્થી કડપવંજ ૧૮ લાભાર્થી (એસ્કોર્ટ/ટ્રાન્સપોર્ટ/ રીડર એલાઉન્સ) |
| | કઠલાલ/ કપડવંજ | શાળા કક્ષાએ વી.ઈ.સી. દ્વારા વિદ્યાર્થીને અપાય છે. | કઠલાલ ૪૭૯ લાભાર્થી કપડવંજ ૫૧૯ લાભાર્થી (સ્ટેશનરી અને યુનીફોર્મ માટે) |

--------

## ખેડા જિલ્લામાં પ્રાથમિક શિક્ષકોની ખાલી જગ્યાઓ

૨૦૧૭૭ : **શ્રી કનુભાઈ ડાભી (કઠલાલ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) ખેડા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પ્રાથમિક શાળાઓમાં તાલુકાવાર કેટલા શિક્ષકોની જગ્યાઓ ખાલી છે, અને

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | ખાલી જગ્યાઓ |
|---|---|---|
| ૧ | મહુધા | ૧૧ |
| ૨ | નડિયાદ | ૧૪ |
| ૩ | કઠલાલ | ૩૮ |
| ૪ | કપડવંજ | -૧૧ |
| ૫ | માતર | ૧૦ |
| ૬ | મહેમદાવાદ | ૧૧ |
| ૭ | ખેડા | ૦૨ |
| ૮ | ઠાસરા | ૧૨ |
| ૯ | વિરપુર | ૧૯ |
| ૧૦ | બાલાસિનોર | ૨૨ |
| | **કુલ** | **૧૨૮** |

(૨) આ ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારે શી વ્યવસ્થા કરી છે ?

(૨) જુન-જુલાઈ ૨૦૧૧માં આ ખાલી જગ્યાઓ ભરવાનું આયોજન છે.

--------

## વેરાવળ ખાતે નવા કોર્ટ બિલ્ડીંગ અંગે

૨૦૩૫૪ : **શ્રી રાજસીભાઈ જોટવા (સોમનાથ) : માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) જુનાગઢ જિલ્લાની વેરાવળ સ્થિત કોર્ટના બિલ્ડીંગને નવું બનાવવા માટે તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ કોઈ મંજૂરી આપવામાં આવી છે તે હકીક્ત સાચી છે, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો તેના માટે કેટલી રકમની ફાળવણી કરવામાં આવી છે, અને આ કામ ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ?

(૨) આ અંગેના મંજુર કરેલ અંદાજોમાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા રજૂ કરાયેલ સુધારેલ અંદાજ અંગે સ્પષ્ટતા મેળવ્યા બાદ બાંધકામની કામગીરી હાથ ધરવાની રહે છે.

--------

## બનાસકાંઠા જિલ્લામાં રસ્તાઓની મરામત

૨૦૧૭૧ : **શ્રી બાબુભાઈ દેસાઈ (કાંકરેજ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં ખાસ મરામત સદરે વર્ષ ૨૦૧૦-૧૧ના નાણાકીય વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં કેટલા રસ્તાઓ, કેટલી રકમના મંજૂર કર્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ રસ્તાઓ ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) કુલ ૭૨ કામો, રૂા. ૪૯૨૬.૦૦ લાખની અંદાજીત રકમના મંજુર કર્યા.

(૨) પૂર્ણ કામો - ૧૧
પ્રગતિ હેઠળ - ૩૬
ટેન્ડર મંજૂરીમાં - ૨૪
નકશા અંદાજો લેવલે - ૧

## લાઠી તાલુકાના રસ્તાને રિસરફેસ કરવા અંગે

૨૦૧૫૦ : **શ્રી હનુભાઈ ધોરાજીયા (લાઠી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરકાર અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના ચાવંડ-શેખપીપરીયા રોડને રીસરફેસ કરવા માંગે છે કે કેમ,

(૨) જો હા, તો આ કામ ક્યારે મંજૂર કરવામાં આવ્યું,

(૩) આ કામ ક્યારે શરૂ કરવામાં આવશે, અને

(૪) આ કામ પાછળ અંદાજીત કેટલો ખર્ચ થશે ?

**જવાબ**

(૧) થી (૪) : હા, જી.

રૂ. ૧૨૦ લાખની અંદાજી કિંમતનું આ કામ મંજુરીની પ્રક્રિયા હેઠળ છે જે પૂર્ણ થયેથી એજન્સી નક્કી થયે જેમ બને તેમ ઝડપથી.

## નવસારી જિલ્લામાં સી.આર.એફ. યોજના હેઠળ સાંકળી લેવાયેલ રસ્તાઓ

૧૯૯૦૪ : **શ્રી આર.સી. પટેલ (જલાલપોર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લામાં સી.આર.એફ. યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા રસ્તાઓને સાંકળી લેવામાં આવ્યા, અને

(૨) ઉપરોક્ત યોજના અન્વયે તાલુકા દીઠ વર્ષવાર ઉક્ત સ્થિતિએ ત્રણ વર્ષમાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી ?

**જવાબ**

(૧) ૨ રસ્તાઓ.
(૧) ખારેલ-ટાંક્લ-રાણકુવા રૂમલા કરંજવેરી રોડ.
(૨) રાણકુવા-રાનવેરીકલ્લા-રાનવેરીખુર્દ-ખરોલી અનાવલ રોડ.

(૨) ગ્રાન્ટ તાલુકાવાર ફાળવવામાં આવતી નથી. નવસારી જિલ્લામાં વર્ષવાર ફાળવેલ ગ્રાન્ટ નીચે મુજબ છે.

| વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ રૂ. લાખમાં |
|---|---|
| ૨૦૦૮-૦૯ | ૨૫૫.૬૪ |
| ૨૦૦૯-૧૦ | ૨૦૩.૬૦ |
| ૨૦૧૦-૧૧ | ૨૭૧.૮૫ |
| કુલ : | ૭૩૧.૦૯ |

## રાજ્યમાં જેલોનું આધુનિકરણ

૨૦૩૪૯ : **શ્રી કમાભાઈ ગ.રાઠોડ (વિરમગામ) : માનનીય જેલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી જેલોનું આધુનિકરણ કરવામાં આવ્યું, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) ૨૦ જેલો.

(૨)

| વર્ષ | બાંધકામ માટે થયેલ ખર્ચ (રૂ.) | યંત્ર/સાધનસામગ્રી માટે થયેલ ખર્ચ (રૂ.) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૩૯,૬૦,૦૦,૦૦૦ | ૭૩,૭૬,૦૦૦ |
| ૨૦૧૦-૧૧ | ૧૫,૫૧,૮૪,૦૦૦ | ૨,૦૯,૩૨,૮૮૨ (તા. ૨૪-૦૧-૨૦૧૧ સુધી) |

**સાબરકાંઠા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં પ્રાથમિક સુવિધાઓ**

૨૦૨૭૯ : **શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાઓનાં શૌચાલય, પીવાના પાણી તેમજ અન્ય પ્રાથમિક સુવિધા વિનાની કેટલી શાળાઓ છે, અને

(૨) આ સુવિધાઓ કેટલા સમયમાં પૂરી કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળાઓનાં શૌચાલયો, પીવાની પાણી તેમજ અન્ય પ્રાથમિક સુવિધા વિનાની શાળાઓની તાલુકાવાર યાદી નીચે મુજબ છે :

| ક્રમ | તાલુકાનું નામ | શાળાની સંખ્યા | પ્રાથમિક સુવિધા વિનાની શાળાઓની સંખ્યા | | |
|---|---|---|---|---|---|
| | | | શૌચાલયો | પીવાના પાણી | વિજળીકરણ |
| ૧ | ખેડબ્રહ્મા | ૨૭૧ | ૧ | ૦ | ૧ |
| ૨ | મેઘરજ | ૨૪૮ | ૦ | ૦ | ૦ |
| ૩ | ભિલોડા | ૨૬૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | વિજયનગર | ૧૨૬ | ૦ | ૦ | ૦ |
| ૫ | ઇડર | ૨૦૫ | ૦ | ૦ | ૦ |
| ૬ | માલપુર | ૧૪૮ | ૦ | ૦ | ૦ |
| ૭ | બાયડ | ૨૫૦ | ૦ | ૦ | ૦ |
| ૮ | પ્રાંતિજ | ૧૧૩ | ૦ | ૦ | ૦ |
| ૯ | હિંમતનગર | ૨૧૬ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | તલોદ | ૧૫૭ | ૧ | ૦ | ૦ |
| ૧૧ | ધનસુરા | ૧૩૯ | ૦ | ૦ | ૦ |
| ૧૨ | મોડાસા | ૨૧૩ | ૧ | ૦ | ૧ |
| ૧૩ | વડાલી | ૧૦૯ | ૦ | ૦ | ૦ |
| | **કુલ :** | **૨૪૫૫** | **૩** | **૦** | **૨** |

(૨) ટૂંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે.

**ભાવનગર જિલ્લામાં સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ**

૧૯૪૯૪ : **શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા (મહુવા)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં સરકારી માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળાદીઠ મંજૂર થયેલ સેટઅપ સામે કેટલા શિક્ષકોની જગ્યા ખાલી છે,

(૨) ખાલી જગ્યા ભરવા સરકારનું શું આયોજન છે, અને

(૩) તે કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે?

**જવાબ**

(૧)

| સંવર્ગ | ખાલી જગ્યા |
|---|---|
| મદદનીશ શિક્ષક (માધ્યમિક) | ૨૩ |
| મદદનીશ શિક્ષક (ઉચ્ચતર માધ્યમિક) | ૩૪ |

(૨) જિલ્લા ફેરબદલી, વધઘટ સરભર કર્યા બાદ ખાલી રહેતી જગ્યાઓ શિક્ષણ સહાયકોથી ભરવાનું આયોજન છે.

(૩) જેમ બને તેમ જલદી.

**બેચરાજી-મોઢેરા રસ્તો પહોળો કરવા અંગે**

૨૦૧૮૨ : **શ્રી કાંતિલાલ રા.પટેલ (વિજાપુર)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ બેચરાજી મોઢેરા રસ્તાને પહોળો કરવા સરકારે મંજૂરી આપી છે કે કેમ,

(૨) જો હા, તો ક્યારે મંજૂરી આપી, અને

(૩) આ કામની અંદાજીત રકમ કેટલી છે, અને આ કામ ક્યારે શરૂ થનાર છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા. ૩-૧૨-૨૦૧૦.

(૩) રૂ.૧૬૧૭.૦૦ લાખ છે. વહીવટી પ્રક્રિયા પુર્ણ થયે શક્ય એટલુ વહેલું.

--------

### કચ્છ જિલ્લાની પાંજરાપોળ ગો શાળાને ભૂકંપ અન્વયે મકાન માટે સહાય ચૂકવવા બાબત

૧૯૪૭૫ : **શ્રી બાબુભાઈ મે. શાહ (૨૫૨) : માનનીય ગો સંવર્ધન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં લાકડીયા મનફરા કે અન્ય પાંજરાપોળ/ગો શાળાને ભૂકંપ અન્વયે મંજૂર થયેલ મકાનો સબબે ચૂકવવાની રકમ ચૂકવાઈ નથી તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો ક્યા ક્યા પાંજરાપોળ/ગો શાળાને તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલી રકમ ચૂકવવાની થાય છે, અને

(૩) જો ના તો તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ત્રણ વર્ષમાં વર્ષવાર કચ્છ જિલ્લામાં કઈ કઈ પાંજરાપોળ/ગો શાળાને બાકી રકમ ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : તાજેતરમાં સરકારશ્રી દ્વારા સહાય ચુકવવાની દરખાસ્ત નામંજુર કરવામાં આવેલ છે, તેથી સહાય ચૂકવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

### નવસારી જિલ્લાનો વાંસદા-સાદકદેવી રસ્તો બનાવવા બાબત

૨૦૧૦૩ : **શ્રી છનાભાઈ ચૌધરી (ધરમપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) છેલ્લા એક વર્ષમાં તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ નવસારી જિલ્લામાં વાંસદા સાદકદેવી ગામે જતો રસ્તો બનાવવા ક્યારે કેટલી રકમ મંજૂર કરી,

(૨) ઉક્ત સ્થિતિએ આ રસ્તાની કામગીરી ક્યા તબક્કે છે, અને

(૩) કેટલા સમયમાં તેનું કામ પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) છેલ્લા ૧ વર્ષમાં આ રસ્તા માટે કોઈ રકમ મંજૂર કરેલ નથી.

### આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને માનદ વેતન

૨૦૧૨૨ : **શ્રીમતી વર્ષાબેન ન.દોશી (વઢવાણ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને કેટલું માનદવેતન ચૂકવવામાં આવે છે, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને માનદવેતન તરીકે નીચે મુજબ ચૂકવવામાં આવે છે.

| અ.નં. | આંગણવાડી કાર્યકર | ભારત સરકાર તરફથી | ગુજરાત સરકાર તરફથી | કુલ માનદ વેતન |
|---|---|---|---|---|
| (૧) | આંગણવાડી કાર્યકર | | | |
| ૧) | નોન મેટ્રીક રૂ.૯૩૮ | રૂ.૧૪૩૮ | રૂ.૧૦૦૦ | રૂ.૨૪૩૮ |
| ૨) | નોન મેટ્રીક (૫ વર્ષનો અનુભવ) રૂ.૯૬૯ | રૂ.૧૪૬૯ | રૂ.૧૦૦૦ | રૂ.૨૪૬૯ |
| ૩) | નોન મેટ્રીક (૧૦ વર્ષનો અનુભવ) રૂ.૧૦૦૦ | રૂ.૧૫૦૦ | રૂ.૧૦૦૦ | રૂ.૨૫૦૦ |
| ૪) | મેટ્રીક રૂ.૧૦૦૦ | રૂ.૧૫૦૦ | રૂ.૧૦૦૦ | રૂ.૨૫૦૦ |
| **અ.નં.** | **આંગણવાડી કાર્યકર** | **ભારત સરકાર તરફથી** | **ગુજરાત સરકાર તરફથી** | **કુલ માનદ વેતન** |
| ૫) | મેટ્રીક (૫ વર્ષનો અનુભવ) રૂ.૧૦૩૧ | રૂ.૧૫૩૧ | રૂ.૧૦૦૦ | રૂ.૨૫૩૧ |
| ૬) | મેટ્રીક (૧૦ વર્ષનો અનુભવ) રૂ.૧૦૬૩ | રૂ.૧૫૬૩ | રૂ.૧૦૦૦ | રૂ.૨૫૬૩ |
| મીની આંગણવાડી કાર્યકર | | રૂ.૭૫૦ | રૂ.૨૫૦ | રૂ.૧૦૦૦ |
| તેડાગર | | ભારત સરકાર તરફથી | ગુજરાત સરકાર તરફથી | કુલ માનદ વેતન |
| | | રૂ.૭૫૦ | રૂ.૫૦૦ | રૂ.૧૨૫૦ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા આ માનદ વેતનમાં ક્યારે ક્યારે અને કેટલો વધારો કરવામાં આવ્યો ?

(૨) - તા.૧૬-૪-૨૦૦૮ના ઠરાવથી
આંગણવાડી કાર્યકર રૂ.૫૦૦
આંગણવાડી તેડાગર રૂ.૨૫૦
- તા.૨૯-૪-૨૦૧૦ના ઠરાવથી
આંગણવાડી કાર્યકર રૂ.૫૦૦
આંગણવાડી તેડાગર રૂ.૨૫૦
મીની આંગણવાડી કાર્યકરને રૂ.૨૫૦
ના માનદ વેતનનો વધારો કરવામાં આવ્યો છે.

## આંણદ જિલ્લામાં ગામવાર સ્મશાન જ્ગા નીમ કરવા અંગે

૧૮૭૬૨ : **શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ આંણદ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં અનુસૂચિત જાતિના ભાઈઓ માટે સ્મશાનની સગવડ છે,

(૧)

| | તાલુકા | સ્મશાનની સગવડવાળા ગામોની સંખ્યા |
|---|---|---|
| ૧. | આણંદ | ૦૬ |
| ૨. | ઉમરેઠ | ૩૭ |
| ૩. | આંકલાવ | ૦૧ |
| ૪. | પેટલાદ | ૫૭ |
| ૫. | બોરસદ | ૩૪ |
| ૬. | સોજીત્રા | ૨૪ |
| ૭. | તારાપુર | ૧૮ |
| ૮. | ખંભાત | ૬૧ |
| | **કુલ** | ૨૩૮ |

(૨) જે ગામોમાં અનુસૂચિત જાતિના ભાઈઓ માટે સ્મશાનની સગવડ નથી તે ગામોમાં જ્ગ્યા નીમ કરી સ્મશાન બનાવી આપવાની વ્યવસ્થા કરવા સરકાર માંગે છે કે કેમ, અને

(૨) બોરસદ તાલુકાના ૪ ગામોમાં અનુસૂચિત જાતિના ભાઈઓ માટે જ્ગ્યા નીમ કરવામાં આવેલ છે. તેમજ ૨૭ ગામોમાં અનુ.જાતિના ભાઈઓ માટે સ્મશાનની જમીન નીમ કરવાની કાર્યવાહી ચાલુમાં છે. સ્મશાન બનાવવાની કાર્યવાહી પંચાયત વિભાગ દ્વારા કરવામાં આવે છે.

(૩) જો હા, તો કેટલા સમયમાં ?

(૩) સ્મશાન નીમ કરવાની દરખાસ્ત મળ્યેથી જમીન નીમ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## આણંદ જિલ્લાના રસ્તાઓની મરામત

૨૦૧૫૯ : **શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) આણંદ જિલ્લામાં ખાસ મરામત સદરે વર્ષ ૨૦૧૦-૨૦૧૧ના નાણાકીય વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં કેટલા રસ્તાઓ, કેટલી રકમના મંજૂર કર્યા, અને

(૧) કુલ ૫૫ કામો, રૂા. ૨૨૭૪.૩૫ લાખની અંદાજીત રકમના મંજુર કર્યા.

(૨) ઉક્ત સ્થિતિએ આ રસ્તાઓ ક્યા તબક્કે છે?

(૨)

| | | |
|---|---|---|
| પુર્ણ કામો | - | ૧ |
| પ્રગતિ હેઠળ | - | ૨૧ |
| ટેન્ડર મંજૂર | - | ૨૯ |
| ટેન્ડર પ્રક્રિયા | - | ૧ |
| નક્શા અંદાજ લેવલે | - | ૩ |

## ભરૂચ-દહેજ માર્ગના નવીઠા ગામ પાસેના રસ્તાને પહોળો કરવા બાબત

૧૯૩૫૧ : **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ભરૂચ-દહેજ માર્ગના નવીઠા ગામ પાસેના રસ્તાને પહોળો કરવા માટે ક્યારે મંજૂરી આપવામાં આવી,

(૧) ભરૂચ-દહેજ રસ્તાને ૬ માર્ગીય કરવાના કામની મંજુરી તા. ૨૫-૫-૨૦૧૦ના રોજ આપવામાં આવી તેમાં નવીઠા ગામ પાસેના રસ્તાને પહોળો કરવાની કામગીરીનો સમાવેશ થયેલ છે.

(૨) આ રસ્તો પહોળો કરવા જમીન સંપાદનની કાર્યવાહી અધુરી હોઈ કાર્યવાહીમાં વિલંબ થાય છે તે દૂર

(૨) નવીઠા ગામના ૬ સર્વે નંબરોની જમીનના એવોર્ડ તારીખ ૮-૧૧-૨૦૧૦ના રોજ મેળવવામાં

કરવા ઉક્ત સ્થિતિએ સરકારે શી કાર્યવાહી કરી છે, અને

(૩) કેટલા સમયમાં આ રસ્તાનું કામ પૂર્ણ કરવામાં આવશે?

આવેલ છે જ્યારે બાકી રહેતા ૭(સાત)સર્વે નંબરોની જમીનના એવોર્ડ ટૂંક સમયમાં થનાર છે

(૩) વર્ક ઓર્ડર આપ્યા બાદ ૧૮ માસમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

--------

**દાહોદ જિલ્લામાં સામૂહિક ખેડૂત અકસ્માત યોજના હેઠળ અરજીઓ**

૧૯૦૦૭ : **શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ખેડૂત અકસ્માત વીમા સહાય યોજના હેઠળ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ મળી, અને

(૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી ?

**જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ કુલ ૧૪૯ અરજીઓ મળી.

| અ. નં. | તાલુકાનું નામ | તા. ૧-૧-૦૮ થી ૩૧-૧૨-૦૮ | તા. ૧-૧-૦૯ થી ૩૧-૧૨-૦૯ | તા. ૧-૧-૧૦ થી ૩૧-૧૨-૧૦ |
|---|---|---|---|---|
| ૧ | દાહોદ | ૭ | ૧૪ | ૧૩ |
| ૨ | ગરબાડા | ૧ | ૬ | ૮ |
| ૩ | ઝાલોદ | ૮ | ૧૨ | ૧૫ |
| ૪ | ફતેપુરા | ૦ | ૪ | ૮ |
| ૫ | લીમખેડા | ૮ | ૯ | ૧૦ |
| ૬ | ધાનપુર | ૭ | ૨ | ૨ |
| ૭ | દેવગઢબારીયા | ૩ | ૭ | ૫ |
| | **કુલ** | **૩૪** | **૫૪** | **૬૧** |

(૨) કુલ ૮૪.

**રાજ્યમાં કૃષિ બિયારણોની ચકાસણી માટે પ્રયોગ શાળાઓ**

૨૦૧૩૬ : **શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા (પાલીતાણા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રાજ્યમાં કૃષિ બિયારણોની ચકાસણી માટેની કેટલી પ્રયોગ શાળાઓ આવેલી છે, અને

(૨) તે ક્યાં ક્યાં આવેલ છે અને ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ પ્રયોગશાળાઓમાં પૃથ્થકરણના કેટલા નમૂનાઓ લેવામાં આવ્યા છે?

**જવાબ**

(૧) ચાર.

(૨) રાજ્યમાં બીજ ચકાસણી માટેની પ્રયોગશાળાઓ (૧) ગાંધીનગર (૨) જુનાગઢ (૩) નવસારી (૪) અમદાવાદ ખાતે આવેલ છે અને ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ ૩૧૬૦૫ નમૂનાઓનુ પૃથ્થકરણ કરવામાં આવેલ છે.

--------

**સુરત અને તાપી જિલ્લાનાં આદિવાસીની જમીનો બિન આદિવાસીના ઈસમોને તબદીલી અંગે**

૧૮૧૪૬ : **શ્રી પુનાભાઈ ઘે. ગામીત (વ્યારા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત અને તાપી જિલ્લામાં તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આદિવાસી પ્રજાની લેન્ડ રેવન્યુ કોર્ડની કલમ ૭૩-એ.એ.ને આધિન એવી જમીનો બીન પરવાનગી એ વિલથી બીન આદિજાતીના ઈસમોને તબદીલ થયેલાના કેટલા કિસ્સાઓ સરકારના ધ્યાને આવ્યા, અને

(૨) આ કિસ્સામાં સરકારે શાં પગલાં ભર્યા?

**જવાબ**

(૧) સુરતમાં જિલ્લામાં- ૩
તાપીમાં જિલ્લામાં- ૧૨

(૨) **સુરત** જિલ્લામાં-૨- કેસમાં ઓલપાડ પ્રાંતની કોર્ટમાં કાર્યવાહી ચાલુ છે, તથા ૧- કેસ રીવીઝનમાં લઇ તબદીલી રદ કરવામાં આવેલ છે.

**તાપી** જિલ્લામાં તમામ-૧૨ કેસમાં રીવીઝનની કાર્યવાહી શરૂ કરેલ છે.

**સાબરકાંઠા જિલ્લામાં રસ્તાઓની મરામત**

૨૦૧૭૪ : **શ્રી દિલિપસિંહજી પરમાર (મોડાસા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં ખાસ મરામત સદરે વર્ષ ૨૦૧૦-૨૦૧૧ના નાણાકીય વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં કેટલા રસ્તાઓ, કેટલી રકમના મંજૂર ક્ર્યા, અને | (૧) ૬૪ રસ્તાઓ, રૂ.૩૦૩૦ લાખની અંદાજીત રકમથી મંજુર કર્યા. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ રસ્તાઓ ક્યા તબક્કે છે? | (૨) કુલ ૬૪ રસ્તાઓ પેકી<br>કામો પૂર્ણ - ૭<br>પ્રગતી હેઠળ - ૫૬<br>ટેન્ડર મંજુર - ૧ |

**બોટાદ ખાતે નવા કોર્ટ બિલ્ડીંગ અંગે**

૨૦૩૫૮ : **શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) : માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લાની બોટાદ સ્થિત કોર્ટના બિલ્ડીંગને નવું બનાવવા માટે તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કોઈ મંજૂરી આપવામાં આવી છે તે હકીક્ત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તેના માટે કેટલી રકમની ફાળવણી કરવામાં આવી છે, અને આ કામ ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**મહેસાણા જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળ રસ્તાના કામો**

૨૦૩૫૧ : **શ્રીમતી જશોદાબેન પરમાર (જોટાણા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખાસ અંગભૂત યોજના હેઠળ કેટલા રસ્તાના કામો મંજૂર કરવામાં આવ્યા, | (૧) ખાસ અંગભૂત યોજના હેઠળ ૬૨ રસ્તાના કામો મંજૂર કરવામાં આવ્યા. |
| (૨) કેટલી રકમના કામો મંજૂર કરવામાં આવ્યા, અને | (૨) રૂ. ૩૫૩૪.૯૦ લાખ |
| (૩) ઉક્ત સ્થિતિએ આ કામો ક્યા તબક્કે છે? | (૩) ૬૨ કામો પેકી ૩૯ કામો પૂર્ણ અને ૨૩ કામો પ્રગતિમાં. |

**અમદાવાદ જિલ્લાની વિદ્યાર્થીનીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ**

૨૦૧૨૭ : **શ્રી બાબુભાઈ પટેલ (દસકોઈ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લાની માધ્યમિક શાળાની કેટલી કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવ્યા,

(૨) કુલ કેટલી રકમના બોન્ડ આપવામાં આવ્યા, અને

(૩) કન્યા દીઠ કેટલી રકમના બોન્ડ આપવામાં આવે છે?

**જવાબ**

(૧)

| વર્ષ | બોન્ડ અપાયેલ કન્યાઓની સંખ્યા |
|---|---|
| ૨૦૦૯-૧૦ | ૫૪૨ |
| ૨૦૧૦-૧૧ | ૧૩૭ |
| કુલ : | ૬૭૯ |

(૨)

| વર્ષ | વર્ષવાર બોન્ડની રકમ ₹ |
|---|---|
| ૨૦૦૯-૧૦ | ૧૦,૮૪,૦૦૦ |
| ૨૦૧૦-૧૧ | ૦૨,૭૪,૦૦૦ |
| કુલ : | ૧૩,૫૮,૦૦૦ |

(૩) કન્યાદીઠ ₹ ૨૦૦૦/- ના બોન્ડ આપવામાં આવે છે.

## સાબરકાંઠા જિલ્લામાં મંજૂર કરવામાં આવેલ રસ્તાઓ

૨૦૨૮૧ : **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર પંચાયત અને સ્ટેટ હસ્તકના ક્યા ક્યા રસ્તાઓ મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) એમાં તાલુકાવાર પંચાયત અને સ્ટેટ રસ્તાઓ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર પંચાયત હસ્તકના ૨૭૫ રસ્તાઓ અને રાજ્ય હસ્તકના ૮૧ રસ્તાઓ મંજૂર કરવામાં આવેલ છે. તેની યાદી *પરિશિષ્ટ-૧ મુજબ સામેલ છે.

(૨) તાલુકાવાર પંચાયત અને સ્ટેટ હસ્તકના રસ્તાઓ પાછળ થયેલ ખર્ચ નીચે મુજબ છે.

| તાલુકો | ખર્ચ રૂ. લાખમાં | | |
|---|---|---|---|
| | પંચાયત | સ્ટેટ | કુલ |
| હિંમતનગર | ૫૪૬.૦૭ | ૧૮૯૪.૫૫ | ૨૪૪૦.૬૨ |
| પ્રાંતિજ | ૨૦૦.૧૩ | ૯૬.૮૩ | ૨૯૬.૯૬ |
| તલોદ | ૨૨૬.૭૦ | ૪૬૧.૮૪ | ૬૮૮.૫૪ |
| ઈડર | ૬૮૩.૧૦ | ૬૩૬.૩૨ | ૧૩૧૯.૪૨ |
| વડાલી | ૨૨.૯૦ | ૫૪૩.૨૯ | ૫૬૬.૧૯ |
| ખેડબ્રહ્મા | ૨૫૪.૪૪ | ૧૧૬૪.૬૮ | ૧૪૧૯.૧૨ |
| વિજયનગર | ૨૯૭.૮૦ | ૧૦૩.૦૨ | ૪૦૦.૮૨ |
| ભિલોડા | ૬૦૪.૯૪ | ૭૫૩.૨૭ | ૧૩૫૮.૨૧ |
| મેઘરજ | ૩૫૭.૧૮ | ૫૬૮.૧૮ | ૯૨૫.૩૬ |
| મોડાસા | ૪૧૩.૧૬ | ૬૨૧.૫૩ | ૧૦૩૪.૬૯ |
| ધનસુરા | ૧૮૫.૯૦ | ૨૩૩.૭૧ | ૪૧૯.૬૧ |
| માલપુર | ૩૧૫.૩૦ | ૪૧.૫૭ | ૩૫૬.૮૭ |
| બાયડ | ૪૫૭.૯૧ | ૪૨૮.૦૬ | ૮૮૫.૯૭ |

(*પરિશિષ્ટ-સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

## નર્મદા જિલ્લામાં જંગલ કામદાર સહકારી મંડળીની જમીન વેચાણમાં ગેરરિતીની ફરિયાદ

૧૮૧૫૨ : **શ્રી કિરણકુમાર લ.મકવાણા (જંબુસર) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા જિલ્લાના દેડિયાપાડાની ધી અલમાવાડી જંગલ કામદાર સહકારી મંડળી લી. અલમાવાડીની મોજે નેત્રંગ તાલુકા વાલિયાની જિલ્લા ભરૂચની કેટલી જમીનને તારીખ ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વેચાણ માટે પરવાનગી આપવામાં આવી,

(૨) આ પ્રક્રિયામાં વ્યાપક ગેરરિતીઓ થયાની કેટલી ફરિયાદો સરકારશ્રીને મળી, અને

(૩) મળેલ ફરિયાદો અન્વયે સરકારે શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) ૪ હેક્ટર ૪૨આર ૦૦ ચો.મી.

(૨) ૧૯

(૩.૧) તા.૧૫-૫-૦૮ના હુકમથી જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, નર્મદાએ સહકારી કાયદાની કલમ-૮૧ અન્વયે વ્યવસ્થાપક સમિતિને દુર કરી તેના સ્થાને વહીવટદારની નિમણૂક કરેલ, જે તા.૭-૯-૦૮ સુધી રહેલ, તા.૮-૯-૨૦૦૮ થી નવી વ્યવસ્થાપક સમિતિની વરણી થયેલ છે. છેલ્લે પુનઃ તા.૫-૪-૨૦૧૦ના રોજ વહીવટદારની નિમણૂંક કરેલ છે.

(૩.૨) જમીન ખરીદનારાઓએ દિવાની અદાલત અંકલેશ્વરમાં રે. મુ. નં. ૬૩/૧૦ દાખલ કરી, દસ્તાવેજ નોંધણી રદ કરવાની કાર્યવાહી સામે મનાઇ હુકમ મેળવેલ છે. જે હાલ ચાલુ છે.

(૩.૩) જમીન વેચાણના દસ્તાવેજ અન્વયે ફેરફાર નોંધ ન પાડવા માટે મામલતદાર વાલિયાને તા. ૩૦-૦૬-૧૦ થી રજુઆત કરેલ છે. જે પડતર છે.

(૩.૪) તા.૦૪-૦૫-૧૦ના રોજ પોલીસ ઇન્સ્પેક્ટર, પોલીસ સ્ટેશન, વાલીયાને જમીનના ખોટા દબાણ, માટી ઉલેચવા તથા વૃક્ષો છેદન કરવા સામે લેખિત ફરિયાદ

આપેલ છે.

(૩.૫) તા.૨૯-૦૬-૧૦થી સીટી સર્વે સુપ્રિટેન્ડેન્ટ, નેત્રંગની કચેરીને ફેરફાર નોંધ રદ કરવા બાબતે અરજી આપી, પરંતુ સીટી સર્વે સુપ્રિટેન્ડેન્ટ નેત્રંગ ધ્વારા ફેરફાર નોંધ માન્ય કરતા તેમના તા.૧૪-૦૨-૧૧ના હુકમ સામે નાયબ કલેક્ટરશ્રી, અંક્લેશ્વર સમક્ષ અપીલ દાખલ કરેલ છે. જે પડતર છે.

## કચ્છ જિલ્લામાં પશુસારવાર નિદાન કેમ્પ

૧૯૦૨૭ : **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર કેટલા પશુસારવાર નિદાન કેમ્પ કરવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કચ્છ જિલ્લામાં તાલુકાવાર કરવામાં આવેલ પશુસારવાર નિદાન કેમ્પોની વિગત

| અ.નં. | તાલુકાનું નામ | તા.૧-૧-૦૮ થી ૩૧-૧૨-૦૮ | તા.૧-૧-૦૯ થી ૩૧-૧૨-૦૯ | તા.૧-૧-૧૦ થી ૩૧-૧૨-૧૦ |
|---|---|---|---|---|
| ૧ | અબડાસા | ૧૭ | ૩૧ | ૧૩ |
| ૨ | અંજાર | ૧૭ | ૩૭ | ૧૬ |
| ૩ | ભચાઉ | ૧૭ | ૩૩ | ૧૬ |
| ૪ | ભુજ | ૧૭ | ૩૩ | ૧૬ |
| ૫ | ગાંધીધામ | ૧૩ | ૧૧ | ૫ |
| ૬ | લખપત | ૧૨ | ૨૩ | ૧૧ |
| ૭ | માંડવી | ૧૯ | ૩૩ | ૧૬ |
| ૮ | મુન્દ્રા | ૧૦ | ૧૮ | ૯ |
| ૯ | નખત્રાણા | ૧૪ | ૨૭ | ૧૨ |
| ૧૦ | રાપર | ૧૭ | ૩૩ | ૧૬ |
| | **કુલ** | **૧૫૩** | **૨૭૯** | **૧૩૦** |

(૨) વર્ષવાર કુલ કેટલા પશુઓનું નિદાન કર્યું, અને

(૨) વર્ષ ૨૦૦૮ ૪૪૧૧૬
વર્ષ ૨૦૦૯ ૧૨૫૯૭૯
વર્ષ ૨૦૧૦ ૬૧૪૧૬

(૩) આ પેકી કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૩) રૂા. ૧૯,૦૩,૫૩૧

## અમદાવાદ-ભાવનગર રોડને પહોળો કરવા બાબત

૨૦૧૧૯ : **શ્રી વલ્લભભાઈ ગો.કાકડિયા (રખિયાલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ-ભાવનગર રસ્તાનું વાઇડનીંગ કામ સરકાર ધ્વારા હાથ લેવામાં આવનાર છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તારીખ ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ આ કામ ક્યારે શરૂ કરવામાં આવનાર છે,

(૩) આ કામ પાછળ કેટલો ખર્ચ થનાર છે, અને

(૪) કામ ક્યારે પૂર્ણ થનાર છે?

**જવાબ**

(૧) સરખેજ-ધોળકા-વટામણ-પીપળી-ધોલેરા-ભાવનગર રસ્તાને હા, જી.

(૨) ભાવનગર જિલ્લામાંની ૩૫.૬૦ કિ.મી. લંબાઇમાં તારીખ ૨૭-૧-૨૦૧૧ થી અને અમદાવાદ જિલ્લામાંની ૧૧૬.૪૦ કિ.મી. લંબાઇમાં જેમ બને તેમ જલ્દી.

(૩) અંદાજે રૂા.૧૬૧.૮૨ કરોડ

(૪) ભાવનગર જિલ્લામાંની ૩૫.૬૦ કિ.મી. લંબાઇમાં કરારનામાની જોગવાઇ મુજબ તારીખ ૨૬-૭-૨૦૧૨ સુધીમાં અને અમદાવાદ જિલ્લામાંની ૧૧૬.૪૦ કિ.મી. લંબાઇમાં વર્ક ઓર્ડર આપ્યા બાદ ૧૮ માસમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

--------

## પાટણ જિલ્લામાં નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવાની અરજીઓ

૧૮૯૭૪ **: શ્રી જોધાજી ઠાકોર (વાગડોદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ પાટણ જિલ્લામાં તાલુકાવાર નવી શરતમાંથી જુની શરતમાં ફેરવવા માટેની કેટલી જમીનની કેટલી માંગણીઓ છેલ્લા બે વર્ષમાં મળી, અને

(૨) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ તે અન્વયે કેટલી મંજૂર થઇ અને કેટલી નામંજૂર થઇ?

**જવાબ**

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | જમીનનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. |
|---|---|---|---|
| ૧ | પાટણ | ૪૦૦ | ૭૩૩.૬૪.૩૧ |
| ૨ | સિધ્ધપુર | ૧૩૧ | ૧૮૧.૪૮.૪૬ |
| ૩ | ચાણસ્મા | ૧૩૦ | ૮૩.૫૬.૮૨ |
| ૪ | હારીજ | ૧૨૭ | ૨૨૭.૪૫.૯૩ |
| ૫ | સમી | ૫૩૯ | ૧૫૫૨.૪૮.૧૦ |
| ૬ | રાધનપુર | ૪૨ | ૧૩૪.૨૨.૧૦ |
| ૭ | સાંતલપુર | ૧૦૨ | ૩૭૬.૭૪.૫૭ |
| | **કુલઃ-** | **૧૪૭૧** | **૩૨૮૯.૬૦.૨૯** |

(૨) મંજુર થયેલ અરજીઓ

| અ.નં. | તાલુકાનું નામ | અરજીઓ | જમીનનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. |
|---|---|---|---|
| ૧ | પાટણ | ૪૦૦ | ૭૩૩.૬૪.૩૧ |
| ૨ | સિધ્ધપુર | ૧૨૨ | ૧૭૫.૨૫.૬૭ |
| ૩ | ચાણસ્મા | ૧૨૪ | ૭૮.૦૫.૪૭ |
| ૪ | હારીજ | ૯૧ | ૧૬૫.૦૫.૬૫ |
| ૫ | સમી | ૫૨૬ | ૧૫૧૪.૨૬.૯૨ |
| ૬ | રાધનપુર | ૪૦ | ૧૩૧.૦૯.૪૮ |
| ૭ | સાંતલપુર | ૧૦૨ | ૩૭૬.૭૪.૫૭ |
| | **કુલઃ-** | **૧૪૦૫** | **૩૧૭૪.૧૨.૦૭** |

નામંજુર થયેલ અરજીઓ

| અ.નં. | તાલુકાનું નામ | અરજીઓ | જમીનનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. |
|---|---|---|---|
| ૧ | પાટણ | - | - |
| ૨ | સિધ્ધપુર | ૯ | ૬.૨૨.૭૯ |
| ૩ | ચાણસ્મા | ૬ | ૫.૫૧.૩૫ |
| ૪ | હારીજ | ૩૬ | ૬૨.૪૦.૨૮ |
| ૫ | સમી | ૧૩ | ૩૮.૨૧.૧૮ |
| ૬ | રાધનપુર | ૨ | ૩.૧૨.૬૨ |
| ૭ | સાંતલપુર | - | - |
| | **કુલઃ-** | ૬૬ | **૧૧૫.૪૮.૨૨** |

--------

## કમોસમી વરસાદના કારણે વડોદરા જિલ્લાની ખેતીમાં થયેલ નુકસાન

૧૯૪૬૧ **: શ્રી સિધ્ધાર્થભાઈ પટેલ (ડભોઈ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સપ્ટેમ્બર-૧૦ નવેમ્બર-૧૦માં પડેલા કમોસમી વરસાદના કારણે વડોદરા જિલ્લામાં ખેતીમાં કેટલું નુકસાન થયેલ છે, અને

(૨) આ ખેડૂતોને વળતર આપવા સરકારે કોઇ આયોજન કર્યું છે ?

**જવાબ**

(૧) સપ્ટેમ્બર-૧૦ નવેમ્બર-૧૦માં પડેલા કમોસમી વરસાદના કારણે વડોદરા જિલ્લામાં ખેતીમાં નુકસાન અંગે કોઇ અહેવાલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## વડોદરા જિલ્લામાં રસ્તાઓની મરામત

૨૦૧૬૯ **: શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ (વડોદરા (ગ્રામ્ય) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં ખાસ મરામત સદરે વર્ષ ૨૦૧૦-૨૦૧૧ ના નાણાકીય વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં કેટલા રસ્તાઓ, કેટલી

**જવાબ**

(૧) કુલ ૭૯ રસ્તાઓ
રૂા. ૯૨૩૬.૪૫ લાખની અંદાજીત રકમથી મંજૂર કર્યા.

મના મંજૂર કર્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ રસ્તાઓ ક્યા તબક્કે છે ?

(૨) તમામ ૭૯ રસ્તાઓ પ્રગતિ હેઠળ.

--------

### આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને માનદ વેતન

૨૦૧૨૧ : **ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને કેટલું માનદ વેતન ચૂકવવામાં આવે છે, અને

**જવાબ**

(૧) આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને માનદ વેતન નીચે મુજબ આપવામાં આવે છે.

| અ નં. | આંગણવાડી કાર્યકર | ભારત સરકાર તરફથી | ગુજરાત સરકાર તરફથી | કુલ માનદ વેતન |
|---|---|---|---|---|
| (૧) | આંગણવાડી કાર્યકર | | | |
| (૧) | નોન મેટ્રીક રૂા.૯૩૮ | રૂા.૧૪૩૮ | રૂા.૧૦૦૦ | રૂા. ૨૪૩૮ |
| (૨) | નોન મેટ્રીક (૫ વર્ષનો અનુભવ) રૂા.૯૬૯ | રૂા. ૧૪૬૯ | રૂા.૧૦૦૦ | રૂા. ૨૪૬૯ |
| (૩) | નોન મેટ્રીક (૧૦વર્ષનો અનુભવ) રૂા. ૧૦૦૦ | રૂા.૧૫૦૦ | રૂા.૧૦૦૦ | રૂા.૨૫૦૦ |
| (૪) | મેટ્રીક રૂા. ૧૦૦૦ | રૂા. ૧૫૦૦ | રૂા. ૧૦૦૦ | રૂા. ૨૫૦૦ |
| (૫) | મેટ્રીક (૫ વર્ષનો અનુભવ) રૂા.૧૦૩૧ | રૂા. ૧૫૩૧ | રૂા. ૧૦૦૦ | રૂા. ૨૫૩૧ |
| (૬) | મેટ્રીક (૧૦ વર્ષનો અનુભવ) રૂા.૧૦૬૩ | રૂા. ૧૫૬૩ | રૂા. ૧૦૦૦ | રૂા. ૨૫૬૩ |
| મીની આંગણવાડી કાર્યકર | | રૂા. ૭૫૦ | રૂા. ૨૫૦ | રૂા. ૧૦૦૦ |
| તેડાગર | | ભારત સરકાર તરફથી રૂા. ૭૫૦ | ગુજરાત સરકાર તરફથી રૂા. ૫૦૦ | કુલ માનદ વેતન રૂા. ૧૨૫૦ |

(૨) તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા આ માનદ વેતનમાં ક્યારે ક્યારે અને કેટલો વધારો કરવામાં આવ્યો ?

(૨) -તા.૧૬-૪-૨૦૦૮ના ઠરાવથી
આંગણવાડી કાર્યકરને રૂા.૫૦૦
આંગણવાડી તેડાગરને રૂા.૨૫૦
-તા.૨૯-૪-૨૦૧૦ના ઠરાવથી
આંગણવાડી કાર્યકરને રૂા.૫૦૦
આંગણવાડી તેડાગરને રૂા.૨૫૦
રૂા.૨૫૦ નો વધારો કરેલ છે.

### અમરેલી જિલ્લામાં ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ

૨૦૧૬૩ : **શ્રી મનસુખભાઈ પાં.ભુવા (ધારી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સોઈલ હેલ્થ કાર્ડની યોજના ક્યારથી અમલમાં આવી,

(૨) આ યોજના હેઠળ અમરેલી જિલ્લાના કેટલા ખેડૂતોને તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કાર્ડ પૂરા પાડવામાં આવ્યા, અને

(૩) તેનાથી ખેડૂતોને શો ફાયદો થશે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૩-૦૪થી.

(૨) કૂલ ૨,૧૦,૪૫૭ ખેડૂતોના જમીનના નમુના એકત્રીકરણ અને પૃથ્થકરણ પૂર્ણ થયેલ છે. ૭૩,૨૨૩ ખેડૂતોને કાર્ડ આપવામાં આવેલ છે બાકી ખેડૂતોને કાર્ડ આપવાની કામગીરી ચાલુ છે. છેલ્લા એક વર્ષમાં ૫૦૧૦ ખેડૂતોને કાર્ડ આપવામાં આવ્યા.

(૩) -જમીનમાં મુખ્ય પોષક તત્વોનું પ્રમાણ જાણી શકશે.
-તેના આધારે આપવાના થતા ખાતરની ગણતરી કરી શકશે.
-ખાતરના સમતોલ ઉપયોગ દ્વારા જમીનની તદુંરસ્તી જાળવી ઓછા ખર્ચે વધુ પાક ઉત્પાદન મેળવી શકશે.

-જમીન સુધારણા માટે જરૂરી પગલાં લઈ શકશે.
-જમીનના સ્વાસ્થ્યની જાળવણી કરી શકશે.

## આણંદ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૮ ના વર્ગો

૨૦૧૭૬ : **શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ (આણંદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સન ૨૦૧૦-૨૦૧૧ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં આણંદ જિલ્લાની કેટલી પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૮ના વર્ગો શરૂ કરવામાં આવેલ છે, અને | (૧) ધોરણ-૮ના ૧૪૭ વર્ગો. |
| (૨) ધોરણ-૮ માટે કેટલા વિદ્યાસહાયકોની નિમણૂક કરવામાં આવેલ છે ? | (૨) ધોરણ-૬ થી ૮ માટે ૨૮૩ વિદ્યાસહાયકોની નિમણૂક કરવામાં આવેલ છે. |

--------

## વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં જમીન મકાન લે-વેચના થયેલ દસ્તાવેજો

૧૯૭૪૪ : **શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લાનાં સાવલી તાલુકામાં જમીન મકાન લે વેચના કેટલા દસ્તાવેજો થયા, | (૧) ૩૦૪૧ દસ્તાવેજો થયા. |
| (૨) તે અન્વયે આવા દસ્તાવેજો બોગસ છેતરપીંડી કરી જમીન મકાન લે વેચ થઈ હોય તેવી વ્યાપક ફરીયાદો અન્વયે રાજ્ય સરકાર આવા દસ્તાવેજોની ચકાસણી કરવા માંગે છે કે કેમ, અને | (૨) હા. |
| (૩) બોગસ દસ્તાવેજ છેતરપીંડી થયેલ હોય અને તેવા કૃત્યો કરનારા પકડાયા હોય તો તેમની સામે સરકારે શાં પગલાં લઈ ગુન્હા નોંધ્યા ? | (૩) ત્રણ(૩) ફરીયાદ પોલીસ તપાસ મુજબ મળેલ છે જેની પોલીસ દ્વારા ફરિયાદ દાખલ થયેલ છે. |

--------

## જામનગર જિલ્લામાં રસ્તાઓની મરામત

૨૦૧૨૦ : **શ્રી મેઘજીભાઈ કણઝારીયા (ખંભાળીયા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં ખાસ મરામત સદરે વર્ષ ૨૦૧૦-૧૧ ના નાણાકીય વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં કેટલી રકમના રસ્તાઓને મંજૂરી આપવામાં આવી, અને | (૧) રૂા. ૧૮૫૬ લાખની. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ રસ્તાના કામો ક્યા તબક્કે છે ? | (૨) ૭ કામો પ્રગતિમાં હતા, ૨ કામો માટે વર્ક ઓર્ડર આપેલ હતો તથા ૨૯ કામો ટેંડર પ્રક્રિયા હેઠળ હતા. |

--------

## રાજ્યમાં કમોસમી વરસાદથી ખેતીના પાકના નુક્સાનનો કેન્દ્ર સરકાર સમક્ષ અંદાજ

૧૮૧૫૦ : **શ્રી માનસિંહ ચૌહાણ (બાલાસિનોર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષમાં સપ્ટે.-૧૦ નવેમ્બર-૧૦માં પડેલા કમોસમી વરસાદના કારણે ખેતીમાં થયેલ નુક્સાન માટે કેટલી રકમની નુક્સાનનો અંદાજ કેન્દ્ર સરકાર સમક્ષ ક્યારે મૂકવામાં આવ્યો, અને | (૧) રાજ્યમાં સને ૨૦૧૦-૨૦૧૧ના વર્ષમાં સપ્ટે.-૧૦-નવેમ્બર-૧૦માં પડેલા કમોસમી વરસાદના કારણે ખેતીમાં અંદાજીત રૂા. ૩૩૧૨૮૨ લાખનું નુક્સાન થયેલ. જે અંગેની દરખાસ્ત કેન્દ્ર સરકાર સમક્ષ તા. ૧૯-૧-૨૦૧૧ના રોજ રજૂ કરવામાં આવેલ છે. |
| (૨) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ કેન્દ્ર સરકાર | (૨) કેન્દ્ર સરકાર તરફથી કોઇ પ્રતિભાવ મળેલ |

તરફથી તેનો શો પ્રતિભાવ મળેલ છે ?

નથી.

--------

**આણંદ જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફાયર સેફ્ટીની સુવિધા**

૧૯૮૭૮ **: શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ આણંદ જિલ્લામાં સરકારી તેમજ ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની સંખ્યા કેટલી છે, અને

(૧)

| શાળાનો પ્રકાર | સરકારી | ગ્રાન્ટેડ | નોન ગ્રાન્ટેડ | કુલ |
|---|---|---|---|---|
| માધ્યમિક | ૦૧ | ૧૩૮ | ૪૧ | ૧૮૦ |
| ઉચ્ચતર માધ્યમિક | ૦૧ | ૮૩ | ૩૦ | ૧૧૪ |
| કુલ : | ૦૨ | ૨૨૧ | ૭૧ | ૨૯૪ |

(૨) આવી શાળાઓ પૈકી ફાયર સેફ્ટીની સુવિધા વગરની કઇ કઇ શાળાઓ છે ?

(૨) એક પણ નહીં.

--------

**પંચમહાલ જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યાઓ**

૧૯૩૧૧ **: શ્રી દિતાભાઈ ભી.મછાર (ઝાલોદ ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારી માધ્યમિક અને ઉ.મા. શાળાઓમાં શિક્ષકોની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૧)

| વિભાગ | ખાલી જગ્યા |
|---|---|
| માધ્યમિક | ૦૨ |
| ઉચ્ચતર માધ્યમિક | ૦૫ |

(૨) આવી ખાલી જગ્યાઓ સત્વરે ભરવા સરકારે શી કાર્યવાહી કરી ?

(૨) (૧) ધોરણ ૮નો ઉચ્ચતર પ્રાથમિક શાળામાં સમાવેશ કરવાથી ફાજલ પડનાર શિક્ષકોનો સમાવેશ થઇ શકે તે માટે તથા

(૨) માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨ની કલમ-૩૫માં સુધારો થતા શાળાના આચાર્ય, શિક્ષકોની ભરતી અંગે નવા નિયમો ઘડવાના હોઇ, આચાર્ય, શિક્ષકોની જગ્યાઓ ભરવા પર બાન મુકવામાં આવેલ જેના કારણે જગ્યાઓ ખાલી રહેવા પામેલ. હવે ફાજલ શિક્ષકોનો સમાવેશ કરવા અંગે શિક્ષણ વિભાગના તારીખ ૨૨-૧૧-૨૦૧૦ના ઠરાવથી સૂચનાઓ બહાર પાડેલ છે અને ગ્રાન્ટેડ શાળામાં શિક્ષકોની ભરતી અંગે શિક્ષણ વિભાગના તારીખ ૧૧-૦૨-૨૦૧૧ના જાહેરનામાથી ભરતી નિયમો બહાર પાડવામાં આવ્યા છે. આ નિયમો સરકારી માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓને પણ લાગુ પાડવામાં આવશે. અને ખાલી જગ્યાઓ જેમ બને તેમ જલદીથી ભરવામાં આવશે.

--------

**જામનગર જિલ્લામાં આવેલ કોસ્ટલહાઇવે નંબર-૬નો રસ્તો તૂટી જવા અંગે**

૧૯૫૮૨ **: શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જામનગર જિલ્લામાં આવેલ કોસ્ટલહાઇવે નં. ૬ માં હજનાળીથી હડીયાણા સુધી વરસાદી પાણીના

(૧) જમીન ખારાશવાળી અને કાળી હોવાના કારણે ચોમાસા દરમિયાન સેટલમેન્ટ થયેલ છે.

નિકાલની વ્યવસ્થા ન થવાને કારણે દર વરસે રસ્તો તુટી જાય છે અને બિસ્માર હાલતમાં અનેક સ્થળે રહે છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, અને

(૨) જો હા, તો આ સમસ્યાના ઉકેલ માટે સરકારે શી પાકી વ્યવસ્થા ગોઠવી છે ?

(૨) બાબત વિચારણા હેઠળ છે.

--------

**બેચરાજી-મોઢેરા રસ્તો પહોળો કરવા અંગે**

૨૦૧૮૧ **: શ્રી રજનીકાન્ત સો.પટેલ (ચાણસ્મા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ બેચરાજી મોઢેરા રસ્તાને પહોળો કરવા સરકારે મંજૂરી આપી છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યારે મંજૂરી આપી, અને | (૨) તા.૩-૧૨-૨૦૧૦ |
| (૩) આ કામની અંદાજીત રકમ કેટલી છે, અને આ કામ ક્યારે શરૂ થનાર છે ? | (૩) રૂ.૧૬૧૭.૦૦ લાખ છે. વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયે શક્ય એટલું વહેલું. |

**દાહોદ જિલ્લામાં પુલ બનાવવા બાબત**

૧૮૧૪૦ **: શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાના ધાનપુર તાલુકાના ગઢવેલ ગામે નિશાળ પાસે કોતર છે ત્યાં આગળ આવવા-જવા માટે નાનો પુલ બનાવવાની કેટલી માંગણીઓ સરકારને મળી, અને | (૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ સંદર્ભે આવી કોઈ માંગણીઓ અત્રેના વિભાગને મળેલ નથી. |
| (૨) મળેલ માંગણીઓ અન્વયે સરકારે શું કાર્યવાહી કરી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**જૂનાગઢ જિલ્લાના ઈ-ધારા સેન્ટરમાંથી અપાતી નકલોમાં સેન્ટર દ્વારા થતી ક્ષતિઓ બાબત**

૧૮૮૫૨ **: શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં તાલુકાવાર ઈ.ધારા સેન્ટરોમાં ૭/૧૨, ૮-અ અને હક્કપત્રક વિગેરેની નકલોમાં ક્ષતિઓ હોવાની કેટલાં ખેડૂતોની ફરિયાદો મળેલ છે,

(૧)

| (૧) તાલુકો | તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મળેલ ફરિયાદો |
|---|---|
| ૧. જૂનાગઢ | શૂન્ય |
| ૨. વંથલી | શૂન્ય |
| ૩. વિસાવદર | શૂન્ય |
| ૪. ભેંસાણ | શૂન્ય |
| ૫. માણાવદર | શૂન્ય |
| ૬. વેરાવળ | ૨૦૫ |
| ૭. સુત્રાપાડા | ૯૭ |
| ૮. તલાલા | ૧૦ |
| ૯. કોડીનાર | ૧૫૭ |
| ૧૦. ઉના | ૪૭ |
| ૧૧. કેશોદ | ૫૩ |
| ૧૨ માંગરોળ | ૨૬ |
| ૧૩. માળીયા | ૧૧૯ |
| ૧૪. મેંદરડા | ૯ |
| કુલ : | ૭૨૩ |

(૨) ઉપરોક્ત મળેલ ફરિયાદો પેકી ઉક્ત સ્થિતિ એ તાલુકાવાર કેટલી અરજીઓનો નિકાલ કરેલ છે, અને કેટલી અરજીઓ કેટલા સમયથી પડતર છે,

(૨)

| તાલુકા | મળેલ ફરિયાદો પેકી ઉક્ત | પડતર અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧. જૂનાગઢ | શૂન્ય | શૂન્ય |
| ૨. વંથલી | શૂન્ય | શૂન્ય |
| ૩. વિસાવદર | શૂન્ય | શૂન્ય |
| ૪. ભેંસાણ | શૂન્ય | શૂન્ય |
| ૫. માણાવદર | શૂન્ય | શૂન્ય |
| ૬. વેરાવળ | ૧૯૯ | ૬ અરજીઓ છ માસથી પડતર |
| ૭. સુત્રાપાડા | ૯૭ | શૂન્ય |
| ૮. તલાલા | ૦૭ | ૩ અરજીઓ છ માસથી પડતર |

| | | છે. |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૯. કોડીનાર | ૧૩૬ | ૨૧ અરજીઓ છ માસથી પડતર છે. |
| ૧૦. ઉના | ૪૭ | શૂન્ય |
| ૧૧. કેશોદ | ૫૩ | શૂન્ય |
| ૧૨ માંગરોળ | ૨૬ | શૂન્ય |
| ૧૩. માળીયા | ૧૦૭ | ૧૨ અરજીઓ છ માસથી પડતર છે. |
| ૧૪. મેંદરડા | ૯ | શૂન્ય |
| કુલ : | ૬૮૧ | ૪૨ |

(૩) ઈ-ધારા સેન્ટરોમાંથી મળતી નકલોમાં જે ક્ષતિઓ થાય છે તે માટે જવાબદાર કર્મચારીઓ સામે કોઈ કાર્યવાહી કરવામાં આવે છે કે કેમ, અને

(૩) આવી ભૂલોનું પુનરાવર્તન ન થાય તે માટે સંબંધિતોને સૂચના આપવામાં આવે છે.

(૪) જો હા, તો તેની વિગતો શી છે ?

(૪) ઉપર ખંડ (૩) મુજબ.

## અમદાવાદની સરકારી ઈજનેરી કોલેજમાં મંજૂર થયેલ મહેકમ

૧૯૫૬૯ : **શ્રી ગ્યાસુદીન શેખ (શાહપુર)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ અમદાવાદમાં સરકારી ઈજનેરી કોલેજમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, અને

(૨) તે પૈકીની કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે ?

**જવાબ**

(૧) અમદાવાદની સરકારી ઈજનેરી કોલેજમાં (એલ.ડી. કોલેજ ઓફ ઈજનેરી) મહેકમની પરિસ્થિતિની વિગતો.

| સંવર્ગ | મંજૂર થયેલ મહેકમની સંખ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૧૬૦ |
| વર્ગ-૨ | ૧૭૬ |
| વર્ગ-૩ | ૧૨૭ |
| વર્ગ-૪ | ૦૯૬ |

(૨)

| ક્રમ | ૧ વર્ષ સુધીની | ૧ થી ૨ વર્ષ સુધીની | ૨ થી ૩ વર્ષ સુધીની | ૩ વર્ષથી વધુ | કુલ |
|---|---|---|---|---|---|
| વર્ગ-૧ | ૦૬ | ૫૭ | ૧૦ | ૨૫ | ૯૮ |
| વર્ગ-૨ | ૪૦ | ૨૮ | ૦૧ | ૦૪ | ૭૩ |
| વર્ગ-૩ | ૧૩ | ૦૫ | ૦૫ | ૪૨ | ૬૫ |
| વર્ગ-૪ | ૦૩ | ૦૨ | ૦૫ | ૩૦ | ૪૦ |
| કુલ : | ૬૨ | ૯૨ | ૨૧ | ૧૦૧ | ૨૭૬ |

--------

## જામનગર જિલ્લામાં મંજૂર કરવામાં આવેલ રસ્તાઓ

૨૦૧૫૬ : **શ્રી મુળુભાઈ હ. બેરા (ભાણવડ)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા.૩૧-૧-૨૦૧૧ સુધીમાં સ્ટેટ રોડ હેઠળ કેટલા રસ્તાઓ મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) આ રસ્તાના કામો માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી ?

**જવાબ**

(૧) ૧૩ રસ્તાની કામગીરી મંજૂર કરવામાં આવી.

(૨) રૂ.૫૭૮૦ લાખની.

--------

## કચ્છ જિલ્લામાં દરિયાઈ પુલનું પુનઃ નિર્માણ

૧૮૪૭૬ : **શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં માંડવી શહેરના પ્રવેશદ્વારા સમો દરિયાઈ પુલ ખુબ જર્જરીત હાલતમાં છે તે સરકાર જાણે છે,

(૨) જો હા, તો તેના પુનઃ નિર્માણ માટે ઉક્ત સ્થિતિએ શું પગલાં લીધા છે, અને

**જવાબ**

(૧), (૨) અને (૩) : રા.ધો.માર્ગ નં.૮-અ (એક્સ્ટેન્શન) ના કી.મી. ૧૦૦/૦ પર આવતા માંડવી શહેરના રુક્માવતી નદી ઉપરના હયાત પુલનું આયુષ્ય પૂર્ણ થયેલ હોઈ ભારે વાહનોના પસાર થવા પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. અને પુલ સહિત માંડવી

(૩) કામ ક્યારે શરુ કરવામાં આવશે ?

બાયપાસની પથરેખા મંજૂર કરવામાં આવેલ છે. જેમાં જમીન સંપાદનની કાર્યવાહી પ્રગતિમાં છે. રાષ્ટ્રીય ધોરીમાર્ગોના બાંધકામ અને મરામતની જવાબદારી સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયની હોઈ માંડવી બાયપાસ તેમજ તેના ઉપર આવતા પુલના બાંધકામના રૂ.૩૦.૪૧ કરોડના નકશા અંદાજો રાજ્ય સરકાર દ્વારા ભારત સરકારના, સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયને તા.૭-૧૨-૨૦૧૦ થી મોકલવામાં આવેલ છે. જેને મંજૂરી મળ્યેથી બાંધકામની કામગીરી હાથ ધરવામાં આવશે.

--------

**ડાંગ જિલ્લામાં સરકારી માધ્યમિક શાળાઓ**

૨૦૩૩૬ **: શ્રી વિજયભાઈ ર.પટેલ (ડાંગ-વાંસદા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ડાંગ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કુલ કેટલી સરકારી માધ્યમિક શાળાઓ આવેલ છે,

(૧) ૧૯ (ઓગણીસ).

(૨) તે પેકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સરકારી માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવી, અને

(૨) ૯ (નવ).

(૩) ક્યા ક્યા સ્થળે શરૂ કરવામાં આવેલ છે ?

(૩) (૧) બોરખલ (૨) મહાલપાડા (૩) માળગા (૪) પીપલાઈદેવી (૫) બરડીપાડા (૬) કાકશાળા (૭) ચીકાર (૮) ચીખલી (૯) નડગચોંડ

**આણંદ જિલ્લામાં નિરાધાર વિધવાઓને સ્વનિર્ભરતા તાલીમ**

૨૦૨૧૬ **: શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલી બહેનોને વિધવા પેન્શન આપવામાં આવે છે,

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ કુલ ૩,૩૪૫ વિધવા બહેનોને પેન્શન આપવામાં આવે છે.

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | આણંદ | ૯૩૯ |
| ૨ | ઉમરેઠ | ૫૫૪ |
| ૩ | આંકલાવ | ૧૫૪ |
| ૪ | પેટલાદ | ૬૧૪ |
| ૫ | સોજીત્રા | ૧૯૪ |
| ૬ | બોરસદ | ૫૫૮ |
| ૭ | ખંભાત | ૨૭૬ |
| ૮ | તારાપુર | ૫૬ |
| | **કુલ :** | **૩,૩૪૫** |

(૨) તેઓ આર્થિક સ્વનિર્ભર બને તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કઈ કઈ સંસ્થાઓ દ્વારા ક્યા ક્યા ટ્રેડની તાલીમ આપવામાં આવી, અને

(૨) આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચે મુજબ સંસ્થાઓ દ્વારા જુદા જુદા ટ્રેડની તાલીમ આપવામાં આવી છે.

| ક્રમ | તાલુકાનું નામ | સંસ્થાનું નામ | તાલીમ ટ્રેડનું નામ |
|---|---|---|---|
| ૧ | આણંદ | જાગૃત મહિલા સંગઠન, આણંદ | શીવણકામ, ભરતકામ, એમ્બ્રોયડરી, બ્યુટીપાર્લર, પશુપાલન, ડેરી, દુધ-દહીં, વેચાણ, કરીયાણા વેપાર, પડીયા પતરાડા, સીંજનલ ધંધો, ટીફીન-સેવા, શાકભાજી વેપાર, બગસરા આઈટમ, કટલરી, પાનબીડી, ધોબી કામ, ફોલ બિડીંગ વિગેરે. |
| ૨ | ઉમરેઠ | | |
| ૩ | આંકલાવ | | |
| ૪ | પેટલાદ | | |
| ૫ | સોજીત્રા | | |
| ૬ | બોરસદ | | |
| ૭ | ખંભાત | | |
| ૮ | તારાપુર | | |

(૩) કેટલી બહેનોને તે અન્વયે તાલીમ આપવામાં આવી ?

(૩) ૭૨૩ બહેનો.

**નર્મદા અને ભરૂચ જિલ્લાના ખેડૂતોને ખાતર અને બિયારણ પુરતા પ્રમાણમાં ન મળવા બાબત**

૧૯૪૩૭ **: શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નર્મદા અને ભરૂચ જિલ્લાનાં ખેડૂતોને તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખાતર અને બિયારણ પુરતા પ્રમાણમાં મળતું નથી તે હકીક્ત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો સમયસર પૂરતો જથ્થો મળે તે માટે સરકારે શું આયોજન કરેલ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**ખેડા જિલ્લામાં ખેડૂતોની જમીનના નવી શરતમાંથી જૂની શરતના કેસો**

૧૮૯૯૨ **: શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખેડા જિલ્લામાં પંચાયતોમાંથી નગરપંચાયતો થઈ તેમાં ખેડૂતોની નવી શરતની જમીનો જુની શરતમાં કરવા માટે ખેડૂતોએ ચલણ ભર્યા છે તેવા કેટલા કેસો છે, | (૧) ૧ (એક) |
| (૨) આવા કેસોનો ઝડપી નિકાલ થાય તે માટે સરકારે શી કાર્યવાહી કરી અને, | (૨) ઉક્ત એક કેસનો હુકમ થઈ ગયેલ છે તેથી પ્રશ્ન નથી. |
| (૩) કેટલા સમયમાં આ કામગીરી પૂર્ણ થશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**વડોદરા અને નર્મદા જિલ્લાના બિસ્માર રસ્તાઓની મરામત**

૧૯૩૮૫ **: શ્રી ધીરુભાઈ ભીલ (નસવાડી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ વડોદરા અને નર્મદા જિલ્લાના પંચાયત અને સ્ટેટ હસ્તકના કેટલા રસ્તાઓ બિસ્માર હાલતમાં છે, (૨) આવા બિસ્માર રસ્તાઓનું મરામત કામ સમયસર હાથ પર નહીં લેવાના કારણો શાં છે, અને (૩) કેટલા સમયમાં આ મરામત કામગીરી હાથપર લઈ પૂર્ણ કરવામાં આવશે? | (૧), (૨) અને (૩) : કોઈ રસ્તાઓ બિસ્માર હાલતમાં નથી. રસ્તા વાહન વ્યવહાર યોગ્ય રાખવામાં આવેલ છે. |

**પાટણ ખાતે નવા કોર્ટના બિલ્ડીંગ અંગે**

૨૦૩૫૩ **: શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર) : માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પાટણ સ્થિત કોર્ટના બિલ્ડીંગને નવું બનાવવા માટે તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કોઈ મંજૂરી આપવામાં આવી છે તે હકીક્ત સાચી છે, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો તેના માટે કેટલી રકમની ફાળવણી કરવામાં આવી છે, અને આ કામ ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે? | (૨) માર્ગ અને મકાન વિભાગ હેઠળ રકમની ફાળવણી કામના સદરવાર કરવામાં આવે છે. કામ અનુસાર ફાળવણી કરવામાં આવતી નથી. આ કામ ખાતે રૂા. ૧૧૫૩.૦૩ લાખનો ખર્ચ થયેલ છે, અને નવા મકાનના બાંધકામની કામગીરી પૂર્ણતાના આરે છે. |

--------

## અમરેલી જિલ્લામાં મધ્યાહન ભોજન કેન્દ્ર

૨૦૨૭૫ **: શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં કુલ કેટલા મધ્યાહન ભોજન કેન્દ્રો ચાલે છે,

(૨) મધ્યાહન ભોજન કેન્દ્રોની તપાસ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી વખત કરવામાં આવી, અને તપાસ દરમિયાન કોઈ ક્ષતિ માલુમ પડેલ છે કે નહી, અને

(૩) જો હા, તો શાં પગલાં લેવામાં આવ્યા?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં કુલ-૮૦૩ મધ્યાહન ભોજન કેન્દ્રો ચાલે છે.

(૨) અમરેલી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રોની કુલ-૨૫૧૭ તપાસણી કરવામાં આવેલ છે, જે તપાસણી દરમ્યાન કુલ-૧૮૦ કેન્દ્રોમાં ક્ષતિ જણાયેલ છે.

(૩) કુલ-૧૮૦ ક્ષતિ જણાયેલ કેન્દ્રો પૈકી ૨૮ મધ્યાહન ભોજન યોજના કેન્દ્રોના સંચાલકોને છુટા કરવામાં આવ્યા, ૫૧ મધ્યાહન ભોજન યોજના કેન્દ્રના સંચાલકો પાસેથી કુલ રૂા. ૪૪૩૩૭/-ની વસુલાત કરવામાં આવેલ છે. અને ૧૦૧ મધ્યાહન ભોજન યોજના કેન્દ્ર સંચાલકોને તેમની કામગીરીમાં સુધારો થાય તે માટે તાકિદ આપવામાં આવેલ છે.

--------

## અમદાવાદ શહેર અને જિલ્લાની ગોચર જમીન અને ફાળવણી

૧૯૧૫૨ **: શ્રી શૈલેષભાઈ મ.પરમાર (શહેર કોટડા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં તાલુકાવાર ગોચરની કેટલી જમીન આવેલ છે, અને

(૨) આવી ગોચરની જમીનો અન્ય હેતુ માટે ન ફાળવવા સરકારે ક્યા પ્રકારનું આયોજન કરેલ છે?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | ક્ષેત્રફળ (ચો.મી.) |
|---|---|---|
| ૧ | સીટી | ૧૬૨૭૯૬૩ |
| **ક્રમ** | **તાલુકાનું નામ** | **ક્ષેત્રફળ (ચો.મી.)** |
| ૨ | દસ્ક્રોઈ | ૪૯૯૭૩૩૧૬ |
| ૩ | વિરમગામ | ૨૨૬૬૨૨૧૧ |
| ૪ | માંડલ | ૧૩૬૪૮૫૮૦ |
| ૫ | દેત્રોજ | ૯૩૯૮૭૬૩ |
| ૬ | બાવળા | ૫૦૭૩૯૧૫૭ |
| ૭ | ધોળકા | ૪૫૭૮૫૬૫૨ |
| ૮ | ધંધુકા | ૩૦૪૬૧૫૩૧ |
| ૯ | રાણપુર | ૧૮૫૧૯૪૧૪ |
| ૧૦ | બરવાળા | ૧૫૮૫૫૬૫૮ |
| ૧૧ | સાણંદ | ૨૭૧૧૫૮૮૫ |
| | **કુલ :** | **૨૮૫૭૮૮૧૩૦** |

(૨) પ્રવર્તમાન નીતિ નિયમ મુજબ.

--------

## ચોટીલા તાલુકાના રસ્તાને રિસરફેસ કરવા અંગે

૨૦૧૬૬ **: શ્રી ભરતભાઈ વ. ખોરાણી (ચોટીલા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાના સુરેયા-મેવાસા-સુખસર-ચીરોડા રોડને રીસરફેસ કરવા માંગે છે કે કેમ,

(૨) જો હા, તો આ કામ ક્યારે મંજૂર કરવામાં આવ્યુ,

(૩) આ કામ ક્યારે શરૂ કરવામાં આવશે, અને

(૪) આ કામ પાછળ અંદાજીત કેટલો ખર્ચ થશે?

**જવાબ**

(૧) થી (૪) : હા, જી.

રૂા.૧૩૦ લાખની અંદાજી કિંમતનું આ કામ મંજુરીની પ્રક્રિયા હેઠળ છે જે પૂર્ણ થયેથી એજન્સી નક્કી થયે જેમ બને તેમ ઝડપથી.

**આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ દ્વારા ફ્લડ રીસ્ક્યુ તાલીમ**

૨૦૧૪૫ **: શ્રી ઋષિકેશ ગ.પટેલ (વિસનગર) : માનનીય આપત્તિ વ્યવસ્થાપન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ દ્વારા પૂર આપત્તિના સમયે અસરકારક બચાવ કામગીરી માટે સ્ટાફને ફલડ રીસ્ક્યુ તાલીમ માટે કેટલા તાલીમ કાર્યક્રમો યોજવામાં આવ્યા, | (૧) ૧૦ |
| (૨) તેમાં કેટલાને તાલીમ આપવામાં આવી, અને | (૨) ૩૦૪ |
| (૩) તે માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩) રૂ. ૧૯,૮૦,૦૦૦/- |

--------

**સુરત જિલ્લામાં ખેડૂત લાભાર્થીઓને ટ્રાયબલ સબ પ્લાન હેઠળ પાણીના એન્જીનો ફાળવવા બાબત**

૧૮૪૯૦ **: શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ (બારડોલી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લાના તાલુકાઓમાં કુલ કેટલા લાભાર્થીઓને ટ્રાયબલ સબ પ્લાન હેઠળ પાણીના એન્જીનો ફાળવવામાં આવ્યા છે, અને | (૧) ૬૨૧ એન્જીનો. |
| (૨) તે પૈકી માંડવી તાલુકાના કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યા ? | (૨) ૧૮૧ લાભાર્થીઓ. |

--------

**વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં વિજ્ઞાન પ્રવાહની શાળાઓ**

૧૯૪૧૩ **: શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં ઉચ્ચતર માધ્યમિકની સાયન્સ પ્રવાહની કેટલી શાળાઓ છે, | (૧) ૦૧ (ગ્રાન્ટેડ). |
| (૨) જો આવી સાયન્સ પ્રવાહની શાળાઓ ન હોય તો તેના કારણો શા છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) સરકાર આવી શાળાઓ ક્યાં આપવા માંગે છે? | (૩) વર્ષ ૨૦૧૦-૧૧ની બજેટ જોગવાઈ અન્વયે શિક્ષણ વિભાગના તા.૧૫-૨-૧૧ના ઠરાવથી કપરાડા ખાતે વિજ્ઞાન પ્રવાહની નવી સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા શરૂ કરવાની મંજૂરી આપવામાં આવેલ છે. |

--------

**વડોદરા જિલ્લામાં વિદ્યા સહાયકોની નિમણૂંકો**

૨૦૩૪૫ **: શ્રી મધુભાઈ બા. શ્રીવાસ્તવ (વાઘોડિયા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧માં તા.૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં કેટલા વિદ્યા સહાયકોની નિમણૂંક કરવામાં આવી, અને | (૧) ૪૪૮ વિદ્યાસહાયકોની. |
| (૨) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલા વિદ્યા સહાયકોની જ્યાઓ ખાલી છે? | (૨) રાઈટ ટુ એજ્યુકેશન એકટનો અમલ કરતાં તા.૦૩-૦૬-૧૦ના ઠરાવથી વિદ્યાર્થી-શિક્ષકના ધોરણો સુધારતાં ૫૫૮ જ્યાઓ ખાલી રહેલ છે. |

### ગાંધીનગરમાં સચિવાલય અને વિધાનસભાને જોડતા પુલની મરામત કરવા અંગે

૧૯૩૦૦ : **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૧માં રાજ્યમાં આવેલ વિનાશક ભુકંપ પછી ગાંધીનગર ખાતે સચિવાલય અને વિધાનસભાને જોડતા પુલને નુકશાન થયેલ તે અન્વયે તેની મરામત કામગીરી પાછળ તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલો ખર્ચ થયો, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ મરામત કામગીરી કેટલી બાકી છે અને કેટલા સમયમાં તે કેટલી રકમના અંદાજ સાથે પૂર્ણ થશે?

**જવાબ**

(૧) સચિવાલય અને વિધાનસભાને જોડતા પુલના મરામત પાછળ તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ ખર્ચ રૂ.૩૩,૯૩,૬૬૬/- નો થયો છે.

(૨) ઉક્ત સ્થિતિએ મરામત માટે કોઈ કામગીરી બાકી નથી.

--------

### પંચમહાલ જિલ્લામાં રસ્તાઓની મરામત

૨૦૧૬૮ : **શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં ખાસ મરામત સદરે વર્ષ ૨૦૧૦-૨૦૧૧ ના નાણાકીય વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં કેટલા રસ્તાઓ, કેટલી રકમના મંજૂર કર્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ રસ્તાઓ ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) કુલ ૩૨ કામો.
**રૂ. ૨૦૩૪.૦૦** લાખની અંદાજીત રકમથી મંજુર ર્ક્યા.

(૨) પ્રગતિ હેઠળ - ૨૯
ટેન્ડર મંજુરીમાં - ૩.

--------

### તરણેતર ખાતેના પશુમેળામાં થયેલ ખર્ચ અંગે

૨૦૦૩૬ : **શ્રી પ્રભુભાઈ વસાવા (સોનગઢ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તરણેતર ખાતે યોજાયેલ પશુમેળામાં પશુપાલન નિયામક્ની ક્ચેરી દ્વારા કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

રૂપિયા ૧૭,૬૯,૯૧૯/-.

--------

### ખેડા જિલ્લામાં રસ્તાઓની મરામત

૩૦૪/page> ૨૦૧૬૦ : **શ્રી દેવુસિંહ જે.ચૌહાણ (માતર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં ખાસ મરામત સદરે વર્ષ ૨૦૧૦-૨૦૧૧ના નાણાકીય વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં કેટલા રસ્તાઓ, કેટલી રકમના મંજૂર કર્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ રસ્તાઓ ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) કુલ ૬૧ કામો, રૂ. ૩૧૨૪.૦૦ લાખની અંદાજીત રકમના મંજૂર ર્ક્યા.

(૨) પૂર્ણ કામો - ૪
પ્રગતિ હેઠળ - ૫૧
ટેન્ડર મંજુર - ૧
ટેન્ડર પ્રક્રિયા - ૪
નકશા અંદાજ લેવલે - ૧

## પંચમહાલ જિલ્લામાં કિસાનપથ યોજના હેઠળ રસ્તાઓ

**૧૮૮૫૦ : શ્રી હીરાભાઈ હ.પટેલ (લુણાવાડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં તાલુકાદીઠ કિસાનપથ યોજના હેઠળ ક્યા ક્યા અને કેટલા રસ્તાઓ મંજૂર થયા,

(૨) તે પૈકીના કેટલા રસ્તાઓના ઉક્ત સ્થિતિએ કામ પૂર્ણ થયેલ છે, અને

(૩) બાકીના રસ્તાઓના કામો પૂર્ણ કરવા માટે શું આયોજન છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ બે વર્ષમાં કુલ ૪૧ કામો **પત્રક-૧** મુજબ મંજુર કર્યા.

(૨) તે પૈકી ૩૨ રસ્તાના કામો પૂર્ણ થયેલ છે.

(૩) બાકી પ્રગતિવાળા રસ્તાઓને જેમ બને તેમ સત્વરે પૂર્ણ કરવાનું આયોજન છે.

**પત્રક - ૧**

**પંચમહાલ જિલ્લામાં કિસાનપથ યોજના હેઠળ રસ્તાઓ**

| તાલુકો | કામનું નામ |
|---|---|
| ૧ | ૨ |
| મોરવા (હ) | ૧ ભુવર એપ્રોચરોડ<br>૨ અગરવાડા તાજપુરી વંદેલી રોડ<br>૩ વાડોદર મેખર રોડ |
| | **૩ કુલ ૩ કામ** |
| ગોધરા | ૧ રતનપુર લાલપુર નવાધરા રોડ<br>૨ ચંચાપા-ખજુરી રોડ<br>૩ કેવડીયા ભામેયા રોડ<br>૪ કેવડીયા ધોળી રોડ<br>૫ ઓરવાડા-વાઘજીપુર રોડ<br>૬ અસારડી-ગોપરી રોડ<br>૭ રતનપુર કાંટડી ટીંબા રોડ |
| | **૭ કુલ ૭ કામ** |
| હાલોલ | ૧ ઇમ્પ્રુ. ઓફ રામેશરા આજવા ગોરજ રોડ<br>૨ ધાણકીયા એપ્રોચ રોડ<br>૩ ઇમ્પ્રુ. કંજરી એપ્રોચ રોડ<br>૪ ભમરીયા ગંભીરપુરા રોડ<br>૫ ધનકુવા ભમરીયા રોડ<br>૬ સીંગપુર પાંચ ખોબલા રોડ |
| | **૬ કુલ ૬ કામ** |
| કાલોલ | ૧ કનેરીયા એપ્રોચ રોડ<br>૨ મેન્દ્રાપુરા એપ્રોચ રોડ<br>૩ ડેરોલ સણસોલી કલ્યાણા રોડ<br>૪ પાધોરા શામળકુવા રોડ<br>૫ સણસોલા હરખાપુરા રોડ<br>૬ સડકા ભુખી પરૂણા રોડ |
| | **૬ કુલ ૬ કામ** |
| ઘોઘંબા | ૧ પાલ્લા પાધોરા બાકરોલ રોડ<br>૨ રણજીતનગર ચેલાવાડા રોડ |
| | **૨ કુલ ૨ કામ** |
| શહેરા | ૧ શહેરા અણીયાદ બીલીથા બોરડી રોડ<br>૨ ભેંસાલ મંગલીયાણા રોડ<br>૩ પાદરડી બખ્ખર રોડ<br>૪ બોરીયાવી એપ્રોચ રોડ<br>૫ મીરાપુર ગાંગડીયા રોડ |
| | **૫ કુલ ૫૫ કામ** |
| લુણાવાડા | ૧ લકડી પોયડા મોચીવાડીયા રોડ<br>૨ જેસાલા કન્તારા હાથીવાન રોડ<br>૩ ઢેસીયા દલવાઇ સાવીલ રોડ<br>૪ જુના વાંકા નવા વાંકા ખારોલ રોડ<br>૫ ખેમપુર અલેલા રોડ<br>૬ ભાદરોડ સાંપડીયા રોડ<br>૭ બોરવાઇ એ. રોડ |
| | **૭ કુલ ૭ કામ** |
| સંતરામપુર | ૧ સંજેલી ગોઠીબ બટકવાડા રોડ<br>૨ ઉખરેલી ટીમ્બલા નાની ક્યાર રોડ |

| તાલુકો | કામનું નામ |
|---|---|
| ૧ | ૨ |
| | ૨ કુલ ૨ કામ |
| કડાણા | ૧ સંતરામપુર જુની કોલોની રોડ, સેક. કુરેટા ટુ જુની કોલોની રોડ<br>૨ માલવણ સંઘરી રોડ<br>૩ ભુલ ગોધર રોડ |
| | ૩ કુલ ૩ કામ |
| | ૪૧ કુલ ૪૧ કામ |

--------

## રાજુલા અને જાફરાબાદ તાલુકામાં જમીન ઉતારાની નકલો અંગે

૨૦૨૬૩ : **શ્રી હીરાભાઈ સોલંકી (રાજુલા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ રાજુલા અને જાફરાબાદ તાલુકામાં કેટલાં ગામોમાં જમીન ઉતારાઓની કોમ્પ્યુટરાઇઝ નકલો મળે છે,

(૨) કેટલા અને ક્યા ક્યા ગામોએ નકલો મળતી નથી,

(૩) શા કારણોસર આવી નકલો મળતી નથી, અને

(૪) બાકીના ગામોએ ઉતારાની નકલો સરળતાથી સત્વરે મળે તે માટે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) રાજુલા : જે ગામોમાંથી રીક્વેસ્ટ રજુ થયેલ તે તમામ ગામોમાં મળેલ છે.

જાફરાબાદ : હાલ ગ્રામ્ય વિસ્તારમાં જમીન ઉતારાની કોમ્પ્યુટરાઇઝડ નકલો મળતી નથી.

(૨) રાજુલા : પ્રશ્ન નથી.

જાફરાબાદ : એક પણ ગામમાં જમીન ઉતારાની નકલો મળતી નથી.

(૩) રાજુલા : પ્રશ્ન નથી.

જાફરાબાદ : નવા પ્રોગ્રામ મુજબ યુઝર આઇ.ડી. અને પાસવર્ડ એન.આઇ.સી. દ્વારા આપવાની કામગીરી શરૂ હોવાથી.

(૪) રાજુલા : નવા પ્રોગ્રામ મુજબ હવે રીક્વેસ્ટ મોકલવાની જરૂર નથી. નવા વી.સી.ઇ. ની નિમણૂંક થયેલ છે. તેના યુઝર આઇ.ડી. અને પાસવર્ડ મળ્યેથી તમામ ગામોમાં ચાલુ માસમાં ગામે જ વી.સી.ઇ. દ્વારા નકલો મળે તેવું આયોજન કરેલ છે.

જાફરાબાદ : નવા પ્રોગ્રામ મુજબ હવે રીક્વેસ્ટ મોકલવાની જરૂર નથી. નવા વી.સી.ઇ.ની નિમણુંક થયેલ છે. તેના યુઝર આઇ.ડી. અને પાસવર્ડ મળ્યેથી તમામ ગામોમાં ચાલુ માસમાં ગામે જ વી.સી.ઇ. દ્વારા નકલો મળે તેવું આયોજન કરેલ છે.

--------

## રાજકોટ જિલ્લામાં ઓછી સાક્ષરતા ધરાવતા ગામો

૧૯૭૪૭ : **શ્રી મહંમદ જાવેદ પીરઝાદા (વાંકાનેર ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં તાલુકાવાર ઓછી સાક્ષરતા ધરાવતા ગામો કેટલા છે,

**જવાબ**

(૧)

| (૩૫ % કરતા ઓછી સ્ત્રી સાક્ષરતા વાળા) તાલુકાનું નામ | ગામોની સંખ્યા |
|---|---|
| જસદણ | ૫૦ |
| ગોંડલ | ૦૦ |
| જામ કંડોરણા | ૦૦ |
| ઉપલેટા | ૦૧ |
| ધોરાજી | ૦૦ |
| (૩૫ % કરતા ઓછી સ્ત્રી સાક્ષરતા વાળા) તાલુકાનું નામ | ગામોની સંખ્યા |
| મોરબી | ૦૧ |
| માળીયા-મિયાણા | ૧૧ |
| વાંકાનેર | ૪૨ |
| લોધીકા | ૦૦ |
| પડધરી | ૦૧ |
| રાજકોટ | ૧૬ |
| જેતપુર | ૦૧ |
| કોટડા સાંગાણી | ૦૧ |
| ટંકારા | ૦૦ |
| કુલ | ૧૨૪ |

(૨) આ ગામોનો સાક્ષરતા દર ઉંચો લાવવા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૨) નિરંતર શિક્ષણ કાર્યક્રમ તા.૨-ઓકટોબર-૨૦૦૨ થી શરૂ કરવામાં આવેલ હતો. ભારત સરકારશ્રીના માનવ સંશાધન વિકાસ મંત્રાલય ડિપાર્ટમેન્ટ ઓફ સ્કૂલ એજ્યુકેશન એન્ડ લીટરસી નવી દિલ્હીના તા.૧૯-૧-૨૦૦૯ ના પત્રથી સમગ્ર દેશમાં નિરંતર શિક્ષણ કાર્યક્રમ તા.૩૧-૦૩-૨૦૦૯ થી બંધ કરવા માટેની સુચના આપવામાં આવેલ હતી તેને અનુલક્ષીને ગુજરાત રાજ્યમાં તા.૩૧-૦૩-૨૦૦૯ થી નિરંતર શિક્ષણ કાર્યક્રમ બંધ કરેલ છે. હાલમાં ""સરસ્વતીયાત્રા"" ની યોજના અમલમાં છે.

(૩) કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૩) શૂન્ય

--------

**વ્યારા તાલુકાના માર્ગને રિસરફેસ કરવા અંગે**

૨૦૧૬૭ : **શ્રીમતી ભારતીબેન રાઠોડ (કામરેજ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરકાર તાપી જિલ્લાના વ્યારા તાલુકાના માયાપુર-બોરખડી રોડને રીસરફેસ કરવા માંગે છે કે કેમ,

(૨) જો હા, તો આ કામ ક્યારે મંજૂર કરવામાં આવ્યુ,

(૩) આ કામ ક્યારે શરૂ કરવામાં આવશે, અને

(૪) આ કામ પાછળ અંદાજિત કેટલો ખર્ચ થશે ?

**જવાબ**

(૧) થી (૪)

હા, જી.

રૂા. ૩૫૦ લાખની અંદાજી કિંમતનુ આ કામ મંજુરીની પ્રક્રિયા હેઠળ છે જે પૂર્ણ થયેથી એજન્સી નકકી થયે જેમ બને તેમ ઝડપથી.

--------

**રાજ્યમાં જંત્રીના ભાવ નકકી કરવા માટે અપનાવાતી પધ્ધતિ**

૧૯૨૯૮ : **શ્રી સી. કે. રાઉલજી (ગોધરા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ રાજ્યમાં જમીનોના દસ્તાવેજો કરવા જંત્રીના ભાવ (બજાર કિંમત) નકકી કરવા સરકારે કઈ કઈ પધ્ધતિ નકકી કરી અપનાવી છે, અને

**જવાબ**

(૧) એ.એસ.આર.૨૦૦૬ કે જેનો અમલ રાજ્યમાં તા.૧-૪-૨૦૦૮ થી કરવામાં આવેલ છે. તેમાં નકકી કરેલ જંત્રીના ભાવ પ્રમાણે રાજ્યમાં તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ દસ્તાવેજોથી તબદીલ થતી જમીનો ની બજારકિંમત નકકી કરવામાં આવે છે. એ.એસ.આર.૨૦૦૬ ની જંત્રી (બજારકિંમત) નકકી કરવા સારુ છેલ્લા પાંચ વર્ષના વેચાણ વ્યવહારોના ભાવો, તેમજ જિલ્લા મુલ્યાંક્ન સમિતિ તથા રાજ્યકક્ષાની મુલ્યાંક્ન સમિતિમાં નકકી થયેલ ભાવો અને સર્વે ટીમો દ્વારા મેળવવામાં આવેલ ભાવો ધ્યાને લઈ ""સેપ્ટ"" યુનિવર્સિટી, અમદાવાદ તથા ""બાયસેગ"" સંસ્થા, ગાંધીનગર દ્વારા તદ્દન વેજ્ઞાનીક ઢબે જંત્રી તેયાર કરવામાં આવેલ હતી.

(૨) ઉક્ત સ્થિતિએ નવી જંત્રી કરવા માટે જે કાર્યવાહી ચાલે છે તે કઈ પધ્ધતિ અપનાવેલ છે ?

(૨) અત્યારે નવી જંત્રી તેયાર કરવા માટે રાજ્યમાં આવેલ જમીનો/મિલ્કતોને ""બાયસેગ"" ટેક્નીકલ સંસ્થા દ્વારા ગ્રામ્ય વિસ્તાર, નગરપાલિકા વિસ્તાર તેમજ કોર્પોરેશન/ઓથોરિટિ વિસ્તારમાં વહેંચી ગ્રામ્ય વિસ્તાર માટે ૧ કી.મી. X ૧ કી.મી. વિસ્તારના ગ્રીડ પાડીને દરેક ગ્રીડને ૩ પેટા ગ્રીડમાં વહેંચવામાં આવેલ છે. જ્યારે નગરપાલીકા અને કોર્પોરેશન/ઓથોરીટી વિસ્તારને મુખ્ય

રસ્તા ઉપરના તથા મુખ્ય રસ્તા થી અંદરના એ રીતે જુદા જુદા વેલ્યુ ઝોન માં વહેંચવામાં આવેલ છે અને જિલ્લા ક્લેકટરશ્રીઓના સીધા માર્ગદર્શન હેઠળ સર્વે ટીમો તથા ચકાસણી ટીમોની રચના કરી, સ્થાનિક સ્થળ નિરીક્ષણ કરી લોકોની પુછપરછ કરીને ભાવો મેળવીને જંત્રી તેયાર કરવાની પધ્ધતિ અપનાવેલ છે.

--------

**ભૂચ-ભચાઉ રસ્તો પહોળો કરવા અંગે**

૨૦૧૫૭ : **ડૉ. નીમાબેન આચાર્ય (અંજાર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભૂજ-ભચાઉ રસ્તાને સરકાર પહોળો કરવા માંગે છે કે કેમ,

(૨) જો હા તો આ કામ ક્યારે શરુ કરવામાં આવશે, અને

(૩) આ કામ માટે તા.૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ કેટલી રકમ મંજૂર કરેલ છે, અને આ કામ પાછળ અંદાજે કેટલો ખર્ચ થનાર છે ?

**જવાબ**

(૧) હા. જી.

(૨) ખાનગીકરણ ધોરણેથી કામ કરવાના ટેન્ડર માંગેલ છે. જે આવ્યાથી નકકી થઇ શકે.

(૩) આનુષાંગિક કામગીરી તથા યુટીલીટી શીફટીંગ પાછળ રુ૨.૦૩ કરોડનો ખર્ચ થયેલ છે. અને જંગલ જમીન તથા જમીન સંપાદન અને બાકી રહેતી યુટીલીટી શીફટીંગ પાછળ અંદાજે રુ૨૨.૦૦ કરોડ નો ખર્ચ થવાની શક્યતા છે.

--------

**બનાસકાંઠા જિલ્લામાં ભારે વરસાદને કારણે થયેલ નુકસાન**

૧૮૭૪૭ : **શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય આપત્તિ વ્યવસ્થાપન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૨૦૧૦-૧૧ નાં વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા ચોમાસામાં થયેલ ભારે વરસાદનાં કારણે કેટલા રૂપિયાનું નુકશાની સર્વે કરવામાં આવેલ અને,

(૨) જેમાં ક્યા તાલુકાના ક્યા ક્યા ગામોનો સમાવેશ થાય છે,

**જવાબ**

(૧) ૨૦૧૦-૧૧ નાં વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા ચોમાસામાં થયેલ ભારે વરસાદનાં કારણે નીચેની વિગતે નુકશાનીનો સર્વે કરવામાં આવેલ છે.

અ). ઝુપડા/કાચા/પાકા મકાનો-**રૂા.૧૩.૫૯ લાખ**

બ).ખેતી પાકોને થયેલ નુકશાન-**રૂા.૪૯૨.૦૦ લાખ**

ક). જમીન ધોવાણથી થયેલ નુકશાન-**રૂા.૮૯.૫૦ લાખ**

(૨) જેમાં નીચે જણાવ્યા મુજબ તાલુકાવાર ગામોનો સમાવેશ થાય છે.

| અ.નં. | તાલુકાનું નામ | ગામનાં નામ |
|---|---|---|
| ૧ | પાલનપુર | ચંડીસર, રણાવાસ, વાસણ(ધા), મડાણા (ડા), મોટા, કુંભલમેર, ચડોતર |
| ૨ | ડીસા | વાસણકુવા, રામસણ, ભડથ, આખોલ મોટી, વસ્તોડા, ભાકડીયાળ, નાગફણા, નાંદલા, નાણી, ભાદરા, ઝેરડા, ટેટોડા, સમૌ, ગુગળ, પમરુ, ધનાવાડા, ચેરા. |
| ૩ | વડગામ | માહી, પસવાદળ, નાંદોત્રા, પેપોળ, સકલાણા, નાવીસણા, ધોતા, અંધારીયા, ડાલવાણા, હતાવાડા, હરદેવાસણા, સેલમકોટ, ધોડીયાળ, વેસા બાદરપુરા(ભખડા), વાસણા(સે) પીલુચા, પાવઠી, ઈકબાલપુરા, પાંડવા, કોદરાલી |
| ૪ | થરાદ | લાલપુર, પેળા, મોરથલ |
| ૫ | દાંતા | પેશાપુર, મોટાસડા |
| ૬ | કાંકરેજ | ઉપરેલ |
| ૭ | દાંતીવાડા | - |
| અ.નં. | તાલુકાનું નામ | ગામનાં નામ |
| ૮ | ધાનેરા | કલાપરી, રૂણી, જડીયા, નેગાળા, રામપુરા(વા), શેરગઢ(જે) |
| ૯ | વાવ | કુંભારખા, ઉચપા, રુવા, ગંભીરપુરા, નાળોદર, ઢીમા, ગોલગામ, ભાખરી, ભરડાવા, મોરવાડા, વાવ |
| ૧૦ | દિયોદર | ધનકવાડા |
| ૧૧ | અમીરગઢ | ખાપરા, ખાપા, |
| ૧૨ | ભાભર | કારપુર, ઈન્દરવાજુના |

(૩) તે પૈકી કેટલા લોકોને કેટલી સહાય ચુકવવામાં આવેલ છે, અને

(૩) સહાય ચુકવણીની વિગત નીચે પ્રમાણે છે

| અ.નં. | સહાયની વિગત | સહાય ચુકવણીની વિગત |
|---|---|---|
| ૧ | કેશડોલ | ૭૯ વ્યક્તિ રૂા.૧૯,૪૦૦/- |
| ૨ | ઘરવખરી | ૨૦ કુટુંબ રૂા.૨૧,૬૦૦/- |
| ૩ | ઝુંપડા/કાચા/પાકા/ પાકા મકાનો | ૧૬૦ મકાનો રૂા.૫,૮૧,૫૦૦/- |
| ૪ | માનવમૃત્યુ | ૫ વ્યક્તિ રૂા.૫,૦૦,૦૦૦/- |
| ૫ | પશુમૃત્યુ | ૩૧ પશુ રૂા.૧,૭૭,૨૦૦/- |

(૪) સહાય ચુકવવાની કેટલી બાકી છે, તે સહાય ક્યારે ચૂકવવામાં આવશે ?

(૪) કોઈ સહાય ચૂકવવાની બાકી નથી.

--------

**નવસારી જિલ્લામાં મંજૂર કરવામાં આવેલ રસ્તાઓ**

૨૦૧૫૫ : **શ્રી આર.સી. પટેલ (જલાલપોર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા.૩૧-૧-૨૦૧૧ સુધીમાં સ્ટેટ રોડ હેઠળ કેટલા રસ્તાઓ મંજૂર કરવામાં આવ્યા, અને | (૧) ૧૭ રસ્તાઓ. |
| (૨) આ રસ્તાના કામો માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી ? | (૨) રૂ.૫૪૧૬.૦૦ લાખ. |

--------

**સાબરકાંઠા જિલ્લામાં ઓદ્યોગિક હેતુ માટે જમીનની ફાળવણી**

૨૦૨૮૦ : **શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં ઓદ્યોગિક હેતુ માટે છેલ્લા બે વર્ષમાં કેટલી જમીન તાલુકાવાર ફાળવવામાં આવેલ છે ? | કોઈ જમીન ફાળવવામાં આવેલ નથી. |

--------

**ભાવનગર જિલ્લામાં તાલુકાવાર પશુ દવાખાનાઓની સંખ્યા**

૧૯૪૯૫ : **શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા (મહુવા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૩-૨૦૧૦ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં તાલુકાવાર પશુ દવાખાનાની સંખ્યા કેટલી છે,

(૧) તા.૩૧-૩-૨૦૧૦ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં તાલુકાવાર પશુ દવાખાનાની સંખ્યા.

| અ.નં. | તાલુકાનું નામ | પશુ દવાખાનાની સંખ્યા |
|---|---|---|
| ૧ | ભાવનગર | ૨ |
| ૨ | બોટાદ | ૨ |
| ૩ | ગારીયાધાર | ૨ |
| ૪ | ગઢડા | ૨ |
| ૫ | ઘોઘા | ૨ |
| ૬ | મહુવા | ૫ |
| ૭ | પાલીતાણા | ૨ |
| ૮ | શિહોર | ૪ |
| ૯ | તળાજા | ૪ |
| ૧૦ | ઉમરાળા | ૨ |
| ૧૧ | વલ્લભીપુર | ૨ |
| | કુલ : | ૨૯ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તેમાં કોઈ ઘટ છે કે કેમ, અને | (૨) ના. |
| (૩) જો હા, તો તે ઘટ પુરી કરવા સરકારે શાં પગલાં લીધાં છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**નવસારી જિલ્લામાં સ્વૈચ્છિક સંસ્થાઓને મધ્યાહન ભોજન યોજનાની કામગીરી**

૨૦૨૧૦ : **શ્રી છનાભાઈ ચૌધરી (ધરમપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ નવસારી જિલ્લામાં તાલુકાવાર મધ્યાહન ભોજન યોજનાની કઈ કઈ બિન-સરકારી સંસ્થાઓને કામગીરી આપવામાં આવી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તે અન્વયે વર્ષવાર કેટલી રકમ આ બિન-સરકારી સંસ્થાઓને આપવામાં આવી ?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ નવસારી જિલ્લામાં શિક્ષણ વિભાગના તા. ૩-૬-૧૦ના ઠરાવથી મધ્યાહન ભોજન યોજનાનું સંચાલન ઓ.ડી.સી. ફાઉન્ડેશન (નાયક ફાઉન્ડેશન) ને સોંપવા મંજૂરી આપેલ છે. પણ સદર સંસ્થાએ આ જિલ્લામાં હજુ મધ્યાહન ભોજન યોજનાની કામગીરી શરૂ કરેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યની ગ્રાન્ટ ઈન એઈડ કોલેજોમાં નિવૃત્ત કર્મચારીને બાકી ચૂકવવાની રકમ**

૧૮૪૬૬ : **શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૨૫-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષથી રાજ્યની ગ્રાન્ટ ઈન એઈડ કોલેજોના વર્ગ-૩ ના કર્મચારીઓને નિવૃત્ત થયા છતાં નિવૃત્તિના લાભો મળ્યા નથી એ વાત સાચી છે,

(૨) આવા કર્મચારીઓને નિવૃત્ત થયા બાદ મળતા લાભો ન મળવાના શા કારણો છે, અને

(૩) સરકાર આ લાભો ક્યાં સુધીમાં ચૂકવવા માગે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૧. લોકલ ફંડની કચેરી દ્વારા પ્રિઓડિટ ન થયેલ હોવાથી.
૨. નિયામકશ્રી પેન્શન કચેરી દ્વારા પેન્શન કેસો મંજૂર ન થયેલ હોવાથી.

(૪) શક્ય એટલું જલ્દીથી.

--------

**ભરૂચ જિલ્લામાં ટ્રેકટર સહાય મેળવવા માટે મળેલ અરજીઓ**

૧૯૩૫૩ : **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કૃષિમાં યાંત્રીકરણને પ્રોત્સાહન આપવાની યોજના હેઠળ ટ્રેકટર સહાય મેળવવા ભરૂચ જિલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ મળી.

(૨) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ આ સહાય યોજના અંતર્ગત કેટલા લાભાથીઓને વર્ષવાર સહાય ચૂકવવામાં આવી,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કૃષિમાં યાંત્રીકરણને પ્રોત્સાહન આપવાની યોજના હેઠળ ટ્રેકટર સહાય મેળવવા ભરૂચ જિલ્લામાં તાલુકાવાર નીચેની વિગતે અરજીઓ મળી.

| અ.નં. | તાલુકાનું નામ | ૧/૧/૦૯ થી ૩૧/૧૨/૦૯ | ૧/૧/૧૦ થી ૩૧/૧૨/૧૦ |
|---|---|---|---|
| ૧ | ભરૂચ | ૭૪ | ૧૧૧ |
| ૨ | વાગરા | ૨૦ | ૪૪ |
| ૩ | અંકલેશ્વર | ૧૦ | ૩૦ |
| ૪ | હાંસોટ | ૦૫ | ૨૩ |
| ૫ | વાલીયા | ૦૯ | ૨૪ |
| ૬ | ઝગડીયા | ૪૨ | ૬૧ |
| ૭ | આમોદ | ૨૮ | ૯૪ |
| ૮ | જંબુસર | ૨૪ | ૬૮ |
| | કુલ | ૨૧૨ | ૪૫૫ |

(૨) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ આ સહાય યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં તાલુકાવાર નીચેની વિગતે લાભાર્થીઓને સહાય ચૂકવવામાં આવી.

| અ.નં. | તાલુકાનું નામ | ૧/૧/૦૯ થી ૩૧/૧૨/૦૯ | | ૧/૧/૦૯ થી ૩૧/૧૨/૦૯ | |
|---|---|---|---|---|---|
| ૧ | ભરૂચ | મંજૂર કરેલ | સહાય | મંજૂર કરેલ | સહાય |
| ૨ | વાગરા | અરજીઓ | ચુકવવામાં | અરજીઓ | ચુકવવામાં |
| ૩ | અંકલેશ્વર | ૦૪ | ૦૪ | ૦૭ | ૦૭ |
| ૪ | હાંસોટ | ૦૫ | ૦૫ | ૦૫ | ૦૫ |
| ૫ | વાલીયા | ૦૬ | ૦૬ | ૧૦ | ૧૦ |
| ૬ | ઝગડીયા | ૧૬ | ૧૬ | ૨૬ | ૨૬ |
| ૭ | આમોદ | ૧૬ | ૧૬ | ૧૧ | ૧૧ |
| ૮ | જંબુસર | ૧૭ | ૧૭ | ૩૩ | ૩૩ |
| | **કુલ** | **૧૦૮** | **૧૦૮** | **૧૪૯** | **૧૪૯** |

(૩) કેટલાને સહાય ચૂકવવાની બાકી છે, અને

(૩) લક્ષ્યાંકની મર્યાદામાં પ્રાથમિક મંજૂરી આપેલ તમામને સહાય ચૂકવાયેલ છે.

(૪) બાકી રહેતી સહાય કેટલા સમયમાં ચૂકવવામાં આવશે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## દાહોદ જિલ્લામાં ઉચ્ચતર માધ્યમિક શાળામાં મંજૂર મહેકમ

**૧૯૦૦૮ : શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં હાયર સેકન્ડરી વિભાગમાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ સાયન્સ પ્રવાહની કેટલી શાળાઓ ચાલુ છે,

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ વિજ્ઞાન પ્રવાહની શાળાઓ નીચે મુજબ છે.

| સરકારી | ગ્રાન્ટેડ | નોન ગ્રાન્ટેડ | કુલ |
|---|---|---|---|
| ૦૧ | ૧૦ | ૧૦ | ૨૧ |

(૨) દરેક સંસ્થામાં મંજૂર મહેકમ કેટલું,

(૨) મંજૂર મહેકમ

| સરકારી | ગ્રાન્ટેડ | નોન ગ્રાન્ટેડ | કુલ |
|---|---|---|---|
| ૦૫ | ૫૬ | ૩૫ | ૯૬ |

(૩) કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને

(૩) ભરાયેલ જગ્યાઓ

| સરકારી | ગ્રાન્ટેડ | નોન ગ્રાન્ટેડ | કુલ |
|---|---|---|---|
| ૦૩ | ૪૫ | ૩૧ | ૭૯ |

(૪) ખાલી જગ્યાઓ ન ભરાવાના કારણો શાં છે ?

(૪) ૧- સરકારી શાળામાં ભરતી કરવા માટે ઈન્ટરવ્યુ કરેલ પરંતુ ઇન્ટરવ્યુમાં આવેલ ઉમેદવારોનું કોરમ ન થવાથી ભરતી થયેલ નથી.

૨- બિન સરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ભરતી પસંદગી સમિતિ રદ થતા ભરતી કાર્યવાહિ થયલે નથી.

૩- નોન ગ્રાન્ટેડ શાળામાં જે તે સંચાલક મંડળે જગ્યા ભરવાની થાય.

--------

## તાપી જિલ્લામાં કલેકટર કચેરીનું મહેકમ

**૧૮૧૪૭ : શ્રી પુનાભાઈ ધે. ગામીત (વ્યારા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ તાપી જિલ્લાની રચના થયા પછી કલેકટર કચેરીમાં સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

(૧)

| સંવર્ગ | મંજૂર જગ્યા |
|---|---|
| કલેકટર | ૧ |
| નાયબ કલેકટર | ૪ |
| મામલતદાર(ચીટનીશ) | ૧ |
| નાયબ મામલતદાર | ૧૭ |
| સ્ટેનોગ્રાફર ગ્રેડ-૨ | ૧ |
| સ્ટેનોગ્રાફર ગ્રેડ-૩ | ૧ |
| કલાર્ક | ૧૨ |
| ગુજરાતી ટાઈપીસ્ટ | ૨ |
| કલાર્ક કમ ટાઈપીસ્ટ | ૧ |
| ડેટા એન્ટ્રી ઓપરેટર | ૨ |
| મહેસૂલી તલાટી | ૫૨ |
| પ્યુન કમ ડ્રાઈવર | ૧ |
| ડ્રાઈવર | ૧ |
| પટાવાળા | ૧૦ |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી

(૨)

જગ્યાઓ ખાલી છે, અને

| સંવર્ગ | ખાલી જગ્યા |
|---|---|
| નાયબ કલેકટર | ૨ |
| નાયબ મામલતદાર | ૭ |
| સ્ટેનોગ્રાફર ગ્રેડ-૨ | ૧ |
| ક્લાર્ક | ૩ |
| ગુજરાતી ટાઈપીસ્ટ | ૨ |
| ક્લાર્ક કમ ટાઈપીસ્ટ | ૧ |
| ડેટા એન્ટ્રી ઓપરેટર | ૨ |
| મહેસુલી તલાટી | ૩૮ |
| પ્યુન કમ ડ્રાઈવર | ૧ |
| પટાવાળા | ૭ |

(૩) આવી ખાલી જગ્યાઓ સત્વરે નહીં ભરવાના કારણો શાં છે?

(૩) વર્ગ-૧, ૨ અને ૩ ના સંવર્ગોની જગ્યાઓ ભરવા માટેની કાર્યવાહી ચાલુ હોવાથી અને વર્ગ-૪ની જગ્યાઓ આઉટ સોર્સિંગથી ભરવાની થતી હોવાથી.

--------

**સુરત જિલ્લામાં સાંથણીની જમીન માટે અરજીઓ**

૨૦૨૨૪ : **શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં સાંથણીની જમીન મેળવવા માટેની કુલ કેટલા અરજદારોએ અરજીઓ કરેલ છે, અને

(૧) ૧૧૩૦.

(૨) આ અરજીઓ ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ?

(૨) (૧) જમીન ફાળવણી કરવામાં આવેલ અરજીઓ- ૪૩૮
(૨) દફતરે કરેલ અરજીઓ- ૪૬૦
(૩) ચકાસણી હેઠળની અરજીઓ- ૨૩૨

--------

**સાબરકાંઠા જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળ રસ્તાઓ માટે નાણાની ફાળવણી**

૨૦૨૮૨ : **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર ખાસ અંગભૂત યોજના હેઠળ ક્યા ક્યા રસ્તાઓ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી, અને

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ૧૦૨ રસ્તાના કામો રૂ.૪૭૯૬.૯૫ લાખની રકમના પરિશિષ્ટ-૧* મુજબના રસ્તાઓ મંજૂર કરવામાં છે.
(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

(૨) આ રસ્તાઓ પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ તાલુકાવાર કરવામાં આવ્યો ?

(૨) તાલુકાવાર કરવામાં આવેલ ખર્ચ નીચે મુજબ છે.

| તાલુકો | ખર્ચ રૂ. લાખમાં |
|---|---|
| હિંમતનગર | ૪૫૮.૦૯ |
| પ્રાંતિજ | ૨૬૯.૦૦ |
| તલોદ | ૧૨૩.૦૦ |
| ઈડર | ૬૧૬.૭૯ |
| વડાલી | ૨૯.૦૦ |
| ખેડબ્રહ્મા | ૧૪૮.૪૧ |
| વિજયનગર | ૧૩૮.૩૪ |
| ભિલોડા | ૩૧૭.૪૦ |
| મેઘરજ | ૦.૦૦ |
| મોડાસા | ૨૦૩.૬૩ |
| ધનસુરા | ૧૩૮.૭૦ |
| માલપુર | ૨૧૩.૮૦ |
| બાયડ | ૨૪૪.૨૫ |
| **કુલ** | **૨૯૦૦.૪૧** |

--------

**ભરૂચ જિલ્લામાં અતિવૃષ્ટિના કારણે પાકને નુકશાન**

૧૮૧૫૩ : **શ્રી કિરણકુમાર લ.મકવાણા (જંબુસર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ સને ૨૦૧૦-૧૧ના વર્ષમાં ભરૂચ જિલ્લામાં થયેલ અતિવૃષ્ટિમાં ખેડૂતોનો

(૧) ના, જી.

પાક નિષ્ફળ ગયેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૧૦ સુધીમાં આવા નિષ્ફળ ગયેલા પાક સામે ખેડૂતોને સરકારે કેટલી સહાય આપી ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## કચ્છ જિલ્લામાં નવી શાળાઓની મંજૂરી

૧૯૦૨૮ : **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી નવી માધ્યમિક શાળાઓ મંજૂર કરવામાં આવી,

(૧) ત્રણ વર્ષમાં શરૂ થયેલ નવી માધ્યમિક શાળાઓ.

| ક્રમ | તાલુકો | સરકારી | ગ્રાન્ટેડ | નોન ગ્રાન્ટેડ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | અબડાસા | ૩ | ૦ | ૨ | ૫ |
| ૨ | ગાંધીધામ | ૦ | ૦ | ૫ | ૫ |
| ૩ | અંજાર | ૧ | ૦ | ૨ | ૩ |
| ૪ | ભચાઉ | ૧ | ૦ | ૪ | ૫ |
| ૫ | ભૂજ | ૭ | ૦ | ૩ | ૧૦ |
| ૬ | લખપત | ૩ | ૦ | ૨ | ૫ |
| ૭ | માંડવી | ૦ | ૦ | ૧ | ૧ |
| ૮ | મુંદ્રા | ૧ | ૦ | ૨ | ૩ |
| ૯ | નખત્રાણા | ૧ | ૦ | ૧ | ૨ |
| ૧૦ | રાપર | ૩ | ૦ | ૧ | ૪ |
| | **કુલ.** | ૨૦ | **૦** | ૨૩ | ૪૩ |

(૨) આ શાળાઓમાંથી કેટલી શાળાઓને મકાન ફાળવવામાં આવ્યા,

(૨) આ શાળાઓ પૈકી નીચે મુજબની ૧૭ સરકારી માધ્યમિક શાળાઓ હાલ વૈકલ્પિક સ્થળો પર કાર્યરત છે. તથા આ નવી શરૂ થયેલ શાળાઓના મકાન બાંધકામ માટે જમીન મેળવવાની કાર્યવાહી પૂર્ણ થયેલ છે.

| તાલુકાવાર સરકારી માધ્યમિક શાળાઓ | | |
|---|---|---|
| **ક્રમ** | **શાળાનું નામ** | **તાલુકો** |
| ૧ | સરકારી હાઈસ્કુલ, કુરન | ભૂજ |
| ૨ | સરકારી હાઈસ્કુલ, જવાહરનગર | ભૂજ |
| **ક્રમ** | **શાળાનું નામ** | **તાલુકો** |
| ૩ | સરકારી હાઈસ્કુલ, ખારી | ભૂજ |
| ૪ | સરકારી હાઈસ્કુલ, સુમરાસર | ભૂજ |
| ૫ | સરકારી હાઈસ્કુલ, ભીટારા મોટા | ભૂજ |
| ૬ | સરકારી હાઈસ્કુલ, કનરીયા (જામ) | ભૂજ |
| ૭ | સરકારી હાઈસ્કુલ, ધોરડો | ભૂજ |
| ૮ | સરકારી હાઈસ્કુલ, ગોયલા | અબડાસા |
| ૯ | સરકારી હાઈસ્કુલ, વાંકુ | અબડાસા |
| ૧૦ | સરકારી હાઈસ્કુલ, જંગડીયા | અબડાસા |
| ૧૧ | સરકારી હાઈસ્કુલ, વંગ | નખત્રાણા |
| ૧૨ | સરકારી હાઈસ્કુલ, જંગી | ભચાઉ |
| ૧૩ | સરકારી હાઈસ્કુલ, પદમપર | રાપર |
| ૧૪ | સરકારી હાઈસ્કુલ, કીડીયાનગર | રાપર |
| ૧૫ | સરકારી હાઈસ્કુલ, બરંદા | લખપત |
| ૧૬ | સરકારી હાઈસ્કુલ, હરોડા | લખપત |
| ૧૭ | સરકારી હાઈસ્કુલ, કપુરાશી | લખપત |

૩(ત્રણ) સરકારી માધ્યમિક શાળાઓ સને ૨૦૧૦-૧૧ ના વર્ષમાં મંજૂર થયેલ છે. આ શાળાઓ માહે જૂન-૨૦૧૧ થી શરૂ થનાર છે.

(૩) કેટલી શાળાઓ શરૂ થઈ અને કેટલી શાળાઓ શરૂ થઈ શકી નથી, અને

(૩)

| ક્રમ | શાળાનો પ્રકાર | શરૂ થયેલ શાળાઓ | શરૂ ન થયેલ શાળાઓ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | સરકારી | ૧૭ | ૦૩ | ૨૦ |
| ૨ | નોન ગ્રાન્ટેડ | ૨૦ | ૦૩ | ૨૩ |
| ૩ | કુલ | ૩૭ | ૦૬ | ૪૩ |

(૪) શરૂ ના થઈ હોય તેવી શાળાઓ ક્યાં સુધીમાં શરૂ કરવામાં આવશે ?

(૪) ૩ સરકારી માધ્યમિક શાળાઓ જૂન-૨૦૧૧ (નવા સત્રથી) શરૂ કરવામાં આવશે. ૩ ગ્રાન્ટ વિનાની માધ્યમિક શાળાઓના મંજૂરી પત્ર રદ કરવામાં આવેલ છે. તેથી આ શાળાઓ શરૂ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**વડોદરા જિલ્લાના ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ**

૧૯૪૬૨ : **શ્રી સિધ્ધાર્થભાઈ પટેલ (ડભોઈ)** : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં કેટલા ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા, અને

(૨) કેટલાને આ કાર્ડ આપવાના બાકી છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં ૧૩૬૪૧૩ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા.

(૨) બાકી રહેલ ૧૧૫૨૭૭ ખેડૂતોના જમીનના નમુના એકત્રીકરણ અને પૃથ્થકરણની કામગીરી પૂર્ણ થયેલ છે. ખેડૂતોને તબક્કાવાર સોઈલ હેલ્થ કાર્ડ વિતરણ કરવાની કામગીરી ચાલુ છે.

**વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં નોંધાયેલા નવા ખેડૂતો**

૧૯૭૪૫ : **શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા નવા ખેડૂતો નોંધવામાં આવ્યા, અને

(૨) આ નોંધણીઓ વખતે પુરતી ચકાસણી થઈ છે કે કેમ ?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવા નોંધાયેલ ખેડૂતોની વિગત વર્ષવાર નીચે મુજબ છે.

| | |
|---|---|
| વર્ષ ૨૦૦૯-૧૦ | ૦૯ |
| વર્ષ ૨૦૧૦-૧૧ | ૦૧ |
| કુલ : | ૧૦ |

(૨) ખંડ (૧) મુજબ વીલથી નવા દાખલ ખેડૂતોની નોંધ જે તે સક્ષમ અધિકારીએ પ્રમાણિત કરેલ છે.

--------

**જામનગર જિલ્લાના જોડીયા તાલુકાના આમરલ, જીવાપર અને કેરાળી માર્ગની સુધારણા કરવા બાબત**

૧૯૫૮૩ : **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લાના જોડીયા તાલુકાના આમરણ-જીવાપર-કેરાળી રાજ્ય ધોરી માર્ગની સુધારણાની કામગીરી મંજૂર કરવાની પ્રક્રિયા સરકારે હાથ ધરેલ હતી તે તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૨) આ કામગીરી ક્યારે શરૂ કરી ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) આ રસ્તાની ૧૨૨૫ મીટર લંબાઈ માટે ટો વોલનું કામ તથા જરૂરીયાત વાળી લંબાઈ માટે પેચવર્કનાં ટેન્ડર મંજૂર થયેલ હતા.

(૨) ટો વોલની કામગીરી તા.૨૫-૪-૨૦૧૧ સુધીમાં તથા પેચવર્કનાં ટેન્ડરની કામગીરી તા. ૮-૩-૨૦૧૧ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

--------

**દાહોદ જિલ્લામાં મહેસૂલી તુમારો**

૧૮૧૪૧ : **શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલા મહેસૂલી તુમારો પડતરમાં છે, અને

(૨) આવા પડતર તુમારોનો નિકાલ સત્વરે લાવવા સરકારે શી વ્યવસ્થા કરી છે ?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પડતર તુમારો |
|---|---|---|
| ૧ | ગરબાડા | ૦૮ |
| ક્રમ | તાલુકાનું નામ | તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પડતર તુમારો |
| ૨ | ફતેપુરા | ૧૬ |
| ૩ | ધાનપુર | ૦૬ |
| ૪ | ઝાલોદ | ૫૪ |
| ૫ | દેવગઢબારીયા | ૦૦ |
| ૬ | લીમખેડા | ૪૮ |
| ૭ | દાહોદ | ૦૮ |
| | કુલ : | ૧૪૦ |

(૨) જિલ્લાની કચેરીના વડા દ્વારા દર અઠવાડીયે તથા કલેકટરશ્રી દ્વારા દર માસની મહેસૂલી

અધિકારીશ્રીઓની મીટીંગમાં પડતર તુમારોની સમીક્ષા કરી નિકાલ કરવામાં આવે છે. તેમજ કલેક્ટરશ્રી તથા પ્રાન્ત અધિકારીશ્રી દ્વારા તાલુકાની કચેરીની તપાસણી દરમ્યાન પણ તુમારોની સમીક્ષા કરી નિકાલ કરાવાય છે. સાથે સાથે જિલ્લા કક્ષાએ તુમાર નિકાલ ઝુંબેશનું આયોજન કરી તુમાર નિકાલ ઝુંબેશનું આયોજન કરી તુમાર નિકાલ કરવામાં આવે છે. ઉપરાંત પ્રતિમાસ કલેકટરશ્રી કોન્ફરન્સમાં પણ સમીક્ષા કરી નિકાલ થાય તે માટે સૂચના આપવામાં આવે છે.

--------

**જૂનાગઢ જિલ્લામાં એક ગામથી બીજા ગામને જોડતા પાકા રસ્તાઓ**

૧૮૮૫૩ **: શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર એક ગામથી બીજા ગામને જોડતાં ક્યા ક્યા રસ્તા પાકા બનાવવાની કેટલી અરજીઓ આવી, | (૧) **પત્રક-૧*** મુજબ ૧૫૩ રસ્તાઓ માટે કુલ ૬૩ અરજી આવી. |
| (૨) આવેલ અરજીઓ અન્વયે ક્યાં કેટલાં કાચા રસ્તાઓ પાકા બનાવવાનું સરકાર દ્વારા આયોજન કરી કામ પૂર્ણ કરવામાં આવ્યું, અને | (૨) ૨૦ રસ્તાઓની મંજુરી રૂ. ૮૨૩.૫૦ લાખની આપવામાં આવેલ છે જે પૈકી **પત્રક-૨*** મુજબ ૪ કામો પૂર્ણ થયેલ છે. |
| (૩) બાકીના કામો કેટલા સમયમાં હાથ ધરાશે ? | (૩) આ રજુઆતવાળા રસ્તાઓ ગ્રામ્ય કક્ષાના આંતર જોડાણ માટેના નોનપ્લાન રસ્તાઓ છે. પ્લાન રસ્તાઓને પ્રાધાન્ય આપવામાં આવેલ હોઇ, બાકી રહેતા નોનપ્લાન રસ્તાઓને હાલ મંજુરી આપેલ નથી. |

(*** પત્રક** સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**કચ્છ જિલ્લામાં રસ્તાઓની મરામત**

૨૦૧૭૦ **: શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં ખાસ મરામત સદરે વર્ષ ૨૦૧૦-૧૧ ના નાણાકીય વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં કેટલા રસ્તાઓ, કેટલી રકમના મંજૂર ક્ર્યા, અને | (૧) ૪૯ રસ્તાઓ રૂ. ૬૩૯૭.૧૩ લાખની અંદાજીત રકમથી મંજુર ક્ર્યા. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ રસ્તાઓ ક્યા તબક્કે છે ? | (૨) મંજુર કરેલ ૪૯ રસ્તાઓ પૈકી.<br>કામ પૂર્ણ - ૪<br>પ્રગતિ હેઠળ - ૧૦<br>ટેન્ડર મંજૂર - ૧૦<br>ટેન્ડર મંજૂરીમાં - ૧૧<br>ટેન્ડર માંગેલ છે - ૧૨<br>ડી.ટી.પી. લેવલે - ૨ |

--------

**સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત આણંદ જિલ્લાને ગ્રાન્ટ**

૨૦૨૧૭ **: શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં | (૧) |

સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી કેટલી ગ્રાન્ટ વર્ષવાર મળી,

| **વર્ષ** | **જવાબ** |
|---|---|
| ૨૦૦૯-૧૦ | રૂ. ૨૬૮૩૯.૪૧ લાખ |
| ૨૦૧૦-૧૧ | રૂ. ૪૬૭૯૩.૨૭ લાખ |

(૨) તે અન્વયે આણંદ જિલ્લાને કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૨)

| **વર્ષ** | **જવાબ** |
|---|---|
| ૨૦૦૯-૧૦ | રૂ. ૧૬૦૮.૯૦ લાખ |
| ૨૦૧૦-૧૧ | રૂ. ૨૪૫૩.૧૯ લાખ |

(૩) વર્ષવાર કેટલી રકમનો ખર્ચ થયો ?

(૩)

| **વર્ષ** | **જવાબ** |
|---|---|
| ૨૦૦૯-૧૦ | રૂ. ૧૫૫૪.૧૬ લાખ |
| ૨૦૧૦-૧૧ | રૂ. ૨૦૫૪.૨૬ લાખ |

--------

**ખેડા અને આણંદ જિલ્લામાં જમીન માલિકી હક્કોની એન્ટ્રીમાં ભૂલો**

૧૮૯૯૩ **: શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને આણંદ જિલ્લામાં ઇ-ધારા અમલી કર્યા બાદ જમીન માલિકીના હક્કોમાં ટાઇટલમાં કોમ્પ્યુટરની ભૂલના કારણે મૂળ માલિકોને એફીડેવિટો કરવી પડી હોય તેવા કેટલા કિસ્સા બન્યા છે, અને

(૧) શૂન્ય.

(૨) આવી ભૂલો અટકાવવા સરકારે શાં પગલાં લીધા છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**વડોદરા અને નર્મદા જિલ્લાની સરકારી આર્ટસ અને કોમર્સ કોલેજોનું મંજૂર થયેલ મહેકમ**

૧૯૩૮૬ **: શ્રી ધીરુભાઈ ભીલ (નસવાડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ વડોદરા અને નર્મદા જિલ્લામાં સરકારી આર્ટસ અને કોમર્સ કોલેજોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૧) સરકારી વિનયન કોલેજ ડેડીયાપાડા જિ. નર્મદા

| સંવર્ગ | જગ્યાનું નામ | મંજૂર થયેલ જગ્યા | ખાલી જગ્યા | ક્યારથી ખાલી |
|---|---|---|---|---|
| વર્ગ-૧ | આચાર્ય | ૧ | - | - |
| વર્ગ-૨ | વ્યાખ્યાતા | ૬ | ૧ | જાન્યુ. ૨૦૧૧ |
| વર્ગ-૩ | પી.ટી.આઈ. | ૧ | ૧ | જુન-૨૦૦૭ |
| | ગ્રંથપાલ | ૧ | ૧ | જુન-૨૦૦૭ |
| | સિ.ક્લાર્ક | ૧ | - | - |
| | જુ. ક્લાર્ક | ૨ | - | - |
| | સ્વિપર | ૧ | ૧ | જુન-૨૦૦૭ |
| | ચોકીદાર | ૧ | ૧ | જુન-૨૦૦૭ |
| | કુલ | ૧૪ | ૫ | |

સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, નસવાડી જિ. વડોદરા

| સંવર્ગ | જગ્યાનું નામ | મંજૂર થયેલ જગ્યા | ખાલી જગ્યા | ક્યારથી ખાલી |
|---|---|---|---|---|
| વર્ગ-૧ | આચાર્ય | ૧ | - | - |
| વર્ગ-૨ | વ્યાખ્યાતા | ૯ | ૨ | જાન્યુ. ૨૦૧૧ |
| વર્ગ-૩ | પી.ટી.આઈ. | ૧ | ૧ | જુન-૨૦૦૧ |
| | સિ.ક્લાર્ક | ૧ | ૧ | ઓક્ટો-૨૦૦૭ |
| | જુ. ક્લાર્ક | ૨ | ૧ | ડિસે.-૨૦૧૦ |
| | પટાવાળા | ૨ | - | - |
| | સ્વિપર | ૧ | ૧ | જુન-૨૦૦૧ |
| | ચોકીદાર | ૧ | ૧ | જુન-૨૦૦૧ |
| | **કુલ** | **૧૮** | **૭** | |

(૨) આવી ખાલી જગ્યાઓ સત્વરે ભરવા સરકારે

(૨) વ્યાખ્યાતા વર્ગ-૨ની જગ્યાઓ ભરવા અંગેની

શી કાર્યવાહી કરી?

કાર્યવાહી ગુજરાત જાહેર સેવા આયોગના પરામર્શમાં છે, જ્યારે વર્ગ-૩ની જગ્યાઓ ભરવાની કાર્યવાહી કરવામાં આવી રહેલ છે.

--------

**અમરેલી જિલ્લાના વડિયામાં કાયમી અદાલત**

૨૦૨૭૮ **: શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) : માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ અમરેલી જિલ્લાના વડિયા ગામે કાયમી કોર્ટ શરૂ કરવાનું સરકારે કોઈ આયોજન કરેલ છે, અને

(૨) વડિયાને કાયમી કોર્ટનો લાભ કેટલા સમયમાં આપવામાં આવનાર છે?

**જવાબ**

(૧) હા જી

(૨) વડી અદાલત તરફથી સૂચિત વડિયાની કાયમી કોર્ટ સ્થાપનાની દરખાસ્ત મળ્યેથી, સરકારશ્રી ધ્વારા વડી અદાલતના પરામર્શ હેઠળ અધિસૂચના બહાર પાડેથી કોર્ટ કાર્યરત કરવામાં આવશે.

--------

**સુરત જિલ્લાના માંડવી તાલુકામાં કોઝ-વે બનાવવા અંગે**

૨૦૨૦૧ **: શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ (બારડોલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ સુરત જિલ્લાના માંડવી તાલુકાના ખરોલી ગામે વરેહ નદી પર કોઝ-વે બનાવવાનું સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો આ કામગીરી શરૂ કરીને ક્યાં સુધીમાં સરકાર પૂર્ણ કરવા માંગે છે?

**જવાબ**

(૧) હાલમાં આયોજન નથી.

(૨) પ્રસ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**મહિલા અને બાળ વિકાસ વિભાગનું મંજૂર થયેલ મહેકમ**

૧૯૩૦૧ **: શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ મહિલા બાળ વિકાસ વિભાગ, સચિવાલય ખાતે મંજૂર થયેલ સંવર્ગવાર મહેકમ કેટલું છે, તેની સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે?

**જવાબ**

સામેલ પત્રક મુજબ

**મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ખાતે મંજૂર થયેલ સંવર્ગવાર મહેકમ તથા તેની સામે ખાલી કેટલી જગ્યા કેટલા સમયથી ખાલી છે તેની વિગત દર્શાવતું પત્રક**

| અ.નં. | સંવર્ગ | મંજુર થયેલ મહેમક | ખાલી જગ્યા | કેટલા સમયથી |
|---|---|---|---|---|
| ૧ | સચિવ | ૧ | ૦ | - |
| ૨ | સંયુક્ત સચિવ | ૧ | ૦ | - |
| ૩ | નાયબ સચિવ | ૧ | ૦ | - |
| ૪ | ઉપસચિવ | ૨ | ૦ | - |
| ૫ | સેક્શન અધિકારી | ૫ | ૦ | - |
| ૬ | રહસ્ય સચિવ | ૨ | ૦ | - |
| ૭ | નાયબ સેક્શન અધિકારી | ૧૫ | ૨ | ૧ જગ્યા તા. ૧૫-૭-૦૭ થી ખાલી ૧ જગ્યા તા. ૩૦-૧૧-૧૦ થી ખાલી |
| ૮ | અંગત મદદનીશ | ૨ | ૦ | - |
| અ.નં. | સંવર્ગ | મંજુર થયેલ મહેમક | ખાલી જગ્યા | કેટલા સમયથી |
| ૯ | ટાઈપીસ્ટ/ડટા એન્ટ્રી ઓપરેટર | ૩ | ૧ | તા.૧-૬-૧૦ થી ખાલી |
| ૧૦ | ડ્રાઈવર | ૨ | ૧ | તા. ૧૫-૩-૦૭ થી ખાલી |
| ૧૧ | પટાવાળા/હમાલ | ૯ | ૭ | ૪ જગ્યા તા. ૧-૩-૦૨ થી ખાલી ૩ જગ્યા તા. ૧૫-૩-૦૭ થી ખાલી |
| | **કુલ** | ૪૩ | ૧૧ | |

--------

## સુરત જિલ્લામાં લાર્સન એન્ડ ટુર્બ્રો કંપનીને આપવામાં આવેલ જમીન

**૧૯૭૨૦ : શ્રી પ્રભુભાઈ વસાવા (સોનગઢ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૭-૦૮, ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ના વર્ષમાં સુરત જિલ્લામાં લાર્સન એન્ડ ટુર્બ્રો કંપનીને કેટલી જમીન ક્યા હેતુ માટે અને શા ભાવે આપવામાં આવી, અને

(૨) તે જમીનો સબંધમાં કેટલી રકમ સ્ટેમ્પડયુટી, કબજા હક્ક-રૂપાંતર કર, બિનખેતી ધારા કે અન્ય કરથી સરકારને મળી?

**જવાબ**

(૧) ફાળવેલ જમીનની વિગત

| વર્ષ | જમીન ફાળવણી હે.આરે.ચો.મી. | હેતુ | પ્રતિ ચો.મી.ના ભાવ |
|---|---|---|---|
| ૨૦૦૭-૦૮ | ૧૧૧-૧૧-૧૪ | સુપર ક્રિટીકલ સ્ટીમ જનરેટર અને ફર્જીગ શોપ તથા હેવી એન્જીનીયરીંગ પ્લાંટના વિસ્તૃતી કરણ કરવા | રૂા. ૭૦૦/- |
| ૨૦૦૯-૧૦ | ૫૭-૯૫-૭૭ | સુપર ક્રિટીકલ તથા ટર્બાઈન અને ન્યુકલીયર પ્રોજેક્ટ માટે | રૂા. ૭૦૦/- |

(૨) તે જમીન સબંધમાં
સ્ટેમ્પડયુટી રૂા. ૬,૦૦,૧૩,૧૦૪/-
કબજા હક્ક રૂા. ૧૧૮,૬૦,૭૭,૧૬૫/-
રૂપાંતર કર રૂા. ૧૦૧,૪૪,૧૪૬/-
બિનખેતી ધારા + અન્ય કર રૂા. ૧૦,૫૭,૮૮૫/-ની રકમ સરકારને મળી

--------

## ખેડા જિલ્લામાં વિધવા બહેનોની મળેલ અરજીઓ

**૧૯૭૭૧ : શ્રી દેવુસિંહ જે.ચૌહાણ (માતર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી વિધવા બહેનોને સહાય મેળવવા માટેની અરજીઓ આવી,

(૨) આવેલ અરજીઓ અન્વયે કેટલી મંજૂર કરી,

(૩) કેટલી નામંજૂર કરવામાં આવી, અને

(૪) તેના કારણો શા છે?

**જવાબ**

(૧) ૧૧૧૯ અરજીઓ.

(૨) ૪૧૭ અરજીઓ.

(૩) ૫૩૦ અરજીઓ.

(૪) નામંજૂર થવાના કારણો નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૧ | નિયત ઉંમર ધરાવતા ન હોવાથી |
| ૨ | વાર્ષિક આવક વધારે હોવાથી |
| ૩ | પુખ્ત વયનો ૨૧ વર્ષનો પુત્ર હોવાથી |
| ૪ | નિયત સમય મર્યાદામાં અરજી કરેલ ન હોઈ |
| ૫ | અન્ય કારણોસર જેવા કે, પુરાવાના અભાવે, ત્યકતા હોવાથી વિગેરે. |

## રાજ્યમાં જંત્રીના ધોરણની પધ્ધતિ

**૧૮૯૬૭ : શ્રી હીરાભાઈ હ.પટેલ (લુણાવાડા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ રાજ્યમાં જમીનોના દસ્તાવેજો કરવા જંત્રીના ભાવ (બજારકિંમત) નક્કી કરવા સરકારે કઈ કઈ પધ્ધતિ નક્કી કરી અપનાવી છે, અને

(૨) અત્યારે નવી જંત્રી કરવા માટે જે કાર્યવાહી ચાલે છે. તે માટે કઈ પધ્ધતિ અપનાવેલ છે ?

**જવાબ**

(૧) એ.એસ.આર.-૨૦૦૬ કે જેનો અમલ રાજ્યમાં તા.૧-૪-૨૦૦૮ થી કરવામાં આવેલ છે. તેમાં નક્કી કરેલ જંત્રીના ભાવ પ્રમાણે રાજ્યમાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ દસ્તાવેજો થી તબદીલ થતી જમીનોની બજારકિંમત નક્કી કરવામાં આવે છે. એ.એસ.આર-૨૦૦૬ની જંત્રી (બજારકિંમત) નક્કી કરવા સારૂ છેલ્લા પાંચ વર્ષના વેચાણ વ્યવહારોના ભાવો તેમજ જિલ્લા મુલ્યાંક્ન સમિતિ તથા રાજ્ય કક્ષાની મુલ્યાંક્ન સમિતિમાં નક્કી થયેલ ભાવો અને સર્વે ટીમો દ્વારા મેળવવામાં આવેલ ભાવો ધ્યાને લઈ "સેપ્ટ" યુનિવર્સિટી અમદાવાદ તથા "બાયસેગ" સંસ્થા ગાંધીનગર દ્વારા તદન વૈજ્ઞાનિક ઢબે જંત્રી તૈયાર કરવામાં આવેલ હતી.

(૨) અત્યારે નવી જંત્રી તૈયાર કરવા માટે રાજ્યમાં આવેલ જમીનો/મિલ્કતો ને "બાયસેગ" ટેકનિકલ સંસ્થા દ્વારા ગ્રામ્ય વિસ્તાર, નગરપાલિકા વિસ્તાર તેમજ

કોર્પોરેશન/ઓથોરીટી વિસ્તારમાં વહેચીં ગ્રામ્ય વિસ્તાર માટે ૧ કિ.મી. X ૧ કિ.મી. વિસ્તાર ના ગ્રીડ પાડીને દરેક ગ્રીડને ત્રણ પેટાગ્રીડમાં વહેંચવામાં આવેલ છે. જ્યારે નગરપાલિકા અને કોર્પોરેશન/ઓથોરીટી વિસ્તારને મુખ્ય રસ્તા ઉપરના તથા મુખ્ય મુખ્ય રસ્તાથી અંદરના એ રીતે જુદાજુદા વેલ્યુઝોનમાં વહેંચવામાં આવેલ છે અને જિલ્લા કલેકટરશ્રીઓ ના સીધા માર્ગદર્શન હેઠળ સર્વે ટીમો તથા ચકાસણી ટીમોની રચના કરી, સ્થાનિક સ્થળ નિરીક્ષણ કરી લોકોની પૂછપરછ કરીને ભાવો મેળવીને જંત્રી તેયાર કરવાની પધ્ધતિ અપનાવેલ છે.

**મહુવા તાલુકાના તળાવો ઉંડા કરવા બાબત**

૧૯૪૯૬ **: શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા (મહુવા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લાના મહુવા તાલુકામાં કેટલા તળાવો ઉંડા ઉતારવામાં આવેલ છે, અને

(૧) ૧૬ તળાવો.

(૨) તે પેકી કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૨) રૂપિયા ૯૦.૦૦ લાખ.

--------

**આણંદ જિલ્લામાં તાલુકાવાર આંગણવાડીઓ**

૧૯૭૬૩ **: શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓ કાર્યરત છે,

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર ૧૯૭૯ આંગણવાડીઓ કાર્યરત છે.

| ક્રમ | જિલ્લા/ઘટકનું નામ | આંગણવાડીની કાર્યરત સંખ્યા |
|---|---|---|
| ૧ | ખંભાત | ૨૭૮ |
| ૨ | પેટલાદ | ૨૭૩ |
| ૩ | બોરસદ | ૩૯૭ |
| ૪ | સોજીત્રા | ૧૧૬ |
| ૫ | આંકલાવ | ૧૫૨ |
| ૬ | આણંદ | ૪૬૩ |
| ૭ | ઉમરેઠ | ૨૦૧ |
| ૮ | તારાપુર | ૯૯ |
| | કુલ : | ૧૯૭૯ |

(૨) વર્ષ ૨૦૧૧-૨૦૧૨માં સરકાર કેટલી નવી આંગણવાડીઓ તાલુકાવાર શરૂ કરવા માગે છે,

(૨) ભારત સરકારને વધુ આંગણવાડી કેન્દ્રો મંજૂર કરવાની દરખાસ્ત કરેલ છે. જે મંજૂર થયેથી નીચે પ્રમાણેના તાલુકામાં ૩૨ કેન્દ્રો શરૂ કરવામાં આવશે.

| | |
|---|---|
| ખંભાત | ૧૫ |
| પેટલાદ | ૪ |
| બોરસદ | ૬ |
| આણંદ | ૬ |
| તારાપુર | ૧ |
| કુલ : | ૩૨ |

(૩) ઉક્ત સ્થિતિએ કાર્યરત આંગણવાડીઓમાંથી તાલુકાવાર કેટલા પાસે પોતાના મકાન છે અને કેટલી ભાડાના મકાનમાં કાર્યરત છે?

(૩) કાર્યરત આંગણવાડી કેન્દ્રો પેકી તાલુકાવાર નીચે પ્રમાણેના કેન્દ્રો પોતાના તેમજ ભાડાના મકાનમાં બેસે છે.

| ક્રમ | જિલ્લા/ઘટકનું નામ | પોતાના | ભાડાના મકાનમાં કાર્યરત |
|---|---|---|---|
| ૧ | ખંભાત | ૧૭૬ | ૬૭ |
| ૨ | પેટલાદ | ૧૨૯ | ૭૩ |
| ૩ | બોરસદ | ૧૫૫ | ૧૬૬ |
| ૪ | સોજીત્રા | ૬૨ | ૩૨ |
| ૫ | આંકલાવ | ૭૪ | ૩૮ |

| | | | |
|---|---|---|---|
| ૫ | આંક્લાવ | ૭૪ | ૩૮ |
| ૬ | આણંદ | ૧૩૦ | ૨૮૧ |
| ૭ | ઉમરેઠ | ૭૬ | ૧૦૧ |
| ૮ | તારાપુર | ૬૫ | ૧૨ |
| | કુલ : | ૮૬૭ | ૭૭૦ |

## દાહોદ જિલ્લાનો બિસ્માર હાલતમાં પાવડી-પરથમપુર મુંડાહેડા રોડ

૧૯૦૦૯ : **શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાનો પાવડી-પરથમપુર-મુંડાહેડા રોડ બિસમાર હાલતમાં છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો આ રોડનાં તુટેલ નાળાં અને તુટી ગયેલ રોડ, સમારકામ ક્યારે કરવાનું આયોજન છે, અને

(૩) આ રોડ તુટવાના કારણો શું છે?

**જવાબ**

(૧), (૨) અને (૩) :

રસ્તો વાહન વ્યવહાર લાયક છે. રસ્તાની ડામર સપાટીને સાત વર્ષ કરતાં વધુ સમય થયેલ હોઈ તથા રસ્તાની સપાટીની સુધારણાની જરૂર હોય ફરીથી ડામર કરવાનું આયોજન કરેલ છે.

## તાપી જિલ્લામાં માર્ગ મકાન (સ્ટેટ) હેઠળની કાર્યપાલક ઈજનેરની ખાલી જગ્યાઓ

૧૮૧૪૮ : **શ્રી પુનાભાઈ ઘે. ગામીત (વ્યારા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ તાપી જિલ્લાના માર્ગ અને મકાન (સ્ટેટ) હેઠળની કાર્યપાલક ઈજનેરશ્રીની જગ્યા કેટલા સમયથી ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાનો ચાર્જ કોને સોંપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) તા.૮-૧૧-૨૦૧૦ થી.

(૨) તા.૮-૧૧-૧૦ થી તા.૩૦-૧૧-૧૦ સુધી શ્રી વી.કે.પાન્ડે, નાયબ કાર્યપાલક ઈજનેર, વ્યારા (મા.મ.) પેટા વિભાગને ચાર્જ સોંપવામાં આવેલ હતો. શ્રી પાન્ડે તા.૩૦-૧૧-૧૦ ના રોજ વયનિવૃત્ત થતાં, તા.૧-૧૨-૧૦ થી ૧૬-૨-૧૧ સુધીનો ચાર્જ, શ્રી એસ.ઓ.ગાંધી, નાયબ કાર્યપાલક ઈજનેર, બારડોલી (મા.મ.) પેટા વિભાગ, બારડોલીને સોંપવામાં આવેલ હતો. તા. ૧૭-૨-૧૧ થી આ જગ્યા ભરાઈ ગયેલી છે.

## સુરત અને ભાવનગર જિલ્લામાં મુંબઈ શાહુકાર ધારા હેઠળના ગુનાઓ

૨૦૨૨૨ : **શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સુરત અને ભાવનગર જિલ્લામાં મુંબઈ શાહુકાર ધારાના ભંગ હેઠળના કોઈ ગુનાઓ નોંધાયેલ છે કે કેમ, અને

(૨) જો ના, તો શાહુકાર ધારાના ભંગ હેઠળ તપાસણીની કાર્યવાહી થાય છે કે કેમ ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) હા, જી.

## સાબરકાંઠા જિલ્લામાં જમીનનું લેવલીંગ કરવા અંગે

૨૦૨૮૩ : **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લાના ભિલોડા, વિજયનગર, ખેડબ્રહ્મા અને મેઘરજ તાલુકાઓમાં તા.૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા હેક્ટર જમીનનું લેવલીંગ કરવામાં આવ્યું.

**જવાબ**

(૧) ૨૯૫૬.૪૯ હેક્ટર જમીનનું લેવલીંગ કરવામાં આવ્યું. વર્ષવાર અને તાલુકાવાર કામનું પત્રક-૧ સામેલ છે.

**પ ત્ર ક - ૧**

વર્ષવાર અને તાલુકાવાર કામનું પત્રક

| અ.નં. | તાલુકાનું નામ | તા.૧-૨-૦૯ થી ૩૧-૧-૧૦ | તા.૧-૨-૧૦ થી ૩૧-૧-૧૧ | એકંદર કુલ |
|---|---|---|---|---|
| ૧ | ભિલોડા | ૩૫૦.૧૦ | ૪૮૭.૮૫ | ૮૩૭.૯૫ |
| ૨ | વિજયનગર | ૨૨૫.૧૧ | ૧૧૦.૦૭ | ૩૩૫.૧૮ |
| ૩ | મેઘરજ | ૨૩૨.૯૨ | ૬૮૬.૪૪ | ૯૧૯.૩૬ |
| ૪ | ખેડબ્રહ્મા | ૩૭૦.૦૦ | ૪૯૪.૦૦ | ૮૬૪.૦૦ |
| | **કુલ :** | **૧૧૭૮.૧૩** | **૧૭૭૮.૩૬** | **૨૯૫૬.૪૯** |

(૨) એમાં તાલુકાવાર અને વર્ષવાર કેટલા ખર્ચનું આયોજન હતું, અને એમાં કેટલા રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) તાલુકાવાર અને વર્ષવાર કુલ રૂ.૪૪૦.૨૦ લાખના આયોજન સામે રૂ.૪૦૦.૭૩ લાખનો ખર્ચ કરેલ છે. આયોજન અને ખર્ચની વિગતનું પત્રક-૨ સામેલ છે.

**પ ત્ર ક -૨**

તાલુકાવાર અને વર્ષવાર આયોજન અને ખર્ચની વિગતો

તા.૧-૨-૨૦૦૯ થી ૩૧-૧-૨૦૧૦

| અનુ.નં. | તાલુકો | આયોજન (રૂ.લાખમાં) | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ભિલોડા | ૪૫.૦૦ | ૩૭.૫૯ |
| ૨ | વિજયનગર | ૩૦.૦૦ | ૨૬.૫૨ |
| ૩ | મેઘરજ | ૪૫.૦૦ | ૩૫.૦૦ |
| ૪ | ખેડબ્રહ્મા | ૬૦.૧૦ | ૫૪.૭૦ |
| | **કુલ :** | **૧૮૦.૧૦** | **૧૫૩.૮૧** |

તા.૧-૨-૨૦૧૦ થી તા.૩૧-૧-૨૦૧૧.

| અનુ.નં. | તાલુકો | આયોજન (રૂ.લાખમાં) | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ભિલોડા | ૭૦.૦૦ | ૬૪.૭૩ |
| ૨ | વિજયનગર | ૨૦.૧૦ | ૧૬.૮૭ |
| ૩ | મેઘરજ | ૯૫.૦૦ | ૯૩.૭૨ |
| ૪ | ખેડબ્રહ્મા | ૭૫.૦૦ | ૭૧.૬૦ |
| | **કુલ :** | **૨૬૦.૧૦** | **૨૪૬.૯૨** |

એકંદરે કુલ :-

| અનુ.નં. | તાલુકો | આયોજન (રૂ.લાખમાં) | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ભિલોડા | ૧૧૫.૦૦ | ૧૦૨.૩૨ |
| ૨ | વિજયનગર | ૫૦.૧૦ | ૪૩.૩૯ |
| ૩ | મેઘરજ | ૧૪૦.૦૦ | ૧૨૮.૭૨ |
| ૪ | ખેડબ્રહ્મા | ૧૩૫.૧૦ | ૧૨૬.૩૦ |
| | **કુલ :** | **૪૪૦.૨૦** | **૪૦૦.૭૩** |

(૩) એનાથી કેટલા ખેડૂતોને લાભ થયો ?

(૩) ૧૭૪૦.

--------

**ભરૂચ જિલ્લામાં પશુ દવાખાનાઓમાં ખાલી જ્યાઓ**

૧૮૧૫૪ : **શ્રી કિરણકુમાર લ.મકવાણા (જંબુસર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં પશુ દવાખાના કેટલા છે,

(૨) તે અન્વયે સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, અને

(૩) કેટ કેટલી જ્યાઓ કેટલા સમયથી ખાલી છે?

**જવાબ**

(૧) ૧૧ (અગીયાર).

(૨)

| | | |
|---|---|---|
| ૧ | પશુ ચિકિત્સા અધિકારી, વર્ગ-૨ | ૧૧ |
| ૨ | ડ્રેસર, વર્ગ-૪ | ૮ |
| ૩ | પટાવાળા, વર્ગ-૪ | ૧૨ |

(૩)

| ક્રમ | સંવર્ગનું નામ | ખાલી જ્યાની વિગત | | |
|---|---|---|---|---|
| | | સંખ્યા | સ્થળ | તારીખ |
| ૧ | પશુ ચિકિત્સા અધિકારી, વર્ગ-૨. | ૬ | જંબુસર | ૧૦-૮-૨૦૦૯ |
| | | | વાગરા | ૨૪-૭-૨૦૦૯ |
| | | | ઝગડીયા | ૧૭-૯-૨૦૧૦ |
| | | | ચાસવડ | ૪-૯-૨૦૦૯ |
| | | | ભરૂચ | ૧-૧૧-૨૦૦૯ |
| | | | હાંસોટ | ૧૦-૮-૨૦૦૯ |
| ૨ | ડ્રેસર, વર્ગ-૪ | ૨ | આમોદ | ૮-૨-૨૦૦૮ |
| | | | વાગરા | ૧-૨-૨૦૦૯ |
| ૩ | પટાવાળા વર્ગ-૪ | ૧ | વાગરા | ૨૪-૭-૨૦૦૯ |

--------

# શોકદર્શક ઉલ્લેખો

## ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષશ્રી કુંદનલાલ જશવંતરાય ધોળકિયાના અવસાન અંગે

**શ્રી નરેન્દ્રભાઈ મોદી (સભાગૃહના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષશ્રી કુંદનલાલ જશવંતરાય ધોળકિયાનું ૭ મી માર્ચ, ૨૦૧૧ નાં રોજ ૯૦ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી ધોળકિયાનો જન્મ ૧૦ મી ઑગસ્ટ, ૧૯૨૦ ના રોજ કલકતા મુકામે થયો હતો. તેઓશ્રીએ બી.એ., એલ.એલ.બી. સુધીનો અભ્યાસ કર્યો હતો અને વકીલાતના વ્યવસાય સાથે સંકળાયેલા હતા.

સન ૧૯૫૧ માં ભુજ નગરપાલિકાના સભ્ય તરીકે ચૂંટાઈને સ્વર્ગસ્થશ્રી ધોળકિયાએ તેમની રાજકીય કારકિર્દીની શરૂઆત કરી હતી અને ત્યારબાદ તેઓશ્રીએ ભુજ નગરપાલિકાના નગરપતિ તરીકે અમૂલ્ય સેવાઓ આપી હતી. સન ૧૯૫૬માં અંજાર અને કચ્છના અન્ય વિસ્તારોમાં આવેલા ધરતીકંપ સમયે ભૂકંપ રાહત સમિતિના સચિવ તરીકે પોતાની બધી જ શકિતઓ કામે લગાડી તેઓશ્રીએ પ્રશંસનીય કામગીરી કરી હતી. તેઓશ્રીએ સન ૧૯૭૦ થી ૧૯૭૨ સુધી ગુજરાત ખનીજ વિકાસ નિગમના ડિરેકટર તરીકે તેમજ તાર અને ટપાલ પ્રાદેશિક સલાહકાર સમિતિ, માલદેવજી આડેદરા વેચાણ વેરા સમિતિ, ગુજરાત સિંચાઈ બોર્ડ અને ગુજરાત રાજ્ય વાહનવ્યવહાર નિગમના સભ્ય તરીકે બહુ મૂલ્ય યોગદાન આપ્યું હતું. સ્વર્ગસ્થશ્રી ધોળકિયાએ ભુજ ચેમ્બર ઑફ કૉમર્સ તથા ગુજરાત રાજ્ય વાહનવ્યવહાર યુનિયનના સલાહકાર તરીકે સુંદર કામગીરી કરી હતી. તેઓશ્રીએ મહિલા અસોસિયેશનના ટ્રસ્ટી તરીકે, પૂર રાહત માટે સેવાકીય કાર્યો અને શ્રેયસ સંસ્થાના પ્રમુખ તરીકે અમૂલ્ય યોગદાન આપ્યું હતું. તેઓશ્રી રચનાત્મક શૈક્ષણિક અને સાહિત્યિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા રહ્યાં હતાં. "સમયના સથવારે ગુજરાત" તથા "શ્રુતિ અને સ્મૃતિ કચ્છ" ના લેખક તરીકે તેઓશ્રીએ સાહિત્ય ક્ષેત્રે પ્રદાન આપેલ છે.

સ્વર્ગસ્થશ્રી ધોળકિયાએ સન ૧૯૫૭ થી ૧૯૬૦ સુધી બૃહદ મુંબઈ વિધાનસભાના તથા પ્રથમ અને પાંચમી ગુજરાત વિધાનસભાના સભ્ય તરીકે ભુજ મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યુ હતું. તેઓશ્રીએ તા.૨૮/૬/૦૯૭૫ થી તા.૨૮/૩/૧૯૭૭ સુધી અને તા.૨૧/૪/૧૯૭૭ થી તા.૨૦/૬/૧૯૮૦ સુધી ગુજરાત વિધાનસભાનું અધ્યક્ષપદ શોભાવ્યું હતું.

કોમનવેલ્થ પાર્લામેન્ટરી એસોસીયેશનના ઉપક્રમે ૧૯૭૮ માં કિંગ્સ્ટન ખાતે યોજાયેલ કોન્ફરન્સમાં તેઓશ્રીએ પ્રતિનિધિત્વ કર્યુ હતું. વિશેષમાં ગુજરાત વિધાનસભા અંતર્ગત "લોકશાહીના ધબકારા" ૧૯૬૦ થી ૧૯૭૬ ગ્રંથસ્થ કરાવવામાં અને ત્યારબાદ તેનું પુરવણી પુસ્તક તૈયાર કરાવવામાં તેઓશ્રીનું મહત્ત્વપૂર્ણ યોગદાન હતું. વિધાનસભા સચિવાલયનું "સંચય મેગેઝીન" તેઓશ્રીએ ૧૯૭૯ માં શરૂ કરાવ્યું હતું.

ગાંધીમૂલ્યોને સાચા અર્થમાં જીવનમાં ઉતારનાર તેમજ સિધ્ધાંતોની બાબતમાં કોઈ બાંધછોડ નહીં કરવામાં માનનાર, જાહેર જીવનમાં મૂલ્યોનો સતત આગ્રહ રાખનાર કર્મનિષ્ઠ એવા સ્વર્ગસ્થ ધોળકિયા વિધાનસભાના અધ્યક્ષના પદની ગરિમાને જાળવવા સતત આગ્રહી રહ્યાં હતા.

સ્વર્ગસ્થશ્રી ધોળકિયા યુવા પ્રવૃત્તિમાં ઊંડો રસ ધરાવતા હતા. તેઓશ્રીએ યુ.કે., ફ્રાન્સ, જર્મની, ઈટાલી, સ્વીત્ઝરલેન્ડ અને યુરોપના અન્ય દેશોનો પ્રવાસ કર્યો હતો.

તેઓશ્રીના અવસાનથી ગુજરાત રાજ્યે આઝાદીની ચળવળના સેનાની, સિધ્ધાંતપ્રિય અને મૂલ્યનિષ્ઠ રાજકારણી, સંનિષ્ઠ અને સેવાભાવી સમાજસેવક અને આગેવાન ગુમાવ્યા છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલશોજીનો સંદેશો પાઠવીએ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી) વૈધાનિક અને સંસદીય બાબતો** : માનનીય અધ્યક્ષશ્રી, સ્વ. શ્રી કુંદનલાલ ધોળકીયા સાહેબના અવસાનથી સંસદીય પ્રણાલિકાઓના એક વડલાની વિદાય થઈ છે એમ કહું તો એમાં કંઈ જ ખોટું નથી. આઝાદી અને ક્રાંતિના મહિના ઑગસ્ટની ૧૦મી તારીખે, ૧૯૨૦માં કલકત્તા ખાતે જન્મેલા સ્વ. શ્રી કુંદનલાલ ધોળકીયાના જીવનના કેટલાક પ્રસંગો આપણે જો એમાંથી આજના દિવસે કંઈક પણ જીવનમાં ઉતારી શકીએ તો માનનીય અધ્યક્ષશ્રી હું માનું છું કે, એમની સાચી શ્રદ્ધાંજલિ હોઈ શકે.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૭૫માં આ વિધાનસભાના અધ્યક્ષ તરીકે પોતે વરાયા. મુંબઇ વિધાનસભામાં ૫૭ થી ૬૦ સુધી અને અનેક જુદા જુદા ક્ષેત્રોની એમણે પ્રવૃત્તિઓ કરી. ૨૦મી માર્ચ, ૧૯૭૮માં શ્રી નિલમ સંજીવ રેડ્ડીજીના હસ્તે આ ગૃહ જે આપણે બેસીએ છીએ એના પાયાનું ખાતમૂર્હત થયું એ વખતે આ વિધાનસભા ગૃહના અધ્યક્ષ એ સ્વ. શ્રી ધોળકીયા સાહેબ હતા. માનનીય અધ્યક્ષશ્રી, જો સ્વ. શ્રી કુંદનલાલ ધોળકીયા સાહેબની સંસદીય પ્રણાલિકાઓની યશ ગાથા ગાવા બેસીએ તો કદાચ જેમ આપણે એક પારાયણ બેસાડીએ અને સાત કે નવ દિવસ ચાલતી હોય એટલા દિવસો પણ ઓછા પડે એ પ્રકારનું ઉમદા જીવન સંસદીય પ્રણાલિકાને લાગે વળગે છે ત્યાં સુધી એ જીવીને ગયા. હું, માનનીય અધ્યક્ષશ્રી માત્ર એક કે બે પ્રસંગ જે આપણી વિધાનસભાની ચર્ચાઓમાં

નોંધાયેલા છે. આપણા સૌના માટે એમાંથી કાંઈ શીખ મળે એ પ્રકારના છે એ ટાંકીને એમને ખરા દિલથી શ્રદ્ધાંજલિ આપવા ઇચ્છું છું. ૨૧મી એપ્રિલ, ૧૯૭૭ આપણા પાંચમી વિધાનસભાની ચર્ચાઓના પુસ્તક -૫૨ના પાના નં. ૮૩૬ પર એમના જે શબ્દો છે, " અધ્યક્ષ એ ધારાસભ્યો વચ્ચે એક સેતુબંધ છે, એ પરસ્પરનો વિશ્વાસનો છે. શ્રદ્ધા અને મંદિર અને માનવ વચ્ચે કોઈ ઇમારત નથી. એજ સેતુબંધ છે અને એજ શ્રદ્ધા છે. આપણા વચ્ચે આ ખુરશી એ મંદિર છે, આપણાં વચ્ચે એક શ્રદ્ધા છે, પરસ્પર વિશ્વાસ છવાઈ રહે એમ હું જરૂર ઇચ્છું. હું એમ કહી શકું છું કે, અધ્યક્ષ તરીકે કોઈ સ્થાન લે ત્યારે He always assures the House that he will do this things; he will do that thing; he will be impartial. પણ હું જે કહેવા માગું છું તે એ છે કે, શબ્દો કરતાં અધ્યક્ષ તરીકે મારું સંચાલન જ ઉઘાડી કિતાબ બને તેવી મારી પોતાની એક ભાવના છે. માનનીય અધ્યક્ષશ્રી, એમની એ ભાવનાને માટે જ મેં આ શબ્દો વાંચવાને પસંદ કર્યા. એક પક્ષીય રાજકારણથી અધ્યક્ષે detachement કેળવવું જોઈએ. પક્ષનો કેટલોક વિસ્તાર અધ્યક્ષ માટે પ્રતિબંધિત રહેવો જોઈએ. ત્રીજી વાત એ કહેવા માગું છું કે, નિયમોમાં જે discretionary powers છે તેનો ઉપયોગ પક્ષના હિત માટે નહીં પણ ન્યાય માટે હોવો જોઈએ , અધ્યક્ષની સત્તા અમર્યાદા અને અમાપ છે પણ રાજકારણમાં મેં એક સૂત્ર અપનાવ્યું છે કે, જેની સત્તા અમાપ કે અબાધિત હોય તેમણે પોતાની જાતને વારંવાર ધોવી જોઈએ. He must wash himself. હું કંઈ ભૂલ તો નથી કરતો ને. I know, my ruling cannot be challenged even in the court. પણ એટલા જ માટે I must be careful. હું જે સત્તાનો ઉપયોગ કરું છું જે નિર્ણય આપું છું તે બરાબર છે કે નહીં અને તેથી જ મારે મારી જાતને વારંવાર ધોવી જોઈએ. માત્ર આ શબ્દો કહ્યા એવું નહીં, આ વિધાનસભા ગૃહમાં પોતે જે પક્ષમાંથી ચૂંટાયેલા હતા એના અધ્યક્ષ તરીકે બેઠા હતા. થોડું આયા રામ ગયા રામ ચાલ્યું, બહું પાતળી બહુમતી, બજેટનું સત્ર ચાલે, માગણીઓ પરની ચર્ચા આવી, સત્તાધારી પક્ષના થોડા ધારાસભ્યો ગેરહાજર હતા, માગણી પરની ચર્ચામાં મતદાન થાય તો સરકાર હારી જાય અને સરકાર સત્તા ગુમાવે. સત્તાધારી પક્ષના સભ્યોએ માનનીય અધ્યક્ષશ્રી, અધ્યક્ષને કહ્યું અમે થોડું તોફાન કરીએ તમે હાઉસ થોડું એડજોર્ન કરજો. એમણે જવાબ સકારાત્મક ન આપ્યો, દબાણ પણ એમના પર આવ્યું. માનનીય કુંદનલાલ ધોળકીયા એ સત્તાધારી પક્ષની વાત નહીં માનીને કહ્યું કે તમે અવાજ કરશો તો બહાર કાઢીશ પણ મતદાન કરાવીશ. મતદાન થયું એક મત માટે માગણીઓ પરની ચર્ચામાં સત્તાધારી પક્ષ હારી ગયો. આ ઉંચુ કામ એ માનનીય અધ્યક્ષશ્રીએ કર્યા પછી કેટલી ઉંચી પરંપરાના આપણે ભાગીદાર છીએ એનું ગૌરવ લેવાય. એ સત્તા જે મુખ્યમંત્રીની ગઈ એ સ્વ. બાબુભાઈ જશભાઈ પટેલ કુંદનલાલ ધોળકીયા પાસે જાય છે અને એમ કહે છે કે તમે મુલ્યોનું જતન કરીને મારી પ્રતિષ્ઠાને સાચવી છે. જે મુખ્યમંત્રીની ખુરશી ગઈ, જે અધ્યક્ષના કારણે ગઈ. એ અધ્યક્ષને મુખ્યમંત્રી કહેવા ગયા કે મારા પક્ષનું દબાણ હતું એમ તમે ન માન્યું એના કારણે મારી ખુરશી ગઈ પરંતુ તમે મુલ્યોનું જતન કરીને મારી પ્રતિષ્ઠા સાચવી લીધી છે. આ ગૌરવવંતુ ગુજરાત સ્વ. ધોળકીયા જેવા "ન ભૂતો, ન ભવિષ્યતિ" ખબર નથી ભૂતકાળમાં બીજા કોઈ થયા હોય કે ભવિષ્યમાં થશે એની પણ કલ્પના ન કરાય એવી પરિસ્થિતિ. આપણે સૌ કંઈક ને કંઈક અંશે એવું ઈચ્છતા હોઈએ છીએ કે અમને સન્માન મળે, માન મળે. એવોર્ડ મળે, મેડલ મળે, પ્રમાણપત્ર મળે. હું શ્રેષ્ઠ છું એવું કંઈક મળે એનાથી તદ્દન વિપરીત ભાવના. સ્વ. ધોળકીયા એવા વ્યકિત હતા કે મળેલા એવોર્ડ કે ઈનામોનો સ્વીકાર કરતા નહીં. સ્વતંત્રતાની લડતમાં જેલવાસ ભોગવ્યો. આપણે ત્યાં કહેવાય છે કે "નીડી ઈઝ ગ્રીડી" જેની પાસે ઓછું હોય એને કંઈક મેળવવાની અપેક્ષા હોય. આર્થિક સદ્ધરતા એટલી નહોતી પણ સ્વાયંત્ર્ય પેન્શન ન લીધું. ૧૯૯૮માં આપણી ગુજરાતની સરકારે નકકી કર્યું કે સ્વ. ધોળકીયાને ગોલ્ડ મેડલ આપીએ, સુવર્ણ ચંદ્રક આપીએ. એમણે ના પાડી કે હું આ ચંદ્રક નહીં લઉં. એક લાખ રૂપિયા સ્વ. કનૈયાલાલ દેસાઈ એવોર્ડ એમને આપવામાં આવ્યો. એમણે એવોર્ડનો અસ્વીકાર કર્યો. ૨૦૦૬માં રાષ્ટ્રપતિશ્રીના હસ્તે એમનું સન્માન કરવાની વાત આવી અને ગુજરાત સરકારે કહ્યું કે અમે પ્લેનની ટિકિટ મોકલીએ છીએ. રાષ્ટ્રપતિ આપનું બહુમાન કરે છે. આપ પધારો અને એમનો પત્ર હતો કે હું એવોર્ડ લેવા દિલ્હી જઉં અને પ્રજાના પૈસે વિમાનમાં જઉં તે પ્રજાના પૈસાનો દુરઉપયોગ છે. મને એ રાષ્ટ્રપતિશ્રીનું સન્માન ટપાલમાં આવશે તો હું સ્વીકારી લઈશ પણ એના માટે હવાઈ જહાજનો ખર્ચો મંજૂર નથી. એ કેટલું ઉમદા વ્યકિતત્વ? એક છેલ્લો પ્રસંગ ટાંકીને મારી વાત પૂરી કરીશ. આપણી ચર્ચાઓના પુસ્તક-૫૮ના પાના નં. ૬૧૩ પર એક નાની એવી જ વાત છે પણ ખૂબ અસરકારક છે. પોતે અધ્યક્ષ હતા ત્યારે કહ્યું કે સભાગૃહ કયારેક જે એવા પ્રસંગ બને કે વિરોધ પક્ષના એક માનનીય સભ્યશ્રી રજૂઆત કરે, જાહેર હિત ખાતરની એ વાત કરે અને તેના ખ્યાલ મુજબ એ આમ છે એમ કહે ત્યારે માનનીય સભ્યશ્રીને સભાગૃહના નેતા મુખ્યમંત્રીશ્રી એમની માગણી અને એમની વાતનો ઊભા થઈને સ્વીકાર કરે એટલું જ નહીં બધા જ પાસા જોઈ લેવાની વાત કરે એ વાત લોકશાહી પ્રણાલિકા મુજબની છે અને આ સભાગૃહમાં ઔચિત્યપૂર્ણ છે. આ એમના જીવનના તો અનેક પ્રસંગો મારા માટે તો એક મુરબ્બી હતા અને માર્ગદર્શન લેવા માટેનું એક મોટું કેન્દ્રબિંદુ મેં ગુમાવ્યું છે એમ હું કહીશ. હું પહેલી વખત વિધાનસભામાં ચુંટાયો ત્યારથી પહેલા પત્રો આવતા પછી પત્રોના બદલે કયારેક સંદેશો આવે. હું ફોન કરું એમને ૦૨૮૩૨૨૨૦૧૪૮ નંબર ઉપર એમના અને એ વડીલ છાપાઓ, વિધાનસભાની ચર્ચા રેડિયો ઉપર સાંભળનારી વ્યકિત કયારેક મને ઠપકો પણ આપે કે તમારી પાસે આ અપેક્ષા ન હોય. તમારાથી આ ન થાય અથવા તો હા, તમે આ બહુ સારું કર્યું. સરકારે આ કર્યું એ ખોટું હું મંત્રી

હતો તો એમ કહે. મંત્રી તરીકે આમ કરવું જોઈએ, આમ નહીં કરવું જોઈએ. કયારેય પોતાના નામના આગ્રહ વગર એમણે જે રીતનું જીવન જીવીને સાચા અર્થમાં ગુજરાતની સંસદીય પ્રણાલિકા માટે જે વાત કરીને ગયા છે. હું માનું છું. સ્વર્ણિમ ગુજરાતના વર્ષમાં જે સ્વર્ણિમ ઈતિહાસ ગુજરાતનો લખાય એમાં સ્વ. કુંદનલાલ ધોળકીયાનું નામ સ્વર્ણિમ અક્ષરે હંમેશા રહેશે. આપણે તો આવીએ છીએ, રહીએ છીએ, જીવીએ છીએ, જતા રહેવાના છીએ. આપણા પહેલા કેટલાય આવીને ગયા અને આપણા પછી કેટલાક આવીને જશે. આપણું કર્તવ્ય ચિરંજીવી રહેવાનું છે. સ્વ. ધોળકીયાએ એમના જીવન દરમ્યાન કોઈ સન્માન નથી સ્વીકાર્યુ. હું આપના મારફત ગૃહના નેતાને વિનંતી કરીશ ગાંધીનગરમાં એમના નામનો એકાદ માર્ગ કરીએ, એમના નામનું સ્મારક કે એમના નામે વિધાનસભાના સભ્ય કે સ્થાનિક સ્વરાજના ચૂંટાયેલા સભ્યોને માર્ગદર્શન મળી રહે તેવી કોઈ વ્યવસ્થા વાર્ષિક કરીએ, જેથી આ ઉમદા વ્યકિતને સમજવા અને એમની સેવા અને માર્ગદર્શન લેવાનું આપણા સૌને માટે ઉપયોગી બની રહે. માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોક દર્શક ઉલ્લેખ લઈને આવ્યા છે એમને દિલથી મારી અને મારા પક્ષ વતિ સમર્થન અને શ્રદ્ધાંજલિ અર્પીને વિરમું છું.

**શ્રી દિલીપ સંઘાણી(સંસદીય બાબતોના મંત્રીશ્રી)** : ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી પૂર્વ અધ્યક્ષશ્રી સ્વ. કુંદનલાલ ધોળકિયાના સ્વર્ગવાસ્થ નિમિત્તે જે શોક દર્શક લઈને આવ્યા છે, એમાં મારો સૂર પૂરાવું છું અને વિરોધ પક્ષના નેતાશ્રીએ પણ એમાં સૂર પૂરાવ્યો છે.

આઝાદી પહેલા વકીલાત કરતા કરતા પણ આ દેશની આઝાદી વખતે પોતાની ભર યુવાન વયે આ દેશ આઝાદ થાય અને આ સ્વપ્ન જોઈને એમણે લડતમાં ઝુકાવ્યું. આઝાદી આવી જ્યારે મુંબઈ બૃહદ રાજ્ય હતું અને ગુજરાત અલગ નહોતું ત્યારે પણ એમણે એમની સેવાઓ બૃહદ મુંબઈ રાજ્યમાં આપીને વિધાનસભાના સભ્ય તરીકે પોતાનું ખૂબ મોટું યોગદાન આપ્યું. જાહેર જીવનમાં અનેક પ્રસંગો ચડતા ઉતરના બનતા હોય છે. જે અહીયા ઉલ્લેખો થયા તેમ એમણે આ વિધાનસભાનું અને સભ્યોનું ગૌરવ જાળવવા માટે જે સ્થિતિનું નિમાર્ણ જે સરકાર ગુમાવવાનો ઉલ્લેખ કટોકટીના સમયમાં થયો મને યાદ છે હું કટોકટીમાં જેલમાં હતો. વિદ્યાર્થી અવસ્થામાં ધારાસભ્યોએ પોતાનું દબાણ અને સત્તા પલટાવવાની પરિસ્થિતિમાં પણ એમણે એ જ સ્થાન ઉપરથી એમની જવાબદારી નીભાવવાનો પ્રયત્ન કર્યો તે પૂર્વેની નિષ્ઠા ઉપર માન, આદર એટલા માટે થાય કે જ્યારે આ દેશની આઝાદી વખતે કોંગ્રેસ નેતૃત્વ લઈને મહાત્મા ગાંધીના નેતૃત્વમાં લડતી હતી અને આઝાદી આવી અને દેશનું નેતૃત્વ કરતા કરતા સત્તાના હોંશકોશમાં સત્તામાં ભાગલાની સ્થિતિ આવી. કોંગ્રેસના બે ભાગ પડવાની સ્થિતિનું નિર્માણ થયું ત્યારે એમના ઉપર ઈન્દિરા કોંગ્રેસમાં જોડાવવાના પુષ્કળ દબાણ હોવા છતાં આખે આખું પક્ષ રાજકીય વ્યકિત પૂજાના નામે જો અંકાય તેમાં નહિ જોડાવું જોઈએ તેવો કડક નિર્ણય લઈને નિષ્ઠા બતાવીને સંસ્થા કોંગ્રેસમાં મોરારજીભાઈના નેતૃત્વમાં નિષ્ઠા બતાવીને ગુજરાત પ્રત્યેનો આદર એમણે બતાવ્યો. ગમે તેવી કોંગ્રેસે આ દેશને આઝાદી અપાવી હોય, પણ મોરારજીભાઈ દેસાઈ સમગ્ર રાષ્ટ્રનું નેતૃત્વ જે પ્રકારે કરી રહ્યા છે અને સંસ્થા કોંગ્રેસમાં જોડાઈને જેણે રાજકીય જાહેર જીવન જીવવાનો નિર્ણય કરીને અંત સુધી એમણે આ રાજયની સેવા કેવી રીતે થાય તેની ચિંતા અને તેની પરિસ્થિતિનું નિર્માણ કરીને જે કોઈ જાય તેમને માર્ગદર્શન આપતા રહ્યા તેવું પારદર્શક જીવન જીવનાર પૂર્વ અધ્યક્ષ નથી રહ્યા તે અધ્યક્ષનો મુખ્યમંત્રીશ્રી શોકદર્શક ઉલ્લેખ લઈને આવ્યા છે એમાં મારો સૂર પૂરાવું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(ભા.રા.કો.)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા જે શોકદર્શક ઉલ્લેખ લઈને આવ્યા છે અને મારા નેતાએ જેને સમર્થન આપ્યું છે એવા આ ગૃહના પૂર્વ અધ્યક્ષ કુંદનલાલ ધોળકિયા સાહેબ આજે આપણી વચ્ચે નથી. બહુ આ ગૃહમાં એવા ઓછા લોકો હશે કે જેમણે કુંદનલાલભાઈ સાથે હાઉસની અંદર બેસવાનો મોકો મળ્યો હશે.

માનનીય અધ્યક્ષશ્રી, મને પણ ગૃહમાં બેસવાનો મોકો ન્હોતો મળ્યો પરંતુ તેના પછી અનેક પ્રસંગો બન્યા છે કે જ્યારે એમને મળવાનું, તેમનું માર્ગદર્શન લઈ આવવાનું, ક્યારેક તેમના તરફથી કોઈ બાબતમાં અભિનંદન મેળવવાનો કે ક્યારેક કોઈક બાબતમાં ઠપકો લેવાના પ્રસંગો બન્યા છે. કચ્છમાં દુષ્કાળ પડયો, ઉંમર તેમની ખૂબ મોટી, અમે ત્યાં કૅમ્પ કરવા રહ્યા અને તે વખતે આટલી ઉંમરે તેમણે પણ કોઈ કામ કરવામાં કચાશ ન્હોતી રાખી. ધરતીકંપ હોય, દુષ્કાળ હોય કે બીજા કોઈ પ્રસંગ હોય જાહેર જીવનમાં ચૂંટાયેલા પ્રતિનિધિ ન હોવા છતાંય પણ તેમણે હંમેશાં ચૂંટાયેલા પ્રતિનિધિઓની બરોબરી કરાય તેવું કામ કર્યુ છે. જ્યારે એકટીવીઝમ કોને કહેવાય? તેણે પોતાને એમ લાગે કે આમાં કંઈક જગ્યાએ અન્યાય થયો છે તો આમરણાંત ઉપવાસ ઉપર બેસી જવું તે તેનો એક રાજકીય કાર્યકર કરતાં સામાજિક કાર્યકર તરીકેનો સ્વભાવ હતો. સેવાના ક્ષેત્રથી આગળ નીકળી સંસદીય પરંપરાઓની અંદર ગુજરાતની અંદર દંતકથા કહી શકાય તેવું પાત્ર આદરણીય કુંદનલાલ ધોળકીયા હતા. કદાચ આવનારો જમાનો માની નહીં શકે કે આ પ્રમાણે અધ્યક્ષશ્રીએ નિર્ણયો લીધા. એમની પોતાની સ્પીકર પદ અને પરીક્ષણ એ બુકમાં એવા કેટલાક દાખલા આપ્યા છે. તેમાં સૌથી ધ્યાન ખેંચનારો જે દાખલો છે તે ૪ જાન્યુઆરી ૧૬૪૨ આજથી લગભગ ૪૫૦ વર્ષ પહેલાંનો હાઉસ ઑફ કોમન્સ ઈંગ્લેન્ડનો દાખલો આપેલો છે. તે વખતે રાજા ચાર્લ્સ પહેલો રાજ કરતો હતો. ૪ જાન્યુઆરી ૧૬૪૨ના દિવસે વિલિયમ બ્લેન્થોલ સ્પીકર હતા. તે વખતે રાજા

પાંચ સંસદસભ્યોની ધરપકડ કરવા માટે હાઉસમાં ધસી આવ્યા હતા. તે દંતકથા સમાન બનાવની અંદર રાજાને પાંચ સંસદસભ્યો સોંપવાની ના પાડી તેની ચાર લીટી છે તે હું વાંચું છું. વિલિયમ બ્લેન્થોલ જે સ્પીકર હતા તેણે રાજાને શું ઉત્તર આપ્યો છે તે May it please Your Majesty, I have neither eyes to see nor tongue to speak in this place. But, as the House is pleased to direct me whose servant I am here and humbly beg Your Majesty's pardon that I cannot give any other answer than this to what Your Majesty is pleased to demand of me.

માનનીય અધ્યક્ષશ્રી, આ રીતે રાજાને ના પાડી દીધી. એટલે જે એણે કહ્યું હતું આ બુકની અંદર કે સ્પીકર કેવા હોય કે called neutrality of impartial judge. મારા નેતાએ જે દાખલો આપ્યો. તે વાત તેણે પોતે લખી છે એક જગ્યાએ. તેમણે લખ્યું છે કે બજેટ પરની ચર્ચા દરમ્યાન એક દિવસ મને મારા પક્ષ તરફથી કહેવામાં આવ્યું કે આજે આપણા અમુક ધારાસભ્યો ગેરહાજર છે એટલે ગૃહની બેઠક મળે કે તુરત જ કાર્યવાહી મોકૂફ રાખજો. આ માટે મારા પર ઘણું દબાણ હતું અને આવું કરવા માટેના દાખલા, દલીલો પણ આપવામાં આવી. પરંતુ મેં પક્ષ કરતાં સ્પીકરના પદની ગરિમા જાળવવાનું પસંદ કર્યુ અને મારે મારા પક્ષની સરકાર હારી ગઈ. આ વાત મને મૌખિક પણ કરી હતી. આપણા સ્વ.સ્પીકર અશોકભાઈ ભટ્ટ સાથે વાતમાંથી વાત નીકળી ત્યારે તેમણે મને એમ કહ્યું હતું કે નાગરિક પુરવઠાની ડિમાન્ડ હતી અને દિવસ હતો ૧૨મી માર્ચ ૧૯૭૬. દંતકથા સમાન આ બે બનાવો તે આ દંતકથા સમાન વ્યકિતત્વ જ કરી શકે. નિવૃત્ત થયા હતા, આપણામાંથી ઘણા લોકો એવા છે કે વડીલ દરજજે એમના ઘરે ગયા હશે એમની બેનના- ભાણેજના ઘરે એ રહેતા હતા, પોતાનું પરિવાર તો હતું નહીં, રાજનીતિમાં આવેલા આપણા લોકો અત્યારે કેટલુંક પરિવર્તન જીવનની સામાજિક- આર્થિક સ્થિતિમાં થઈ જાય છે જ્યારે કુંદનલાલભાઈ ધોળકીયા સાહેબના જીવનમાં કોઈ પરિવર્તન નહીં, અને જીવંત જે રસ છે એ એટલો બધો હતો કે કોઈ અઠવાડિયું બાકી ન હોય કે એમનો કોઈપણ બાબતમાં ફોન ન આવ્યો હોય. દોઢ મહિના પહેલાં મેં માનનીય બાબુભાઈને વાત કરી હતી. એક દિવસ ફોન આવ્યો કે આજથી હું જમવાનું બંધ કરું છું. મારે હવે સંધ્યાકાળ આવી ચૂક્યો છે અને મારા જીવનનો અંત પણ નક્કી છે. છેલ્લા દોઢેક મહિનાથી અનાજ લેવાનું છોડી દીધું, ઘણા લોકોએ સમજાવ્યા, અમે બધાએ પણ સમજાવ્યા પણ એમણે ઇચ્છામૃત્યુ નક્કી કરેલું હતું, અને ઇચ્છામૃત્યુ દરમિયાન પણ એમણે વિધાનસભા ક્યારે મળવાની છે, શું કરવાનું છે એ બધી જ વાત કરી, છેલ્લે માનનીય નાણા મંત્રીશ્રીનું પ્રવચન હતું તો મને કહ્યું એમને કે મને બંને બુક મોકલજો, ક અને ખ બંને ભાગ, એ બંને ભાગ મોકલ્યા, એના પછી મારા માટે કોઈ નોંધ તૈયાર કરી એ ટાઈપ કરી, હું પ્રમુખ બન્યો એના મને અભિનંદન પણ આપ્યા, એ ટાઈપ થયેલી નોંધ ફરી પાછી જોઈ શકાય, માત્ર મેં નહીં રાજનીતિમાં સૌ જે રહેલા લોકો છે એણે એક પિતાતુલ્ય વ્યકિત ગુમાવી છે કે જે કોઈને પણ કોઈની શેહશરમ રાખ્યા વગર અને પોતાનો જે સાચુ લાગે કાન પકડીને કહી શકે એવું પિતાતુલ્ય વ્યકિતત્વ ગુજરાતે, ગુજરાતની સંસદીય પ્રણાલિએ અને ગુજરાતના ધારાસભ્યોએ ગુમાવ્યું છે એનું આપણે સૌને દુ:ખ છે, હું આ જે શોકદર્શક ઉલ્લેખ લઈને આવ્યા છે માનનીય નેતાશ્રી અને વિરોધપક્ષના નેતાશ્રીએ જેને ટેકો આપ્યો છે એમાં હું મારો સુર પુરાવું છું. પ્રભુ, સદ્ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના કરીએ અને એમના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પહોંચાડીએ.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ(ભા.રા.કો.)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ સ્વ. સન્માનનીય કુંદનલાલ ધોળકીયાના દુ:ખદ અવસાન નિમિત્તે માનનીય મુખ્ય મંત્રીશ્રી જે શોક પ્રસ્તાવ લઈને આવ્યા છે, વિરોધપક્ષના નેતાએ જેમને સમર્થન આપ્યું છે, અત્યંત દુ:ખની લાગણી સાથે આ શોક પ્રસ્તાવમાં હું મારો સૂર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ. કુંદનલાલ ધોળકીયા એક સ્વચ્છ પ્રતિભા ધરાવનાર, સાથે સાથે સ્પષ્ટ વક્તા અને જીવંતપર્યન્ત એક મૂલ્યનિષ્ઠ આગેવાન બની રહ્યા, આઝાદીની લડાઈથી શરૂ કરી અને આઝાદી પછી ભુજ નગરપાલિકાના સભ્યપદે ચૂંટાઈને એમણે એમની કારકિર્દી શરૂ કરી, આ રાજયના અનેક નિગમ, કમિટીમાં સભ્યપદે રહી અને એમનું અમૂલ્ય યોગદાન એમણે આ રાજયના વિકાસ માટે આપ્યું છે, પાંચ વર્ષ સુધી આ સન્માનનીય ગૃહના અધ્યક્ષપદે પણ એમણે જે કામગીરી કરી, ઘણી બધી ચર્ચા ત્યાં થઈ પણ ' ન ભૂતો ન ભવિષ્યતિ' એ પ્રકારની કામગીરી માનનીય કુંદનલાલ ધોળકીયાજીની રહી. વિધાનસભાની પ્રણાલિકાઓના એ અત્યંત પ્રખર આગ્રહી રહ્યા, હમેશાં પ્રેમાળ હૃદય, એમની સલાહ અને સૂચનો અમને સતત મળતા રહ્યા, હજી તો ત્રણ કે ચાર દિવસ પહેલાંની વાત હું યાદ કરું છું.

માનનીય રાજયપાલશ્રીના પ્રવચન ઉપર આભાર પ્રસ્તાવની ચર્ચાનો છેલ્લો દિવસ હતો એમના પત્રોથી અવારનવાર તેઓ માર્ગદર્શન આપતા. હમણાં એમનો સંદેશો આવ્યો કે મારે વાત કરવી છે અને એ દિવસે હજી હમણાં ચાર દિવસ પહેલાં અરધો કલાક સુધી રાજયપાલશ્રીના પ્રવચનના આભાર પ્રસ્તાવના અનુસંધાનમાં ગૃહમાં પ્રણાલિ કેવી હોવી જોઈએ એના સંદર્ભમાં એમણે વિસ્તૃત ચર્ચા મારી સાથે કરી છે. વિધાનસભાની કામગીરી ઉપર નેવું વર્ષની જૈફ વયે પણ એમની સતત નજર રહે, સતત વિગતો મેળવતા રહે, વિગતો મેળવી અને જ્યાં જરૂરિયાત દેખાય ત્યાં સતત માર્ગદર્શન આપ્યા કરે, ક્યાંક ઠપકો આપવાનો હોય તો પણ આપે અને એક એમનો ઉદ્દેશ કે ગુજરાત વિધાનસભાનું સ્તર એ ઉચ્ચત્તમ સ્તર હોવું જોઈએ અને ગુજરાત વિધાનસભામાં સંસદિય પ્રણાલિકા સંપૂર્ણપણે

જળવાઈ રહેવી જોઈએ. આ આશયથી જીવનપર્યંત એમણે કામ કર્યુ, લોકશાહીના અને સંસદિય પ્રણાલિકાના આવા જાગૃત પ્રહરીને હું નતમસ્તકે વંદન કરીને મારી શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું.

**પ્રો. મંગળભાઈ મા. પટેલ(ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, ભારત દેશ આઝાદ થયાં પછી આ દેશમાં લોકશાહીનો સ્વીકાર કરવામાં આવ્યો અને એમાં આ ગુજરાતના બે મહારથીઓ છે મુખ્ય એક વિઠ્ઠલભાઈ પટેલ જેઓ મધ્યસ્થ વિધાનસભાના અધ્યક્ષ હતા અને બીજા આઝાદી પછીની જે પ્રથમ લોકસભા હતી એના સ્પીકર પ્રો. માવલંકરજી, આ બન્ને મહારથીઓ પછી આપણી પાસે આ ત્રીજા મહારથી જેઓ આપણી પાસેથી વિદાય થયાં છે એ સ્પીકરસાહેબ હતા, એમના જીવન વિશે આપણે જો વિચારીએ તો એ હંમેશા એક સામાન્ય માણસની જેમ જીવન જીવતા હતા તેઓ ગાંધીજીના જીવનમૂલ્યો હતા. એ મૂલ્યોથી એ આકર્ષાયા હતા અને ગાંધીજીના જીવન મૂલ્યો હતા એ જ જીવનમૂલ્યો સાથે જીવન જીવવું એ પ્રકારની પ્રેરણા લઈને તેઓ જીવતા હતા, અહીંયા વિધાનસભામાં પણ પાંચ વર્ષ સ્પીકર તરીકે હતા ત્યારે પણ એમણે એ જીવન મૂલ્યોને સાચવ્યા હતા, કદાચ એક દાખલો છે એમનો એ આપણે માનીએ કે ન માનીએ પણ મારે કહેવું પડે અને મને જાણવા મળ્યું છે તે પ્રમાણે એ જ્યાં રહેતા હતા એ બંગલાની અંદર એ.સી. હતું પરંતુ એ.સી. હોવા છતાં પણ સરકારનો ખોટો ખર્ચો ન કરવો અને ન કરાવવો જોઈએ એમ માનીને એ.સી.નો ઉપયોગ જ્યાંસુધી તેઓ સ્પીકરના બંગલામાં રહ્યાં ત્યાંસુધી એમણે કર્યો નહોતો. અહીંયા વિરોધપક્ષના નેતાશ્રીએ જે વાત કરી કે એમને કેટલાક મળતા પુરસ્કારો અને એવોર્ડનો એમણે સ્વીકાર નહોતો કરેલો, એ વાત સાચી છે. દેસાઈ એવોર્ડ અહીંનો એક હતો એ દેસાઈ એવોર્ડનો એમણે સ્વીકાર નહોતો કર્યો. એ ઉપરાંત જે એમણે લોકસભાની અંદર અને ખાસ કરીને દિલ્હીમાં એમને બોલાવીને એમનું સન્માન કરવાનું હતું તે છતાં પણ તેમણે મારે ત્યાં જવાનો ખર્ચો કરવો પડે અને સરકારને હું એ ખર્ચો કરાવવા માગતો નથી એ રીતે તેઓ ત્યાં પણ ગયા નહોતા અને એમણે એ એવોર્ડ પણ સ્વીકાર્યો નહોતો. આ જાતના માણસો અહીંયા બહુ ઓછાં જોવા મળે છે. જેમ ગાંધીજી માટે એમ કહેવામાં આવ્યું હતું કે અમુક વર્ષો પછી આ દેશના લોકો કદાચ એ માનવા તૈયાર નહિ થાય કે ગાંધીજી કરીને કોઈ નેતા હતું, એવું જ આપણને લોકશાહીના જે સંસદિય મૂલ્યો છે એને બચાવવા માટે આવા સ્પીકર હતા એવું કદાચ આપણે સ્વીકારી પણ નહિ શકીએ એવું કામ એમણે કર્યુ હતું અને એવા કામ માટે આજે પણ ગુજરાતની વિધાનસભા ઉજ્જવળ છે અને હવે પછીના આવનાર સ્પીકર પણ આવી ઉજ્જવળતા દાખવે એ જ ભાવ સાથે તેઓને શ્રદ્ધાંજલિ અર્પીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ(ભા.રા.કો.)** : માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ માનનીય શ્રી કુંદનલાલભાઈ ધોળકીયાના નિધન બદલ શોક પ્રસ્તાવ ગૃહના નેતાશ્રી લાવ્યા છે અને વિરોધ પક્ષના નેતાએ તેને સમર્થન આપ્યું છે તેમાં હું મારો સૂર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કુંદનલાલભાઈ ધોળકીયા તે મારા વડીલ, માર્ગદર્શક અને અવાર-નવાર તેમને મળવાનું થાય જ્યારે ભુજ જઉં અને મને યાદ કરે ત્યારે હું ત્યાં પહોંચી જાઉં. પણ આ વખતે તેમણે યાદ નહોતો કર્યો તેમ છતાં પાંચમી તારીખે તેમને મળવા માટે હું ગયો હતો. તેમણે છેલ્લે નિરાંતે ખૂબ બધી વાતો સાંભળી માર્ગદર્શન આપ્યું અને અમારા નેતા શકિતસિંહભાઈએ તે જ રીતે અર્જુનભાઈ અને સિધ્ધાર્થભાઈએ કહ્યું એવા અનેક પ્રસંગોનો હું સાક્ષી રહ્યો છું. ખૂબ સાદગીભર્યુ તેમનું જીવન simple living and high thinking વિચારોની દ્રષ્ટિએ એટલી જ તેમની તીવ્રતા, સભાનતા અને લોકશાહીના એકે એક પ્રસંગોને યાદ રાખીને તે સાડા ચારસો વર્ષ પહેલાંનો ઈંગ્લેન્ડની પાર્લામેન્ટનો પ્રસંગ કહ્યો હોય કે ઈંગ્લેન્ડનું બંધારણ લખાયેલું નથી પણ પ્રણાલી અનુસાર ભૂપતભાઈ પારેખ પત્રકાર તેમને કોઈ પ્રશ્ન ઉદ્દભવેલો અને તેનો જવાબ આપેલો કે રાજ્યપાલના પ્રવચનનો ઉત્તર મુખ્યમંત્રીશ્રી આપે તે પ્રણાલિકા જે છે તેને કારણે ગૃહનું ગૌરવ જળવાય છે એવું સ્પષ્ટ મંતવ્ય પણ માનનીય કુંદનલાલભાઈએ એમને લખીને મોકલાવેલું.

માનનીય અધ્યક્ષશ્રી, એ સમયના સથવારે તેમના અનુભવની પુસ્તિકા તેમની ચાર-ચાર આવૃત્તિઓ થાય. અને તેમના અનુભવો એ કેટલા માર્ગદર્શક બનતાં હશે તેની આ પૂરવારતા છે. કચ્છના જાહેર-જીવનની અંદર, સ્વતંત્રતાની લડત વખતે એ લડવૈયા હતા. જીવનના ઉત્તરાર્ધની અંદર ભૂકંપ પછી પ્રજાકીય વિટંબણાઓને વાચા આપવા માટે થઈને આમરણાંત ઉપવાસ ઉપર ઉતરેલા અને સરકારે એમના મુદ્દાઓનું સમાધાન કરી અને પ્રજા હિતના નિર્ણયો જે જે લીધા તેના પછી એમણે પારણું કર્યુ. હમણાં કહ્યું કે તેમણે એક મહિના પહેલાં, આ જીવનના ઉત્તરાર્ધની અંદર અનાજ મૂકી દીધેલું. પણ આજથી દસ વર્ષ પહેલાં એમને જીવવાની કોઈ જિજીવિષા નહોતી. પ્રજા માટે થઈને જીવનનો અંતિમ શ્વાસ લેવાય તેના કરતાં બીજુ વધુ રૂડું શું તેમ માનવાવાળા. માનનીય સન્માનીય સભાગૃહના ઘણાં સદસ્યશ્રીઓ ભુજમાં જાય ત્યારે તેમને મળવા જવાનો તે વિવેક દાખવે, તે અવસર, તે પ્રસંગને પણ આવકારે એવા ઘણાં અભ્યાસુ સદસ્યોની લાગણીઓનો પડઘો પાડી શકે. મારે કુંદનલાલભાઈ સાથે ધારાસભામાં બેસવાનો અવસર પ્રાપ્ત નહોતો થયો કારણ કે તે પછી આવ્યાં. પરંતુ તેમની પ્રણાલિકાઓ છે તે પછીની ધારાસભાઓની અંદર અધ્યક્ષશ્રીના નિર્ણયોની અંદર કુંદનલાલભાઈએ આપેલા નિર્ણયો તે એક માર્ગદશિકતા દાખવનાર રહ્યાં.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લે અકિંચન હતા એમ કહું તો વધુ પડતું નહીં ગણાય. તેમની પાસે પોતાનું કોઈ વાહન નહોતું કોઈનું વાહન મંગાવે પણ નહીં. અમે જ્યારે વિવેક કરે તો ત્યારે પણ તે વિવેકપૂર્વક ના કહી દેતાં કે જરૂર પડયે હું મંગાવીશ. ક્યારેક જરૂર પડે, અમદાવાદ સુધી આવવાનું હોય તો નજીકના મિત્રોને કોઈને યાદ કરે પરંતુ કોઈ દિવસે કોઈ મોટાગજાના જે આગેવાનો હોય તેને ના કહે. પોતાનું તેને એક મોટું વિશાળ સર્કલ હતું. માનનીય અધ્યક્ષશ્રી, પોતે કોઈ એવોર્ડ લીધા નહીં પરંતુ એક પત્રકાર ફૂલશંકર પટ્ણી તે જમાનાની અંદર, કચ્છ રાજયની અંદર તે અખબાર ઉપર પ્રતિબંધ હતો અને ફૂલશંકરભાઈ પટ્ણી ત્યાં મુંબઈમાં રહી અને " જય કચ્છ" અખબાર ચલાવતા.

માનનીય અધ્યક્ષશ્રી, પત્રકારિત્વની કેવી કસોટી થાય એનો નમૂનો એ અમને કહેતા હતા કે ફૂલશંકર પટ્ણીનો એવોર્ડ એટલા માટે આપ્યો છે કે ફૂલશંકર પટ્ણી ઉપર કોઈ બદનક્ષતાનો દાવો રાપરના ફોજદારે કરેલો અને એ વખતે મુંબઈ રાજયમાં એ સિંધ આવતું હતું એટલે નગરપારકરની કોર્ટમાં દાવો કરેલો. એટલે અત્યારે આપણે રણની વાતો કરીએ, પરંતુ રણની મુસાફરી કેવી કપરી હોય છે એ ફૂલશંકર પટ્ણીના પ્રસંગોમાં હતું અને એટલે ફૂલશંકર પટ્ણીનો પત્રકારત્વનો એવોર્ડ એ પત્રકારોને આપવાની સમિતિ રચી હતી અને એમના માર્ગદર્શન હેઠળ આજે પણ એ એવોર્ડ અપાય છે. પોતે એવોર્ડ નહોતા લેતા, પરંતુ કોઈને એપ્રિશિએટ કરવાનું હોય અને માર્ગદર્શિત થતું હોય તો એમનું એવું વલણ નહોતું કે જેથી કરીને એ બધી દિશાઓ બંધ કરી દે. એ દિશાઓનાં દ્વાર ખોલનાર ક્ષિતિજના પેલે પાર જોનાર આગેવાન હતા.એ કચ્છના તમામ વર્ગોની ચિંતા કરે અને કોઈની પ્રત્યે જરાપણ કડવાશ ના રાખે. વિધાનસભામાં ૫ મી તારીખે આ વખતે જે કાર્યવાહી થઈ એની અંદર ઈનામ નાબૂદી ધારાની વાતો કરી તો તેમને જે વર્ગ પ્રત્યેની સહાનુભૂતિ હતી એનો ઉલ્લેખ કર્યો કે એમના કારણે અમારે ઈલેકશન હારવું પડયું એનો સ્વીકાર કર્યો, પરંતુ એની કોઈ જ કડવાશ નહીં અને ઉચિત ન્યાયના હિમાયતી હતા એનું શ્રેષ્ઠ ઉદાહરણ કદાચ મને યાદ રહે તો એમણે શબ્દો જે કહ્યા છે એ એની પ્રતિતિ કરાવે એવા શબ્દો છે.

માનનીય અધ્યક્ષશ્રી, કુંદનલાલ ધોળકીયા અમારા કચ્છના આગેવાન હતા, એટલું જ નહીં, પરંતુ એ લોકશાહીના રખેવાળો પૈકીના હમણાં જ પૂર્વ અધ્યક્ષશ્રી પ્રો મંગળદાસભાઈએ જે કહ્યું કે વિઠ્ઠલભાઈ પટેલ કે માવલંકર દાદા હોય, ગુજરાતના કુંદનલાલ ધોળકીયાનું પણ નામ આ સંસદીય પ્રણાલિકાની જાળવણી માટે અને રક્ષણ માટે થઈને એ હંમેશાં યાદ રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, કચ્છના આવા વરિષ્ઠ આગેવાન ગુમાવવાથી અમારા જેવા કેટલાય લાકોને ખાલીપો સલાહકારની કક્ષાએ માર્ગદર્શિતાની રીતે લાગે છે, પરંતુ આવા આગેવાનને ગુમાવવાના કારણે ગુજરાતને પણ જાહેર જીવનમાં કુંદનલાલ ધોળકિયા માટે એટલું જ કહેવાય કે " જનાર તો જતા રહ્યા, સદ્ગુણ એના સાંભળે". માનનીય અધ્યક્ષશ્રી, આટલા આ શબ્દો સાથે અમારા નેતાશ્રીએ કહયું છે એ કાયમી એમની યાદ આપણને માર્ગદર્શિતા આપે એ રીતે તેમની યાદ જળવાય. એ વાતને હું પણ મારું સમર્થન આપું છું અને એમના આત્માની ચીર શાંતિ માટે પ્રાર્થના કરું છું.

**અધ્યક્ષશ્રી** : આ વિધાનસભાના પૂવ અધ્યક્ષ સ્વ. શ્રી કુંદનલાલ ધોળકીયાના દુઃખદ અવસાન નિમિત્તે સભાગૃહના નેતાશ્રી જે શોક પ્રસ્તાવ લઈને આવ્યા છે તેમાં હું મારો સૂર પૂરાવું છું.

આ સભાગૃહના અધ્યક્ષશ્રી તરીકે તેમનું પ્રદાન એ નેત્રદીપક તરીકેનું રહ્યું હતું.આજે પણ આપણે તેઓશ્રીએ આપેલ નિર્ણયો અવારનવાર ટાંકીને આપણી સભાગૃહની કાર્યવાહી માટે માર્ગદર્શન મેળવીએ છીએ. તેઓએ નિષ્પક્ષતા અને મકકમતાપણાના માપદંડ નિશ્ચિત કર્યા છે. તેઓશ્રી બહુમુખી વ્યકિતત્વ ધરાવતા હતા. પાર્લામેન્ટરીયન તરીકે તેમણે આપેલ ફાળો અમૂલ્ય છે. તેઓશ્રી એક સારા લેખક પણ હતા. તેઓ ગુજરાતના અગ્રગણ્ય અખબારોમાં નિયમિતપણે કોલમો દ્વારા પોતાના વિચારોને આપણી સમક્ષ તાદૃશ કરતા હતા. કચ્છમાં

શ્રેષ્ઠ સાહિત્ય સર્જન માટે વાર્ષિક ચંદ્રક યોજનાના પણ તેઓશ્રી પ્રણેતા હતા. રાજનીતિક કાર્યક્રમો ઉપરાંત સામાજીક ક્ષેત્રે પણ તેમનું પ્રદાન અનેરું રહ્યું હતું. ૧૯૫૬ માં અંજારમાં આવેલ ધરતીકંપ હોય કે ૨૦૦૧ માં આવેલ મહા ભયાનક ભૂકંપ હોય તેઓએ પુર્નવાસ, ટાઉન પ્લાનિંગ અને લોકાનાં દુ:ખ દર્દની પીડા દૂર કરવા રાતદિવસ જોયા સિવાય સેવાઓ આપી હતી.

જીવનની સંધ્યા કાળે ભિષ્મપિતા સાથે સરખાવી શકાય તેવા એક જૈફ, સાહિત્યની ઉપાસના કરતા, ગુજરાતની રાજકીય ઘટનાઓને પુસ્તક રૂપે કંડારી હતી, આવા મૂલ્યનિષ્ઠ રાજકારણી, સંસદીય ઋષિ, તટસ્થ વિવેચક, ગાંધીવાદી નેતા, સિધ્ધાહસ્ત લેખક અને ગરીબોના બેલી, ભાંગ્યાના ભેરુ એવા ગુજરાત વિધાનસભાના ભૂતપૂર્વ અધ્યક્ષશ્રી કુંદનલાલ ધોળકીયાના આત્માને પરમકૃપાળુ ઈશ્વર શાંતિ અર્પે અને તેમના પરિવારને આઘાત સહન કરવાની શકિત અર્પે તેવી ઈશ્વરને અભ્યર્થના. આ સાથે આપણે સૌ પોતાના સ્થાન પર ઉભા રહી અને બે મિનિટ મૌન પાળીશું.

**(બે મિનિટનું મૌન)**

**અધ્યક્ષશ્રી:** સભાગૃહની આ લાગણી તેઓશ્રીના કુટુંબીજનોને પહોંચાડવામાં આવશે.

**શ્રી દિલીપ સંઘાણી ( વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે ગુજરાત વિધાનસભાના ભૂતપૂર્વ અધ્યક્ષ, સ્વર્ગસ્થ કુંદનલાલ ધોળકીયાના અવસાન અંગેના શોક પ્રસ્તાવ નીમિતે આજનું સભાગૃહનું કામકાજ મુલતવી રાખવામાં આવે.

**અધ્યક્ષશ્રી** : સભાગૃહનું આજનું કામકાજ મુલતવી રાખવામાં આવે છે. સભાગૃહ આવતી કાલે સવારના ૮-૩૦ કલાકે ફરી મળશે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૪-૧૬ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર શુક્રવાર, તા.૧૧મી માર્ચ, ૨૦૧૧ના રોજ સવારના ૮-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહયું.**

ગુજરાત વિધાનસભા
શુક્રવાર, તા.૧૧મી માર્ચ, ૨૦૧૧
**ફાલ્ગુન ૨૦, ૧૯૩૨ શાકે**
**સભાગૃહ સવારના ૮-૩૦ કલાકે મળ્યું**
**અધ્યક્ષશ્રી ગણપતભાઈ વસાવા અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## શેત્રુંજી જળાશય આધારિત પાણી પુરવઠા યોજના

***૧૯૧૦૧ શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શેત્રુંજી જળાશય આધારિત ભાવનગર શહેરની કોઈ પાણી પુરવઠા યોજના મંજૂર થયેલ છે કે કેમ?

(૨) જો હા, તો આ યોજના ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે અને

**પાણી પુરવઠા મંત્રીશ્રી :**

(૧) હા, જી.

રૂા. ૩૭.૧૯ કરોડના ખર્ચે પાઈપ લાઈનનું કામ મંજૂર કરવામાં આવેલ છે.

(૨) યોજનાના કામો હાલ પ્રગતિમાં છે.

(૨) મે-૨૦૧૧ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે** : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર શહેરને અત્યારે જે પાણીની હયાત લાઈન છે એ લાઈન નખાવેલ ત્યારે પણ એ વખતના જનસંઘના નગરપાલિકાના પ્રમુખ આદરણીય સ્વ.નગીનભાઈ શાહ દ્વારા નખાવેલ. અત્યારે સરકાશ્રીએ સુધારણા યોજના હાથ ઉપર લીધેલ છે, ત્યારે ભારતીય જનતા પાર્ટીની સરકારમાં આ આયોજન થઈ રહ્યું છે તે બદલ પાણી પુરવઠા મંત્રીશ્રી નીતિનભાઈને અને અમારા પ્રભારી મંત્રીશ્રી સૌરભભાઈને ભાવનગરની પ્રજા વતિ હ્રદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું. આગળનો પ્રશ્ન છે કે આ સુધારણા યોજના ક્યારે મંજૂર થઈ છે? એની અંદાજિત રકમ કેટલી છે? આ યોજના માટેની નાણાકીય જોગવાઈ કેટલી કરેલ છે? મારો બીજો પ્રશ્ન છે કે સુધારણા યોજના માટેની હાલની એટલે કે તા. ૨૮-૨-૨૦૧૧ સુધીની સ્થિતિ શું છે? તેમાં કેટલો ખર્ચ થયેલ છે? મારે મંત્રીશ્રી પાસે માગણી મૂકવી છે કે ૫૬ કિ.મી. દૂરથી શેત્રુંજીમાંથી ભાવનગર શહેરને પાણી મળે છે તો ૧૭ કિ.મી.ની પાઈપલાઈન બદલવાની કે સુધારણા કરવાની યોજના હાથ ઉપર લીધેલ છે, તો મંત્રીશ્રી પાસેથી બાકીની લાઈન સુધારણા કરવા માટેની માગણી કરું છું. ભાવનગરની પ્રજા માટે આટલી બાબત આપના દ્વારા એમના સુધી પહોંચાડવા પ્રયત્ન કરું છું.

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સૌરાષ્ટ્રમાં અને કચ્છમાં અને પંચમહાલ અને ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં સ્વાભાવિક રીતે આપણે ત્યાં બારમાસી નદીઓ નથી. ભૂગર્ભ જળ ઊંડા જતા જાય છે. ભૂગર્ભ જળની ગુણવત્તા, ખારાશ, ફ્લૉરાઇડ વગેરેને કારણે બગડતી જાય છે. એમાં પણ સૌરાષ્ટ્રમાં મોટા ભાગનાં શહેરોમાં પીવાના પાણીની વ્યવસ્થા ગ્રામ્ય વિસ્તાર સહિત એ ભૂતકાળમાં નજીકના ડેમ અથવા તળાવો આધારિત હતી અથવા હેન્ડપંપ, કૂવા આધારિત હતી. જેમ જેમ વસ્તી વધતી ગઈ તેમ તેમ પાણીની જરૂરિયાત વધતી ગઈ તેમ સ્વભાવિક છે કે પાણી વધારે નાગરિકોને આપવું પડે અને ભૂતકાળમાં જ્યારે દુષ્કાળ પડ્યો, ત્યારે આપણે જોયું છે કે સૌરાષ્ટ્રમાં પીવાના પાણીની બહુ ગંભીર પરિસ્થિતિ સર્જાતી હતી અને એને ધ્યાનમાં લઈને રાજ્ય સરકારે ૧૦ વર્ષથી નક્કી કર્યુ છે કે મહી પરીએજ યોજના પાઈપલાઈનથી માંડી ગયા વર્ષે પાણી પુરવઠા વિભાગમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ અને નાણા મંત્રીશ્રીએ સ્વર્ણિમ ગુજરાત સૌરાષ્ટ્ર પાઈપલાઈન યોજનાની માતબર મંજૂરી આપી એના કારણે નર્મદા કેનાલ અથવા બીજા ડેમ આધારિત પાણી છે તે ભૂતકાળમાં નદીમાં વહાવ્યા પછી શહેરની નજીક ઈન્ટેક વેલ બને અને એમાંથી પાણી ઉપાડીને શહેરને અપાય તો પાણીનો બગાડ થતો હતો, પાણીનું બાષ્પીભવન થતું હતું, પાણી ગંદુ પણ થતું હતું. આ બધુ અટકાવવા આ પાઈપલાઈન સમગ્ર સૌરાષ્ટ્રમાં નૅટવર્ક આખું બનાવવું. ઉત્તર ગુજરાતમાં નર્મદા આધારિત પાઈપલાઈનનું નૅટવર્ક લગભગ પૂરું થયું છે. કચ્છ સુધી પાણી પહોંચાડ્યું છે. મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાતમાં મોટા પ્રમાણેની કામગીરી અમારી ચાલુ છે અને આ સ્વર્ણિમ વર્ષમાં સરકારનો નિર્ધાર છે કે ગુજરાતના મોટા ભાગના તમામ નાગરિકોને ગામડા હોય કે શહેર હોય પીવાનું પાણી પહોંચાડવા માટે આપણે જુથ યોજના અમલમાં મૂકેલ છે, ત્યારે ભાવનગર શહેરમાં શેત્રુંજી ડેમ ભાવનગર શહેરથી લગભગ ૫૫ કિ.મી. દૂર છે ત્યાંથી ભૂતકાળમાં માનનીય વિભાવરી બેને કહ્યું તે પ્રમાણે પાઈપલાઈન નખાવેલ હતી, તે પાઈપલાઈન સમય, સંજોગો વપરાશ, ઘસારાને કારણે તે જૂની અને જર્જરિત થઈ ગઈ અને વારંવાર લીકેજ થઈ જાય. આખા શહેરને પાણી મળે છે તે પાણી બબ્બે, ત્રણ-ત્રણ દિવસ સુધી રિપેરિંગના કારણે બંધ રહે. શેત્રુંજીમાં વરસાદ ઓછો હોય અને ડેમમાં પાણી ઓછું હોય તો આખા શહેરને

પીવાના પાણીની તકલીફ પડે, એટલે ગયા વર્ષે જૂની પાઈપલાઈનના સ્થાને નવી પેરેરલ પાઈપલાઈન નાખવાનું કામ રાજ્ય સરકારે મંજૂર કર્યુ.

માનનીય અધ્યક્ષશ્રી, તેના માટે ૨૦૦૯-૧૦માં ૨૦ કરોડ રૂપિયા ફાળવ્યા, ૨૦૧૦-૧૧માં ૨૫ કરોડ રૂપિયા ફાળવ્યા અને ૦ થી ૧૭ કિ.મી.ની એટલે કે શેત્રુંજી ડેમથી ૧૭ કિલોમીટરની પાઈપ લાઈનનું કામ અત્યારે પૂરજોશમાં ચાલું છે. બીજો માનનીય વિભાવરીબેને જે પ્રશ્ન પૂછયો કે ૫૫ કિલોમીટરની પાઈપ લાઈનમાં ૧૭ કિલોમીટર બદલએ તો બાકીની જૂની લાઈન હોય તો સ્વાભાવિક છે કે તેનો લાભ આપણને પૂરતો ન મળે એટલા માટે ચાલુ વર્ષે બજેટમાં અત્યારે જે બજેટની ચર્ચા કરી રહ્યા છીએ તે બજેટમાં ૩૦ કરોડ રૂપિયાની માતબર રકમનો ભાવનગર શહેરની પાણી પુરવઠા યોજનાની આખી પાઈપ લાઈનની કામગીરી પૂર્ણ કરવા ફાળવણી કરી છે અને ૫૫ કિલોમીટર સુધીની પાઈપ લાઈન અને જરૂરી ઈન્ફ્રાસ્ટ્રકચર આપણે પૂરું કરીશું અને તેના કારણે પાંચ લાખથી વધુની વસ્તી ધરાવતા ભાવનગર મહાનગરના તમામ નાગરિકોને શેત્રુંજી આધારિત પૂરેપૂરુ પાણી મળી રહે અને બીજું તેનાથી જે ફાયદો થવાનો છે તેમાં જૂની પાઈપ લાઈન જે જર્જરિત હતી અને વારંવાર પાણી બ્રેક થતું હતું એટલે કોર્પોરેશન પૂરતી કેપીસીટીમાં તેનો ઉપયોગ કરી શકતું ન હતું. જેટલી વહન શકિતમાં પાણી લઈ જવું પડે ત આપણે નહોતા આપી શકતા. આ નવી પાઈપ લાઈન નંખાશે એટલે પૂરેપૂરી કેપીસીટીમાં લગભગ ૧૦ કરોડ લિટર પાણી આ પાઈપ લાઈનથી દરરોજ આપણે ભાવનગર શહેરના નાગરિકોને આપી શકીશું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી બે બાબત જાણવા માગું છું. આ જે કામ છે તે કામ વિલંબ થવાના જે કારણો છે તેનો મુખ્ય આધાર અને મારે ત્રણ તારીખો જોઈએ છે. આની ટી.એસ. ક્યારે આપી? ટેન્ડર ખોલ્યા ક્યારે અને વર્ક ઑર્ડર ક્યારે આપ્યો? માત્ર ત્રણ તારીખ જ.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ આખી પાઈપ લાઈન મેં અગાઉ આપ થોડા મોડા આવ્યા તે પહેલાં અમે જે પ્રક્રિયા કરી હતી તેના વિશેની માહિતી આપી છે. હા, પણ આપું છું. આ પાઈપ લાઈનની જે આપણે મંજૂરી આપી તે ૨૦-૩-૨૦૧૦ના રોજ આ પાઈપ લાઈનની મંજૂરી આપી અને તેનું કામ ટેન્ડરની વર્ક ઑર્ડર તારીખ ૫-૭-૨૦૧૦ છે. એટલે કે ચાર મહિનાની અંદર વહીવટી મંજૂરી પછી આપણે.. વર્ક ઑર્ડર આપવાની તારીખ આપું છું તેના પહેલાં ટેન્ડર ખોલ્યા હોય. સાહેબ હું..

**અધ્યક્ષશ્રી** : તેમને માત્ર ત્રણ વિગતો જોઈએ છે. શકિતસિંહભાઈ માનનીય મંત્રીશ્રી જવાબ આપે છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : સાહેબ, મને નવાઈ લાગે છે કે ખરેખર તો માનનીય શકિતસિંહજીએ આ સરકારનો આભાર માનવો જોઈએ તેમના વિસ્તારના, વિધાનસભા વિસ્તારના શહેર માટે ૩૭ કરોડ રૂપિયાની પાઈપ લાઈન ૪૦ વર્ષમાં કોઈએ નથી કર્યુ તે કામ મંજૂર કર્યુ છે. તેમના મત વિસ્તારમાં આવે છે અને હું તારીખ આપું છું. ફરી કહું ૨૦-૩-૨૦૧૦ના રોજ.. સાંભળો તો ખરા ભાઈ, ૨૦-૩-૨૦૧૦ના રોજ વહિવટી મંજૂરી આપી. લખો બરાબર. પછી વર્ક ઑર્ડર આપ્યો. ૫-૭-૧૦ના રોજ વર્ક ઑર્ડર આપ્યો. આ ચાર મહિનાના સમયગાળામાં અમે ટેન્ડર મંગાવ્યું, તેની પૂર્તતા કરી અને વર્ક ઑર્ડર આપી દીધો છે અને કામ ચાલું છે. ચાર મહિનાની અંદર ૩૭ કરોડ રૂપિયાનું કામ મંજૂર કર્યુ છે.

**અધ્યક્ષશ્રી** : તેમને માત્ર ટેન્ડર કઈ તારીખે ખોલ્યું તેની માહિતી જોઈએ છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : તે તારીખ મારી પાસે નથી.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, ૪૦ કરોડ રૂપિયાના જંગી ખર્ચે આ યોજના તૈયાર થઈ છે એટલે પ્રશંસાને પાત્ર છે. હવે ૨૦-૩-૧૦એ આપ્યું હોય કે તેનાથી પહેલાં આપ્યું હોય પણ ૧૦-૧૫ વર્ષ પહેલાંની આ વાત નથી. આ બે-પાંચ મહિનાની જ વાત છે. ભાજપના શાસનની વાત છે સાહેબ. મારો પ્રશ્ન એ છે કે આ પાઈપ લાઈન કેટલા ડાયામીટરની છે. આ પાઈપ લાઈન દ્વારા શહેરને કેટલું પાણી મળશે. આગામી કેટલા વર્ષ સુધી પાણી પૂરું પાડવાની આ યોજના છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ પાઈપલાઈન જે નંખાશે, એ માઈલ્ડ સ્ટીલની પાઈપલાઈન છે એના ઉપર સિમેંટનું ગ્રેનાઈટીંગ છે અને એની વચ્ચે સ્ટીલની જાળી છે એટલે એની થીકનેશ જે થાય તેના આધારે ગણીએ તો આગામી જે લોખંડની જે એન્જિનીયરીંગ સ્પેશીફીકેશન છે એ પ્રમાણે ૫૦ વર્ષનું આ પાઈપલાઈનનું આયુષ્ય છે અને આ પાઈપલાઈનનું કામ અત્યારે ચાલુ છે અને એની પાઈપલાઈનની સપ્લાયની કામગીરી છે એ લગભગ પૂર્ણ થઈ છે ગ્રેનાઈટીંગનું કામ સાઈટ ઉપર પૂરું થયું છે ૧૧૫૦૦ મીટરનું ખોદાણ કામ પૂરું થયું છે અને ૬૧૨૦ મીટરની એની પાઈપ પાથરવાની પ્રક્રિયા પૂરી થઈ છે અને આ કામગીરી વહેલામાં વહેલીતકે પૂરી કરી અને મેં અગાઉ જેમ કહ્યું એમ માનનીય શકિતસિંહભાઈના આવ્યા પહેલાં, માનનીય વિભાવરીબેનના જવાબમાં કહ્યું કે આ પાઈપલાઈન, અને માનનીય સૌરભભાઈ ત્યાંના પ્રભારી મંત્રી છે, બધાય સાથે રહી આખી પાઈપલાઈન પૂરી કરવા માટે આપણે આ કામ લીધું છે અને હું માનું છું બે બીજા તબક્કાની કામગીરી પણ આપણે વહેલીતકે પૂરી કરીશું.

**શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહને હું જણાવવા એ માગું છું કે, આ જે યોજના ભાવનગર શહેરને પાણી પૂરું પાડવા માટેની છે એ ખૂબ જ જરૂરી હતી અને આ રાજય સરકારે મંજૂર કરી છે, હમણાં વિરોધપક્ષના નેતાશ્રી વાત કરતા હતા કે કેમ મોડુ થયું છે, સાહેબ, મારા વિસ્તારમાંથી આ લાઈન નીકળે

છે મારા વિસ્તારમાં કોણે રોકી છે કે એ વિરોધપક્ષના નેતાશ્રી અને મિત્રોને જણાવી દઉં કે તમારા લોકો (અંતરાય) ચાલવા નથી દેતા.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી, આપ સીધા પ્રશ્ન ઉપર આવો.

**શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા** : એટલા માટે આમાં મોડુ થઈ રહ્યું છે. માનનીય સૌરભભાઈ અને માનનીય વિભાવરીબહેને આ મિટિંગ કરી ગયા છે મારો પ્રશ્ન એ છે કે, ભાવનગર શહેરના લોકોને પીવાનું શુદ્ધ પાણી આપવા માટે કેટલા ફીલ્ટર પ્લાન્ટ કાર્યરત છે અને અને એની ક્ષમતા કેટલી છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સ્વાભાવિક રીતે જેમ બને છે તેમ આ યોજનામાં પણ બન્યું છે, જે ખાનગી જમીનોમાંથી આ પાઈપલાઈન પસાર થાય છે કે જયાં જૂની પાઈપલાઈન તો છે જ પણ એની લગભગ બાજુમાં નવી પાઈપલાઈન નાખીએ છીએ, કેટલાક ખેડૂતો દ્વારા આ પાઈપલાઈન નહીં નાખવા સાથે નામદાર હાઈકોર્ટમાં પણ રીટ કરવામાં આવેલી, સીંગલ જજની બેચે એ રીટ કાઢી નાખી છે અને ડીવીજન બેચમાં આજે જ એની મુદત છે એટલે ખરેખર તો જેને ભાવનગર માટે રસ હોય, જે ભાવનગરની પ્રજાનું હિત ઇચ્છતા હોય એવા લોકો કોર્ટની જો મોટી મોટી વાતો કરતા હોય તો આજે એમના પ્રજાના પ્રતિનિધિ તરીકે હાઈકોર્ટમાં પાર્ટી તરીકે જોડાઈ અને આ પાઈપલાઈનની વહેલી મંજૂરી મળે એ માટેના પ્રયત્નો કરવા જોઈએ. ચાર મહિના,(અંતરાય) ૩૭ કરોડનું ટેન્ડર મંજૂર થયું એમાં કોને શું વાંધો છે એની હજુ મને ખબર નથી પડતી.

**ખેડા જિલ્લામા નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના**

*** ૧૯૦૪૪ શ્રી દેવુસિંહ જે. ચૌહાણ(માતર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખેડા જિલ્લામાં કઈ કઈ નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે,

(૨) મંજૂર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ કયા તબક્કે છે, અને

(૩) નગરપાલિકા દીઠ કેટલો ખર્ચ મંજૂર થયેલો છે?

**શહેરી વિકાસ મંત્રીશ્રી :**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખેડા જિલ્લામાં ડાકોર અને નડિયાદ નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે.

(૨) મંજૂર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ નીચે મુજબ છે.

| ક્રમ | નગરપાલિકાનું નામ | સ્થિતિ |
|---|---|---|
| ૧ | ડાકોર | ડીટીપી મંજૂરી હેઠળ છે |
| ૨ | નડિયાદ | ડીટીપી તૈયાર કરવામાં આવી રહેલ છે. |

(૩) નગરપાલિકા દીઠ નીચે મુજબ અંદાજિત ખર્ચ મંજૂર કરવામાં આવેલ છે. (રૂ. લાખમાં)

| ક્રમ | નગરપાલિકાનું નામ | રકમ |
|---|---|---|
| ૧ | ડાકોર | ૧૪૫૦.૬૦ |
| ૨ | નડિયાદ | ૧૧૧૨૦.૨૯ |

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું આપના મારફતે જાણવા માગું છું કે, નડિયાદ નગરપાલિકાનો ડીપીઆર તૈયાર છે તો તેનું ટેન્ડર કયારે બહાર પાડવામાં આવશે? એવી જ રીતે ડાકોર નગરપાલિકાનું ટેન્ડર કયારે બહાર પાડવામાં આવશે અને અત્યાર સુધીમાં રાજય સરકારે ગુજરાતની કેટલી નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરેલ છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારની જે અનેક સિધ્ધિઓ છે માનનીય મુખ્ય મંત્રીશ્રીની જે ગુજરાતની પ્રજા માટેની સુખાકારી માટેની લાગણી છે એ ફકત વાતો પૂરતી નહીં પણ બજેટ ફાળવીને લોકોના પ્રજાકીય કામો કરવા માટેની આખી જે યોજનાઓ આ સ્વર્ણિમ જયંતિ વર્ષમાં આપણી સરકારે બનાવી છે એ પૈકી અમારા શહેરી વિકાસ વિભાગે આ વખતે નકકી કર્યુ છે કે સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના કે જેની કુલ ફાળવણી રાજય સરકારે આ વર્ષ, ભૂતકાળનું વર્ષ ગયું અને આવનારા વર્ષમાં ૭૦૦૦ કરોડ રૂપિયાની માતબર રકમની ફાળવણી કરી છે અને મહાનગરપાલિકાઓ અને નગપાલિકાઓ ૧૫૯માં આ પ્રજાકીય પીવાના પાણીના કામો , ભૂગર્ભ ગટરના કામો, નગરપાલિકાની સ્થાનિક જરૂરિયાત મુજબના કામો, આ બધું કરવા માટે અમે જે ફાળવણી કરી છે એ પૈકી ખેડા જિલ્લામાં નડિયાદ અને ડાકોરમાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવી છે, નડિયાદની ભૂગર્ભ ગટર યોજના માટે ૧૧૧ કરોડ રૂપિયાના કામની વહીવટી મંજૂરી પણ આપી દેવામાં આવી છે, ડાકોરની ભૂગર્ભ ગટર યોજના માટે ૧૪.૫૦ કરોડના કામની વહીવટી મંજૂરી આપી

દેવામાં આવી છે અને કન્સલ્ટન્સ દ્વારા એના ડ્રાફટ પેપર તૈયાર કરી સરકારમાં રજૂ કરવામાં આવ્યા છે અને એની ટેકનિકલ અને ફાઈનાન્સીયલ ચકાસણી ચાલી રહી છે અને ટૂંક સમયમાં એ ચકાસણી પતે પછી એના ટેન્ડર બહાર પડશે અને ટેન્ડર બહાર પડયા પછી જે લોએસ્ટ હશે એ પ્રમાણે એની કામગીરી શરૂ કરવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજો એમનો પ્રશ્ન હતો કે, આ વર્ષે કેટલી ભૂગર્ભ ગટર યોજનાના કામો મંજૂર કરવામાં આવ્યા છે? મને જણાવતા આનંદ થાય છે કે, ૪૨ નગરપાલિકાઓના ભૂગર્ભ ગટરના કામ કરવા માટે ૧૦૫૪ કરોડ રૂપિયાની રાજય સરકારે ફાળવણી કરી છે.

**શ્રીમતી જયોત્સનાબેન રા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કપડવંજ તેમજ મહુધાના ડી.પી.આર.ને ક્યારે મંજૂરી આપવામાં આવશે, અને ખેડા જિલ્લામાં ભૂગર્ભ ગટર યોજનાઓ ક્યારે પૂર્ણ કરવામાં આવશે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો સ્વર્ણિમ ગોલ તરીકે સરકારે-મુખ્યમંત્રીશ્રીએ દરેક વિભાગોને પોત પોતાના વિભાગને લગતી પ્રજાકીય, પ્રજાપયોગી ગુજરાતના વિકાસ અને ગુજરાતની પ્રજાના સર્વાંગી વિકાસ માટેની જે કામગીરી છે એના માટે અમે જે ફાળવણી કરી છે એમાં તબક્કાવાઈસ ૨૦૧૫ સુધીમાં તમામ નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટરની યોજના થઈ જાય એવું કામ હાથ ઉપર લીધું છે. માનનીય અધ્યક્ષશ્રી, કપડવંજ અને મહુધાનો પ્રશ્ન માનનીય જોશનાબેને પૂછ્યો તો એમને કહેવાનું કે કપડવંજ નગરપાલિકાને ૨૦૧૧ અને મહુધા નગરપાલિકાના માટે એપ્રિલ ૨૦૧૧માં ડી.પી.આર.ની મંજૂરીની પ્રક્રિયા પૂર્ણ થશે અને ત્યાં પણ નડિયાદ, ડાકોર, કપડવંજ અને મહુધા આ પ્રમાણે ખેડા જિલ્લાના ચાર શહેરો અને બીજું તબક્કવાઈસ આખી પ્રોસેસ ચાલુ જ છે દરેક નગરપાલિકાની ક્યાંકને ક્યાંક આ ભૂગર્ભ ગટર યોજનાની મંજૂરીની કાર્યવાહી ચાલી રહી છે એટલે દરેક નગરપાલિકાને આખા રાજયમાં ભૂગર્ભ ગટર યોજનાનો લાભ મળશે.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, ડાકરો માટે જે ફાળવણી કરી છે એ ૧૪૫૦ કરોડ કે ૧૪૫૦ લાખ રૂપિયા એ જણાવે? ડાકોર માટે ૧૪૫૦ લાખની જે દરખાસ્ત આવી છે ડી.ટી.પી.ની એ મંજૂરી માટે આવી તો એ ડી.ટી.પી.ની મંજૂરી માટેની દરખાસ્ત ક્યારે આવી અને એની મંજૂરી ક્યારે મળશે? બીજું ડાકરો યાત્રાધામ છે ત્યારે આ હોળીની પુનમ વખતે ૮ થી ૧૦ લોકો આવશે ત્યારે કોઈ પ્લાનિંગ ન હોવાના કારણે, કોઈ ટેકનિકલ માણસ ન હોવાના કારણે, કોઈ ઓવરસીયર નથી, કોઈ એન્જિનિયર નથી એને કારણે અને જૂની ગટર બધી તૂટી ગઈ છે ત્યારે માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે ડાકરોની અંદર જે ધરોળની નાળ છે એ નાળની અંદર પાણીનો નિકાલ કરવામાં આવે તો ડાકોરનો મોટા ભાગનો પ્રશ્ન હલ થઈ જાય એમ છે. બીજું પાર્કીંગનો પ્રશ્ન છે ડાકોરની અંદર દરરોજ પાર્કીંગની મુશ્કેલીનો પ્રશ્ન છે એ હલ કરવો જોઈએ. અને જે નાળ છે એ નાળમાં પાણી નાંખીને બહાર કાઢવામાં આવે તો ડાકરોનો મોટામાં મોટો પ્રશ્ન પતી જાય એમ છે. ડાકોરની વાતો મોટી મોટી કરો છો, યાત્રાધામની વાતો મોટી મોટી કરો છો હજુ ગ્રાન્ટ તો હમણા ફાળવી છે અને પેપરમાં તો વહેલી જાહેરાત કરી દીધી કે ડાકોરની અંદર આટલા પૈસા ફાળવવામાં આવ્યા છે પણ હજુ ત્રણ વર્ષની અંદર આટલા પૈસા ફાળવ્યા છે પણ હજુ તો ડી.ટી.પી.ની મંજૂરી માટે દરખાસ્ત મોકલી છે એની મંજૂરી પણ મળી નથી તો એને મંજૂરી ક્યારે આપવામાં આવશે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય સભાગૃહના સભ્યશ્રીના ધ્યાન ઉપર મૂકવા માગુ છું કે, ગુજરાતમાં ૧૯૮૨-૮૩ પછી કોઈ પણ નગરપાલિકામાં ભૂગર્ભ ગટર કોઈ સરકાર દ્વારા બનાવવામાં આવી નથી. એ વખતે કોણ બેઠા હતા સરકારમાં એ મારે કહેવું નથી. બીજી વાત છે ટેકનિકલી, હું ટેકનિકલી વાત કરુ છું તમે પાર્કીગનું અને એ બધું લાવ્યા એટલે મારે કહેવું પડે છે. માનનીય સભ્યશ્રીના ધ્યાન ઉપર હું મૂકવા માગુ છું કે, ભૂગર્ભ ગટર યોજના, ખૂલ્લી ગટર અને કેનાલ ગટર એ બધુ જૂદું છે. ભૂગર્ભ ગટરમાં વૈજ્ઞાનિક રીતે પાણીનો નિકાલ કરી ક્યાંય બહાર પાણી દેખાય નહીં એ રીતે એને એસટીડી પ્લાન્ટ સુધી લઈ જઈ સુપ્રિમ કોર્ટના અને હાઈકોર્ટના આદેશો પ્રમાણે અને એના માર્ગદર્શન ગાઈડલાઈન પ્રમાણે એનો નિકાલ કરવામાં આવે છે. અને તળાવોમાં પાણી નાંખવું કે નહિ એની રામસિંહભાઈએ જે વાત કરી છે, એ માટે ટેકનીકલ કન્સલ્ટન્ટની જો એ માહિતી આપશે તો હું ચકાસી લેવડાવીશ. તમામ શહેરોમાં આપણે આ આયોજનમાં લીધેલું જ છે અને ડાકોર તો ભગવાન રણછોડજીનું ધામ છે ત્યાં કરવાની અમારી જવાબદારી છે અને ગુજરાતના પવિત્ર યાત્રાધામો, ઐતિહાસિક પર્યટન સ્થળોનો વિકાસ કરવાનું કામ તો આ સરકારે ચાલુ કર્યુ છે નહિ તો રાજા રણછોડરાય તો સદીઓથી ત્યાં બિરાજે છે તમે લોકોએ કશું નહોતું કર્યુ.

**શ્રી માનસિંહ કો. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા એ જાણવા માગું છું કે, માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે તબક્કાવાર બાકીની નગરપાલિકાઓની માટે ભૂગર્ભ ગટરની યોજના બનાવવામાં આવશે. તો ખેડા જિલ્લાની એવી કેટલી નગરપાલિકાઓ બાકી છે અને એનું ક્યારે આપ આયોજન કરવા માગો છો?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : મેં અગાઉ જેમ કહ્યું તેમ દરેક નગરપાલિકાઓની જુદા જુદા પ્રકારની પ્રક્રિયાઓ ચાલુ છે, બીજું ભૂગર્ભ ગટર બનાવવી એ ટેકનીકલી બહુ અઘરું કામ છે શહેરની વચ્ચે, પ્રજાની વચ્ચે, જાહેર રસ્તા ઉપર, ૨૦ - ૨૦ ફૂટ ઉંડા ખાડા કરવા પડે પાઈપ પાથરવી પડે, એના મેઈન હોલ બ્લોક બનાવવા પડે, એના ઓકસીડેશનના કામ માટે મોટી જમીન જોઈએ અથવા તો નવી ટેકનોલોજી પ્રમાણે આયોજન કરવું પડે.

પીવાના પાણીની લાઈન નાંખવી સહેલી છે ઓવરહેડ ટાંકી બનાવવી સહેલી છે પરંતુ આ બધું કરવા માટે ટેકનીકલી થોડુંક  અઘરું કામ છે, સમય માંગી લે તેવું કામ છે આપણી પાસે રાજયમાં એવી ટેકનીકલ ટીમ પણ નથી જે અહીંયા અગાઉ રામસિંહભાઈએ એમના પ્રશ્નમાં કહ્યું કે એન્જીનીયર નથી એ બધું બરાબર છે તો આ રાજય સરકારે એન્જીનીયર ભરવા માટેની પણ વ્યવસ્થા ચાલુ કરી છે, અમે એન્જીનીયરોના ઓર્ડર પણ આપ્યા પણ એ લોકો હાજર થઈને પછી બીજે જતાં રહ્યા, આ પ્રમાણેનું જ્યારે ચાલતું હોય ત્યારે આ કામ કરવું અઘરું છે એમાં આપણે બધી જ નગરપાલિકાઓને તબક્કાવાર લઈ લઈશું.

**આણંદ જિલ્લામાં નગરપાલિકાઓને સ્વચ્છતા જાળવણી માટે ફાળવણી**

***૧૯૪૦૨ શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

નિર્મળ ગુજરાત અંતર્ગત આણંદ જિલ્લામાં નગરપાલિકાઓને સ્વચ્છતા જાળવણી માટે તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલી રકમ ફાળવવામાં આવી?

**શહેરી વિકાસ મંત્રીશ્રી**

નિર્મળ ગુજરાત અંતર્ગત આણંદ જિલ્લામાં નગરપાલિકાઓને સ્વચ્છતા જાળવણી માટે તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં નીચે મુજબની રકમ ફાળવવામાં આવેલ છે.

| **ક્રમ** | **નગરપાલિકા** | **ફાળવેલ રકમ (રૂા.લાખમાં)** |
|---|---|---|
| ૧ | આણંદ | ૧૧.૦૦ |
| ૨ | ખંભાત | ૧૦.૫૦ |
| ૩ | બોરસદ | ૧૦.૫૦ |
| ૪ | પેટલાદ | ૧૦.૫૦ |
| ૫ | ઉમરેઠ | ૫.૨૫ |
| ૬ | વલ્લભવિદ્યાનગર | ૫.૨૫ |
| ૭ | કરમસદ | ૫.૨૫ |
| ૮ | આંકલાવ | ૫.૨૫ |
| ૯ | ઓડ | ૫.૨૫ |
| ૧૦ | બોરીઆવી | ૫.૨૫ |
| ૧૧ | સોજીત્રા | ૫.૨૫ |
| | કુલ . . .. | ૭૯.૨૫ |

**શ્રી નિરંજન પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સરકારની આ યોજના છે એ ઘણી સારી છે અને પ્રજાને એનાથી સફાઈનો લાભ મળે છે, પરંતુ મારે એટલું કહેવું છે કે યોજનાનું અમલીકરણ જે થવું જોઈએ એ થતું નથી, 'ખાટલે ખોડ' એ શબ્દ સંસદિય છે કે અસંસદિય છે એ ખબર નથી નહિ તો પાછો બોલીશ તો અરધી કલાક કામગીરી આપણી બગડશે. યોજનાના અમલીકરણમાં ખાટલે ખોડ છે એ દૂર કરવા માગો છો કે કેમ? કારણકે આપણે ૧૦.૫૦ લાખ પેટલાદ નગરપાલિકાને આપ્યા એમાં ૬૦ દિવસનું વાઉચર પડ્યું છે સફાઈનું આમ હાજરી ગણો તો ૨૫ દિવસ રેગ્યુલર ગણાય ૨૫ દિવસમાં ૬૦ દિવસનું વાઉચર સફાઈનું ત્યાં પડ્યું હોય અને ગામને સફાઈ ન મળતી હોય અને ગટર, સંડાસ સાફ કરનારને મહિને માત્ર એક હજાર રૂપિયા પગાર મળતો હોય મિનિમમ વેજીસથી નીચે, અર્ધ સરકારી સંસ્થામાં આ દૂષણ ચાલે છે એવું દૂષણ બંધ થાય એવું આપ ઈચ્છો છો ખરા અને ફરીથી પુછું છું કે યોજનામાં ખાટલે ખોડ છે એ દૂર કરવા માગો છો કે કેમ?

**શ્રી નીતિનભાઈ  ર. પટેલ** : ખોટલે ખોડ છે કે પેટલાદમાં ખોડ છે એ હજી સ્પષ્ટ થાય તો ખબર પડે, રાજય સરકાર એ ગ્રાન્ટ તો ફાળવે છે, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ છે, લોકશાહી પદ્ધતિથી બંધારણીય રીતે કાયદેસર ચૂંટાયેલી નગરપાલિકાઓ હોય (અંતરાય) પૂરી વાત સાંભળો, એ નથી કહેતો, તમે હારી ગયા એ નથી કહેતો, મારી વાત સાંભળો આપ, અમારી જે પદ્ધતિ છે, પંચાયત વિભાગ હોય કે નગરપાલિકા હોય, શહેરી વિકાસ વિભાગ હોય, અમે જે તે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને સારા કામો કરવા માટે, પ્રજાકીય કામો કરવા માટે શહેરની સુવિધા, સુખાકારી, સ્વચ્છતા વધારવા માટે નિર્મળ ગુજરાત યોજના નીચે અમે આ ગ્રાન્ટ આપીએ છીએ, એક વાત સાચી કે ગ્રાન્ટ આપ્યા પછી એનો ઉપયોગ કેવી રીતે કરવો, સમયસર કરવો, સારી રીતે કરવો, ગુણવત્તાયુક્ત રીતે કરવો, એ કામ કરવાની જવાબદારી જે તે નગરપાલિકાની હોય છે, અમે સીધો એમાં હસ્તક્ષેપ કરી શકતા નથી કરવા ઈચ્છતા પણ નથી અને કરીએ એ યોગ્ય પણ નથી, તો જે નગરપાલિકાઓની ચુંટાયેલી

બોડી દ્વારા આ કામો કરવામાં આવે છે સારી બોડી હોય, વ્યવસ્થિત બોડી હોય તો સારા જ કામો થાય છે આ ગ્રાન્ટનો સદ્ઉપયોગ થાય એના માટે અમે સતત મોનીટરિંગ અને રિવ્યુ કરીએ જ છીએ. છતાં કોઈ સભ્યશ્રીને અને આખા ગૃહને મારી વિનંતી છે કે, કરોડો રૂપિયાની ગ્રાન્ટો નગરપાલિકાઓને રાજ્ય સરકાર ફાળવે છે તેમાં કોઈ તકલીફ હોય, કયાંય ખોટો ખર્ચ થતો હોય, કયાંય કવોલિટીવાળાનું કામ ના થતું હોય તો મારું ધ્યાન દોરજો. ગમે તે પક્ષની નગરપાલિકા હશે તો પણ અમે કામની કવોલિટી અને પારદર્શકતા અને પ્રજાકીય કામમાં ચોક્કસ ચકાસણી કરાવીશું.

**શ્રી નિરંજન પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, તમે આખી ગુજરાતની નગરપાલિકાની ચર્ચા કરી અને તમે કહ્યું કે કોઈ મુશ્કેલી હોય તો કહેજો. તો મારી મુશ્કેલી હું આપની સમક્ષ રજૂ કરું છું તો એ દૂર થાય એવું છે કે નહીં એટલું જ છે બીજું કશું છે જ નહીં.

**અધ્યક્ષશ્રી** : આપ મંત્રીશ્રીને મળજો તે દૂર કરવાની ખાતરી આપે છે.

**શ્રી નિરંજન પટેલ** : તે આખી ગુજરાતની નગરપાલિકાની વાત કરે છે. હું ખાલી પેટલાદની નગરપાલિકાની વાત કરું છું કે તેમાં જે ગેરરીતિઓ થઈ છે તેની તપાસ કરાવડાવવા માગો છો કે કેમ ? કારણ કે યોજના સારી છે પણ અમલીકરણની અંદર જે ક્ષતિઓ છે તે દૂર કરવા માગો છો કે કેમ ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં તમામ સભ્યશ્રીઓને કહ્યું કે અમારી યોજનાનો યોગ્ય રીતે અમલ ના થતો હોય તો અમારા ધ્યાન ઉપર મૂકજો. અહીંયા હાલને હાલ હું હા કે ના કહી દઉં તેના કરતાં તેની રજૂઆત આવે વાજબી છે, નથી વાજબી, રાજકીય છે, બિન રાજકીય છે, પ્રજાકીય છે તે બધુ જોવું પડે.

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, જવાબમાં જે રીતે ફાળવેલ ગ્રાન્ટની રકમ બતાવવામાં આવી છે એટલે માનનીય મંત્રીશ્રીને પૂછવા માંગુ છું કે આ ગ્રાન્ટ ફાળવણીના ધોરણો શા છે ? અને જેમ નિરંજનભાઈએ કહ્યું તેમ મોટાભાગની નગરપાલિકાઓમાં જે નગરપાલિકાઓ દ્વારા કોન્ટ્રાકટ બેઝીઝ પર કર્મચારીઓ રાખવામાં આવે છે તેમાં પણ ખાસ કરીને સફાઈ કામદારો. તેમને જે વેતન આપવામાં આવે છે તે લઘ ુત્તમ વેતનની મર્યાદા કરતાં પણ ખૂબ ઓછું આપવામાં આવે છે એના કારણે જે ટેમ્પરરી કર્મચારીઓ છે તે યોગ્ય રીતે કામ કરી શકતાં નથી. આ ખર્ચ કરવા છતાં ત્યાંના શહેરીજનોને યોગ્ય રીતે સફાઈ મળતી નથી તો એ બાબતે આપ શું કરવા માગો છો ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ વેતનનો વગેરેનો પ્રશ્ન નથી. અમે જે ગ્રાન્ટ આપીએ છીએ તે સારી રીતે વપરાય એવું સરકાર ઇચ્છે છે એટલું જ હું કહી શકીશ.

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, ફાળવણીના ધોરણો શાં છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના પણ બિલકુલ નવી છે. ભૂતકાળમાં નગરપાલિકામાં હું ૨૦ વર્ષ રહેલો છું. મારી સાથે નિરંજનભાઈ પણ પ્રમુખ હતા, અમે વર્ષો જૂનાં છીએ. ભૂતકાળમાં નગરપાલિકાઓને ગ્રાન્ટ મળતી નહોતી, આંખે પાણી આવી જતાં હતા. કોઈ પ્રજાકીય કામ થતું નહોતું અમે નાનામાં નાની જરૂરિયાત નગરપાલિકાઓની જોઈએ છીએ કે જ્યારે ચોમાસું હોય અને ચોમાસા પછીનો સમય હોય ત્યારે સ્વભાવિક પાણી ભરાવાના કારણે, ગંદકી થવાના કારણે રોગચાળાનો પ્રશ્ન ઉદ્ભવતો હતો. શહેરની સફાઈ યોગ્ય રીતે કરવા માટે નગરપાલિકા પાસે બજેટ નહોતું. દવાઓ છાંટવાની હોય, વ્યવસ્થાઓ જોઈતી હોય, સાધનો જોઈતા હોય તો અમે નવી યોજના ચાલુ કરી અને દર ચોમાસા દરમિયાન નગરપાલિકાને જંતુનાશક દવાઓ આપીએ છીએ. વિવિધ પ્રકારના સાધનોની સહાય કરીએ છીએ અને શહેરની સ્વચ્છતા ચોમાસા પછી સારી રીતે રહે, બીજી તો કરોડોની ગ્રાન્ટ આપીએ જ છીએ તે અલગ. પણ આ તો ચોમાસાની ત્રણ મહિના પૂરતી આ રોગચાળો ના ફેલાય તે માટેના આ ધોરણો છે.

**શ્રી શિરિષકુમાર મ. શુકલ** : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૦૯-૧૦માં આ જિલ્લાની નગરપાલિકાઓની સ્વચ્છતા જાળવણી માટે કયા ધોરણે ગ્રાન્ટ ફાળવવામાં આવી? મારો બીજો સવાલ એ છે કે, નગરપાલિકાઓને સ્વર્ણ જયંતી વર્ષની ઉજવણી માટે ૨૦૧૦-૧૧માં નિર્મળ ગુજરાત અંતર્ગત આઈ.ઈ.સી. અને સ્વચ્છતા જાળવણી સહિતની કામગીરી માટે કયા ધોરણે ગ્રાન્ટ ફાળવવામાં આવશે ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં બે પ્રકારની યોજના છે. એક સાધન સહાય આપવી, વસ્તુ સહાય આપવી અને સામે પ્રજાકીય જાગૃતિ થાય કે કચરો ફેંકવો નહીં, ગંદકી કરવી નહીં, વ્યવસ્થા જાળવવી, પછી રોગચાળો ના થાય તે માટેની આગોતરી સાવચેતી રાખવી આવા પ્રકારની જે જનજાગૃતિની કાર્યવાહી છે જાહેર હોર્ડિંગ્સ લગાવે, પત્રિકા છાપે, લાઉડ સ્પીકરથી બધી સૂચનાઓ આપે આવા પ્રકારની કામગીરી માટે ટૂંકમાં પ્રજાકીય જાગૃતિ રોગચાળો થતો અટકાવવા પહેલાંની અને જાગૃતિ લાવ્યા પછીની સફાઈની કામગીરી માટે તે માટે આપીએ છીએ અને આખા રાજયમાં આપીએ છીએ.

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માંગુ છું કે, જે ઉમરેઠની અંદર સવા પાંચ લાખ રૂપિયા ફાળવ્યા છે તેમાં માનનીય પ્રભારી મંત્રીશ્રીએ જ્યારે મુલાકાત લીધી

ત્યારે પણ એ ગંદકી એટલી બધી હતી કે આ જે પૈસા છે તે ઓછાં પડે છે. તો વધારે પૈસા આપીને અમારું ઉમરેઠ સ્વચ્છ રહે તે માટે વધુ કોઈ સગવડ આપવા માગો છો કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ:** માનનીય અધ્યક્ષશ્રી, આ તો બહુ નાની ગ્રાન્ટ છે. ૧૧ લાખ રૂપિયાની નાની ગ્રાન્ટ છે. નગરપાલિકા દીઠ ૧૧ લાખ રૂપિયા આપીએ છીએ. આ સિવાય ગયા વર્ષે રાજય સરકાર તરફથી દરેક નગરપાલિકાને ટ્રેકટરો આપ્યા, ટ્રોલીઓ આપી, કન્ટેઈનરો આપ્યા. એમાં કચરો ભરવા માટેના લોડર આપ્યા. જુદી જુદી જગ્યાએ કન્ટેઈનરને મૂકવા માટેની વ્યવસ્થા કરવા માટેની સહાય આપી અને નાની નાની ડસ્ટબિન, સફાઈના સાધનો આપ્યા. ભૂતકાળમાં કદી ૫૦ વર્ષના ગુજરાતના ઈતિહાસમાં નગરપાલિકાને મળેલી બધી ગ્રાન્ટોનો સરવાળો કરીએ, શહેરી વિકાસ વિભાગની બધી ગ્રાન્ટોનો સરવાળો કરીએ એના કરતા અનેકગણી ગ્રાન્ટ ૨૦૦૫થી માંડી, નિર્મળ ગુજરાતથી માંડીને આ સરકારે શહેરોની પ્રજાની સુખાકારી માટે આપી છે. ફરી કહી દઉં કે સ્વચ્છતા કરાવવી એ સ્થાનિક કામગીરી છે. ત્યાં ફોલોઅપ કરવું જોઈએ. જિલ્લા સંકલનમાં આપ હો છો. ત્યાં કલેકટરશ્રીઓને કહી શકો. ચીફ ઓફિસરને કહી શકો. આ કામ સ્થાનિક કરાવવાનું છે. એ આપણા સૌની જવાબદારી છે

## સાબરકાંઠા જિલ્લામાં ચેકડેમના કામો

*** ૧૯૧૦૬ શ્રી ઉદેસિંહ પું. ઝાલા(બાયડ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૨૦૧૦માં કેટલા ચેકડેમ મંજૂર થયા હતા,
(૨) તેમાંથી તા. ૩૧/૧૨/૨૦૧૦ની સ્થિતિએ કેટલા ચેકડેમોના કામો પૂર્ણ થયા, અને
(૩) તેની પાછળ કેટલી રકમનો ખર્ચ થયો?

**જળસંપત્તિ મંત્રી:**

(૧) ૧૬૦૧
(૨) ૧૨૨૩
(૩) રૂા. ૫૯.૬૩ કરોડ

**શ્રી ઉદેસિંહ પું. ઝાલા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રી મહોદય પાસે હું જાણવા માગું છું કે સાબરકાંઠા જિલ્લામાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અંતર્ગત કેટલા નાના ચેકડેમો કરવામાં આવ્યા અને આ જે નાના ચેકડેમો બનાવવામાં આવ્યા, એનાથી આધારિત કેટલા વિસ્તારને પાણીનો લાભ થયો? માનનીય મંત્રી મહોદય પાસે મારો બીજો પ્રશ્ન એ છે કે સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ૫ વર્ષમાં કેટલા ચેકડેમ બનાવવામાં આવ્યા અને તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? અને માનનીય મંત્રી મહોદયને ખાસ વિનંતી એ છે કે જિલ્લાવાર આંકડા આપવામાં આવ્યા, પણ તાલુકા વાઈઝ કેટલા ચેકડેમ ૫ વર્ષમાં થયા અને તેની પાછળ કેટલો ખર્ચ થયો? એ જણાવવા મંત્રી મહોદયને હું ખાસ વિનંતી કરું છું.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ:** માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર રાજયમાં જળસંચય યોજનાનો અમલ કરવો અને એના માટેની માતબર રકમ ફાળવવી એ આ રાજય સરકારની એક પ્રજાકીય આવનારા ભવિષ્યની અને અત્યારની જરૂરિયાતને સંતોષવા માટેનો ખૂબ મોટો ભાગ છે. અને આખા રાજયમાં એના માટેનો અમલ થાય છે. ત્યારે સાબરકાંઠા જિલ્લામાં પણ સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના નીચે માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછયો કે અત્યાર સુધીમાં કેટલા ચેકડેમ થયા? તો ૭૭૭૩ ચેકડેમ આ યોજના નીચે સાબરકાંઠા જિલ્લામાં બનાવવામાં આવ્યા છે. એનાથી ૬૧,૦૦૦ હેકટરને સીધી કે આડકતરી રીતે સિંચાઈનો લાભ મળ્યો છે. ચેકડેમ ભરેલા હોય ત્યારે તેના ઉપર એન્જીન મૂકીને સીધું પાણી ઉપાડે, એ સીધો લાભ લે અને તળના પાણી રીચાર્જ થાય, તળ ઉંચા આવે, હેન્ડ પંપના અને ટયૂબવેલના તળ ઉંચા આવે એ બધું ગણીએ તો ૬૧,૦૦૦ હેકટરને એનો લાભ મળે છે. બીજો જે પ્રશ્ન પૂછયો કે ૫ વર્ષમાં કેટલા બનાવવામાં આવ્યા તો ૫ વર્ષની અંદર ૨૨૫૮ ચેકડેમ બનાવવામાં આવ્યા છે અને પાછલા બે વર્ષમાં ૧૦૨ કરોડ રૂપિયાના કામ સાબરકાંઠા જિલ્લામાં ફકત ચેકડેમ બનાવવા માટે રાજય સરકારે કર્યા છે. સભ્યશ્રીએ જે બીજો પ્રશ્ન પૂછયો કે તાલુકાદીઠ જે ૨૦૦૯-૧૦ દરમ્યાનનો માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન છે. આ દરમ્યાન જે ચેકડેમ બન્યા એમાં મોટા ચેકડેમ આપણે ૧૮ બનાવ્યા અને નાના ચેકડેમ આપણે ૧૨૧૧ બનાવ્યા અને આની પાછળ ૫૯ કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે.

**શ્રી દિલીપસિંહ વ.પરમાર** : સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ તારીખ ૩૧/૧૨/૧૦ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં કેટલી અરજીઓ મંજૂરી અર્થે પડતર છે અને આ અરજીઓ કેટલા સમયમાં મંજૂર કરવા માગે છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ચેકડેમોની કામગીરી એ સતત ચાલતી પ્રક્રિયા છે. ગઈકાલે અરજી આવી હોય, આજે અરજીઓ આવી હોય તો આવી અરજીઓમાં જે સાઈટ બતાવેલી હોય એ સાઈટની મુલાકાત કરીએ છીએ કે એ ચેકડેમ બનાવવા માટે યોગ્ય જગ્યા છે કે કેમ, પાણીનો આવરો આવી શકે તેમ છે કે કેમ,કોઈ જગ્યાએ ખાનગી જમીનનું ડૂબાણ થાય તેમ છે કે કેમ આ બધી ચકાસણી કર્યા પછી જ અરજીઓ મંજૂર કરવાની કામગીરી ચાલુ થતી હોય છે. આજની તારીખે જે અરજીઓ આવી છે તેમાં ૩૭૮ અરજીઓનું કામ ચકાસણી હેઠળ છે અને એ ચકાસણીનું કામ પૂરું થાય એટલે વર્ક ઓર્ડર આપીશું.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, આ જળસંચય યોજના એ ખૂબ સારી યોજના છે, પરંતુ માનનીય મંત્રીશ્રીએ જે કહ્યું કે ખેડૂતો ઓઈલ એન્જિન મૂકીને પાણી ખેંચતા હોય છે, પરંતુ મારા વિસ્તારમાં મેં જોયું છે કે દિવાળી પછી પાણી ચેકડેમોમાં રહેતું નથી કારણ કે હાર્ડ સ્ટેટા જયાં સુધી ના આવે ત્યાં સુધી પાયો જતો નથી એટલે ચેકડેમ થતા નથી.પથ્થરોમાં તિરાડો હોવાને કારણે પાણી જતું રહે છે. નીચે પોલાણના રહી જવાને કારણે પાણી જતું રહે છે અને એ જે ટ્રેકિંગ થવું જોઈએ ન થવાને કારણે મુશ્કેલી ઉભી થાય છે. બીજી મુશ્કોલી એ છે કે મોટાભાગના લોકલ એસ.ઓ. હોય છે એ એસ.ઓ.ની એમાં મીલીભગત હોય છે, એમાં તેમનો ભાગ હોય છે એના કારણે આ કામગીરી સારી થતી નથી. એટલે માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે આમાં એકઝિકયુટિવ એન્જિનિયર લેવલથી ચોકકસ તપાસ થવી જોઈએ અને જે કોઈ ચેકડેમ બને ત્યાં એનો હાર્ડ સ્ટેટા ન આવે ત્યાંસુધી એનો પાયો બનાવવામાં આવે જેથી પાણીનો સંચય થઈ શકે અને જે વિસ્તારમાં કોઈ સુવિધા નથી , ફિઝિબિલીટી નથી એમ કરીને ચેકડેમ બનાવાતા નથી તો ત્યાં વધુમાં વધુ ચેકડેમ બનાવે એવી મારી વિનંતી છે. એટલે મારે મંત્રીશ્રીને પૂછવું છે કે ૫ લાખ ઉપરની કિંમતના ચેકડેમો માટે કોઈ ટેન્ડર પ્રક્રિયા છે કે પછી સીધેસીધા લોકફાળાથી કરવામાં આવે છે. લોકફાળામાં જે અધિકારી છે એ ન હોવાને કારણે ચેકડેમ નિષ્ફળ ગયા છે. એટલે એક તો ટેન્ડરની પ્રક્રિયા કરવા માગે છે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી અનિલભાઈ જોશીયારાએ બે ત્રણ બાબત કહી જે અગત્યની છે. એક તો ચેકડેમમાં અમે ફકત સિવિલ વર્ક જ કરીએ છીએ. ભૂગર્ભનો સ્ટેટા હાર્ડરોક કે પથ્થરવાળું હોય તો પાણી નીચે ઉતરે એ આજુબાજુ કયાંકને કયાંક કૂવામાં અને હેન્ડપંપ વગરેમાં મળતું હોય છે, કદાચ જતું પણ રહે. બીજી એમણે વાત કરી કે ચેકડેમ નીચે કોઈ સિપેજ હોય તો એ પાણી જાય એ પણ બને છે, પરંતુ નદીમાં જ પાણી રહે છે. કવોલિટી નબળી ના થાય એ માટેના અમારા સતત પ્રયત્નો છે છતાં બધા જ માનનીય સભ્યશ્રીઓને હું કહું છું કે ચેકડેમો અને જળસંચયનાં કામોમાં કયાંય પણ ગુણવત્તામાં કોઈપણ ખરાબી હોય કે કોઈપણ જગ્યાએ નબળી કામગીરી લાગે તો દરેકને મારી વિનંતી છે કે ગમે ત્યારે મારા સીધા ધ્યાન ઉપર મૂકશો તો ચોકકસ એની તત્પરતાથી અને તાત્કાલિક ચકાસણી કરાવીએ છીએ અને કરાવીશું.

માનનીય અધ્યક્ષશ્રી, એમણે બીજો પ્રશ્ન પૂછયો એ ટેન્ડરાનો છે. પહેલાં ૧૦ લાખ સુધીના ચેકડેમ એ એન.જી.ઓ. મારફતે કરાવતા હતા, પરંતુ પછી ગયા વર્ષે એવો નિર્ણય લીધો છે કે ૭ લાખ ઉપરની કોઈપણ કામગીરી હોય એ જ ફકત ટેન્ડરથી કરાવવી અને માનનીય સભ્યશ્રીના વિસ્તારમાં પણ મોટા ચેકડેમ રા-રા કરોડ સુધીના બાયડ વગેરેમાં બનાવ્યા છે અને મેં પણ હમણાં જ મુલાકાત લીધી છે. ટેન્ડરથી બનાવીએ છીએ એમાં ૭ લાખથી ઉપરનાં કામ ટેન્ડરથી કરવમાં આવે છે સિવાય કે સારી એન.જી.ઓ. હોય. સૌરાષ્ટ્રમાં ૩૦ લાખનું કામ કરવાનું હોય એમાં સૌરાષ્ટ્ર જલધારા ટ્રસ્ટ હોય કે ફિલ્ડ માર્શલ ટ્રસ્ટ હોય જે વર્ષોથી આની સારી કામગીરી કરે છે. ૧૯૯૮ થી કામગીરી કરે છે. આપણે ધંધાદારી લોકોને આ મોટા ચેકડેમોનાં કામ એ લોકોને એન.જી.ઓ.ના નામે પણ આપતા નથી.

**શ્રી અશ્વિન કોટવાલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે આ ચેકડેમ બનાવવામાં આવે છે એ ટ્રાયબલ વિસ્તારમાં એ ડુંગરાળ વિસ્તાર એ ખેડબ્રહ્મા, વિજયનગર અને ભિલોડા છે. તો એમાં ચોમાસામાં વરસાદનું પાણી વહી જતું હોય છે. વિજયનગર, ખેડબ્રહ્મા અને ભિલોડામાં ચેકડેમ બનાવવામાં આવે છે. એ બહુ નહિંવત પ્રમાણમાં બનાવવામાં આવે છે. તો આવા ટ્રાયબલ વિસ્તારોમાં ખાસ પેકેજ આપવા માગે છે કે કેમ? અને મારો બીજો પ્રશ્ન એ છે કે ચેક ડેમો બનાવવામાં આવે છે પણ અમારે ત્યાં હાથમતી નદી શરૂ થાય છે ત્યાંથી ભીલોડા સુધીનો ૩૦ કિલો મિટર સુધીનો વિસ્તાર છે તેમાં જો ભૂગર્ભ ચેક ડેમો બનાવવામાં આવે તો પાણીની સારી વ્યવસ્થા થઈ શકે તેમ છે. તો એ ભૂગર્ભ ચેક ડેમ બનાવવા માટેનું ખાસ આયોજન કરવા માગે છે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ભૂગર્ભ ચેક ડેમ અંગેનું એમનું સૂચન છે. બાકી જયાં ટેકનીકલ રીતે શકય હોય અને પાણી મળતું હોય અને રોકી શકાય તેમ હોય તો તેમાં કોઈ પણ નાણાકીય સિલિંગ આપણે રાખી નથી જે પણ જગ્યાએ પછી તે ભીલોડા હોય કે બીજા કોઈ પણ સ્થળ હોય ત્યાં અમે તૈયાર છીએ પણ ટેકનીકલ રીતે સક્ષમ જગ્યા હોવી જોઈએ.

## જે.એન.યુ.આર.એમ.માં ગાંધીનગરનો સમાવેશ કરવા અંગે

***૨૦૪૬૨શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા(વડોદરા શહેર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

પાટનગર ગાંધીનગરને જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન હેઠળ સાંકળી લેવા તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતીએ છેલ્લા ત્રણ વર્ષમાં કેન્દ્ર સરકાર સમક્ષ રાજય સરકાર દ્વારા કોઈ દરખાસ્ત કરવામાં આવી છે તે હકીકત સાચી છે?

**શહેરી વિકાસ મંત્રીશ્રી :**

હા જી. પાટનગર ગાંધીનગરને જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન હેઠળ સાંકળી લેવા તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેન્દ્ર સરકાર સમક્ષ રાજય સરકાર દ્વારા કુલ ૪ વખત દરખાસ્ત કરવામાં આવેલ છે.

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, પાટનગર ગાંધીનગરને જવાહરલાલ નહેરુ નશનલ અર્બન રિન્યુઅલ મિશન હેઠળ સાંકળી લેવા માટે માનનીય મુખ્ય મંત્રીશ્રીએ કેન્દ્ર સરકાર સમક્ષ કેટલી વખત દરખાસ્ત કરી છે અને મારો બીજો પ્રશ્ન એ છે કે પાટનગર ગાંધીનગરને જે.એન.યુ.આર.એમ. હેઠળ સાંકળી લેવા માટે પ્રથમ દરખાસ્ત કઈ કક્ષાએ કરવામાં આવી હતી અને આજે શું સ્થિતિ છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, બધી સારી સારી માહિતી તો ઘણી આગળના પ્રશ્નોમાં આવી પણ ગુજરાત તરફે ગુજરાત ઉપર ગુજરાતની પ્રજા ઉપર ગુજરાતના પાટનગર ગાંધીનગર ઉપર કેટલાક લોકોની ખફા મરજી છે. ગુજરાતની પ્રજા સુખી ન થાય, સમૃધ્ધ ન થાય, અને ગુજરાતો વિકાસ, ગુજરાપની પ્રગતિ ન થાય તેવું ઘણા લોકો ઈચ્છી રહ્યા છે. એવા અનેક દાખલા જુદા જુદા તબકકે આપણે અહીં ચર્ચા દરમિયાન જોયા છે, અહીં આપણે ચાર પાંચ દિવસ પહેલા જોયું કે પૂજય ગાંધીજીના નામે પાટનગર વસાવ્યું, જે આજે ગુજરાતનું કેપીટલ છે, ત્યાં જે.એન.યુ.આર.એમ. યોજના નીચે મંજૂરી મળવા પાત્ર છે, ભારત સરકારે જે.એન.યુ.આર.એમ. યોજના બનાવી છે તેના ધોરણો એવા છે કે ૧૦ લાખ ઉપરની વસતિ વાળા શહેરો, ૫૦ લાખથી ઉપરની વસતિ વાળા મેજ્ઞા સીટી અને રાજયોના પાટનગર હોય તે પાટનગરના શહેરો અને રાજયમાં ઐતિહાસિક મહત્વના શહેરો, રાજકીય મહત્વના શહેરો, દેશ માટે જેમણે મહત્વનું યોગદાન આપ્યું છે તેવા નેતાઓની કર્મ ભૂમિ કે જન્મ ભૂમિ હોય તો એવા ઐતિહાસીક અને ધાર્મિક અગત્યના શહેરો કે જેમની વસતિ કદાચ ઓછી હોય તો પણ આ યોજનાનો લાભ આપવો. આ રીતે ગુજરાતનું કેપીટલ ગાંધીનગર સો ટકા એલીજેબલ છે, અમે અમારી મનની વ્યથા વારંવાર કહી ચૂકયા છીએ, કે ગુજરાતના પાટનગર ગાંધીનગરને, બીજું મહાત્મા ગાંધીજીનું જન્મ સ્થળ પોરબંદર અને સરદાર વલ્લભભાઈ પટેલનું જન્મ સ્થળ કરમસદ, નડિયાદ અને કરમસદ એ રીતે કહું છું, આ શહેરો માટે માનનીય મુખ્ય મંત્રી કક્ષાએ, મારી કક્ષાએ અને અધિકારી કક્ષાએ વારંવાર પત્રો લખ્યા વારંવાર રજુઆતો કરી માનનીય મુખ્ય મંત્રીરીએ માનનીય વડાપ્રધાનશ્રીને રૂબરૂ મળી અને વાત કરે કે ગાંધીનગરને લાભ આપો, પોરબંદરને લાભ આપો અને કરમસદને લાભ આપો, પણ ગુજરાત માટે કેટલાક લોકોને મનમાં ગુજરાત ઉપરની નેગેટીવ ભાવના છે તે નેટેગીવ ભાવનાને કારણે અત્યાર સુધીમાં દસ વખત માનનીય મુખ્ય મંત્રીશ્રીએ અને અમે પત્ર વ્યવહાર કર્યો છે રૂબરૂ પણ કહયું છે, ભારત સરકારની મિટીંગમાં માનનીય જયપાલ રેડ્ડી મંત્રીશ્રી હતા એમને પણ બે વખત રુબરુ મળી અમે રજુઆત કરી છે પણ જોવાની નવાઈ એ છે અને દુ:ખ એ વાતનું છે કે અહીં ધારાસભ્યોના પત્રોના જવાબો અમે આપીએ છીએ, સંસદ સભ્યોના પત્રોના જવાબો અમે આપીએ છીએ પણ સાહેબ આ સન્માનનીય ગૃહને મારે એ કહેવું છે કે, લોકશાહીની વાતો કરનારા લોકોએ ત્રણ વર્ષમાં મુખ્યમંત્રીશ્રીના પત્રનો હકારાત્મક જવાબ આપવાની પણ તસ્તી નથી લીધી. આવી ગુજરાત માટે એમના મનમાં ભાવના છે ત્યારે અમારી ફરી ભારત સરકારને વિનંતી છે કે ગાંધીનગર અને કરમસદનો આમાં સમાવેશ કરે.

**શ્રી શંભુજી ઠાકોર** : હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે પાટનગર ગાંધીનગરને જવાહર નહેરુ નેશનલ અર્બન રીન્યુઅલ મિશન હેઠળ સમાવેશ કરવા રાજય સરકાર દ્વારા કરવામાં આવેલ રજૂઆતોને કેન્દ્ર સરકાર દ્વારા શું પ્રતિભાવ આપવામાં આવ્યો?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : મને દુ:ખ એ વાતનું થાય છે કે કેન્દ્ર સરકાર કોઈ પ્રતિભાવ જ નથી આપતી. કોઈ કવેરી કાઢે, ભારત સરકાર એમ કહે કે આ વસ્તુની પૂર્તતા કરો, જેમ સરકારી કામકાજમાં કવેરી કાઢવાની પદ્ધતિ છે એ પ્રમાણે આપણને કહે કે આ વસ્તુની પૂર્તતા કરો, તો એ આપણે કરીએ. પરંતુ જવાબ આપવાની દરકાર જ કરતા નથી. હું એ વખતના તત્કાલીન મંત્રી જયપાલ રેડ્ડીજીને રૂબરૂ મળેલો મેં ક્હ્યું સાહેબ આના વિશે કંઈક કહો તો ખરા? તો કહે દેખેંગે. આ પ્રકારે ગુજરાતની સતત અવગણના કરવામાં આવે, ગાંધીજીનું નામ આવે, સરદાર વલ્લભભાઈનું નામ આવે તો આ લોકોને મનમાં શું થાય છે એની મને ખબર નથી પડતી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીતિનભાઈએ એક વાત કરી કે ગુજરાત ઉપર અમુક લોકો ખફા છે, એ સાચી વાત છે કે ૨૦૦૪ સુધી શહેરી વિભાગમાં કોઈ, (અંતરાય) આ જ રીતે જવાબ મળશે.

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ આપ પ્રશ્ન પૂછો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : પ્રશ્ન ઉપર જ આવું છું. એ વાત સાચી છે કે જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન રીન્યુઅલ મિશન યોજના ૨૦૦૪માં યુ.પી.એ. સરકાર લઈ આવી એ પહેલા જે લોકોની ખફા નજર હતી એણે એક રૂપિયો આ યોજના હેઠળ ફાળવ્યો નથી. આ યોજનામાં ગુજરાતના ચાર શહેરોનો સમાવેશ થયો એનો જવાબ તો અપાયો છે એટલે એની વિગતમાં નથી જતો. આ ગાંધીનગર આપણું કેપીટલ છે અને એમાં જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન રીન્યુઅલ મિશન યોજના દાખલ થવી જોઈએ. પણ રાજય સરકારના રેકૉર્ડ

ઉપર ગાંધીનગર કોરપોરેશન નહિ નોટિફાઈડ એરિયા અત્યાર સુધી હતું. આને બંધારણીય અધિકાર હતો કોરપોરેશન મેળવવા માટેનો એના માટે ગાંધીનગરના સિનિયર લોકોએ હાઈકોર્ટમાં જઈને ઑર્ડર મેળવવો પડ્યો. આની પહેલા પણ વાત કરી હતી કે કોઈપણ બોડી હોય જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન રીન્યુઅલ મિશનના રીફોર્મની શરતો છે એમાં કોરપોરેશન હોવું ચૂંટાયેલી બોડી હોવી જરૂરી છે એ માટે અમે પણ ગયા હતા અને માનનીય જયપાલ રેડીએ અમને કહ્યું હતું કે ચૂંટાયેલી બોડી લઈ આવે એના પછી અમારી પાસે રજૂઆત કરે અમે વિચારીશું. જરૂર ગાંધીનગર ઉપર કોઈકની ખફા નજર હતી અને પોરબંદરને જવાહરલાલ નહેર નેશનલ અર્બન રીન્યુઅલ મિશનનો દરજજો અપાયો છે, કરમસદ માટે મારી પાસે જયપાલ રેડ્ડીજીનો પત્ર છે કે તમે બીજી યોજના હેઠળ દરખાસ્ત મોકલો જે દરખાસ્ત મોકલશો એ બધી પાસ કરી આપીશું. આપને પત્ર જોઈતો હોય તો આપી દઈશ. મારો પ્રશ્ન એ છે કે આ કોરપોરેશન ન કરવા પાછળના કારણો શું હતા અને એની ઉપર કોની ખફા નજર હતી એ મારે જાણવું છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : સૌથી પહેલા તો અર્જુનભાઈને પૂછવા માગું છું. (અંતરાય) શકિતસિંહજી જવાબ સાંભળો ખબર પડશે. ગાંધીનગર ચૂંટાયેલી બોડી નથી એક વખત એ વાત માની લઈએ.(અંતરાય) મારી પૂરી વાત સાંભળો તો બોલવાનું બંધ થઈ જશે. પોરબંદરમાં નગરપાલિકની સ્થાપના આઝાદી પહેલા થયેલી છે. પોરબંદરમાં મંજૂર કરતા મહાત્મા ગાંધીજીના જન્મ સ્થળને મંજૂર કરતાં તમારી સરકારે ત્રણ વર્ષ લગાડ્યા એનો તમારી પાસે શું જવાબ છે. ત્રણ વર્ષ કેમ રોકી રાખ્યું? માનનીય મુખ્યમંત્રીશ્રીનો આભાર માનો કે વડાપ્રધાનને રૂબરૂ મળીને સમજાવ્યું કે પોરબંદર..(અંતરાય) સાહેબ, ટી.વી. ઉપર લાફ્ટર શો આવે છે તેમાં બોગસ જોક હોય તો પણ પરાણે એંકર હસતા હોય છે તેમ શકિતસિંહજી પરાણે હસે છે. કારણ કે તેમની પાસે જવાબ નથી. પોરબંદર ચૂંટાયેલ બોડી હતી, નગરપાલિકા હતી, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની કર્મભૂમિ, જન્મભૂમિ બધું જ ગણાય તો પણ તમે ત્રણ વર્ષ કર્યા, તેનો જવાબ તમે અમને આપજો. અહીં ન આપો તો બહાર આપજો. કોઈ જગ્યાએ ભારત સરકારે આટલા વરસમાં અમને લખીને નથી આપ્યું કે ચૂંટાયેલી બોડી નથી માટે તમને નહીં મળે. કાગળનો જવાબ જ આપી શક્યા નથી. પછી ચૂંટાયેલી બોડીનો પ્રશ્ન જ કયાં છે?

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે આમાં કોને આ યોજનાનો લાભ મળે, હું આપના જેવા રાજકીય અવલોકનમાં નહીં પડું કે આપ વર્ષો સુધી કેન્દ્રમાં સત્તામાં હતા. અહીંથી ચૂંટાયેલા આપના લોકો ત્યાં મુખ્ય હોદ્દા પર હતા. ગાંધીનગરને તમે કેમ ન આપ્યું, હું તેમાં નહીં પડું. તેમણે એક તો સવાલ અમને પૂછયો છે. એ સવાલનો જવાબ (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નીતિનભાઈ, પ્લીઝ.

**શ્રી વજુભાઈ વાળા** : છાપેલું હોય એટલું જ હોય. આ તો ચર્ચા થાય છે, આ સ્તર ન હોય ચર્ચાનું. (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા બે સવાલ છે. માનનીય મંત્રીશ્રીએ પ્રશ્નનો સ્કોપ વધાર્યો છે. ત્યારે આ યોજનાના નિયમો મુજબ પોરબંદરને ન મળે આખા દેશમાં એક માત્ર શહેર મહાત્મા ગાંધીજીની જન્મભૂમિ અને સ્પેશ્યલ કેસ તરીકે આ યોજના મંજૂર કરી એ કેન્દ્રની સરકારે મહાત્મા ગાંધીજીની જન્મભૂમિ તરીકે કર્યું છે કે કેમ મારે એ જાણવું છે. યોજનાના નિયમોની મર્યાદામાં ન આવતા હોવા છતાં પોરબંદરને ખાસ કિસ્સા તરીકે દેશમાં માત્ર એક જ શહેર મહાત્મા ગાંધીજીની જન્મભૂમિને મંજૂર કર્યું છે કે કેમ અને બીજો સવાલ, આ યોજના (અંતરાય) એ પૂછે છે અને સ્કોપ વાઈડન કર્યો. ભૂતકાળના અધ્યક્ષોના નિર્ણય છે કે જ્યારે મંત્રી સ્કોપ વાઈડન કરે..(અંતરાય) એમને કહો ને, વજુભાઈ, આપ કહો, એમને કોઈ સુધારી શક્યું નથી. આપ ગમે તેટલી મહેનત કરશો નહીં ફાવો.

**અધ્યક્ષશ્રી** : શકિતસિંહભાઈ, પ્લીઝ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : વજુભાઈ સાહેબ, આ ઉંમરે ખોટી મહેનત કરે છે એટલા માટે કહું છું. નિર્ધાર કરીને બેઠા છે, નહીં સુધરેંગે, નહીં સુધરેંગે.

**અધ્યક્ષશ્રી** : આપ પ્રશ્ન ઉપર આવી જાવ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, પોરબંદરની અંદર સ્પેશ્યલ કેસ તરીકે આપ્યું છે અને ગાંધીનગર પણ આપણે જો આ યોજનાનો લાભ લેવો હોત તો જે પ્રિ-કન્ડીશન કે ઈલેકટેડ બોડી હોવી જોઈએ. હવે થયું છે તો હવે તેને લાભ પણ મળશે યોજનાનો. જો આપે ત્રણ વર્ષ પહેલાં આ વસ્તુ કરી દીધી હોત અને ગાંધીનગરને આપના કારણે લોકલ બોડી નહીં ચૂંટાયેલી હોવાના કારણે કેન્દ્રની યોજનાનો લાભ નિયમ અનુસાર નથી મળ્યો તો તેના કારણે ગાંધીનગરને જે ખોટ ગઈ છે એ ખોટ આપે ચૂંટણી નહોતી કરી એટલે ગઈ છે, તો રાજય સરકાર સ્પેશ્યલ જોગવાઈ કરીને ગાંધીનગરને એટલાથી લાભાન્વિત કરવા માગે છે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આખું ગુજરાત જાણે છે, આખો દેશ જાણે છે કે ગાંધીનગર કંઈ ભાજપની સરકાર બની ત્યારે નથી વસ્યું, ગાંધીનગરની સ્થાપના કાલે જ કહ્યું કે બાબુભાઈ જશભાઈએ સંજીવ રેડ્ડી આવ્યા હતા અને આ ગૃહનું ખાતમુહૂર્ત કર્યું. ગાંધીનગર વસાવ્યે ૩૦ વર્ષ થયા. એ વખતે નગરપાલિકા બનાવવી હતી ને તમારે, તમને કોણે ના પાડી હતી? અમે ના નહોતી પાડી. સાહેબ, ગાંધીનગરને

નોટીફાઈડ એરિયા રાખવો એ ભાજપ સરકારનો નિર્ણય નથી. જ્યારથી ગાંધીનગર બન્યું, કોંગ્રેસની સરકારો હતી. કોંગ્રેસના મુખ્યમંત્રીઓ હતા. ત્યારથી ગાંધીનગરને નોટીફાઈડ એરિયા રાખવું એ નિર્ણય છે.

હવે અમે આ ચૂંટણી કરાવીએ છીએ. પણ ગ્રાન્ટની સાથે માનનીય શકિતસિંહજીએ જે કહ્યું એ સાચું નથી, કે મહાત્મા ગાંધીજીને એકલાને મળ્યું છે. દેશના જે રાજકીય રીતે અને આઝાદીની લડતમાં જે મોટા મોટા નેતાઓ હતા એમના જન્મસ્થળો આ વસ્તીના ક્રાઈટ એરિયામાં ના આવતા હોય, ધાર્મિક સ્થળો, આ વસ્તીના ક્રાઈટ એરીયામાં ના આવતા હોય એવા દેશના કેટલાય સ્થળોને JNURM યોજનાનો લાભ આપવામાં આવે છે એટલે આપની માહિતી પણ ખોટી છે કે ફકત ગાંધીજીના શહેરને જ આપવામાં આવ્યું છે, અન્ય રાજકીય નેતાઓના શહેરને પપણ આપ્યું જ છે. હજી કહુ મહાત્મા ગાંધીજીની સાથે સાથે સરદાર વલ્લભભાઈને પણ જે અન્યાય કરવાની, ભૂલાવવાની વાત ચાલે છે, હજુ પણ કરમસદને મંજૂરી નથી આપી, અપાવી દોને, અમારા સંસદસભ્ય જયશ્રીબેન પટેલે પત્ર લખ્યો હતો, એમને જવાબ આપવામાં આવ્યો છે, જે અર્જુનભાઈએ ઉલ્લેખ કર્યો, જયપાલ રેડીજીએ એમ કીધું છે લોકસભામાં કે તમારે અન્ય યોજનામાં સમાવેશ કરવો હોય તો કરી શકો છો, અમારી ગ્રાન્ટની મર્યાદા પૂરી થઈ ગઈ છે એટલે બે બાજુ લટકાવવાની વાત નહીં, પણ મને આ વિશ્વાસ છે, પણ આ ગૃહને મારું વચન છે કે ભા.જ.પ.ની આ સરકાર ગુજરાતના કોઈ શહેરને કોઈ સુવિધા વગર બાકી નહીં રહેવા દે કેન્દ્ર સરકારને આપવું હોય તો આપે, નહીં તો એના ઘેર રાખે.

**સ્વર્ણિમ શહેરી વિકાસ યોજના અન્વયે ખેડા જિલ્લાની નગરપાલિકાઓને ફાળવેલ રકમ**

*** ૧૯૯૮૦ શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા:૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સ્વર્ણિમ શહેરી વિકાસ યોજના અન્વયે ખેડા જિલ્લામાં કઈ કઈ નગરપાલિકાઓને વર્ષ વાર કેટલી રકમ કયા વિકાસના કામો માટે ફાળવી, અને

(૨) આ ફાળવેલ રકમમાંથી દરેક નગરપાલિકાઓએ કેટલો ખર્ચ કર્યો?

**શહેરી વિકાસ મંત્રીશ્રી :**

(૧) તા:૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ યોજના અન્વયે ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ દ્વારા ખેડા જિલ્લામાં નીચે જણાવેલ વિગતે. ખેડા જિલ્લાની નગરપાલિકાઓને કુલ રુ. ૨૩.૨૫કરોડની રકમની ફાળવણી કરી યોજનાની જોગવાઈ મુજબના નીચે જણાવેલ નિયત હેતુ સારુ ખેડા જિલ્લા શહેરી વિકાસ એજન્સી (ડુડા)ને હવાલે મુકવામાં આવેલ છે.

| | | | |
|---|---|---|---|
| ૧ | ગૌરવપથ | ૨ | મુખ્ય રસ્તા |
| ૩ | બ્રીજ | ૪ | હરીયાળા શહેરોનું નિર્માણ |
| ૫ | ટ્રાફીક | ૬ | લોકભાગીદારી હેઠળના કામો |
| ૭ | જળસંચયના કામો | ૮ | માર્કેટ |
| ૯ | હેરીટેજના કામો | ૧૦ | સ્લમ વિસ્તારના વિકાસના કામો |
| ૧૧ | ગરીબ સમૃધ્ધિ યોજનાના કામો | ૧૨ | સ્લમ વિસ્તારમાં સામાજિક સેવાઓ સુદૃઢ બનાવવાના કામો |
| ૧૩ | નિર્મળ ગુજરાતની સિધ્ધિના કામો | ૧૪ | અન્ય કામો |

| નં. | નગરપાલિકાનું નામ | ફાળવેલ રકમ ₹.કરોડમાં | | | કુલ ચુકવેલ રકમ ₹. કરોડમાં |
|---|---|---|---|---|---|
| | | ૧-૨-૦૮ થી ૩૧-૧-૦૯ | ૧-૨-૦૯ થી ૩૧-૧-૧૦ | ૧-૨-૧૦ થી ૩૧-૧-૧૧ | |
| ૧ | નડીયાદ | ૦૦ | ૦૦ | ૬.૨૫ | ૬.૨૫ |
| ૨ | કપડવંજ | ૦૦ | ૦૦ | ૨.૦૦ | ૨.૦૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩ | ચક્લાસી | ૦૦ | ૦૦ | ૨.૦૦ | ૨.૦૦ |
| ૪ | બાલાસિનોર | ૦૦ | ૦૦ | ૨.૦૦ | ૨.૦૦ |
| ૫ | મહેમદાવાદ | ૦૦ | ૦૦ | ૨.૦૦ | ૨.૦૦ |
| ૬ | ખેડા | ૦૦ | ૦૦ | ૧.૫૦ | ૧.૫૦ |
| ૭ | ડાકોર | ૦૦ | ૦૦ | ૧.૫૦ | ૧.૫૦ |
| ૮ | કઠલાલ | ૦૦ | ૦૦ | ૧.૫૦ | ૧.૫૦ |
| **નં.** | **નગરપાલિકાનું નામ** | **ફાળવેલ રકમ ₹.કરોડમાં** | | | **કુલ ચુકવેલ રકમ ₹. કરોડમાં** |
| | | **૧-૨-૦૮ થી ૩૧-૧-૦૯** | **૧-૨-૦૯ થી ૩૧-૧-૧૦** | **૧-૨-૧૦ થી ૩૧-૧-૧૧** | |
| ૯ | મહુધા | ૦૦ | ૦૦ | ૧.૫૦ | ૧.૫૦ |
| ૧૦ | કણજરી | ૦૦ | ૦૦ | ૧.૫૦ | ૧.૫૦ |
| ૧૧ | ઠાસરા | ૦૦ | ૦૦ | ૧.૫૦ | ૧.૫૦ |
| | **કુલ ₹.....** | **૦૦** | **૦૦** | **૨૩.૨૫** | **૨૩.૨૫** |

આ યોજના અંતર્ગત ખેડા જિલ્લાની ઠાસરા, ડાકોર અને કણજરી નગરપાલિકાઓની કચેરીના નવા બાંધકામ માટે દરેક નગરપાલિકા દીઠ રુ. ૫૦.૦૦ લાખ પ્રમાણે કુલ રુ. ૧૫૦ લાખની ગ્રાન્ટ મંજૂર કરી, તે પૈકી નગરપાલિકા દીઠ રુ. ૪૫.૦૦ લાખ પ્રમાણે કુલ રુ. ૧૩૫.૦૦ લાખ ખેડા જિલ્લા માર્ગ અને મકાન વિભાગને ચૂકવવામાં આવેલ છે.

આ ઉપરાંત ખેડા જિલ્લાની, કઠલા અને મહુધા નગરપાલિકાની કચેરીના મકાનમાં સુધારા વધારાના કામ માટે પણ અનુક્રમે રુ. ૧૮.૨૩ લાખ અને રુ. ૧૫.૧૫ લાખની રકમ મળી કુલ રુ. ૩૩.૩૮ લાખ ચૂકવવામાં આવેલ છે.

(૨) આ ફાળવેલ રકમમાંથી કોઈપણ નગરપાલિકાએ ખર્ચ કરેલ નથી.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, ડાકોર, ઠાસરા અને કણજરીની અંદર નગરપાલિકાના મકાન બનાવવા માટે ૫૦-૫૦ લાખ રૂપિયા જે ફાળવ્યા છે, મટિરિયલનો ભાવ વધી ગયો હોવાને કારણે ડાકોરની અંદર પૈસા મંજૂર કર્યા પણ એસ્ટીમેટ વધારે હોવાને કારણે કામ થઈ શકે એમ નથી તો આ એસ્ટીમેટની અંદર વધારો કરીને એસ્ટીમેટ પ્રમાણે કામ કરવા માગો છો કે કેમ, એક અને ગયા વર્ષે ઠાસરાની અંદર દોઢ કરોડ રૂપિયા જે ફાળવ્યા એની અંદર કયા કામ લીધા અને એ કામ કયા સ્ટેજે છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું કહીશ તો બધાને એમ કહેશે કે આ ગુણગાન ગાય છે. આ પ્રશ્ન પણ ગુજરાત સરકારના ગુણગાન ગાવા પડે એવો જ છે, ગુજરાતની ૧૫૯ નગરપાલિકામાં "ગ" વર્ગની, "ક" વર્ગની અને ઘણી ઘણી નગરપાલિકાઓ એવી હતી, પોતાના ઓફીસના મકાનો પણ નહોતા, કોઈ ભાડાના મકાનમાં ચાલતી હતી, કોઈ બે-ચાર દુકાનો ભેગી કરી અને શોપીંગ સેન્ટરમાં ચાલતી હતી. એક બનાસકાંઠામાં હું ગયો, એક મ્યુનિસિપાલટી તો ભૂતકાળની, નીચે રેશનીંગની દુકાન અને ઉપર નગરપાલિકા ચાલતી હતી, આવી વ્યવસ્થા ભૂતકાળની હતી એને સુધારવા પ્રજાકીય સગવડો વધારવા માટે આ સરકારે નિર્ણય કર્યો કે દરેક નગરપાલિકાને પોતાનું મકાન બનાવવા ૫૦-૫૦ લાખ રૂપિયા સુધીની રકમ આ રાજય સરકાર આપશે, અને આવા આધુનિક મકાનો બનશે, આ અમે આપ્યા એટલે હવે તમે ભાવ વધારાનું કહો છો, ભાવવધારો અમારા હાથમાં નથી, આજે છાપાઓના હેડીંગ

છે કે પેટ્રોલ ડિઝલમાં એક લાખ સાડત્રીસ હજાર કરોડ કિંમત લઈ જાય છે, મોંઘવારી વધતી જાય છે. સાહેબ, અમે આજે એસ્ટીમેટ બનાવ્યો કે ૫૦ લાખ રૂપિયામાં કામ થઈ જ શકશે, આ મોટી સરકારોની, દિલ્હીની સરકારોની નિષ્ફળતાને કારણે દિનપ્રતિદિન મોંઘવારી વધતી જાય છે, ભાવવધારો થાય, સિમેન્ટ ખિલાસરી વગેરે બીજી વસ્તુની કિંમત વધે, એટલે વધારો થશે એ ગ્રાન્ટના અનુસંધાનમાં અમે વિચારીશું, અત્યારે તો ૫૦ લાખ આપ્યા છે, રામસિંહભાઈ તમારે અમારો આભાર માનવો જોઈએ.

**શ્રી મણીભાઈ દે. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે ખેડા જિલ્લાની જુદી જુદી નગરપાલિકાને જે રકમ ફાળવવામાં આવી છે એ એમની માગણી મુજબ ફાળવવામાં આવી છે કે ઉચ્ચક ફાળવવામાં આવી છે, અને મારો બીજો પ્રશ્ન એ છે કે કપડવંજ નગરપાલિકાને કયા હેતુ માટે ફાળવવામાં આવી છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ બહુ સુંદર પ્રશ્ન કર્યો, ભૂતકાળમાં એવું હતું કે માંગણી આવે પછી મંજૂરી થાય, ભૂતકાળમાં તો ઘણા ધક્કા પછી મંજૂરી મળે, અમારી સરકારે પ્રજાની નાડ પારખી, જરૂરિયાત ધ્યાનમાં રાખી સામેથી યોજનાઓ શોધી, મને જણાવતા આનંદ થાય છે કે કોઈ નગરપાલિકાએ મકાન બનાવવા ગ્રાન્ટ નહોતી માગી, કારણ કે કોઈને ખબર જ ના હોય કે આવું મળી શકે કે કોઈ આપી શકે, સામેથી સુવોમોટો, સરકાર તરફથી આ યોજનાઓ મંજૂર કરવામાં આવે છે અને નગરપાલિકાઓને ઘેર બેઠા આના લાભ આપવામાં આવે છે, અને આમાં પીવાના પાણીના કામ, રસ્તાના કામ, ભૂગર્ભ ગટરના કામ, પર્યાવરણ જાળવણીના કામ, બાગ બગીચાના કામ, સફાઈ સ્વચ્છતાના સાધનો વસાવવાના કામ, નગરપાલિકાનું આધુનિકરણ કરવાના કામ, ગૌરવપથ બનાવવાના કામ, આખા શહેરને જે જોઈએ, દરેક નાગરિકને ઉપયોગી, ગરીબ આવાસ યોજનાઓના કામ, ગરીબ વિસ્તારોમાં વ્યવસ્થિત સગવડો આપવાના કામ એમ દરેક પ્રકારના વિકાસના કામો આપવામાં આવે છે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.. નેકસ્ટ ..

# અતારાંકિત પ્રશ્નો
# (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### સાબરમતી આશ્રમની પ્રવાસન સ્થળ તરીકે પસંદગી

૧૯૦૮૧ **: શ્રીમતી ગીતાબેન યો. પટેલ (સાબરમતી) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા અમદાવાદ શહેરના પ્રવાસન સ્થળ તરીકે સાબરમતી આશ્રમની પસંદગી કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ સ્થળના વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) આ સ્થળના વિકાસ માટે ભારત સરકારને કરવામાં આવેલ દરખાસ્તની મંજૂરી રાહમાં હોય કોઈ ખર્ચ થયેલ નથી. |

### નર્મદા જિલ્લામાં મોટા ચેકડેમો

૧૯૧૦૭**: શ્રી મધુભાઈ બા. શ્રીવાસ્તવ (વાઘોડિયા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા મોટા ચેકડેમ બનાવવામાં આવ્યા, અને | (૧) ૭ |
| (૨) તેનાથી કેટલા હેકટર જમીનમાં સિંચાઈનો લાભ મળશે ? | (૨) ૩૬૦ હેકટર. |

### રણોત્સવ-૨૦૧૦

૧૯૦૫૩ **: શ્રી ફતેસિંહ ચૌહાણ (રાજગઢ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૦માં રણોત્સવ ક્યા સ્થળે અને ક્યારે યોજવામાં આવ્યો હતો, અને | (૧) વર્ષ ૨૦૧૦માં કચ્છ જિલ્લાના ધોરડી ગામે તા.૧૯-૧૨-૨૦૧૦ થી તા.૧૯-૧-૨૦૧૧ સુધી રણોત્સવ યોજવામાં આવેલ હતો. |

(૨) આ ઉત્સવમાં કેટલા વિદેશી મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા ?

(૨) આ ઉત્સવમાં આઠ વિદેશી મહાનુભાવો અને અંદાજીત ૧૧૦૦ (અગીયારસો) વિદેશીઓ ઉપસ્થિત રહ્યા હતા.

--------

**ભરૂચ જિલ્લામાં નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના**

૧૯૦૪૫ : **શ્રી દુષ્યંતભાઈ ર.પટેલ (ભરૂચ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ભરૂચ જિલ્લામાં કઇ કઇ નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે,

(૨) મંજૂર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૩) નગરપાલિકા દીઠ કેટલો ખર્ચ મંજૂર થયેલ છે?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ભરૂચ જિલ્લામાં જંબુસર અને આમોદ નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે.

(૨) મંજૂર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ નીચે મુજબ છે.

| ક્રમ | નગરપાલિકાનું નામ | સ્થિતિ |
|---|---|---|
| ૧ | જંબુસર | ટેન્ડરો બહાર પાડેલ છે. |
| ૨ | આમોદ | ડીટીપી પૂર્તતા હેઠળ છે. |

(૩) નગરપાલિકા દીઠ નીચે મુજબ અંદાજીત ખર્ચ મંજૂર કરવામાં આવેલ છે.

(રૂ. લાખમાં)

| ક્રમ | નગરપાલિકાનું નામ | રકમ |
|---|---|---|
| ૧ | જંબુસર | ૬૯૬.૦૭ |
| ૨ | આમોદ | ૮૮૦.૨૮ |

--------

**ગાંધીનગરનો જે.એન.યુ.આર.એમ. માં સમાવેશ કરવા દરખાસ્ત**

૨૦૪૬૫ : **શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ (આણંદ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સરકાર દ્વારા પાટનગર ગાંધીનગરને જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન હેઠળ સાંકળી લેવા કેન્દ્ર સરકાર સમક્ષ કેટલી વાર દરખાસ્ત કરવામાં આવી, અને

(૨) તે અન્વયે શો પ્રતિભાવ મળ્યો ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા પાટનગર ગાંધીનગરને જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન હેઠળ સાંકળી લેવા કેન્દ્ર સરકાર સમક્ષ કુલ ૩ વખત દરખાસ્ત કરવામાં આવેલ છે.

(૨) તે અન્વયે કેન્દ્ર સરકાર તરફથી કોઈ જ પ્રતિભાવ મળેલ નથી.

**વલસાડ જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો**

૧૯૪૧૨ : **શ્રી જીતુભાઈ ચૌધરી (મોટા પોંઢા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં કુલ સામૂહિક આરોગ્ય કેન્દ્રો કેટલા છે,

(૨) તે પેકી કેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં સુપ્રિન્ટેન્ડન્ટ ડોકટરની જગ્યા કેટલા સમયથી ખાલી છે, અને

(૩) આ જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૧૦ (દસ).

(૨)

| અ.નં. | સા.આ. કેન્દ્રનું નામ | ક્યારથી ખાલી |
|---|---|---|
| ૧ | પીંડવલ | તા.૪-૬-૨૦૦૧ |
| ૨ | નાના પોંઢા | તા.૧૫-૮-૨૦૦૧ |
| ૩ | પારડી | તા.૩૦-૯-૨૦૦૩ |
| ૪ | ડુંગરી | તા.૧૨-૧-૨૦૦૪ |
| ૫ | ઉમરગામ | તા.૧-૮-૨૦૦૪ |
| ૬ | રોહિણા | તા.૭-૯-૨૦૦૪ |
| ૭ | કપરાડા | તા.૧૧-૩-૨૦૦૫ |
| ૮ | અટગામ | તા.૨૯-૧૨-૨૦૧૦ |

(૩) યોગ્ય ઉમેદવાર ઉપલબ્ધ થયેથી.

## ભૂગર્ભજળ રીચાર્જ માટે કેન્દ્ર સરકાર તરફથી ગ્રાન્ટ

૧૯૩૬૧ : **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૭-૨૦૦૮, ૨૦૦૮-૨૦૦૯ અને ૨૦૦૯-૨૦૧૦ના નાણાકીય વર્ષ દરમિયાન કેન્દ્ર સરકાર તરફથી રાજ્યમાં ભૂગર્ભજળ રીચાર્જ કરવા માટે ક્યારે કેટલી રકમ મંજૂર કરવામાં આવી, અને

(૨) તે અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ વર્ષવાર કેટલો ખર્ચ ક્યા કામ માટે કરવામાં આવ્યો, અને જો સમયસર પુરી રકમ વપરાઈ ના હોય તો તેના કારણો શાં છે ?

**જવાબ**

(૧) પ્રશ્નમાં દર્શાવેલ વર્ષો દરમ્યાન, જળ સંપત્તિ વિભાગને કેન્દ્ર સરકાર તરફથી રાજ્યમાં ભૂગર્ભજળ રીચાર્જ કરવા માટે કોઈ રકમ મંજૂર કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## પાટણ તાલુકામાં સ્વજલધારા કાર્યક્રમ અંતર્ગત મંજૂર યોજના

૨૦૩૭૭ : **શ્રી ભાવસિંહભાઈ રાઠોડ (સમી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લાના પાટણ તાલુકામાં સ્વજલધારા કાર્યક્રમ હેઠળ તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) આ યોજનાઓ અન્વયે પાણી સમિતિઓને ઉક્ત સમયગાળા દરમિયાન કુલ કેટલું ફંડ ફાળવવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ૩૦ યોજનાઓ મંજૂર કરવામાં આવી.

(૨) રૂ.૭૨.૪૭ લાખનું ફંડ ફાળવવામાં આવેલ છે.

--------

## દાહોદ-ઝાલોદ તાલુકામાં નાની સિંચાઈ માટેના તળાવો

૧૯૩૭૩ : **શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ-ઝાલોદ તાલુકામાં તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ નાની સિંચાઈ માટેના કેટલાં સિંચાઈ તળાવો હયાત છે, અને

(૨) આ તળાવોનો ક્માન્ડ વિસ્તાર કેટલો અને છેલ્લા બે વર્ષમાં ખરેખર કેટલા વિસ્તારમાં તે થકી પિયત થયેલ છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ દાહોદ તાલુકામાં ૮ અને ઝાલોદ તાલુકામાં ૨૧ નાની સિંચાઈ માટેના સિંચાઈ તળાવો હયાત છે.

(૨) દાહોદ તાલુકાના ૮ સિંચાઈ તળાવોનો આલેખિત ક્માન્ડ વિસ્તાર ૧૧૦૫ હેકટર અને ઝાલોદ તાલુકાના ૨૧ તળાવોનો આલેખિત ક્માન્ડ વિસ્તાર ૪૫૪૮ હેકટર છે. છેલ્લા બે વર્ષમાં થયેલ સિંચાઈ નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | થયેલ સિંચાઈ હેકટરમાં | |
|---|---|---|---|
| | | વર્ષ ૨૦૦૯ | વર્ષ ૨૦૧૦ |
| ૧ | દાહોદ | ૫૬.૯૦ | ૧૫૫.૨૦ |
| ૨ | ઝાલોદ | ૬૫૧.૪૦ | ૧૦૨૬.૮૫ |

--------

## બનાસકાંઠા જિલ્લામાં સ્વજલધારા યોજના

૧૮૭૪૯ : **શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના ક્યા ક્યા તાલુકામાં સ્વજલધારા યોજનાઓનો લાભ આપવામાં આવેલ,

(૨) તે પેકી કેટલા કામો પૂર્ણ થયેલ છે અને કેટલા કામો બાકી છે,

(૩) ઉક્ત કામો બાકી રહેવાના કારણો શા, અને

(૪) તેમાં કેટલો લોકફાળો અને કેટલો સરકારનો ફાળો આવેલ હતો ?

**જવાબ**

(૧) ૧૨ તાલુકામાં સ્વજલધારા કાર્યક્રમ હેઠળ કુલ ૧૭૬ યોજનાઓ તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | મંજૂર યોજનાની સંખ્યા | ક્રમ | તાલુકો | મંજૂર યોજનાની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | અમીરગઢ | ૬ | ૭ | ધાનેરા | ૨૬ |
| ૨ | ભાભર | ૯ | ૮ | કાંકરેજ | ૧૫ |
| ૩ | દાંતા | ૩૦ | ૯ | પાલનપુર | ૧૫ |
| ૪ | દાંતીવાડા | ૭ | ૧૦ | થરાદ | ૧૪ |
| ૫ | ડીસા | ૧૫ | ૧૧ | વડગામ | ૨૦ |
| ૬ | દિયોદર | ૭ | ૧૨ | વાવ | ૧૨ |

(૨) ૧૦૪ યોજનાઓના કામો પૂર્ણ થયેલ છે અને ૭૨ યોજનાઓના કામો પ્રગતિ હેઠળ છે.

(૩) સામાન્યતઃ સંબંધિત પાણી સમિતિ દ્વારા યોજનાનું અમલીકરણ દોઢથી બે વર્ષના ગાળામાં પૂર્ણ કરવામાં આવે છે. યોજનાનું પૂર્ણ થવાનું મુખ્યત્વે પાણી સમિતિની સક્રિયતા પર નિર્ભર છે.

(૪) રૂ.૧૭૦.૪૨ લાખ લોકફાળો આવેલ હતો અને સંબંધિત પાણી સમિતિઓને રાજ્ય સરકાર દ્વારા કુલ રૂ.૧૨૦૨.૪૬ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

## પંચમહાલ જિલ્લામાં મંજૂર ચેકડેમો

૧૯૧૦૫ : **શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ માં કેટલા ચેકડેમ મંજૂર થયા હતા,

(૨) તેમાંથી તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કેટલા ચેકડેમોના કામો પૂર્ણ થયા, અને

(૩) તે પાછળ કેટલી રકમનો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૧૬૨૮

(૨) ૬૧૩

(૩) રૂ.૨૯.૯૪ કરોડ.

## મધુવંતિ સિંચાઈ યોજનામાં પાકી નહેરો

૧૯૦૭૮ : **શ્રીમતી વંદનાબેન મ.મકવાણા (કેશોદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લાની મધુવંતિ સિંચાઈ યોજનામાં પાકી નહેરો કરવાનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો આ કામ ક્યારે હાથ ધરવામાં આવશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૬૦% કામ પૂર્ણ થયેલ છે, બાકી કામ પ્રગતિમાં છે.

## ખંભાળીયા પી.એચ.સી. માં સ્ટાફની ખાલી જ્ગ્યા

૧૯૧૯૫ : **શ્રી મેઘજીભાઈ કણઝારીયા (ખંભાળીયા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ જામનગર જિલ્લાના ખંભાળીયા ખાતેના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં કેટલા ડોકટર અને નર્સીંગ સ્ટાફની જ્ગ્યાઓ ખાલી છે, અને

(૨) ઉક્ત ખાલી જ્ગ્યાઓ ક્યારે ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) ખંભાળીયા ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અસ્તિત્વમાં નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## રાજકોટ જિલ્લામાં પ્રવાસન સ્થળોના વિકાસ માટે કામગીરી

**૧૯૦૮૮ : શ્રીમતી ભાનુબેન મ.બાબરીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં પ્રવાસન સ્થળોના વિકાસ માટે શી શી કામગીરી હાથ ધરવામાં આવી,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લાના પ્રવાસન સ્થળોના વિકાસ માટે નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવી.

(૧) ઓસમડુંગર (પાટણવાવ) આંતરમાળખાકીય સુવિધા જેવીકે તળેટીમાં બગીચો, બાળક્રીડાંગણ, ડુંગર પર જતા પગથીયા, રેલીંગ, લાઈટીંગ, જાળી કામ, તળાવ વિકાસ, ટોયલેટ બ્લોક, ડુંગર ઉપર નાનો બગીચો, તથા બાળક્રીડાંગણ, એન્ટ્રીપ્લાઝા જેવી કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

(૨) બુધ્ધિસ્ટ સાઈટ ખંભાલીડા (ગોડલ) ગુફાની મુલાકાતે આવતા પ્રવાસીઓ માટે પ્રાર્થના હોલ, કોટેજ તથા ડોરમેટરી, બાગબગીચા, ભોજનાલય લેન્ડસ્કેપીંગ, બેસવા માટે બેન્ચીસ, ઈલેકટ્રીક પોલ, લાઈટીંગ ટોયલેટ બ્લોક્ની વ્યવસ્થાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

(૩) વીરપુર ખાતે રસ્તાની સુવિધા ઉભી કરવામાં આવેલ છે. જેમાં બે રેસ્ટરૂમ, ચાર દુકાન, ડાઈનીંગ હોલ, કીચન, સ્ટોર, ટોયલેટ બ્લોક, લેન્ડ સ્કેપીંગ, બેસવાની વ્યવસ્થા, તથા પાર્કીંગની વ્યવસ્થાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

(૪) મહાત્મા ગાંધી વિધાલય માટે સેપ્ટ સંસ્થા મારફતે કાર્ય યોજના આધારીત અહેવાલ તૈયાર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

(૫) ખાસ અંગભુત યોજના હેઠળ સંત દાસીજીવણ સાહેબની જગ્યા ભોગાવદર ખાતે પ્રવાસન સુવિધાઓ માટે સાઈનેજીસ, બેઠક વ્યવસ્થા, પેવર બ્લોક્નું ફ્લોરીંગ, પીવાના પાણીની વ્યવસ્થા, ટોયલેટ બ્લોક, પાર્કીંગ, સ્થાનનું મહત્વ દર્શાવતું બોર્ડ, યાત્રાળુઓના આરામ માટે શેડ, હાટની કામગીરીનું આયોજન.

**પ્રશ્ન**

(૨) આ માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે કેટલી ગ્રાન્ટ આપી છે, અને

**જવાબ**

(૨) આ માટે છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે રૂપિયા ૬૬૬.૧૩ લાખની ગ્રાન્ટ આપી છે.

**પ્રશ્ન**

(૩) તે માટે તા.૩૧-૧૨-૧૦ સુધીમાં જિલ્લા તંત્રએ કેટલો ખર્ચ કર્યો ?

**જવાબ**

(૩) તે માટે તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ રૂપિયા ૫૪.૦૮ લાખનો ખર્ચ થયેલ છે.

--------

## સ્વર્ણીમ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે આણંદ જિલ્લામાં નગરપાલિકાઓને ફાળવેલ રકમ

**૧૯૯૭૫ : શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૧-૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સ્વર્ણીમ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે આણંદ જિલ્લામાં આવેલ કઈ કઈ નગરપાલિકાઓને વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૦૧-૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સ્વર્ણીમ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે આણંદ જિલ્લાની નગરપાલિકાઓને નીચે જણાવેલ વિગતે ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ દ્વારા કુલ રૂા. ૨૮.૭૫ કરોડની ગ્રાન્ટની ફાળવણી કરી આણંદ

જિલ્લા શહેરી વિકાસ એજન્સી (ડુડા)ને હવાલે મુક્વામાં આવેલ છે.

| નં. | નગરપાલિકાનું નામ | ફાળવેલ રકમ ₹ લાખમાં | | | કુલ ચુકવેલ રકમ ₹ લાખમાં |
|---|---|---|---|---|---|
| | | ૧-૨-૦૮ થી ૩૧-૧-૦૯ | ૧-૨-૦૯ થી ૩૧-૧-૧૦ | ૧-૨-૧૦ થી ૩૧-૧-૧૧ | |
| ૧ | આણંદ | ૦૦ | ૦૦ | ૬૨૫ | ૬૨૫ |
| ૨ | ખંભાત | ૦૦ | ૦૦ | ૩૫૦ | ૩૫૦ |
| ૩ | બોરસદ | ૦૦ | ૦૦ | ૩૫૦ | ૩૫૦ |
| નં. | નગરપાલિકાનું નામ | ફાળવેલ રકમ ₹ લાખમાં | | | કુલ ચુકવેલ રકમ ₹ લાખમાં |
| | | ૧-૨-૦૮ થી ૩૧-૧-૦૯ | ૧-૨-૦૯ થી ૩૧-૧-૧૦ | ૧-૨-૧૦ થી ૩૧-૧-૧૧ | |
| ૪ | પેટલાદ | ૦૦ | ૦૦ | ૩૫૦ | ૩૫૦ |
| ૫ | ઉમરેઠ | ૦૦ | ૦૦ | ૨૦૦ | ૨૦૦ |
| ૬ | વલ્લભ-વિદ્યાનગર | ૦૦ | ૦૦ | ૨૦૦ | ૨૦૦ |
| ૭ | કરમસદ | ૦૦ | ૦૦ | ૨૦૦ | ૨૦૦ |
| ૮ | આંક્લાવ | ૦૦ | ૦૦ | ૧૫૦ | ૧૫૦ |
| ૯ | ઓડ | ૦૦ | ૦૦ | ૧૫૦ | ૧૫૦ |
| ૧૦ | બોરીઆવી | ૦૦ | ૦૦ | ૧૫૦ | ૧૫૦ |
| ૧૧ | સોજીત્રા | ૦૦ | ૦૦ | ૧૫૦ | ૧૫૦ |
| | **કુલ ₹** | **૦૦** | **૦૦** | **૨૮૭૫** | **૨૮૭૫** |

આ યોજના અતર્ગત આણંદ જિલ્લાની સોજીત્રા અને આંક્લાવ નગરપાલિકા સેવા સદનના નવા બાંધકામ માટે નગરપાલિકા દીઠ રૂા. ૫૦.૦૦ લાખ પ્રમાણે કુલ રૂા. ૧૦૦.૦૦ લાખની ગ્રાન્ટ મંજૂર કરી, નગરપાલિકા દીઠ રૂા. ૪૫.૦૦ લાખ પ્રમાણે કુલ રૂા. ૯૦.૦૦ લાખની રકમ ખેડા જિલ્લા માર્ગ અને મકાન વિભાગ હસ્તક મુકવામાં આવેલ છે.

આ ઉપરાંત આણંદ જિલ્લાની ખંભાત અને કરમસદ નગરપાલિકાના કચેરીના મકાનમાં સુધારા વધારાના કામ માટે અનુક્રમે રૂા. ૨૫.૦૦ લાખ અને રૂા.૧૬.૧૩ લાખ મળી કુલ રૂા. ૪૧.૧૩ લાખની રકમ ફાળવવામાં આવેલ છે.

(૨) આ ફાળવેલ રકમમાંથી ક્યા કામો પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) આ ફાળવેલ ગ્રાન્ટમાંથી નીચે જણાવેલ કામો માટે કુલ રૂા. ૩૭૬.૫૪ લાખનો ખર્ચ નગરપાલિકાઓ દ્વારા છેલ્લા એક વર્ષમાં કરવામાં આવ્યો છે.

| નં. | કામનું નામ તથા સંખ્યા | ₹ લાખમાં |
|---|---|---|
| ૧ | ગોરવપથ | ૧૦૫.૧૯ |
| ૨ | મુખ્ય રસ્તા/રસ્તા | ૬૯.૧૪ |
| ૩ | ઝૂંપડપટ્ટી વિસ્તારમાં સુધારણા કામો | ૩૩.૧૫ |
| | અન્ય કામો | ૧૫૪.૫૬ |
| | **કુલ :** | **૩૭૬.૫૪** |

--------

## મેડિકલ કોલેજો સ્થાપવા એસેન્સીયાલીટી સર્ટીફીકેટ

**૧૯૧૧૮ : શ્રી ભરત બારોટ (દરિયાપુર-કાઝીપુર ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સન ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ દરમ્યાન રાજ્યમાં મેડિકલ કોલેજો સ્થાપવા માટે કેટલી સંસ્થાઓને એસેન્સીયાલીટી સર્ટીફીકેટો આપવામાં આવ્યા ?

**જવાબ**

સને ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ દરમ્યાન રાજ્યમાં મેડિકલ કોલેજો સ્થાપવા માટે કુલ ૯ સંસ્થાઓને સરકાર દ્વારા એસેન્સીયાલીટી સર્ટીફીકેટો આપવામાં આવેલ છે.

--------

## ડાંગ જિલ્લામાં બનાવેલ જૂથ પાણી પુરવઠા યોજના

**૨૦૩૮૪ : શ્રી વિજયભાઈ ર.પટેલ (ડાંગ-વાંસદા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડાંગ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ કેટલી જૂથ પાણી પુરવઠા યોજના બનાવવામાં આવી,

(૨) તેમાં કુલ કેટલા ગામોનો સમાવેશ કરવામાં

**જવાબ**

(૧) બે જૂથ પાણી પુરવઠા યોજના બનાવવામાં આવી.

(૨) ૨૪ ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે.

આવેલ, અને

(૩) તે પેકી કેટલા ગામોને હાલમાં પાણી પૂરૂં પાડવામાં આવે છે ?

(૩) યોજનાઓ વર્ષ ૨૦૧૦માં બનાવવામાં આવેલ છે, જે હાલ મંજૂરીની પ્રક્રિયા હેઠળ હોઈ પાણી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**આણંદ જિલ્લામાં આવેલી નગરપાલિકા અને બરો નગરપાલિકામાં આવાસોનું આયોજન**

૧૯૭૫૯ **: શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આણંદ જિલ્લામાં આવેલી નગરપાલિકા તથા બરો નગરપાલિકામાં વર્ષવાર પાલિકા વાર કેટલા આવાસો બાંધવાનું આયોજન કરવામાં આવ્યું,

(૨) નગરપાલિકા અને બરો નગરપાલિકામાં વર્ષવાર પાલિકાવાર કેટલા આવાસો બાંધવામાં આવ્યા, અને

(૩) વર્ષવાર પાલિકાવાર કેટલા નાગરિકોને આવાસો સોંપવાની કામગીરી કરવામાં આવી ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આણંદ જિલ્લામાં આવેલી નગરપાલિકા તથા બરો નગરપાલિકામાં વર્ષવાર નીચે મુજબના પત્રકમાં દર્શાવેલ આવાસોનું આયોજન કરવામાં આવ્યું.

| ક્રમ | ન.પા.નું નામ | જાન્યુ.૨૦૦૮ થી ડીસે. ૨૦૦૮ | જાન્યુ.૨૦૦૯ થી ડીસે. ૨૦૦૯ | જાન્યુ.૨૦૧૦ થી ડીસે. ૨૦૧૦ |
|---|---|---|---|---|
| ૧ | આંક્લાવ | -- | ૮૦૪ | -- |
| ૨ | પેટલાદ | -- | ૮૩૬ | -- |
| ૩ | ઉમરેઠ | ૭૬૦ | -- | -- |

(૨) એકપણ નહીં.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી

--------

**કડવાસણ ગામે પાણીની ટાંકી**

૧૮૮૬૩ **: શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકાના કડવાસણ ગામમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ સ્વજલધારા યોજના નીચે બનાવેલ પાણીની ઉંચી ટાંકીમાં પ્લાસ્ટર કરેલ નથી અને નબળી કામગીરીના કારણે ટાંકીમાંથી પાણી નીકળે છે તેમજ નબળી ગુણવત્તાવાળી પાઈપો વાપરેલ છે અને આ પાઈપ લાઈન નિયમ પ્રમાણેની ઉંડાઈએ નાંખેલ નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કડવાસણ ગામે સ્વજલધારા યોજનાની નબળી કામગીરી કરનાર કોન્ટ્રાકટરો સામે સરકાર શાં પગલાં ભરવા માંગે છે, અને

(૩) પગલાંની વિગતો શી છે ?

**જવાબ**

(૧) ના, જી.

- ઉંચી ટાંકીના અંદાજમાં ટાંકીના બહારના ભાગે પ્લાસ્ટરની જોગવાઈ કરવામાં આવેલ નથી. અંદરના ભાગે પ્લાસ્ટર કરાયેલ છે.
- ઉંચી ટાંકીમાં લીકેજ નથી.
- પાણી પુરવઠા બોર્ડના અધિકૃત અને માન્ય વિક્રેતા પાસેથી પાઈપો ખરીદવામાં આવેલ છે.
- આ ગામનું ભુસ્તર ખડકાળ હોઈ સખત ખડકને અનુરૂપ ઉંડાઈએ પીવીસી પાઈપની જ્ગ્યાએ એચડીપીઈ પાઈપ નાંખવામાં આવેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**વડોદરા જિલ્લામાં લીફ્ટ ઇરીગેશન યોજના**

૧૯૧૨૮ **: શ્રી મોહનસિંહ છો.રાઠવા (પાવી-જેતપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર લીફટ ઇરીગેશન તથા અન્ય કેટલી સિંચાઇ યોજનાઓ બનાવવામાં આવી,

**જવાબ**

(૧) કુલ : ૭ (સાત) લીફટ ઇરીગેશન યોજના હાથ ધરી.

નસવાડી તાલુકામાં: ૫ (પાંચ)

છોટા ઉદેપુર તાલુકામાં : ૨ (બે)

આ ઉપરાંત જળસંચય યોજના હેઠળ ચેકડેમ બનાવવામાં આવ્યા જે તાલુકાવાર નીચે પ્રમાણે છે.

| અ.નં. | તાલુકો | ચેકડેમોની સંખ્યા |
|---|---|---|
| ૧ | નસવાડી | ૬૪ |
| ૨ | સંખેડા | ૧૦૨ |
| ૩ | કરજણ | ૧૩ |
| ૪ | પાદરા | ૫ |
| ૫ | ડભોઇ | ૨ |
| ૬ | છોટા ઉદેપુર | ૩૨ |
| ૭ | વડોદરા | ૨૨ |
| ૮ | પાવી-જેતપુર | ૧૯૬ |
| ૯ | સીનોર | ૧૮ |
| ૧૦ | વાઘોડીયા | ૪૯ |
| ૧૧ | સાવલી | ૫૭ |
| ૧૨ | કવાંટ | ૧૧૨ |

(૨) તેમાં કઇ કઇ યોજનાઓ પાછળ કેટલો ખર્ચ થયો, અને

(૨) લીફટ ઇરીગેશન યોજના : રૂા.૧૮૦.૩૭ લાખ
ચેકડેમ યોજના : રૂા.૪૪.૧૧ ક્રોડ

(૩) એનાથી કેટલા હેક્ટર જમીનમાં સિંચાઇની સુવિધા મળે છે ?

(૩) લીફટ ઇરીગેશન ધ્વારા ૪૩૨ હેક્ટર અને ચેકડેમ ધ્વારા ૨૪૮૨ હેક્ટરમાં (પ્રત્યક્ષ અને પરોક્ષ) સિંચાઇની સુવિધા મળશે.

-------

**લીંબડી તાલુકામાં સેક્ટર રીફોર્મ કાર્યક્રમ**

૧૯૦૯૯ : **શ્રી શંભુપ્રસાદ બ.ટુંડિયા (દસાડા)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી તાલુકામાં સેકટર રીફોર્મ કાર્યક્રમ (રાજ્ય) હેઠળ તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને

(૧) ૧૯ યોજનાઓ મંજૂર કરવામાં આવી

(૨) તે અન્વયે પાણી સમિતિઓને કુલ કેટલું ફંડ ફાળવવામાં આવેલ છે ?

(૨) રૂા. ૧૩૮.૦૨ લાખનું ફંડ ફાળવવામાં આવેલ છે.

--------

**જે.એન.યુ.આર.એમ.માં ગાંધીનગરનો સમાવેશ કરવા અંગે**

૨૦૪૬૧ : **શ્રી કલ્યાણસિંહ ચૌહાણ (દહેગામ)** : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

પાટનગર ગાંધીનગરને જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન હેઠળ સાંકળી લેવા તા.૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેન્દ્ર સરકાર સમક્ષ રાજ્ય સરકાર દ્વારા કોઇ દરખાસ્ત કરવામાં આવી છે તે હકીકત સાચી છે ?

હા જી, પાટનગર ગાંધીનગરને જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન હેઠળ સાંકળી લેવા તા.૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેન્દ્ર સરકાર સમક્ષ રાજ્ય સરકાર દ્વારા કુલ ૪ વખત દરખાસ્ત કરવામાં આવેલ છે.

**રાજકોટ જિલ્લામાં ચેકડેમો**

૧૯૦૭૭ : **શ્રીમતી જસુબેન સ. કોરાટ (જેતપુર)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજકોટ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતીએ છેલ્લા એક વર્ષમાં કેટલા ચેકડેમ બાંધવામાં આવેલ છે, અને

(૧) ૭૭૮ ચેકડેમો.

(૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) રૂા.૩૩૫૬.૮૬ લાખ.

**ભિલોડા, ખેડબ્રહ્મા અને મેઘરજ તાલુકાઓમાં નાની અને મધ્યમ સિંચાઇ યોજનાઓ**

૨૦૨૯૦ : **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના આદિજાતિ એવા ભિલોડા, વિજયનગર, ખેડબ્રહ્મા અને મેઘરજ તાલુકાઓમાં નાની અને મધ્યમ સિંચાઇ હેઠળ કઇ કઇ યોજનાઓ તાલુકાવાર બનાવી, અને

(૨) એમાં તાલુકાવાર કેટલા રૂપિયાનું આયોજન હતું અને ઉક્ત સ્થિતિએ તાલુકાવાર અને વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લાના ભિલોડા, વિજયનગર, ખેડબ્રહ્મા અને મેઘરજ તાલુકામાં દરેક તાલુકાદીઠ એક સિંચાઇ યોજના એમ કુલ ૪ સિંચાઇ યોજનાઓ શક્યતાદર્શી અહેવાલ માટે સર્વેક્ષણ તથા પ્રોજેક્ટ રીપોર્ટ બનાવવાના તબકકા હેઠળ છે. જે આખરી થયે યોજનાઓ બનાવવાનું નકકી કરવામાં આવશે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**સાવલી તાલુકામાં કાર્યરત નવા હેન્ડ પંપો**

૧૯૭૪૧ : **શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં ક્યા ક્યા ગામોએ કેટલા નવા હેન્ડ પંપો કાર્યરત કરવામાં આવ્યા, અને

(૨) તે પૈકીના કેટલા હેન્ડપંપો ઉક્ત સ્થિતિએ બંધ હાલતમાં છે ?

**જવાબ**

(૧) નીચેની વિગતે ૧૩ ગામમાં ૧૯ હેન્ડપંપ.

| અ.નં. | ગામનું નામ | હેન્ડપંપની સંખ્યા |
|---|---|---|
| ૧ | કરચીયા | ૨ |
| ૨ | શેરપુરા | ૧ |
| ૩ | રામપુરા | ૧ |
| ૪ | ધન્તેજ | ૨ |
| ૫ | ભગાનામુવાડા | ૧ |
| ૬ | માલ આંકલીયા | ૨ |
| ૭ | મેવલી | ૧ |
| ૮ | ઝુમખા | ૨ |
| ૯ | પાન્ડુ | ૧ |
| ૧૦ | જેપુરા (કંબોલા) | ૧ |
| ૧૧ | વેજપુર | ૧ |
| ૧૨ | ગોઠડા | ૩ |
| ૧૩ | જલાપુર | ૧ |

(૨) એકપણ નહીં.

--------

**હિરણ-૨ સિંચાઈ યોજનામાં પાકી નહેરોના આયોજન**

૧૯૦૭૯ : **શ્રી ભગવાનભાઈ લા.કરગટીયા (માંગરોળ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લાની હિરણ-૨ સિંચાઈ યોજનામાં પાકી નહેરો કરવાનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો આ કામ ક્યારે હાથ ધરવામાં આવશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા.૩૦-૪-૨૦૧૧ બાદ ઉનાળુ સિંચાઈ પૂર્ણ થયે કામ હાથ ધરવામાં આવશે.

**જે.એસ.ચોહાણ હોસ્પિટલમાં મંજૂર મહેકમ**

૨૦૩૬૧ : **શ્રી તુષારસિંહ ક.મહારાઉલ (દેવગઢ બારિયા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લાના દેવગઢબારીયા શહેર ખાતે આવેલ શ્રી જે. એસ. ચોહાણ હોસ્પિટલમાં તા.૧-૧-૧૧ ના રોજની સ્થિતિએ વર્ગ-૧-૨-૩ અને ૪ ની કેટલી જગ્યાઓ મંજૂર થયેલી છે, અને

**જવાબ**

(૧)

| સંવર્ગ | મંજૂર મહેકમ |
|---|---|
| વર્ગ-૧ | ૮ |
| વર્ગ-૨ | ૮ |
| વર્ગ-૩ | ૩૯ |
| વર્ગ-૪ | ૩૪ |

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ ખાલી છે અને કેટલા સમયથી ખાલી છે અને ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારશ્રી ક્યા પગલાં લેવા ધારે છે ?

(૨)

| સંવર્ગ | ખાલી જગ્યાની સંખ્યા | ક્યારથી ખાલી |
|---|---|---|
| વર્ગ-૧ | ૦૫ | તા.૧૪-૧૧-૨૦૦૦<br>તા.૧-૧૦-૦૫<br>તા.૨-૮-૦૭<br>તા.૧૮-૧૧-૦૯<br>તા.૧-૫-૨૦૧૦ |
| વર્ગ-૩ | ૧ | તા.૧-૩-૯૭ |
| | ૧૨ | તા.૨૯-૪-૦૫ થી તા.૧૩-૧૦-૧૦ દરમ્યાન |

વર્ગ-૧ ની જગ્યાઓ ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા સીધી ભરતીના ઉમેદવારની ભલામણ મળ્યેથી તેમજ વોક-ઈન-ઈન્ટરવ્યુમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવાર ઉપલબ્ધ થયેથી અને વર્ગ-૩ ની ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ઉમેદવાર ઉપલબ્ધ થયેથી. વર્ગ-૩ની ૧૩ ખાલી જગ્યાઓ પૈકી ૪ જગ્યા આઉટ સોર્સીંગથી ભરવામાં આવેલ છે.

## અમદાવાદ શહેરના વિકાસ માટે મળેલ કેન્દ્ર તરફથી ગ્રાન્ટ

૨૦૦૧૬ **: શ્રી શંભુપ્રસાદ બ.ટુંડિયા (દસાડા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી કેટલી ગ્રાન્ટ શહેરી વિકાસ ખાતાને અમદાવાદ શહેરના વિકાસ માટે મળેલ છે ?

**જવાબ**

જે.એન.એન.યુ.આર.એમ. યોજના હેઠળ અમદાવાદ શહેર માટે મળેલ ગ્રાન્ટની વિગત નીચે મુજબ છે.

(રૂ.કરોડમાં)

| તા.૧-૪-૨૦૦૯ થી તા.૩૧-૩-૨૦૧૦ | તા.૧-૪-૨૦૧૦ થી તા.૩૧-૧૨-૨૦૧૦ |
|---|---|
| ૨૧૬.૦૩ | ૫૧.૬૮ |

--------

## કચ્છ જિલ્લામાં આરોગ્ય ક્ષેત્રે સેવાભાવી સંસ્થાઓને અનુદાન

૨૦૦૯૩ **: શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ગત ત્રણ વર્ષમાં કચ્છ જિલ્લામાં માંડવી-મુંદ્રા, ભચાઉ-રાપરમાં આરોગ્ય ક્ષેત્રે કાર્યરત સેવાભાવી સંસ્થાઓને રાજ્ય સરકાર દ્વારા અનુદાન અપાયું નથી તે હકીકત સાચી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ કચ્છ જિલ્લામાં કઈ કઈ સ્વૈચ્છિક સંસ્થાઓને છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કેટલું અનુદાન આપવામાં આવ્યું ?

**જવાબ**

(૧) ના, જી. ઉક્ત તાલુકાઓમાં સરકાર માન્ય કોઈપણ ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થા નથી.

(૨) કચ્છ જિલ્લામાં ફક્ત એક અંજાર નગરપાલિકા સંચાલિત ડીસ્પેન્સરી, અંજારને સહાયક અનુદાન ફાળવવામાં આવે છે. છેલ્લા ત્રણ વર્ષમાં નીચે મુજબનું અનુદાન ફાળવવામાં આવેલ છે.

| | |
|---|---|
| સને ૨૦૦૭-૨૦૦૮ | રૂ.૨,૪૦,૦૦૦/- |
| સને ૨૦૦૮-૨૦૦૯ | રૂ.૩,૭૫,૨૯૫/- |
| સને ૨૦૦૯-૨૦૧૦ | રૂ.૧,૪૨,૦૦૦/- |

--------

## નારાયણ સરોવર યાત્રાધામને નર્મદાનું પીવાનું પાણી

૨૦૩૯૦ **: શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી (મુંદ્રા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કચ્છ જિલ્લાનાં નારાયણ સરોવર યાત્રાધામને નર્મદા યોજનાનું પાણી પીવા માટે સરકાર ઉપલબ્ધ કરવા માંગે છે, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) જો હા, તો તે ક્યાં સુધીમાં ઉપલબ્ધ કરવામાં આવશે ?

(૨) ગોધાતડ ડેમના હેડવર્ક્સને ખીરસરા હેડવર્ક્સથી નર્મદા યોજના સાથે પાઈપ લાઈન મારફતે જોડવામાં આવેલ છે. આમ, ગોધાતડ ડેમમાં પાણી ઉપલબ્ધ ન હોય ત્યારે ખીરસરાથી મળતું નર્મદાનું પાણી ગોધાતડ હેડવર્ક્સથી નારાયણ સરોવર ગામને પૂરૂં પાડવામાં આવશે.

## બહુચરાજી મંદિર પરિસરના વિકાસ માટે આયોજન

૧૯૦૬૧ : **શ્રીમતી જશોદાબેન પરમાર (જોટાણા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બહુચરાજી મંદિર અને તેના પરિસરના વિકાસ અંગે શું આયોજન કરવામાં આવ્યું છે, અને

(૨) આ કામગીરી ક્યારે હાથ ધરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બહુચરાજી મંદિર અને તેના પરિસરના વિકાસ અંગે મુખ્ય મંદિરનું વિસ્તૃતીકરણ, મુખ્ય મંદિર પરિસરમાં યજ્ઞમંડપ, વરખડી મંદિર, મધ્યસ્થાન મંદિર, મુખ્ય મંદિરના આંબલસરા, દરવાજા, પોપટવસા ધર્મશાળા, રીનોવેશન ઓફ સ્ટ્રોંગરૂમ, શ્રી બહુચરાજી માતાજી મંદિરમાં સોલર આધારીત રોશની પૂર્વાભિમુખ પ્રવેશદ્વાર, નવીન ટેમ્પલ પ્લાઝા, મુખ્ય મંદિરમાં તથા મંદિર પરિસરમાં લેડ લાઈટીંગનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત ગુજરાત પ્રવાસન નિગમ લીમીટેડ દ્વારા નીચે મુજબ આયોજન કરવામાં આવેલ છે. (૧) એર ઈવલ પ્લાઝા - પરિક્રમા પથ, દિવાલનું રેસ્ટોરેશન, ફુડકોર્ડ, પ્રસાદ માટેની દુકાનો, ટોયલેટ બ્લોક, ઈન્ટરનલ પાથવે, કંપાઉન્ડવોલ, એન્ટ્રીગેઈટ, પાર્કીંગ લાઈટીંગ વર્ક ગાર્ડનીંગ વર્ક સેન્ટ્રલ પેવેલીયન (૨) મેડાસર તળાવનો વિકાસ - વ્યુઈંગ ડેક, જેટીબ્રીજ, વોચમેન કેબીન, ટોયલેટબ્લોક, પાર્કીંગ, ફુડકોર્ટ, રેસ્ટોરન્ટ, લેન્ડ સ્કેપીંગ, લાઈટીંગ વર્ક, (૩) મેળા ગ્રાઉન્ડનો વિકાસ

(૨) આ કામગીરી ત્વરીત હાથ ધરવામાં આવશે.

## વલસાડ જિલ્લામાં મંજૂર હેન્ડપંપ

૨૦૩૮૮ : **શ્રી રમણલાલ ના.પાટકર (ઉમરગામ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલા હેન્ડપંપ મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા હેન્ડપંપના કામો પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૩) બાકી રહેલ કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) વલસાડ જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ હેન્ડપંપ મંજૂર કરવામાં આવ્યા.

| તાલુકો | હેન્ડપંપની સંખ્યા |
|---|---|
| વલસાડ | ૧૩૨ |
| પારડી | ૧૦૭ |
| ઉમરગામ | ૧૬૭ |
| ધરમપુર | ૨૦૦ |
| કપરાડા | ૧૬૯ |

(૨) શારેલ ૭૭૫ બોર પૈકી ૬૬૮ સફળ બોર ઉપર હેન્ડપંપના કામો પૂર્ણ કરવામાં આવ્યા.

(૩) પ્રશ્ન રહેતો નથી.

## સાબરકાંઠા જિલ્લામાં નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના

૧૯૦૪૦ : **શ્રી દિલિપસિંહજી પરમાર (મોડાસા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ

વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં કઈ કઈ નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે.

વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર (ભાગ-૧), મોડાસા, ખેડબ્રહ્મા, બાયડ અને તલોદ નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે.

(૨) મંજૂર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૨) મંજૂર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ નીચે મુજબ છે.

| ક્રમ | નગરપાલિકાનું નામ | સ્થિતિ |
|---|---|---|
| ૧ | હિંમતનગર (ભાગ-૧) | ટેકનીકલ ઈવેલ્યુએશન મંજુરી હેઠળ છે. |
| ૨ | મોડાસા | ડીટીપી ચકાસણી હેઠળ છે. |
| ૩ | ખેડબ્રહ્મા | ડીટીપી તેયાર કરવામાં આવી રહેલ છે. |
| ૪ | બાયડ | ડીટીપી તેયાર કરવામાં આવી રહેલ છે. |
| ૫ | તલોદ | ડીટીપી તેયાર કરવામાં આવી રહેલ છે. |

(૩) નગરપાલિકા દીઠ કેટલો ખર્ચ મંજૂર થયેલ છે ?

(૩) નગરપાલિકા દીઠ નીચે મુજબ અંદાજીત ખર્ચ મંજૂર કરવામાં આવેલ છે.

**(રૂા. લાખમાં)**

| ક્રમ | નગરપાલિકાનું નામ | રકમ |
|---|---|---|
| ૧ | હિંમતનગર (ભાગ-૧) | ૯૦૧.૭૬ |
| ૨ | મોડાસા | ૩૦૧૨.૦૫ |
| ૩ | ખેડબ્રહ્મા | ૨૧૩૪.૮૯ |
| ૪ | બાયડ | ૧૭૨૨.૬૪ |
| ૫ | તલોદ | ૨૧૩૪.૬૯ |

--------

## વેર ૧-૨ યોજના વિભાગ દ્વારા બનાવેલ ચેકડેમો

**૧૮૮૧૮ : શ્રી પુનાભાઈ ધે. ગામીત (વ્યારા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાપી જિલ્લામાં તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વેર ૧-૨ યોજના વિભાગ દ્વારા કેટલા ચેકડેમ ક્યા ક્યા સ્થળે બનાવેલ છે,

**જવાબ**

(૧) વિગત પત્રકમાં સામેલ છે.

**પ ત્ર ક**

**સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના (૮૦:૨૦) અંતર્ગત તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ તાપી જિલ્લામાં વેર-૨ યોજના વિભાગ દ્વારા જે સ્થળે ચેકડેમ બનાવેલ છે તેનું પત્રક**

| અ.નં. | ચેકડેમનું નામ | ગામનું નામ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | લખાલી | લખાલી |
| ૨ | કાટુકુઈ (આરકુંડ) | કાટુકુઈ (આરકુંડ) |
| ૩ | ધંતુરી (અંતાપુર) | ધંતુરી (અંતાપુર) |
| ૪ | પાનવાડી | પાનવાડી |
| ૫ | ચીખલદા | ચીખલદા |
| ૬ | પાટી | ડોલારા (પેરવડ) |
| ૭ | ડોલારા (પેરવડ) | ડોલારા (પેરવડ) |
| ૮ | કરંજખેડ-૧ | કરંજખેડ-૧ |
| ૯ | તક્યિાઆંબા-૧ | તક્યિાઆંબા |
| ૧૦ | તક્યિાઆંબા-૨ | તક્યિાઆંબા |
| ૧૧ | કરંજખેડ-૨ | કરંજખેડ-૨ |
| ૧૨ | બાલપુર-૧ | બાલપુર |
| ૧૩ | બામણામાળ નજીક-૧ | બામણામાળ નજીક |
| ૧૪ | ખુટાડીયા-૧ | ખુટાડીયા |
| ૧૫ | સાંકળી-૧ | સાંકળી |
| ૧૬ | કપડવાણ-૧ | કપડવાણ |
| ૧૭ | વીરપુર-૧ | વીરપુર |
| ૧૮ | વીરપુર-૨ | વીરપુર |
| ૧૯ | ચીખલવાવ-૧ | ચીખલવાવ |
| ૨૦ | રાણીઆંબા-૧ | રાણીઆંબા |
| ૨૧ | ભાગલપુર-૧ | ભાગલપુર |
| ૨૨ | તાડકુવા-૧ | તાડકુવા |
| ૨૩ | ઉમરવાવદુર-૧ | ઉમરવાવદુર |
| ૨૪ | ગડત (કરંજખેડ-૩) | ગડત (કરંજખેડ) |
| ૨૫ | તાડકુવા-૨ | તાડકુવા |
| ૨૬ | ડોલવણ-૧ | ડોલવણ |
| ૨૭ | તાડકુવા-૩ | તાડકુવા |
| ૨૮ | ઉમરવાવદુર-૩ | ઉમરવાવદુર |
| ૨૯ | બેડારાયપુરા-૧ | બેડારાયપુરા |

| અ.નં. | ચેકડેમનું નામ | ગામનું નામ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૩૦ | વીરપુર-૩ | વીરપુર |
| ૩૧ | સરેયા-૧ | સરેયા |
| ૩૨ | ચીખલી-૧ | ચીખલી |
| ૩૩ | વીરપુર-૪ | વીરપુર |
| ૩૪ | સરેયા-૨ | સરેયા |
| ૩૫ | કાકડવા-૧ | કાકડવા |
| ૩૬ | હલમુંડી-૧ | હલમુંડી |
| ૩૭ | ખુટાડીયા-૧ | ખુટાડીયા |
| ૩૮ | કેળકુઈ-૧ | કેળકુઈ |
| ૩૯ | વાંદરદેવી-૨ | વાંદરદેવી |
| ૪૦ | સરેયા-૩ | સરેયા |
| ૪૧ | બીરકચ્છ-૧ | બીરકચ્છ |
| ૪૨ | કપડવાણ-૧ | કપડવાણ |
| ૪૩ | પલાસીયા-૧ | પલાસીયા |
| ૪૪ | વાંસકુઈ-૧ | વાંસકુઈ |
| ૪૫ | વેલધા | વેલધા |
| ૪૬ | ડુગરગામ-૧ | ડુગરગામ |
| ૪૭ | વાંદરદેવી-૧ | વાંદરદેવી |
| ૪૮ | કોસમકુવા-૧ | કોસમકુવા |
| ૪૯ | હલમુંડી-૨ | હલમુંડી |
| ૫૦ | સરેયા-૪ | સરેયા |
| ૫૧ | ધાટા-૧ | ધાટા |
| ૫૨ | તક્યિાઆંબા-૩ | તક્યિાઆંબા |
| ૫૩ | વીરપુર-૫ | વીરપુર |
| ૫૪ | ધામણદેવી-૧ | ધામણદેવી |
| ૫૫ | ચાકધરા-૧ | ચાકધરા |
| ૫૬ | કુભીંયા-૧ | કુંભીયા |
| ૫૭ | રાણીઆંબા-૨ | રાણીઆંબા |
| ૫૮ | કાકડવા-૨ | કાકડવા |
| ૫૯ | ખુટાડીયા-૨ | ખુટાડીયા |
| ૬૦ | ભોજપુર નજીક-૧ | ભોજપુર નજીક |
| ૬૧ | બામણામાળ નજીક-૧ | બામણામાળ નજીક |
| ૬૨ | બામણામાળ નજીક-૨ | બામણામાળ નજીક |
| ૬૩ | ખુટાડીયા-૩ | ખુટાડીયા |
| ૬૪ | કરંજવેલ-૨ | કરંજવેલ |
| ૬૫ | ચીંચબરડી-૧ | ચીંચબરડી |
| ૬૬ | ઉમરવાવ નજીક-૧ | ઉમરવાવ નજીક |
| ૬૭ | સાંકળી-૨ | સાંકળી |
| ૬૮ | ચાકધરા-૨ | ચાકધરા |
| ૬૯ | પંચોલ-૧ | પંચોલ |
| ૭૦ | સાંકળી-૩ | સાંકળી |
| ૭૧ | બામણામાળ દુર-૧ | બામણામાળ દુર |
| ૭૨ | વેલધા-૧ | વેલધા |
| ૭૩ | પીઠાદરા-૨ | પીઠાદરા |
| ૭૪ | પીઠાદરા-૧ | પીઠાદરા |
| ૭૫ | નાનાસાતસીલા-૧ | નાનાસાતસીલા |
| ૭૬ | ધોળકા-૧ | ધોળકા |
| ૭૭ | ભુરીવેલ-૧ | ભુરીવેલ |
| ૭૮ | કરંજવેલ-૧ | કરંજવેલ |
| ૭૯ | ઈન્દુ-૨ | ઈન્દુ |
| ૮૦ | ઈન્દુ-૩ | ઈન્દુ |
| ૮૧ | પાટી-૪ | પાટી |
| ૮૨ | હલમુંડી-૩ | હલમુંડી |
| ૮૩ | આમોનીયા-૧ | આમોનીયા |
| ૮૪ | કોસમકુવા-૨ | કોસમકુવા |
| ૮૫ | સાંકળી-૪ | સાંકળી |
| ૮૬ | આંબાપાણી-૧ | આંબાપાણી |
| ૮૭ | વેડછી-૧ | વેડછી |
| ૮૮ | ઈનમા-૧ | ઈનમા |
| ૮૯ | વેડછી-૨ | વેડછી |
| ૯૦ | કુંભીયા-૧ | કુંભીયા |
| ૯૧ | મોરદેવી-૧ | મોરદેવી |
| ૯૨ | બહેજ-૨ | બહેજ-૨ |
| ૯૩ | બહેજ-૩ | બહેજ |
| ૯૪ | ઈનમા-ટોકરવાવ-૧ | ઈનમા-ટોકરવાવ |
| ૯૫ | વેડછી-૩ | વેડછી |
| ૯૬ | વેડછી-૪ | વેડછી |
| ૯૭ | વેડછી-૫ | વેડછી |
| ૯૮ | અંબાજ-૧ | અંબાજ |
| ૯૯ | ઈનમા-ટોકરવાવ-૨ | ઈનમા-ટોકરવાવ |
| ૧૦૦ | ઈનમા-ટોકરવાવ-૩ | ઈનમા-ટોકરવાવ |

| અ.નં. | ચેકડેમનું નામ | ગામનું નામ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |

(૨) તે અન્વયે કેટલા ચેકડેમોના કામ પૂર્ણ થયા, અને — (૨) બધા જ પૂર્ણ થયા છે.

(૩) આ ચેકડેમો બનાવવા પાછળ કેટલો ખર્ચ થયો ? — (૩) રૂા. ૯૯૨.૯૬ લાખ.

--------

### જે.એન.યુ.આર.એમ.માં ગાંધીનગરનો સમાવેશ કરવા અંગે

**૨૦૪૯૩ શ્રી કનુભાઇ ડાભી (કઠલાલ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

પાટનગર ગાંધીનગરને જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન હેઠળ સાંકળી લેવા તા.૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેન્દ્ર સરકાર સમક્ષ રાજ્ય સરકાર દ્વારા કોઇ દરખાસ્ત કરવામાં આવી છે તે હકીક્ત સાચી છે ?

**જવાબ**

હા જી, પાટનગર ગાંધીનગરને જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન હેઠળ સાંકળી લેવા તા.૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેન્દ્ર સરકાર સમક્ષ રાજ્ય સરકાર દ્વારા કુલ ૪ વખત દરખાસ્ત કરવામાં આવેલ છે.

### અમરેલી જિલ્લાની નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના

**૧૯૦૩૩ શ્રી કાળુભાઇ વી. વિરાણી (કુંડલા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમરેલી જિલ્લામાં કઇ કઇ નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે.

(૨) મંજૂર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૩) નગરપાલિકા દીઠ કેટલો ખર્ચ મંજૂર થયેલ છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમરેલી જિલ્લાની અમરેલી, બગસરા તથા સાવરકુંડલા નગરપાલિકાઓની ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે.

(૨) મંજૂર થયેલ ભૂગર્ભ ગટર યોજનાઓની તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ નીચે મુજબ પરીસ્થિતિ છે.

૧. અમરેલી-ટેન્ડરો બહાર પાડવાના છે.
૨. બગસરા-ટેન્ડરો બહાર પાડવાના છે.
૩. સાવરકુંડલા-વર્કઓર્ડર અપાયેલ છે.

(૩) નગરપાલિકા દીઠ નીચે મુજબ અંદાજીત ખર્ચ મંજૂર કરવામાં આવેલ છે.

૧. અમરેલી-રૂ.૫૫૮૩.૭૬ લાખ
૨. બગસરા-રૂ.૨૧૮૦.૭૦ લાખ
૩. સાવરકુંડલા-રૂ.૧૯૯૭.૭૦ લાખ

### નર્મદા જિલ્લામાં તાલુકાવાર ચેકડેમો

૨૦૨૧૧ **: શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં તાલુકાવાર કેટલા ચેકડેમો છે,

(૨) આ ચેકડેમોની પાણીની સંગ્રહ ક્ષમતા કુલ કેટલી છે, અને

(૩) આ જિલ્લામાં નવા ચેકડેમો બનાવવા સરકારનું ક્યા પ્રકારનું આયોજન છે ?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | ચેકડેમની સંખ્યા |
|---|---|---|
| ૧ | નાંદોદ | ૧૪૩ |
| ૨ | તિલકવાડા | ૮૧ |
| ૩ | ડેડીયાપાડા | ૩૨૬ |
| ૪ | સાગબારા | ૩૫૩ |

(૨) ૧૦૪.૧૬ મી.ઘન ફૂટ

(૩) પાણીની સંગ્રહ શક્તિ ધરાવતી અને તાંત્રિક પાસાઓ સંતોષતી સાઇટો પર ચેકડેમોની કામગીરી હાથ ધરવાનું આયોજન છે.

**પ્રવાસન ક્ષેત્રે એવોર્ડ**

**૧૯૦૭૦ : શ્રી નાનુભાઈ ભ.વાનાણી (સુરત શહેર (ઉત્તર) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પ્રવાસન ક્ષેત્રે વિશિષ્ટ કામગીરી બદલ રાજ્યને તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કઇ કઇ પ્રવૃત્તિઓ માટે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના એવોર્ડ મળ્યા છે, અને

(૨) આ એવોર્ડ કઇ કઇ સંસ્થા દ્વારા અપાયા છે, તેમજ કઇ તારીખે અને કોના હાથે આ એવોર્ડ અપાયા છે ?

**જવાબ**

(૧) પ્રવાસન ક્ષેત્રે વિશિષ્ટ કામગીરી બદલ રાજ્યને તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ સાથેના **પત્રક**માં દર્શાવેલ વિગતે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના એવોર્ડ મળેલ છે.

(૨) આ સાથેના પત્રકમાં માહિતી સામેલ છે.

**પત્રક**

| ક્રમ | એવોર્ડનું નામ | પ્રવૃતિ/કામગીરી ની વિગત | આપનાર સંસ્થાનું નામ | એવોર્ડ મળ્યા તારીખ | કોના હાથે એવોર્ડ અપાયા તેની વિગત |
|---|---|---|---|---|---|
| ૧ | બેસ્ટ ડેસ્ટીનેશન ફોર ઓલ સીઝન્સ | ડેસ્ટીનેશન પ્રમોશન | પેસીફીક એરીયા ટ્રાવેલ રાઇટર એસોસીએશન (પટવા) | ૧૨-૩-૧૦ | પેસીફીક એરીયા ટ્રાવેલ રાઇટર એસોસીએશન (પટવા) ના પ્રતિનિધિએ જર્મની ખાતે એવોર્ડ સ્વીકારેલ હતો જે પાછળથી દિલ્હી કચેરીને આપવામાં આવેલ હતો |
| ૨ | વેબ રત્ન એવોર્ડ | વેબસાઇટ | મીનીસ્ટ્રી ઓફ કોમ્યુનીકેશન એન્ડ ઇન્ફોર્મેશન ટેકનોલોજી ભારત સરકાર | ૧૯-૪-૧૦ | શ્રી એ. રાજા માન. મંત્રીશ્રી કોમ્યુનીકેશન એન્ડ ઇન્ફોર્મેશન ટેકનોલોજી ભારત સરકારના હસ્તે આપવામાં આવેલ છે. |
| ૩ | સફારી ઇન્ડીયા નેશનલ ટુરીઝમ એવોર્ડ (કેટેગરી- બેસ્ટ અપકમીંગ ટુરીઝમ ડીપાર્ટમેન્ટ) | પ્રવાસન પ્રવૃતિઓ | સફારી ઇન્ડીયા | ૧૮-૮-૧૦ | ટુરીઝમ લીડરર્સ કોન્કલેવ એન્ડ કોમનવેલ્થ ગેઇમ્સના પ્રોગ્રામ દરમ્યાન આપવામાં આવેલ હતો જે પાછળથી નિગમની દિલ્હી કચેરીને મોકલવામાં આવેલ હતો. |
| ૪ | બેસ્ટ સ્ટેઇટ ફોર મોસ્ટ ઇનોવેટીંગ પ્લાનીંગ | પ્રવાસન પ્રવૃતિઓ | ટુ ડે ટ્રાવેલર્સ | ૨૨-૯-૧૦ | કુ. શેલજા માન. પ્રવાસન મંત્રીશ્રી ભારત સરકારના હસ્તે આપવામાં આવેલ છે. |

**આણંદ જિલ્લામાં સિંચાઇની સુવિધા વધારવા યોજના**

૨૦૪૩૮ **: શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તા.૩૧-૧-૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સિંચાઇની સુવિધા વધારવા તાલુકાવાર કઇ કઇ યોજનાઓ હાથ ધરવામાં આવેલ છે,

(૨) તેના ધ્વારા કેટલા હેકટર જમીનમાં સિંચાઇ થાય છે, અને

(૩) સદર સિંચાઇ યોજનાના કારણે સિંચાઇ વિસ્તારમાં પહેલા કરતા કેટલો વધારો થયેલ છે ?

**જવાબ**

(૧) ચેકડેમ બનાવવાની યોજના બોરસદ, આંક્લાવ અને ખંભાત તાલુકામાં હાથ ધરેલ હતી.

હયાત તળાવો ઊંડા કરવાની યોજના જિલ્લાના દરેક તાલુકામાં હાથ ધરેલ હતી.

(૨) ૧૪૩૭ હેકટર વિસ્તારમાં પ્રત્યક્ષ અને પરોક્ષ સિંચાઇ થશે.

(૩) હયાત સિંચાઇ સુવિધામાં ૧૪૩૭ હેકટર વિસ્તારમાં પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે વધારો થયેલ છે.

**- નવસારી જિલ્લામાં સેકટર રીફોર્મ કાર્યક્રમ (રાજ્ય) અંતર્ગત મંજૂર યોજનાઓ**

૨૦૩૭૦ **: શ્રી નરેશભાઈ મ. પટેલ (ચીખલી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લામાં સેકટર રીફોર્મ કાર્યક્રમ હેઠળ તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) આ યોજનાઓ અન્વયે પાણી સમિતિઓને ઉક્ત સમયગાળા દરમિયાન કુલ કેટલું ફંડ ફાળવવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) સેકટર રીફોર્મ (રાજ્ય) કાર્યક્રમ હેઠળ ૭૧ યોજના મંજૂર કરવામાં આવી.

(૨) રૂ. ૧૩૮.૯૧ લાખનું ફંડ ફાળવવામાં આવેલ છે.

**જે.એન.યુ.આર.એમ.માં ગાંધીનગરનો સમાવેશ કરવા અંગે**

૨૦૪૬૦ **: શ્રી અનિલભાઈ પટેલ (મહેસાણા)** : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

પાટનગર ગાંધીનગરને જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન હેઠળ તા.૩૧-૧-૨૦૧૧ની

**જવાબ**

હા જી, પાટનગર ગાંધીનગરને જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન હેઠળ સાંકળી લેવા

સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેન્દ્ર સરકાર સમક્ષ રાજ્ય સરકાર દ્વારા કોઇ દરખાસ્ત કરવામાં આવી છે તે હકીકત સાચી છે ?

તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેન્દ્ર સરકાર સમક્ષ રાજ્ય સરકાર દ્વારા કુલ ૪ વખત દરખાસ્ત કરવામાં આવેલ છે.

**પંચમહાલ જિલ્લામાં હેન્ડપંપનો લક્ષ્યાંક**

૨૦૩૮૫ **: શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ માં કુલ કેટલા હેન્ડપંપ કરવાનો લક્ષ્યાંક હતો,

(૨) તે પેકી તા.૩૧-૧૨-૧૦ સુધીમાં કેટલા પૂર્ણ ક્ર્યા અને

(૩) બાકીના કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૨૩૦૬ હેન્ડપંપ.

(૨) ૧૫૩૮ હેન્ડપંપ પૂર્ણ કર્યા.

(૩) તા.૩૧-૩-૨૦૧૧ સુધીમાં ક્રમશઃ પૂર્ણ કરવાનું આયોજન છે.

--------

**જામનગર જિલ્લામાં પ્રવાસન સ્થળોના વિકાસ માટે કામગીરી**

૧૯૦૬૩ **: શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી (જામનગર (રુરલ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં પ્રવાસન સ્થળોના વિકાસ માટે શી કામગીરી હાથ ધરવામાં આવી, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં પ્રવાસન સ્થળોના વિકાસ માટે નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવી.

**(અ) ક્લેકટરશ્રી જામનગર દ્વારા**

(૧) પીરોટન ટાપુ ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાની કામગીરી હાથ ધરવામાં આવનાર છે.

(૨) રણજીત સાગર ડેમ ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાની કામગીરી માટે આર્કીટેક્ની પસંદગી કરવામાં આવેલ છે અને તેના દ્વારા ડીઝાઇન તેયાર કરવામાં આવેલ છે.

(૩) ખીજડીયા ખાતે આવેલ પક્ષી અભ્યારણના પ્રોત્સાહન અને વિકાસ માટે નવેમ્બર-૨૦૧૦માં ખીજડીયા મુકામે ગ્લોબલ બર્ડ વોચર્સ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવેલ.

**(બ) ગુજરાત પ્રવાસન નિગમ લી. દ્વારા**

(૧) ખાસ અંગભૂત યોજના હેઠળ જોડીયા તાલુકાના આમરણ ગામે આવેલ સંતશ્રી ભીમસાહેબની જગ્યા ખાતે મુખ્ય પ્રવેશદ્વાર, પીવાના પાણીની વ્યવસ્થા, ટોયલેટ બ્લોક, કંપાઉન્ડ વોલ, બાગ બગીચો, બેઠક વ્યવસ્થા, પેવરબ્લોક્નું પેવીંગ, યાત્રાળુઓ માટે શેડ, પાર્કીંગ, સ્થળોનું મહત્વ દર્શાવતું બોર્ડ અને સાઇનેજીસની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

(૨) દ્વારકા નાગેશ્વર, બેટ દ્વારકા ટુરીસ્ટ સર્કીટ અન્વયે સંકલિત વિકાસ માટે સેપ્ટ મારફતે કાર્યયોજના આધારીત અહેવાલ તૈયાર કરવામાં આવેલ છે. જેમાં દ્વારકામાં પરિક્રમા પથનો વિકાસ, રાવલા તળાવનો વિકાસ, મંદિર ચોક અને બલભદ્ર શેરીનો વિકાસ સનસેટ પોઇન્ટ અને ભડકેશ્વર મંદિરનું જોડાણ, ગોમતી નદીના ઘાટનું રીપેરીંગ, તહેવાર દરમ્યાન સર્વિસ એરિયા તથા શેરીનો વિકાસ, સમુદ્રનારાયણ મંદિરની નજીક્ના દરિયાકાંઠાનો વિકાસ, નાગેશ્વર ખાતે તળાવ પ્રવાસન પથ અને ગ્રામ્ય

હાટનો વિકાસ, સમરાસર (ગોપીતળાવ) ખાતે વોક્વે, તળાવ, અને ગામ ચોક્નો વિકાસ, ઓખા મઢીનો વિકાસ એન્ડ ડેસ્ટીનેશન તરીકે વિકાસ શીવરાજપુર ખાતે કેમ્પીંગ સાઇટનો વિકાસ, પોશીત્રા ખાતે ઇકો ટુરીઝમ માટે કેમ્પીંગ સાઇટનો વિકાસ, ચરખલા મેઇનરોડ ઉપર સાઇનેજીસ, બેટદ્વારકા ખાતે પદમેશ્વર મહાદેવની મંદિરની પમિ સાઇડના દરિયાકાંઠાનો વિકાસ અને રણછોડ તળાવનો વિકાસ.

(૩) જામનગર ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન વિકાસ માટે સેપ્ટ સંસ્થા મારફતે કાર્યયોજના આધારીત અહેવાલ તૈયાર કરવામાં આવેલ છે જેમાં સાડી માર્કેટ અને બાંધણીશેરીમાં સુધારા વધારા, વેલીન્ગટન ડેમથી ગ્રેન માર્કેટ સુધીની ફુટપાથ, હેરીટેજ એરિયાના પ્રમોશન માટે સાઇનેજીસ, પાર્કીંગ, વેલીન્ગટન ડેમના સુધારા-વધારા, રણજીત સાગર ડેમની આજુબાજુનો વિકાસ જેવી કામગીરીનો સમાવેશ થાય છે.

(૨) આ માટે તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારે વર્ષવાર કેટલી ગ્રાન્ટ આપી અને કેટલો ખર્ચ થયો ?

(૨) (અ) કલેકટરશ્રી દ્વારા વર્ષ ૨૦૦૯-૧૦ માટે (૧) પીરોટન ટાપુના વિકાસ માટે રૂપિયા ૨૦૦.૦૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. જેની સામે કામગીરી આયોજન હેઠળ હોય કોઇ ખર્ચ થયેલ નથી.

(૨) રણજીત સાગર ડેમ માટે રૂપિયા ૮૬.૯૪ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. જે અન્વયે આર્કીટેક્ટની પસંદગી કરવામાં આવેલ છે અને તેમના દ્વારા ડીઝાઇન તૈયાર કરવામાં આવી રહેલ હોય હાલમાં કોઇ ખર્ચ થયેલ નથી.

વર્ષ ૨૦૧૦-૧૧ માટે-

(૩) ખીજડીયા બર્ડ વોચર્સ કોન્ફરન્સ માટે રૂપિયા ૧૦૩.૦૬ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ હતી. જે પૈકી રૂપિયા ૯૩.૦૯ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. તેમજ ગુજરાત પ્રવાસન નિગમ લી. દ્વારા રૂપિયા ૭૫.૦૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

(બ) ગુજરાત પ્રવાસન નિગમ લિ. દ્વારા વર્ષ ૨૦૦૯-૧૦ માટે

(૧) ખાસ અંગભુત યોજના અંતર્ગત જોડીયા તાલુકાના આમરણ ગામે સંતશ્રી ભીમાસાહેબની જગ્યા માટે રૂપિયા ૩૫.૨૫ લાખની ગ્રાન્ટ મંજુર કરવામાં આવેલ હતી. જેની સામે રૂપિયા ૪૫.૩૭ લાખનો ખર્ચ થયેલ છે.

વર્ષ ૨૦૧૦-૧૧ માટે

(૨) દ્વારકા, નાગેશ્વર, બેટ દ્વારકા ટુરીસ્ટ સર્કીટ માટે કેન્દ્ર સરકારને મેગા ટુરીઝમ પ્રોજેક્ટ તરીકે મંજુર કરવા રૂપિયા ૭,૭૨૧.૩૧ લાખની રીવાઇઝ દરખાસ્ત મોકલવામાં આવેલ છે. જેની મંજુરી મળવાની બાકી છે. આ યોજના માટે સરકાર દ્વારા રૂપિયા ૯૦.૦૦ કરોડની યોજના માટે સેધાંતિક મંજુરી આપવામાં આવી છે. આ યોજના માટે આર્કીટેક્ની પસંદગી કરવામાં આવેલ છે અને ટેન્ડરની કાર્યવાહી ચાલુમાં છે. રૂપિયા ૨૫.૦૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

(૩) જામનગર ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન વિકાસ માટે આર્કીટેક્ની પસંદગી કરવામાં આવેલ છે અને તેના દ્વારા વિગતવાર અંદાજ તૈયાર કરવાની

કાર્યવાહી ચાલુમાં છે. રૂપિયા ૨૬૫.૦૦ લાખના ખર્ચની સૈધ્ધાંતિક મંજુરી મળેલ છે.

--------

**ભરૂચ જિલ્લાના ખમાજણ વોટરવર્ક્સના પીવાના પાણીના શુધ્ધિકરણ અંગે**

૧૯૩૫૬ **: શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુ.-૨૦૧૧માં ભરૂચ જિલ્લાના વાગરા તાલુકાના ખમાજણ વોટરવર્ક્સના પીવાના પાણીના શુધ્ધીકરણના અભાવે કેટલા દર્દીઓને ડાયેરીયા અને ડીહાઇડ્રેશન થવાથી દવાખાનામાં દાખલ કરવામાં આવ્યા, અને

(૨) આ પાણીના શુધ્ધીકરણના અભાવે માનવ આરોગ્ય સાથે ચેડાં કરવા માટે કોની જવાબદારી નક્કી કરવામાં આવી છે ?

**જવાબ**

(૧) ભરૂચ જિલ્લાના વાગરા તાલુકાના ખમાજણ નહીં પણ પખાજણ વોટરવર્ક્સ આવેલ છે. આ વોટર વર્ક્સ ઉપરથી ક્લોરીનયુક્ત શુધ્ધ પીવાનું પાણી પુરૂં પાડવામાં આવે છે. શુધ્ધીકરણના અભાવે નહી, પરંતુ ડાયેરીયા અને ડીહાઇડ્રેશન થવાથી ૫૮ દર્દીઓને દવાખાનામાં દાખલ કરવામાં આવેલ. સદર ડાયેરીયા અને ડીહાઇડ્રેશનનું કારણ પાછળથી દુષિત પાણી, દુષિત ખોરાક કે સામાન્ય સ્વચ્છતાનો અભાવ હોઇ શકે.

(૨) પખાજણ વોટરવર્ક્સ ઉપરથી ક્લોરીનયુક્ત શુધ્ધ પીવાનું પાણી પુરૂં પાડવામાં આવે છે જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**૧૦૮ એમ્બ્યુલન્સ સેવા સંચાલન કેન્દ્ર**

૧૯૦૯૫ **: શ્રી બાબુભાઈ પટેલ (દસકોઈ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાજેતરમાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાઓના સુચારૂ સંચાલન માટે સરકાર ધ્વારા કઠવાડા મુકામે એક સંચાલન કેન્દ્ર શરૂ કરવામાં આવેલ છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો તેની વિગતો શી છે, અને

(૩) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા ૬ માસમાં આ સંચાલન કેન્દ્રની કોણે-કોણે મુલાકાત લીધી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) આશરે ૭૦ હજાર ચોરસ ફૂટમાં બાંધવામાં આવેલ ઇમર્જન્સી રીસ્પોન્સ સેન્ટર દિવસના ૨૪ કલાક અને વર્ષના તમામ દિવસો દરમ્યાન કાર્યરત રહે છે. આ ઇમર્જન્સી રીસ્પોન્સ સેન્ટર ખાતે પેરામેડીકલ સ્ટાફ માટે અદ્યતન લેબોરેટરી સાથેના તાલીમ કેન્દ્ર જેવી સુવિધાઓ ઉપલબ્ધ છે. આ ઇમર્જન્સી મેનેજમેન્ટ સેન્ટરના બાંધકામ પાછળ કુલ રૂા.૨૦.૫૦ કરોડ ખર્ચ થયેલ છે.

(૩) આ કેન્દ્રની રાજ્યના તેમજ દેશના બહારના રસ ધરાવતા વ્યક્તિઓ ધ્વારા મુલાકાત લેવામાં આવેલ છે. રાજ્યની શાળા કોલેજના વિદ્યાર્થીઓ તેમજ સંસ્થાઓ અને કંપનીઓના કર્મચારીઓ અને જિલ્લા / તાલુકા પંચાયતના સભ્યો ધ્વારા મુલાકાત લેવામાં આવેલ છે. (**પત્રક** સામેલ છે)

**પત્રક**

છેલ્લા છ મહિના દરમ્યાન જી.વી.કે. ઇએમઆરઆઇ કઠવાડાની મુલાકાત લીધેલ મહાનુભાવોની યાદી.

(૧) આઠ જિલ્લાઓના આરોગ્ય કમિટિના સભ્યો - ૧૨૦

(૨) ઉત્તર ગુજરાત તેમજ દક્ષિણ ગુજરાતના મિડીયાના પ્રતિનિધિઓ

(૩) શ્રી અમિત મોહન પ્રસાદ, સંયુક્ત સચિવ, એન.આર.એચ.એમ., આરોગ્ય અને પરિવાર કલ્યાણ

(૪) ડૉ. ગુરૂ સ્વામી, સલાહકારશ્રી, તામીલનાડુ સરકાર, ચેન્નાઇ

(૫) મહામહિમ શ્રી અમુદ દાઉ, એમ્બેસેડર ઓફ સેનેગલ

(૬) પ્રો. કે.વી. રામાણી, આઇ.આઇ.એમ. અમદાવાદ.

(૭) પ્રોફેસર વિલિયમ મેલલ, કેલીફોર્નીયા યુનિવર્સીટી, લોસ એન્જેલસ, યુ.એસ.એ.

(૮) કોમ્યુનીટી મેડીસીન ડિપાર્ટમેન્ટ, બી.જે.મેડીકલ કોલેજ, અમદાવાદના કર્મચારીઓ.

(૯) શ્રી રોબર્ટ બિસ્ટ્રો, કોલંબીયા યુનિવર્સિટી, યુ.એસ.એ.
(૧૦) પ્રોફેસર વી. અનંથરામન, ઇમર્જન્સી મેડીસીન વિભાગ, સિંગાપોર
(૧૧) ડૉ. સોહિલ પોથીવાલા, ઇમર્જન્સી મેડીસીન વિભાગ, સિંગાપોર
(૧૨) ડૉ. વી.પી. ચંદ્રશેખરન, ડિપાર્ટમેન્ટ ઓફ એક્સીડન્ટ ઇમર્જન્સી મેડીસીન
(૧૩) શ્રી પ્રેમ લામા, અને ડૉ. સોનમ દોરજી, ભુતાન ફાઉન્ડેશન.
(૧૪) શ્રી અસીત વોરા, મેયર, અમદાવાદ.
(૧૫) શ્રી યોગદીપ દેસાઇ, સ્પેસ એપ્લિકેશન સેન્ટર, ઇસરો.
(૧૬) શ્રીમતી વી.એલ.જોષી, આરોગ્ય કમિશ્નરશ્રી, ગાંધીનગર.
(૧૭) શ્રી ડી.એચ.પરમાર, ડેપ્યુટી કમિશ્નર ઓફ પોલીસ, અમદાવાદ.
(૧૮) ડૉ. હરિન જોષી
(૧૯) ડૉ. એસ.એસ.વ્યાસ, ડાયરેક્ટરશ્રી, ઇએમએસ ઓથોરીટી, ગાંધીનગર.
(૨૦) શ્રી સ્ટેઇલ લુન્ડેબી, વર્લ્ડ બેંક રોડ સેફટી એક્સપર્ટ, યુ.એસ.એ.
(૨૧) ડૉ. કે વેંકટેશ, આઇ.જી.પી., ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ, મહારાષ્ટ્ર.

## બનાસકાંઠા જિલ્લાના પ્રવાસન સ્થળોના વિકાસ માટે કામગીરી

૧૯૦૭૩ **: શ્રી અનિલકુમાર માળી (દિયોદર) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં સને ૨૦૦૯-૧૦ દરમ્યાન પ્રવાસન સ્થળોના વિકાસ માટે શી કામગીરી આવી, અને

(૨) આ માટે સન ૨૦૧૦-૧૧ ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રાજ્ય સરકારે કેટલી ગ્રાન્ટ આપી છે,- તે માટે જિલ્લા તંત્રએ કેટલો ખર્ચ કર્યો ?

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં સને ૨૦૦૯-૧૦ દરમ્યાન પ્રવાસન સ્થળોના વિકાસ માટે નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

(૧) મોજે ધાબાવાળી વાવ તા.દાંતા ગામની ટ્રાયબલ હેરીટેઇઝ વિલેજ તરીકે બનાવવાની કામગીરી

(૨) અંબાજી ખાતે પ્રવાસન સુવિધાના વિકાસ માટે સેપ્ટ સંસ્થા પાસેથી કાર્યયોજના આધારિત અહેવાલ તૈયાર કરવામાં આવેલ છે. જેમાં થીમપાર્કનો વિકાસ, ગબ્બર તળેટી ખાતે એન્ટ્રન્સ ચોક, અને સુવેજ લાઇનીંગની કામગીરીનો સમાવેશ થાય છે.

(૨) સન ૨૦૧૦-૧૧ ના વર્ષમાં અંબાજી પવિત્ર યાત્રાધામ ખાતે દર્શનાર્થીઓની સુવિધા માટે અંબાજી ટેમ્પલ ટ્રસ્ટ દ્વારા વિવિધ પ્રોજેકટો હાથ ધરવામાં આવ્યા છે. જેમાં મહત્વના પ્રોજેક્ટ માટે અંદાજીત રૂપિયા ૩૮.૩૫ ક્રોડના કામો જેવાકે ગબ્બર પરિક્રમા પથ, ગબ્બર વિસ્તૃતિકરણ, ચાચરચોક વિસ્તૃતિકરણ તેમજ ૨૦૦ બેડની હોસ્પીટલનો સમાવેશ થાય છે અને તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રૂપિયા ૧૦.૪૫ ક્રોડનો ખર્ચ કરવામાં આવેલ છે.

--------

## બિંદુ સરોવરના વિકાસ માટે કામગીરી

૧૯૦૬૭ **: શ્રી રજનીકાન્ત સો.પટેલ (ચાણસ્મા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લાના સિધ્ધપુર ખાતે આવેલ બિંદુ સરોવરના વિકાસ અર્થે ગુજરાત પવિત્ર યાત્રાધામ ખાતું કોઇ કાર્યવાહી કરવા વિચારે છે કે કેમ, અને

(૨) જો હા, તો વિકાસ માટે શી કાર્યવાહી

**જવાબ**

(૧) હા જી.

(૨) એમીનીટી સેન્ટર, મ્યુઝીયમ બિલ્ડીંગ, ઇન્ટર

| | |
|---|---|
| કરવામાં આવશે ? | પ્રીટેશન સેન્ટર, નવુ પીંડ બિલ્ડીંગ, સીક્યોરીટી કેબીન, કંપાઉન્ડ વોલ, ઇલેક્ટ્રીક રૂમ, મંદિર ઉપર સ્ટોનનું કામ, અલ્પા સરોવર તથા બિંદુ સરોવરનું રીનોવેશન, ઇન્ટરનલ પાથવે, અન્ડર ગ્રાઉન્ડ ઇલેક્ટ્રીક કામ, ડ્રેનેજ સીસ્ટર, હાઇ માક્સ લાઇટ, ડેકોરેટીવ સ્ટોન ગેઇટ, રેપ્લીકા, બેસવા માટે બાંકડા, ગાર્ડન, અન્ડર ગ્રાઉન્ડ ટેંક જેવી કામગીરી હાથ ધરવામાં આવેલ છે. |

--------

**રાજ્યમાં સરકારી ડેન્ટલ કોલેજોની સંખ્યા**

૧૯૦૩૫ : **શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ (રાજકોટ-૧) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન રાજ્યમાં સરકારી ડેન્ટલ કોલેજની સંખ્યા કેટલી છે, | (૧) વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન રાજ્યમાં સરકારી ડેન્ટલ કોલેજોની સંખ્યા બે છે. |
| (૨) રાજ્ય સરકારે નવી ડેન્ટલ કોલેજ શરૂ કરવા [illegible]ન કરેલ છે કે કેમ, | (૨) હા જી. |
| [illegible]ા, તો તેની વિગતો શી છે, અને | (૩) રાજ્ય સરકાર પ્રેરિત સોસાયટી ફોર ડેન્ટલ હેલ્થ એજ્યુકેશન એન્ડ રીસર્ચ દ્વારા સિધ્ધપુર ખાતે એક ડેન્ટલ કોલેજ શરૂ કરવાનું આયોજન છે. |
| (૪) આ કોલેજોમાં પ્રવેશ બેઠકોની સંખ્યા કેટલી રાખવામાં આવનાર છે ? | (૪) ૧૦૦. |

એચબી-૭૫૭-૮

--------

**કચ્છ જિલ્લામાં મોટા ચેકડેમના કામો**

૧૯૧૦૪ : **શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં તા.૩૧ મી ડીસેમ્બર, ૨૦૧૦ ની સ્થિતિએ કેટલા મોટા ચેકડેમોના કામો ચાલું છે, અને | (૧) તા.૩૧ મી ડીસેમ્બર, ૨૦૧૦ ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં કુલ ૯૬ મોટા ચેકડેમોના કામો ચાલુ છે. |
| (૨) આ કામો ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૨) આ કામો તબક્કાવાર તા.૩૧ મી ડિસેમ્બર, ૨૦૧૧ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

--------

**ઉકાઈ પૂર્ણા હાઈલેવલ કેનાલની કામગીરી**

૨૦૫૮૫ : **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ (બારડોલી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ ઉકાઈ પૂર્ણા હાઈલેવલ કેનાલની કામગીરી ક્યા તબક્કામાં છે, | (૧) ૮૦ % કામગીરી પૂર્ણ થઈ ગયેલ છે. બાકી રહેલ માટી કામ અને સ્ટ્રક્ચર્સની કામગીરી પ્રગતિ હેઠળ છે, |
| (૨) આ કેનાલનું કામ ક્યારે શરૂ કરવામાં આવ્યું હતું અને ક્યારે પૂર્ણ કરવાનું હતું, અને | (૨) ૧૦/૨૦૦૫માં શરૂ કરવામાં આવેલ અને ૩/૨૦૧૧ સુધીમાં પુરૂ કરવાનું આયોજન હતુ |
| (૩) ઉક્ત સ્થિતિએ આ કેનાલની કામગીરીમાં કેટલો ખર્ચ થયો? | (૩) રૂા. ૮૫.૯૫ કરોડ. |

**અમદાવાદ જિલ્લામાં નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના**

૧૯૦૩૪ **: શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કઈ કઈ નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે,

(૨) મંજૂર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા. ૩૧/૦૧/૨૦૧૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૩) નગરપાલિકા દીઠ કેટલો ખર્ચ મંજૂર થયેલ છે?

**જવાબ**

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમદાવાદ જિલ્લાની વિરમગામ અને બાવળા નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે.

(૨) મંજૂર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા. ૩૧/૦૧/૨૦૧૧ની સ્થિતિએ નીચે મુજબ છે

| ક્રમ | ન.પા.નું નામ | સ્થિતિ |
|---|---|---|
| ૧ | વિરમગામ | ટેન્ડર મંજૂર છે. |
| ૨ | બાવળા | વર્ક ઓર્ડર આપેલ છે. |

(૩) નગરપાલિકા દીઠ નીચે મુજબ અંદાજીત ખર્ચ મંજૂર કરવામાં આવેલ છે.

(રૂા.લાખમાં)

| ક્રમ | ન.પા.નું નામ | રકમ |
|---|---|---|
| ૧ | વિરમગામ | ૧૪૯૬.૭૫ |
| ૨ | બાવળા | ૧૨૫૫.૨૭ |

**ટુરીઝમ કેમ્પેઈન પાછળ થયેલ ખર્ચ**

૧૮૮૨૧ **: શ્રી ચંદુભાઈ મો.ડાભી (કરજણ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યના પ્રવાસન સ્થળો વિકસાવવા માટે ટુરીઝમના કેમ્પેઈન પાછળ સને ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ના વર્ષમાં તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ કેટલો ખર્ચ વર્ષવાર કરવામાં આવ્યો?

**જવાબ**

રાજ્યમાં પ્રવાસન સ્થળો વિકસાવવા માટે ટુરીઝમના કેમ્પેઈન પાછળ સને ૨૦૦૯-૧૦ અને સને ૨૦૧૦-૧૧ના વર્ષમાં તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ અનુક્રમે રૂપિયા ૧૬૭૦.૬૧ લાખ અને રૂપિયા ૨૦૯૬.૧૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

**પ્રવાસન વિકાસ યોજના અન્વયે વાઘેશ્વર મંદિરના સમાવેશ અંગે**

૧૯૦૯૧ **: શ્રી કિરીટભાઈ ગં.પટેલ (ઓલપાડ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન પ્રવાસન વિકાસ યોજના હેઠળ સુરત જિલ્લાના બારડોલી તાલુકાના તાપી નદી કાંઠે આવેલ વાઘેજા ખાતે વાઘેશ્વર મંદિરનો સમાવેશ કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો આ સ્થળના વિકાસ માટે શું આયોજન છે?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા પસંદ કરાયેલ મહેસાણા જિલ્લાના સ્થળો**

૧૯૦૫૨ **: શ્રી કાંતિલાલ રા.પટેલ (વિજાપુર) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં ક્યા ક્યા સ્થળો પ્રવાસન તરીકે વિકાસ કરવા માટે પસંદ કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં નીચે મુજબના સ્થળોને પ્રવાસન તરીકે વિકાસ કરવા માટે પસંદ કરવામાં આવ્યા,

(અ) વર્ષ ૨૦૦૯-૧૦

(૧)-વડનગર

(બ) વર્ષ ૨૦૧૦-૧૧
(૧) ટુંડાવ ખાતે આવેલ ઓમકારેશ્વર મહાદેવ મંદિર
(૨) મોઢેરા (બીજો તબક્કો)
(૩) બહુચરાજી
(૪) ખાસ અંગભુત યોજના અંર્તગત ગાંભુ ગામે આવેલ સંતશ્રી કાનપીરની જ્ગ્યા

(૨) પસંદ કરેલ સ્થળોને વિકસાવવા માટે કઈ કઈ સુવિધા પૂરી પાડવાની સરકારની યોજના છે,

(૨) પસંદ કરેલ સ્થળોના વિકાસ કરવા માટે નીચે મુજબની સુવિધા પૂરી પાડવાની યોજના છે.
(૧) વડનગર-રોડ, રસ્તા, વૃક્ષ ઉછેર, સ્થળની સુધારણા,
(૨) ટુંડવાવ ખાતે મંદિરના એપ્રોચરોડની સુવિધા
(૩) મોઢેરા (બીજો તબક્કો)-મોઢેરા ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધા જેવી કે બસસ્ટેન્ડ થી ટુરીસ્ટ રીસેપ્શન સેન્ટર સુધીનો રોડ, બસ ટર્મીનલ અને તેની આસપાસના વિસ્તારનો વિકાસ, ગામના જાહેર જ્ગ્યાનો સંકલીત વિકાસ, મોઢેરા-મહેસાણા રોડનો વિકાસ, ઘાટ બનાવવો, તળાવનો વિકાસ, ટોયલેટ, સાઈનેજીસ, તળાવ અને સૂર્યમંદિર સામેના વિસ્તારનો વિકાસ
(૪) બહુચરાજી-આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાનો વિકાસ જેમાં મંદિર સંકુલમાં સામેના સ્વાગત વિસ્તારનો વિકાસ, દિવાલ અને ગેઈટનું રીસ્ટોરેશન, બંધાણીયા તળાવની વાવનું રીસ્ટોરેસન અને વિકાસ, ગામના આંતરીક વિસ્તારનો વિકાસ, બસ સ્ટેન્ડની આસપાસના વિસ્તારનો વિકાસ, પ્રવાસી માહિતી કેન્દ્ર, મંદિરનું મ્યુઝીયમ અને લાયબ્રેરી, ડીસા-વિરમગામ રોડનો વિકાસ, મેડાસર તળાવ તથા વલ્લભભટ્ટની વાવ અને તેની આસપાસના વિસ્તારના વિકાસનો સમાવેશ થાય છે,
(૫) ખાસ અંગભૂત યોજના અંતર્ગત ગાંભુ ગામે આવેલ સંતશ્રી કાનપીરની જ્ગ્યા ખાતે પીવાના પાણીનો રૂમ, બોરવેલ, ટોયલેટ, યાત્રાળુઓ માટે શેડ, કંપાઉન્ડ વોલ, ઈલેક્ટ્રીફીકેશન અને પેવર બ્લોક્નું પેવીંગની કામગીરી

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર પ્રત્યેક સ્થળના વિકાસ માટે કેટલા નાણાં ફાળવવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર પ્રત્યેક સ્થળના વિકાસ માટે નીચે મુજબ નાણાં ફાળવવામાં આવ્યા.
(અ) વર્ષ ૨૦૦૯-૧૦
(૧) વડનગર ખાતે બુધ્ધિસ્ટ સાઈટના વિકાસ માટે રૂપિયા ૧૦૦.૦૦ લાખ
(બ) વર્ષ ૨૦૧૦-૧૧
(૧) ટુંડાવ ખાતે આવેલ ઓમકારેશ્વર મહાદેવ મંદિર માટે રૂપિયા ૨૦.૦૦ લાખ
(૨) બહુચરાજી માટે આર્કીટેક્ની પસંદગી કરવા આવેલ છે અને રૂપિયા ૨૦૦૦.૦૦ લાખની સૌધ્ધાંતીક મંજુરી આપવામાં આવેલ છે.
(૩) ખાસ અંગભૂત યોજના અંર્તગત ગાંભુ ગામે આવેલ સંતશ્રી કાનપીરની જ્ગ્યાની કામગીરી માટે રૂપિયા ૪૬.૨૭ લાખ ફાળવેલ છે.

(૪) તેની સામે કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૪) (૧) વડનગર ખાતે ૧૧ સ્થળો માટે રૂપિયા ૫૧.૩૨ લાખની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે અને તે પેકી રૂપિયા ૧૫.૪૮ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

(૨) બહુચરાજી ખાતે આનુસાંગિક કાર્યવાહી માટે રૂપિયા ૮.૦૦ લાખનો ખર્ચ થયેલ છે અને ટેન્ડરની પ્રક્રીયા પ્રગતિમાં છે.
(૩) ખાસ અંગભૂત યોજના અંર્તગત ગાંભુ ગામે આવેલ સંતશ્રી કાનપીરની જગ્યા માટે રૂપિયા ૪૦.૨૮ લાખનો ખર્ચ થયેલ છે.

--------

**૩૬૩/page> પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા પસંદ થયેલ વડોદરા જિલ્લાના સ્થળો**

૧૯૦૫૪ : **શ્રી ગુલસીંગભાઈ રં.રાઠવા (છોટાઉદેપુર) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં ક્યા ક્યા સ્થળો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા માટે પસંદ કરવામાં આવ્યા,

(૨) પસંદ કરેલ સ્થળોને વિકસાવવા માટે કઈ કઈ સુવિધા પૂરી પાડવાની સરકારની યોજના છે,

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર પ્રત્યેક સ્થળના વિકાસ માટે કેટલા નાણા ફાળવવામાં આવ્યા, અને

(૪) તેની સામે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં નીચે મુજબના સ્થળો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા માટે પસંદ કરવામાં આવ્યા.

**વર્ષ ૨૦૦૯-૧૦ માટે**

(અ) કલેકટરશ્રી દ્વારા (૧) વડોદરા શહેરમાં આવેલ ખંડેરાવ માર્કેટ બિલ્ડીંગ, ન્યાય મંદિર બિલ્ડીંગ, માંડવી દરવાજા તથા કોઠી કચેરી બિલ્ડીંગ (હેરીટેઝ બિલ્ડીંગ).

**વર્ષ ૨૦૧૦-૧૧ માટે**

(૧) વડોદરા શહેરમાં આવેલ સુરસાગર ફરતે ડેકોરેટીવ લાઈટીંગ.

(બ) ગુજરાત પ્રવાસન નિગમ લીમીટેડ દ્વારા ખાસ અંગભૂત યોજના હેઠળ કરજણ તાલુકાના હરસુંડા ખાતે આવેલ સંત કબીર મંદિરની પસંદગી કરવામાં આવેલ છે.

(૨) પસંદ કરેલા સ્થળોને વિકસાવવા માટે નીચે મુજબની સુવિધા પૂરી પાડવાની સરકારની યોજના છે.

(અ) વડોદરા શહેરમાં આવેલ ખંડેરાવ માર્કેટ બિલ્ડીંગ, ન્યાય મંદિર બિલ્ડીંગ, માંડવી દરવાજા તથા કોઠી કચેરી બિલ્ડીંગ (હેરી ટેઈઝ બિલ્ડીંગ) ની રોશનીનું કામ.

(બ) વડોદરા શહેરમાં આવેલ સુરસાગર ફરતે ડેકોરેટીવ લાઈટીંગ.

(ક) હરસુંડા ગામે આવેલ સંત કબીર મંદિર ખાતે રોડવર્ક, યાત્રાળુઓ માટે શેડ તથા હાટ, તળાવનો વિકાસ, ટોયલેટ બ્લોક, પીવાના પાણી માટે રૂમની સુવિધા.

(૩) (અ) કલેકટરશ્રીને વર્ષ ૨૦૦૯-૧૦માં રૂપિયા ૧૦૦.૦૦ લાખ અને વર્ષ ૨૦૧૦-૧૧ માં રૂપિયા ૨૫.૦૦ લાખ ફાળવવામાં આવેલ છે.

(બ) ગુજરાત પ્રવાસન નિગમ લી. દ્વારા સંત કબીર મંદિર હરસુંડા માટે રૂપિયા ૨૧૪.૮૩ લાખની ફાળવણી કરવામાં આવેલ છે.

(૪) કલેકટરશ્રી વડોદરા દ્વારા રૂપિયા ૯૧.૨૩ લાખનો ખર્ચ થયેલ છે. જ્યારે સંત કબીર મંદિર હરસુંડા માટે રૂપિયા ૧૮૪.૧૫ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

--------

**નવસારી જિલ્લામાં નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના**

૧૯૦૩૭ **: શ્રી લક્ષ્મણભાઈ પટેલ (ગણદેવી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નવસારી જિલ્લામાં કઈ કઈ નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે,

(૨) મંજૂર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૩) નગરપાલિકા દીઠ કેટલો ખર્ચ મંજૂર થયેલ છે?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નવસારી જિલ્લાની નવસારી નગરપાલિકામાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે.

(૨) મંજૂર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ નીચે મુજબ છે.

| ક્રમ | નગરપાલિકાનું નામ | સ્થિતિ |
|---|---|---|
| ૧ | નવસારી | ટેન્ડરો બહાર પાડેલ છે. |

(૩) નગરપાલિકા દીઠ નીચે મુજબ અંદાજીત ખર્ચ મંજૂર કરવામાં આવેલ છે.

(રૂ.લાખમાં)

| ક્રમ | નગરપાલિકાનું નામ | રકમ |
|---|---|---|
| ૧ | નવસારી | ૬૬૪૯.૭૯ |

**મહી કડાણ ડાબા કાંઠા નહેર વિભાગ દ્વારા આવરી લેવાયેલ સિંચાઈ વિસ્તાર**

૧૮૮૪૬ **: શ્રી હીરાભાઈ હ.પટેલ (લુણાવાડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના લુણાવાડા તાલુકામાં મહી કડાણા ડાબા કાંઠા નહેર વિભાગ દ્વારા કેટલા હેક્ટર જમીનને સિંચાઈ વિસ્તાર હેઠળ આવરી લેવામાં આવી છે,

(૨) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ સિંચાઈ હેઠળ આવરી લેવાયેલ હોય અને છતાં સિંચાઈની સુવિધા ન મળતી હોય તેવો કેટલા હેક્ટર વિસ્તાર છે, અને

(૩) આવા સિંચાઈ વિહોણા વિસ્તારને સિંચાઈની સુવિધા પૂરી પાડવા સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) ૮૪૪૮ હેક્ટર.

(૨) ૧૯૧૪ હેક્ટર.

(૩) નહેર સુધારણાના કામો તથા સહભાગી સિંચાઈ વ્યવસ્થાના અમલીકરણ થકી સિંચાઈ સુવિધા પૂરી પાડવાનું આયોજન છે.

**ગાંધીનગરનો જે.એન.યુ.આર.એમ. માં સમાવેશ કરવા દરખાસ્ત**

૨૦૪૬૬ **: શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સરકાર દ્વારા પાટનગર ગાંધીનગરને જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન હેઠળ સાંકળી લેવા કેન્દ્ર સરકાર સમક્ષ કેટલીવાર દરખાસ્ત કરવામાં આવી, અને

(૨) તે અન્વયે શો પ્રતિભાવ મળ્યો ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા પાટનગર ગાંધીનગરને જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન હેઠળ સાંકળી લેવા કેન્દ્ર સરકાર સમક્ષ કુલ ૩ વખત દરખાસ્ત કરવામાં આવેલ છે.

(૨) તે અન્વયે કેન્દ્ર સરકાર તરફથી કોઈ જ પ્રતિભાવ મળેલ નથી.

**જૂનાગઢ જિલ્લાના ડાર્કઝોન હેઠળ જાહેર થયેલા તાલુકાઓ**

૧૭૩૩૨ **: શ્રી ભગવાનભાઈ ધા.બારડ (તાલાલા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના ક્યા ક્યા તાલુકાઓ ડાર્કઝોન હેઠળ જાહેર થયેલા છે,

**જવાબ**

(૧) અને (૨) : નામદાર સુપ્રિમ કોર્ટ અને કેન્દ્ર સરકારની સૂચના અન્વયે નર્મદા જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના ઠરાવ ક્રમાંક :

(૨) આવા ડાર્કઝોનમાં ખેડૂતોને સિંચાઈ કે બોર કૂવામાંથી પાણી ખેંચવા વિજ ક્નેક્શનો આપવામાં આવતા નથી તે હકીક્ત સાચી છે, અને

જીડબલ્યુઆર/૨૦૦૩/૧૪/જ.૧ તા.૧૬-૧૨-૨૦૦૩ પ્રમાણે તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના કોડીનાર, વંથલી, માણાવદર તાલુકાઓને ઓવરએક્ષ્પ્લોઈડેડ કેટેગરી અને માગરોળ તાલુકાને ડાર્ક કેટેગરીમાં જાહેર કરેલ છે. તે અનુસાર ગુજરાત ભૂગર્ભ જળ સત્તા મંડળની પરવાનગી વગર સિંચાઈના બોર કે કુવા પર ભૂગર્ભ જળ ખેંચવા વિજ જોડાણ આપવામાં આવતું નથી.

(૩) જો હા, તો આ ડાર્કઝોનમાં આવેલા ઉદ્યોગોને આવા પાણી ખેંચવા વિજ ક્નેક્શનો અપાય છે તેના કારણો શા છે ?

(૩) ડાર્કઝોનમાં આવેલ ઉદ્યોગોને ઓદ્યોગિક હેતુ માટે જ વિજ જોડાણ આપવામાં આવે છે.

--------

## મેન નદી પર ઉદવહન સિંચાઈ યોજનાની કાર્યવાહી

૧૯૩૮૧ : **શ્રી ધીરુભાઈ ભીલ (નસવાડી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ વડોદરા જિલ્લાના નસવાડી તાલુકામાં મેન નદી ઉપર પાંચ ઉદવહન સિંચાઈ યોજનાની કાર્યવાહી ક્યા તબક્કે છે, અને

(૨) તે અન્વયે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) બધી પાંચ યોજનાઓ પૂર્ણ થયેલ છે. બે યોજનામાં સિંચાઈ સુવિધા શરૂ થયેલ છે. ત્રણ યોજના હાઈડ્રો ટેસ્ટીંગના તબક્કે છે.

(૨) રૂ.૧૬૧.૦૫ લાખ.

--------

## આણંદ જિલ્લામાં મંજૂર થયેલ મીની પાણી પુરવઠા યોજના

૨૦૩૮૨ : **શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧માં તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ કેટલી મીની પાણી પુરવઠા યોજનાઓ મંજૂર કરવામાં આવી,

(૨) આ યોજનાઓ ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે,

(૩) તે ક્યાં સુધીમા પૂર્ણ થશે, અને

(૪) તે પાછળ કેટલો ખર્ચ થવાની સંભાવના છે ?

**જવાબ**

(૧) ૨૦૦૯-૧૦માં મીની પાણી પુરવઠા યોજના મંજૂર કરવામાં આવેલ નથી. વર્ષ ૨૦૧૦-૧૧માં ૩૨ યોજનાઓ મંજૂર કરવામાં આવેલ છે.

(૨) તમામ ૩૨ યોજનાઓ પૂર્ણ થયેલ છે જે પૈકી ૧૮ યોજનામાં વીજ જોડાણ મેળવવાની પ્રક્રિયા પ્રગતિ હેઠળ છે.

(૩) તા.૩૧-૩-૧૧ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

(૪) રૂ.૯૧.૪૦ લાખનો ખર્ચ થવાનો અંદાજ છે.

--------

## મહેસાણા જિલ્લાની નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના

૧૯૦૩૯ : **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મહેસાણા જિલ્લાની કઈ કઈ નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે,

(૨) મંજૂર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા.૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૩) નગરપાલિકા દીઠ કેટલો ખર્ચ મંજૂર થયેલ

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મહેસાણા જિલ્લાની કડી, ઉંઝા, સિધ્ધપુર, મહેસાણા, વિસનગર, વિજાપુરમાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે.

(૨) મંજૂર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા.૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ નીચે મુજબ છે.

| ક્રમ | ન.પા.નું નામ | સ્થિતિ |
|---|---|---|
| ૧ | મહેસણા | ડીટીપી તેયાર કરવામાં આવી રહેલ છે. |
| ૨ | વિસનગર | ટેન્ડર બહાર પાડેલ છે. |
| ક્રમ | ન.પા.નું નામ | સ્થિતિ |
| ૩ | ઉંઝા | ટેન્ડર મંજૂરી હેઠળ છે. |
| ૪ | કડી | ટેન્ડર મંજૂરી હેઠળ છે. |
| ૫ | વિજાપુર | ડીટીપી તેયાર કરવમાં આવી રહેલ છે. |

(૩) નગપાલિકા દીઠ નીચે મુજબ અંદાજીત ખર્ચ

છે?

મંજૂર કરવામાં આવેલ છે.

રૂ.લાખમાં

| ક્રમ | ન.પા.નું નામ | રકમ |
|---|---|---|
| ૧ | મહેસણા | ૬૪૫૫.૭૪ |
| ૨ | વિસનગર | ૨૩૩૫.૯૭ |
| ૩ | ઉંઝા | ૩૨૧૬.૪૧ |
| ૪ | કડી | ૧૪૩૦.૯૮ |
| ૫ | વિજાપુર | ૧૨૨૭.૦૬ |

## ગુજરાતી ભવન બાંધવા સહાય

૧૯૦૯૦ **: શ્રી રાજસીભાઈ જોટવા (સોમનાથ) : માનનીય બિન નિવાસી ગુજરાતી પ્રભાગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અન્ય રાજ્યોમાં ગુજરાતી સમાજ ભવનનાં બાંધકામ માટે રાજ્ય સરકાર તરફથી કોઈ સહાય આપવામાં આવેલ છે કે કેમ, અને

(૨) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અન્ય રાજ્યોમાં ગુજરાતી સમાજ ભવન બાંધવા માટે કેટલા ગુજરાતી સમાજ ભવનના બાંધકામ માટે કેટલા ગુજરાતી સમાજને કેટલી રકમની સહાય રાજ્ય સરકાર દ્વાર આપવામાં આવી ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૬(છ) ગુજરાતી સમાજ ભવનના બાંધકામ માટે ૬(છ) ગુજરાતી સમાજોને કુલ રૂ.૩૦.૦૦ (ત્રીસ) લાખની સહાય આપવામાં આવેલ છે.

--------

## ખેડા જિલ્લાના તાલુકાઓને ડાર્કઝોનમાં સમાવવા બાબત

૧૭૪૯૮ **: શ્રી માનસિંહ ચૌહાણ (બાલાસિનોર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ખેડા જિલ્લામાં ક્યા ક્યા તાલુકાઓનો ડાર્કઝોનમાં ક્યારે સમાવેશ થયેલ છે, અને

(૨) આવા ડાર્કઝોનમાં વીજ જોડાણો ખેડૂતોને મળતા નથી તેવી વ્યાપક ફરિયાદો ધ્યાને લઈ ડાર્કઝોન હટાવવા સરકારે ક્યા પ્રકારના પગલાં લીધા ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ નામદાર સુપ્રિમ કોર્ટનાં આદેશ તેમજ ભારત સરકારશ્રી માર્ગદર્શક સુચનાઓ અન્વયે સરકારશ્રીનાં તા.૧૬-૧૨-૨૦૦૩નાં ઠરાવથી ખેડા જિલ્લામાં કપડવંજ, કઠલાલ અને મહેમદાવાદ તાલુકાઓ ડાર્કઝોનમાં છે.

(૨) જે વિસ્તારમાં ભૂગર્ભ જળ રિચાર્જના પ્રમાણમાં ખેંચાણ વધારે હોય અને ડાર્કઝોન અમલી બનતો હોય ત્યાં ભૂગર્ભ જળ રીચાર્જ માટે ચેકડેમ, તળાવો ઉંડા કરી વરસાદી પાણીનો સંચય કરવો, ચેકડેમ ઉંડા કરવા જેવા જળસંચયના કામોને પ્રાધાન્યતા આપી કામગીરી કરવામાં આવે છે.

## ઓક્ટ્રોયના વિકલ્પે ગ્રાન્ટમાં વધારો

૧૮૮૨૩ **: શ્રી ગ્યાસુદીન શેખ (શાહપુર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે સને ૨૦૦૮-૦૯, ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ જકાતના (ઓક્ટ્રોય) વિકલ્પની ગ્રાન્ટમાં ૧૫ ટકાનો વધારો ચૂકવ્યો નથી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો વર્ષવાર કેટલી રકમ ચૂકવવાની થાય છે અને તે ક્યારે ચૂકવવામાં આવશે ?

**જવાબ**

(૧) ના, જી.

રાજ્યની નગરપાલિકાઓને ૧૦ % વધારો આપવામાં આવેલ છે.

| વર્ષ | ચૂકવવામાં આવેલ વધારાની રકમ |
|---|---|
| ૨૦૦૮-૦૯ | રૂા. ૩૭,૭૧,૧૪,૦૮૮/- |
| ૨૦૦૯-૧૦ | રૂા. ૫૬,૫૬,૭૧,૧૩૨/- |
| ૨૦૧૦-૧૧ | રૂા. ૫૬,૫૬,૭૧,૧૩૨ |

(૨) દર વર્ષે આ રકમ સમયસર ચૂકવવામાં આવેલ છે.

## રાજકોટ જિલ્લાની ઉપલેટા નગરપાલિકામાં ભુગર્ભ ગટર યોજના

૧૯૦૪૭ : **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા (ઉપલેટા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજકોટ જિલ્લાની ઉપલેટા નગરપાલિકામાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો મંજૂર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા. ૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૨) તા. ૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ ઉપલેટા ભૂગર્ભ ગટર યોજનાના ડ્રાફ્ટ ટેન્ડર પેપર પૂર્તતા હેઠળ છે. |
| (૩) આ માટે કેટલો ખર્ચ મંજૂર થયેલ છે ? | (૩) ઉપલેટા ભૂગર્ભ ગટર યોજના માટે રૂા.૨૯૧૫.૩૦ લાખનો અંદાજિત ખર્ચ મંજૂર થયેલ છે. |

## કચ્છ જિલ્લામાં તળાવો ઊંડા કરવા અંગે

૧૯૦૩૧ : **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં કચ્છ જિલ્લામાં તાલુકાવાર કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા અને આ માટે કેટલો ખર્ચ થયો, અને

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કુલ ૧૫૨ તળાવો ઊંડા કરવામાં આવ્યા, અને તેનો કુલ ખર્ચ રૂા.૬૪૬.૩૭લાખ થાય છે. તાલુકાવાર વિગતો આ મુજબ છે.

| અ.નં. | તાલુકો | ઊંડા થયેલ તળાવો | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ભચાઉ | ૨૫ | ૧૧૮.૪૧ |
| ૨ | રાપર | ૫૬ | ૨૧૮.૮૪ |
| ૩ | ગાંધીધામ | ૦૧ | ૩.૨૪ |
| ૪ | અંજાર | ૧૭ | ૭૦.૮૫ |
| ૫ | મુન્દ્રા | ૦૫ | ૨૦.૬૪ |
| ૬ | ભુજ | ૪૦ | ૧૭૦.૭૪ |
| ૭ | માંડવી | ૦૮ | ૪૩.૬૫ |
| | **કુલ :** | **૧૫૨** | ૬૪૬.૩૭ |

**પ્રશ્ન**

(૨) કેટલા તળાવો ઊંડા કરવાના બાકી છે અને આ બાકી રહેલા તળાવોને ક્યાં સુધીમાં ઊંડા કરવામાં આવશે.

**જવાબ**

(૨) તળાવોને ઊંડા કરવા અંગેની તાંત્રિક શક્યતાઓ ચકાસી અને અનુદાનની મર્યાદામાં રહીને આયોજનબધ્ધ અને તબક્કાવાર ઊંડા કરી શકાશે.

## પાટણ જિલ્લામાં નગરપાલિકામાં ભૂગર્ભ ગટર યોજના

૧૯૦૪૧ : **શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પાટણ જિલ્લામાં કઇ કઇ નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે, | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પાટણ જિલ્લામાં પાટણ નગરપાલિકામાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે, |
| (૨) મંજૂર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૨) મંજૂર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ પાટણ નગરપાલિકાની ભૂગર્ભ ગટર યોજનાના ડ્રાફ્ટ ટેન્ડર પેપર તૈયાર કરવામાં આવી રહેલ છે. |
| (૩) નગરપાલિકા દીઠ કેટલો ખર્ચ મંજૂર થયેલ છે? | (૩) પાટણ નગરપાલિકાની ભૂગર્ભ ગટર યોજના માટે અંદાજીત ખર્ચ રૂા. ૫૦૬૧.૫૪ લાખ મંજુર કરવામાં આવેલ છે. |

## રાજુલા-ધાતરવડી-૧ ડેમ સુધીની પાઇપલાઇન બદલવાનું કામ

૧૯૪૪૫ : **શ્રી હીરાભાઈ સોલંકી (રાજુલા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજુલા નગરપાલિકાની એન.એસ.ડી.પી. યોજના નીચે મંજૂર થયેલ પીવાના પાણી માટેની પાઇપલાઇન રાજુલાથી ધાતરવડી-૧ ડેમ સુધી બદલવાં | (૧) હા, જી. |

અંગેની યોજનાનું કામ લાંબા સમયથી અધુરૂં અને બંધ છે, તે હકિક્ત સાચી છે, અને

(૨) જો હા, તો આ કામ પૂર્ણ કરાવવા માટે શી કાર્યવાહી કરવામાં આવેલ છે અને અધુરૂં કામ વહેલી તકે પૂર્ણ કરાવવા શું આયોજન છે ?

(૨) નગરપાલિકાની જુની પાઇપ લાઇન ૩૦૦મી.મી. વ્યાસની છે જ્યારે નવી એન.એસ.ડી.પી. યોજના અંતર્ગત નાખવામાં આવનાર પાઇપ લાઇન ૪૫૦ મી.મી. વ્યાસની છે. આથી મોટા વ્યાસની નાખવામાં આવનાર પાઇપલાઇનથી રાજુલા નગરપાલિકા વધારે પાણી મેળવી લેશે અને ખેતી માટે તકલીફ પડશે તેવા ડરથી ખેડુતો તેમજ ક્સિાન સંઘ પાઇપ લાઇન નાખવાના કામનો વિરોધ કરે છે. આ કામ પૂર્ણ કરાવવા માટે સબંધિત ખાતાઓના વડાઓ તેમજ ક્સિાન સંઘના હોદ્દેદારો સાથે બેઠક કરવામાં આવેલ જેમાં ખેડુતો તેમજ ક્સિાન સંઘ પાઇપ લાઇન નાખવા દેવા સંમત થયેલ ન હતા. પરંતુ હાલમાં ફરીથી ક્સિાન સંઘ સાથે બેઠક કરતાં તેઓ ૩ કી.મી. પાઇપ લાઇન નાંખવા મૌખિક સંમત થયેલ છે. હવે ટુંક સમયમાં આ કામગીરી શરૂ કરી, પૂર્ણ કરવાનું આયોજન છે.

--------

## ખેડા અને આણંદ જિલ્લામાં ઉનાળુ પાક માટે પાણી

૧૮૮૧૩ : **શ્રી શંકરભાઈ દે. વાઘેલા (ચકલાસી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાજેતરના છેલ્લા કુદરતી વરસાદી માવઠાને કારણે ખેડૂતોને ખેતીમાં ભારે નુક્શાન થયું તે હકીક્ત સાચી,

(૨) ખેડા અને આણંદ જિલ્લામાં અનાજ, ઘાસ અને શાક્ભાજી નાશ પામ્યાં તો ઉનાળુ પાકમાં ખેડૂતોને ઘાસ માટે અને અન્ન માટે સરકાર સિંચાઈનું પાણી આપવા માંગે છે કે કેમ, અને

(૩) ખેડા અને આણંદ જિલ્લામાં ઘાસ માટે સિંચાઈનું પાણી મળશે કે કેમ ?

**જવાબ**

(૧) હા, જી. અંશત :

(૨) સિંચાઈ સલાહકાર સમિતિમાં નક્કી થયા મુજબ ઉનાળુ પાકમાં પાણી આપવાનું આયોજન નથી.

(૩) માંગણી આવેથી પાણીની ઉપલબ્ધિ જોઈ ઘાસ માટે પાણી આપવા વિચારણા કરવામાં આવશે.

--------

## બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં મોટા તળાવો ઊંડા કરવા અંગે

૧૯૧૦૮ : **શ્રી બાબુભાઈ દેસાઈ (કાંકરેજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં તા.૩૧ ડિસેમ્બર-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા મોટા તળાવો ઊંડા કરવામાં આવ્યા, અને

(૨) તેમાં કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨) :

| જિલ્લો | તળાવની સંખ્યા | રૂ.લાખમાં (ખર્ચ) |
|---|---|---|
| બનાસકાંઠા | ૨૦ | ૯૭.૩૩ |
| પાટણ | ૧૭ | ૯૧.૧૧ |

## રાજ્યમાં હોમિયોપેથી કોલેજોની સંખ્યા

૧૯૧૨૨ : **શ્રી વસંતભાઈ ભટોળ (દાંતા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ રાજ્યમાં સરકારી હોમિયોપેથી કોલેજોની સંખ્યા કેટલી છે,

(૨) રાજ્ય સરકારે રાજ્યમાં નવી હોમિયોપેથી મેડીક્લ કોલેજ શરૂ કરવા માટે કોઈ આયોજન કરેલ છે કે કેમ,

(૩) જો હા, તો તેની વિગતો શી છે, અને

**જવાબ**

(૧) એકપણ નહીં.

(૨) હા, જી.

(૩) સરકારી હોમિયોપેથી કોલેજ શરૂ કરવા રાજ્ય સરકાર દ્વારા ""ના-વાંધા પ્રમાણપત્ર"" આપવામાં આવેલ છે. સી.સી.એચ.ની જોગવાઈ મુજબ ૧૨ વિભાગો સાથેનું

કોલેજનું મકાન તથા આનુષાંગિક સગવડતા ઉભી કરવા પ્રથમ બાંધકામ હાથ ધરવું જરૂરી છે. જે અન્વયે જમીન સંપાદન કરવામાં આવી રહી છે અને કન્સલ્ટન્ટના અભિપ્રાય મુજબ આગામી સમયમાં બાંધકામ હાથ ધરવામાં આવશે.

(૪) આ કોલેજોમાં પ્રવેશ બેઠકોની સંખ્યા કેટલી રાખવામાં આવશે ?

(૪) આ કોલેજમાં પ્રવેશ બેઠકોની સંખ્યા ૧૦૦ રાખવાનું આયોજન છે.

**નવી પાણી પુરવઠા યોજનાની મંજૂરીમાં વ્યક્તિદીઠ પાણી વપરાશના અંદાજો**

૨૦૩૯૨ **: શ્રી મણીભાઈ દે.પટેલ (કપડવંજ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવી પાણી પુરવઠા યોજનાના અંદાજો તૈયાર કરવામાં વ્યક્તિદીઠ કેટલા લીટર પાણી આપવાની ગણતરી કરવામાં આવે છે, અને

(૨) ગ્રામ વિસ્તારની યોજનાઓમાં પશુઓની સંખ્યા ગણતરીમાં લેવામાં આવે છે કે કેમ ?

**જવાબ**

(૧) ગ્રામ્ય વિસ્તાર માટે ૭૦ લીટર પ્રતિ વ્યક્તિ પ્રતિદિન.

(૨) પશુઓની સંખ્યા અલગથી ગણતરીમાં લેવામાં આવતી નથી. પરંતુ ઉપર મુજબ ૭૦ લીટર પ્રતિ વ્યક્તિ પ્રતિ દિનમાં પશુઓની પીવાના પાણીની જરૂરીયાતનો સમાવેશ થયેલ છે.

--------

**દાંતી ખાતે દરિયાઈ મોજાના કારણે જમીનનું ધોવાણ**

૧૯૧૧૦ **: શ્રી આર.સી. પટેલ (જલાલપોર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાનાં દાંતી ખાતે દરયિાઈ મોજાઓનાં કારણે જમીનનું મોટા પાયે ધોવાણ થાય છે તે સરકારનાં ધ્યાને છે,

(૨) જો હા, તો આવું ધોવાણ અટકાવવા સરકારે કોઈ કામગીરી હાથ ધરી છે કે કેમ, અને

(૩) જો હા, તો તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) સંરક્ષણ દિવાલ બનાવવા કામગીરી હાથ ધરેલ છે.

(૩) દાંતી (જલાલપોર) ખાતે ૧૨૬૦ મીટર લંબાઈમાં રૂ.૩૯૪.૫૨ લાખના ખર્ચે સંરક્ષણ દિવાલ બનાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. આ કામ જૂન-૨૦૧૧ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

--------

**સુરેન્દ્રનગર જિલ્લાના પ્રવાસન સ્થળોના વિકાસ માટે કામગીરી**

૧૯૦૫૬ **: શ્રી ભરતભાઈ વ. ખોરાણી (ચોટીલા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં સને ૨૦૦૮-૦૯ અને સને ૨૦૦૯-૧૦ માં પ્રવાસન સ્થળોના વિકાસ માટે શી કામગીરી હાથ ધરવામાં આવી, અને

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં સને ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ માં નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવી છે.

(૧) ચોટીલાના પ્રસિદ્ધ ચામુંડા માતાજી ચોટીલા ખાતે ભક્તિવનની સુવિધા જેમાં પેવર બ્લોક, કર્બીગ, બ્યુટીફીકેશન, ટાઇલ્સ, ઇલેક્ટ્રીફીકેશન, ગાર્ડન, વૃક્ષારોપણ, ડ્રેનેજ, રોડ, કેનાલ, લેન્ડસ્કેપીંગ, વોટરટેન્ક, ટોયલેટ, પાણીના બોર, પાઇપલાઇન, તુલસીકુંડ, સ્ટોનપીચીંગ વર્ક, સીક્યોરીટી એન્ડ ઓફીસ, શેડ તથા શેલ્ટરની કામગીરીનો સમાવેશ થાય છે.

(૨) ઝીંઝુવાડા : તા. પાર.ડી પાસેના કચ્છના નાના રણમાં આવેલ વચ્છરાજ બેટને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવાની કામગીરી હાથ પર લેવામાં આવેલ છે.

(૩) ખાસ અંગભુત યોજના હેઠળ પાટડી તાલુકાના ઝીંઝુવાડા ગામે આવેલ સંતશ્રી તેજાનંદ સ્વામીની

જ્યાએ આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધા જેવીકે બેઠક વ્યવસ્થા, બાગ-બગીચો, સ્થળનું મહત્વ દર્શાવતું બોર્ડ, પેવર બ્લોક્નું પેવીંગ, ટોયલેટ, લાઇટ અને પાણીની વ્યવસ્થા, યાત્રાળુઓ માટે શેડ અને હાટ તેમજ સાઇનેજીસની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

(૪) ખાસ અંગભુત યોજના હેઠળ લીંબડી તાલુકાના ભોજપુરા ગામે આવેલ સંતશ્રી સરવેયાનાથજી સમાધી સ્થાન ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધા જેવી કે એપ્રોચ રોડ, લાઇટ પાણીની વ્યવસ્થા, ટોયલેટ બ્લોક, કંપાઉન્ડવોલ, હાટ પીવાના પાણીનો રૂમ, બાગબગીચો, પાણીના ટાંકાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

(૨) આ માટે તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે કેટલી ગ્રાન્ટ આપી અને કેટલો ખર્ચ થયો ?

(૨) આ માટે તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.
(૧) વર્ષ ૨૦૦૮-૦૯ માં રૂપિયા ૧૬૮.૫૦ લાખ.
(૨) વર્ષ ૨૦૦૯-૧૦ માં રૂપિયા ૩૦૪.૮૨ લાખ.
આ માટે રૂપિયા ૩૧૮.૨૬ લાખનો ખર્ચ થયેલ છે.

--------

## પીવાના પાણી માટે કેન્દ્રની સહાય

૧૯૨૯૬ : **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કેન્દ્ર સરકાર તરફથી રાજ્યમાં પીવાના પાણી માટે કઇ કઇ યોજના માટે ડીસે.-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) આ ફાળવેલ રકમ અન્વયે વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૩)

**જવાબ**

(૧) નીચેની વિગતે રકમ ફાળવવામાં આવેલ.

| યોજનાનું નામ | ફાળવેલ રકમ (રૂા.કરોડમાં) |
|---|---|
| રાષ્ટ્રિય ગ્રામીણ પેયજળ યોજના | ૯૪૮.૬૭ |
| રણ વિસ્તાર વિકાસ યોજના | ૧૫૬.૦૫ |
| જલમણિ યોજના | ૧૦.૪૬ |
| સહાયક યોજના | ૧૯.૮૮ |
| ક્ષમતા અને સંચાર વિકાસ | ૦.૪૩ |

(૨) વર્ષવાર કરવામાં આવેલ ખર્ચ નીચે મુજબ છે.

| યોજનાનું નામ | વર્ષ (રૂા. કરોડમાં) | | |
|---|---|---|---|
| | ૦૮-૦૯ | ૦૯-૧૦ | ૧૦-૧૧ |
| રાષ્ટ્રિય ગ્રામીણ પેયજળ યોજના | ૩૦૫.૨૬ | ૪૪૮.૭૮ | ૧૩૬.૬૩ |
| રણ વિસ્તાર વિકાસ યોજના | ૧૮.૧૫ | ૬૦.૨૨ | ૪૨.૫૭ |
| જલમણિ યોજના | ૦.૦૦ | ૪.૩૦ | ૩.૮૦ |
| સહાયક યોજના | ૩.૩૯ | ૭.૨૧ | ૧૧.૮૬ |
| ક્ષમતા અને સંચાર વિકાસ | ૦.૩૦ | ૦.૨૬ | ૦.૦૦ |

## ભાવનગર જિલ્લામાં આરોગ્ય વિષયની જાણકારી આપવા યોજેલ શિબિરો

૨૦૨૧૯ : **શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં આરોગ્ય વિષયની જાણકારી આપવા માટે કુલ કેટલી શિબિરો યોજાયેલ છે, અને

**જવાબ**

(૧) જિલ્લા પંચાયત ભાવનગર દ્વારા યોજેલ શિબિરોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | તા.૧-૧-૨૦૦૯ થી તા.૩૧-૧૨-૨૦૦૯ દરમ્યાન યોજેલ શિબિરોની સંખ્યા | | તા.૧-૧-૨૦૧૦ થી તા.૩૧-૧૨-૨૦૧૦ દરમ્યાન યોજેલ શિબિરોની સંખ્યા | |
|---|---|---|---|---|---|
| | | ગુરુ શિબિર | લઘુ શિબિર | ગુરુ શિબિર | લઘુ શિબિર |
| ૧ | ભાવનગર-ઘોઘા | ૦ | ૦ | ૯ | ૪૨ |
| ૨ | તળાજા | ૪ | ૬ | ૧૪ | ૫૫ |
| ૩ | મહુવા | ૨૫ | ૩૪ | ૧૬ | ૨૭ |
| ૪ | પાલીતાણા-ગારીયાધાર | ૦ | ૬૦ | ૧૩ | ૩૦ |
| ૫ | બોટાદ-ગઢડા | ૨ | ૩૯ | ૩૦ | ૫૬ |
| ૬ | વલ્લભીપુર-ઉમરાળા | ૦ | ૨ | ૧૦ | ૪૧ |
| ૭ | શિહોર | ૨ | ૩૩ | ૨ | ૧૧ |
| | કુલ : | ૩૩ | ૧૭૪ | ૯૪ | ૨૬૨ |

(૨) આ શિબિરોનું આયોજન કરનાર સંસ્થાઓ કઇ કઇ છે ?

(૨) ઉપરોક્ત તમામ શિબિરોનું આયોજન બ્લોક હેલ્થ ઓફીસ અને તેની નીચે આવતા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો દ્વારા કરવામાં આવેલ છે.

**ભાવનગર જિલ્લામાં પ્રવાસન સ્થળોના વિકાસ માટે કામગીરી**

૧૯૦૮૫ **: શ્રીમતી ભાવનાબેન મકવાણા (તળાજા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં સને ૨૦૦૮-૦૯ અને સને ૨૦૦૯-૧૦ તથા ૨૦૧૦-૧૧ ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પ્રવાસન સ્થળોના વિકાસ માટે શી શી કામગીરી હાથ ધરવામાં આવી, અને

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં સને ૨૦૦૮-૦૯ અને સને ૨૦૦૯-૧૦ તથા ૨૦૧૦-૧૧ ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં પ્રવાસન સ્થળોના વિકાસ માટે નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવી.

(અ) કલેકટરશ્રી ભાવનગર દ્વારા

**વર્ષ ૨૦૦૮-૦૯**

(૧) **કુડા-કોળીયાક-હાથબઃ** મોબાઇલ ટોયલેટ, દરિયામાં સલામતી માટે બેરીકેટીંગ, અને દોરડાઓ, મોબાઇલ વોચ ટાવર તથા હાઇમાસ્ટ ટાવરની કામગીરી.

(૨)

**વર્ષ ૨૦૦૯-૧૦**

**(૧) કુડા કોળીયાક-હાથબ :** ને જોડતી વનકેડી, ગ્રીન ઝુંપડી, ગ્રીન હટમાં બેઠક, કાંટાની વાડ, ૧૦૦ નંગ બાંકડા, હાઇમાસ્ટર, મોબાઇલ જનરેટર સેટ તથા માઇક સેટ, પાર્કીંગ સ્પોટ, દરિયા કિનારાનો એપ્રોચ રોડ, પાણી માટે સંપ, સબમર્શીબલ પંપ, ઓવરહેડ ટાંકી, પાણીની પરબો, પાણીની પાઇપલાઇન તથા કચરા પેટીની કામગીરી.

**(૨) બુધ્ધ ગુફાઓ તળાજા :** ગુફા ખાતે આવતા પ્રવાસીઓ માટે આંતરમાળખાકીય અને પ્રવાસી સુવિધાઓ વિકસાવવા માટે નિયામકશ્રી ભારતીય પુરાતત્વ સંરક્ષણ કચેરી, વડોદરાની મંજુરી મળી નથી. જે અંગે કાર્યવાહી ચાલુ છે.

**વર્ષ ૨૦૧૦-૧૧**

**(૧) ગોપનાથ :** આંતરમાળખાકીય સુવિધાઓ જેવી કે એપ્રોચરોડનું કામ, રહેવા માટેની સુવિધા, દરિયાકાંઠે બેસવા માટેની સુવિધા, લોકોને જરૂરી વસ્તુઓ મળી રહે તે માટે પ્રોવીઝન સ્ટોરની કામગીરી આયોજન હેઠળ છે.

(બ) ગુજરાત પ્રવાસન નિગમ લીમીટેડ દ્વારા

**(૧) પાલીતાણા :** પાલીતાણા ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાના વિકાસ માટે સેપ્ટ સંસ્થા મારફતે કાર્યયોજના આધારીત અહેવાલ તેયાર કરવામાં આવેલ છે.

**(૨) વેળાવદર :** વેળાવદર ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાના વિકાસ માટે સેપ્ટ સંસ્થા મારફતે કાર્યયોજના આધારીત અહેવાલ તેયાર કરવામાં આવેલ છે.

**(૩) ભવાની બીચ :** ભવાની બીચ ખાતે આંતર-માળખાકીય અને પ્રવાસન સુવિધાના વિકાસ માટે આર્કીટેક્ટની પસંદગી કરવામાં આવેલ છે. ભવાની બીચ

ખાતે દરિયાકાંઠા સુધી જવાનો રસ્તો, માહિતી કેન્દ્ર, જેટી, એમ્યુઝમેન્ટ માટે જગ્યા, ફુડ કોર્ટ, કાર/વાન પાર્કીંગ, સીનીયર સીટીઝન એરીયા, રેતશીલ્પ એરીયા, પબ્લીક પ્લાઝા, ટેન્ટ ફેસીલીટી, સાયકલ ટ્રેક, વોક્વે, પીવાના પાણીની વ્યવસ્થા, વીજળીકરણ, ડ્રેનેજ વ્યવસ્થા, રેસ્ટોરન્ટ/કાફેટેરીયા, વ્યુપોઇન્ટ અને સાઇનેજીસ જેવી કામગીરી કરાવવામાં આવનાર છે.

**(૪) ગોપનાથ બીચ :** ગોપનાથ બીચ ખાતે આંતર-માળખાકીય અને પ્રવાસન સુવિધાના વિકાસ માટે આર્કીટેક્ટની પસંદગી કરવામાં આવેલ છે. ગોપનાથ બીચ ખાતે માહિતી કેન્દ્ર, ફુડ કોર્ટ, પાર્કીંગ, વોક્વે, પીવાના પાણીની વ્યવસ્થા, વીજળીકરણ, ડ્રેનેજ વ્યવસ્થા, રેસ્ટોરન્ટ/કાફેટેરીયા, વ્યુપોઇન્ટ અને સાઇનેજીસ જેવી કામગીરી કરાવવામાં આવનાર છે.

(૨) આ માટે રાજ્ય સરકારે વર્ષવાર કેટલી ગ્રાન્ટ ફાળવી, અને

(૨) (અ) ક્લેકટરશ્રી ભાવનગરને નીચે મુજબની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.
વર્ષ ૨૦૦૮-૦૯
કુડા-કોળીયાક-હાથબ માટે રૂપિયા ૫૫.૦૦ લાખ
વર્ષ ૨૦૦૯-૧૦
(૧) કુડા-કોળીયાક-હાથબ માટે રૂપિયા ૩૨૪.૦૦ લાખ
(૨) બુધ્ધ ગુફાઓ-તળાજા માટે રૂપિયા ૧૨૩.૨૦ લાખ
વર્ષ ૨૦૧૦-૧૧
ગોપનાથ માટે રૂપિયા ૨૦૦.૦૦ લાખની વહીવટી મંજુરી સામે પ્રથમ હપ્તા પેટે રૂપિયા ૧૦૦.૦૦ લાખ ફાળવવામાં આવેલ છે.

(૩) તે માટે જિલ્લા તંત્રએ કેટલો ખર્ચ કર્યો ?

(૩) ક્લેકટરશ્રી ભાવનગરને ફાળવેલ ગ્રાન્ટ પેકી રૂપિયા ૩૭,૪૨,૩૫૫/- નો ખર્ચ કરવામાં આવેલ છે.

**વાઇબ્રન્ટ ઇન્વેસ્ટર્સ સમીટ-૨૦૧૧ માં પ્રવાસન ક્ષેત્રે એમ.ઓ.યુ**

૧૯૦૬૪ **: શ્રી રાકેશ શાહ (એલીસબ્રીજ)** : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સને ૨૦૧૧માં વાઇબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર્સ સમીટમાં કેટલી કંપનીઓએ પ્રવાસન ક્ષેત્રે એમ.ઓ.યુ. કર્યા, અને | (૧) સને ૨૦૧૧માં વાઇબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર્સ સમીટમાં કુલ ૩૭૩ કંપનીઓએ પ્રવાસન ક્ષેત્રે એમ.ઓ.યુ. કરેલ છે. |
| (૨) તેમાં કેટલું મૂડીરોકાણ થવાની સંભાવના છે ? | (૨) આમાં રૂપિયા ૭૪,૧૫૨.૦૭ કરોડનું મૂડીરોકાણ થવાની સંભાવના છે. |

**સુરેન્દ્રનગર જિલ્લાની નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના**

૧૯૦૩૮ **: શ્રીમતી વર્ષાબેન ન.દોશી (વઢવાણ)** : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લાની કઇ કઇ નગરપાલિકાઓમાં ભૂર્ગભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લાની લીંબડી નગરપાલિકામાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨) મંજૂર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા.૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૨) તા.૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ લીંબડી ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી હાલ ચાલુ છે. |
| (૩) નગરપાલિકા દીઠ કેટલો ખર્ચ મંજૂર થયેલ છે ? | (૩) લીંબડી નગરપાલિકાની ભૂગર્ભ ગટર યોજના માટે અંદાજિત ખર્ચ રૂા.૨૩૬૯.૨૫ લાખ મંજૂર કરવામાં આવેલ છે. |

**કોટેશ્વર અને નારાયણ સરોવરના વિકાસ માટે યોજના**

૧૯૦૭૨ : **ડૉ. નીમાબેન આચાર્ય (અંજાર) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં પવિત્ર યાત્રાધામ કોટેશ્વર અને નારાયણ સરોવરના વિકાસ માટે ભારત સરકાર ધ્વારા કોઇ યોજના મંજૂર કરવામાં આવેલ છે, તે હકીકત સાચી છે. | (૧) નાજી |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શી કામગીરી કરવામાં આવી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેવા પ્રકારની સવલતો યાત્રાળુઓ માટે ઉભી થનાર છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**ઝાંજેશ્રી સિંચાઇ યોજના**

૧૯૧૦૯ : **શ્રી કાળુભાઈ ચ.રાઠોડ (ઉના) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જુનાગઢ જીલ્લાની ઝાંજેશ્રી સિંચાઇ યોજનામાં પાકી નહેરો કરવાનું કોઇ આયોજન છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ ક્યારે હાથ ધરવામાં આવશે ? | (૨) તા.૨૦-૦૨-૨૦૧૧ બાદ રવિ સિંચાઇ પૂર્ણ થયે કામ હાથ ધરવામાં આવશે. |

--------

**માલણ બંધારા યોજનાનું પીચીંગ કામ**

૧૯૪૯૭ : **શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા (મહુવા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ભાવનગર જીલ્લાના મહુવા માલણ બંધારા યોજનાના કામમાં માટી પાળા ની ડાઉન સાઇડનું પીચીંગ કામ તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ બાકી હોવાના કારણે ગત વર્ષ-૨૦૧૦ના ચોમાસા દરમ્યાન ઘણી જગ્યાએ માટી પાળામાં ધોવાણ થવા પામેલ છે, તો આ પીચીંગ કામ પૂર્ણ કરવાનું શુ આયોજન છે ? | ચોમાસા ૨૦૧૧ પહેલાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

--------

**અમદાવાદ શહેરને પીવાના પાણીનો પુરવઠો**

૧૯૧૪૯ : **શ્રી શૈલેષભાઈ મ.પરમાર (શહેર કોટડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેરની વસ્તીને ધ્યાને લઇ નર્મદા યોજનામાંથી શહેરને પીવાના પાણીની દૈનિક જરૂરિયાત સામે કેટલું પાણી આપવામાં આવે છે, અને | (૧) નર્મદા યોજનામાંથી કુલ ૯૭ કરોડ લીટર (૯૭૦ એમએલડી) પાણીનો જથ્થો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને પૂરો પાડવામાં આવે છે. |
| (૨) શહેરની વસ્તીને ધ્યાને લઇને સરકાર વધારે પાણી ફાળવવા માંગે છે કે કેમ ? | (૨) નર્મદા યોજનામાંથી અપાતો પાણીનો પુરવઠો હાલની શહેરની વસ્તી અને માથાદિઠ જરૂરિયાત અનુસાર પૂરતો છે. જેથી વધારે પાણી ફાળવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**યુ.એન.મહેતા ઈન્સ્ટીટયુટ ઓફ કાર્ડીયોલોજીના વિસ્તરણ અંગે**

૧૯૧૨૦ : **શ્રી કાંતિલાલ રા. લકુમ (બાવળા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે યુ.એન.મહેતા ઈન્સ્ટીટયુટ ઓફ કાર્ડીયોલોજીના વિસ્તરણની કોઈ યોજના બનાવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શું છે, | (૨) આ વિસ્તરણમાં નીચેની વિગતોનો સમાવેશ |

થાય છે.

૧. ૨૦૦ માંથી ૪૫૦ પથારીઓ.
૨. ઓ.પી.ડી. વિભાગ (બહારના દર્દીઓની તપાસ અને સારવાર વિભાગ) નું વિસ્તરણ.
૩. સ્ટેટ ઓફ આર્ટ કાર્ડીયાક ક્થેરાઈઝેશન લેબોરેટરીની સંખ્યા ૩ માંથી વધારી ૪.
૪. સ્ટેટ ઓફ આર્ટ કાર્ડીયોથોરાસીસ સર્જરી ઓપરેશન થીયેટરની સંખ્યા ૩ માંથી વધી ૫.

(૩) આ માટે અંદાજીત કેટલો ખર્ચ થશે, અને

(૩) આ માટે કુલ રૂ.૬૭.૧૦ કરોડનો ખર્ચ અંદાજેલ છે.

(૪) આ વિસ્તરણથી વધારાની શી સવલતો ઊભી થશે ?

(૪) **હોસ્પિટલનું વિસ્તૃતીકરણ અને આધુનિકરણ થતાં**

૧. પીડીયાટ્રીક કાર્ડીયોલોજી તેમજ પીડીયાટ્રીક કાર્ડીયોથોરાસીક સર્જરી વિભાગનું અપગ્રેડેશન થશે.
૨. કુલ પથારીની સંખ્યા ૨૦૦ થી વધીને ૪૫૦ થવાથી મેડીકલ આઈસીસીયુના બેડની સંખ્યા ૫૨ (બાવન), સર્જીકલ સીટીઆરઆરના બેડની સંખ્યા ૫૫, એસઆઈસીયુની સંખ્યા ૬૦, સાથે કુલ પથારીની સંખ્યા ૨૫૦ થી વધીને ૪૫૦ થશે. જેમાં મેડીકલ ટુરીઝમને પ્રમોટ કરવા માટે ૬ સે.મી. સ્પેશ્યલ રૂમ ૧૮ સ્પેશ્યલ રૂમ, ૩ ડિલક્ષ અને ૨ એક્ઝીક્યુટીવ રૂમની વ્યવસ્થા કરવામાં આવેલ છે.
૩. શૈક્ષણિક (એકેડેમીક) તેમજ સંશોધન (રીસર્ચ) જેવી પ્રવૃતિઓ માટેનો અલાયદો માળ (ચોથો માળ) ફાળવવામાં આવશે.

--------

## જામનગર જિલ્લામાં નર્મદાનું પાણી

૧૯૫૭૮ : **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા)** : તા.૨૪-૭-૦૯ ના રોજ સભાગૃહમાં રજુ થયેલ તારાંક્તિ પ્રશ્ન ક્રમાંક-૧૦૮૧૧ (અગ્રતા-૭૨) ના અનુસંધાને **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જામનગર જિલ્લાના દસ તાલુકાના ૬૧૧ ગામો તથા સાત શહેરોને નર્મદાનું પાણી માર્ચ-૨૦૧૦ની સ્થિતિએ પૂરૂં પાડવાનું આયોજન હતું તે કામ પૂર્ણ કરવામાં આવ્યું છે કે કેમ,

(૧) સામે દર્શાવેલ ગામો અને શહેરોને નર્મદા કેનાલ આધારિત યોજના હેઠળ જોડવાના કામો પૂર્ણ થયેલ છે.

(૨) આયોજન મુજબ આ કામ પૂર્ણ ન થયું હોય તો તેનાં શાં કારણો છે, અને

(૨) ગત ઉનાળામાં નર્મદાનું પાણી અપૂરતુ મળવાથી ૯૫ ગામોના ટેસ્ટીંગની કામગીરી બાકી રહેલ.

(૩) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ બાકી રહેલા તમામ ગામો અને શહેરોને નર્મદાનું પાણી ક્યા સમય સુધીમાં પહોંચાડવામાં આવનાર છે ?

(૩) સાફસુફી અને જાળવણીના કામો માટે બંધ કરેલ માળીયા કેનાલ પુનઃ શરૂ થયેથી ક્રમશઃ પાણી પહોંચાડવામાં આવશે.

--------

## નવસારી જિલ્લામાં બ્લોક હેલ્થ કચેરીમાં વહીવટી સંવર્ગની મંજૂર જગ્યાઓ

૨૦૧૦૦ : **શ્રી છનાભાઈ ચૌધરી (ધરમપુર)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ નવસારી જિલ્લામાં તાલુકાદીઠ તાલુકાકક્ષાએ બ્લોક હેલ્થ ઓફિસરની કચેરીમાં વહીવટી સંવર્ગની વર્ગ-૨ની કેટલી જગાઓ મંજૂર થયેલ છે,

(૧)

| તાલુકાનું નામ | મંજૂર જગા |
|---|---|
| નવસારી | ૧ (એક) |
| જલાલપોર | ૧ (એક) |
| ગણદેવી | ૧ (એક) |
| ચીખલી | ૧ (એક) |
| વાંસદા | ૧ (એક) |

(૨) તે પૈકીની કેટલી જગ્યાઓ ઉક્ત સ્થિતિએ ખાલી છે, અને

(૨) ૪ (ચાર).

(૩) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૩) ભરતી નિયમો મુજબ લાયક ઉમેદવાર ઉપલબ્ધ થયેથી.

--------

**સાણંદ તાલુકાના ગામોમાં સિંચાઈનું પાણી સરળતાથી મળી રહે તે માટે આયોજન**

૧૯૧૧૩ **: શ્રી કમાભાઈ ગ.રાઠોડ (વિરમગામ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

અમદાવાદ જિલ્લાની ફતેવાડી નહેર યોજના અંતર્ગત સાણંદ તાલુકાના ગામોમાં સિંચાઈનું પાણી સરળતાથી મળી રહે તે માટે નહેર સુધારણાની કામગીરી હાથ ધરવાનું શું આયોજન છે ?

**જવાબ**

સમગ્ર નહેરોની હયાત માળખાકીય સુવિધાઓને તબક્કાવાર સુધારણા અને મરામતની કામગીરી હાથ પર લેવાનું આયોજન છે.

**મહાનગરપાલિકાઓને મનોરંજન કરની ગ્રાંટ**

૧૯૦૭૪ **: શ્રી કિશોરભાઈ વાંકાવાળા (સુરત શહેર પશ્ચિમ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

વર્ષ ૨૦૧૦-૧૧ના નાણાકીય વર્ષ દરમ્યાન તા.૩૧-૧-૨૦૧૧ સુધીમાં રાજ્ય મહાનગરપાલિકાઓને મનોરંજન કરની ગ્રાંટની કેટલી ચૂકવણી કરવામાં આવેલ છે ?

**જવાબ**

રાજ્યની આઠ મહાનગરપાલિકાઓને મનોરંજન કરની ગ્રાંટ રૂ.૧૦,૭૮,૮૫,૨૫૦/- (અંકે રૂપિયા દશ કરોડ ઈક્યોતેર લાખ પંચાશી હજાર બસો પચાસ પુરા) ની ચૂકવણી વર્ષ ૨૦૧૦-૨૦૧૧ના નાણાકીય વર્ષમાં તા.૩૧-૧-૨૦૧૧ સુધીમાં કરવામાં આવેલ છે.

**રાજકોટ જિલ્લામાં નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના**

૧૯૦૪૯ **: શ્રી કાંતિભાઈ અમૃતિયા (મોરબી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજકોટ જિલ્લામાં કઇ કઇ નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે,

(૨) મંજૂર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૩) આ માટે કેટલો ખર્ચ મંજૂર થયેલ છે?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજકોટ જિલ્લાની મોરબી, ઉપલેટા તથા જસદણ નગરપાલિકાઓની ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે.

(૨) મંજૂર થયેલ ભૂગર્ભ ગટર યોજનાઓની તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ નીચે મુજબ પરિસ્થિતિ છે.
૧. મોરબી-ટેન્ડરો માંગવામાં આવી રહેલ છે.
૨. ઉપલેટા-ડીટીપી પૂર્તતા હેઠળ છે.
૩. જસદણ-ડીટીપી તૈયાર કરવામાં આવી રહેલ છે.

(૩) નગરપાલિકા દીઠ નીચે મુજબ અંદાજિત ખર્ચ મંજૂર કરવામાં આવેલ છે.
૧. મોરબી-રૂા. ૬૦૪૨.૬૫ લાખ
૨. ઉપલેટા-રૂા. ૨૯૧૫.૩૦ લાખ
૩. જસદણ-રૂા. ૩૬૯૬.૭૩ લાખ

**સાબરકાંઠા જિલ્લામાં બોરીબંધ**

૨૦૫૭૫ **: શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા બોરીબંધ તાલુકાવાર બનાવવામાં આવ્યા,

**જવાબ**

(૧)

| અ.નં. | તાલુકો | તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાવેલ બોરીબંધ |
|---|---|---|
| ૧ | હિંમતનગર | ૧૮૬ |
| ૨ | ઇડર | ૭૭ |
| ૩ | વડાલી | ૧૧૨ |
| ૪ | પ્રાતિજ | ૧૦૭ |
| ૫ | વિજયનગર | ૭૩ |
| ૬ | ખેડબ્રહ્મા | ૧૩૮ |
| ૭ | ભિલોડા | ૬૮ |

| | | |
|---|---|---|
| ૮ | તલોદ | ૯૨ |
| ૯ | મોડાસા | ૧૦૭ |
| ૧૦ | માલપુર | ૮૪ |
| ૧૧ | મેધરજ | ૯૭ |
| ૧૨ | ધનસુરા | ૮૬ |
| ૧૩ | બાયડ | ૨૮૫ |

(૨) આ બોરીબંધ પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) રૂા. ૬૩.૧૬ લાખ.

(૩) કેટલા બોરીબંધ તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ હયાત છે?

(૩) બોરીબંધ એ લાંબા ગાળાની વ્યવસ્થા નથી, પરંતુ તેની હયાતી જે તે ચોમાસા દરમ્યાન આવનાર વરસાદી પાણીનો મહત્તમ ઉપયોગ કરી જળસંચય માટે જ હોય છે.

## વડોદરા જિલ્લામાં નગરપાલિકામાં ભુગર્ભ ગટર યોજના

૧૯૦૪૩ **: શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ (વડોદરા (ગ્રામ્ય) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વડોદરા જિલ્લામાં કઇ કઇ નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે,

(૨) મંજૂર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા. ૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૩) નગરપાલિકા દીઠ કેટલો ખર્ચ મંજૂર થયેલ છે?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વડોદરા જિલ્લાની પાદરા અને ડભોઇ, નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે.

(૨) મંજૂર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા. ૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ નીચે મુજબ છે.

| ક્રમ | ન.પા.નું નામ | સ્થિતિ |
|---|---|---|
| ૧ | પાદરા | ટેન્ડરો બહાર પાડેલ છે. |
| ૨ | ડભોઇ | ડ્રાફ્ટ ટેન્ડર પેપર્સ તેયાર કરવામાં આવી રહેલ છે. |

(૩) નગરપાલિકા દીઠ નીચે મુજબ અંદાજિત ખર્ચ મંજૂર કરવામાં આવેલ છે. **રૂ. લાખમાં**

| ક્રમ | ન.પા.નું નામ | રકમ |
|---|---|---|
| ૧ | પાદરા | ૧૩૦૮.૯૮ |
| ૨ | ડભોઇ | ૧૪૯૧.૬૭ |

--------

## જસદણ નગરપાલિકામાં ભૂગર્ભ ગટર યોજના

૧૯૦૪૮ **: ડો. ભરતભાઈ બોઘરા (જસદણ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજકોટ જિલ્લાની જસદણ નગરપાલિકામાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા તો મંજૂર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા. ૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૩) આ માટે કેટલો ખર્ચ મંજૂર થયેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ડ્રાફ્ટ ટેન્ડર પેપર તેયાર કરવામાં આવી રહેલ છે.

(૩) જસદણ ભૂગર્ભ ગટર યોજના માટે રૂ.૩૬૯૬.૭૩ લાખનો અંદાજિત ખર્ચ મંજૂર થયેલ છે.

--------

## વઢવાણ સિંચાઇ યોજનાની મરામતનું ટેન્ડર

૧૯૪૬૪ **: શ્રી સિધ્ધાર્થભાઈ પટેલ (ડભોઈ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લાના ડભોઇ તાલુકામાં વઢવાણ સિંચાઇ યોજનાની મરામત માટેનું ટેન્ડર બહાર પાડવામાં આવ્યું તે હકીક્ત સાચી, અને

(૨) આ કામ હાલ ક્યા તબક્કે છે અને તે ક્યાં સુધીમાં પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) કામ પ્રગતિ હેઠળ છે અને ૧૧ માસમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

**રતનમહાલ રીંછ અભ્યારણ નો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ**

૧૮૮૧૫ : **શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લાનું રતનમહાલ રીંછ અભ્યારણ તરીકે પ્રસિધ્ધ છે તેનો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા રાજ્ય સરકારે તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલો ખર્ચ કર્યો, અને

(૨) આ સ્થળે પ્રવાસીઓને આકર્ષવા વધુ સારી સુવિધાઓ આપવા સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) દાહોદ જિલ્લાનું રતનમહાલ રીંછ અભ્યારણ તરીકે પ્રસિધ્ધ છે તેનો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ રૂપિયા-૩૮.૨૪ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

(૨) આ સ્થળે પ્રવાસીઓને આકર્ષવા વધુ સારી સુવિધાઓ આપવા માટે નીચે મુજબની કામગીરી હાથ ધરવાનું આયોજન છે.

(૧) કંજેટા ફોરેસ્ટ કેમ્પ સાઇટનો વિકાસ
(૨) ઉધાલ મહુડા લેક સાઇટનો વિકાસ
(૩) નડધા-ભીંડોલ કેમ્પ સાઇટનો વિકાસ
(૪) સનસેટ પોઇન્ટ, પીપરગોટા

**ગાંધીનગરનો જે.એન.યુ.આર.એમ. માં સમાવેશ કરવા દરખાસ્ત**

૨૦૪૬૭ : **શ્રીમતી વિભાવરીબેન વિ.દવે (ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સરકાર દ્વારા પાટનગર ગાંધીનગરને જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન હેઠળ સાંકળી લેવા કેન્દ્ર સરકાર સમક્ષ કેટલીવાર દરખાસ્ત કરવામાં આવી, અને

(૨) તે અન્વયે શો પ્રતિભાવ મળ્યો ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા પાટનગર ગાંધીનગરને જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન હેઠળ સાંકળી લેવા કેન્દ્ર સરકાર સમક્ષ કુલ ૩ વખત દરખાસ્ત કરવામાં આવેલ છે.

(૨) તે અન્વયે કેન્દ્ર સરકાર તરફથી કોઇ જ પ્રતિભાવ મળેલ નથી.

--------

**નાની સિંચાઇ વિભાગ દ્વારા આણંદ જિલ્લાને ગ્રાન્ટ**

૧૯૪૦૩ : **શ્રી નિરંજનભાઈ પટેલ (પેટલાદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નાની સિંચાઇ વિભાગ દ્વારા આણંદ જિલ્લાને ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેના કારણો શાં છે?

**જવાબ**

(૧) ના. જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**વડોદરા જિલ્લામાં આદિજાતિ તાલુકામાં નવા હેન્ડપંપો**

૨૦૩૮૭ : **શ્રી મધુભાઈ બા. શ્રીવાસ્તવ (વાઘોડિયા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૨૦૧૦માં તાલુકાવાર કેટલા નવા હેન્ડપંપો બનાવવામાં આવ્યા, અને

(૨) તે પૈકી તા.૩૧-૩-૧૦ની સ્થિતિએ કેટલા હેન્ડપંપો કાર્યરત છે?

**જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં તાલુકાવાર નીચે પ્રમાણે નવા હેન્ડપંપ બનાવવામાં આવ્યા.

| તાલુકાનું નામ | હેન્ડપંપની સંખ્યા |
|---|---|
| જેતપુરપાવી | ૮૨ |
| છોટાઉદેપુર | ૧૪૨ |
| ક્વાંટ | ૧૫૩ |
| નસવાડી | ૧૩૧ |
| સંખેડા | ૦૨ |

(૨) તમામ હેન્ડપંપ કાર્યરત છે.

--------

**રાજ્યમાં સ્ટેમસેલ થેરાપીની સારવાર માટે વ્યવસ્થા**

૧૯૧૧૯ **: શ્રી ભૂપેન્દ્રભાઈ લાખાવાળા (વડોદરા શહેર )** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સ્ટેમસેલ થેરાપીની સારવાર માટેની કોઇ વ્યવસ્થા છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો રાજ્ય સરકાર ધ્વારા આ પ્રકારની સારવાર માટે શું આયોજન કરવામાં આવ્યું છે, અને | (૨) આ પ્રકારની સારવાર માટે સરકારી મેડીકલ કોલેજ અને નવી સીવીલ હોસ્પિટલ, સુરત ખાતે સ્ટેમસેલ થેરાપી સેન્ટર ઉભું કરવાનું આયોજન કરેલ છે. તેમાં ૫૦ બેડની હોસ્પિટલનું આયોજન કરેલ છે. આ માટે વર્ષ ૨૦૧૦-૧૧ના બજેટમાં રૂા.૨.૩૨ કરોડની જોગવાઇ કરેલ છે. આ પ્રકારની સારવાર ઈન્સ્ટીટ્યુટ ઓફ કીડની ડીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર તથા ધી ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ, અમદાવાદ ખાતે હાલ ઉપલબ્ધ છે. |
| (૩) આ થેરાપીથી ક્યા ક્યા રોગોની સારવાર મળી શકશે? | (૩) સ્ટેમસેલ થેરાપીથી એક્યુટ માયલોઈડ લ્યુકેમિયા, ક્રોનીક માયલોઈડ લ્યુકેમિયા, થેલેસેમિયા મેજર, ફેનકોની એનેમિયા, સીક્લસેલ એનીમીયા, મલ્ટીપલમાયલોમા, હોજકીનડીસીઝ, નોન હોજકીન ડીસીઝ, ન્યુરોબ્લાસ્ટોમા, એપ્લાસ્ટીક એનેમિયા, હલર્સ ડીસીઝ, વિગેરે જેવા રોગોની સારવાર થઇ શકે છે. |

**ભરૂચ જિલ્લામાં મંજૂર હેન્ડપંપો**

૨૦૩૮૩ **: શ્રી દુષ્યંતભાઈ ર.પટેલ (ભરૂચ)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ માં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ તાલુકાવાર કેટલા હેન્ડપંપો મંજૂર કરવામાં આવ્યા, | (૧) ભરૂચ જિલ્લાનાં આમોદ તાલુકામાં ૬, ભરૂચમાં ૨, અંક્લેશ્વરમા ૪, વાલીયામા ૭૭, ઝઘડીયા તાલુકામા ૧૧૧ હેન્ડપંપો મળી કુલ ૨૦૦ હેન્ડપંપો મંજૂર કરવામાં આવ્યા. |
| (૨) તે પૈકી કેટલા હેન્ડપંપોના કામ પૂર્ણ થયા, અને | (૨) ૧૭૦ કામો પૂર્ણ થયેલ છે. |
| (૩) બાકી હેન્ડપંપોના કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) બાકીના ૩૦ કામો ક્રમશ : માર્ચ-૨૦૧૧ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

--------

**કેન્સર સોસાયટી દ્વારા નવી મેડીકલ કોલેજ અંગે**

૧૯૦૯૩ **: શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ (આણંદ)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાત કેન્સર સોસાયટી, નવી મેડીકલ કોલેજ શરૂ કરવા માંગે છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે, | (૨) રાજ્ય સરકાર દ્વારા ગુજરાત કેન્સર સોસાયટી અમદાવાદને ન્યુ સ્વદેશી મીલ નરોડા અમદાવાદ ખાતે ૧૫૦ સીટની મેડીકલ કોલેજ શરૂ કરવા એસેન્સીયાલીટી સર્ટીફીકેટ આપવામાં આવેલ છે. |
| (૩) આ કોલેજમાં કેટલી પ્રવેશ બેઠકો રાખવામાં આવશે, અને | (૩) કોલેજમાં ૧૫૦ની પ્રવેશ ક્ષમતા માટે એસેન્સીયાલીટી સર્ટીફીકેટ આપવામાં આવેલ છે. |
| (૪) આ કોલેજ ક્યા સ્થળે સ્થાપવામાં આવશે ? | (૪) આ કોલેજ ડી.આર.એમ.ઓફીસ સ્વદેશી મીલ કંપાઉન્ડ, ચામુંડા બ્રીજ નજીક નરોડા રોડ અમદાવાદ ખાતે સ્થાપવામાં આવશે. |

--------

## મધુબન ડેમ આધારિત પાણી પુરવઠા યોજના

૧૯૪૧૭ : **શ્રી જીતુભાઈ ચૌધરી (મોટા પોંઢા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લાના કપરાડા તાલુકા માટે મધુબન ડેમ આધારિત પાણી પુરવઠા યોજના બનાવવા તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારને કેટલી માંગણીઓ મળી, અને

(૨) મળેલ માંગણી અન્વયે સરકારે શી કાર્યવાહી હાથ ધરી ?

**જવાબ**

(૧) એક માંગણી મળેલ છે.

(૨) પ્રાથમિક સર્વેક્ષણની કાર્યવાહી હાથ ધરેલ છે.

--------

## જે.એન.યુ.આર.એમ. અંતર્ગત ચાર મહાનગરોમાં મંજૂર પ્રોજેક્ટો

૨૦૨૦૩ : **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મિશન હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ શહેરમાં વર્ષવાર કુલ કેટલી રકમના ક્યા પ્રકારના પ્રોજેક્ટો મંજૂર કરવામાં આવ્યા છે, અને

(૨) તે પૈકી કેટલા પ્રોજેક્ટો પૂર્ણ થયા છે અને કેટલા પ્રોજેક્ટો પ્રગતિમાં છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મિશન હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ શહેરમાં વર્ષવાર મંજૂર કરવામાં આવેલ પ્રોજેક્ટોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | શહેરનું નામ | પ્રોજેક્ટની સંખ્યા | મંજૂર થયેલ રકમ ₹ (ક્રોડમાં) |
|---|---|---|---|
| યુ.આઈ.જી. યોજના | | | |
| ૧ | અમદાવાદ | ૬ | ૧૦૫.૩૩ |
| ૨ | સુરત | ૧ | ૨૫.૧૪ |
| ૩ | વડોદરા | ૮ | ૫૮.૯૭ |
| ૪ | રાજકોટ | ૨ | ૨૫.૬૦ |
| | કુલ : | ૧૭ | ૧૮૯.૪૪ |

યુ.આઈ.જી.યોજના અંતર્ગત મંજૂર થયેલ પ્રોજેકટના પ્રકારની વિગતવાર માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | યોજના | અમદાવાદ | સુરત | વડોદરા | રાજકોટ |
|---|---|---|---|---|---|
| ૧ | પાણી પુરવઠા યોજના | -- | ૧ | -- | ૩ |
| ૨ | ભૂગર્ભ ગટર યોજના/સુએઝ | ૩ | -- | ૧ | ૧ |
| ૩ | રસ્તા/બ્રીજ/આર.ઓ.બી. | -- | -- | ૧ | ૪ |
| ૪ | એમ.આર.ટી.એસ. | ૧ | -- | -- | -- |
| ૫ | ઘન ક્ચરાનો નિકાલ | ૧ | -- | -- | -- |
| ૬ | રીવીટલાઈઝેશન | ૧ | -- | -- | -- |

બી.એસ.યુ.પી.યોજના

| ક્રમ | શહેરનું નામ | પ્રોજેક્ટની સંખ્યા | મંજૂર થયેલ રકમ ₹ (ક્રોડમાં) |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | -- | -- |
| ૨ | સુરત | ૩ | ૧૧૪.૧૯ |
| ૩ | વડોદરા | ૨ | ૨૭૦.૦૨ |
| ૪ | રાજકોટ | ૨ | ૧૨૧.૫૧ |
| | કુલ : | ૭ | ૫૦૫.૭૨ |

(૨) તે પૈકી પૂર્ણ થયેલ પ્રોજેક્ટો અને પ્રગતિમાં હોય તેવા પ્રોજેક્ટોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | શહેરનું નામ | કુલ પ્રોજેક્ટની સંખ્યા | પૂર્ણ | પ્રગતિમાં હોય તેવા |
|---|---|---|---|---|
| યુ.આઈ.જી. યોજના | | | | |
| ૧ | અમદાવાદ | ૬ | -- | ૬ |
| ૨ | સુરત | ૧ | -- | ૧ |
| ૩ | વડોદરા | ૮ | -- | ૮ |
| ૪ | રાજકોટ | ૨ | -- | ૨ |
| કુલ : | | ૧૭ | -- | ૧૭ |

બી.એસ.યુ.પી. યોજના

| ક્રમ | શહેરનું નામ | કુલ આવાસોનીસંખ્યા | પૂર્ણ આવાસો | પ્રગતિમાં હોય તેવા |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | -- | -- | -- |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | સુરત | -- | -- | -- |
| ૩ | વડોદરા | ૧૦૪૦ | ૧૦૪૦ | -- |
| ૪ | રાજકોટ | ૩૪૦૦ | ૩૧૬૮ | -- |
| કુલ : | | ૪૪૪૦ | ૪૨૦૮ | -- |

## દાહોદ જિલ્લામાં મીની વોટર વર્કસના કામો

**૧૯૦૦૬ : શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૧-૩-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કુલ કેટલા મીનીવોટર વર્કસના કામો મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) આ પેકી કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા અને આ પેકી તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કેટલી યોજનામાંથી પાણીનું વિતરણ ચાલુ છે ?

**જવાબ**

(૧) તાલુકાવાર નીચેની વિગતે મીની વોટર વર્કસના કામો મંજૂર કરવામાં આવ્યા.

| તાલુકો | ૦૮-૦૯ | ૦૯-૧૦ | કુલ |
|---|---|---|---|
| દાહોદ | ૫ | ૩૪ | ૩૯ |
| ગરબાડા | ૫ | ૧૫ | ૨૦ |
| ઝાલોદ | ૧૦ | ૫૪ | ૬૪ |
| ફતેપુરા | ૬ | ૩૫ | ૪૧ |
| દેવગઢ બારીયા | ૪ | ૨૧ | ૨૫ |
| ધાનપુર | ૨ | ૫૩ | ૫૫ |
| લીમખેડા | ૬ | ૩૩ | ૩૯ |
| | | કુલ : | ૨૮૩ |

(૨) પૂર્ણ કરેલ ૧૮૨ યોજનાઓમાંથી પાણી વિતરણ ચાલુ છે.

## ૩૮૦/page> બનાસકાંઠા જિલ્લામાં પાણીના નવા બોર બનાવવા અંગ

**૧૮૭૫૦ : શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના ક્યા ક્યા તાલુકાઓના ક્યા ક્યા ગામોમાં પાણીના નવા બોરો બનાવવામાં આવેલ,

(૨) ઉક્ત સ્થિતિએ ક્યા ક્યા તાલુકાના ક્યા ક્યા ગામોમાં પાણીના નવા બોરો બનાવવાની માંગણીઓ પડતર છે, અને

(૩) તે બાકી કામગીરી ક્યારે શરૂ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) (પત્રક-૧ મુજબ) ૧૧ તાલુકાના ૧૫૩ ગામોએ પાણીના નવા બોરો બનાવવામાં આવેલ છે.

(૨) (પત્રક-૨ મુજબ) ૧૧ તાલુકાના ૬૫ ગામોએ બોરની માંગણી આવેલ જે પેકી ૧૮ ગામોએ હયાત વ્યવસ્થા છે અને ૪૭ ગામોએ મંજૂર કરેલ બોરની કાર્યવાહી પ્રગતિમાં છે. કોઇ માંગણી પડતર નથી.

(૩) નિયમોનુસાર લોકફાળો ભર્યેથી કામગીરી શરૂ કરવામાં આવશે.

**પત્રક-૧**

વર્ષ ૧-૧-૨૦૦૮ થી ૩૧-૧૨-૨૦૧૦ દરમ્યાન શારેલ બોરની માહિતી

| અ.નં. | ગામનું નામ | તાલુકો |
|---|---|---|
| ૧ | બુઢણપુર | થરાદ |
| ૨ | દીદરડા | થરાદ |
| ૩ | લુણાવા | થરાદ |
| ૪ | દેલણકોટ | થરાદ |
| ૫ | થરાદ (ચુડમેર) | થરાદ |
| ૬ | મોરથલ | થરાદ |
| ૭ | દીદરડા | થરાદ |
| ૮ | તાણા | કાંકરેજ |
| ૯ | ઉચરપી | કાંકરેજ |
| ૧૦ | ખારીયા | કાંકરેજ |
| ૧૧ | તાણા | કાંકરેજ |
| ૧૨ | નાણોટા | કાંકરેજ |
| ૧૩ | રતનપુર (શી.) | કાંકરેજ |
| ૧૪ | વડા | કાંકરેજ |
| ૧૫ | આમલુન | કાંકરેજ |
| ૧૬ | તેરવાડા | કાંકરેજ |
| ૧૭ | વરસડા | કાંકરેજ |
| ૧૮ | રાણકપુર (જુથ યોજના) | કાંકરેજ |
| ૧૯ | રાણકપુર-૨ (જુથ યોજના) | કાંકરેજ |
| ૨૦ | શિહોરી (જુથ યોજના) | કાંકરેજ |
| ૨૧ | કુવારવા | કાંકરેજ |
| ૨૨ | અરડુવાસ | કાંકરેજ |
| ૨૩ | તેરવાડા | કાંકરેજ |
| ૨૪ | અરડુવાસ (જુથ યોજના) | કાંકરેજ |

| અ.નં. | ગામનું નામ | તાલુકો |
|---|---|---|
| ૨૫ | રણાવાડા | કાંકરેજ |
| ૨૬ | સલેમગઢ | કાંકરેજ |
| ૨૭ | રાનેર | કાંકરેજ |
| ૨૮ | ઇન્દ્રમાણા | કાંકરેજ |
| ૨૯ | તાણા | કાંકરેજ |
| ૩૦ | રામપુરા ખીમાણી | કાંકરેજ |
| ૩૧ | ભટાસણા | વાવ |
| ૩૨ | નડાબેટ | વાવ |
| ૩૩ | ભટાસણા | વાવ |
| ૩૪ | સુઇગામ | વાવ |
| ૩૫ | દેવપુરા-૧ | વાવ |
| ૩૬ | દેવપુરા-૨ | વાવ |
| ૩૭ | માલીસણા | વડગામ |
| ૩૮ | માનપુરા | વડગામ |
| ૩૯ | નળાસર | વડગામ |
| ૪૦ | એદ્રાણા | વડગામ |
| ૪૧ | ફતેગઢ | વડગામ |
| ૪૨ | ફતેગઢ | વડગામ |
| ૪૩ | મગરવાડા | વડગામ |
| ૪૪ | મેતા | વડગામ |
| ૪૫ | નાવિષણા | વડગામ |
| ૪૬ | નાદોત્રા | વડગામ |
| ૪૭ | નળાસર | વડગામ |
| ૪૮ | નીલપૂરકોલોની | દાંતીવાડા |
| ૪૯ | નીલપુર | દાંતીવાડા |
| ૫૦ | જેગોલ | દાંતીવાડા |
| ૫૧ | નાંદોત્રા (ભાહ્મણવાસ) | દાંતીવાડા |
| ૫૨ | ગોઢ | દાંતીવાડા |
| ૫૩ | ઉત્તમપુરા (ડા) | દાંતીવાડા |
| ૫૪ | દેલાણીપુરામોટા | ડીસા |
| ૫૫ | દેલાણીપુરામોટા | ડીસા |
| ૫૬ | ભાખરમોટી | ડીસા |
| ૫૭ | વાસણા કૂડા | ડીસા |
| ૫૮ | શરત | ડીસા |
| ૫૯ | ઢેઢાલ | ડીસા |
| ૬૦ | ભડથ (ઇનગર) | ડીસા |
| ૬૧ | તાલેગજ | ડીસા |
| ૬૨ | કોચાસણા | ડીસા |
| ૬૩ | વીરૂણા | ડીસા |
| ૬૪ | વીઠોદર | ડીસા |
| ૬૫ | લાખણી ઉ. વાસ | ડીસા |
| ૬૬ | ચિત્રોડા | ડીસા |
| ૬૭ | મુડેઠા (ગોગાપુરા) | ડીસા |
| ૬૮ | ઓઢવા | ડીસા |
| ૬૯ | લાખણી | ડીસા |
| ૭૦ | કોચાસણા | ડીસા |
| ૭૧ | લાખણી ઉ. વાસ | ડીસા |
| ૭૨ | આખોલ મીકે.સ્ટોર | ડીસા |
| ૭૩ | મોરાલ | ડીસા |
| ૭૪ | જડીયાલી | ડીસા |
| ૭૫ | ચેકરા | ડીસા |
| ૭૬ | ધુણસોલ | ડીસા |
| ૭૭ | સમશેરપુરા | ડીસા |
| ૭૮ | ખરડોસણ (ઇ.નગર) | ડીસા |
| ૭૯ | સમોનાના | ડીસા |
| ૮૦ | રસાણા મોટા | ડીસા |
| ૮૧ | ગણેશપુરા (મુડેઠા) | ડીસા |
| ૮૨ | જુની ભીલડી | ડીસા |
| ૮૩ | ફુવારા પાદર | ડીસા |
| ૮૪ | વરણ | ડીસા |
| ૮૫ | જાબડીયા | ડીસા |
| ૮૬ | બલોચપુરા | ડીસા |
| ૮૭ | નવા | ડીસા |
| ૮૮ | મટુ | ડીસા |
| ૮૯ | જોરાપુર | ડીસા |
| ૯૦ | ગામડી | ડીસા |
| ૯૧ | વીરુવાડા | ડીસા |
| ૯૨ | લક્ષ્મીપુરા | ડીસા |
| ૯૩ | જુના ડીસા | ડીસા |
| ૯૪ | લેબાઉ (સોઢાઢાણી) | દિયોદર |
| ૯૫ | અછવાડીયા | દિયોદર |
| ૯૬ | દિયોદર | દિયોદર |
| ૯૭ | આમલુન | દિયોદર |

| અ.નં. | ગામનું નામ | તાલુકો |
|---|---|---|
| ૯૮ | કોટડા (ફોરણા) | દિયોદર |
| ૯૯ | વાતમજુના | દિયોદર |
| ૧૦૦ | ગાંગોલ | દિયોદર |
| ૧૦૧ | બોડા | દિયોદર |
| ૧૦૨ | ગોદ્દા | દિયોદર |
| ૧૦૩ | સણાદર સાલપુર | દિયોદર |
| ૧૦૪ | સામલા વડાણા | દિયોદર |
| ૧૦૫ | કુવાણા | દિયોદર |
| ૧૦૬ | સેસણ નવા | દિયોદર |
| ૧૦૭ | સેસણ જુના | દિયોદર |
| ૧૦૮ | વજેગઢ | દિયોદર |
| ૧૦૯ | મોજરૂનવા | દિયોદર |
| ૧૧૦ | મોટાંગોળીયા | દિયોદર |
| ૧૧૧ | લીલાધર | દિયોદર |
| ૧૧૨ | લુદરા | દિયોદર |
| ૧૧૩ | ડેરા | દિયોદર |
| ૧૧૪ | મેસરા | દિયોદર |
| ૧૧૫ | દિયોદર-૧ | દિયોદર |
| ૧૧૬ | દિયોદર-૨ | દિયોદર |
| ૧૧૭ | સણાવ | દિયોદર |
| ૧૧૮ | દેલવાડા | પાલનપુર |
| ૧૧૯ | ટોકરીયા | પાલનપુર |
| ૧૨૦ | ટાકરવાડા | પાલનપુર |
| ૧૨૧ | ભાવીસણા | પાલનપુર |
| ૧૨૨ | સરીપડા | પાલનપુર |
| ૧૨૩ | ગઢ | પાલનપુર |
| ૧૨૪ | ખસા | પાલનપુર |
| ૧૨૫ | જડીયાલ | પાલનપુર |
| ૧૨૬ | અમરાપુરા-રણાવાસ | પાલનપુર |
| ૧૨૭ | ગાદલવાડા | પાલનપુર |
| ૧૨૮ | ગંગાપુરા-રણાવાસ | પાલનપુર |
| ૧૨૯ | બાદરપુરા (ભુ.) | પાલનપુર |
| ૧૩૦ | પીપળી (ભા.) | પાલનપુર |
| ૧૩૧ | ધાણધા | પાલનપુર |
| ૧૩૨ | કમાલપુર | ભાભર |
| ૧૩૩ | ચચાસણા | ભાભર |
| ૧૩૪ | અબાસણા | ભાભર |
| ૧૩૫ | સુથાર નેસડી | ભાભર |
| ૧૩૬ | ભાભર | ભાભર |
| ૧૩૭ | ગોશણ | ભાભર |
| ૧૩૮ | નેસડા | ભાભર |
| ૧૩૯ | ખડોસણ | ભાભર |
| ૧૪૦ | વજાપુર જુના | ભાભર |
| ૧૪૧ | ભાભર (લુદરીયા વાસ) | ભાભર |
| ૧૪૨ | ભીડાલિયા | ભાભર |
| ૧૪૩ | બરવાળા | ભાભર |
| ૧૪૪ | અમીરગઢ | અમીરગઢ |
| ૧૪૫ | સામરવાડા | ધાનેરા |
| ૧૪૬ | માંડલ | ધાનેરા |
| ૧૪૭ | ખીમત હેડ વર્ક્સ | ધાનેરા |
| ૧૪૮ | રામપુરા (ખીંમત) | ધાનેરા |
| ૧૪૯ | ભાજણા | ધાનેરા |
| ૧૫૦ | મેવાડા | ધાનેરા |
| ૧૫૧ | રમુણા | ધાનેરા |
| ૧૫૨ | નેનાવા | ધાનેરા |
| ૧૫૩ | નાની ડુગડોલ | ધાનેરા |

## પત્રક નંબર : ૨

| અ.નં. | ગામનું નામ | તાલુકો | નોંધ |
|---|---|---|---|
| ૧ | ચોરા | ડીસા | જુથ પા.પુ.યોજના અથવા હયાત બોરથી પાણી મેળવે છે. |
| ૨ | ઘરનાલ નાની | ડીસા | |
| ૩ | રામપુરા | ડીસા | |
| ૪ | કુપટ | ડીસા | |
| ૫ | ધનીયાવાડ | દાંતીવાડા | |
| ૬ | ધાનેરી | દાંતીવાડા | |
| ૭ | રવી | ધાનેરા | |
| ૮ | વાસડા | ધાનેરા | |
| ૯ | કુંડી | ધાનેરા | |
| ૧૦ | નાનુડા | ધાનેરા | |
| ૧૧ | જોરાપુરા ધાખા | ધાનેરા | |

| અ.નં. | ગામનું નામ | તાલુકો | નોંધ |
|---|---|---|---|
| ૧૨ | શેરગઢ (જ) | ધાનેરા | |
| ૧૩ | થાવર | ધાનેરા | |
| ૧૪ | વીંછીવાડી | ધાનેરા | |
| ૧૫ | ધરણોધર | ધાનેરા | |
| ૧૬ | જીવાણ | ધાનેરા | |
| ૧૭ | એડાલ | ધાનેરા | |
| ૧૮ | આલવાડા | ધાનેરા | |
| ૧૯ | ગઠામણ | પાલનપુર | |
| ૨૦ | અબેથા | પાલનપુર | |
| ૨૧ | વીરપુર | પાલનપુર | |
| ૨૨ | ઉંણોદરા | દાંતા | |
| ૨૩ | ગોદડ પુરા | અમીરગઢ | |
| ૨૪ | ચીખલી (જેથી) | અમીરગઢ | |
| ૨૫ | વેસા-હરીનગર | વડગામ | |
| ૨૬ | મેમેતપુર | વડગામ | |
| ૨૭ | મજાદર | વડગામ | |
| ૨૮ | અસાણા | ભાભર | |
| ૨૯ | મીઠા | ભાભર | |
| ૩૦ | દેવકાપડી | ભાભર | |
| ૩૧ | ચલાદર | ભાભર | |
| ૩૨ | સણાદર | દિયોદર | |
| ૩૩ | ઓગડપુરા | દિયોદર | |
| ૩૪ | વડા | કાંકરેજ | |
| ૩૫ | શિહોરી | કાંકરેજ | |
| ૩૬ | રસાણા મોટા | ડીસા | |
| ૩૭ | વિરૂણા | ડીસા | |
| ૩૮ | દેવસરી | ડીસા | |
| ૩૯ | રામપુરા ટટોડા | ડીસા | |
| ૪૦ | લાખણાસર | દાંતીવાડા | |
| ૪૧ | ખીંમત રબારી | ધાનેરા | |
| ૪૨ | વિરોલ | ધાનેરા | |
| ૪૩ | માલોત્રા | ધાનેરા | |
| ૪૪ | અનાપુરગઢ | ધાનેરા | |
| ૪૫ | અનાપુરછોટા | ધાનેરા | |
| ૪૬ | કોઠીગામ | થરાદ | |
| ૪૭ | સાંગ્રા | પાલનપુર | |
| ૪૮ | વેંડચા | પાલનપુર | |
| ૪૯ | અમીરગઢ | અમરીગઢ | |
| ૫૦ | માહી-મહેદીપુરા | વડગામ | |
| ૫૧ | ભેમ બોરડી | ભાભર | |
| ૫૨ | રુવેલ | કાંકરેજ | |
| ૫૩ | બલોચપુર | કાંકરેજ | |
| ૫૪ | ડેકા | ડીસા | |
| ૫૫ | લુણપુર | ડીસા | |
| ૫૬ | બોડાલ | ડીસા | |
| ૫૭ | ધરણવા | ડીસા | |
| ૫૮ | કંસારી | ડીસા | |
| ૫૯ | મોરથલ | ડીસા | |
| ૬૦ | વરનોડા | ડીસા | |
| ૬૧ | શેરગંજ | ડીસા | |
| ૬૨ | પેપળુ | ડીસા | |
| ૬૩ | સરદપુર | ડીસા | |
| ૬૪ | ગાંગુવાડા | દાંતીવાડા | |
| ૬૫ | જુના શીકરીયા | દાંતીવાડા | |

--------

**જામનગર જિલ્લામાં નર્મદા બલ્ક પાઇપ લાઇનના કામો**

૧૯૧૦૨ **: શ્રી મેઘજીભાઈ કણઝારીયા (ખંભાળીયા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) જામનગર જિલ્લામાં નર્મદા બલ્ક પાઇપ લાઇનના કામો કલ્યાણપુર સુધી નાંખવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) કલ્યાણપુરથી દ્વારકા સુધીની બલ્ક પાઇપ લાઇન નાખવા માટેનું આયોજન છે કે કેમ, અને | (૨) હા, જી. કલ્યાણપુરથી ભાટીયા સુધીની પાઇપ લાઇનનું કામ પ્રગતિ હેઠળ ભાટીયા થી દ્વારકા સુધી પાઇપ લાઇન હયાત છે. |
| (૩) આ માટે સરકારને અંદાજિત કેટલા લાખનો ખર્ચ થશે ? | (૩) અત્યાર સુધીમાં રૂા. પાંચસો અઠયાસી કરોડ સત્યાવીસ લાખનો ખર્ચ થયેલ છે. બાકી રહેલ કામો માટે રૂા. ચારસો એક લાખનો ખર્ચ થનાર છે. |

**ક્રેમીઅન કોંગો વાઇરસથી થયેલ મૃત્યુ અને સહાય**

૧૯૯૭૭ **: શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં ક્રેમીઅન કોંગો વાઇરસના ફેલાવાથી કેટલી વ્યક્તિઓના મૃત્યુ થયા, અને | (૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ક્રેમીયન કોન્ગો વાયરસના કારણે ચાર વ્યક્તિઓનાં મૃત્યુ થયેલ છે. તે પૈકીના ૨ મૃત્યુ ક્રિમીયન કોન્ગો હેમરેજીક ફીવરથી પોઝીટીવ અને ૨ વ્યક્તિ સંભવિત કેસ તરીકે ગણેલ છે. |
| (૨) ઉક્ત રોગને અટકાવવા સરકારે શાં પગલાં લીધા, અને | (૨) મંત્રીશ્રી(આરોગ્ય)એ રોગની ગંભીરતાને ધ્યાને લઇ તેમના અધ્યક્ષ સ્થાને તા. ૧૮-૧-૧૧નાં રોજ આરોગ્ય વિભાગ, પશુપાલન વિભાગ, ખાનગી તબીબો અને નેશનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ વાયરોલોજી, પુનાનાં ઉચ્ચ અધિકારીઓ સાથે એક તાકીદની બેઠક બોલાવી રોગની સારવાર અને અટકાયત માટેની કામગીરીના આયોજન માટે વિગતે ચર્ચા કરેલ.<br>- આ રોગથી અસરગ્રસ્ત થયેલ કોલટ(અમદાવાદ), અમદાવાદ શહેર, કેસીંપા(મહેસાણા) અને અડાસર (ખેડા)ગામો તથા આ ગામોની ૫ કિલોમીટરની ત્રિજ્યામાં આવેલ ગામોમાં આ રોગના શંકાસ્પદ દર્દીઓની શોધ માટે ૩૩ ટીમો દ્વારા સર્વેલેન્સની કામગીરી હાથ ધરવામાં આવેલ કુલ ૩૭૫૮૯ વ્યક્તિઓનો સર્વે હાથ ધરવામાં આવેલ, ૩૦૦ લોહીના નમૂના પરીક્ષણ અર્થે લેવામાં આવેલ<br>- સર્વેલન્સ દરમ્યાન મળેલ શંકાસ્પદ દર્દીઓના લોહીના નમૂના તપાસ અર્થે લઇ નેશનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ વાયરોલોજી, પુના ખાતે મોકલવામાં આવતા અને આવા દર્દીઓને સીવીલ હોસ્પિટલમાં ઉભા કરવામાં આવેલ અલાયદા આઇસોલેશન વોર્ડમાં રાખી સારવાર આપવામાં આવેલ.<br>- શંકાસ્પદ દર્દીઓના સંપર્કમાં આવેલ નજીકના સંબંધિઓ તથા સારવાર કરનાર હોસ્પિટલ સ્ટાફની દિવસમાં બે વાર શારિરીક તપાસ કરવામાં આવતી જેથી કરીને આ રોગના ચિ[illegible] માલુમ પડે તાત્કાલિક સારવાર ચાલુ કરી શકાય. અત્યાર સુધીમાં ૨૮૭ વ્યક્તિઓની આવી તપાસ કરવામાં આવેલ છે તથા જનસમુદાયમાં આ રોગ બાબતે ભય ન ફેલાય અને સાચી માહિતી મળે તે અંગે પ્રચાર |

| | |
|---|---|
| | પ્રસાર કરવામાં આવેલ છે.<br>- આ રોગના ફેલાવા માટે ઇતરડી જવાબદાર હોઇ તેના નિયંત્રણ માટે અસરગ્રસ્ત વિસ્તારમાં પશુપાલન વિભાગના સંકલનમાં રહી ૧૩૫૫૭ પ્રાણીઓ ઉપર જંતુનાશક દવાનો, છંટકાવ કરવામાં આવેલ છે.<br>- નેશનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ વાયરોલોજી, પુના અને નેશનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ કોમ્યુનીકેબલ ડીસીઝ સેન્ટર દિલ્હીના તજજ્ઞોને અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાત કરાવીને જરૂરી માર્ગદર્શન મેળવવામાં આવેલ છે. |
| (૩) આ રોગથી મૃત્યુ પામેલા ઇસમોને સરકાર કોઇ આર્થિક સહાય આપવા માંગે છે કે કેમ ? | (૩) - આ રોગથી મૃત્યુ પામેલ ઇસમોને સરકાર તરફથી કોઇ આર્થિક સહાય આપવાની બાબત વિચારણા હેઠળ નથી. |

--------

**૧૦૮ એમ્બ્યુલન્સ સેવાનું વિસ્તરણ**

૧૯૦૯૪ : **શ્રી વિજયભાઈ ર.પટેલ (ડાંગ-વાંસદા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સરકારે ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાઓના વિસ્તરણનું કોઇ આયોજન કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે ? | (૨) સને ૨૦૧૦-૧૧માં વર્ષમાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવામાં નવી ૫૦ એમ્બ્યુલન્સ વાનનો વધારો કરવા માટેની કાર્યવાહી ચાલુ છે અને સને ૨૦૧૧-૧૨ના વર્ષમાં નવી ૫૦ એમ્બ્યુલન્સ વાન ખરીદવા માટે રૂા. ૭૫૦.૦૦ લાખની જોગવાઇ નવી બાબત તરીકે કરવામાં આવેલ છે. |

**મહી સિંચાઇ વર્તુળ હેઠળની ડીસ્ટ્રીબ્યુટરી**

૧૯૭૬૦ : **શ્રી લક્ષ્મણભાઈ પટેલ (ગણદેવી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મહી સિંચાઇ વર્તુળ હેઠળ કેટલી શાખા નહેર આવેલી છે અને કઇ કઇ, | (૧) ૭ (સાત)<br>૧. નડીયાદ શાખા નહેર<br>૨. માતર શાખા નહેર<br>૩. લીંબાસી શાખા નહેર<br>૪. પેટલાદ શાખા નહેર<br>૫. ખંભાત શાખા નહેર<br>૬. બોરસદ શાખા નહેર<br>૭. શેઢી શાખા નહેર |
| (૨) તેમાંથી કઇ કઇ શાખા નહેરો પાકી ચણતરવાળી બનાવવામાં આવી છે, | (૨) બધી જ |
| (૩) બાકી રહેલ શાખા નહેરો પાકી ચણતરવાળી બનાવવાની સરકારની યોજના છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) જો હા, તો કેટલા સમયમાં ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**ખાંભા તાલુકામાં નદીઓ પર નાના-મોટા ચેકડેમ**

૧૮૮૬૪ : **શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમરેલી જિલ્લાના ખાંભા તાલુકામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં કઈ નદી ઉપર ચેકડેમો બાંધવામાં આવ્યા છે, અને | (૧) રાયડી નદી ઉપર ૭ અને સ્થાનિક વોંકળા ઉપર ૭૩ ચેકડેમો બાંધવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ નદીઓ ઉપર બાંધવામાં આવેલ ચેકડેમો પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) કુલ રૂ.૨૯૦.૪૮ લાખનો ખર્ચ થયેલ છે. |

## દહેગામ તાલુકાના ગામોને નર્મદાનું પીવાનું પાણી

૨૦૩૭૯ : **શ્રી કલ્યાણસિંહ ચૌહાણ (દહેગામ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર જિલ્લાનાં દહેગામ તાલુકાના ગામોને પીવા માટે નર્મદાનું પાણી પૂરૂં પાડવા માટે તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ સરકારે કોઈ યોજના બનાવેલ છે કે કેમ,

(૨) જો હા, તો તે યોજના હાલ ક્યા તબક્કે છે, અને

(૩) તેની પાછળ કેટલો ખર્ચ થવાની સંભાવના છે?

**જવાબ**

(૧) સુજલામ સુફલામ જી-૨ યોજના બનાવેલ છે.

(૨) પૂર્ણ થયેલ છે.

(૩) રૂા. ૬૩૭૩.૬૨ લાખનો ખર્ચ થયેલ છે.

## સાબરકાંઠા જિલ્લામાં મંજૂર કરેલ ચેકડેમો

૨૦૨૯૧ : **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા ચેકડેમો મંજૂર કરવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા ચેકડેમોનું કામ પૂર્ણ કર્યું, અને

(૩) તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧), (૨) અને (૩) :

| તાલુકાનું નામ | મંજૂર થયેલ ચેકડેમની સંખ્યા | પૂર્ણ થયેલ ચેકડેમની સંખ્યા | થયેલ ખર્ચ રૂ. લાખમાં |
|---|---|---|---|
| હિંમતનગર | ૨૪૧ | ૧૯૮ | ૧૧૦૩.૨૪ |
| ઈડર | ૧૫૦ | ૧૨૬ | ૬૦૨.૧૬ |
| વડાલી | ૨૧૫ | ૧૯૬ | ૯૦૩.૬૬ |
| પ્રાંતિજ | ૧૧૮ | ૯૮ | ૫૪૨.૧૬ |
| ભિલોડા | ૧૪૪ | ૧૩૦ | ૫૯૪.૯૩ |
| વિજયનગર | ૧૩૦ | ૧૦૧ | ૫૨૪.૧૦ |
| ખેડબ્રહ્મા | ૧૯૫ | ૧૭૯ | ૮૯૬.૪૧ |
| તલોદ | ૧૩૬ | ૧૧૬ | ૬૩૬.૯૯ |
| બાયડ | ૨૮૯ | ૨૬૫ | ૧૨૫૧.૦૪ |
| માલપુર | ૧૧૫ | ૬૫ | ૩૦૮.૪૫ |
| મેઘરજ | ૧૮૯ | ૧૩૯ | ૫૪૮.૨૫ |
| ધનસુરા | ૪૯ | ૩૨ | ૧૪૧.૦૦ |
| મોડાસા | ૧૫૪ | ૧૧૮ | ૪૮૩.૮૪ |
| કુલ : | ૨૧૨૫ | ૧૭૬૩ | ૮૫૩૬.૨૩ |

## વડોદરા જિલ્લામાં નગરપાલીકા અને બરો નગરપાલીકામાં વિકાસના કામો માટે ફાળવણી

૩૮૬/page> ૨૦૪૧૫ : **શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં નગરપાલિકા અને બરો નગરપાલિકામાં વિકાસના કામો માટે સરકારે વર્ષવાર કેટલી રકમ ફાળવી, અને

(૨) ફાળવેલ રકમ અન્વયે વર્ષવાર વિકાસના કામો પાછળ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં નગરપાલિકા અને બરો નગરપાલિકાઓને વિકાસના કામો માટે સરકારે વર્ષવાર ફાળવેલ રકમ નીચે મુજબ છે.

| ક્રમ | નગરપાલિકા | તા.૧.૨.૦૯ થી તા.૩૧.૧.૨૦૧૦ | તા.૧.૨.૧૦ થી તા.૩૧.૧.૨૦૧૧ |
|---|---|---|---|
| ૧ | ડભોઈ | ૪,૨૯,૦૮૨ | ૨,૧૬,૯૦,૯૪૩ |
| ૨ | પાદરા | ૫,૮૯,૮૨૨ | ૧,૪૨,૯૯,૨૩૭ |
| ૩ | કરજણ | ૫,૮૫,૯૫૧ | ૧,૩૩,૦૬,૭૯૧ |
| ૪ | છોટાઉદેપુર | ૧,૯૩,૬૯,૬૧૯ | ૧,૨૦,૩૯,૭૦૭ |
| ૫ | સાવલી | ૧,૩૮,૮૮૧ | ૧,૦૨,૩૧,૯૬૮ |
| | કુલ : | ૨,૧૧,૧૩,૩૫૫ | ૭,૧૫,૬૮,૬૪૬ |

(૨) ફાળવેલ રકમ અન્વયે વિકાસના કામો પાછળ વર્ષવાર કરવામાં આવેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | નગરપાલિકા | તા.૧.૨.૦૯ થી તા.૩૧.૧.૨૦૧૦ | તા.૧.૨.૧૦ થી તા.૩૧.૧.૨૦૧૧ |
|---|---|---|---|
| ૧ | ડભોઈ | ---- | ---- |
| ૨ | પાદરા | ---- | ૧૬,૮૦,૫૯૭ |
| ૩ | કરજણ | ૧,૧૩,૬૩૭ | ---- |
| ૪ | છોટાઉદેપુર | ૧,૮૪,૧૫,૭૧૬ | ૫,૪૯,૫૯૨ |
| ૫ | સાવલી | ---- | ---- |
| | કુલ : | ૧,૮૫,૨૯,૩૫૩ | ૨૨,૩૦,૧૮૯ |

## પ્રવાસન વિકાસ અન્વયે જૂનાગઢ જિલ્લામાં સમાવિષ્ટ સ્થળો

**૧૯૦૯૦ : શ્રી ભગવાનભાઈ લા.કરગટીયા (માંગરોળ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રવાસન વિકાસ અન્વયે જૂનાગઢ જિલ્લામાં કેટલા સ્થળોનો સમાવેશ કરવામાં આવેલ છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રવાસન વિકાસ અન્વયે જૂનાગઢ જિલ્લાના નીચે મુજબના સ્થળોનો સમાવેશ કરવામાં આવેલ છે.<br>(અ) ક્લેકટરશ્રી ધ્વારા<br>(૧) ભવનાથ-ગીરનાર તળેટી વિસ્તાર<br>(૨) બુધ્ધિસ્ટ સાઈટ-અશોક શીલાલેખ, બાવા પ્યારાની ગુફા, ખાપરા કોડીયાની ગુફા, શાણાવાંકીયા ગુફા, ઉપરકોટ<br>(૩) સોમનાથ ખાતે સેપ્ટી ચેઈન વોલની કામગીરી<br>(બ) ગુજરાત પ્રવાસન નિગમ લીમીટેડ ધ્વારા<br>(૧) જૂનાગઢ શહેરના સ્થળોનો વિકાસ<br>(૨) સોમનાથ<br>(૩) અહેમદપુર માંડવી<br>(૪) ખાસ અંગભૂત યોજના અંતર્ગત સંતશ્રી રોહીતદાસ મહારાજ સ્થાન-સરસઈ તાલુકો વિસાવદર |
| (૨) તે અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં કેટલી ગ્રાન્ટ વિકાસ માટે ફાળવવામાં આવી, | (૨) તે અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં નીચે મુજબની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.<br>(અ) ક્લેકટરશ્રી ધ્વારા<br>(૧) ભવનાથ રૂપિયા ૭૦૩.૦૦ લાખ<br>(૨) બુધ્ધિસ્ટ સાઈટ રૂપિયા ૪૮.૩૮ લાખ<br>(૩) સોમનાથ રૂપિયા ૭૩.૮૨ લાખ<br>(બ) ગુજરાત પ્રવાસન નિગમ લીમીટેડ ધ્વારા<br>(૧) જૂનાગઢ શહેરના સ્થળોનો વિકાસ માટે રૂપિયા ૯૭૫.૨૨ લાખ<br>(૨) ખાસ અંગભૂત યોજના અંતર્ગત સંતશ્રી રોહીતદાસ મહારાજના સ્થાન-સરસઈ તાલુકો વિસાવદર માટે રૂપિયા ૬૦.૪૭ લાખનો વર્ક ઓડર આપવામાં આવેલ છે. |
| (૩) ફાળવેલ ગ્રાન્ટમાંથી ક્યા સ્થળ પાછળ કેટલો ખર્ચ થયો, અને | (૩) ફાળવેલ ગ્રાન્ટ અન્વયે નીચે મુજબનો ખર્ચ થયેલ છે.<br>(અ) ક્લેકટરશ્રી દ્વારા<br>(૧) સોમનાથ ટ્રસ્ટ દ્વારા સેપ્ટી ચેઈન વોલની કામગીરી માટે રૂપિયા ૦.૭૩ લાખનો ખર્ચ થયેલ છે.<br>(બ) ગુજરાત પ્રવાસન નિગમ લીમીટેડ દ્વારા<br>(૧) જૂનાગઢ શહેરના સ્થળોના વિકાસ માટે રૂપિયા ૬૪.૨૧ લાખનો ખર્ચ થયેલ છે.<br>(૨) ખાસ અંગભુત યોજના અંતર્ગત સંતશ્રી રોહીતદાસ મહારાજ સ્થાન સરસઈ તા. વિસાવદર ખાતેની કામગીરી માટે રૂપિયા ૫૮.૭૧ લાખનો ખર્ચ થયેલ છે. |
| (૪) આ કામ ક્યાં સુધી પૂર્ણ કરવાનું આયોજન છે? | (૪) (અ) ક્લેકટરશ્રી દ્વારા<br>(૧) ભવનાથ - ગીરનાર તળેટી વિસ્તારના વિકાસની કામગીરી મે-૨૦૧૧ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.<br>(૨) બુધ્ધિસ્ટ સાઈટ ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાના વિકાસ માટે પુરાતત્વ ખાતાની મંજૂરી |

મળેથી સૂચિત કામો તુરત જ કરવા આયોજન છે.

(૩) સોમનાથ ટ્રસ્ટ દ્વારા સેફ્ટી ચેઈન વોલની કામગીરી પ્રગતિમાં હોઈ જુન-૨૦૧૧ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

(બ) ગુજરાત પ્રવાસન નિગમ લીમીટેડ દ્વારા

(૧) જૂનાગઢ શહેરના સ્થળોના વિકાસ માટેની કામગીરી ડીસેમ્બર-૨૦૧૧ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

(૨) સોમનાથ-આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાના વિકાસની આનુસાંગિક કાર્યવાહી ચાલુ હોઈ બે વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

(૩) અહેમદપુર માંડવી-આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાના વિકાસની આનુસાંગિક કાર્યવાહી ચાલુ હોઈ બે વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

(૪) ખાસ અંગભૂત યોજના અંતર્ગત સંતશ્રી રોહીતદાસ મહારાજ સ્થાન, સરસઈ તા.વિસાવદર ખાતેની કામગીરી પૂર્ણ થયેલ છે.

## કચ્છ જિલ્લામાં પેયજલના જથ્થો

૨૦૦૯૪ **: શ્રી બાબુભાઈ મે. શાહ (૨૧૫૨) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ઢાંકીથી માળિયા શાખા મારફતે કચ્છ જિલ્લામાં અપાતા પેયજલનો પ્રવાહ/જથ્થો બંધ કરાયો છે તે હકીકત સાચી છે,

(૨) અગાઉના વર્ષોમાં માળિયા શાખામાં થયેલ નુકશાન રીપેર કરવાના સમયગાળા દરમ્યાન મચ્છુ યોજનામાંથી કચ્છ પાઇપલાઇનમાં પાણી આપવામાં આવેલ તે રીતે આ વખતે પાણી ન આપવાનાં કારણો શાં છે, અને

(૩) મચ્છુ પેયજલ પાણી યોજનાનાં માળિયા નજીકનાં ટેઇલ પરથી ખીરાઇ સમ્પ પર પાણી લેવાની અગાઉ નંખાયેલ પાઇપ લાઇન હયાત નહોય તો નાંખવા માટેનાં સૂચનો અન્વયે કોઇ કાર્યવાહી કરવામાં આવી?

**જવાબ**

(૧) ના. જી.

(૨) મચ્છુ-૨ ડેમથી પંચાસર ગામ સુધીની અગાઉ નંખાયેલ પાઇપ લાઇન કાઢી લીધેલ હોવાથી મચ્છુ પેયજળ યોજનામાંથી કચ્છ પાઇપ લાઇનમાંથી પાણી આપી શકાય તેમ નથી.

(૩) મચ્છુ-૨ ડેમથી અગાઉ નાંખવામાં આવેલ પાઇપ લાઇન હયાત નથી. જેની જગ્યાએ ફરીથી પાઇપ નાંખવી જરૂરી ન હોય નાંખવાની કાર્યવાહી કરેલ નથી.

નર્મદાની માળિયા શાખા નહેર આધારિત વિસ્તારને માળીયા શાખા બંધ થાય ત્યારે પીવાના પાણીની મુશ્કેલી ન રહે તે માટે નીચેની પાઇપ લાઇનો નાખવાનું આયોજન કરેલ છે.

(૧) ઢાંકી થી માળીયા સુધીની પાઇપ લાઇન

(૨) નર્મદાની ધ્રાંગધ્રા બ્રાન્ચ કેનાલથી માળીયા બ્રાંચ કેનાલ સુધીની પાઇપ લાઇન.

## ઉકાઇ ડેમના વિસ્થાપિતોને પૂરતી સુવિધાઓ

૨૦૦૮૪ **: શ્રી પુનાભાઈ ધે. ગામીત (વ્યારા)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ ઉકાઇ ડેમના બાંધકામ પછી ગરીબ આદિવાસીઓની જમીન ડુબાણમાં જતાં તેઓ જુદી જુદી જગ્યાઓએ વસવાટ (વસાહત) કરે છે તેમને પૂરતી સુવિધાઓ આપવામાં આવી નથી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેઓને પૂરતી સુવિધાઓ આપવા રાજ્ય સરકારે ક્યા પ્રકારનું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) ના જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા પસંદ થયેલ ખેડા જિલ્લાના સ્થળો**

૧૯૦૮૩ **: શ્રી કનુભાઈ ડાભી (કઠલાલ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં ક્યા ક્યા સ્થળો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા માટે પસંદ કરવામાં આવ્યા,

(૨) પસંદ કરેલ સ્થળોને વિક્સાવવા માટે કઇ કઇ સુવિધા પૂરી પાડવાની સરકારની યોજના છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં નીચે મુજબના સ્થળોને પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા માટે પસંદ કરવામાં આવેલ છે.

(૧) ગળતેશ્વર મહાદેવ મંદિર (સરનાલ) તાલુકો ઠાસરા
(૨) નવાગામ
(૩) માતર
(૪) નડીયાદ
(૫) ડાકોર
(૬) રેયોલી ખાતે ફોસીલ પાર્ક (બાલાસિનોર)

(૨) પસંદ કરાયેલા સ્થળને વિક્સાવવા માટે નીચે મુજબની સુવિધા પૂરી પાડવાની યોજના છે.

(અ) ગળતેશ્વર મહાદેવ મંદિર (સરનાલ) તા.ઠાસરા

(૧) રીવરફ્રન્ટ (૨) રબરબેરીકેટીંગ રસ્તા સાથે માટી પુરાણ (૩) મુખ્ય રસ્તાથી મંદિર સુધીનો સીસી રોડ (૪) બાકી રહેલ ઘાટનું કામ (૫) હયાત ઘાટ ઉપર પગથીયાનું કામ (૬) પુલથી ઘાટ સુધી બગીચાનું તેમજ બગીચાને લગતી અન્ય સુવિધા (૭) રીવરફ્રન્ટ ઉપર બગીચામાં તેમજ રોડ ઉપર લાઇટની સુવિધા (૮) રેલીંગ (૯) હટસ પાંચ નંગ (૧૦) મેઇનગેટ(છ પીલ્લર બીમ તથા મુર્તિ સાથે) (૧૧) અપર રીવર ડેક્નું લેવલીંગ તથા સીસી ફ્લોરીંગ (૧૨) દુકાનો માટે ટેકરાનું લેવલીંગ.

(૨) નવાગામઃ સાઇનેજીસ, સ્મારક્ની સફાઇ, સ્મારક તથા બિલ્ડીંગનું રંગકામ, લાયબ્રેરી, મેડીટેશન કમ કોમ્યુનિટી હોલ, ઓફિસ, સોવિનિયર શોપ, સ્ટોર, પેન્ટ્રી, પીવાના પાણીની વ્યવસ્થા, ટોયલેટ, પાર્કીંગ, કેમ્પીંગ સાઇટ, મ્યુઝિયમ, ઓડિયો વિઝયુલ, ફુડ કાફેટેરીયા

(૩) માતર : સાઇનેજીસ, સ્મારક્ની સફાઇ, સ્મારક તથા બિલ્ડીંગનું રંગકામ, લાયબ્રેરી, મેડીટેશન કમ કોમ્યુનિટી હોલ, ઓફિસ, સોવિનિયર શોપ, સ્ટોર, પેન્ટ્રી, પીવાના પાણીની વ્યવસ્થા, ટોયલેટ, પાર્કીંગ, કેમ્પીંગ સાઇટ,

(૪) નડીયાદ : સાઇનેજીસ, સ્મારક્ની સફાઇ, સ્મારક તથા બિલ્ડીંગનું રંગકામ,

(૫) ડાકોર : ડાકોર ખાતે વિકાસ માટે આર્કિટેક્ની નિમણુંક થઇ ગયેલ છે. જેમાં મંજુર થયેલા કન્સેપ્ટમાં ગોમતીઘાટ ડેવલપમેન્ટ, મંદિર પરીસરનો વિકાસ, મ્યુઝિકલ ફાઉન્ટેન, ટોયલેટ બ્લોક, પાર્કીંગ, જેટીબ્રીજ, પાર્થવેનો વિકાસ વગેરેનો સમાવેશ થાય છે.

(૬) રેયોલી : રેયોલી ખાતે ફોસીલ પાર્ક

(બાલાસિનોર) માટે ઇન્ફોરમેશન રીસેપ્શન / એન્ટરપ્રીટેશન સેન્ટર, એક્ઝીબીશન હોલ, લાર્જ સાઇજ ફાયબર ગ્લાસ મોડલ્સ ઓફ ડાયનાસોર, વર્કીંગ મોડ્યુલ, કાફેટેરીયા, ડાઇનીંગ હોલ, ઓફીસ, કંપાઉન્ડ વોલ, ગેટ, વોચમેન કેબીન, પાર્કીંગ એરિયાનો વિકાસ, વૃક્ષારોપણ અને લેન્ડ સ્કેપીંગ, ઇલેક્ટ્રીકની કામગીરી, પાણી પુરવઠો, બોરવેલ, પંપરૂમ, ટોયલેટ બ્લોક.

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર પ્રત્યેક સ્થળના વિકાસ માટે કેટલા નાણાં ફાળવવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર પ્રત્યેક સ્થળના વિકાસ માટે નીચે મુજબ નાણાં ફાળવવામાં આવેલ છે.

(૧) વર્ષ ૨૦૦૮-૦૯માં રૂપિયા ૫૫.૦૦ લાખ ગળતેશ્વર મહાદેવ મંદિર (સરનાલ)

(૨) વર્ષ ૨૦૦૯-૧૦માં

- રૂપિયા ૧૦૦.૦૦ લાખ ગળતેશ્વર મહાદેવ મંદિર (સરનાલ)
- નવાગામ રૂપિયા ૪૯.૮૧ લાખ
- માતર રૂપિયા ૨૮.૯૮ લાખ
- નડીયાદ રૂપિયા ૧.૮૦ લાખ
- ડાકોર હાલમાં સેધ્ધાંતિક મંજુરી રૂપિયા ૧૫૦૦ લાખની મળેલ છે.
- રેયોલી ખાતે ફોસીલપાર્ક (બાલાસિનોર) રૂપિયા ૬૦૦.૦૦ લાખ.

(૪) તેની સામે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૪) તેની સામે રૂપિયા ૬૪૬.૯૪ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

## નર્મદા જિલ્લામાં વાસ્મો અંતર્ગત ગામોને પાણીની સુવિધા

૨૦૨૧૨ : **શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વાસ્મો યોજના હેઠળ નર્મદા જિલ્લામાં કેટલા ગામોને પાણીની સુવિધાઓ આપવામાં આવી છે, અને

(૨) તે અન્વયે વર્ષવાર કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) સેક્ટર રીફોર્મ (રાજ્ય) હેઠળ ૧૦૩ પાણી પુરવઠા યોજનાઓ તથા વનબંધુ કાર્યક્રમ હેઠળ ૭૩ પાણી પુરવઠા યોજનાઓ મળી કુલ ૧૭૬ પાણી પુરવઠા યોજનાઓ પૂર્ણ કરી પાણીની સુવિધા આપવામાં આવેલ છે.

(૨) પાણી સમિતિને ફાળવેલ ફંડ વર્ષવાર

રૂા. લાખમાં

| વર્ષ | સેક્ટર રીફોર્મ (રાજ્ય) કાર્યક્રમ | વનબંધુ કાર્યક્રમ | કુલ |
|---|---|---|---|
| તા.૧-૦૨-૨૦૦૯થી તા.૩૧-૦૧-૨૦૧૦ | ૧૬૬.૨૫ | ૯૩.૮૩ | ૨૬૦.૦૮ |
| તા.૧-૦૨-૨૦૧૦થી તા.૩૧-૦૧-૨૦૧૧ | ૪૭.૬૨ | ૫૧.૭૮ | ૯૯.૪૦ |
| **કુલ :** | **૨૧૩.૮૭** | **૧૪૫.૬૧** | **૩૫૯.૪૮** |

## સુરત પાસેની ખાડીમાં સ્લુઇસ રેગ્યુલેટરના કામો

૧૯૧૧૨ : **શ્રી નાનુભાઈ ભ.વાનાણી (સુરત શહેર (ઉત્તર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત શહેરમાં આવેલ મસાણીયા, અબ્રામા, કુરુક્ષેત્ર પાસે આવેલ ખાડીઓ પર સ્લુઇસ રેગ્યુલેટરના કામો તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૨) આ કામો ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) કુરુક્ષેત્ર પાસેનું કામ પૂર્ણ થયેલ છે અને મસાણીયા તેમજ અબ્રામા પાસેના કામો પ્રગતિ હેઠળ છે.

(૨) મસાણીયા તેમજ અબ્રામા પાસેના પ્રગતિ હેઠળના કામો તા.૧૫-૬-૧૧ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

## જે.એન.યુ.આર.એમ. અંતર્ગત આણંદ જિલ્લામાં શહેરો માટે રકમની ફાળવણી

૨૦૪૩૯ : **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન રીન્યુઅલ મીશન અંતર્ગત આણંદ જિલ્લામાં ક્યા ક્યા શહેરો માટે તા.૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ કઇ યોજનાઓ હેઠળ ફાળવી,

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન રીન્યુઅલ મીશન અંતર્ગત આણંદ જિલ્લાની નગરપાલિકાને ફાળવેલ રકમની વિગતો નીચે મુજબ છે.

(રકમ રૂ. કરોડમાં)

| ક્રમ | શહેરનું નામ | ૨૦૦૯-૨૦૧૦ | | ૨૦૧૦-૨૦૧૧ | |
|---|---|---|---|---|---|
| | | કેન્દ્ર સરકાર | રાજ્ય સરકાર | કેન્દ્ર સરકાર | રાજ્ય સરકાર |
| **યુ.આઇ.ડી.એસ.એસ.એમ.ટી. યોજના** | | | | | |
| ૧ | બોરીયાવી | ૧.૧ | - | ૦.૯ | ૦.૧ |
| ૨ | ખંભાત | ૧.૮ | ૦.૨ | ૧.૮ | ૦.૨ |
| ૩ | ઉમરેઠ | ૧.૫ | ૦.૨ | - | - |
| | **કુલ :** | ૪.૪ | **૦.૪** | ૨.૭ | **૦.૩** |
| **આઇ.એચ.એસ.ડી.પી. યોજના** | | | | | |
| ક્રમ | શહેરનું નામ | ૨૦૦૯-૨૦૧૦ | | ૨૦૧૦-૨૦૧૧ | |
| | | કેન્દ્ર સરકાર | રાજ્ય સરકાર | કેન્દ્ર સરકાર | રાજ્ય સરકાર |
| ૧ | બોરીયાવી | ૨.૨૦ | ૦.૨૭ | - | - |
| ૨ | આંકલાવ | ૧.૯૩ | ૦.૨૮ | - | - |
| | **કુલ :** | ૪.૧૩ | **૦.૫૫** | - | - |

(૨) ફાળવેલ રકમ અન્વયે કેટલા કામ પૂર્ણ થયા અને કેટલા બાકી રહ્યા છે, અને

(૨) ફાળવેલ રકમ અન્વયે કરવામાં આવેલ કામની પરિસ્થિતિની માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | શહેરનું નામ | કામની પરિસ્થિતિ | |
|---|---|---|---|
| **યુ.આઇ.ડી.એસ.એસ.એમ.ટી. યોજના** | | | |
| ૧ | બોરીયાવી | કામ ચાલુ છે. | |
| ૨ | ખંભાત | કામ ચાલુ છે. | |
| ૩ | ઉમરેઠ | ટેન્ડર ફરીથી મંગાવવાના છે. | |
| ૪ | પેટલાદ | ટેન્ડર મંગાવવાના છે. | |
| ૫ | સોજીત્રા | ડીપીઆર તૈયાર કરવાના છે. | |
| **આઇ.એચ.એસ.ડી.પી. યોજના** | | | |
| ક્રમ | કામની વિગત | પૂર્ણ આવાસની સંખ્યા | બાકી આવાસની સંખ્યા |
| ૧ | બોરીયાવી | ૪૧૫ | ૧૯૬ |
| ૨ | આંકલાવ | - | ૮૦૪ |
| ૩ | ઉમરેઠ | - | ૭૬૦ |
| ૪ | પેટલાદ | - | ૮૩૬ |
| ૫ | સોજીત્રા | - | ૬૦૬ |

(૩) તે અન્વયે યોજનાવાર કેટલો ખર્ચ થયો ?

(૩) તે અન્વયે યોજનાવાર થયેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | યોજનાનું નામ | અત્યાર સુધીમાં થયેલ ખર્ચ (રૂ. કરોડમાં) |
|---|---|---|
| ૧ | યુ.આઇ.ડી.એસ.એસ.એમ.ટી. યોજના | ૭.૫ |
| ૨ | આઇ.એચ.એસ.ડી.પી. યોજના | ૩.૭૧ |
| | **કુલ :** | **૧૧.૨૧** |

## કરજણ સિંચાઇ યોજનાની જી.આઇ.ડી.સી.માં સંપાદિત થયેલ જમીન

૧૯૩૫૪ : **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કરજણ સિંચાઇ યોજનાના કાર્ય વિસ્તારની કેટલી જમીનો જી.આઇ.ડી.સી.માં સંપાદન થઇ છે, અને

(૨) સંપાદન થયેલ જમીન જેટલો બીજો વિસ્તાર સિંચાઇ હેઠળ લાવવા સરકારે ક્યા પ્રકારનું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) ૧૬૦૦ હેક્ટર.

(૨) જી.આઇ.ડી.સી.માં સંપાદન થયેલ વિસ્તારની સામે અન્ય વિસ્તારનો સમાવેશ કરવા વિગતવાર અભ્યાસ ચાલી રહેલ છે.

--------

**દસક્રોઇ તાલુકાના ગામોને નર્મદાનું પીવાનું પાણી અંગે**

૨૦૩૮૦ **: શ્રી બાબુભાઈ પટેલ (દસકોઈ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાનાં દસક્રોઇ તાલુકાના ગામોને પીવાના પાણી માટે નર્મદાનું પાણી પુરૂં પાડવા અંગે કોઇ યોજના છે કે કેમ, | (૧) હા જી. |
| (૨) જો હા, તો આ યોજનામાં કેટલા ગામોનો સમાવેશ થયેલ છે, અને | (૨) ૬૨ ગામોનો સમાવેશ થયેલ છે. |
| (૩) તે પૈકી કેટલા ગામોને હાલમાં પાણી પુરૂં પાડવામાં આવે છે ? | (૩) તમામ ૬૨ ગામોને પીવાનું પાણી પુરૂં પાડવામાં આવે છે. |

**ગાંધીનગરનો જે.એન.યુ.આર.એમ.માં સમાવેશ કરવા દરખાસ્ત**

૨૦૪૬૪ **: શ્રી અનિલકુમાર માળી (દિયોદર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સરકાર દ્વારા પાટનગર ગાંધીનગરને જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન હેઠળ સાંકળી લેવા કેન્દ્ર સરકાર સમક્ષ કેટલીવાર દરખાસ્ત કરવામાં આવી, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા પાટનગર ગાંધીનગરને જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન હેઠળ સાંકળી લેવા કેન્દ્ર સરકાર સમક્ષ કુલ ૩ વખત દરખાસ્ત કરવામાં આવેલ છે. |
| (૨) તે અન્વયે શો પ્રતિભાવ મળ્યો ? | (૨) તે અન્વયે કેન્દ્ર સરકાર તરફથી કોઇ જ પ્રતિભાવ મળેલ નથી. |

--------

**પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા પાટણ જિલ્લાના સમાવિષ્ટ સ્થળો**

૧૯૦૭૧ **: શ્રી રજનીકાન્ત સો.પટેલ (ચાણસ્મા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યા ક્યા સ્થળો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા માટે પસંદ કરવામાં આવ્યા, | (૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં નીચેના સ્થળોને પ્રવાસન સ્થળ તરીકે પસંદ કરવામાં આવ્યા.<br>(૧) વટેશ્વર મહાદેવ મંદિર (દેથલી)<br>(૨) સિધ્ધેશ્વરી માતા મંદિર (મંડલોપ)<br>(૩) વીરમેઘમાયા સ્મારક (પાટણ)<br>(૪) રાવત રામજી મંદિર (સિધ્ધપુર)<br>(૫) પાટણ શહેર<br>(૬) સિધ્ધપુર |
| (૨) પસંદ કરેલ સ્થળોને વિકસાવવા માટે કઇ કઇ સુવિધા પૂરી પાડવાની સરકારની યોજના છે, | (૨) પસંદ કરેલ સ્થળોને વિકસાવવા માટે નીચે મુજબની સુવિધા પૂરી પાડવાની યોજના છે.<br>(૧) વટેશ્વર મહાદેવ તથા સિધ્ધેશ્વરી માતા મંદિર ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધા.<br>(૨) ખાસ અંગભૂત યોજના અંતર્ગત વિરમેઘમાયા સ્મારક ખાતે યાત્રાળુઓ માટે શેડ, હાટ, સ્થળનું મહત્વ દર્શાવતું બોર્ડ, દિશાસૂચક બોર્ડ, પ્રવેશદ્વાર, કંપાઉન્ડ વોલ, ટોયલેટ બ્લોક, ઇલેક્ટ્રીક રૂમ, બાગ બગીચો, પાણીની વ્યવસ્થા, પેવરબ્લોક, ફ્લોરીંગ વાળા પાથવે વગેરેની કામગીરી.<br>(૩) રાવત રામજી મંદિર સિધ્ધુપર ખાતે યાત્રાળુઓ માટે શેડ, હાટ, સ્થળનું મહત્વ દર્શાવતું બોર્ડ, દિશાસૂચક બોર્ડ, પ્રવેશ દ્વાર, કંપાઉન્ડ વોલ, ટોયલેટ બ્લોક, ઇલેક્ટ્રીક રૂમ, બાગ બગીચો, પાણીની વ્યવસ્થા, પેવરબ્લોક, ફ્લોરીંગ વાળા પાથવેની કામગીરી. |

(૪) પાટણ શહેરમાં આવેલ ગાંધી ગાર્ડનનો વિકાસ, કાલકા ગાર્ડનનો વિકાસ, ખાન સરોવર થી રિધ્ધિ સરોવર રોડ, ત્રિકમ બારોટ વાવનું રીનોવેશન, સિધ્ધિ સરોવરનો વિકાસ, કનસણા ગેટ થી સહસ્ત્રલીંગ તળાવનો રોડ વગેરેની કામગીરી.

(૫) સિધ્ધપુર શહેરમાં આવેલ બિંદુ સરોવર ખાતે એમીનીટી સેન્ટર, પીંડભવન, પાર્કીંગ, મ્યુઝીયમ બીલ્ડીંગ, મંદિરો ઉપર સ્ટોનનું કામ, ટોયલેટ બ્લોક, સ્ટોન કંપાઉન્ડ વોલ, સીક્યોરીટી કેબીન, ઇલેક્ટ્રીક રૂમ, હાઇમાસ્ક, લેન્ડ સ્કેપીંગ, ડેકોરેટીવ સ્ટોન ગેટ, આંતરીક રસ્તાઓની કામગીરી હાથ ધરવામાં આવેલ છે તેમજ સિધ્ધનાથ મહાદેવ ખાતે ગાદી બીલ્ડીંગ, ઓફીસ બીલ્ડીંગ, રીવરેજનો વિકાસ, એમીનીટીઝ સેન્ટર, મંદિરોનું રીનોવેશન કામ, સાંઇબાબા મંદિરના આસપાસના વિકાસની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર પ્રત્યેક સ્થળના વિકાસ માટે કેટલા નાણાં ફાળવવામાં આવ્યા, અને

(૩) (અ) કલેક્ટરશ્રી પાટણને વર્ષ ૨૦૦૯-૧૦માં રૂપિયા ૧૦૦.૦૦ લાખ તથા વર્ષ ૨૦૧૦-૧૧માં રૂપિયા ૧૫૦.૦૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.
(બ) ગુજરાત પ્રવાસન નિગમ લીમીટેડ દ્વારા નીચે મુજબના સ્થળો માટે વર્ષ ૨૦૦૯-૧૦માં તથા વર્ષ ૨૦૧૦-૧૧માં નીચે મુજબ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.
(૧) વિરમેઘમાયા સ્મારક રૂપિયા ૧૩૦.૮૦ લાખ.
(૨) રાવત રામજી મંદિર રૂપિયા ૬૩.૮૫ લાખ.
(૩) પાટણ શહેર રૂપિયા ૬૯૧.૦૦ લાખ.
(૪) ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ડેવલપમેન્ટ ઓફ બિન્દુ સરોવર- રૂપિયા ૧૦.૭૬ કરોડ.
(૫) સ્ટોરનું સમારકામ અને મંદિરનું નવીનીકરણ રૂપિયા ૧૪ કરોડ.
(૬) બિન્દુ સરોવર ખાતેના બાગબગીચાની સુશોભનની કામગીરી - રૂપિયા ૨.૨૫ કરોડ.
(૭) ડેવલપમેન્ટ ઓફ સિધનાથ મહાદેવ અને તેની આજુબાજુના વિસ્તારનો વિકાસ - રૂપિયા ૧૪.૬૬ કરોડ.

(૪) તેની સામે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૪) આ અંગે રૂપિયા ૯,૧૮,૩૯,૦૦૦/- નો ખર્ચ થયેલ છે.

## માંડવી તાલુકાના ગામોને નર્મદાનું પીવાનું પાણી

૨૦૩૮૯ : **શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૧૦ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં માંડવી તાલુકાના કેટલા ગામોને પીવા માટે નર્મદાનું પાણી આપવામાં આવેલ છે, અને

(૨) બાકીના ગામોને ક્યાં સુધીમાં નર્મદાનું પીવાનું પાણી આપવામાં આવશે?

**જવાબ**

(૧) માંડવી તાલુકાના ૩૯ ગામોને નર્મદાનું પાણી આપવામાં આવે છે.

(૨) માંડવી તાલુકાના વસ્તીવાળા તમામ ૮૯ ગામોને નર્મદાના પાણીની વિતરણ યોજનાઓનું જોડાણ આપવામાં આવેલ છે.
તા.૩૧/૧૨/૧૦ની સ્થિતિએ બાકીના ૫૦ ગામો સ્થાનિક સોર્સનું પાણી મેળવતા હતા જેથી નર્મદાનું પાણી પૂરૂં પાડવામાં આવેલ નથી.
નર્મદાના પાણીની જરૂરીયાત જણાયે પૂરૂં પાડવામાં આવશે.

### રતનીયા ગામતળાવ થકી સિંચાઈની સુવિધા

૨૦૫૮૯ : **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ (બારડોલી)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લાના માંડવી તાલુકાના રતનીયા ગામમાં આવેલ તળાવમાંથી સિંચાઈની સુવિધા આપવા માંગો છો, અને

(૨) જો હા, તો ઘાટા, મઢી, બેડકુવા, સાદડી જામણકુવા બાલદા (બાદલ), વાંસુકઈ અને ક્હેર ગામોને આ સિંચાઈના લાભો મળી શકે તે માટે સરકારનું શું આયોજન છે?

**જવાબ**

(૧) ના જી,

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### સમગ્ર રાજ્ય માટે નર્મદાનું પીવાનું પાણી

૧૮૮૨૨ : **શ્રી ચંદુભાઈ મો.ડાભી (કરજણ)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજનામાંથી પીવાનું પાણી સમગ્ર રાજ્યને પૂરૂં પાડવા માટે કેટલા પાણીના જથ્થાની વાર્ષિક જરૂરીયાત છે, અને

(૨) તે અન્વયે તા. ૩૧/૧/૧૧ની સ્થિતિએ કેટલું પાણી ઉપલબ્ધ થયેલ છે?

**જવાબ**

(૧) નર્મદા યોજનામાં પૂર્ણ થયેલ યોજનાઓની હાલની વાર્ષિક જરૂરિયાત ૫૦૧૮૯ ક્રોડ લીટર છે.

(૨) તા. ૩૧/૧/૧૧ની સ્થિતિએ જરૂરિયાત પ્રમાણે કુલ ૩૪૨૭૫ ક્રોડ લીટર પાણી મેળવવામાં આવેલ છે.

### સુરત જિલ્લામાં મંજૂર હેન્ડપંપો

૨૦૩૮૯ : **શ્રી કિરીટભાઈ ગં.પટેલ (ઓલપાડ)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧/૧૨/૧૦ની સ્થિતિએ તાલુકાવાર કેટલા હેન્ડપંપો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા હેન્ડપંપોના કામ પૂર્ણ થયા, અને

(૩) બાકી હેન્ડપંપના કામો ક્યાં સુધીમાં પૂર્ણ થશે?

**જવાબ**

(૧) સુરત જિલ્લામાં ૨૪૦૦ હેન્ડપંપ મંજૂર કરવામાં આવ્યા જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| **તાલુકો** | **મંજૂર કરેલ હેન્ડપંપની સંખ્યા** |
|---|---|
| માંગરોળ | ૩૨૬ |
| ઉમરપાડા | ૪૦૪ |
| માંડવી | ૮૮૬ |
| મહુવા | ૪૨૪ |
| બારડોલી | ૧૮૦ |
| પલસાણા | ૬૩ |
| કામરેજ | ૪૮ |
| **તાલુકો** | **મંજૂર કરેલ હેન્ડપંપની સંખ્યા** |
| ચોર્યાસી | ૨૨ |
| ઓલપાડ | ૪૭ |
| કુલ | ૨૪૦૦ |

(૨) ૨૨૧૫ સ્થળોએ બોર શારવામાં આવેલા છે, તે પૈકી ૧૧૯૪ હેન્ડપંપના કામ પૂર્ણ કરવામાં આવ્યા છે અને ૧૦૨૧ સ્થળોએ હેન્ડપંપ બેસાડવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.

(૩) ક્રમશઃ માર્ચ-૨૦૧૧ સુધીમાં પૂર્ણ થશે.

### નવસારી તાલુકામાં સેકટર રીફોર્મ કાર્યક્રમ (રાજ્ય) અંતર્ગત મંજૂર યોજનાઓ

૨૦૩૬૯ : **શ્રી લક્ષ્મણભાઈ પટેલ (ગણદેવી)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લાના નવસારી તાલુકામાં સેકટર રીફોર્મ કાર્યક્રમ હેઠળ તા. ૩૧/૧૨/૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) આ યોજનાઓ અન્વયે પાણી સમિતિઓને ઉક્ત સમયગાળા દરમિયાન કુલ કેટલું ફંડ ફાળવવામાં આવેલ છે?

**જવાબ**

(૧) સેકટર રીફોર્મ (રાજ્ય) કાર્યક્રમ હેઠળ ૧૫ યોજનાઓ મંજૂર કરવામાં આવી,

(૨) રૂા. ૫૬.૩૯ લાખનું ફંડ ફાળવેલ છે.

**લુણાવાડા અને ખાનપુર તાલુકાની સિંચાઈ યોજનાની કાચી કેનાલો**

૧૮૮૪૪ **: શ્રી હીરાભાઈ હ.પટેલ (લુણાવાડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૧૦ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં લુણાવાડા અને ખાનપુર તાલુકાઓની કઈ કઈ સિંચાઈ યોજનાઓની કેનાલો કાચી છે, | (૧) લુણાવાડા તાલુકામાં કડાણા યોજનાની ડાબા કાંઠા પિયત વિસ્તારની કેટલીક નહેરો તથા વરધરી, જેસોલા, કમાલપુર, ધામોદ, મોટી ઝાંઝરી, રસોડીયા અને સરોલી વિગેરે નાની સિંચાઈ યોજનાની કેનાલો કાચી છે, ખાનપુર તાલુકામાં કડાણા યોજનાની જમણા કાંઠા પિયત વિસ્તારની કેટલીક નહેરો તથા જલાઈ ધુલેટા, ડોડાવંટા, ક્લેશ્વરી માતા, કાકરી મહુડી, જલ કુકડી, નરોડા વિગેરે નાની સિંચાઈ યોજનાની કેનાલો કાચી છે. |
| (૨) કાચી કેનાલો પાકી બનાવવા સિંચાઈ યોજનાવાર તા. ૩૧/૧૨/૧૦ની સ્થિતિએ કેટલો ખર્ચ અંદાજવામાં આવ્યો છે, અને | (૨) લુણાવાડા તાલુકામાં રૂા. ૧૬૪૯ લાખનો તથા ખાનપુર તાલુકામાં ૨૯૬.૫૮ લાખનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. |
| (૩) કાચી કેનાલોને કારણે પાણી વેડફાય છે તે નિવારવા માટેનું સરકારનું શું આયોજન છે? | (૩) કેનાલોને તબક્કાવાર વિવિધ યોજના હેઠળ પાકી કરવાનું આયોજન છે. |

**ગાંધીનગર તાલુકામાં સેક્ટર રીફોર્મ કાર્યક્રમ (રાજ્ય) અંતર્ગત મંજૂર યોજના**

૨૦૩૭૪ **: શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લાના ગાંધીનગર તાલુકામાં સેકટર રીફોર્મ કાર્યક્રમ હેઠળ તા. ૩૧/૧૨/૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી અને | (૧) સેકટર રીફોર્મ કાર્યક્રમ (રાજ્ય) હેઠળ ૧૮ યોજનાઓ મંજૂર કરવામાં આવી. |
| (૨) આ યોજનાઓ અન્વયે પાણી સમિતિઓને ઉક્ત સમયગાળા દરમિયાન કુલ કેટલુ ફંડ ફાળવવામાં આવેલ છે? | (૨) રૂા. ૧૯૬.૦૪ લાખનું ફંડ ફાળવવામાં આવેલ છે. |

**નર્મદા આધારિત જાફરાબાદ-વેરાવળ પીવાના પાણીની પાઈપ લાઈનનું કામ**

૧૯૧૬૧ **: શ્રી ભગવાનભાઈ લા.કરગટીયા (માંગરોળ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૧૦ની સ્થિતિએ જાફરાબાદ-વેરાવળ પીવાના પાણીની પાઈપ લાઈનનું કામ મંજૂર થયેલ છે તે હકીકત સાચી છે, | (૧) જાફરાબાદ થી વેરાવળ નહિ પરંતુ કડિયાળીથી વેરાવળ નર્મદાના પીવાના પાણીની પાઈપ લાઈનનું કામ મંજૂર થયેલ છે. |
| (૨) જો હા, તો આ કામની કાર્યવાહી હાલ ક્યા તબક્કે છે, અને | (૨) ઉપર મુજબનું કામ પ્રગતિમાં છે. |
| (૩) કેટલા સમયમાં આ કામ પૂરૂ થશે, અને | (૩) માહે જૂન-૨૦૧૧ સુધીમાં પૂરું કરવાનું આયોજન છે. |
| (૪) આ કામ પાછળ અંદાજિત ખર્ચ કેટલો થશે? | (૪) રૂા. ૪૦૯.૨૧ ક્રોડનો ખર્ચ થવાનો અંદાજ છે. |

**વડોદરા જિલ્લામાં સી.એચ.સી.**

૧૯૩૮૨ **: શ્રી ધીરુભાઈ ભીલ (નસવાડી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧/૧/૧૧ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં તાલુકાવાર સી.એચ.સી. કેટલા છે, | (૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧/૧/૧૧ની સ્થિતિએ કુલ-૧૭ સામુહિક આરોગ્ય કેન્દ્રો છે, જેની માહિતી *પત્રક-અ મુજબ છે |
| (૨) ઉક્ત સી.એચ.સી.માં તા. ૩૧/૧/૧૧ની સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ મંજૂર થયલે છે અને કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને | (૨) સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં તા. ૩૧/૧/૧૧ની સ્થિતિએ સંવર્ગવાર મંજૂર જગ્યાઓ તથા ખાલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે તેની માહિતી દર્શાવતું *પત્રક- |

કેટલા સમયથી ખાલી છે તેની માહિતી દર્શાવતું *પત્રક-બ સામેલ છે

(૩) આવી ખાલી જ્ગ્યાઓ સત્વરે નહિં ભરવાના કારણો શાં છે?

(૩) **વર્ગ-૧/૨-** ની ખાલી જગ્યાઓ માટે જરૂરી લાયકાત ધરાવતા તબીબો પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ થતા નથી.

**વર્ગ-૩-** આ સંવર્ગની ખાલી જગ્યાઓ ગોણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર ધ્વારા સીધી ભરતીથી ભરવામાં આવે છે, જે ગોણ સેવા પસંદગી મંડળ ધ્વારા ફાળવણી થાય ત્યારે જગ્યા ભરી શકાય છે.

**વર્ગ-૪** - ખાલી જગ્યાઓ આઉટ સોર્સીંગથી જરૂરીયાત મુજબ ભરવામાં આવે છે.

(*પત્રક સચિવશ્રીની ક્ચેરીમાં રાખેલ છે.)

## આણંદ જિલ્લામાં નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના

૧૯૦૩૬ : **શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આણંદ જિલ્લામાં કઈ કઈ નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે,

(૨) મંજૂર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા. ૩૧/૧/૧૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૩) નગરપાલિકા દીઠ કેટલો ખર્ચ મંજૂર થયેલ છે?

**જવાબ**

(૧) તા. ૩૧/૧૨/૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આણંદ જિલ્લાની કરમસદ, સોજીત્રા અને વલ્લભ વિદ્યાનગર નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવે છે.

(૨) મંજૂર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા. ૩૧/૧/૧૧ની સ્થિતિએ નીચે મુજબ છે.

| ક્રમ | ન.પા.નું નામ | સ્થિતિ |
|---|---|---|
| ૧ | કરમસદ | ટેન્ડર મંજૂરી હેઠળ છે. |
| ૨ | સોજીત્રા | ડીટીપી પુર્તતા હેઠળ છે. |
| ૩ | વલ્લભ વિદ્યાનગર | ટેન્ડરો બહાર પાડવાના છે. |

(૩) નગરપાલિકા દીઠ નીચે મુજબ અંદાજીત ખર્ચ મંજૂર કરવામાં આવેલ છે.

રૂા. લાખમાં

| ક્રમ | ન.પા.નું નામ | રકમ |
|---|---|---|
| ૧ | કરમસદ | ૩૫૬.૫૪ |
| ૨ | સોજીત્રા | ૬૩૮.૩૦ |
| ૩ | વલ્લભ વિદ્યાનગર | ૪૧૦.૪૮ |

--------

## મહેસાણા જિલ્લાના ગામોને નર્મદાનું પીવાનું પાણી

૨૦૩૯૧ : **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના ક્યા ક્યા તાલુકાના કેટલા ગામોને પીવા માટે નર્મદાનું પાણી પૂરૂં પાડતી યોજનામાં આવરી લેવાયા, અને

(૨) તે પૈકી કેટલા ગામોને નર્મદાનું પાણી પૂરૂં પાડવામાં આવે છે ?

**જવાબ**

(૧) અને (૨) તાલુકાવાર નીચેની વિગતે

| તાલુકો | આવરી લેવાયેલ ગામો | નર્મદાનું પાણી પૂરૂં પાડવામાં આવતા ગામો |
|---|---|---|
| કડી | ૧૧૯ | ૧૧૯ |
| મહેસાણા | ૧૧૮ | ૧૧૨ |
| બેચરાજી | ૫૨ | ૪૯ |

--------

## રાજ્યમાં જિલ્લાવાર ૧૦૮ એમ્બ્યુલન્સ વાન

૧૯૮૮૪ : **શ્રી માનસિંહ ચૌહાણ (બાલાસિનોર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર ૧૦૮ એમ્બ્યુલન્સ વાન કેટલી છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ રાજ્યમાં ૧૦૮ એમ્બ્યુલન્સ વાનની કુલ સંખ્યા ૪૫૩ છે.

| જિલ્લો | સંખ્યા | જિલ્લો | સંખ્યા |
|---|---|---|---|
| અમદાવાદ | ૪૬ | સુરત | ૨૮ |
| ગાંધીનગર | ૧૨ | તાપી | ૮ |
| મહેસાણા | ૧૫ | ડાંગ | ૫ |

| | | | |
|---|---|---|---|
| મહેસાણા | ૧૫ | ડાંગ | ૫ |
| પાટણ | ૧૧ | નવસારી | ૧૧ |
| સાબરકાંઠા | ૧૯ | વસલાડ | ૧૨ |
| બનાસકાંઠા | ૧૮ | ભાવનગર | ૨૨ |
| આણંદ | ૧૪ | અમરેલી | ૧૬ |
| ખેડા | ૧૭ | જામનગર | ૧૮ |
| વડોદરા | ૩૧ | જુનાગઢ | ૨૨ |
| પંચમહાલ | ૨૩ | પોરબંદર | ૫ |
| દાહોદ | ૨૨ | રાજકોટ | ૨૪ |
| ભરૂચ | ૧૪ | સુરેન્દ્રનગર | ૧૩ |
| નર્મદા | ૮ | કચ્છ | ૧૯ |

(૨) ૧૦૮ એમ્બ્યુલન્સ વાનમાં ભારત સરકારનો ફાળો કેટલો અને રાજ્ય સરકારનો ફાળો કેટલો છે ?

(૨) કુલ ૪૫૩ એમ્બ્યુલન્સ વાનોમાં કેન્દ્ર સરકારનો ફાળો રૂા. ૩૩૧૩.૬૬ લાખ અને રાજ્ય સરકારનો ફાળો રૂા. ૧૩૬૭.૨૨ લાખ છે. રાજ્ય સરકાર દ્વારા પી.આઇ.પી.માં એન.આર.એચ.એમ.ના પોતાના ભાગે આવતા નાણાને ૧૦૮ સેવાઓમાં ઉપયોગ કરવા માટે સૂચવાયેલ જોગવાઇના કારણે ફક્ત ૨૦૦૮માં જ આ ગ્રાન્ટ આ સેવા માટે વાપરવામાં આવી છે.

--------

## અમદાવાદ સિવિલ હોસ્પિટલના વિકાસ માટે ફાળવેલ રકમ

૧૯૫૬૪ **: શ્રી ગ્યાસુદીન શેખ (શાહપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમદાવાદ સિવિલ હોસ્પિટલના વિકાસ માટે કેન્દ્ર સરકારે વર્ષવાર કેટલી રકમ ફાળવી.

(૨) તેમાં રાજ્ય સરકારનો કેટલો ફાળો છે, અને

(૩) તે અન્વયે વર્ષવાર કેટલી રકમનો ઉપયોગ ક્યા કામો પાછળ ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમદાવાદ સિવિલ હોસ્પિટલના વિકાસ માટે કેન્દ્ર સરકારે વર્ષવાર ફાળવેલ રકમની વિગત નીચે મુજબ છે.
૨૦૦૮-૦૯ રૂા. ૨૫.૬૮ કરોડ
૨૦૦૯-૧૦ ગ્રાન્ટ ફાળવેલ નથી.
૨૦૧૦-૧૧ ગ્રાન્ટ ફાળવેલ નથી.

(૨) રાજ્ય સરકારનો રૂા. ૨૦.૦૦ કરોડનો ફાળો છે.

(૩) વર્ષવાર ખર્ચની વિગતો નીચે મુજબ છે.

(૧)

| વર્ષ | રકમ રૂા. | ખર્ચની વિગત |
|---|---|---|
| ૨૦૦૮-૦૯ | - | - |
| ૨૦૦૯-૧૦ | ૧૧,૬૩,૯૮૫ | કન્સ્ટ્રકશન ઓફ નર્સીંગ સ્કુલ એન્ડ કોલેજ |
| ૨૦૧૦-૧૧ (૩૧-૧૨-૨૦૧૦ સુધી | ૫,૩૬,૫૭,૪૭૪ | |
| કુલ. | ૫,૪૮,૨૧,૪૫૯ | |

(૨)

| વર્ષ | રકમ રૂા. | ખર્ચની વિગત |
|---|---|---|
| ૨૦૦૮-૦૯ | - | - |
| ૨૦૦૯-૧૦ | ૪૬,૦૦,૧૦૩ | તબીબી સાધનોની ખરીદી |
| ૨૦૧૦-૧૧ (૩૧-૧૨-૨૦૧૦ સુધી | ૧૨,૧૨,૪૮,૨૩૨ | |
| કુલ. | ૧૨,૫૮,૪૮,૩૩૫ | |

ઉપરોક્ત બંને મળીને કુલ રૂા. ૨૨,૦૬,૬૯,૭૯૪ નું ખર્ચ થવા પામેલ છે.

--------

## કચ્છ જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાનો વ્યાપ

૧૯૦૩૨ **: શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા તાલુકાવાર કેટલી વાન ઉપલબ્ધ છે, અને ક્યાં ક્યાં, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબના સ્થળોએ ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા ઉપલબ્ધ છે.

| **તાલુકો** | **ફાળવેલ એમ્બ્યુલન્સ** | **લોકેશન (સ્થળ)** |
|---|---|---|
| રાપર | ૩ | અદેસર, રાપર, બાલાસિનોર |
| અંજાર | ૨ | અંજાર. દુધઇ |
| અબડાસા | ૧ | અબડાસા |
| નખત્રાણા | ૨ | નખત્રાણા. નીરોના |
| મુન્દ્રા | ૧ | મુન્દ્રા |
| લખપત | ૨ | લખપત, વર્માનગર |
| **તાલુકો** | **ફાળવેલ એમ્બ્યુલન્સ** | **લોકેશન (સ્થળ)** |
| માંડવી | ૨ | માંડવી, ઘડશીસા |
| ભૂજ | ૪ | ભૂજ-૨, ખાવડા, ભુજ (1 Back up) |
| ભચાઉ | ૧ | ભચાઉ |
| ગાંધીધામ | ૧ | ગાંધીધામ |

(૨) આ સેવાનો વ્યાપ વધારવા ગ્રામ્ય કક્ષાએ કેટલી નવી વાન ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ફાળવી ?

(૨) કુલ-૨ વર્માનગર (લખપત) અને નીરોના (નખત્રાણા)

--------

## ધાતરવાડી-૧ સિંચાઇ યોજના હેઠળના ધાંડલા-ભાક્ષી ગામને જોડતો બ્રીજ

૧૯૪૪૬ : **શ્રી હીરાભાઈ સોલંકી (રાજુલા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ધાતરવાડી-૧ સિંચાઇ યોજનામાં પુનઃવસન પામેલ અસરગ્રસ્ત ધાંડલા-ભાક્ષી ગામને જોડતા સુરજવડી નદી ઉપરના બ્રીજના કામ માટે કોઇ માંગણી આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો આ અંગે શી કાર્યવાહી કરાયેલ છે, અને

(૩) અસરગ્રસ્ત ધાંડલા-ભાક્ષીને જોડતો બ્રીજ બનાવવા શું આયોજન છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રૂા. ૪૭.૭૯ લાખની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.

(૩) તાંત્રિક મંજૂરી અને ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી કામ હાથ ધરવાનું આયોજન છે.

## જલાલપોર તાલુકામાં સેકટર રીફોર્મ કાર્યક્રમ અંતર્ગત મંજૂર યોજના

૨૦૩૭૫ : **શ્રી આર.સી. પટેલ (જલાલપોર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લામાં જલાલપોર તાલુકામાં સેકટર રીફોર્મ કાર્યક્રમ હેઠળ તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) આ યોજનાઓ અન્વયે પાણી સમિતિઓને ઉક્ત સમયગાળા દરમિયાન કુલ કેટલું ફંડ ફાળવવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) સેકટર રીફોર્મ (રાજ્ય) કાર્યક્રમ હેઠળ ૨૩ યોજના મંજૂર કરવામાં આવી.

(૨) રૂા. ૬૬.૮૦ લાખનું ફંડ ફાળવવામાં આવેલ છે.

--------

## સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં નર્મદાનું પાણી

૧૯૨૭૦ : **શ્રી ભરતભાઈ વ. ખોરાણી (ચોટીલા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં કુલ કેટલા ગામો અને શહેરોને નર્મદાનું પાણી ઘર વપરાશના હેતુસર આપવાનું આયોજન છે ?

**જવાબ**

સુરેન્દ્રનગર જિલ્લાના તમામ ૬૪૮ ગામો અને ૯ શહેરોને તથા રાજકોટ જિલ્લાના તમામ ૯૪૪ ગામો અને ૧૦ શહેરોને નર્મદાનું પાણી આપવાનું આયોજન છે.

--------

## આરોગ્ય અને પરિવાર ક્લ્યાણ વિભાગનું સંવર્ગવાર મહેકમ

**૧૯૨૯૭ : શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ સચિવાલય આરોગ્ય પરિવાર ક્લ્યાણ વિભાગમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેક્મ સામે ખરેખર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) આવી ખાલી જગ્યાઓ સત્વરે નહીં ભરવાના કારણો શાં છે અને કેટલા સમયમાં આવી જગ્યાઓ ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ સચિવાલય આરોગ્ય પરિવાર ક્લ્યાણ વિભાગમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેક્મ સામે ખરેખર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, તેની વિગતો સામેલ **પત્રક**માં રજૂ કરેલ છે.

(૨) વહીવટી કારણોસર આ ખાલી જગ્યાઓ ભરાયેલ નથી અને વર્ગ-૧, વર્ગ-૨ અને વર્ગ-૩ સંવર્ગની જગાઓ જેમ બને તેમ સત્વરે ભરાશે. જ્યારે વર્ગ-૪ની સેવાઓ આઉટસોર્સથી લેવાની થતી હોઇ તે જગાઓ ભરવાની થતી નથી.

**પત્રક**

| અ.નં. | સંવર્ગ | મંજૂર જગા | ભરેલી જગા | ખાલી જગા | જગા ક્યારથી ખાલી |
|---|---|---|---|---|---|
| ૧ | અગ્ર સચિવ, વર્ગ-૧ | ૧ | ૧ | ૦ | |
| ૨ | અધિક સચિવ, વર્ગ-૧ | ૧ | ૧ | ૦ | |
| ૩ | સંયુક્ત સચિવ, વર્ગ-૧ | ૧ | ૧ | ૦ | |
| ૪ | નાયબ સચિવ | ૪ | ૪ | ૦ | |
| ૫ | ઉપ સચિવ, વર્ગ-૧ | ૮ | ૭ | ૧ | એક જગા તા.૨૦-૯-૨૦૧૦થી ખાલી |
| ૬ | સેકશન અધિકારી, વર્ગ-૨ | ૨૧ | ૧૭ | ૪ | એક જગા તા.૩-૭-૨૦૧૦થી ખાલી |
| | | | | | એક જગા તા.૬-૧૦-૨૦૧૦થી ખાલી |
| | | | | | એક જગા તા.૩૦-૯-૨૦૧૦થી ખાલી |
| | | | | | એક જગા તા.૩૧-૩-૨૦૧૦થી ખાલી |
| ૭ | સ્ટેનોગ્રાફર, ગ્રેડ-૧, ગુજરાતી | ૪ | ૨ | ૨ | એક જગા તા.૨૩-૪-૨૦૧૦થી ખાલી |
| | | | | | એક જગા તા.૩૧-૩-૨૦૧૦થી ખાલી |
| ૮ | સ્ટેનોગ્રાફર, ગ્રેડ-૧, અંગ્રેજી | ૨ | ૧ | ૧ | એક જગા તા.૨૩-૪-૨૦૧૦થી ખાલી |
| ૯ | નાયબ સેકશન અધિકારી, વર્ગ-૩ | ૬૮ | ૫૧ | ૧૭ | એક જગા તા.૩૦-૧૧-૨૦૧૦થી ખાલી |
| | | | | | એક જગા તા.૩-૧૨-૨૦૧૦થી ખાલી |
| | | | | | એક જગા તા.૧૬-૯-૨૦૦૬થી ખાલી |
| | | | | | એક જગા તા.૩૧-૩-૨૦૧૦થી ખાલી |
| | | | | | એક જગા તા.૩૧-૮-૨૦૦૮થી ખાલી |
| | | | | | એક જગા તા.૧૭-૮-૨૦૦૯થી ખાલી |
| | | | | | એક જગા તા.૩૧-૩-૨૦૧૦થી ખાલી |
| | | | | | એક જગા તા.૪-૨-૨૦૧૧થી ખાલી |
| | | | | | એક જગા તા.૧૨-૧૦-૨૦૦૬થી ખાલી |
| | | | | | એક જગા તા.૭-૧૦-૧૯૯૯થી ખાલી |
| | | | | | એક જગા તા.૩૦-૪-૨૦૧૦થી ખાલી |
| | | | | | એક જગા તા.૩૧-૩-૨૦૦૯થી ખાલી |
| | | | | | એક જગા તા.૪-૫-૨૦૧૦થી ખાલી |
| | | | | | એક જગા તા.૩૦-૬-૨૦૦૮થી ખાલી |
| | | | | | એક જગા તા.૧૬-૪-૨૦૦૯થી ખાલી |
| | | | | | એક જગા તા.૩૧-૮-૨૦૦૮થી ખાલી |
| | | | | | એક જગા તા.૧૮-૩-૨૦૦૯થી ખાલી |
| ૧૦ | સ્ટેનોગ્રાફર, ગ્રેડ-૨, ગુજરાતી | ૫ | ૪ | ૧ | એક જગા તા.૬-૮-૨૦૦૯થી ખાલી |
| ૧૧ | સ્ટેનોગ્રાફર, ગ્રેડ-૨, અંગ્રેજી | ૨ | ૦ | ૨ | એક જગા તા.૧-૪-૨૦૦૫થી ખાલી |
| | | | | | એક જગા તા.૫-૪-૨૦૦૦થી ખાલી |
| ૧૨ | સ્ટેનોગ્રાફર, ગ્રેડ-૩, ગુજરાતી | ૧ | ૦ | ૧ | એક જગા તા.૨૬-૨-૨૦૦૯થી ખાલી |
| ૧૩ | સામાન્ય ફરજ કારકુન, વર્ગ-૩ | ૧૩ | ૧૩ | ૦ | |
| ૧૪ | અંગ્રેજી ટાઇપીસ્ટ, વર્ગ-૩ | ૨ | ૧ | ૧ | એક જગા તા.૧-૫-૨૦૦૮થી ખાલી |
| ૧૫ | ગુજરાતી ટાઇપીસ્ટ, વર્ગ-૩ | ૧૫ | ૯ | ૬ | એક જગા તા.૩૦-૯-૨૦૦૯થી ખાલી |
| | | | | | એક જગા તા.૨૪-૧૦-૨૦૦૬થી ખાલી |
| | | | | | એક જગા તા.૩૦-૬-૨૦૧૦થી ખાલી |
| | | | | | એક જગા તા.૪-૨-૨૦૦૬થી ખાલી |
| | | | | | એક જગા તા.૨૦-૯-૨૦૦૭થી ખાલી |
| | | | | | એક જગા તા.૧૩-૬-૨૦૦૭થી ખાલી |
| ૧૬ | ડ્રાયવર, વર્ગ-૩ | ૫ | ૫ | ૦ | |
| ૧૭ | હવાલદાર, વર્ગ-૪ | ૧ | ૦ | ૧ | એક જગા તા.૩૦-૬-૨૦૦૫થી ખાલી |
| ૧૮ | નાયક, વર્ગ-૪ | ૨ | ૧ | ૧ | એક જગા તા.૩૦-૬-૨૦૦૬થી ખાલી |
| ૧૯ | પટાવાળા, વર્ગ-૪ | ૨૮ | ૨૧ | ૭ | એક જગા તા.૨૩-૪-૨૦૧૦થી ખાલી |
| | | | | | એક જગા તા.૨૩-૪-૨૦૧૦થી ખાલી |

| અ.નં. | સંવર્ગ | મંજૂર જગા | ભરેલી જગા | ખાલી જગા | જગા ક્યારથી ખાલી |
|---|---|---|---|---|---|
| | | | | | એક જગા તા.૩૦-૬-૨૦૧૦થી ખાલી |
| | | | | | એક જગા તા.૭-૫-૨૦૦૬થી ખાલી |
| | | | | | એક જગા તા.૫-૧-૨૦૦૬થી ખાલી |
| | | | | | એક જગા તા.૨૭-૧૧-૨૦૦૦થી ખાલી |
| | | | | | એક જગા તા.૨૮-૯-૧૯૯૮થી ખાલી |
| ૨૦ | હમાલ, વર્ગ-૪ | ૩ | ૧ | ૨ | એક જગા તા.૨૭-૮-૨૦૦૪થી ખાલી<br>એક જગા તા.૧૬-૩-૨૦૦૬થી ખાલી |
| | કુલ : | ૧૮૭ | ૧૪૦ | ૪૭ | |

--------

**ગઢડા તાલુકાના લીંબાળી ડેમ રીપેર કરવાની કામગીરી**

૨૦૨૨૦ : **શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં ગઢડા તાલુકામાં લીંબાળી ડેમ રીપેર કરવાની કામગીરી શરૂ થયેલ છે કે કેમ, અને

(૨) આ કામગીરી ક્યારે પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) હા જી.

(૨) ચોમાસા ૨૦૧૧ પહેલા પૂર્ણ કરવાનું આયોજન છે.

--------

**માલણ અને સમઢિયાળા બંધારાની વિસ્તરણ કેનાલનું કામ**

૧૯૪૯૮ : **શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા (મહુવા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના માલણ બંધારા-સમઢિયાળા બંધારા વિસ્તરણ કેનાલનું મંજૂર થયેલું કામ તા.૩૧-૦૧-૨૦૧૧ ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૨) આ કામ કેટલા સમયમાં પૂર્ણ કરવા સરકારનું આયોજન છે ?

**જવાબ**

(૧) સાઇટ-સફાઇના તબક્કે છે.

(૨) સરકારી મશીનરી ઉપલબ્ધ થયે પૂર્ણ કરવાનું આયોજન છે.

--------

**અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં બંધ રહેલા એમ.આર.આઈ. મશીન**

૧૯૧૪૭ : **શ્રી શૈલેષભાઈ મ.પરમાર (શહેર કોટડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧/૧૧ની સ્થિતિએ અમદાવાદ સિવીલ હોસ્પિટલમાં કેટલા એમ.આર.આઈ. મશીનો છે.

(૨) તા. ૩૧/૧/૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ મશીનો કુલ કેટલા દિવસ બંધ રહયા, અને

(૩) આ મશીનો બંધ રહેતા સત્વરે યોગ્ય કાર્યવાહી નહીં કરવાના કારણો શાં છે?

**જવાબ**

(૧) બે

(૨) ૧ વર્ષ ૮ દિવસ, (ફીલીપ્સ કંપનીનું મશીન છે, તેમના મત મુજબ આ મશીન રીપેરેબલ નથી.)

(૩) કંપનીના જણાવ્યાનુસાર તેના સ્પેરપાર્ટસ ઉપલબ્ધ ન હોવાથી ચાલુ થઈ શકે તેમ નથી, પરંતુ પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ હેઠળ વૈકલ્પિક વ્યવસ્થા થી એમ.આર.આઈ. મશીન તારીખ ૧૦/૮/૨૦૦૯ થી ચાલુ છે, તે ઉપરાંત કેન્સર સોસાયટીનું એમ.આર.આઈ. મશીન આજ કેમ્પસમાં ચાલુ હોઈ દર્દીઓને જરૂરી સવલત ઉપલબ્ધ છે.

**ધોળકા તાલુકામાં સ્વજલધારા કાર્યક્રમ અંતર્ગત મંજૂર યોજના**

૨૦૩૭૧ : **શ્રી કાંતિલાલ ૨ા. લકુમ (બાવળા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકામાં સ્વજલધારા કાર્યક્રમ હેઠળ તા. ૩૧/૧૨/૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી યોજનાઓ મંજૂર

**જવાબ**

(૧) ૩૧ યોજનાઓ મંજૂર કરવામાં આવી.

કરવામાં આવી, અને

(૨) આ યોજનાઓ અન્વયે પાણી સમિતિઓને ઉક્ત સમયગાળા દરમિયાન કુલ કેટલું ફંડ ફાળવવામાં આવેલ છે?

(૨) રૂા. ૧૧૪.૦૧ લાખનું ફંડ ફાળવવામાં આવેલ છે.

**ઉંડ-૨ ગુણાતીત સિંચાઈ યોજનાના અધુરા કામ બાબત**

૧૯૫૭૯ : **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા)** : તા. ૨૪-૭-૦૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૧૩૭૩ (અગ્રતા-૩૦)ના અનુસંધાને **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાની ઉંડ-૨ ગુણાતીત સિંચાઈ યોજનાની ડાબી સાઈડની કેનાલનું બાકી કામ ડિસે.-૨૦૧૦ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન હતુ તે પૂર્ણ થયેલ છે કે કેમ, અને

(૧) ના જી,

(૨) જો આ કામ પૂર્ણ ન થયું હોય તો તેના શાં કારણો છે, અને

(૨) નહેરની શરૂઆતની લંબાઈમાં ખુલ્લી નહેરના બદલે પાઈપ લાઈનની માંગણી તથા ખાનગી જમીન સોંપવામાં ખેડુતોનો અસહકાર મુખ્ય કારણો છે.

(૩) આ કામ વહેલામાં વહેલા ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

(૩) જમીનનાં કબજા મળ્યેથી શક્ય તેટલુ વહેલુ પૂર્ણ કરવાનું આયોજન છે.

**વલસાડ, નવસારી અને તાપી જિલ્લામાં સી.એચ.સી. અને પી.એચ.સી.માં સંવર્ગવાર મંજૂર જગ્યાઓ**

૨૦૧૦૧ : **શ્રી છનાભાઈ ચૌધરી (ધરમપુર)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧/૧/૨૦૧૧ની સ્થિતિએ વલસાડ, નવસારી અને તાપી જિલ્લામાં ક્લસ્ટર હેલ્થ સેન્ટર તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સેન્ટરોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકીની કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૧) અને (૨)

તા. ૩૧/૧/૨૦૧૧ની સ્થિતિએ વલસાડ, નવસારી અને તાપી જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રમાં સંવર્ગવાર મંજૂર, ભરેલી અને ખાલી જગ્યાઓની વિગત દર્શાવતા *પત્રક-અ, *પત્રક-બ, *પત્રક-ક અને *પત્રક-ડ તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સંવર્ગવાર મંજૂર, ભરેલી અને ખાલી વિગત દર્શાવતા *પત્રક-ગી, *પત્રક-રી અને *પત્રક-શ સામેલ છે

(૩) ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે?

(૩) સામુહિક આરોગ્ય કેન્દ્રોની વર્ગ-૧ અને ૨ની જગ્યાઓ ભરવા દર મંગળવારે વોક ઈન ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે જેમાં ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ ખાલી જગ્યાઓ ઉપર નિમણુંક આપવામાં આવે છે. પેરા મેડીકલ સંવર્ગની જગ્યાઓ ભરવા ગૌણ સેવા પસંદગી મંડળને માંગણાપત્રકો મોકલી આપેલ છે, જે પૈકી જુનીયર ફાર્માસીસ્ટ સંવર્ગના ૯૦ ઉમેદવારોની યાદી મળેલ છે, જેને નિમણુંક આપવાની કાર્યવાહી ચાલુમાં છે, આ ઉપરાંત વર્ગ-૩ની અન્ય અને વર્ગ-૪ની ખાલી જગ્યાઓ સામે જરૂર જણાય ત્યાં આઉટ સોર્સથી કામગીરી લેવામાં આવે છે.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની જુનીયર ફાર્માસીસ્ટ તથા લેબોરેટરી ટેક્નીશીયનની જગ્યાઓ ભરવા સક્ષમ કક્ષાએથી મંજુરી મેળવવાની કાર્યવાહી પ્રક્રિયામાં છે, ડ્રાયવર તથા વર્ગ-૪ની ખાલી જગ્યાઓની કામગીરી આઉટ સોર્સથી લેવામાં આવે છે.

**(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

**અમદાવાદ જિલ્લામાં પ્રવાસન સ્થળોના વિકાસ માટે કામગીરી**

૧૯૦૮૯ **: શ્રી કમાભાઈ ગ.રાઠોડ (વિરમગામ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં સને ૨૦૦૮-૦૯ અને સને ૨૦૦૯-૧૦ તથા ૨૦૧૦-૧૧ના વર્ષમાં તા. ૩૧/૧૨/૨૦૧૦ સુધીમાં પ્રવાસન સ્થળોના વિકાસ માટે શી શી કામગીરી હાથ ધરવામાં આવી, અને

(૨) આ માટે સરકારે વર્ષવાર કેટલી ગ્રાન્ટ ફાળવી, અને

**જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯ અને વર્ષ ૨૦૦૯-૧૦ તથા ૨૦૧૦-૧૧ દરમિયાન તા. ૩૧/૧૨/૨૦૧૦ સુધીમાં જિલ્લાના પ્રવાસન સ્થળોએ નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવી,

**વર્ષ ૨૦૦૮-૦૯**

(૧) લોથલ :- લોથલ, ગણેશપુરા તથા અરણેજ મંદિર સ્થલ, અંતર દર્શાવતા જુદા જુદા બોર્ડની કામગીરી, લોથલ તળાવને ઉંડુ કરવાની કામગીરી પૂર્ણ કરેલ છે,

(૨) વિલેજકોટ ગણપતિપુરાઃ- ટોયલેટ બ્લોકની કામગીરી માટે કલેકટરશ્રી ધ્વારા વહીવટી મંજુરી આપવામાં આવેલ છે.

**વર્ષ ૨૦૦૯-૧૦**

(૧) લપકામણ :- તળાવને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે આનુસાંગિક કામગીરી હાથ ઉપર લેવામાં આવેલ છે.

(૨) નળસરોવર ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાના વિકાસની કામગીરી માટે કાર્યવાહી ચાલુમાં છે.

**વર્ષ ૨૦૧૦-૧૧**

(૧) નળસરોવર ખાતે ઈકો ટુરીઝમના વિકાસ માટે પ્રથમ તબક્કાની કામગીરી ચાલુમાં છે. ગુજરાત પ્રવાસન નિગમ લી. ધ્વારા ખાસ અંગતભૂત યોજના હેઠળ નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

(૧) કેસરડી સંતશ્રી જોધલપીરની જગ્યાએ પીવાના પાણીનો રૂમ, ટોયલેટ બ્લોક, યાત્રાળુઓ માટે શેડ, હાટ, બાગ-બગીચો, પેવર બ્લોકનું પેવીંગ, પાથવે, સ્થળનું મહત્વ દર્શાવતું બોર્ડ, સાઈનેજીસ, પાર્કીંગ તથા મુખ્ય પ્રવેશદ્વારની કામગીરી પૂર્ણતાને આરે છે.

(૨) ઝાંઝરકા :- સંતશ્રી સવગુણ સમાધી સ્થાન ખાતે મુખ્ય પ્રવેશ દ્વાર, કંપાઉન્ડ વોલ, પાથવે, ટોયલેટ, પીવાના પાણી માટેનો રૂમ, બાગ-બગીચા તથા રોડની કામગીરી હાથ ધરવામાં આવેલ છે, જે પૂર્ણતાને આરે છે.

(૩) આ ઉપરાંત જિલ્લામાં આવેલ લોથલ, વિરમગામ, સાબરમતી આશ્રમ અમદાવાદ અને સરખેજ રોજા ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાના વિકાસ માટે સેપ્ટ સંસ્થા મારફત કાર્ય યોજના આધારીત અહેવાલ તૈયાર કરવામાં આવે છે, જે અન્વયે લોથલ ખાતેની કામગીરી માટે આર્કીટેકની પસંદગી કરવામાં આવેલ છે અને આનુસાંગિક કાર્યવાહી ચાલુમાં છે.

(૨) આ માટે જિલ્લા કલેકટરશ્રી અમદાવાદને નીચે મુજબની ગ્રાન્ટ ફાળવેલ છે

વર્ષ ૨૦૦૮-૦૯ રૂપિયા ૭૩.૫૦ લાખ

વર્ષ ૨૦૦૯-૧૦ રૂપિયા ૩૦૦.૦૦લાખ

વર્ષ ૨૦૧૦-૧૧ રૂપિયા૨૬૦.૦૦ લાખ

તદ્ઉપરાંત ખાસ અંગભુત યોજના અંતર્ગત આંતર

માળખાકીય અને પ્રવાસન સુવિધા માટે રૂપિયા ૧૫૨.૮૯ લાખની કામગીરી ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

(૩) તે માટે જિલ્લા તંત્રએ કેટલો ખર્ચ કર્યો?

(૩) જિલ્લા કલેકટરશ્રી અમદાવાદને ફાળવેલ ગ્રાન્ટ પેકી રૂપિયા ૧૨૦.૨૧ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. જ્યારે ખાસ અંગભુત યોજના હેઠળ ગુજરાત પ્રવાસન નિગમ લિ. દ્વારા રૂપિયા ૧૩૦.૧૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

### તબીબી કોલેજોના સંચાલન માટે સોસાયટીની રચના અંગે

૧૯૧૨૧ : **શ્રી કિશોરભાઈ વાંકાવાળા (સુરત શહેર પશ્ચિમ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્ય સરકારે નવી મેડીકલ અને ડેન્ટલ કોલેજોના સંચાલન માટે સોસાયટીની રચના કરેલ છે તે બાબત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગત શી છે, અને | (૨) સોસાયટી રજીસ્ટ્રેશન એક્ટ ૧૮૬૦ અને મુંબઇ સાર્વજનિક ટ્રસ્ટો બાબતના અધિનિયમ ૧૯૫૦ હેઠળ સોસાયટીનું રજીસ્ટ્રેશન કરવામાં આવેલ છે.સુચિત ૭ નવી મેડીકલ કોલેજોના સંચાલન માટે સરકારશ્રીના તા.૨૦-૦૮-૦૯ના ઠરાવથી ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટીની તેમજ સુચિત એક નવી ડેન્ટલ કોલેજના સંચાલન માટે સરકારશ્રીના તા.૨૫-૦૯-૨૦૧૦ના ઠરાવથી સોસાયટી ફોર ગુજરાત ડેન્ટલ હેલ્થ એજ્યુકેશન એન્ડ રીસર્ચની રચના કરવામાં આવેલ છે. |
| (૩) આ પ્રકારની સોસાયટીથી તબીબી કોલેજોનાં સંચાલનમાં અને પ્રવેશ માટેની બેઠકોમાં શું લાભ થનાર છે ? | (૩) આ પ્રકારની સોસાયટીથી તબીબ કોલેજોનું સંચાલન સ્વાયત્ત બનશે તથા પ્રવેશ માટેની બેઠકોમાં વધારો થશે. |

### મોરબી નગરપાલિકામાં ભૂગર્ભ ગટર યોજના

૧૯૦૫૦ : **શ્રી કાંતિભાઈ અમૃતિયા (મોરબી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજકોટ જિલ્લાની મોરબી નગરપાલિકામાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી |
| (૨) જો હા, તો મંજૂર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૨) ભૂગર્ભ ગટર યોજનાના ડ્રાફ્ટ ટેન્ડર પેપર મંજૂર થયેલ છે. ટેન્ડરો માંગવામાં આવી રહેલ છે. |
| (૩) આ માટે કેટલો ખર્ચ મંજૂર થયેલ છે ? | (૩) રૂા.૬૦૪૨.૬૫ લાખની અંદાજિત રકમ મંજૂર કરવામાં આવેલ છે. |

### વડોદરા જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર

૧૯૪૫૮ : **શ્રી સિધ્ધાર્થભાઈ પટેલ (ડભોઈ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં જાન્યુઆરી ૨૦૧૧ની સ્થિતિએ કુલ કેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્ર છે, | (૧) વડોદરા જિલ્લામાં જાન્યુઆરી ૨૦૧૧ની સ્થિતિએ કુલ ૧૭ સામૂહિક આરોગ્ય કેન્દ્ર છે, |
| (૨) તે પૈકી કેટલા સામૂહિક કેન્દ્રમાં એક્ષ-રે મશીન, રેફ્રીજરેટર, એમ્બ્યુલન્સ અને ઓટો ક્લેવની સુવિધા નથી, અને | (૨) સામૂહિક આરોગ્ય કેન્દ્ર ઝોઝમાં એક્સ-રે મશીન નથી અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર, છાણીમાં એમ્બ્યુલન્સ નથી. |
| (૩) આ અંગે રાજ્ય સરકારનું શું આયોજન છે ? | (૩) આગામી વર્ષમાં પૂરી પાડવાનું આયોજન કરેલ છે. |

**અમદાવાદ સીવીલ હોસ્પિટલના નવસર્જન માટે કેન્દ્ર સરકાર તરફથી મળેલ ગ્રાન્ટ**

૧૯૩૬૨ **: શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર અમદાવાદની સિવિલ હોસ્પિટલનું નવસર્જન કરવા માટે કેન્દ્ર સરકાર તરફથી કેટલી રકમ, ક્યા કામ માટે ક્યારે ફાળવવામાં આવી, અને | (૧) |
| (૨) તે અન્વયે ક્યા કામો માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) (૧) નર્સીંગ સ્કુલ અને કોલેજનું બાંધકામઃ રૂા.૫,૪૮,૨૧,૪૫૯ (૨) સાધનોની ખરીદીઃ રૂા.૧૨,૫૮,૪૮,૩૩૫. |

| વર્ષ | રૂા. |
|---|---|
| વર્ષ ૨૦૦૮ | ૧૮.૬૮ કરોડ |
| વર્ષ ૨૦૦૯ | ---------- |
| વર્ષ ૨૦૧૦ | ---------- |

--------

**બનાસકાંઠા જિલ્લામાં જલમણી કાર્યક્રમ**

૧૮૭૫૧ **: શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના ક્યા ક્યા તાલુકાની કઇ કઇ શાળાઓમાં જલમણી કાર્યક્રમ અંતર્ગત શાં લાભો આપવામાં આવેલ, | (૧) બનાસકાંઠા જિલ્લાના ૧૨ તાલુકાઓની ૪૯૫ શાળાઓમાં યુ.વી. પ્લાન્ટ તથા આર.ઓ. પ્લાન્ટના લાભો આપવામાં આવેલ છે. (પત્રક* મુજબ) |
| (૨) કેટલી શાળાઓમાં ઉક્ત લાભો આપવાનાં બાકી છે, અને | (૨) ૧૯૯૩ શાળાઓમાં લાભ આપવાનો બાકી છે. |
| (૩) બાકી કામો ક્યારે પૂર્ણ થશે ? | (૩) ક્રમશઃ કામ પૂર્ણ કરવામાં આવશે. |

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

--------

**જામનગર જિલ્લાની કલ્યાણપર શાહી સિંચાઈ યોજનાની સબ કેનાલના કામો**

૧૮૪૭૯ **: શ્રી મેઘજીભાઈ કણઝારીયા (ખંભાળીયા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લાની કલ્યાણપર શાહી સિંચાઈ યોજનાની સબ કેનાલના કેટલા કામો તારીખ ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ બાકી છે, અને | (૧) જામનગર જિલ્લામાં સિંચાઈ વિભાગ હસ્તક કલ્યાણપર શાહી સિંચાઈ યોજના નામની કોઈ સિંચાઈ યોજના આવેલ નથી. |
| (૨) બાકી કામો ક્યારે પૂર્ણ કરવામાં આવશે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**રાજ્યમાં કોંગો વાઈરસથી થયેલ મૃત્યુ**

૧૯૭૬૧ **: શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં શંકાસ્પદ ક્રીમીયન કોંગો વાઈરસથી કેટલા નાગરીકોના મૃત્યુ થયા? | (૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિ ક્રિમીયન કોન્ગો વાયરસના કારણે ચાર વ્યક્તિઓનાં મૃત્યુ થયેલ છે. તે પેકીના ૨ મૃત્યુ ક્રિમીયન કોંન્ગો હેમરેજીક ફીવરથી પોઝીટીવ અને ૨ વ્યક્તિ સંભવિત કેસ તરીકે ગણેલ છે. |
| (૨) ક્રીમીયન કોંગો વાઈરસથી નાગરીકોને | (૨) મંત્રીશ્રી (આરોગ્ય) એ રોગની ગંભીરતાને |

બચાવવા સરકારે શાં પગલાઓ ભર્યા?

ધ્યાને લઈ તેમના અધ્યક્ષ સ્થાને તા.૧૮-૧-૧૧નાં રોજ આરોગ્ય વિભાગ, પશુપાલન વિભાગ, ખાનગી તબીબો અને નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ વાયરોલોજી, પુનાનાં ઉચ્ચ અધિકારીઓ સાથે એક તાકીદની બેઠક બોલાવી રોગની સારવાર અને અટકાયત માટેની કામગીરીના આયોજન માટે વિગતે ચર્ચા કરેલ.

- આ રોગથી અસરગ્રસ્ત થયેલ કોલટ (અમદાવાદ), અમદાવાદ શહેર, કેસીંપા (મહેસાણા) અને અડાસર (ખેડા) ગામો તથા આ ગામોની ૫ કિલોમીટરની ત્રિજ્યામાં આવેલ ગામોમાં આ રોગના શંકાસ્પદ દર્દીઓની શોધ માટે ૩૩ ટીમો દ્વારા સર્વેલેન્સની કામગીરી હાથ ધરવામાં આવેલ, કુલ ૩૭૫૮૯ વ્યક્તિઓનો સર્વે હાથ ધરવામાં આવેલ, ૩૦૦ લોહીના નમૂના પરીક્ષણ અર્થે લેવામાં આવેલ.

- સર્વેલન્સ દરમ્યાન મળેલ શંકાસ્પદ દર્દીઓના લોહીના નમૂના તપાસ અર્થે લઈ નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ વાયરોલોજી, પુના ખાતે મોકલવામાં આવતા અને આવા દર્દીઓને સીવીલ હોસ્પિટલમાં ઉભા કરવામાં આવેલ અલાયદા આઈસોલેશન વોર્ડમાં રાખી સારવાર આપવામાં આવેલ.

- શંકાસ્પદ દર્દીઓના સંપર્કમાં આવેલ નજીકના સંબંધિઓ તથા સારવાર કરનાર હોસ્પિટલ સ્ટાફની દિવસમાં બે વાર શારિરીક તપાસ કરવામાં આવતી જેથી કરીને આ રોગના ચિન્હો માલુમ પડે તાત્કાલિક સારવાર ચાલુ કરી શકાય. અત્યાર સુધીમાં ૨૮૭ વ્યક્તિઓની આવી તપાસ કરવામાં આવેલ છે તથા જનસમુદાયમાં આ રોગ બાબતે ભય ન ફેલાય અને સાચી માહિતી મળે તે અંગે પ્રચાર પ્રસાર કરવામાં આવેલ છે.

- આ રોગના ફેલાવા માટે ઈતરડી જવાબદાર હોઈ તેના નિયંત્રણ માટે અસરગ્રસ્ત વિસ્તારમાં પશુપાલન વિભાગના સંકલનમાં રહી ૧૩૫૫૭ પ્રાણીઓ ઉપર જંતુનાશક દવાનો, છંટકાવ કરવામાં આવેલ છે.

- નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ વાયરોલોજી, પુના અને નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ કોમ્યુનીકેબલ ડીસીઝ સેન્ટર, દીલ્હીના તજજ્ઞોને અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાત કરાવીને જરૂરી માર્ગદર્શન મેળવવામાં આવેલ.

(૩) આ રોગાની સારવાર રાજ્યમાં ક્યાં ક્યાં સ્થળે ઉપલબ્ધ છે?

(૩) - આ રોગ માટેની પ્રાથમિક સારવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તેમજ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ઉપલબ્ધ છે. રેફરલ સારવાર જિલ્લાની જનરલ હોસ્પિટલો અને સઘન સારવાર મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલોમાં ઉપલબ્ધ છે.

**ખાંભા તાલુકાના ગામોને મહી-પરિએજ આધારિત પીવાનું પાણીની**

૧૮૮૬૫ **: શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના કેટલા ગામડાઓને મહી પરિએજ આધારિત પાઈપલાઈન દ્વારા પીવાનું પાણી આપવામાં આવે છે,

(૨) તે પૈકી ક્યા ગામોમાં પાઈપ લાઈન હોવા છતાં પાણી મળતું નથી.

**જવાબ**

(૧) યોજનાના કામો પ્રગતિમાં હોય ખાંભા તાલુકાના ગામોને પાઈપલાઈન દ્વારા પાણી પુરવઠો ચાલુ કરી શકાયેલ નથી.

(૨) ૭ ગામોની પાઈપલાઈનની કામગીરી પૂર્ણ થયેલ છે. પણ રેલ્વે ક્રોસીંગની કામગીરી બાકી હોઈ

પાણી આપી શકાતું નથી.

(૩) આ ગામોને ક્યારે પાણી આપવામાં આવશે, અને

(૩) રેલ્વે ક્રોસીંગની કામગીરી પૂર્ણ કરીને વહેલીતકે.

(૪) ઉક્ત સ્થિતિએ કઈ યોજના નીચે ઉક્ત બાકીના ગામોને પીવાનું પાણી પુરૂ પાડવામાં આવે છે અને તે મુજબ પાણી નિયમિત અને પૂરતું મળે છે કે કેમ?

(૪) * કૂવો અને બોર આધારિત વ્યક્તિગત પાણી પુરવઠા યોજના અને હેન્ડપંપ દ્વારા
* જરૂરિયાત મુજબ પુરતુ પાણી મળે છે.

**ગાંધીનગર જિલ્લામાં પ્રવાસન સ્થળોના વિકાસ માટે કામગીરી**

૧૯૦૮૪ **: શ્રી કલ્યાણસિંહ ચૌહાણ (દહેગામ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર જિલ્લામાં સને ૨૦૦૮-૦૯ અને સન ૨૦૦૯-૧૦ તથા સન ૨૦૧૦-૧૧ ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં પ્રવાસન સ્થળોના વિકાસ માટે શી કામગીરી હાથ ધરવામાં આવી,

**જવાબ**

(૧) ગાંધીનગર જિલ્લામાં સને ૨૦૦૮-૦૯ અને સન ૨૦૦૯-૧૦ તથા સન ૨૦૧૦-૧૧ ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં પ્રવાસન સ્થળોના વિકાસ માટે નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવી

**વર્ષ ૨૦૦૮-૦૯**

(૧) સાદરા ગામના મુખ્ય ડામર રસ્તા થી જક્ષીણી માતાના મંદિર સુધીના એપ્રોચ રોડનું સીસી રોડ કામ તથા સંરક્ષણ દિવાલનું કામ

(૨) સાદરા ગામના જક્ષીણી માતાના મંદિરે જતા રસ્તા ઉપર આવેલ એતિહાસીક ટાવરનું રીનોવેશન

(૩) રામજી મંદિર ટેકરેથી ચાલુ થતા ગામ સુધીના કાચા રસ્તાની સુધારણા તથા રેલીંગનું કામ

(૪) સાદરા ગામના જક્ષીણી માતાના મંદિરે વાહનો માટે પાર્કીંગ સ્થળ વિકસાવવાનું કામ

(૫) જક્ષીણી માતાના મંદિર ખાતે હાઈમાક્સ લાઈટ

(૬) સાંપા વાવ ખાતે સંરક્ષણ દિવાલ

(૭) મલાવ તળાવ માણસા ખાતે આરસીસી રેમ્પની કામગીરી

(૮) અડાલજ ખાતે થીમપાર્કના વિકાસ માટે સાઈટ ક્લીનીંગ, રેસ્ટોરન્ટ, ૩ નંગ કીયોસ્ક, ૩ દુકાનો, તળાવનો વિકાસ, પાર્કીંગ વ્યવસ્થા, તળાવમાં નર્મદાનું પાણી ભરવાની સીસ્ટમ, ટુરીસ્ટ રીસેપ્શન સેન્ટરની સાથે વાવના ઇતિહાસની વિગત, ટોયલેટ બ્લોક, ૩ વોટરહટ, મેઈન ગેટ, વોટર એરેન્જમેન્ટ સીસ્ટમ, કંપાઉન્ડ વોલ, આરસીસી પીલ્લર સાથે, બોરવેલ, અંડરગ્રાઉન્ડ ટાંકો, કોબલ સ્ટોનથી ઈન્ટરનલ રોડનો વિકાસ, એરીયા લાઈટીંગ, સીક્યોરીટી કેબીન, ધોલાવીરા સ્ટ્રક્ચર, એન્ટ્રન્સ પ્લાઝા, કુંડ સ્ટ્રક્ચર, નર્મદા સ્ટ્રક્ચર તથા હવેલી સ્ટ્રક્ચરની કામગીરી.

(૯) ખાસ અંગભૂત યોજના અંર્તગત સંતશ્રી ગેબી મંદિર કલોલ ખાતે ટોયલેટ બ્લોક, શેડ, પીવાના પાણીની વ્યવસ્થા, બેઠક વ્યવસ્થા, સ્થળનું મહત્વ દર્શાવતુ બોર્ડ, સાઈનેજીસ, પેવર બ્લોકનું પેવીંગ, બાગ-બગીચાની કામગીરી.

(૨) આ માટે રાજ્ય સરકારે વર્ષવાર કેટલી ગ્રાન્ટ આપી, અને

(૨) આ માટે રાજ્ય સરકારે વર્ષ ૨૦૦૮-૦૯માં રૂપિયા ૧૦૩૩.૮૪ લાખની ગ્રાન્ટ આપેલ છે.

(૩) તે માટે કેટલો ખર્ચ થયો?

(૩) તે માટે રૂપિયા ૯૯૬.૦૮ લાખનો ખર્ચ થયેલ છે.

## ભિલોડા કોટેજ હૉસ્પિટલમાં મહેકમ

૨૦૨૯૨ : **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાની ભિલોડા ખાતે આવેલ કોટેજ હોસ્પિટલ કેટલી પથારીઓવાળી છે,

(૨) એમાં ઉક્ત સ્થિતિએ જુદા-જુદા સંવર્ગની સંવર્ગવાર કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે અને એમાંથી કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને

(૩) એમાં મેડીકલ ઓફિસર વર્ગ-૨ની જગ્યાઓ પથારીના પ્રમાણમાં ઓછી હોઈ વિભાગ તરફથી મેડીકલ ઓફિસરની જગ્યાઓ મંજૂર કરવા માંગણી આવેલ છે કે કેમ?

**જવાબ**

(૧) ૯૫.

(૨)

| સંવર્ગ | મંજૂર થયેલ જગ્યા | ભરાયેલ જગ્યા |
|---|---|---|
| વર્ગ-૧ | ૧૨ | ૦૫ |
| વર્ગ-૨ | ૦૪ | ૦૪ |
| વર્ગ-૩ | ૩૭ | ૨૮ |
| વર્ગ-૪ | ૨૨ | ૧૭ |

(૩) હા જી.

--------

## સાવલી તાલુકામાં ધારાસભ્યની ગ્રાન્ટમાંથી પાણી પુરવઠાના કામો

૧૯૭૪૨ : **શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં ધારાસભ્યની ગ્રાન્ટમાંથી ક્યા ક્યા ગામે હેન્ડ પંપો-બોર અને ઈલે.મોટર માટેના કામો હાથ ધરવામાં આવ્યાં ?

**જવાબ**

જિલ્લા આયોજન મંડળ દ્વારા નીચેની વિગતે સાવલી તાલુકાના ૨૨ ગામમાં હેન્ડ પંપો-બોર અને ઈલે.મોટર તથા અન્ય ૨૩ કામો હાથ ધરવામાં આવ્યા

| અ.નં. | ગામનું નામ | અ.નં. | ગામનું નામ |
|---|---|---|---|
| ૧ | સાંઢાસાલ | ૧૨ | ઉદલપુર |
| ૨ | ધન્તેજ | ૧૩ | ટુંડાવ |
| ૩ | આનંદીનામુવાડા | ૧૪ | ઈટવાડા |
| ૪ | બાલાનાપુરા | ૧૫ | જુનાસમલાયા |
| **અ.નં.** | **ગામનું નામ** | **અ.નં.** | **ગામનું નામ** |
| ૫ | છાલીયેર | ૧૬ | મેવલીયાપુરા |
| ૬ | જબાપુરા | ૧૭ | રણછોડપુરા |
| ૭ | ડાભીયાપુરા | ૧૮ | કેવડામાતાના મુવાડા |
| ૮ | પોઈચા | ૧૯ | ચોતરીયા |
| ૯ | લહેરીપુરા | ૨૦ | કનોડા |
| ૧૦ | ગોપરી | ૨૧ | નટવરનગર |
| ૧૧ | પીપળીયા | ૨૨ | જુના શિહોરા |

--------

## તાપી સિવિલ હૉસ્પિટલમાં સંવર્ગવાર મંજૂર મહેકમ

૧૮૮૧૯ : **શ્રી પુનાભાઈ ઘે. ગામીત (વ્યારા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ તાપી જિલ્લામાં આવેલ સિવિલ હોસ્પિટલમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું, અને

(૨) આ મંજૂર થયેલ મહેકમ સામે સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે ?

**જવાબ**

(૧)

| સંવર્ગ | મંજૂર મહેકમ |
|---|---|
| વર્ગ-૧ | ૨૩ |
| વર્ગ-૨ | ૧૩ |
| વર્ગ-૩ | ૧૩૫ |
| વર્ગ-૪ | ૫૫ |

(૨)

| સંવર્ગ | ખાલી જગ્યાની સંખ્યા | | કેટલા સમયથી |
|---|---|---|---|
| વર્ગ-૧ | કુલ-૨૦ | ૬ | તા.૨૨-૧૦-૨૦૦૯ |
| | | ૩ | તા. ૨૪-૫-૨૦૧૦ |
| | | ૯ | તા. ૧૯-૭-૨૦૧૦ |

| | | | |
|---|---|---|---|
| | | ૨ | તા. ૨૦-૮-૨૦૧૦ |
| વર્ગ-૨ | કુલ-૫ | ૪ | તા. ૧૯-૭-૨૦૧૦ |
| | | ૧ | તા.૫-૮-૨૦૧૦ |
| વર્ગ-૩ | કુલ-૧૦૭ | ૨૭ | તા.૨૨-૧૦-૨૦૦૯ |
| | | ૪ | તા. ૨૧-૪-૨૦૧૦ |
| | | ૭૫ | તા.૧૯-૭-૨૦૧૦ |
| | | ૧ | તા.૩૦-૧૧-૨૦૧૦ |
| વર્ગ-૪ | કુલ-૧૯ | ૫ | તા.૨૧-૪-૨૦૧૦ |
| | | ૧૧ | તા.૧૯-૭-૨૦૧૦ |
| | | ૩ | તા.૧-૧૧-૨૦૧૦ |

--------

## ખેડા જિલ્લામાં મીની પાઈપ યોજના

૨૦૩૮૧ **: શ્રી કનુભાઈ ડાભી (કઠલાલ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલી મીની પાણી પુરવઠા યોજનાઓ મંજૂર કરવામાં આવી,

(૨) આ યોજનાઓ ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૩) તે ક્યાં સુધીમાં પૂરી થશે અને તે પાછળ કેટલો ખર્ચ થવાની સંભાવના છે?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૯-૧૦- એક પણ નહીં.
વર્ષ ૨૦૧૦-૧૧માં ૭૭ યોજનાઓ મંજૂર કરવામાં આવી.

(૨) ૨૮ યોજનાઓ કાર્યાન્વિત
૨૬ યોજનાઓના વીજ ક્નેક્શનની કાર્યવાહી પ્રગતિમાં છે. ૨૩ યોજનાઓ ટેન્ડર પ્રક્રિયામાં છે.

(૩) તા.૩૦-૦૯-૨૦૧૧ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે અને રૂા. ૨૦૦ લાખના ખર્ચનો અંદાજ છે.

## દેડીયાપાડા ખાતે કાર્યરત ૧૦૮ એમ્બ્યુલન્સ

૨૦૨૧૩ **: શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ નર્મદા જિલ્લાના દેડીયાપાડા ખાતે ૧૦૮ની કેટલી એમ્બ્યુલન્સ કાર્યરત છે,

(૨) સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે કેટલી એમ્બ્યુલન્સ કાર્યરત છે, અને

(૩) આવી એમ્બ્યુલન્સોની સંખ્યા વધારવા માટેનું કોઈ આયોજન છે કે કેમ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ નર્મદા જિલ્લાના દેડીયાપાડા ખાતે ૨ એમ્બ્યુલન્સ કાર્યરત છે.

(૨) સામૂહિક આરોગ્ય કેન્દ્ર દેડીયાપાડા ખાતે એક એમ્બ્યુલન્સ આરોગ્ય વિભાગ હસ્તકની કાર્યરત છે. ૧૦૮ની એમ્બ્યુલન્સ નથી.

(૩) ૧૦૮ એમ્બ્યુલન્સ વાન વધારવા માટે ૨૦૧૦-૧૧માં નવી ૫૦ એમ્બ્યુલન્સ વાન ઉમેરવાની કાર્યવાહી ચાલુ છે અને વર્ષ ૨૦૧૧-૧૨ માટે ૫૦ એમ્બ્યુલન્સ વાન ખરીદવા ૭૫૦ લાખની નવી બાબત તરીકે જોગવાઈ કરવામાં આવેલ છે. ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા ઉપરાંત હોસ્પિટલો ખાતે આપવામાં આવતી એમ્બ્યુલન્સ માટે રીપ્લેસમેન્ટ ઓફ એમ્બ્યુલન્સ હેઠળ તાલુકા હોસ્પિટલો ખાતે એમ્બ્યુલન્સ વસાવવા માટે સન ૨૦૧૧-૧૨માં રૂા. ૩૪૫/- લાખની નવી બાબતમાં જોગવાઈ કરવામાં આવેલ છે. તેમજ સામુહિક આરોગ્ય કેન્દ્રો ખાતે ૬૭૨/-લાખની નવી બાબતમાં જોગવાઈ કરવામાં આવેલ છે.

**ભરૂચ જિલ્લામાં ડાર્કઝોન**

૧૯૩૫૫ : **શ્રી ઈકબાલ પટેલ (વાગરા)** : **માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં ક્યા ક્યા તાલુકાના કેટલા ગામોનો ડાર્કઝોનમાં સમાવેશ થયેલ છે, અને

(૨) આ ડાર્કઝોન દૂર કરવા અને ભુગર્ભ જળ સપાટી ઉંચી લાવવા સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શા પ્રયાસો ક્ર્યા ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેન્દ્ર સરકાર તથા નામદાર સુપ્રિમ કોર્ટના માર્ગદર્શન પ્રમાણેના સરકારશ્રીના તા. ૧૬-૧૨-૨૦૦૩ ઠરાવથી ભરૂચ જિલ્લાના (૧) આમોદ, (૨) જંબુસર અને (૩) અંક્લેશ્વર તાલુકાઓ ડાર્કઝોનમાં છે.

(૨) આ તાલુકાઓમાં ભુગર્ભ જળ રિચાર્જના પ્રમાણમાં ખેંચાણ વધારે હોઈ અને ડાર્કઝોન અમલી બનતો હોઈ ત્યાં ભુગર્ભ જળ રીચાર્જ માટે ચેકડેમ, તળાવો ઊંડા કરી વરસાદી પાણી સંચય કરવો, ચેકડેમ ઉંડા કરવા જેવા જળ સંચયના કામોને પ્રાધાન્યતા આપી કામગીરી કરવામાં આવે છે.

--------

**દિયોદર તાલુકાને નર્મદાનું પીવાનું પાણી આપવા અંગે**

૨૦૩૭૮ : **શ્રી અનિલકુમાર માળી (દિયોદર)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના દિયોદર તાલુકાને પીવા માટે નર્મદાનું પાણી પૂરૂં પાડવા માટે સરકારે કોઇ યોજના બનાવેલ છે કેમ,

(૨) જો હા તો તે યોજના હાલ ક્યા તબક્કે છે, અને

(૩) તેની પાછળ કેટલો ખર્ચ થવાની સંભાવના છે?

**જવાબ**

(૧) નીચે મુજબની બે યોજનાઓ બનાવેલ છે.

૧. બનાસકાંઠા -૪ ફેઝ-૩ બી
(સામલા-વડાણાં ઓફ ટેક આધારિત)

૨. બનાસકાંઠા - ૩ પાટણ -૨
(રાણકપુર ઓફટેક આધારિત)

(૨) બન્ને યોજનાઓની કામગીરી પુર્ણતાના તબક્કે છે.

(૩) રૂા. ૧૯૯.૫૨ ક્રોડનો ખર્ચ થવાની સંભાવના છે.

--------

**ઝગડીયા, દેગડીયા જૂથ પાણી પુરવઠા યોજનાનો ફીલ્ટર પ્લાન્ટ**

૨૦૫૮૭ : **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ (બારડોલી)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સૂરત જિલ્લાના માંગરોળ તાલુકામાં ઝગડીયા, દેવડીયા ખાતે જૂથ પાણી પુરવઠા ફીલ્ટર પ્લાન્ટ આવેલ છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો માંડવી તાલુકાના અરેઠ, વેદેસીયા નોગામા ઝાબ ગામોને આવી ફીલ્ટર્ડ પાણીની સુવિધા આપવા માંગો છો ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) લાગુ પડતુ નથી.

--------

**મોરભગવા ખાતે દરિયાથી જમીનના ધોવાણ અંગે**

૧૯૧૧૧ : **શ્રી કિરીટભાઈ ગં.પટેલ (ઓલપાડ)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના મોર ભગવા ખાતે દરિયાથી મોટા પાયે જમીનનું ધોવાણ થાય છે તે સરકાર જાણે છે,

(૨) જો હા, તો આ ધોવાણ થતું અટકાવવા સરકારે કોઇ કામગીરી હાથ ધરેલ છે, અને

(૩) જો હા, તો તેની વિગતો શી છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ધોવાણ થતું અટકાવવા માટે બે તબક્કામાં સંરક્ષણ પાળા બનાવવાની કાર્યવાહી હાથ ધરેલ છે.

(૩) પ્રથમ તબક્કામાં રૂા. ૬૭૨ લાખના ખર્ચે દરિયાઇ કાંઠાની ૧૩૫૦ મીટર લંબાઇમાં સંરક્ષણ પાળાનું કામ પૂર્ણ કરેલ છે. બીજા તબક્કામાં રૂા. ૬૧.૭૩ લાખના ખર્ચે ૪૫૦ મીટર લંબાઇમાં

સંરક્ષણ પાળાનું કામ હાલ પ્રગતિ હેઠળ છે જે જૂન-૨૦૧૧ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

--------

**પંચમહાલ જિલ્લામાં સી.એચ.સી. અને પી.એચ.સી. માં સંવર્ગવાર મંજૂર મહેકમ**

૧૮૮૪૭ : **શ્રી હીરાભાઈ હ.પટેલ (લુણાવાડા)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં સી.એચ.સી. અને પી.એચ.સી.માં સંવર્ગવાર કેન્દ્રો દીઠ મંજુર થયેલ મહેકમ કેટલું છે.

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ તે પેકી સંવર્ગવાર કેટલી જગ્યાઓની ઘટ છે, અને

(૩) આ ઘટ પુરવા શું આયોજન છે ?

**જવાબ**

(૧) અને (૨) પંચમહાલ જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં મંજુર અને ખાલી જગ્યાની વિગત દર્શાવતું પત્રક*-અ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સંવર્ગવાર કેન્દ્રો દીઠ મંજુર, ભરેલ અને ખાલી જગ્યાની વિગત દર્શાવતું પત્રક*-બ સામેલ છે.

(૩) સામુહિક આરોગ્ય કેન્દ્રોની વર્ગ-૧ અને ૨ની જગ્યાઓ ભરવા દર મંગળવારે વોક ઇન ઇન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે જેમાં ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ ખાલી જગ્યાઓ ઉપર નિમણુંક આપવામાં આવે છે. પેરા મેડીકલ સંવર્ગની જગ્યાઓ ભરવા ગોણ સેવા પસંદગી મંડળને માંગણાપત્રકો મોકલી આપેલ છે. જે પેકી જુનીયર ફાર્માસીસ્ટ સંવર્ગના ૯૦ ઉમેદવારોની યાદી મળેલ છે. જેને નિમણુંક આપવાની કાર્યવાહી ચાલુમાં છે. આ ઉપરાંત વર્ગ-૩ ની અન્ય અને વર્ગ-૪ની ખાલી જગ્યાઓ સામે જરૂરી જણાય ત્યાં આઉટ સોર્સથી કામગીરી લેવામાં આવે છે.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની જુનીયર ફાર્માસીસ્ટ તથા લેબોરેટરી ટેક્નીશીયનની જગ્યાઓ ભરવા સક્ષમ કક્ષાએથી મંજુરી મેળવવાની કાર્યવાહી પ્રક્રિયામાં છે. ડ્રાઇવર તથા વર્ગ-૪ ની ખાલી જગ્યાઓની કામગીરી આઉટ સોર્સથી લેવામાં આવે છે.

**(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)**

--------

**સોમનાથ ખાતે ત્રિવેણી બંધારાનું કામ**

૧૯૧૬૨ : **શ્રી ભગવાનભાઈ ધા.બારડ (તાલાલા)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ જુનાગઢ જિલ્લાના સોમનાથ ખાતે ત્રિવેણી સોમનાથ બંધારાનું કામ ક્યા તબક્કે છે, અને

(૨) આ કામ કેટલા સમયમાં પૂર્ણ થશે, અને તેનો અંદાજિત ખર્ચ કેટલો છે ?

**જવાબ**

(૧) સોમનાથ બંધારણનું કામ મહદ અંશે પૂર્ણ થયેલ છે. ગત ચોમાસામાં ભરપેટ સપાટીએ પાણીનો સંગ્રહ થયેલ છે.

(૨) બાકીનું કામ આગામી ચોમાસા પહેલા પૂર્ણ કરવાનું આયોજન છે. આ બંધારાનો કુલ ખર્ચ રૂા. ૨૩૭૨.૩૫ લાખ થવાનો અંદાજ છે.

--------

**ખાદ્યચીજોમાં ભેળસેળ અંતર્ગત લેવાયેલ નમૂના કેસોમાં આરોપી વિરૂધ્ધ ફરિયાદ**

૧૯૮૮૫ : **શ્રી માનસિંહ ચૌહાણ (બાલાસિનોર)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખાદ્યપદાર્થોમાં ભેળસેળ અટકાવવા કઈ કઈ ચીજોના નમૂનાઓ લીધા,

**જવાબ**

(૧) ખેડા જિલ્લામાં તા. ૧-૨-૨૦૦૯ થી ૩૧-૧-૨૦૧૦ અને તા. ૧-૨-૨૦૧૦ થી તારીખ ૩૧-૧-૨૦૧૧ના સમયગાળામાં ઠંડાપીણા, ગરમ મસાલા, ગળપણવાળા પદાર્થો, મિઠાઈ, કન્ફેક્શનરી ફરસાણ, નમકીન, બેકરી પ્રોડક્ટસ, ચા-કોફી, દુધ, ઘી-દુધની બનાવટ, ખાદ્યતેલ, વનસ્પતિ, ફ્રુટ એન્ડ વેજીટેબલ

પ્રોડક્ટસ, ઈન્સ્ટન્ટ ફુડ, આયોડાઈઝડ સોલ્ટ, અન્ય ખાદ્યપદાર્થો તથા અનાજ/કઠોળ અને તેની બનાવટના નમૂના લેવામાં આવેલ.

(૨) લીધેલ નમૂનાઓની ચકાસણી કરવા તે ક્યારે ક્યારે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા, અને

(૨) લીધેલ નમુનાઓની ચકાસણી કરવા જે સમયે નમુના લેવામાં આવેલ ત્યારે તાત્કાલિક પણ કચેરીના કામકાજના બીજા દિવસથી મોડુ નહી તે રીતે લેબોરેટરીમાં મોકલી આપવામાં આવેલ છે.

(૩) લેબોરેટરીના ભેળસેળના અભિપ્રાય પછી ભેળસેળ કરનારાઓ સામે ક્યારે ક્યારે કઈ કઈ કલમો લગાવી ગુન્હાઓ દાખલ કરવામાં આવ્યા ?

(૩) પીએફએ એક્ટની કલમ-૭ અને ૧૬ લગાવી સપ્ટેમ્બર-૨૦૦૯ થી જાન્યુઆરી-૨૦૧૧ સુધીમાં ગુન્હાઓ દાખલ કરવામાં આવ્યા છે.

--------

**ખાદ્યચીજોમાં ભેળસેળના કેસોમાં આરોપી વિરૂધ્ધ ફરિયાદ**

૧૮૮૨૫ : **શ્રી ગ્યાસુદીન શેખ (શાહપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ખાદ્યચીજોમાં ભેળસેળના કેસોમાં પોઝીટીવ રીપોર્ટ આવ્યા બાદ આરોપી વિરુધ્ધ ફરિયાદ દાખલ કરવાના કેસો અમદાવાદ શહેરમાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ કેટલા દાખલ કરવામાં આવ્યા,

(૧) ૬૫૮ કેસ.

(૨) કેટલા કેસો દાખલ કરવામાં વિલંબ કરવામાં આવ્યા, અને

(૨) --શૂન્ય--

(૩) વિલંબ બદલ જવાબદારો સામે શાં પગલાં લેવામાં આવ્યા ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજુલા સી.એચ.સી. માં મંજૂર મહેકમ**

૧૯૪૪૭ : **શ્રી હીરાભાઈ સોલંકી (રાજુલા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ સામુહિક આરોગ્ય કેન્દ્ર, રાજુલામાં સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર થયેલ છે, તે પૈકી કેટલી જ્ગ્યા ભરેલ છે અને કેટલી જ્ગ્યા ક્યારથી ખાલી છે, અને

(૧) તા. ૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ સામુહિક આરોગ્ય કેન્દ્ર, રાજુલામાં સંવર્ગવાર મંજૂર મહેકમ તે પૈકી ભરેલ જ્ગ્યા અને ક્યારથી ખાલી તે દર્શાવતું **પત્રક-અ** સામેલ છે.

(૨) ખાલી જ્ગ્યા ભરવા માટે કે વૈકલ્પીક વ્યવસ્થા કરવા માટે સરકારનું શું આયોજન છે ?

(૨) વર્ગ-૧ તથા વર્ગ-૨ની ખાલી જ્ગ્યાઓ ગુજરાત જાહેર સેવા આયોગ તેમજ બોન્ડેડ ઉમેદવારોની ફાળવણી થયેથી ભરવામાં આવે છે. તેમજ દર મંગળવારે વોક-ઈન-ઈન્ટરવ્યુ દ્વારા નિમણૂંક આપવાનું આયોજન કાયમી ધોરણે કરેલ છે. આમ જેમ જેમ લાયક ઉમેદવારો ઉપલબ્ધ થાય છે. તેમ તેમ જ્ગ્યાઓ ભરવાના આદેશો કરવામાં આવે છે.

વર્ગ - ૩ આ સંવર્ગની ખાલી જ્ગ્યાઓ ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા ભરવામાં આવે છે. વર્ગ-૪ ખાલી જ્ગ્યાઓ આઉટ સોર્સીગથી ભરવાની મંજુરી આપેલ છે.

ખાલી જ્ગ્યાઓની કરેલ વૈકલ્પીક વ્યવસ્થાનું **પત્રક-બ** સામેલ છે.

**પત્રક-અ**

| ક્રમ | સંવર્ગનું નામ | મંજૂર | ભરેલી | ખાલી | ખાલીની તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | અધિક્ષક વર્ગ-૧ | ૧ | ૧ | ૦ | |
| ૨ | નેત્રસર્જન વર્ગ-૧ | ૧ | ૧ | ૦ | |
| ૩ | આર.એમ.ઓ વર્ગ-૧ | ૧ | ૧ | ૦ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪ | દંતસર્જન વર્ગ-૨ | ૧ | ૧ | ૦ | |
| ૫ | ત.અધિ.વર્ગ.-૨ | ૩ | ૨ | ૧ | ૨૬-૧૨-૨૦૦૮ |
| ૬ | વહીવટી અધિકારી વર્ગ-૨ | ૧ | ૦ | ૧ | ૨૮-૨-૨૦૧૦ |
| ૭ | સીની.આસી. | ૨ | ૨ | ૦ | |
| ૮ | સી.ક્લાર્ક | ૧ | ૧ | ૦ | |
| ૯ | જુનીક્લાર્ક | ૧ | ૦ | ૧ | ૧-૧૦-૨૦૦૯ |
| ૧૦ | જુ.ફાર્મા | ૩ | ૨ | ૧ | ૩૦-૬-૨૦૦૯ |
| ૧૧ | લેબ.ટેક | ૧ | ૧ | ૦ | |
| ૧૨ | એક્ષરે.ટેક | ૧ | ૦ | ૧ | ૧-૧૧-૨૦૦૭ |
| ૧૩ | ઓપ્થ.આસી. | ૧ | ૦ | ૧ | ૭-૯-૨૦૦૯ |
| ૧૪ | હેડનર્સ | ૨ | ૦ | ૨ | ૧૪-૫-૨૦૧૦ |
| ૧૫ | સ્ટાફનર્સ | ૧૩ | ૧૩ | ૦ | |
| ૧૬ | ડ્રાયવર | ૧ | ૧ | ૦ | |
| ૧૮ | વોર્ડબોૅય | ૧૪ | ૩<br>૩ (આઉટ સોર્સ) | ૮ | ૧-૪-૧૯૯૩<br>૪-૮-૧૯૯૬<br>૧૪-૬-૨૦૦૦<br>૩૧-૩-૨૦૦૧<br>૧૫-૪-૨૦૦૧<br>૮-૩-૨૦૦૨<br>૩૧-૩-૨૦૦૬ |
| ૧૯ | આયા | ૪ | ૩<br>૧ આઉટસોર્સ | ૦ | |
| ૨૦ | ડ્રેસર | ૧ | ૧ | ૦ | |
| ૨૧ | સ્વીપર | ૯ | ૩<br>૨ (આઉટ સોર્સ) | ૪ | ૪-૬-૧૯૯૪<br>૪-૯-૧૯૯૭<br>૩૧-૩-૨૦૦૧<br>૫-૪-૨૦૦૧ |
| ૨૨ | રસોયા વર્ગ-૪ | ૧ | ૦ | ૧ | ૪-૬-૧૯૯૬ |
| | કુલ | ૬૩ | ૪૨ | ૨૧ | |

**પત્રક-બ**

| ક્રમ | સંવર્ગનું નામ | ખાલી | ખાલીની વૈકલ્પીક વ્યવસ્થા તારીખ |
|---|---|---|---|
| ૧ | તબીબી અધિકારી વર્ગ-૨ | ૧ | અન્ય તબીબી અધિકારી/આયુષ પાસે કામગીરી લેવામાં આવે છે. |
| ૨ | વહીવટી અધિકારી વર્ગ-૨ | ૧ | સીની.આસી.ને ચાર્જ સુપ્રત કરેલ છે. |
| ૩ | જુનીક્લાર્ક | ૧ | સીનીયર ક્લાર્ક ને ચાર્જ સુપ્રત કરેલ છે. |
| ૪ | જુનીયર ફાર્માસીસ્ટ | ૧ | ઈન્ડીયન રેડક્રોસ દ્વારા આઉટ સોર્સીંગ ધોરણે ભરેલ છે |
| ૫ | એક્સરે ટેક્નીશીયન | ૧ | -- |
| ૬ | ઓપ્થલ્મીક આસિસ્ટન્ટ | ૧ | તા. ૨૭-૧-૧૧ થી નવી નિમણૂંક આપેલ છે. |
| ૭ | હેડનર્સ | ૨ | સ્ટાફનર્સને ચાર્જ સુપ્રત કરેલ છે. |
| ૮ | વોર્ડબોય | ૮ | ૩ જગ્યા નિયમીત ભરેલી છે.<br>૩ જગ્યા આઉટ સોર્સીંગથી ભરેલી છે. |
| ૯ | સ્વીપર | ૪ | ૩ જગ્યા નિયમીત ભરેલી છે.<br>૧ જગ્યા આઉટ સોર્સીંગથી ભરેલી છે. |
| ૧૦ | રસોયા વર્ગ-૪ | ૧ | બહારથી ડાયેટ આપવામાં આવે છે. |

--------

## ભાવનગર જિલ્લાની નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના

**૧૯૦૫૧ : શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ભાવનગર જિલ્લાની કઈ કઈ નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે.

(૨) મંજૂર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૩) નગરપાલિકા દીઠ કેટલો ખર્ચ મંજૂર થયેલ છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ભાવનગર જિલ્લાની બોટાદ તથા પાલીતાણા નગરપાલિકાઓની ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે.

(૨) મંજૂર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ નીચે મુજબ પરિસ્થિતિ છે.

૧. બોટાદ-કામગીરી પ્રગતિમાં છે

૨. પાલીતાણા-ટેન્ડર મંજૂરી હેઠળ છે.

(૩) નગરપાલિકા દીઠ નીચે મુજબ અંદાજીત ખર્ચ મંજૂર કરવામાં આવેલ છે.

૧. બોટાદ-રૂા. ૪૩૭૫.૬૮ લાખ
૨. પાલીતાણા-રૂા. ૨૩૦૪.૨૨ લાખ

--------

**નિકોલ અને કળસાર બંધારાની વિસ્તરણ કેનાલનું કામ**

૧૯૪૯૯ : **શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા (મહુવા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લાના મહુવાના નિકોલ બંધારા-કળસાર બંધારા વિસ્તરણ કેનાલના કામ તા. ૩૧-૦૧-૨૦૧૧ ની સ્થિતિએ અધુરૂ છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો બાકીની કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) અને (૨) હા, જી. ૮૪ ટકા કામ પૂર્ણ થયેલ છે. બાકી કામ શક્ય તેટલું વહેલુ પૂર્ણ કરવાનું આયોજન છે.

**અમદાવાદ સિવિલ હોસ્પિટલના વિકાસ માટે રકમ**

૧૯૧૪૮ : **શ્રી શૈલેષભાઈ મ.પરમાર (શહેર કોટડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમદાવાદ સિવિલ હોસ્પિટલના વિકાસ માટે કેન્દ્ર સરકાર તરફથી વર્ષવાર કેટલી રકમ મળી, અને

(૨) મળેલ રકમ સામે વર્ષવાર ક્યા ક્યા વિકાસના કામો પાછળ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ અમદાવાદ સિવિલ હોસ્પિટલના વિકાસ માટે કેન્દ્ર સરકાર તરફથી વર્ષ ૨૦૦૮-૨૦૦૯ માં રૂા. ૨૫.૬૮ કરોડ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧માં ગ્રાન્ટ ફાળવવામાં આવેલ નથી.

(૨) સિવિલ હોસ્પીટલના વિકાસ અંતર્ગત બી. જે. મેડીકલ કોલેજ, અમદાવાદ ખાતે નર્સીંગ સ્કુલ અને કોલેજના બાંધકામ માટે રૂા. ૫.૪૮ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે જ્યારે પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના અંતર્ગત તબીબી સાધનો માટે રૂા. ૧૨,૫૮,૪૮,૩૩૮/- ખર્ચ કરવામાં આવેલ છે. આમ કુલ રૂા. ૧૮,૦૬,૬૯,૭૯૭/- કરોડના વિવિધ કામો થયેલ છે.

--------

**ભાવનગર મેડીકલ કોલેજમાં મંજૂર જગ્યાઓ**

૧૮૯૧૫ : **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ભાવનગરની સરકારી મેડીકલ કોલેજમાં કઈ કેડરની સંવર્ગવાર કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ભાવનગરની સરકારી મેડીકલ કોલેજમાં સંવર્ગવાર મંજૂર થયેલ જગ્યાઓની માહિતી નીચે મુજબ છે.

| સંવર્ગ | મંજૂર જગ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૨૦૯ |
| વર્ગ-૨ | ૭૭ |
| વર્ગ-૩ (ક્લેરીકલ) | ૮૯ |
| વર્ગ-૩ (પેરામેડીકલ) | ૧૦૯ |
| વર્ગ-૩ (નર્સીંગ) | ૦૩ |
| વર્ગ-૪ | ૧૨૪ |
| **કુલ :** | **૬૧૧** |

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કઈ કેડરની કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે ?

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સંવર્ગવાર કુલ ૧૪૯ જગ્યાઓ ખાલી છે. જગ્યાઓ ક્યારથી ખાલી છે, તેનું ***પત્રક** સામેલ છે.

| સંવર્ગ | ખાલી જગ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૮૭ |
| વર્ગ-૨ | ૧૪ |
| વર્ગ-૩ (ક્લેરીકલ) | ૪૪ |
| વર્ગ-૩ (પેરામેડીકલ) | ૦૪ |
| કુલ : | ૧૪૯ |

**(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)**

--------

**વાંસદા તાલુકામાં કાર્યરત પાણીની ટાંકીઓ**

૨૦૨૦૭ : **શ્રી છનાભાઈ ચૌધરી (ધરમપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વાંસદા તાલુકામાં પાણી પુરવઠા વિભાગ દ્વારા તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં બનાવવામાં આવેલ પાણીની ટાંકીઓ કાર્યરત થઈ નથી તે હકીક્ત સાચી છે,

(૧) કુલ ૨૧૩ પેકી ૫ ટાંકીઓ કાર્યરત કરવાની કામગીરી પ્રગતિમાં છે.

(૨) જો હા, તો ક્યા કારણોસર આ તેયાર ટાંકીઓ કાર્યરત થઈ નથી, અને

(૨) સ્ત્રોતમાં પાણીનો આવરો ઘટી જવાથી

(૩) આ ટાંકીઓ કેટલા સમયમાં કાર્યરત થશે ?

(૩) પાણીના સ્ત્રોત બનાવી દીધેલ છે. ટૂંક સમયમાં જોડાણ આપી ટાંકીઓ કાર્યરત કરવામાં આવશે.

**સાણંદ તાલુકામાં સ્વજલધારા કાર્યક્રમ અંતર્ગત મંજૂર યોજના**

૨૦૩૭૨ : **શ્રી કમાભાઈ ગ.રાઠોડ (વિરમગામ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકામાં સ્વજલધારા કાર્યક્રમ હેઠળ તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને

(૧) ૧૩ યોજનાઓ મંજૂર કરવામાં આવી.

(૨) આ યોજનાઓ અન્વયે પાણી સમિતિઓને ઉક્ત સમયગાળા દરમિયાન કુલ કેટલું ફંડ ફાળવવામાં આવેલ છે ?

(૨) રૂા. ૫૬.૭૫ લાખનું ફંડ ફાળવવામાં આવેલ છે.

**મોરબી તાલુકામાં શુધ્ધ પીવાનું પાણી**

૧૯૧૧૪ : **શ્રી કાંતિભાઈ અમૃતિયા (મોરબી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ રાજકોટ જિલ્લાના મોરબી તાલુકાના કેટલા ગામોને નર્મદા પાઈપ લાઈન દ્વારા શુધ્ધ કરેલ પીવાનું પાણી આપવામાં આવે છે, અને

(૧)તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ મોરબી તાલુકાના ૭૬ પેકી ૨૨ ગામોને નર્મદા પાઈપ લાઈનનું શુધ્ધ કરેલ પીવાનું પાણી આપવામાં આવે છે.

(૨) ઉપરોક્ત તાલુકામાં બાકી રહેતા ગામોને નર્મદાનું શુધ્ધ કરેલ પીવાનું પાણી આપવા માટે સરકાર ધ્વારા શું આયોજન કરેલ છે ?

(૨) બાકી રહેતા ૫૪ ગામો પેકી ૨ ગામોને પ્રગતિ હેઠળની વાંકાનેર ગ્રૃપ યોજનામાં અને ૩૯ ગામોને મોરબી-માળીયા-જોડીયા સુધારણા યોજનામાં સમાવેશ કરાયેલ છે. જ્યારે ૧૩ ગામો સર્વેક્ષણ હેઠળ છે.

# પૉઈન્ટ ઑફ ઑર્ડર

## પૂરક પ્રશ્ન પૂછવાની મર્યાદા અંગે

**શ્રી દિલીપભાઈ સંઘાણી ( વૈદ્યાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, મારે આપનું ધ્યાન ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૭૮ અને ૮૯ આ બંનેને ૮૯ ઉપર ધ્યાન દોરીને ૭૮ તરફ લઈ જાવું છે. આ નિયમોમાં પ્રશ્ન પૂછતી વખતે ૮૯ માં કોઈ પણ પ્રશ્નનું સ્વરૂપ ઊલટ તપાસ કરવા માટે અથવા તો વક્રોકિત માટે નહિ હોવું જોઈએ અને આ બંને નિયમોના આધારે પ્રશ્નોત્તરીના સમયની પણ મર્યાદાઓ છે. આ પક્ષ કે પેલા પક્ષને જોયા વિના આ બંને નિયમોનું પાલન થાય અને આ હાઉસનું ગૌરવ કાયમ જળવાય એ રીતે કાળજી લેવા માટે આજના પ્રશ્ન નંબર ૭ માં આ બંનેનું ઉલ્લંઘન થયું છે. તેવા પ્રશ્નોને તપાસીને રેકર્ડ ઉપરથી દૂર કરો તેવી મારી માગણી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીની ચિંતામાં હું મારો સૂર પુરાવું છું અને કોઈ જુનિયર સભ્ય આ પ્રકારની વર્તણૂંક કરે, ભૂલથી કરે એ સમજી શકાય પણ સિનિયર વ્યકિત કોઈ ઈરાદાપૂર્વક આ રીતે બોલે તે માનનીય અધ્યક્ષશ્રી, આપનું અને આ ગૃહનું પણ અવમાન છે. હું માનનીય દિલીપભાઈની વાત સાથે સંપૂર્ણ સંમત છું. આજે આપ પ્રશ્નોત્તરી દરમ્યાન જે નિયમોના નિયમ ૭૮ માં પ્રશ્નોની દલીલો, અનુમાનો, વક્રોકિત, વિશેષણો અથવા બદનક્ષીભર્યા વિધાનો હોવા જોઈએ નહિ. ૭૮(૪) આપ રૅકૉર્ડ મંગાવીને જોઈ લેજો. માનનીય નીતિનભાઈએ આજે જે જવાબો આપ્યાં છે. આપે હજી ગઈ કાલે પણ જે વસ્તુ કહી હોય અને અસંસદીય શબ્દોના પ્રયોગમાં પણ જે વસ્તુ લખાય હોય, આપ એ શબ્દો જોશો તો એનો અહેસાસ થશે. મારા પક્ષેથી કદાચ કોઈ જુનિયર સભ્યે કે અમારાંથી થઈ હોય તો હું દિલગીરી પણ વ્યકત કરવા તૈયાર છું. પરંતુ જે શરૂઆત થાય છે. આજની આખી કાર્યવાહી, આજકાલ તો વિડિયો રેર્કોડિંગ પણ થાય છે. આપ વિડિયો રેર્કોડિંગ પણ જોઈ લેશો. માનનીય વજુભાઈ વાળાનો પણ આજે હું આભાર વ્યકત કરીશ કે એમણે પણ પ્રયત્ન કર્યો કે ગૃહની પ્રશ્નોત્તરીની કાર્યવાહીમાં જે રીતે ચાલી રહ્યું હતું એ ના ચાલે ત્યારે આ પાસું જોઈને આપને જે જવાબદાર લાગે પછી માનનીય નીતિનભાઈ હોય કે હું હોઉં આપનો અધિકાર છે બોલાવીને કહેવાનો પણ એક વખત અને હું આ ગૃહના માનનીય સભ્યશ્રીઓને કહીશ કે જમણો હાથ હૃદય પર મૂકીને, ભગવાનને સાક્ષીએ રાખીને આપણે જોઈશું તો ખબર પડશે કે શરૂઆત કયાંથી થાય છે માનનીય અધ્યક્ષશ્રી, અને એ સંજોગોમાં હું માનનીય દિલીપભાઈના પૉઈન્ટ ઑફ ઓર્ડરના મુદ્દાને સમર્થન આપું છું અને આપ આના માટે બંને બાજુ કડક દંડો આપનો રહે એ મને લાગે છે કે પ્રશ્નોત્તરી કાળ માટે, અમારા રક્ષણ માટે આવશ્યકતા થઈ ગઈ છે અને એ આપના તરફથી કડકાઈપૂર્વક થાય. પ્રશ્નના જવાબો કેમ આપવા એ અંગેના માનનીય અધ્યક્ષશ્રીના બહુજ સ્પષ્ટ નિર્ણયો છે એનું કેટલું અને કેટલી હદે ઉલ્લંઘન થાય છે માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન પૂછે સભ્યશ્રી, પૂછી શકે. સભ્યશ્રીને કદાચ ઉત્સાહ હોય, વિસ્તારનો હોય, લાંબું લિસ્ટ પણ માંગે એ પણ ભૂતકાળમાં માનનીય અધ્યક્ષશ્રીએ કહ્યું છે કે મંત્રીશ્રીની જવાબદારી છે, લાંબું કે લંબાણવાળું લિસ્ટ પણ હોય તો મેજ ઉપર મૂકવાની પરવાનગી માગવી જોઈએ કે હું મેજ ઉપર મૂક છું. ક્યારેક સ્પેસિફિક ક્વેશ્ચન હોય, સ્પેસિફિક રિપ્લાયનો આગ્રહ રાખવો જોઈએ. વિભાગની માગણીઓ પર વિભાગના મંત્રીશ્રીને બોલવાનો પૂરો અવકાશ છે ત્યારે ખૂબ વાત કરે, દાખલા, દલીલ અમારી વ્યકિતગત ટીકા જે એમને પરમિટ થતું હોય નિયમોથી એ જરૂર કરે પણ પ્રશ્નોત્તરી કાળમાં માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો જે મુદ્દો છે એ તદ્દન વાજબી છે, હું એને સમર્થન આપું છું અને આપ આ અંગે આપનું વલણ થોડું કડક રીતે વ્યવસ્થિત થાય એવી અપેક્ષા રાખું છું.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય દિલીપભાઈની વાતને મારું પણ સમર્થન છે. આ મુદ્દે મારે નહોતું બોલવું પણ શકિતસિંહ તમે જવાબ આપ્યો એટલે મારે ખુલાસો કરવાનો છે. સાહેબ, એમણે મારો નામજોગ આ બાબતમાં ઉલ્લેખ્ કર્યો છે. મારી આપને વિનંતી છે. તમે કહ્યું કે નીતિનભાઈએ અસંસદીય બાબતો (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી મારે (અંતરાય) રેકર્ડ જોઈ લેજો. (અંતરાય)

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

**સન ૨૦૦૯-૧૦નો અમદાવાદ કાપડ બજાર અને દુકાન કામદાર બોર્ડનો વાર્ષિક વહીવટી અહેવાલ**

**શ્રી વજુભાઈ વાળા ( શ્રમ અને રોજગારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું અમદાવાદ કાપડ બજાર અને દુકાન કામદાર બોર્ડનો સન ૨૦૦૯-૧૦નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છુ.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**સન ૨૦૦૯-૧૦નો ગુજરાત રાજય માર્ગ વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ તથા સરકારની સમીક્ષા.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( માર્ગ અને મકાનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય માર્ગ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૯-૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ,હિસાબો, ઑડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**સન ૨૦૦૯-૧૦નો ગુજરાત ગ્રામ ગૃહનિમાર્ણ બોર્ડના વાર્ષિક હિસાબો, અંદાજપત્ર.**

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ ( ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ગ્રામ ગૃહનિમાર્ણ બોર્ડના સન ૨૦૦૯-૧૦ના વાર્ષિક હિસાબો અને સને ૨૦૧૧-૧૨નું અંદાજપત્ર તેમજ સન ૨૦૧૦-૧૧ના વર્ષનું સુધારેલું અંદાજપત્ર સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક હિસાબો, અંદાજપત્ર અને સુધારેલું અંદાજપત્ર સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું.**

**સન ૨૦૦૯-૧૦નો ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડનો વાર્ષિક વહીવટી અહેવાલ.**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડનો સન ૨૦૦૯-૧૦નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**સન ૨૦૦૯-૧૦નો ગુજરાત હાઉસીંગ બોર્ડનો વાર્ષિક વહીવટી અહેવાલ.**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત હાઉસીંગ બોર્ડનો સન ૨૦૦૯-૧૦નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**સન ૨૦૦૯-૧૦નો ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા, નિવેદન.**

**શ્રી દિલીપ સંઘાણી ( પશુપાલનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૯-૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**સન ૨૦૦૮-૦૯નો ગુજરાત રાજય જમીન વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા, નિવેદન.**

**શ્રી કનુભાઈ મે. ભાલાળા ( રાજયકક્ષાના કૃષિ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત જમીન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૮-૦૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા તેમજ નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**સન ૨૦૦૫-૦૬ થી ૨૦૦૮-૦૯ના જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના વાર્ષિક ઑડિટ અહેવાલો, નિવેદન, વાર્ષિક હિસાબો, નિવેદનો.**

**શ્રી કનુભાઈ મે. ભાલાળા (રાજયકક્ષાના કૃષિ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના સન ૨૦૦૫-૨૦૦૬ થી ૨૦૦૮-૨૦૦૯ના વાર્ષિક ઑડિટ અહેવાલો, તેના ઉપર લેવાયેલા પગલાંના નિવેદનો, વાર્ષિક હિસાબો તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતા નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલો, પગલાંના નિવેદનો, વાર્ષિક હિસાબો,વિલંબના કારણો સમજાવતાં નિવેદનો સભાગૃહના મેજ**

**ઉપર મૂકવામાં આવ્યા.**

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : (અંતરાય) હું કહું છું કે, આપ રૅકૉર્ડ જોઈ લેજો અને જો એક પણ શબ્દ એવો ના નીકળે તો માનનીય અધ્યક્ષશ્રી, હું નીતિનભાઈની માફી માગીશ જાહેરમાં. એમણે કહ્યું છે અને કયા શબ્દો છે એ આપ જાણો છો.(અંતરાય)

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી આપને એટલી જ છે કે, એમણે મારું નામ દીધું, રૅકૉર્ડ હાલ જ મંગાવીને જોવા આપને બરાબર. મારું એ કહેવું છે સાહેબ કે, મારી સમગ્ર એક કલાકની ચર્ચા દરમિયાન, મારા જવાબો જોઈને, મારા મોંમાંથી એક પણ અસંસદીય શબ્દ નીકળ્યો હોય તો માનનીય સભ્યશ્રી અત્યારે જ કહે એવી મારી એમને ચેલેન્જ છે. ગોળ ગોળ વાત કરીને સાહેબ એમ કહે કે રકોર્ડીંગ જોઈ લેજો. એવું રેકોર્ડીંગ જોવાનું ના હોય સાહેબ તરત જ વાંધો લેવો પડે, એ શબ્દ બોલવો પડે અને શબ્દ રદ કઢાવવો પડે અને મારી ભૂલ હોય તો પાછો પણ ખેંચીશ પણ બતાવવું પડે સાહેબ. આવી ગોળગોળ વાત કરીને ના ચાલે.

**અધ્યક્ષશ્રી** : માનનીય સંસદીય મંત્રીશ્રીએ ઉપસ્થિત કરેલ પૉઈન્ટ ઑફ ઑર્ડરમાં મેં બંને પક્ષના મંતવ્યો સાંભળ્યા છે. આ મુદ્દો અતિ ગંભીર હોઈ બંને પક્ષના લોકોએ ચિંતા કરી છે એટલે પૂર્વ અધ્યક્ષોના નિર્ણયો હું જોઈને લઈશ પછી મારું રૂલીંગ આપીશ. નેક્સ્ટ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આપ કહો તો હું અત્યારે પણ..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નહીં, અત્યારે નહીં. એ હું રેકોર્ડીંગ જોઈશ. નેક્સ્ટ.

**નવસારી કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૦૮-૨૦૦૯નો વાર્ષિક ઓડીટ અહેવાલ**

**શ્રી કનુભાઈ મે. ભાલાળા : (રાજ્ય કક્ષાના પશુપાલનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નવસારી કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૦૮-૨૦૦૯નો વાર્ષિક ઓડીટ અહેવાલ અને તેના ઉપર લેવાયેલ પગલાનું નિવેદન, વાર્ષિક હિસાબો તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ, હિસાબો, નિવેદન અને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**આણંદ કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૦૮-૦૯નો વાર્ષિક ઓડીટ અહેવાલ**

**શ્રી કનુભાઈ મે. ભાલાળા : (રાજ્ય કક્ષાના પશુપાલનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું આણંદ કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૦૮-૦૯નો વાર્ષિક ઓડિટ અહેવાલ અને તેના ઉપર લેવાયેલ પગલાનું નિવેદન, વાર્ષિક હિસાબો તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ, હિસાબો, નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતનો સન ૨૦૦૬-૦૭નો વાર્ષિક ઓડીટ અહેવાલ**

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા ( ૨મતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતનો સન ૨૦૦૬-૦૭નો વાર્ષિક ઓડિટ અહેવાલ અને સન ૨૦૦૯-૧૦નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા સન ૨૦૦૬-૦૭ના વાર્ષિક ઓડિટ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ, હિસાબો, નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૯-૨૦૧૦નો વાર્ષિક અહેવાલ**

**શ્રી સૌરભ પટેલ (રાજ્ય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૯-૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ, હિસાબો, નિવેદન, સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો સન ૨૦૦૭-૦૮નો વાર્ષિક અહેવાલ**

**શ્રી સૌરભ પટેલ (રાજ્ય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઔદ્યોગિક વિકાસનિગમનો સન ૨૦૦૭-૦૮ વાર્ષિક અહેવાલ તથા અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ, હિસાબો, નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની અધિસૂચના**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની સન ૧૯૪૯ના મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસ્પિલ કોર્પોરેશન અધિનિયમ અન્વયેની તા:૧૧-૧૦-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક: કેવી-૨૦૧૦નો ૧૩૪-એએમએન-૨૦૨૦૦૦-૩૧૩૩-પી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**સભાગૃહના અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મ્રકવામાં આવી.**

**ગૃહ વિભાગની સન ૧૯૪૯ના મુંબઈ નશાબંધી અનિનિયમ અન્વયેની અધિસૂચના**

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ : (રાજય કક્ષાના ગૃહ (પોલીસ આવાસ, નાગરિક સંરક્ષણ, ગૃહરક્ષક દળ)મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગૃહ વિભાગની સન ૧૯૪૯ના મુંબઈ નશાબંધી અધિનિયમ અન્વયેની તા:૩-૧૧-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક: જીજી-૫૬-૨૦૧૦-એમએલએસ-૨૦૦૭-૧૬૪૧-ઈ.૧ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

# અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) (ક્રમશ:)

**અધ્યક્ષશ્રી:** ગુરૂવાર, તા.૧૦મી માર્ચ,૨૦૧૧ ના રોજ અધૂરી રહેલી ચર્ચા આગળ ચાલશે. શ્રી સિદ્ધાર્થભાઈ પટેલ.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ(ડભોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી સત્તરમી વખત બજેટ લઈ અને આ સભાગૃહ સમક્ષ આવ્યા છે. સત્તરમીવાર બજેટ રજૂ કરવું કોઈ નાનીસૂની ઘટના નથી. એક જબરજસ્ત રાજકીય ઈચ્છાશકિત હોય, એક જબરજસ્ત સર્વાઇવલ ઈન્સ્ટીંટ હોય અને બહુ મોટું નસીબ તો જ આ સત્તર વખત બજેટ રજૂ થઈ શકે. માનનીય અર્જુનભાઈએ એ પ્રસ્થાપિત કર્યુ છે એટલે હું એમને અભિનંદન આપ્યા વગર રહી શકતો નથી. મારે બહુ નમ્રતાપૂર્વક કહેવું છે કે બજેટ કેટલામી વાર રજૂ થાય છે એ મહત્વનું નથી, બજેટ કેવું રજૂ થાય છે એ બહુ મહત્વનું છે. આ બજેટમાં સરકારનો જે નાણાકીય અભિગમ રજૂ કરવામાં આવ્યો છે. એ સંદર્ભમાં હું કેટલીક મહત્ત્વની બાબત આ સભાગૃહ સમક્ષ મૂકવા માગું છું અને પછી આ સભાગૃહના સન્માનનીય સભ્યો જ નક્કી કરે કે આ બજેટને દિશાવિહીન બજેટ કહેવું કે આ બજેટને મૌલિકતા વગરનું બજેટ કહેવું કે આ બજેટને ગરીબ અને મધ્યમ વર્ગ વિરોધી બજેટ કહેવું કે આ બજેટને ખેડૂત વિરોધી બજેટ કહેવું. એ નિર્ણય હું ગુજરાતના બધા સન્માનનીય સભાગૃહના સભ્યો ઉપર છોડવા માગું છું. છેલ્લા થોડા દિવસોથી જ આ સભાગૃહમાં બહુ ગંભીર ચર્ચા થાય છે અને બહુ ગંભીર રીતે ચિંતા પણ વ્યક્ત કરવામાં આવે છે. આ રાજ્યની કૂદકે ને ભૂસકે વધતા જતા કુલ જાહેર દેવાના સંદર્ભમાં હવે ગઈ કાલે માનનીય મંત્રીશ્રી જયનારાયણભાઈ જ્યારે બહુ ઉગ્રતાપૂર્વક સરકારનો બચાવ કરવાનો પ્રયત્ન કરી રહેલ હતા, ત્યારે અડધો ખાલી ગ્લાસ જે અડધો ભરેલો બતાવવાનો માનનીય જયનારાયણભાઈએ પ્રયત્ન કર્યો. સિક્કાની બે બાજુએ હોય છે અને એમાં જે બીજી બાજુ હોય એને પણ આપણે સમજવું પડે, એનો સ્વીકાર કરવો પડે, વાસ્તવિકતાનો સ્વીકાર કરવો પડે. ગુજરાતની શાખ છે અને ગુજરાતની શાખ છે, એટલે બજારમાં ઊભા રહી જેટલું માગીએ એટલું દેવું મળી રહે છે. અમારી પાસે લિમિટ છે, એટલું દેવું કરીએ છીએ. એ દેવું લિમિટની અંદર કરીએ છીએ. આવા બધાં કારણો અને આવા જવાબોને કેટલી હદે વ્યાજબી ગણી શકાય? જ્યારે બજેટ રજૂ કરીએ ત્યારે રાજ્યના નાણાકીય વર્ષના સંદર્ભમાં બહુ લાંબા ગાળાનો વિચાર કરી અને આપણે બજેટ રજૂ કરવું પડતું હોય છે. આ જ સભાગૃહમાં રાજય સરકાર દ્વારા પ્રકાશિત થયેલ સામાજિક અને આર્થિક સમીક્ષામાં જે વાત કરવામાં આવી છે એ વાતને હું આ સભાગૃહ સમક્ષ દોહરાવવા માગું છું. એમાં જે કહેવામાં આવ્યું છે ફુગાવા માટે વૈશ્વિક પરિબળો ઉપરાંત વધતી જતી માંગ અને નાણાકીય પ્રવાહિતા પણ મહત્વનું કારણ છે. આવતા વર્ષે તરલતા વધારવાના વિકલ્પો આટલા મોટા પ્રમાણમાં ખુલ્લા રહેવાના નથી અને તે સંજોગોમાં સરકારે પોતાનું દેવું ઘટાડવું એ ખૂબ જરૂરી બન્યું છે. પણ એમ છતા પણ જ્યારે કૂદકે ને ભૂસકે આ દેવું વધતું જાય છે, ત્યારે કેટલીક વાસ્તવિક સ્થિતિ આ સભાગૃહ સમક્ષ રજૂ કરવા માગું છું. આ બજેટમાં કહ્યું તે પ્રમાણે ચાલુ બજેટના વર્ષના અંતે રાજ્યનું કુલ દેવું ૧,૨૯,૪૬૬ કરોડ થવાનું છે અને આ એક જ વર્ષની અંદર રાજ્ય સરકાર ૨૧૧૨૫ કરોડ રૂપિયા દેવું લેવા માટેની જોગવાઈ લઈને આ સભાગૃહ સમક્ષ આવી છે. હમણા થોડા દિવસ પહેલા જ્યારે વજુભાઈ વાત કરતા હતા, ત્યારે કહ્યું કે ૧૭૫૦૦ રૂપિયાનું માથાદીઠ દેવું છે. કેન્દ્ર સરકારનું ૨૩,૦૦૦ કરોડ ઉપરાંતનું દેવું છે. એમણે સરખામણી કરી. મારે માનનીય નાણા મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે ચાલુ વર્ષે જે ૨૧૧૨૫ કરોડ રૂપિયાનું દેવું લઈશું એના કારણે રાજ્યનું માથાદીઠ દેવું ૩૮૪૦ રૂપિયાથી એક વર્ષમાં વધવાનું અને વર્ષાંતે પરિસ્થિતિ એ ઊભી થવાની કે આપણે ૧૭-૧૮ હજાર રૂપિયાની વાત કરીએ છીએ. ચાલુ વર્ષના અંતે રાજ્યનું માથાદીઠ દેવું ૨૩૫૪૦ રૂપિયા પહોંચવાનું અને આનો રેટ આપણે આગળ વધતા જઈએ તો એક વર્ષે ૪-૪ રૂપિયા વધારતા જઈએ તો આવનારા બે-ચાર વર્ષમાં ક્યાં પહોંચીશું? એની ચિંતા આ રાજય સરકારે કરવાની જરૂરિયાત ઊભી થઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી, કેટલીક સરખામણી હું આ સભાગૃહ સમક્ષ મૂકવા માંગું છું. ૧૯૯૫માં સૌ પ્રથમ વખત ભારતીય જનતા પાર્ટીની સરકાર શાસનમાં આવી ત્યારે શું પરિસ્થિતિ હતી? ૧૯૯૫ની અંદર જ્યારે આ સરકારના સૂત્રો તમે સંભાળ્યા તે વખતે રાજયનું કુલ દેવું ૯૨૦૦ કરોડ રૂપિયા હતું. ૯૨૦૦ કરોડ આ પાછળના ૧૬ વર્ષમાં એવો વહીવટ ચાલ્યો, ૩૫ વર્ષના અંતે ૯૨૦૦ કરોડનું દેવું, બહું દુહાઈ આપો છો તમે કે શું કર્યુ ૩૫ વર્ષ સુધી શું વહીવટ કર્યો? પણ આ ૧૬ વર્ષમાં એવો વહીવટ થયો કે આજે રાજયનું દેવુ ૨ લાખ ૨૯ હજાર કરોડ સુધી પહોંચવા આપણે જઈ રહ્યા છીએ. કુલ દેવું તે વખતે ૯૨૦૦ કરોડ રૂપિયા અને આજે પરિસ્થિતિ એવી ઊભવી થઈ છે કે ૧૦૭૬૦ કરોડ રૂપિયા તો આપણે માત્ર એક વર્ષમાં વ્યાજ ભરી દેવાના છીએ. બહું લાંબા ગાળાનો વિચાર કરીએ તો જે રીતે રાજયમાં દેવુ લેવામાં આવી રહયું છે તે જોતાં આગામી દિવસો રાજય માટે

કપરા આવે તેવી પરિસ્થિતિના એંધાણ થઈ રહ્યા છે. મારે નાણા મંત્રીશ્રીને કહેવું છે કે જે બેજવાબદાર રીતે વધારેને વધારે દેવુ લઈ રહ્યા છીએ તેમાં કાપ મૂકવો જોઈએ, કરકસરના પગલાં લેવા જોઈએ અને ઓછામાં ઓછું દેવુ લેવું જોઈએ તેવી પરિસ્થિતિનું નિર્માણ તે રાજયના હિતમાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી વાત વેરા નાંખવામાં આવ્યા છે તેના સંદર્ભમાં કરવી છે. ૨૧૧૨૫ કરોડ રૂપિયાનું નવું દેવુ, ૫૪૪ કરોડ રૂપિયાના વેરા પછી, આટલી વધારાની જવાબદારીઓ પછી પુરાંતનું બજેટ લઈ માનનીય નાણામંત્રીશ્રી આ સભાગૃહ સમક્ષ આવ્યા છે. કયાં વેરા નાંખવામાં આવ્યા? મોબાઈલ ઉપર પાંચ ટકાનો વેરો વધારી ૧૫ ટકા કરવામાં આવ્યો. મોબાઈલ આજે સામાન્ય માણસની જરૂરિયાત થઈ છે. ખેતરમાં કામ કરવા જતો આદિવાસી મજૂર આજે મોબાઈલ વાપરી રહ્યો છે. જ્યારે કોમ્યુનિકેશનની એક ક્રાંતિ આવી છે આપણા તેના દેશમાં તેને આગળ વધારવાને બદલે જે રીતે આપણે આગળ વધી રહ્યા છીએ અને મારે ખૂબ દુઃખ સાથે કહેવું પડે છે કે તે ગરીબ માણસો ઉપર બિનજરૂરી ભારણ નાંખી રહ્યા છીએ. માનનીય નાણામંત્રીશ્રી દરખાસ્ત લઈ આવ્યા હોત કે ત્રણ હજાર રૂપિયા સુધીના મોબાઈલોને વેરામુકત રાખવામાં આવે અને ત્રણ હજારથી વધારે કિંમતના મોબાઈલો જે સામાન્ય રીતે મોટા માણસો જેનો ઉપયોગ કરી રહ્યા છીએ તેના ઉપર જો વેરો નાંખવામાં આવ્યો હોત તો કદાચ આ વ્યાજબી ગણાત. મારી આ સભાગૃહ થકી માનનીય નાણા મંત્રીશ્રીને વિનંતી છે કે આ બજેટનો જ્યારે આપ ચર્ચાના અંતે આખરી નિર્ણય કરો ત્યારે કમસેકમ ત્રણ હજાર રૂપિયાથી ઓછી કિંમતના મોબાઈલ ઉપરનો વેરો આપ નાબૂદ કરશો તો જે ગરીબ માણસ છે, જે મધ્યમ વર્ગનો માણસ છે, જે પછાત વર્ગનો માણસ છે તેને આપણે વધારાના બોજામાંથી બચાવી શકીશું.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રીન એનર્જી સેસના નામે બે પૈસાનો ટેક્સ વધારાનો તે ગુજરાતની વીજળી પર નાંખવામાં આવ્યો છે. ગુજરાતમાં વીજળી ઉપર સૌથી વધારે વેરો લેવામાં આવે છે. આમ પણ ગુજરાતની વીજળી દેશના કોઈ રાજયમાં ન હોય તેટલી મોંઘી વીજળી છે. તેમ છતાં આ વધારાનો વેરો નાંખવામાં આવ્યો તે ૨૪૪ કરોડ રૂપિયા નહીં પરંતુ તેનાથી વધારે ભારણ તે આવનારા દિવસોમાં ગુજરાતની સામાન્ય પ્રજા ઉપર પડવાનું છે. આ જે જોગવાઈ કરવામાં આવી છે તે ફીકસ દરે ખેડૂતોને જે જોડાણો આપવામાં આવ્યા છે તેના ઉપર આ વેરો લાગશે કે કેમ? તેની કોઈ સ્પષ્ટતા પણ આ બજેટની સ્પીચમાં દેખાતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૪૪ કરોડનો વેરો, પૂરાંત ઘણી મોટી છે અને આ ૨૪૪ કરોડનો વેરો ન નાખીએ તો પણ રાજયનું બજેટ એ પૂરાંતવાળું બજેટ રહેવાનું છે. શા માટે વેરો નાખવામાં આવ્યો, કયા સંજોગોમાં નાખવામાં આવ્યો, સોલારના કયા પ્રકારના કોન્ટ્રાકટ કર્યા હતા એના કારણે વેરો નાખવો પડ્યો, એ બધી બાબતોમાં હું જવા નથી માગતો. પણ સામાન્ય માણસ ઉપર જે ભારણ પડવાનું છે, એ ભારણમાંથી અત્યારની પરિસ્થિતિમાં પ્રજાને આપણે મુક્ત રાખી શકીએ એટલા માટે આ વેરો બિનજરૂરી અને એને જો રદ કરવો હોય તો રદ કરી શકાય એવો વેરો છે એટલે મારી આ સભાગૃહવતી માનનીય નાણા મંત્રીશ્રીને અને માનનીય વીજ મંત્રીશ્રી, બંનેને વિનંતી છે કે, આ સંદર્ભમાં આ બહું પુખ્તતાપૂર્વક લોકોને ધ્યાનમાં રાખીને વિચાર કરો એ આ વેરો આપ હજી પણ નાબૂદ કરી શકો એમ છો. રાજયના આર્થિક વિકાસના નામે બહુ મોટી વાતો કરવામાં આવે છે પણ જ્યારે આર્થિક વિકાસ થાય તો એની સીધી અસર સામાજિક વિકાસ પર પડવી જોઈએ. સામાજિક સૂચકાંકમાં એની અસર દેખાવી જોઈએ પણ ગુજરાતમાં જે પરિસ્થિતિ સામાજિક સૂચકાંકોને લઈને છે, માનનીય અર્જુનભાઈએ એ સૂચકાંકોને લઈ ગઈ કાલે બહુ વિસ્તૃત ચર્ચા કરી છે સભાગૃહમાં, એટલે એની હું પુનરોકિત કરવા માગતો નથી પણ આ સભાગૃહ સમક્ષ એટલી વાત જરૂર કરવા માગું છું કે, જ્યારે આર્થિક પ્રગતિ પછી પણ સામાજિક સૂચકાંકોમાં પૉઝિટીવ ફેરફાર જોવામાં ન આવે તો એનો અર્થ માત્ર એટલો થાય રાજયમાં જે વિકાસ થઈ રહ્યો છે એ વિકાસ સાર્વત્રિક વિકાસ નથી, જૂજ વ્યકિતઓનો વિકાસ છે, ગણ્યાગાંઠયા ઉદ્યોગપતિઓનો વિકાસ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહિલા સશકિતકરણની વાત થઈ, મહિલા દિવસ નિમિત્તે આપણે અભિનંદન આપવાની પ્રક્રિયા પણ આ સભાગૃહમાં થઈ, પણ મારે આ સભાગૃહનું ધ્યાન દોરવું છે કે, જ્યારે બહુ મોટા પાયા ઉપર મહિલા સશકિતકરણની વાત કરતા હોઈએ તો શું સ્થિતિ છે આ રાજયમાં? રાજયનું જાહેર ક્ષેત્ર કે ખાનગી ક્ષેત્ર બંને ભેગા કરીએ તો રાજયમાં કેટલી મહિલાઓને નોકરી આપવામાં આવે છે અને ખૂબ દૂઃખ સાથે નોંધવું પડે કે ૧૪.૫૮ ટકા જ મહિલાઓને જાહેર ક્ષેત્ર કે ખાનગી ક્ષેત્ર હોય એ મળી અને નોકરી આપવામાં આવે છે બાકીની ૮૬ ટકા નોકરીઓ એ મહિલાઓને મળી શકતી નથી. અને આ ૧૪.૫૮ ટકાનો આંકડો પણ ગયા વર્ષની સરખામણીમાં ચાલુ વર્ષે ઘટ્યો છે.આપણને એની કોઈ ચિંતા ખરી કે નહીં? મોટા ઉદ્યોગોની પાછળ એવી દોટ મૂકાઈ છે કે જે રોજગારી આપતા નાના અને મધ્યમવર્ગના ઉદ્યોગોને સહન કરવું પડે એવી સ્થિતિ ઉભી થઈ છે, પરિણામ શું આવ્યું છે, પરિણામ એ આવ્યું છે કે, આ રાજયમાં સ્નાતક થઈ ગયેલા હોય એવા અઢી લાખ સ્નાતકો અનએમ્પ્લોયમેન્ટ એક્ષચેંજની અંદર બેરોજગાર તરીકે નોંધાયેલા છે. જેને અનુસ્નાતકની ડીગ્રી મેળવી છે એવા અર્ધો લાખ યુવાનો આજે બેરોજગાર તરીકે નોંધાયેલા છે. જે એન્જિનીયરો થઈ ગયા, ભાઈ નીતિનભાઈ હમણાં એન્જિનીયરોની જગ્યા ભરવા માટે બહુ ચિંતા કરતા હતા, તો ગુજરાત રાજયમાં દશ હજાર એન્જિનીયર થઈ ગયેલા યુવાનો આજે નોકરી માટે ફાંફાં મારી રહ્યા છે. બેરોજગાર તરીકે નોંધાયેલા છે.આ પરિસ્થિતિ કોઈ સરકારને આ બેરોજગાર યુવાનોની ચિંતા છે ખરી?

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોના નામે બધી વાતો કરવામાં આવે છે, શું ખેડૂતોને વીજળી આપવામાં આવે છે? હું એક સમીકરણ આંકડાઓ આધારિત આપવા માગું છું. ૨૦૦૧માં આ પક્ષની સરકાર હતી ૨૦૦૧માં કુલ વીજવપરાશ
૩૪૩૨૫ મિલિયન યુનિટ હતો, અને એની સામે ૧૫૪૮૯ મિલિયન યુનિટ વીજળી એટલે કે કુલ વપરાશના ૪૫.૧૨ ટકા વીજળી આ રાજયના ખેડૂતોને આપવામાં આવી હતી. એટલે કે કુલ વપરાશના ૪૫.૧૨ ટકા વીજળી આ રાજયના ખેડૂતોને આપવામાં આવી હતી. પછી આ દાયકાની અંદર આપણે ઉત્તરોતર ઘટાડો કરતા ગયા અને ૨૦૦૯-૧૦માં પરિસ્થિતિ શું આવીને ઉભી રહી કુલ વપરાશ ૫૬૯૭૩ મિલિયન યુનિટ અને એની સામે ખેડૂતોને અપાયેલી વીજળી પહેલા અપાતી હતી એનાથી ઓછી ૧૩૦૩ મિલિયન યુનિટ અને ટકાવારીની દૃષ્ટિએ કુલ વીજળી વપરાશના માત્ર ૨૨.૮૨ ટકા વીજળી ખેડૂતોને અપાય. માનનીય અધ્યક્ષશ્રી, એક દાયકાની અંદર ૪૫ ટકા વીજળી ખેડૂતોને અપાતી હતી એ ઘટાડી ઘટાડી ૨૨ ટકાએ લઈ આવ્યા અને હજુ ખેડૂતોના નામે આપણે રાજનીતિ કરવાનો પ્રયત્ન કરીએ છીએ, કઈ દિશામાં ગુજરાતને લઈ જવા માગીએ છીએ? માનનીય અધ્યક્ષશ્રી, કેવું અંધેર ચાલે છે. મારે એને અંધેર કહેવું કે, ભ્રષ્ટાચાર કહેવો કે ખોટું થઈ રહ્યું છે એની સામે આંખ આડા કાન કરવાની માનસીકતા કહેવી એ નિર્ણય હું સભાગૃહના સભ્યો ઉપર છોડું છું. સાંભળો નીતિનભાઈ, કોડીનારમાં નકડલા અને એરીઠિયા ગામો જ્યાં ઉના-દિવ-દેલવાડા પાંજરાપોળની ૨૫૫ એકર જમીન, જમીન ટોચ મર્યાદાની અંદર આવે, સરકારની મંજૂરી લેવી પડે એ જમીન વેચવી હોય તો એ જમીનની મંજૂરીની માગણી થઈ ૧૯૮૨ની સાલમાં મંજૂરી અપાઈ નહીં અરજી રદ થઈ એની સામે ૧૯૮૪માં અપિલ કરવામાં આવી એ ૧૯૮૪ની અપિલ હજી આજની તારીખે પણ પેન્ડીગ છે અને એનો પુરાવો એ કે ૨૦-૧૦-૨૦૦૯ના દિવસે નાયબ સચિવ (મહેસુલે) આ અપિલ ચલાવવા માટે પત્ર લખીને સૂચના આપી અને એ પહેલા ૨૦૦૫માં આ જમીનો વેચાઈ ગઈ હતી અને એના દસ્તાવેજ થઈ ગયા, ૭/૧૨માં એન્ટ્રીઓ પડી ગઈ, નાવા માણસોના નામે જમીનો દાખલ કરી દેવામાં આવી પણ સરકારને ક્યાંય કોઈ ચિંતા નથી. શું ચાલી રહ્યું છે રાજયમાં? કેટલાક માણસો અંદર સંડોવાયેલા હોય એ પક્ષના જવાબદાર માણસો છે એટલા માટે એની સામે આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર પ્રસિધ્ધિ અને જાહેરાતોની ચિંતા કરે છે અને પ્રસાર અને પ્રચાર પાછળ જે આંધળી દોટ મૂકવામાં આવી છે એનો આ દુનિયામાં જોટો મળે તેમ નથી. કેન્દ્ર સરકારની તમામ યોજનાઓને પોતાની યોજના તરીકે ખપાવી દેવાનો હંમેશા સતત પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે અને આ જ્યારે થઈ રહ્યું છે ત્યારે માનનીય પ્રદિપસિંહ જ્યારે પ્રવચન કરતા હતા ત્યારે મજબૂર સરકાર નહીં પણ આ સરકાર એક મજબૂત સરકાર છે એવો દાવો બહું જોરશોરથી કર્યો. મારે માત્ર બે વાત કરવી છે અને બે નાની વાત કરીને હું મારી વાત પૂરી કરવા માગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, એક વાત તો આ ટ્રેઝરી બેચ પર બેઠેલા સભ્યો અને મારા પક્ષે બેઠેલા સન્માનીય ધારાસભ્યશ્રીઓ સ્વીકારશે ખરા કે ગુજરાતની અંદર છેલ્લા ૧૬ વર્ષથી ભારતીય જનતા પક્ષનું એટલે કે તમારી સરકારનું શાસન છે? અને ૧૬ વર્ષમાં આપણે જે ન કરી શક્યા એનો દોષનો ટોપલો હંમેશા કેન્દ્ર સરકાર ઉપર નાંખવાનો? જ્યારે લોકો તમને સત્તા આપે ત્યારે તમારી જવાબદારી ઉભી થાય છે અને જેની જવાબદારી છે, જેની પાસે સત્તા છે એ કયારેય ફરિયાદી બની શકતો નથી. પણ અહીંયા તો રોજ ચર્ચા એ થાય છે કે કેન્દ્ર સરકાર અમને અન્યાય કરે છે, કેન્દ્ર સરકાર અમને આમ કરે છે, કેન્દ્ર સરકાર આમ કરતી નથી માટે વિરોધ પક્ષ અમને આમાં મદદ કરે. અરે ભાઈ, તમને સત્તા આપી છે તમારી જવાબદારી છે અને તમે જો ફરિયાદી બનવાના હોય તો તમે જ્યારે ફરિયાદી બનો ત્યારે એ સરકારને મજબૂત સરકાર નહીં માત્રને માત્ર મજબૂર સરકાર કહેવી પડે. માનનીય અધ્યક્ષશ્રી, આ બધા કારણોસર માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે એને હું મારું સમર્થન આપી શકતો નથી.

**શ્રી ભરત બારોટ(દરિયાપુર-કાઝીપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૬૦ પછી આ ગુજરાતમાં કોઈ નાણા મંત્રી સળંગ બજેટ નથી રજૂ કરી શક્યા એવું રેકોર્ડબ્રેક ૧૭મી વાર માનનીય નાણામંત્રીશ્રીએ બજેટ રજૂ કર્યુ છે એ બદલ હું એમને અભિનંદન આપું છું. હમણાં સિદ્ધાર્થભાઈ બોલ્યા, ગઈકાલે અર્જુનભાઈ બોલતા હતા એ બધાના મારે જવાબો બહુ લાંબા નથી આપવા, હું જે વાત કરવા માગું છું કે કોઈ શાસન કોના સર્ટીફિકેટ લે છે લોકશાહીમાં. એ પ્રજાના સર્ટીફિકેટ લે છે. એમણે હમણાં બધું કબૂલ કર્યુ. મને પોતાને બે દાયકા થઈ ગયા આજે ધારાસભ્ય તરીકે. ૧૬ વર્ષ એ કહે છે હું ૨૦ વર્ષ કહું છું. પ્રજાના મતે આ કોંગ્રેસ આ રાજ્યની અંદર ૧૯૯૦ પછી વિધાનસભામાં ચુંટાઈ નથી. બે દાયકા થઈ ગયા. આ ગુજરાતની પ્રજા કેટલી ડાહી છે એની આ સાબિતી છે. આ છેલ્લી ચુંટણીઓ સુધી. એમણે કહ્યું છે કે આ ગુજરાતની અંદર અમને પ્રજા શાસન હાથમાં આપતી નથી. શાસન કેવું આપ્યું છે એનું મોટામાં મોટું સર્ટીફિકેટ પ્રજા હોય. અમે ૨/૩ બહુમતીથી જીતતા હોઈએ એ પ્રજાના સર્ટીફિકેટ સારા કે આ બધા જે બોલે છે એમના સર્ટીફિકેટ જોઈએ. પ્રજાના સર્ટીફિકેટથી અમે અહીંયા આવ્યા છીએ, કોઈ વ્યક્તિના સર્ટીફિકેટથી અમે અહીંયા આવતા નથી. છેલ્લાં દાયકામાં ગુજરાતે જે વિકાસ જોયો છે એ વિકાસ આખા દેશમાં વખણાયો છે. ગુજરાતના વિકાસના મોડેલને રાષ્ટ્રએ સ્વીકાર્યુ છે. આ બજેટ સર્વસ્પર્શી છે, સર્વવ્યાપી છે, ગરીબી દૂર કરનારું છે. માત્ર વચનો આપનારું નથી. ગરીબી દૂર કરીશું, મોંઘવારી દૂર કરીશું. આમ

આદમીનું બજેટ, એકવીસમી સદીમાં લઈ જનારું બજેટ, અમે બધાએ નાનપણથી આવા વચનો સાંભળ્યા છે. આપે આ બધા ચુંટણીલક્ષી વચનોથી ચુંટણીઓ પણ જીતી. હું અનેકવાર મારા ભાષણોમાં કહુ છું કે કોંગ્રેસ એ ચુંટણી જીતવાનું મશીન બની ગયું છે. પણ ચુંટણી જીત્યા પછી જેના માટે તમે ચુંટણી જીતો છો એ પ્રજાને તમે એના લાભ ના આપો તો પ્રજા લાંબેગાળે તમને કાઢી મૂકતી હોય છે, આજે ૨૦ વર્ષથી એમને કાઢી મૂક્યા છે, ૧૯૮૪-૮૫માં દિલ્હીમાં કોંગ્રેસની ૪૨૫ સીટ હતી, એ ૪૨૫માંથી આજે ૨૦૦ સીટ થઈ ગઈ છે. દસ વર્ષના વિકાસે આખા દેશે ગુજરાતને દેશના વિકાસનું એક મોડેલ બનાવ્યું છે આદર્શ રાજ્ય ગણ્યું છે. ગઈકાલે બાવકુભાઈ કહેતા હતા કે દિલ્હીમાં એન.ડી.એ.ની સરકાર હતી ત્યારે તમે સટ્ટાની છૂટ આપી, જીવન જરૂરિયાતની વસ્તુઓના સટ્ટાની છૂટ આપી, એ એવું કહેતા હતા કે તમે પેટ્રોલ ડિઝલના સંદર્ભમાં એને ડિ-રેગ્યુલરાઈઝ કર્યા. બરાબર છે સાહેબ. પણ એ વખતના મોંઘવારીના આંકડા હું વાંચી જઉં. આ બધું અમે કર્યુ. બાવકુભાઈ સાંભળો. એન.ડી.એ.ની સરકારના મોંઘવારીના આંકડા વાંચોને અને આજના મોંઘવારીના આંકડા વાંચો. અમારા ગુજરાતની અંદર એ મોંઘવારી કેટલી નડે છે એના આંકડા છે. આ ડિ-રેગ્યુલરાઈઝ થયું પેટ્રોલ, અમે સટ્ટાની છૂટ આપી અને છતાંય મોંઘવારી અટલજીની સરકારમાં કેટલી હતી એ તમે સાંભળી લો. ૨૦૦૪માં મે મહિનામાં ૬૦ રૂપિયે તેલ હતું, એ વધીને આમ આદમીના નામે ૨૦૦૯માં મનમોહનજીની સરકાર આવી ત્યારે ૭૩ થયું અને આજે ફરીવાર વધીને એ રૂપિયા ૮૫ થયું છે. ૬૦ થી ૮૫ રૂપિયે સિંગતેલ. ઘઉં ૯ રૂપિયાથી ૧૩ રૂપિયા થયાં, આજે ૧૬ રૂપિયા ભાવ થયો છે.

લોટ ૧૦ રૂપિયા હતો ૦૯માં ૧૪ રૂપિયા થયો આજે વધીને આમ આદમીના નામે જે ચૂંટણી લડ્યા છે તેના ૧૮ રૂપિયા થયા.

**અધ્યક્ષશ્રી** : આપની પાસે બે મિનિટનો સમય છે.

**શ્રી ભરત બારોટ** : હા, બે મિનિટમાં આ આંકડા વાંચી જાઉં  બીજું કંઈ છે નહીં તેમને ખબર પડે કે શું ફરક છે? ચોખા ૧૦ રૂપિયે હતા આજે ૦૯માં ૧૭ હતા આજે વધીને ૨૫ થયા. બ્રેડ ૮ રૂપિયે હતા ૦૯માં ૧૮ થયા આજે ૨૨ રૂપિયા છે. ખાંડ ૧૪ રૂપિયા હતી ૦૯માં ૨૫ થઈ અને આજે વધીને ૩૧ થઈ છે. ચા ૮૦ રૂપિયા હતી તે વધીને ૧૮૦ થઈ અને આજે ૨૫૦ રૂપિયા છે. ગોળ ૯ રૂપિયા હતો તે વધીને ૩૫ થયો અને આજે ૪૦ રૂપિયા છે. મગની દાળ ૨૪ હતી તે વધીને ૫૦ થઈ આજે ૬૪ છે. તુવેરની દાળ ૨૬, વધીને ૫૦ થઈ અને આજે ૬૮ છે. મસુરની દાળ ૨૨ રૂપિયા અટલજીની સરકારમાં વધીને ૫૦ રૂપિયા અને આજે ૫૨ રૂપિયા છે. ચણાની દાળ ૨૫/-, ૩૫/-, ૩૮/- , મરચું ૫૦/-, ૧૦૦/-, ૧૯૦/-, હળદર ૩૦/-, ૮૫/-, ૩૩૦/- આ ગઈકાલના ભાવો છે. આ માધુપુરા માર્કેટના ભાવો છે. રાજમાં ૨૮/-, ૪૫/- અને ૬૦/-, દૂધ ૧૨/-, ૨૪/- અને ૩૨, રાંધણ ગેસ ૨૦૦/-, ૩૧૫/-, ૩૬૫/-, પેટ્રોલ ૩૩/-, ૪૩/-, ૬૨/-, ડિઝલ ૨૨/-, ૩૨/-, ૪૨/- લોખંડ, સિમેન્ટ આ બધું અમે કર્યા છતાંય આજે તમારે ત્યાં ડબલ છે. *(xxxx) (xxxx) (xxxx) (xxxx)આ મારા શબ્દો નથી.

**અધ્યક્ષશ્રી** : ભરતભાઈ, પોઈન્ટ ઓફ ઓર્ડર છે. આપનો સમય પૂરો થયો છે આપ બેસી જાવ.

## પોઈન્ટ ઓફ ઓર્ડર

### કોઈના નામે મૂકીને શબ્દપ્રયોગ કરવા અંગે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ભરતભાઈ મંત્રી મંડળમાં પણ હતા અને લાયકાત ધરાવે છે. આજે માનનીય સભ્યશ્રી તરીકે ભરતભાઈ જે બોલે છે તેમાં આપ છેલ્લાં શબ્દો જોઈ લેજો. કોઈ પણ રાજકીય પક્ષને(અંતરાય) મારા હાથમાં નથી ભાઈ બાદબાકી કરવાનું. તેમના તો પ્રમુખ હતા અને તે સર્વોચ્ચ સ્થાને રહેશે નીતિનભાઈ (અંતરાય) બેઠા બેઠા મંત્રીશ્રી કહે તો મારે જવાબ આપવો જ પડેને ? તે બોલે છે એટલે મારે જવાબ આપવો જ પડે. નીતિનભાઈ મંત્રી છે, સભ્ય બોલે તો..

**અધ્યક્ષશ્રી** : બધા સભ્યોને સમય ફળવાયો છે, પછી તકલીફ પડે છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, સમય ના બગડે એટલા માટે કહું છું, આપ નિર્ણય ચકાસી લેજો માનનીય ભરતભાઈએ કોઈ રાજકીય પક્ષ માટે કોઈના નામે મૂકીને જે શબ્દપ્રયોગ વાપર્યા છે તે કોઈ પણ સંજોગોમાં ચાલે નહીં નહીંતર અમને આપના મુખ્યમંત્રીશ્રી માટે વપરાયેલા શબ્દો વાપરીએ તો બહુ ખરાબ સ્થિતિ થશે.

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહભાઈએ જે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો છે તે રેકોર્ડ ઉપર હું જોઈ લઈશ અને અસંસદીય શબ્દ હશે તેને દૂર કરીશ.

* (XXXX માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

# અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)(ક્રમશઃ)

**શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનીય ગૃહમાં માનનીય નાણામંત્રીશ્રી સત્તરમી વખત જે બજેટ લઈને આવ્યાં છે ત્યારે તેમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને મહિલા અને બાળ કલ્યાણ વિભાગ વિશે મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશમાં ૫૦ ટકા જન સંખ્યા મહિલાઓની છે અને ૨૫ ટકા જેવી જન સંખ્યા બાળકો અને યુવાનોની છે. સમાજની ૭૦ થી ૭૫ ટકા વસતિના ઉત્થાન માટે વિચારવાની પ્રાથમિકતા જો કોઈએ આપી હોય તો સર્વ પ્રથમ ભારતીય જનતા પાર્ટીની સરકાર અને સંવેદનશીલ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ આ વાતને પ્રાથમિકતા આપી છે. મહિલા અને બાળ કલ્યાણનો સ્વતંત્ર દરજજો ૨૦૦૧માં અપાયો અને ત્યારથી આ વિભાગને સન્માનીય મંત્રી આનંદીબહેન પટેલ સુચારુ સંભાળી રહ્યાં છે ત્યારે મારે ગૌરવ સાથે કહેવું છે કે, મહિલા અને બાળ કલ્યાણનો આ વિભાગ માત્ર યોજનાઓ જ નહીં પરંતુ એથી આગળ વધીને મહિલાઓની આશા અપેક્ષા અને સ્વપ્નાઓને સંકલિત કરવાનું કામ રાજયના માનનનીય મંત્રીશ્રી આનંદીબહેન પટેલે કર્યુ છે. માનનીય અધ્યક્ષશ્રી, એક વખતની અંદર નારી માટે મૈથિલીશરણ ગુપ્તએ લખ્યું છે કે " નારી અબલા હાય તેરી કરુણ કહાની, આંચલમેં હૈ દૂધ ઔર આંખોમેં હૈ પાની. અબળાને સબળા બનાવવાનું કામ આ સરકારે પોતાના શિરે લીધું છે. શોષિત, પીડિત, અસહાય, દલિત મહિલાઓને અનેક યોજનાઓથી લાભાન્વિત કરીને મહિલાઓને આગળ ધપાવવાનું કાર્ય કરીને તેમને વિશ્વાસ અપાવ્યો છે. શકિત અને સંસાધનો પણ આપ્યા છે અને મહત્વની બાબત એ છે કે તેમને સંરક્ષણ પણ આપ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે માતાને પણ બચાવવી છે અને બાળકોને પણ બચાવવા છે. આ મકકમ નિર્ધાર સાથે સરકારે માતાને બચાવવા ચિરંજીવી યોજના અને બાળકને બચાવવા માટે બાલભોગ જેવી યોજના અમલમાં મૂકી છે. આપણે સૌ જાણીએ છીએ કે માતા તંદુરસ્ત હશે તો જ તંદુરસ્ત બાળકને જન્મ આપી શકશે. એટલે ગુજરાત સરકારે માતા અને બાળકમાં કુ-પોષણમાં ઘટાડો થાય એટલા માટે કુ-પોષણ મિશનની રચના કરી છે. કિશોરીઓને પૂરક પોષણ આપનાર ગુજરાત દેશનું પ્રથમ રાજય છે. રાજય સરકાર આવું પૂરક પોષણ એ કિશોરીઓને આપી રહી છે કે જે ભવિષ્યમાં માતા બનવાની છે. આ યોજનામાં કેન્દ્ર સરકારની કોઈ આર્થિક સહાય આપણને મળવાની નથી. આ યોજનાનો સંપુર્ણ ભાર રાજય સરકારે પોતાના શિરે ઉપાડી લીધો છે. ગુજરાત દેશમાં સૌપ્રથમ સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ વિના મૂલ્યે રેડી ટુ કૂક પુરક આહાર જેવો કે સુખડી, શીરો, ઉપમા અને બાલભોગના પેકેટ વિના મૂલ્યે આપવામાં આવે છે. એના માટે ૫૮૯ કરોડની જોગવાઈ માત્ર કુપોષણ ઘટાડવાના પગલાંઓ માટે ફાળવવામાં આવી છે. જે ખાસ નોંધનીય બાબત છે.

માનનીય અધ્યક્ષશ્રી, શાસ્ત્રોમાં કહેવાયું છે કે બાળક એ ભગવાનનું સ્વરૂપ છે. આવા બાળકને જન્મ આપનાર માતાથી વિશેષ જે માતા બાળકોના સંસ્કારનું સિંચન કરે છે તેવી મારી આંગણવાડી જેવા નાના ક્ષેત્રમાં કામ કરતી બહેનોને યશોદાનું નામ આપી તેમને યશોદા એવોર્ડથી પુરસ્કૃત કરી છે અને તેમને ૫૧ હજારથી માંડીને ૧૧ હજારના વિવિધ સ્તર સુધી આ મહિલાઓને સન્માનિત કરવામાં આવેલ છે. આ ઉપરાંત રાજય સરકારે અનેક નવતર પગલાં લીધાં છે. જેમાં આંગણવાડીની બહેનોને માનદ્ વેતન વધારી બે સાડી, બે બ્લાઉઝ, આંગણવાડીઓમાં ગેસજોડાણ, સગડી, મોબાઈલ વાન અને યશોદા ગૌરવ નિધિ જેવી યોજનાઓ શરુ કરી છે. આ બાળકો માટે આંગણવાડી માટે ચાલુ વર્ષે ૩૧૦૦ નવા મકાનો નંદઘર બનાવવા માટે ૧૧૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જે બાળક છે તે આપણે મન કનૈયો છે, તેમનામાં જે સંસ્કારોનું સિંચન કરે છે તે યશોદા છે અને જયાં બાળક ભણવાનું છે તે નંદઘર છે, તેની એકપણ યોજના વંશવેલાના નામ સાથે જોડયા સિવાય આ ભારતની સંસ્કૃતિની અસ્મિતાના દર્શન આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કરાવ્યા છે. રાજય સરકાર આપના દ્વારે (અંતરાય) તે સૂત્રને સાકાર કરીને ૩૫૦ જેટલા ગરીબ કલ્યાણ મેળા થયા. એનાથી મહિલા કલ્યાણની સરકારી યોજના, માનવ ગરિમા યોજના, વિધવા સહાય યોજના, જનની સુરક્ષા યોજના, બાલિકા સમૃદ્ધિ યોજના, કુંવરબાઈનું મામેરૂ, સરસ્વતી સાધના, વિદ્યા લક્ષ્મી બોન્ડ યોજના વગેરે યોજનાઓથી મહિલાઓને મહત્તમ લાભ આપ્યો. આ બધી યોજનાઓથી લાભાન્વિત થયેલી મહિલાઓના જીવનમાં ગરીબીનો અંધકાર ઉલેચવાનું અભૂતપૂર્વ કામ આ સરકારે કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સમાજમાં વિધવા થતી બહેનો, નિરાધાર બહેનોની સ્થિતિ કદી વર્ણવી ન શકાય તેવી હતી. આવા સમયે રાજય સરકારે વિધવા સહાય તો આપી, પણ એનાથી આગળ વધીને વિધવા મહિલાઓને પુનઃ સ્થાપન કરવાની યોજના પણ કરી. ૧૮થી ૪૦ વર્ષની વિધવા બહેનોને તાલીમ આપવામાં આવી અને તાલીમ પૂરી થયા પછી રૂપિયા ૫ હજારની સાધન સહાય આપીને આવી મહિલાઓ પોતાના પગ ઉપર ઉભી રહી શકે તે માટેના પ્રયત્નો કર્યા. ૨૦૦૯-૧૦માં ૪૫ લાખ અને ૬૫૧ બહેનોનું પુનઃસ્થાપન કરવામાં આવ્યું. ચાલુ વર્ષે ૧૧ હજાર જેટલી મહિલાઓનું પુનઃ સ્થાપન કરવાનો રાજય સરકારે નિર્ધાર કર્યો છે. આર્થિક રીતે સ્વાવલંબી કરવાનું કાર્ય માત્ર શહેરી મહિલાઓ પૂરતું જ નથી. ગ્રામીણ કક્ષાએ ગામે ગામ શરુ થયેલા સખી મંડળોએ ગામડાઓની

સાવ અભણ મહિલાઓને આર્થિક રીતે પગભર બનાવી છે. સખી મંડળોનું કામ ભલે એકદમ નાના પાયે ચાલતુ હોય પરંતુ તેના થકી ગામડાઓ અને ગ્રામજનોની આર્થિક સ્થિતિમાં ચોકકસ સુધારો આવ્યો છે, તેની નોંધ લેવી જ રહી. મારા વિસ્તારના ભદ્રેશી ગામમાં આ સખી મંડળો ચલાવતી બહેનોના આખા પરિવારનું ભરણપોષણ ઘેર બેઠા ભરતગુંથણ કરીને બહેનો કરી રહી છે. ગરીબ કલ્યાણ મેળામાં સૌથી મોટા કોઈ ચેક અપાયા હોય તો રીવોલ્વીંગ ફંડના આ સખી મંડળની બહેનોને અપાયા હતા.
આજે ઘરકામમાં પરોવાયેલી બહેનોની પરિશ્રમ યાત્રા ફળી છે અને સરકારી સહાય તેમાં રંગ લાવી છે ત્યારે આ મારા સખીમંડળોની બહેનો રાજય સરકાર માટે આભાર અને ધન્યતાની લાગણી અનુભવે છે. મહિલા અને બાળ કલ્યાણ મંત્રી દ્વારા કુપોષણનું કલંક દૂર કરવા માટેની જે યોજના લઈને આવ્યા છે એ આનંદની વાત છે. હું આ બજેટને મારું અનુમોદન આપું છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ(૨૫૨)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી વધુ એક વખત આ સન્માનનીય સભાગૃહ સમક્ષ ૨૦૧૧-૧૨ ના નાણાકીય વર્ષના અંદાજો લઈને આવ્યા છે. સતત ૧૭ મી વખત અંદાજપત્ર લાવવા માટેના ખૂબ નસીબદાર નાણામંત્રીશ્રી, પરંતુ આ ૧૭ વખતના અંદાજપત્ર પછી રાજયનો કરબોજનો જે ખર્ચ છે એની ઉપરનું જે ભારણ છે એ ઘટાડી શકાયું નથી અને એ ઘટાડવા માટેની કોઈ ઈચ્છા પણ નથી. ગઈકાલે બજેટ ઉપરની ચર્ચામાં ટ્રેઝરી બેંચ ઉપરથી માનનીય જયનારાયણ વ્યાસ કે જે બહુ વિદ્વાન સભ્યશ્રી આ સભાગૃહના ગણાય છે અને તેમણે આપણી ઉપરનો કરબોજ, આપણી ઉપરનો જ વ્યાજનો દર હોય એ કુલ ભારણ ઘટી શકતું નથી એના કારણોમાં એમ કહ્યું કે કેન્દ્ર સરકાર અહીંથી કરવેરા રાજયમાંથી લઈ જાય છે, પરંતુ સપ્રમાણ આપતા નથી. એના માટે દર પાંચ વર્ષે નાણાં પંચની સલાહ અનુસાર દરેક રાજયને એ ફાળવણી થતી હોય છે. આ વર્ષે આપણને કેન્દ્ર સરકાર તરફથી કેટલા પૈસા મળવાના છે એની રાજય સરકારના અંદાજોની આવક ૭૫૫૧ કરોડ રૂપિયા આપણને મળશે એવો અંદાજ આપણે મૂકીએ છીએ, પરંતુ આપણે માગ્યા એના કરતાં વધુ પૈસા કેન્દ્ર સરકારે આપણને આપ્યા છે. ૮૦૨૩ કરોડ રૂપિયા કેન્દ્ર સરકારે બજેટમાં ફાળવણી કરી છે. ૧૧ મા નાણા પંચ વખતે આપણને કેન્દ્રીય ફાળવણીમાંથી ૨ ટકા પણ મળતા નથી એટલા માટે ૧૨ મા નાણા પંચ પાસે કોંગ્રેસ પક્ષ તરફથી રજૂઆત કરવા માટે ગયેલા ત્યારે પણ હું સાથે હતો. ૧૩ મા નાણા પંચ પાસે આપણે રજૂઆત કરવા માટે કોંગ્રેસ પક્ષ ગયો ત્યારે કયારેય પણ આપણને રાજયમાં પૈસા ઓછા મળે એવી વાત કરી નથી, પૈસા વધારે મળવા જોઈએ એવી માગણી કરી છે. ૧૨ મા નાણા પંચ વખતે તે વખતના પંચના અધ્યક્ષશ્રી રંગનાથન ત્યારે વડાપ્રધાનશ્રીની આર્થિક બાબતોના સલાહકાર બોર્ડના ચેરમેનને ત્યારે પણ આપણે કહ્યું હતું કે રાજયમાં કુદરતી આપત્તિના કારણે કરજનું ભારણ વધતું જાય છે એટલે એનું જે વ્યાજ છે એ કેન્દ્ર સરકાર આપે. હમણાં જે જવાબ આપ્યો તેમાં ૭ ટકાનું વ્યાજ હતું અને એ ૭૫ પૈસા ૦ાા ટકો કરવામાં આવ્યું, એ માત્ર ગુજરાત માટે નહીં, પરંતુ આપણી જે રજૂઆત હતી એના કારણે આખા દેશમાં કેન્દ્ર સરકારને જે ભાવે પૈસા મળતા હતા એ વિશ્વ બેંક અને બીજી આંતરરાષ્ટ્રીય સંસ્થા પાસેથી અને વધુ વ્યાજનો બોજો આવતો હતો એ ઓછો થયો, પરંતુ આપણે ત્યાં ઓછું વ્યાજ આવ્યું એટલે કહ્યું બોજનું ભારણ ઓછું ના થાય કારણ કે આપણા લોકલ રિસોર્સિસ છે એને આપણે ટ્રેક કરતા નથી.આ નાણા મંત્રીશ્રી ૧૭ મી વખત બજેટ લાવ્યા એટલા માટે કે મેં કર્યુ, મેં કર્યુ એમ નહીં, પરંતુ આ ગુજરાતની જે ટ્રેડિશન છે, બજેટ બનાવતી વખતે કેન્દ્ર સરકાર પણ ઉદ્યોગપતિઓને બોલાવે છે, તેમની સાથે ચર્ચા કરે છે. અર્થશાસ્ત્રીઓની સાથે ચર્ચા કરે છે, આ ક્ષેત્રના હોય છે તેમની સાથે ચર્ચા કરે છે. મેં પણ એકાદ વખત અંદાજપત્ર રજૂ કર્યુ હતું અને એ વખતે પૂર્વ નાણામંત્રીશ્રીઓ અને વેપારી મહામંડળોને બોલાવીને તેમની સાથે કયોર્ હતો અને કયાં ટેકસ ઘટાડો કરવો જોઈએ એ સૂચવ્યં હતું અને એનો અમલ કર્યો છે. ૧૮ સ્લેબમાંથી ૬ સ્લેબ કર્યા હતા અને૧૧ સ્લેબમાં માત્ર એકમાં વધારો અને ૧૦ માં ઘટાડો કર્યો હતો. આ બજેટની અંદર મારા વિદ્વાન સદસ્ય શ્રી સિધ્ધાર્થભાઈએ જે હકીકત કહી છે તેને હું સમર્થન આપું છું કે આજે આપણે બોજો વધારતા જઈએ તેના બદલે ઓછો ટેકસ અને વધુ વસુલાતના સિધ્ધાંતો જે ભૂતકાળમાં અપનાવ્યા હતા તેને કારણે રાજયની આવકો વધી હતી. અલંગની અંદર શીપ બ્રેકીંગ ઈન્ડસ્ટ્રીઝને ટકાવવા માટે માનનીય શકિતસિંહભાઈએ કહ્યું હતું કે ૪ ટકાનો બોજો આપણે બે ટકાનો કર્યો તો ૬ કરોડ રૂપિયામાંથી ૬૫ કરોડ રૂપિયા આપણી આવક થઈ. અત્યારે રાજયના ઉત્પાદકોને માલ રાજયમાં નહીં વેંચતા બીજા રાજયોમાં વેંચવો પડે તેવી પરિસ્થિતિ થઈ છે. વર્ટીફાઈડ ટાઈલ્સનો ઉદ્યોગ સૌરાષ્ટ્ર અને કચ્છમાં વિકસતો ઉદ્યોગ એમાં હજારો લોકોને રોજગારી મળે છે. પણ એનું ઉત્પાદન ગુજરાતમાં વેંચાવાને બદલે બીજા રાજયમાં જાય, હરિયાણામાં જાય, હરિયાણા દિલ્હીથી નજીકમાં છે. અને ત્યાં જાય છે કે નહીં તે ખબર નથી, પરંતુ તેનો ૧૫ ટકાનો વેરો જો બે ટકાનો કરવામાં આવે કે ૪ ટકાનો કરવામાં આવે તો રાજયના ઉપભોકતાઓ, એ માલ અહીં ગુજરાતનો માલ ગુજરાતમાં જ ખરીદી શકે. ટીમ્બર ઉદ્યોગ જે વિકસેલો છે તેના ઉપર અમે ૧૪ ટકામાંથી ૮ ટકા કરેલો ૧૯૯૭માં. આજે એનો ૧૫ ટકા વેટ છે. લાકડું ઉતરે ત્યાં આપણા બંદરો ઉપર, વેરાય આપણા બંદરો ઉપર અને તે બ્રાન્ચ ટ્રાન્સફરના નામે બીજા રાજયોમાં જાય, આપણને કંઈ ટેકસ મળે નહીં પણ તેના બદલે તેનો વેરો જો ઓછો કરવામાં આવે, ૪ ટકાનો વેરો અન્ય રાજયોમાં છે એવી રજુઆત આવેલી છે અને મેં પણ પત્ર લખીને માનનીય નાણા મંત્રીશ્રીને કહયું છે. પોતાની બજેટ સ્પીચની અંદર આ વેરા ઘટાડવાની જો તે વાત કરે તો આપણે

સમજીએ કે એમને આવકો વધુ કરવામાં રસ છે. એકાદ વખત અખતરો તો કરી જુએ, આ નાણા મંત્રીનું વિધવા બહેનો માટેનું વલણ અને ધારાસભ્યો માટેનું વલણ એક સરખું રહ્યું છે. વિધવા બહેનોના પેન્સનની અંદર કોઈ વધારો નહીં અને ધારાસભ્યોને એમના વિસ્તારમાં ગ્રાન્ટ ફાળવવાની હોય એમાં પણ કોઈ વધારો નહીં. એટલા માટે વિકેન્દ્રીય આયોજનની અંદર ૭ ટકા જો વાપરવાના હોય તો પ્લાનિંગની તમારી આ વખતની ગ્રાન્ટ છે તેના ૭ ટકા પ્રમાણે ૨૨૦૦ કરોડ રૂપિયા ફાળવવા જોઈએ પણ એમણે ફાળવ્યા છે કેટલા? ૬૦૦ કરોડ રૂપિયા પણ ફાળવ્યા નથી. આ રકમ જો વધુ ફાળવવામાં આવે તો, ધારાસભ્યોને અન્ય રાજયોની અંદર ૧ કરોડ રૂપિયા, અને કોઈ કોઈ રાજયમાં બે કરોડ રૂપિયાની ફાળવણી થાય છે, ઉત્તર પ્રદેશ જેવા રાજયોમાં ૨ કરોડની ફાળવણી થાય છે. મહારાષ્ટ્રમાં એક કરોડની ફાળવણી થાય છે. આ નાણા મંત્રીશ્રીને ધારાસભ્યો પોતે પૈસા વાપરવાના નથી કે વાપરે છે ત્યાં કઈ રીતે વાપરે છે એમાં શંકા ઉપજતી હોય તે રીતે એમાં વધારો કરેલ નથી, એટલા માટે કે આ રાજયની અંદર આવકો વધારવા માટેના અમારા જે કેટલાક સૂચનો હોય છે અમે તો એમ કહીએ કે અહીંયા ભાવ ઓછા લેવાય છે જમીનોના, તો એની અંદરનું વ્યાજબીપણું કહીએ, મેં એક સવાલ પુછેલો કે આપણે ત્યાં ડેપ્રીસીએશન બંદરો ઉપરનું, જે આપણે ખાનગી બંદરોને ઈજારો આપેલો છે તેની કિંમત વસુલ કરતી વખતે આપણે પાછા જયારે ૩૦ વર્ષે લેવાના છે તો તેમાં તેની ડેપ્રીસીએશન વેલ્યુ બાદ કરવાના ધોરણો શું છે? તો કહ્યું કે એમાં ડેપ્રીસીએશન લેવાનું કોઈ ધોરણ જ નથી, મુળ કરારો આ ગૃહના ટેબલ ઉપર મુકવામાં આવે તો જ આપણને ખબર પડે કે આ કરારોમાં પાછળથી કેવા ફેરફારો કરવામાં આવ્યા છે અને તેને કારણે હજરો કરોડ રૂપિયાનું રાજયને નુકસાન થઈ રહ્યું છે. નાણા મંત્રીશ્રી આ રાજયની અંદરની નાણાકીય આવકો જે ડેલઆઉટ થઈ છે તેને કમસેકમ રોકે તો નવા વેરા નાખવાની તો કોઈ જરુર ન પડે ઉલટાનું સરપ્લસ થઈ શકે. આ વખતે એમણે પુરાંત દર્શાવી છે. ૪૬ કરોડ રૂપિયાની, પણ એના બદલે કેન્દ્ર સરકારે તમને દસ ગણા પૈસા તો વધારે આપી દીધા છે. પણ વર્ષના અંતે શું થશે? આયોજન માટેની વાત થાય, જયનારાયણ ભાઈએ એમ કહ્યું કે આ બેંકોના પૈસા બીજા રાજયોની અંદર જાય છે ભારતના બંધારણ પ્રમાણે બેંકોનો વહીવટ છે તે સ્વતંત્ર વહીવટ છે. અને બેંકોની જે સ્ટેટ લેવલ કમીટી છે તેની અંદર નાણા મંત્રીશ્રી તેના ચેરમેન હોય છે. નાણા મંત્રીશ્રીએ આ ક્રેડીટ રેશીયો ગુજરાતમાં ઓછો છે તેની કોઈ દિવસ ચિંતા કરી ુ ખરી? અને આ નાણા મંત્રીશ્રી તો બેંકની સાથે જોડાયેલા છે રાજકોટની નાગરીક કો. ઓપરેટીવ બેંક જે સારી વહીવટી બેંક ગણાય છે, એમણે કદી એ ચિંતા કરી ખરી? અને બેંકોનો વહીવટ હોય, તો આપણું નાણા પંચ હોય એની પોતાની વ્યવસ્થા છે એના ભાગ રુપે હોય, માનનીય અધ્યક્ષશ્રી જયનારાયણ ભાઈએ એમની વાચાળતા છે તેને કારણે કહ્યું કે ગુજરાતને આટલા પૈસા ઓછા મળે છે, એટલા માટે બે આંકડા આપવા માગું છું.

**અધ્યક્ષશ્રી** : આપનું પ્રવચન પૂરું થાય છે. વિરામનો સમય થયો છે.

**વિરામ સવારના ૧૦-૩૦ થી ૧૧-૦૦**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી કમાભાઈ ગ. રાઠોડ(વિરમગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ણિમ ગુજરાતના સ્વપ્ન દૃષ્ટા આ રાજયના મુખ્યમંત્રી માનનીય નરેન્દ્રભાઈ મોદી સાહેબે જ્યારે ગુજરાતની નાણા વિભાગની જવાબદારી આ ગુજરાતના સપૂત એવા માનનીય વજુભાઈ વાળાના શિરે સોંપી છે અને સન ૨૦૧૧-૧૨નું અંદાજપત્ર સતત ૧૭મી વખત લઈને આવીને રૅકૉર્ડ બ્રેક કર્યો છે ત્યારે માનનીય નાણામંત્રીશ્રીને હું લાખ લાખ અભિનંદન આપું છું.

૨૧મી સદીનું બીજા દાયકાનું આ પ્રથમ બજૅટ હોય આ બજૅટની અંદર મેં નહિ હમનો રણકાર હોય, વંચિતોના વિકાસની વાત હોય, દરિદ્ર નારાયણના ઘેર દીવો પ્રગટાવવાની વાત હોય, આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો બનાવવાની વાત હોય, મહાત્મા મંદિર નિર્માણની વાત હોય, આ ગુજરાતના પનોતા પુત્ર સરદાર પટેલ સાહેબની વિશ્વમાં ઊંચામાં ઊંચી પ્રતિમા Statue of Unity બનાવવાની વાત હોય. આવી વાતો જ્યારે અંદાજપત્રમાં લઈને માનનીય નાણામંત્રીશ્રી આવ્યા હોય ત્યારે એમાં આદિવાસીઓની વાત હોય, ખેડ્રતોની વાત હોય કે બક્ષી પંચ સમાજની વાત હોય કે એ વસતિનો વિકાસ કરવાની વાત હોય ત્યારે હું મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

આ રાજયની અંદર લગભગ ૫૪ ટકા જેટલી વસતિ બક્ષી પંચ સમાજની છે જેમાં ૧૪૪ જેટલી જ્ઞાતિઓનો સમાવેશ કરેલ છે ત્યારે મારે સામા પક્ષના મિત્રોને કહેવું છે કે આ ગુજરાતના બક્ષી પંચ સમાજે નક્કી કર્યુ છે કે જેટલા અમે ૧૪૪ છીએ એના કરતાં વધારે સન ૨૦૧૩માં આ રાજયમાં ભાજપના ધારાસભ્યો ચૂંટાઈ લાવીને ભારતીય જનતા પક્ષની સરકારને બેસાડીશું. રાજયમાં ૧૪૪ જેટલી જ્ઞાતિઓ હોય ત્યારે સાગર ખેડુ માટે ૧૩ હજાર કરોડની યોજના હોય, વનબંધુના વિકાસની વાત હોય કે ગરીબ સમૃદ્ધિ યોજનાની વાત હોય આ વિકસિત જાતિ કલ્યાણ માટે આ રાજયના નાણામંત્રીશ્રીએ આ બજૅટની અંદર ૩૬૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરી વિકસિત જાતિઓના કલ્યાણ માટેની વાત કરી એ બદલ નાણામંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ હું લાખ લાખ અભિનંદન આપું છું.

ગઈકાલે આ સભાગૃહમાં માનનીય સભ્યશ્રી અમરસિંહભાઈ વસાવા સ્વાગત કાર્યક્રમ માટે અહીંયા થોડી વાત કરતા હતા ત્યારે મારે એના ઉપર એક વાત કહેવી છે. રાજય સરકારનો આ સ્વાગત કાર્યક્રમ છે, એ

સ્વાગત કાર્યક્રમમાં આદિવાસીઓ હોય, દલિતો હોય, પીડિતો હોય, ખેડૂતો હોય, ગરીબો હોય, બક્ષી પંચ સમાજના લોકો હોય એની ફરિયાદો કરવા માટેનો કાર્યક્રમ છે નહિ કે આકાશવાણી કે દૂરદર્શન જેમાં કોઈ સરકારના વખાણ કરવાનો કાર્યક્રમ? આ સ્વાગત કાર્યક્રમમાં અત્યાર સુધીમાં આ કાર્યક્રમ હેઠળ ૧,૩૮,૭૪૬ જેટલી ફરિયાદો મળી અને એમાંથી ૧,૨૩,૩૪૮ ફરિયાદોનો નિકાલ થયો એટલે કે ૯૦ ટકા જેટલી ફરિયાદોનો સ્વાગત કાર્યક્રમમાં નિકાલ થયો છે.

**સભાપતિશ્રી દોલતરાય ના. દેસાઈ અધ્યક્ષસ્થાને**

અને તેના માટે આ રાજય સરકારને અભિનંદન આપીએ છીએ. મારે એ વાતથી આપના અને ગૃહના સભ્યો સમક્ષ નોંધ મૂકવી છે કે માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા આ સ્વાગત કાર્યક્રમને નેશનલ એવોર્ડ ફૉર ઈ-ગવર્નન્સ ૨૦૧૦-૧૧નો એવોર્ડ ભારતની સરકારે આપ્યો છે ત્યારે આ રાજયના મુખ્યમંત્રી અને આ સરકારને મારે અભિનંદન આપવા છે. માત્ર ભારતની સરકારે નહીં, પરંતુ આંતરરાષ્ટ્રીય સંસ્થા યુનો દ્વારા આ કાર્યક્રમ એફીશીયન્ટ ટ્રાન્સ્પરન્સી વાળો અને એકાઉન્ટીબીલીટીવાળો હોવાથી યુનોનો પણ એવોર્ડ મળ્યો છે ત્યારે મારે સામેના પક્ષના મિત્રોને કહેવું છે કે આ સ્વાગત કક્ષ કોઈના વખાણ કરવાવાળો નહીં. માત્ર દરિદ્રનારાયણોની ફરિયાદોનો નિકાલ કરવા માટે, દરિદ્રનારાયણના દુઃખને વાચા આપવા માટેનો કાર્યક્રમ છે. ત્યારે તમારે અભિનંદન આપવા ઘટે. બક્ષી પંચની જાતિઓની વાત હોય અને હું પણ બક્ષી પંચ સમાજમાંથી આવતો હોઉ, માનનીય નાણા મંત્રી પણ બક્ષી પંચ સમાજમાંથી આવતા હોય, માનનીય મુખ્યમંત્રીશ્રી પણ બક્ષી પંચ સમાજમાંથી આવતા હોય ત્યારે મોસાળમાં જમણવાર અને માં પીરસનારી એવો ઘાટ જ્યારે આ ગુજરાતની ૫૪ ટકા વસતિનો હોય ત્યારે જન્મથી લઈને મરણ સુધીની સહાય, બક્ષી પંચની અતિ પછાત જાતિઓને જન્મથી લઈને મરણ સુધીની સહાય. જન્મે ત્યારે ચિરંજીવી યોજના દ્વારા આરોગ્ય વિભાગ દ્વારા સહાય આપવામાં આવે. ભણવાનું હોય ત્યારે ૧થી ૪ ધોરણમાં શિષ્યવૃત્તિ સહાય આપવામાં આવે. ૪થી ૭ ધોરણ સુધીના બાળકોને શિષ્યવૃત્તિની સહાય આપવામાં આવે અને ઉચ્ચ અભ્યાસ જવું હોય ત્યારે ધોરણ ૮થી ૧૦માં ભણતા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવામાં આવે. તેનાથી આગળ ઉચ્ચ અભ્યાસ કરવો હોય તો ૧૦થી ૧૨ ધોરણના વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે સહાય આપવામાં આવે અને એ દીકરા-દીકરીઓને આગળ વધવું હોય, મૅડિકલ-એન્જિનિયરીંગમાં જવું હોય તો પણ આ રાજય સરકારના દરવાજા તેમના માટે હર હંમેશ ખુલ્લા રહે છે અને એટલા માટે રાજય સરકારને જેટલા અભિનંદન આપીએ, લાખ-લાખ નહીં, કરોડ-કરોડ, અબજ-અબજ અભિનંદન આપીએ.

**સભાપતિશ્રી** : કમાભાઈ,સમય પૂરો થયો.

**શ્રી કમાભાઈ ગ. રાઠોડ** : આ ભણવા માટેની વાત થતી હોય, માત્ર ભણવા માટેની વાત છે. ભણવા સિવાયની વાત, જન્મથી મૃત્યુ સુધીની સહાય હોય ત્યારે..

**સભાપતિશ્રી** : માનનીય મેઘજીભાઈ,

**શ્રી કમાભાઈ ગ. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે એક કવિતા આપની સમક્ષ કહેવી છે. અહીંયા વારંવાર જ્યારે બક્ષી પંચ સમાજ, આદિવાસી, ખેડૂત અને બધી સરકાર આ સર્વાંગી વિકાસની વાત કરતી હોય ત્યારે હું એક કવિતા કહીને મારી વાત પૂરી કરીશ.

સત્તાનો ભૂખ્યો છે પોપટ, મદનો તરસ્યો છે પોપટ.
નેતા તરીકે તેને કોઈ સ્વીકારતું નથી, ખૂબ દુઃખિયો છે પોપટ.
પોરબંદરી મરચાં અને વઢવાણી મરચાં ખાઈ
અને તાજો થયો છે પોપટ. આક્ષેપો કરતાં શીખ્યો છે પોપટ.
મનમાં ને મનમાં દુઃખી છે પોપટ.

ત્યારે આ રાજયના નાણા મંત્રી જે બજૅટ લઈને આવ્યા છે તેમાં હું મારો સૂર પુરાવું છું અને લાખ લાખ અભિનંદન આપીને વિરમું છું.

**શ્રી મેઘજી ડા. કણઝારીયા (ખંભાળીયા)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના આદરણીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળા સાહેબે આ ગૃહ સમક્ષ ૨૧મી સદીના બીજા દાયકાનું અને ૧૧મી પંચવર્ષીય યોજનાનું અંતિમ બજૅટ આ ગૃહ સમક્ષ ૧૭મી વખત રજૂ કર્યું છે ત્યારે હું આ બજૅટ ઉપર મારા વિચારો રજૂ કરવા અને આ બજૅટને અનુમોદન આપવા માટે અહીં ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયનો સર્વાંગી વિકાસ થયો છે એ વાત વાસ્તવિક છે. એટલે જ સર્વજન હિતાય, સર્વજન સુખાયની ભાવના લઈને આ રાજય સરકારે પાણી પુરવઠા યોજનાનું નક્કર આયોજન કરીને સર્વ રાજયવ્યાપી ગ્રીડ નીચે પાણી પુરવઠાનું આયોજન કરેલ છે. એ આયોજનને પરિણામે રાજયની અંદર ૧૦,૬૭૫ ગામો અને ૧૨૭ શહેરોને આવરી લઈ આ રાજયમાં વસતા ૩.૫૮ કરોડ લોકોને રાજયની આ સર્વ રાજય વ્યાપી પાણી પુરવઠા ગ્રીડ નીચે આવરી લઈ દરરોજનું ૨૦૦ કરોડ લીટર પાણી દૈનિક પહોંચાડવાનું કામ આ રાજય સરકાર કરી રહી છે. અત્યાર સુધીમાં આ પાણી પુરવઠા યોજના હેઠળ રાજય સરકારે ૨,૧૦૦ કીલોમીટરની બલ્ક લાઈન અને ૧,૧૬,૦૦૦ કીલોમીટરની પાણીની વિતરણ લાઈનોનું આયોજન કરી ૧૫૫ જેટલા ફીલ્ટર પ્લાનનું કામ પૂર્ણ કરેલ છે. રાજય વ્યાપી પાણી પુરવઠા ગ્રીડની કામગીરી વેગવંતી બને એ માટે રાજય સરકારે

આ પ્રભાગ હેઠળ જોગવાઈ ૧૮૨૨ કરોડની કરેલ છે. સરદાર સરોવર કેનાલ યોજના સુજલામ સુફલામ યોજના અને અન્ય ગ્રામની જૂથ યોજના આધારીત પાણી પુરવઠા યોજના હેઠળ આ વખતે જોગવાઈ ૧૦૩૭.૭૦ કરોડની રાજય સરકારે ખાલી વાતો નથી કરી, પણ છેવાડાના ગામડાના માણસોને પાણી પૂરું મળી રહે એ માટે ગ્રામ પાણી સમિતિઓનું આયોજન કરી ૧૭હજાર ગ્રામ પાણી સમિતિ બનાવી અને આ પાણી વિતરણની વ્યવસ્થા માટે આ લોકોનો વ્યવહાર હાથમાં સોપી અને આ સમિતિઓને પ્રોત્સાહિત કરવા માટે રાજય સરકારે ૫૦ કરોડની જોગવાઈ કરેલ છે. આ રાજયનો મોટા ભાગનો વિસ્તાર ૧૬૦૦ કીલોમીટરની દરિયાઇ પટ્ટી પર આવેલો છે, આ દરીયાકાંઠા પર વસતા લોકોને પાણી પૂરું પાડવા માટે રાજય સરકારે સાગર ખેડૂ સર્વાંગી વિકાસ યોજના અમલમાં મૂકી છ. આ યોજના નીચે ૧૨ જિલ્લાના ૩૮ તાલુકા અને ૨૭૨૭ ગામો આવરી લઈ આ યોજના સાથે જોડીને ૧૮૦૭ ગામો અને ૧૦૩ આર.ઓ. પ્લાન્ટનું આયોજન કરી અને એ કાર્યરત કરેલ છે. આ વિસ્તાર માટે, પહાડી વિસ્તાર માટે જ્યાં ૨૩,૫૭૬ ભૂગર્ભ પાણીના ટાંકા બનાવેલ છે, ચાલુ વર્ષે આ યોજના નીચે ૨૦૦ ગામને આવરી લેવા માટે અને એને પાણી પૂરું પાડવા માટે ૨૦૦ કરોડની જોગવાઈ કરેલ છે. એ જ રીતે આ રાજય સરકારે આદિવાસી માટે વનબંધુઓ માટે યોજના પણ બનાવી છે, અને આ પહાડી વિસ્તારમાં વસતા વનબંધુઓ માટે વનબંધુ કલ્યાણ યોજના પણ અમલમાં મૂકી છે. આ યોજના હેઠળ ૧૨ જિલ્લાના ૪૩ તાલુકાના ૩૦૯૧ ગામને ૭૧ જૂથ યોજના નીચે આવરી લઈ અને એ કાર્યરત છે. ૭૧૫ ગામને માટે ૯ જેટલી જૂથ યોજના પ્રગતિ હેઠળ છે. આ વિસ્તારમાં વસતા લોકો માટે ૧,૨૯,૪૧૩ હેન્ડપંપો પણ કાર્યરત છે એટલે કે આ વિસ્તારના લોકો માટે ૫૨ માણસે એક હેન્ડપંપ કાર્યરત છે. આ આદિજાતિ વિસ્તારમાં ૧,૫૮,૧૧૧ જેટલા નળ કનૅક્શનથી પાણી પૂરું પાડવામાં આવે છે. એક સમય હતો, સૌરાષ્ટ્ર વિસ્તારમાં જ્યારે ૨૦૦૦-૨૦૦૧માં ટૅન્કરો દ્વારા પાણી પૂરું પાડવામાં આવતું હતું, મારા વિસ્તારમાં જે પાણીની સ્થિતિ હતી, અત્યારે ૪૦૫૪ ગામને રાજયની અંદર ટૅન્કર દ્વારા પાણી પૂરું પાડવામાં આવતું પરંતુ આ નક્કર આયોજનને કારણે આ રાજયમાં ચાલુ વર્ષે ૫૨૪ જેટલા ગામોને ટૅન્કર દ્વારા પાણી પૂરું પાડવામાં આવે છે. મારા જિલ્લાની જો હું વાત કરું, પૂર્વ કિનારે નર્મદામૈયા આવેલી છે અને પશ્ચિમ કિનારે દ્વારકાધીશનું મંદિર આવેલ છે જ્યાં દ્વારકાધીશના ચરણમાં આ નર્મદામૈયાનું પાણી આપવાનું આ રાજય સરકારે કામ કરેલ છે. શહેરી વિસ્તારોને આવરી લઈ મારા જિલ્લામાં ૬૯૮ ગામ અને ૧૬ શહેરી વિસ્તારો નર્મદા કેનાલ આધારિત પાણી પુરવઠા યોજના બનાવીને ૫૮૮ કરોડનું આયોજન કરી અને એમાંથી ૨૪૨ ગામોને અને ૯ શહેરી વિસ્તારોમાં પાણી પૂરું પાડવામાં આવી રહ્યું છે હાલની સરકારમાં અને જે બાકી છે એના માટે ૧૩૮ કરોડની યોજના બનાવીને સમગ્ર જિલ્લામાં બધા ગામોને પાણી પૂરું પાડવા માટેનું આયોજન છે. માનનીય અધ્યક્ષશ્રી, આ બધીજ કામગીરી રાજ્ય સરકારના આયોજનના હિસાબે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એવોર્ડો આ રાજ્ય સરકારને મળેલ છે. વાસ્મો દ્વારા પેયજળ વ્યવસ્થા કાર્યક્રમ હેઠળ ઉત્કૃષ્ઠ કામગીરી માટે રાજ્યને ૨૦૦૬-૦૭ના વર્ષ માટે પ્રધાનમંત્રી એવોર્ડ પણ એનાયત કરવામાં આવેલ છે. ૨૦૦૯ માં ઉત્કૃષ્ઠ કામગીરી માટે સંયુકત રાષ્ટ્ર સંઘનો આંતરરાષ્ટ્રીય એવોર્ડ પણ આપેલ છે. (અંતરાય) ૨૦૧૦ માં પણ એવોર્ડ મળેલ છે (અંતરાય) નાણામંત્રીશ્રી આ બજૅટ લઈને આવ્યાં છે એને સમર્થન આપું છું.

**શ્રી મણીભાઈ દે. પટેલ(કપડવંજ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા સાહેબ જે અંદાજપત્ર લઈને આવ્યા છે તેના વિષે મારાં વિચારો રજૂ કરું છું.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રીએ તેમના પ્રવચનમાં કહ્યું છે કે વધે ને વધુ જમીન ખેતી માટે ઉપલબ્ધ થાય અને ખેત ઉત્પાદનો અને એની મુલ્યવૃદ્ધિ થાય એ માટે પ્રયત્ન કરવામાં આવશે. આપણે જોઈએ છીએ કે ખેતી માટેની જે જમીન છે એ દિવસે ને દિવસે જુદા જુદા ઉપયોગ માટે એ રસ્તા હોય, રેલવે સહોય, રહેણાંક અને ઉદ્યોગો માટે આ જમીન ઓછી થતી જાય છે અને એમાંય સરકારની આ પૉલિસી પ્રમાણે ખેતી હેઠળની જમીન પણ એ ઉદ્યોગોને ફાળવીને ખેતી માટેની જમીન એ દિવસે દિવસે ઘટતી જાય છે અને સરકાર દ્વારા જે મહેસૂલી કાયદામાં જે સુધારા કરવામાં આવ્યાં છે એ કાયદાના પરિણામે જે ખરેખર જાતે ખેતી કરતા હતા એ ખેડૂતો પાસેથી ખેતીની જમીન જે નકલી ખેડૂતો જે ખરેખર ખેતી કરતા નથી પણ નાણાનું રોકાણ કરવા માટે એવા ઘણાં ખેડૂતો અત્યારે આ ખેતી ક્ષેત્રે આવ્યાં છે એમાં ઉદ્યોગપતિઓ હોય, કર્મચારીઓ હોય, સરકારી અધિકારીઓ હોય, ઈન્વેસ્ટરોય હોય, આવા ખેડૂતો પાસેથી ગયેલી જમીન જે આવા ખેડૂતો પાસે આવે છે એ જમીન એ ફેન્સીંગ કરીને એ જમીન મૂકી દેવામાં આવે છે અને બિનઉપજાઉ આવી ખેતીની જમીનો થશે પરિણામ શું આવશે કે આવી ખેતી હેઠળ જ્યાં ખેતી થતી હતી એ જમીન એ પડતર અને બિનઉપજાઉ પડી રહેશે પરિણામે આપણે જે વાત કરીએ છીએ કે ખેતીનું ઉત્પાદન વધારવા માગીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, મારે એ પણ કહેવું છે કે હમણાં જે ભરતભાઈ વાત કરતા હતા કે ખેતી ઉત્પાદનના ભાવો એ દિવસે દિવસે વધી રહ્યાં છે ત્યારે ખેડૂતના ખેડૂતના પ્રતિનિધિ તરીકે મારે કહેવું જોઈએ કે એમને બીજી કોઈ મોંઘવારી નથી નડતી. કોકાકોલા કે પાણીની બોટલના ભાવ વધી જાય એ નથી નડતા. જે સુખી લોકો છે એ અઠવાડિયે એક વખતે ફાઇવ સ્ટાર અને મોટી હોટલોમાં જઈને એક ટંકના બે-પાંચ હજારનું બિલ બનાવીને એ એક દિવસમાં વાપરે છે એ એને મોંઘવારી નથી નડતી પણ ખેડૂત જે મહેનત કરે છે, રાતદિવસ પસીનો પાડીને મજૂરી કરે છે એને પોષણક્ષમ ભાવ મળે આ

સામેની પાટલીવાળાને એ અનુકૂળ આવતું નથી તો આવી ખેડૂત વિરોધી સરકારને આપણે હરગિજ ચલાવી શકીએ નહિ અને અહીંયા બેઠેલાં મારાં ખેડૂત મિત્રો આવ્યાં છે આ પાટલીમાંથી કે એ આ બાજુથી કે પેલી બાજુએથી એ આપણે ખેડૂતોએ એક થઈને આ ખેડૂતોના પ્રશ્નને આપણે ઉઠાવવાની જરૂર છે. નહિ તો ખેડૂતોનું આપણું આ શોષણ એ અટકી શકે તેમ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારે ખેડૂતોનો ઉદ્ધાર કરવા માટે ખેડૂતોને આગળ લાવવા માટે જે ખેડૂતોના દેવા હતા એ ૭૧૦૦૦ કરોડ રૂપિયા ખર્ચીને એ ખેડૂતોના દેવા એ માફ કર્યા કે જેથી જુદા જુદા રાજ્યોમાંથી ખેડૂતો આપઘાત કરતા હતા એ અટકે અને ખેડૂતોનો વિકાસ થાય અને ખેડૂતોની પ્રગતિ થાય એના માટે પગલું લીધું. એટલું જ નહિ જે સેવા સહકારી મંડળીઓના દેવા હતા એ નાબાર્ડ દ્વારા ભરી દેવામાં આવ્યાં. કેન્દ્ર સરકારે વિચાર્યુ કે આટલાથી ખેડૂતોનો ઉદ્ધાર થવાનો નથી. એટલે એણે સસ્તા વ્યાજના દરે એ લોન આપવાની ચાલુ કરી. પહેલાં ૧૫% હતી એમાંથી ૧૨%, ૯%, ૭% અને આજે ૪%. જે રેગ્યુલર ખેડૂત હોય એને ૪%ના દરે ધિરાણ આપવાનું પણ આ કેન્દ્ર સરકારે વિચાર્યુ છે.

એટલાથી જ કેન્દ્ર સરકાર અટકી નથી. જો ખેડૂતોનો ખરેખર ઉદ્ધાર કરવો હોય તો એને પોષણક્ષમ ભાવો આપવા જોઈએ એટલે એ પોષણક્ષમ ભાવો ખેડૂતોને મળે એવી કેન્દ્ર સરકારની નીતિ છે. એટલે આજે આપણે જોઈ રહ્યા છીએ કે, કપાસના ભાવો હોય કે દિવેલાના ભાવો હોય કે અનાજના ભાવો હોય કે કઠોળના ભાવો હોય કે ખેતીવાડીની તમામ ચીજોના ભાવો હોય એ કેન્દ્ર સરકારની નીતિના પરિણામે એ ખેડૂતોને પોષાય એવા ભાવો, બજાર ભાવો મળી રહ્યા છે, એ ખેડૂતોને આશીર્વાદરુપ છે. પહેલા ખેડૂતનો દીકરો કોઈ ખેતી કરવા તૈયાર નહતો, પચ્ચીસ વીઘાનો ખાતેદાર ખેડૂતનો દીકરો એ ખેતી કરવા તૈયાર નહતો પણ આજે પરિસ્થિતિ એવી આવી છે કે, હવે ખેડૂતનો દીકરો ખેતી કરતો થાય, ખેતીમાં પાછા આવે એવી કેન્દ્ર સરકારની નીતિના પરિણામે આજે આ બન્યું છે ત્યારે હું કેન્દ્ર સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. કેટલીક વખત સામી પાટલીએથી કહેવામાં આવે છે કે, કેન્દ્ર સરકાર ધ્વારા અમને અન્યાય કરવામાં આવે છે ત્યારે હું કહું છું કે, કેન્દ્ર સરકારે ગુજરાતને ત્રણ ત્રણ મંત્રીઓ આપ્યા છે, એ કેન્દ્રએ અન્યાય કર્યો છે ?

**શ્રી શિરિષકુમાર મ. શુકલ(ખંભાત)** : માનનીય અધ્યક્ષશ્રી, નાણા મંત્રીશ્રી સતત ૧૭મી વખત બજૅટ લઈને આવેલા છે એ અભિનંદનને પાત્ર છે. કોઈ પણ રાજયની અંદર રાજયનો વિકાસ કે રાજયની પ્રગતિ એ કયા પ્રકારનું બજૅટ છે એના આધાર પર થાય છે. આજથી ૧૦ થી ૧૫ વર્ષ પહેલાં કોઈ માણસ ફૉરેન ગયો હોય અને એ અત્યારે હાલમાં ગુજરાતમાં પાછો આવે તો એને ખ્યાલ આવશે કે ગુજરાતમાં કેવું આમૂલ પરિવર્તન થયું છે. નાણાકીય શિસ્ત, વિકાસ એ બહારના લોકો જ્યારે દસ, પંદર વર્ષે ગુજરાતમાં પાછા આવે છે ત્યારે એમને ખબર પડે છે કે આ અમદાવાદ કેવું હતું અને કેવું થઈ ગયું. આ એમને એમ નથી થતું. સારું બજૅટ હોય સારો વિકાસ હોય તો જ થાય છે. તો ગુજરાતની અંદર જે શહેરીકરણ છે, એ શહેરીકરણ ખૂબ ઝડપથી થઈ રહ્યું છે. ૨૦૦૧ની વસ્તીના ધોરણે ૩૭.૩૬ ટકા શહેરીકરણ થયેલું છે અને આગામી ૨૦૧૧ની વસ્તીના ધોરણ પર આ ૫૦ ટકા થવાની તૈયારી છે અને સાથે સાથે ૭૩મો બંધારણીય સુધારાના કારણે નગરપંચાયતો નગરપાલિકાઓ બની, નગરપાલિકાઓ મહાનગરપાલિકાઓ બની એટલે કે ૧૫૯ નગરપાલિકાઓ બની અને ૮ મહાનગરપાલિકાઓ બની એમ કુલ ૧૬૭ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓનો વહીવટ કરવાનું ગુજરાત સરકારના આયોજકોના હાથમાં આવ્યું. આ આયોજનમાં જો સાંગોપાંગ વહીવટ ન કરીએ તો શહેરી વિસ્તારમાં બહું તકલીફ ઊભી થઈ જાય. અહીં ઘણા મિત્રો નગરપાલિકાના પ્રમુખ રહી ચૂકેલા છે. અમને પણ અનુભવ છે કે, નગરપાલિકાની પરિસ્થિતિ કેવી હતી ૧૦ વર્ષ પહેલાં? આજે નગરપાલિકાની પરિસ્થિતિ સુધારવા માટે નગરપાલિકાના વિસ્તારમાં રહેતા લોકોના વિકાસ માટે, ગરીબોના વિકાસ માટે સર્વાંગી વિકાસ માટે સાંગોપાંગ આયોજન થયેલું છે. અને એના માટે ભૂતકાળમાં કદી પણ એવી યોજનાઓ ના હોય એવી યોજનાઓ બજૅટમાં લઈને આવેલા છે. ગુજરાતના પનોતા મુખ્ય મંત્રીશ્રીએ ગુજરાતની જનતા માટે ખાસ કરીને શહેરી ગરીબો માટે જે વિવિધ યોજનાઓ મૂકી છે અને એ યોજનાના આધાર પર ગુજરાતના શહેરી ગરીબોનું પણ કલ્યાણ થાય, શહેરોનો પણ વિકાસ થાય એનું જબરજસ્ત આયોજન મૂકેલું છે એ ખરેખર સરાહનીય છે. નગરપાલિકાઓની અંદર એક જમાનામાં સાત-આઠ મહિનાઓના પગારો ના થાય એવી લગભગ ૨૫-૨૫ નગરપાલિકાઓ હતી, મારી નગરપાલિકા હતી, હું પણ પ્રમુખ હતો. પૈસા ના હોય, માથે મેલું ઉપાડવાની પ્રથા હોય, નગરપાલિકાના પ્રમુખ ઉપર પણ મેલું નાખવામાં આવતું હોય એવા બધા પ્રસંગો બનતા હોય એમાંથી આજે ગુજરાતની નગરપાલિકાઓ ખૂબ સદ્ધર થયેલી છે. ગુજરાતની નગરપાલિકાઓનો વહીવટ કરવા માટે ગુજરાત સરકારે પોતાની જે આવકો હતી દા.ત. મનોરંજન કરની આવક એમાંથી ગુજરાતની નગરપાલિકાઓને બજૅટમાં જોગવાઈ કરીને એની પચાસ ટકા રકમ નગરપાલિકાઓના વિકાસના કામોની અંદર પાયાની સુવિધાઓ માટે, પાણીની વ્યવસ્થા માટે આપવામાં આવે છે. આ બધું સરકાર જ ધારે તો પોતાની જાતે કરી શકે છે પરંતુ બજૅટ કરીને આ વહીવટ વિકેન્દ્રીત થાય અને સાથે સાથે નગરપાલિકાઓનો પણ વિકાસ થાય એ હેતુસર આ જે કામો કરેલા છે. તો આવા કામો માટે ગુજરાતની સરકારે

દરેક બજેટમાં આ બજેટ જ નહીં પણ અત્યાર સુધીના બધા બજેટોની અંદર એટલી સર્વાંગી સરસ રજૂઆતો કરી, એટલી સરસ વિકાસની ગાથાઓ લખી અને એ ગાથાનો અમલ કર્યો. પરિણામે ગુજરાતની અંદર ગુજરાતની જનતા, આખા હિંદુસ્તાનની જનતા મુખ્યમંત્રીશ્રીના વખાણ કરે છે. જયાં જઈએ ત્યાં ગુજરાતનું નામ વ્યાપેલું છે. આપણે ગમે તે કરીએ પણ એકને એક બે જેવી વસ્તુ છે કે નગરપાલિકાને સદ્ધર કરવા માટેની જે યોજનાઓ છે એમાં ગુજરાત અગ્રેસર છે અને આ કામ ગુજરાત જ કરી શકે. આ સિવાય મનોરંજન કરની, ટી.વી.ની આવકની અંદર ૫૦ટકા રકમ નગરપાલિકાને આપવાનું નકકી કર્યું છે એ પણ વિકાસના કામમાં વપરાશે. આ પ્રમાણે શ્રીનીધિ યોજનાની અંદર પણ આજે ગુજરાતની અંદર મોટા મોટા પ્રોજેકટ નગરપાલિકાએ કરવા હોય તો આ શ્રીનીધિ યોજનામાંથી ગ્રાન્ટ મળેલ છે. તાત્કાલિક કોઈ યોજના કરવી હોય તો શ્રીનીધિ યોજનામાંથી વિકાસના કામ માટે તાત્કાલિક રકમ પણ મળે છે. અનેક સાધનો આપે છે. એક જમાનામાં એક કે બે ટ્રેકટર હોય માંડમાંડ ટ્રેકટર ચાલતા હોય નગરપાલિકાના સાધન નથી એમ કહેવું પડે. મને યાદ છે હું ખંભાત નગરપાલિકાનો જયારે પ્રમુખ હતો ત્યારે નગરપાલિકાની આર્થિક સ્થિતિ ખરાબ હતી અને પરિણામે હડતાલ પડી, લગ્નગાળો ચાલે, લોકોની ગાળો ખાવી પડે. હરિજનો હડતાલ ઉપર એક બાજુ લોકો ગાળો દે અને જાતે ગામના કુતરા બિલાડા ઉંચકવા નીકળેલો હું નગરપાલિકાના પ્રમુખ તરીકે. તે વખતે મને લાગેલું કે સાધન વગર કરવાનું શું? આવા સમયની અંદર પ્રમુખોની હાલત ખરાબ થતી હતી. આજે પ્રમુખો ગૌરવપૂર્વક પોતાની નગરપાલિકાનો વહીવટ કરી શકે છે. આવા શહેરીકરણના સરસ સમયની અંદર ગુજરાતમાં જે કામ થઈ રહ્યું છે એ સુવર્ણ અક્ષરે લખાવાનું છે. કોઈ ગમે તે કહે પણ ગુજરાતની જે ગાથા છે એની ગુજરાતના લોકો બહાર જાય છે ત્યારે એને ખબર પડે છે. વાત બરાબર જ કહે છે. ગુજરાતના લોકો મહાત્મા ગાંધીને સમજે છે અને એમને ઓળખે છે. આથી આ બજેટની અંદર શહેરી વિકાસને હું પ્રોત્સાહન આપું છું અને ટેકો આપું છું.

**શ્રી કાન્તિલાલ રા. લકુમ(બાવળા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી સત્તરમી વખત બજેટ લઈને આવ્યા છે તેમાં હું મારો સૂર પૂરાવું છું. આ બજેટમાં કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ માટે ૨૪૭૭.૬૬કરોડની જોગવાઈ લઈને જયારે આવ્યા છે ત્યારે ખેડૂતલક્ષી અભિગમને કારણે દસમી પંચવર્ષીય યોજનામાં કૃષિ વિકાસ દર જે ૧૦.૫૧ટકા આ ગુજરાતે હાંસલ કર્યો હોત. ૨૦૧૦માં જે કૃષિને પ્રોત્સાહન આપ્યું એના કારણે ખાદ્ય પાકોનું ઉત્પાદન ૬૩.૫૦લાખ મૅટ્રિક ટન થયું છે. તેલીબીયા પાકોનું ઉત્પાદન ૩૦.૫ લાખ મૅટ્રિક ટન થયું છે. કપાસનું ઉત્પાદન મબલખ પ્રમાણમાં થયું છે અને ૧૦૪.૫૫લાખ ગાંસડી ઉત્પાદન થયું છે. ગુજરાતમાં ૩૦૪૨૦૦૦ ખેડૂતને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા છે. ૨૪લાખ કરતા વધારે ખેડૂતોને કિસાન ક્રેડિટ કાર્ડ આપવામાં આવ્યા છે એવી જ રીતે મત્સ્યોદ્યોગમાં પણ ખૂબ સારા પ્રમાણમાં વિકાસ થયો છે. ૧૯૬૦-૬૧માં ૭૯૪૧૨ મૅટ્રિક ટન ઉત્પાદન થતુ હતુ એના બદલે અત્યારે ૭૭૧૦૦૦ મૅટ્રિક ટન ઉત્પાદન થવા લાગ્યું છે અને એમાંથી ૮૪૦૦૦ મૅટ્રિક ટન ચાલુ સાલે પરદેશમાં મોકલાવ્યું છે. માછીમારોની ઓળખ પ્રસ્થાપિત કરવા સારું બાયોમૅટ્રિક કાર્ડ આપવામાં આવેલા છે અને તેમાં સો ટકા સિદ્ધિ હાંસલ કરી ગુજરાત પ્રથમ ક્રમે છે. આ જે માછીમારો છે એમને તાલીમ અને સારું બિયારણ ઉત્પાદન કરી શકે તે માટે પણ વ્યવસ્થા કરી છે. આપણા માછીમારોને પાકિસ્તાનના લોકો પકડી જાય છે ત્યારે એ લોકોના કુટુંબના ભરણપોષણ માટે ગુજરાત સરકારે વ્યવસ્થા કરી છે કે એ જયારથી પકડાય અને જયારે છુટીને આવે ત્યાં સુધી એમના કુટુંબને સહાય આપે છે એ સહાય ૩૫૮૦૯૨૫૦ની સહાય અત્યાર સુધીમાં ચુકવવામાં આવી છે. એમાં ૨૮૧૮ માછીમારોનો સમાવેશ થાય છે. ગુજરાતના લોકોની મહેનત છે અને ગુજરાતને તો આ કુદરત આપે છે, તો કુદરત તો પહેલા પણ હતી. આ જમીન પહેલા પણ હતી, આકાશ, સૂર્ય અને ચંદ્ર પણ પહેલા હતા જ. પહેલા દર ૩ વર્ષે દુષ્કાળ પડતો હતો, જે છેલ્લાં ૧૦-૧૫ વર્ષથી દુષ્કાળ પડવાનો બંધ થયો છે. એનું કારણ આ ભારતીય જનતા પાર્ટીની સરકાર અને માનનીય મુખ્યમંત્રીશ્રીની સરકાર છે એટલા માટે. આ માધ્યમ દ્વારા હું કહેવા માગું છું. માનનીય નાણામંત્રીશ્રીને પૂછવા માગું છું કે ગુજરાતનું દેવું વધી ગયું છે. ગુજરાતનું વ્યાજ વધી ગયું છે, ત્યારે માનનીય નાણામંત્રીશ્રી હું પૂછું તેનો જવાબ આપે. ગુજરાતમાં હમણા ખેલ મહાકુંભ થયો. એ ખેલ મહાકુંભની અંદર જે ખુરશી લાવ્યા હોય એની જે કિંમત હતી તેના કરતા ૩ ગણું ભાડું જો ગુજરાત સરકારે ચૂકવ્યું હોય અને દેવું થયેલ હોય તો એ દેવું બરાબર છે અને તે આપણે માફ ન કરી શકાય. ગુજરાતની અંદર ખેલમહાકુંભ જેવા વિષયમાં એ.સી. ભાડે લાવ્યા હોય એમાં ૩ ગણું ચૂકવ્યું હોય તો કેન્દ્ર સરકારે ખેલ મહાકુંભમાં કર્યુ તેવું ગુજરાતે કર્યુ નથી માટે આ દેવું થયું છે. આ વિકાસ માટે દેવું થયું છે. આ કારગીલની અંદર જે યુદ્ધ થયું એમાં વિધવા બહેનોને ફ્લૅટ આપવા માટેની યોજના હતી, એમાં ગુજરાત સરકારે કોઈ સ્કીમ કરી હોય અને એના ફ્લૅટ લઈ લીધા હોય અને દેવું થયું હોય તો માફ ન કરી શકાય. એવું દેવું ગુજરાત સરકારે કર્યુ નથી. આ વિકાસ માટેનું દેવું છે. વિકાસ માટે વ્યાજ ભરવું પડે છે. માટે આ બજેટને હું મારું સમર્થન આપું છું.

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે વજુભાઈ વાળા સાહેબ જે અંદાજપત્ર લઈને આવ્યા છે, તે અંદાજપત્રની ચર્ચામાં મારા વિચારો રજૂ કરું છું.

અંદાજપત્ર જે ૧૭મી વખત લઈને આવ્યા છે. સમય સમય બલવાન હે, નહિ મનુષ્ય બલવાન. અર્જુને કાબે લૂંટયા.એ મનુષ્ય બલવાન. ભાઈ સમય બલવાન છે, આપણે નહિ. બલવાન આજે તમારો સમય છે. કાલે

અમારો સમય આવશે. પીપળ પીપળ પાન ખરતા મુજ વીતી તુમ વીતશે, ધીરી રહો બાપુડિયા. સમય સમય છે. જે કરવાનું છે તે કરતા નથી અને બસ ઉત્સવો પાછળ લાખો, કરોડો રૂપિયા ખર્ચો છો. ગરીબ એ ગરીબને ગરીબ રહ્યો છે. ગરીબી દૂર કરી દઈશું. ગરીબી દૂર કરવી હોય તો વ્યવસ્થિત આયોજન કરવું જોઈએ જે આયોજન તમે કર્યુ નથી.

અમારા કેટલાક તાલુકામાં ડાર્ક ઝોન છે. ડાર્ક ઝોનના કારણે વીજળી મળે નહીં. તમે ૫ હજાર, ૧૦ હજાર વીજળીના કનૅક્શન આપવાની વાત કરી, પણ આ ડાર્ક ઝોન દૂર નહિ કરો તો તેનો કશો અર્થ નહિ રહે. ડાર્ક ઝોન કેમ દૂર નથી થતા. તમારો જળ વિભાગ સારો અભિપ્રાય મોકલે. જળ ઉપર છે તો જ ડાર્ક ઝોન કૅન્સલ થાય તે કરતા નથી. તમે બોર કરી શકતા નથી. પાણી નીચે ઉતરનું હોય તો તળ ઊંચા આવે. તળ ઊંચા છે તમારે કરવા નથી. ખાલી બોગસ વાતો કરવી છે. ગપ્પા મારવા છે. ડાર્ક ઝોન દૂર કરી શકો છો, પણ કરવા નથી. ખેડૂતોની ખોટી વાતો કરો છો. એનો કોઈ અર્થ નથી. અત્યારે સીમાંત અને ગરીબ ખેડૂતોને લાઈટ મળતી નથી. ૮ કલાક લાઈટ રાત્રે આવે, દિવસે આવે અને કલાક થાય અને જતી રહે. પાછો ઢોળિયો કરવો પડે. અમારા શંકરસિંહ બાપુ અને માધવસિંહ વખતે ૧૬ કલાક, ૨૪ કલાક લાઈટ મળતી હતી. અમે ખેડૂતોના હામી છીએ એવી વાતો કરવામાં આવે. ઉદ્યોગોને ૨૪ કલાક લાઈટ અને ખેડૂતોને ૪ કલાક અને એ પૂરી નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, એટલે તમે ખેડૂતોના હામી નથી ખેડૂતોના તો આપ વિરોધી છો. વિરોધી ન હોવ તો ૧૨ કલાક, ૧૬ કલાક લાઈટ કરી દો. શંકરસિંહ બાપુએ કરી હતી તેમ. અલ્યા ભાઈ, સૌરભભાઈ તમે નાના ઉદ્યોગોને બે એચ.પી.ની મોટર આપી પણ આ નાના, સીમાંત ખેડૂત અને પશુપાલનવાળાને બે એચ.પી.ની મોટર આપો. તો કહે ના ભાઈ, એ તો કરવું નથી. અલ્યા ૫૦ ટકા ગરીબી અને ૫૦ ટકા રોજગારી નીકળી જાય. તે કરવું નથી અને કહે આ ના થાય. અરે, કેમ ભાઈ ના થાય? ઉદ્યોગોને બે એચ.પી.ની આપતા હોવ તો આ કેમ ન થાય? પણ તમારે આપવું જ નથી. ગરીબોને ગરીબ રહેવા દેવા છે. આઠ કિલોમીટરનો કાયદો કરીને મોટા જાગીરદારો ઉભા કરી દીધા. બિચારા ગરીબોની ખેતીની જમીનો જતી રહેવાની. બધા મજૂર થઈ જવાના. આઠ કિલોમીટરનો કાયદો કરીને બિચારા ખેડૂતો મજૂર થઈ જવાના. કારણકે મોટા મોટા ગુંડાઓ જમીનો રાખી લેવાના. જમીનો સસ્તી પડાવી લેવાના. માફીયાઓ બધા ઉતરી પડયા છે. આખા રોડે વાડો કરી દીધી છે. બધી જમીનો નાના અને સીમાંત ખેડૂતોની જતી રહેવાની છે. તેનો પણ વિચાર ન કર્યો. એ વિચાર કર્યો હોત તોયે સારું. આઠ કિલોમીટર કાઢી નાંખો. ખેડૂતો ગરીબ થઈ જવાના અને મોટા જાગીરદારો ઉભા થવાના. આ બંધ કરો, બંધ. ખોટા વખાણ કરવાના બંધ કરો. અલ્યા, એક વ્યકિતના વખાણ કર્યા કરતાં ભગવાનનું નામ દો તો પણ સારું. ભગવાનનું નામ દો તો તમારું ભગવાન સારું કરે. આ તો એક જ વ્યકિતના વખાણ કર કર કરે છે. અલ્યા, મર્યાદા હોય તેની મર્યાદા હોય. કઈ વિચારધારાએ ગાંધીજીનું ખૂન કર્યુ? કઈ વિચારધારાએ? એમને ગાંધીજીની વાત કરવાનો અધિકાર નથી. જે વિચારધારા ગાંધીજીનું ખૂન કરતી હોય તે વિચારધારાને ગાંધીજી માટે વાત કરવાનો અધિકાર નથી. માટે તમે વિચારો. ગાંધી બાપુ હતા તો આ દેશ સ્વતંત્ર થયો.

**અધ્યક્ષશ્રી** : માનનીય અનિલભાઈ માળી, નટવરસિંહ આપ બેસો.

**શ્રી અનિલકુમાર અ. માળી(દીઓદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળા સાહેબ ૧૭મી વખત વિક્રમજનક બજૅટ લઈને આવ્યા છે તેમાં હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બજૅટ એક ખેડૂતલક્ષી, ગામડાલક્ષી, આમ આદમીને ફાયદો કરે તેવી રીતનું બજૅટ છે. આ બજૅટમાં ૩૭૧૫૨.૬૮ કરોડમાંથી ૪૦ ટકા રકમ સામાજિક સેવા ક્ષેત્રે ફાળવી છે તે અભિનંદનને પાત્ર છે. આ બજૅટ ગત વર્ષ કરતાં ૨૩.૮૦ કરોડના વધારાવાળું છે તેને આવકારું છું. સમગ્ર દેશ જ્યારે ગરીબીની બિમારીમાં, કુપોષણ, અસુરક્ષા, કમરતોડ મોંઘવારી અને કૌભાંડોની હરીફાઈઓ થઈ રહી હોય ત્યારે આ દેશ એક એવી કપરી પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છે ત્યારે દેશનું શાસન કરનારાંઓ એમ કહે કે હમ મબજૂર હૈ. ગુજરાત એક એવું રાજય છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઑફ ઑર્ડર છે...

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહજી અસંસદીય હશે તો આપણે કાઢી નાંખીશું.

**શ્રી અનિલકુમાર અ. માળી** : માનનીય અધ્યક્ષશ્રી, આખા દેશમાં ગુજરાત એક એવું રાજય છે કે શાંતિ, સલામતી, વિકાસના શિખરો સર કરી રહ્યું છે. મારે આ ચર્ચાની અંદર મારા વિસ્તારની પણ થોડીક વાત કરવી છે. મારો વિસ્તાર રાજયનો સરહદી જિલ્લો બનાસકાંઠા જિલ્લામાં દિયોદર, ભાભર અને થરાદ તાલુકાનો બનેલો મારો મત વિસ્તાર વર્ષો પહેલાં સરકારોએ આ સરહદી જિલ્લામાં, પછાતપણા તાલુકાઓમાં કયારેય નજર નહોતી કરી. જ્યારે ભારતીય જનતા પાર્ટીની સરકાર અને આદરણીય નરેન્દ્રભાઈ મોદી સાહેબના શાસનમાં મારા વિસ્તારમાં વર્ષો પછી, આ દેશને આઝાદ થયા પછી પીવાના મીઠા પાણી માટે મારી પ્રજા વલખાં મારી રહી હતી માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય પાણી પુરવઠા મંત્રીશ્રીએ મારા વિસ્તારની પ્રજાને પીવાનું શુદ્ધ મીઠુ પાણી મળે એના માટે

કડાણા કેનાલ ઉપર દીયોદર અને ભાભરના ૮૭ ગામોને ફિલ્ટર શુદ્ધ પાણી મળે એના માટે ૯૯ કરોડ રૂપિયાનો પ્રોજેક્ટ મંજૂર કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, એનાથી વિશેષ વાત કરું તો મારા વિસ્તારની અંદર અગિયાર - બાર સાયન્સ માટે અમારા ગરીબ વિસ્તારની પ્રજાના વિદ્યાર્થીઓ સાયન્સ ભણવા માટે કયારનાય થનગની રહ્યા હોય પણ આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાના કારણે એ ભણવા માટે બહાર જઈ શકતા ન હતા ત્યારે માનનીય મંત્રીશ્રીએ મારા વિસ્તારમાં ૧૧-૧૨ સાયન્સ પ્રવાહની સરકારી સ્કૂલ આપી દશ એકર જગ્યા મહેસૂલ વિભાગે આપી અને ૧૭૧ કરોડ રૂપિયાના ખર્ચે આજે બિલ્ડીંગ બની રહ્યું છે.

મારે કહેવું પડે છે કે મારા સુકા વિસ્તારની અંદર સુજલામ સુફલામનું ૮૦ ટકા કામ પૂરું થઈ રહેવા આવ્યું છે અને ટૂંક સમયની અંદર મારા વિસ્તારની અંદર સુઝલામ સુફલામમાં પાણી આવવાનું છે, મારે એ પણ વાત કરવી પડે કે, મારો વિસ્તાર એ ખૂબ બર્જર વિસ્તાર હતો, નર્મદા આધારિત મુખ્ય કેનાલ એ મારા મત વિસ્તારમાંથી પસાર થાય છે, આજે વીસ વીસ ફૂટ પાણી એ કેનાલમાંથી વહી રહ્યા છે અને જે બર્જર જમીન કહેવાય એવી જમીનમાં રાયડો, એરંડા, અને જે ધરતીએ જે પાણી નથી જોયું એવી ધરતી ઉપર આજે જીરાનો પાક અઢળક પ્રમાણમાં લેવાઈ રહ્યો છે. મારે ત્યાં માત્ર મુખ્ય કેનાલ નહીં પણ માઈનોર કેનાલ અને સબમાઈનોર કેનાલ કામ પણ શરૂ થઈ રહ્યા છે, ટૂંક સમયની અંદર મારા વિસ્તારના ખેતરોની અંદર એકે એક ઢાળિયે નર્મદાના નીર આવવાના છે,

માનનીય અધ્યક્ષશ્રી, આ બાજુના મારા મિત્રો વાતો કરતા હોય કે આ સરકારની કોઈપણ સારી બાબત આવે અને અહીંથી કોઈપણ સભ્યશ્રી અભિનંદન આપે એટલે એ મિત્રો એક જ વાત કરે કે બસ, અભિનંદન-અભિનંદન જ આપો છો, તો જ્યારે આવાં કામો થયાં હોય ત્યારે માત્ર અમે જ નહીં પણ અમે જ્યારે વિસ્તારમાં જઈએ છીએ ત્યારે અમારા વિસ્તારની પ્રજા પણ આદરણીય નરેન્દ્રભાઈ મોદીને અને ભારતીય જનતા પાર્ટીની સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપે છે. ( સમયસૂચક ઘંટડી ) માનનીય અધ્યક્ષશ્રી, હું આ બજૅટને અનુમોદન આપીને મારી વાત પૂરી કરું છું.

**શ્રીમતી જશોદાબેન ચ. પરમાર(જોટાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની ભાજપા સરકારે જ્યારથી સત્તાના સૂત્રો સંભાળ્યાં છે ત્યારથી ગુજરાતે વિકાસની વણથંભી વણઝાર રચી છે. ગુજરાતની પ્રજા શાંતિ અને સલામતીનો અહેસાસ કરી રહી છે. આનો યશ ગુજરાતના વિરલ, રાજનીતિજ્ઞ, વિચક્ષણ અને વિચારપુરુષ એવા ગુજરાતના સ્વપ્નદૃષ્ટા, દીર્ઘદ્રષ્ટા માનનીય મોદી સાહેબ, તેમના વફાદાર મંત્રીમંડળ તેમજ સામે બેઠેલા અધિકારીશ્રીઓને ફાળે જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે હું મહિલા અને બાળ કલ્યાણની વાત કરવા માટે આવી છું. God could not be everywhere, therefore thou made mother. માનનીય અધ્યક્ષશ્રી, ભગવાન બધી જગ્યાએ પહોંચી વળતા ન હતા તેથી ભગવાને મા બનાવી એટલે કે મહિલા બનાવી છે. આ મહિલા હતી એ એક દૈવી શકિતની વાત છે. આ મહિલા એવી હતી કે તેનામાં શકિત અને ભકિત હતી જૂના જમાનામાં ખરાબ માણસો અને રાક્ષસોનો ત્રાસ હતો આને નાથવા માટે ભગવાને દૈવીશકિતએ ભગવાનને મદદ કરી પરંતુ અત્યારે હું જે મહિલાની વાત કરી રહી છું એ આધુનિક યુગની મહિલા છે. મારે તેમની વાત કરવી છે અને મહિલા વિકાસની વાત કરવી છે અને જે દેશમાં ધ્રુવ, પ્રલ્હાદ, લવ-કુશ, બાલકૃષ્ણ જન્મ્યા તે દેશના બાળકોની વાત કરવી છે. ગુજરાતના multi-dimensional personality ધરાવતા માનનીય મુખ્ય મંત્રીશ્રી તેમજ નાણા મંત્રશ્રી વજુભાઈ વાળા સાહેબે

બાળકો અને મહિલાઓ સંપૂર્ણ સ્વસ્થ અને તંદૂરસ્ત રહે તે માટે બજેટમાં રૂા.૧૨૬૪ કરોડની ફાળવણી કરી છે. રાજયની ૪૦ હજાર આંગણવાડી કેન્દ્રોમાં ભણતા બાળકોને પોષણયુક્ત આહાર અપાય તે માટે રૂા.૫૮૯ કરોડની ફાળવણી કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, બાળકો અને કિશોરીઓને પોષણયુક્ત આહાર આપનાશ ગુજરાત એ દેશનું પ્રથમ રાજ્ય છે. મહિલા અને બાળકોના કલ્યાણ માટે કટિબધ્ધ એવા ગુજરાત સરકારે સગર્ભા માતાઓ માટે દેશમાં સૌ પ્રથમ પોષણયુક્ત આહારની પહેલ કરી છે. આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને સુખડી, શિરો, ઉપમા વગેરેના પેકેટસ અપાય છે, ગુજરાત સરકારે આંગણવાડી કેન્દ્રોને નંદઘર બનાવવા માટે બજેટમાં રૂા.૧૧૦ કરોડની જોગવાઈ કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ વર્ષે આંગણવાડી કેન્દ્રમાં બાળકોને પૂર્વ પ્રાથમિક શિક્ષણ, પૂરક પોષણ, રોગ પ્રતિકારક શકિત, આરોગ્યની તપાસ અને આરોગ્ય અંગે શિક્ષણ અપાય છે આ રીતે ગુજરાત સરકારે બાળકોની કાળજી લીધી છે. આ રીતે આજનું બાળક એ આવતી કાલનું ભવિષ્ય છે. તા.૮-૩-૨૦૧૧ ના દિવસે મહિલા દિનની ઉજવણી થઈ આપણા રાજયમાં મહિલાને આગળ લાવવા માટે ગુજરાતની વર્તમાન સરકારે મહિલાઓને નોકરીમાં વિદ્યાસહાયકો તરીકે, ગ્રામ્યમિત્ર કરીને, પોલીસ દળમાં, નર્સીંગમાં અને આંગણવાડી કેન્દ્રમાં સમાવેશ કર્યો છે. 'જે કર ઝૂલાવે પારણું તે જગત્ પર શાસન કરે' માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે મહિલા પુરુષ સમોવડી બની ગઈ છે અને ગૌરવભેર આગળ વધી રહી છે. કેન્દ્રમાં રાષ્ટ્રપતિ પદે, સ્પીકર પદે, ગુજરાતમાં રાજયપાલ પદે અને આપણી વિધાનસભામાં માર્ગ, મકાન, મહેસુલ વિભાગના મંત્રી તરીકે આમ મહિલાઓ ખૂબ

આગળ વધી ગયા છે. મહિલા પગભર બનીને પોતાના પગ પર ઉભી રહે અને આવી કારમી મોંઘવારીમાં પોતાના પતિને અને કુટુંબને મદદરૂપ થઈ શકે તે માટે સરકારશ્રી તરફથી ૧ લાખ ૮૦ હજાર સખી મંડળોની રચના કરવામાં આવી છે. રાજયમાં મહિલાઓ માટે વાજબી ભાવની દુકાનો, મહિલા પત્રકારો માટે વેલફેર ફંડની રચના કરવામાં આવી છે, મહિલા કર્મચારીને પ્રથમ બે ડિલિવરી માટે ૬ મહિનાની મેટરનિટી લીવ આપવામાં આવે છે, અનુસૂચિત જાતિ અને સફાઈ કામદારની મહિલા નાનો મોટો ધંધો કરી શકે તે માટે બેન્ક ધિરાણ આપવામાં આવે છે. આ રીતે મહિલાઓ માટે ઘરેલું હિંસા અધિનિયમ અમલીકરણ, આર્થિક વિકાસ નિગમ, મહિલા આયોગ, ઘર દિવડા યોજના, વિધવા બહેનો માટે વીમા કવચ, સમાજ સુરક્ષા, સ્ટેટ મીશન ઓથોરિટી ફોર વિમેન અને સેક્સ ડીટરમીનેશન ડયુરીંગ પ્રેગ્નેન્સી ઈઝ એ ક્રાઈમ, સ્ત્રી ભ્રૃણ હત્યાનો કાયદો, બેટી બચાવો, બેટી વધાવો એ ઐતિહાસિક વિરલ ઘટના ગણાય અને એક સામાજિક ક્રાન્તિ ગણાય. આવા ગૌરવવંતા ગુજરાતનું હિત જેના હૈયે વસેલું છે એવા માનનીય મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં પાંચમી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ એ ઐતિહાસિક અને વિરલ ઘટના છે. ૯૦ રાષ્ટ્રો અને ૧૬ પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં મહાત્મા મંદિરના પ્રાંગણમાં ૨૧ લાખ કરોડના એમ.ઓ.યુ. થયા એ પણ એક ઐતિહાસિક અને વિરલ ઘટના છે ત્યારે માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે એને હું મારુ સમર્થન આપુ છું.

**શ્રી બચુભાઈ ના. કિશોરી(લીમડી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી આજે ૧૭મું બજેટ લઈને આવ્યા છે ત્યારે આ બજેટમાં હું ખાસકરીને આદિવાસી બજેટ ઉપર વાત કરવા માગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા આદિવાસી બજેટમાં ૪૮૪૮ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. માનનીય નાણામંત્રીશ્રીએ આ અગાઉ આવા ૧૬ બજેટ રજૂ કર્યા છે અને ૧૭ માં આ બજેટમાં પણ આટલીને આટલી જ જોગવાઈ કરી છે અથવા એનાથી પણ વધારે જોગવાઈ કરી છે પણ ખરેખર આ આદિવાસીનું કલ્યાણ કેટલું થયું છે એનો હું અહીં દાખલો આપીને વાત કરવા માગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે વનબંધુ કલ્યાણ યોજનાની વાતો કરી છે, વનબંધુ કલ્યાણ યોજનાની વાતો કરે છે પણ સાહેબ, આજે વનબંધુ નથી પણ આજે શહેરીબંધુ થઈ ગયો છે. હું કહું છું વનબંધુ આજે શહેરીબંધુ થઈ ગયા છે. આજે જંગલો તો ત્યાં રહ્યા નથી તો વનબંધુ ત્યાં રહી શકતો નથી. ત્યાં ખરેખર એને જે રોજીરોટી આપવી જોઈએ એ તમે આપી શકતા નથી અને એને પરિણામે એ શહેરમાં આવીને આજે ઝૂંપડપટ્ટીમાં વસ્યો છે ત્યારે આ વનબંધુને નામે જે નાણા ફાળવવામાં આવે છે એ ક્યા વનબંધુને માટે વપરાય છે? ખરેખર શહેરમાં આવેલો એના માટે વપરાય છે કે બીજા વનબંધુ કોઈ છે એના માટે વપરાય છે? આ અત્યંત દુઃખની વાત છે. ખરેખર જે બજેટમાં આદિવાસીઓ નામે નાણાંની જે જોગવાઈ કરી છે એ માત્ર જોગવાઈ છે પણ આદિવાસીઓ માટે એ પૈસા વપરાતા નથી આ મારો સ્પષ્ટ આક્ષેપ છે. હું શા માટે કહુ છું. હું એકજ વાત કહુ છું કે આજે આદિવાસી વિસ્તારની ઉત્તર બુનિયાદી શાળાના પટાવાળાની જગ્યા છે, ફકત ૧૪ કે ૧૫ જગ્યાઓ છે, હવે એમને આજે દસ દસ વર્ષથી છસ્સો રૂપિયા ફિક્સ પગાર આપવામાં આવે છે, આ બાબતમાં મેં વારંવાર વિધાનસભામાં પણ રજૂઆતો કરી, અમારા આદિવાસી મંત્રીશ્રીઓને પણ રજૂઆતો કરી છે, છતાં ૬૦૦ રૂપિયાથી આજે ૭૦૦ રૂપિયા પણ પગાર કરતાં નથી. એમનું ભવિષ્ય શું છે એ પણ નક્કી કરી શકાતું નથી. કઈ રીતે આ આદિવાસીઓનું કલ્યાણ કરવા માગે છે. અમે અમારા મંત્રીને રજૂઆત કરીએ તો એ કહે છે કે નાણાં વિભાગ નથી કરતું. હવે છેલ્લે અમે એમ કહ્યં કે જે કોર્ટમાં ગયા છે એમને તમે આપો છો તો બાકીનાને શા માટે નથી આપતાં? એ લોકો ગરીબ છે, આદિવાસી છે એ લોકો કોર્ટમાં જઈ શકે તેમ નથી. જંગલની જમીન આપવામાં અને બેકલોગની જગ્યા ભરવામાં પણ આ સરકાર નિષ્ફળ ગયેલ છે. આજે આદિવાસીઓના નામે જે વાતો કરે છે, એમાં પણ કંઈ થતું નથી. ભ્રષ્ટાચાર એટલો બધો વધી ગયો છે કે એનો કોઈ પાર નથી. આદિવાસીઓના નાણાં અન્ય યોજનાઓ દ્વારા વપરાય અને અન્ય વિભાગોમાં જાય એની આદિવાસીઓને ખબર નથી પડતી એવી પરિસ્થિતિ અમારા આદિવાસી વિસ્તારની થઈ રહી છે. હું એક દાખલો આપું છું કે અહીંયા ડી-સેક નામની કોઈ સંસ્થા છે, હવે એ શું હોય અમને તો કંઈ ખબર ના પડે. પણ એટલું તો ખબર પડે છે કે આ સંસ્થા મારફતે આદિવાસીઓના વિસ્તારમાં તેમની યોજનાઓનો અમલ થાય છે. અમારા વિસ્તારમાં આ સંસ્થા મારફતે મોન્ટેસો-મકાઈનું બિયારણ આપવાની જોગવાઈ કરી છે હવે અમે વિધાનસભામાં તો પૂછ્યું અને ત્યાં પણ પૂછીએ કે આ બિયારણ આપવાની જે જોગવાઈ છે એ કોણ આપે છે? પહેલાં અમારી સહકારી મંડળીઓ આપતી હતી એ કોને આપવાનું છે એ પૂછીને પૂછીને આપતી હતી મંડળી. પણ એ સંસ્થા આપે છે એ કોને આપે છે એ ધારાસભ્ય નથી જાણતાં જિલ્લાના અધિકારીઓ નથી જાણતાં તો કઈ રીતે આ યોજનાઓનો અમલ થાય છે અને કઈ રીતે એનો વપરાશ થાય છે એની અમને ખબર નથી પડતી એટલે એ એક બાબત વિચારવા જેવી છે.

આ સિવાય પાણીની વાત કરીએ તો આદિવાસી વિસ્તારમાં અમે ચકલીઓથી પાણી આપ્યું એમ કહે છે. પણ અમારે ત્યાં હેન્ડપંપ થયાં ગયા વર્ષે હેન્ડ પંપ નાંખ્યા છે એક એક વર્ષ થવા છતાં એના માથા નથી બેસાડ્યા, હું એમ કહુ છું કે તમે માથા જો નથી બેસાડી શકતા તો ઘેર ઘેર પાણી આપવાની તો વાત જ ક્યાં રહે છે? ગયા વખતે બોર- મોટરોની વાત કરી બોર બનાવ્યા પણ આજની તારીખે મોટરો જ નથી બેસાડી. મોટાભાગની જે પાણી પુરવઠાની યોજનાઓ છે એ બંધ હાલતમાં પડી છે. હવે આ રીતે પરિસ્થિતિ જો ચાલે તો અમારી શું સ્થિતિ

રહે? આજે સિંચાઈની વાતો કરે છે નથી અમને કડાણાનું કે નર્મદાનું પાણી મળતું તો આ વિસ્તારમાં કાયમી પાણી પુરવઠાની યોજનાઓ વ્યવસ્થિત ચાલે, સિંચાઈના ક્ષેત્રે પણ પાણી મળે એ પણ ખૂબ જરૂરી છે. ઉદ્યોગોની વાત કરું તો વાયબ્રન્ટ વાયબ્રન્ટ કરે છે. અમને તો વાયબ્રન્ટમાં પણ ખબર નથી પડતી, પરંતુ કમસેકમ અમારા આદિવાસી વિસ્તારમાં કોઈ ઉદ્યોગો સ્થપાય અને સ્થાનિક લોકોને રોજીરોટી મળે એવું તો કરો. કેન્દ્ર સરકારની યોજના છે ગ્રામીણ રોજગારોને રોજગારી આપવાની. તો એનો પણ તમે સારી રીતે અમલ કરતાં હોય તો પણ અમારું ઘણું કલ્યાણ થાય પણ એ પણ નથી થતું. એક એક વર્ષ થયું. ગઈસાલે અમારે ત્યાં તળાવો આપ્યા હું દાખલા સાથે આપું છું દાહોદ તાલુકામાં ૩૭ તળાવો આપ્યા. એક વર્ષ સુધી પગાર નહોતો થયો હમણાં એમના પગાર થયાં છે. યોજના કઈ? ગ્રામીણ રોજગારોને રોજગારી આપવાની યોજના. અમલ કોણ કરે? ભારતીય જનતા પાર્ટીની સરકાર. આજની તારીખે એક વર્ષે પગાર થયો છે. હું દાખલા સાથે કહુ છું કે દાહોદ તાલુકાના બોરવણી ગામમાં આજદિન સુધી એકપણ વ્યકિતને પગાર આપવામાં આવેલ નથી પંદર દિવસે પગાર આપવાની જોગવાઈ છે. આ કાયદો બનેલો છે. પણ કેન્દ્ર સરકારની યોજનાનો પૂરેપુરો અમલ કરી શકતા નથી. તો તમે અમારું કઈ રીતે કલ્યાણ કરવાના છો એ જ સવાલ છે. ગ્રામસભાઓની વાતો કરી. ગ્રામસભાઓમાં ઘણી વાતો થાય છે અમે ગ્રામસભાઓમાં જઈએ. ગ્રામસભાઓમાં બધા પ્રશ્નો ચર્ચાય. અનેક પ્રશ્નો, અનેક વાતો, અનેક વિકાસની વાતો. પણ એના પછી ત્યાં પ્રશ્ન આવે એમાંથી એકપણ નિકાલ થાય છે ખરો?
કેટલાનો નિકાલ થાય, તેમાં કઈ જોગવાઈ, કયુ તંત્ર ગોઠવાયું છે. બીજી વાત કરીએ તો તેના પછી એ તંત્રને..

**અધ્યક્ષશ્રી** : બે મિનિટ અપાઈ ગઈ. પૂરું થયું.

**શ્રીમતી જયોત્સનાબેન ર઼ા. પટેલ(આણંદ)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના નાણામંત્રી આદરણીયશ્રી વજુભાઈ વાળા સાહેબ ૧૭મી વખત આ સ્વર્ણિમ ગુજરાતનું બજેટ લઈને આવ્યા છે ત્યારે તેના અનુમોદનમાં હું મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર દેશમાં કમરતોડ મોંઘવારીનો બોજ ઉઠાવતા હાલ ગુજરાતના બીપીએલ પરિવારોની વાત કરું તો કેન્દ્રની તેંડુલકર કમિટીએ નક્કી કરેલ બીપીએલ ગરીબોની સંખ્યા ૩૪.૫૦ લાખ છે. જ્યારે આ સમિતિએ આ સંખ્યા ગરીબોની નક્કી કરેલી છે ત્યારે હાલમાં આ કેન્દ્રની સરકાર ફક્ત ૨૦.૩૪ લાખ પરિવારોને બીપીએલનું અનાજ આપતી હતી. માનનીય અધ્યક્ષશ્રી, આ માટે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી આ સરકારે વારંવાર રજૂઆત કરી ત્યારે આ માસથી ફકત ૨૫ લાખ ૩૪ હજાર પરિવારોને અનાજ આપવાનું ચાલુ કરવાના છે તો બીજા ૧૦ લાખ પરિવારો બાકી રહ્યાં તો મારે તેના માટે વિપક્ષના સભ્યોને પૂછવું છે કે તમે તેની ચિંતા કરી છે ખરી ?

માનનીય અધ્યક્ષશ્રી, આ ગરીબોની ચિંતા કોણ કરે છે તો તેની વાત કરું તો દિવાળી, જન્માષ્ટમીના તહેવારોમાં આ ગરીબ કુટુંબોને પામોલીન તેલ મળી રહે તે માટે દર વર્ષે તેલનો બફર સ્ટોક કરવામાં આવે છે અને આ તેલ ગરીબ પરિવારોને રૂપિયા ૩૨/-ના ભાવે કિલો લેખે વિતરણ કરવામાં આવે છે. ડિસેમ્બર,૨૦૧૦ અંતિત ૧૧૯૫૦ મૅટ્રિક ટન ખાદ્યતેલનું વિતરણ કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર દ્વારા આ બીપીએલ પરિવાર અને અંત્યોદય કાર્ડધારકો માટે દિવાળીના તહેવારો નિમિત્તે તેલ તો ખરું જ પરંતુ એક કિલો ખાંડનું પણ વિતરણ કરવામાં આવે છે જેનો ભાવ ૧૩.૫૦ નક્કી કરેલ છે. અને આ ૨૦૧૦-૧૧ ડિસેમ્બર અંતિત કુલ ૭૫૫૭૮.૭ મૅટ્રિક ટન જથ્થાની ફાળવણી કરવામાં આવેલ છે. આમ આ રાજય સરકાર ખાંડ અને તેલનું રાહત ભાવે ગરીબોને વિતરણ કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બીપીએલ અને અંત્યોદય લાભાર્થીઓને આ ખાદ્યતેલમાં વિટામીન એ અને ડી ઉમેરવામાં આવે છે. આ ખાદ્ય તેલ, ફોર્ટીફાઈડ આંટો, આયોડાઈઝ મીઠા જેવી પાયાની જીવન-જરૂરિયાતવાળી ચીજ-વસ્તુઓ રાહત ભાવે આપવા ૧૧૫ કરોડ રૂપિયાની જોગવાઈ આ બજેટમાં કરવામાં આવી છે અને લાભાર્થીઓને તેનું વિતરણ કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આનો હેતુ આયર્ન તેમજ વિટામિન એ ની ઊણપ દૂર કરવાનો છે. આ નવેમ્બર, ૧૦ અંતિત ૨૬,૫૪,૫૨૩ મૅટ્રિક ટન ઘઉંના લોટનું તેમજ ૩૫,૪૪,૪૨૮ મેટ્રિક ટન ખાદ્યતેલનું ફોર્ટીફીકેશન કરવામાં આવેલ છે.

**અધ્યક્ષશ્રી** : બે મિનિટમાં પૂરું કરો.

**શ્રીમતી જયોત્સનાબેન ર઼ા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે વાત કરવી છે આપણે જ્યારે કુદરતી ખોરાક જેવા કે અનાજ, કઠોળ, શાકભાજી જેવી ચીજોમાંથી આપણને વિટામિન પ્રોટિન ભરપૂર પ્રમાણમાં મળી રહે છે. ત્યારે આજે કેન્દ્રના કારણે વધેલ પેટ્રોલ ડિઝલના બેફામ ભાવ વધારાના કારણે મોંઘવારીએ માઝા મૂકી છે, જે આજે દેશમાં નંબર વન છે. આ મોંઘવારી ઘટાડવાનું સો દિવસનું વચન કોનું હતું? છેલ્લાં ૫-૭ વર્ષથી રોજ બરોજના વધતા ભાવ વધારાને કારણે ગરીબોની થાળીમાં ખીચડીમાં દાળનો દાણો જે ગણવો કે પછી શોધવો પડે તેવી સ્થિતિ છે. " ગરીબોની ખીચડીમાં દાળનો દાણો નહીં, ચામાં ખાંડ નહીં અને શાકભાજીની તો વાત જ કરવાની નહીં " આવી સ્થિતિ આજે અહીંયા છે. મારે આજે વિપક્ષના સાથી સભ્યોને કહેવું છે કે તમે પ્રજાની વચ્ચે જઈને બાળકને થાળી પીરસતી માની વેદનાની કોઈ દિવસ પરવા કરી છે ખરી ? ૦ થી ૫ વર્ષના બાળકો

કુપોષણથી પીડાય છે ખાલી મત માટે જ સહાનુભૂતિ બતાવવાની ? અમે આમ જનતાના માણસો છીએ અને અમને જ ગરીબોની ચિંતા છે તેવી લાગણી બતાવવાની ? આ કઈ નીતિ છે મોંઘવારી ઘટાડવાની ?

માનનીય અધ્યક્ષશ્રી, એક તરફ અનાજ સડી જાય અને ઠપકો પણ મળે તે જુદો અને બીજી બાજુ ગરીબ માની ભાવ ઘટાડવાની આશા ધરાવતી માની આંખડી શું તમે જોઈ છે ખરી ? કહેવત કહું તો " લાફો મારીને ગાલ લાલ રાખવાની વાત."

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતો પાસેથી સસ્તા ભાવે અનાજ લઈને નિકાસ કરવાનો અને મોંઘા ભાવે ખરીદી કરી અને આયાત કરવાનું તે આ કેન્દ્ર સરકારની નીતિની વાત છે. કેરોસીનની વાત કરું તો કેન્દ્ર સરકાર દ્વારા રાજય સરકારને દર માસે ૮૨ હજાર કિલોલીટર કેરોસીનની જરૂર પડે છે.

**શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી આ સન્માનનીય સભાગૃહમાં ૧૭મી વખત અંદાજપત્ર લઈને આવ્યા છે તે બદલ તેમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.માનનીય અધ્યક્ષશ્રી, ૯મી, ૧૦મી અને ૧૨મી વિધાનસભાનો હું તાજનો સાક્ષી રહ્યો છું. શરુઆતનું વિકાસલક્ષી બજેટ ૯૩૨ કરોડથી શરુ થયેલું અને ગઈ વખતનું બજેટ ૩૩ હજાર કરોડનું વિકાસલક્ષી બજેટ આપણે જોયું. હું આ બધા બજેટ પર મારી સમીક્ષા કરતો રહ્યો છું. તેમાં આ બજેટમાં એક રૂપિયો કયાંથી આવશે અને કયાં ખર્ચાવાનો છે તેનું સતત ધ્યાન માનનીય નાણામંત્રીશ્રીએ રાખેલ છે. એનાથી આજે સ્વાભાવિક રીતે જ આદિવાસી વિસ્તારોમાં અગર ગુજરાતના શહેરી વિસ્તારોમાં જે પરિવર્તન દેખાઈ રહ્યું છે તે ભારતીય જનતા પાર્ટી તરફ દેખાઈ રહ્યું છે. એટલે જ આપણે જો શહેરી વિસ્તાર જોઈએ, નગરપાલિકા વિસ્તાર જોઈએ કે જિલ્લા અને તાલુકા વિસ્તાર જોઈએ તો આમ જનતાનો ૯૦ ટકા જોક ભારતીય જનતા પાર્ટી તરફનો રહ્યો છે. આજે મારો જે વિષય છે, તે આદિવાસી વિસ્તારોમાં ભારતીય જનતા પાર્ટીની આ સરકાર દ્વારા બજેટની અંદર કરવામાં આવેલ જોગવાઈ અંગે વાત કરવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટમાં આદિવાસી ક્ષેત્રના કામો કરવા માટે ૪૮૪૮ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. અમે જાણીએ છીએ કે આ ગુજરાતના ૧૨ જિલ્લા અને અમારા ૪૪ ટ્રાયબલ તાલુકા છે જે અંબાજીથી ઉમરગામ સુધીના પહાડી વિસ્તારોમાં આદિવાસીઓની ખૂબ મોટી વસતિ છે. આ વિસ્તારોમાં આદિવાસીઓ જે પરિસ્થિતિમાં રહે છે તેમને સુવિધા આપવા માટે અને વિકાસ કામો કરવા માટે અમુક વખત સરકારને મુશ્કેલી પડતી હોય છે. સન્માનનીય ધારાસભ્યશ્રીઓ સમજે છે કે નોન પ્લાનમાં રસ્તા કરવાના હોય અને એક ફળિયાથી બીજા ફળિયા સુધીના કામ કરવાના હોય તો અને પ્લાનમાં જોગવાઈ ના હોય અને કોઈ જવાબ પણ આપી શકતા ન હોય એવા સંજોગોમાં એ કામો કરવામાં મુશ્કેલી પડતી હોય છે. ત્યારે આ વખતે મારે માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપવા જરૂરી છે કે નવી આઈટમ તરીકે આ વખતના બજેટમાં પ્રથમ પાના ઉપર બજેટમાં લેવામાં આવેલ છે. "મારો તાલુકો, વાઈબ્રન્ટ તાલુકો." આ યોજના માટે ૬૦૦ કરોડની જોગવાઈ કરી છે. આમાં અમે આશા રાખીએ છીએ કે નવી દિશા અને નવા વિકાસના કામો, નવું પરિવર્તન અને બાકી ૧૦ ટકા વિસ્તારો રહ્યાં હતા એ વિસ્તારો ચોકકસપણે ડેવલપ થતા જોવા મળશે. એટલા માટે હું કહેવા માગું છું કે હું મારા ઉમરગામ તાલુકાનો નંબર વિધાનસભામાં ૧૮૨મો નંબર છે અને અમારા ઉમરગામ તાલુકામાં અમે પ્રવેશ કરીએ છીએ. આ સન્માનનીય ગૃહની અંદર વારંવાર હું પ્રશ્ન સાંભળતો રહ્યો છું કે આદિવાસી ક્ષેત્રમાં શું કર્યુ? જંગલની જમીન કેમ આપતા નથી. આ મુદ્દો પણ હું લેવા માગું છું. જયારે જંગલ માટે ફોરેસ્ટ એકટ બન્યો એ વખતે અત્યાર સુધી જે આદિવાસીઓને ટોટલ જમીન ફાળવવામાં આવી છે એમાં આપણે ત્યાં ૨૭૬૧૩ અરજીઓ પૈકી ૧૬૦૮૨ હેકટર જમીન માલિકોને આપવામાં આવી છે. એટલે ભારતીય જનતા પાર્ટી તરફે કે આદિવાસીઓને જમીન આપવા માટે એક પહેલ થઈ. આ પહેલા પણ ૪૫૩૫૨ જેટલા આદિવાસીઓને જમીન આપવામાં આવી છે. આ વખતે સ્વર્ગસ્થ શ્રી સુર્યકાન્ત આચાર્ય સાહેબને મારે યાદ કરવા જોઈએ. એ વખતે આદિવાસીઓની ચિંતા તેઓ સતત કરતા હતા કે આપણે આદિવાસીઓ માટે શું કરી શકીએ. ત્યારે તેમણે કાયદામાં નહીં લાવેલા, છતાં આદિવાસીઓને હકકપત્રક ગામડે ગામડે ફરીને લોકોને જાગૃત કરતા હતા કે ગામડાના આદિવાસીઓ જે જંગલમાં રહે છે, એમના રક્ષણ માટે જાગૃતિ લાવવાનું અને તે માટે વિચાર કરવાની પહેલી વખત આજે ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટી અને અન્યા રાજયોની જે તુલનાત્મક આંકડા જોઈએ તો આસામમાં ૨,૫૯,૭૦૦ જેટલી અરજીઓ છે. એમાં આદિવાસીઓની જમીન અત્યાર સુધી ફાળવવામાં આવી નથી. પશ્ચિમ બંગાળમાં ૧૨,૬૦,૩૮૧ અરજીઓ છે, એકપણ ફાળવવામાં આવેલ નથી. છત્તીસગઢ જયાં બી.જે.પી.નું શાસન છે. ૧,૧૮,૦૦,૪૯૪ છે ત્યાં ૧૦૦ ટકા કામગીરી સારામાં સારી થયેલી છે.

શ્રી રમણલાલ ના. પાટકર (ક્રમશ:):અને એ રીતે ગુજરાતમાં પણ ૧૬૦૬૨ હેકટર જમીન આદિવાસીઓને આપી છે. આ રીતે જયાં જયાં પણ આદિવાસીઓનં હિત કોણ જોઈ શકે કે જયાં બજેટની ચિંતા કરીને એ બજેટનાં નાણાંકયાં જવાં જાઈએ અને કઈ રીતે આખા ગુજરાતનો ડેવલપ કરવો જોઈએ એટલા માટે જ દરેક આદિવાસી ક્ષેત્રમાં અને શહેરી વિસ્તારમાં જઈને કહીએ છીએ કે ગુજરાતને જે મેડલો મળ્યા છે, આ ૮૪ એવોર્ડ એમને એમ

મળ્યા નથી, એમની કામગીરી છે અને એ કામગીરી કરવા માટે મને કહેતાં આનંદ થાય છે કે ઘણા મુખ્યમંત્રીશ્રીઓ સાથે કામ કરવાનો મોકો મળ્યો છે, પરંતુ હાલના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી કે જેમણે એક દ્રષ્ટિકોણ રાખ્યો છે કે ગુજરાતમાં જોઈએ તો ૩૬ લાખ બી.પી.એલ. કુટુંબો છે એ કુટુંબો માટે સંપૂર્ણ અનાજ પૂરું પાડવાની એમની દીર્ઘદ્રષ્ટિ છે. જયાં બી.પી.એલ. કુટુંબો હોય એમને આવાસો આપવાની પણ તેમની યોજના છે અને એટલા માટે આ બજેટને આવકારીને મારું અનુમોદન આપીને વિરમું છું.

**શ્રી કનુભાઈ ડાભી(કઠલાલ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ માનનીય સભાગૃહમાં આજરોજ પ્રથમ વખત મને બોલવાની તક આપી છે એ બદલ આપશ્રી અને વિશેષતઃ આ ગૃહનો આભારી છું.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ૧૦ વર્ષમાં નર્મદા યોજના, સુજલામ્ સુફલામ્ યોજના અને અન્ય સિંચાઈ યોજનાઓ થઈ. સમગ્ર ગુજરાતમાં અને વિશેષ કરીને ઉત્તર ગુજરાત જે પાણીદાર અને હરિયાળું બન્યું છે તે માટે આ સરકાર અને માનનીય મુખ્યમંત્રીશ્રીના ભગીરથ પ્રયત્નોને હું બિરદાવું છું. મારા ખેડા જિલ્લાના કઠલાલ, કપડવંજ, ઠાસરા, બાલાસિનોર તાલુકાનો મોટાભાગનો વિસ્તાર ૫૦ વર્ષથી સૂકાઈ રણ વિસ્તાર જેવો પ્રદેશ હતો, ત્યાં કોઈ દીકરી પણ આપું નહોતું. આજે આ વિસ્તારમાં હરિયાળી ક્રાંતિ તરફ ડગ માંડયાં છે ત્યારે બોર અને કૂવાઓ કે જયાં ૪૫૦ ફૂટે પણ પાણી નહોતું ત્યાં સૂચિાઈ વિભાગના પ્રયત્નોથી એ ભૂગર્ભ જળ ઉંચાં આવ્યાં છે અને એના કારણે ૧૦૦ ફૂટના સ્તરે પાણી મળી શકયાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, સિંચાઈ અને કૃક્ષ વિભાગના સંકલનથી મળતી સુવિધાઓથી ખેડૂતો આજે વર્ષમાં બે વાર પાક મેળવતાં એમની આર્થિક સધ્ધરતા વધી છે. ખેડા જિલ્લાની જીવાદા.રી સમાન શેઢી શાખા નહેરના અવરોધ દૂર થતાં કઠલાલ અને કપડવંજ તાલુકાની સિંચાઈ ક્ષમતા ૨૦ ટકાથી વધીને ૮૫ ટકા થઈ છે. આ બન્ને તાલુકામાં લગભગ ૬૧ હજાર હેકટર જેટલી જમીનમાં સિંચાઈ સુવિધા ઉપલબ્ધ થઈ છે. "સહયોગથી સફળતા" તથા "વિના સહકર નીહં ઉધ્ધાર" જેવી સરકારની નીતિથી ખેડૂતોની સહકારી મંડળીઓના માધ્યમથી, સહભાગી સિંચાઈ યોજના થકી પાણીની વિતરણ વ્યવસ્થા, ભૂગર્ભ જળ ઉંચાં આવવાં, જમીનની ફળદ્રુપતા, તંદુરસ્તી, આંતરિક વિવાદોનો સ્થાનિક સ્તરે સરળતાથી ઉકેલ, કૃષિ ખેતપેદાશોના પોષણક્ષમ ભાવ, ઋતુવાર કૃષિ ઉત્પાદન વ્યવસ્થા અને છેવાડાના દરેક ખેડૂતને પાણી મળવાની ગેરન્ટી વગેરે સરકારની સામુહિક યોજનાને આભારી છે.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદાની મુખ્ય નહેર ખેડા જિલ્લાની મધ્યમાંથી પસાર થાય છે. આ સરકારના ભગીરથ પ્રયત્નોથી નહેરોમાંથી માઈનોર સબ માઈનોર, ડિસ્ટ્રીબ્યુટરીથી પીયત વિસ્તારમાં નોંધપત્ર વધારો થયો છે. કૃષિ તજજ્ઞોના માર્ગદર્શનથી ગુજરાતનો ખેડૂત કોમ્પ્યુટરાઈઝ અને ડ્રીપ ઈરિગેશનથી ખેતી કરતો થયો છે જે નાનીસૂની સિધ્ધિ નથી. આમ આઝાદી પછીના ૫૦ વર્ષમાં ગુજરાતે જે પ્રગતિ કરી છે એના કરતાં છેલ્લા ૧૦ વર્ષમાં અનેકગણી વધુ પ્રગતિ કરી છે. વિકાસનાં નવાં શિખરો સરકારે સર કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રીએ છેલ્લે આ સભાગૃહમાં સતત ૧૭ મી વખત બજેટ રજૂ કરીને એક સ્વર્ણીમ રેકર્ડ સ્થાપ્યો છે એના માટે હું તેમને અભિનંદન આપું છું

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી વજુભાઈ વાળા ૧૭મી વખત બજેટ લઈને આવ્યા છે તેને અભિનંદન આપું છું. અને તેના સમર્થનમાં અને ખાસ કરીને વિરોધપક્ષના નેતાશ્રી અને સભ્યશ્રીઓના બને એટલા ખુલાસા કરવા માટેનો હું પ્રયત્ન કરીશ. સાચું પૂછો તો આ બજેટ અભિનંદનને પાત્ર છે, મારે સભ્યશ્રીઓને પૂછવું છે કે ૩૦ હજાર કરોડના ૩૭૧૫૨ કરોડ એક વર્ષમાં કર્યા, તો આ ૭૧૫૨ કરોડનો વધારો કરવાનું આટલું મોટું પ્લાન એકસ્પેન્ડીચર શું અભિનંદનને પાત્ર નથી? ૯૫૦૦ કરોડનુ એક જ વર્ષમાં રેવન્યુ ઈન્ક્રીઝ અને માત્ર ૫૨૪ કરોડનું નવું ટેકસ કલ્ચર શું અભિનંદનને પાત્ર નથી? સોસીયલ સર્વિસીસની વાત કરીએ કે નર્મદાની વાત કરીએ તો નર્મદાનું સાડા ત્રણ હજાર કરોડનું ૭ હજાર કરોડ શું અભિનંદનને પાત્ર નથી? આ ઐતિહાસિક બજેટ ગણાશે, અને આવતા દિવસોમાં, આવતા પાંચ વર્ષમાં આ બજેટે જે પાયો નાખ્યો છે તેનાથી ગુજરાતનો આવતા દસ વર્ષ સુધી ડબલ ડીઝીટમાં ગ્રોથ રેટ આગળ વધારશે. માનનીય અધ્યક્ષશ્રી, કરવેરાની વાત કરીએ તો મારે થોડીક સભ્યશ્રીઓને જાણકારી આપવી છે. રાજસ્થાનમાં ગઈ કાલે જે બજેટ રજૂ કર્યુ એમાં ટોબેકોમાં વીસ ટકા હતા તેના ૪૦ ટકા કર્યા. આ માહિતી હમણાં ગઈકાલે રાજસ્થાને બજેટમાં આપી. એ વિષય કરતા હું આપણા સેસની વાત કરું, એટલે ૧૫૦ કરોડ તો નીકળી ગયા ને? ૫૪૪ માંથી ૧૫૦ કરોડ તો નીકળી ગયા, હવે રહ્યા ગ્રીન સેસ, તો એ ગ્રીન સેસ સેન્ટર ઘણાં વખતથી નાખે છે. કોલસા ઉપર ગુજરાતની સરકાર, ગુજરાતની કંપનીઓ ગુજરાતમાં જેટલો કોલસો આવે છે એમાં દેશમાં ઉત્પાદીત થતા કોલસા ઉપર ૫૦ રૂપિયાનો સેસ આજની તારીખમાં કેન્દ્ર સરકાર ગ્રીન સેસના નામે નાખે છે. આપણે તો જનરેશન ઉપર નાખીએ છીએ, કેન્દ્ર સરકાર તેની આવક વધારવા માટે ગ્રીન સેસ ઈમ્પોર્ટેડ કોલસા ઉપર પણ નાખે છે. એટલે આજની તારીખમાં ઈમ્પોર્ટેડ કોલ અને દેશી કોલ ઉપર પણ ૫૦ રૂપિયા ટને આપણે ચુકવતા આવ્યા છીએ. જેનું ભારણ ૩ પૈસા પર યુનિટ પડે છે. ૮૨ કરોડ રુપિયા આપણે ખર્ચીએ છીએ. આ ઉપરાંત બીજા રાજયો પણ કરે છે, મધ્યપ્રદેશ પણ કરે છે. છતીસગઢ પણ કરે છે, મધ્યપ્રદેશ ૫ ટકા કોલસાની કિંમતનું કરે છે અને છતીસગઢ દસ રૂપિયા મેટીક ટને કરે છે. આ બધા રાજયોમાંથી જે કોલસો આવે છે તેના

ઉપર સેસ આવે અને તે સેસ આપણે ચુકવવી પડે છે. આ સરકારે સેસ પ્રજા ઉપર નથી નાખ્યો, સરકારે સેસ જનરેટીંગ કંપનીઓ ઉપર નાખ્યો છે. જનરેશન કરે તેણે બે પૈસા ચુકવવા પડે છે. અદાણી જનરેટીંગ કરે તો તેમણે ચુકવવા પડે, જે કોઈ કંપનીઓ જનરેટીંગ કરે અને વીજળી ગુજરાતમાં વેંચે કે બહાર વેંચે તો પણ તેમણે બે ટકા સેસ ભરવો પડશે. એટલે લાંબી દૃષ્ટિથી જુઓ તોઆજની તારીખમાં પાંચ હજાર મેગાવોટ કેપ્ટીવ ચાલી રહયું છે. આ કેપ્ટીવ કોઈ પ્રજા ઉપર ભારણ નથી આવવાનું, બે પૈસા ચુકવવા પડશે તો રીલાયન્સ અને એસ્સારને ૨૮ કરોડ વર્ષે ચુકવવા પડશે. આ સરકારે મોટી કંપનીઓ ઉપર બે પૈસા જનરેશનમાં એન્વાયરમેન્ટ માટે નાખ્યું છે. માનનીય અધયક્ષશ્રી, આવતા દિવસોમાં વાત કરું તો અદાણી મુન્દ્રા ઉપર ૪૬૦૦ મેગાવોટ નાખે છે. ૨૫૦૦ મેગાવોટ બહાર વેંચવાનું છે. ૨૫૦૦ મેગાવોટ ઉપર બે પૈસા સેસના છે તે બે પૈસા સેસ ગુજરાતની બહારની જનતા વાપરશે. ટાટા પાવર અલ્ટ્રા મેગાવોટ કેન્દ્રનું ૪ હજાર મેગાવોટ ઉત્પાદન આવવાનું છે ટુંક સમયમાં. એમાંથી ૨૧૦૦ મેગાવોટ ૫૦ ટકા હિસ્સો બહાર જવાનો છે ટાટા પાવરને બે પૈસા આ ૨૧૦૦ મેગાવોટ ઉપર પણ આપવા પડશે. ન્યુકલીયર પાવર કોરપોરેશન આવતા દિવસોમાં છ હજાર મેગાવોટ કરવાનું છે. ૩૦૦૦ મેગાવોટ બહાર જવાની છે એ ત્રણ હજાર ઉપર સેસ મળશે. એન.ટી.પી.સી. આજની તારીખમાં ૧૩૦૦ મેગાવોટ ઉત્પન્ન કરે છે એમાંથી ૯૦૦ મેગાવોટ બહાર વેચે છે એના ઉપર બે પૈસા સેસ મળવાનો છે. આવતા દિવસોની અંદર કવાસ જૂઓ, ધુવારણ જૂઓ આવા અનેક યુનિટો જે ગુજરાતમાં આવે છે જેથી ગુજરાત દેશનું એનર્જી હબ બનવાનું છે અને વરસ બે વર્ષમાં ૫ હજાર મેગાવોટ વીજળી આપણે બહાર વેચવાના છીએ. આ બે પૈસા સેસના કારણે આપણને એની આવકમાં પુષ્કળ લાભ મળવાનો છે. વધારાની વાત કરુ આપણે જનરેશન ઉપર નાખીએ છીએ અને ૮૦ લાખ ગ્રાહકો વાપરશે મારી માહિતી પ્રમાણે આવતા દિવસોમાં રેગ્યુલેટરી કમિશન નક્કી કરશે કે આ બે પૈસા જી.ઈ.બી. એ ભોગવવાના રહેશે કે બે પૈસાનું ભારણ આપશે પણ આખા ૨૪૪ કરોડના ભારણમાં ૧૨ થી ૧૫ કરોડ રૂપિયા જો રેગ્યુલેટરી કમિશન નક્કી કરે તો જ પાસ વન થશે. એટલે ૨૪૪માંથી મોટા ભાગનું ઉદ્યોગો અને બહાર જવા માટેનો સેસ લીધો છે અને અમે ગુજરાતની પ્રજા પાસેથી સેસ નથી લીધો. આ મારે માનનીય સભ્યશ્રીઓને સ્પષ્ટ કરવું હતું.

ઘણી વખત વિરોધપક્ષમાંથી આ ડિબેટની અંદર કહ્યું હતું કે અમે મદદ કરવા તૈયાર છીએ, કોઈપણ વિષય હોય, હકીકતમાં મદદની અપેક્ષા રાખુ છું. કોઈ રાજકારણની વાત નથી કરતો પણ ગુજરાતના હિતમાં મારે બે ત્રણ વિષય પર ખાસ આ સભાગૃહનું ધ્યાન દોરવું છે અને વિરોધપક્ષના સભ્યશ્રીઓ પાસે જેટલી મદદ મળે એ મદદની અપેક્ષા રાખુ છું.

નર્મદા આપણી જીવાદોરી છે. કેન્દ્ર સરકાર નર્મદા માટે આપણને ગ્રાન્ટ આપે છે. એ.આઈ.ડી.પી. યોજના છે. આ યોજનાની અંદર D.B.A.P. એટલે Drought Prone Area Programme એટલે દુષ્કાળની અંદર, દુષ્કાળ વિસ્તારની અંદર કોઈ કેનાલના કમાન્ડ એરિયામાં કામ થતું હોય તો કેન્દ્ર સરકાર ૯૦ ટકા ગ્રાન્ટ આપે છે અને દસ ટકા રાજય સરકાર ખર્ચે છે. દુષ્કાળમાં ૧૨ લાખ ૯૬ હજાર હેકટર સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતમાં થઈ રહ્યું છે. આની અંદર ૭૫ ટકા Drought Prone અને Desert Development . બીજો વિસ્તાર છે D.D.P એટલે Desert Development Programme માં ૯૦ ટકા ગ્રાન્ટ કેન્દ્ર સરકાર આપતું નથી અને ૨૫ ટકા આપે છે. એટલે વિષય એ છે કે Drought Prone કયો કહેવાય કે જ્યાં વરસાદ ઓછો પડતો હોય ત્યાં Drought Prone કહેવાય. Desert કોને કહેવાય કે જ્યાં વરસાદ જ નથી હોતા એ Desert ની અંદર નર્મદા કેનાલનો કમાન્ડ એરિયા થાય છે. અમે કેન્દ્રને લખ્યું કે Drought Prone Area અને Desert Prone Area ને સરખો ગણો. પ્લાનિંગ કમિશને મંજૂરી આપી. પ્લાનિંગ કમિશને કહ્યું કે Drought Prone Area ખરાબ જ એરિયા છે એને પણ Drought Prone ની માફક ૯૦ ટકા ગ્રાન્ટ મળવી જોઈએ. ઈરિગેશન ડિપાર્ટમૅન્ટ પણ સરકાર સાથે સંમત થઈ ગયું એણે પણ આપણા માટે ભલામણ કરી અને એણે નાણા મંત્રીને મોકલી આપ્યું. મારે મદદ આ જોઈએ છે કે છ મહિનાની અંદર અમને સફળતા મળી નથી. આપ અમને મદદ કરો, આપ પણ સંમત થશો કે Desert Prone Area Drought Prone Area થી વધારે ખરાબ હોય છે આ નર્મદા કેનાલનું કામ પુરુ થશે ત્યાં સુધી ઓછામાં ઓછા ચાર થી પાંચ હજાર કરોડ રૂપિયાનો ગુજરાત સરકારને ફરક પડશે. અને વધારે મારે ખાસ કરીને એ કહેવું છે કે બે રાજયોને સ્પેશ્યલ પરમીશન આપવામાં આવી છે. કૅબિનૅટ દ્વારા કલીયરન્સ આપવામાં આવ્યું પંજાબ અને કર્ણાટકને કલીયરન્સ આપવામાં આવ્યું છે એ પ્રમાણે ગુજરાતનો મેળ આવે એ પ્રમાણેની મારી વિનંતી છે.

એવી રીતે મારે રૉયલ્ટીનો વિષય કરવો છે. આ વિષય પણ એટલો જ અગત્યનો છે. બહું વરસોથી બધાની મહેનત બાદ મોસ્કર કમિટીની સ્થાપના થઈ. મોસ્કર કમિટીએ અહેવાલ આપ્યો અને રૉયલ્ટી માર્કેટ પ્રાઈઝ પર આપવાનું નક્કી થયુ. માનનીય અધ્યક્ષશ્રી, નિર્ણય કૅબિનૅટમાં લેવાયો, કૅબિનૅટમાં નિર્ણય લઈને તેનું અમલીકરણ થયું અને well at price ઉપર જે નિયમ કૅબિનૅટે મંજૂર કર્યો હતો તેના આધારે ગુજરાતને વર્ષો સુધી ઑઈલ રૉયલ્ટી માર્કેટ પ્રાઈસ ઉપર મળવાની આવી. ૨૦૦૮માં ડિસ્કાઉન્ટ ચાલુ કર્યા અને તેના કારણે ગુજરાત સરકારને ખૂબ મોટો ફટકો પડ્યો છે. અઢી-ત્રણ વર્ષમાં ૨૮૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. મારે પૂછવું છે કે ઑઈલ નીકળતું હોય, ઑઈલની કવોલિટી સરખી હોય, તેના ભાવ નક્કી થયા હોય. બધું જ નક્કી

થયું હોય તો ગુજરાતની રૉયલ્ટી અને આસામની રૉયલ્ટીમાં ફરક કેમ? રૉયલ્ટીનો રેટ સરખો હોય તો બધી જગ્યાએ સરખો હોવો જોઈએ. બૉમ્બે હાઈમાંથી જે ઑઈલ નીકળતું હોય, કેન્દ્ર સરકારને રૉયલ્ટી મળતી હોય, એ રોયલ્ટીના રેટ જુદા અને ગુજરાતની રૉયલ્ટીના રેટ જુદા. જે ઑઈલ નીકળતું હોય તો દર માસિક તેનું ઉત્પાદન થતું હોય તો એ પ્રમાણે ફીક્સ રેટે મળવું જોઈએ. ફોર્મ્યુલા આખા દેશમાં સરખી હોવી જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, દર વર્ષે, હું ખાલી આ કૅલૅન્ડર વર્ષની વાત કરું. આ કૅલૅન્ડર વર્ષમાં રાજય સરકારને ૯૩૧ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે અને જેટલા લોકોને અમે મળ્યા છીએ, બધા અમારી સાથે સંમત થાય છે કે તમારી વાત તો સાચી છે. પણ ગાડી પાટા પર નથી આવતી. આ પાટા પર લાવવાનું કામ આપણે ચોક્કસપણે કરવું પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, એવી ત્રીજી વાત કરું, સી.એસ.ટી. કોમ્પેન્સેશન. ચાર ટકાનું ત્રણ ટકા અને ત્રણ ટકાનું બે ટકા આ સી.એસ.ટી. કોમ્પેન્સેશન. in lieu of GST જ્યાં સુધી આવે ત્યાં સુધી કેન્દ્ર સરકારે ખાતરી આપી હતી. Empower Committeeમાં બધા રાજયોએ રજૂઆત કરી હતી. માનનીય અધ્યક્ષશ્રી, આજની તારીખ સુધીમાં દરેક વખતે રજૂઆત કરીએ એટલે થોડા રીલીઝ કરે છે. ૨૪૬૫ કરોડ રૂપિયા બાકી છે પણ કમનસીબ એ છે કે આ વર્ષનું જૂના ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ના તો અમે ચોક્કસપણે લઈ આવીશું. ૨૦૧૦-૧૧માં ૧૬૦૦૦ કરોડ રૂપિયા બધા રાજયોએ લેવાના છે. તેની સામે માત્ર ૭૦૦૦ કરોડ રૂપિયા કેન્દ્ર સરકારે આપવાનો નિર્ણય કર્યો. ૩૦૦૦ કરોડ રૂપિયા આ વર્ષે આપવાના છે અને માત્ર ૪૦૦૦ કરોડનું પ્લાનીંગ આવતા વર્ષમાં કર્યું છે. આમ ૧૬૦૦૦ કરોડમાં ૭૦૦૦ કરોડ એટલે આપણે એટલો કટ આવવાનો. આના કારણે આપણી આવકમાં દર વર્ષે જે સી.એસ.ટી. કોમ્પેન્સેશનની ૧૫૦૦ કરોડ રૂપિયાની આવક થતી હોય તેમાં નુકસાન થવાનું છે. ૨૦૧૦-૧૧માં તો નુકસાન થશે, પણ ૨૦૧૧-૧૦ના બજૅટમાં આજની તારીખ સુધીમાં કેન્દ્ર સરકાર તરફથી એક રૂપિયો આપવાની વાત થઈ નથી. જ્યારે છેલ્લે નાણામંત્રીશ્રીને મળ્યા ત્યારે સ્પષ્ટપણે કહી દીધું કે ૨૦૧૧-૧૨માં મારી આપવાની અત્યારે કોઈ ઈચ્છા નથી. આનાથી અસર કેટલી પડશે? આજે આપણે જે બજૅટમાં જોગવાઈ કરી છે આપણે સમજીને ઓછી કરી છે પણ આપણે અધિકાર પ્રમાણે જોવા જઈએ તો આપણી આવકમાં ૮૦૦-૯૦૦ કરોડ રૂપિયાનો વધારે થાય એવો છે એટલે સી.એસ.ટી. કોમ્પેન્સેશન માટેની આપણે ત્રણ લડત કરીએ, ત્રણ વિષય આપણે પકડી લઈએ તો રાજય સરકારની આવક દર વર્ષે અત્યારે છે તેના કરતા અઢી થી પોણા ત્રણ હજાર કરોડ રૂપિયા વધશે અને ત્રણ હજાર કરોડ રૂપિયા વધે તો વજુભાઈનું બજૅટ જે અહીંયા આપેલું છે તેમાં ચાર ચાંદ લાગી જાય.

માનનીય અધ્યક્ષશ્રી, હવે સભ્યશ્રીઓએ જે વાત કરી તેમાં થોડી વાત કરી દઉં. ગેસ, ઑઈલ, ડિઝલ અને પેટ્રોલની વાત કરી. સભ્યશ્રીએ એમ કહ્યું કે મહારાષ્ટ્રમાં ભાવ ઓછો. આપ જરા વિચાર તો કરો કે ગુજરાતમાં ડિઝલ ઉપર ૨૪.૬૩ ટકા છે. સેસ અને બધું સાથે. ત્રિવેન્દ્રમમાં ૨૪.૯૩ છે. મહારાષ્ટ્રમાં મુંબઈમાં ૨૬ ટકા છે. છત્તીસગઢ-રાયપુરમાં ૨૫ ટકા છે. આ બધી જગ્યાએ આપણાં કરતા વધારે છે. (અંતરાય) રાજસ્થાનમાં ટેક્સ ઓછો જ છે. સંમત છું. એમાં કોઈ બેમત નથી. (અંતરાય) મારી વાત સાંભળો, તમને પણ આઘાત લાગશે હું જે કહેવા માગું છું એ સાંભળીને, આ ગુજરાત કરતા, કેરાલા, મહારાષ્ટ્ર, છત્તીસગઢ ત્રણેયમાં વેટનો રેટ વધારે છે. એ છતાં છત્તીસગઢમાં ૪૧.૭૧, મુંબઈમાં ૪૨.૦૬, કેરાલામાં ૪૧.૩૯ અને ગુજરાતમાં ૪૨.૨૬, કારણ શું તમે કોઈએ કલ્પના કરી છે કે ગુજરાતનો ટેકસ ઓછો, અને બીજા રાજયોના ટેકસ વધારે અને તોય બીજા રાજયોના ભાવ ઓછા અને આપણો ભાવ વધારે? સામાન્ય રીતે કેવી રીતે થતું હોય છે, કોલસો ત્યાંથી આવે તો ફ્રેટ આપણે ચૂકવીએ, ગેસ ત્યાંથી આવે તો પાઈપલાઈનનું ફ્રેટ આપણે ચૂકવીએ, ઓઈલ અહીંયા આવે, તો દિલ્હીમાં સસ્તો, ઓઈલ ઈમ્પોર્ટ અહીંયા થાય, અહીંયાથી માલ બરોડા જાય, અહીંયાથી માલ પંજાબ જાય તો પંજાબમાં અને દિલ્હીમાં ભાવ સસ્તો આ કઈ જાતનો ન્યાય છે, અને આનું કારણ આપને સમજાવું, કારણ એ છે કે આજની તારીખમાં કેન્દ્ર સરકાર જે ભાવે ટેકસ વગર, સેન્ટ્રલના ટેકસ કાઢી નાખો, રાજય સરકારના ટેકસ કાઢી નાખો, આ ટેકસનો કાઢશોને તફાવત તો અમદાવાદને ૨૮.૧૧ પૈસાએ આપે છે. બાકીના બધા મહારાષ્ટ્ર જુઓ, નાસિકમાં ૨૭.૬૫, બૉમ્બેમાં ૨૭.૯૯, કેરાલામાં ૨૭.૭૭, દિલ્હીમાં ૨૭.૭૮, પંજાબમાં ૨૭.૯૭, હરિયાણામાં ૨૭.૮૬, છત્તીસગઢમાં ૨૮.૦૩, ટેક્સ વગરનો ભાવ એટલે એસેસેબલ વેલ્યુની અંદર આપણી પ્રજા પાસેથી આ કેન્દ્ર સરકાર વધારે પૈસા લે છે આ મારો સ્પષ્ટ આક્ષેપ છે. આ સ્પષ્ટપણે કહુ છું કે અન્યાય છે. ઑઈલ આપણે ત્યાં નીકળે છે, ઑઈલ આપણે ત્યાં રીફાઈન થાય છે અને આપણી પ્રજા પર વધારે પૈસા એસેસેબલ વેલ્યુમાં લેવાય છે. એસેસેબલ વેલ્યુની વાત કરુ છું. (અંતરાય)બધા ટેકસો કાઢી નાખો, એસેસીબલ વેલ્યુની અંદર અને આ આકડા અનેક વખત રજૂઆત કર્યા છતાં (અંતરાય) હવે તમારા સમયમાં (અંતરાય) છોડો મારે હાઉસમાં ભડકો નથી કરાવવો (અંતરાય)આ સરકાર ચિંતિત છે. ખર્ચ ઘટાડવાની કોશીશ કરે છે ને આપ જુઓ છઠ્ઠા પગારના કમિશન વધ્યા ૪૧૭૩ કરોડનું ભારણ પડયું તો પણ તમે જોશો તો નોનપ્લાન એકસપેન્ડીચરમાં એટલો વધારો થયો નથી આ શું બતાવે છે કે અમે ખર્ચ ઉપર કંટ્રોલ કર્યો છે. એવી જ રીતે સરકાર હકીકતમાં ચિંતા ના કરતી હોત તો એસ.એસ.એન.ના જે બોન્ડ હતા ૧૯૯૩માં લીધા હતા ૧૮.૯૨ ટકાએ લીધા હતા, આ આપવા પાછળ શું કારણ હતું? આપવા પાછળ મુખ્ય એ કારણ હતું કે આપણે અત્યારે પૈસા ચૂકવીએ તો આવતી પેઢીને એટલું દેવું ઓછું થાય અને એના કારણે આપણે ચિંતા કરીને ચૂકવ્યું અને એના કારણે આ વર્ષોના બજેટોમાં ખર્ચ પડે છે અને

ચોકકસપણે કહીએ કે આવતી પેઢીની આ સરકાર ચોકકસપણે ચિંતા કરે છે. એવી રીતે જુવો, તો એન.એસ.એસ.એફ. લોન જુવો, ૮ ટકા અને ૯.૫, પ્રજાને ૮ ટકા મળે છે, કેન્દ્ર આપણી પાસે ૯.૫ ટકા લે છે. દોઢ ટકાનો સ્પ્રેડ છે. ૫૦હજાર કરોડ ઉપર દોઢ ટકા કરો તો ૭૫૦ કરોડ રૂપિયા આ ગુજરાતની પ્રજાના પૈસા કેન્દ્ર સરકાર લઈ જાય છે અને આ .૨૫માં થઈ શકે છે, આ ખર્ચાના ભાગ રૂપે પણ થઈ શકે છે. નાના માણસોની ચિંતા પણ કરી છે. અને આ નાના માણસોની ચિંતાની અંદર નાના ઉદ્યોગો હોય, ખેડૂતો હોય અને ખેડૂતોની પાછળ અગત્યનો વિષય શું છે? સાહેબ, આ ખેડૂતોની પાછળ સૌથી અગત્યનો વિષય હોય તો બેંન્કીંગ ફાઈનાન્સ છે. આપણી ડીપોઝીટો, જેમ ગઈકાલે જયનારાયણભાઈએ વાત કરી, આપણી મહેનતનો પૈસો આપણે બેન્કમાં મૂકીએ છીએ આ પૈસો બહાર જતો રહે છે, અને આ કયાં જાય છે, તાલિમનાડુમાં જાય છે, આંધ્રપ્રદેશમાં જાય છે, ગુજરાતમાં ૬૫ટકા પૈસા વપરાય છે. આપણને વિકાસના બાકીના ૩૫પૈસા ગુજરાતમાં આવવા જોઈએ અને ગુજરાતમાં કયાં આપવા જોઈએ, પ્રાયોરીટી લેન્ડીંગમાં આપવા જોઈએ, અમે કેન્દ્ર સરકારને કીધું, યુનીયન ફાઈનાન્સ મીનીસ્ટરને કીધું. કે તમે કેન્દ્રની અંદર પાર્લામેન્ટમાં વચન આપ્યું હતું કે આ વર્ષે અમે ગામડાઓની અંદર વધારે બેંકો ખોલીશું. ૩૫૧૫ બેંકો ખોલવાનું વચન આપ્યું, અત્યાર સુધી માત્ર ૧૨૬ ખાલી છે. આ ગરીબોની ચિંતા કરીએ છીએ આપણે? માનનીય અધ્યક્ષશ્રી, નહિ, હું ગુજરાતની વાત કરું. ગુજરાતમાં ૩૫૦૦ ખોલવાનું વચન આપ્યું હતું આ વખતે ૧૨૬ ખુલી છે. અને ગુજરાતની અંદર કમનસીબી એવી છે કે ૭૦૦૦ ગામડાઓની અંદર પાંચ કિલોમિટરના વિસ્તારમાં બેંક નથી. આ financial equation નો ભાગ છે કેન્દ્રનો અને આની અંદર પૈસા કોને આપવાના છે? પૈસા ખેડૂતોને આપવાના છે. ખેડૂતોના ગુજરાતની અંદર કિસાન ક્રેડિટ કાર્ડમાં ૪૨ લાખમાંથી ૨૨ લાખ ખેડૂતોને આપવામાં આવ્યાં છે. આ કામગીરી બેંકોને કરવાની છે. આ કમનસીબી છે આપણી. કેન્દ્ર સરકારમાંથી કહેવામાં આવે છે કે weaker section ને ૧૦% આપીશું. ગુજરાતના weaker section ની ચિંતા કરતા હોય તો અત્યાર સુધી માત્ર ૫.૮૦ ટકા આપ્યા છે. બાકીના ૪%નો ટારગેટ કેમ નથી પતાવ્યો? છે કોઈ જવાબ આપનાર? માનનીય અધ્યક્ષશ્રી, ગરીબોની ચિંતા કરતા હોય તો પહેલા જઈને કહો કે ગુજરાતની ડિપોઝિટો ગુજરાતમાં વાપરે, ગુજરાતમાં બેંકો ઊભી કરે. ગુજરાતની બેંકો ઊભી કરી ખેડૂતોને આપે અને નાના માણસોને આપે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, તમે વિચાર તો કરો કે નાના ઉદ્યોગોની આપણે ચિંતા કરીએ છીએ કે ૧૪.૮% ઉદ્યોગો ગુજરાતની અંદર છે, પણ ગુજરાતના નાના ઉદ્યોગોમાં ૧૪.૮% શેર અને જે આખા દેશની અંદર જે લોન આપવામાં આવે છે એ માત્ર ૭.૯૬% આપવામાં આવે છે. અરે, ભાઈ નાના ઉદ્યોગોને પૈસા આપો. એમ ને એમ ભાઈ inclusive growth નથી આવતું. inclusive growth લાવવું હોય તો આપણે બેકિંગ એકટીવીટી વધારવી પડે અને અમે અનેક વખત રજૂઆત કરી છે અને અમને સંપૂર્ણપણે વિશ્વાસ છે કે આવતા દિવસોની અંદર આ કામ પણ પૂર્ણ થશે. એક મહાત્મા મંદિરની વાત કરી. ભાઈ, મહાત્મા મંદિરમાં ટેન્ડર ખોલ્યું હતું. મહાત્મા મંદિરની અંદર ૧૧ એજન્સીઓ થઈ ગઈ હતી અને ૧૧ એજન્સી દ્વારા ટેન્ડર ખોલી, પ્રક્રિયા પતાવીને ૧૬૮ કરોડની અંદર આ કામ આપવામાં આવ્યું હતું. એટલે બહુ પારદર્શકતા હતી એટલું મારે માનનીય સભ્યશ્રીઓને જણાવવું છે. માનનીય અધ્યક્ષશ્રી, *(xxxx) (xxxx)હવે મારે બીજી જીએસપીસીની વાત કરવી છે. (અંતરાય) મારો ટાઈમ બગડે છે.

## પૉઈન્ટ ઑફ ઑર્ડર

### અસંસદીય શબ્દો દૂર કરવા અંગે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. માનનીય અધ્યક્ષશ્રી, એ પણ અસંસદીય છે. જ્યારે ગૃહ પાસે કોઈ પણ કામગીરી ચાલતી હોય ત્યારે (xxxx) (xxxx)એ કહેવું પણ અસંસદીય છે.

**અધ્યક્ષશ્રી**: આપે પૉઈન્ટ ઑફ ઑર્ડર શું ઊભો કર્યો છે.?

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, અસંસદીય શબ્દો અને અસંસદીય શબ્દોની યાદી ૧૯૬૦ થી ૨૦૦૮ પેઈજ ૧૪, માનનીય અધ્યક્ષશ્રી, (xxxx) (xxxx) (xxxx) ૬૬, ૬૭, ૬૮ સ્પષ્ટ રીતે એ છે કે અમે કરેલી વાતો, અમારા પાસે આવેલી હકીકતો આ ગૃહની અંદર રજૂ કરતા હોઈએ ત્યારે (xxxx) (xxxx) (xxxx) (xxxx)એ કહીને વાત કરવી એ અસંસદીય છે. ખાસ કરીને ૬૮ જોઈ લેશો તો કલીઅર થઈ જશે.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈ પ્રવચન થાય તો માનનીય શકિતસિંહ સાથે હું સંમત છું કે સીધું ખોટું બોલે છે એમ કહે તો એ વાજબી નથી. એ સત્ય હકીકત મૂકીને આ હકીકતોને એક પણ ટેન્ડર બહાર પાડવામાં આવ્યાં નથી એવી વિપક્ષ દ્વારા વારંવાર રજૂઆતો થઈ, એની સામે ૧૧ ટેન્ડરો બહાર પાડ્યા એ સત્ય નિરૂપણ થયું એટલે એ આક્ષેપ પુરવાર કરે છે એવો અર્થ છે. માત્ર ખોટી રજૂઆતો કરે છે એવું કહે તો એ ના કહી શકાય.

* (xxxx માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : હું રેકોર્ડ જોઈ લઈશ અને પછી અસંસદીય હશે તો દૂર કરીશ.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે વિરોધપક્ષના નેતાશ્રીનો આભાર વ્યકત કરવો છે. એમણે જાતે જ કહ્યું કે ગુજરાતને કેજીબેસીનનો ગેસ મળે છે, વાત સાચી છે એ હું કબૂલું છું.

# અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, બીજી એમણે વાત કરી કે આ ગેસની નીતિ હતી એ N.D.A. સરકારમાં બનાવી હતી. મારે એમણે સ્પષ્ટપણે કહેવું છે Empower Group of Ministers was constituted in August ૨૦૦૭ for allocation of gas produced.

અને મેમ્બર ઑફ ધ જી.એમ.આર. એઝ ફોલોસ્ અને આ જે કમિટી બની છે એ કમિટીના આધારે પ્રણવ મુખર્જી આના અધ્યક્ષ હતા. (અંતરાય) પછી હું તમે કહેવા માગીશ અત્યારે રહેવા દો. માનનીય અધ્યક્ષશ્રી, આ વિષયની અંદર આ કમિટીએ નક્કી કર્યુ કે પ્રાયોરિટી કોને આપવી ? એમણે નક્કી કર્યુ કે, ફર્ટિલાઈઝરને આપવી પછી નક્કી કર્યુ એલ.પી.જી. અને પેટ્રોકેમિકલને આપવી, એકઝીસ્ટીંગ પાવર પ્લાન્ટસ્‌ને આપવી, સીટી ગેસને આપવી, રિફાઈનરીને આપવી. આખા દેશમાં પાવર એલોકેશન થયું અને પાવર એલોકેશનમાં ગુજરાતને ૨૩.૫૯ થયું. ફર્ટિલાઈઝરથી માંડીને બધાને મળ્યું. મારે આજ કહેવું છે કે, સીટી ગેસ ડિસ્ટ્રીબ્યુશન ૨૩.૫૯માં સીટી ગેસ ડિસ્ટ્રીબ્યુશનમાં આટલા બધા પાઈપ લાઈનના ઘરે ઘરે કનૅક્શન આવે, પ્લસ સી.એન.જી.ના સ્ટેશનો આવે એને કુલ મળ્યું કેટલું ૦.૧૩ ત્યારે સ્ટીલને કેટલું મળ્યું ? અને સ્ટીલમાં કઈ કંપની છે એક જ ? એસ્સાર સ્ટીલ. ૩.૨૦. રિફાઈનરી કઈ છે અહીંયા ? ૪.૫૪. પેટ્રોકેમિકલ્સ કેટલું છે ? ૧.૧૭. આ મોટા ઉદ્યોગોને ૮.૯૧ મળ્યું અને આખા અમદાવાદના રિક્ષાવાળાઓને કંઈ નહીં, રાજકોટના રિક્ષાવાળાઓને કંઈ નહીં. અમારો વિષય આજ છે કે, ભાઈ જે કંઈ કરો પહેલા નાના માણસની ચિંતા કરો અને પછી મોટા પાસે જાઓ. (અંતરાય) અત્યારે હું મારા, એ જવાબ તમને પેલા વખતે આપીશ, આજે સમય નથી.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત કરું. મારે સભ્યશ્રીઓને કહેવું છે એ બહું ગંભીર આક્ષેપ અહીંયા કરવામાં આવ્યો હતો. માનનીય અધ્યક્ષશ્રી, ચંદુભાઈ ડાભી, મોહનસિંહ રાઠવા, જવાહરભાઈ ચાવડા, અમરસિંહભાઈ વસાવા, મનીષભાઈ ચૌહાણ આ બધા ઘણા સભ્યો બાબુભાઈ આપ પોતે પણ ગયા હતા. મારે એમને પૂછવું છે કે, આ કે.જી.બેઝીનમાં કામ કરવું સહેલું છે? દિલ ઉપર હાથ રાખીને કહો કે કેવી પરિસ્થિતિ છે કે ચાર મહિનાની અંદર બાર મહિનાનું કામ કરવાનું છે અને કેટલા ટનનું પ્લૅટફૉર્મ બનાવવાનું છે ? એ વેલેટ પ્લૅટફૉર્મ બનાવવા માટે કેટલા ટન સિમેન્ટ જોઈએ? એના ૧૬ પાયા નાખવાના જમીનમાં અને જમીનમાં રેતીની અંદર ૧૦૦ મીટરની અંદર હજજારો ટન સ્ટીલ વપરાય . માનનીય અધ્યક્ષશ્રી, આ ટોટલ જે અમે કન્સલટન્સીનું કામ આપ્યું ને ટેન્ડર બનાવવાનું એસ્ટીમેટ બનાવવાનું એ કોને આપ્યું ? અમે કોઈ ખાનગી કંપનીને આપ્યું નહતું ? અમે કામ આપ્યું ને એ "ઈ.આઈ.એલ."ને આપ્યું છે અને "એન્જીનીયર્સ ઈન્ડિયા લિમિટેડ" એ કેન્દ્ર સરકારની કંપની છે અને એન્જીનીયર્સ ઈન્ડિયા લિમિટેડ કંપનીએ એસ્ટીમેટ બનાવ્યા છે અને કેન્દ્ર સરકારની કંપનીએ એસ્ટીમેટ બનાવ્યા પછી ટેન્ડરો બહાર નીકળ્યા અને ટેન્ડરોની અંદર આઠ કંપનીઓએ એમાં બીડ લીધું અને ભાગ લીધો અને આખા ટેન્ડરના પ્રોસસની અંદર મેરિટમાં છે, ડિ-મેરિટમાં છે, બરાબર ભાવ છે, નથી, આ બધું નક્કી એન્જીનીયર્સ ઈન્ડિયાએ ર્ક્યુ છે અને એન્જીનીયર્સ ઈન્ડિયાએ એ કર્યા પછી એલ-૧ અને એલ-૨, એલ-૧ એલ.એન્ડ ટી. આવ્યું અને એલ-૧ એલ. એન્ડ ટી અને એલ-૨ બંનેમાં તફાવત ૧૬૭/- કરોડ હતો. માનનીય અધ્યક્ષશ્રી, આપ જાણો છો એક રોડ કરવો હોય તે આજની તારીખમાં એસ્ટીમેટ બનાવો અને ટેન્ડર આપો તો એમાં ભાવ વધી જાય છે. શાક લેવા જાય છે ને ઘ ારેથી આગલા દિવસે લાવે અને બીજા દિવસે લાવે એમાં પણ ફરક પડી જાય છે. આ મોંઘવારીનું પ્રમાણ ચાલી રહ્યું છે અને આ પ્રમાણની અંદર આટલા વખતે આટલું સ્ટીલ લેવાનું હોય, આટલું કામ કરવાનું હોય અને કોઈ પણ સમયે તમે કોઈ એન્જીનીયર્સ ઈન્ડિયાને પૂછો તો પણ એમ કહેશે કે, આટલા મોટા કામની અંદર પ્લસ-માયનસ ૩૦ ટકા તો રહેતું જ હોય છે. એન્ડ ઈટ ઈઝી નોટ ઈઝી ટુ જસ્ટ અને આપ ચોક્કસપણે કહી શકશો કે એટલે આ પણ કામ પારદર્શક રીતે આ કામ હાથમાં લીધું છે એટલે જે પ્રમાણેના આક્ષેપો કર્યા છે એની સામે મને બહુ દુ:ખ થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, જી.એસ.પી.સી. શું કરે છે, એવો વિષય આવ્યો હતો અહીંયા, બરાબર? જી.એસ.પી.સી.શું નથી કરતી ? જી.એસ.પી.સી. આજની તારીખમાં પેટ્રોકેમિકલ્સ સૅકટરમાં "ગેઈલ" પછી સૌથી મોટી કંપની છે. અને આના કારણે ગેસનું માર્કેટીંગ કરે છે, ઘરે ઘરે પાઈપ લાઈનોનું કામ કરે છે. હજજારો કિલોમીટરની પાઈપ લાઈન નાખી છે. સી.એન.જી. સ્ટેશનો નાખ્યા છે. અમદાવાદમાં હોય, વડોદરામાં હોય, સુરત હોય જયાં કોઈ હોય આ બધાને પર્યાવરણનો પ્રશ્ન છે. એમાં જી.એસ.પી.સી.એ નંબર-૧ રોલ કર્યો છે. દેશની અંદર જ નહીં દેશની અંદર ૧૧ બ્લોક ઓસ્ટ્રેલીયા ઈજીપ્ત, ઇન્ડોનેશીયા એમન આ કામગીરી કરી છે અને આ કામગીરી કર્યા પછી જ્યારે સવાલ પૂછવામાં આવે છે, કંપની કરે છે? બહાર પૂછો કંપની શું કરે છે, બહાર ખબર પડશે કેટલી કિંમત છે કંપનીની? મારે સભ્યશ્રીને જાણ કરવી છે કે ગુજરાત સરકારે આ કંપનીમાં ૧૦૦ કરોડ રૂપિયા રોક્યા હતા, એ ૧૦૦ કરોડની આજે કિંમત કેટલી છે? ૧૬હજાર કરોડ અને અમારા આ આકડા નથી. એક રૂપિયાનો શેર ૮૧ રૂપિયે, અમે એસ.બી.આઈ. કેપ

એ સેન્ટ્રલ ગવર્નમેન્ટની કંપની છે એમને આપ્યા છે. એક રૂપિયાનો શેર, IFCI, ૮૧ રૂપિયે સેન્ટ્રલ ગવર્નમેન્ટ કંપનીને આપ્યા છે. આઈ.ડી.બી.આઈ. બેન્ક નો શેર, એક રૂપિયાનો શેર એ ૮૧ રૂપિયે આપ્યા છે. મને કહો કે આ ત્રણેયની જે ટીમ છે એ ત્રણેયની ટીમમાં એટલી આવડત નથી કે કંપનીની બેલેન્સશીટ ના જોવે? કંપની શું કામગીરી કરે છે? અરે ભઈ આટલા કરોડ રૂપિયા રોકતા હોય અને એ પણ ગુજરાત સરકારની કંપનીમાં રોકતા હોય તો ચાલીસવાર આનો અભ્યાસ કરીને રોકતા હોય, એના વગર ના રોકતા હોય અને એમણે વેલ્યુએશન કર્યુ અને એમના વેલ્યુએશન પ્રમાણે આજે આ ગુજરાત સરકારની કંપનીના ભાવ ૧૬હજાર કરોડ રૂપિયા મળે, આ કામ જી.એસ.પી.સી.એ આટલા વર્ષમાં કર્યુ છે. દુ:ખની વાત આ તમે સભ્યશ્રીઓને આઘાત લાગશે હું એક વાત કરવા જઉ છું, જી.એસ.પી.સી. આઈ.પી.ઓ. લઈને આવવાની હતી અને પબ્લિકમાં પૈસા લેવા જવાની હતી આના કલીયરન્સીસ હોય, સેબીમાં કલીયરન્સીસ લેવાના હોય, બધી જગ્યાએ કલીયરન્સ લેવાના હોય, માનનીય નાણમંત્રીશ્રી પ્રણવ મુખર્જીને કાગળ લખવામાં આવ્યો, સિનિયર વિરોધપક્ષના આગેવાને કાગળ લખ્યો અને શું લખ્યું .I request you to personally intervene and see that no permission is given. ગુજરાતના આગેવાને કાગળ લખ્યો, મારે સવાલ પૂછવો છે આ ગુજરાતના વિકાસની વાત નથી? આ કાગળની નકલ મારી પાસે છે, .. અંતરાય .. અરે ભઈ આપના વિકાસની વાત થતી હોય અને તમે ૧૬હજાર કરોડ આટલા મોટા આઈ.પી.ઓ.નો અને મારે સ્પષ્ટપણે કહેવું છે કે કોઈપણ કંપની .. અંતરાય .. કોઈપણ કંપની (અંતરાય) ભઈ સાંભળોને આગળ .. સતત અંતરાય ..

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : અમને તક આપજો અમે જવાબ આપીશું એમના સવાલોના.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સતત અંતરાય..

**અધ્યક્ષશ્રી** : સૌરભભાઈ, સમય ઓછો છે આપની પાસે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ કોઈપણ મોટી કંપની પાસે જાવ, અને કંપની તમને કહેશે કે કેન્દ્ર સરકાર ઈચ્છેને તો કોઈપણ કંપનીનો આઈ.પી.ઓ.ના ભરાય એનું કારણ છે કે QIB કોઈપણ હિસ્સામાં ઈન્સ્ટીટટયુશનનું ૬૦ટકા હિસ્સો હોય છે. અને QIBમાં કોને લેવાનું મ્યુક્ચ્યુઅલ ફંડને લેવાનું, બેંકોને લેવાનું, એલ.આઈ.સી.ને લેવાનું, અને કેન્દ્ર સરકાર ઈચ્છે તો ન થાય. એટલે મારી વિનંતી કે બી પૉઝિટીવ. નંબર વન, બરાબર અને જો પૉઝિટીવ રહેશોને તો વિકાસ થશે. અને બીજું મારી સલાહ માનો કે ના માનો પણ અમારા ભાવનાબહેને ગઈકાલે સલાહ આપી એ તો માનજો, ભલું થતું ના હોય તો ના કરો પણ આપણે આડા ના આવીએ, આપણે નડીએ નહીં, મારી એટલી જ વિનંતી છે કે બીજું ભલુ તમે ના કરી શકતા ના હોય તો ના કરો પણ આડા ના આવો એટલી મારી વિનંતી અને ફરીથી વિનંતી કરું અને એક છેલ્લી વાત કરુ, મારા આદિવાસીનો પૉઈન્ટ છે એટલી વાત કરીને મારી વાત પૂરી કરુ છું. બે દિવસ પહેલા લોકસભામાં સવાલ આવ્યો કે કેટલી એન્ક્રોંચમેન્ટવાળી ફોરેસ્ટની જગ્યા કયા કયા રાજયોની અંદર પડી છે અને કેટલી એમણે આદિવાસી ભાઈઓને આપી છે. ફૉરૅસ્ટ લેન્ડ એન્ડ એન્ક્રોંચમેન્ટ ગુજરાત રાજયનું ૩૪૭૯૧ એની સામે ૩૪૨૧૯ આપી દીધી છે. આ સ્પષ્ટ બતાડે છે કે આપી દીધી છે. મારે બીજા રાજયોનું બોલવું નથી, .. સતત અંતરાય .. આમાં આંધ્રથી માંડીને બધાના આકડા છે. આ કેન્દ્ર સરકાર, આંધ્રપ્રદેશ, .. અંતરાય .. આ પ્રમાણે આદિવાસીની ચિંતા કરનાર એ પણ ગુજરાત છે વિકાસની ચિંતા કરનાર પણ ગુજરાત છે અને આડે ન આવો એવી વિનંતી કરી મારી વાત પૂરી કરુ છું. ખૂબ ખૂબ આભાર.

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી અમારા સાથી મિત્ર મહોદય શ્રી જયનારાયણભાઈએ ગઈ કાલે અને આજે સૌરભભાઈએ લગભગ ઘણી સ્પષ્ટતાઓ કરી છે. આદરણીય શ્રી બાબુભાઈએ જે વાત કરી કે અહીયા તમને કેન્દ્ર સરકાર ૮૦૨૩ કરોડ મદદ કરે છે, તો મારે એટલું કહેવાનું કે આ જે મદદ કરે છે ને તે આપણો રાઈટ અને અધિકાર છે. કેન્દ્ર સરકાર જે કસ્ટમ ડ્યૂટી લે, એક્સાઈઝ ડ્યૂટી લે જે ઈનકમ ટેક્સ લે એની ટોટલ આવકના ૩૦ ટકા આવક હિન્દુસ્તાનના તમામ રાજ્યોને આપવાની હોય એમાં આપણને ૩.૦૪ ટકા મળવાની હોય એ રીતે આપણને આપે છે, એટલે આપણા માથે કોઈ દયા કે કોઈ ઉપકાર કરે છે એવું નથી. આપણો રાઈટ અને અધિકાર છે તે પ્રમાણે આપે છે. બીજી વાત કરી કે કેન્દ્ર સરકાર ભૂતકાળની અંદર તમને આટલા ટકાએ ૮ ટકાએ ૮ ટકાએ લોન આપતી હતી અને હવે ૦.૭૫ ટકાએ આપે છે, પણ કેન્દ્ર ભૂતકાળમાં લોન આપતી હતી તે દિવસે બહારના જે કઈ ફૉરેન એક્સ્ચેંજ લીધું હોય એ ફૉરેન એક્સ્ચેંજની પ્રાઈસ એક્સેલેશન કેન્દ્ર ભોગવતું હતું અને આપણને જે ૧૦૦ રૂપિયા લોન આપે એમાંથી ૭૦ રૂપિયા જ આપણે ભરવાના હતા, એમાં ૩૦ ટકા આપણને ગ્રાન્ટ આપતા હતા અને પ્રાઈસ એક્સલેશન કેન્દ્ર ભોગવતું હતું. આજે આની અંદર જે પ્રાઈસ એક્સેલેશન આવે તે આપણે ભોગવવાનું. કેન્દ્ર બહારથી જે શરતોએ લોન લે છે તે શરતોએ જ આપણને આપે છે. એટલે ૦.૭૫ એ આપણને આપે છે. પહેલા ૦.૭૫ એ લોન મળતી હતી તે લોન આપણને ૭ ટકાએ આપતી હતી. હવે સીધેસીધી રાજયને આપે છે.

બીજી વાત કરી કે ટેક્સ કયા ઘટાડવો. એને માટે થઈને અમે ભૂતકાળમાં વેપારીઓને બોલાવતા, તો અમે પણ બોલાવતા, પરંતુ જ્યારે વેટ અમલમાં આવ્યો ત્યારે આખા હિન્દુસ્તાનની અંદર એક જ સરખો વેટ છે. વેટ ઓછો કરવાની આપણને સત્તા નથી. વેટ ઓછો કરવો હોય તો કેન્દ્રએ જે નીમેલી હાઈપાવર કમિટી પાસે

જાય, એટલે હવે કોઈ વેટ ઓછો કરવાનો કે વધારવાની આપણને કોઈ સત્તા નથી. એ જ રીતે માનનીય સિદ્ધાર્થભાઈએ જે વાત કરી કે બજેટ કેટલામું રજૂ કર્યુ તે મહત્ત્વનું નથી, પણ કેવું રજૂ કર્યુ તે મહત્ત્વનું છે. તો મારે કહેવાનું કે આ જે બજેટ છે ને તે આ ગુજરાતના ઉત્કર્ષની અંદર મહત્તમ ફાળો આપે તે પ્રકારનું આ પોઝિટિવ બજેટ છે. હિંમતથી કહું છું કે આટલાં વર્ષોના જે બજેટ હોય તે જોજો અને માનનીય સભ્યશ્રીની કઈ ગેરસમજ હોય તો હું તેમની સમજાવટ બરાબર કરી દઈશ. આપે જ કહ્યું કે જાહેર દેવું આટલું બધું ન હોવુ જોઈએ. અરે, જાહેર દેવું કેટલું રાખવું જોઈએ તે કેન્દ્ર સરકાર અને આયોજન પંચ નક્કી કરે છે. એણે જે નક્કી કર્યુ છે તેની મર્યાદા કરતા આપણે ૭૫ ટકા લઈએ છીએ. એમાથી ૧૦૦ ટકા નથી લેતા. ફરજિયાત તમે ન લો હું અહીયા બેઠેલા બધા લોકોને કહું છું એક વ્યકિત બતાવો કે જેણે ઉદ્યોગ માટે થઈને બૅન્કના પૈસા ન લેવા પડતા હોય. જો બૅન્કના પૈસા કોઈ ન લે, તો કોઈનો ઉદ્યોગ અને વેપાર ચાલતો હોય, પણ એ રીતે કરજ લઈ શકે જેનામાં ભરવાની ત્રેવડ હોય તે કરજ લઈ શકે. અમે આટલા વખતની અંદર કરજ લીધા પછી અમારું ભરપાઈ ન થાય, એના માટે થઈને ઓવર ડ્રાફટ લેવા જતા નથી. આજે ૮-૮ વર્ષ થયાં એક પણ રૂપિયાનો ઓવર ડ્રાફટ શું, વેજ એન્ડ મીન્સ પણ વાપર્યા નથી, છતા આ લઈએ છીએ. જે કઈ કરીએ છીએ તે નિયમબદ્ધ રીતે લઈએ છીએ. આપે કહ્યું આવતા વર્ષે આટલું કરજ વધશે અને માથાદીઠ આટલું કરજ વધશે. પણ જે કરજ વધે તે પ્રમાણે આપણે જી.એસ.ડી.પી. છે આપણો ડેવલપમેન્ટ પ્રોડકટ એ પણ આપણો વધે ને. એટલે માથાદીઠ આવક આ દેણું લેવાથી વધે નહિ, અમુકને માથાદીઠ આવક આપણી આવક વધે એટલે કરજ ઘટે. આ થોડી ક આંકડાકીય માહિતી છે, એટલે કોઈ સવાલ નથી. એ જ રીતે આપણે વાત કરી ખેડૂતો માટેની વાત કરી કે આ ખેડૂતો ઉપર અત્યારે બીજા સભ્યશ્રીઓએ કહ્યું વીજળી આપતા નથી. ખેડૂતને જોઈએ તે પ્રમાણે અમે વીજળી આપીએ છીએ. ઉત્પાદનની અંદર ખેડૂતને જોઈએ એ રીતે આપીએ છીએ. હજુ વેઈટિંગ લિસ્ટ હશે તે વાત જુદી. પણ સિદ્ધાર્થભાઈ એક વાત કહું અમે ખેડૂતોને વીજળી ન આપીએ તો કાઈ નહિ, પણ અહીયા ખેડૂતો વીજળી માગવા આવે ને એને અમે ગોળીએ નથી દેતા.

માનનીય અધ્યક્ષશ્રી, આ કોંગ્રેસની સરકારે વીજળી માગવાવાળાને ગોળીએ દીધા છે. જે વિદ્યાર્થીઓ હતા નવનિર્માણના આંદોલનની અંદર આ રાજયમાં ભ્રષ્ટાચારી સરકાર ન જોઈએ તેવી માગણી કરવાવાળા ૧૨૫ લોકોને ગોળી દેવાવાળી આ ગુજરાતની કોંગ્રેસની સરકાર હતી. વિશેષ નહીં જાઉં. થોડી સ્પષ્ટતા કરવાની છે તેમાં માનનીય શકિતસિંહજીએ અને તેમણે જે વાત કરી કે એસ્સારની જમીન માટેની વાત કરી. એસ્સારની જમીનમાં જે એન્ક્રોચમેન્ટ ૨૦.૭૬ હેકટર કર્યુ છે. તેની અંદર હું કહું છું કેન્દ્ર સરકાર કહે તો તોડી નાંખે. ના, ના, એટલા માટે આ નથી. આ સત્તા આપણને નથી. તેની માટે આઠ કેસ થયા છે. તેમાં સાત કેસ રેગ્યુલર કર્યા છે, એક કેસ બાકી છે. તે પણ ત્યાં પેન્ડીંગ પડયો છે. એટલા માટે કહું છું કે જેણે ઉદ્યોગ કર્યો હોય, કારખાનું કર્યુ હોય તો તોડી નાંખીએ પણ આ જે જગ્યા છે ૨૦.૭૬ હેકટર જગ્યાની અંદર રહેણાંકના મકાનો છે અને તેની અંદર કબજો આપણો છે. કબજો આપણો છે. કેન્દ્ર સરકાર જેવું કહે કે આ જગ્યા આપણે નથી લેવી તો આ રાજય સરકાર એક મિનિટની પણ રાહ જોયા વગર તે કબજો લઈ લીધો છે પણ ડીમોલીશ કરવાની વાત હશે તે કરી દેશે તેમાં કોઈ સવાલ નથી. સવાલ એટલો છે કે તેને કેન્દ્ર સરકાર મંજૂરી આપે છે કે નહીં? આ પ્રોસીજર છે વન વિભાગની અંદર. રાજયની અંદર બે પ્રકારની જમીન છે. એક મહેસૂલ ખાતા પાસેની જમીન છે અને બીજી વન વિભાગની જમીન છે. વન વિભાગની જમીન અને મહેસૂલ વિભાગની જમીનના જેટલા આપણા અધિકાર છે તેવા અધિકારવાળી જમીન નથી. એટલા માટે આ છે. એમાં માણસો રહે છે એટલા માટે આ સ્થિતિ છે. કેન્દ્ર સરકાર કહેશે તો કાઢી નાંખીશું.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત કરી વન અધિકાર અધિનિયમ પ્રમાણે કે જે આદિવાસી ભાઈઓ છે તેને ખેતીની જમીન આપવાની વાત છે. મોહનસિંહભાઈએ કહયું કે આની અંદર બહું ઓછી જમીન મળી છે. અમે કહીએ છીએ કે આ જગ્યા અધિકાર પ્રમાણે મળવી જોઈએ. કેન્દ્ર સરકારના કાયદા પ્રમાણે રાજય સરકાર વ્યવસ્થિત રીતે આ કામ કરે છે અને તેની અંદર આપણે જોઈએ તો ૧ લાખ ૮૩ હજાર ૧૩૬ વ્યકિતગત અરજીઓ આવી હતી અને ૮૯૦૯ સામુહિક અરજીઓ આવી હતી. આમ ૧ લાખ ૯૨ હજાર અરજીઓ હતી તેની અંદરથી ૮૩૪૪૬નો નિકાલ થયો છે. બાકીની અરજીઓ છે તે આપણી પંચાયત કમિટી તેના ઉપર તાલુકા કમિટી અને ડીસ્ટ્રીકટ કમિટી તેની અંદર આ સ્ક્રીનિંગ થશે અને જેટલા લોકોને મળવાપાત્ર હશે તે તમામ લોકોને જમીન અમે આપીશું જ એ આ રાજય સરકારની બાંહેધરી અને હું ગેરંટી આપું છું. એકપણ આદિવાસી જેનો હક્ક અને અધિકાર હશે અને જે કેન્દ્રએ કાયદો કર્યો છે તે પ્રમાણે અમે જમીન આપવાના છીએ. આની અંદર આદિવાસીને નથી આપતા તેવી કોઈ વાત નથી.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું જે બાળકો માટેના ટેન્ડર માટેની વાત હતી. માનનીય અર્જુનભાઈએ વાત કરી હતી કે આ ટેન્ડરમાં ગોલમાલ થયેલ છે. તેના માટે કહેવાનું કે ટેન્ડર કેવું કાઢવું, ટેન્ડરની કન્ડીશન કેવી હોવી જોઈએ તેના માટે આ કન્ડીશન માટે સેક્રેટરી પરચેઝ કમિટી રાજયની અંદર છે. ટર્મ્સ અને કન્ડીશન એ નક્કી કરે છે. તે પ્રમાણે આપણે ટેન્ડર બહાર પાડયું. આ ટેન્ડર કોઈએ રૂબરૂ આવીને નહોતું આપવાનું. આ ઈ-ટેન્ડરીંગ હતું. આની અંદર આમાં જે શરતો હતી ૫૦૦ કરોડ રૂપિયાનું કામ આપવાનું હોય તો ૨૫૦ કરોડ રૂપિયાનું જેનું

ટર્ન ઓવર હોય તેવી જ વ્યકિત ભરી શકે. આવી રીતે કરીએ તો ફક્ત એક જ વ્યકિતને ટેન્ડર મળે તેમ હતું. એટલા માટે આપણે તેના પાંચ વિભાગ પાડયા. પાંચ વિભાગની અંદર ૮૦-૮૦ લાખ રૂપિયા ડિવાઈડ કર્યા અને નક્કી કર્યુ કે ૨૫ કરોડ સુધી જેનું ટર્ન ઓવર હોય તેને જ આપણે આ ટેન્ડર આપવું. તે ઈટેન્ડરીંગ પદ્ધતિથી આ ટેન્ડર મંગાવ્યા. આમાં નવ ટેન્ડર હતા તેમાંથી પાંચેક લોકોના ટેન્ડર છે તે ક્રાઈટેરીયા પૂર્ણ ન કરી શક્યા અને ત્રણ પાર્ટી ટર્ન ઓવર ક્રાઈટેરીયા પૂર્ણ કરતા હતા તે પૂર્ણ કરતા હતા તે પાર્ટી છે. તે ત્રણમાંથી જે લોએસ્ટ હતો, એલ.૧ હતો તેણે બીજા બેને કહયું કે તમે એલ.૧ના ભાવે કરવા તૈયાર હોવ તો અમે આપીએ. એટલે લોએસ્ટ જે ભાવ હતો તે રીતે આપેલ છે.

એટલે લોએસ્ટ જે ભાવ હતો એને આપેલ છે અને આ જે પ્રક્રિયા આપણી સેક્રેટરી પરચેજ સમિતિ છે એણે કરી છે એના મારફતે આ જે ટેન્ડરો મંજૂર થયા છે એટલે આમાં બીજો કોઈ સવાલ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે ટ્રાયબલ એરિયા સબપ્લાનની જે વાત કરી કે ફાળવણી ઓછી છે, એના માટે હું કહીશ કે આપણને કેન્દ્ર સરકારે સૂચના આપી છે કે વસતિના સપ્રમાણની અંદર (અંતરાય) તમે જે પૂછ્યા છે એનો જવાબ દઈ દઉં, બે જ બાબત છે. ટૂંકમાં જ છે, એટલે સબપ્લાનની અંદર ૩૭૧૫૨ કરોડનો અમારો જે પ્લાન છે એની અંદર મેં ૪૮૪૯ રૂપિયા ફાળવ્યા છે, પરંતુ એની અંદર નોનબજેટરી રિસોર્સ હોય એટલે કે જેમાં ઉર્જા- જીઈબી ડાયરૅક્ટ પૈસા લે અને વાપરે, સરદાર સરોવરની યોજના હોય, જીઆઈડીસીની યોજના હોય, ગુજરાત રોડ ડૅવલપમેન્ટ કોરપોરેશનની યોજના હોય જેને નોનબજેટરી રિસોર્સ કહીએ કે જેને રાજય સરકારના પૈસા લેવા દેવા સાથે કોઈ લગતું નથી, આપણી મૂડી આવક અને મહેસૂલી આવકમાંથી આપણે જો એ કરીએ તેમાં ૩૧૪૧૦ રૂપિયા વધે અને ૩૧૪૧૦ રૂપિયા એ સંખ્યાના પ્રમાણમાં કહીએ તો એ ૧૫.૪૪ ટકા એની ફાળવણી થાય છે (અંતરાય) તમને હું હિસાબ સમજાવીશ, આજે સમય નથી એટલે છે, અને એ જ રીતે શિડ્યુલ કાસ્ટ માટે થઈને પણ જે રીતે એ પ્લાન છે, એ એની અંદર ૬.૪૨ છે હું ચોક્કસ કહી શકે એમાં ૦.૫૮ એ જરાક ઓછો થાય છે પણ ૦.૫૮ માટે થઈને કેવી રીતે ફીટ કરવું એના માટે અમે જોઈ લઈશું. સૌરાષ્ટ્રમાં (અંતરાય) પાણી આપવા માટેની યોજના એક મિલિયન એકર ફીટની વાત સભ્યશ્રીએ કરી હતી એના માટે થઈને

**શ્રી પંકજભાઈ બી. દેસાઈ (મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સભાગૃહ માનનીય મંત્રીશ્રીનો જવાબ પૂરો થાય ત્યાં સુધી લંબાવવામાં આવે તેવી દરખાસ્ત કરું છું.

**અધ્યક્ષશ્રી** : સભાગૃહનું કામકાજ માનનીય મંત્રીશ્રીનો જવાબ પૂરો થાય ત્યાં સુધી લંબાવવામાં આવે છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જવાબ પૂરો થઈ જવાનો છે, આ વિસ્તારને પાણી આપવા માટે થઈને ૪૬૨૧ કરોડ રૂપિયાના કામો કરવાનાં હતાં એમાંથી ૨૨૯૭ કરોડ રૂપિયાના કામો પૂર્ણ કરવામાં આવ્યાં છે, બાકીના સૌરાષ્ટ્રના શાખા નહેરોના ૧૦૭૮ કામો પ્રગતિમાં છે અને સૌરાષ્ટ્ર શાખા નહેર સુરેન્દ્રનગર, રાજકોટ, ભાવનગર જિલ્લાના આ હેકટરની અંદર આ સિંચાઈનું કામ ચાલુ છે, માનનીય અધ્યક્ષશ્રી, મેં આ જે બજૅટની રજૂઆત કરી છે એની અંદર જો ખાસ કરીને ધ્યાન ખેંચે એવું દરેક તાલુકો ગ્રામ્ય વિસ્તાર વધુ મજબૂત થાય એટલે તાલુકાને મજબૂત કરવા માટે આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો એના માટેની વાત કરી છે, મહિલા સશકિતકરણ માટે થઈને સખી મંડળ અને મિશન મંગલમ યોજના પણ અમે કરી છે, બેકારી દૂર કરવા માટે ગુજરાતના તમામ તાલુકાઓની અંદર આઈટીઆઈ કરવા માટેની વાત કરી છે. ૧૫૦ નવા કૌશલ્ય વર્ધન કેન્દ્રો વધારવાની વાત કરી છે અને કિસાનો માટે સિંચાઈ યોજના માટે સરદાર સરોવરમાં જે ૩૫૦૦ કરોડ હતા એને બદલે ૭૦૧૦ કરોડ રૂપિયા મૂકીને કૃષિને મજબૂત બનાવવાની વાત કરી છે, અનુસૂચિત જાતિના વિકાસ માટે ચાલુ યોજનાની રકમમાં સબપ્લાનમાં વસતિના પ્રમાણમાં રકમ અમે ફાળવી છે તો માનનીય અધ્યક્ષશ્રી, મેં આ રીતે મારું બજૅટ મૂક્યું છે અને વિભાગવાર એની ચર્ચાઓ થવાની છે, તો આ મારી સ્પષ્ટતાઓ છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માત્ર ત્રણ ટૂંકા સવાલ માાનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીની વાત સાચી કે જે ટેક્સ ગુજરાતમાંથી જાય એના પ્રમાણમાં નાણાં પંચ નક્કી કરે અને ગુજરાતને મળે કેન્દ્રમાંથી, એમાં કોઈ ઉપકાર નથી, આપે,..

**શ્રી વજુભાઈ વાળા** : ગુજરાતમાંથી જાય એ નહીં, જે કસ્ટમ હોય, ઇન્કમટૅક્સ હોય, એકસાઈઝ હોય આખય હિન્દુસ્તાનની ભેગી થાય એમાં નક્કી કરેલા ટકા..

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : હું જાણું છું એની આખી ફૉરમ્યુલા છે નાણા પંચની એ પ્રમાણે એમાં બંને વસ્તુ સમાવેશ થાય, (અંતરાય) એ તો આવે જ, પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, એ સિવાય ખાસ સહાયો મળતી હોય છે, જે કરવેરાના હિસ્સારૂપ નથી હોતી, દા.ત. જવાહરલાલ નહેરુ નેશનલ રિન્યુઅલ મિશન ચાલે છે, એવી જે સ્કીમોના પૈસા આવે છે ૧૦૮માં આવે છે આ જે પૈસાઓ છે એ કરના પ્રમાણમાં નથી આવતા, જે ગુજરાતને આપના પક્ષની સરકાર હતી ત્યારે ૩૦૦૦ કરોડ કરતાં પણ ઓછા મળતા હતા, આ વર્ષે ૭૫૫૧. ૪૧ કરોડ રૂપિયા (અંતરાય ) મારો પ્રશ્ન તો પૂરો થવા દો.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું KG બૈઝિનમાંથી ૨૦ TCF ની જાહેરાત કરી હતી અને ખરેખર KG બૈઝિનમાંથી DG હાઈડ્રોકાર્બને કેટલો ગેસ ઓર્થેન્ટીક મંજૂર કર્યો છે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જે પેલી વાત એમણે કરી ૩૦૦૦ જ છે અને અત્યારે ૭૦૦૦ છે. હું એમને કહીશ કે રૂપિયાની કિંમત ૬ વર્ષમાં ૫૦ ટકા થઈ ગઈ છે. આજે તમે ૨૦ વર્ષ પહેલાની વાત કરો એ રકમ લો અને આજની રકમ લો એ યોગ્ય નથી અને બીજું કેન્દ્ર સરકાર જે યોજના કરે છે એ ફક્ત ગુજરાતને જ નથી આપતી આખા હિન્દુસ્તાનના તમામ રાજયને આપે છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો બીજો પ્રશ્ન હતો કે ૨૦ TCF કે ૧.૨ TCF કેટલો ગેસ સર્ટીફાઈડ કર્યો DG હાઈડ્રોકાર્બને? (અંતરાય) માનનીય નાણા મંત્રીશ્રી જ આનો જવાબ આપે, આપ રહેવા દો.
(અંતરાય) તેઓ બોલતા હતા ત્યાર પછી અમે પ્રશ્ન પૂછવાનું કહીએ છીએ તો એમાં પૂછવા નથી દેતા અને પછી ગમે તે વખતે માનનીય નાણામંત્રીશ્રીને પૂછીએ ત્યારે તેઓ જવાબ આપવા ઉભા થાય એવું તો ન ચાલેને? વાત એમણે કરી છે નાણામંત્રીશ્રીએ એટલે એની પાસેથી જવાબ માગીએ છીએ. હવે તેઓ જવાબ આપવા ઉભા થાય એ પ્રથા બરાબર નથી જયારે એ બોલીને બેસે ત્યારે આપ પૂછવા ન દો કે એમનામાં નહીં ઈન્ટરવીન કરવાનું વજુભાઈને જ પૂછવાનું હવે વજુભાઈ એમ કહે કે એ જવાબ આપશે એ કેમ ચાલે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, એ જવાબ આપે જ છે એમના ખાતાની બાબત છે એટલે કે ઉર્જા ખાતાને લગતો છે એટલે તેઓ સારી રીતે જવાબ આપી શકશે માટે તેઓ આપે છે નહીં તો હું કહી શક્યો હોત કે આ ખાતાની માગણી આવે ત્યારે એમાં કહેજો. મેં આની અંદર જે વાતની રજૂઆત નથી કરી એનો પ્રશ્ન કેવી રીતે ઉભો કરી શકે? (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : હા તો કહોને કે અમારે છૂપાવવું છે. (અંતરાય) કહો છૂપાવવું છે મને વાંધો નથી

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, તેઓ ગમે તે બોલે એના જવાબ મારે દેવાના? (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી બેસી જાઓ. માનનીય શકિતસિંહજી પ્લીઝ.

**સભાગૃહની બેઠકનું કામકાજ બપોરના ૧-૦૧ વાગ્યે પૂરું થતાં અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ સોમવાર તા.૧૪મી માર્ચ ૨૦૧૧ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહયું.**

| વિષય | પાના નંબર |
|---|---|
| **અનિલ જોષીયારા** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૨૩૭ |
| ભાવનગર જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજનાની મળેલ અરજીઓ | ૪૫ |
| ભિલોડા કોટેજ હોસ્પિટલમાં મહેકમ | ૪૦૭ |
| ભિલોડા, ખેડબ્રહ્મા અને મેઘરજતાલુકાઓમાં નાની અને મધ્યમ સિંચાઇ યોજનાઓ | ૩૪૯ |
| સાબરકાંઠા જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળ રસ્તાઓ માટે નાણાની ફાળવણી | ૩૧૨ |
| સાબરકાંઠા જિલ્લામાં જમીનનું લેવલીંગ કરવા અંગે | ૩૨૦ |
| સાબરકાંઠા જિલ્લામાં બેરોજગારોને આપેલ રોજગારી | ૭૩ |
| સાબરકાંઠા જિલ્લામાં બટાટાની કીટનું વિતરણ કરવા બાબત | ૧૧૩ |
| સાબરકાંઠા જિલ્લામાં મંજૂર કરવામાં આવેલ રસ્તાઓ | ૨૯૨ |
| સાબરકાંઠા જિલ્લામાં મંજૂર કરેલ ચેકડેમો | ૩૮૬ |
| **અનિલકુમાર અ. માળી** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૪૨૯ |
| ગાંધીનગરનો જે.એન.યુ.આર.એમ.માં સમાવેશ કરવા દરખાસ્ત | ૩૯૨ |
| દિયોદર તાલુકાને નર્મદાનું પીવાનું પાણી આપવા અંગે | ૪૦૯ |
| બનાસકાંઠા જિલ્લાના પ્રવાસન સ્થળોના વિકાસ માટે કામગીરી | ૩૫૯ |
| બનાસકાંઠા જિલ્લામાં દૂધ સંજીવની યોજના | ૧૨૪ |
| બનાસકાંઠા જિલ્લામાં રાસાયણિક ખાતરની ગુણવત્તા | ૨૬૧ |
| **અનિલકુમાર ત્રિ. પટેલ** | |
| અનાજ અને કેરોસીન ગરીબ કુટુંબોને આપવા માટે બારકોડેડ રેશનકાર્ડ | ૧૨૬ |
| જે.એન.યુ.આર.એમ.માં ગાંધીનગરનો સમાવેશ કરવા અંગે | ૩૫૫ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૮ |
| મહેસાણા જિલ્લામાં યોજેલ ઓદ્યોગિક ભરતી મેળાઓ | ૩૪ |
| મહેસાણા જિલ્લામાં રસ્તાઓની મરામત | ૨૭૨ |
| **અભેસિંહ મો. તડવી** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૨૪૨ |
| ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં કૃષિ ક્ષેત્રે થયેલ એમ.ઓ.યુ. | ૨૭૯ |
| વડોદરા જિલ્લામાં ગરીબ કુટુંબોને પામોલીન તેલનું વિતરણ | ૧૬૨ |
| વડોદરા જિલ્લામાં દૂધ સંજીવની યોજના | ૧૧૪ |
| વડોદરા જિલ્લામાં પંચવટી યોજના | ૧૪૩ |
| વડોદરા જિલ્લામાં એપ્રેન્ટીસ ।શીપ એકટ હેઠળ ભરાયેલ જગાઓ | ૫૩ |
| **અમરસિંહ રા. વસાવા** | |
| તાપી જિલ્લામાંઆદિવાસીઓને જંગલની જમીનો આપવા બાબત | ૯૮ |
| દેડીયાપાડા ખાતે કાર્યરત ૧૦૮ એમ્બ્યુલન્સ | ૪૦૭ |
| નર્મદા અને ભરૂચ જિલ્લાના ખેડૂતોને ખાતર અને બિયારણ પુરતા પ્રમાણમાં ન મળવા બાબત | ૩૦૧ |
| નર્મદા અને ભરૂચ જિલ્લામાં ગોચર જમીનો ફાળવવા બાબત | ૨૬૯ |
| નર્મદા જિલ્લામાં ૧૦ મુદ્દા કાર્યક્રમ નીચે ૧૦૦ ટકા આવક | ૧૪૦ |
| નર્મદા જિલ્લામાં તાલુકાવાર ચેકડેમો | ૩૫૪ |
| નર્મદા જિલ્લામાં વાસ્મો અંતર્ગત ગામોને પાણીની સુવિધા | ૩૯૦ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **અમરસિંહ રા. વસાવા** | |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૧૦ |
| **અમિતકુમાર અ. ચાવડા** | |
| આણંદ જિલ્લામાં નિરાધાર વિધવાઓને સ્વનિર્ભરતા તાલીમ | ૩૦૦ |
| આણંદ જિલ્લામાં ભૂતિયા રેશનકાર્ડ નાબૂદ કરવા અને જવાબદાર અધિકારી સામે પગલાં | ૧૫૧ |
| આણંદ જિલ્લામાં રમતગમત ાનું સંકુલ બનાવવા કરેલ આયોજન | ૪૭ |
| આણંદ જિલ્લામાં સિંચાઇની સુવિધા વધારવા યોજના | ૩૫૫ |
| જે.એન.યુ.આર.એમ. અંતર્ગત આણંદ જિલ્લામાં શહેરો માટે રકમની ફાળવણી | ૩૯૧ |
| તેરમા નાણાપંચ ધ્વારા માર્ગ અને મકાન વિભાગને ફાળવાયેલ ગ્રાન્ટ | ૨૬૯ |
| બેક્વર્ડ રીઝીયન ગ્રાન્ટ ફંડ | ૧૨૮ |
| રાજ્ય સમકારી નિધિમાં જમા રકમ | ૧૬૮ |
| સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત આણંદ જિલ્લાને ગ્રાન્ટ | ૩૧૫ |
| **અરવિંદસિંહ દા. રાઠોડ** | |
| પંચમહાલ જિલ્લામાં મંજૂર ચેકડેમો | ૩૪૪ |
| પંચમહાલ જિલ્લામાં રસ્તાઓની મરામત | ૩૦૪ |
| પંચમહાલ ા જિલ્લામાં શ્રમયોગ ીઓ માટે યોજાયેલ ા જાગૃતિ શિબિરો | ૫૪ |
| સંતરામપુર તાલુકાના રસ્તાના કામ અંગે | ૨૭૯ |
| **અર્જુનભાઈ દે. મોઢવાડીયા** | |
| MCI અંગે ટીકાત્મક શબ્દો બોલવા બાબત | ૧૯૧ |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૨૦૮ |
| અમદાવાદ સીવીલ હોસ્પિટલના નવસર્જન માટે કેન્દ્ર સરકાર તરફથી મળેલ ગ્રાન્ટ | ૪૦૪ |
| ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષશ્રી કુંદનલાલ જશવંતરાય ધોળકિયાના અવસાન અંગે | ૩૨૪ |
| જે.એન.યુ.આર.એમ. અંતર્ગત ચાર મહાનગરોમાં મંજૂર પ્રોજેકટો | ૩૭૯ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | ૮૬ |
| ભૂગર્ભજળ રીચાર્જ માટે કેન્દ્ર સરકાર તરફથી ગ્રાન્ટ | ૩૪૩ |
| રાજ્ય સરકાર દ્વારા બજારમાંથ ી લીધેલ લોન | ૪૨ |
| વિલેજ ગ્રેઈન બેંક ઊભી કરવા બાબત | ૧૦૯ |
| સસ્તા અનાજની દુકાનેથી અનાજ અને કેરોસીન આપવા બાબત | ૧૪૧ |
| સાબરમતી દાંડી હેરીટેજ રોડ માટે કેન્દ્ર સરકાર તરફથી ફાળવાયેલ રકમ | ૨૬૫ |
| એસ્સાર કંપની દ્વારા હજીરા, સુરત ખાતે કોસ્ટલ રેગ્યુલેટેડ ઝોનમાં જંગલની જમીનમાં દબાણ | ૧૬૧ |
| **અશ્વિન કોટવાલ** | |
| સાબરકાંઠ ા જિલ્લામાં ડૉ. આંબેડકર આવાસ યોજનાન ી મળેલ અરજીઓ | ૪૮ |
| સાબરકાંઠા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં પ્રાથમિક સુવિધાઓ | ૨૮૭ |
| સાબરકાંઠા જિલ્લામાં ઓદ્યોગિક હેતુ માટે જમીનની ફાળવણી | ૩૦૯ |
| સાબરકાંઠા જિલ્લામાં બોરીબંધ | ૩૭૫ |
| સાબરકાંઠા જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં જોબકાર્ડ | ૧૦૭ |
| **આત્મારામ મ. પરમાર** | |
| ગઢડા તાલુકાના લીંબાળી ડેમ રીપેર કરવાની કામગીરી | ૪૦૦ |
| બોટાદ ખાતે નવા કોર્ટ બિલ્ડીંગ અંગે | ૨૯૧ |
| ભાવનગર જિલ્લાની નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના | ૪૧૨ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **આત્મારામ મ. પરમાર** | |
| ભાવનગર જિલ્લામાં આરોગ્ય વિષયની જાણકારી આપવા યોજેલ શિબિરો | ૩૭૦ |
| ભાવનગર જિલ્લામાં ગ્રામ સેવકોની ખાલી જગ્યાઓ | ૧૨૫ |
| ભાવનગર જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિ યોજનાની મળેલ અરજીઓ | ૫૭ |
| સુરત અને ભાવનગર જિલ્લામાં મુંબઈ શાહુકાર ધારા હેઠળના ગુનાઓ | ૩૨૦ |
| સુરત જિલ્લામાં સાંથણીની જમીન માટે અરજીઓ | ૩૧૨ |
| **આનંદીબેન મ. પટેલ** | |
| વિશ્વ મહિલા દિન નિમિત્તે મહિલાઓને શુભેચ્છા પાઠવવા અંગે | ૧ |
| સન ૨૦૦૯-૧૦નો ગુજરાત રાજય માર્ગ વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ તથા સરકારની સમીક્ષા. | ૪૧૬ |
| **આર.સી. પટેલ** | |
| જલાલપોર તાલુકામાં સેકટર રીફોર્મ કાર્યક્રમ અંતર્ગત મંજૂર યોજના | ૩૯૮ |
| દાંતી ખાતે દરિયાઈ મોજાના કારણે જમીનનું ધોવાણ | ૩૬૯ |
| નવસારી જિલ્લામાં મંજૂર કરવામાં આવેલ રસ્તાઓ | ૩૦૯ |
| નવસારી જિલ્લામાં વન મહોત્સવ દરમ્યાન રોપાઓનું વાવેતર | ૧૩૨ |
| નવસારી જિલ્લામાં સી.આર.એફ. યોજના હેઠળ સાંકળી લેવાયેલ રસ્તાઓ | ૨૮૬ |
| **ઈકબાલ પટેલ** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૨૨૬ |
| કરજણ સિંચાઇ યોજનાની જી.આઇ.ડી.સી.માં સંપાદિત થયેલ જમીન | ૩૯૧ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૬ |
| પૂરક વિનિયોગ વિધેયકની ચર્ચા માટે સમય ફાળવવા અંગે | ૧૭૮ |
| ભરૂચ જિલ્લાના ખમાજણ વોટરવર્કસના પીવાના પાણીના શુધ્ધિકરણ અંગે | ૩૫૮ |
| ભરૂચ જિલ્લાના નાબીપુરથી દેરોલ અને વિલાયત જી.આઈ.ડી.સી.ને જોડતા માર્ગમાં રક્ષિત વન ધારા નીચે વૃક્ષો કાપવાની પરવાનગી | ૧૨૪ |
| ભરૂચ જિલ્લાની આઈ.ટી.આઈ. સંસ્થાઓના ટ્રેડ | ૩૬ |
| ભરૂચ જિલ્લામાં ઈન્દિરા આવાસ ફાળવવા બાબત | ૧૪૮ |
| ભરૂચ જિલ્લામાં ટ્રેકટર સહાય મેળવવા માટે મળેલ અરજીઓ | ૩૧૦ |
| ભરૂચ જિલ્લામાં ડાર્કઝોન | ૪૦૯ |
| ભરૂચ જિલ્લામાં બેરોજગારોને આપેલ રોજગારી | ૬૮ |
| ભરૂચ જિલ્લામાં મહાત્મા ગાંધી રોજગાર ગેરંટી યોજનામાં કરેલ ખર્ચ | ૧૬૫ |
| ભરૂચ-દહેજ માર્ગના નવીઠા ગામ પાસેના રસ્તાને પહોળો કરવા બાબત | ૨૮૯ |
| **ઈશ્વરભાઈ ન. વહીઆ** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૨૦૪ |
| સુરત જિલ્લામાં જંગલની જમીનો ખેડૂતોને આપવા બાબત | ૧૫૬ |
| સુરત જિલ્લામાં બોગસ રેશનકાર્ડ પકડવા બાબત | ૧૩૨ |
| **ઉદેસિંહ પું. ઝાલા** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૨૪૨ |
| અમરેલી જિલ્લાના ચલાલા ખાંભા રોડની મરામત | ૨૬૦ |
| સાબરકાંઠા જિલ્લામાં આઈ.ટી.આઈ.ની મંજૂર બેઠકો | ૭૯ |
| સાબરકાંઠા જિલ્લામાં ગણવેશ સહાય યોજનાની મળેલ અરજીઓ | ૬૨ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **ઉદેસિંહ પું. ઝાલા** | |
| સાબરકાંઠા જિલ્લામાં ચેકડેમના કામો | ૩૩૫ |
| **ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ** | |
| વડોદરા જિલ્લામાં નગરપાલિકામાં ભુગર્ભ ગટર યોજના | ૩૭૬ |
| વડોદરા જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજનામાં કામો ચાલુ કરવા બાબત | ૧૩૫ |
| વડોદરા જિલ્લામાં રસ્તાઓની મરામત | ૨૯૪ |
| વડોદરા જિલ્લામાં લઘુત્તમ વેતન ભંગના મળેલ કિસ્સાઓ | ૪૩ |
| **ઋષિકેશ ગ. પટેલ** | |
| આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ દ્વારા ફ્લડ રીસ્ક્યુ તાલીમ | ૩૦૩ |
| મહેસાણા જિલ્લામાં ટોટલ સેનિટેશન કાર્યક્રમમાં શૌચાલયો બનાવવા બાબત | ૧૪૮ |
| મહેસાણા જિલ્લામાં મફત તબીબી સહાય યોજનાના લાભાર્થીઓ | ૭૫ |
| મહેસાણા જિલ્લામાં સંત સુરદાસ યોજનાન ી મળેલ અરજીઓ | ૫૦ |
| મહેસાણા જિલ્લામાં સસ્તા અનાજની દુકાનો ખોલવા માટેની અરજી | ૧૨૪ |
| વિસનગર કોર્ટના નવા મકાન અંગે | ૨૭૬ |
| **કનુભાઈ ભૂ.ડાભી** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૪૩૪ |
| ખેડા જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં નવા કેસો | ૧૦૫ |
| ખેડા જિલ્લામાં તાલુકાવ ાર આઈ.ટી.આઈ . માં તાલીમાથ ીંઓની મંજુર બેઠકો | ૫૧ |
| ખેડા જિલ્લામાં પ્રાથમિક શિક્ષકોની ખાલી જગ્યાઓ | ૨૮૫ |
| ખેડા જિલ્લામાં મીની પાઈપ યોજના | ૪૦૮ |
| પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા પસંદ થયેલ ખેડા જિલ્લાના સ્થળો | ૩૮૯ |
| વેર ૧-૨ યોજના વિભાગ દ્વારા બનાવેલ ચેકડેમો | ૩૫૪ |
| **કનુભાઈ મે. ભાલાળા** | |
| આણંદ કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૦૮-૦૯નો વાર્ષિક ઓડીટ અહેવાલ | ૪૧૭ |
| નવસારી કૃષિયુનિવર્સિટીનો સન ૨૦૦૮-૨૦૦૯નો વાર્ષિક ઓડીટઅહેવાલ | ૪૧૭ |
| સન ૨૦૦૫-૦૬ થી ૨૦૦૮-૦૯ના જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના વાર્ષિક ઑડિટ અહેવાલો, નિવેદન, વાર્ષિક હિસાબો, નિવેદનો. | ૪૧૬ |
| સન ૨૦૦૮-૦૯નો ગુજરાત રાજય જમીન વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા, નિવેદન. | ૪૧૬ |
| **કનુભાઈ વા. કળસરીયા** | |
| નિકોલ અને કળસાર બંધારાની વિસ્તરણ કેનાલનું કામ | ૪૧૩ |
| ભાવનગર જિલ્લામાં તાલુકાવાર પશુ દવાખાનાઓની સંખ્યા | ૩૦૯ |
| ભાવનગર જિલ્લામાં પંચાયત/તાલુકા પંચાયતમાં કેડરવાર ખાલી જગ્યાઓ | ૧૪૩ |
| ભાવનગર જિલ્લામાં સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ | ૨૮૭ |
| ભાવનગર જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના નીચે વૃક્ષોનું વાવેતર | ૧૧૨ |
| મહુવા તાલુકાના તળાવો ઉંડા કરવા બાબત | ૩૧૯ |
| મહુવા તાલુકામ ાં ડમ્પરો સામે થયેલા કેસો | ૫૩ |
| માલણ અને સમઢિયાળા બંધારાની વિસ્તરણ કેનાલનું કામ | ૪૦૦ |
| માલણ બંધારા યોજનાનું પીચીંગ કામ | ૩૭૩ |
| **કમાભાઈ ગ. રાઠોડ** | |

| વિષય | પાના નંબર |
|---|---|
| **કમાભાઈ ગ. રાઠોડ** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૪૨૪ |
| અમદાવાદ જિલ્લામાં પ્રવાસન સ્થળોના વિકાસ માટે કામગીરી | ૪૦૨ |
| અમદાવાદ જિલ્લામાં સરકારી આઈ.ટી.આઈ . શરૂ કરવા કરેલ આયોજન | ૩૯ |
| રાજ્યમાં જેલોનું આધુનિકરણ | ૨૮૬ |
| સાણંદ તાલુકાના ગામોમાં સિંચાઈનું પાણી સરળતાથી મળી રહે તે માટે આયોજન | ૩૭૫ |
| સાણંદ તાલુકામાં સ્વજલધારા કાર્યક્રમ અંતર્ગત મંજૂર યોજના | ૪૧૪ |
| **કરશનભાઈ દુ. ઓડેદરા** | |
| પોરબંદર જિલ્લામાં નવી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ | ૨૫૪ |
| રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં પ્રમુખ અને સભ્યોની મંજૂર જગ્યાઓ | ૧૧૨ |
| **કલ્યાણસિંહ ચૌહાણ** | |
| ગાંધીનગર જિલ્લામાં પ્રવાસન સ્થળોના વિકાસ માટે કામગીરી | ૪૦૬ |
| ગાંધીનગર જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજનાની મળેલ અરજીઓ | ૭૮ |
| દહેગામ તાલુકાના ગામોને નર્મદાનું પીવાનું પાણી | ૩૮૬ |
| **કલ્યાણસિંહચૌહાણ** | |
| ગાંધીનગર જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં નવા કેસો | ૧૧૫ |
| જે.એન.યુ.આર.એમ.માં ગાંધીનગરનો સમાવેશ કરવા અંગે | ૩૪૮ |
| **કલ્યાણસિં ıહ ચૌહાણ** | |
| ગાંધીનગ ıર જિલ્લામાં ટ્યુશન સહાય યોજનાન ી મળેલ અરજીઓ | ૫૯ |
| **કાંતિભાઈ અમૃતિયા** | |
| મોરબી તાલુકામાં શુધ્ધ પીવાનું પાણી | ૪૧૪ |
| મોરબી નગરપાલિકામાં ભૂગર્ભ ગટર યોજના | ૪૦૩ |
| રાજકોટ જિલ્લામાં નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના | ૩૭૫ |
| રાજકોટ જિલ્લામાં વેટની આવક અને બાકી રકમ | ૫૧ |
| રાજકોટ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના | ૧૨૫ |
| **કાંતિલા લ ર. લકુમ** | |
| અમદાવાદ જિલ્લામાં મફત તબીબી સહાય યોજનાન ા લાભાર્થીઅ ો | ૪૦ |
| **કાંતિલા લ રા.પટેલ ા** | |
| મહેસાણા જિલ્લામાં ગણવેશ સહાય યોજનાન ી મળેલ અરજીઓ | ૫૧ |
| **કાંતિલાલ રા.પટેલ** | |
| મહેસાણા જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજનાની મળેલ અરજીઓ | ૭૫ |
| **કાંતિલાલ રા.લકુમ** | |
| અમદાવાદ જિલ્લામાં રસ્તાઓની મરામત | ૨૮૩ |
| અમદાવાદ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના | ૧૨૨ |
| ધોળકા તાલુકામાં સ્વજલધારા કાર્યક્રમ અંતર્ગત મંજૂર યોજના | ૪૦૦ |
| યુ.એન.મહેતા ઈન્સ્ટીટયુટ ઓફ કાર્ડીયોલોજીના વિસ્તરણ અંગે | ૩૭૩ |
| **કાંતિલાલરા.પટેલ** | |
| પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા પસંદ કરાયેલ મહેસાણા જિલ્લાના સ્થળો | ૩૬૧ |
| બેચરાજી-મોઢેરા રસ્તો પહોળો કરવા અંગે | ૨૮૭ |
| મહેસાણા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના | ૧૨૧ |
| **કાન્તિલાલ રા.લકુમ** | |

| વિષય | પાના નંબર |
|---|---|
| **કાન્તિલાલ રા.લકુમ** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૪૨૮ |
| **કાળુભાઇ વી. વીરાણી** | |
| અમરેલી જિલ્લામાં તીર્થગામ જાહેર કરવા બાબત | ૧૪૦ |
| અમરેલી જિલ્લામાં વેટની થયેલ આવક | ૩૩ |
| **કાળુભાઈ ચ.રાઠો ડ** | |
| જૂનાગઢ જિલ્લામાં નિરાધાર વૃદ્ધ સહાય યોજનાન ી મળેલ અરજીઓ | ૫૯ |
| **કાળુભાઈ ચ.રાઠોડ** | |
| ઉના તાલુકામાં ટેરેસ તલાવડી બનાવવા બાબત | ૧૫૯ |
| જૂનાગઢ જિલ્લામાં ટોટલ સેનિટેશન કાર્યક્રમ અન્વયે શાળાઓમાં શોચાલયો બનાવવા બાબત | ૧૩૯ |
| ઝાંઝેશ્રી સિંચાઇ યોજના | ૩૭૩ |
| **કાળુભાઈ વીરાણી** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૨૦૦ |
| અમરેલી જિલ્લામાં ઈકો ટુરીઝમની યોજના | ૧૦૩ |
| વેર ૧-૨ યોજના વિભાગ દ્વારા બનાવેલ ચેકડેમો | ૩૫૪ |
| **કિરણકુમાર એલ. મકવાણા** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૨૦૧ |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૨૦૨ |
| ગાંધીનગર ખાતે સ્પોર્ટસ કોમ્પલેક્ષ પાછળ કરેલ ખર્ચ | ૬૧ |
| નર્મદા જિલ્લામાં જંગલ કામદાર સહકારી મંડળીની જમીન વેચાણમાં ગેરરિતીની ફરિયાદ | ૨૯૨ |
| ભરૂચ જિલ્લામાં અતિવૃષ્ટિના કારણે પાકને નુકશાન | ૩૧૨ |
| ભરૂચ જિલ્લામાં ડૉ. આંબેડકર આવાસ યોજના | ૭૯ |
| ભરૂચ જિલ્લામાં પશુ દવાખાનાઓમાં ખાલી જગ્યાઓ | ૩૨૧ |
| ભરૂચ જિલ્લામાં વેટના દરોડા | ૮૩ |
| **કિરીટભાઈ ગં. પટેલ** | |
| ટોટલ સેનિટેશન કાર્યક્રમ હેઠળ સુરત જિલ્લાની શાળાઓમાં શોચાલયો મંજૂર થયેલ શાળાઓ | ૧૨૮ |
